શ્રી ફાર્બસ ગુજરાતી સભા ગ્રન્થમાળા-અંક ૩૨ મો

# ગુજરાતી ભાષા અને સાહિત્ય

મુંબઈ યુનિવર્સિટીને આશ્રયે

શ્રી. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા, બી. એ. એ

આપેલાં

વિલ્સન ભાષાશાસ્ત્રવિષયક વ્યાખ્યાનો

## પ્રથમ ભાગ

ભાષાન્તરકાર
રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી, બી. એ.
પ્રીન્સીપાલ: પોદ્દાર હાઇ સ્કુલ, સાંટાક્રુઝ

પ્રકાશક
અંબાલાલ બુ. જાની, બી. એ.
શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ

કીમત રૂ. ૩-૦-૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી ફાર્બસ ગુજરાતી સભા ગ્રન્થમાળા-અંક ૩૨ મો

# ગુજરાતી ભાષા અને સાહિત્ય

મુંબઈ યુનિવર્સિટીને આશ્રયે

શ્રી. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા, બી. એ. એ

આપેલાં

વિલ્સન ભાષાશાસ્ત્રવિષયક વ્યાખ્યાનો

ભાષાન્તરકાર

**રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી**, બી. એ.

પ્રીન્સીપાલ પોદ્દાર હાઇ સ્કુલ, સાંટાક્રુઝ

પ્રકાશક

રા. રા. અંબાલાલ બુ. જાની, બી. એ.

શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ

ઇ. સ. ૧૯૩૬ કીંમત રૂ. ૩-૦-૦ સં. ૧૯૯૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકાશકઃ રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
સહાયક મંત્રી શ્રી ફાર્બસ ગુજરાતી સભા
૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર, વિઠ્ઠલભાઇ રોડ,
કોંગ્રેસ લેઇન, મુંબઇ નં. ૪

(સર્વ હક્ક શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ સ્વાધીન રાખ્યા છે.)

મુદ્રકઃ રા. રા. નટવરલાલ ઇચ્છારામ દેશાઇ, બી. એ.
'ગુજરાતી' પ્રિન્ટીંગ પ્રેસ
સાસુન બિલ્ડીંગ્સ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ

પુસ્તક મળવાનું ઠેકાણું
૧ મેસર્સ એન. એમ. ત્રિપાઠી એન્ડ કું૦,
બુકસેલર્સ અને પબ્લીશર્સ
પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૨
૨ રા. રા. અંબાલાલ બુ. જાની, બી. એ., સહાયક મંત્રી.
૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર, વિઠ્ઠલભાઇ રોડ,
કોંગ્રેસ લેઇન, મુંબઈ નં ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકાશકના બે બોલ

મુંબઇ યુનીવર્સીટી તરફથી "ધિ વિલ્સન ફાઇલોલોજીકલ લેકચર્સ", એ વ્યાખ્યાનશ્રેણીને અનુસરીને રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દિવેટીયા, બી. એ, એમણે ૧૯૧૫ ના ડીસેમ્બરની તા૦ ૩ જીથી ૧૯૧૬ના ફેબ્રુઆરીની તા૦ ૧૧ મી સુધીમાં "ગુજરાતી ભાષા અને સાહિત્ય"–Gujarati Language and Literature–એ વિષય ઉપર સાત ભાષણો અંગ્રેજીમાં આપ્યાં હતાં. એ ભાષણો બે ભાગમાં (૧ લો સને ૧૯૨૧ માં અને બીજો સને ૧૯૩૨માં) પ્રસિદ્ધ થયાં છે. તેના પહેલો ભાગ–જેમાં પહેલાં ચાર ભાષણો (૧ પ્રવેશક–ભાષાના ઉત્ક્રમણ ઉપર અસર કરનાર ઉપાધિઓ; ૨ ભાષા ઉપર અસર કરનારાં ઐતિહાસિક અને અન્ય બલો; ૩ ભાષાને અસર કરનારી વાગ્-વ્યાપારગત શક્તિઓ; અને ૪ઃ ખંડ ૧ ગુજરાતી ભાષાનો ઇતિહાસ–એની ઉત્ક્રાન્તિ અને ખંડ ૨ ગુજરાતી અને અન્ય ભાષાઓમાં કેટલેક અંશે સમાન ઉત્સર્ગો,) સમાવાયલાં છે તેનું ભાષાન્તર પ્રકટ કરવાનું શ્રી ફાર્બસ ગુજરાતી સભાને સોંપવા સંબંધી પત્રવ્યવહાર સને ૧૯૧૭ ના ફેબ્રુઆરીથી ચાલ્યો અને આખરે ૧૧–૮–૧૯૧૮ ને રોજ રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દિવેટીયાની દેખરેખ નીચે રા. રા. રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી, બી. એ., ને એ પહેલા ભાગના ભાષાંતરનું કામ સોંપવાનું અને સભાએ પોતાના માલિકીહક્કથી તે પ્રકટ કરવાનું ઠરાવ્યું હતું.

તે પછી રા. રા. રામપ્રસાદ પ્રેમશંકર બક્ષીએ તેનો થોડોક ભાગ તૈયાર કરી, ગુજરાતી પ્રીન્ટીંગ પ્રેસને સોંપતાં સને ૧૯૨૪ ના મેમાં તે છાપવાનો આરંભ કરાયો. આખરે ૧૯૩૬ ના ઓગષ્ટની તા૦ ૧૩ મીને રોજ એ ગ્રંથ સંપૂર્ણ અંગોમાં તૈયાર કરીને તેમણે પૂરેપૂરો સોંપ્યો. એટલે ગુજરાતી પ્રીન્ટીંગ પ્રેસના માલિકોએ કૃપા કરીને બેએક માસમાં તે પ્રકટ કરી શકાય એવી સઘળી તજવીજ કરવા માથે લીધું અને તેને પરિણામે અમારી સભા તેને સહર્ષ સત્વર પ્રકટ કરી શકી છે. ઉપરાંત આ વ્યાખ્યાનો છાપવાનું શ્રમજનક કાર્ય ઉઠાવી લેવા અને વર્ષો પર્યંત ચાલવા છતાં ધીરજથી પૂરૂં કરવા માટે અમારી સભા ગુજરાતી પ્રીન્ટીંગ પ્રેસના માલિકોની ઋણી થઇ છે.

આ વિશિષ્ટવિષયી ગ્રન્થમાં થયલો વિશેષ પ્રસિદ્ધિવ્યય વિચારતાં તેનું જેટલું મૂલ્ય રાખી શકાય તેનાથી ઘણું ઓછું મૂલ્ય એટલે કે રૂ. ૩ એટલા ખાતર રાખ્યું છે કે જેથી ગુજરાતી ભાષા અને સાહિત્યના અભ્યાસીઓ તેનો સારી રીતે લાભ લેઇ શકે. એથી અમો આશા રાખીએ છીએ કે તેઓ તેનો પૂરતો લાભ લેઇ અમારી સભાનો સાહિત્યપ્રસારનો ઉદ્દેશ પાર ઉતારશે.

અધિક ભાદ્રપદ સુદ ૧ મંગળ, સં. ૧૯૯૨
તા૦ ૧૮–૮–૩૬ઃ ૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી
સભામંદિર, મુંબઈ નં. ૪

અંબાલાલ બુ. જાની
સહાયક મંત્રી શ્રી ફાર્બસ ગુજરાતી
સભા–મુંબઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ભાષાન્તરકારનું નિવેદન

શ્રી. નરસિંહરાવ દિવેટિયાનાં ભાષાશાસ્ત્રવિષયક વ્યાખ્યાનોનું આ ભાષાન્તર ભાષાવિશારદો સમક્ષ મૂકતાં અન્તરાત્મા ઋણમુક્તિની વિશદતા અનુભવેછે તે જ સાથે વિલંબ થયોછે તે કારણે વિષાદ પામેછે.

વ્યાખ્યાનો પ્રકટ થયા પછી ચારેક વર્ષમાં ભાષાન્તર પૂરું થયું હતું. મુદ્રણ દરમ્યાન પ્રુફોનું સંશોધન, અનુક્રમણિકાઓની રચના, વગેરે કાર્યમાં ક્યારે ક્યારે કયાં કયાં વિઘ્નો નડ્યાં તે જણાવવું અસ્થાને લાગેછે. દશ વર્ષનો વિલંબ અક્ષમ્ય ગણાય; એ બાબતમાં ક્ષમાની વિફલ યાચના નહિ કરૂં, મૌન જ સેવીશ.

આ ગ્રન્થમાં જોડણી શ્રી. નરસિંહરાવની સ્વીકારીછે તે વિષય-સ્વરૂપનું સ્વાભાવિક પરિણામ છે. ભાષાન્તરદ્વારા પણ શ્રી. નરસિંહરાવ પોતે જ પોતાના મન્તવ્યનું પ્રતિપાદન કરેછે; તેથી, અમુક શબ્દસ્વરૂપનું પ્રતિપાદન થતું હોય અને એ પ્રતિપાદનવાક્યમાં એથી ભિન્ન સ્વરૂપનો પ્રયોગ હોય એ કઢંગું જણાય. આ કારણે મેં, આ ગ્રન્થપૂરતો, એમની જોડણીનો સ્વીકાર કર્યોછે.

ભાષાન્તરની ભાષામાં-વાક્યરચનામાં નહિ તો શબ્દોમાં-સરળ પ્રયોગનો અભાવ જણાય તો એના બચાવમાં બે બાબત રજૂ કરીશ. વિષયનું ગૌરવ, અને વસ્તુની વિદ્વદ્ભોગ્યતા. એ બે તત્ત્વોથી જેનો બચાવ ન થાય એવા વિષમ પ્રયોગો કોઇને જણાય તો તે માટે ક્ષમા માગુંછું.

એક ઉપયોગી મુદ્દો અહિં રજૂ કરવાની છૂટ લઉંછું. શ્રી. નરસિંહરાવે ધીરાનાં કાવ્યોને 'પદો' કહ્યાં છે, અને (પ્રાચીન કાવ્યમાળામાં) એ 'પદો'ને અપાયેલા નામ-'કાફી'-ની અયથાર્થતાનો ઉલ્લેખ કર્યો છે (એમના ભાષણનું પુ. ૨, પૃ. ૨૬૧). એમના આ મતને નર્મદનો આધાર મળેછે. કારણ, નર્મદે ધીરાની કહેવાતી કાફીને પદ તરીકે જ ઓળખાવીછે ('મારી હકીકત' પૃ. ૪૩ મું જુવો). એણે કાફી શબ્દ, ધીરાના પદોના નામ તરીકે, વાંચ્યો કે સાંભળ્યો ન્હોતો એ સ્પષ્ટ જણાયછે.

સાંટાક્રુઝ
જુલાઈ ૧૯૩૬

રામપ્રસાદ પ્રે. બક્ષી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## મૂલ ગ્રન્થનું
## ગ્રન્થકારકૃત આમુખ

મુંબઈ યુનિવર્સિટીને હસ્તક વિલ્સન ફિલોલૉજીકલ લેક્ચર્સને અર્થે રહેલા ઉપનિધિને આશ્રયે મ્હેં આ વ્યાખ્યાનો આપ્યાં હતાં. આ સાત વ્યાખ્યાનો છૂટક છૂટક અપાઇને લગભગ બે માસ દરમ્યાન (૩ ડિસેંબર ૧૯૧૫ થી ૧૧ ફેબ્રુઆરી ૧૯૧૬ સુધીમાં) પૂર્ણ થયાં હતાં.

વ્યાખ્યાન ૧, ૨, ૩ અને ૭ અગાઉથી જ પૂર્ણરૂપે લખાયેલાં હતાં, પણ વ્યાખ્યાન ૪, ૫ અને ૬ વિસ્તીર્ણ નોંધો ઉપરથી આપવામાં આવ્યાં હતાં. એ નોંધોનો અહિં વિસ્તાર કરવામાં આવ્યોછે. આ વિસ્તારવિધિમાં વ્યાખ્યાન ૪ વધીને એટલું મ્હોટું બની ગયું કે એના ત્રણ વિભાગ કરવા પડ્યા અને આખા ગ્રન્થનાં બે પુસ્તકો કરવાં પડ્યાં–જે પૈકી બીજા પુસ્તકમાં પ્રસ્તાવના આવશે. પ્રથમ પુસ્તકમાં વ્યાખ્યાન ૧, ૨, ૩, અને ૪(ત્રણે વિભાગો)નો સમાવેશ થાયછે. બીજા પુસ્તકમાં વ્યાખ્યાન ૫, ૬ અને ૭ આવશે, જેમાં નીચે પ્રમાણે વિષયો છેઃ—

| વ્યાખ્યાન | વિષય |
|---|---|
| ૫ | ગુજરાતી ભાષાનો ઇતિહાસ |
| ૬ | ગુજરાતી સાહિત્ય–ઐતિહાસિક આલેખન |
| ૭ | ગુજરાતી ભાષા અને સાહિત્યનું ભવિષ્યનું વલણ |

અને બંને પુસ્તકોની પ્રસ્તાવના.

બીજું પુસ્તક આજથી એક વર્ષ દરમ્યાન પ્રકટ થશે એવી આશા છે.

હિન્દુસ્તાનની ભાષાઓનો ભાષાશાસ્ત્રની દૃષ્ટિયે અભ્યાસ કરવા તરફ પાશ્ચાત્ય વિદ્વાનોનું લક્ષ હમણાં હમણાં જ ગયુંછે એમ કહી શકાય.

સદ્ગત ડૉ. ટેસિટોરીએ આ વિષયનો, ખાસ કરીને ગુજરાતી અને મારવાડી ભાષાપરત્વે, સ્તુત્ય ઉત્સાહથી, સૂક્ષ્મ વિવેક અને આન્તર દૃષ્ટિવડે, અભ્યાસ કર્યોછે. એ પંડિતના અકાલ મૃત્યુથી ભાષાશાસ્ત્રના અભ્યાસને ખોટ ગઇછે. (મ્હને હેમની જોડે પત્રવ્યવહાર કરવાની, હમારા પ્રિય વિષય-માં મતની આપલે કરવાની, ધન્યતા પ્રાપ્ત થઇ હતી, અને હેમનું અકાલ મૃત્યુ ન થયું હોત તો, અન્યોન્ય મેળાપની અને હમારા ઉભયસાધારણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રીતિપાત્ર વિષય–ગુજરાતી ભાષાશાસ્ત્ર–વિશે વાતચીતની બંનેને આશા હતી.) વિદ્વત્સમાજ સમક્ષ રજૂ થતાં આ વ્યાખ્યાનોમાં મ્હેં તુલનાત્મક ભાષાશાસ્ત્રના વ્યાપક સિદ્ધાન્તો પ્રમાણે હિન્દુસ્તાનની અર્વાચીન ભાષાઓની, વિશેષતઃ ગુજરાતીની, સ્થિતિ ચર્ચવાનો નમ્ર પ્રયાસ કર્યોછે; અને એ ભાષાઓની ઉત્ક્રાન્તિમાં એ સિદ્ધાન્તોની નિયામકતા, અને એ ભાષાઓના વ્યક્તિગત વિકાસમાં વિશિષ્ટ નિયમોની પ્રવૃત્તિ, દર્શાવીછે. આ વિષય પ્રત્યેના મ્હારા પ્રેમથી જ હું જેમાં પ્રેરાયોછું હેવા આ પરિશ્રમમાં હું કેટલે અંશે સફળ થયોછું હેનો નિર્ણય કરવો એ આ વિષયમાં અધિકાર પામેલા પંડિતોનું કાર્ય છે.

મુંબઈ યુનિવર્સિટીની સિન્ડિકેટે આ વ્યાખ્યાનોને યુનિવર્સિટીને આશ્રયે પ્રગટ કરવાની અનુજ્ઞા આપીછે, અને હેના મુદ્રણ અને પ્રકાશન માટેના ખર્ચની જવાબદારી સ્વીકારીછે, તે કારણે એ સિન્ડિકેટ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવુંછું.

આ પુસ્તકની અનુક્રમણિકા બનાવવાનું, બહુ શ્રમ અને કાલવ્યય માગે ત્હેવું, કાર્ય કરી આપનાર બે તરુણ મિત્રોનો–શ્રી સન્મુખલાલ ઝવેરભાઈ પંડ્યા બી. એ. અને મંજુલાલ ઈ. યાજ્ઞિક બી. એ. હેમનો–આભાર સ્વીકારૂંછું.

આ વ્યાખ્યાનો છાપવાના શ્રમજનક કાર્યમાં પ્રત્યેક પ્રસંગે મ્હને અચૂક સદ્ભાવ અને સગવડનો લાભ મળ્યોછે તે માટે ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસના માલિકનો હું ઋણી છું. ઉપરાંત એ પ્રેસના મુદ્રકો (પ્રિન્ટર્સ) પ્રત્યે પણ કૃતજ્ઞતા દર્શાવવી મ્હારે વીસરવી ન જોઇયે; "કૉપી" માં વખતો વખત ફેરફાર કરવાની મ્હારી ઉપરાઉપરી થતી સૂચનાઓને તેઓએ શાન્તિથી અને તત્પરતાથી સ્વીકારીછે.

વાંદરા (મુંબઈ)
ઑગસ્ટ ૧૯૨૧

ન. ભો. દિવેટિયા

ટિપ્પણ—

આ વ્યાખ્યાનો અપાયા પછી પ્રગટ થયેલા લેખો વગેરેના ઉલ્લેખો, અને ત્હાર પછીની કેટલીક ચર્ચાઓ, અને વ્યાખ્યાનોના મુદ્રણ દરમ્યાન ઉમેરવામાં આવેલ છે. એટલો કાલવિરોધનો દોષ સ્વીકારૂં છું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# મૂલગ્રન્થનું અર્પણ

મ્હારા પૂજ્ય ગુરુ

સર રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર, કે. સી. એસ. આઈ. એમ. એ.,
પી. એચ. ડી., એલ. એલ. ડી.,
ઑન. મેં. રૉ. એ. સો.

હેમને

હેમની કૃપામય અનુજ્ઞાથી

હેમણે આપેલા શિક્ષણથી પ્રેરાયેલા અભ્યાસના ફળરૂપ

આ અલ્પ ગ્રન્થ

સમર્પું છું.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## વિષયાનુક્રમણી

( અંકો પૃષ્ઠસંખ્યા દર્શાવેછે )

### વ્યાખ્યાન ૧

**પ્રસ્તાવના**-ભાષાના ઉત્ક્રમણપર અસર કરનાર ઉપાધિયો. ૧-૨૨.

આમુખ-૧-૨; અધિકાર-૨; ભાષા, હેનું સ્વરૂપ અને તેનાપર અસર કરતાં તત્ત્વો-૩-૪; ભાષા અને સાહિત્ય પર અસર કરનાર ઉપાધિયો-૪-૫; મૅક્સમૂલરનો મત-ભાષાશાસ્ત્ર ઇતિહાસથી સ્વતંત્ર છે-એ મતની પરીક્ષા; ભાષા પ્રજાજીવનના પ્રકટીકરણનું સાધન છે-૫-૭; માનવવર્ગોના સંસર્ગ અને સંમિશ્રણની ભાષાના સ્વરૂપ અને બંધારણપર અસર-૭-૮; રાજકીય અને સામાજિક--રાજકીય સંસ્થાઓએ ભાષાને અર્પેલા સંસ્કારો; રોમન આધિપત્ય નીચેના ગ્રીસનું ઉદાહરણ-૮-૯; મુસલમાન સમયની પૂર્વ ભરતખંડમાં ત્હેવો જ ક્રમ, પણ પરિણામો અન્ય પ્રકારનાં-૧૦; આ ચર્ચામાં મુસલમાન સમયનો ઉદ્દેશપૂર્વક ત્યાગ; હેની આપણી ભાષાપરની અસરની સ્વરૂપમાં અને વ્યાપકતામાં વિશિષ્ટતા-૧૦-૧૧; માત્ર એક અપવાદ, સંયોગી અવ્યય કેની ફારસીમાંથી પ્રાપ્તિ-૧૧-૧૨; કેનો સમાનાર્થ ફ્રેંચ અવ્યય-૧૨-૧૩; કેના ફારસી પ્રભવનું સમર્થન-૧૩-૧૬; પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં કેનો અભાવ-૧૬-૧૭; દયારામના ગદ્યમાં કે અને જેનું મિશ્રણ-૧૭-૧૯; નિર્ણય; ફારસી અસર વગરની પ્રાચીન ગુજરાતી ભાષામાં કેનો અભાવ; હેનો પૂર્વગામી જે; કેની પ્રાપ્તિ મુસલમાન સમયથી-૧૯-૨૦; અન્યપ્રાંતીય ભાષાઓ સાથે તુલના: બંગાળી, સિંધી, મરાઠી-૨૦; ફારસી કે ઉપરથી કે, પરંતુ મરાઠી કીંના પ્રેરકબળદ્વારા; મરાઠી કીંતે ફારસી અસરનું પરિણામ-૨૧. ટિપ્પણ; (क) पाद એટલે ગ્રન્થપાદ ૨૨; (ख) વિવૃત ર્ફ અને ર્ઑમાં ઐતિહાસિક અસર-૨૨.

### વ્યાખ્યાન ૨

ભાષાપર અસર કરતાં ઐતિહાસિક અને અન્ય બળો.

ગુજરાતના ઇતિહાસનું અવલોકન. ......... ૨૩-૬૫.

પ્રારંભમાં-૨૩; મૌર્ય અને ગ્રીક-૨૩; ક્ષત્રપો-૨૩; યૌધેયો-૨૩-૨૫; ત્રૈકૂટકો-૨૬; શ્વેતહૂણ-૨૬; વલભીવંશ-૨૬-૨૭; ભરુચના ગુર્જરો-૨૭-૨૮; રાષ્ટ્રકૂટો-૨૮; મૈત્રકો-૨૮; ચાવડા-૨૯-૩૦; ચાલુક્યો-૩૦-૩૧; ગુર્જરો; ગુજરાત એ નામ ક્યહારે પ્રાપ્ત થયું?-૩૨-૩૭; ગુર્જરોની ભાષા; હેની દેશભાષા પર અસર-૩૭-૩૮; ગુર્જરોની ચઢતીના સમયમાં દેશની ભાષા-૩૮-૩૯; વાઘેલાઓ-૩૯-૪૦; આ ઐતિહાસિક સ્થિતિયોની ગુજરાતી ભાષા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પર અસર–૪૦–૪૧; ભરતખંડની પ્રજાની જાતિવ્યવસ્થા–૪૧–૪૨; મુસલમાન સમય–૪૨–૪૩; મુસલમાન સમય દરમ્યાનના ભાષા વિકાસપર અસર કરતા પ્રસંગો–૪૩–૪૫; ફારસીમાંથી ગુજરાતીમાં થતી શબ્દસંક્રાન્તિના વાગ્વ્યાપાર-નિયમો; સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં અને પ્રાકૃતમાંથી ગુજરાતીમાં થતી સંક્રાન્તિના નિયમોથી અભિન્નતા–૪૫–પર; દેશની ભાષા પર ઇતિહાસે ન વર્ણવેલી મરાઠા સંસર્ગની અસર–પર–પ૭; મરાઠા પછીનો સમય–પ૭; પોર્ટુગીઝ શબ્દોનો પ્રવેશ–પ૭–પ૮; ઐતિહાસિક અસરો, પ્રાન્તોનો પરસ્પર સંપર્ક–પ૮–પ૯; હેવા સંસર્ગનું સાક્ષ્ય પૂરતા શબ્દો; एल्ची (ગુજ.) यालक्कि (કાનડી)–પ૯–૬૦; માનવજાતિ વિશે માહિતી આપતા છૂટા શબ્દો, ત્હેની વ્યુત્પત્તિ; ओड (ગુજ.) वड्डर (મરાઠા) ओड्डर (કાનડી)–૬૧–૬૩; પ્રજાના અગ્રેસર વર્ણોની વૃત્તિની ભાષા–રચના તથા સાહિત્યપર અસર–૬૩–૬૪; પ્રાદેશિક ઉપાધિયો–૬૪–૬પ.

## વ્યાખ્યાન ૩

ભાષાને અસર કરનારી વાગ્વ્યાપારગત શક્તિયો–૬૬–૧૧૧ ડૉ. ભાંડારકરે આપેલા ભાષાવિકાસના અભ્યાસમાં અનુસરવાના મહાનિયમો–૬૬–૯૦; ૧ ઐતિહાસિક ઔચિત્ય–૬૬–૭૦; ताम्रकूटના પક્ષમાં રા. ગણપતિ રાયની દલીલો, હેની પરીક્ષા–૬૭–૭૦; ૨ કેવળ બાહ્ય શ્રુતિસામ્યનો અ-વિશ્વાસ–૭૦–૭૭; ૩ કૃત્રિમ વ્યુત્પત્તિનો અનાદર–૭૭–૭૮; ૪ લાઘવ–૭૮–૮૫; ૫ ઐતિહાસિક ક્રમનું અનુસરણ–૮૫–૮૬; ૬ ભાષામાં સાક્ષાત્ પ્રયોગ–૮૬-૭ વ્યાપ્તિઘટના પૂરતી સામગ્રી–૮૭–૯૦; વાગ્વ્યાપારગત વિકારો અને ઘટનાઓના નિયામક સામાન્ય ઉત્સર્ગો–૯૦–૧૦૧; વાગ્વ્યાપારગત ક્ષય; વ્રજ-લાલ શાસ્ત્રીએ આપેલાં ચાર અપભ્રંશકારણો–૯૧; ડૉ. ભાંડારકર પ્રમાણે અપભ્રંશરોધક ૭ શક્તિયો–૯૨–૧૦૧; ૧ વાગ્વ્યાપારનો પ્રભ્રંશ; જિહ્વાદોષ–૯૨–૯૫; ૨ સામ્યાભાસ–૯૫–૯૬; ૩ ભેદનિષ્પત્તિ–૯૬–૯૭; ૪ સરલતા–૯૭–૯૮; ૫ શ્રમસંકોચ–૯૮–૯૯ ૬ તુલ્ય માત્રા–પરિમાણ–૯૯–૧૦૦; ગુજ-રાતી શબ્દ રચનાનાં નિયામક વિશિષ્ટ વાગ્વ્યાપાર તત્ત્વો–૧૦૦–૧૦૧; ગુજ-રાતી વ્યુત્પત્તિશાસ્ત્રના ક્ષેત્રમાંના અગ્રેસરો–૧૦૧, ત્હેમના કાર્યની ગુણદોષ ચર્ચા–૧૦૧–૧૦૨; હેમની ગ્રન્થવ્યવસ્થાની પરીક્ષા–૧૦૨–૧૦૬; આ વ્યાખ્યાનોમાં સ્વીકારવામાં આવેલી સરણિ–૧૦૬; આગળ ચર્ચવાના વાગ્વિકારોનું સ્વરૂપ–૧૦૬; એ વિકારોની વર્ગવ્યવસ્થા–૧૦૬–૧૦૭;

ટિપ્પણો–૧૦૮–૧૧૧ (क) ડૉ. ભાંડારકરના 'વિવેચક, તુલનાત્મક અને ઇતિહાસોચિત અન્વીક્ષણપદ્ધતિ' એ લેખમાંથી અવતરણો–૧૦૮–૧૧૦; (ख) મી. બીમ્સે આપેલી 'nexus' 'mixed nexus' શબ્દોની સમજૂતી–૧૧૧.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## વ્યાખ્યાન ૪

### ખંડ ૧

ગુજરાતી ભાષાનો ઇતિહાસ–હેની ઉત્ક્રાન્તિ–૧૧૨–૨૮૪. ગુજરાતીની ઉત્ક્રાન્તિમાં પ્રવર્તતા વિશિષ્ટ ઉત્સર્ગો–૧૧૩–૨૮૪ (અને ખંડ ૨ ૨૮૫–૪૨૮); સંજ્ઞાઓ–૧૧૩–૧૩૨; ઉત્સર્ગોનું ત્રિધા વર્ગીકરણ–૧૨૨; અધિકારચત્રો–૧૨૩.

વર્ગ ક. ખાસ ગુજરાતીમાં જ પ્રવર્તતા ઉત્સર્ગો–૧૨૩–૨૭૧. ઉત્સર્ગ ૧ વિવૃત ઍ અને ઑ–૧૨૩–૧૫૫; પ્રતિસંપ્રસારણ–૧૨૩–૧૨૭; દ્રુતતર અ નો લોપ–૧૩૭; ઍ–ઑ નો વિવૃત ઉચ્ચાર; विवृत અને अर्धविवृत–૧૨૭–૧૩૦; આ उत्सर्गની તુલનાત્મક પૃથક્ક્રિયા–૧૩૦–૧૩૧; અરબી અને ફારસીમાંથી આવેલા શબ્દોમાં વિવૃત ઉચ્ચાર–૧૩૨; વિવૃતસ્વરનું સ્વરિતત્વદૃષ્ટિયે નિરૂપણ–૧૩૩–૧૩૫; કેટલાંક અપવાદરૂપ ભાસતાં ઉદાહરણોનું મ્હારા મત પ્રમાણે સમર્થન–૧૩૫–૧૪૨; વિવૃત ઉચ્ચારનાં તત્ત્વોની પ્રવૃત્તિનાં ઉદાહરણો–૧૪૨–૧૪૪; આ સ્વરિતતત્વવાદ સ્વૈરમત છે? હેમાં અન્યોન્યાશ્રયનો દોષ છે?–૧૪૪; ઉત્તર, ના. આ ઉત્તરનાં કારણો–૧૪૫; વિવૃત ઍ અને ઑ ના ઉદ્ભવ પરત્વે સંપ્રસારણવાદની વિરુદ્ધ પ્રતિસંપ્રસારણવાદના પક્ષકારોની દલીલો–૧૪૫–૧૪૬; પ્રતિસંપ્રસારણવિધિ સૂચવતા સાક્ષાત્ ભાષાપ્રયોગ–૧૪૬; अइ–अउ એ અવાન્તર ક્રમો કૃત્રિમ છે એ આરોપનું નિરાકરણ–૧૪૭; अइ–अउ પ્રાકૃત ગ્રન્થોમાં લખાતા પણ બોલાતા નહિ હેવો રા. રા. કે. હ. ધ્રુવનો અભિપ્રાય–૧૪૮ વાગ્વ્યાપારના નિયમોનું પ્રવૃત્તિસાતત્ય અવિચ્છિન્ન હોવું જોઇયે એ હેમના મતની અયોગ્યતા–૧૪૯–૧૫૦; આ વ્યાખ્યાનમાં પ્રતિપાદિત કરેલા મતમાં ઉચ્ચારશાસ્ત્રોચિત સત્ય અને લાઘવ (બીજ લાઘવ) જળવાય છે–૧૫૧; अइ–अउના વિવૃત ઍ–ઑ ન થતા હોય હેવાં ઉદાહરણો–૧૫૧; અહિંયાં પણ સ્વરભાર નિર્ણાયક તત્ત્વ છે–૧૫૧; વિવૃત ઉચ્ચારણના દેખીતા અસાધારણ પ્રકારનાં ઉદાહરણો–૧૫૨–૧૫૩; અસાધારણ વિવૃત ઉચ્ચારનો ખુલાસો–૧૫૩–૧૫૪; અર્ધવિવૃત અને વિવૃત ઉચ્ચારનો તફાવત–૧૫૪; અર્ધવિવૃત ઉચ્ચારનાં ઉદાહરણો–૧૫૪–૧૫૫; ગુજરાતી ઉચ્ચાર શાસ્ત્રીઓ અને આ વિવૃત ઉચ્ચાર. (૧) વ્રજલાલ શાસ્ત્રી–૧૫૫; (૨) કવિ નર્મદાશંકર; વિવૃત ઉચ્ચારના હેમણે આપેલા ખુલાસાની ગુણદોષપરીક્ષા–૧૫૬; (૩) નવલરામ–૧૫૬; (૪) રા. રા. કે. હ. ધ્રુવ–૧૫૬–૧૫૭; રા. રા. ધ્રુવના મતની પરીક્ષા; એ બીજલાઘવરહિત છે અને ઉચ્ચારદૃષ્ટિયે અયથાર્થ છે–૧૫૭–૧૬૦; વિવૃત ઉચ્ચારનો નિર્દેશ કરનાર અન્ય પંડિતો, હેમના મતની પરીક્ષા; (૫) સર જ્યૉર્જ ગ્રીઅરસનનો મત–૧૬૦; (૬) મિ. બીમ્સના મતની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરીક્ષા-૧૬૧-૧૬૩; મિ. બીમ્સને માત્ર એક જ પ્રસંગે થયેલું અર્ધવિવૃત ઉચ્ચારનું દર્શન; હિન્દી શબ્દોનો અન્ત્ય ઓ-૧૬૩; (૭) ડૉ. સર રા. ગો. ભાંડારકરના અભિપ્રાયની સમાલોચના;-૧૬૩-૧૬૮; પાલી અને પ્રાકૃતના હ્રસ્વ ए અને ओ, હેની ડૉ. ભાંડારકરે કરેલી પૃથક્ક્રિયા-૧૬૯; આ ए-ओનું હેમચન્દ્રના વ્યાકરણમાં પ્રતિફલન-૧૭૦; મિ. બીમ્સે કરેલું હ્રસ્વ ઉચ્ચારનું નિરૂપણ-૧૭૦-૧૭૨; (૮) ડૉ. ટેસિટોરીએ કરેલી વિવૃત ॲ અને ऑની ચર્ચા-૧૭૨-૧૭૬; આ વ્યાખ્યાનકર્તાથી હેમના મતભેદનું સ્થાન-૧૭૬; ડૉ. ટેસિટોરીના મતની પરીક્ષા-૧૭૬-૧૮૪; એક સૂચના-૧૮૪-૧૮૬; ઉત્સર્ગ ૨-નામોના અને વિશેષણોના અન્ત્ય ओ-उं અને अ-૧૮૬-૧૯૨; ઉત્સર્ગવ્યાખ્યા-૧૮૮; ઉત્સર્ગની પૃથક્ક્રિયા; अकનો. अउ અને अकंનો अउं; क-રહિત શબ્દોને અન્તે અપભ્રંશમાં उ, ત્હેનો ગુજરાતીમાં अ-૧૮૮-૧૮૯; कानो-कान ઇત્યાદિ વૈકલ્પિક રૂપોના મૂળ શબ્દોમાં क પ્રત્યયનું વિધાન કે લોપ વિકલ્પે થાયછે એટલે બે રૂપો થાયછે-૧૮૯-૧૯૦; શબ્દાર્થ બદલતો હોય ત્યારે વૈકલ્પિક રૂપો પ્રાપ્ત થાયછે-૧૯૧-૧૯૨; કવચિત્ क પ્રત્યય લાગેછે અને કવચિત્ નથી લાગતો હેનો ખુલાસો; મિ. બીમ્સનો અભિપ્રાય અને હેની પરીક્ષા-૧૯૨; સ્વરભાર-વિરુદ્ધ દલીલ-૧૯૩; कवादના આધારભૂત સંશયાતીત કારણો-૧૯૩-૧૯૪; મિ. બીમ્સના મત પ્રમાણે આદ્યુદાત્ત શબ્દો अ-કારાન્ત જ રહેવા જોઇયે, પણ વસ્તુત કેટલાક આદ્યુદાત્ત શબ્દોમાં, હેમના નિયમથી ઉલટી રીતે અન્તે अ ઉપરાંત ओ ઉમેરાયછે-૧૯૪; કેટલાક અન્તોદાત્ત શબ્દો એ નિયમનો ભંગ કરીને અન્ત્યસ્થાને ओ-उને બદલે માત્ર अवर्ण પ્રાપ્ત કરેછે-૧૯૪-૧૯૫; આ વિઘ્નો મિ૦ બીમ્સના જાણવામાં છે; कवादના પક્ષકારો ઉપર પુરાવાનો બોજો નાખીને તેઓ હેને વટાવી જાયછે-૧૯૫; હેમણે આપેલો બીજો ખુલાસો; પૂર્વકાલીન તદ્ભવો અને ઉત્તરકાલીન તદ્ભવો-૧૯૬; એક શક્ય ખુલાસો સૂચવુંછું; સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં આવતાં સ્વરભારે સ્થાન બદલ્યું હશે-૧૯૬; પૂર્વકાલીન અને ઉત્તરકાલીન તદ્ભવોનો નિર્ણય કરવામાં રહેલો અન્યોન્યાશ્રય-૧૯૭; મિ. બીમ્સે વસ્તુતઃ ડૉ. હ્યૉર્નલના कवादનો પ્રત્યાદેશ નથી કર્યો-૧૯૭-૧૯૮; ડૉ. હ્યૉર્નલના મતનું સંપૂર્ણ નિવેદન, અને પરીક્ષા-૧૯૮-૧૯૯; ડૉ. હ્યૉર્નલના મતમાં રહેલો વાગ્વ્યાપારગતનિયમોનો ગોટાળો-૨૦૦-૨૦૨; મિ. બીમ્સ અને ડૉ. હ્યૉર્નલના અભિપ્રાયોનો સમન્વય-૨૦૨-૨૦૪; આ સમન્વયથી અન્ત્ય ओના અર્ધવિવૃત ઉચ્ચારનો ઉદ્ભવ સ્ફૂટ બનેછે, અને વળી માત્ર અમુક જ શબ્દો ओ અન્ત્ય પામેછે એવા સ્વૈરવર્તનના ભાસનું નિરાકરણ થાયછે-૨૦૪-૨૦૫; ओ-उं, अ એ અન્ત્ય સ્વરો વિશે ડૉ. ભાંડારકરનો અભિપ્રાય-૨૦૫; "Silent" (શાન્ત) अ વિશે હેમનો અભિપ્રાય; મ્હારાં વિરોધકારણો-૨૦૬; અસ્વરિત અને શાન્ત વચ્ચે બોધ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભ્રમ–૨૦૬; છાન્દસ માત્રાવડે થતી પરીક્ષા; એ જ ખરી કસોટી–૨૦૬–૨૦૭; બીજી કસોટી; પૂર્વસ્વરમાં થતી માત્રાની ન્યૂનાધિકતા–૨૦૭; એથી પણ વધારે સારી એક કસોટી; શ્રાન્ત ज અને અસ્વરિત ज ઉચ્ચારતાં વાચિક ઇન્દ્રિયો ભિન્ન ભિન્ન વિક્રિયા પામેછે–૨૦૭; कान्, हाथ् હેવા ઉચ્ચારો શ્રુતિભ્રમથી થાયછે; અંગ્રેજીમાંના 'मूक' વર્ણોના સામ્યાભાસથી અપાયલી અયથાર્થ 'मूक' સંજ્ઞાથી ભ્રમ વધે છે–૨૦૮; પ્રસ્તુત ભ્રમ યુરોપીય પંડિતોના સહવાસનું પરિણામ છે–૨૦૮; ડૉ. ટેસિટોરીનો અને સર જ્યૉર્જ ગ્રીઅરસનનો આ શ્રાન્ત ज વિશે મત–૨૦૯; ડૉ. લ્યુર્નલના મતનું નિવેદન અને પરીક્ષણ ૨૦૯; ડૉ. લ્યુર્નલને પોતાના મતમાં રહેલા દોષની જાણ છે; છાન્દસ કસોટીનું હેમણે કરેલું નિરાકરણ ખાતરી ઉપજાવનારૂં નથી–૨૧૦–૨૧૧; મૂક ज વિશે શ્રી રવીન્દ્રનાથ ટાગોરનો અને મિ. ઍન્ડરસનનો અભિપ્રાય–૨૧૧; ગુજરાતી પંડિતોના આ "शान्त" ज વિશેના અભિપ્રાયો; તેઓમાંના ઘણાખરાને એ પંથનો પાસ બેઠો છે;–૨૧૨; રા. રા. કેશવલાલ ધ્રુવનો મૂળ મત અને પછી ફેરવેલો નવો મત–૨૧૨; શ્રાન્ત ज વિરુદ્ધ રા. રા. કે. હ. ધ્રુવની દલીલો; સ્વરભારનું તત્ત્વ હેમના લક્ષ્યબ્હાર છે–૨૧૩; નવલરામ અને નર્મદાશંકરના અભિપ્રાયો અને હેની પરીક્ષા–૨૧૩; મરાઠી શબ્દાંત आ અને एं, અને ज, અને હિન્દી શબ્દાન્ત आ અને ज; હેમાં ગુજરાતીમાં છે તે જ નિયમો પ્રવર્તેછે–૨૧૪; શબ્દાન્ત आની અપભ્રંશમાં પડતી પૂર્વછાયા–૨૧૪; શબ્દાન્ત आનો ડૉ. ભાંડારકરે કરેલો ખુલાસો એ જ ઉત્તમ ખુલાસો છે–૨૧૪; આ પૃથક્ક્રિયામાં જરાક ફેરફાર સૂચવુંછું–૨૧૫; મ્હેં સૂચવેલી પૃથક્ક્રિયામાં બીજલાઘવ સચવાયછે–૨૧૫; ફારસી અને અરબીમાંથી ઉત્પન્ન થયેલા શબ્દોના અન્ત્ય ओ અને उं અને ज હેનો વ્યુત્પત્તિક્રમ સંસ્કૃત અને પ્રાકૃતમાંથી આવેલા શબ્દોના કરતાં જૂદો છે–૨૧૮; ફારસી શબ્દાન્ત अह्‌માંથી અન્ત્યસ્વર ओ કે उं પ્રાપ્ત થાય છે; વ્યંજનાન્ત શબ્દોમાંથી ज શબ્દાન્ત ઉદ્‌ભવે છે–૨૧૯; વિરલ ઉદાહરણોમાં ફારસી શબ્દાન્ત आનો ગુજરાતીમાં ओ થાયછે; જે આકારાન્ત ઉર્દુ અને હિન્દી શબ્દોનું અને તેઓના મૂળ શબ્દોનું અનુકરણ છે–૨૨૦; अत् અન્ત્યવાળા થોડાક અરબી શબ્દોનાં ઓકારાન્ત ગુજરાતી રૂપાન્તરો થાયછે; ક્વચિત્ અન્ત્ય अयनમાંથી ओ શબ્દાન્ત પ્રાપ્ત થાયછે–૨૨૦; ફારસી શબ્દો વિશેના નિયમના કેટલાક અપવાદો–૨૨૧ ઉત્સર્ગ ૩. અનન્ત્ય इ–उ નો ज; એ વિકાર ગુજરાતીનું જ ખાસ લક્ષણ છે–૨૨૨; આ ઉત્સર્ગ અન્યોન્ય સંબદ્ધ પાંચ ઉત્સર્ગોમાંનો એક છે. એ ઉત્સર્ગોનો નિર્દેશ અને હેનાં કારણો–૨૨૩; (क)–(૧) પૂર્વે સ્વર હોય ત્હારે થતો इનો य–૨૨૪; (क)–(૨)–इ, નો य, પૂર્વે વ્યંજન હોય ત્હારે–૨૨૪; (ख)–(૧)–ઉપરના રૂપાન્તર यનો લોપ સુરતી ગુજરાતીમાં અચૂક થાયછે–૨૨૪; (ख)–(૨) અને શુદ્ધ ગુજરાતીમાં ઘણી-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાર થાયછે–૨૨૫; આ लघुप्रयत्न यकार ગુજરાતીને જ નિયન્ત્રિત છે; એ સ્થાને મરાઠીમાં ज હોય છે–૨૨૫; (ग) अनन्त्य इ ને ज–૨૨૫; (घ) વિરલ પ્રસંગોમાં य થાયછે–૨૨૭; આ લક્ષણ વિષયે ગુજરાતી, મરાઠી અને હિન્દીનો પરસ્પર વિરોધ–૨૨૮; અસ્વરિત અને સ્વરપૂર્વ અનન્ત્ય इ નો ज–૨૨૯; (ङ) અન્ત્ય उ નો ज–૨૨૯; અનન્ત્ય उ નો ज; આ વિકારનું પ્રાકૃત, પાલી અને સંસ્કૃતમાં, છૂટાછવાયા પ્રસંગોએ, અનુદર્શન થાયછે–૨૩૧; પ્રસ્તુત ઉત્સર્ગના કેટલાક અપવાદો–૨૩૧; ઉત્સર્ગ (ग) અને (ङ)ના વિપર્યયરૂપ ઉત્સર્ગો–૨૩૨; (च) અનન્ત્ય अ નો इ–૨૩૨; આ પરિવર્તનનું કારણ ગેરસમજ છે–૨૩૨, વાઝ્યાપારગત તત્ત્વની અસરથી થતો હેવો જ વિકાર–૨૩૨; (छ) અનન્ય अ નો उ–૨૩૩; ઉત્સર્ગ ૪; ગુજરાતીમાં ક્રિયાપદોના પ્રાકૃતિક સ્વરૂપતી રચના–૨૩૪; ગુજરાતી ક્રિયાપદના ધાતુનું શરીર–હેની રચના–૨૪૦–૨૭૧.

## વ્યાખ્યાન ૪ થું

### (ખંડ ૨ જો)

ગુજરાતી અને અન્ય ભાષાઓમાં કેટલેક અંશે સમાન ઉત્સર્ગો–૨૮૫; (क) ह નું સ્થાનાન્તર–૨૮૬; સામાન્યતઃ દ્વિતીય શ્રુતિમાં રહેલો ह, પ્રથમ શ્રુતિ સાથે મળી જાયછે; કેટલાક અપવાદો–૨૯૧; सबल संयोगमां રહેલા ह નો સ્થાનફેર થતાં પૂર્વસ્વર દીર્ઘ બને છે–૨૯૨; જુની ગુજરાતીમાં तत्सम શબ્દોમાં પણ निर्बल संयोगनुं અસ્તિત્વ–૨૯૨; संसृष्टि અને संकर; હેનું સ્વરૂપ-વર્ણન–૨૯૪; ह ના સંકરનું કવચિત્ અપભ્રંશક્રમમાં દર્શન; અને વખતે વખતે સંસ્કૃતમાં કેટલાંક રૂપોમાં જેમકે अघोक्, बुभुत्सा ઇત્યાદિમાં દર્શન–૨૯૫; संकर માંના ह કારને કેટલાક માત્ર प्राणध्वनि માનેછે; એ મતનું પ્રત્યાખ્યાન–૨૯૮; संकीर्ण हकारने પ્રાચીન ગ્રંથોમાં અલગ અક્ષર તરીકે લખવાનો શિથિલ પ્રચાર હતો, પણ વસ્તુતઃ હેનો ઉચ્ચાર संकीर्ण રૂપે થતો–૨૯૯; गुहामांथी गुफा થાયછે ત્હેમાં ह નું પરાવર્તન–૩૦૧; √गुफ् વિષયક પક્ષનો સંક્ષેપ; √गुफ् એ જ ગુહાનું, ગુફાનું, ઍ્‌વનું અને કદાચ ગોપનું અન્તિમ મૂળ; ગુફા (ગુજ.) શબ્દની, વ્યાપારગત મણ્ડૂકપ્લુતિની ઘટનાથી, પ્રત્યપસરણ કરીને ગુહામાંથી વ્યુત્પત્તિ–૩૦૮; (ख) ह કારનો પ્રક્ષેપ–૩૧૦; (ग) હકારનો લોપ–૩૧૫. वर्ग (ग)–उत्सर्ग १ कोमल अनुस्वार ૩૧૮; કોમલ અનુસ્વાર, અન્તર્ગત કે અન્ત્ય–૩૧૯; મૂળના तीव्र અનુસ્વારનું કોમળ થવું અને પૂર્વ સ્વરનું દીર્ઘત્વ–૩૧૯; કોમળ થયેલા અનુસ્વારની પૂર્વે મૂળમાં દીર્ઘસ્વર–૩૨૦; પ્રાકૃતમાં ન હોય છતાં ગુજરાતીમાં કોમળ અનુસ્વાર પ્રાપ્ત કરતા શબ્દો; અનુસ્વારની પછીનો સંયોગ લુપ્ત થાયછે અને પૂર્વસ્વર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દીર્ઘ બનેછે–૩૨૧; મૂળથી જ દીર્ઘ સ્વરવાળા, કોમળ અનુસ્વાર પામતા શબ્દો–અ–૩૨૩; વર્ગ (ग( ઉત્સર્ગ ૨ અનુસ્વારનો લોપ; પૂર્વસ્વરનું ક્વચિત્ દીર્ઘત્વ, અથવા એ હ્રસ્વ રહેતાં તે પછીના વ્યંજનનું ક્વચિત્ દ્વિત્વ–૩૨૪; વર્ગ (ग), ઉત્સર્ગ ૩. કેટલાક શબ્દોમાં ઉમેરાતો તીવ્ર અનુસ્વાર–૩૨૬; ગુજરાતીમાં અનુસ્વારના ઉચ્ચારણના નિયમો; તીવ્ર, કોમલ, કોમલતર અને કોમલતમ અનુસ્વાર–૩૨૬: કોમલ અનુસ્વારનો ગુજરાતના જૂદાજૂદા વિભાગમાં ન્યૂનાધિક શૈથિલ્યવાળો ઉચ્ચાર–૩૨૭; આ બાબતમાં મરાઠીમાં સારૂપ્ય, પ્રદેશવિભાગ પરત્વે પણ–૩૨૮; મિ. આર. એલ. ટર્નરે કરેલી ઇન્ડોઆર્યન (ભારતીય આર્ય–ભાષાના) અનુનાસિકોની ચર્ચા; હેનું કંઇક પરીક્ષણ અને કંઇક ગુણદર્શન–૩૨૮; વર્ગ ग ઉત્સર્ગ ૪. અનુનાસિક ઘોષવર્ણો; दँ, बँ, हँ–૩૩૦; આ ઉત્સર્ગમાં પ્રવર્તતા તત્ત્વની પૃથક્ક્રિયા; સ્વરભાર પ્રધાનશક્તિ; અનુનાસિક સ્પર્શનો અંગવિશ્લેષ, ઘોષત્વ અને અનુનાસિકત્વ–૩૩૨; ડૉ. ગુણેનો મતઃ આ સ્વરભક્તિનો એક પ્રકાર છે. એ મતનો અસ્વીકાર–૩૩૩; કોમલ બન્યા પછી અનુનાસિકનો લોપ; ક્વચિત્ એ આગળ ખશેછે–૩૩૪; આ ઉત્સર્ગનું મૂળ અપભ્રંશમાં મળેછે–૩૩૫; વર્ગ (ग) ઉત્સર્ગ ૫. અમુક વર્ગનો શુદ્ધ (અલ્પપ્રાણ) ઘોષ એ જ વર્ગનો અનુનાસિક બને છે–૩૩૫; વર્ગ (ग) ઉત્સર્ગ ૬. क्त, त्म, त्व, त्र, કે ર્ત નો રૂપાન્તર ભૂત त्त, જ્યહારે द ન થાય ત્યહારે કેટલાક પ્રકારોમાં प्प બનેછે–૩૩૯; આ ઉત્સર્ગ વિરુદ્ધની દલીલોનું કથન અને પ્રત્યાખ્યાન–૩૩૯; ઉત્સર્ગ ૭. च, छ, ज, झનો પ્રાકૃત ઉચ્ચાર. કેટલીક ભાષાઓમાં હેનો પ્રચાર–૩૪૨; સંસ્કૃત અને પ્રાકૃત ઉચ્ચારની સ્વરૂપ-તુલના; આદ્યનું શુદ્ધ તાલવ્ય અને બીજાનું દન્તતાલવ્ય કે અર્ધતાલવ્ય હેવાં નામો. બીમ્સે કરેલું પૃથક્કરણ; શુદ્ધ તાલવ્યમાં દન્ત્ય અને ઉષ્મા તત્ત્વોનો સંશ્લેષ; અર્ધ તાલવ્યમાં એ તત્ત્વોની વ્યક્તતા–૩૪૨; ગુજરાતીમાં આ ઉચ્ચારની આધુનિક પ્રદેશવ્યવસ્થા–૩૪૩; પ્રાકૃત અને સંસ્કૃત ઉચ્ચારના નિર્ણાયક નિયમો–૩૪૩; કેટલાક અપવાદો; કેટલાક પ્રકારોનું શક્ય લાગતું કારણ–૩૪૫; પ્રાકૃત ઉચ્ચારનું કારણ વિદેશીય અસર; એ સિદ્ધાંતનું વિશેષ વિકાસન–૩૪૬; ડૉ॰સ્ટેન કૉનોવ્‌ના મતની પરીક્ષા; હેમની ભૂલ–૩૪૭; પ્રાકૃત ઉચ્ચાર મૉંગોલ અસરનું પરિણામ હોવાનો સંભવ–૩૫૦; સુરત અને ભરૂચ જીલ્લામાં પ્રાકૃત ઉચ્ચારનો તદ્દન અભાવ; કારણ અજાણ્યું છે–૩૫૨; પ્રાકૃત તાલવ્યોના ઉચ્ચાર વિશે સર જ્યૉર્જ ગ્રીઅર્સનની ઉપયોગી ચર્ચા; હેનો સારાંશ અને ગુણદોષ પરીક્ષા–૩૫૩; તાલવ્યોનો ઉચ્ચાર માગધીમાં અને શિષ્ટપ્રાકૃત–મહારાષ્ટ્રીમાં ભિન્ન ભિન્ન થતો–૩૫૫; માર્કણ્ડેયને મતે શુદ્ધ તાલવ્ય ઉચ્ચાર માગધી ઉપરાંત અન્ય કેટલીક ઉપભાષાઓમાં પ્રચરિત હતો–૩૫૬; આ બે ઉચ્ચારોનું સ્વરૂપનિરૂપણ–૩૫૬; સર જ્યૉર્જે કરેલી આ ઉચ્ચારની પરીક્ષાનું ચોખ્ખું



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરિણામ–૩૫૮; ભારતીય શબ્દોનાં એક રૂપાન્તરોથી થતું દન્તતાલવ્ય ઉચ્ચારનું સમર્થન–૩૫૯; કાશ્મીરી લેખન-પદ્ધતિ, જૂની અને નવી–૩૬૦; વર્ગ ग. ઉત્સર્ગ ૮–ण (આદ્ય) અને ण्ण (અનાદ્ય)નો ગુજરાતીમાં न–૩૬૧; હિન્દીમાં થતો પ્રત્યેક ण નો न–૩૬૨; ઉત્સર્ગ ૯. કેટલાક પ્રકારોમાં ण ને સ્થાને न નું પ્રતિનિવર્તન–૩૬૩; સ્વરમધ્યગત ल નો ळ–૩૬૪; नोंणः અને लोळः વચ્ચે સંબન્ધ–૩૬૬; મૂર્ધન્ય ळ નો વૈદિક સમયથી માંડીને ઇતિહાસ; આ ઉચ્ચાર વિષયે ભારતીય આધુનિક ભાષાઓનું નિરૂપણ; પૈશાચી સંસ્કારનું દર્શન–૩૬૭; ઉત્સર્ગ ૧૧. અસ્વરિત પ્રથમશ્રુતિલોપ–૩૭૦; અન્ય ભારતીય ભાષાઓમાં આ ઉત્સર્ગની પ્રવૃત્તિ–૩૭૩; ઉત્સર્ગ ૧૨. વ્યંજનનાશ, અન્ત્ય શ્રુતિના, ક્વચિત્ બીજી કોઈ અનાદ્ય શ્રુતિના, વ્યંજનનો લોપ–૩૭૯; ઉત્સર્ગ ૧૩. સંયોગલોપ અને પૂર્વસ્વરદીર્ઘત્વ–૩૮૫; કેટલાક પ્રસંગોમાં આ વિધિનો વૈકલ્પિક પ્રચાર–૩૮૮; પ્રાકૃત અને ગુજરાતીમાંની ઘટનાઓ વચ્ચે ભેદ–૩૮૯; આ નિયમના બીજની ઐતિહાસિક પ્રાચીનતા છેક પાણિનિ સૂધી જઈ પ્હોંચે છે–૩૯૧; સિંધી, કચ્છી અને પંજાબીમાં બેવડો વ્યંજન ટકી રહેછે; સિંધી વિશેના પ્રચારરૂઢ મતનું પરીક્ષણ અને નિરસન ૩૯૨; ઉત્સર્ગ ૧૪. સંયોગલોપ–પૂર્વસ્વર અવિકૃત–૩૯૬; વિકલ્પ પ્રકારો–૩૯૯; આ વિષયમાં સ્વરભારની અસર–૩૯૯; ઉત્સર્ગ ૧૫. વિશ્લેષ–૪૦૦; કેટલાક પ્રકારોમાં વિશ્લેષ પછી પ્રથમ વ્યંજન બેવડાય છે–૪૦૩; ઉત્સર્ગ ૧૬. કેટલાક પ્રકારોમાં અનાદ્ય સંયોગનો લોપ કે વિશ્લેષ થતો નથી–૪૦૩; ઉત્સર્ગ ૧૭. અનાદ્ય સબલસંયોગ નિર્બળ બનેછે–૪૦૫; ह् અને र् વાળા સંયોગોના નિર્બળત્વ વિશે હેમચન્દ્રે મૂકેલી છૂટ; છન્દોનુશાસન, ૧–૬–૪૦૭; ઉત્સર્ગ ૧૮. કેટલાક પ્રકારોમાં નિર્બલસંયોગ સબલ થાય છે–૪૦૮;. ઉત્સર્ગ ૧૯. અનન્ત્ય કે અન્ત્ય હ્રસ્વ સ્વરનું સંયોગલોપ વિના દીર્ઘત્વ–૪૦૯; આ વિકારનું મૂળ હેમચન્દ્રના વ્યાકરણમાં–૪૧૧; આ વિકારનું અન્તર્ગત કારણ–૪૧૧; પાછળના વ્યંજનનું દ્વિત્વ અને એ સંયોગનો લોપ–૪૧૨; (૨) પ્રસ્તુત પ્રકારના સ્વરને સ્વરભારની અસર; આ કલ્પના વધારે ઠીક–૪૧૨; અન્ત્ય સ્વર દીર્ઘ થવાનું કારણ, શ્વાસનો છુટકારો–૪૧૨; ઉત્સર્ગ ૨૦. સ્વરયુગ્મ; દ્વિતીય સ્વરનો લોપ અને પૂર્વ સ્વરનું દીર્ઘત્વ–૪૧૩; ઉત્સર્ગ ૨૧. અમુક પરિસ્થિતિમાં य् અને व्નો આગમ–૪૧૭; સાધારણ સંધિકાર્યથી આ ઘટનાની ભિન્નતા–૪૧૯; ઉત્સર્ગ ૨૨. સંપ્રસારણ; હેની પ્રચારમર્યાદા–૪૧૯; સંસ્કૃત રૂપાન્તરોમાંના અને અપભ્રંશોત્તર રૂપાન્તરોમાંના સંપ્રસારણવિધિની તુલના–૪૨૨.

પરિશિષ્ટ अ. મ્હોટું ત્હેની વ્યુત્પત્તિ–૪૨૩–૪૨૬.

પરિશિષ્ટ ख–હકાર પ્રાયઃ શબ્દના આદિ તરફ જાય છે એ મ્હારા મતનાં કારણો–૪૨૭-૪૨૮.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## વ્યાખ્યાન ૪ (ખંડ ૩)

### ગુજરાતી ભાષાનો ઇતિહાસ-હેનો વિકાસ (ચાલુ)-૪૨૯.

ઉત્સર્ગ ૧. પ્રક્ષેપ-૪૨૯-૪૩૧; પ્રક્ષેપનું આછું પૂર્વદર્શન, અપભ્રંશમાં અને વૈદિકકાળમાં-૪૨૯ અને નોટ ૧; પ્રક્ષેપ વિશે ટેસિટોરીનો મત-૪૩૧. ઉત્સર્ગ ૨. સ્ત્રીલિંગ શબ્દના અન્ત્ય अ અને आ-૪૩૨. ઉત્સર્ગ ૩-उंकारान्त અને उकारान्त નામો-૪૩૩; આ ભેદનું કારણ-૪૩૩. ઉત્સર્ગ ૪-वनो ब ૪૩૩-૪૩૫; ગુજરાતીમાં આદ્ય वनो ब નથી થતો-૪૩૪; નવલરામની ભૂલ-૪૩૪; ટેસિટોરીનો આ વિશે મત-૪૩૫. અપવાદો-૪૩૫. ઉત્સર્ગ ૫-बनो व. ઉત્સર્ગ ૬-सनो श ૪૩૫-૪૩૫-૪૩૭; અપવાદો-૪૩૭. ઉત્સર્ગ ૭-અનન્ત્ય एनो ई અને અનન્ત્ય ओनो ऊ-૪૩૭-૪૩૮. ઉત્સર્ગ ૮-ओनो अ ૪૩૯. ઉત્સર્ગ ૯-યશ્રુતિ અકારના य्नो લોપ અને અવશિષ્ટ अनो પૂર્વસ્વરમાં વિલય-૪૩૯. ઉત્સર્ગ ૧૦-વિવૃત ऑनो आ-૪૪૦. ઉત્સર્ગ ૧૧-ऋનાં રૂપાન્તરો-अरि, अर्, रि, रु, કે अरु-૪૪૦-૪૪૨; મતાન્તરની ચર્ચા-૪૪૧-૪૪૨. ઉત્સર્ગ ૧૨-સન્ધિ-૪૪૨; અમુક પરિસ્થિતિ શિવાય ગુજરાતીમાં આન્તર સ્વરસંધિનો અભાવ-૪૪૨. ઉત્સર્ગ ૧૩-आ હ્રસ્વ થઇને બનતો अ-૪૪૨-૪૪૩. ઉત્સર્ગ ૧૪-ગુરુ કે સ્વરિત શ્રુતિની પૂર્વેની શ્રુતિ હ્રસ્વ બને-૪૪૩; ટેસિટોરી આ નિયમનો નોંધ લેછે-૪૪૩. ઉત્સર્ગ ૧૫-સાદા વ્યંજનનું દ્વિત્વ-૪૪૩-૪૪૪; ઉત્સર્ગ ૧૬-વ્યત્યય-૪૪૪-૪૪૫. ઉત્સર્ગ ૧૭-અઘોષ વ્યંજનો ઘોષ બનેછે-૪૪૫-૪૪૭. ઉત્સર્ગ ૧૮-जनो च. ઉત્સર્ગ ૧૯-કણ્ઠયવર્ણોને સ્થાને તાલવ્ય-૪૪૮; ઉત્સર્ગ ૨૦-તાલવ્ય વર્ણોનું કણ્ઠયવિધાન-૪૪૯. ઉત્સર્ગ ૨૧-દન્ત્યોનો મૂર્ધન્યભાવ-૪૪૯-૪૫૨. ઉત્સર્ગ ૨૨-મૂર્ધન્યને સ્થાને દન્ત્ય-૪૫૨; ઉત્સર્ગ ૨૩-दनो ज-૪૫૨; ઉત્સર્ગ ૨૪-दनो ग-૪૫૨; ઉત્સર્ગ ૨૫-लनो न અને ननो ल-૪૫૨-૪૫૫. ઉત્સર્ગ ૨૬-लनो र અને रनो ल-૪૫૫; ઉત્સર્ગ ૨૭-लनो ड-૪૫૬. ઉત્સર્ગ ૨૮-रनो ड અને डनो र-૪૫૬. ઉત્સર્ગ ૨૯-डनो ल-૪૫૭. ઉત્સર્ગ ૩૦-र, ड અને ळनो, અને ક્વચિત્ लनो य-૪૫૭. ઉત્સર્ગ ૩૧-सनो च અને चनो स-૪૫૭-૪૫૮; ઉત્સર્ગ ૩૨-जनो श-૪૫૮. ઉત્સર્ગ ૩૩-सनो छ-૪૫૮. ઉત્સર્ગ ૩૩-छनो स-૪૫૯-ઉત્સર્ગ ૩૫-तनो क-૪૫૯. ઉત્સર્ગ ૩૬-जनो त-૪૬૦. ઉત્સર્ગ ૩૭-ळनो ण-૪૬૦-૪૬૧. ઉત્સર્ગ ૩૮-षनो (અને ક્વચિત્ शनो) ख-૪૬૧-૪૬૩. પરિશિષ્ટ ૪૬૫.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## વ્યાખ્યાન ૪ (ખંડ ૧, ૨, ૩)માં ચર્ચેલા ઉત્સર્ગોનું કોષ્ટક

वर्ग क—ખાસ ગુજરાતીમાંજ પ્રવર્તતા ઉત્સર્ગો.
वर्ग ख—કાંઈક અંશે ખાસ ગુજરાતીના ગણાય હેવા ઉત્સર્ગો.
वर्ग ग—ગુજરાતીમાં અને અન્ય અર્વાચીન ભારતીય ભાષાઓમાં સાધારણરૂપે પ્રવર્તતા ઉત્સર્ગો.

| ઉત્સર્ગનો ક્રમાંક | ઉત્સર્ગવિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | (ખંડ ૧)– वर्ग क | |
| ૧ | विवृत अॅ અને ऑ | ૧૨૩–૧૫૫; ૧૮૭ સુધી. |
| | અંગભૂત કે પ્રાસંગિક उत्सर्गो | |
| | ૧. प्रतिसंप्रसारण | ૧૨૩–૧૨૭ |
| | ૨. द्रुततर अ નો લોપ– | ૧૨૭ |
| | ૩. अइ–अउ ऐ–औ બને અથવા અવિકૃત રહે– | ૧૫૧ |
| | ૪. विवृत ઉચ્ચારણના અનિયમિત પ્રકારો– | ૧૫૨–૧૫૪ |
| ૨ | નામોના અને વિશેષણોના અન્ત્ય ओ-उं અને अ– | ૧૮૬–૨૦૫; ૨૧૩–૨૧૮ |
| | પ્રાસંગિક उत्सर्गो | |
| | ૧. "શાન્ત" अ | ૨૦૬–૨૧૩ |
| | ૨. ફારસી અને અરબીમાંથી ઉત્પન્ન થયેલા શબ્દોના અન્ત્ય ओ અને उं અને अ. | ૨૧૮–૨૨૧ |
| ૩ | અનન્ત્ય इ–उ નો अ | ૨૨૨ થી શરૂ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| | અંગભૂત કે પ્રાસંગિક ઉત્સર્ગો | |
| | (क) અન્ત્ય इ નો य् | ૨૨૪ |
| | (ख) કેટલાંક य् નો લોપ | ૨૨૪–૨૨૫ |
| | (ग) અનન્ત્ય इ નો अ | ૨૨૫ |
| | (घ) અનન્ત્ય इ નો य् | ૨૨૭ |
| | (ङ) અન્ત્ય અને અનન્ત્ય उ નો अ | ૨૨૯–૨૩૧ |
| | (च) અનન્ત્ય अ નો इ | ૨૩૨ |
| | (छ) અનન્ત્ય अ નો उ | ૨૩૩ |
| ૪ | ક્રિયાપદના પ્રાકૃતિક સ્વરૂપની રચના | ૨૩૪–૨૪૦ |
| ૫ | ગુજરાતી ધાતુની શરીરરચના | ૨૪૦–૨૭૧ |
| | (ખંડ ૨) वर्ग ख | |
| ૧ | हकार–(क) સ્થાનાન્તર | ૨૮૫–૩૦૯ |
| | (अ) શબ્દના આદિ તરફ | |
| | (आ) શબ્દના અન્ત તરફ | |
| | (ख) हकार નો પ્રક્ષેપ | ૩૦૯–૩૧૫ |
| | (ग) हकार નો લોપ | ૩૧૫–૩૧૮ |
| | પ્રાસંગિક ઉત્સર્ગ | |
| | ह પ્રતિલોમક્રમે फ બને છે. | ૩૦૧–૩૧૦ |

| ઉત્સર્ગનો ક્રમાંક | ઉત્સર્ગવિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | **वर्ग ग** | |
| ૧ | કોમલ અનુસ્વાર | ૩૧૮–૩૨૩ |
| | (૧) મૂળના તીવ્ર અનુસ્વાર કોમળ થાય છે | ૩૧૮–૩૨૦ |
| | (૨) ગુજરાતીમાં કોમળ અનુસ્વારનો પ્રક્ષેપ | ૩૨૧–૩૨૩ |
| ૨ | અનુસ્વારલોપ | ૩૨૪–૩૨૫ |
| ૩ | તીવ્ર અનુસ્વારનો પ્રક્ષેપ | ૩૨૬ |
| | પ્રાસંગિક ઉત્સર્ગ | |
| | ગુજરાતીમાં અનુસ્વારના ઉચ્ચારણના નિયમો | ૩૨૬–૩૨૭ |
| ૪ | અનુનાસિક ઘોષવર્ણો (दँ, वँ, डँ) | ૩૩૦–૩૩૫ |
| ૫ | અમુક વર્ગનો શુદ્ધ (અલ્પપ્રાણ) ઘોષવ્યંજન એ જ વર્ગનો અનુનાસિક બનેછે; (ड નો ण, व નો म). | ૩૩૫–૩૩૯ |
| ૬ | त्त નો ण्प | ૩૩૯–૩૪૧ |
| ૭ | च छ, ज, झ ના સંસ્કૃત અને પ્રાકૃત ઉચ્ચાર | ૩૪૨–૩૬૦ |
| ૮ | ण (આદ્ય) અને ण्ण(અનાદ્ય)નો न | ૩૬૧–૩૬૨ |
| ૯ | ण નો ण, પણ न ની પ્રતિનિવૃત્તિ | ૩૬૩ |


P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ૧૦ | લ નો ળ | ૩૬૪–૩૭૦ |
| ૧૧ | અસ્વરિત પ્રથમ શ્રુતિનો લોપ | ૩૭૦–૩૭૯ |
| ૧૨ | વ્યંજનનાશ–(અન્ત્યવ્યંજનનો સ્વર સાથે નાશ–ક્વચિત્ અનન્ત્યનો નાશ) | ૩૭૯–૩૮૫ |
| ૧૩ | સંયોગલોપ–પૂર્વસ્વરદીર્ઘત્વ | ૩૮૫–૩૯૬ |
| ૧૪ | સંયોગલોપ–પૂર્વસ્વરઅવિકૃત | ૩૯૬–૩૯૯ |
| ૧૫ | વિશ્લેષ | ૪૦૦–૪૦૩ |
| ૧૬ | અનાદ્યસંયોગના લોપનો કે વિશ્લેષનો અભાવ | ૪૦૩–૪૦૪ |
| ૧૭ | સબલ સંયોગ (અનાદ્ય) નિર્બલ થાયછે | ૪૦૫–૪૦૭ |
| ૧૮ | નિર્બલ સંયોગનું સબલ થવું | ૪૦૭–૪૦૮ |
| ૧૯ | અન્ત્ય કે અનન્ત્ય હ્રસ્વ સ્વરનું સંયોગલોપ વિના દીર્ઘત્વ | ૪૦૯–૪૧૨ |
| ૨૦ | સ્વરયુગ્મ–દ્વિતીય સ્વરનો લોપ અને પૂર્વસ્વરનું દીર્ઘત્વ | ૪૧૩–૪૧૭ |
| ૨૧ | ય્ અને વ્ નો આગમરૂપે પ્રક્ષેપ | ૪૧૭–૪૧૯ |
| ૨૨ | સંપ્રસારણ | ૪૧૯–૪૨૨ |


(ખંડ ૩)

(વિષયાનુક્રમણીનો અન્તભાગ જુવો.)

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

## સંક્ષિપ્ત સંજ્ઞાઓ

અ૦, અરબી
અપ૦, અપભ્રંશ
ઇ૦, ઇટાલિયન
ઇન્ડિ., ઍન્ટિ૦, ઇન્ડિયન ઍન્ટિકવેરી
ऋक् प्राति०, ऋक् प्रातिशाख्य
ઓ૦, ઓરિયા
કા૦, કાનડી
का० प्रपा० अध्या०; काण्ड, प्रपाठक, अध्याय
ગ્રી૦–ગ્રીક
ગુ૦, ગુજ૦–ગુજરાતી
ગો૦, ગોથિક
જ૦, જર્મન
ડે૦, ડેનિશ
નોટ્સ (Notes) (ટેસિટોરી) "Notes on the Grammar of the Old Western Rajasthani.
પા૦, પાલી
પો૦, પોર્ટુગીઝ
પં૦, પંજાબી
પ્રા૦, પ્રાકૃત
પ્રા૦ પ્ર૦, પ્રાકૃતપ્રકાશ
પ્રા૦ વ્યા૦, પ્રાકૃત વ્યાકરણ
પ્રા૦ સ૦, પ્રાકૃતસર્વસ્વ
ફા૦, ફારસી
બં૦, બંગાલી
મ૦, મરાઠી
મા૦, મારવાડી
મુ૦ ઔ૦, મુગ્ધાવબોધ ઔક્તિક
લૅ૦, લૅટિન
વિ૦ સં૦, વિક્રમસંવત્
શ્લો૦, શ્લોક
સિ૦, સિન્ધી
સિ૦ હે૦, સિદ્ધ હેમચન્દ્ર
સ્કૅ૦, સ્કૅન્ડિનેવિયન
સ્પૅ૦, સ્પૅનિશ
હિ૦, હિન્દી
A. S.–Anglo-Saxon.
J. A. S.–Beng. N. S. Journal of the Asiatic Society of Bengal, New Series.
J. B. B. R. A. S.–Journal of the Bombay Branch of the Royal Asiatic Society.
J. R. A. S.–Journal of the Royal Asiatic Society.
L. S. I.–Linguistic Survey of India.
√ (જેમકે √दाश्), ધાતુ.

*આનુમાનિક રૂપો દર્શાવતી સંજ્ઞા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# WILSON PHILOLOGICAL LECTURES

# વિલ્સન ભાષાશાસ્ત્રવિષયક વ્યાખ્યાનમાળા

## ગુજરાતી ભાષા અને સાહિત્ય

### વ્યાખ્યાન ૧

### પ્રસ્તાવના-ભાષાના ઉત્ક્રમણપર અસર કરનાર ઉપાધિયો

ईशं गुरून् नमस्कृत्य संस्कृत्य श्रुतमात्मनः ।
आरभे कार्यमद्येदं परित्यज्य फलस्पृहाम् ॥

આમુખ

આ પ્રમાણે હું પ્રણામ કરૂંછું ત્હાં ઇ. સ. ૧૮૭૭માં મ્હારા માનનીય ગુરુ ડાૅ૦ સર ભાણ્ડારકર જે એ વખત ફક્ત પ્રોફેસર ભાણ્ડારકર હતા ત્હેમણે આ સંસ્થાના આશ્રય નીચે પ્હેલી જ આપેલી વ્યાખ્યાનમાળા મ્હારી અન્તર્દૃષ્ટિ સમક્ષ ખડી થાયછે. એ સમયનું ચિત્ર હું કદાપિ વીસરીશ નહિં; તેમના વદનમાંથી પડતાં વિદ્વત્તાભર્યાં વચનોનું એકાગ્રવૃત્તિથી પાન કરતા માનસ્તબ્ધ શ્રોતૃગણની વચ્ચે હું હેમનો નમ્રશિષ્ય બેઠો હતો. મ્હારા સર્વજ્ઞાન અને સંસ્કારને માટે–અલ્પ જેવા એ સર્વને માટે–મ્હોટે અંશે હું એ મ્હારા ગુરુનો ઋણી છું; એ સર્વ હેમની જ પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રેરણાનું ફળ છે. આથી અખિલ જ્ઞાન અને બુદ્ધિના મહાન્ પ્રેરકનું નામ સ્મર્યા પછી, હેમનું આ ક્ષણે સ્મરણ કરું એ સર્વથા ઉચિત અને સ્વાભાવિક છે.

આ વ્યાખ્યાનમાળાની વિષયમર્યાદામાં પ્રથમ તો સંસ્કૃતાદિ પુરાતની ભાષાઓને જ પ્રવેશ મળતો, અને પ્રાકૃત અને બીજી હેમાંથી નીકળેલી પ્રચલિત ભાષાઓને તો ચર્ચાને અંગે અલ્પ અવકાશ મળતો, એ સ્થિતિનું સહુને સ્મરણ હશે. આટલું તો ચોક્કસ છે કે ભરતખંડની આધુનિક ભાષાઓને આ બ્યાખ્યાનમાળામાં સ્વતઃ પ્રવેશ કરવાને યોગ્ય તો ઘણાં વર્ષો સુધી ન્હોતી ગણી. હવે એ ભાષાઓ સ્વતંત્ર વ્યાખ્યાનને યોગ્ય ગણાઈને સન્માન પામીછે એ પૂરા આનંદની વાત છે. આ ઇષ્ટ ફેરફારનું કારણ કેટલેક અંશે, સ્વર્ગવાસી મહાદેવ ગોવિંદ રાનડેએ અનન્યસામાન્ય કૌશલ્ય, ઉત્સાહ અને સામર્થ્યથી ચલાવેલા પ્રભાવપૂર્ણ અને આગ્રહી સંક્ષોભના પરિણામે એમ. એ. પદ માટેના અભ્યાસક્રમમાં પ્રચલિત ભાષાઓનો સમાવેશ થયો એ પ્રસંગને ગણી સકાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ એ ફેરફારનું બીજું એક પ્રબલતર કારણ છે એમ હું માનુંછું. પૌરસ્ત્ય પરિષદ્‌ને માટે ઇ. સ. ૧૮૯૧ અને ૧૮૯૨ માં કેટલાક સ્તુત્ય લેખો [1]લખનાર સ્વર્ગવાસી હ. હ. ધ્રુવ જેવા આદિ પણ્ડિતોએ પ્રચલિત ભાષાઓની સ્વરૂપ-સમીક્ષાના ક્ષેત્રમાં પ્રયાસ આદર્યાં હતા; અને કેટલેક અંશે એ પ્રયાસોને પરિણામે, પાશ્ચાત્ય વિદ્વાનોને રસ પડવા લાગ્યો હતો. ત્હાર પછી ડા૦ ટેસીટોરી જેવા પણ્ડિતો આપણી કેટલીક ભાષાઓના અભ્યાસમાં અને વિવરણમાં તન અને મનથી મથી રહ્યાછે; અને હેમના અન્વેષણકાર્યનાં ફળ, જેટલાં જનમંડળસંમુખ પ્રકટ થયાંછે તેટલાં એ, આપણી ભાષાઓનું નિપુણ ને બુદ્ધિમય અધ્યયન કરવામાં સહાયભૂત ગણાતા સાહિત્યનો અમૂલ્ય અંશ બની રહ્યાંછે. આ સંબંધમાં સર જ્યૉર્જ ગ્રીઅર્સને કરેલો મહાન્ પ્રયાસ મ્હારે વીસરવો ન જોઇયે; Linguistic Survey of India–ભરતખંડનું ભાષા-વિષયક સમગ્રદર્શન–એ નામના હેમના ચિરસ્મરણીય પ્રબંધનો, હેવા વિશાળ સમારંભમાં સહજ હોય જ હેવી કેટલીક હેમાંની ખામીઓ છતાં, અર્વાચીન ભાષાઓની એક અદ્વિતીય સેવા તરીકે સત્કાર થવો જોઇયે.

અધિકાર

આપણી પુરાણી પરંપરાસિદ્ધ રૂઢિ હેવી છે કે કોઇપણ વિષયની ચર્ચાના પ્રારંભમાં જ અધિકારનો નિર્ણય કરવો; એટલે કે એ વિષયનો અભ્યાસ કરનારમાં કેટલું જ્ઞાન, કેટલી શક્તિ, આવશ્યક છે એ ઠરાવવું. આ રૂઢિમાં સાધારણ રીતે માનિયે તે કરતાં વધારે ઉપપત્તિ છે. આપણા આ વિષયના અભ્યાસના સંબંધમાં અધિકારનિર્ણયના વિધિની ઉપયોગિતા સ્વીકારાય અને હેને ઘટતું વજન અપાય તો સારૂં એમ હું માનુંછું. આ મતનું હું દઢતાથી પ્રતિપાદન કરુંછું હેનું કારણ એ છે કે દરેક પુરુષ પોતાની યોગ્યતા કે અયોગ્યતાનો વિચાર કર્યા વિના, પોતાની માતૃભાષા ગુજરાતી છે એટલા જ આધારે, પોતાને આ વિષયની ચર્ચામાં પ્રમાણરૂપ નહિ તો અધિકારી તો ચોક્કસ માને જ છે, હેવું મ્હારા જોવામાં આવ્યુંછે. હાવો દાવો કરવો એ સહજ બુદ્ધિથી વિરુદ્ધ છે એ તો દેખીતું છે. ત્હારે હવે આ વિષય માટે અધિકાર નિર્ણય કરિયે તો એ અધિકારનાં અંગો નીચે પ્રમાણે છેઃ આપણી પોતાની ભાષા અને સાહિત્યનું યોગ્ય અધ્યયન, સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનું જ્ઞાન, ફારસી અને અરબીનો કાંઇક પરિચય અને છેલ્લું–ક્રમમાં છેલ્લું પણ ઉપયોગિતામાં સરખા જ મહત્ત્વનું–વ્યુત્પત્તિશાસ્ત્ર અને તુલનાત્મક અધ્યયનપદ્ધતિનું સારું જ્ઞાન. આ મુદ્દા ઉપર આથી વધારે ચર્ચા કરવાની જરૂર નથી.

---

૧. Transactions of the Eighth and Ninth Congress of Orientalists.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાષા, હેનું સ્વરૂપ અને તેનાપર અસર કરતાં તત્ત્વો.

આટલી આ અલ્પ પૂર્વચર્ચા કરીને હવે પ્રસ્તુત વિષયની અવતરણિકારૂપ થોડુંક વિવેચન કરવું જરૂરનું છે. પ્રારંભમાંજ એ વિવેચનના વિષયનું-એટલે કે ભાષાનું પોતાનું-સ્વરૂપ બહુ તરલ અને દુર્ગ્રાહ્ય છે એમ સ્વીકારવું પડશે. ભૌતિકવિજ્ઞાન શાસ્ત્રી અને રસાયન શાસ્ત્રી પોતાની પ્રયોગશાળામાં જે તત્ત્વોની ચિકિત્સા કરેછે તેના કરતાં વધારે નહિં તો તેના જેટલું અગમ્ય અને ભ્રાન્તિજનક સ્વરૂપ ભાષાનું છે. શબ્દ, શબ્દનું સ્વરૂપ, હેનો ઉદ્ભવ અને પ્રયોગ, તેમ જ હેની સ્વરૂપસાધક વર્ણધ્વનિની રચના એ વિષયનું અધ્યયન જ મનોહારી છે; અને હેનું અધ્યયન કરનારના માર્ગમાં પથરાયલા અનેક નિરાશાના પ્રસંગોનો બદલો વાળી આપવાને હેની મનોહરતા જ પૂરતી છે. પદાર્થવિજ્ઞાનના અભ્યાસીની માફક ભાષાના અભ્યાસીને પણ વાઙ્મયની પ્રયોગશાળામાં ભાષાને સૂક્ષ્મદર્શક યંત્રવડે નિહાળવી પડેછે, નિરીક્ષણનલિકામાં મૂકી સદસદ્વિવેકિની બુદ્ધિરૂપ અગ્નિજ્વાલાપર હેને તપાવવી પડેછે, અથવા તો આ શાસ્ત્રને અનુકૂળ અન્વેષણસહાયક તત્ત્વોદ્બોધક દ્રવ્યોની-શબ્દો અને રૂપાન્તરોની-સહાયતાથી હેને તપાસવી પડેછે; સૂક્ષ્મ તપાસ, પરસ્પર સરખામણી, કેટલાકનો ત્યાગ અને બીજાનો સ્વીકાર ઇત્યાદિ વિધિવડે એક સર્વસામાન્ય નિયમ બાંધી સકાય એટલાપૂરતી ઉદાહરણસામગ્રી એકઠી કરવી પડેછે. અથવા કેટલીકવાર હેવું એ બનેછે કે હેને કાંઇક અદ્ભુત પ્રેરણા થતાં હાવા કષ્ટસાધ્ય વિધિ કર્યા વિના સ્વયંપ્રકાશ પ્રતિભાને પ્રભાવે જ સત્ય સ્વતઃ સ્ફુરી આવેછે. અને ત્હાર પછી હાવી સ્ફુરણાનું શાંત ચિત્તે પૃથક્કરણ કરીને હેની સત્યતા સિદ્ધ કરે છે. અલબત્ત; સત્યપરાયણ તત્ત્વાન્વેષકે કોઈ કોઈ પ્રસંગે ઉપર કહી ત્હેવી નિરાશા માટે-દેખીતી નિરાશા માટે-તૈયાર રહેવું જ જોઇયે; કદાચ હાવા પૃથક્કરણને પરિણામે, અને એ જ દિશામાં થયેલી બીજી શોધખોળને પરિણામે એ સ્ફુરણાને તજવીયે પડેછે, અને પોતે જ્હેને ક્ષણભર દૈવી પ્રેરણા માની હતી ત્હેનો જ પ્રેરણારૂપે ભાસતા આભાસ માત્ર તરીકે ત્યાગ કરવો પડેછે. પોતે જ્હેને સુવર્ણફળ માન્યું હતું એ નરી રાખ નીવડી એ જાણીને ખરો શોધક નાસીપાસ નથી થતો. પરંતુ પોતાની ભૂલમાંથી બોધ પામીને સત્ય માર્ગને અવલંબી આગળ વધ્યો જાયછે અને છેવટ સત્યના પ્રકાશરૂપ ફળનો સ્વાદ લેછે.

વ્યુત્પત્તિ શાસ્ત્રના અભ્યાસીએ એક સરલ સત્ય લક્ષમાં રાખવાનું છે. એ સત્યનો કાલિદાસની ઈશ્વર અને હેની શક્તિને ઉદ્દેશી યોજાયેલી સર્વવિદિત वागर्थाविव संपृक्तौ એ ઉપમામાં સુંદર અને સંક્ષિપ્ત સમાવેશ થયોછે. એ સત્ય તે વાણી અને વિચારનું અવિભિન્ન સ્વરૂપ. પુસ્તકના એક જ પાનાની બે બાજુઓની માફક વાણી અને વિચાર મળીને એક જ વસ્તુ બનેછે, હેને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અન્યોન્યથી જુદાં પાડી સકાતાં નથી. વ્યાપાર એક જ છે, કેવળ પ્રતીતિ દ્વિવિધા છે. એક વા બીજી ભાષામાં આપણા વિચારોને મૂર્તિમાન્ કર્યા વિના વિચારક્રિયા થઈ સકે જ નહિં; "સંવેદન, આત્મા અને મૂર્ત્તરૂપ" વિલીન થઈ એકરૂપ બની રહેછે એ માનસિક વૃત્તિ તો તદ્દન નિરાળો જ આંતર અનુભવ છે,–હેમાં વિચારનો અભાવ જ છે; અને શબ્દોમાં અર્થરૂપ ચૈતન્યનું અનુપ્રાણન કર્યા વિના વાગ્વ્યવહાર જ બની સકે નહિં. અલબત્ત હેવાયે કેટલાક લોક છે જે વગર વિચાર્યે બોલી સકેછે; પણ આપણે હેમની સાથે કાંઈ સંબંધ નથી; હેવા લોકો જગત્માં અનેકાનેક છે, પણ આપણા શાસ્ત્રને તો વિચાર વિના બોલાય નહિં એ સત્યથી જ બહુ પ્રયોજન છે. આ દ્વિવિધ સ્વરૂપને લીધે ભાષાઓનો અને હેમના ઇતિહાસનો અભ્યાસ સવિશેષ આકર્ષક બનેછે; કારણ કે આપણી ચર્ચાનો વિષય નિર્જીવ ખોખું નથી પરંતુ જીવન્ત શબ્દ શરીર છે. જો અર્થ શબ્દના વ્યંગ્યાર્થ તરીકે સૃષ્ટિના જીવનહેતુ પરમાત્મા લઇએ, અને वाक् શબ્દનો પરમાત્માની શક્તિની વ્યક્તમૂર્તિ હેવો વ્યંગ્યાર્થ કરિયે, તો કાલિદાસની આ ઉપમામાં કાંઇક સવિશેષ અર્થગૌરવ સમાયલું જણાશે.

ભાષાના ઉદ્‌ભવના પ્રશ્નનું, અથવા તો પ્રથમ મનુષ્ય જાતિની ભાષા એક જ હતી કે કેમ અને કેમ કરીને ભિન્ન વિભિન્ન થઈને વિવિધરૂપ બની એ પ્રશ્નનું, વિવેચન આપણા પ્રસ્તુત વિષયની બ્હાર છે. એ વિષય તો સ્વતંત્ર અભ્યાસને યોગ્ય છે, અને એ વિષયના પરિશીલનના અન્તિમ સિદ્ધાન્તોને આપણા વિષયના સર્વમાન્ય આદ્ય સિદ્ધાન્ત તરીકે સ્વીકારવા પડશે. તદનુસાર આપણે સ્વીકારી લઈશું કે જેમ જેમ માનવજાતિની ઉત્ક્રાન્તિ થતી ગઈ તેમ તેમ ભાષાઓની પણ વિવિધ પ્રકારે ઉત્ક્રાન્તિ થતી ચાલી અને પરિણામે અનેક ભાષાઓ ઉત્પન્ન થઈ, જેમની વિવિધ સજાતીય વર્ગોમાં વ્યવસ્થા થઈ સકેછે.

સંસ્કૃત ભાષા આ પુરાણા ભાષાકુટુમ્બકમાંની એક હોઈ હેને અને ગુજરાતી ભાષાને શો સંબંધ છે એ પ્રશ્ન આપણા વિવેચનનો મુખ્ય વિષય રહેશે અને પ્રસંગ આવ્યે ગુજરાતીનો ભરતખંડની અન્ય આધુનિક ભાષાઓ સાથેનો સંબંધ ચર્ચાશે.

ભાષા અને સાહિત્યપર અસર કરનાર ઉપાધિયો

આ પ્રશ્નનું વિવેચન કરતી વેળા ભાષા અને સાહિત્યના સ્વરૂપનિર્માણ અને વિકાસ ઉપર અસર કરતી નિયામક શક્તિયો અને ઉપાધિયોને ચિત્ત સમક્ષ રાખવી જોઇશે. હેના સ્થૂલ દૃષ્ટિયે ત્રણ મુખ્ય વર્ગ પાડી સકાય:—

(क) ઐતિહાસિક પરિસ્થિતિ;

(ख) દૈશિક પરિસ્થિતિ;

(ग) વાગ્વ્યાપારનાં બળો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ ત્રણમાંનું છેલ્લું આન્તર નિમિત્ત છે અને પહેલાં બે બાહ્ય નિમિત્ત છે એ તો સ્પષ્ટ છે. બનશે તેટલી ત્વરાથી આ ત્રણ વર્ગનું આપણે નિરૂપણ કરી જઈશું. યથાક્રમ લઇયે: ઐતિહાસિક પરિસ્થિતિમાં માત્ર લોકોના રાજ્યપ્રકરણીય ઇતિહાસનો જ નહિં પરંતુ ત્હેમની સામાજિક, ધાર્મિક, ઔદ્યોગિક અને અન્ય પ્રકારની ઉત્ક્રાન્તિના ઇતિહાસનો પણ સમાવેશ થવો જોઇયે. પ્રજાની ભાષા અને સાહિત્ય ઉપર થતી અસરમાં આ તત્ત્વો પણ કારણભૂત છે. કારણ કે પ્રજાનો ઇતિહાસ એ જ ખરો ઇતિહાસ, દેશનો નહિં:-જો કે આ વિષયપરત્વે તો "દેશ"નો અર્થ હેમાં વસતી પ્રજા જ થઈ સકે એ પણ ખરું છે. આ દૃષ્ટિયે જોઇયે તો विदर्भाः, कोशलाः, कुरवः એ પ્રમાણે દેશને હેમાં વસતી પ્રજાનું જ નામ આપવાની પુરાણી પદ્ધતિમાં અભ્યધિક અર્થસૂચકતા જણાયછે. માટે "અંગ્રેજ લોકોનો ઇતિહાસ" હેવું જ ગ્રન્થનામ યથાર્થ છે, "ઇંગ્લંડનો ઇતિહાસ" હેવું નામ અયોગ્ય ગણાય.

ત્ય્હારે હવે ગુજરાતની વાત કરિયે તો ગુજરાતીઓ એક પ્રજા છે એમ કહી સકાય? હું કહીશ-હા, કહી સકાય; ત્હેમની અનન્યસાધારણ-વ્યક્તરૂપ-સ્થિતિ સ્વીકારવા પૂરતું અને હેમની ભાષાના પ્રગતિક્રમ ઉપર થતી અસર દર્શાવવા પૂરતું એમ કહી સકાય.

મૅક્સમૂલરનો મત-ભાષાશાસ્ત્ર ઇતિહાસથી સ્વતન્ત્ર છે-એ મતની પરીક્ષા; ભાષા પ્રજાજીવનના પ્રકટીકરણનું સાધન છે.

આ સ્થળે ઇતિહાસ અને ભાષા વિષેના આ પ્રશ્ન પર મૅક્સમૂલરે દર્શાવેલા અભિપ્રાય તરફ દૃષ્ટિપાત હું કરીશ. જે સમયમાં ભાષા ઉદ્‌ભવી અને વૃદ્ધિ પામી એ સમયના ઇતિહાસના જ્ઞાનની સહાયતા વિના એ ભાષાના ઉદ્‌ભવ અને વિકાસનું યથાર્થ જ્ઞાન થવું અશક્યછે એ મતથી મૅક્સમૂલરને વિરોધ જણાયછે. એ તો એમ માનેછે કે ભાષાના શાસ્ત્રનું ઇતિહાસથી સંપૂર્ણ સ્વાતન્ત્ર્ય સાધી સકાય એમ છે.[૨] હું ધારું છું કે હાવી આગ્રહી વિરોધવૃત્તિનું અવલમ્બન કરવામાં મૅક્સમૂલરનો એક ખાસ ઉદ્દેશ હતો-ભાષાનું શાસ્ત્ર પણ પ્રાકૃતિક પદાર્થવિજ્ઞાનશાસ્ત્રોમાંનું એક છે હેવું દર્શાવવાનો. એ ઉદ્દેશથી વિશ્લિષ્ટ રાખિયે તો ઉપર દર્શાવેલો હેમનો મત ટકી જ સકે નહિં અને તેની યથાર્થતા સ્વીકારી સકાય નહિં. કારણ-ઇતિહાસ એ પ્રજાજીવનનો વૃત્તાન્ત નથી તો બીજું શું છે? અને ભાષા પણ એ જ જીવનના પ્રકટીકરણનું એક સ્વરૂપ નથી તો બીજું શું છે? ઇતિહાસ એ પ્રજાની ભાષાપર અસર કરતી શક્તિયોમાંની એક શક્તિ છે એ મતનું સમર્થન કરવા માટે સાધન દૂર ખોળવા જવું પડે તેમ નથી; ઇતિહાસ અને ભાષા બન્નેને જોડનારી-બન્ને વચ્ચે રહેલી-

---

૨ "Lectures on the Science of Language" Vol I. pp. 81-85.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જીવનરૂપી શૃંખલા એ જ પૂરતું સાધન છે. એક સાદું ઉદાહરણ લઇયે; पाद અથવા पद् શબ્દ, અથવા એથી ઉત્તરકાલીન चरण શબ્દઃ એ સર્વનો અર્થ "પગ" થાયછે, પણ તેઓનો "ચતુર્થાંશ-ચોથો ભાગ" એટલે છન્દની એક પંક્તિ, એ અર્થમાં પ્રયોગ થાયછે, અને पाद શબ્દ તો પ્રકરણના ચતુર્થ ભાગના અર્થમાં પણ વપરાયછે-જેમકે પાણિનિની અષ્ટાધ્યાયીના વિભાગો-અને તેથી પણ આગળ વધીને ફક્ત "ચતુર્થ અંશ" એ અર્થમાં પણ વપરાયછે. આ શબ્દોનો મૂળ-પ્રાકૃતિક અર્થ "પગ" છે, તો પછી "ચતુર્થાંશ" એ અર્થ હેને ક્યહાંથી સંલગ્ન થયો? મનુષ્યને તો બે જ પગ છે. આપણા પુરાતન પૂર્વજોની પશુપાલન અને કૃષિકર્મરૂપ વૃત્તિનું સ્મરણ કરશો એટલે તરત જ આ પ્રશ્નનો ઉત્તર તમારા મનમાં સ્ફુરી આવશે; હેમની એ પ્રકારની જીવનવૃત્તિમાં ચતુષ્પાદ પ્રાણિયોનો, ખાસ કરીને ગાયોનો, તેમનાં નયન સમક્ષ હમેશનો ગાઢ પરિચય હતો. એ પરિચયને પરિણામે જ "ચારમાંનું એક" એ અર્થમાં पाद શબ્દનો પ્રયોગ ત્હેમને સૂચિત થયો.[3]

---

3 બીજી ગુજરાતી સાહિત્ય પરિષદ્ સમક્ષ "પદ્યરચનાના પ્રકાર" એ વિષયપર રા. રા. કે. હ. ધ્રુવે લેખ વાંચ્યો હતો-જે બુદ્ધિપ્રકાશના જાન્યુઆરી ૧૯૦૮ ના અંકમાં છે-હેમાં એ કહેછે કે पाद, चरण અને पद् શબ્દોને "શ્લોકનું એક ચરણ" એ અર્થ મનુષ્યના પગ ઉપરથી આપવામાં આવ્યો હતો; અને પોતાના એ મતનું કારણ હેવું આપેછે કે વેદોમાં ત્રણ કે ચાર ચરણના છન્દથી બે ચરણના છન્દ પૂર્વતર હોવા જોઇયે. હાવું માની લેવાને માટે, અને એમ માની લઇને હેમણે જે સિદ્ધાન્તો રચ્યાછે તે સિદ્ધાન્તોને માટે, કાંઈ આધાર હોય એમ હું માનતો નથી. પોતાના "Vedic Metre" નામના ગ્રન્થમાં (પૃષ્ઠ ૧૭૧ §૨૦૧, વિવરણ ૪ એ સ્થળે) ડૉ. ઇ. વર્નોન આર્નોલ્ડ હેવો અભિપ્રાય દર્શાવેછે કે ચાર ચરણવાળા અનુષ્ટુપ્ કરતાં ત્રણ ચરણવાળી ગાયત્રી ઉત્તરકાલીન છે. વળી પોતાના વિચારોને વાણીરૂપે દર્શાવવાનાં સાધનો ખોળવા માટે મનુષ્ય પોતાના જ શરીર તરફ નજર કરે હેના કરતાં બાહ્ય પદાર્થો અને પ્રાણિયોના પરિચયનો લાભ લે એ વધારે સ્વાભાવિક છે. સંખ્યાની ગણના કરવાના મૂળ આધાર તરીકે દશ આંગળીઓનો ઉપયોગ કર્યો એ એક જુદી વાત છે. કારણ કે હેવો પદાર્થ પોતાના શરીર બહાર મળવો દેખીતી રીતે મુશ્કેલ છે. તેમ વળી पाद કે चरण શબ્દનો "છન્દની એક પંક્તિ" હેવો પારિભાષિક અર્થ વૈદિક કાળથી જ થવા લાગ્યો હતો એમ સ્વીકારવું જ પડે તેમ નથી. ચાર પંક્તિનો છન્દ છન્દઃશાસ્ત્રપરના સંસ્કૃત સાહિત્યમાં પ્રવૃત્ત થયો ત્યહાર પછી જ એ શબ્દનો હેવો પ્રયોગ થવા લાગ્યો હોય એ સર્વથા સંભવિત છે. પરંતુ વૈદિક સાહિત્યના જેટલા પુરાતન સમયથી જ "(ચાર પંક્તિના) છન્દની પંક્તિ" હેવો અર્થ થતો જોઇયે છિયે એટલે હાવા અનુમાનને આશ્રયે રહેવાનું પ્રયોજન જ નથી. નિરુક્ત ૨-૭ માં पाद શબ્દનો ઉલ્લેખ છે અને ત્યહાં હેની प्रकृति-પ્રાથમિક અર્થ-पशुपाद આપેલ છે, અને પછી "ભાગ-અંશ-ખંડ" એ અર્થ આપ્યોછે અને "ખંડ"નો અર્થ ग्रन्थपाद વગેરે છે એ ભાષ્યકારે સંપૂર્ણ રીતે સમઝાવ્યું છે. સેન્ટ પીટર્સબર્ગ લેકિસકનમાં पद् અને पादना (૧) ચતુર્થાંશ (પ્હેલા શબ્દનો અર્થ) અને (૨) છન્દનો ચતુર્થાંશ (બીજા શબ્દનો અર્થ) હેવા અર્થ આપ્યાછે, અને પ્હેલા માટે અથર્વવેદનો અને બીજા માટે ઐતરેય બ્રાહ્મણ, નિરુક્ત, પ્રાતિશાખ્ય ઇત્યાદિનો આધાર છે એમ જણાવ્યુંછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ શબ્દ પાવ (હિં. ને મ.) અને પા (ગુ.) હેવાં રૂપાન્તર પામી આપણી અર્વાચીન ભાષાઓમાં આવ્યોછે અને એ રૂપાન્તરમાં "પગ" એ અર્થ તદ્દન વીસરાઈ જતાં "ચોથો ભાગ" એટલો જ સ્પષ્ટ અર્થ ઊતર્યોછે, જ્યહારે એ જ શબ્દમાંથી નીકળેલો પાય (ગુ. ને. મ.) શબ્દ ફક્ત "પગ" એ જ અર્થમાં વપરાય છે. ("પગ" અને "ચતુર્થાંશ" એ બન્ને અર્થ દર્શાવતો કાનડી ભાષાનો કાલુ શબ્દ સરખાવો.)

વિવિધ માનવવર્ગોના સંસર્ગ અને સંમિશ્રણની ભાષાનાં સ્વરૂપ અને બંધારણપર થતી અસર.

તેમ વળી પ્રજાના ઇતિહાસની અસર ઘણી એ વાર ભાષાના બંધારણ ઉપર પણ થાયછે. એ બતાવવા માત્ર આટલું જ લક્ષમાં રાખવું જરૂરનું છે કે એક એક માનવવર્ગના બીજા માનવવર્ગ સાથેના સંપર્ક અને સંમિશ્રણને પરિણામે ભાષામાં વિજાતીય વર્ણોચ્ચારનો પ્રવેશ થાયછે. દાખલા તરીકે ગુજરાતી (અને બીજી આ દેશની પ્રચલિત ભાષાઓ)માં ફારસી શબ્દોનો પ્રવેશ થયો એ બનાવ ખાસ રસ પડે હેવો છેઃ હેવે પ્રસંગે Z "ज़" જેવા વર્ણોચ્ચાર પ્રથમ તો એમને એમ પ્રવેશ કરેછે. પછી હેમને અત્યન્ત મળતા વર્ણનું રૂપ અપાયછે, અને છેવટ, હાલમાં ગુજરાતી સાહિત્યમાં શુદ્ધ ફારસી પ્રયોગ કરવાના પ્રયાસો થાયછે તેમ, ફરીથી મૂળરૂપે વપરાવા લાગેછે અને એ વર્ણોચ્ચાર ફારસી છે એ બતાવવા અધોબિન્દુ જેવી કાંઈ ભેદસૂચક નિશાની મૂકવામાં આવેછે.

વળી ટ, ઠ, ડ, ઢ, એ વર્ણો લઇયે; એમ મનાયછે કે આ મૂર્ધન્ય વર્ણો મૂળની આર્ય ભાષાઓમાં ન્હોતા પણ દ્રાવિડ ભાષાઓમાંથી લેવામાં આવ્યા હતા.[૪] આ મતનો સંપૂર્ણ સ્વીકાર કરતાં અચકાઇયે તો પણ આટલું તો નિઃસંદેહ છે કે આ મૂર્ધન્ય વર્ણવાળા અને ખાસ હેના બેવડા સંયુક્તાક્ષરવાળા કેટલાએક શબ્દો સંસ્કૃતથી તદ્દન નિરાળા છે અને દ્રાવિડ ભાષાઓમાંથી આવ્યાછે.[૫]

તેમ વળી, વાગ્વ્યાપારના કોઈ પણ નિયમવડે જેની સંસ્કૃતમાંથી ઉત્પત્તિ સિદ્ધ થઈ શકતી નથી હેવા કેટલાક શબ્દોનો સંસ્કૃતમાં પ્રવેશ થયોછે અથવા તો આપણી સંસ્કૃતજન્ય અત્યારે વપરાતી ભાષાઓમાં હેમનું અસ્તિત્વ છે હેનું એક જ શક્ય કારણ ઇતિહાસમાંથી મળશેઃ–આર્યલોકનો ભરતખંડના મૂળ અનાર્ય વતનીઓ સાથેનો સંસર્ગ. અંહિયાં હું કાંઇક અચકાતાં છતાં પણ અજમાયશરૂપ મત રજૂ કરુંછું કે વિદેશીય જાતિના–કેટલાક તો માનુષશાસ્ત્રની દષ્ટિયે અનાર્ય જાતિના–લોકના જે ઓઘ ઉપર ઓઘ

૪. The Encyclopædia Britannica (Ninth Edition) XVIII, 787 c.

૫. ડૉ. સર ભાણ્ડારકરનો મત આ મતનું સમર્થન કરેછે. (Wilson Philological Lectures, Pp. 47-48 જુઓ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવતા ભારતના ઇતિહાસમાં ગોચર થાયછે તેપર લક્ષ રાખીશું તો, હેમની સાથે આવેલી વિવિધ ભાષાઓની સ્થાનિક ભાષાઓપર છાપ પડી હોય અને "देश्य" ગણાતા શબ્દો પણ હેમાંથી જ આવ્યા હોય, એ અસંભવિત નથી લાગતું. એથી એ આગળ વધીને કહીશ કે મરાઠી અને ગુજરાતી ભાષામાંના કેટલાક શબ્દોમાં, કેટલીએક સ્થિતિયોમાં, તાલવ્ય च, छ, ज, झ નો અસંસ્કૃત ઉચ્ચાર થાય છે ત્હેને પણ કદાચ આ અસરનું પરિણામ ગણી સકાય–પછી ડા. ભાણ્ડારકર અને બીજા આપ્ત વિદ્વાનોના મત પ્રમાણે, સંસ્કૃતની સાથે સાથે જ બોલાતી હોય હેવી પ્રાકૃત ભાષાઓના સમયના પ્રારંભથી જ એ ઉચ્ચાર આવ્યો હોય, તો હેવું પણ હેના પ્રાકૃતમાં અસ્તિત્વને લીધે માની સકાય. પરંતુ પ્રાકૃત–સમયના આદિ ભાગમાં એ ઉચ્ચારનું સ્વરૂપ કેવું હતું હેનો નિર્ણય કરવાનાં સાધનને અભાવે, પ્રાકૃતમાં પણ વિદેશીય લોકોએ અસંસ્કૃત ઉચ્ચાર દાખલ કર્યો હોય એમ માનવાને હરકત નથી. પણ કાંઈ ચોક્કસ નિર્ણય કરતા પ્હેલાં કાંઈક સાધન મળે તો આ વર્ણોનો એ વિદેશીય લોક કેવો ઉચ્ચાર કરતા એ નક્કી કરવું જોઇયે.[૬]

રાજકીય અને સામાજિક–રાજકીય સંસ્થાઓએ ભાષાને અર્પેલા સંસ્કારો; રોમન આધિપત્ય નીચેના ચીસતું ઉદાહરણ.

શબ્દશરીરના નિર્માણનો વિષય છોડીને હવે ભાષા અને હેની રચનાને અન્ય દૃષ્ટિયે અવલોકિયે તો, દેશની રાજકીય અને સામાજિક–રાજકીય સંસ્થાઓએ ભાષાને અર્પેલા સંસ્કારોમાં ઐતિહાસિક અસર દૃષ્ટિગોચર થશેઃ ઉદાહરણ તરીકે રાજા અને રાજ્યગત સામન્તચક્રના અન્યોન્ય સંબંધને લગતી Feudal System નામની જે સંસ્થા ઈંગ્લંડમાં પ્રચલિત હતી ત્હેને પરિણામે અંગ્રેજી ભાષામાં અર્થવિશેષ સૂચવતા કેટલાક હેવા શબ્દો આવ્યાછે કે જેના સમાનાર્થ શબ્દો એ સંસ્થાથી રહિત કોઇ પણ દેશની ભાષામાં ન જ મળી સકે. તે જ પ્રમાણે યૂરોપમાં મધ્યમ યુગમાં Chivalry[૭] નામની શૌર્યદાક્ષિણ્ય પ્રવર્તાવનારી જે રૂઢિ પ્રચલિત હતી ત્હેને લગતા આચારવિચારને પરિણામે નીપજેલા શબ્દસમૂહનો પર્યાયગણ પૃથ્વીના અન્ય પ્રદેશમાંથી મળવો અશકય છે. ભરતખંડમાં તો રજપૂતોના

---

૬. આ પ્રશ્નની વિસ્તારથી ચર્ચા ચોથા વ્યાખ્યાનમાં આવશે.

૭. Chivalry અને Feudalism નો અહિંયાં પૃથગ્ નિર્દેશ કર્યોછે, કારણ કે "Chivalry in English Literature" નામના ગ્રન્થમાં Schofield એ બન્નેને એક જ ગણવાનો ભ્રમ ન કરવાની ચેતવણી આપે છે. "Feudalism એ રાજ્યસંરક્ષણના ધર્મોને ઉદ્દેશીને રચાએલી સામાજિક વ્યવસ્થા હતી;" "Chivalry એ મનુષ્યોને પ્રબળ આધ્યાત્મિક ઉત્સાહના સંવિભાગી બનાવીને અન્યોન્યથી સ્નેહબદ્ધ કરવાનાં આચારસૂત્ર સ્થાપનારી ભાવના હતી.'

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રાબલ્યના કાળમાં **રાજસ્થાનમાં** પાશ્ચાત્ય સંસ્થાની પ્રતિમૂર્ત્તિ જેવી **સંસ્થા** હતી, તે છતાં ઉપર દર્શાવી ત્હેવી મુશ્કેલી તો ત્યહાં એ નડેછે.

રાજકીય, સામાજિક કે ધાર્મિક પ્રયોજનના બળે જ્યહાં વિવિધ માનવજાતિયોના સંસર્ગ ને સંમિશ્રણુ થાયછે ત્યહાં ઐતિહાસિક અસર પ્રબળતમ જોવામાં આવેછે. ઇ. સ. ના પાંચમા સૈકા દરમ્યાન રોમના આધિપત્ય નીચે રહેલા ગ્રીસ દેશનું ઉદાહરણ લઇયે.

"થ્રેસ અને મૅસિડોનિયાના વતનીઓની સંખ્યા અત્યન્ત ઘટી ગઈ હતી અને વિદેશીય પ્રજા સાથેના સંમિશ્રણથી હેમની ભાષાનો પ્રચાર પણ અલ્પતર થવા લાગ્યો હતો."

("*Greece under the Romans*" *by George Finlay. Everyman's Library; page 174.*)

"દેશપર ઉત્તર દિશામાંથી ચડી આવતા શત્રુઓએ કરેલા ઉપપ્લવોએ ડાન્યુબનદી અને ભૂમધ્યસમુદ્ર વચ્ચેના પ્રદેશોમાં રહેતી માનવજાતિયોમાં થનારા મ્હોટા ફેરફારનાં બીજ રોપ્યાં. દેશબ્હારથી નવી જાતિયો આવી હતી, અને દેશના જ ક્ષેત્રપતિયો અને ખેડુતવર્ગના નવા આવેલા વિદેશીઓ અને સ્થાનિક ગુલામો સાથેના સંમિશ્રણથી અન્ય નવીન જાતિયો બંધાઈ હતી. કૃષિકર્માર્થે આવેલા વિદેશીઓ દેશના દરેક પ્રદેશમાં મુકામ કરી રહ્યા હતા. આ સમયે જે ફેરફાર થવા શરૂ થયા ત્હેનું પૂર્વ યૂરોપમાં અત્યારે પ્રચરિત છે ત્હેમાંની કેટલીક ભાષાઓ સાક્ષ્ય આપેછે. અર્વાચીન ગ્રીક, આલ્બેનિયન, અને વૅલેકિયન ભાષાઓ ન્યૂનાધિક અંશે ગ્રીસ, એપાઇરસ, અને થ્રેસની પ્રાચીન ભાષાઓની જ, વિદેશીય સંસ્કારથી વિકાર પામેલી, પ્રતિમૂર્ત્તિયો છે." (પૂર્વોક્ત ગ્રન્થનું પૃષ્ઠ ૧૯૧.)

"આ સમયે (જસ્ટિનિયનના રાજ્યકાળમાં, એટલે ઇ. સ. ૫૨૭ થી ૫૬૫ પર્યન્ત) રોમન પ્રજા મુખ્યત: ગ્રીક લોકોની બનેલી હતી; પરંતુ ઇલિરિકમ અને થ્રેસના વતનીઓનો ઘણો મ્હોટો અંશ લૅટિન ભાષા બોલતો હતો હેવું જણાયછે. કદાચ એમ પણ હોય કે આ પ્રદેશોની મૂલભાષાઓ લૅટિનની સજાતીય હોઈને હેની સાથે ત્વરાથી મિશ્રિત થઈ ગઈ અને તરત જ પ્રદેશપરત્વે પૃથક્પૃથક્ લોકભાષાઓ બની અને કાળક્રમે અર્વાચીન વૅલેકિયન અને આલ્બેનિયન ભાષાને રૂપે સિદ્ધ થઈ." (એ જ ગ્રન્થ, પૃષ્ઠ ૨૦૩)

આ ચિત્રનું અવલોકન કરવાથી, પરસ્પર સામ્ય અને વૈષમ્યદ્વારા, આપણને મુસલમાનસમયની પૂર્વનાં વિદેશીય લોકનાં અનેક અન્તઃક્રમણને પરિણામે ભરતખંડની ભાષાઓપર પડેલા સંસ્કારોની સહજ સ્મૃતિ થશે. ભરતખંડમાં એ બહુશઃ હેવા જ ક્રમમાં બનાવો બન્યા હતા, પરંતુ આટલો



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિશેષ હતો કે આર્ય સંસ્કૃતિના નિસર્ગસિદ્ધ સામર્થ્યને પરિણામે, તેમ જ અન્તઃક્રમણ કરતી જાતિયોમાંની કેટલીક આર્ય લોકની સજાતીય હોવાને કારણે, ભરતખંડની આધુનિક ભાષાઓનો ત્હેમની માતૃભાષાઓથી, એટલે સંસ્કૃત અને મૂલપ્રાકૃત ભાષાઓથી, પૂર્ણ વિચ્છેદ થવા નથી પામ્યો. ઇસવીસન પૂર્વે ચોથા સૈકાથી ઇ. સ. ના છઠ્ઠા સૈકા સુધીમાં ગ્રીક, શક, આભીર, કુશન, હૈહય, ગુર્જર ઇત્યાદિ લોકસંઘના ઓઘ પર ઓઘ ભરતખંડમાં આવ્યા તે સર્વે સતતનિવાસને અર્થે આવ્યા અને ભારતવર્ષના વિશાલ પ્રજાસાગરમાં મળી જઈને તદ્રૂપ થયા. દૈશિક સંસ્થાઓનો વિમર્દ અને વિપ્લવ કરવા પૂરતું હેમનું પ્રાબલ્ય ન્હોતું એ ખરું. પરંતુ દેશની પ્રજા ઉપર પોતાના લક્ષણવિશેષની છાપ કાંઇક અંશે પણ એ ન પાડે એ કલ્પના સંભવતી નથી. અને, તેઓ પોતાની ભાષા પાછળ મૂકીને આવ્યા હોય એ અશક્ય હોઈને, આટલું તો અત્યંત સંભવિત છે કે જે દેશમાં છેવટે તેઓ ઘર કરી રહ્યા તે દેશીની (ધાર્મિક અને અન્ય પ્રકારની રૂઢિયો ઘણીએ વાર સ્વીકારતા તેમ) ભાષાઓ પોતે સ્વીકારી તે છતાં એ એ ભાષાઓને પાછા પોતે પણ કેટલાક સંસ્કારો અર્પ્યા, જે અત્યારે સ્પષ્ટ રીતે દૃગ્ગોચર નથી થતા.

> મુસલમાન સમયની પૂર્વે ભરતખંડમાં એ ત્હેવો જ ક્રમ હતો; પરંતુ પરિણામો અન્ય પ્રકારનાં આવ્યાં.

પૂર્વગત અવલોકનમાં મુસલમાનસમયનું મ્હેં વિવર્જન કર્યું છે તે સહેતુક છે. મુસલમાનોના સંસર્ગથી આપણી ભાષાઓ જે સંસ્કાર પામી તે, સ્વરૂપમાં તેમ જ વ્યાપકતામાં, ત્હેમની પૂર્વે આવી વશેલી જાતિયોએ અર્પેલા ભાષા-સંસ્કારથી અન્ય પ્રકારના જ હતા. એ પ્રસંગે અન્યોન્યના સંસર્ગમાં આવેલી જાતિયો સંપૂર્ણ સંમિશ્રણ પામીને અન્તે, દ્રવ્યોના રાસાયનિકસંયોગમાં બને તેમ, સર્વાંશે એકરૂપ બની; જ્યહારે, મુસલમાન લોકો હંમેશને માટે આવી વશ્યા તો પણ ત્હેમનો હિંદુપ્રજાઓની સાથે પૂર્ણ સંકર તો થયો જ નહિં, પરંતુ બે પદાર્થનું દરેકનું સ્વરૂપ દર્શાવી આપતું સામાન્ય મિશ્રણ બને ત્હેવું જ સંમિશ્રણ માત્ર થયું. હેનું પરિણામ એ આવ્યું કે ફારસી અને અરબી ભાષાઓમાંથી ઘણા એ શબ્દોનો આપણી ભાષાઓમાં પ્રવેશ થયો તો પણ આપણી ભાષાઓનું સ્વરૂપ તો અવિકૃત જળવાઈજ રહ્યું. આપણી ભાષાઓની પ્રયોગરૂઢિયોમાં, વ્યાકરણમાં, કે હેની સ્વરૂપસાધક ઘટનામાં મુસલમાન સંસર્ગથી કાંઈ પરિવર્તન થયેલું જણાતું નથી. આ પ્રમાણે ગુજરાતીમાં (અને બીજી અર્વાચીન ભાષાઓમાં) સંખ્યાબંધ ફારસી અને અરબી શબ્દો સામાન્ય પ્રચારમાં જોઇયેછિયે; જેવા કે શહેર,

> ઉપરના અવલોકનમાં મુસલમાનસમયનો ત્યાગ ઉદ્દેશપૂર્વક કર્યો છે; મુસલમાનોની આપણી ભાષાપર થયેલી અસર સ્વરૂપમાં અને વ્યાપકતામાં વિશિષ્ટ પ્રકારની છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

नजीक, अवाज, नगारूं, अलबत्त, बिलकुल, कुल, बेशरम, शरम, कलम, काजी, दरवाजो, दरकार, गरज, बीमार, વગેરે વગેરે.

પરંતુ આ શબ્દો ફક્ત ભાષાના બહિરંગમાં પ્રક્ષિપ્ત થયાછે, હેના આંતર-સ્વરૂપને અસર નથી કરતા. ફક્ત એક જ ન્હાનો સરખો શબ્દ અપવાદરૂપ છે; સંયોગી અવ્યય કે કદાચ ફારસી-માંથી આવ્યો હોય હેવો સંભવ છે. रामे सीताने कह्युं के त्हमे वनमां आवशो नहिं હેવાં વાક્યોમાં, હંમેશાં નહિ તો વખતો વખત, આપણે એ શબ્દ વાપરિયેછિયે. કે ની જગ્યાએ વપરાતો પ્રાચીનતર શબ્દ जे છે; હેનું મૂળ સંસ્કૃત यत् શબ્દ છે, જે હજીએ કાગળ ખત વગેરે લખવાની પ્રચલિત પ્રણાલીમાં जत રૂપે જળવાઈ રહ્યોછે; જેમ કે:-

માત્ર એક અપવાદ છે; સંયોગી અવ્યય કે ફારસીમાંથી આવ્યોછે.

(૧) जत लखवा कारण ए छे जे;

(२) हस्ताखराण दतवा जत;

( મૂળ સંસ્કૃત हस्ताक्षराणि दत्वा यत् );

[ ઉદાહરણ (૧) માં जतની પ્હેલાં હાવા કેટલાક પ્રાસ્તાવિક શબ્દો મૂકાયછેઃ-पूज्याराधे अनेक शुभ उपमा जोग तीर्थरूप श्री-(अमुक)-जोग (जोग=योग्य, અહિયાં "પ્રતિ"ના અર્થમાં). અહિયાં ઉત્તરવાક્યની સાથે સંબંધ ધરાવતા પૂર્વવાક્ય વિના જ એકદમ जतથી લેખપ્રારંભ થાયછે. હાવા રૂઢિસિદ્ધપ્રયોગો અન્ય ભાષાઓમાં પણ માલુમ પડેછે; દાખલા તરીકે, અંગ્રેજીમાં વિજ્ઞપ્તિપત્ર જેવા લેખોમાં દરેક પારાગ્રાફના આદ્ય શબ્દ તરીકે "that" મૂકવામાં આવેછે.

ઉદાહરણ (૨) માં जत પ્હેલાં लखी आपुंछुं એમ, કે હેવા અર્થનો કાંઈક, શબ્દ અનુક્ત રહેછે. ]

મરાઠીભાષામાં પણ कीं અને जे નો હેવો જ પ્રયોગ થાયછે.

(१) आपण सांगितलें कीं तें शक्य नाहिं.

(२) अर्ज करितो ऐसा जे.[૮]

પરંતુ ગુજરાતી કેની સંસ્કૃત किम्માંથી વ્યુત્પત્તિ સાધવી તેટલી જ શક્ય છે; પ્રશ્નસૂચક અર્થનું કેવલોપન્યાસસૂચક અર્થરૂપે વિવર્તન સહજ થાય એમ છે. જેમ કે रामे कह्युं-किम् ? (એટલે કે शुं कह्युं ? आ) ઇત્યાદિ.

હાવા મનોવ્યાપારને પરિણામે किम् શબ્દ કેમાં રહેલો શુદ્ધ ઉપન્યાસ-સૂચક અર્થ રહેલાઇથી પામે. માટે, કેની ફારસીમાંથી વ્યુત્પત્તિ અને તે વિષેના વિવેચનને સ્વીકારવામાં આ અસન્તશક્ય વૈકલ્પિક વ્યુત્પત્તિના પક્ષથી ઉત્પન્ન થતી મર્યાદા રહેવી જોઇયે હેવી દલીલ કરી સકાય ખરી. મરાઠી શબ્દ

૮. जेનો હાવો પ્રયોગ અરજી જેવા આચારવિહિત લેખોમાં જ થાયછે. અને कीं સામાન્ય પ્રચરિત ભાષામાં વાપરાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कीं હેવી જ રીત્યે વપરાયછે અને હેને સાથે किम् શબ્દના અવશેષ-રૂપ અનુસ્વાર રહેલો છે એ પ્રસંગથી પૂર્વસૂચિત સાવચેતી રાખવાનું વિશેષ કારણ મળેછે.[1]

कने સમાનાર્થ ફ્રેન્ચ ભાષાનો સંયોગીઅવ્યય.

સંયોગી અવ્યય के 'that'નો સમાનાર્થ ફ્રેન્ચ શબ્દ que (એટલે ઉચ્ચારમાં क) પણ એ જ નિર્ણયનું સૂચન કરેછે, કારણ કે હેને લૅટિન quid (=શું? પ્રશ્નાર્થ) અને quod શબ્દો સાથે સંબંધ છે, અને એ લૅટિન શબ્દોનો અન્ય અર્થ ઉપરાંત કેટલેક પ્રસંગે સંયોજક અર્થે, તેમ જ પ્રશ્નસૂચક અર્થે પ્રયોગ થાયછે; હેનો સંયોજકાર્થે પ્રયોગ classical-એટલે ઉત્કર્ષકાલીન-લૅટિન કરતાં એથી ઉત્તરકાલીન લૅટિનમાં અધિકતર પ્રમાણમાં થયેલો જણાયછે. ફ્રેંચ ભાષામાં qu નો ઉચ્ચાર *k* (=क) થાયછે એ વાત હેવું સૂચવેછે કે લૅટિન ભાષામાં પણ એ ભાષાના વિકાસ દરમ્યાન કોઇ એક સમયે હેવો જ ઉચ્ચાર થતો હોય એ સંભવિત છે. અને વસ્તુતઃ આ પ્રમાણે હતું જ. "કેટલાંક રૂપો અને શબ્દોમાં quનો ઉચ્ચાર *k* (=क) કરવાનું વલણ classical- ઉત્કૃષ્ટકોટિક-લૅટિનમાં હતું. સિસેરો તો qu ની જગ્યાએ લખવામાં પણ c (લૅટિન ઉચ્ચાર *k*=क) કેટલાક શબ્દોમાં વાપરતો; દાખલા તરીકે 'quum' (=કો'ને, સં. कम्) ને બદલે cum લખતો. આટલું સ્પષ્ટ છે કે qu નો ઉચ્ચાર *kv* (=क्व) થતો છતાં એ એક જ શબ્દનાં રૂપાંતરોમાં હેનો વારંવાર *k* (=क) ઉચ્ચાર થઈ જતો; અને classical એટલે ઉચ્ચ-કોટિક લૅટિનના સમયમાં પણ એ ભાષાના શબ્દગ્રામની અનેક સુપ્રતિષ્ઠિત વ્યક્તિયોનો પરંપરાપ્રાપ્ત qu વિકૃત થઈ ને क રૂપે ઉચ્ચારાતો, અને *c* રૂપે લખાતો."[2] સંસ્કૃત क्व (=ક્યહાં?) શબ્દમાંના વકારયુક્ત ઉચ્ચારનો હેના રૂપાન્તરભૂત-કે પછી મૂળભૂત-શબ્દો किम् વગેરેમાં અભાવ છે તે હેના લોપનું પરિણામ હોય હેવો પણ સંભવ ખરો. ગમે તેમ હોય પરંતુ પૂર્વગત ઊહાપોહનું ગુજરાતી કેની સંસ્કૃત किम्માંથી વ્યુત્પત્તિ સાધવાના મતના દઢીકરણ પૂરતું સામર્થ્ય

---

૧ ડા૦ ભાણ્ડારકર के (ગુજ.)ની कक, कय-कम એ પ્રમાણે किम्માંથી વ્યુત્પત્તિ આપેછે. (Wilson Philological Lectures, પૃષ્ઠ ૧૨૬). એ પદ્ધતિયે અનુસ્વાર અને તન્મૂલક બાધનું નિરાકરણ થાયછે. પરંતુ એથી મરાઠી कींમાં રહેલા અનુસ્વારની કશી વ્યવસ્થા થશે નહિં. વળી આગળ ઉપર જોઈશું તેમ, મુખ્યતમ મુદ્દો તો એ છે કે મુસલમાન સમયની પૂર્વના સાહિત્યમાં કેનો અભાવ હતો અને જેનો જ પ્રચાર થતો.

૨ લૅટિનવિષયક આ સર્વ માહિતી મુંબઇની વિલ્સન કૉલેજના લૅટિનના પ્રોફેસર નીલકંઠ સદાશિવ તાકખાવે કૃપા કરીને પૂરી પાડીછે, અને મ્હેં હેમના પત્રમાંથી લગભગ શબ્દશઃ ઉતારો આપ્યોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વીકારી સકાય, અને ફારસી અસરનો અભ્યુપગમ આ શબ્દપરત્વે સુખેથી તજી સકાય, હેવો પ્રતિપક્ષ ઉપપત્તિવિહીન નહિ ગણાય.

પરંતુ ફારસીની અસર સ્વીકારવાના પક્ષમાં પૂર્વોક્ત સર્વ દલીલોને હઠાવે હેવી દલીલો છે. એ દલીલો સંક્ષેપતઃ આપીશુંઃ–

કે ફારસી ભાષામાંથી આવ્યો એ પક્ષનું સમર્થન કરતાં પ્રમાણો.

(क) ભાષાવિકાસના ક્રમમાં કોઈપણ સમયે સંસ્કૃતમાં किम् કે અન્ય કોઈ પ્રશ્નસૂચક શબ્દ સંયોજકને સ્થાને "के" (ગુ૦) ના અર્થમાં યોજાયેલો જાણ્યો નથી. સંયોગ દર્શાવવાને સંસ્કૃતમાં यद् इति નો અથવા यथा इति નો કે यत् એકલાનો પ્રયોગ થતો.

આ વસ્તુસ્થિતિ ખરેખર વિલક્ષણ જેવી છે; ખાસ એટલા માટે કે પ્રશ્નદ્યોતક શબ્દનો હેવો પ્રયોગ અસાધારણ તો ન્હોતો જ હેવું ભાષાઓના તુલનાત્મક અભ્યાસપરથી ઉપલબ્ધ થાયછે. આપણે ઉપર જોઈ ગયા છિયે તેમ ફ્રેન્ચ ભાષાનો સંયોગી અવ્યય queની અને લૅટિનના quodની પૂર્વાવસ્થા પ્રશ્નદ્યોતકરૂપ હતી. ફારસી केનો પણ દ્વિવિધ અર્થ છેઃ પ્રશ્નસૂચક (સર્વનામરૂપે) અને સંયોજક (અવ્યયરૂપે); અને હેમાંનો આદ્ય–પ્રશ્નસૂચક–અર્થ અન્યનો બીજભૂત છે. મનોવ્યાપારની હેવા જ પ્રકારની પૃથક્ક્રિયા કરવાથી ગુજરાતી के અને મરાઠી कींना ઉદ્ભવપર પ્રકાશ નાખી સકાશે–સંસ્કૃત किम्‌માંથી કે ફારસી केમાંથી ગમે તે વ્યુત્પત્તિ સ્વીકારિયે તો પણ. અન્તરાય માત્ર એટલો જ છે કે સંસ્કૃતમાં किम् નો હાવો પ્રશ્નાર્થ અને સંયોગાર્થ ઉભયરૂપ પ્રયોગ નથી થતો. આ સ્થિતિમાં ગુજરાતી के અને મરાઠી कींनो સંસ્કૃત किम्‌માંથી ઉદ્ભવ થયો એમ સ્વીકારવું સપ્રમાણ ગણાય કે નહિં? સપ્રમાણ ગણાય એમ હું તો નથી માની સકતો;–પછી કદાચ એમ હોય, કે સંસ્કૃત મૂળમાં સંયોગી તરીકે વપરાતો ન હોવા છતાં किम् શબ્દને ગુજરાતી અને મરાઠી ભાષાઓમાં–તેમ જ બંગાળીમાં પણ कि (=કે) છે તેથી હેમાં પણ–લાવી મૂકી પછી બળથી સંયોજક તરીકે ઉપયોગમાં લેવામાં આવ્યો હોય, તો જુદી વાત. પરંતુ આમ માનવાને કાંઇ પણ પ્રમાણ નથી એ નીચે દર્શાવેલા કારણ (ग) પરથી સમજાશે.

(ख) ઉપર (क)માં જ પ્રસંગતઃ જણાવ્યું તેમ ફારસી केના બંને અર્થ થાયછે, પ્રશ્નદ્યોતનનો અને સંયોગદ્યોતનનો. જૉહ્નસનની ફારસી–અંગ્રેજી ડિક્ષ્નરીમાં નીચે પ્રમાણે આપ્યુંછે;—

کہ *Ki*[११] who? what? which? ... that ...(के[११]–કોણ? શું? કિયું? કે) તાત્પર્યદર્શક તરીકે, નિવેદન કરતાં કરતાં બોલનાર પાત્રના

૧૧ અંગ્રેજીમાં ki આપ્યુંછે પણ વસ્તુતઃ હેનો ઉચ્ચાર ke (કે) થાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૂળ વચનો આપવા માટે વાકયના પ્રારંભમાં કેનો પ્રયોગ બ્હોળો થાય-છે.[૧૨] જેમકે

मालिक, आबिदेरा पुर्सिद् के अव्क़ाति, अज़ीज़त् चि गुन मि गुज़रद्.

'રાજાએ કોઈ સાધુ પુરુષને પૂછ્યુંઃ શું ?

"ત્હારા અમૂલ્ય કલાકો કેમ પસાર કરેછે?" માટે હેનું ભાષાંતર "અને કહ્યું, તે નીચે પ્રમાણે, तद्यथा" એમ થઈ સકે.

हयरान मान्दद् के अया चि चीज़ अस्त.

"તેઓ આશ્ચર્યજડ થઈ ઊભા, (અને કહ્યું) કે 'અરે શું થયું?'"

એ ડિક્ષ્નરીનો કર્તા પણ સંયોજકાર્થ પ્રયોગનું લગભગ મ્હેં કર્યું છે ત્હેવું જ પૃથક્કરણ કરેછે, અને પ્રશ્નાર્થ પ્રયોગને હેનો પૂર્વગામી–હેનો બીજભૂત–ગણેછે, એ અત્ર જાણવા જેવું છે. દેખીતો માત્ર આટલો ભેદ છે કે એ હેને તાત્પર્ય-સૂચક અવ્યય કહેછે. પરંતુ અન્તિમ અવસ્થા વ્યાકરણદૃષ્ટિયે સંયોગી અવ્યયની છે, તોપણ હેણે કરેલું પૃથક્કરણ પ્રયોગના મૂળ પર્યન્ત પહોંચેછે અને એ અવ્યય વપરાવા છતાં એ યથાશ્રુત રચના શા કારણે જળવાઇ રહેછે એ દર્શાવેછે. આ સ્થળે આટલું કહેવું જોઇયે કે ફારસીમાં કેનો આ પ્રયોગ સંયોગી અવ્યય (that)નો તુલ્યકોટિક ગણી સકાય એમ છે, કારણ કે એ કહેવાયછે પણ काफ़्-ए-मार्फ़त, એટલે કે ઉપન્યાસાર્થક, સંબંધક, કે મધ્યસ્થ काफ़् (કવર્ણ).

છેવટ, (ग):—આ કારણ સર્વથી વધારે ગૌરવયુક્ત છે–મુસલમાન સમયની અસર દૃઢ થઈ તે પૂર્વનું પ્રાચીન ગુજરાતી સાહિત્ય અવલોકીશું તો આ વાત અવશ્ય બ્હાર આવશે કે 'that' (સંયોગી)ના અર્થમાં કેને પ્રચાર હતો જ નહિ. હેવા સાહિત્યમાંથી થોડાંક પ્રકારદર્શક ઉદાહરણ આપીશઃ–

(૧) अहं अप्रच्छं यत् अस्याः तनउ । ना । किं पातकं कृतं यत् (त् અહિંયાં ક્ષીણ થયોછે.) आत्मनां एवं महान् दुःसहतरः निग्रहः क्रियते ।

मइ पूछइउं जत ईहं स्त्रीतणि । तनउ । शरीरइ कइसऊं पातक कीधउं । जीणइ । पापकरी । आत्मारहिं इसउ दोहिलउ निग्रहः कीजइ अछि ।

(अर्दा ग्विरा કે अर्दा विराफ નામના પારસી ગ્રન્થના સંસ્કૃત ભાષાંતરમાંથી; તે સમયે પ્રચલિત હતી ત્હેવી ગુજરાતી ભાષામાં હેનું પરિવર્તન પણ હેમાં આપ્યુંછે.)

---

૧૨ આટલું લક્ષમાં રાખવું જોઇયે કે જો કે આ ઉતારામાં પૂછાએલો પ્રશ્ન યથા-શ્રુત નિવેદનની રચનામાં આપ્યોછે તો પણ કે શબ્દ–અંગ્રેજીમાં વિકૃત નિવેદનની રચના જોડે જ વપરાતા 'that;' શબ્દની કોટિમાં રહેલો કે શબ્દ–વાકયના આદિમ વપરાયોછે; આ પ્રમાણે વાકયરચના અંગ્રેજીમાં બદલાયછે પણ ફારસીમાં કે શબ્દના પ્રયોગથી નથી બદલાતી. ગુજરાતીમાં પણ કે વપરાતાં છતાં રચના યથાશ્રુત જ રહેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પછીના એક વ્યાખ્યાનમાં હું દર્શાવીશ કે આ ગુજરાતી ભાષા વિ. સ. ૧૫૦૦થી જરાક જ અગાઉના સમયમાં વપરાતી. પૂર્વોક્ત ગ્રન્થનો હસ્તલેખ વિ. સં. ૧૫૦૭ માં લખાયોછે હેવું હેના ઇતિવચનપરથી જણાય-છે. આ હસ્તલેખ ઇ. સ. ૧૯૧૩ના સપ્ટેમ્બરમાં મિ. બેહેરામ ગુર અંકલે-સરિયાએ હેમને મકાને મને બતાવ્યો હતો.

ઉપર આપેલા ઉતારામાંથી આપણે અત્યારે માત્ર मइ पूछइउं जत એટલા જ શબ્દોપર લક્ષ રાખવાનું છે; અને હેમાં 'that'ના અર્થમાં સંસ્કૃત यत् માંથી નીકળેલો जत શબ્દ–આધુનિક ગુજરાતીનો जे–વપરાયોછે, के नहिं.

(૨) ऊपर પુછેઉ જે કેતલાએક પ્રકાર–વગેરે.

(૩) તે જે પુછેઉ જે આહારે મનસિ અરથિ જે તેજ વિકરેઉ છિ ॥

(૪) વલતો ઊતર ए જે આહારે મનછિ તેની વિક્રાંત જે તેજ છિ–વગેરે.

(૫) જે કહેઊ જે સમર્થ નહીં કરવાનિ પછિ.

(૬) जे में दीठूं जे प्रथ्वीना लोकसूं संवाद.

(૭) जु को बोले जे बरोधी आधी नरोध प्रमूतं दाणूं.

(૮) जु कोए इम केहे जे रुडुं तथा पाडवूं कीधुं छे વગેરે

(૯) बीजू ए छे जे पापनां कर्णोर सघलि कामनस्य ॥ ० ॥[13]

(પ્રાચીન ગુજરાતી ભાષાંતર સહિતના स्कन्द गुमानी गुजार નામના પારસી ગ્રંથના સંસ્કૃત ભાષાંતરમાંથી) ઉપર આપેલાં ઉદાહરણોમાંનાં નંબર (૨) થી (૫) યોજકે k9 હેવી નિશાનીથી ચિહ્નિત કરેલા હસ્તલેખમાંથી લીધાંછે; હેને અન્તે ઇતિવચન નથી, અને તારીખ પણ નથી; પણ ગુજરાતી અંશની ભાષા વિ. સં. ૧૮૦૦ પછીના સમયની હોય એમ જણાયછે. એ સમય પ્હેલાંના સૈકાઓમાં દેશની મૂળ ગુજરાતીમાંથી જે ભાષા પારસીઓએ અ-વિકૃતરૂપે સ્વીકારી હતી તે આ લેખમાં થોડી ઘણી પણ વિકૃત થયેલી જણાય-છે, આજ કાલ એથી બહુ વધારે પ્રમાણમાં સ્વચ્છન્દે થાયછે તેમ. નં. (૬) ને (૯)નાં ઉદાહરણો k10 હેવા ચિહ્નવાળા હસ્તલેખમાંથી લીધાંછે; એ હસ્તલેખની ભાષા શુદ્ધતર જળવાઇછે; પણ વિ. સં. ૧૭૫૦ પછીના સમયની હોય એમ જણાયછે.

ટિપ્પણ:–આ બીજા હસ્તલેખમાં માત્ર એક જ સ્થળે મ્હેં जे ને બદલે के વપરાયેલો દીઠોછે: जु कोए इम बोलि के વગેરે. પરંતુ એ જ લેખમાં जे આટલી બધી વાર વપરાયેલોછે એ જોતાં, એક જ સ્થળે થયેલો આ केનો પ્રયોગ શંકાસ્પદ છે અને લેખક કે અન્ય કોઇના પ્રમાદનું પરિણામ છે એમ માનવાની મ્હારી વૃત્તિ થાયછે.

---

૧૩ ઉપરિલિખિત પુસ્તકની પારસી પંચાયતના ટ્રસ્ટીઓએ બ્હાર પાડેલી એર-વદ શહેરિયારજી ડી. ભરૂચાવાળી પ્રસિદ્ધિનાં પૃષ્ઠ ૮૨, ૭૪, ૭૫, ૭૬, ૭૮, જુઓ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જગતમિતર નામના એક પારસી ગુજરાતી પત્રમાં નીચેનાં સૂચક વચનો છેઃ—

| | |
|---|---|
| (૧) કહેવા લાગો જે (પૃ. ૨૫૭) | (૩) હોકમ કીધો જે (પૃ. ૪૩) |
| (૨) કહીએચ જે (પૃ. ૨૯૩) | (૪) હેતું ઘારેઆમાં આવેચ જે (પૃ. ૫) વગેરે. |

આ પત્ર ઇ. સ. ૧૮૫૦નું છે, અને આ મુદ્દાપર સારો પ્રકાશ પાડેછે.

હવે આપણે પ્રાચીન સાહિત્યમાંની હિંદુ ગુજરાતી ભાષામાં આ કે હતો કે નહિં ત્હેની તપાસ કરિયે. આ સંયોગી અવ્યય કે પદ્યમાં મળવો મુશ્કેલ છે એ વાત સ્મરણમાં રાખીને આપણે ગદ્યરૂપ સાહિત્યમાં જ હેની ખોળ કરીશું; અને એટલા પૂરતી આપણી મુસીબત વધશે, કારણ કે પ્રાચીન સાહિત્યનો મ્હોટો અંશ પદ્યરૂપે છે અને ગદ્ય તો સાધારણ રીતે બહુ જૂજ છે. વળી કાવ્યમાં લાલિત્યવૃદ્ધિ કરવા અને કવિતાનું રૂપલાઘવ જાળવવા કવિ હાવા સંયોગી અવ્યયોનું વિવર્જન જ કરશે. ઉદાહરણ તરીકે કોણ કહે કે, અથવા જે, કાનૂડો કૂડો હેના કરતાં

પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં કે માટે તપાસ; હેમાં કે જડતો નથી.

કોણ કહે કાનૂડો કૂડો ત્હેક્યું બોલ ન બાળ ।[૧૪]

એ રચના કવિને વધારે ગમશે. આ વાત લક્ષમાં રાખીને જ મ્હેં પારસી સાહિત્યમાંથી ઉદાહરણો લીધાંછે; કારણ કે એ સ્વતન્ત્ર સાક્ષ્ય પૂરેછે— પ્રાચીન ગુજરાતી સાહિત્યમાંના જૈન સંપ્રદાય જેવા કોઈ અમુક સંપ્રદાયની હેની ઉપર અસર થઈ હોવાનો સંભવ નથી. તે ઉપરાંત, વિક્રમ સંવતના ૧૫મા અને ૧૬મા સૈકાઓનું પારસી સાહિત્ય હિંદુઓની ભાષાશૈલીનું સંપૂર્ણ અનુકરણ કરેછેઃ ત્યહાર પછીના સમયમાંના પારસી સાહિત્યમાં ગુજરાતી ભાષાનો જે’વો નિરંકુશ- ને સ્વચ્છન્દી પ્રયોગ થયેલો જણાયછે ત્હેવો એ સૈકાઓમાં નથી થયો. આ કારણે ઉપર આપેલાં ઉદાહરણોનું સાક્ષી તરીકેનું ગૌરવ અધિકતર બનેછે.

પરંતુ પ્રાચીન ગુજરાતી ગદ્યમાં કરેલી ખોળ તદ્દન નિષ્ફળ નહિં નીવડે. કેટલાક ઉતારાઓ નીચે આપુંછું:—

(૧૦) તેહ મણી દેવતા આરાધી પાસા પામી સ્વર્ણથાલ મરીં જુવટઇ બइठु । जे के મજ્ઞનइं जीपइ ते थाल सोनैइए मरिऊं लिऊ.

(મેરુ સુન્દરના પુષ્પમાળપ્રકરણમાંથી; નકલ વિ. સં. ૧૫૨૯ ની સાલમાં કરેલી છે; નર્મકોશની પ્રસ્તાવનામાં ग પૃષ્ઠે હેમાંથી ઉતારો આપ્યોછે.)

અહિંયાં મણીની અને તે પછીના વાકયની વચ્ચે સંયોગી અવ્યય મૂકયું જ નથી એ લક્ષમાં રાખવાનું છે. પ્રાચીન સાહિત્યમાં હેવો જ પ્રચાર હતો એ સ્પષ્ટ છે:—

---

૧૪ દેવાશંકર, જુનાગઢનો નાગર, મૃત્યુકાળ આશરે ઇ. સ. ૧૮૩૭.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

तेने पिताये कह्युं ( ) तारो स्वयंवर करिये. ना पिता हुं तो देवांशी वर इच्छुं छुं. राजा केहे ( ) आपण मनुष्यने घेर देव वरवा केम आवे ए मनोर्थ ते मिथ्यां धरवो. कन्या केहे ( ) एटलो पोण ( ) जेणे कनकपुरी जोई होए तेने हुं वरुं. राजा केहे ( ) तेनी भाल केम जणाशे. कन्या केहे [ ] पुरमां पाट फेरवो.

(નર્મદાશંકરે વિક્રમ સંવત્‌ના ૧૯મા સૈકાની ભાષાના ઉદાહરણ તરીકે આ ઉતારો આપ્યોછે; नर्मकोश પ્રસ્તાવના પૃ. ङ.)

આ ઉતારામાં મ્હેં કૌંસ વચ્ચે ખાલી જગ્યા મૂકીછે ત્યહાં ત્યહાં અર્વાચીન પદ્ધતિયે के મૂકવો પડે.

ટિપ્પણ:–જે के मक्षनइं जीपइ હેમાં के છે તે આપણે ખોળિયેછિયે એ સંયોગી અવ્યય के નથી. કાં તો એ जे को ने સ્થાને લેખનપ્રમાદથી મૂકાયોછે અથવા તો એ को (=कोइ) ના જેવું સર્વનામ છે.

(૧૧) तेनी टोल करीने लोके शीखव्युं तुं जईने केहेनी जे कनकपुरी में जोई छे.

(नर्मकोशમાંથી; ઉપર આપ્યો છે તે જ ૧૯મા સૈકાના ઉતારામાંથી.)

(૧૨) एक मनोहरानामां गोपीजन छे तेहेने मंदिर कोइ एक स्त्रीनें त्यां रात्य रमीने प्रभु पधारया ते अन्य स्त्री संबन्धनां चिन्ह जोईने–ते स्त्री कहे छे जे हे नाथ पर जे बीजी त्हेनी पलका जे सज्ज्या–વગેરે.

(नर्मकोशની પ્રસ્તાવનાનાં પૃ. ङ ૫૨ આપેલા ૧૯મા સૈકાના કાળના ઉતારામાંથી.)

"Milestones in Gujaráti Literature" નામના ગ્રંથમાં ૨૫૨મે પૃષ્ઠે રા. રા. કૃષ્ણલાલ મો. ઝવેરીએ, કવિ દયારામે પોતાના સતસૈયા પર લખેલી ગદ્યરૂપ ટીકામાંથી કેટલાક અંશ આપ્યાછે ત્હેમાં જેને બદલે કેનો સંયોગી અવ્યય તરીકે પ્રયોગ થએલો જોઇએછિયે:–

દયારામના ગદ્યમાં જણાતું કે અને જેનું સંમિશ્રણ.

" ते पोतानी सखी प्रत्ये पोताना ग्रेहतापनुं दुःख कहे छे के अली मारा विरहनी व्यथा–વગેરે "

હવે ઉપર આપેલો ઉતારો ૧૨મો પણ દયારામની સતસૈયાપરની ટીકામાંથી લીધોછે (દુહો ૧૮૦મો[૧૫]) હેમાં जे વાપર્યોછે અને રા. રા. ઝવેરીવાળા ઉતારામાં के વાપર્યોછે, એ દેખીતા વિરોધનું કારણ આપવું દુષ્કર લાગશે. રા. રા. કૃષ્ણલાલ ઝવેરીએ આપેલા ઉતારામાં के છે તે ભૂલથી ન મૂકાયો હોય તો પછી હેવું સહજ અનુમાન થઈ સકે કે ૧૯મા સૈકાના ઉત્તરાર્ધમાં સંયોગી અવ્યય जे લુપ્ત થવા લાગ્યો હતો, (દયારામનો

---

१५ प्होरन पर पलकान किय अलिक सोंह कित खात ।
पेरवौं पगि पल पीक निक साचि कहो कछु प्रात ॥ सतसैया १८०

સમય વિ. સં. ૧૮૨૩ જન્મકાળથી ૧૯૦૮ મૃત્યુકાળ), અને જે ને કેની પરસ્પર સ્પર્ધા ચાલી રહી હતી–જેનું અંતિમ પરિણામ કેના વિજયરૂપ આવ્યું. વળી આ પણ લક્ષમાં રાખવું જોઇયે કે વર્તમાન સૈકાના પૂર્વાર્ધમાં, કેના વિજયકાળમાં પણ, જ્યહાં ફારસીની અસર ન્હોતી જ પ્હોંચી અથવા તો જ્યહાં ધર્મભાવનાને કારણે હેનો ખંતથી બહિષ્કાર કરવામાં આવતો હતો ત્હેવાં મંડળોમાં, પ્રાચીનતર સંયોગી અવ્યય જેનો પ્રચાર પ્રબળતર હતો. આ કારણે, વિ. સં. ૧૮૮૬ માં સહજાનન્દ સ્વામીનું અવસાન થયું ત્યહાર પછી જ રચાયલા વચનામૃતમાં સર્વત્ર જે વપરાયેલો જોઇએછિયે; ઉદાહરણ તરીકે (૧) पछे मुक्तानन्द स्वामीये प्रश्न पुछयुं जे कामक्रोध ઇત્યાદિ

(૨) पछे श्रीजिमहाराज बोल्या जे हुं देह नहि ઈત્યાદિ.

દયારામના સતસૈયા વિષે તર્કને આશ્રયે રહેવાની જરૂર નથી. હેની ટીકામાં ઉપરઉપરથી જોઈ જતાં જ માલૂમ પડેછે કે જેનો બ્હોળો પ્રયોગ થયોછે અને કે નો પ્રયોગ પણ બ્હોળો તો છે પરંતુ જેનાથી ઓછો;[૧૬] કેટલેક સ્થળે (જેમકે ૯૭, ૨૧, ૫૮, ૫૭૫, ૬૪૫, ૬૫૧મા દુહાપરની ટીકામાં) કેનો સ્વતન્ત્ર સંયોગી અવ્યય કરતાં ए के एम के हेवुं જોડે સાપેક્ષ શબ્દરૂપે વધુ પ્રયોગ છે; જેનો પણ હેવો પ્રયોગ છે (દુહા ૧૫૯ ની ટીકા જુઓ); ઉદાહરણોઃ–

प्रेमनुं वळ हेवुं अतुल्य छे के;  
ते एम कहे छे के;  
हेवुं निश्चे न मळे के;  
एम कहे छे जे.

પરંતુ જ્યહાં સંયોગી અવ્યયનો દેખીતી રીત્યે સ્વતન્ત્ર પ્રયોગ થયો હોય ત્યહાં પણ હાવી સાપેક્ષતા વ્યંગ્યરૂપે હોયછે જ. राजा बोल्यो के એટલે વસ્તુતઃ राजा एम बोल्यो के.

તો પણ મ્હારે આટલું કહેવું જોઇયે કે રા. કૃષ્ણલાલ ઝવેરીવાળા (૨૪૫ મા દુહાપરની ટીકામાંના) ઉતારામાં, ગુજરાતી પ્રેસ પ્રકાશિત કરેલાં દયારામનાં

---

૧૬ નીચેના દુહાઓ પરની ટીકામાં જે દૃષ્ટિયે પડેછેઃ ૧૭, ૨૭, ૩૦, ૭૩, ૭૮, ૮૩, ૮૭, ૮૮, ૯૦, ૯૬, ૯૯ (બે સ્થળે) ૩ ૧૦૦, ૧૦૬, ૧૪૪, ૧૫૨, ૧૫૩ (બે સ્થળે), ૧૫૪, ૧૫૭, ૧૫૮, ૧૭૨, ૧૭૬, ૧૮૨ (બે સ્થળે), ૨૨૯, ૨૩૨, ૨૪૨, ૨૪૫, ૨૭૬, ૨૮૪, ૨૮૭, ૨૯૩, ૫૩૮, ૫૪૫.

નીચેના દુહાઓપરની ટીકામાં કે દૃષ્ટિગોચર થાયછે. ૮૭, ૯૭, ૧૬૮, ૧૭૧ (એક વાકયમાં ત્રણવાર), ૧૮૨, ૨૨૪, ૨૨૭, ૨૩૦, ૩૨૨, ૫૮૪ (બે વખત), ૫૮૭ ૭૨૧ (બે વખત).

આ નોંધ યદૃચ્છાએ ચૂંટી કાઢીછે અને પૂર્ણ નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાવ્યોની ૪થી આવૃત્તિમાં જે છે, જ્હારે ૩ જી આવૃત્તિમાં કે છે. આ ટીકામાં જે અને કે બંનેનો આટલો બ્હોળો પ્રયોગ થયોછે એ જોતાં દયારામના સમયમાં જે અને કેનો સમકાલીન પ્રચાર હતો એ વિશે કાંઈ મ્હોટો સંશય રહેવાનું કારણ નથી; જો કે આ વાત ધ્યાનમાં રાખવાની છે કે કવિ નર્મદાશંકરે ૪ થી આવૃત્તિને પૃષ્ઠ ૨૭૭મે આપેલા ટિપ્પણ અનુસાર ટીકાના કર્તા તરીકે પ્રસિદ્ધિમાં રણછોડનું નામ છે, અને તે જ આવૃત્તિના પૃષ્ઠ ૪૪૩ ઉપર મૂળ ગ્રન્થમાં વલ્લભદાસનું નામ છે; જ્હારે કવિ નર્મદાશંકરના પછીના કાળમાં હેવું જ મનાતું આવ્યુંછે કે દયારામે જાતે ટીકા લખીછે. પરંતુ આ સંશયગ્રસ્ત અવસ્થાની આપણા મૂળ મુદ્દાને કાંઈ અસર નથી પ્હોંચતી, કારણ કે ઉભય રીતે ટીકા દયારામના સમયમાં લખાઈ એ સિદ્ધ છે.

નિર્ણય; ફારસીની અસરથી મુક્ત પ્રાચીન ગુજરાતી ભાષામાં કેનો અભાવ; જે શબ્દ હેના પૂર્વતર સમયમાં વપરાતો; કે મુસલમાન સંસર્ગથી આવ્યો.

આ પ્રમાણે, સંયોગી અવ્યય કેનો પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં પ્રચાર ન્હોતો હેવો નિર્ણય કરવાને આપણી પાસે પૂરતું પ્રમાણ છે; કાં તો कन्या केहे ( ) पुरमां पाट फेरवो એ અને હેવા વાક્યમાં છે તેમ હેની જગ્યા ખાલી રહેતી, અથવા તો 'that' ને મળતા સંયોગી અવ્યય તરીકે વપરાતા સંસ્કૃત યત્માંથી ઉદ્ભવેલો જે શબ્દ વપરાતો. સ્ત્રિયોને આધુનિક ભાષાવિકારોની અસર નથી લાગી તેથી ખાસ તેઓ જ વાપરેછે હેવી કેટલીક ભાષારૂઢિયોમાં ક્વ્હાંક ક્વ્હાંક જેનો પ્રયોગ હજી પણ થાયછે; જેમ કે मकुं जे (=म्हें कह्युं जे) માં એ જૂનો જે જોઇયેછિયે અને શું છે જે-? માં પણ એ જ સંયોજક જે છે; રૂઢિના બળે વાક્ય અપૂર્ણ રહેછે અને બાકીનો, (શું છે જે) मारा भाईने धमकावोछो ? કે હેવો કાંઇક અર્થ દર્શાવતો અનુક્ત અંશ માની લીધેલો રહેછે. આ ચર્ચાના પરિણામરૂપે નીચે પ્રમાણે નિર્ણયો પ્રાપ્ત થાયછેઃ-

(૧) ફારસીની અસરથી અસ્પૃષ્ટ રહેલા સાહિત્યમાં ગુજરાતી સંયોગી અવ્યય કે પ્રચરિત ન્હોતો; અને (૨) કેની સંસ્કૃત किम् માંથી ઉત્પત્તિ સાધી સકાય ખરી, પરંતુ किम्નો સંસ્કૃતમાં સંયોજક પ્રયોગ કદાપિ નથી થયો, અને ભાષામાં થતો સાક્ષાત્ પ્રયોગ જ પરમ પ્રમાણ છે, એ જોતાં જણાયછે કે જે પ્રાચીનતર સંયોગી અવ્યય હતો અને કે તો મુસલમાનો સાથેના સંસર્ગ અને ફારસીભાષાની અસરને પરિણામે પ્રવેશ પામ્યો.

ફારસી કે પોતે સંસ્કૃત किम्નો સંબન્ધી હોય અથવા હોવાથી જ ઉદ્ભવ્યો હોય, એ સંભવરહિત નથી; પરંતુ તેમ હોય તો પણ તે નિઃસંશય પ્રશ્નાર્થ પરત્વે જ હોઈ સકે; સંયોગાર્થ રૂપ સંસ્કૃતમાં અપરિચિત હોઈ એક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તદ્દન નવુંજ અપૂર્વ સ્વરૂપ હતું, એટલે એ ફારસીમાંથી જ આવી સકયું હોય.[૧૭]

અન્યપ્રાન્તીય ભાષાઓ સાથે સરખામણી: બંગાળી, સિંધી, મરાઠી.

અન્ય અર્વાચીન ભાષાઓમાંની કેટલીએક તરફ નજર કરિયે. બંગાળીમાં कि છે, જેનો અર્થ "કે" તેમ જ "શું" થાય છે. પરંતુ અદ્યાપિ હેમાં जे પણ વપરાયછે. प्रवासी નામની પત્રિકાના બંગાળી સંવત્ ૧૩૨૨ ના કાર્તિક માસના અંકમાં પ્રગટ થયેલી શ્રીયુત નગેન્દ્રનાથ સરકારે રચેલી त्याग નામની કથામાં ૭૬મે પૃષ્ઠે આ પ્રમાણે વાકય છેઃ– फल हइल एइ ये (=जे) ઇસાદિ. ( फळ थयुं ए जे ઇત્યાદિ.) (પરંતુ આ जे તદ્દન સ્વતન્ત્ર સંયોગી અવ્યય નથી પણ પૂર્વગત एनी જોડે સાપેક્ષતાથી વપરાયેલું ઇતરેતરાન્વયી સર્વનામ છે.)

સિંધીમાં ते છે તેમ જ जे છે, જેમાંનો પ્હેલો શબ્દ સંસ્કૃત तत्–એટલે તે–(નિર્દેશક)માંથી આવ્યો હશે; અંગ્રેજીમાં પણ (that) (=તે)નો નિર્દેશક અર્થ હેના સંયોજક અર્થનો મૂલભૂત છે.

મરાઠીમાં પ્રાચીન સાહિત્યમાં સંયોગી અવ્યય कीं ઉપલબ્ધ નથી થતો. પ્રાચીનતમ ઉચ્ચકોટિક મરાઠી ગ્રન્થ ज्ञानेश्वरीમાં સર્વત્ર जेનો પ્રયોગ થયો છે. कींનો કયાંએ પણ નહિં. એકનાથે અને શ્રીધરે जे અને कीं ઉભયનો પ્રયોગ શરૂ કર્યો અને એ ઉભયનો સામાન્ય પ્રયોગ શિવાજીના સમયમાં શરૂ થયો એમ જણાયછે. આગળ જતાં जे નષ્ટ થયો. મોરોપન્તે હેનો વિરલતમ પ્રયોગ કર્યોછે. આધુનિક સમયમાં પુરાણીઓ અને પુરાણી રૂઢિને વળગી રહેલા પુરુષો જ जे વાપરેછે.[૧૮]

---

૧૭ હાવી રીતે બ્હારથી આવેલા શબ્દો મૂળશબ્દોને સ્થાનભ્રષ્ટ કરે એ પ્રસંગ અપૂર્વ નથી. सवार (=ઘોડાસવાર) શબ્દ લઇયે. સંસ્કૃત अश्ववारમાંથી, હેના યથાસંભવ પ્રાકૃતરૂપ अस्सवारोમાં થઈને (આગળ જતાં असवारो, અને અસ્વરિત આદ્ય પદનો લોપ થતાં सवार એ ક્રમે), એ શબ્દની વ્યુત્પત્તિ સાધવી શકય છે, અને કેટલાક સાધે પણ છે. પરંતુ, सवारનું જ રૂપાન્તર असवार છે એ જોતાં, કદાચ ફારસી ભાષાએ એ શબ્દ સંસ્કૃતમાંથી લીધો હોય તો પણ, ગુજરાતીમાં તો એ સીધો ફારસીમાંથી જ આવ્યોછે એ વિષયે ભાગ્યે જ કાંઈ સંદેહ હોઈ સકે. અન્તરાય આટલો જ છે કે सवार શબ્દ ફારસીમાં, તેમ જ ગુજરાતીમાં, ગમે તે પ્રાણીપર આરોહણ દર્શાવે છે,–ઘોડાસવાર, ઊંટનો સવાર (ફારસી शुतरसवार), ઇત્યાદિ. પરંતુ મૂળ અર્થ (ઘોડાસવાર) લુપ્ત થતાં ગમે તે સવાર હેવો ગૌણઅર્થ અવશિષ્ટ રહ્યો હોય એ સંભવનો આશ્રય લઈ સમાધાન થઈ સકે.

૧૮ આ ઉપયોગી હકીકતને માટે હું રા. રા. ગ. પાધ્યે દ્વારા રાવ બહાદુર વી. એમ. મહાજનીનો ઋણી છું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફારસીની આ અસર ગુજરાતમાં મરાઠાઓના આધિપત્ય દરમ્યાન મરાઠીમાંથી આવી હોય એ સર્વથા સંભવેછે હેવું અનુમાન બાંધવાનું અત્ર હું સાહસ કરીશ. સવાઈ માધવરાવ પેશવાની રાજનીશીમાં કીંનો સંયોજકાર્થે પ્રયોગ બ્હોળો છે, જેમ કે—

ફારસી કે ઉપરથી કે આવ્યો; પરંતુ મરાઠી કીં દ્વારા મળેલી પ્રેરક-ગતિને બળે; મરાઠી કીં તે પણ ફારસી અસરનું પરિણામ.

(૧) केदारजी शिंदे व महादजी शिंदे यांचे नवीन सनद कीं વગેરે. (ઇ. સ. ૧૭૬૨–૬૩)

(૨) देशमुख व देशपांडे वाडगोडा परगणे हरिहर यांचे नांवे कौल कीं ઇત્યાદિ (ઇ. સ. ૧૭૬૪–૬૬)

(૩) येविशीं मोकदम हरदू गांवचे यांस कीं ઇત્યાદિ.

(આ તો સુવિદિત છે કે ફારસી શબ્દોની મ્હોટી સંખ્યાનો, વિશેષતઃ રાજ્યવ્યવસ્થાના પત્રો અને લેખોને અંગે, મરાઠી સત્તાના નિર્વાહકોની ભાષામાં છૂટથી પ્રવેશ થયો હતો. અરે સાધારણતમ आणीं (=અને) શબ્દનું સ્થાન રાજ્ય કાર્યનાં લખાણોમાં व એ લીધું છે. ઉદાહરણ ૩જામાં हरदू શબ્દો (=ઉક્ત બે, બંને) ચોખ્ખા ફારસી છે એ તરત જ જણાય એમ છે.)

(ઉદાહરણ ૩જામાં यांस અને कींની વચ્ચેનું સ્થાન ખાલી રહ્યુંછે એ એક લક્ષ ખેંચનારી ભાષારૂઢિનું અસ્તિત્વ દર્શાવેછે; ત્યહાં "આજ્ઞા", "શાસન" કે "વિજ્ઞપ્તિ" કે હેવા કોઈ અર્થનો શબ્દ અનુક્ત છે અને એથી કીં પૂર્વસંબંધ વિનાનો થઈ પડ્યોછેઃ મૂળ તો રાજ્યકાર્યમાં અનુકૂળ પડે અને લાઘવ જળવાય હેવો ઉદ્દેશ હશે.)

ઇ. સ. ૧૭૩૪ (વિ. સં. ૧૭૯૦)માં વડોદરાનું ગ્રહણ થવાની સાથે ગુજરાતમાં મરાઠાઓનું આધિપત્ય પ્રતિષ્ઠા પામ્યું; અને વિ. સં. ના ૧૯મા સૈકાના પૂર્વાર્ધ દરમ્યાન સંયોગાર્થક જેનું હજી પ્રાધાન્ય હતું એમ આપણે જોઇયેછિયે. આમ થવું તદ્દન સ્વાભાવિક છે, કારણ કે કોઈ એક દેશપર ભાષાગત લક્ષણવિશેષની મુદ્રા અર્પવાને રાજકીય આધિપત્યના ત્રણ કે ચાર સૈકા સહજે જોઇયે.

પરંતુ ગુજરાતીભાષાએ કીં નહિં પણ કે શબ્દ સ્વીકાર્યોછે, (જાણે ફારસીમાંથી સાક્ષાત્ લીધો હોય તેમ). ત્યહારે એમ બન્યું હશે કે એ તરફ પ્રવર્તન મરાઠીભાષાએ કરાવ્યું અને શબ્દ લીધો સાક્ષાત્ ફારસીમાંથી ? આ અનુમાનને હાવી સંદિગ્ધ સ્થિતિમાં જ મૂકુંછું.

આપણી ચર્ચાના આ અંશનું આપણે જરા અતિવિસ્તૃત વિવેચન કર્યું. હવે ત્યહારે ઐતિહાસિક પરિસ્થિતિની અસરની ઉપયોગિતા સ્વીકારીને આપણે ગુજરાતના ઇતિહાસપર, ગુજરાતી ભાષા અને સાહિત્ય ઉપર હેની અસર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થાય તેટલા પૂરતી, નજર ફેરવી જોઇયે. પરંતુ આ, અને આ વ્યાખ્યાનના પ્રારંભમાં જે વિષય ઉપસ્થાપિત કર્યો હતો હેના અવશિષ્ટ અંશો, આ પછીના વ્યાખ્યાનમાં ચર્ચવા માટે રાખવા પડશે.

## ટિપ્પણ.

(क) પૃષ્ઠો ૬ અને ૭ અને એ ઉપરનું ટિપ્પણ.

જ્યહારે જ્યહારે पाद શબ્દનો प्रन्थपादना અર્થમાં પ્રયોગ થાયછે ત્યહારે ત્યહારે ચાર ભાગમાંનો એક ભાગ વિવક્ષિત હોયછે. માર્કણ્ડેયના प्राकृतसर्वस्वમાં આ યુક્તિસંપન્ન સમ્પ્રદાયનું—નિષ્પ્રમાણ વિમર્દન નહિં તો–ધૃષ્ટ ઉલ્લંઘન કરેલું જોઇયેછિયે. ગ્રન્થકર્તાએ હેના વીશ પાદરૂપ વિભાગ પાડ્યાછે ! અદ્યપર્યંત સો પાદવાળો કોઈ ગ્રન્થ દગ્ગોચર થયો નથી, નહિં તો शतपदी (કાનખજૂરા)ના ઔપમ્યવડે હેનું સમર્થન કરવાનો અવકાશ રહેત.

(ख) પૃ૪ ૮ અને ૧૧.

ઐતિહાસિક અસરના ક્રમરૂપ એક વિલક્ષણ તત્ત્વ વિવૃત ઍ અને ઑ છે જે વિશેષતઃ ગુજરાતી અને મારવાડી ભાષાઓમાં–વૅર, ગૉળ અને હેવા શબ્દોમાં–અને કાંઈક વિકૃતરૂપે મરાઠી અને હિંદીમાં અસ્તિત્વ ધરાવેછે. આ સ્વરની ઉત્પત્તિ અપભ્રંશથી ઉત્તરકાલીન अव અને अववाળાં શબ્દરૂપોમાંથી થઈ; અને गयर=गॅर ગુજરાતી–જેમકે गॅरवाजबी, અને कव्ल=कॉल ગુજરાતી, હેવા શબ્દો દ્વારા થયેલી ફારસી અને અરબી ભાષાની અસરથી હેનું પરિપોષણ થયું એમ માની સકાય. ફારસી અને અરબીનો સંસર્ગ પામ્યા છતાં ભારતવર્ષની ભાષાઓનું જાતિસ્વરૂપ જળવાઈ રહ્યુંછે હેવો મ્હેં સામાન્યદષ્ટિયે આપેલો અભિપ્રાય આ ઉપર્યુક્ત તત્ત્વથી સમર્થિત થશે. (આ સ્વરૂપના સૂચન માટે વ્યાખ્યાન ૨ જું જુઓ.) આ પ્રશ્નના વિસ્તીર્ણ વિવેચન માટે આગળ ઉપર વ્યાખ્યાન ૪ થું જુઓ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## વ્યાખ્યાન ૨.

### ભાષાપર અસર કરતી ઐતિહાસિક અને અન્ય શાક્તયો.

### ગુજરાતના ઇતિહાસનું અવલોકન.

ગયા વ્યાખ્યાનના અન્તમાં આપેલા વચન પ્રમાણે હું ગુજરાતના

પ્રારંભમાં.

ઇતિહાસનું, દેશની ભાષા અને સાહિત્યપર હેની અસર થવાનો સંભવ હોય તેટલા પૂરતું, ત્વરિત અવલોકન કરીશ. મુંબાઈ ઇલાકાના ગેઝેટિયરના પુસ્તક ૧લાના ભાગ ૧લામાં ગુજરાતનો ઇતિહાસ આપ્યોછે; હેમાંથી બહુ ઉપયોગી માહિતી મળી આવેછે. આપણી ચર્ચા માટે ઉપયોગમાં આવે હેવા મુખ્ય મુદ્દાઓ હું હેમાંથી ચૂંટી કાઢીને આપુંછું. અતિપ્રાચીન યાદવસમય પડતો મૂકીને હું મૌર્ય અને

મૌર્ય અને ગ્રીક લોકો.

ગ્રીક આધિપત્યના સમયથી પ્રારંભ કરીશ. મૌર્યવંશી ચંદ્રગુપ્તનું સામ્રાજ્ય ગુજરાત ઉપર પ્રસર્યું હતું, અને આ મૌર્ય આધિપત્ય સમ્પ્રતિના રાજ્યના અન્ત પર્યન્ત ટકી રહ્યું હતું. હેમાં ઇ. સ. પૂર્વે ૩૧૯ થી ૧૯૭ સુધીના સમયનો, એટલે સવાસો વર્ષનો, સમાવેશ થાયછે. એ સમય દરમ્યાન પાલીભાષાનો પ્રચાર વિસ્તારશાલી હતો એ નિર્દિષ્ટ કરવાની જરૂર નથી. મૌર્યની પછી ઇ. સ. પૂર્વે ૧૮૦ થી ૧૦૦ સૂધી બૅક્ટ્રિયાના ગ્રીક લોકો આવ્યા, જેઓમાંના મિનૅન્ડર (મિલિન્દ)નું નામ વિખ્યાત અને પરિચિત છે. આ રાજ્યકર્તાઓના સિક્કાપરની છાપ બૅક્ટ્રો-પાલી ભાષામાં

ક્ષત્રપો.

છે. ત્યાર પછી ક્ષત્રપો રંગભૂમિપર પ્રવેશ કરેછે, અને હેમની સત્તા ઇ. સ. પૂર્વે ૭૦ થી ઇ. સ. ૩૯૮ સૂધીના સમય દરમ્યાન રહી. ક્ષત્રપો વિદેશીય હતા એ નિઃસંદેહ છે. તેઓ શકજાતીય હતા. પરંતુ તેઓએ અલ્પ સમયમાં હિંદુ ધર્મની એક અથવા બીજી શાખાનો સ્વીકાર કર્યો અને ભરતખંડના લોકના જેવાં નામ ધારણ કર્યાં. તેઓના સિક્કા બૅક્ટ્રો-પાલી ભાષામાં છે.

ક્ષત્રપોના ઇતિહાસમાં પ્રસંગતઃ લક્ષમાં આવેલી એક રસ પડે હેવી

યૌધેયો.

બીના અત્ર આપીશ. ગિરનારના એક શિલા લેખમાં હેવો નિર્દેશ છે કે ચતુર્થ પાશ્ચાત્ય ક્ષત્રપ રુદ્રદામન, જે'નો સમૃદ્ધિસમય ઇ. સ. ૧૪૩ થી ૧૫૮ પર્યન્તનો હતો, હેણે યૌધેય પ્રજાનું ઉન્મૂલન કર્યું હતું. ગેઝેટિયરના આ અંશનો લેખક કહેછે કે યૌધેયલોકમાં માલવ લોકના જેવું પ્રજાસત્તાક રાજ્યબંધારણ પ્રચલિત હતું. એ હેવો મત દર્શાવેછે કે એ લોકોનું અસ્તિત્વ ઇતિહાસમાં બહુ પુરાતનકાળથી નોંધાયલું હતું. અ. ૫, પા. ૩, સૂ. ૧૧૭માં પાણિનિયે હેમનો નામ નિર્દેશ કર્યો છે. એ કુળ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગભગ [1]દશ સૈકા જેટલું પુરાતન હોય એ જરાએ અસંભવિત નથી, કારણ કે ઘણાએ સૈકાઓ વીતાવીને હજી સુધી અસ્તિત્વ ધરાવતાં રજપૂતકુળો આપણે જોઈએછિયે-જેમ કે ગોહિલ, પરમાર, ચોહાણ અને હેવાં બીજાં. વિશેષ માત્ર આટલો છે કે જ્યહારે યૌધેયોનું એક સંહતરૂપ સુવ્યવસ્થિત જાતિના અંગભૂત કુલ તરીકે વર્ણન કરવામાં આવ્યુંછે, ત્યહારે આધુનિક રજપૂતવંશો તો પ્રાક્તન જાતિશૃંખલાની છુટી છવાઈ કડીઓ જેવા છેઃ અને એ વિશિષ્ટતા લક્ષ ખેંચનારી છે. અમુક જાતિસંસ્થા સેંકડો વર્ષો સુધી અસ્તિત્વ ભોગવે એ સંભવનું દ્રઢીકરણ કરતો બીજો પણ વિચારવિષય છેઃ જે સૂત્રમાં યૌધેયોનું નામ આપ્યુંછે તે જ સૂત્રમાં પાણિનિ પર્શુનામના બીજા કુળનો નિર્દેશ કરેછે. હવે કેટલાએક[2] વિદ્વાનોનો હેવો અભિપ્રાય છે કે ઋગ્વેદ ૭-૮૩માં આવતો पृथुपर्शवः માંનો પર્શુ શબ્દ કોઈ એક જાતિનો, (ઘણું કરીને-ઇરાનીનો જ) વાચક છે. પાણિનિ પણ પર્શુ લોકને એક જાતિ તરીકે વર્ણવે છે એ વાત આ અર્થઘટનાનું સમર્થન કરેછે. હવે જો ઋગ્વેદથી છેક પાણિનિના સમય પર્યંતના અનેક સૈકાઓ દરમ્યાન પર્શુલોકો ટકી રહ્યા, તો યૌધેય લોકો દશ સૈકાથી અધિક સમય સુધી ટકી રહ્યા હોય હેમાં કાંઈ પણ પ્રતિબંધ રહેતો નથી. પાણિનિના સમયથી (અને પ્રાયશઃ તેની પૂર્વથી જ) યૌધેયો સુસંહત કુળરૂપે હતા એ પૂર્વ નિર્દિષ્ટ સૂત્રથી જણાયછે. એ સૂત્ર આમ છેઃ— पर्श्वादियौधेयादिभ्योऽणञौ। એટલે પર્શુ આદિ શબ્દગણને તદ્ધિત પ્રત્યય અણ્ લગાડાયછે અને યૌધેય આદિ શબ્દસમૂહને અઞ્ લગાડાયછે; અને આ નિયમપર આટલી મર્યાદા દર્શાવીછે કે એ શબ્દો आयुधजीविसङ्घवाची હોવા જોઇયે, એટલે કે સંઘરૂપ બની રહેલા શસ્ત્રજીવી-લડાયક-મનુષ્યોના વાચક હોવા જોઇયે. મર્યાદા પૂર્વસૂત્રમાંથી અનુવૃત્ત થાયછે. રુદ્રદામનના રાજ્યમાંનો આ પ્રસંગ આપવાનું પ્રયોજન માત્ર આટલું દર્શાવવાનું જ છે કે, હાવી સંઘરૂપ અને પ્રજાસત્તાક સંસ્થાની લોકની ભાષાપર અને તે દ્વારા હેમના જીવનપર અસર થઈ સકેછે. પછી ભલે તે અસર સૈકાઓ વીતતાં ઝાંખી પડે કે લુપ્ત થાય.

૧ સર રા. ગો. ભાણ્ડારકર પાણિનિને ઇ. સ. પૂર્વેના ૮મા સૈકામાં મૂકે છે (વુઇલ્સન ભાષાશાસ્ત્રવિષયક વ્યાખ્યાનવાળા પૃ. ૩૦૧); અને રુદ્રદામન્ ઈ. સ.ના બીજા સૈકામાં થયો હતો એટલે, હેના સમયમાંની યૌધેયોની કીર્તિ જોતાં, હેમની અને પાણિનિની પૂર્વે વચ્ચે કેટલાક સમયનો ગાળો મૂકુંછું અને એ પ્રમાણે છ સૈકાનું અંતર લેખુંછું.

૨ Vedic Indexમાં पर्शु અને पार्थव જુઓ. ત્યહાં જણાય છે કે पर्शु એ પર્શિયન-ઇરાની-લોકો અને पार्थव એ પાર્થિયન લોકો એમ સ્વીકારવામાં લડ્વિગ અને વેબર બંને એકમત છે, ઝિમ્મર હેમનાથી જૂદો પડેછે, પરંતુ લડ્વિગે સ્વીકારેલા મતના સમર્થનમાં પ્રબળ કારણો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ વાત લક્ષમાં રાખવી ઘટેછે કે પર્શુ–આદિ અને યૌધેય–આદિ ગણો પરથી અને પૂર્વસૂત્રમાંના दामनि પરથી જણાયછે તે પ્રમાણે, ગેઝેટીઅરમાં વર્ણવેલા માલવ અને યૌધેય ઉપરાંત અનેક હેવાં બીજાં કુળ હતાં. એ સર્વની કુલ સંખ્યા ત્રેતાલીશ થાયછે.[૩] હેમાંની માલવ અને યૌધેય સિવાયની કોઈ પણ પ્રજા પાણિનિ અને રુદ્રદામન્ વચ્ચેનો દીર્ઘ સમય વટાવીને ટકી રહેલી જણાતી નથી. બીજી લક્ષયોગ્ય વાત એ છે કે, કાંઈ નહિ તો પાણિનિના કહેવા પ્રમાણે, માલવ્ય અન ક્ષૌદ્રક્ય લોકો અ–બ્રાહ્મણ અને અ–ક્ષત્રિય હતા, અને યૌધેયાદિ અન્ય લોકો ઘણે ભાગે ક્ષત્રિય હતા એમ જણાયછે; કારણ કે मालव्य અને क्षौद्रक्य જેનાં ઉદાહરણો છે તે સૂત્રને લાગૂ 'પડતી પ્રવૃત્તિમર્યાદા' [૪]"अब्राह्मणराजन्यात्"–એ યૌધેયાદિ વિષયક સૂત્રને અનુવૃત્તિ બળે લાગૂ પાડી સકાય એમ નથી. આ પરથી આપણે બહુમાં બહુ આટલું અનુમાન કરી સકિયે કે યૌધેયાદિ કુળો, મૂળ વિદેશીય ઉદ્‌ભવનાં હોય તો પણ, પાણિનિના સમયમાં ક્ષત્રિય વર્ગમાં ગણાતાં હતાં; અથવા, વિદેશીય હોય તો પણ એ લોકો ક્ષત્રિય લેખાતા હતા, એટલે કે તેઓ વિદેશીય ક્ષત્રિયો હતા, એટલું તો વાજબી રીતે કહી સકાય.

[મુંબાઈ ગેઝેટીઅરમાં (૧૩૭–૮ મે પૃષ્ઠે) રજપૂત કુલનામ જાડેજાની યૌધેયાઃમાંથી વ્યુત્પત્તિ આપીછે, પણ એ વ્યુત્પત્તિ સંતોષકારક નથી એ તો સ્પષ્ટ છે; યૌધેય પાણિનિ જેટલા પુરાણા હતા જ્યહારે જાડેજા પાછળથી આવેલા અને વિદેશીય હતા.]

---

૩ પાણિનિયે અ. ૫ પા. ૩ સૂ. ૧૧૪ માં નિર્દિષ્ટ કરેલાં, પંજાબની સરહદપર રહેનારાં તરીકે વર્ણવેલાં, मालव्य અને क्षौद्रक्य કુલોનો આ સંખ્યામાં સમાવેશ થાયછે.

૪ ભટ્ટોજી દીક્ષિતે આ વાક્યોનો જે અર્થ કર્યોછે તેથી મ્હેં દર્શાવેલા મતનું સમર્થન નથી થતું, હેની મને વિસ્મૃતિ નથી; ભટ્ટોજીએ ब्राह्मण શબ્દનો ब्राह्मणविशेष હેવો અર્થ કર્યોછે, અને राजन्य શબ્દને હેના स्वरूपમાં જ, એટલે છે તેમનો તેમ જ, સ્વીકાર્યોછે, ક્ષત્રિયના અર્થમાં નહિં. પરંતુ, વિશેષતઃ ब्राह्मण અને राजन्य શબ્દોના સાહચર્યપરથી राजन्यનો ક્ષત્રિયમાત્ર એ અર્થ સૂચિત થાયછે તેથી, પાણિનિયે મ્હેં સૂચવેલા અર્થમાં એ શબ્દો યોજ્યા હોય એ મતને અવકાશ છે ખરો–અલબત્ત જો મહાભાષ્ય કે તેથી પૂર્વતર પ્રમાણને આધારે ભટ્ટોજી દીક્ષિતે ઘટાવેલા અર્થનું સમર્થન ન થાય અને એ અર્થ સંપ્રદાયસિદ્ધ છે હેવું સ્થાપિત ન થાય તો જ. મહાભાષ્યમાં આ સૂત્રનો લેશ પણ પરામર્શ નથી એટલે એ તો કાંઇએ પ્રકાશ પાડી સકે તેમ નથી.

૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે આપણે ત્રૈકૂટકો તરફ દૃષ્ટિ કરીશું. તેઓ પુરાણમાં વર્ણવેલા આભીર રાજાઓની એક શાખા હોય હેવો સંભવ છે. મધ્યમ ક્ષત્રપોના સમયની લગભગ એટલે આશરે ઇ૦ સ૦ ૨૫૦માં, અને ક્ષત્રપની અવનતિ જે ઇ. સ. ૩૦૦માં શરૂ થઈ તે પછી, એ લોકોની સત્તા જામી હતી. સંભવ છે કે ક્ષત્રપોના સામ્રાજ્યને છિન્નભિન્ન કરવામાં હેમના જૂના પડોશી અને પ્રતિસ્પર્ધી, ત્રૈકૂટ લોકો જ કારણભૂત હતા. ઇ૦ સ૦ ૪૫૫–૬ ની લગભગમાં ત્રૈકૂટકો હૈહય નામથી સમૃદ્ધિશિખરે પ્હોંચ્યા; ત્રિકૂટ નગરમાં (ઘણું કરીને પૂના જિલ્લામાં હાલ જુન્નર કહેવાયછે તે નગરમાં) તેઓએ એક શાખા સ્થાપી, અને ઇ. સ. ૪૧૦ (ક્ષત્રપોની અન્તવેળા) અને ઇ. સ. ૫૦૦ (ચાલુકયોની ઉદયવેળા) વચ્ચેના સમય દરમ્યાન મુંબાઈ પ્રાન્તમાંના દક્ષિણ દેશ અને દક્ષિણ ગુજરાતપર અધિકાર ભોગવ્યો.

ત્રૈકૂટકો

પરંતુ એ અસર દક્ષિણ ગુજરાતમાં જ રહી. કારણ કે લગભગ તે જ સમયે (ઇ. સ. ૪૧૦ થી ઇ. સ. ૪૭૦ સુધી) ગુજરાતના મુખ્ય ભાગ ઉપર અને કાઠીવાવાડ ને કચ્છપર ગુપ્તલોકોની સત્તા પ્રસરી હતી. આ ગુપ્તવંશના ચંદ્રગુપ્ત **બીજાએ** (ઇ. સ. ૩૬૯–૪૧૫) ગુજરાત દેશ ઇ. સ. ૪૧૦ માં જીત્યો, કુમારગુપ્તે (ઇ. સ. ૪૧૬–૪૫૮) ગુજરાત અને કાઠિયાવાડ પર રાજ્ય કર્યું અને સ્કન્દગુપ્તે (ઇ. સ. ૪૫૪—૪૭૦) એ બે ઉપરાંત કચ્છને પોતાની સત્તા નીચે આણ્યો.

આ ગુપ્તસત્તાનો પરાભવ કરનાર **તોરમાણ** અને હેનો પુત્ર **મિહિરકુલ** (રાજ્યાભિષેક વર્ષ ઇ. સ. ૫૧૨) હતા; તેઓ પોતે શ્વેતહૂણ ન્હોતા પણ **ચીન** દેશના લેખોમાં યુઆન–યુવાન તરીકે વર્ણવેલી જાતિના હતા, પરંતુ શ્વેતહૂણોની સાથે ભારતવર્ષ ઉપરની ચઢાઈમાં જોડાયા હોય એમ જણાયછે. ઈરાનીઓ અને તાતારલોકના સંયુક્ત હુમલાઓ વચ્ચે કચડાઈને શ્વેતહૂણની સત્તા નષ્ટ થઈ.

શ્વેત હૂણ

ગુપ્તરાજ્ય પછી ગુજરાત અને કાઠિયાવાડનું આધિપત્ય વસ્તુતઃ ભોગવનારા વલભી રાજાઓ હતા (ઇ. સ. ૫૦૯ થી ૭૬૬); એ નામ ત્હેમને તેઓની રાજધાની વલભીપરથી આપવામાં આવ્યું હતું. વલભી રાજાઓના તામ્રપટ્ટપરના [દા]નલેખ સંસ્કૃતમાં લખાયેલાછે, જો કે દેશમાં એ ભાષા પ્રચલિત ન્હોતી [એ] તો નિઃસંશય છે. આ દાનલેખોમાં આવતાં અધિકારીઓનાં આયુક્તક,

વલભીવંશ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

नियुक्तक, महत्तर ઇત્યાદિ નામો, અને દેશની ભાગવ્યવસ્થામાંના विषय, आहार, पथक, स्थली ઇત્યાદિક શબ્દો લક્ષ ખેંચે હેવા છે.[૫]

પ્હેલો વલભી રાજા ભટાર્ક હતો; એ કઈ જાતિનો હતો તે ચોક્કસ જણાયું નથી. ગેઝેટીઅરનો લેખક અનુમાન કરેછે કે એ ગુર્જર હતો; પરંતુ એ ખરેખર અનિશ્ચિત છે, અને એ અનુમાન પ્રબલ પ્રમાણોપર નથી બંધાયું. પરંતુ એ વિદેશીય હતો હેમાં શંકાને અવકાશ નથી.

સિંધની રાજધાની મન્સુરાના[૬] આરબ રાજાએ ઇ. સ. ૭૫૦ થી ૭૭૦ વચ્ચેના સમયમાં વલભી સત્તાનો અંત આણ્યો.

ઇ. સ. ૬૬૬ થી ૭૪૦ સુધીના સમય દરમ્યાન દક્ષિણ ગુજરાતપર દાક્ષિણાત્ય ચાલુક્યોની સત્તા પ્રવર્તતી હતી. હેવી માહિતી મળેછે કે એ સમયે ભરુચમાં ન્હાનું ગુર્જરરાજ્ય હતું, જે'નો પ્રથમ રાજા, મળેલી માહિતી પ્રમાણે, પ્હેલો દદ્દ હતો. આ રાજાઓ સ્વતંત્ર ન્હોતા પરંતુ ખંડિયા હતા, ઘણે ભાગે પ્રારંભમાં વલભીવંશની સત્તા નીચે અને પાછળથી દાક્ષિણાત્ય ચાલુક્યો નીચે. આ ગુર્જર રાજ્યનો વિષયવિસ્તાર મહીનદીથી નર્મદાનદી પર્યંત હતો; જો કે વખતે વખતે તેઓની સત્તા ઉત્તરમાં ખેડા સુધી અને દક્ષિણમાં તાપી નદી સુધી પ્રસરી હતી. રાષ્ટ્રકૂટ સમય દરમ્યાન ગુર્જરોનો નિર્દેશ થયેલોછે તે આ ભરુચના ગુર્જરોને નહિં પણ ભિનમાલના ગુર્જરોને અથવા, રા. દેવદત્ત ભાણ્ડારકરના પ્રમાણસિદ્ધ મત પ્રમાણે, મહોદયના એટલે કનોજના ગુર્જરોને લાગૂ પડેછે. ત્રીજા દદ્દના સમયમાં (ઇ. સ. ૬૭૫–૭૦૦) ભરુચના ગુર્જરોએ ગુર્જર નામ તજી દીધું. ગુર્જરો વિશે નિરાળી અને સંપૂર્ણતર ચર્ચા હું આગળ ઉપર આપીશ, અને અહિંયાં માત્ર આટલું જ કહીશ કે ભરુચના ગુર્જરવંશનો નાશ કાં તો આરબોએ કે ગુજરાતના રાષ્ટ્ર-

ભરુચના ગુર્જરો

---

૫ आयुक्तक અને नियुक्तक શબ્દોનો અર્થ "નીમાએલો" થાયછે, એટલે સ્પષ્ટ છે કે એ મુખ્ય અધિકારીઓનાં નામ હશે. महत्तर (અથવા વડો) એટલે ગામનો મુખી (હાલ સિંધમાં વપરાતો वडेरो શબ્દ સરખાવો). विषय–મ્હોટામાં મ્હોટો પ્રાંતિક વિભાગ, હાલના (કમિશનર નીચે છે ત્હેવા) વિભાગને મળતો. आहार–જિલ્લો; पथक–ઉપવિભાગ; स्थली–અત્યલ્પ વિભાગ.

૬ મૂળ બ્રાહ્મણાબાદ, અથવા કેટલાક લેખકો પ્રમાણે, બ્રાહ્મણાબાદના સ્થળથી બે 'પરસંગ', એટલે ૧૬ માઇલ, દૂર આવેલું શહેર (Elliot's History of India, as told by its own Historians, Vol. I, P. 122: ઇલિયટકૃત ભારતખંડનો ઇતિહાસ એ દેશના જ ઇતિહાસવેત્તાઓને આધારે, પુસ્તક ૧ પૃ. ૧૨૨.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કૂટોએ કર્યો; અથવા તો, પરલોકવાસી એ. એમ. ટી. જેકસનના અભિપ્રાય પ્રમાણે, તેઓ ચાલુક્યોને વશ થયા હોય.

રાષ્ટ્રકૂટોના ગુજરાત સાથેના સંબંધના ત્રણ સમયવિભાગ પાડી સકાયઃ—

રાષ્ટ્રકૂટો

(૧) પ્હેલો વિભાગ ૬૫ વર્ષનો, ઇ. સ. ૭૪૩ થી ૮૦૮ સુધીનો, જે દરમ્યાન ગુજરાતનો રાજ્યકર્તા દક્ષિણના મુખ્ય રાષ્ટ્રકૂટોને તાબે રહેતો;

(૨) બીજો વિભાગ ૮૦ વર્ષનો, ૮૦૮ થી ૮૮૮ પર્યંતનો, જે દરમ્યાન ગુજરાતની શાખા એકંદર સ્વતંત્ર રહી; અને

(૩) ત્રીજો વિભાગ ૮૬ વર્ષનો, ઈ. સ. ૮૮૮ થી ૯૭૪ સુધીનો, જે દરમ્યાન દક્ષિણના રાષ્ટ્રકૂટોએ ફરીથી ગુજરાતપર પરભારી સત્તા ભોગવી હતી.

રાષ્ટ્રકૂટોના ઉદ્‌ભવવિષયે કેટલાંએક અનુમાનો રચાયાંછે, અને ઉત્તરના અને દક્ષિણના રાષ્ટ્રકૂટો એક જ હતા, કે અન્યોન્યસંબદ્ધ હતા, કે તદ્દન ભિન્ન હતા, એ પ્રશ્નનું પુરાતન સમયના અનેક અભ્યાસીઓએ વિદ્વત્તાપૂર્ણ પરિશીલન કર્યુંછે; અહિંયાં એ સર્વની અંદર ઉંડા ઊતરવાની જરૂર નથી, પરંતુ એ સર્વ ચર્ચાઓનો એકંદર નિષ્કર્ષ આ છે, કે રાષ્ટ્રકૂટો કાં તો દાક્ષિણાત્ય અનાર્યો હતા અથવા તો વિદેશીય લોક હતા, અને પાછળથી બ્રાહ્મણત્વ પામી વ્યાપક રજપૂત શબ્દથી નિર્દિષ્ટ થવા લાગ્યા. તેઓના તામ્રપટ્ટપરના દાન–લેખોમાં લક્ષમાં રાખવા યોગ્ય મુદ્દાઓ આ છે કે ગુજરાતના રાષ્ટ્રકૂટોનો પ્રાચીનતમ લેખ શક ૬૬૯ એટલે ઇ. સ. ૭૪૭ નો છે, અને હેની રચનાશૈલી અને વર્ણાકૃતિ વલભી લેખ જેવી જ છે.

મૈત્રકો.

આ વ્યાખ્યાનના પૂર્વગામી અંશમાં પ્રસંગતઃ તોરમાણ અને હેના પુત્ર મિહિરકુલનો ગુપ્ત સત્તાના ઉચ્છેદ કરનાર તરીકે નિર્દેશ કર્યો હતો. વલ્લભીના તામ્રપટ્ટમાંના મૈત્રક લોકો આ બે યોદ્ધાઓની સાથે આવ્યા હોય એમ લાગેછે, અને મૈત્રકો શ્વેતહૂણથી અભિન્ન છે, એમ મનાયછે. વળી હેવું પણ મનાયછે કે આ મૈત્રકો તેજ મિહિર, મ્હેર, કે મેર,–જે મ્હેર કે મેરલોકો અદ્યાપિ કાઠિયાવાડમાં અવશિષ્ટ છે. એક વેળા આ શ્વેતહૂણો પર ઈરાનીઓની અસર પ્રબળ હતી; અને એ કારણથી ત્હેમનાં નામોમાં ફેરફાર થયો અને સૂર્યની ઉપાસના ત્હેમનામાં દાખલ થઈ. તેઓના આવવા પછી ભારતવર્ષમાં એ વિશિષ્ટ પ્રકારની સૂર્યપૂજાનો પ્રવેશ થયો. તેઓનો સમય ઇ. સ. ૪૭૦ થી ૯૦૧ સૂધીનો ગણાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાવડા

વલભીના નાશ પછી ગુજરાતના મ્હોટા ભાગપર રાજ્ય કરતા કોઈ વંશનો વિશ્વાસયોગ્ય લિખિત વૃત્તાન્ત મળતો નથી. સર્વોત્તમ રીતે વિશ્વાસપાત્ર અને ઇતિહાસસિદ્ધ માહિતી કોઈ વિશે હોય તો તે અણહિલપુરના ચાવડાઓ સંબંધે છે. તેઓ વિશે પણ, તેઓના પૂર્વ સમય સંબંધે તો, સોલંકી (ચૌલુક્યો) અને વાઘેલાના ઇતિહાસોમાં જૈન લેખકોએ કવચિત્ કવચિત્ કરેલા ઉલ્લેખ ઉપરાંત કાંઈએ મળતું નથી. ચાવડાઓની સત્તાનો સમય ઇ. સ. ૭૨૦ થી ૯૫૬ સુધીનો છે. ગુજરાત અને કચ્છની મધ્યમાં (વઢિઆરમાં) આવેલા પંચાસરના ન્હાનકડા ચાવડા સંસ્થાનથી એ સત્તાનો પ્રારંભ થયો. અણહિલપુરના[૭] સ્થાપનાર વનરાજના રાજ્યાભિષેકની તિથિથી હેની અભિવૃદ્ધિનાં વર્ષો ગણાયછે.

આ ચાવડાઓની ગણના કઈ માનવજાતિમાં થઈ સકે? ગેઝેટીઅરમાં[૮] કહ્યુંછે કે તેઓ ગુર્જરો હતા. પરંતુ એ મતનાં આધારભૂત પ્રમાણો બલહીન છે; જ્યહારે ચાવડાઓ ગુર્જરોથી ભિન્ન હતા એ દર્શાવવા માટે પ્રબળ પ્રમાણો છે. ગેઝેટીઅરમાં લખનાર લેખકના મતને આધાર આટલો જ છે કે વ્યાઘ્રમુખ રાજા, જેને એ ચાપવંશનો ગણેછે, ત્હેના આશ્રય નીચે ભિન્નમાલ સ્થળે ઇ. સ. ૬૨૮ માં જ્યોતિર્વિદ્ બ્રહ્મગુપ્તે સિદ્ધાંત નામનો ગ્રન્થ રચ્યો હેવો એક અતિપરોક્ષ ઉલ્લેખ ઉપલબ્ધ થાયછે. જે ઉલ્લેખવિષયે પણ માનાન્તરની અપેક્ષા રહેછે. ચાપ લોકો, એટલે ચાવડાઓ, ગુર્જર હતા હેવો નિઃસંશય નિર્ણય કરવા માટે આ સાધન પર્યાપ્ત નથી; કારણ કે ગેઝેટીઅરવાળો લેખક માત્ર અનુમાન કરેછે કે આ વ્યાઘ્રમુખ તે જ પુલકેશી બીજાએ વશ કરેલો ગુર્જર રાજા હશે. હેના મતનો બીજો આધાર એ લાગેછે કે અણહિલવાડના ચાવડાઓ ભિન્નમાલના ગુર્જરના માંડલિક–ખંડિયા–રાજાઓ હતા. આ પણ એટલું જ બલહીન પ્રમાણ છે; ઉલટું એમ કહી સકાય કે તેઓ માંડલિક સામન્તો હોય તો મંડલના અધિરાજના જ કુળના ન હોય. અન્ય પક્ષે,

૭ આ શહેરના સ્થલની પસંદગીને લગતી એક વાત કહેવામાં આવેછે; કે એ જગ્યાએ એક સસલું પોતાની પાછળ પડેલા શિકારી કૂતરાની સામે થયું હતું એથી એ ભૂમિને અત્યન્ત બલવાન અને ધૈર્યવાન પુરુષોને ઉપજાવનારી માનીને એક ભરવાડે વનરાજને બતાવી હતી. પરંતુ આ એક દંતકથા છે અને હેવી જ બીજાં શહેરો વિશે પણ કહેવામાં આવેછે; અમદાવાદ અને કાનડી–દખણમાં ઇ. સ. ના ૧૪ મા સૈકામાં સ્થપાએલા પુરાણા વિજયનગર વિશે પણ હેવી જ દંતકથાઓ સંભળાયછે.

૮ Bombay Gazetteer–મુંબાઈ ઇલાકાનું ગેઝેટીઅર પુસ્તક ૧ વિભાગ ૧ પૃ. ૪૬૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાવડાઓ ગુર્જરોથી ભિન્ન હતા હેવું સિદ્ધ કરવાને સબળ કારણો રા. દેવદત્ત રામકૃષ્ણ ભાણ્ડારકરે પોતાના ગુર્જરો[૯] વિશેના લેખમાં દર્શાવ્યાંછે; એ પક્ષ સ્વીકારવામાં તેઓ ચાલુક્ય રાજા પુલકેશી જનાશ્રયના (ઈ. સ. ૭૩૮-૯) એક દાનપત્રપર આધાર રાખેછે, જેમાં તાજિક સૈન્યે કયા કયા લોકોના દેશપર ચઢાઈ કરી એ વર્ણનપ્રસંગે ચાવોટક અને ગુર્જર લોકોનો નિર્દેશ કર્યોછે. આ પ્રમાણે હેમાં ચાવડાઓ અને ગુર્જરોનાં રાષ્ટ્રોનો પૃથક્ નિર્દેશ થયોછે.[૧૦] રા. દેવદત્ત ભાણ્ડારકરના મતનાં આધારભૂત અન્ય કારણોની પરિગણના કરવાની મ્હને આવશ્યક્તા લાગતી નથી. પરંતુ ચાવડાઓનું અદ્યાપિ ગુર્જરો સાથે તાદાત્મ્ય પ્રતિપાદિત થઈ સકે એમ નથી હેવું માનવાને આપણને હવે પૂરતાં પ્રમાણો છે.

ચાલુક્યો.

ચાવડાઓ પછી તરત જ ચાલુક્યો અથવા સોલંકીઓ આવ્યા. (ઇ. સ. ૯૬૪-૧૨૪૨) તેઓના સમયમાં જે જૈનોએ દેશભાષાના સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું, અને જેઓ એ સાહિત્યવિષયક ઉદ્યોગને પ્રવર્તિત રાખનારા, અને એ વખતની દેશભાષામાં ગ્રન્થો લખી લખીને છેવટ હેતે અર્વાચીન ગુજરાતીનું રૂપ અર્પનારા, અનેક જૈન પંડિતોના પૂર્વાચાર્યો હતા, ત્હેમની સાથેના અને જૈન ધર્મની સાથેના સંબંધને યોગે તથા તેઓના આશ્રયદાતા તરીકે ચાલુક્યો ગુજરાતી સાહિત્યના

---

૯ બો. બ્રા. રૉ. એ. સો. નું જર્નલ XXI, ૪૧૨ અને ત્હાર પછીનાં પૃષ્ઠો જુઓ: (ઇ. સ. ૧૯૦૨.)

૧૦ અન્ય પ્રમાણો પૈકી આ જ ચાલુક્ય દાનલેખને અવલંબીને પરલોકગત એ. એમ. ટી. જેક્સને પણ આ જ અભિપ્રાય દર્શાવ્યો હતો (મુંબાઈ ગેઝેટીઅર, પુસ્તક ૧, ભાગ ૧, પૃષ્ઠો ૪૬૫-૬). અને તે છતાં ૪૬૭ મે પૃષ્ઠે એ કહેછે કે ઉત્તરકાલીન ચાવડાઓ ગુર્જરમૂળમાંથી ઉદ્ભવ્યા હતા; ઉપર આપેલા વ્યાઘ્રમુખ વિશેના ઉલ્લેખને આધારે જ એ આ મત બાંધેછે. પરંતુ એ પ્રસંગ ઇ. સ. ૬૨૮ નો અને પુલકેશીનો દાનલેખ ઇ. સ. ૭૩૮-૯ નો છે, તો પછી પૂર્વતર ઉલ્લેખ ઉત્તરકાલીન ચાવડાને કેમ લાગે ? વળી એ જ ગેઝેટીઅરમાં "ચાવડા" પરના પ્રકરણને અંતે ૧૫૫ મે પૃષ્ઠે એ. એમ. ટી. જેક્સને એક ખાસ સૂચના મૂકીછે, જેમાં ચાવડાઓ ગુર્જરવંશીય હતા એ પક્ષ તરફ સ્પષ્ટ વલણ દર્શાવેછે.

મુંબાઇ ગેઝેટીઅર પુ. ૧ ભાગ ૧ ને ૫ મે પૃષ્ઠે નીચેની ટિપ્પણીમાં કહ્યુંછે કે કેટલાએક લેખોમાં ચાવડા અને સોલંકી બંનેને ગુર્જરરાજાઓ તરીકે વર્ણવ્યાછે; અને એ વિશે નીચે પ્રમાણે ટીકા કરીછે, "આ વંશમાંનો અન્યતર, કે ઉભય, ગુર્જરપ્રભવ હોય કે નહિં એ શંકાપાત્ર છે." વળી વિશેષ કહ્યુંછે કે "ગુર્જરરાજા" એ વ્યપદેશનો ગુર્જર દેશપર રાજ્ય કરતા રાજા એથી અધિક કાંઈ પણ અર્થ નહિં હોય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇતિહાસમાં મ્હોટો ભાગ ભજવેછે. સિદ્ધરાજ અને કુમારપાળનો નામનિર્દેશ કરવાની સાથે જ વિદ્યા અને સાહિત્યના બે મહાન્ પરિપાલકોનું ચિત્ર આપણી સમક્ષ ખડું થાયછે; ત્હેમની સાથે તત્ક્ષણે જ હેમચંદ્રનું નામ અને મૂર્તિ પ્રકટ થાયછે, કે જે પોતાના વિશાળ અને સઘન પાણ્ડિત્ય અને સાહિત્ય-વિષયક ઉત્સાહશક્તિ અને કાર્યવિસ્તારને કારણે સાહિત્યના ઇતિહાસમાં એક મહાપ્રતાપ અપ્રતિમ પાત્ર રૂપે પ્રકાશી રહેછે. પંડિતોની લેખભાષા સંસ્કૃત ભાષામાં હેણે ગ્રન્થો લખ્યા રચ્યાછે, તેમ જ અપભ્રંશમાં પણ હેણે અનેકાનેક ગ્રન્થો લખ્યાછે. હેના સમયમાં દેશમાં કઈ ભાષાનો પ્રચાર હતો એ પ્રશ્નની ચર્ચા આપણે આગળ ઉપર કરીશું. અત્યારે તો આપણે મુખ્યતઃ એ વિચારવાનું છે કે માનવ જાતિયોના વર્ગીકરણમાં ચૌલુકયોને ક્યહાં સ્થાન મળેછે, તેઓ કોણ હતા ? આ વિષયપર મુંબાઇ ગેઝેટીઅર આપણને લેશપણ જ્ઞાન આપી સકતું નથી. હેમાં કહ્યુંછે કેઃ "આ કુળનું મૂળ અધિષ્ઠાન કયું હતું એ ખોળી કાઢવાને, અથવા તો તેઓ ક્યહાંથી અને ક્યહારે ગુજરાતમાં આવ્યા એ બતાવવાને, કાંઇપણ સાધન મળતાં નથી."[૧૧] હેમાં માત્ર આટલું કહ્યુંછે કે (ચૌલુકયોના) દક્ષિણના અને ગુજરાતના વંશો એક જ સંઘની શાખાઓ હતી.[૧૧] પરંતુ હેમાં એક નિર્દેશ ઉમેર્યોછે જે આપણને અન્વેષણની દિશા દર્શાવી આપેછે. હેમાં હેવું કહ્યુંછે કે "ડૉ. બ્યુલર માનેછે તે પ્રમાણે સંભવ હેવો છે કે મૂલરાજના પૂર્વજો ઉત્તરમાંથી આવ્યા હતા." અને એ સત્ય છે. એક સમર્થ લેખમાં[૧૨] ડૉ. બ્યુલરે દર્શાવ્યુંછે કે પ્હેલો ચૌલુકય રાજા મૂળરાજ, કાન્યકુબ્જ (કનૌજ)ના એક રાજાનો પુત્ર હતો, જે રાજાએ પોતાના પૈતૃક રાજ્યના અંગભૂત ગુજરાતને ફરીથી જીત્યો. દક્ષિણ ચૌલુકયોની રાજધાની તે જ કલ્યાણકટક (કનૌજના રાજાઓની રાજધાની) હેવું તાદાત્મ્ય સિદ્ધ કરનારા ફ્લીટ, એલ્ફિન્સ્ટન અને અન્ય પુરુષોની ભૂલ શા કારણથી હતી એ પણ ત્હેણે દર્શાવ્યુંછે. ડૉ. બ્યુલરના આ મતનું રા. દેવદત્ત ભાણ્ડારકરના ગુર્જરોપરના લેખમાં બલવત્ સમર્થન થયુંછે. ત્યહાં ડૉ. બ્યુલરથી એક પગલું આગળ વધીને એ કલ્યાણકટક અને કનૌજનું તાદામ્ય પણ સિદ્ધ કરેછે. તે ઉપરાંત એ લેખમાં એ દર્શાવેછે કે કનૌજ એ સમયે એક પ્રબળ ગુર્જર રાજ્યની રાજધાની હતું, અને ચાલુકયો ગુર્જર અન્વયના હતા.

૧૧ મુંબાઇ ગેઝેટીઅર, પુસ્તક ૧, ગ્રન્થ ૧, પૃષ્ઠ ૧૫૬.

૧૨ The Indian Antiquary, VI, 180 ff.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અહિંયાં આપણે ગુર્જરો વિશે અન્વેષણ કરવા જરા અટકીશું, અને ગુર્જરો; ગુજરાતઃ તેઓને વિશે આપણે કેટલું જાણિયેછિયે તે જોઈશું.

**એ નામ ક્યહારે પ્રાપ્ત થયું ?**

કારણ કે તેઓએ જ અત્યારે ગુજરાત નામે ઓળખાતા પ્રદેશને એ નામ અર્પ્યુંછે, અને દેશના નામપરથી જ ત્યહાંની ભાષાનું કાલક્રમે ગુજરાતી હેવું નામ પડ્યું. પરંતુ ગુર્જરો વિશે કાંઈ પણ કહેવા પ્હેલાં ગુજરાત એ નામ દેશને ક્યહારે પ્રાપ્ત થયું તે તપાશિયે. ભરતખંડના ભાષાવિષયક સમગ્રદર્શનમાં[૧૩] સર જ્યૉર્જ ગ્રીઅરસન કહેછે કે ચાવડાઓના આધિપત્ય દરમ્યાન ગુજરાતને એ નામની પ્રાપ્ત થઈ. આમ કહેવામાં હેણે પ્રમાણ તરીકે મુંબઈ ગેઝેટીઅરના પુસ્તક ૧ ભાગ ૧ પૃષ્ઠ ૫ માની ટિપ્પણીને સ્વીકારેલી છે. પરંતુ ગેઝેટીઅરમાં કરેલી એ ઉક્તિને માટે આપણને કાંઈ પણ પ્રમાણ ઉપલબ્ધ નથી. અદ્યપર્યંત ચાવડાઓ સંબંધે કોઇપણ લેખ પ્રકાશિત થયા નથી અને તે વિશે જે કાંઈ ઉલ્લેખ જાણવામાં છે ત્હેની આ વિષયમાં કાંઈ ઉપયોગિતા નથી. ગુજરાત નામ વિશેની બીજી પણ ન્હાની સરખી ભૂલ સુધારવા જેવી છે. મુંબાઈ ગેઝેટીઅર એ નામને गुर्जर-रत्त (પ્રાકૃત) અને गुर्जरराष्ट्र (સંસ્કૃત) હેમાંથી વ્યુત્પન્ન થયેલું માનેછે. આ એક ચોખ્ખી ભૂલ છે અને હેનું મૂળ ઘણે ભાગે સુરાષ્ટ્ર અને મહારાષ્ટ્ર નામો સાથે સામ્યનો ભાસ થવામાં રહેલું છે. બીજી પણ ખોટી વ્યુત્પત્તિ એ જ ગેઝેટીઅરમાં (૮૫ મે પૃષ્ઠે) આપેલી મળી આવે-છે, गुर्जरात्र માંથી. આ નામો, गुर्जरराष्ट्र અને गुर्जरात्र (જેમાંનું બીજું તો તદ્દન કલ્પનામૂલક અને અર્થહીન છે તે), કોઈ પણ ગ્રન્થ કે લેખમાં નજરે પડતાં નથી. ઉલટું, ભ્રજલાલ શાસ્ત્રીએ[૧૪] અને રા. દેવદત્ત રામકૃષ્ણ ભાણ્ડારકરે[૧૫] દર્શાવ્યા પ્રમાણે गुर्जरत्रा નામ કેટલાએક જૂના ગ્રન્થોમાં અને લેખોમાં मण्डल ના એટલે કે પ્રાન્તના નામ તરીકે આપેલું છે; ગુર્જરમંડલ કે ગુર્જરદેશ એ નામ પણ પ્રચલિત હતાં. गुर्जरत्रा શબ્દ-માંથી गुजरात નામની વ્યુત્પત્તિ વાગ્વ્યાપારના નિયમો પ્રમાણે જ સહજ થઈ સકેછે. गुर्जरराष्ट्र માંથી તો गुजराठ રૂપ નીકળે; અને ઘણા મરાઠી બ્રાહ્મણો ગુજરાતને ' ગુજરાથ ' અને ગુજરાતીને ' ગુજરાથી ' કહેવાના પ્રમાદને વળગી રહેછે તે માત્ર ત્હેમના ' મરાઠા ' અને ' મરાઠી ' નામોના પરિચયનું પરિણામ છે. गुर्जरत्रा જ મૂળશબ્દ હોવો જોઇયે એ પક્ષનું સમર્થન

૧૩ પુસ્તક IX ભાગ ૨ પૃષ્ઠ ૩૨૩ મું.

૧૪ ગુજરાતી ભાષાનો ઇતિહાસ, પૃષ્ઠ ૬૯.

૧૫ "ગુર્જરો," બો. બ્રા. રૉ. એ. સો. નું જર્નલ, પૃષ્ઠ ૪૧૩ આદિક (ઇ. સ. ૧૯૦૨)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરનારું અન્ય સાધન એ છે કે गांडी गुजरात જેવી ઉક્તિયોમાં અદ્યાપિ મૂળશબ્દનું સ્ત્રીલિંગ જળવાઈ રહ્યુંછે, અને હેવો જ સ્ત્રીલિંગનો પ્રયોગ પદ્મનાભના (વિ. સં. ૧૫૧૨ માં રચાયેલા) कान्हडदे प्रबन्ध જેવા પુરાણા ગ્રન્થોમાં મળી આવેછેઃ

पूछइ वात पातसाह हसी। गूजराति ते कहीइ किसी॥ (ખંડ ૧, કડી ૨૧)

'ગુર્જરો' વિશે લેખમાં રા. દેવદત્ત ભાણ્ડારકર ક્હેછે કે પ્રથમ તો રજપૂતાનાનો એક ભાગ જ ગુજરાત ક્હેવાતો અને કાલક્રમે વધીને એ ભાગ પ્રબળ અને વિશાળ રાજ્યનું રૂપ પામ્યો અને કનોજ ત્હેની રાજધાની બન્યું; મહોદય વંશનો (ઇ. સ. ૯૧૪ ના દાનપત્રમાં અને ૯૧૭ ના લેખમાં નિર્દિષ્ટ) મહીપાલ આ પ્રદેશ પર રાજ્ય કરતો ગુર્જર રાજા હતો અને હેની સત્તા એક સમયે કાઠિયાવાડપર વિસ્તરી હતી (જો કે ત્યહાર સૂધી હેણે ગુજરાતમાં પ્રવેશ ન્હોતો કર્યો); મહીપાલના સમયની પૂર્વે પણ ગુર્જર રાજ્યો હોવાની હકીકત લખાઈછે અને ત્હેમની સત્તા રજપૂતાનાપર પણ હતી, અને યુઆન ચ્યુઆંગના સમયમાં એક બળવાન્ ગુર્જર રાજ્ય હતું જેની રાજધાની ભિલ્લમાલ કે ભિનમાલમાં હતી; ગુર્જરવંશ શકજાતિમાંથી નીકળ્યો હતો અને ગુર્જરો ભરતખંડમાં પ્હેલવ્હેલા ઇ. સ. ના છઠ્ઠા સૈકાના પ્રારંભમાં આવ્યા; અને ઇ. સ. ના દશમા અને અગ્યારમા સૈકામાં ચૌલુક્યોની સત્તા ગુજરાતમાં જામી ત્યહાર પછી ગુર્જરો આજના ગુજરાતમાં પ્હેલવ્હેલા આવ્યા અને એ દેશનું ગુર્જરત્રા નામ પડ્યું (જે મૂળ રજપૂતાનાના એક પ્રદેશનું નામ હતું); ગુજરાતનું મૂળ નામ લાટ હતું અને ચૌલુક્યોના સમયમાં પણ કેટલોએક વખત દક્ષિણગુજરાત લાટ ક્હેવાતો. અનેક દિશામાં બહુ પરિશ્રમથી શોધખોળ કર્યા પછી જ રા. દેવદત્ત ભાણ્ડારકર પૂર્વગત નિર્ણયોપર આવ્યાછે.[૧૬] હેણે, અહિંયાં આપી સકાય નહિં એટલી, સંખ્યાબંધ, દલીલો આપીછે ત્હેમાંની એક ખાસ ધ્યાન ખેંચે હેવી છે. (ઇ. સ. ૯૧૬ માં) અબુ ઝૈદે અને (ઇ. સ. ૯૪૩ માં) અલ માસુદીએ કરેલા જુઝ્રના રાજાના, અને જુઝ્ર સામ્રાજ્યના સ્થાનભૂત દેશરૂપે કનૌજના, ઉલ્લેખ વિશેની એ દલીલ છે; એ ઉલ્લેખો મુંબાઈ ગેઝેટીઅરના

૧૬ અહિંયાં નોંધવું ઘટેછે કે યુઆન ચુઆંગનું પિ-લો-મો-લો એ જ ભિનમાલ એ વિશેની (ગુર્જરોપરના લેખમાં દર્શાવેલી) પોતાની શંકા રા. દેવદત્ત ભાંડારકરે ખેંચી લીધીછે, અને એ. એમ. ટી. જૅકસને પ્રતિપાદિત કરેલું તાદાત્મ્ય સ્વીકાર્યુંછે. (પરલોકવાસી એ. એમ. ટી. જૅકસન વિશે તો ૧૯૧૧ ના જાન્યુ૦ ના ઇન્ડિયન ઍન્ટિક્વરીમાંનો હેમનો લેખ જુવો.)



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુસ્તક ૧ ભાગ ૧ (પૃષ્ઠો પ૨૬-૭ અને ૫૧૯) માંથી ઉતારેલા છે. અને જુઝ્ર એ ગુજર હેવો સર્વનો યથાર્થ અભિપ્રાય છે. આ સંબંધે અત્યાર સુધી કાંઈ સ્પષ્ટીકરણ કરવું બાકી હોય તો તે, હું જાણુંછું ત્યહાં સુધી, એ શબ્દનું અંગભૂત ન્હાનુંશું વાગ્વ્યાપારનું તત્ત્વ છેઃ-'ગ' ને સ્થાને આવેલો 'જ'. હેતું કારણ આ હોઈ સકે કે યમન આરબો અદ્યપર્યન્ત જીમ વર્ણનો ઉચ્ચાર ગીમ કરેછે અને એ વર્ણવાળા પ્રત્યેક શબ્દમાં પણ તેઓ જ ને સ્થાને ગ બોલેછે; મિસર દેશના અને અન્ય આરબો હેનો ઉચ્ચાર જ કરેછે.[૧૭] આથી કદાચ પૂર્વનિર્દિષ્ટ આરબ લેખકો જીમ નો ઉચ્ચાર ગ કરતા હોય એટલે ત્હેમણે સ્વાભાવિક રીતે ગુઝ્ર નામ લખવામાં જીમ વાપર્યો હોય અને ભાષાન્તરમાં અન્ય લિપિમાં ઉતારવામાં એ નામ સ્વાભાવિક સમજફેરથી જુઝ્ર રૂપે લખાયું હોય તો અસંભવિત નથીઃ અંગ્રેજીમાં પણ "G" વર્ણના જ અને ગ બે ઉચ્ચાર થાયછે એ સૌ જાણે છેઃ જેમ કે Gin( જિન) અને Gun (ગન).[૧૮]

રા. દેવદત્ત રા. ભાણ્ડારકર કહેછે કે એઓનો ગુર્જરો વિશેનો લેખ, મુંબાઇ ગેઝેટીઅર પુસ્તક ૧ ભાગ ૧ ના પરિશિષ્ટ ૩ જામાં "ભિન્માલ" વિશેના લેખના ઐતિહાસિક અંશ રૂપે આપેલા એ. એમ. ટી. જૅકસનના ગુર્જરોપરના સમર્થ અને બહુમૂલ્ય લેખની એક પ્રકારની પૂરવણી છે. તેથી

---

૧૭ આ માહિતી માટે હું ઇન્ડિયન મેડિકલ સર્વિસમાંના મ્હારા એક મિત્રને આભારી છું; હેમણે આરબોની સાથે રહીને આ નિરૂપણ કર્યુંછે.

૧૮ અંગ્રેજીમાં G ના ઉચ્ચારવૈવિધ્યને લગતા મુખ્ય મુખ્ય નિયમો મરેની ડિક્ષ્નરીમાં આપ્યાછે, એ નિયમોને સંક્ષેપમાં આપુંછું:-

નીચેના પ્રસંગોએ G, નો hard એટલે કઠોર કહેવાતો ઉચ્ચાર થાયછેઃ-

(૧) શબ્દને અંતે;

(૨) વ્યંજનની અથવા a, o, u, ની પૂર્વે (gaol, gaoler અપવાદ છે); અને

(૩) ટ્યુટૉનિકમાંથી ઉત્પન્ન થયેલા શબ્દોમાં e અને i ની પૂર્વે, જેમ કે give get; તેમ જ

(૪) હિબ્રૂ વિશેષ નામોમાં, જેમ કે Gedaliah, Gideon; હિબ્રૂમાંનું આ વલણ યમન આરબોના જીમના ગીમ ઉચ્ચાર સાથે સગપણ ધરાવતું જણાયછે.

લૅટિન કે રોમાનિક પ્રભવના શબ્દોમાં G નો e, i, y ની પૂર્વે "મૃદુ" ઉચ્ચાર થાયછે; અને ગમે તે પ્રભવના શબ્દોમાં પદની અંતે એ ઉચ્ચાર દર્શાવવા હમેશાં dge કે ge મૂકાયછે, J વર્ણનો એ સ્થાને પ્રયોગ થતો જ નથી. (જેમ્સ એ. એચ. મરે. એલ. એલ. ડી. અને હેન્રી બ્રૅડલી. બી. એ. કૃત ન્યૂ ઇંગ્લિશ ડક્ષ્નરીમાં G જુઓ)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ અંશમાં સ્થાપિત કરેલા સિદ્ધાન્તોના ટૂંક તારણની અહિંયાં નોંધ આપવાથી લાભ થશે. એ સિદ્ધાન્તો નીચે પ્રમાણે છે.

(ક) ભરતખંડમાં ગુર્જરો ઇ. સ. ના ૫ મા સૈકામાં આવ્યા.

(ખ) છઠ્ઠા સૈકાના અન્તમાં (ઇ. સ. ૫૮૫ માં) તેઓએ અર્વાચીન ગુજરાત અને ભરુચ જીતીને વલભીઓને (ઇ. સ. ૫૦૯–૭૬૬ માં) પોતાનું આધિપત્ય સ્વીકારવાની ફરજ પાડી.

(ગ) ભિનમાલ (શ્રીમાલ) લાંબા વખત ઉત્તર ગુર્જરવંશની મુખ્ય શાખાની રાજધાની રહ્યું;

(ઘ) ગુર્જરો દક્ષિણમાં પોતે જીતેલો પ્રદેશ લાંબાકાળ સુધી જાળવી સકયા નહિં; હ્યુએન ત્સાંગના સમયમાં ખેડા અને વડનગર (આનંદપુર) બંનેપર માલવાનું સ્વામિત્વ હતું, અને ભરુચના રાજાઓ ઘણું કરીને ચાલુકયોને વશ હતા;

(ઙ) ગુર્જરોને (આરબનાં આક્રમણો વેઠયા પછી) એક નવા શત્રુની, રાષ્ટ્રકૂટોની, સંમુખ ટકવું પડયું જેઓએ દક્ષિણમાં ચાલુકયને દબાવી દઈ ઉત્તર તરફ દૃષ્ટિ કરી.

(ચ) ભીમસેનના રાજ્યસમયમાં આશરે ઇ. સ. ૯૫૪ માં ભિન્માલને, રાજધાની રૂપે, તજવામાં આવ્યું, તે વખતે ૧૮૦૦૦ ગુર્જરોએ ભિન્માલમાંથી નિષ્ક્રમણ કર્યું;[૧૯]

૧૯ પદ્મનાભના कान्हडदे प्रबंध પરથી જણાયછે કે ઇ. સ. ૧૩૧૧ ને આશરે ચહુઆણ(क) આધિપત્ય નીચે ભિન્નમાલ શ્રીમાલી બ્રાહ્મણોનું સમૃદ્ધિમાન્ સ્થાનક હતું. એ મહાકાવ્ય રચાયું વિ. સં. ૧૫૧૨ માં એટલે કે, અન્તમાં (ખંડ ૪, ૩૩૭) કવિ પણ કહેછે તે પ્રમાણે, જાલોરની પડતી પછી ૧૪૫ વર્ષે; અને કવિ કહેછે (ખંડ ૩ જો કડી ૨૨ આદિકમાં) કે જાલોરપરની ચઢાઇ દરમ્યાન અલ્લાઉદ્દીન ખિલજીના મુસલમાન સૈન્યે ભિન્નમાલને લૂંટયું હતું અને બાળ્યું હતું. આ પરથી ભિન્નમાલના આક્રમણનું વર્ષ વિ. સં. ૧૩૬૭ એટલે ઇ. સ. ૧૩૧૧ આવે, (વિ. સં. ૧૫૧૨–૧૪૫=વિ. સ. ૧૩૬૭)(ख) આથી મિ૦ જૅકસને સ્થાપેલા નિર્ણયને બાધ નથી આવતો. એથી એટલું જ જણાયછે કે ગુર્જરમંડળનું ચક્રવર્તિપદ ભિન્માલથી અણહિલવાડ સંક્રાન્ત થયું ત્યારપછી પણ સ્હાડા ત્રણ સૈકાઓ સુધી ભિન્માલ શહેર સમૃદ્ધ રહ્યું.

क ભિન્નમાલની સમૃદ્ધિ અને પવિત્રતાનું વર્ણન આપતાં પદ્મનાભ હેને ब्रह्मपुरी चहुआणा तणी (૨–૨૫) કહેછે; વળી કડી ૨૯ માં કહેછે કે भिन्नमाल श्रीमाली वसइ શ્રીમાલીઓ ભિન્નમાલમાં વસતા હતા.

ख આ ગણના અણહિલવાડ પાટણના આક્રમણના સમય ઇ. સ. ૧૩૦૪ સાથે ઠીક બંધ બેસેછે; કારણ કે પાટણ જીત્યા પછી અને સોરઠપર ચઢાઈ કર્યા પછી પાછા વળતાં મુસલમાન સેનાપતિયે ઇ. સ. ૧૩૧૧ માં જાલોર લીધું હતું. ૭ વર્ષનો ગાળો અસંભવિત નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(છ) આ પરિત્યાગનું મુખ્ય પરિણામ એ આવ્યું કે ચક્રસમ્રાટ્નું સ્થાન ભિન્નમાલથી અણહીલવાડ સંક્રાન્ત થયું; ત્હાંનો પ્હેલો ચાલુક્ય રાજા મૂળરાજ હતો (ઇ. સ. ૯૬૧-૯૯૬); અને

(જ) ગુર્જર કે ભિન્નમાલ રાજ્યના કેટલાએક ભાગ પડી ગયા, જેમાં સાંભરના ચૌહાણો, માલવાના પરમાર અને અણહિલવાડના સોલંકી એ ત્રણ મુખ્ય હતા.

આ ઉપરથી જણાશે કે રા. દેવદત્ત રા. ભાણ્ડારકરના નિર્ણયો અને એ. એમ. ટી. જૅકસનના નિર્ણયોનું પરસ્પર સંગ્રથન કરીને એક સુઘટિત સમગ્ર વૃત્તાન્ત ગોઠવી સકાય એમ છે.

એ ઉપરાંત એ. એમ. ટી. જૅકસન મત દર્શાવેછે (મુંબાઇ ગેઝેટીઅર પુસ્તક ૧, ભાગ ૧, પૃષ્ઠ ૪૬૫) કે શિલાલેખોમાં અને ઐતિહાસિક ગ્રન્થોમાં ગુર્જરોના જે સંખ્યાબંધ નિર્દેશ થયેલાછે તે અણહિલવાડના ચાલુકયો કે સોલંકીઓ (ઇ. સ. ૭૪૦-૯૪૨) વિશે છે અથવા તો ત્હેમના અનુગામી વાઘેલાઓ (ઇ. સ. ૧૨૧૯-૧૩૦૪) વિશે છે; દશમા સૈકા પછીના લેખોમાં ગુર્જરોનો નિર્દેશ હોય તે પરથી પણ હેવું માની ન લેવાય કે એ ગુર્જરો તે અણહિવાલડના ચાવડા કે ભરૂચના ગુર્જરો (ઇ. સ. ૫૦૮-૮૦૮) કે વલભીઓ (૫૦૯-૭૬૬) છે. હેવા મતોને અશ્રદ્ધેય ગણવા માટે હેણે બહુ સારાં કારણો દર્શાવ્યાંછે. અહિંયાં હું માત્ર ભરૂચના ગુર્જરો વિશેનાં કારણોની નોંધ લઇશ. સત્ય છે કે તેઓએ છેક સાતમા સૈકાના મધ્યમાં પોતાનો ગુર્જરપ્રભવ કલ્પ્યોછે. પરંતુ આ એકીકરણની વિરુદ્ધ પ્રબળ કારણો છે. ઇ. સ. ૬૩૪ (શક વર્ષ ૫૫૬) ના પોતાના ઐહોલ લેખમાં પુલકેશી બીજાએ ગુર્જરોનો લાટલોકોથી ભિન્ન તરીકે નિર્દેશ કર્યોછે, અને લાટલોકોના દેશમાં જ વસ્તુતઃ ભરૂચનો સમાવેશ હતો. હ્યુએનત્સ્યાંગ (૬૪૦ ઇ. સ.) ભરૂચના રાજ્યને એ શહેરના નામથી જ વર્ણવેછે, ગુર્જર દેશ તરીકે નહિં. આરબ હુમલાઓના ઇતિહાસકારોએ આઠમા સૈકામાં બરૂસ (ભરૂચ)નો જુર્ઝ (કે જુઝ્ર) થી[૨૦] ભિન્ન નિર્દેશ કર્યોછે, અને ઇ. સ. ૭૩૮-૩૯ નું ચાલુકય દાનપત્ર ગુર્જરોને (ચાવડાઓ અને ચિતોડના

---

૨૦ એલિયટ ૧-૧૨૬ માં અલ બિલાદુરીનો આપેલો વૃત્તાન્ત જુવો. એ નવમા સૈકાની મધ્યની લગભગ હયાત હતો, ઇ. સ. ૮૯૨-૩ માં મરી ગયો, હેવું એલિયટના આ ઉલ્લેખથી જણાયછે. એ. એમ. ટી. જૅકસને ત્હાર પછીનો સૈકો (હ્યુએન ત્સ્યાંગ પછી) હેવા શબ્દો મૂક્યાછે, અને આ એક શિથિલ વર્ણન હશે એમ જણાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૌર્યલોકો પછી, ) આરબ સૈન્યે આક્રમણ કરેલાં રાજ્યોમાંના છેલ્લા તરીકે વર્ણવેછે.

આ ભરૂચના કહેવાતા ગુર્જરોને, ત્હેમની સત્તા અલ્પકાલિક હતી, તેઓ ન્હાનાસૂના ખંડિયા રાજાઓ હતા, અને ત્હેમનું આધિપત્ય લાટમાં હતું, ઉત્તર ગુજરાતમાં નહિં, એ ત્રણ કારણથી પડતા મૂકીશું અને રા. દ. રા. ભાણ્ડાકરના નિર્ણય અનુસાર ગુર્જરોનું ગુજરાતમાં આગમન સોલંકીઓના પ્રવેશ સમયથી શરૂ થાયછે એ મત સ્વીકારીશું તો હરકત નથી.

ગુર્જરો વિદેશીય હતા એ તો સર્વતઃ સ્વીકારાયુંછે. આપણે આગળ જોયુંછે કે રા. દેવદત્ત રા. ભાણ્ડારકર પોતાના ગુર્જરો પરના લેખમાં ગુર્જરો શક પ્રભવના હતા એ મત દર્શાવેછે. "Foreign Elements in the Hindu Population" "હિંદુ પ્રજામાંનાં વિદેશીય તત્ત્વો" એ નામના પોતાના લેખમાં એ ગુર્જરોના શ્વેતહૂણ સાથેના, ત્હેમનું ખઝર સાથે ઐકય સૂચવતા, સંબંધનો ઇશારો કરેછે-જો કે ગુર્જરોને શ્વેતહૂણના જ વંશના એ નથી માનતા. જો આપણે રિસલીએ ભારતવર્ષીય જાતિયોના માનવજાતિ-શાસ્ત્રને અનુસરીને કરેલા પૃથક્કરણમાં દર્શાવેલો માર્ગ અનુસરીશું તો ગુર્જરોને શકના વર્ગમાં મૂકવા પડશે, કારણ કે ગુજરાત અને પશ્ચિમ-ભરત-ખંડમાં હેની દૃષ્ટિયે શક-દ્રાવિડીય પ્રકારનું પ્રાધાન્ય જણાયછે, અને જો કે રજપૂતાના અને પંજાબમાં ભારત-આર્ય પ્રકાર પ્રધાનતઃ રહેલોછે છતાં એ ભાગોમાં બીજાં તત્ત્વોનું મિશ્રણ થયેલું હેને જણાયછે; અને હેનો અભિપ્રાય હેવો છે કે ત્હેને માલુમ પડેલા અન્ય જાતિપ્રકારની માફક શક-દ્રાવિડીયો પણ મૂળ ભારતવાસી દ્રાવિડોની સાથે વર્ણસંકર પામીને ઉદ્ભવેલો મિશ્ર પ્રકાર છે.[૨૨] આ પરસ્પર વિરુદ્ધ જણાતી કલ્પનાઓમાંથી એક સત્ય વ્યક્તરૂપે નીકળેછે; તે એ કે ગુર્જરો વિદેશીય હતા. અત્યારે આપણો ઉદ્દેશ આટલેથી જ સરશે.

આ તો નિઃશંક છે કે ગુર્જરોએ આ દેશમાં દૃઢ પ્રતિષ્ઠા મેળવી, અને તેઓ સ્થાનિક પ્રજા સાથે પૂર્ણરીતે એકભાવ પામ્યા.

ગુર્જરોની ભાષા; દેશની ભાષાપર હેની અસર.

આ સંપૂર્ણ સંમિશ્રણને પરિણામે આજે નીચેના પ્રશ્નો આપણું ધ્યાન અત્યન્ત રોકનારા થઈ પડ્યા-છે; ગુર્જરો પોતાની ભાષા સાથે લેતા આવ્યા હતા? ત્હેમની ભાષા કઈ હતી? દેશની ભાષા પર હેની શી અસર થઈ? ત્હેમના આધિ-

૨૧ ઇન્ડિયન ઍન્ટિક્વરી, ૪૦, જાન્યુ. ૧૯૧૧.
૨૨ "પીપલ્સ ઑફ્ ઇન્ડિયા" પૃષ્ઠો ૩૭, ૩૫ અને ૨૬૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પત્યના સમય દરમ્યાન દેશની ભાષા કઈ હતી ? હાવા અનેક પ્રશ્નો આપણું લક્ષ બળપૂર્વક ખેંચેછે, અને હેમાંના બનશે તેટલાનો યથાશક્તિ ઉત્તર આપીશું. આગન્તુકલોકો ભારતભૂમિપર પગ મૂકતાં વાંત જ પોતાની ભાષા તજી દે એ અચિન્ત્ય છે. મ્હારા પ્રથમ વ્યાખ્યાન[23] દરમ્યાન કહ્યુંછે તે પ્રમાણે, સ્થાનિક ભાષાપર ત્હેમણે થોડે ઘણે અંશે પણ અસર ન કરી હોય એ પણ એટલું જ અચિન્ત્ય છે. ડૉ. ટેસિટોરીની સાથે આપણે, ગુર્જરો જ્ય્હાં જ્ય્હાં ગયા ત્ય્હાં ત્ય્હાં દેશના લોકો કને પોતાની ભાષાઓ ગ્રહણ કરાવતા ગયા[24] હેવું ક્હેવા સુધી જવાની જરૂર નથી. એ મત સ્વીકારતાં અત્યુક્તિ કરવા જેવું થાયછે. સામાજિક, ધાર્મિક, ઇત્યાદિ બીજી સર્વ દિશાઓમાં તેઓ દેશના લોકની સાથે સર્વાંશે એકરૂપ બની ગયા એ વાસ્તવિક સ્થિતિ સાથે પણ એ મતની સંગતતા ભાગ્યે જ સચવાશે; વળી, દેશની આજે બોલાતી અને તે પ્હેલાંના કાળમાં વિદ્યમાન ભાષાઓ ગુર્જરોના આગમનની પૂર્વની ભાષાથી સહસા વિભિન્ન થઈ ગઈ હોય એમ લાગતું નથી, પરંતુ પૂર્વકાલીન ભાષાના, વિકૃત છતાં પણ અવિછિન્ન, પ્રવાહ રૂપે જોવામાં આવેછે એ સાક્ષાત્ જણાતી વિશિષ્ટતા સાથે પણ એ મત બંધ બેસતો નથી. આ વિષયમાં ગુજરાતી, મારવાડી અને અપભ્રંશ ભાષાઓનો માત્ર મુકાબલો કરી જેવાથી ખાતરી થશે. કદાચ ડૉ. ટેસિટોરીના વચનનું અન્તિમ તાત્પર્ય એ હશે કે દેશીય ભાષાને ગુર્જરોએ પોતાની ભાષાનો કંઇક અંશ અર્પ્યો; આ અભિપ્રાયથી કોઇને વિરોધ નહિં રહે.

ગુર્જરોની પોતાની ભાષા શી હતી એ વિશે આપણા જ્ઞાનની સાંપ્રત અવસ્થામાં કાંઈપણ કહી સકાય તેમ નથી. પરિણામે દેશની ભાષાઓ પર હેની કેટલી અસર થઈ એ ચોક્કસ કરવું પણ આપણી શક્તિથી પરછે. જો કે ગુજરાતીમાંનાં અસંસ્કૃત તત્ત્વોમાંનાં કેટલાંએકનું મૂળ એ અસરમાં હશે એમ કહેવામાં હાનિ નથી.

ગુર્જરોની ચઢતીના સમયમાં દેશની ભાષા.

પરંતુ હેમની સત્તા દરમ્યાન દેશની ભાષા કઈ હતી એ જાણવા માટે આપણી પાસે બ્હોળાં સાધનો છે. પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાનીના[25] વ્યાકરણમાંનાં ડૉ. ટેસીટોરીનાં બહુમૂલ્ય ટિપ્પણોના આરંભના પેરેગ્રાફોમાં એક સિદ્ધાન્તનું વિશદ પ્રતિપાદન કરવામાં આવ્યુંછે,

૨૩ પાછળ પૃષ્ઠ ૭, ૮, ૧૦, જુવો.
૨૪ ઇન્ડિયન ઍન્ટિકવરી ફેબ્રુવારી, ૧૯૧૪, ૫-૨૨.
૨૫. ઈન્ડિયન ઍન્ટિકવરી, ૪૩ ફેબ્રુવારી ૧૯૧૪.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે સિદ્ધાન્તથી, "ગુજરાતી ભાષાની ઉત્પત્તિ"[૨૬] વિશે મ્હેં લખેલા ગુજરાતી લેખમાં દર્શાવેલા અભિપ્રાયનું સ્વતન્ત્ર રીતે સમર્થન થાયછે. મ્હેં ત્હાં હેવું સૂચવ્યું હતું કે ઇ. સ.ના બારમા અને પંદરમા સૈકાની વચ્ચેના સમયમાં એક અતિવિશાળ વિસ્તાર પામેલી ભાષા અર્વાચીન ગુજરાત અને રજપૂતાનામાં સર્વત્ર પ્રચરિત હતી (મ્હેં એ ભાષાને अन्तिम अपभ्रंश એ નામ આપ્યુંછે); અને એ ભાષાના, છેક પંદરમા સૈકા પછી જ, ગુજરાતી, મારવાડી અને હેની સગોત્ર ભાષાઓ[૨૭] હેવા ભાગ ક્રમે કરીને થયા. આ તત્કાલપ્રચલિત ભાષાને ડૉ. ટેસિટોરીએ પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાની કહીછે, અને ઇ. સ.ના સોળમા સૈકાના અંતની લગભગ હેના ગુજરાતી અને મારવાડી હેવા ભાગ પડ્યા હેવું મત એ દર્શાવેછે.

આ ઉક્તિયો ચાલુકયો દશમા સૈકામાં આવ્યા ત્હાર બાદ બે કે ત્રણ સૈકા પછીના સમયને લાગૂ પડેછે. એથી પાછળ ચાલિયે તો માલૂમ પડેછે કે દશમા સૈકાથી પાછા જતાં છેક છઠ્ઠા સૈકા સુધીમાં જુદા જુદા રૂપમાં अपभ्रंश ભાષા બોલાતી, અને ઘણે ભાગે બીજી પ્રાકૃત ભાષાઓમાંની કેટલીએક બોલાતી–જેની સાથે આપણે અહિયાં કાંઈ સંબંધ નથી, કારણ કે ગુજરાતી મુખ્યતઃ अपभ्रंशમાંથી ઉત્પન્ન થઈ છે. ડૉ. રામકૃષ્ણ ગોપાલ ભાણ્ડારકર માનેછે કે, અર્વાચીન સમયમાં જે દેશમાં વ્રજભાષા પ્રચરિત છે તે દેશમાં अपभ्रंश ભાષા ઇ. સ. ના છઠ્ઠા કે સાતમા સૈકામાં વિકાસ પામી.[૨૮] આગળ ઉપર યોગ્ય સ્થાને[૨૯] આ વિષયની હું વિસ્તીર્ણ ચર્ચા કરીશ. ઈ. સ. ના આઠમા સૈકાના અન્તની લગભગમાં પારસીઓ ભરતખંડમાં આવ્યા અને સંજાનમાં ઊતર્યા તે સમયમાં અર્વાચીન ગુજરાતી ભાષા વિદ્યમાન હતી હેવો જે મત કેટલાએક દર્શાવેછે હેને હું યોગ્ય અનાદર પૂર્વક પડતો મૂકીશ; એ વિચાર ઉપપત્તિહીન અને હાસ્યપાત્ર છે; ગુજરાતી ભાષાના સમસ્ત ઇતિહાસ અને વિકાસક્રમથી હેને બાધ આવેછે–જે એ વિષયની ચર્ચા કરીશું ત્હારે સ્પષ્ટ થશે.

**વાઘેલાઓ.** જ્યહાં ચૌલુકયોને છોડ્યા હતા ત્હાંથી વિચારતન્તુને પાછો લઇયે તો હેમના અનુગામી તરીકે વાઘેલાઓ આવેલા જણાયછે. ત્હેમનું આધિપત્ય ઇ. સ. ૧૨૧૯ થી ઇ. સ. ૧૩૦૪

૨૬ "વસન્ત," વિ. સં. ૧૯૨૦, પૃષ્ઠ ૬૪૯.

૨૭ ઇન્ડિયન ઍન્ટિક્વરી પુસ્તક ૪૪ જાન્યુ. ૧૯૧૫ માં મ્હારો Note on Some Special Features of Pronunciation etc. in the Gujarātī Languge એ નામનો લેખ જુવો.

૨૮ હેમનાં "વિલ્સન ભાષાશાસ્ત્રવિષયક વ્યાખ્યાનો" પૃષ્ઠ ૩૦૨ જુવો.

૨૯ નીચે વ્યાખ્યાન ૫ માનાં આરંભનાં પૃષ્ઠો જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુધી રહ્યું, જે સમયને અન્તે ગુજરાતને છેવટ મુસલમાનોએ જીત્યું. એક સૈકાથી પણ ઓછા આ અન્તરની લક્ષણભૂત બે સુપ્રસિદ્ધ મૂર્તિયો હતી, વસ્તુપાલ અને તેજપાલ, જે'મનાં નામો સોમેશ્વરે પોતાના કીર્તિકૌમુદી નામના ગ્રન્થમાં અમર કર્યાંછે, અને જે'મના ગિરનાર, શત્રુંજય અને આબૂપર હેમણે બંધાવેલાં દહેરાંમાં મૂકેલા સંસ્કૃત લેખો બહુમૂલ્ય નોંધ જાળવી રહ્યાછે. લવણપ્રસાદના આ બે મન્ત્રીઓ, અને હેનો ધર્મગુરુ ઉપર જ કહેલો સોમેશ્વર, એ ત્રણ વાઘેલા આધિપત્યના પ્રારંભસમયનાં, ઈ. સ. ૧૨૦૦ થી ૧૨૩૩ સુધીમાંનાં, મુખ્ય પાત્રો તરીકે વિરાજેછે. ત્હાર પછીના રાજાઓ વીરધવલ, વીશળદેવ, અર્જુનદેવ, અને સારંગદેવને ટપી જવા પડશે અને પોતાના બલહીન આધિપત્યને પરિણામે ગુજરાતમાં રજપૂત સત્તાના નાશ કરાવનાર કર્ણદેવનું (૧૨૯૬–૧૩૦૪ ઇ. સ.) નામ માત્ર આપીને વાઘેલા પ્રકરણ સમાપ્ત કરવું પડશે.

આ ઐતિહાસિક સ્થિતિયોની ગુજરાતી ભાષાપર અસર

ગુજરાતના ઇતિહાસમાં મુસલમાનોની પૂર્વનો સમય અહિંયાં સમાપ્ત થાયછે, અને મુસલમાન સમય તરફ દૃષ્ટિ નાખિયે તે પ્હેલાં, આપણે જરાવાર અટકીશું અને આ ઐતિહાસિક પરિસ્થિતિયોની ગુજરાતમાં ભાષારચનાપર શી અસર થઈ તે વિચારીશું. તરત જ આપણે જોઇયેછિયે કે રાજ્યકર્તા વર્ગમાંના ઘણાખરા વિદેશીય હતા; બીજાઓ, જે રાજ્યકર્તા ન્હોતા, તેઓ પ્રજાગણમાં પ્રવિષ્ટ થયા; આ પ્રમાણે, રાજ્યકર્તા અને બીજી સર્વ જાતિયો અન્તે પ્રજાવર્ગમાં મગ્ન થઈને તદ્રૂપ બની. મિ. વિન્સેન્ટ એ. સ્મિથ કહેછે કે આ ક્રમ સમસ્ત દેશમાં વ્યાપી રહ્યો હતો:—

"આ સ્થળે હું દીર્ઘસમય અનુમાનરૂપે રહેલી અને હમણાં સારાં સાધનોથી પ્રતિષ્ઠાપિત થયેલી એક વાત તરફ લક્ષ ખેંચવાને ઇચ્છુંછું; તે એ છે કે રજપુતાનામાં અને ગંગાના પ્રદેશોમાં આવી વશેલા વિદેશીયો હેમના દેશગત સત્તાઓ સાથેના વિગ્રહોમાં સર્વથા નષ્ટ ન્હોતા થયા. અલબત્ત ઘણા નાશ પામ્યા, પરંતુ ઘણા વધારે જીવતા રહ્યા, અને છેવટ સામાન્ય પ્રજાસંઘમાં વિલીન થયા, જે પ્રજાસંઘમાં હેમના વંશજોનું પ્રમાણ સાવ ન્હાનું નથી. ત્હેમના પૂર્વગામી શક અને યુએહ્ ચીની માફક સર્વ વિદેશીઓ હિંદુસમાજની અન્યને આત્મરૂપ બનાવી દેવાની અદ્ભુત શક્તિને વશ થયા અને ત્વરાથી હિંદુ બની ગયા. રાજપદ મેળવવામાં જય પામતાં સર્વ કુળોનો અને કુટુમ્બોનો તરત જ હિંદુસમાજતન્ત્રમાં ક્ષત્રિયો કે રજપૂતો તરીકે સ્વીકાર થતો, અને પરિહાર અને ઉત્તરનાં અન્ય વિખ્યાત રજપૂત કુળોનો ઉદ્ભવ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાંચમા અને છઠ્ઠા સૈકાઓમાં ભરતખંડમાં પ્રવિષ્ટ થયેલા મ્લેચ્છ સંઘો-માંથી થયો હતો હેમાં કાંઇ સંદેહ નથી. અને વિદેશીઓમાંનાં સામાન્ય કોટિનાં કુટુમ્બોમાંથી ગુર્જર અને અન્ય જ્ઞાતિયો થઈ, જેઓ પૌર્વાપર્યના ક્રમમાં રજપૂતથી જરાક નીચે આવેછે.''૩૦

રા. રે. રા. ભાણ્ડારકરના ઉપર નિર્દિષ્ટ કરેલા "હિંદુ પ્રજામાંનાં વિદેશીય તત્ત્વો" એ નામના રસપૂર્ણ અને સમર્થ લેખમાં એ જ નિર્ણય અર્પતાં અનેક સ્પષ્ટ પ્રમાણો આપ્યાંછે. બૌદ્ધ થયો હતો તે ગ્રીક મિનૅન્ડ્રોસ (મિનૅન્ડર, મિલિન્દ) અને બૌદ્ધ બનેલા અને પરિણામે ભારતવર્ષીય નામ ધારણ કરેલા કેટલાએક સામાન્ય યવન (ગ્રીક) પુરુષોથી, અને હિંદુ અને વૈષ્ણવ થઈ ગયેલા એક યવનદૂતથી પ્રારંભ કરીને રા. ભાણ્ડારકર, બૌદ્ધ થયેલા, રાજવંશી અને સામાન્ય વર્ગના, શકપુરુષોનાં ઉદાહરણો આપેછે; હેમના આધિપત્યતળેના બૌદ્ધ બનેલા ક્ષત્રપોનાં, અને બ્રાહ્મણધર્મ સ્વીકાર-નાર ઉષવદાત અને બ્રાહ્મણધર્મ સ્વીકારી હિન્દુ સ્ત્રી પરણનાર રુદ્રદામનનાં દૃષ્ટાન્તો આપેછે; અને આગળ જતાં દર્શાવેછે કે આભીરો, કુશનો, મગ બ્રાહ્મણો, હૈહયો, હૂણો, ગુર્જરો, મૈત્રકો, અને હેવા ઘણાએક વિદેશીઓએ હિન્દુ કે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો અને તેઓ એક કે બીજે પ્રકારે હિંદુઓ સાથે ભળી ગયા હતા.

ભરતખંડની પ્રજાની જાતિવ્યવસ્થા

આ પ્રમાણને આધારે કરેલી મનુષ્યની જાતિવ્યવસ્થા લઇયેઃ બહુ ટીકાઓનું પાત્ર બનેલા પોતાના ગ્રન્થમાં[૩૧] રિસલી આપણને કહેછે કે, ભરતખંડની ભૂગોલપરત્વે દુર્ગમ સ્થિતિ તે આ મિશ્ર જાતિસ્વરૂપો બંધાવામાં કારણભૂત પ્રધાન શક્તિ હતી; એ દુર્ગમ સ્થિતિને પરિણામે આક્રમણ કરતી જાતિયો પોતાની સાથે નહિંજેટલી જ સ્ત્રીઓ લાવતી અને આક્રાન્ત દેશની સ્ત્રીઓ સાથે વિવાહ કરતી; અને આ નિયમને અપવાદ એક જ હતો, ભારત–આર્યોનો પ્હેલો જોધ. હાનાં કારણો એ નીચે પ્રમાણે આપેછેઃ

"આપણા અત્યારના ઉદ્દેશ અર્થે આપણે માની લઈશું કે ભારત–આર્યોના પૂર્વજો ભરતખંડમાં વાયવ્ય કોણમાંથી આવ્યા હતા, અને તેઓ આવ્યા તે વખતે ગંગાયમુનાની સંચારભૂમિ પર્યન્ત ભરતખંડનો દ્વીપકલ્પ પ્રદેશ દ્રાવિડલોકના તાબામાં હતો. ... ... ...

૩૦ "The Early History of India" ("ભરતખંડનો પ્રાચીન ઇતિહાસ") પૃ. ૩૦૩ (બીજી આવૃત્તિ).

૩૧ "People of India" ("ભરતખંડના લોક") પૃ. ૨૬૬.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આજના ભારત–આર્યલોકોમાં દ્રાવિડીય લોહીના છાંટો પણ નથી જણાતો એથી આટલું સંભવિત લાગેછે કે જ્યહારે ભારત–આર્ય લોકોએ પંજાબમાં પ્રવેશ કર્યો ત્યહારે તેઓ પોતાની સ્ત્રીઓને સાથે લાવ્યા હતા, અને દ્રાવિડીય કન્યાઓને હાથ કરવાની હેમને જરૂર ન્હોતી. બીજી કોઈપણ કલ્પનાથી ત્હેમની જાતિની અન્યને મુકાબલે જણાતી અમિશ્રતાનું કારણ સમઝાવી સકાતું નથી."[૩૨]

આ મુકરર સિદ્ધાન્તોને આપણે સર્વાંશે અનુમોદન ન આપી સકિયે તો પણ ભરતખંડની માનવજાતિયોની રચનામાં રહેલા વિદેશીય મિશ્રણનો અનાદર કરી સકિયે તેમ નથી, કારણ કે ઉપર જોયું તે પ્રમાણે એ જ સિદ્ધાન્તનાં આધારભૂત અન્ય પ્રમાણો પણ છે. ત્યહારે આ મતનો સ્થૂલ સ્વરૂપમાં સ્વીકાર કરતાં આપણે જોઇયેછિયે કે, જ્યહારે જાતિયોનાં હાવાં સંમિશ્રણોથી સ્થાનિક ભાષામાં બાહ્ય તત્ત્વો મિશ્રિત થવાની અને નવાં તત્ત્વો ઉત્પન્ન થવાની અનુકૂળતા વધી, ત્યહારે દેશની સર્વદા સંક્ષુબ્ધ રૂહેતી સ્થિતિમાં સાહિત્યની સમૃદ્ધિનો અને હેના વિકાસનો બહુ અવકાશ રહ્યો નહિં; એ અવકાશ આપતા અપવાદરૂપ સમયો હતા તે ફક્ત સોલંકીઓના સમયો– ખાસ કરીને, ઉપર કહ્યુંછે તેમ, સિદ્ધરાજ અને કુમારપાળના; અથવા પ્રાચીન ઉત્કૃષ્ટકોટિક સંસ્કૃત સાહિત્યના સમયો.

હવે આપણે મુસલમાનસમય (ઇ. સ. ૧૨૯૭ થી ૧૭૬૦) તરફ શીઘ્ર દૃષ્ટિક્ષેપ કરીશું.

**મુસલમાનસમય.** સાઢાચાર સૈકા ઉપરાંતના આ સમયના ત્રણ ભાગ પડી સકેછે:—

(૧) દિલ્હીના પ્હેલવ્હેલા બાદશાહોનું આધિપત્ય, એક સૈકાથી જરાક વધારે (ઇ. સ. ૧૨૯૭ થી ૧૪૦૩).

(૨) અમદાવાદના રાજાઓનું આધિપત્ય, લગભગ પોણાબે સૈકા (ઇ. સ. ૧૪૦૩ થી ૧૫૭૩); અને

(૩) મુગલ બાદશાહોનું આધિપત્ય, એટલે હેમના તાબાના સૂબાઓનું આધિપત્ય, લગભગ બે સૈકા (ઇ. સ. ૧૫૭૩ થી ૧૭૬૦).

આ સાઢાચાર સૈકા દરમ્યાન ગુજરાતનો વિષયવિસ્તાર બહુ બદલાયા કરતો. તે નીચે પ્રમાણે:—

**૧૪ મા સૈકામાં**–ઉત્તરમાં જાલોરથી દક્ષિણમાં મુંબાઇની નજદીકના પ્રદેશ સૂધી, અને પૂર્વમાં માળવા અને ખાનદેશની ટેકરીઓથી પશ્ચિમમાં સમુદ્ર પર્યન્ત.

૩૨ "The People of India" ("ભરતખંડના લોક") પૃષ્ઠ ૪૯.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**૧૫ મા સૈકાના પૂર્વાર્ધમાંઃ—**ઘણે અંશે પૂર્વ પ્રમાણે.

**૧૫ મા સૈકાના ઉત્તરાર્ધમાં અને ૧૬ મા સૈકાની પ્હેલી પચ્ચીશી-માં**–ખાનદેશ અને માળવામાંથી મ્હોટા ભાગો પ્હેલાંના પ્રદેશમાં ઉમેરાયા.

**૧૬ મા સૈકાના ઉત્તર અંશમાં** (ઇ. સ. ૧૫૩૦ થી ૧૫૭૩)–જે દરમ્યાન કેટલોક સમય રાજ્ય દુર્વ્યવસ્થિત રહ્યું હતુંઃ—ખાનદેશનો પશ્ચિમ ભાગ અને કોંકણનો ઉત્તર ભાગ ગુજરાતના રાજ્યની બ્હાર હતો.

**છેવટ–ઇ. સ. ૧૮૫૩ માં અકબરે કરેલી વ્યવસ્થા પ્રમાણે**–માળવા અને ખાનદેશને વધારે પ્રદેશ પાછો સોંપવામાં આવ્યો.

આગળ ઉપર ઉત્તરમાં જાલોર અને સિરોહી; ઈશાન કોણમાં ડુંગરપુર અને વાંસવાડા અને પૂર્વમાં અલિરાજપુર; એટલાં રજપૂતાનાને અને મધ્ય-દેશને સોંપવામાં આવ્યાં; અને બાકી રહ્યો આજનો ગુજરાત પ્રદેશ.

બર્ડના (વસ્તુતઃ 'મિરાતે અહમદી'ના ભાષાંતર રૂપ) ગુજરાતના ઇતિહાસમાં ૧૧૦ મે પૃષ્ઠે સરકારોની (એટલે પ્રદેશોની), અને રાજકીય વ્યવસ્થાએ ગુજરાતમાં સમાવિષ્ટ થતા ભાગોની, નામાવલિ આપીછે. હેમાં (રજપુતામાંની) જુધપુર અને જાલોર અને નાગોરનો સમાવેશ છે, દક્ષિણમાં એ વસાઈ અને દમણ પર્યન્ત પ્હોંચેછે અને તેથી એ નીચે (કોંકણમાં) દાંડા–રાજપુર સૂધી જાયછે; અને પૂર્વમાં અને ઈશાન કોણમાં એ (ખાનદેશમાં આવેલાં) સુલ્હેર અને નન્દુરબાર તથા ડુંગરપુર, વાંસવાડા અને સિરોહીનો સમાવેશ કરેછે.

આ વિષયવિસ્તાર માત્ર રાજકીય દેશવ્યવસ્થા રૂપે હતો, ભાષાપ્રચાર દર્શાવનારી સ્થલવ્યવસ્થા હેમાં ન્હોતી, એ અહિંયાં સ્મરણમાં રાખવાનું છે. હાવા રાજ્યવ્યવસ્થાને પરિણામે પડેલા વિભાગોવડે ભાષાપ્રચારની સ્થલવ્યવસ્થા કરવી શકય નથી.

મુસલમાન સમય દરમ્યાનના ભાષાવિકાસ પરઅસર કરતા પ્રસંગો

મુસલમાન સમયના ઇતિહાસનું અવલોકન કરતાં લક્ષમાં રાખવું જોઇયે કે ઔરંગઝેબના મૃત્યુ પછી અર્ધા સૈકાસૂધી (ઇ. સ. ૧૭૦૭ થી ૧૭૫૭ સૂધી) રાજ્યતન્ત્ર અસ્તવ્યસ્ત સ્થિતિમાં હતું. આ સમય દરમ્યાન મરાઠાઓને અવકાશ પ્રાપ્ત થયો. આપણે ટૂંકા સમયમાં મરાઠા સમય વિશે વિચાર કરીશું. પરંતુ એ પ્હેલાં મુસલમાનસમય દર-મ્યાનનાં બુદ્ધિના અને ભાષાના વિકાસપર અસર કરતાં તત્ત્વોની પર્યાલોચના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરી લઇયે. આ બહુ લક્ષયોગ્ય છે કે, જ્યહારે મુસલમાનોની પૂર્વના સમયમાં વિદેશીય જાતિયો દેશગત જાતિયોની સાથે એટલે સૂધી મિશ્ર થઈ જતી કે એ સંમિશ્રણને પરિણામે વિલક્ષણ પ્રકારની નવી જાતિયો ઉદ્ભવતી, અને હેનું એક પરિણામ આપણી પ્રાકૃત ભાષાઓની ઉત્પત્તિ અને આગળ ઉપરના વિકાસ રૂપ આવ્યું, ત્યહારે મુસલમાનસમય દરમ્યાન વસ્તુસ્થિતિ ભિન્ન પ્રકારની જ હતી. મુસલમાન આધિપત્યની પૂર્વેના સૈકાઓમાં જે રક્તસંમિશ્રણ અને જાતિયોનું એકીભવન થતું ત્હેવું એ સમયે ન્હોતું થયું. મુગલ બાદશાહોએ કેટલાક રજપૂત સાથે કરેલા વૈવાહિક સંબંધ તરફ કે મેમણ, ખોજા, વ્હોરા ઇત્યાદિ વર્ણોના મૂલભૂત હિંદુઓના ઇસ્લામ ધર્મમાં પરિવર્તન તરફ મ્હારું અલક્ષ નથી. પણ એ તો અસાધારણ સામાજિક ઘટનાઓ છે, જે'માં સંમિશ્ર થતાં તત્ત્વો હજૂ અંશોરૂપે સુવ્યક્ત છે,-પૂર્વના સૈકાઓમાંના જાતીય એકીભવનથી આ ઘટનાઓ તદ્દન ભિન્ન પ્રકારની છે. વળી મુસલમાન સમયની આ ઘટનાઓનો વિષય મર્યાદિત હતો, જ્યહારે પૂર્વકાલીન એકીભવનની અતિવિશાળ હિંદુસમાજની રચનાપર અસર થઈ હતી અને એ પરિણામને લીધે હેની અસર દેશની ભાષાપર પણ થઈ એ સ્વાભાવિક હતું. કારણ કે જ્યહારે મુસલમાનસમયની ઘટનાઓ એક પ્રકારે માત્ર કૃત્રિમ વ્યવસ્થાઓ હતી, ત્યહારે હેની પૂર્વેનાં એકીભવનો સ્વરૂપતઃ ઉત્ક્રાન્તિના વિધિરૂપ હતા. પરિણામ એ આવ્યું કે રાજ્યકર્તા મુસલમાનોની ભાષાની એટલે ફારસીની, દેશની ભાષાઓ અને સાહિત્યપર જે અસર થઈ તે માત્ર બાહ્ય હતી, અન્તરંગભૂત ન્હોતી.[૩૩] છતાં પણ એટલું તો સ્વીકારવું પડશે કે આ સમય દરમ્યાન પણ, ફારસીની બાહ્ય અસરથી અન્તરંગવ્યાપી વિકાર પામ્યા વિના, ભાષાઓ ઉત્ક્રાન્તિના માર્ગપર પ્રયાણ કરી રહી હતી.

આ સમય દરમ્યાન રાજ્યતંત્રમાં પદવીઓ ભોગવતી નાગર, કાયસ્થ, અને બ્રહ્મક્ષત્રિય જેવી કેટલીએક જ્ઞાતિયો રાજભાષાનો અભ્યાસ કરતી અને હેમાં પ્રાવીણ્ય મેળવતી, તે એટલે સૂધી કે તેઓમાંના કેટલાએક તો ફારસી પંડિતો અને કવિયો તરીકે વિખ્યાત હતા.

---

૩૩ આ ઉક્તિને એક મર્યાદા છેઃ ગુજરાતીમાં वॅर અને कॉडीના પ્રકારના શબ્દોમાં ॲ અને ऑનો વિવૃત ઉચ્ચાર છે. હેનો ઉદ્ભવ જો કે એ શબ્દોની પૂર્વાવસ્થામાં રહેલા વાગ્વ્યાપારવિષયક પ્રસંગોમાં રહેલો છે-वयर અને कवड्डियामां अ ઉપર રહેલા પ્રયત્ન અને य અને वના સાંનિધ્યમાં જ જો કે વિવૃત સ્વરનું બીજ રહેલું છે- તોપણ અરબી અને ફારસી ભાષાઓના हय्रान અને कव्लના પ્રકારના શબ્દોમાં રહેલા અપરિચિત વિદેશીય ઉચ્ચારના સામ્યથી જ એ બીજનું પરિપોષણ થયુંછે. આ વિષયની પૂર્ણ ચર્ચા માટે વ્યાખ્યાન ચોથું જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બુદ્ધિ અને સાહિત્યના વિલાસરૂપ 'ર્બતબાઝી' નામની[૩૪] જે સુવિખ્યાત ગમ્મત નાગરો, અને કદાચ બીજી બે જ્ઞાતિયોના ગૃહસ્થો પણ, જ્ઞાતિભોજન દરમ્યાન કરતા એ જ સૂચવેછે કે એ જ્ઞાતિયોપર ફારસીભાષાની અસર કેટલી હતી. વળી કચેરીઓમાં ફારસીભાષા વપરાતી હોવાથી રાજ્યતંત્રને લગતી ભાષામાં અને તે દ્વારા દેશની સામાન્ય ભાષામાં સ્વાભાવિક રીતે ઘણા ફારસી શબ્દોનો પ્રવેશ થયો. બીજો ક્રમ એ હતો કે કચેરીની અને રાજ-મન્દિરની ભાષાની અસર સામાન્ય લોકની બજારની ભાષાપર પરોક્ષરીતે થઈ અને હેમાં, લોકની બુદ્ધિમર્યાદાને પરિણામે અને શબ્દોચ્ચારપર સામાન્યતઃ અસર કરતા અન્ય પ્રસંગોને લીધે, શબ્દોનું સ્વરૂપ વારંવાર બદલાઈ જતું. આ ક્રમને પારણામે જ એક બાજૂ ઉર્દુ ભાષા—એટલે છાવણીની ભાષા—હયાતીમાં આવી, અને બીજી બાજૂ દેશની જ ભાષાના શબ્દસમૂહમાં ફારસી તત્ત્વો ઉમેરાયાં (આ ખાસ લક્ષમાં રાખવું ઘટેછે કે ફારસી તત્ત્વો માત્ર શબ્દસમૂહમાં જ ઉમેરાયાં હતાં).

ફારસીમાંથી ગુજરાતી-માં થતી સંક્રાન્તિને લગતા વાગ્વ્યાપારવિષયક નિયમોઃ–એ નિયમો સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં અને પ્રાકૃતમાંથી ગુજરાતીમાં થતા સંક્રમણના નિયમોથી ભિન્ન નથી.

સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં અને પ્રાકૃતમાંથી ગુજરાતીમાં આવતા શબ્દો વાગ્વ્યાપારના જે નિયમોને અનુસરતા એ જ નિયમો ઉપર વર્ણવેલી શબ્દસ્વરૂપની વિક્રિયાના નિયામક હતા એ વાત લક્ષ આકર્ષે હેવી છેઃ–કેટલાએક પ્રસંગોએ ફારસીમાંથી થતા સંક્રમણને લગતા નિયમો સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં થતા સંક્રમણના નિયમોના જેવા હતા. આ ઉક્તિના નિદર્શન તરીકે કેટલાએક ઉદાહરણો યદૃચ્છાએ લઈને આપુંછું:—

(૧) વ્યત્યય એટલે વર્ણોની અદલબદલ; જેમ કેઃ–

ફારસી (અરબી) अमानत, ગુજરાતી अनामत; આ વિધિ હેમચન્દ્ર પોતાના વ્યાકરણમાં ૮–૨–૧૧૬ થી ૧૨૪ સૂત્રોમાં વર્ણવેછે, જેનાં ઉદાહરણોઃ—

પ્રાકૃત वाणारसी (જેમાંથી बनारस થયું), સંસ્કૃત वाराणसीમાંથી; પ્રાકૃત अलचपुर, સંસ્કૃત अचलपुरમાંથી; ઇત્યાદિ.

---

૩૪ આ ગમ્મતમાં ખેલનારાઓમાંનો એક જણ ફારસી કવિતાની એક ર્બત બોલતો અને ત્યહાર પછી બીજો એ ર્બતના અન્ત્ય વર્ણથી શરૂ થતી બીજી ર્બત બોલતો; અને એમને એમ રચાતી જતી કાવ્યશૃંખલાને હિંડોળે ઝૂલતાં રસિકહૃદયોમાં અત્યન્ત ઉત્સાહ જામતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(સં.) बिडालमांथी (ગુજરાતી) बिलाडी થયું તે પણ એ જ નિયમે.[૩૫]

(૨) स्वराणां स्वराः प्रायोऽपभ्रंशे (सि. हे. ८–४–३२८); આ નિયમ અનેક સ્વરવિકૃતિનો ખુલાસો આપેછે. અને શબ્દના આદિમાં એક સ્વર ઉમેરાયછે એ વાત ગુજરાતી વાગ્વ્યાપારનું એક વિશિષ્ટ લક્ષણ છે. આ બંને નિયમોની ક્રિયા ગુજરાતી શબ્દ आबेहूबમાં જોવામાં આવેછે, જે અરબી हूबहूમાંથી નીકળ્યોછે.

(૩) કેટલાએક શબ્દોમાં ए અને ओનો વિવૃત ઉચ્ચાર થાયછે એ ગુજરાતીનું એક ખાસ લક્ષણ છે. એ શબ્દોની રૂપરચનામાં પ્રયુક્ત થતા નિયમોની ચર્ચા આ પછીના એક વ્યાખ્યાનમાં હું કરીશ. અહિંયાં એટલું જ કહેવું બસ થશે કે (સંસ્કૃત કે પ્રાકૃતમાંથી ગુજરાતીમાં સંક્રાન્ત થતા શબ્દોમાં પ્રવૃત્તિ પામતો) આ નિયમ ફારસી કે અરબીમાંથી ગુજરાતીમાં આવતા શબ્દોમાં પણ પ્રવર્તેછે; જેમ કે:

| અરબી કે ફારસી | ગુજરાતી |
|---|---|
| कौल (कव्ल) | कॅाल |
| गैरत (गय्रत) | गॅरत |
| हैरान (हय्रान) | हॅरान |
| ऐब (अय्ब) | ॲब[૩૬] |
| गैब (गय्ब) | गॅब |
| गैर (गय्र) | गॅर (गॅरवाजबी ઇત્યાદિમાં) |

ઇત્યાદિ ઇત્યાદિ.

(સૂચના–मात्र वगेरे (અરબી वगैरह)માં गेनो ए વિવૃત નથી. આ અપવાદ ગણાવો જોઇયે.)

शहॅर (ફા. शहर), कॅर (ફા. कहर), झॅर (ફા. झहर) અને હેવા શબ્દોમાં एનો વિવૃત ઉચ્ચાર ઉપજાવતા ક્રમમાં કેટલાએક આન્તર વિકારોનો સમાવેશ થાયછે તે અન્ય વ્યાખ્યાનમાં યોગ્ય સ્થાને હું વર્ણવીશ.

---

૩૫ Linguistic Survey of India (ભરતખંડની ભાષાઓનું સમગ્રદર્શન) એ નામના ગ્રન્થમાં (પુ. ૯. ભાગ ૨ પૃષ્ઠ ૩૩૧ પેરા ૬ માં) સર જ્યોર્જ ગ્રીઅર્સન બિલાડી શબ્દને ड (ડો, ડી, ડું) પ્રત્યય લગાડવાથી થયેલા શબ્દો પૈકી આપેછે. આ એક સ્પષ્ટ ભૂલ છે. હેમણે આપેલું ઉદાહરણ કૂકડો પણ એટલું જ ભૂલ ભરેલું છે; बिडाल-बिलाडમાં તેમ જ कुक्कुट-कुक्कुडो-कूकडो હેમાં ड છે તે શબ્દનો અન્તર્ગત છે, પ્રત્યયરૂપ નથી.

૩૬ વિવૃત સ્વરને અવળી માત્રાવડે દર્શાવવાનો હોવાથી મ્હેં ઉદ્દેશપૂર્વક ऍ ઉપર માત્રા મૂકીછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૪) અન્ત્ય एह्[૩૭]નો ओ (નરજાતિ) અને उं (નાન્યતર) થાયછે; જેમ કેઃ-

| ફારસી કે અરબી | ગુજરાતી |
|---|---|
| पर्देह् | पड्दो |
| मुर्देह् | मड्दुं |
| प्योदेह् | प्यादुं |
| खज़ानेह् | खजानो |
| तक्रियेह् | तकियो |
| नकारेह् | नगारुं |
| प्यालेह् | प्यालो |

ઇત્યાદિ ઇત્યાદિ.

બીજી બાજૂ, હાવા અન્ત્ય પદ વિનાના, પણ માત્ર વ્યંજનવાળા, શબ્દોમાંથી ગુજરાતી શબ્દો અન્ત્ય अવાળા થાયછેઃ—

| ફારસી કે અરબી | ગુજરાતી |
|---|---|
| मर्द् | मरद |
| बाग् | बाग |
| फिकर् | फिकर, फकर |

ઇત્યાદિ ઇત્યાદિ.

આ તત્વ સંસ્કૃતજન્ય શબ્દોમાં પ્રવર્તતા એક નિયમને મળતુ આવેછે; તે એ કે अक અન્ત્યવાળા સંસ્કૃતશબ્દો, અપભ્રંશમાં અન્ત્યપદનો अउ થયા પછી, ગુજરાતીમાં ओ અન્ત્યવાળા શબ્દોરૂપે આવેછે, અને क પ્રત્યય વિનાના અકારાન્ત સંસ્કૃતશબ્દો ગુજરાતીમાં અન્ત્ય अ વાળા બનેછે; જેમ કે.

| સંસ્કૃત | અપભ્રંશ | ગુજરાતી |
|---|---|---|
| दन्तकः | दंतउ | दांतो |
| हस्तकः | हत्थउ | हाथो |
| दन्तः | दंतु | दांत |
| हस्तः | हत्थु | हाथ |

ઇત્યાદિ ઇત્યાદિ.

ફારસી અને અરબીમાંથી ગુજરાતીમાં સંક્રમણ થતી વેળા, अन्त्य ओ (કે उं) પ્રાપ્ત થયા પ્હેલાં, હેવો જ अउ ઉચ્ચાર અલક્ષિતરીતે થયેલો હોવો જોઇયે, હેવી કલ્પના થઈ સકે.

---

૩૭ एह्માંનો ए અત્યન્ત લઘુ છે; હેનો લગભગ अह् જેવો ઉચ્ચાર છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૫) ज़ નો ગુજરાતીમાં ज થાયછે; જેમ કે नज़र (ફા.) नजर (ગુ.); काज़ी (ફા.) काजी (ગુ.); बाज़ी (ફા.) बाजी (ગુ.); ज़िल्ह् (ફા.) जिल्हो (ગુ.); ज़िद (ફા.) जिद (ગુ.) मिज़ाज (ફા.) मिजाज (ગુ.); ઇત્યાદિ.

આ શબ્દો પૈકી મિજ઼ાજમાં પ્રથમ વ્યત્યય થયો હોય એમ જણાયછે, અને એથી અવાન્તરરૂપ मिजाज़ થઇને અન્ત્ય ज़ નો ज થતાં मिजाज બનેછે. અને એ રૂપ સૂરત અને ભરૂચ શિવાય ગુજરાતમાં સર્વત્ર વપરાયછે; જ્યહારે સૂરત અને ભરૂચ પ્રદેશના લોકો ज़ નો स કરીને मिजास રૂપ વાપરેછે. પરંતુ હેનો શિષ્ટ રૂપ તરીકે સ્વીકાર થતો નથી, કારણ કે શિષ્ટત્વનો નિર્ણય કરવામાં તો સુશિક્ષિત વર્ગોનાં લખાણોમાં અને સંભાષણમાં થતા સાધારણતમ પ્રયોગને જ પ્રમાણ ગણવામાં આવેછે.

આ નિયમ ફારસી અને ગુજરાતી વચ્ચેના સંબંધનો એક અનન્ય-સાધારણ વિશેષ છે, કારણ કે સંસ્કૃતમાં અને અન્ય ભારતવર્ષીય ભાષાઓમાં એ ज़ ઉચ્ચાર અપરિચિત છે.

(૬) અર્થનું અન્યથાભાન થતાં શબ્દોનો અપપ્રયોગ થાયછે, જેમ કે (અરબી) तर्फ़ (એકવચન), तर्फ़ैन (દ્વિ. વ.); (ગુજરાતી) तरफेण.

અરબી શબ્દ तर्फ़ैननो અર્થ "બે બાજૂઓ" થાયછે, જ્યહારે શબ્દના મૂળ અર્થથી અજાણ લોકો तरफेण શબ્દને ગુજરાતીમાં तर्फ़-એક બાજૂ-ના અર્થમાં વાપરેછે.

(આ ઘટનામાં શબ્દના સ્વરૂપમાં ફેરફાર થતો નથી; પરંતુ અન્યથા-બુદ્ધિના નિયમનું ઉદાહરણ આપવા હેનો અહિંયાં સમાવેશ કર્યોછે.)

(૭) વ્યંજનોમાં પ્રાણોપચય થાયછે, એટલે કે અલ્પપ્રાણ વ્યંજનો મહાપ્રાણ બનેછે; જેમ કે—

| ફારસી કે અરબી | ગુજરાતી |
|---|---|
| वक्त | वखत |

સંસ્કૃત અને પ્રાકૃતમાંથી ગુજરાતીમાં આવતા ઘણા શબ્દોમાં આ વિકાર થતો જેવામાં આવેછે;—

| સંસ્કૃત | પ્રાકૃત કે અપભ્રંશ | ગુજરાતી |
|---|---|---|
| कोणकः | कोणउ | खूणो |
| ज्वाला | जाला | झाळ |
| कान्तः | कंतु | कंथ |

ઇત્યાદિ, ઇત્યાદિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૮) कने સ્થાને ग.

| ફારસી કે અરબી | ગુજરાતી |
| --- | --- |
| नकारह् | नगारुं |

આ ફેરફારને અપભ્રંશમાં થતો સિ. હે. ૮-૪-૩૯૬ માં બતાવ્યોછે; વળી પ્રાકૃતમાં કેટલાક શબ્દોમાં પણ એ થાયછે (સિ. હે. ૮-૧-૧૮૨[૩૮]).

કેટલાએક પ્રસંગોએ ગુજરાતીમાં પણ એ ફેરફાર થાયછે; જેમ કે

| સંસ્કૃત | ગુજરાતી |
| --- | --- |
| पर्यंकः | पलंग |
| द्विककः | बगडो |
| एकादश | अगियार |
| एकोन | ओगण (ओगणीस ओगणत्रीस ઇત્યાદિમાં). |
| लग्नकालः | लगनगाळो |

(૯) इ કે उ (અન્ત્યેતર) નો अ થાયછે; જેમ કે

| ફારસી | ગુજરાતી |
| --- | --- |
| मुर्देह् | मडदुं |
| मुर्ग(=પક્ષી) | मरघ (ડું)=કુકડો; मरघो मरघी [૩૯] |
| फिकर् | फकर |

ઇત્યાદિ

સંસ્કૃત કે પ્રાકૃતમાંથી ગુજરાતીમાં સંક્રાન્તિ પામતા શબ્દોમાં આ ફેરફાર બહુ પ્રવર્તમાન છેઃ-જેમ કે

| | ગુજરાતી |
| --- | --- |
| विना (સં), विणु (પ્રા.) | वना |
| तिल (સં, ને પ્રા.) | तल |
| चिनोति (સં.) / चिणइ (પ્રા.) | चणे |
| मुद्ग (સં.) / मुग्ग (પ્રા.) | मग |
| लुनाति (સં.) / लुणइ (પ્રા.) | लणे |

ઇત્યાદિ ઇત્યાદિ.

---

૩૮ मरकतं-मरगयं, मदकलः-मयगलो, कंदुकं-गेंदुअं.

૩૯ અર્થવિપરિણામ માટે અંગ્રેજી શબ્દ *fowl* સરખાવો; હેનો મૂળ અર્થ કોઇ પણ પક્ષી થતો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૂળભાષા સંસ્કૃત કે પ્રાકૃત હોય, અથવા ફારસી કે અરબી હોય, તો પણ શબ્દના સંક્રમણ દરમ્યાન એક જ કે એક સરખા વાગ્વ્યાપારના નિયમોની કેટલી વિસ્તીર્ણ પ્રવૃત્તિ થાયછે, એ દર્શાવવાને આ ઉદાહરણો પૂરતાં થશે. આપણે જોઇયેછિયે કે આજે પણ આપણી ભાષાઓમાં સંક્રાન્ત થતા અંગ્રેજી શબ્દો હેવા જ વાગ્વ્યાપારના નિયમોને અનુસરેછે. ઉદાહરણ તરીકે, અંગ્રેજી agreementનું આપણી ભાષાઓમાં गिरमिट થાયછે અને અસ્વરિત આદ્ય સ્વરનો પ્રાયઃ લોપ થાય, એ નિયમની અહિંયાં આપણે પ્રવૃત્તિ જોઇયેછિયે. Doctor ને બદલે दागदर કહેતા હિંદી બોલતા ગામડીઆઓ दाकतरમાં રહેલા અલ્પપ્રાણ અઘોષ (કઠોર) क અને तને ઘોષ (મૃદુ) બનાવેછે, જે બનાવ अपभ्रंशમાં બહુ સાધારણ છે.

મરાઠીમાંથી પણ યોગ્ય ઉદાહરણો મળી આવશેઃ—

(૧) ફારસી ज़ નો મરાઠીમાં द થાયછેઃ—

| ફારસી | મરાઠી |
|---|---|
| आज़माइश | अदमास |
| बुज़र्ग | बुदरुक (જેમ કે हिंगणे बुदरुक, ऊपलाई बुदरुक ઇત્યાદિ, ગામડાંનાં નામોમાં). |

(૨) व्यत्यय

ફારસી बाद अज़ सलाम

મરાઠી बाजत सलाम

(૩) ફારસીમાં રહેલો ઘોષ વ્યંજન મરાઠીમાં અઘોષ બનેછેઃ—

| ફારસી | મરાઠી |
|---|---|
| बुज़र्ग | बुदरुक (ઉપર આપેલાં ગામનાં નામોમાં) |
| बाद अज़ सलाम | बाजत सलाम |

આમ અઘોષ બનવાનું કારણ પ્હેલા ઉદાહરણમાં એ છે કે ग અન્ત્ય વ્યંજન (ग्) તરીકે રહેલોછે, અને બીજા ઉદાહરણમાં કારણ એ છે કે (ज़ ની સાથે ઉપર દર્શાવ્યા પ્રમાણે વ્યત્યય પામેલો) द ચોખ્ખા વ્યંજન તરીકે ઉચ્ચારાયછે અને હેની પછી स આવેછે. હાવી ઘટના સંસ્કૃતના संधिकार्यમાં બહુ પરિચિત છે.

હવે આપણે ત્વરાથી ગુજરાતના ઇતિહાસમાંના મરાઠી સમય તરફ મરાઠાઓનો સમય; પ્રયાણ કરવું જોઇશે. ગુજરાતસાથેના મરાઠાઓના સંબંધહેના ત્રણ અવચ્છેદ. ના નીચે પ્રમાણે ત્રણ અવચ્છેદ પડેછેઃ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧ લૂંટફાટના ઉદ્દેશવાળાં આક્રમણોનો સમય, ઈ. સ. ૧૬૬૪ થી ૧૭૪૩ પર્યંત, જે દરમ્યાન મરાઠાઓ હજી આ પ્રદેશમાં પ્રતિષ્ઠિત ન્હોતા થયા.

૨ ભાડૂતી સાહાય્યનો સમય, ઈ. સ. ૧૭૪૩ થી ૧૭૬૦, જે દરમ્યાન મુસલમાન અમલદારોના ઝગડાઓમાં વચ્ચે પડીને મરાઠાઓ પોતાનાં સૈન્યો મદદે મોકલતા હતા અને ક્રમશઃ ભૂમિ પ્રાપ્ત કરતા જતા હતા.

૩ આધિપત્યનો સમય, ઈ. સ. ૧૭૬૦ થી ૧૮૦૧, જે દરમ્યાન પેશ્વાઓની સત્તા કરતાં ગાયકવાડની સત્તા વખતે વખતે વધારે હતી.

ઈ. સ. ૧૮૦૨ પછી મરાઠા આધિપત્ય નષ્ટ થયું અને સર્વોપરિ સત્તા વસ્તુતઃ બ્રિટિશના હાથમાં ગઈ.

સમસ્ત મરાઠાસમય દરમ્યાન દેશના ઇતિવૃત્તના વિધાતા, લોક કરતાં ઘણે મ્હોટે અંશે, સરકાર અને હેના પ્રતિનિધિયો હતા. આર્થિક લાભ ઉપરાંત મરાઠાઓને ગુજરાતની કાંઈ દરકાર ન્હોતી. શિવાજીનો મુખ્ય ઉદ્દેશ ધન લૂંટવાનો હતો, અને એથી વ્હેપારી અને કારીગર લોકને સૌથી વધારે હાનિ પ્હોંચી. ત્વરાથી કાર્ય સાધી લેવું એ હેનો સિદ્ધાન્ત હોઈને હેનાં આગમનો અલ્પકાલિક હતાં અને હેની અસર ક્ષણિક હતી. પોતાના સવારો લઈ જઈ સકે તેટલી લૂંટ એ ઘસડી જતો. આક્રમણસમયે હેની સાથે સ્ત્રિયો કે પરિચારકો આવતા જ ન્હોતા, અને મ્હોટો દંડ આપી સકે હેવા કેટલાક ધનિકો શિવાય કોઇને તે પકડી જતો નહિં. સ્ત્રિયો અને કૃષિકારોને પકડતો જ નહિ. પરંતુ મરાઠાઓની લૂંટફાટોના ઉત્તરકાલમાં આ આક્રમણોની ગતિ મન્દમન્દ થતી ગઈ અને સામર્થ્ય વધતું ગયું. હવે તો લૂંટેલી સંપત્તિનાં ગાડાંઓ ભરીને દક્ષિણમાં લઈ જવામાં આવતાં અને પાછળના રસ્તાઓનું અને પર્વતમાર્ગોનું મરાઠાઓ રક્ષણ કરતા જતા હતા.

પેશ્વા અને મરાઠા દાભાડે વચ્ચેના આન્તરકલહો એટલા પ્રખ્યાત છે કે હેનું વિસ્તીર્ણ વર્ણન કરવાની જરૂર નથી. હેને પરિણામે ગુજરાત વર્ષો સુધી વ્યવસ્થાહીન દશામાં રહ્યો અને અન્તે ખરી સત્તા ગાયકવાડના હાથમાં ગઈ. બીજી વાત એ ધ્યાનમાં રાખવાની છે કે ગુજરાતમાં ત્હેમની સત્તા હતી તે દરમ્યાન મરાઠાઓને કોંકણમાંથી અને ઘાટપરથી સૈનિકો લાવવા પડતા; અમુક કારણોને લીધે ગુજરાતના લડાયક વર્ણો અને અસલી અનાર્ય જાતિયો મરાઠાઓની સેનાના ઉપયોગમાં ન્હોતાં આવતાં. મરાઠા સૈન્યની નિવાસભૂમિ સર્વદા દક્ષિણમાં હતી, અને મરાઠાઓ ગુજરાતમાં પ્રતિષ્ઠિત થયા ત્યારપછી એ અનેક વર્ષો પર્યંત તેમનું સૈન્ય જન્મભૂમિમાં વર્ષાઋતુ ગાળવા નિયમિત રીતે જતું. ત્હેમના નેતાઓ પણ દક્ષિણમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજધાનીની સમીપમાં બને તેટલું રહેતા. મરાઠાઓના મેળવેલા પ્રદેશોનું વ્યવસ્થાયોગ્ય એકરૂપે દઢીકરણ કરવાપૂરતું સૈન્ય ગુજરાતમાં રાખવામાં આવતું ન્હોતું. પરિણામે મરાઠાઓનું આધિપત્ય એટલી ત્વરાથી વિનષ્ટ થયું કે દેશના તન્ત્રમાં મળી જઈને તદ્રૂપ થવાનો ત્હેને સમય જ ન રહ્યો; અને વસ્તુસ્થિતિ વિચારતાં આ પરિણામ સ્વાભાવિક હતું એમ જણાયછે, કારણ કે શાસનકર્તાની નિવાસભૂમિથી દૂર રહેલા આ પ્રદેશની શાસનપ્રણાલી સુવ્યવસ્થ નયસિદ્ધ રાજ્યતન્ત્રરૂપ ન્હોતી પરંતુ યુદ્ધસમયના લશ્કરી અધિકાર જેવી હતી; પ્રધાન પાત્રો અને સત્તાવાહી પુરુષો આન્તર ઈર્ષ્યા અને કલહને લીધે વિશ્લિષ્ટ હતા; કેન્દ્રભૂત અધિકારીને પોતાને સ્થાનિક શાસનકર્તા તરફ શંકા અને દ્વેષબુદ્ધિ હતી; આ દુર્વૃત્તિયો તેમ જ સ્થાનિક અધિકારીઓની અદૂરદર્શિતાને લીધે ભૂતપૂર્વ તન્ત્રમાંથી એક સમયોચિત રાજ્યતન્ત્ર ઘટાવવાનું બન્યું નહિં અને એથી શાસનવ્યવસ્થા ચેતનહીન અને સ્તબ્ધરૂપ બની, વિદેશીય લોક ઉપર દેશ બ્હારથી નાંખેલી ધૂંસરી જેવી થઈ રહી, દેશમાં જ ઉદ્ભવેલી વ્યવસ્થા જેવી ન બની.

*ઇતિહાસમાં નથી વર્ણવી હેવી દેશની ભાષાપર થયેલી મરાઠાસંસર્ગજન્ય અસરો.*

મરાઠાઓના આગમન અને આધિપત્યના આ સમય દરમ્યાન અને તે પછી તરતમાં સાહિત્યવિષયક જીવન અને પ્રવૃત્તિના પરિમાણનો કે અભાવનો વિચાર કરતાં આ સર્વ ધ્યાનમાં રાખવા લાયક લક્ષણભૂત પ્રસંગો સ્મૃતિમાં રાખવાના છે. પરંતુ આ સમયમાં કેટલીએક હેવી સંસ્થાઓ હતી ખરી કે જે વર્ણવવાનો ઇતિહાસકારોએ શ્રમ જ નથી લીધો પણ જે આપણા પ્રસ્તુત અભ્યાસમાં ઉપયોગી થાય એમ છે. ઉદાહરણ તરીકે, દક્ષિણાની પદ્ધતિ અને તે સંબંધે શાસ્ત્રીઓની સ્પર્ધા, જે વિશે આપણને વિશ્વાસયોગ્ય દંતકથા અને અન્ય પ્રભવોમાંથી માહિતી મળેછે, તે હાવી સંસ્થા હતી. મરાઠાઓની ભાષા અને સંસ્થાઓએ ગુજરાતની ભાષા અને સંસ્થાઓને અર્પેલા, ભિન્નભિન્ન સામર્થ્ય અને ગૌરવ યુક્ત, અનેક સંસ્કારોનું પ્રત્યક્ષ કે પરોક્ષ મૂળ આ સ્પર્ધાઓમાં જ હતું. આ સમય દરમ્યાન એક વખત તો સંસ્કૃત અધ્યયન અને દક્ષિણી બ્રાહ્મણોનો અવિનાભાવરૂપ સંયોગ હતો, તે એટલે સૂધી કે ગુજરાતી શાસ્ત્રીઓ માહારાષ્ટ્ર બ્રાહ્મણોની પાઘડી પણ પ્હેરવા લાગ્યા, અને પરિણામે એ અમુક પ્રકારની પાઘડી વિદ્વત્તાનું ચિહ્ન લેખાવા લાગી, અને હવે તો ગુજરાતના બ્રાહ્મણવર્ણની કેટલીક શાખાઓમાં માથાના પ્હેરવેશ તરીકે સ્થાન પામીછે. (અદ્યાપિ, વધારે નહિં તો એક શાખામાં, બે પ્રકારની પાઘડી પ્હેરાયછે જ, સામાન્યવર્ગ સાધારણ ગુજરાતી (ગોળ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આકારની ) પાઘડી પ્હેરેછે જ્હારે તેઓમાંનો શાસ્ત્રી અને પુરાણી વર્ગ દક્ષિણી બ્રાહ્મણની પાઘડી પ્હેરેછે.)

આ તો એ સ્પર્ધાઓનું સૂચક એક અલ્પ તત્ત્વ હતું. એક વખત હેમાંથી એવી ઉગ્ર અહમહમિકા અને ઈર્ષ્યાઓ ઉદ્દભવી હતી કે ગુજરાતી અને દક્ષિણી બ્રાહ્મણો, છેક ઉચ્ચારપદ્ધતિની વાતમાં પણ, એકબીજાનાં છિદ્ર સોધતા. ગુજરાતીઓના સંસ્કૃતના ઉચ્ચારને ભ્રષ્ટ ગણીને દક્ષિણી બ્રાહ્મણો ગર્હણા કરતા અને આ વૃત્તિમાંથી પ્રચલિત શ્લોક ઉદ્દભવ્યોઃ—

तुलसी तलसी जातो (ता) मुकुन्दोऽपि मकन्दकः ।
गुर्जराणां मुखं भ्रष्टं (प्राप्य) शिवोऽपि शवतां गतः ॥

મ્હને બરાબર યાદ છે કે સ્વર્ગસ્થ શાસ્ત્રી વ્રજલાલ કાલિદાસ[૪૦] આ ગર્હણાવૃત્તિનો ઘણા ક્રોધથી તિરસ્કાર કરતા અને કહેતા કેઃ—

"આ દખણી બ્રાહ્મણો આપણા પર ઉચ્ચાર ભ્રષ્ટ કરવાનો દોષ મૂકેછે; હેમનેજ પૂછો કે ऌનો ઉચ્ચાર શો; તેઓ હેમાં અવશ્ય રકારનો ઉચ્ચાર કરશે. એ માટે તો હેમની જીભ ખેંચી કાઢવી જોઇયે !" (શાસ્ત્રી ક્રોધશીલ હતા). એક વખત આ પરસ્પર દ્વેષભાવ કેવી ઉગ્ર કોટિયે પ્હોચ્યો હતો એ દર્શાવનારી વાત મ્હને એક વૃદ્ધ શાસ્ત્રીએ કહી હતીઃ કે ગુજરાતી સ્ત્રીઓના પોશાક વિષયે પ્રતિપક્ષીવર્ગે ટીકા કરી હતી અને ગુજરાતી શાસ્ત્રીઓએ હેનો ઉત્તર આપ્યો હતો.

આ સમયે એ બે કોમવચ્ચે સાહિત્યક્ષેત્રમાં કેટલો નિકટ સંસર્ગ હતો એ દર્શાવવા માટે જ હું આ ન્હાના પ્રસંગો વર્ણવુંછું. પરતુ આટલું તો વિશેષતઃ લક્ષમાં રાખવાનું છેઃ કે એ સંસર્ગ સંસ્કૃત પંડિતવર્ગમાં જ હતો, અને બહુતમાંશે સંસ્કૃત અધ્યયન વિષયે જ હતો. બંને પ્રચલિતભાષાઓ

---

૪૦ વિક્રમ સંવત્‌ના વર્તમાન સૈકાના પૂર્વાર્ધમાં ત્હેઓ વિદ્યમાન હતા, મરણ પામ્યા વિ. સં. ૧૯૪૯ના કાર્તિક વદિ ૧૦મને દિવસે (= ૧૧ મી ડીસેમ્બર ૧૮૯૨ ઈ. સ.):– એ શાસ્ત્રીએ કરેલા અનુવાદ સાથે વિ. સં. ૧૯૫૪માં પ્રગટ કરેલા वैशेषिकसारમાં આપેલો રા. રા. તનસુખરામ મ. ત્રિપાઠીએ લખેલો હેમનો જીવનવૃત્તાન્ત જુવો. પોતાના વતન (નડિયાદ તાલુકા ખેડા ડિસ્ટ્રિક્ટના) મલાતજ ગામમાં નિવૃત્તિસમયમાં રહેતા હતા ત્હાંથી વિ. સં. ૧૯૪૨ના ભાદ્રપદ શુદિ પૂર્ણિમાને દિવસે લખેલો હેમનો પત્ર મ્હારી પાસે છે. ત્હારે પોતાનું વય ૬૦ વર્ષનું હતું એમ એ પત્રમાં તેઓ જણાવેછે. એટલે હેમનો જન્મ વિ. સં. ૧૮૮૨માં થયો ગણાય. દુર્ભાગ્યે રા. રા. તનસુખરામ ત્રિપાઠીએ આપેલા વૃત્તાન્તમાં શાસ્ત્રીની જન્મતિથિ નથી આપી તેથી મ્હારે આ ગણના પર આધાર રાખવો પડેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વચ્ચેના વાસ્તવિક ભાષાવિષયક સંસર્ગનો પ્રારંભ પણ એ જ સમયે થયો એ નિઃસંદેહ છે, પરંતુ એ સંસર્ગ સામાન્ય પ્રજામાં જ હતો અને હેની ગુજરાતી ભાષાપર પ્રમાણમાં ઘણી ઓછી અસર થઇ. હેનાં કારણો સોધિયે તો મરાઠા સમયના સંક્ષિપ્ત વૃત્તાંતમાં દેખાડેલા બંને જાતિયો વચ્ચેના આછા અને ક્ષણિક સંસર્ગમાં જડે એમ છે.[૪૧] પરિણામ એ આવ્યું કે नाईवाडो[૪૨] (અમદાવાદની એક શેરીનું નામ) અને હેવા છૂટક શબ્દો એ સંસર્ગના ચિહ્નરૂપે અદ્યપર્યન્ત ગુજરાતીમાં ટકી રહ્યા છે. મરાઠા સમયના અને તે પૂર્વના પણ ગુજરાતી સાહિત્યમાં જોવામાં આવતા परियट[૪૩] (ધોબી), लबाड[૪૪] (જૂઠો) ઇત્યાદિ શબ્દો તો મરાઠી તેમ જ ગુજરાતીમાં સ્વતન્ત્રરીતે એક જ મૂલમાંથી, એટલે કે પૂર્વકાલીન દેશ્ય કે પ્રાકૃત ભાષામાંથી, આવ્યા હોવા જોઇયે એ લક્ષમાં રાખવાનું છે. હાનો સવિશેષ પૂરાવો એ છે કે મરાઠીમાં परीट શબ્દ છે તે તો મૂલ દેશ્ય શબ્દનું દૂરતર રૂપાન્તર છે પરંતુ ગુજરાતી શબ્દ મૂલને નિકટતર છે, કારણ કે મૂલશબ્દ परियट्टो છે, (હેમચન્દ્રકૃત देशीनाममाला વર્ગ ૬ ઠો, શ્લોક ૧૫ મો જુવો). આ સ્થળે થોડાંક બીજાં ઉદાહરણો તપાસવાં ઉપયોગી થશેઃ-

(अ) आई (=મા), આ શબ્દ મરાઠીમાં પરિચિત છે પરંતુ સાધારણતઃ ગુજરાતીમાં અજ્ઞાત છે, માત્ર અલ્પ સ્થળોએ એ શબ્દ ગુજરાતીમાં વપરાયોછે; જેમ કે—

(૧) बेडो बाई बूडतो ह्यारो रे
अंबे आई पार उतारो;

---

૪૧ આ ઘટના, કાંઇક વિશિષ્ટતા છતાં, ભરતખંડપરની ગ્રીક અસર સાથે સામ્ય ધરાવેછે; ગ્રીક સંસર્ગ સિકન્દરના સમયથી મિનેન્ડરના સમય પર્યન્ત (ક્વ્હાંક વિચ્છેદ પામતો) ચાલ્યો તે છતાં પણ એ અસર બાહ્યતલને સ્પર્શતી અને અલ્પજીવિની જ હતી; અને મિ. વિન્સેંટ એ. સ્મિથ (The Early History of India, પૃષ્ઠ ૨૨૫ બીજી આવૃત્તિમાં) લખેછે તે પ્રમાણે "ગ્રીક અસર હિન્દુ સંસ્કૃતિની બહિઃ તે સીમાને પણ ભાગ્યે જ પ્હોચી સકી હતી, અને ભારતીય સંસ્થાઓમાં કાંઈ તાત્ત્વિક વિકાર કરવાને અસમર્થ થઇ હતી." આ ભાષાવિષયક અસરને પણ એટલું જ લાગૂ પડે છે.

૪૨ સંસ્કૃત नापितः (સિ. हे. ८-१-२३० થી) नाविओ કે ण्हाविओ થાયછે. સર્વથા શક્ય છે કે नाई શબ્દ પ્હેલા રૂપમાંથી ગુજરાતીમાં આવ્યો હોય અને પછી લુપ્ત થયો હોય અને न्हावी શબ્દ મરાઠીમાં બીજા રૂપમાંથી આવ્યો હોય.

૪૩ (વિ. સં. ના ૧૮ મા સૈકાના) શામલની नंदबत्रीशी કડી–૨૭ ને ૩૩ જુવો. (बृ, का. दो. ग्रं. १, पृ. ३४१)

૪૪ नर्मकोश માં क પૃષ્ઠે ૧૯ મા સૈકાની ભાષાના નમૂનાનો ઉતારો જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(२) आई ए समोवड को नहिं;[४५]

(૩) કાઠિયાવાડના કાઠીઓ "બાપની મા"ના અર્થમાં આઈ શબ્દ વાપરેછે.

અત્યન્ત સંભવિત છે કે આઈ શબ્દ સંસ્કૃત आर्यामांथी નીકળ્યો હોય કે તેની સાથે સંબંધ ધરાવતો હોય; आर्यामांथी પ્રાકૃત अज्जा અને મરાઠી आजी થાયછે. શૌરસેની અને માગધી તેમ જ પાલીમાં अय्या બને; જે પણ આઈનું મૂળ હોઈ સકે. (સંસ્કૃત आर्य=સસરો, आर्यपुत्रमां છે તેમ, (સ્ત્રી પતિને आर्यपुत्र કહી સંબોધેછે), અને आर्या=સાસૂ.)

(૪) वडीआई કે वडियाई અર્વાચીન ગુજરાતીમાં "માની મા"ના અર્થમાં પ્રચરિત છે. (वडी=મ્હોટી અને आई=મા)

(आ) आपो કાઠીઓમાં પુરુષને માનપૂર્વક સંબોધવામાં વપરાયછે. આ પ્રયોગ આપના અર્થમાં હશે, અથવા તો बापाના અર્થમાં હોવાનો વધારે સંભવ છે. आप શબ્દ સંસ્કૃત आत्मन्, દેશ્ય अप्पामांथी નીકળ્યોછે અને હેને દ્રાવિડ अप्पा એટલે 'બાપ' હેની સાથે સંબંધ છે. (કાનડી अप्पा=બાપ). પ્રધાન અર્થ પોતે હોઈને એ એક સંમાન દર્શાવનારો શબ્દ હોવો જોઇયે; જેમ ગુજરાતી માં पोते શબ્દનો પ્રધાન અર્થ "પંડે" "જાતે," થાયછે અને પોતે ઘરમાં છે કે? હેવાં વાકયોમાં એ માનાર્થે વપરાયછે. મરાઠીમાં अप्पा પુરુષોનાં વિશેષનામો-માં જ વપરાયછે (એટલે કે હૂલામણાં નામોમાં), જેમ કે अप्पा साहेब, अण्णा साहेब ઇત્યાદિ.

(એક કાઠી દરબાર વિશેની એક મશ્કરી મ્હારા સાંભળવામાં આવીછે; દરબારને સી. આઇ. ઈ. નો ખેતાબ મળ્યો એટલે કાઠીલોક કહેવા લાગ્યા કે-

"खाचर तो आपो मटीने आई थ्या".

(इ) भांग એટલે (મરાઠીમાં) હોળેલા કેશ જ્યહાંથી બે ભાગમાં પડેછે તે મધ્યરેખા; અર્વાચીન ગુજરાતીમાં જેને સેંથી કહેછે તે.

ઈ. સ. ના ૧૭ મા સૈકામાં થયેલા વલ્લભ ભટના "शणगारनो गरबो" નામના કાવ્યમાં છે કેઃ—

૪૫ મુરારિકૃત "ईश्वरविवाह" હસ્તલિખિત નકલ ઉપર વિ. સં. ૧૬૭૫ લખીછે. बृहत् काव्यदोहन કહેછે કે મુરારિ ક્યહાંથી આવ્યો એ વિદિત નથી. કાઠિયાવાડમાં થયો હશે? કારણ કે તેણે तेवतेवडी શબ્દ વાપર્યોછેઃ—

तेवतेवडीए ताणीओ पार्वतीकेरो हाथ   बृ. का. दो. ग्रं. ६ पृ. ४७४

तेवतेवडी એ "સમાનવયસ્ક" માટે કાઠિયાવાડી શબ્દ છે; જો કે ખરો કાઠિયાવાડી શબ્દ तवतवडी હોવો જોઇયે.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

"भरी भांग मूगता ते महा मूलनी रे लोक."

અન્યત્ર આમ છે.

"भांग समारुं मोतींडे"

(૩) चीचोडा (અર્વાચીન ગુજરાતી)=कचूका, આંબલીના બીઆં. મરાઠીમાં चिंच=આંબલી છે; સંસ્કૃત चिंचाમાંથી (अमरकोश જુવો.)

આ चिंच શબ્દ ગુજરાતીમાં ફક્ત चीचोडा શબ્દમાં જ છે, અન્યત્ર એ અર્થમાં आंबली શબ્દ વપરાયછે.

(ए) पुढे=આગળ (સંસ્કૃત पुरःમાંથી). આ શબ્દ અર્વાચીન મરાઠીમાં પણ પ્રચલિત છે, પણ ગુજરાતીમાં નથી. તો પણ વિ. સં. ૧૬૯૯ માં રચાયલા सूतकनिर्णयની એક હસ્તલિખિત પ્રતિમાં આ શબ્દ અનેકવાર વપરાયલો મ્હેં જોયોછે.[૪૬] એ પ્રત મ્હને લુણાવાડાના (ગુજરાતી નિશાળના માજી હેડમાસ્તર) રા. છગનલાલ વિ. રાવળે બતાવી હતી.

ગુજરાતી ભાષાના પ્રકૃતિસ્વરૂપને અનુકૂળ ન હોય હેવા મરાઠી શબ્દો દાખલ કરી દેવાનું વલણ અર્વાચીન સમયમાં પણ વડોદરામાં કેટલાક ગુજરાતીઓ દર્શાવેછે એ અહિંયાં કહેવું ઘટેછે; જેમકે

(૧) पान, પાનાંના–પૃષ્ઠના–અર્થમાં; પણ ગુજરાતીમાં पानનો અર્થ "તાંબૂલપત્ર" કે સામાન્યતઃ કોઈ પણ "વૃક્ષનું પત્ર" થાય;

(૨) निदान=છેવટ, at least; જે ગુજરાતીને તદ્દન અપરિચિત છે;

(૩) वाटाघाट=વિવાદ, ચર્ચા; ગુજરાતીને એટલો જ અપરિચિત;

(૪) चळवळ=સંક્ષોભ;

(૫) बळकट=મજબૂત, બળવાન્. ઇત્યાદિ.

---

૪૬ ब्राह्मण ब्राह्मणने बालवा जाए अथवा हीनवर्ण उत्तम वर्णने पुढे जाए तो वस्त्र संघाते स्नान करे (पृ. ७–२, पं. २–३ )

छमास पुढे नव सूधी एक रात्र नव पुढे स्नान पितृविषये मावापने देशपरदेश जोवू नहि ॥ त्रण मास पुढे छमास पर्यन्त पक्षिणि शब्दे एक रात्रि एक दिवस बीजी रात्र पक्षिणी ए बे दिन पामे ॥ (पृ. ४–२, पं. १–४ )

विदेश मरे ने दश रात्रि पुढे सांभळे तो त्रिमास पर्यंत दिन २ मृताशौच. (पृ. ४–१, पं. ६ )

वाक्दान हउआ पुढे परणवा सुद्धि. (पृ. ४–१, पं. १ )

वाक्दान नह (?) पुढे मावाप गोत्रिने तथा भर्तारनु गोत्र. (पृ. ३–२, पं. ८–९).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હાવું વલણુ થવાનું કારણુ રાજ્યકાર્ય સંબંધી પત્રવ્યવહારની અસર અને અનુકરણશીલ સ્વભાવવાળા કેટલાક લોકની નવું ગ્રહણ કરી લેવાની ટેવ એ છે. ઇતર ભાષામાં પરાણે પ્રવેશ કરવાના પ્રયાસમાં હાવા શબ્દો સફળ થાય કે નહિં હેનો ત્રણ તત્ત્વપર આધાર છેઃ (૧) એ પ્રયાસમાં જળવાતી હઠ, (૨) ગ્રહણ કરનારી ભાષામાં હેવા શબ્દોની અપેક્ષાની વાસ્તવિકતા કે અવાસ્તવિકતા અને (૩) ગ્રહણ કરનારી ભાષાના સ્વરૂપ પ્રત્યે હાવા શબ્દોની સ્વગત અનુકૂલતા કે પ્રતિકૂલતા.

**મરાઠા પછીનો સમય.** મરાઠા પછીના સમય વિશે વિસ્તાર કરવાની જરૂર નથી. છેલ્લાં સો વર્ષ દરમ્યાનના ભાષાવિકાસના ક્રમનું જ્ઞાન સર્વને સુલભ છે, અને આપણી ચર્ચાને અંગે તો પોર્ટુગીઝ અને અંગ્રેજી શબ્દોનો આપણી ભાષાઓમાં પ્રવેશ એ તત્ત્વ જ ઉપયોગી છે. હેમાં એ અંગ્રેજી શબ્દો તો એટલા સુવિદિત છે કે હું થોડાંક પ્રકારદર્શક ઉદાહરણો આપીને અટકીશઃ—कलेक्टर, रेलवे, ऑफिस, गवर्नर, टाइमटेबल, स्टेशन, ઇત્યાદિ ઇત્યાદિ.

**પોર્ટુગીઝ શબ્દોનો પ્રવેશ** ફિરંગીઓ હિંદુસ્તાનમાં ઈ. સ. ના ૧૫ મા સૈકાના અન્તમાં આવ્યા એ ખરું; પરંતુ, એ સંપર્ક પરોક્ષ હતો છતાં, એ પછીનાં વર્ષો દરમ્યાન ગુજરાતી ભાષાપર હેની ક્રમવાહિની અસર થઈ હતી. ફિરંગી મૂળમાંથી ઉદ્ભવેલા ગુજરાતી શબ્દોનાં થોડાંક ઉદાહરણો અહિંયાં તપાસીશુંઃ—

| ગુજરાતી | પોર્ટુગીઝ |
|---|---|
| आफुस | Alfonsa |
| पायरी | Pires |
| अननास | Ananas[૪૭] |
| | Ananaz (Century Dictionary) |

૪૭ રા. રા. કૃષ્ણલાલ મોઃ ઝવેરી. આ શબ્દને ફારસી (વસ્તુતઃ અરબી) अयन् उन् नास (લોકની આંખ)માંથી વ્યુત્પન્ન થયેલો માનેછે.

રાજકોટમાં તૃતીય ગુજરાતી સાહિત્ય પરિષદ્ સમક્ષ વાંચેલો હેમનો "केटलाक फारसी शब्दो" વિશેનો લેખ, પૃ. ૩૨ )

આ (અરબીમાંથી) વ્યુત્પત્તિ કૃત્રિમ લાગેછે. એ ફળ દક્ષિણ અમેરિકાનું છે, અને બ્રાઝિલ ભાષાનો શબ્દ ananas, anassa, કે anas છે, અને હેનો પ્રથમ-નિર્દેશ પેરુ ભાષાના nanas થી થયેછે (Century Dictionary).

૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| काफी | Café |
| काजू | Caju |
| इस्कोतरीयो | Escritoria |
| पादरी | Padré |
| मेज | Mesa |
| बटाटा | Batata |
| तमाकु ४८ | Tabaco |

મૉન્સેન્હોર એસ. રોડોલ્ફો ડાલ્ગાડોકૃત "Influencia do Vocabulario Portugues em Linguas Asiaticas"—"પોર્ટુગીઝ શબ્દોની એશિયાની ભાષાઓ પર અસર" એ ગ્રન્થમાંથી.[૪૯]

ઐતિહાસિક અસરો; પ્રાન્તોનો પરસ્પર સંપર્ક.

ભાષાના વિકાસપર અસર કરનાર ઐતિહાસિક ઉપાધિયોનાં અંશભૂત કેટલાંક તત્ત્વોને, વિશેષતઃ ગુજરાતી પરત્વે, હું હવે દર્શાવીશ. દેશમાં પ્રવેશ કરતી વિદેશીય જાતિયો સાથેનો સંસર્ગ આપણે કાંઇક વિસ્તારથી ચર્ચ્યો; લ્હાર પછી હવે પ્રદેશોનો માંહોમાંહેનો સંસર્ગ—એક પ્રદેશનો બીજા પ્રદેશ સાથેનો સંબંધ—તપાસવાનો આવેછે. ભાષાની રચના પર હાવા સંસર્ગની અસરનું પ્રમાણ વિકાસક્રમમાં ભાષા જે સ્થિતિને પ્હોંચી હોય તેથી નિયત થાયછે. જેમકે, જ્યહારે એકતઃ અતીત સૈકાઓમાં મુસાફરી અને વ્યવહારનાં સાધનો અતિવિરલ હતાં એથી અન્ય પ્રદેશની ભાષાઓની ગુજરાતી પરની અસર પણ વિરલ હોવાનો સંભવ હતો, અને અસર વિરલ હતી પણ ખરી, લ્હારે અન્યતઃ જો કે અર્વાચીન સમયમાં હિંદુસ્તાનમાં પ્રદેશો વચ્ચે નિકટ વ્યવહારની અને ત્વરિત પર્યટનની અનુકૂળતા જોતાં હાવી અસર પ્રબળ હોવી જોઇયે, છતાં વસ્તુતઃ એમ છે નહિં; કારણ પુરાણા સૈકાઓમાં ભાષા વાગ્વ્યાપારવિષયક રચનાના વિકાસની અવસ્થામાં હતી પરંતુ અત્યારે હેવી દશાએ પ્હોંચીછે કે હેનું સ્વરૂપ નિયત અને સંસિદ્ધ બન્યુંછે, અને એથી પ્રદેશ પ્રદેશના સંસર્ગની એકપૂરી અસર

---

૪૮ કેટલાક લોક આ શબ્દને (સં.) ताम्रकूट માંથી નીકળેલો માનેછે અને એ ભારતખંડની અતિ પુરાણી અને દેશજ ઓષધિ હતી એમ દાવો કરેછે. એ વિષયે મ્હારા અભિપ્રાયો આવતા વ્યાખ્યાનમાં હું આપીશ.

૪૯ આ પુસ્તક મી. આર. વી. ફરકરિયાએ કૃપાથી મ્હને જોવા આપ્યું હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બંગાળી અને મરાઠી સાહિત્યમાંથી થતા અનુવાદોમાં અને પ્રસંગતઃ થતા શબ્દ–સ્વીકારમાં દૃષ્ટિયે પડેછે.[૫૦] અતીત સૈકાઓમાં દૂરદૂરના પ્રદેશો વચ્ચે યાત્રાઓ, વ્હેપારનો સંબંધ, અંદર અંદરના વિવાહો, અને હેવાં કારણોએ વ્યવહાર ચાલૂ રૂહેતો. જ્‍હાં ભાષાઓનું ઐકય કે સામ્ય હોય નહિં અને પરસ્પર વ્યવહાર ચલાવવા પૂરતી સર્વસામાન્ય એકાદી ભાષા હોય ત્‍હાં ભાષાનું ઐકય સાધવા માટે એ સાધનો પર્યાપ્ત ન્હોતાં. જ્‍હાં હાવી સ્થિતિ હોય ત્‍હાં બેમાંથી એક પક્ષને અન્ય પક્ષની ભાષાનું જ્ઞાન મેળવવું પડતું. એ વ્યવસ્થાને અભાવે અનેક પ્રસંગોએ રમૂજ આપનારી કે ખેદકારક સમઝફેર થતી. મરાઠા વરની નવોઢા કાનડી પત્નીની એક કથા કહેવામાં આવેછે; એ ઇતિહાસસિદ્ધ નથી તો પણ હેમાં સમઝફેરની પ્રકારદર્શક કથા તરીકે અર્થ સમાયલો છે ખરો. પત્ની પતિને માટે પાનની પટ્ટી બનાવતી હતી; હેને ચૂનો પાન પર લગાવીને ખાવો ફાવશે કે (દક્ષિણમાં ઘણા લોક ખાયછે તેમ) છૂટો ઉપર ખાવો ગમશે એ જાણવા માટે હેણે પતિને પૂછ્યું:– "यले मेले?" એટલે કે "પાન પર (મૂકું)?" (यले=પાન, मेले=ઉપર). પત્નીની માતૃભાષાથી અજાણ પતિ સમઝયો કે–"यल्ली मेली" એટલે "યલ્લી મરી ગઈ." (હેની બ્હેનનું નામ યલ્લી હતું). તેથી હેણે જ્ઞાનવૈરાગ્ય ભર્યો ઉત્તર આપ્યો–"हरिसत्ता" એટલે "હરિની સત્તાને આધીન રૂહેવું જોઇયે." આ સાંભળીને હેની પત્ની રોવા કૂટવા લાગી, કારણ કે હેના ભાઈનું નામ હરિ હતું અને કાનડીમાં સત્તા એટલે "મરી ગયો" થાય.

પ્રાચીન સમયમાં ચાલતા પ્રદેશો વચ્ચેના વ્યવહારનાં અવશેષભૂત ચિહ્નો ભાષાવિષયના અણધાર્યાં ખૂણાઓમાં દૃષ્ટિગોચર થાયછે; એકબે ઉદાહરણો આપીશ એટલે આ વાત પર પ્રકાશ પડશે. જેમ કે ગુજરાતી ભાષાનો एलची શબ્દ ગુજરાત અને એ વસ્તુની ઉત્પત્તિભૂમિ મલબાર કિનારો એ બે પ્રદેશ વચ્ચેના વ્હેપારરૂપ સંબંધના ઇતિહાસને ઉદ્ભાસિત કરેછે. એલચી ખાસ કાનડા વિભાગની પેદાશ તરીકે

હેવા સંસર્ગનાં ચિહ્નો કેટલાક શબ્દોમાં મળી આવેછે; एलची (ગુ૦) यालक्कि (કાન.)

---

૫૦ महाशय શબ્દ જુવો; એ શબ્દ બંગાળીમાંથી "Sir" અર્થમાં લેવામાં આવ્યોછે એ નિઃસંશય છે–મૂળ સંસ્કૃતમાં એ અર્થ અપરિચિત છે. બંગાળીઓ જે નવા કૃત્રિમ શબ્દો ઘડી કાઢેછે હેવો જ આ સ્પષ્ટરીત્યે જણાયછે. હું જાતે જાણુંછું કે બંગાળીમાંથી અનેકાનેક ગ્રન્થોના અનુવાદ કરનાર સ્વ. નારાયણ હેમચન્દ્રે આ શબ્દ પોતાના લેખમાં પ્રથમ દાખલ કર્યો હતો, અને પછી લોકોમાં ત્વરાથી પ્રસર્યો હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મશહૂર છે, અને હેનું કાનડી નામ यालक्कि છે. હિંદી एलायची છે, અને મરાઠી વેળડોડે (ડા)માં હેની સાથે સમાનતા ધરાવતો અંશ વેળ ઉપરાંત કાંઈએ નથી, અને વેળ સંસ્કૃત एलाમાંથી હોઈ સકે. ગુજરાતી एलची અને હિંદી एलायचीમાં ची છે હેનું સંસ્કૃત एला શબ્દમાં મૂળ નથી મળતું. હેનું મૂળ यालक्किના क्किमांज રહેલું છે, અને વાણિજ્યવ્યાપારના નિયમો પ્રમાણે च અને क અન્યોન્ય સંબદ્ધ અને વિનિમયક્ષમ છે, વિશેષતઃ જ્હારે क પછી ई આવતો હોય ત્યારે. વળી, કાનડીમાં यालक्किનું પૃથક્કરણ કરિયે તો यालु अक्कि (=૧. ચોખા; ૨ ચોખા જેવું ધાન્ય; ૩ ફોતરાવાળો દાણો) બને. આ अक्कि તે (કાનડી) यालक्किના તામિલ પર્યાય यालक्कायમાં રહેલા कायूનું વિકૃતરૂપ હોય એમ લાગેછે. એ શબ્દનું બીજું રૂપ મ્હને મળ્યુંછે તે यालकायि છે, અને કાનડીમાં તેમ જ તામિલમાં कायिનો અર્થ "કાચું ફળ" થાયછે.[૫૧] એલચી દ્રાવિડીય પેદાશ હોવાથી સંસ્કૃત एला શબ્દ દ્રાવિડ याल કે यालुમાંથી બન્યો હોય એ બહુ સંભવિત છે; અને ગુજરાતી एलचीનો ए અને હિન્દી एलायचीનો एला સંસ્કૃત एला તરફ પ્રતિનિવર્તન થયેલું સૂચવેછે, અથવા તો સંસ્કૃત एला અને કાનડી यालक्कि બે મળીને ઉભયધર્મી શબ્દ બન્યો હોય એમ સૂચવેછે. છેવટ, ગુજરાતીમાં एलचीની જાત વસ્તુતઃ નાન્યતર છે; માત્ર અજ્ઞાનથી અને (સાધારણતઃ સ્ત્રીલિંગના શબ્દને અન્તે આવતા) અન્ત્ય ईના મિથ્યા આભાસથી ઘણા લોક હેને સ્ત્રીલિંગમાં વાપરેછે. આ નપુંસકલિંગ કાનડી ભાષા સાથે મળતું આવેછે; હેમાં સર્વ નિર્જીવ વસ્તુઓનાં નામ નપુંસકલિંગમાં હોયછે.

ત્હાર પછી गिलीदंडाની રમત લો; હેના એક પ્રકારમાં દાવ ખેલતાં ગણના માટે वकट, लेण, मूर, नार ઇત્યાદિ શબ્દો વપરાયછે. વસ્તુતઃ 'એક,' 'બે,' 'ત્રણ,' 'ચાર,' હેવા અર્થના કાનડી શબ્દોમાંથી એ આવેલા છેઃ-वक्कट्ट (वन्दु=એક+कट्टु=બાંધવું), यर्डु(=બે), मूरु(=ત્રણ), नाल्कु(=ચાર). રમતનો આ પ્રકાર સમુદ્રકિનારે ઉત્તર તરફ છેક સૂરત પર્યંત જઈ પ્હોંચ્યો હોય એ બહુ સંભવિત છે, કારણ કે તળ ગુજરાતમાં એ રમત અન્ય પ્રકારે રમાયછે અને દાવ ગણતાં અન્ય શબ્દો વપરાયછે. કાનડી શબ્દોવાળો એ રમતનો પ્રકાર અન્દરની બાજૂ દક્ષિણમાં ગયોછે.

---

૫૧ આ વિવિધ માહિતી માટે હું તામિલ અને કાનડી જાણતા બે મિત્રોનો ઋણી છું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માનવજાતિ-વિષયક જ્ઞાન આપતા અક્કેકા છૂટા શબ્દો અને હેની વ્યુત્પત્તિ; ઓડ (ગુજરાતી) वड्डर (મરાઠી) ओड्डरु (કાનડી).

છેવટ આપણી ભાષાપર અસર કરતો એક ભિન્ન પ્રકારનો ઐતિહાસિક પ્રસંગ જોઈશું. એ પ્રસંગને કોઈ શબ્દોની રૂપરચના સાથે બહુ સંબંધ નથી; વધારે સંબંધ, માત્ર એક શબ્દમાં સમાયેલી દેશની માનવજાતિ-વિષયક અને ઐતિહાસિક માહિતી સાથે છે. મ્હારા લક્ષમાં અમુક એક શબ્દ છે– ઓડ જે જમીન ખોદનારી અને તળાવ કૂવા ગાળનારી એક ભટકતી જાતિનું નામ છે. હેવી જ એક જાતિ મહારાષ્ટ્રમાં (દક્ષિણમાં) वड्डर નામે ઓળખાયછે. મરાઠી અને અન્ય ભાષાઓ વચ્ચે उ અને ओનો પરસ્પર વિનિમય થાયછે એ તો એક સામાન્ય વાત છે, (अ અને ए નો પણ હેવી રીત્યે व થાયછે, જેમકે वस्त्रा (મરાઠી), अस्त्रो (ગુજરાતી), एलचीને બદલે वेलडोडेમાં वेल; દક્ષિણમાં કુણબી વર્ગ एंजिनने वेंजिन કહેછે), જેમ કે उस्ताद મરાઠીમાં वस्ताद બનેછે. જ્યહારે મરાઠી ગામડીઆઓમાં ओळखनुं वळख રૂપ થાયછે.

वड्डरમાં व ક્યહાંથી આવ્યો એ આથી સમજાયછે. પરંતુ પુનરુક્ત દીસતો र ક્યહાંથી આવ્યો? આ ન્હાનકડા र નો પ્રભવ સોધવા દક્ષિણ દિશામાં વધારે ઊતરવું પડશે. હાવા ખોદકામ કરનાર માટે કાનડીમાં ओड्ड શબ્દ છે; તેઓ કાં તો मण्णु-ओड्ड (માટી ખોદનાર) અથવા તો कल्लु-ओड्ड (પત્થર ખોદનાર) હોય. કાનડીમાં ओड्डનું અનેકવચન ओड्डरु[૫૨] થાય. આ ओड्डरुનો અન્ત્ય હ્રસ્વ उ સ્હેલાઈથી લુપ્ત થઈ સકે[૫૩] એટલે ओड्डर થાય, મરાઠીમાં वड्डर થાય, અને માત્ર ભ્રાન્તિથી રનું પ્રત્યયસ્વરૂપ તિરોહિત થતાં र પોતે શબ્દમાં જ મળી જાય.[૫૪] હાવી વસ્તુસ્થિતિ થવાનું ખાસ કારણ એ છે કે

૫૨ તામિલ વગેરેમાં શબ્દ ओड्डरु જ લાગેછે. ઈ. સ. ૧૯૦૮ ના "East and West" માં પૃષ્ઠ ૫૯ મે તિરુપથીના મેળાના વર્ણન વિષયે લેખ છે જેમાં આ વાક્ય આવેછે:–"The bearers ( of doolies ) who are all *oddars* (or diggers) by caste in this part of the country." *Oddars* માં અજાણતાં વપરાયેલું બેવડું અનેકવચન લક્ષમાં રાખવું ઘટેછે; *r* પોતે તામિલ અનેકવચન પ્રત્યય र ને સ્થાને છે અને s અંગ્રેજી પ્રત્યય છે. लेडीझो, फेलोझो ઇત્યાદિમાં ઘણા એ મુંબાઇના લોક અનેકવચનનો પ્રમાદી મિશ્ર પ્રયોગ કરેછે તે સરખાવો– 'Ladies' + ओ ગુજરાતી અનેકવચન પ્રત્યય; 'fellows' + ओ ગુજરાતી અનેકવચન પ્રત્યય; એક વેળા મ્હેં એક પારસી ગૃહસ્થને किरण्सो કહેતો સાંભળ્યો હતો. किरण ગુજરાતી + s અંગ્રેજી પ્રત્યય, + ગુજરાતી પ્રત્યય.

૫૩. યથાર્થ કહિયે તો, उ નો अ થાયછે.

૫૪. नागरपंचमी સરખાવો, જેમાં नागर એ કાનડી અનેકવચન नागरु નું ષષ્ઠ વિભક્તિનું રૂપ છે, नाग પૂજ્ય હોવાથી અનેકવચન માનાર્થ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાનો વર્ણ કે વંશ કહેતી વખતે લોકો વર્ણ કે વંશ દર્શાવનારા શબ્દનું અનેકવચન વાપરેછે; આ પ્રમાણેઃ–કાનડી નીવુ યાતરવરુ? ("હમે કેઇ ન્યાતના?" શબ્દશઃ "હમે કો'ના?–"; ઉત્તર–બોલનાર એક હોય તો પણ–હાવો મળે "નાવુ હવિક્રુ" (હમે હુવિકો (છિયે)); ગુજરાતી–"हमे वाणिया". તાલુકે હુબલી, ડિસ્ટ્રિક્ટ ધારવાડમાં તડસ ગામના એક મુસલમાનને હેની જાત્ય પૂછતાં હેણે કહ્યું કે હમે શેખાં (શેખનું અનેકવચન); 'મહાર' માટે વપરાતો કાનડી શબ્દ होलेयर અથવા होलेय અને होलेयरु (અનેકવચન) સરખાવો.

હવે ઓડ (ગુજ.) वड्डर કે वडर (म.) અને ओड्ड (ह) (કાનડી અને અન્ય દ્રાવિડ ભાષાઓ) એ બધાં નામો વચ્ચે હાવો જાતિસંબંધ છે એ વાત બહુ સૂચક છે, અને આ દેખીતી સજાતીયતાનું કારણ એ ઓડ જાતિની ભ્રમણશીલતામાં મળેછે. હેના નામનો ઇતિહાસ સૂચવેછે તે પ્રમાણે એ ઓડ જાતિ પ્રથમ દ્રાવિડદેશમાંથી (દક્ષિણ હિંદુસ્તાનમાંથી) આવી હોય એ સંભવિત છે. જે ઓડ સુંદરીપર સિદ્ધરાજ જયસિંહ મોહ પામ્યો હતો તેના નામની સાથે પણ આ તર્ક બંધ બેશતો આવેછે,—जसमामां રહેલા मा નો ખુલાસો દ્રાવિડ यशम्मामांथी બહુ ઉત્તમરૂપે મળી શકેછે.

"Chronology of India" એટલે "ભારતખંડની વર્ષાનુક્રમણી"માં ૧૦૬ઠ્ઠે પૃષ્ઠે મેબલ ડફ કહેછે કે (ઇ. સ. ૧૦૦૨ માં થયેલા) રાજેન્દ્ર ચોલે જીતેલા પ્રદેશોમાં ઓડ્ડ કે ઓડ્ લોકનો દેશ–એટલે ઓઢિઆ (ઓરિસ્સા)–ગણાવ્યોછે. (Epigraphia Indica IV, 68; Inscriptions: Madras Christian College Magazine, V. 41; Archæological Survey S. India, iii, 68, 95, 100 142; iv, 77 ff.) આ લોકો ओड, वड्डर જ હશે? જો એમ હોય, અને જો ઓરિસ્સા એ ચોલ દેશ જ હોય, તો પછી એ વિભાગની ભાષા દ્રાવિડી ન હોઈ શકે, કારણકે ઉરિયા તો આર્ય ભાષા છે. તેમ વળી, ઓડ એ આન્ધ્ર જ હોઈ શકે? Historical Atlas of Indiaમાં, જૉપ્પેને જ્યહાં હાલ ઓરિસ્સા છે ત્ય્હાં જ સિકંદરના સમયમાં આન્ધ્ર દર્શાવ્યોછે, અને ઈ. સ. ના ૨જા સૈકાના નકશામાં આન્ધ્રને હાલના મધ્ય હિંદુસ્તાનને સ્થાને દર્શાવ્યોછે. પોતાના શબ્દકોષમાં આપ્ટેએ આન્ધ્રને અર્વાચીન તેલિંગણથી અભિન્ન માન્યોછે, જેની સીમા કલિંગને સ્પર્શ કરતી (ઇ. સ. ના બીજા સૈકાના નકશામાં કલિંગને આજના ઓરિસ્સાને સ્થાને મૂકયોછે.)

देशीनाममाला ૧–૮૫ માં હેમચન્દ્રે उड्डो નો અર્થ कूपादिखनकः આપ્યોછે. (કાનડી मण्णु ओड्ड અને कल्लु ओड्ड શબ્દો દર્શાવેછે તેમ) આ નામ (ओड)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રથમતઃ એ જાતિનો ધંધો સૂચવતું એ મતનું હેમચન્દ્ર સમર્થન કરેછે. એ લોકની ભ્રમણવૃત્તિ જોતાં શક્ય લાગેછે કે હેઓ જો કહિં પણ સ્થિર થઈ રહેતા તો જે દેશમાં સ્થિર સ્થિતિ કરતા તે દેશને પોતાનું નામ આપતા. प्राकृतसर्वस्व માં માર્કણ્ડેય औद्रीને આન્ધ્રદેશની પ્રાકૃતભાષા તરીકે આપેછે. આ સઘળાં સાધનો અન્વેષણકાર્યં માટે જોઇતી સામગ્રી પૂરી પાડેછે; પરંતુ મ્હારે જે મુખ્ય તાત્પર્ય સૂચવવાનું છે તે અવિકૃત રહેછે, કે અનેક વાર માત્ર એક જ શબ્દ ભાષામય શૃંખલા દ્વારા દેશના ઇતિહાસના માનવ-શાસ્ત્ર-વિષયક પ્રકરણને ઉદ્ભાસિત કરેછે.

પ્રજાના અગ્રેસર વર્ગોની વૃત્તિની ભાષાના બંધારણ અને સાહિત્ય ઉપર અસર.

છેવટ ભાષાના બંધારણપર અને સાહિત્યપર અસર કરનાર અન્ય એક ઉપાધિ સૂચવીશઃ દેશની પ્રજાના અગ્રેસર વર્ગોની જીવન-વૃત્તિ. જેમકે ગુજરાતમાં, વિશેષતઃ હેના ઇતિહાસના ઉત્તરકાળ દરમ્યાન, પ્રજાનો એક અલ્પ અંશ જ શિકાર, યુદ્ધ, નાવિકવૃત્તિ ઇત્યાદિ કર્મ કરતો, અને આ અલ્પ અંશનો ભાષાવિકાસ અને સાહિત્ય સાથેનો સંબંધ નહિં જેવો જ હતો, એ કારણોથી એ વૃત્તિયોને લગતા શબ્દવિશેષોની ગુજરાતી ભાષામાં વિરલતા અથવા અભાવ નજરે પડેછે. પરિણામ એ આવ્યું કે હાવા શબ્દો, વચનો અને ક્‌હેવતો, અલ્પમાત્ર છે તેટલાં એ, અન્યતઃ બહિષ્કાર પામીને ન્હાના અને અશિક્ષિત વર્ગોની બોલીઓમાં જઈ રહ્યા.[૫૫] ઉદાહરણઃ પક્ષીઓના વિવિધ પ્રકારોનાં નામ ગુજરાતીમાં અત્યન્ત અલ્પ છે; પર્વતપરના જીવનને લગતા શબ્દો તો વિરલ જ હશે; અને ખલાસી લોકોમાં વપરાતા કેટલાક શબ્દો અન્ય ભાષાઓમાંથી સ્વીકારવામાં આવ્યાછે એ તો સ્પષ્ટ જણાયછે. હેવા કેટલાક શબ્દોઃ—

| | |
|---|---|
| आमेस (करवुं) | ચઢાવવું |
| आरिया (करवुं) | ઉતારવું |

दांडो, ખાડીના, કે ભરતી આવતી હોય હેવી નદીના, મુખપરનો તરંગપૂર્ણ ભાગ.

---

૫૫ જ્યહાં જ્યહાં બુદ્ધિક્ષેત્રનો ઇજારો ઉચ્ચતર વર્ગો રાખી બેઠાછે ત્યહાં ત્યહાં પ્રચલિત ભાષાઓનું ભાગ્ય હાવુંજ બન્યુંછે. એક પ્રસંગોચિત ઉદાહરણ હું આપીશ. ઇ સ. ૧૮૯૩-૪ ના અરસામાં ઉત્તર કાનડા જિલ્લામાં એક હવિક બ્રાહ્મણને મ્હેં એક સુવિશેષ સુંદર મધુરકંઠ પક્ષીનું નામ પૂછયું. હેણે આપેલા જવાબમાં સૂચકતા રહેલી છેઃ—"હમે કેમ જાણિયે? હમે તો બ્રાહ્મણ છિયે!"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છેલ્લો શબ્દ મરાઠી दांडा (दाण्डा)માંથી આવ્યોછે; दांडा શબ્દનો પ્રયોગ ખાડીઓ અને હાવી નદીઓથી ભરેલા કોંકણ પ્રદેશોમાં સાધારણ છે; જ્યહારે પ્હેલા બે શબ્દો ખલાસીઓ હમેશાં વાપરેછે તે અરબી કે પોર્ટુગીઝમાંથી આવ્યા હોય;– પરંતુ આ વિષયમાં અન્વેષણ કરવાની જરૂર છે, અને હજી સુધી હું કાંઇ અન્વેષણ કરી સકયો નથી.

આટલી ચર્ચા પૂરતી છે અને હવે આપણે લઈશું (ख) પ્રાદેશિક પરિસ્થિતિની ભાષાવિકાસ અને સાહિત્યપર થતી અસર.

પ્રાદેશિક ઉપાધિયો.

હું માત્ર ગુજરાતી વિશે જ બોલીશ. ગુજરાતની પ્રદેશ-સીમા સુવિદિત છેઃ–

ઉત્તર—ડીસા પર્યન્ત (મારવાડની દક્ષિણ સીમાને અડેછે).

પૂર્વ—મહીકાંઠાની પૂર્વમર્યાદા અને ખાનદેશની પશ્ચિમ સીમા.

દક્ષિણ–કોંકણ, દક્ષિણથી શરૂ થઈને;

અને પશ્ચિમ–અરબી સમુદ્ર, કચ્છનો અખાત, અને કચ્છનું રણ.

પાછળ[૫૬] કહ્યુંછે તે પ્રમાણે, ઇ. સ. ના ૧૬ મા સૈકાના અન્ત પછીના સમયથી જ પ્રદેશની સીમા ઉપર પ્રમાણે છે. એ સમયની પૂર્વેના સૈકાઓ દરમ્યાન સીમા ફર્યાં કરતી હતી, પરંતુ આપણે પ્હેલાં જોઈ ગયા તેમ, એ વ્યવસ્થાઓ શાસનતંત્રની અનુકૂળતા વિચારીને જ કરવામાં આવી હતી. પ્રાચીનતર સૈકાઓ દરમ્યાન એક સર્વસાધારણ ભાષાના પ્રચારથી લક્ષિત પ્રદેશ વધારે વિસ્તીર્ણ હતો, હેની મર્યાદામાં રજપૂતાનાનો પણ સમાવેશ થતો હતો.

હાલ, અને વધારે નહિ તો છેલ્લા બે સૈકા દરમ્યાન, ગુજરાતના ભાષાદષ્ટિયે નીચે પ્રમાણે વિભાગ પડેછેઃ–

૧ તળ ગુજરાત, એટલે અમદાવાદ, ખેડા, અને પંચમહાલ જીલ્લાઓ અને હેની અંદરનો કે આસપાસનો ગાયકવાડી પ્રદેશ.

૨ કાઠિયાવાડ, સમગ્ર દ્વીપકલ્પ.

[૫૭]૩ દક્ષિણ ગુજરાત, એટલે ભરુચ અને સૂરત જિલ્લાઓ.

(ટિપ્પણઃ–ગુજરાતની પૂર્વમાં અને ઐશાન કોણમાં રહેલી ટેકરીઓની તલેટીમાંની ભીલ સરહદને ભીલ ભાષાનો પ્રદેશ ગણવો જોઇશે.)

---

૫૬ પાછળ પૃષ્ઠો (૪૩–૪૪) જુઓ.

૫૭ આ વિભાગો સ્થૂલ દૃષ્ટિયે સૂચવ્યાછે. (ચરોતરની એટલે વાત્રક અને મહી નદી વચ્ચેના ગુજરાતના ભાગની) ખાસ ભાષા, પટ્ટણની આસપાસ ઉત્તર ગુજરાતની ખાસ ભાષા, અને પાલણપુરની આજૂબાજૂની સરહદની ભાષા, હેવા ભેદને અનુસરીને સૂક્ષ્મતર દૃષ્ટિયે ગૌણ ભાગો પણ થઈ સકે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રદેશવિસ્તાર સામાન્યતઃ સપાટ ભૂમિનો બનેલોછે, પર્વતો અને ઝાડીઓથી મુક્ત છે, અને હેમાં પશ્ચિમના કેટલાક ભાગ (કાઠિયાવાડ અને સુરત) સિવાય અન્યત્ર સમુદ્રતટ અત્યલ્પ છે. એથી કેટલાંક પક્ષીઓનાં નામવિશેષોનો, ટેકરીઓ અને સમુદ્રના લક્ષણદર્શક શબ્દોનો અને હેવા અન્ય શબ્દોનો ગુજરાતી સાહિત્યમાં સામાન્યતઃ અભાવ છે.

લોકનાં શરીર અને શીલ પર અસર કરતી પ્રદેશની કુદરતી પરિસ્થિતિના પણ ભાષાનાં વાગ્વ્યાપારગત તત્ત્વોપર સંસ્કાર પડેછે. જેમ કે હિંદી બોલનારી જાતિયોનાં શરીર અને ફેફસાં પ્રબળ છે અને ગુજરાતીઓનાં શરીર અને ફેફસાં હીનબળ છે તેથી હિંદીમાં છે ત્હેવો ગુરુપ્રયત્ન હકાર ગુજરાતીમાં નથી.

(ટિપ્પણઃ—પાણિનીય શિક્ષા માં ह ના બે ઉચ્ચાર વર્ણવ્યાછે,—औरस्य અને कण्ठ्य. કાંઈક અલ્પ વિશેષ છે છતાં એ આ બે ઉચ્ચાર ગુજરાતીમાંના[૫૮] ગુરુપ્રયત્ન અને લઘુપ્રયત્ન હકારને મળતા આવેછે.)

તે જ પ્રમાણે, ગુજરાતીના विवृत ॲ અને ऑ ના પ્રતિનિધિભૂત હિંદીમાંના ऐ અને औ ઉચ્ચારો ઉત્તર હિંદુસ્તાનના લોકની વાક્શક્તિ ગુજરાતીઓ કરતાં પ્રબલતર હોવાના પૂરાવા છે.

વળી, ઉત્તર હિન્દુસ્તાનમાં, અને કેટલેક અંશે ભિન્ન રૂપે કાઠિયાવાડમાં, જોવામાં આવતો શબ્દના ઉચ્ચારમાં રહેલો સ્વરભાર ગુજરાત તળની અને દક્ષિણ ગુજરાતની ભાષામાં નથી. આ સ્વરભાર વૈદિક સ્વરવ્યવસ્થામાંહેનો નથી, પરંતુ શબ્દનાં કેટલાંક પદો ઉપરનો એક પ્રકારનો થડકો કે ભાર છે. આ પણ શારીરિક સામર્થ્યના ફરકનું પરિણામ છે, શરીરની દઢતા લુપ્ત થતાં ગુજરાતીઓ એ સ્વરભાર પણ ખોઈ બેઠા છે.

આ શીર્ષક નીચે આટલી લઘુ ચર્ચા બસ છે. છેલ્લા શીર્ષક ग—વાગ્વ્યા) પારગત શક્તિયો—ની ચર્ચા ખાસ ત્રીજા વ્યાખ્યાન માટે રાખવી ઠીક છે.

---

૫૮ ગુજરાતીમાં આ બંને ઉચ્ચારો છે, લઘુપ્રયત્ન હકાર સામાન્યતઃ तद्भव શબ્દોમાં જ જોવામાં આવેછે. આ પ્રશ્ન હું હવે પછીના એક વ્યાખ્યાનમાં ચર્ચીશ.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ભાષાને અસર કરનારી વાગ્વ્યાપારગત શક્તિયો

ગયા વ્યાખ્યાનના અંતમાં જણાવ્યા પ્રમાણે હવે આપણે શબ્દોની સ્વરૂપઘટનાના ક્રમનું અને ભાષાના બંધારણનું નિયમન કરતી વાગ્વ્યાપાર- ગત શક્તિયોની ચર્ચા કરીશું. એ ચર્ચા આપણને આપણા વિષયની અન્તર્ભૂમિકામાં પ્રવેશ કરાવેછે. પ્રથમ, જે સૂત્રોને વશ રહીને વાગ્વ્યાપાર- માં રૂપો અને રૂપાન્તરો ઘડાયછે ત્હેવાં કેટલાંક સૂત્રો, તેમ જ ભાષા- વિકાસનો અભ્યાસ કરતી વખતે જે સૂત્રોને આપણે અનુસરવાં જોઇયે તે સૂત્રો, હું દર્શાવીશ. એ બેમાંનાં બીજાંને હું પ્રથમ લઇશ. પ્રારંભમાં, આ પ્રશ્નની સામાન્ય પણ વ્યાપક દૃષ્ટિ સૂચવતાં, ડૉ. ભાણ્ડારકરના "The Critical, Comparative and Historical Method of Inquiry" એ વિષય પરના લેખમાં આપેલા મહાનિયમો વાંચવાની સૂચના હું કરીશ. (એ લેખ તા. ૩૧ મી માર્ચ ૧૮૮૮ ને દિવસે મુંબઈની Free Church College Literary Society સંમુખ વ્યાખ્યાન રૂપે રજૂ કરવા- માં આવ્યો હતો.) એ નિયમોને પૂરેપૂરા અહિંયાં આપવાની જરૂર નથી.

ડૉ. ભાણ્ડારકરે આ- પેલા, ભાષાવિકાસના અભ્યાસમાં અનુસરવા- ના, મહાનિયમો.

મ્હારે આપવાના નિયમો એ નિયમોના સંસ્કારબળે ઉદ્ભવ્યાછે અને દૃઢતાને પામ્યાછે એ દર્શાવવાના હેતુથી જ હું એ નિયમો તરફ ધ્યાન ખેંચુંછું. (આ વ્યાખ્યાનના અંતમાં હું એ પત્રિકામાંના કેટલાક પ્રસંગયોગ્ય ઉતારાઓ ટિપ્પણમાં આપુંછું.) ત્યારે હવે વિનાવિલંબે એ નિયમોની ચર્ચા આરંભિયે; સૌથી પ્રથમ સૂચવીશ–

### ૧ ऐतिहासिक औचित्य.

૧ ऐतिहासिक औचित्य.

આથી હું એમ ક્હેવાને ઇચ્છુંછું કે, કોઈ એક શબ્દની જે કાંઈ વ્યુત્પત્તિ સૂચવવામાં આવે તે ઇતિહાસમાં સ્વતંત્ર રીતે સિદ્ધ થયેલાં સત્યોને અનુસરતી હોવી જોઇયે. આ નિયમ ન પળાય તો ભૂલ જ થાય. ઉદાહરણ તરીકે ગુજરાતી તમાકુ શબ્દ લઇયે. ગયા વ્યાખ્યાનમાં મ્હેં જણાવ્યું હતું કે એ શબ્દ ફિરંગી 'tabaco' માંથી નીકળ્યોછે; અને કહ્યું હતું કે આગળઉપર હું એ શબ્દની જે કલ્પિત વ્યુત્પત્તિ આપવામાં આવેછે ત્હેની પરીક્ષા કરીશ.[1] એ કૃત્રિમ વ્યુત્પત્તિ સંસ્કૃત ताम्रकूटમાંથી એ શબ્દને સાધેછે.

[1] ઉપર પૃષ્ઠ ૫૮ માંનો ગ્રંથભાગ તેમજ ટિપ્પણ ૪૮ મી જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ ઇતિહાસસિદ્ધ સત્યો એ છે કે તમાકુ અમેરિકામાંથી યુરોપમાં પ્હેલ-વ્હેલી ઇ. સ. ૧૫૫૯માં આવી[2] અને હિંદુસ્તાનમાં તો ફિરંગીઓ ઇ. સ. ના ૧૬મા સૈકાના અંતમાં અહિંયાં આવ્યા ત્હાર પછી તમાકુ લાવ્યા. હવે જો એ શબ્દનો સંસ્કૃત ताम्रकूटमांथी ઉદ્‌ભવ થયેલો સ્વીકારવામાં આવે તો એ મતનો ઇતિહાસના સિદ્ધાન્તોથી વિરોધ થાયછે. અને જ્યહાં સુધી ઇતિહાસના એ સિદ્ધાન્તો ખોટા છે હેવું સ્થાપિત કરવાપૂરતાં પ્રબળ સાધનો ન હોય ત્યહાં સુધી આ કલ્પિત વ્યુત્પત્તિ સ્વીકારી સકાશે નહિં. બંગાળાની નૅશનલ કૉલેજની પુસ્તકશાળાના અધિકારી રા. ગણપતિ રાયે આ ઇતિહાસની ઉક્તિને અસત્ય ઠરાવવાનો પ્રયાસ કરેલોછે એ હું જાણુંછું. હેમણે 'Indian Antiquary' ને બે લેખો મોકલ્યાછે, એક ૧૯૦૯ ના જૂનમાં અને બીજો ૧૯૧૧ ના જાન્યુઆરીમાં.[3] તેઓ હેવી દલીલ કરેછે કે હિંદુસ્તાનમાં તમાકુ પ્રથમ ફિરંગીઓ લાવ્યા હેવો મિ. વિન્સેન્ટ સ્મિથનો અભિપ્રાય છે તે ખોટો છે. એઓ નીચે પ્રમાણે કારણો આપેછેઃ—

*तामकूटना पक्षमां रा. गणपति रायें जे दलीलो करी छे त्हेनी परीक्षा.*

(क) સારનાથના મ્હોટાં ખંડેરોમાંથી એક માટીનો હુકો મળી આવ્યો છે; એ હુકો ઇ. સ. પૂર્વના ૩ જા સૈકાથી ઇ. સ. ના ૧૨ મા સૈકા સૂધીના સમય દરમ્યાનનો હોઈ સકે.

(ख) ઇ. સ. ના ૭મા સૈકામાં થયેલો बाण પોતાની कादम्बरीमां धूमवर्ति એટલે બીડીનો નિર્દેશ કરેછે.

(ग) ઇ. સ. પૂર્વેના ૧ લા અને ઇ. સ. ના ૩ જા સૈકા દરમ્યાન થયેલો ચરક, તેમજ કનિષ્ક[4]નો રાજવૈદ્ય—એટલે ઇ. સ. પૂર્વે ૬ ઠ્ઠા સૈકાનો—સુશ્રુત, અને ઇ. સ. ૬૨૫માં થયેલો वाग्भट—સર્વે धूमवर्तिनुं અને હુક્કો બનાવવાની રીતનું વર્ણન આપેછે.

---

૨ જ્યહારે કોલમ્બસે અમેરિકાખંડ સોધ્યો ત્યહારે અમેરિકાના વતનીઓ તમાકુનું ધૂમ્રપાન કરતા જોવામાં આવ્યા હતા. ઇ. સ. ૧૫૫૮માં સ્પેનનો એક વૈદ્ય પ્રથમ થોડી'ક તમાકુ યુરોપમાં લાવ્યો. ત્યહાર પછી એ ફ્રાન્સ અને ઇટાલીમાં પ્હોંચી અને છેવટ ૧૫૮૫માં સર ફ્રાન્સિસ ડ્રેક અને રાલ્ફ લેઇન તમાકુ હેને પીવાનાં સાધનો સહિત લાવ્યા, અને હેમણે એ સર વૉલ્ટર રાલેને આપી. (The Century Dictionary અને The Encyclopædia Britannica).

3. The 'Indian Antiquary' જુન ૧૯૦૯ પૃષ્ઠ ૧૭૬, અને જાન્યુઆરી ૧૯૧૧ પૃષ્ઠ ૩૭ થી શરૂ કરીને.

૪. કનિષ્કનો સમય ઇ. સ. નો ૨ જો સૈકો;—વિન્સેન્ટ એ. સ્મિથકૃત "Early History of India" (૨ જી આવૃત્તિ) પૃષ્ઠ ૨૩૯ જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ઘ) ઇ. સ. ના ૭ મા સૈકાથી બહુ વર્ષો પૂર્વે વિદ્યમાન હતું તે स्कन्द પુરાણ ધૂમપાનના દોષોની નિંદા કરેછે.

અને (ङ) विष्णुसिद्धान्तसारावलीમાં धूम्रवर्णी અને धूम्रपानના ગુણો વિશે હકીકત આવેછે.

હવે આ સર્વ આધારોમાં રહેલી મ્હોટી ખામી એ છે કે પીવામાં આવતી ઔષધિ શી હતી તે કય્હાં એ પણ કહ્યું નથી, અને એથી હેને આધારે આપેલી કોઈ પણ દલીલ નિષ્ફલ નીવડેછે. ઉલટું, રા. રાય પોતે કહેછે તે પ્રમાણે स्कन्दपुराणમાં ધૂમ્રપાનના દ્રવ્ય તરીકે तमालનું નામ આવેછે—જે દ્રવ્ય તમાકુથી તદ્દન ભિન્ન છે. तमाल એક સર્વવિદિત મહાવૃક્ષ છે, અને તમાકુનો રોપ તો હેવો ન્હાનો હોયછે કે હેનાં પાંદડાં જમીનથી પૂરાં બે ફૂટ પણ નથી જતાં; એ જોતાં આ ખરેખર આશ્ચર્યની વાત છે કે રા. રાય (Ind. Ant. ૧૯૧૧ પૃ. ૪૦ કોલમ ૧–૨) દૃઢતાપૂર્વક કહેછે કે સંસ્કૃત શબ્દ

---

બેબલ હક્કના 'Chronology of India' નામના પુસ્તકમાં હેના રાજ્યાધિરોહણનું વર્ષ ઇ. સ. ૭૮ આપ્યુંછે.

પરંતુ ઈ. સ. પૂર્વેનો ૬ ઠ્ઠો સૈકો આપવામાં સ્પષ્ટ ભૂલ છે. મ્હેં ઉપર વર્ષો આપ્યાંછે તે રા. રાયે આપ્યા પ્રમાણે જ છે.

ઇ. સ. ૧૯૧૩ ના J. R. A. S. માંના કનિષ્કના સમય વિશેના કેટલાક લેખો વાંચતાં જણાશે કે એ વિષયની ચર્ચામાં ભાગ લેનારા વિદ્વદ્વરોમાંના કોઈએ પણ કનિષ્કનો સમય છેક ઇ. સ. પૂર્વે ૬ ઠ્ઠા સૈકા જેટલો પ્રાચીન નથી લેખ્યો. હેના જીવનકાળ તરીકે સ્વીકારાયેલો પ્રાચીનતમ સમય ઈ. સ. પૂર્વે ૫૮, એટલે ઇ. સ. પૂર્વેના પ્હેલા સૈકાનો મધ્યકાળ છે.

કનિષ્ક બુદ્ધ પછી ૪ સૈકા પછી થયો હતો એ સર્વસંમત છે: બુદ્ધના निवार्णનું વર્ષ રિહસ્ ડેવિડ્સ્ ઈ. સ. પૂર્વે ૪૧૨ આપેછે, ફ્લીટ ઈ. સ. પૂર્વે ૪૮૨ આપેછે અને વિ. સ્મિથ ઈ. સ. પૂર્વે ૪૮૭ આપેછે:–રા. ગણપતિ રાય કનિષ્કને બુદ્ધની પૂર્વે મૂકેછે? કે સાથે જ મૂકેછે? કે પછી રા. રાયના લેખમાં ૬ ઠ્ઠો સૈકો મુદ્રાદોષથી આવ્યોછે? મ્હને એવી શંકા રહેછે કે રા. રાયે ભૂલમાં સુશ્રુતને ચરકનું સ્થાન આપ્યુંછે, કારણ કે બૌદ્ધ લોકમત પ્રમાણે ચરક કનિષ્કનો રાજવૈદ્ય હતો. બીજું ડૉ. હ્યૂર્નલના "Medicine of Ancient India" નામના ગ્રન્થને આધારે રા. રાયે સમયગણના નક્કી કરીછે, પણ તે ડૉ. હ્યૂર્નલે પોતે જ સુશ્રુત અને અન્ય પુરુષોના જીવન સમય સંબંધી પોતાના નિર્ણયો બહુ વિરલ અને બલહીન પ્રમાણ પર રચ્યાછે. આ મુદ્દાની ચર્ચા વ્યર્થછે, કારણ કે "હેના (એટલે કે હિંદના વૈદ્યક ગ્રન્થોના અને તે રચનારાઓના) સમય વિશે, પ્રત્યેકને નિરાળો લઇયે તો પણ તેમ જ અન્યોન્યની અપેક્ષાએ પણ, હજુ બહુ મ્હોટી અનિશ્ચિતતા રહેછે." એમ ડૉ. હ્યૂર્નલ પોતે સ્વીકારે છે, અને વળી ઉપર વ્યાખ્યાનમાં ચર્ચેલા મુખ્ય મુદ્દાઓથી થોડો ઘણો આ મુદ્દો અસંબંદ્ધ છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ताम्रकूट અને હેતું જ ભ્રષ્ટ રૂપ બંગાલી तामाकू એ બંને स्कन्दपुराणમાંથી લીધેલા ઉતારામાં આવતા तमाल શબ્દથી અભિન્ન છે." અને "આ જ तमाल પત્રને પ્રાચીન વૈદ્યવિદ્યાના ગ્રંથોમાં શિરોવ્યાધિયોના પ્રતીકાર તરીકે વર્ણવ્યુંછે" એ ત્હેના વચનમાં શો મુદ્દો રહ્યોછે તે મ્હને સમઝાતું નથી. तमालની હાવી ઉપયોગિતા સ્વીકારવા માટે હેની तमाकु સાથે તાદાત્મ્યસિદ્ધિની અપેક્ષા નથી એ નિઃસંદેહ છે.

પરંતુ રા. રાય कुलार्णवतन्त्रનો પણ આધાર આપેછે; હેમાં ધૂમપાનનાં દ્રવ્યો તરીકે कालकूट, ताम्रकूट, धूस्तुरु અને अहिफेन વર્ણવ્યાંછે. આ શબ્દોમાંનો ताम्रकूट શબ્દ तमाकु તરીકે હેણે સ્વીકાર્યો છે. હાવો અર્થ કરવાપૂરતું કાંઈ પ્રમાણ છે? अमरकोशમાં એ શબ્દ નથી આપ્યો, અને એક મત પ્રમાણે अमर ઇ. સ. ના ૧૧ મા સૈકાની લગભગમાં થયો. તેમ છતાં, ताम्रकूट ધૂમપાનનું દ્રવ્ય હતું એમ આપણે સ્વીકારિયે, અને कुलार्णवतन्त्रમાંનું વાક્ય વસ્તુતઃ હેમાં મૂળથી છે કે નથી એ વિશે પંચાતમાં ન પડિયે, તો પણ ताम्रकूट એ જ તમાકુ એ સિદ્ધ થતું નથી. કારણ, तमाकु (ગુજ. ) तंवाकु (ગુજ. અને બંગાલી) શબ્દની હાવી વ્યુત્પત્તિ વિરૂદ્ધ પ્રબલતમ અન્તરાય એ છે કે વાગ્વ્યાપાર દૃષ્ટિયે એ વ્યુત્પત્તિ અસંભવિત છે. ताम्रकूट શબ્દ પ્રાકૃત કે અર્વાચીન દેશભાષાના શબ્દરૂપે तम्वकूड[5] કે तम्वगूड કે तम्वऊड કે तम्वोड બને, પણ અન્ત્ય ट (ड) કોઈ પણ પ્રકારે લુપ્ત થાય નહિ. એમ બનવું વાગ્વ્યાપારના જે નિયમો આપણે જાણિયેછિયે તે સર્વથી વિરુદ્ધ છે. જો કે tobacco શબ્દના વિવિધ, એક બીજાના પ્રતિપક્ષી ગણાતા, અર્થોની ત્રિવિધ વ્યવસ્થા થઈ સકેછે,– (૧) રોપનું નામ, (૨) જ્યહાંથી તમાકુ આવી એ દ્વીપ કે પ્રદેશનું નામ અને (૩) એ પીવામાં વપરાતી નળી કે ભૂંગળીનું નામ; તો પણ અન્તિમ[6]

---

૫ क એમનો એમ રહે એ શંકાસ્પદ છે. વ્યુત્પત્તિશાસ્ત્ર એક શાસ્ત્ર છે, એટલે ન્હાની ન્હાની બાબતો એ ઘણી મમતાથી સાચવેછે. સૂક્ષ્મતમ અંગની પણ એ ઉપેક્ષા કરી સકતું નથી. શાસ્ત્રસિદ્ધ વ્યુત્પત્તિનો અવલંબનભૂત એક સર્વ–સંમત નિયમ છે કે મૂળ શબ્દમાંનો, તેમ જ અન્તર્ગત કોઈ પણ રૂપમાંનો, પ્રત્યેક અક્ષર સપ્રમાણ હોવો જોઇયે. એથી જ एलाમાંથી एलची થયું સ્વીકારાય નહિં, કારણ કે ची મૂલરહિત રૂહે છે, અને यालक्कि શબ્દ મૂળશબ્દ તરીકે સ્વીકાર્ય છે. આ જ નિયમે મિ૦ બીમ્સ પ્રશ્ન ઉઠાવેછે કે, પોતે જ આપેલી પ્હોચત્તું શબ્દની કલ્પિત વ્યુત્પત્તિમાં મૂળ શબ્દ प्राघूर्णनમાં નથી તે च ક્યહાંથી આવ્યો? (હેનો ગ્રંથ ૧ લો પૃષ્ઠો ૩૪૩–૨૭૬ જુવો; અને ગ્રન્થ ૩ જો પૃ. ૬૫ જુવો). આપણી ચર્ચાના વિષયમાં વ્યુત્પન્ન શબ્દનો क અને મૂળ શબ્દનો ट નિષ્પ્રમાણ રૂહેછે.

૬ Encyclopædia Britannica આ છેલ્લો અર્થ એકલો જ સ્વીકારેછે. અને કહેછે કે tobacco શબ્દ મૂળ ઓષધિને કે વનસ્પતિને ન્હોતો લાગતો, પરંતુ

P. P. Ac. Gunratnasuri M.S. 	Jin Gun Aaradhak Trust

અર્થ એ જ ખરો અર્થ હતો હેવો સંભવ છે. યુરોપીય મુસાફરોએ સ્વાભાવિક સમજફેરથી એ શબ્દને ઓષધિના નામ તરીકે જાણ્યો હશે. આ હકીકત પોતે જ ताम्रकूट સ્વીકારવાના મતનું નિરસન કરેછે. બીજો અર્થ ખરો હોય, એટલે કે ઉત્પત્તિસ્થાન પરથી ઓષધિનું નામ પડ્યું હોય, તો પણ મિ. રાયના મતનું ખંડન થાયછે. વળી ભરતખંડનો ताम्रकूट શબ્દ અને છેક દૂર રહેલા દક્ષિણ અમેરિકાનો tobacco (ટૉબેક્કો) શબ્દ એક બીજાને કોઈ પણ રીતે મળતા આવે એ અત્યન્ત અસંભવિત છે. "મા" "પા" જેવા સાદા અને પ્રથમાવસ્થાના ગૃહજીવનને લગતા શબ્દોની બાબતમાં હાવું સામ્ય સંભવે, પરંતુ મનુષ્યની ઉત્ક્રાન્તિ પ્રમાણમાં ઉચ્ચતર કોટિયે પ્હોંચી હોય તે સમયને લગતી વસ્તુઓ દર્શાવતા શબ્દોના વિષયમાં એ સંભવે નહિ. પ્રાચીન ભરતખંડ અને અમેરિકા વચ્ચે વ્યવહાર ચાલતો હશે અને એથી એ બે ખંડના ધૂમપાન કરવાનાં દ્રવ્યોમાં સમાનતા હશે–આ દલીલ કદાચ કોઈ કરે, પણ એ ચર્ચવાની જરૂર નથી. કારણ કે એ દલીલ કરનારને આધાર માત્ર અશાસ્ત્રીય પદ્ધતિયે કરેલા તર્કોનો છે. પરંતુ, જો એ સંભવ સ્વીકારવામાં આવે તો પણ પૂર્વોક્ત વાગ્વ્યાપારવિષયક અંતરાય એ વ્યુત્પત્તિનો એકદમ અંત આણે હેવો છે. વસ્તુતઃ એ શબ્દ પ્રમાણમાં તાજો જ અન્ય ભાષામાંથી આવ્યો હોવાથી હેને માટે વિધવિધ કૃત્રિમ સંસ્કૃત રૂપો રચવામાં આવ્યાંછે, જેમ કે ताम्रकूट અને –तमाखुपत्रं राजेंद्र भज माऽज्ञानदायकम् ।[७] હેમાંનો तमाखु.

આટલું બસ છે. મ્હારે સૂચવવાનો બીજો નિયમઃ—

२ केवळ बाह्य श्रुति-साम्यनो अविश्वास

## २ केवल बाह्य श्रुतिसाम्यनो अविश्वास.

આ સાવચેતી આપવાની ઘણી જરૂર છે; કારણ કે આપણે વારંવાર બાહ્ય સામ્યથી આકર્ષાઈને આડે માર્ગે ચઢી જઈયેછિયે.

---

સાન ડોમિંગોમાંના હિસ્પાનિયોલાના વતનીઓ હેનો ધૂમાડો નાક વાટે પીવાનું વિચિત્ર પ્રકારનું જે સાધન વાપરતા હ્હેના પરથી જ એ નામ એ ઓષધિને અને વનસ્પતિને લગાડવામાં આવ્યું. એ એક અંગ્રેજી Y અક્ષરના આકારની પોલી લાકડાની નળી હતી. ઉપરની બે શાખાઓના છેડા નાકમાં રાખવામાં આવતા અને નીચેની નળી બળતા તમાકુના ધૂમાડામાં રાખવામાં આવતી.

૭ Indian Archipelago માંના પાપુઆ અને ન્યુગિનીના દ્વીપના વતનીઓ ગોરાલોકના આવવા પ્હેલાં તમાકુ ઉગાડતા અને જરાજરા પીતા હેવા તાત્પર્યના પ્રોફેસર હૅડ્ડનના "Head Hunters" નામના પુસ્તકમાંથી લીધેલા એક ઉતારા પર શા. શાયે આધાર રાખ્યોછે, એ હું પડતો મુકુંછું. તમાકુ ભરતખંડની દેશજ વનસ્પતિ છે કે નહિં એ પ્રશ્ન પરત્વે એ ઉતારો કાંઇ નિર્ણય દર્શાવતો નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧) હમણાં જ ચર્ચેલો ताम्रकूट શબ્દ આ પ્રકારનાં કેટલાંક ઉદાહરણમાંનું એક છે. આ નિયમ સમઝાય એટલા માટે બીજાં કેટલાંક ઉદાહરણો આપીશઃ—

(૨) अफीण-સંસ્કૃત अहिफेन અને अफेन માંથી.

હવે અફીણ થિયોફ્રેસ્ટસની જાણમાં હતું,[૮] અને ઇ. સ. ૭૭ ની લગભગમાં આખી વનસ્પતિનો આસવ, અને માત્ર ડોડવામાંથી નીકળતો—ગ્રીક ભાષામાં Ópós (ઓપોસ) કહેવાતો—ઉગ્રતર રસ, એ બન્નેનો તફાવત ડાયોસ્કોરાઇડિસે દર્શાવ્યો હતો. ૧ લાથી ૧૨ મા સૈકા પર્યન્ત વેપારમાં એશિયા માઇનરનું જ અફીણ જાણીતું હતું. ૧૬ મા સૈકામાં બંગાળાના Cous (કૂસ) રાજ્યની એટલે ભૂતાનના અગ્નિકોણમાં રહેલા કુચબિહારની તેમ જ માળવાની નીપજ તરીકે અફીણને પાયરીસે વર્ણવ્યુંછે (ઇ. સ. ૧૫૧૬માં). તૈમુના રાજ્ય દરમ્યાન ઇ. સ. ૧૨૮૦–૯૫ ના અરસામાં આરબોએ અફીણ ચીનમાં દાખલ કર્યું. ભરતખંડમાં હેનો પ્રવેશ ઇસ્લામના વિસ્તાર સાથે સંબંધ ધરાવેછે, એમ મનાયછે.[૯]

જો આ હકીકત સ્વીકારવામાં આવે તો अफीण શબ્દની સંસ્કૃત अहिफेन અને अफेण શબ્દોમાંથી વ્યુત્પત્તિ આપવી ભાગ્યે જ યથાર્થ ગણાય. જો ગ્રીસદેશમાં અફીણ છેક ઇ. સ. ૭૭ જેટલું વ્હેલું પરિચિત હતું તો તે જ પ્રમાણે હિંદુસ્તાનમાં પણ એ તે જ સમયમાં—અને શકય છે કે તેથી પૂર્વે—વિદિત હતું, એ દલીલને અવકાશ છે ખરો; અને કેટલાક અર્વાચીન સંસ્કૃત શબ્દકોશોમાં अहिफेन અને अफेन શબ્દોને સ્થાન મળ્યુંછે એ વાતથી એ દલીલને દઢતા મળે એમ છે. પરંતુ આ મત સ્વીકારતાં અચકાવાનું આપણને કારણ છે, કારણ કે अफीण શબ્દ અને હેના પર્યાય તરીકે સ્વીકારાતા સંસ્કૃત શબ્દો વચ્ચેનો સંબંધ માત્ર બાહ્ય સામ્યને આધારે ટકી રહેછે[૯] અને એ વિશે બહુ અનિશ્ચય રહેવાનાં પ્રબળ કારણો છે.

પ્રથમ,—ગુજરાતી શબ્દ अफीण છે અને હેના સંસ્કૃત પર્યાયોમાં શબ્દસ્વરૂપમાં અને કલ્પિત અર્થયોજનામાં અતિશય નિકટ અને પદવિશ્લેષથી

---

૮ Encyclopædia Britannica ( નવમી આવૃત્તિ ) પુ. ૧૭. પૃ. ૭૮૭ d.

૯ भावप्रकाश, राजनिर्घण्ट અને शार्ङ्गधरમાંથી, અફીણનો अफेन, अहिफेन અને आफूक હેવાં વિવિધ નામોથી નિર્દેશ થતો દર્શાવવાના હેતુથી, ઉતારાઓ આપવામાં આવ્યાછે. પરંતુ તુલનાત્મક વ્યુત્પત્તિશાસ્ત્રના સ્વતંત્ર પ્રકાશમાં આ નિર્દેશોની પરીક્ષા કરવી ઘટેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સિદ્ધ કરાયેલું સામ્ય જોવામાં આવેછે—अ+फीण;—શબ્દકોશોમાં अहिफेनને અફીણ, સર્પનું થુંક કે ઝેર, એ પ્રમાણે વર્ણવામાં આવ્યુંછે, અને અફીણને સર્પનું ફીણ (થૂંક) કહેવામાં કાંઈ પણ ઉપપત્તિ નથી,[૧૦] અને अ (નહિ)+ फेन એ તદ્દન અર્થહીન લાગે એમ હોવાથી, हि તો માત્ર અર્થનો ભાસ ઉપજાવવા માટે દાખલ કરી દેવામાં આવેલો જણાયછે.[૧૧]

બીજું—ગુજરાતી શબ્દ अफीण છે પણ મરાઠીમાં आफू[૧૨] છે, જે શબ્દ opium (ઓપિયમ્), હિંદુસ્તાની अफीम्, અરબી અને ફારસી अफ्यून्, ગ્રીક ŏpion (ઓપિયૉન્ વગેરેને) વધારે નજીક છે, અને હિંદુસ્તાનમાં અફીણ ઇસ્લામની સાથે આવ્યું એ મતની સંભવિતતાને પ્રબલ બનાવેછે. એ શબ્દની યાત્રાનો ક્રમ આ ઉપરથી એકદમ પ્રતીત થાયછેઃ—अफ्यून् (ફારસી) अफीम् (હિન્દુસ્તાની), જેમાં य् નો સંપ્રસારણ જેવા કોઈક ક્રમે इ થયો, ऊ નું દૈર્ઘ્ય इ ઉપર સંક્રાન્ત થયું અને ઉભયને સ્થાને ई આવ્યો, અને અન્ત્ય न् નો म् થયો. (અનુનાસિકોના હાવા ફેરફારો પ્રસિદ્ધ છે[૧૩];) ત્હાર પછી હેની બે શાખા પડેછે. એક તરફ ગુજરાતીમાં, अफीणની દિશામાં જતાં મૂળનો न રહ્યો (માત્ર પ્રાકૃતમાંથી સંક્રાન્તિ થતાં થાયછે તેમ હેનો ण થયો) અને ऊ લુપ્ત થયો; બીજી તરફ મરાઠી आफू તરફ પ્રયાણ થતાં અન્ત્ય અનુનાસિક નષ્ટ થયો અને य् ની ઉપેક્ષા થતાં અન્ત્યાક્ષર તરીકે ऊ ને પ્રાધાન્ય મળ્યું. (આદ્ય अ નો आ થાયછે એ મરાઠી ભાષાનું એક ખાસ લક્ષણ છે—જેમ કે કેટલાક લોકો आनुभव, आनमान, आदमास ઇત્યાદિ વાપરેછે.)

ત્રીજું અને છેલ્લું કારણ—ગ્રીક ભાષામાં એ શબ્દની વ્યુત્પત્તિમાં મૂળ શબ્દ ÓPÓS (ओपॉस) છે, જેનો અર્થ 'વનસ્પતિનો રસ' થાયછે. હેમાં રહેલી અર્થોપપત્તિ, સ્પષ્ટ રીતે ક્લિષ્ટ અને કૃત્રિમ જણાઈ આવતી સર્પના ફીણની (થૂક કે ઝેરની) કલ્પના કરતાં, અનન્ત પ્રકારે વધારે સારી છે.

---

૧૦ રાધાકાન્તદેવ બહાદૂરના शब्दकल्पद्रुमમાં જેમ તેમ અર્થ ઘટાવવાનો આ પ્રમાણે પ્રયાસ કરવામાં આવ્યોછેઃ— अहेः सर्पस्य फेनं गरलम् इव । अत्युग्रत्वात् । હેની કૃત્રિમતા સ્પષ્ટ છે.

૧૧ शब्दकल्पद्रुमમાં अफेनનો પણ ક્લિષ્ટ અને કૃત્રિમ રીતે અર્થ સમઝાવ્યોછેઃ— निन्दितं फेनं निर्यासो यस्य तत् । नञ् ના ૭ અર્થોમાંનો હાવો अ નો निन्दितत्व કે अप्राशस्त्यનો અર્થ अकाल, अकार्य ઇત્યાદિ શબ્દોમાં કરવો ઉચિત છે; અહિંયાં એ નથી જ બેસતો.

૧૨ કહેછે કે भावप्रकाशમાં आफूकम् શબ્દ આવેછે. પરંતુ अफ्यून्માંથી ઉદ્ભવેલા લૌકિક आफू શબ્દ પરથી જ એ નામ રચ્યુંછે હેમાં શંકા ભાગ્યે જ રહેછે.

૧૩ રા. કેશવલાલ હ. ધ્રુવ કૃત वाग्व्यापार (પૃષ્ઠ ૨૦ મું) જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ મુદ્દાઓ વિચારતાં સંસ્કૃતાનુસારી अहिफेन કે अफेन શબ્દ તરફ સંદેહની દૃષ્ટિથી જોવું ન્યાય્ય લાગેછે. કદાચ અફીણનું હિંદુસ્તાનમાં, પ્રમાણમાં પુરાતન ગણાય હેવા કાળમાં, અસ્તિત્વ હોય તો પણ આ વ્યુત્પત્તિ તો અસત્ય જ ગણવી પડશે.

(૩) सुधारो (ગુજરાતી)–આ શબ્દમાં सु (=સારો)+धारो (=નિયમ) હેવો સમાસ સ્વીકારવાની લાલચમાં ઘણા લોક પડેછે. પરન્તુ એ માત્ર બાહ્ય અંગોમાં રહેલા સામ્યના આભાસનું પરિણામ છે. હેની ખરી વ્યુત્પત્તિ આમ છેઃ–शुध् (સંસ્કૃત) એટલે સુધારવું–ગુજરાતી सुध्–(જે એકલો નથી વપરાતો)+आरो–ગુજરાતી પ્રત્યય, જે वधारो (वध्+आरो), लवारो (लव्+आरो) ઇત્યાદિમાં જોવામાં આવેછે અને કદાચ क्आर[૧૪] માંથી નીકળેલો હશે. આ રીતે सुधारो શબ્દનો ખરો પ્રતિયોગી–શબ્દ, ઉપરની ખોટી વ્યુત્પત્તિ સ્વીકારનાર લોક માનેછે તે कुधारो (कु=ખરાબ+धारो=નિયમ) નથી, પરન્તુ वगाडो છે (પ્રેરક बगाडवुं, મૂળ बगडवुं, હિન્દી विघडना–કદાચ સંસ્કૃત विघट्માંથી).[૧૫]

(૪) देवालयने देवळ ના મૂળ તરીકે સ્વીકારવામાં આવેછે એ ભૂલ છે. देव શબ્દ સ્હેલાઇથી સમઝાતાં ळ નો ઉદ્દ્ભવ અજ્ઞાનથી आलय માંથી ખોળી કાઢ્યો હોવો જોઇયે (देव+आलय=देवालय). ક્ષણમાત્ર વિચાર કરતાં જણાશે કે એ શબ્દનું પ્રાકૃત રૂપ ફક્ત देवालअं (देवालयम्) બને, देवलम् થવાનો ખરું જોતાં સંભવ જ નથી.[૧૬] વાસ્તવિક વ્યુત્પત્તિ સંસ્કૃત देवकुल માંથી છે, જેનો

---

૧૪ सुधारवुं એ सुधरवुंનું પ્રેરક છે અને वधारवुं એ वधवुंનું પ્રેરક છે. આ છેલ્લા દાખલામાં आर પ્રેરક રૂપનો પ્રત્યય છે, અને वधारो હેમાંથી નીકળેલું નામ ગણી સકાય. પરંતુ પ્હેલામાં તો મૂળ ધાતુ सुधर् પોતે પ્રેરક સરખા सुधारवुं ધાતુમાંથી રચાયો જણાય છે–એટલો ફરક છે. આ મત સ્વીકારતાં सुधारो,वधारो હેમાંનો आरो પ્રત્યય कृत न ગણાય. પરંતુ कंपारो, धूजारो હેવા બીજા શબ્દો પણ છે, જેમાં आरो પ્રત્યયને कृत् તરીકે સ્વીકારવા શિવાય છૂટકો જ નથી.

૧૫ ડૉ. ભાંડારકર विघट्માંથી વ્યુત્પત્તિ થયેલી માનેછે, (હેમનાં વ્યુત્પત્તિ–વિષયક વ્યાખ્યાનોનું પૃષ્ઠ ૧૪૧ જુવો). મ્હેં 'કદાચ' કહ્યુંછે હેનું કારણ એ કે સાધારણ રીતે આદ્ય व નો ગુજરાતીમાં ब થતો નથી. પરંતુ આ શબ્દને હિન્દીમાંથી આવેલો ગણી સકાશે.

૧૬. પોતાના વિદ્વત્તાપૂર્ણ અને અત્યન્ત ઉપયોગી ગ્રન્થમાં મિ૦ બીમ્સ આ શબ્દને देवालयમાંથી ઉદ્દ્ભવેલો ગણેછે (A Comparative Grammar of the Modern Aryan Languages of India, પુ. ૨. પૃ. ૧૦). પરંતુ હેમાં સંમત થવાનું કંઇ કારણ મ્હને દેખાતું નથી; જો કે એ પંજાબી देवाला આપેછે તેથી પ્હેલી દૃષ્ટિયે હેણે સ્વીકારેલી વ્યુત્પત્તિનું સમર્થન થતું જણાયછે. બહુ તો પંજાબી શબ્દ देवालय માંથી આવ્યો હશે; પરંતુ देवल શબ્દ સર્વસંમત વાગ્વ્યાપારના નિયમો પ્રમાણે देवकुलम् માંથી ઉદ્દ્ભવ્યો હશે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

व, सि. हे. ૮–૧–૨૭ અનુસાર, વિકલ્પે ઉડી જતાં દેઉલં બનેછે. प्रतिसंप्रसारण વિધિ દર્શાવતા એક उत्सर्गना વ્યાપારથી ગુજરાતીમાં उ નો व થાયછે. (આ उत्सर्ग આગળઉપર આ પછીના વ્યાખ્યાનમાં ચર્ચીશ.)

આ પ્રમાણે देवळं–देवळ બનેછે.

(૫) व्यापार (સંસ્કૃત)–એ ભ્રાન્તિથી સ્વીકારાયેલ મૂળ શબ્દનું બીજું ઉદાહરણ છે–(ગુજરાતી) व्हेपार પરત્વે. નીચેના મુદ્દા વિચારીશું કે તરત જ ભ્રાન્તિ જણાઈ આવશે.

(क) व्यापार નો प અવિકૃત રહેવાનો સંભવ નથી; હેના કાં તો व થાય, અથવા તો લોપ થાય.

(ख) ગુજરાતીમાં व्हेपार નો અર્થ છે એ અર્થ સંસ્કૃતમાં व्यापार નો કદાપિ થતો નથી. व्हेपार એટલે 'ક્રય–વિક્રય, વાણિજ્ય;' સંસ્કૃતમાં व्यापार એટલે માત્ર 'પ્રવૃત્તિ, ઉદ્યોગ.'

(ग) व्हेवार માં રહેલા विवृत ए ઉચ્ચારનું મૂળ व्यापार માં સોધ્યું મળતું નથી, પરંતુ–व्यवहार શબ્દમાંના व्यव નો वय થતાં અને व નો ह માં સંયોગ થતાં બાકી રહેલા अय માં ઉપલબ્ધ થાયછે; જેમકેઃ– व्यवहार–वयवहारो–वयव्हारो–वॅव्हार; પછી ह પાછો પડતાં व्हॅवार બનેછે. (આ ગુજરાતી શબ્દનો અર્થ 'સંબંધ, લેવડદેવડ' થાયછે). પછી કાંઈક વિચિત્ર રીતે व નો प બનેછે, જે કદાચ व्यापार ના સામ્યાભાસથી થયું હશે, કે પછી प સાથેના व ના સંબંધની વિપરીતક્રિયાથી થયું હશે (બીમ્સ પુ. ૧ પૃ. ૩૩૦ સરખાવો; ત્યહાં એ म નો व થઈને प થતો દર્શાવેછે). બેમાંનું બીજું કારણ વધારે સંભવેછે; કારણ કે पक्ष्मणी (द्वि. व.), પ્રાકૃત पह्मणी,– पांवण–पांपण હેમાં આ પ્રમાણે व નો प થતો જોઇયેછિયે.

'વાણિજ્ય' અર્થનો ખરો સંસ્કૃત શબ્દ व्यवहार છે, અને व्हेपार (ગુજરાતી) એ શબ્દમાંથી ઉદ્‌ભવ્યોછે."[૧૭]

कान्हडदे प्रबन्ध માં પદ્મનાભ विवहारिया શબ્દને વ્હેપારીના અર્થમાં વાપરેછે એ વાતથી આ વ્યુત્પત્તિપર ઉપયોગી પ્રકાશ પડેછે.

विवहारिया वसइ वाणिया (૪–૧૨);
विवहारिया सवि सकुटुम्बा (૪–૨૨૮).

---

૧૭. મિ૦ બીમ્સ (પુ. ૧ પૃ. ૩૫૧ મે) व्हेपारनुं મૂળ व्यापार આપેછે. ઉપર કહેલાં કારણોથી હું હેમાં સંમત થતો નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નીચેના પ્રયોગો પણ સરખાવોઃ-

(૧) तहां महाधन श्रेठ एहवइ नामे विवहारिउ वसइ (वैतालपच्चवीशी; ગદ્ય પૃ. ૧૦૭; વિ. સં. ૧૬૨૯ કે એટલામાં).

(૨) वहेवारीयो तो अचरज पाम्यो आव्युं मनमां वहाल (રાવો ભક્તઃ બૃ. काव्यदोहन, ૫ મો ગ્રન્થ, પૃ. ૮૨૬ મું).

આ ઉપરથી જણાશે કે व्यवहार (व्यावहारिक) નાં રૂપાન્તરો સોળમા સૈકાથી માંડીને તાજેતરના સૈકાઓ સૂધી વપરાતાં આવ્યાંછે.

(૬) विनंति (ગુજરાતી) શબ્દને માત્ર બાહ્ય સામ્યને આધારે સંસ્કૃત विनति માંથી વ્યુત્પન્ન થયેલો સ્વીકારવાની ભૂલ થતી આવીછે. विनंति એટલે 'પ્રાર્થના', विनति નો એ અર્થ થતો જ નથી. તે ઉપરાંત विनतिને મૂળ શબ્દ માનિયે તો नं નો તીવ્ર अनुस्वार ક્યહાંથી આવ્યો એ સમઝાતું નથી. વાસ્તવિક રીતે विनंति શબ્દ હેના જ અર્થના-'પ્રાર્થના' અર્થના-विज्ञप्ति શબ્દમાંથી વ્યુત્પન્ન થયોછે; હેનું પ્રાકૃત રૂપ विण्णत्ति છે, જે શબ્દ ગુજરાતીમાં (અને મરાઠીમાં) આવતાં विनत्ति બનેછે, અને છેવટ સંયુક્ત त्तનો સાદો त થતાં, અને वक्रं માંથી वंकं થયું તે પ્રમાણે, પૂર્વસ્વર દીર્ઘ થવાને બદલે તીવ્ર અનુસ્વારથી યુક્ત થતાં, विनंति થાયછે. સિ. હે. ૮-૧-૨૬ માં આ પ્રસંગે વર્ણવેલો वक्रादिगण કાં તો आकृतिगण[१८] લેખાવો જોઇયે, અથવા તો, અનેક उत्सर्गोंમાં બનેછે તે પ્રમાણે શબ્દોની ગુજરાતીમાં સંક્રાન્તિ થવાને સમયે પણ અનુસરવામાં આવતા એક પ્રકાર તરીકે સ્વીકારાવો જોઇયે. ખરું કહિયે તો, હેવા ગુજરાતી શબ્દો સંખ્યાબંધ મળી આવેછે, કે જે, હાવો अनुस्वार દાખલ થાયછે તે છતાં પણ, વ્યાકરણમાં ખાસ વર્ણવેલા वक्रादिगण ની બ્હાર છે; જેમ કેઃ—

| સંસ્કૃત | અપભ્રંશ | ગુજરાતી |
|---|---|---|
| मर्कटकः | मक्कडउ-मंकडो | मांकडो |
| छिद्रकं | छिद्दउं-छिंडउं | छींडुं |
| पक्षी | पक्खी | पंखी |
| पक्षः | पक्खु-पंखु | पांख |
| प्रक्षकः | पक्खउ-पंखउ | पंखो |
| उष्ट्रः | उट्टु-उंठु | ऊंट |
| | ઇત્યાદિ | ઇત્યાદિ. |

૧૮. કારણ કે સૂત્રના ભાષ્યમાં गण ને અંતે इत्यादि શબ્દ હમેશાંપ્રેક્ષાછે. આ आकृतिगण છે હેવી ચોક્ખેસ ઉક્તિ કરવામાં નથી આવી એથી આ અનુમાન રચવું પડેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[ટિપ્પણ—ડૉ. ભાંડારકર ( विनंति (મરાઠી)ની વ્યુત્પત્તિ विज्ञप्ति માંથી સાધેછે. હેમનાં વ્યુત્પત્તિવિષયક વ્યાખ્યાનો પૃ. ૧૭૭ જુવો.]

(૭) कारभार (ગુજરાતી) ની વ્યુત્પત્તિ કેટલાક કેવળ બાહ્ય સામ્યને લીધે જ (સંસ્કૃત) कार्यभार માંથી થયેલી માનેછે. પણ कार्यभार નું પ્રાકૃતમાં તો कज्जभारो કે कज्जहारो હેવું રૂપ બને તે વાતની તેઓ અવગણના કરેછે. કેટલાક શબ્દો આવેછે તેમ આ શબ્દ પરભાર્યો સંસ્કૃતમાંથી જ આવ્યાં હોય એ પણ અસંભવિત છે, કારણ કે એ રીતે પણ कार રૂપ ન જ બને. कार શબ્દ ચોખ્ખો ફારસી છે—અલબત્ત સંસ્કૃત कार्यનો સગોત્ર છે પરંતુ તેમ છતાં છે તે રૂપે ફારસી જ છે—અને ફારસી कारोवार શબ્દ સુવિદિત છે; અને હેને (ગુજરાતી) कारभारના જન્મદાતા તરીકે સ્વીકારવામાં માનહાનિ માનવાને કારણ નથી. वारના વનો भ થયો એ ગુજરાતી શબ્દ भार બહુ-પરિચિત હોવાનું પરિણામ જણાયછે.

(૮) पसंद—આ શબ્દ બેશક ફારસી છે અને ગુજરાતીમાં હેનો ઉપયોગ પરિચિત છે. તો પણ હેને સંસ્કૃત प्रसन्न સાથે જોડી દેવાના પ્રયાસો વારંવાર કરવામાં આવેછે. આ બાબતમાં, બાહ્ય સામ્યને અનુસરવાના દોષમાં એ બે શબ્દોના અર્થમાં મૂલગામી ભેદકની અવગણના કરવાનો દોષ ભળેછે. "पसंद" વિષયપરત્વે વપરાયછે, "प्रसन्न" વિષયિપરત્વે વપરાયછે; ("पसंद' પ્રીતિજનક વસ્તુને લાગેછે, "प्रसन्न" પ્રીતિ અનુભવનારને લાગેછે;) दमयंतीए नळने स्वयंवरमां पसद कर्यो એમ કહિયે તો અર્થ સમઝાય, પરન્તુ એ જ અર્થ દર્શાવવા માટે दमयंतीए नळने स्वयंवरमां प्रसन्न कर्यो એમ કહિયે તો દેખીતું ઉપપત્તિહીન જણાશે.

(૯) दोहद—પંચમહાલ તાલુકાના મુખ્ય ગામનું નામ છે. સુધારો શબ્દના સંબંધમાં કરવામાં આવેછે તેમ, બાહ્ય સામ્યને આધારે જ આ શબ્દની વ્યુત્પત્તિ સાધવામાં કેટલા'ક લોક હેનાં બહિરંગોના પૃથક્કરણની સહાયતા લેછે; અને दो અને हद હેવા બે ભાગ પાડીને માનેછે કે ગુજરાત અને માળવા બે મુલકની સમાન હદપર આવેલું છે એટલે એ ગામ दोहद કહેવાય-છે. (दो=બે અને हद=સીમા). આથી વધારે કૃત્રિમ બીજું શું હોઈ સકે? ખરી વ્યુત્પત્તિ આ પ્રમાણે છે:—[૧૯] दधिपद्र-(પ્રાકૃત) दहिवद्द-देहवद-दाहोद, જે નામ એ દેશમાં વસ્તુતઃ પ્રચરિત છે, दोहद તો પાછળથી કૃત્રિમ વ્યુત્પત્તિ-ની અનુકૂળતાએ ઘડવામાં આવ્યું હશે. (અદ્યપર્યંત કેટલા'ક વર્ગના સ્થાનિક

૧૯ આ વ્યુત્પત્તિનો પ્રથમ સ્વ. હ. હ. ધ્રુવે નિર્દેશ કર્યો હતો (બુદ્ધિપ્રકાશનો ઈ. સ. ૧૮૮૩ ના એપ્રિલનો અંક જુવો.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વર્તનીઓ અને અન્ય પુરુષો दद्देवद નામ વાપરેછે). નાસિક જીલ્લાના ચાંદવડ તાલુકામાં દહિવદ નામે ગામ છે; અને (સંસ્કૃત पद्र=ગામ, પ્રાકૃત वद्द, હેમાંથી આવેલું) ઉત્તરપદ वद અનેક શહેરોનાં અને ગામોનાં નામોમાં જોવામાં આવેછે; જેમ કે हळवद, नडियाद (नटपद्र માંથી), वडोदरा (वटपद्रमांथी; અહિંયાં पद्र નો र જળવાઈ રહ્યોછે અને વિશ્લેષને પામ્યોછે); नांदोद (नन्दपद्र).

(૧૦)-(૧૧)-(૧૨) पापड, माशी અને आजो ની બાબતમાં પણ બહિરંગની હેવી પૃથક્‌ક્રિયાનો અયોગ્ય આશ્રય લેવામાં આવેછે. पापड ના पा+पड હેવા ભાગ પાડવામાં આવેછે (पा पड, અત્યન્ત પાતળો હોવાથી); જ્યારે વસ્તુતઃ મૂળ पर्पट છે. શકય છે કે આ पर्पट શબ્દ देश्य હોઈને સંસ્કૃતત્વ પામ્યો હશે; અને પાપડ ખાઇયે ત્યહારે પડ-પડ અવાજ થાયછે હેના અનુકરણમાં મૂળ એ ઘડાયો હશે. माशी ના પણ એ જ પ્રમાણે मा+शी (=मा जेवी) હેવા બે ભાગ પાડવામાં આવેછે; જ્યહારે વસ્તુતઃ વ્યુત્પત્તિ હાવી છેઃ—मातृष्वसा (સંસ્કૃત), माउसिआ[૨૦] (પ્રાકૃત); (મરાઠી मावशी સરખાવો.)

[ટિપ્પણ:-મરાઠીમાં मावशी નો વર એ અર્થમાં मावशी માંથી નીકળેલો એકે નરજાતિનો શબ્દ નથી હેનું કારણ આ વ્યુત્પત્તિમાં જ રહ્યુંછે; मावसा કહેવું સ્વભાવતઃ અશક્ય છે. ગુજરાતી मासो (=माशी નો વર) એ શબ્દ બુદ્ધિભ્રમને પરિણામે રચાયલું પુંલ્લિંગનું રૂપ છે એ સ્પષ્ટ છે[૨૧]]

आजो-(માતામહનું શ્રાદ્ધ):—આ શબ્દની પણ હેવી પૃથક્‌ક્રિયા કરવામાં આવેછે;-आ+जा એટલે આવ અને જા; જેને આવકાર મળે અને ન પણ મળે તે, શ્રાદ્ધ કરનારો પિતા હયાત હોય તો જ આ શ્રાદ્ધ થઈ સકે; નહિ તો ન થાય એ કારણથી. વસ્તુતઃ આ શબ્દ સંસ્કૃત आर्यः— પ્રાકૃત अज्जो માંથી આવ્યોછે એ વિચારિયે કે તરત એ કૃત્રિમ રચના પડી ભાગેછે (મરાઠી आजा સરખાવો; ત્યહાં હેનો અર્થ પિતામહ પણ થાયછે.)

## ૨ कृत्रिम व्युत्पत्तिनो अनादर.

આ નિયમ એક રીતે પૂર્વોક્ત નિયમનું અંગ છે; પરંતુ બન્નેના વિષય સર્વથા સમાન ન હોવાથી હેની પૃથક્ ચર્ચા કરવાનો અવકાશ રહેછે. બેજ દૃષ્ટાન્તો આપીશ.

કૃત્રિમ વ્યુત્પત્તિનો અનાદર.

---

૨૦ सिद्ध हेमचंद्र ८-१-१३४ જુવો.

૨૧ कर्पूरमञ्जरीમાં (હારવર્ડ આવૃત્તિને પૃષ્ઠ ૩૨ મે) माउच्छओ કે પાઠ ફેરથી माउस्सओ, माउसिओ (માશીનો વર)છે. આ કૃત્રિમ રચના (ઈ. સ. ૯૦૦ ના અરસાના) રાજશેખર જેટલી પુરાણી છે, એ આથી સ્પષ્ટ થાયછે. રાજશેખરનું રંગભૂમિયોગ્ય પ્રાકૃત બહુ ઘણીવાર કૃત્રિમ અને નિપજાવી કાઢેલું લાગેછે, એ સ્મરણમાં રાખવાનું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧) વિધવા—સામાન્યતઃ એમ મનાયછે કે આ શબ્દ બે ભાગનો બનેલો છે, वि અને धव (પતિ), "પતિ રહિત સ્ત્રી', પરન્તુ તુલનાત્મક વ્યુત્પત્તિ—શાસ્ત્ર બતાવી આપેછે કે vidua (विडुआ) એક સંહત લાટિન શબ્દ છે, અને હેના vi (वि) અને dua (डुआ) હેવા ભાગ થઈ સકે તેમ છે જ નહિ. આથી અનુમાન થાયછે કે લાટિન vidua (विडुआ) અને સંસ્કૃત विधवा બન્ને એક જ, ઉભય—સાધારણ, મૂળમાંથી નીકળ્યાછે અને वि—धव એ વ્યુત્પત્તિ કૃત્રિમ છે.[૨૨]

(૨) दम्पती એટલે પતિ—પત્ની; આ શબ્દની સાયણાચાર્ય અને અન્ય પંડિતોએ जाया+पतिः હેવી કૃત્રિમ વ્યુત્પત્તિ આપીછે. અને दम् પદ जाया નું રૂપાન્તર છે હેવી કૃત્રિમ કલ્પના રચીછે. વસ્તુતઃ હેનો હેવો અર્થ થતો જ નથી અને વાગ્વ્યાપારદૃષ્ટિયે હાવો ફેરફાર શક્ય પણ નથી. ઉલટું આધુનિક વિદ્વાનો એકમતે સ્વીકારેછે કે दम् પદ વૈદિક दम् ઘર (લાટિન domus) એ શબ્દને સ્થાને છે, અને दम्पती એટલે ઘરના બે માલેકો, પતિપત્ની.

## ૪ લાઘવ.

૪. લાઘવ.

આ નિયમ અગત્યનો છે પણ આ શબ્દનો કિયો અર્થ સ્વીકારવામાં આવેછે એ વાતપર ઘણો આધાર રહેછે. अर्धमात्रालाघवेन पुत्रोत्सवं मन्यन्ते वैयाकरणाः એ પરિભાષાનો વિનિયોગ અને વિષય નિરાળો છે. તુલનારૂપ વ્યુત્પત્તિશાસ્ત્રના ક્ષેત્રમાં હેનો અંગીકાર કેટલે અંશે થઈ સકે એ વિષયનો ઉંડો વિચાર કરવો પડે એમ છે. માટે આપણા ચર્ચાક્ષેત્રમાં હેની ઉપયોગિતા પર લક્ષ રાખીને આ

---

૨૨ Widower (=विडोअर), અને विधुर એ શબ્દો સરખાવવા જેવા છે. विधुर ની वि+धुर હેવી વ્યુત્પત્તિ वि+धव=विधवा જેટલી જ કૃત્રિમ હોવી જોઇયે. Widower નો er એ विधुर ના र ને મળતું કોઇ શબ્દાંગ હશે, ષષ્ઠી—સંબંધ, કર્તૃસંબંધ કે હેવા અર્થવાળો સાધારણ er પ્રત્યય અંગ્રેજીમાં છે તે નહિં. લાટિન Viduus (विडयुअस) 'રહિત' એ શબ્દ vidua (विडुआ) ને વૈધવ્યપ્રાપ્ત, વિરહિત, હેવા અર્થનું વિશેષણ ગણીને હેમાંથી રચવામાં આવેલો મનાયછે. સ્ત્રીલિંગમાંથી પુંલ્લિંગ શબ્દ થયો એમ મનાયછે. Century Dictionary સૂચવેછે કે 'विधवा' કદાચ "विन्ध्=રહિત હોવું એ ધાતુમાંથી આવ્યો હશે. विन्ध् નો હાવો અર્થ મ્હને મળતો નથી. મો૦ વિલિયમ્સ તર્ક કરેછે કે ધાતુ व्यथ् હશે. विधुर નો પ્રાથમિક અર્થ "દુભાયેલો" છે અને પછી આડકતરી રીતે "મૃતપત્નીક" થયોછે. विधुरा શબ્દ પણ છે જેનો અર્થ સાયણ विधवा કરેછે. આ પ્રમાણે वि+धव અને वि+धुरा એ કૃત્રિમ વ્યુત્પત્તિયોની વિરુદ્ધમાં નિઃસંદેહ નિર્ણય આપનારી માહિતી મળેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિયમનું હું પૃથક્કરણ કરીશ, કે જેથી વિષયના મૂલમાં જ જઈ પ્હોંચાય. ત્હારે લાઘવ ના બે સ્પષ્ટ વિનિયોગ છેઃ

(૧) જેમ જેમ પ્રયાણક્રમ ઓછા થતા જાય તેમ તેમ લાઘવ વધારે જળવાય. હાને ક્રમલાઘવ કહીશું. ગણિતમાં, તર્કશાસ્ત્રમાં, અને જેમાં ચોક્કસ નિત્યસિદ્ધ સ્વરૂપના નિયત અંગોનો વ્યાપાર વ્હોળો હોય તે સર્વ વિષયમાં આ પ્રકારના લાઘવ ની ઉપયોગિતા રહેછે.

(૨) અનેક વિવિધ ઉદાહરણમાં વ્યાપનારા સર્વસામાન્ય નિયમોની સંખ્યા ઘટાડી સકાય, અનેકનો એકમાં સમન્વય કરાય, તે બીજા પ્રકારના લાઘવ નું કાર્ય છે. હેને વીજલાઘવ કહીશું. જેમાં જીવન-ભૂત પ્રગતિ અને વિકાસ એ અંગોનો વ્યાપાર પ્રબળ હોય હેવા, ઇતિહાસ અને ભાષા–મીમાંસા જેવા, વિષયોમાં આ પ્રકારનું લાઘવ ઉપયોગી છે. હાવા વિષયોના અભ્યાસમાં ક્રમલાઘવને અવ-કાશ જ નથી. ઉદાહરણ તરીકે વિકાસની એક દશામાંથી બીજી દશા પ્રાપ્ત કરવામાં મનુષ્ય જાતિયે જેમ બને તેમ થોડા ક્રમ કરેલા દર્શાવાય તેમ સારૂં હેવો, કે અન્તિમ સ્વરૂપ પામવામાં ભાષાના શબ્દોનાં અવાન્તર રૂપાન્તરો જેમ ઓછાં દર્શાવાય તેમ સારૂં હેવો, આગ્રહ રાખી સકાય નહિ.

આ બન્ને પ્રકારના લાઘવમાં મૂલ મુદ્દો અલ્પવ્યય છે; પરંતુ જ્યહારે ક્રમલાઘવમાં આયાસ કે શક્તિનો વ્યય અલ્પતર થાયછે ત્હારે વીજલાઘવમાં સામગ્રી અલ્પતર ખપેછે. ભાષા–વિકાસના અધ્યયનમાં ક્રમલાઘવની ઉપ-યોગિતા અત્યન્ત વિરલ અને તદ્દન ગૌણ પ્રકારની જ હોઈ સકે. જ્યહાં વીજલાઘવથી પરીક્ષા કરવી ઉચિત હોય ત્હાં ક્રમલાઘવ દાખલ કરવા મથવું એ માપાં પાયલીને બદલે ગજ કે વાર લઇને દાણા ભરવા બેસવા જેવું છે. અલબત્ત આ બે પ્રકારના લાઘવ વચ્ચેનો ફરક માત્ર નિયામક તત્ત્વોના વ્યાપારની દૃષ્ટિયે જ છે; કારણ કે ગણિતમાં, તત્ત્વજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનમાં, અને હેવા જ, પદાર્થના અન્તઃસ્વરૂપની અન્વીક્ષા કરતા, વિષયોમાં પણ એકી-કરણની અને સર્વસાધારણ નિયમ સોધવાની પદ્ધતિનો હમેશાં પ્રયોગ કરવામાં આવેછે. વ્યાકરણના વિષયમાં વીજલાઘવ અને ક્રમલાઘવ બન્ને સૂત્રોને ઓછો વત્તો અવકાશ છે. अर्धमात्रालाघव ની પરિભાષાને વૈયાકરણોનું પ્રિયસૂત્ર ગણવામાં આવેછે તે આ જ પ્રસંગને ઉદ્દેશીને છે.

પૂર્વગત ઉક્તિયોને સ્પષ્ટ કરવા માટે ભાષાવ્યુત્પત્તિનાં કેટલાંક ઉદા-હરણો લઈશું:–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(क) વડોદરું (ગાયકવાડની રાજધાની). હેની એક કૃત્રિમ વ્યુત્પત્તિ वटोदरं (वट+उदरम्) છે. અલબત્ત હેમાં વર્ણવિપરિણામના ક્રમો થોડામાં થોડા આવેછે, અને જો क्रमलाघव ના સૂત્રને અનુસરિયે તો આપણે આ વ્યુત્પત્તિ એકદમ સ્વીકારવી પડે. પરન્તુ અનેક શબ્દોની વિશાળ સમાલોચના કરવાથી અને તદન્તર્ગત સાધારણ તત્ત્વોની શોધ કરવાથી, ટૂંકામાં કહિયે તો बीजलाघव-નું સૂત્ર સ્વીકારવાથી, વાસ્તવિક વ્યુત્પત્તિ वटपद्र છે એ જણાશે; કારણ કે હેમાંનું पद्र (=ગામ, શહેર) એ તત્ત્વ चाणोद, नडियाद, नान्दोद, हळवद ઇત્યાદિમાં પણ જોવામાં આવેછે.

[વડોદરાના પ્રભાકર રામચન્દ્ર પંડિતના (ઈ. સ. ૧૮૭૮ માં) રચેલા अपभ्रंशशब्दचन्द्रिका નામના જૂના ગ્રન્થમાં वट+उदर હેવો વ્યુત્પત્તિપ્રયાસ છે પણ ખરો. એ ગ્રન્થ મરાઠી ભાષાના શબ્દોનો વ્યુત્પત્તિયુક્ત કોશ છે. बडोदें શબ્દની રહામે નીચે પ્રમાણે આપ્યુંછેઃ-

"वटोदर, वट+उदर, पूर्वी वडांची झाडी ह्या शहराच्या आसपास फार होती म्हणून हें नांव."

પરંતુ સુભાગ્યે ઉમેર્યુંછે કે "कोठें वटपद्र असें हि आढळतों.]

(ख) दाहोद-क्रमलाघव ના પૂજકોને दो+हद હેવી વ્યુત્પત્તિ પસંદ પડશે, પરંતુ ઉપર જ વડોદરું શબ્દના પ્રસંગમાં આપેલાં કારણોને લીધે[२३] बीजलाघव ના સૂત્રને અનુસરીને दधिपद्र એ જ વાસ્તવિક વ્યુત્પત્તિ છે એમ સ્વીકારવું પડશે.

(ग) बायणुं-वारणुं (=દરવાજો). क्रमलाघव ના પક્ષકારો હેની वारणं (એટલે જે અટકાવેછે તે) એ શબ્દમાંથી વ્યુત્પત્તિ થયેલી સ્વીકારશે, અને હેમાં व નો ब થાય તે શિવાય બીજો ફેરફાર નથી થતો.

પરંતુ द्वारं શબ્દનું પ્રાકૃત રૂપ વિકલ્પે द्वारं અને बारं થઇને હેમાંથી મરાઠીમાં दार અને ગુજરાતીમાં बारणुं અને बार[२४] હેવાં રૂપાન્તરો થયાં (જેમાં बार વિશેષતઃ કાઠિયાવાડનો શબ્દ છે), એ એકદમ સમઝાય એમ છે. એ રીતે બંને ભાષાઓનો એક જ સમાન મૂળશબ્દ મળેછે.

---

२३ ઉપર २-(९) માં આપેલાં કારણો પણ જુવો.

२४ वारणं સ્વીકારતાં बार શબ્દનું મૂળ અજ્ઞાત રહેશે. એટલે એ વ્યુત્પત્તિની વિરુદ્ધ આ એક વાંધો વધ્યો. વળી આદ્ય व નો ब ગુજરાતીમાં નથી થતો (द्वारं નું वारं થાય-છે એ જૂદી વાત છે, કારણ કે હેમાં व તદ્દન આદ્ય નથી). ત્હાર પછી એક બીજો ન્હાનો વાંધો એ છે કે द्वार નો અર્થ વસ્તુતઃ 'द्वार માર્ગ' થાયછે, જ્યહારે 'वारणं' હેવો શબ્દ હોય તો પણ હેનો અર્થ 'કમાડ' જ થઈ સકે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

बार ने णुं લાગ્યોછે તે अपभ्रंश અને ગુજરાતીમાં અતિપ્રચરિત (સંસ્કૃત પ્રત્યય क ના પ્રતિનિધિ) ड પ્રત્યયના ढुं तुं રૂપાન્તર છે.

[ હાવી રીતે ड નો ण થતો નીચે દર્શાવેલા પ્રકારના શબ્દોમાં જોવામાં આવેછેઃ–

(૧) कटिदोरो–कडदोरो–कणदोरो–कंदोरो ( મરાઠી શબ્દ कडदोरा સાથે સરખાવો ).

(૨) कुटुम्बी ( સંસ્કૃત), कुडुम्बी (પ્રાકૃત), कुळंबी, कुणबी (મરાઠી)–कणबी (ગુજરાતી ).

(૩) तंतुककः–(અપભ્રંશ) तंतुडउ, (ગુજરાતી) तांतणो.

(૪) पडंचा (દેશ્ય)–पणछ (ગુજરાતી).

ગુજરાતી आपणुं શબ્દના आपडुं રૂપમાં વિપરીત ક્રમ જોવામાં આવેછે, એ વાત ड અને णना, ण એ અનુનાસિક ड़ છે હેવા પ્રકારના, સગપણનું સાક્ષ્ય પૂરેછે. વિ. સં. ૧૬૭૨ માં લિપિ પામેલી दोधकवृत्तिमां ( सि. हे. ૮–૪–૩૬૭ પરની વૃત્તિમાં) મ્હેં अप्पडउं શબ્દ જોયોછે તેમ જ (सि. हे. ૮–૪–૩૫૦ પરની વૃત્તિમાં) अप्पणउं શબ્દ જોયોછે; અર્થાત્ આ રૂપાન્તર ઓછામાં ઓછું વિ. સં. ૧૬૭૨ જેટલું પુરાણું હોય એમ જણાયછે. ]

(घ) न्हातुं (ગુજરાતી):—આ શબ્દ बीजलाघववुं બહુ સબલ ઉદાહરણ છે; સંસ્કૃત श्लक्ष्णनां પ્રાકૃતમાં વિકલ્પે બે રૂપ થયાં–लण्हं અને सण्हं; પ્રથમ રૂપમાંથી (नन्हं થઈને) ગુજરાતી न्हानुं શબ્દ, અને મરાઠી लहान શબ્દ નીકળ્યો; જ્યહારે બીજા રૂપમાંથી સિંધી सन्होरे[२५] (=પાતળો), કાનડી सण्ण (=ન્હાનું) અને કોંકણી साण (=ન્હાનું) એ શબ્દો આવ્યા.

(બે નળીની પિસ્તોલ જેવો મરાઠી लहानसहान શબ્દ, તેમ જ ગુજરાતી न्हानुंसूनुं શબ્દ, लण्ह અને सण्ह એ બંને પ્રાકૃત રૂપોના પ્રતિનિધિયોના યુગ્મ રૂપ છે.)[२६]

---

૨૫. સિંધીમાં બીજો પણ એક શબ્દ છે–नंढो=જુવાન; આ શબ્દ सण्हना વિકલ્પ लण्ह માંથી આવેલોછે. ण्ह ના ण માં ह ના સાન્નિધ્યથી કંઇક વિશિષ્ટ પ્રકારનું મહાપ્રાણત્વ આવતાં ण्ढ બનેછે, જેમ (सि. हे. ૮–૨–૫૦ પ્રમાણે) चिन्हं नुं રૂપાન્તર વિકલ્પે चिन्धं થાયછે તેમ.

મિ. બીમ્સ સિંધી नंढो ને સંસ્કૃત नन्द (=પુત્ર) શબ્દમાંથી આવેલો સ્વીકારેછે એ ભાગ્યે જ યથાર્થ ગણી સકાશે (હેના ગ્રંથનું પુસ્તક ૧ પૃ. ૩૩૦ જુવો). પ્રસંગવશાત્ કહીશું કે 'પુત્ર' અર્થ नन्द નો નથી થતો, नन्दन નો થાયછે.

૨૬. ગુજરાતી ઢોરઢાંખર, राचरचीलुं, माणसकूणस, गूपचूप, छानुंमानुं, डोसांडगरां नवुंसवुं ઇત્યાદિ શબ્દો સરખાવો. ગુજરાતીમાં હાવા અનેક દ્વિમુખશબ્દો છે અને હેવા જ મરાઠીમાં પણ છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે શ્લક્ષ્ણને મૂલ શબ્દ તરીકે સ્વીકારવાથી ગુજરાતી, મરાઠી, કાનડી, સિંધી અને કેંકણી એ પાંચ ભાષાઓમાં સમાનરૂપે રહેલું એક જ તત્ત્વ ઉપલબ્ધ થાયછે, અને વળી ल्हान सहान અને न्हानुं सूनुं જેવા દ્વિમુખ શબ્દોના દ્વિતીય અંગનું પણ સંતોષકારક અને સમાન મૂલ મળી આવેછે. बीजलाघवनुं આ એક ઉત્તમ ઉદાહરણ છે.[૨૭]

(ङ) वेसवुं (ગુજરાતી)-સદ્ગત શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસ[૨૮] અને જેઓમાં વધારે સારા જ્ઞાનની આશા રહે હેવા કેટલાક આધુનિક વિદ્વજ્જને આ શબ્દને નર્યાં (સંસ્કૃત) विश् ધાતુમાંથી નીકળેલો માનેછે, અને એ આગ્રહમાં विश् એટલે 'પ્રવેશ કરવો' અને वेसवुं એટલે 'ઉપવિષ્ટ થવું' એ અર્થભેદની પણ ઉપેક્ષા કરેછે.[૨૯] व નો ब અને इ નો ए કર્યો (અને श् નો स् તો સ્વા-

૨૭ હેમચન્દ્ર सण्ह ને सूक्ष्मમાંથી પણ સાધી બતાવેછે (सि. हे. ૮-૨-૭૫) અને (૮-૧-૧૧૮). પરંતુ આ બન્ને સૂત્રો सूक्ष्म શબ્દને જ ઉદ્દેશીને રચાયાંછે, અને सूक्ष्मનું સ્વાભાવિક રૂપ (सुहं દ્વારા) सुहुम થાય હેને आर्ष ગણ્યુંછે, એ મુદ્દાઓ વિચારતાં મને શંકા ઉપજેછે કે सण्ह અને सुण्ह બન્ને શબ્દોના ગ્રન્થોમાં સાક્ષાત્ "સૂક્ષ્મ" અર્થમાં પ્રયોગ થયેલો જોઈને હેને, श्लक्ष्णમાંથી लण्ह અને सण्ह નીકળેછે એમ દર્શાવનારાં, પોતાનાં જ (૮-૨-૭૭, ને ૭૯) સૂત્રોની વિસ્મૃતિ થઈ અને सण्ह અને सुण्हની सूक्ष्मમાંથી વ્યુત્પત્તિ આણવાનું આવશ્યક લાગ્યું. એમ ન હોય તો હેનાં ૮-૧-૫૨ થી ૫૫ સુધીનાં સૂત્રોમાં રહેલા નિયમને અનુસરીને सुण्हना उनुं સમર્થન કરવું રહેલું હતું.

પરંતુ જો सुण्हने सूक्ष्मમાંથી નીકળેલો માનિયે તો ગુજરાતી યુગ્મશબ્દ न्हानुं-सूनुंમાં રહેલો सूनुं શબ્દ એ મૂળમાંથી જ ઉદ્ભવ્યો એમ સ્વીકારી સકાય. लण्ह सुण्हમાં श्लक्ष्ण અને सूक्ष्मનો સંયોગ ગુજરાતી चाडीचुगली, कामकाज ઇત્યાદિ જેવો થશે, કે જેમાં એક જ અર્થના બે શબ્દોનો સંયોગ થાયછે.

૨૮ હેમની उत्सर्गमाळानी ઇ. સ. ૧૮૭૦ ની આવૃત્તિનું પૃષ્ઠ ૧૧૪ મું જુવો. સદ્ગત નવલરામ લક્ષ્મીરામે પણ આ વિષયમાં વ્રજલાલ શાસ્ત્રીનું અનુકરણ કર્યુંછે (હેમનો व्युत्पत्तिपाठ, उत्सर्ग, ૯ પૃ. ૬૬ મું જુવો).

૨૯. આ દોષનું નિવારણ કરવાના પ્રયાસમાં રા. રા. કેશવલાલ હ. ધ્રુવ હેવો અભિપ્રાય રજુ કરેછે કે उपविश् માંથી उप લુપ્ત થાયછે અને ત્યહાર પછી विश् નું बस् બનેછે. હેમના गीतगोविन्दना ભાષાન્તરની ૨ જી આવૃત્તિનો ઉપોદ્ઘાત જુવો: ત્યહાં (પૃષ્ઠ ૧૬ મે) કહેછે કેઃ-

"उपरान्त पहेला सर्गना चोथा प्रबन्धमां निर्ध्यायतिने स्थाने ध्यायति अने सातमा सर्गना चोथा प्रबन्धमां निःश्वसितिने स्थाने श्वसिति वापर्याछे, ते गुजरातीमां उपविश्ने स्थाने वेसे वगेरे वपरायछे ते ज मुजब प्राकृत प्रक्रिया अनुसार वापर्याछे.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાવિક રીતે થશે જ) એટલેથી જ પતાવવા क्रमलाघव ના મોહમાં તેઓ પડેલા જણાયછે. પરંતુ જો उपविश् (= બેસવું) હેમાંથી હેની વ્યુત્પત્તિ ખરી છે તે સ્વીકારિયે તો એક તરફ (૧) उपविशाति (સંસ્કૃત), उवविसइ (પ્રાકૃત) उवइसइ, वइसइ, -બેસે (ગુજરાતી)[३०] અને બીજી તરફ (૨)

---

आवी ज रीते बारमा सर्गना पहेला प्रबन्धमां **परिचरण**ने स्थाने **चरण** वापरेलुं जोवामां आवेछे. आ प्रयोग देखीता संस्कृतप्रक्रिया विरुद्ध ज छे."

સંક્ષિપ્તરૂપે ક્હેવાની હેમની રીત મુજબ રા. રા. કેશવલાલ ધ્રુવ અહિંયાં હેવું સૂચવેછે કે उपसर्ग વાળા કેટલા'ક ધાતુઓ પ્રાકૃતમાં થઈને આવતાં ઉપસર્ગને ત્યાગ કરેછે અને તેમ છતાં એ ઉપસર્ગથી થયેલો અર્થાન્તર જાળવી રાખેછે. उपविश् એ હાનું યથાર્થ ઉદાહરણ હેમના મત પ્રમાણે છે. હેમના આ મતમાં સત્યાંશ ગમે તેટલો હોય (ઉદાહરણ એક જ આપ્યુંછે, અને તે પણ ખોટું), પરંતુ આટલું ચોક્કસ છે કે उपविश् ઉદાહરણ યથાર્થ નથી.

હું કબૂલ કરુંછું કે ૩ જી અને ૪ થી આવૃત્તિમાં રા. રા. કે. હ. ધ્રુવે उपविश् ઉદાહરણ છોડી દીધુંછે અને અવલમ્બનરૂપ ઉદાહરણ તરીકે निशामय–સાંભળ (ગુજરાતી) આણી મૂક્યુંછે; અને તે ઉપરાંત આપણને ભાલણકૃત कादम्बरी પરના પોતાના ટિપ્પણમાં પૃષ્ઠ ૯૮ની પંક્તિ ૧૩ મી ઉપરતું ટિપ્પણ જોવા સૂચના કરીછે; ત્ય્હાં આ ઉદાહરણો આપેલાં છે.–संवर्धय–वधार (ગુજ.), निमि,–मेल (ગુજ.), निपद्–पोढ (ગુજ.), निर्गमय-गमाव, गुमाव (ગુજ.), अतिवाहय–व्हा (ગુજ.), वि+भज्=वंज (ગુજ.), संपन्न–वन (ગુજ.) ઇત્યાદિ અને વધારામાં विश्रब्ध–सब्धु (ગુજ.), परिवस्=वासी (ગુજ.) :(पर्युषित) એ બે આપ્યાંછે. આ ઉદાહરણોની પરીક્ષા કરવાનું આ સ્થાન નથી; પરંતુ બુદ્ધિમાન પુરુષ એક દૃષ્ટિપાતથી જ જોઈ સકશે કે દરેકે દરેક ઉદાહરણ ક્લિષ્ટ, તરંગજનિત અને પ્રમાણ-રહિત છે.

ગમે તેમ હો, ઉપર મૂળગ્રંથમાં મ્હેં દર્શાવેલા દોષો રા. રા. કે. હ. ધ્રુવે સ્વીકારેલી बेसवुंની વ્યુત્પત્તિસરણિમાં પણ રહેછે.

૩૦ આ વ્યુત્પત્તિ સ્વીકારવાના, અને विश्‌માંથી કરાતી વ્યુત્પત્તિને બાતલ કરવાના પક્ષનું સમર્થન કરવા માટે સ્વતંત્ર કારણો પણ છે. જે ટૂંકામાં આપુંછું:–

(૧) विश् એટલે પ્રવેશ કરવો 'બેસવું' નહિ. જ્ય્હારે उपविश् એટલે "બેસવું" થાયછે.

(૨) સાદા विश् ધાતુને વ્યુત્પત્તિ મૂળ તરીકે સ્વીકારતાં बेसवुं શબ્દના ए નો વિકૃત સ્વર નિષ્પ્રમાણ રહેશે, જ્ય્હારે उवइसइનો પ્રયત્નહીન उ લુપ્ત થતાં બાકી રહેલા वइसइमांना अइમાં હેનું મૂળ દર્શાવવું શકય છે; અને

(૩) ગુજરાતીમાં व આદ્ય હોય તોહેનો ब નથી થતો, માત્ર મધ્યમાં હોય ત્ય્હારે જ થાયછે, અને તે પણ ગણ્યા શબ્દોમાં. (કેટલાક દેખીતા અપવાદો છે.)

મી૦ બીમ્સ बैठो અને बेसवुं શબ્દોની વ્યુત્પત્તિ આપતાં ભ્રમણામાં પડીને અન્યોન્ય વિરુદ્ધ અભિપ્રાયો દર્શાવેછે. એક વખત उपविष्टः–उपविशति હેમાંથી યથાર્થ વ્યુત્પત્તિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંસ્કૃત प्रविशति (પ્રવેશ કરેછે), પ્રાકૃત पविसई-पइसई-पेसे (ગુજરાતી) એ બંનેને સમાન એક તત્ત્વ મળેછે.

(च) कणवी-क्रमलाघवના ઉપાસકોએ આ શબ્દ પ્રાપ્ત કરવાનો સ્હેલો માર્ગ कण અને बी દ્વારા સોધી કાઢ્યાછે. આ વ્યુત્પત્તિ સગવડવાળી છે, પરંતુ દેખીતી રીતે કૃત્રિમ છે.

પરંતુ સંસ્કૃત कुटुम्बी(=કણુબી)[३१] શબ્દમાંથી વધારે સારી રીતે નિરુક્તિ થઈ સકેછે, અને એથી મરાઠી कुळंबी, कुणबी શબ્દનો ગુજરાતી कणबी સાથે એક જ વ્યુત્પત્તિસૂત્રમાં સમાવેશ થઈ સકેછે; કૃત્રિમ વ્યુત્પત્તિના कण શબ્દમાં ळ અને उ નું મૂળ નથી મળતું. વળી આ ઉદાહરણ પરત્વે બીજલાઘવ સૂત્રની પ્રવૃત્તિનું ક્ષેત્ર એટલું વિશાળ છે, કે દૂરદેશની અંગ્રેજી ભાષામાંના હેના પર્યાયભૂત husbandman શબ્દમાં પણ એ જ પ્રકારનો અર્થવિકાસ હોઈ સમાન તત્ત્વ નજરે પડેછે; husbandman એટલે (૧) કુટુમ્બનો મુખ્ય પુરુષ, कुटुम्बी અને (૨) ખેડુત, कणबी;—આ શબ્દના પ્હેલા પદ 'husband' નો અર્થ 'ઘરધણી' તેમ જ 'કુટુમ્બનો મુખ્ય પુરુષ, ગૃહસૂત્રનો નિયામક,' તેમ વળી 'ખેડુત' હેવો થાયછે, અને હેની વ્યુત્પત્તિ 'hus'='a house' 'ઘર' અને 'bonda'='ગામડીઓ, ખેડુત' હેવી છે.

(छ) अजीठुं (ગુજરાતી)=હિંદી जूठा.

---

સાધેછે, પછી સાદા विष्टः માંથી, અને એક વખત તો કલ્પિત સંસ્કૃત ધાતુ वस् માંથી (હેના ગ્રંથનું પુ. ૧ પૃ. ૧૭૯ મું., પુ. ૩ પૃ. ૩૮ મું., પુ. ૧ પૃ. ૧૯૭ મું જુવો) આ વિષયની વિશેષ વિસ્તીર્ણ ચર્ચા આ પછીના વ્યાખ્યાનમાં થશે.)

३१ નીચેનાં વાક્યોમાં कुटुम्बी શબ્દનો પ્રયોગ લક્ષયોગ્ય છે.

(क) कामपि श्रियमासाद्य यस्तद्वृद्धयै न चेष्टते ।
तस्यायतिषु न श्रेयो बीजभोजिकुटुम्बिवत् ॥

(મધ્ય પ્રાન્તના ઔદ્યોગિક પ્રદર્શન તરફથી અપાયેલા પ્રમાણપત્રમાં મ્હેં આ ઉતારો વાંચ્યો હતો.)

(ख) कुटुम्बी कर्षकः क्षेत्री हली कृषिककार्षकौ ।
कृषीवलोऽपि ॥ (હેમચંદ્રનો अभिधानचिन्तामणि ३—५९४)

(ग) कुसुम सुगंधी चंशमां खाय (क) कुटुंबी जेम ।
शास्त्ररसिक कविनी कला थाय निरर्थक तेम ॥

(વીરવિજયકૃત धम्मिल्ल कुमारनो रास ખણ્ડ ૩, શ્લોક ૧૦, વિ. સં. ૧૮૯૬.)
खायकमांनो क અર્થ અને છન્દ બન્ને માટે નકામો છે એથી મ્હેં હેને કાઉંસમાં મૂક્યોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ શબ્દોનું સંસ્કૃત जुष्ट શબ્દમાંથી નિર્વચન કરવાનો પ્રયાસ કરવામાં આવેછે. અલબત, એથી क्रमलाघव જળવાશે, जुष्टं–जुट्ठं–जुठं એમ બે જ પગથિયાં ઊતરવાં રહેશે (ष्ट નો ट्ठ થશે એ એક, અને ट નો લોપ થતાં પૂર્વનો उ દીર્ઘ થશે એ બીજું); પરંતુ અન્તિમ રૂપ અજીઠું લાવવાને માટે બીજાં બે પગથિયાં જોઈશે, (૧) उ નો ई થશે તે અને (૨) આદિમાં अ નો ઉમેરો. પરંતુ उच्छिष्टं (= ખાધેલા અન્નનો અવશેષ) એ શબ્દમાં વાસ્તવિક મૂળ શબ્દ આપણને મળી આવેછે; કારણ કે એથી મરાઠી उष्टें, હિંદી जूठा અને ગુજરાતી अजीठुं એ ત્રણે શબ્દોની સમાન વ્યુત્પત્તિ પ્રાપ્ત થાયછે; જેમ કે:–

ગુજરાતી अजीठुं;–(સંસ્કૃત) उच्छिष्टं, (પ્રાકૃત) उच्छिट्ठं, (संयोगलोप અને पूर्वस्वरदीर्घत्व) उछीठुं–(छ નો ज) उजीठुं, (उ નો अ) अजीठुं; મરાઠી उष्टें;–(સંસ્કૃત) उच्छिष्टं, (પ્રાકૃત) उच्छिट्ठं–च्छि અને ट्ठ નો સંશ્લેષ અને छ् નો ष् થતાં- उष्टें; હિન્દી जूठा; (સંસ્કૃત) उच्छिष्टं, (પ્રાકૃત) उच्छिट्ठं–उजीठा (ગુજરાતી પ્રમાણે); (અસ્વરિત આદ્ય સ્વરનો લોપ થતાં) जीठा, (ई નો ऊ, स्वराणां स्वराः) जूठा.[૩૨]

પ્રસંગવશાત્ હું કહીશ કે સંસ્કૃતમાં जुष् નો એકે અર્થ હેવો નથી થતો કે જેને उच्छिष्ट નો નિકટવર્તી પણ ગણી સકાય. પાણિનિનો धातुपाठ માં અને (પાણિનિના, હેમચંદ્રના અને બોપદેવના ગ્રન્થોમાંથી સંગ્રહરૂપે રચેલા) વ્રજલાલ શાસ્ત્રીકૃત धातुसंग्रह માં प्रीति, सेवन, परितर्कण, परितर्पण; प्रेम करवो, सेववुं; तर्क करवो, हणवुं, तृप्त करवुं, હેવા અર્થો આપ્યાછે.

ડૉ. ભાણ્ડારકર जूठा ને उत्सृष्टकंमાંથી વ્યુત્પન્ન થયેલો માનેછે (વિલ્સન વ્યુત્પત્તિવિષયક વ્યાખ્યાનો પૃ. ૧૬૫). પરંતુ उच्छिष्टकं પસંદ કરવામાં મ્હારો અભિપ્રાય છે તે તુરતમાં જ અન્ય પ્રસંગે હું દર્શાવીશ, (આગળ, ૬ માં).

बीजलाघवના સૂત્રના ઉદ્દ્ભાસન માટે વધારે ઉદાહરણોની અપેક્ષા રહેતી મ્હને નથી લાગતી.

### ૫ ऐतिहासिक पौर्वापर्यनुं अनुरोधन.

**૫ ऐतिहासिकक्रमनुं अनुसरण**

અદ્યતન પ્રચલિત ભાષાઓના વિકાસક્રમમાં તેઓની અને સંસ્કૃતની વચ્ચે આવતી પ્રાકૃત ભાષાઓ પ્રત્યે ઉચિત લક્ષ આપવાની આવશ્યકતાનો હું આ સૂત્રમાં સમાવેશ કરૂંછું. અવાન્તર પ્રાકૃત રૂપોની અવગણના કરીને સંસ્કૃતમાંથી એકદમ આધુનિક ભાષાઓપર મણ્ડૂકપ્લુતિ કરીને આવવું નહિ ચાલે. એ તો क्रमलाघवના આગ્રહની પરા કાષ્ઠા ગણાય.

---

૩૨ અથવા વધારે સારી રીતે-(આદ્ય उ ના પ્રતિફલન રૂપે ई નો ऊ) ऊजूठा, અને પછી जूठा.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હાવી અવગણનાનું એક પરિણામ હેવું આવેછે કે કેટલાક લેખકો સંસ્કૃત પ્રત્યેના પોતાના ભક્તિભાવના આવેશમાં तजवुं ને સ્થાને त्यजवुं, અને प्रगटने સ્થાને प्रकट ઇત્યાદિ લખેછે, અને આટલું એ નથી વિચારતા કે ગુજરાતીમાં વસ્તુતઃ વપરાતા શબ્દો तजवुं અને प्रगट ઇત્યાદિ છે, સંસ્કૃત મૂળ શબ્દમાંથી આવતાં त्यનો त અને क्नो ग થાયછે, અને प्रનો र अपभ्रंशના સુવિદિત પ્રભાવથી જ ટકી રહેછે.

વળી, સદ્‌ગત નવલરામ લક્ષ્મીરામ પોતાના व्युत्पत्तिपाठમાં सूतो, आक, ઇત્યાદિ શબ્દોની વ્યુત્પત્તિ પરભારી सुप्त, अर्क ઇત્યાદિમાંથી સાધેછે, અને नसने स्नसाમાંથી (પ્હેલાં न्हसा થઈને પછી ह લુપ્ત થતાં नसा, એમ લેવાને બદલે) પરભાર્યો કાઢી બતાવેછે. એ પણ અન્તરાગત પ્રાકૃત ક્રમોના આ પ્રકારના અનાદરનું પરિણામ છે. (હેમનો व्युत्पत्ति पाठ પૃ. ૭૦, उत्सर्ग ૨૨ જુવો).

છેવટ આ અજ્ઞાનને પરિણામે ઉપપત્તિ–મર્યાદાનું ઉલ્લંઘન કેટલે સુધી થઈ સકેછે એ દર્શાવનારું बहेन શબ્દનું भगिनी માંથી કોઈએ સાધેલું નિર્વચન લઇયેઃ–

भ નો થયો ब, गिનો થયો हे, અને नी નો થયો न।

આ વિષયની વિશેષ ચર્ચા કરવાની જરૂર નથી.

## ૬ साक्षात् भाषामां थतो प्रयोग.

આ સૂત્રની પ્રવૃત્તિ બે પ્રકારે થાયછે; એક, વ્યુત્પન્ન ભાષાઓ પરત્વે (જેમકે ઉપર ચર્ચેલા तजवुं, प्रगट ઇત્યાદિ શબ્દોમાં; આટલે અંશે આ સૂત્ર અને હાની પ્હેલાનું સૂત્ર સંબદ્ધ છે); અને બીજી, મૂલ ભાષા પરત્વે. ઉદાહરણ તરીકે ડૉ. ભાણ્ડારકરે जूठा ના મૂલ શબ્દ તરીકે સ્વીકારેલો उत्सृष्टक શબ્દ લઇયે. આ શબ્દનો નિરાસ કરવામાં હું બીજાં કેટલાંક કારણો ઉપરાંત[૩૩] અહિંયાં આપેલા સૂત્રને અનુસરુંછું, કારણ કે છાંડેલું કે પડતું મૂકેલું અન્ન એ અર્થમાં उत्सृष्टक શબ્દનો પ્રયોગ થતો જણાતો નથી, જ્યહારે उच्छिष्ट શબ્દનો હેવો પ્રયોગ જોવામાં આવેછેઃ–

(૬ भाषामां थतो साक्षात् प्रयोग.)

नोच्छिष्टं कस्यचिद् दद्यात् (મનુસ્મૃતિ, ૨–૫૬).

---

૩૩ પાછળ શીર્ષક ૪ ની ચર્ચામાં આ કારણો અપાઈ ચૂકયાંછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ૭ व्याप्तिरूप नियम रचवा माटे पूरती सामग्री.

Induction એટલે વ્યાપ્તિનિર્માણના નિયમો હેવા છે કે વિશિષ્ટ ઉદાહરણોનું અન્તગામી અન્વેષણ કર્યું હોય તો જ વ્યાપક નિયમ ઘડી સકાય. ભૌતિક વિજ્ઞાનના વિષયમાં હાવું અન્વેષણ શકય હશે. જો કે ત્હાં પણ સૃષ્ટિમાં રહેલું પ્રત્યેક વિશિષ્ટ ઉદાહરણ પકડીને તપાશી રહિયે ત્યાં સુધી રાહ જોવી અશકય છે; અને વિજ્ઞાનના અભ્યાંસીઓને સિદ્ધાંત રચવા માટે પર્યાપ્ત થાય તેટલાં જ ઉદાહરણો તપાશીને સંતોષ રાખવો પડેછે. પરન્તુ ભાષાવિષયક પર્યાલોચનમાં તો, એ વિષયના વિશિષ્ટ સ્વરૂપને પરિણામે, એ નિયમની પ્રવૃત્તિ એથી પણ વધારે સંકુચિત છે. ભાષાવિકાસના અભ્યાસીને થોડાં ઉદાહરણો—કેટલી'ક વાર ઘણાં થોડાં ઉદાહરણો—મળ્યાં હોય એથી વધારે મેળવવાં બહુ મુશ્કેલ લાગેછે, અને તેમ છતાં પણ તે એ થોડાં ઉદાહરણનું નિયમન કરતું સૂત્ર ઘડે તો ન્યાય્ય અને સાવકાશ ગણાય—પછી ભલે અપવાદરૂપ પ્રસંગોમાં જ. કારણ કે ઘણી એ વાર ભાષાનો ક્રમ સ્વચ્છન્દી, નિયમ–રહિત અને દુર્જ્ઞેય હોયછે. મિ. બીમ્સ કહેછે તે[૩૪] હું પણ કબૂલ કરૂંછું કે વસ્તુતઃ વાગ્વ્યાપારમાંનો કોઈ પણ ફેરફાર અપવાદરૂપ—એટલે નિષ્કારણ—ન હોઈ સકે; આપણા અપૂર્ણ જ્ઞાનની બ્હાર રહેલા કોઈ એક નિયમને અનુસાર જ એ ફેરફાર થયો હોવો જોઇયે. છતાં પણ

૭ व्याप्तिघटनापूरती सामग्री.

૩૪ "મુશ્કેલી આવે ત્હારે "સ્વચ્છન્દ" કે "નિયમરહિત સ્વાતન્ત્ર્ય"નાં બ્હાનાં કાઢીને હેનું નિરાકરણ કરવાની જે શિથિલ પદ્ધતિ સાધારણ થઈ પડીછે ત્હેનો મ્હારી તર્કસરણીમાં અવકાશ નથી. જો ખોળી સકિયે તો સૃષ્ટિમાં દરેક પદાર્થનું કારણ છે જ. જો ખોળી ન સકિયે તો આર્જવ તે કબૂલ કરવામાં છે, કાંઇ નિયમ જ નથી હેવું કહીને અજ્ઞાન ઢાંકવાનો યત્ન કરવામાં નહિં". (બીમ્સકૃત "ભરતખંડની આધુનિક આર્યભાષાઓનું તુલનાત્મક વ્યાકરણ", પુ. ૨ પૃ. ૨૨).

વળી,—"કેટલાક લેખકો કરેછે તેમ ભારતીય નિરુક્તિના "ઉચ્છૃંખલ સ્વૈરભાવ" ની વાત કરવી સ્હેલી છે; પરંતુ એ અજ્ઞાન જ સૂચવેછે; એમ કરવું એ એકાદ વર્ણવિકાર માટે કારણો મળી સકયાં નહિં એટલે કારણો નથી જ એમ કહેવા જેવું છે; દિવસનો પ્રકાશ ન જોઇ સકનારી આંધળી છછૂંદર કહેછે કે સૂર્ય છે જ નહિં. કારણો તો હોવાં જ જોઇયે અને એ ખોળી કાઢવા મથવું એ આપણું કર્તવ્ય છે; અથવા વધારે નહિં તો આધુનિક ભારતીય ભાષાઓનાં તત્વાન્વેષણની આ પ્રારંભની અવસ્થામાં આપણે હેવી કેટલી'ક અલ્પ સૂચનાઓથી જ સંતોષ રાખવો પડે, કે જેની વિશેષ ચર્ચા કરતે ભવિષ્યના પર્યાલોચકો સંપૂર્ણ અને અન્યૂન નિયમતન્ત્ર સોધવા સમર્થ થાય". (એ જ ગ્રન્થ, પુસ્તક ૧ પૃષ્ઠ ૨૦૪–૫)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

संस्कृत सपत्नीमांથી પ્રાકૃત सवत्ती[૩૫] (કે सवत्तनी) દ્વારા આવતા ગુજરાતી शॅक्य શબ્દમાં થતા कना तनुं શું કારણ આપણે આપી સકીશું? હાવા ફેરફારનું ભીતિમાંથી આવેલા ન્હીક ઉપરાંત અન્ય ઉદાહરણ જ નથી.

અનેક વાર જોવામાં આવેછે તે પ્રમાણે શ્રવણદોષને કારણે વિચિત્ર વર્ણ-વિકારો થાય અને સ્થાયી બની રહે એ પણ સંભવિત છે. પ્રસ્તુત પ્રસંગમાં જિહ્વાદોષને પરિણામે त ને સ્થાને क થયો હોય તો પણ બને હેવું છે. આજે પણ કેટલાક વાણિયાઓને हॅं के? જેવાં વચનોમાં के ને સ્થાને ते કહેતા, અને એથી ઉલટું चारथी ते पांचसुधी કહેવાને બદલે चारथी के पांचसुधी કહેતા, સાંભળિયે છિયે. આ દલીલનું સમર્થન કરનારો ઉચ્ચારદોષ કેટલાં'ક બાળકોમાં અને મ્હોટી વયના મનુષ્યોમાં પણ માલુમ પડેછે; જેને પરિણામે તેઓ કણ્ઠયને સ્થાને દન્ત્ય મૂકીને करेछे ને બદલે तरेछे, खारुं ને બદલે थारुं, गयो ને બદલે दयो અને घरने બદલે धर બોલેછે, અને એથી સૂચવેછે કે, કણ્ઠય અને દન્ત્ય વર્ણો વચ્ચે વાગ્વ્યાપારની દૃષ્ટિયે કાંઈક અવ્યક્તરૂપ સગોત્રતા રહેલી છે. જો આ વાત સત્ય હોય તો મિ. બીમ્સ હેવો દાવો કરી સકશે કે એ સગોત્રત્વ એ જ शॅक्यना પ્રસંગમાં રહેલો બીજભૂત નિયમ છે. પરંતુ હેવી દલીલ કરવી એ તો બાલકોના અને બીજા પ્રત્યેક પુરુષના સૂક્ષ્મમાં સૂક્ષ્મ ઉચ્ચારદોષ અને તોતડી બોબડી ભાષાને શાસ્ત્રીય પ્રક્રિયાનું શિષ્ટ સ્થાન આપવામાટે દ્વાર ખુલ્લાં મૂકવા જેવું થશે.

પરંતુ ઉદાહરણો બહુ જૂજ હોય તો સાધારણ રીતે સાવચેતી રાખવી યોગ્ય છે, અને અભ્યાસી ચોક્કસ હશે તો આ ઉદાહરણોને બીજા કોઈ ઉત્સર્ગના વિષયમાં મૂકીને અન્ય પ્રકારે હેની વ્યુત્પત્તિ સાધવા હમેશાં પ્રયત્ન કરશે, અને ભૂલ હશે તો ભૂલ ક્યહાં છે તે ખોળવા યત્ન કરશે. તેમ જ જો જૂજ ઉદાહરણોને જ લાગુ પડતા હેણે કલ્પેલા નિયમનું સંભવાસંભવની સ્વતંત્ર કસોટીથી કે નિત્યસિદ્ધ નિયમોથી સમર્થન થતું હશે તો માત્ર ઉદાહરણોની વિરલતાથી બ્હીને એ અચકાશે નહિ. દાખલા તરીકે:-

अवनवुं (ગુજરાતી) સંસ્કૃત अभिनवकं માંથી સાધી સકાયછે. વચમાંના ક્રમો આ છે:-अव्हिनवउं, अव्हनवउं, अवनवउं. (બીજા કેટલાક શબ્દોમાં બને-છે તેમ અહિંયાં ह લુપ્ત થાયછે, જેમ કે तीक्ष्ण-तिण्हं-तीखुं; विह्वलं-विहलं-

૩૫ ડા. ભાણ્ડારકર सवत्तीरूप સ્વીકારેછે (વિલ્સન્ વ્યુત્પત્તિવિષયક વ્યાખ્યાનો પૃ. ૧૪૪). આથી આ શબ્દને અન્ત્ય વ્યંજનના લોપના ઉત્સર્ગમાં મૂકવાની જરૂર રહેતી નથી. પરંતુ હિંદીમાં सवतन છે તે જોતાં હું शॅक्य ने सवतनीમાંથી (સંસ્કૃત सपत्नीમાંથી) નીકળેલો માનવાની તરફમાં છું; त्नीनुं तनी વિશ્લેષના વિધિથી થયું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

वीळुं; वल्लभः–वल्लहु–व्हल्लउ–व्हल्लु–व्हालम, वालम; नायकः–नाहुलो–माहुलो–नाउलो नावलो; पट्टकः–पडहउ–पडो; ઇત્યાદિ ઇત્યાદિ.) હવે म નો ह્व[36] થવાના નિયમની પ્રવૃત્તિનાં અન્ય ઉદાહરણો મળવાં મુશ્કેલ છે. છતાં પણ કેટલાક હેના સમાનકક્ષ તેમ જ હેનો સમાવેશ કરે હેવા ઉત્સર્ગોની સહાયતાથી આ નિયમની વાસ્તવિકતા સિદ્ધ થાયછે; એ નિયમોઃ–

(क) નીચેના ઉદાહરણમાં એથી વિપરીત ક્રમે ह्व નો म થતો જોવામાં આવે છેઃ–निर्वाहः–निव्वाहु, (ह નો પૂર્વક્ષેપ થતાં) निव्हाउ, निमाव (ગુજરાતી); તેમ જ विभूति (ह ઉમેરાતાં) व्हिभूती,[37] भभूती (ગુજરાતી).

હેમચન્દ્રે, व्हो भो वा ॥ સિ. હે. ૮–૨–૫૭ એ સૂત્રમાં, સ્થાપેલા એ જ નિયમનો અધિક વિકાસ આ ઉદાહરણો દર્શાવેછે; એ સૂત્રથી जिह्वा–जिब्भा–जीभ (ગુજરાતી) પ્રાપ્ત થાયછે, અને ह्व અને भ વચ્ચેનો વાગ્વ્યાપારગત સંબન્ધ સિદ્ધ થાયછે.[38]

(ख) व અને ब છૂટથી એક બીજાને સ્થાને આવેછે અને એથી એ બે વચ્ચેનું વાગ્વ્યાપારસામ્ય સિદ્ધ થાયછે; અને म તો માત્ર મહાપ્રાણ ब છે. આ પ્રમાણે अभिनव માંના भ્નો અંશતઃ વિશ્લેષ થતાં ब् અને ह् થાયછે. 'અંશતઃ' એમ કહેવાનું કારણ એ કે भगिनी (સંસ્કૃત) ના પ્રાકૃતરૂપ बहिणी માં જોવામાં આવેછે હેવો

---

૩૬ આટલું લક્ષમાં રાખવાનું છે કે વર્ણવિપરિણામ વાગ્વ્યાપારના અન્તરાવર્તી ક્રમ રૂપે બનેછે, એટલે લખવાની ભાષામાં જોવામાં આવે જ હેવો નિયમ નથી. છતાં પણ આગળ ઉપર આવેલા व्हेवाळो ગુજ. શબ્દના ઉદાહરણથી જણાશે કે બીજે નહિં તો એ શબ્દમાં તો આ વિપરિણામ શબ્દના અન્ત્ય સ્વરૂપમાં દૃષ્ટિયે પડેછે.

૩૭ પ્રાકૃત વાગ્વ્યાપારની પ્રક્રિયા પ્રમાણે થવું જોઇયે તેમ હામાં તિનો હ્રી નથી થતો અને भ નો પણ हू નથી થતો એ કારણે કેટલાક આ ઉદાહરણને શંકાસ્પદ કદાચ માનશે. પરંતુ આ શબ્દને સાક્ષાત્ तद्भव, એટલે પ્રાકૃતદ્વારા આવવાને બદલે પરભારો સંસ્કૃતમાંથી ગુજરાતીમાં આવેલો, માનવો શકય છે, અને હેવા શબ્દોમાં પ્રાકૃતમાં થતા વાગ્વ્યાપારજન્ય ફેરફારો અવશ્ય દેખાય જ હેવું નથી.

૩૮ સિ. હે. ૮–૩–૫૯માં ऊर्ध्व ના વૈકલ્પિક આદેશરૂપ આપેલા उब्भ નું સમર્થન આ ઉદાહરણના અંતર્ગત નિયમથી થઈ સકેછે; ऊर्ध्व નો र् લુપ્ત થતાં અને ध માંથી શુદ્ધ ह છૂટો પડતાં उद्ह्व, उव्ह થશે અને व्ह નો भ થશે.

મિ. બીમ્સે (પુ. ૧ પૃ. ૩૫૯ મે) યથાર્થ સૂચના કરીછે તેમ, यू અને व् અન્તઃસ્થો સાથે ह નો સંયોગ થાય ત્યહારે તેઓના ज् અને ब् થાયછે, અને ત્યહાર પછી આ મિશ્રસંયોગમાં પ્રબલતર વર્ણને ફક્ત મહાપ્રાણ બનાવીને ह् વિરમેછે (ह्य નો झ અને ह्व નો भ થવાના ક્રમની પૃથક્ક્રિયા આ જ છે).



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ વિશ્લેષ સંપૂર્ણ નથી; જો કે ગુજરાતી વ્હેનમાં વ્ અને હેનો ફરીથી અંશતઃ સંયોગ થાયછે. (મરાઠીમાં વિશ્લેષ સંપૂર્ણ રહેછે અને શબ્દ बहीण છે.)

સંસ્કૃત भण् માંથી આવેલા મરાઠી म्हण (એટલે 'બોલવું–કહેવું' એ અર્થવાળા) ધાતુમાં પણ એ જ ક્રમ દષ્ટિયે પડેછે; એટલે કે म् નો व् અને ह् રૂપે વિશ્લેષ થાયછે, અને આ પ્રસંગમાં ण्‌ના પ્રભાવથી व् અનુનાસિક બનીને म् થાયછે. સં. महिषीમાંથી આવતા (ગુજરાતી) मैंश શબ્દમાં એથી વિપરીત ક્રમનું દર્શન થાયછે. હેમાં વ્યુત્પત્તિ ક્રમના અવાન્તર રૂપ म्हइशी ના म्ह ને સ્થળે व्ह ઉપરાંત અનુનાસિક આવેછે, અને પછી व्ह સંકીર્ણરૂપ થતાં म થાયછે.

(ग) બંગાળીમાં व વર્ણ છે જ નહિં અને व्ह ને સ્થાને म લખવામાં આવેછે, જેમ કે व्हिक्टोरिया ને સ્થાને मिक्टोरिया. આ પણ व्ह અને म વચ્ચેની વાગ્વ્યાપારગત સગોત્રતાનું સાક્ષ્ય પૂરેછે.

આ પ્રમાણે, ઉદાહરણ માત્ર એક જ છે છતાં પણ म નો व થવાના નિયમને સ્વીકારવાનો અધિકાર મળેછે. વસ્તુતઃ એ व અને ब એ વર્ણો વચ્ચેનું ઉચ્ચારસામ્ય, મિશ્રસંયોગમાંના બલવત્તર ह થી થતું મહાપ્રાણત્વ, અને એ ક્રમની વિપરીત ક્રિયા, હેવા એક બે વિશાલતર નિયમોના ઉદાહરણભૂત પ્રસંગોમાંનો એક પ્રકાર છે. व्ह અને મના પરસ્પર સંબંધનું સમર્થન કરતું એક બીજું ઉદાહરણ સંસ્કૃત लुभ् (ઇચ્છવું એ અર્થના) ધાતુના भ्‌માં રહેલું છે, કારણ કે હેનો લાટિન ભાષાનો પ્રતિનિધિ lubet (ल्युबेट्–પસંદ પડેછે) છે અને भ्‌નો પ્રતિધ્વનિ અંગ્રેજી 'love' (–लव्ह) ના व्ह ને કાંઇક મળતા "v" માં જોવામાં આવેછે. म् નો व्ह् થવાના આ उत्सर्ग નું અંશતઃ સમર્થન કરતો એક બીજો શબ્દ પણ છે;–અંશતઃ કહેવાનું કારણ એ છે કે હેમાં म નો व्ह નહિં પણ व्ह થાયછે:–मयव्याकुलक: (સં.), मयव्वाउलउ (અપ.)–व्हेबाकलो (ગુજ). આથી જણાશે કે આ उत्सर्ग કેવળ संक्रमणोत्सर्ग નથી.

वाग्व्यापारगत विवर्तनो अने घटनाओनुं नियमन करता सामान्य उत्सर्गो

હવે વાગ્વ્યાપારગત વિવર્તનો અને ઘટનાઓનું નિયમન કરતા ઉત્સર્ગો લઇયે; પ્રથમ હું Encyclopœdia[૩૯] Britannicaમાં વ્યુત્પત્તિશાસ્ત્રપરનો લેખ લખનારે વાગ્વ્યાપારગત વિકારોના સ્વભાવવિશે કરેલા એક ઉપયોગી કથનનો નિર્દેશ કરીશ:—

૩૯ પુસ્તક ૩૧ મું, પૃ. ૬૭૪ (નવમી આવૃત્તિ.–વધારાનાં પુસ્તકોમાંનું ૭ મું.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ભાષામાં બે પ્રકારની વર્ણવિકૃતિયો થાયછે. એક અજાણ્યે થતી, અમુક સમયે અને અમુક પ્રદેશમાં સર્વવ્યાપક હોયછે, અને બીજી એક વિશિષ્ટ જાતિ કે સંઘની ભાષામાં રહેલી, લોકના મુખ્ય બ્હોળા અંશના ઉચ્ચારોથી બુદ્ધિપૂર્વક ભેદ સાધેછે, અને એથી સર્વદેશીય નથી થતી અને ભાષાપર કાંઇપણ સ્થાયી સંસ્કાર નથી પાડતી."

આ વર્ણવિકારનું વર્ગીકરણ ગુજરાતીને કેટલે દરજ્જે લાગૂ પડશે એ વિચારિયે. આટલું એકદમ કહી સકાશે કે ઘણાંએક વાગ્વ્યાપારગત વિકરણો અને તજ્જન્ય રૂપાન્તરો માત્ર આપાતતઃ બીજા વર્ગમાં જતાં જણાશે, એટલે કે બુદ્ધિકૃત અને કૃત્રિમ વર્ણવિકાર તરીકે સ્વીકારાશે; કારણ કે તેઓ સર્વમાન્ય વાગ્વ્યાપારના નિયમોને અનુસરેછે અને એથી વસ્તુતઃ પ્હેલા વર્ગમાં જવાં જોઇયે એ સ્પષ્ટ કરી સકાય એમ છે; ઉદાહરણઃ–ગયા ત્રણ દશકા દરમ્યાન જોડણી સુધારવાના પક્ષકારોએ સૂચવેલાં, અને લોકના લક્ષયોગ્ય સમૂહમાં સ્વીકાર પામેલાં, કેટલાંક શબ્દસ્વરૂપો–અંશતઃ મહાપ્રાણ બનેલા વ્યંજનો, ए અને ओનો વિવૃત એટલે પ્હોળો ઉચ્ચાર, ઇત્યાદિ પ્રકારનાં. આગળ ઉપર હું દર્શાવવા ધારુંછું તે પ્રમાણે, આ રૂપો પ્રતિષ્ઠિત વ્યુત્પત્તિનિયમોના અંગમાં આવી જાય હેવાં છે, અને પરિણામે હેને કોઇએક જાતિ કે સંઘની કૃત્રિમ સૃષ્ટિ તરીકે ઠરાવી મૂકવાં એ અશક્ય છે; આ અશક્યતાનું સવિશેષ કારણ એ છે કે તેઓ બોલાતી ભાષામાં પ્રચલિત હતાં અને ફક્ત લગભગ ૪૦ વર્ષ પૂર્વે સરકારી કેળવણી ખાતાએ યોજેલી કૃત્રિમ લેખન પદ્ધતિમાં જ હેનો અનાદર કરવામાં આવ્યો હતો. પરંતુ ઉપર કહેલા શબ્દોના ક્‌હેછે જેવા વાસ્તવિક, સ્વાભાવિક અને લગભગ સર્વસંમત ઉચ્ચારોને સ્થાને, હકાર વિના જ, અથવા તો હકારને અળગો પાડીને, અને પ્રબલતર કરીને પણ, કેછે કે क–हे–छे ( અથવા के–हे–छे ) ઉચ્ચાર કરવાનો કેટલાક લોક પ્રયાસ કરેછે ત્હેમના ઉપર જ કૃત્રિમતાનો આરોપ મૂકવો યોગ્ય છે.

આ વિષયને આટલેથી પડતો મૂકીને આપણે વાગ્વ્યાપારગત ફેરફારો કરનારાં કેટલાંક ઉપયોગી તત્ત્વો, વિશેષતઃ ગુજરાતી ભાષાને ઉદ્દેશીને, વિચારીશું. સદ્‌ગત વ્રજલાલ શાસ્ત્રીએ[40] સંસ્કૃત શબ્દના પ્રભ્રંશનાં ચાર કારણે વર્ણવ્યાંછે; (૧) अज्ञान (૨) वेग (૩) अनभ्यास અને (૪) जिव्हादोष. વાગ્વ્યાપારની દુર્વિક્રિયાઓની ચર્ચા કરતાં ડૉ. સર ભાણ્ડારકર હેનો નિરોધ કરનારી અને હેને

वाग्व्यापारगत क्षयरूप विकारः व्रजलाल शास्त्रीए वर्णवेलां प्रभ्रंशनां चार कारणो

૪૦ ગુજરાતી ભાષાનો ઇતિહાસ પૃ. ૨૦ (ઈ. સ. ૧૮૬૬ ની આવૃત્તિ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

डॉ. भाण्डारकरना मत प्रमाणेनी प्रभ्रंशनो निरोध करनारी छ शक्तियो

ઉપજાવનારી છ શક્તિયો વર્ણવેછે: (૧) विद्यासंपत्ति (२) स्पष्ट श्रवणबोध थई सके ए माटे घटती सावचेती, (३) विशुद्धिनु भान, (४) साहित्यनी संवृद्धि, (५) विदेशीय संसर्गने प्रसंगे थतो कर्णदोष અને (૬) वाचेन्द्रियोनो रचनादोष[४१]. ભાષાપ્રભ્રંશની આ બે પ્રકારની ચિકિત્સાઓને પરસ્પર સરખાવતાં બંને વચ્ચે અનુરોધરૂપ કે વિરોધરૂપ શક્તિયો દર્શાવનાર સંબંધ દૃષ્ટિયે પડેછે.

જેમ કે

| | | |
|---|---|---|
| (१) विद्यासंपत्ति<br>(३) संस्कार<br>(४) साहित्य | હેની સ્હામે | (१) अज्ञान |
| (२) सावचेती<br>(५) श्रवणदोष | હેની સ્હામે | (२) वेग<br>(३) अनभ्यास |

અને (६) वाचेन्द्रियनी विकलता હેની સ્હામે (४) जिह्वादोष.

१ वाग्व्यापारनो प्रभ्रंश; जिह्वादोष.

આ તત્ત્વોની વિસ્તીર્ણ ચર્ચા અનાવશ્યક છે. પરંતુ હું जिह्वादोष એટલે વાચેન્દ્રિયના વૈકલ્ય વિશે ચર્ચા કરીશ. જ્યહારે વિદેશીય જાતિયો પરસ્પર વપરાતા શબ્દોના અપરિચિત ઉચ્ચારનું અનુકરણ કરવા પ્રયત્ન કરેછે, ત્યહારે આ તત્ત્વ પ્રવૃત્તિ પામેછે; અથવા તો એમ પણ બને કે એક જ દેશમાંના કેટલાક વર્ગના લોક અપૂર્ણ શિક્ષણ કે જાતિનિષ્ઠ કારણોને લીધે કેટલાક વર્ણોનો ખોટો ઉચ્ચાર કરેછે. જેમ કે પાશ્ચાત્ય પ્રજાઓ સંસ્કૃતના અને આપણી આધુનિક ભાષાઓના દન્ત્ય વ્યંજનોનો ખરો ઉચ્ચાર સામાન્યતઃ નથી કરી સકતી એટલે કે સંસ્કૃત त, थ, द, ध, न, નો તેઓ ઘણોખરો મૂર્ધન્ય ट, ठ, ड, ढ, ण, ને મળતો ઉચ્ચાર કરેછે; અને વળી આપણી ભાષાઓમાં ઘોડો, દાઢી ઇત્યાદિમાં રહેલા મૂર્ધન્યતર વર્ણો ड અને ढનો ઉચ્ચાર તેઓ અનુક્રમે 'r' (=र) અને 'rh' (र्ह) કરેછે, તે એટલે સુધી કે હિંદુસ્તાનની ભાષાઓની વ્યુત્પત્તિ વિશે ગ્રન્થ લખનારા કેટલાક યૂરોપના વિખ્યાત વિદ્વાનો પણ મૂર્ધન્યતર વર્ણોના પ્રતિનિધિ તરીકે

---

४१ विल्सन व्युत्पत्तिविषयक व्याख्यानो पृ. १०–११.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"d" અને "dh" ન મૂકતાં "r" અને "rh"[૪૨] મૂકેછે, કારણ કે ખરા ઉચ્ચારોનું નિકટતમ અનુકરણ તેઓ " r " અને " rh " જેટલું જ કરી સકેછે. ગર્વિત થયા વિના કહેવું ઘટેછે કે પાશ્ચાત્ય લોકો પૌરસ્ત્ય ઉચ્ચારના વિષયમાં સફળ નથી થતા, અને ઇરાનીઓ અને એશિયાખંડના અન્ય પરદેશીઓ એ જ ખામી દર્શાવેછે, પરંતુ ભરતખંડના બ્રાહ્મણો પોતાની જ ભાષાના તેમ જ વિદેશીય ભાષાઓના શબ્દોના ઉચ્ચારો સારી રીતે કરી સકેછે. બ્રાહ્મણોના ઉચ્ચારશુદ્ધિ માટેના બહુમાનના પરિણામ રૂપ, સેંકડો વર્ષો પર્યંત ચાલી આવેલો વિશુદ્ધ સંપ્રદાય તેઓના આ સામર્થ્યનું પરિપોષણ કરેછે, અને હેતું કારણ દર્શાવી આપેછે. મ્લેચ્છોચિત ઉચ્ચાર ન કરવાનો આદેશ કરતી જે શ્રુતિ છે,[૪૩] જેમાં યોજાયેલું ક્રિયાપદ મ્લેચ્છ જેવા ઉચ્ચારણના જ અર્થનું છે, એ શ્રુતિનું મૂળ ઉચ્ચારશુદ્ધિની એ ભક્તિમાં જ રહ્યુંછે.[૪૪]

---

૪૨. ઉદાહરણ તરીકે બીમ્સ પુસ્તક ૧ પૃ. ૭૩ મું જુવો; ત્હાં એ ड અને ढ દર્શાવવા r અને rh વાપરેછે, જોકે એક સ્થળે d પણ વાપરેછે. d અને વચ્ચે કાંઇક બારીક ભેદ દર્શાવવાની હેની ઇચ્છા જણાયછે, પરંતુ એ ભેદ હું સમઝી સક્તો નથી એ કબૂલ કરુંછું. વિદેશીયોના પક્ષમાં એટલું કહેવું જોઇશે કે r–rh અને ड–ढ વચ્ચે કાંઇક અંશે વાગ્વ્યાપારગત સામ્ય છે, જે હેનાં स्थान અને प्रयत्नની સરખામણી કરતાં જણાશે, અને સંસ્કૃત पुरः (र અને विसर्ग નો હકાર મળીને ४ તુલ્ય થતાં) મરાઠીમાં पुढें બનેછે. તે પરથી તેમ જ दोधकःનો दोहडो–दोहरो બનેછે તે પરથી જણાશે. (माधवानलदोधकप्रबंध સર્વાંગે दोहरा નો બનેલો છે; કાવ્યમૂળમાં दोधक શબ્દ છે.) સં. कुठारकःનું ગુજ. कुहाडो રૂપ થયું એ પણ रને સ્થાન આ પ્રમાણે ड થતો દર્શાવેછે.

મિ. બીમ્સના ગ્રન્થના પુસ્તક ૧ લાનાં પૃષ્ઠ ૨૩૪–૩૫ ઉપર દૃષ્ટિ નાંખતાં જ જણાશે કે હેણે લીધેલા પક્ષમાં દોષ ક્યહાંછે: હેણે હિન્દુસ્તાની ગામડીઆના અંગ્રેજી શબ્દો ઉચ્ચારવામાં જણાતા जिव्हादोषને અવલમ્બનરૂપે સ્વીકાર્યોછે, જ્યહારે તુલનાનું ખરું અવલમ્બન પૂર્વને પશ્ચિમનો વિદ્યાસંસ્કારી પુરુષ જ ગણી સકાય.

૪૩ तस्माद् ब्राह्मणेन न म्लेच्छितवै नापभाषितवै ॥ વળી उपजिज्ञास्यां स म्लेच्छस्तस्मान्मा ब्राह्मणो म्लेच्छेत्। (शतपथ ब्राह्मण का० ३ प्र. पा. १–५–११. ३. अध्याय २–१–२४).

૪૪ મિ૦ બીમ્સ (પુ. ૧, પૃ. ૨૩૩ મે) કહેછે કે ભારતવાસિયો ખરા દન્ત્ય વર્ણો અને ઉચ્ચતર મૂર્ધન્યો (હું मूर्धन्यतर કહુંછું તે) વાપરેછે, પણ મધ્યમ કે अन्तर्वर्ति મૂર્ધન્યો જાણતા નથી. એટલે કે તેઓ ट થી ण સૂધીના સામાન્ય मूर्धन्य વર્ણો વાપરી જાણતા નથી. હું ધારુંછું કે હેનું નિરીક્ષણ સદોષ છે. હેણે જો डमरु; डक्का, डाळी, ढाल ઇત્યાદિ શબ્દોના આદિ ड અને ढ વર્ણો, જે મધ્યમ મૂર્ધન્ય વર્ણો છે, હેનો ઉચ્ચાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ ઉપર સૂચવ્યું તે પ્રમાણે ભરતખંડની પ્રજામાં પણ ઉચ્ચારશુદ્ધિના અભાવ માટે કેટલીક કોમના પુરુષો જાણીતા છે. ઉદાહરણ તરીકે કેટલાક હિંદીઓ iફ નો ઉચ્ચાર હમેશાં 'ij' કરશે ('z' જેવો ઉચ્ચાર ત્હેમની જીહ્વાના સામર્થ્યની બ્હાર હોયછે). તેમ જ અંગ્રેજી ભાષામાં ઉચ્ચારના કેટલા'ક હેવા સૂક્ષ્મ ભેદો છે કે ઘણા થોડા હિંદીઓ એ ઉચ્ચારવાની શક્તિ મેળવી સકેછે, અને અંગ્રેજો હેમના ઉચ્ચારમાં રહેલો સૂક્ષ્મ દોષ અને અંગ્રેજી-ભિન્ન ધ્વનિ ત્વરાથી ખોળી કાઢેછે. વળી ગુજરાતમાં કેટલાક વાણિયાઓ નને બદલે ण અને णને બદલે न બોલેછે, અને એ એક વિચિત્ર ખોડ દર્શાવેછે; પરંતુ હેને ખોડ કહેવી કે નહિં એ એક સવાલ છે, કારણ કે તેઓ એમાંના એકાદ નથી ઉચ્ચારી સકતા એમ નથી, બંને ઉચ્ચારી સકેછે, પરંતુ અસ્થાને; मण કહેવું હોય તો मन કહેશે અને कने ને બદલે कणे બોલશે. હેને શારીરિક ખોડ ગણવાને બદલે દુર્લક્ષ અને બેદરકારીનું પરિણામ માનવું વધારે યોગ્ય છે. શારીરિક ખોડ ळ ને સ્થાને र કે ल બોલતા કેટલા'ક (વાણિયા, કણબી, બ્રહ્મક્ષત્રી ઈત્યાદિ) લોકોમાં જેવામાં આવેછે. વાચેન્દ્રિયની વિકલતાનું ખરું ઉદાહરણ સુરતની અવર અદાલતમાં ઘણાં વર્ષો ઉપર એક પારસી હતો ત્હેનામાં જેયું હતું; એ હેની કોમનો સાચો નમૂનો હતો. હેને द કે ड લખવાનું કોઈ કહે ત્હારે બિચારો ખુલ્લે ખુલ્લું પૂછી લેતો કે दादाभाइनो दद्दो लखुं के डोसाभाइनो दद्दो?" (વસ્તુતઃ डोसाभाइनो डड्डो). द અને ड વચ્ચેનો તફાવત એ સમજતો, પણ હેના ભિન્ન ઉચ્ચાર કરવાની વાચિક શક્તિ હેનામાં ન્હોતી. આ અમુક કોમની અશક્તિનું ઉદાહરણ થયું. વ્યક્તિગત અશક્તિનાં ઉદાહરણો અનેક અને સુવિખ્યાત છે, જેમ કે क ને સ્થાને त બોલનાર એક ફારસી મૌલવી

એ જ વર્ણાના અનાદ્ય સ્થાને (नीड, पीडयति, ढीढ, गूढं (સં.) અને घोडो, कढी (ગુજ.) ઇત્યાદિમાં) થતા ઉચ્ચાર જોડે સરખાવ્યા હોત તો એ એટલે અંશે પોતાની ભૂલ જોઈ સકયા હત. આથી એ તદ્દન અજ્ઞાત છે એમ નથી, કારણ કે પુ. ૧ ના પૃ. ૭૩ મા માં એ કહેછે કેઃ—

"શબ્દના આદિમાં, કે સંયોગના અંગ તરીકે રહેલા ड અને ढ અનુક્રમે d અને dh માફક ઉચ્ચારાયછે; બીજી સ્થિતિયોમાં કઠોર r અને rhનો ઉચ્ચાર પામેછે"

ड, ढ મધ્યમ મૂર્ધન્ય શિવાય અન્ય પ્રકારના હોઈ સકે કે કેમ એ વિશે કોઈપણ મનુષ્ય હાવી ભૂલ્ય કેમ કરે એ સમજવું મુશ્કેલ છે. મધ્યમ મૂર્ધન્યતર રહેલાઇથી ન બની સકે હેવો ઉચ્ચતર મૂર્ધન્ય માત્ર ण જ છે; પછી ण થી શરુ થતા અતિકૃત્રિમ प्राकृत અને देश्य શબ્દોના આદ્ય ण ને મધ્યમ મૂર્ધન્ય ગણિયે તો ભલે, પણ બેવડા ण્ણ માંનો પ્રથમ ण તો અવશ્ય મધ્યમ મૂર્ધન્ય તરીકે ઉચ્ચારવો જ પડે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાના શિષ્યને ઠપકો આપતો કેઃ" अरे बोल ताफ! (કહેવાનું હોય काफ)– अय् नामातूल मैं ताफ बोलता हुं और तु ताफ तायतु बोलता है?"

[ખરો ઉચ્ચાર કર્યો હોય તો વાક્ય હાવું થાયઃ–

अय् नामाकूल! मैं काफ बोलता हुं और तु ताफ कायकु बोलता है?]

આટલું વાગ્વ્યાપારના પ્રભ્રંશ વિશે. ડા. ભાણ્ડારકરે નિર્દિષ્ટ કરેલું બીજું તત્ત્વ साम्याभास. હેમણે આપેલાં [૪૫]ઉદાહરણો અહિંયાં ફરીથી આપવાની જરૂર નથી, અને મ્હેં પણ કેટલાંક ઉદાહરણો આપ્યાંછે અને બીજાં વધારેની ચર્ચા કરવાનો પ્રસંગ આગળ ઉપર આવશે, માટે આ મુદ્દાપર વિસ્તારથી ચર્ચા કરવાની જરૂર નથી.

साम्याभास

પરંતુ साम्याभासના નિયમનો વ્યાપાર દર્શાવતાં કેટલાંક ઉદાહરણો ઉમેરીશઃ—

(૧) ઊભું વિશેષણ સં. ऊर्ध्वकं, અપ. उब्भउं, માંથી થયેલું છે. હવે આ શબ્દને ભૂતકૃદંત માનવાની ભૂલ કાઠિયાવાડના કેટલાક પ્રદેશોમાં કરવામાં આવેછે. જે ભૂલનું મૂળ, શુદ્ધ ગુજરાતીમાં સ્વીકારાએલાં लाग्युं, वाग्युं ઇત્યાદિ लाग्, वाग्ના ભૂતકૃદન્તોને બદલે लागुं, वागुं ઇત્યાદિ જે રૂપો તે પ્રદેશોમાં વપરાયછે, હેની સાથેના साम्याभासમાં રહેલું છે; આ ઉપરથી તેઓએ ऊभ् ધાતુ ઊભો કર્યોછે, અને કેમ જાણે કે એ ખરો ધાતુ જ હોય તેમ ऊभवुं, ऊभेछे ઈત્યાદિ પ્રયોગો પણ તેઓ કરેછે. ऊभुं વિશેષણના અર્થમાં રહેલી 'ઊભું રહેવા'ની ક્રિયાના ખ્યાલથી આ ભૂલમાં વધારો થાયછે. અહિંયા साम्याभासનું દ્વિવિધ ઉત્પત્તિસ્થાન છે.–(૧) શબ્દસ્વરૂપ અને (૨) અર્થ.

(૨) जोइये छिये–" म्हारे कागळ जोइये छिये," હામાં (छे ધાતુના વર્તમાનકાળનું પ્રથમપુરુષ અનેકવચન) छिये રૂપ વપરાયછે તે (વર્ત૦ તૃ૦ પુ૦ એકવચન) छे નું રૂપાન્તર છે; અને जोइये સાથે સામ્ય સાધવાના હેતુથી કરાયુંછે. जोइये માં ધાતુ जो (=જોવું)છે, અને मारे चार रूपिया जोइयें હેવા વાક્યમાં એ શબ્દ કાંઇક વિશેષણ કે ક્રિયાવિશેષણ રૂપે પ્રતિષ્ઠા પામેછે. "અપેક્ષા"નો અર્થ "કોઈ વસ્તુ માટે આમતેમ જોવું" એ અર્થ સાથે સંબંધ ધરાવેછે. જે વસ્તુની અપેક્ષા હોય–એટલે જે વસ્તુ આપણને जोइये–હ્હેને માટે આપણે આજુબાજુ જોઇયે. जोइयेના પ્રસંગમાં સામ્યનો નિયમ પ્રબલતર

૪૫ વિલ્સન વ્યુત્પત્તિવિષયક વ્યાખ્યાનો પૃ. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રવૃત્તિ પામેછે, અને જોઇ પોતે જ ધાતુ હોય તેમ હેનાં (ભવિષ્યકાળ) જોઇશે અને (વર્તમાન કૃદન્ત) જોઇતુ હેવાં રૂપો બનેછે.

(બાલકોના ભાષાપરિચયના વિકાસ દરમ્યાન હેમના પ્રયાસોમાં સામ્યાભાસ પ્રેરકશક્તિરૂપે બહુવાર દષ્ટિયે પડેછે. અંગ્રેજ બાલકો "he looks"ના સામ્યથી "I looks" કહેછે એ એક પ્રસંગોચિત ઉદાહરણ છે. સમાનરૂપ શબ્દોનું અનુકરણ કરવાની પદ્ધતિનો એક સારો નમૂનો નૈયાયિકો ના એક સુવિદિત ઉપહાસરૂપે જળવાઈ રહ્યોછે, જેમાં તેઓને अस्माकूनां नैयायिकूनामर्थरि तात्पर्यं न तु शब्दरि–એમ કહેતા, અને એ ઉક્તિમાં રહેલાં અશુદ્ધ રૂપોનું यथा ईक्ष्वाकूणां तथा अस्माकूनां नैयायिकूनाम्। यथा मातरि पितरि तथा अर्थरि शब्दरि એમ સમર્થન કરતા દર્શાવ્યાછે. અલબત્ત આ ઉદાહરણ ઉપપત્તિના અનાદરની પરા કાષ્ઠા દર્શાવેછે, પરંતુ સામ્યાભાસની પ્રવૃત્તિદિશા સૂચવેછે એટલાપૂરતું આપણા ઉપયોગનું છે.

[પરંતુ સામ્યાભાસનું એક વિચિત્ર ઉદાહરણ એક ન્હાના બાળકની ઉક્તિમાં સાક્ષાત્ મળી આવ્યું હતું. છત્રીની પાછળ છુપાઈ જઈને એ બાળક યથાર્થ વાક્ય બોલતો–"हुं संताई गयो"; પરંતુ પાછો બ્હાર આવીને મુગ્ધતામાં કહેતો કે " हुं संताईथी आव्यो." "हुं मुंबाईथी आव्यो" હેવા એકાદ વાક્યનું સામ્ય હેના મનમાં હશે એ સ્પષ્ટ છે; संताई ક્રિયાપદ છે એ સમજવા જેટલો હેનો બુદ્ધિવિકાસ ન થયો હોવાથી હેણે હેને એક જાતનું નામ માની લીધું.]

આ સામ્યાભાસના તત્ત્વનું પ્રતિદ્વન્દ્વભૂત તત્ત્વ મેદનિષ્પત્તિ છે. વ્યાકરણ-સિદ્ધ રૂપોમાં કે આદેશોમાં સામ્યાભાસરૂપ ભૂલ ન ૩ મેદનિષ્પત્તિ કરવાની ઇચ્છામાં ઘણાં વિચિત્ર રૂપો કરવામાં આવેછે. ક્રિયાપદના વર્તમાનકાળનું પ્રથમ પુરુષ અનેક વચનનું રૂપ ઉદાહરણ તરીકે લઇયે–हमे करिये (છિયે). આ રૂપ करिये વસ્તુતઃ, भावे પ્રયોગના ત્રીજા પુરુષ એક વચનનાં રૂપ (સં) क्रियते, (પ્રા. અને અપભ્રંશ) करिज्जई, करियइ માંથી આવ્યુંછે. ડા. ટેસિટોરીએ કરેલાં અન્વીક્ષણોમાં આ વ્યુત્પત્તિનું સમર્થન કરતું તત્ત્વ મ્હને મળ્યુંછે અને ભાષાની હાવી સ્વૈરવૃત્તિનું જે સ્પષ્ટીકરણ હેણે આપ્યુંછે (જે મ્હને ન્હોતું સૂઝયું) તે ભેદનિષ્પત્તિના નિયમનું સૂચન કરેછે. તે આ પ્રમાણેઃ–વર્તમાન પ્રથમ પુ० અનેકવચનનું વાસ્તવિક રૂપ करहुं (અપભ્રંશ), करउं (પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાની)છે, જેની દ્વિ० પુ० એકવચન करउ (પ્રા. પા. રાજ.) અને ગુજરાતી करोथी ભિન્નરૂપે પ્રતીતિ થવી મુશ્કેલ છે. એ બે રૂપો વચ્ચે ભેદ સ્પષ્ટ રહે એ હેતુથી, સામ્યદર્શન કે અભેદબુદ્ધિના અનર્થથી હેતું રક્ષણ કરવા માટે, પ્રથમ પુરુષ અનેક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વચનમાં करिये રૂપ વપરાવા લાગ્યું. (ડૉ. ટેસિટોરીનો "પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાનીના વ્યાકરણ વિશે ટિપ્પણો" નામનો ગ્રન્થ § ૧૩૭ જુવો). આ સ્વૈરવૃત્તિની પાછળ, અન્ય રૂપની પસંદગીમાં પ્રવર્તતો, અમુક નિયમ છે ખરો, એ સર્વને જણાશે. ક્રિયાપદના પ્રયોગભેદને અંગે કરવો જોઇતો અર્થફેર કરવામાં અમુક મનોવ્યાપાર નિયામકરૂપે પ્રવર્તેછે; એ વ્યાપારને આપણે મનોગત वक्रीभवन કહીશું; જેમ અર્ધ ભાગે પાણીમાં ઊભી રાખેલી લાકડી પાણીને અડકે એ સ્થાને વક્રતા પામતી અને સીધી જવાને બદલે મરડાઈને જતી જણાયછે તેમ, करियइ "કરાયછે," હેને મનમાં જાણે કે મરડી મચડીને હેનો "હમે કરિયે છિયે" હેવો અર્થ કરવામાં આવેછે.

મનોવ્યાપારના ક્રમો આ પ્રમાણે છે: ईदृशं कर्म क्रियते–अइसं कम्म करियइ, કર્મણિપ્રયોગ; એ ઉપરથી ગુજરાતી हाउं काम करिये: આ કાંઈક આજ્ઞાર્થ જેવું થયું (करिये=કરવું જોઇયે). હિંદીમાં પણ आप बेसिये=આપે બેસવું જોઇયે, આપ બેસો, હેવો પ્રયોગ છે. ત્યહાર પછી ખરું વક્રીભવન આવેછે; आपणे–हमे–करिये (વર્તમાનકાળ, મૂળભેદ, કરવા માટે પ્રત્યયરૂપે छे લાગે એટલે करिये छिये થાય). ગુજરાતી ભાષાના બંધારણમાં ભેદનિષ્પત્તિના નિયમનું પ્રવૃત્તિક્ષેત્ર બહુ વિશાળ છે, અને ઉદાહરણો અનેક આપી સકાય, પરંતુ આ એક જ ઉદાહરણ આપીને હું અટકીશ.

૪ સરલતા — આ છેલ્લા બે નિયમો સાથે સંબંધ ધરાવતો સરલત્વનો નિયમ છે. મનુષ્યના મનનું વલણ હેવું છે કે વૈષમ્ય દૂર કરીને સરલતા પ્રાપ્ત કરવા માટે રૂપોની વિવિધતા ઘટાડવી અને બને તેટલી એકરૂપતા જાળવવી. वररुचि (प्राकृतप्रकाश, परिच्छेद १२ सूत्र १९) અનુસાર शौरसेनीમાં अस्નો अच्छ् થતાં अच्छामि, अच्छसि હેવાં રૂપો બનેછે. પરંતુ હેનાં ત્યહાર પછીના સૂત્ર (૧૨–૨૦) માં (વર્તમાન) ત્રીજા પુરુષ એકવચનને અપવાદ ગણ્યુંછે એટલે अस्तिનું अच्छइने સ્થળે अत्थि બનેછે. હવે આપણા ગુજરાતી छे (ત્રીજો પુરુષ એકવચન, વર્તમાન) રૂપનાં અગ્રગામી રૂપો छइ, अछइ છે. એથી આ પ્રસંગમાં સરલતાનો આશ્રય લેવાયેલો માનિયે તો સહેતુક છે; હેને પરિણામે પ્રાકૃતના વિકાસ દરમ્યાન વરરુચિના સમય પછી કોઇ'ક કાળે અપવાદભૂત अत्थि રૂપને લીધે થતું વૈષમ્ય નષ્ટ થયું અને ત્રીજા પુરુષ એકવચનના રૂપને પણ સમાન નિયમને અધીન બનાવીને, એકરૂપતા અને સરલતા પ્રાપ્ત કરવામાં આવી, અને એ પ્રમાણે अच्छइ રૂપનો પ્રચાર થવા લાગ્યો.

૧૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[Jack's Self–Educator (જૅકનો સ્વયંશિક્ષણગ્રન્થ) નામના પુસ્તકમાં વ્યુત્પત્તિવિષયક નિબન્ધમાં ડૉ. એચ મટ્શૅમન કહેછે કેઃ–"એકરૂપતા તરફનું સર્વસાધારણ વલણ અને ભાષાને સરલ કરવાની ઇચ્છા એ બે સામ્યમૂલક વિકારોનાં મુખ્ય કારણો છે."]

વાગ્વ્યાપારગત વિકારોનું નિયમન કરતી બીજી પ્રેરકશક્તિ શ્રમસંકોચ છે. પૂર્વગત કારણોમાંનાં કેટલાંકના આન્તર સૂત્રરૂપે આ

૫ શ્રમસંકોચ

નિયમ રહ્યોછે. પાલીભાષાના ખાસ અન્યવિશિષ્ટ પ્રસંગોમાં આ નિયમનો વ્યાપાર થતો ડૉ. ભાણ્ડારકરે બહુ વિચારપૂર્વક દર્શાવ્યોછે; હેના પ્રભાવે ત્હાં સંસ્કૃતના ઐ અને ઔને સ્થાને હ્રસ્વ ए અને ओ આવેછે, અને સંયોગમાં રહેલા ભિન્નવર્ગીય વર્ણોને સવર્ણ બનાવવામાં આવેછે. વળી હાતું વાસ્તવિક કારણ સમઝાવવાને હેમ હેવો અભિપ્રાય રજુ કર્યોછે કે પાલી બોલનારા લોક મૂળ વિજાતીય હતા. અને, જોકે તેઓની વાગેન્દ્રિય શક્તિમાન અને પ્રબળ હતી છતાં પણ તેઓ જોસભેર ઉચ્ચાર કરતી વેળા વાગેન્દ્રિયોનું લાગટ બે વાર સંચાલન કરી સકતા નહિ. (અત્યારે પણ કેટલાક બંગાળીઓ, સંસ્કૃત ગ્રન્થો વાંચવામાં પણ त्व નો त्त, ग्य નો ग्ग, व्य નો व्व ( ब्ब ), અને હેવા બીજા ફેરફારો કરેછે હેનું કારણ આ જ છે.[४६] )

ડૉ. ભાણ્ડારકર હ્રસ્વ ए અને ओનું તેમ જ દન્ત્યવર્ણોના મૂર્ધન્ય બનવાનું બીજું કારણ એ માનેછે કે આ ઉચ્ચારો (હ્રસ્વ ए અને ओ અને મૂર્ધન્યો) પાલી બોલનાર લોકની મૂળ ભાષામાં વિદ્યમાન હશે અને તેઓ હેનો સર્વથા ત્યાગ કરી સકયા નહિ એટલે તેઓના સંસ્કૃત ઉચ્ચારોમાં પણ હેની અસર રહેતી. તે ઉપરાંત પોતે હેવું દર્શાવેછે કે આ બે ખાસિયતો,

---

૪૬. પરંતુ મનુષ્યજાતિનું વલણ અમુક દરજ્જે જ સરલતા અને યત્નસંકોચ તરફ છે એ લક્ષ બ્હાર ન રહેવું જોઈયે; પાણિનિ અને હેમના ભાષ્યકાર વિશેની કથા આ વિષયમાં ઉદાર સાક્ષ્ય પૂરેછે. કહેવાયછે કે એ મહાવ્યાકરણી નદીમાં પ્રાતઃસંધ્યા કરતા હતા ત્હારે અંજલિમાં રહેલા જળમાં હેમણે સર્પ દીઠો એટલે બ્હેબાકળા બની બોલી ઉઠયા કે कोर्भवान् ? સર્પે ઉત્તર આપ્યો કેઃ–सप्पोऽहम्. એ દરમ્યાન વ્યાકરણનું ભાન પાછું આવ્યું એટલે પાણિનિયે પૂછયું: "रेफः क्व गतः?" સર્પે ઉત્તર પકડાવ્યો કે "भवतां मुखे": પછી મ્હારાં સૂત્રોનું ભાષ્ય લખવા યોગ્ય વિદ્વાન્ આ એક જ છે એમ માનીને પાણિનિયે સર્પનો બહુમાનથી સત્કાર કર્યો. સર્પરૂપે મહાભાષ્યકાર પોતે જ હતા. અહિંયાં सप्पो રૂપ મ્હારી સૂચનાનું ઉદાહરણ છે. કારણ કે જેવો र् લુપ્ત થયો ત્હેવો જ प् સ્વતઃ બેવડાઈ ગયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હ્રસ્વ ए અને ओ અને મૂર્ધન્ય ઉચ્ચારો,[૪૭] દ્રાવિડ ભાષાઓમાં પણ છે, અને પાલી બોલનાર લોક અને દક્ષિણના દ્રાવિડો મૂળ એક જ જાતિના હોય હેવો સંભવ છે.[૪૮]

૬ તુલ્ય માત્રા-પરિમાણ

છેવટ, આપણી આધુનિક પ્રચલિત ભાષાઓમાં વાગ્વ્યાપારગત વિક્રિયા દરમ્યાન અક્ષરોના માત્રાપરિમાણને અવિકૃત રાખનાર સમર્થ તત્ત્વ તરફ હું લક્ષ દોરીશ. ઉદાહરણ તરીકે સંયોગલોપ અને પૂર્વસ્વરદીર્ઘત્વનો उत्सर्ग તપાસીશું તો આ તુલ્યપરિમાણત્વના નિયમની પ્રવૃત્તિ દૃષ્ટિયે પડશે; જેમ કે कर्म (સં), कम्म (પ્રા.), હેનું ( ગુજરાતીમાં ) काम બનેછે અને હેમાં म्म् નો म् થતાં થયેલી પ્હેલા પદની માત્રાહાનિનો क ના अ નો आ કરીને પ્રતીકાર કર્યોછે. તે જ પ્રમાણે, જ્યારે સંસ્કૃતનો તીવ્ર અનુસ્વાર ગુજરાતીમાં કોમળ બને છે ત્યહારે નિકટવર્તી સ્વરને લંબાવીને માત્રાપરિમાણ જાળવી રાખવામાં આવેછે; જેમ કે:-वक्रकं (સં.), वंकउं (અપભ્રંશ), वांकुं (ગુજ); वंशकः (સં), वंसउ (અપ.), वांसो (ગુજ.). તેમ જ વળી જ્યહારે મહાપ્રયત્ન ह સ્થાનભ્રષ્ટ થાયછે ત્યહારે પણ હેવી જ માત્રાસંખ્યા જાળવવાની ક્રિયા થાયછે; જેમ કે:-श्लक्ष्णकं ( સં. ), लण्हउं (અપ.), नन्हउं-

---

૪૭ દન્ત્યોના ઉદ્ભવ અને ઇતિહાસ વિષયે મિ. બીમ્સ એક સ્વતંત્ર અભિપ્રાય આપેછે, પરંતુ એ સર્વથા શ્રદ્ધાસ્પદ નથી લાગતો. ( હેના ગ્રંથનું પુ. ૧. પૃ. ૨૩૧-૨૩૫ જુવો). એ હેવું સૂચવેછે કે ભારતખંડમાં આવ્યા ત્યહાર પ્હેલાં, અને કદાચ ત્યહાર પછી એ કેટલાક સૈકા સૂધી, આર્યોને દન્ત્ય અને મૂર્ધન્ય એ બે વર્ણોમાંથી માત્ર મધ્યવર્તી મૂર્ધન્ય ઉચ્ચારોની જ માહિતી હતી; હેનું કારણ એમ આપેછે કે:-ટ્યુટન લોકની માફક આર્યોનું સ્નાયુબળ હેવું હતું કે તેઓ વાગિન્દ્રિયોનો દૃઢ અને ચપળ ઉપયોગ કરી સકતા; એ સમયે તેઓને त અને ट કે द અને ड વચ્ચેના તફાવતનું જ્ઞાન ન્હોતું; કાળક્રમે આ ઉચ્ચારોના (મૂર્ધન્યતર) र સાથેના સંયોગોમાંથી મૂર્ધન્યતર અને દન્ત્ય વર્ણોની એક નિરાળી સૃષ્ટિ પેદા થઈ; અને અન્તે આ ક્રમે મૂર્ધન્યમાંથી દન્ત્ય વર્ણો ઉદ્ભવ્યા. દ્રાવિડ્ સંસર્ગ અને અનાર્ય શબ્દોનો સ્વીકાર એ બે તત્ત્વોમાંથી મૂર્ધન્ય ઉચ્ચારો નીકળ્યા એ મતની પ્રતિસ્પર્ધા કરતો આ મિ. બીમ્સનો મત છે,-પરંતુ દ્રાવિડ સંસર્ગ અને અનાર્ય શબ્દોના સ્વીકારનો મત કાંઇક અંશે સત્ય હોવાના સંભવનો સર્વથા પ્રત્યાદેશ કરવો હેને ઇષ્ટ નથી. હેના મત પ્રમાણે આ પરિણામનું પ્રધાન કારણ ભારતખંડની માર્દવ ઉપજાવનારી ગરમ આબોહવા હતી. પણ પ્રશ્ન માત્ર એટલો પૂછીશું કે એ જ ઉષ્ણ આબોહવા છતાં પણ હમે અદ્યપર્યંત મધ્યવર્તી તેમ જ ઉચ્ચતર મૂર્ધન્યોને જાળવી સક્યા છિયે અને ઉચ્ચારી સકિયે છિયે હેનું શું કારણ? અને એ સમયે આબોહવા એ જ છતાં દ્રાવિડ લોકો એ ઉચ્ચારો કેમ જાળવી સક્યા?

૪૮ વિલ્સન વ્યુત્પત્તિવિષયક વ્યાખ્યાનો, પૃ. ૪૮-૪૯. (મિ. બીમ્સ હ્રસ્વ एમાં પણ વિદેશીય સંસ્કારનું સાક્ષ્ય પૂરાતું માનેછે. પુ. ૧. પૃ. ૧૪૦-૧૪૧ જુવો.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ન્હ..નું અને ત્હાર પછી માત્રાસામ્યની ખાતર ન્હાનું (ગુજ.), એક અધિક ઉદાહરણ લઇયે; જ્ય્હારે સ્વરયુગ્મમાંનો બીજો સ્વર લુપ્ત થતાં પાછળ એક જ સ્વર રહેછે ત્હારે એ બાકી રહેલો પ્હેલો સ્વર દીર્ઘ બનેછે અને માત્રાપરિમાણ તુલ્ય રહેછે; જેમ કેઃ– मौक्तिकं (સં.), मोत्तिअं પ્રા.) मोत्तिउ (અપ.) मोती (ગુ.); लोहितं (સં.); लोहिउ (અપ.) लोही (ગુ.).

આ સર્વ નિયમોની પ્રવૃત્તિમાં કૃત્રિમ ઘટના કરતાં નૈસર્ગિક વિકાસનો અંશ ઘણો વધારે છે, વસ્તુતઃ એ ક્રમમાં કૃત્રિમતાનો લેશ પણ નથી. વાગ્વ્યાપારના क्षयरूप विकार તેમ જ यत्नसंकोच એ બે નિયમોમાં તો સ્વાભાવિક યોગ્યાયોગ્યતા અને ગાત્રરચના એ જ ઉત્પત્તિહેતુ છે એ નિઃશંક છે. साम्याभास, भेदनिष्पत्ति, सरलतासिद्धि[૪૯] અને માત્રાસામ્યના વિષયમાં નિયામક હેતુ હોવા વિકારક્રમો વડે ઇષ્ટ પરિણામ લાવવાના ખાસ ઇરાદામાં કે સ્પૃહામાં નથી રહ્યો. આ ક્રિયાઓને માનસશાસ્ત્રની દૃષ્ટિયે તપાશી જોતાં પ્રતીતિ થશે કે હેમાં રહેલો મનોવ્યાપાર પૃથક્ક્રિયારૂપ નહિ પણ સંકલનાત્મક છે; સહજોત્થ છે, બુદ્ધિપૂર્વક નથી. એથી પણ વધારે, એ સંકલન અલક્ષિતરૂપ છે, યુક્તિપુરઃસર રચાયેલ નથી. એ એક પ્રકારની સ્વયંપ્રેરિત સંકલના છે. ઉદાહરણ તરીકે જ્ય્હારે લોક कम्मनुं काम કરેછે ત્હારે એમ નથી કહેતા કે "હવે ચાલો સંયોગનો લોપ કરિયે;" અને कम પ્રાપ્ત થયા પછી નથી કહેતા કે, "હવે માત્રાનું પરિમાણ અચલ રાખિયે અને काम બનાવિયે." એ જ વાત भेदनिष्पत्ति, साम्याभास, श्रमसंकोच એ અન્ય નિયમોને લાગુ પડેછે. ટુંકામાં કહિયે તો જેમ ભાષાનું लक्षणशास्त्र એટલે વ્યાકરણ પૃથક્ક્રિયાત્મક છે પરંતુ હેનું લક્ષ્ય ભાષા સંકલનાત્મક વિકાસરૂપ છે, તેમ જ વાગ્વ્યાપારના વિધિયો મનુષ્યના સંકલનાત્મક વિચારોનાં સહજસિદ્ધ પરિણામો છે, અને વ્યુત્પત્તિશાસ્ત્ર હેનું પૃથક્ક્રિયાત્મક નિરૂપણ કરેછે.

**ગુજરાતીમાં શબ્દરચનાનું નિયમન કરતાં વિશિષ્ટ વાગ્વ્યાપારગત તત્ત્વો.**

આટલી પ્રસ્તાવનારૂપ સામાન્ય ચર્ચા કર્યા પછી હવે હું, સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં થઇને કે વખતે વખતે પરભાર્યા ગુજરાતીમાં આવતા શબ્દોની સ્વરૂપરચનાનું નિયમન કરતાં વાગ્વ્યાપારગત વિશિષ્ટ તત્ત્વોની વિસ્તીર્ણ પર્યાલોચનાનો પ્રારંભ કરીશ. પ્રથમ હું એ દિશામાં પૂર્વકાલીન પંડિતોએ કરેલા પ્રયાસોનું ગુણદોષનિરૂપણ કરીશ–આ વિષયમાં અગ્રેસરો તરીકે તેઓએ કરેલા કામની પ્રશંસા કરિયે એટલી

૪૯ सरलत्वनी બાબતમાં સ્વાભાવિક ગાત્રરચનાનો હાથ પણ છે. એ નિયમની પ્રવૃત્તિમાં શારીરિક અને માનસિક તત્ત્વો સાથે સાથે પ્રવર્તેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઓછી છે; ત્હાર પછી હું મ્હારે ચર્ચવાના વાગ્વ્યાપારગત વિકારોના સામાન્ય સ્વરૂપનું વર્ણન આપીશ; અને છેવટમાં આ વિશિષ્ટ તત્ત્વોની જ ચર્ચા કરીશ.

ગુજરાતી વ્યુત્પત્તિશાસ્ત્રના ક્ષેત્રમાંના અગ્રેસરો.

ગુજરાતી વ્યુત્પત્તિશાસ્ત્રના ક્ષેત્રમાં અગ્રેસરો તરીકે બે પુરુષોનાં નામ વિશિષ્ટરૂપે અલગ પડી રહેછે; સદ્ગત **શાસ્ત્રી** વ્રજલાલ કાલિદાસ અને સદ્ગત **રા. રા.** નવલરામ. **શાસ્ત્રિયે** ઈ. સ. ૧૮૬૬ માં "गुजराती भाषानो इतिहास" લખ્યો અને ઈ. સ. ૧૮૭૦ માં उत्सर्गमाला લખી. રા. રા. નવલરામે ઈ. સ. ૧૮૮૭માં व्युत्पत्तिपाठ લખ્યો. જો કે આ ગ્રન્થોમાં શાસ્ત્રોચિત સૂક્ષ્મતાનો અભાવ હતો, અને ગુજરાતીમાં વ્યુત્પત્તિવિષયક અન્વીક્ષણનો હજી પ્હેલો પ્હોર હતો તે સમયે રચાયેલા હોવા ગ્રન્થોમાં અનિવાર્ય થાય ત્હેવી ખામીઓ હેમાં હતીઃ—એ ખામીઓ આ ભાષણો દરમ્યાન અત્યારસૂધીમાં પ્રસંગવશાત્ મ્હેં દર્શાવીછે; અને પ્રસંગ પ્રાપ્ત થતાં હવે પછી પણ દર્શાવવી પડે. તો પણ, કયા **સમયમાં** આ વિદ્વાનોએ સાહાય્ય વગર શ્રમ કર્યો હતો એ સ્મરણમાં રાખવાનું છે.

ત્હેમના કામની ગુણ-દોષચર્ચા

વ્રજલાલ તો શાસ્ત્રીવર્ગના હતા; અને એ વર્ગમાં સાધારણ રીતે પ્રાકૃતનો અનાદર—અને તિરસ્કાર પણ—થતો; હેમાં અપવાદરૂપ કદાચ એ એકલા જ હતા. હેમને પાશ્ચાત્ય પાંડિત્યનો અને અન્વેષણપદ્ધતિના જ્ઞાનનો લાભ ન્હોતો મળ્યો; જો કે યુરોપીય પણ્ડિતો સાથેના સંબંધ દરમ્યાન પ્રસંગતઃ જે જ્ઞાન ત્હેમણે મેળવ્યું હતું તેટલાપૂરતી હેમની સ્થિતિ સામાન્ય કોટિના શાસ્ત્રીઓ કરતાં સારી હતી. અને ટેલરકૃત ગુજરાતી વ્યાકરણમાં કર્તૃત્વનો પ્રધાન અંશ હેમનો હતો. પાશ્ચાત્ય પદ્ધતિના વિષયમાં વ્રજલાલ શાસ્ત્રી કરતાં નવલરામ ભાગ્યશાળી હતા, પરંતુ હેમનામાં શાસ્ત્રી જેવી સંસ્કૃત કે પ્રાકૃતની વિદ્વત્તા ન્હોતી. તે ઉપરાંત ગમે તે કારણ હોય પણ તે बापने માટે वापक:[૫૦] અને बेठो માટે विष्टः જેવી વ્યુત્પત્તિયો આપતાં અચકાતા નહિ. છતાં પણ,

---

૫૦ થોડીકવાર પ્હેલાં નિર્દેશ કર્યો હતો તે अपभ्रंशशब्दप्रकाश નામના ગ્રન્થમાં, હેમચન્દ્રના કોશમાંના वप्रः प्राकाररोधसोः क्षेत्रे ताते चयेऽरणौ ॥ એ વાક્યને આધારે અને मेदिनीकोश ના वप्ता तु जनके पुंसि ॥ એ વાક્યને આધારે, સંસ્કૃત वप्र માંથી बाप શબ્દની વ્યુત્પત્તિ સાધવાનો પ્રયાસ કરવામાં આવ્યોછે; એ વિશે એટલું જ કહેવું ઘટે છે કે આ સર્વ દેશ્ય શબ્દ बप्पने સંસ્કૃત બનાવવાના વક્ર માર્ગો છે; बप्प વિદેશીય શબ્દ છે એમ ખુલ્લેખુલ્લું કબૂલ કરી દેવું જોઇયે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

गुजराती शब्दमूलदर्शककोशनी હેમણે કરેલી ઉગ્ર ગુણદોષચર્ચામાં હેમણે વ્યુત્પત્તિવિષયક અન્વીક્ષણની ખરી પદ્ધતિનું સારું જ્ઞાન દર્શાવ્યું હતું.

હેમની ગ્રન્થવ્યવસ્થાની પરીક્ષા

પરંતુ એ વિદ્વાનોનો મુખ્ય દોષ હેમના ગ્રન્થોની તાત્ત્વિક વ્યવસ્થામાં હતો. પ્રાકૃતમાંથી ગુજરાતીમાં થતા વિકારોનું નિયમન કરતા उत्सर्गोनी, એટલે જેને હું अवान्तर उत्सर्गो કહુંછું ત્હેની, વ્રજલાલ શાસ્ત્રીએ ઉપેક્ષા કરી છે. હેમની उत्सर्गमाला બહુ અંશે હેમચન્દ્રના પ્રાકૃત વ્યાકરણના ગુજરાતીને લાગૂ થતા અંશનું સરલ રૂપાન્તર જ છે, એથી अपभ्रंशना સમય અને અર્વાચીન સમય વચ્ચેના ગુજરાતી શબ્દોના ઇતિહાસનું એ નહિં જેવું જ પ્રકાશન કરે-છે. વિરલ અને અપવાદરૂપ અવસરોએ, અને તે પણ પ્રસંગવશાત્, હેમણે એક બે अवान्तर उत्सर्गोनो વિમર્શ કર્યોછે.[૫૧] અને જ્યહાં હેમણે હેમચન્દ્રની પ્રક્રિયા ફેરવીછે ત્યહાં પરિણામ એ આવ્યુંછે કે વાગ્વ્યાપારના કેટલાક ઉપયોગી નિયમોનો અવરોધ થયોછે.[૫૨]

---

૫૧ ઉદાહરણ: ૧૩૩ મા उत्सर्गमां ટિપ્પણરૂપે કહેતા હોય તેમ એ गौरी–गोरिय; वापी–वाप्य ઇત્યાદિ શબ્દોમાં થતા इना य વિશે લખેછે; અને સુરતી ગુજરાતીમાં એ इनो अ થતો દર્શાવેછે–गोरि, वाव–ઇત્યાદિ.

૫૨ આ ટીકાની યથાર્થતા દર્શાવવા માટે કેટલાંક ઉદાહરણો આપુંછું. उत्सर्गमाला ને ૧૧૫ મે પૃષ્ઠે, સર્વ उत्सर्गो પૂર્ણ કર્યા પછી, વ્રજલાલ શાસ્ત્રી કહેછે:–

"आ निबन्धना सघळा उत्सर्ग प्राकृत भाषाना व्याकरण उपरथी रच्याछे, ते गूर्जर भाषामां सर्वत्र प्रवर्त थता नथी पण ए उत्सर्ग भाषा जाणनारने अवश्य जाणवा योग्य छे, माटे अमे आ निबन्धमां लख्याछे."

પછી, अवान्तर उत्सर्गो માત્ર નીચેના જ હેમણે આપ્યાછે. उत्सर्गमाला (પૃ. ૧૧૪–૧૧૫):– (૧) ष નો ख, (૨) स નો च, (૩) व નો ब (જે આદ્ય व વિષયે અપ્રમાણ છે), (૪) ट નો त, અને (૫) ल નો ळ.

પરંતુ સર્વથી ઉપયોગી વાત એ છે કે જ્યહારે ઇ. સ. ૧૮૬૬ માં રચેલા गुजराती भाषाना इतिहासमां વ્રજલાલ શાસ્ત્રી પ્રસંગવશાત્ (૩૦ મે અને ૭૭ મે પાને) સંયોગ-લોપ અને પૂર્વસ્વરદીર્ઘત્વ (सर्पः–सप्पो–साप) થવાના अवान्तर उत्सर्गनो નિર્દેશ કરેછે, ત્યહારે ઇ. સ. ૧૮૭૦ માં રચેલી उत्सर्गमालामां એ उत्सर्गने હેમણે ૧૧ મા પ્રાકૃત उत्सर्गना અંગ તરીકે ગૌણ સ્થાન આપ્યુંછે.

વળી જ્યહારે (૧૦ મે પાને) પોતે પ્રાસંગિક ટિપ્પણ રૂપે ગામડીયાઓ સંસ્કૃત શબ્દના પ્રથમ इनो अ કરેછે એમ કહેછે, અને विचार–वचार ઉદાહરણ આપેછે, ત્યહારે પણ હેમને સ્મરણ નથી થતું કે तल, चणवुं ઇત્યાદિ શબ્દોમાં અન્યેતર इनो શિષ્ટ ગુજરાતીમાં પણ अ થતો દર્શાવનારો એક વિશાળ उत्सर्ग છે. છેવટ, જેઓનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજી બાજુ નવલરામે અવાન્તર उत्सर्गनी–જો કે કાંઈક અંશે અપકવરૂપ, પણ–ચર્ચા કરીછે, તથાપિ હેમણે વચમાં રહેલી પ્રાકૃત ભાષાઓનો અનાદર કર્યોછે અને ગુજરાતી શબ્દો કેમ જાણે પરભાર્યા જ સંસ્કૃતમાંથી આવ્યા હોય એમ વ્યુત્પત્તિયો આપીછે.[૫૩]

---

વસ્તુતઃ પ્રાકૃત ભાષાઓના સમયથી જ કેટલેક અંશે પ્રવૃત્ત થવા લાગેલા અન્ત્યેતર इ–उનો अ થવા વિશેના એક વિશિષ્ટ નિયમમાં સમાવેશ થાયછે તે लशुनं-लसण, क्षुरः-छरो, तिल-तल ઇત્યાદિ પ્રકારોનો પણ स्वराणां स्वराः प्रायोऽपभ्रंशे એ સામાન્ય નિયમમાં સમાવેશ કરવાનો (૧૦૪ થે પૃષ્ઠે) ૧૭૩ મા उत्सर्गમાં હેમણે પ્રયાસ કર્યોછે; પરંતુ એ વ્યવસ્થાના પક્ષમાં લાઘવ અને શાસ્ત્રીય વ્યાપ્તિનિગમનરૂપ ગુણોનો દાવો કરવાનો વ્રજલાલ શાસ્ત્રીને અવકાશ નથી એટલું જ નહિં પણ ઉલટું એ વ્યવસ્થામાં અસંબદ્ધ નિયમોનો કથીરો ખીચડો થઈ ગયોછે.

૫૩ હાનાં પણ એક બે ઉદાહરણો આપવાં જોઇશે. व्युत्पत्तिपाठ માં પ્રથમ उत्सर्ग તરીકે સંયોગલોપ અને પૂર્વસ્વરદીર્ઘત્વનો નિયમ આપ્યોછે. એ યથાર્થ છે. પરંતુ ઉદાહરણો આપવામાં કેમ જાણે सर्प, सप्त, कर्म ઇત્યાદિ શબ્દો એકદમ साप, सात, काम ઇત્યાદિ બની ગયા હોય અને सप्प, सत्त, कम्म ઇત્યાદિ પ્રાકૃત ક્રમમાં થઈને આવ્યા જ ન હોય, હેવું દર્શાવ્યુંછે. શબ્દની ઉત્ક્રાન્તિનો આ ખોટો ઈતિહાસ છે.

તે જ પ્રમાણે उत्सर्ग ૨ જામાં તીવ્રઅનુસ્વાર કોમળ થાય ત્યહારે પૂર્વસ્વર દીર્ઘ બને એ નિયમ આપ્યોછે; જેમ કે दंत–दांत, रंक–रांक; ઇત્યાદિ. આ પદ્ધતિમાં वक्र–वंक्क–वांकुं (ગુજરાતી) અને હેવા બીજા પ્રાકૃત પ્રકારોને સ્થાન આપવું રહી જાયછે.

વળી उत्सर्ग ૩ જામાં સંસ્કૃત નરજાતિના પ્રત્યય अः નો ગુજરાતીમાં ओ થવાનો નિયમ આપ્યોછે; અહિં પણ અપભ્રંશક્રમ–अउ (સંસ્કૃત क પ્રત્યયદ્વારા પ્રાપ્ત થયેલો) ઉડાવી દીધોછે. ઉત્સર્ગ ૪ થામાં अम् ના उं વિકાર સંબન્ધે પણ એ જ સ્થિતિ છે. ઉત્સર્ગ ૧૨ મામાં ऋના વિકારોમાંના એક તરીકે ई આપ્યોછે, અને ઉદાહરણરૂપે शृंगक–शींगडुं; गृध्र–गीध, अमृत–अमी; घृत–घी એ શબ્દો આપ્યાછે. પણ એ ખોટું છેઃ ऋનું રૂપાંતર હ્રસ્વ इ છે, અને છેવટે જે દીર્ઘત્વ થાયછે તે, गृध्र અને शृंग ની બાબતમાં પ્રાકૃતરૂપમાં રહેલા द्धनો સંયોગલોપ થવાથી અને ङ्गનો અનુસ્વાર કોમળ થવાથી થાયછે, અને ઘી અને અમીના પ્રસંગમાં વચમાંનાં પ્રાકૃતરૂપો ઘિઅ અને અમિઅને લીધે થાયછે • કારણ કે ગુજરાતી સમીપ પ્હોંચતાં અન્ત્યસ્વર લુપ્ત થાયછે અને પ્રતિક્રિયારૂપે इ ને દીર્ઘ કરતો જાયછે.

બીજા પણ કેટલાક દોષ છે, પરંતુ તેઓને અન્તરાગત પ્રાકૃતના અનાદર સાથે સંબંધ ન હોવાથી હું અહિંયાં દર્શાવતો નથી.

હું કબૂલ કરુંછું કે આ ગ્રંથ ખાસ ટ્રેનિંગ કૉલેજોના ઉપયોગ માટે રચાયો હતો અને એટલા માટે સરળતા જાળવવી પડી હતી. પરંતુ તે છતાં ચોક્કસાઈ અને શબ્દના ઇતિહાસ તરફનો આદર હેનો અને સરળતાનો એકત્ર યોગ કરવો શક્ય હતો.

અહિંયાં મ્હારે કહેવું ઘટેછે, કે સદ્‍ગત નવલરામે व्युत्पत्तिपाठ પ્રગટ થયા પછી થોડાક માસ પછી એક ખાનગી પત્રદ્વારા મ્હારો એ ગ્રન્થ વિશેનો અભિપ્રાય પૂછવાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ બે વિદ્વાનના અવસાન પછી ગુજરાતીના વ્યુત્પત્તિશાસ્ત્રને ગ્રન્થરૂપે રચીને પ્રગટ કરવાનો રીતસર પ્રયાસ કોઇયે કર્યો નથી. ડૉ. રા. ગો. ભાંડારકરનાં વ્યુત્પત્તિવિષયક વ્યાખ્યાનોમાં ગુજરાતીના વાગ્વ્યાપારતન્ત્ર અને વ્યાકરણની ચર્ચા કરવામાં આવીછે એ ખરું, પરંતુ સર્વ ભાષાઓની હેની નિર્વિશેષ ચર્ચામાં ગુજરાતીને ભાગે પડતો હિસ્સો મળ્યોછે, અને એ કારણે, વિદ્વત્તા અને વિચારશીલ ચર્ચાથી ભરપૂર હોવા છતાં પણ, એ ગ્રન્થ ઉપર આપેલી ગણનામાં આવી સકતો નથી; હેને બાતલ કરવાનું બીજું પણ કારણ છે; એ ગ્રન્થના કર્તા માત્ર આરંભના કાર્યકરની કોટિમાં નથી આવતા, તેઓ તો અપૂર્વ વિદ્વત્તા અને અવલોકનક્ષેત્રની વિશાળતાથી સંપન્ન એક પ્રાચાર્ય ગણાવા યોગ્ય છે. હેમનાં વિદ્વત્તામય વ્યાખ્યાનોનો હું બનશે તેટલો ઉપયોગ કરીશ, અને એ વ્યાખ્યાનોમાંથી મ્હને મળતા સ્વતન્ત્ર અને સમર્થ આધારનો કૃતજ્ઞતાથી સ્વીકાર કરીશ; છતાં પણ થોડાક મુદ્દાઓપર, જ્યહાં મતભેદનો અવકાશ હશે ત્યહાં, નમ્રતાપૂર્વક મતભેદ દર્શાવીશ ખરો.

[Indian Antiquaryમાંથી લઇને ફરીથી છપાવેલાં અને "Notes" એટલે ટિપ્પણ રૂપે પ્રગટ થયેલાં ડૉ. ટેસિટોરીનાં વિદ્વત્તાભર્યાં ગુજરાતી ભાષા વિશેનાં અન્વીક્ષણો એક અતિ અર્વાચીન કૃતિ તરીકે અલગ સ્થાન મેળવેછે, અને એ જ કારણે હું એ વિખ્યાત વિદ્વાનની કૃતિનો ઉપરની ગણનામાં સમાવેશ કરતો નથી; જો કે મ્હારાં વ્યાખ્યાનોમાં હેનો પ્રસંગતઃ નિર્દેશ કરીશ.]

ગુજરાતી ભાષાના તત્ત્વસંશોધનના ક્ષેત્રમાં સદ્ગત કવિ નર્મદાશંકરે કરેલું પાયાનું ખોદાણકામ આ ગણનામાંથી રહી જવું ન જોઇયે. આ વિષયપરની હેમની મ્હારા જોવામાં આવેલી કૃતિયો નીચે પ્રમાણે છેઃ-

(૧) નર્મ-વ્યાકરણ, ભાગ ૧ અને ૨ (અનુક્રમે ઈ. સ. ૧૮૬૫ અને ૧૮૬૬ માં પ્રગટ થયેલા).

(૨) નર્મકોશ, ઈ. સ. ૧૮૭૩ માં પ્રગટ થયો, હેમાંના બે પ્રસ્તાવના-રૂપ નિબંધો.

---

કૃપા કરી હતી, અને મ્હેં મ્હારો અભિપ્રાય જણાવ્યો પણ હતો. ત્યહાર પછી તરતમ હેમનું મૃત્યુ થયું (ઇ. સ. ૧૮૮૮ માં); જો એઓ વધારે જીવ્યા હોત તો પોતાના ઉત્સર્ગોમાં કેટલોક સુધારો એઓ જરૂર કરત. અન્યના મત સ્વીકારવા માટે પોતાના મનનું દ્વાર ખુલ્લું રાખવાની હેમની ઉદારવૃત્તિની મ્હને ખાતરી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૩) જૂની ગુજરાતી ભાષા નામનો લેખ, વિ. સં. ૧૯૩૮ (= ઈ. સ. ૧૮૮૨) માં લખેલો, ઈ. સ. ૧૯૧૭ માં "ગુજરાતી"ના દીવાળીના અંકમાં પ્રગટ થયેલો.

અને (૪) વરરુચિના પ્રાકૃતપ્રકાશનું ભાષાન્તર, અપૂર્ણ અને અદ્યાપિ અપ્રકટ; હેમાં શબ્દશઃ ભાષાન્તરથી વિશેષ કાંઈ નથી. (હામાંના ૧, ૩, અને ૪ નબરના ગ્રન્થો મ્હને ગુજરાતી પ્રેસવાળા રા. રા. નટવરલાલ ઇચ્છારામ દેસાઈ બી. એ. અને રા. રા. અંબાલાલ બુ. જાની બી. એ. હેમની સહાયતાથી મળ્યા હતા.)

આ સર્વ ગ્રન્થોમાં આરમ્ભકાળના કાર્યકરની કૃતિમાં હોય હેવા ગુણ તેમ જ મર્યાદિતતા અને દોષ છે. એ સર્વના વિસ્તારમાં ઊતરવાની જરૂર નથી. પ્રસંગ આવશે ત્હારે આગળ ઉપર નિર્દેશ કરવો પડશે. પરંતુ આટલું તો અહિંયાં જાણવા યોગ્ય છેઃ–કવિ નર્મદાશંકરને ક્હાંક ક્હાંક સ્વચ્છન્દવિહાર કરવાની ટેવ હતી, જેમ કે તેઓ ળ્હ અને હેવા બીજા વર્ણો વાપરતા (વસ્તુતઃ ह થી જ દર્શાવી સકાય તે મહાપ્રાણયુક્ત સ્વરની આ સંજ્ઞા–ળ્હ–વાગ્વ્યાપારદૃષ્ટિયે ઉપપત્તિવિહીન છે). પરંતુ, આ પ્રયોગ કેવો ઉપપત્તિરહિત છે એ હેમણે જોયું, કે કોઇયે હેમને બતાવ્યું, કે તરત જ હેમણે પોતાની ભૂલ સુધારીને હેને સ્થાને ऴ સંજ્ઞા વાપરવાનું (એટલે સ્વરની નીચે વિશેષદર્શક બિન્દુ મૂકવાનું) શરૂ કર્યું; અને પછી માત્ર એકરૂપતાની ખાતર એ જ પદ્ધતિને અન્યત્ર પણ વળગી રહીને त्ह, क्ह ને બદલે ત़ ક़ લખવા માંડ્યું.

[વડોદરાની Vernacular College of Science નામની સંસ્થાવાળાં પ્રભાકર રામચન્દ્ર પંડિતે, પોતાના હેવા જ મરાઠી શબ્દકોશની પદ્ધતિપર રચેલો, અને ઈ. સ. ૧૮૮૦માં પ્રગટ કરેલો अपभ्रष्टशब्दप्रकाश નામનો વ્યુત્પત્તિ-દર્શક ગુજરાતી શબ્દકોશ–હેવા છૂટાછવાયા અને તાત્કાલિક ઉત્સાહના વેગમાં કરાયેલા પ્રયત્નોનું વર્ણન કરવાની જરૂર નથી. આ अपभ्रष्टशब्दप्रकाशમાં સંસ્કૃતમાંથી ગુજરાતીમાં આવેલા શબ્દોમાં થતા વાગ્વ્યાપારજન્ય વિકારો દર્શાવતા કેટલાક उत्सर्गो ઘડવાનો જે પ્રયાસ કરવામાં આવ્યોછે તે સ્તુત્ય છે એ કબૂલ કરુંછું; પરંતુ હેની, મીણના મૂળશબ્દ તરીકે मयन, મીંઢુંના મૂળ શબ્દને સ્થાને पट्ट, અને હેવા અન્ય તરંગજનિત અને નિર્મૂલ મૂળ-શબ્દો આપવાની પદ્ધતિરૂપે દૃષ્ટિગોચર થતી, અશાસ્ત્રીય નિર્વચનપદ્ધતિ અને અપકવતા તરફ લક્ષ ખેંચ્યા શિવાય ચાલે તેમ નથી.]

૧૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હું સ્વીકારવા ઇચ્છું છું એ સરણિ પૂર્વોક્ત બંને અગ્રેસરોની સરણિયોથી અવશ્ય ભિન્ન છે; હું મધ્યવર્તી પ્રાકૃતોનો મ્હારી સમીક્ષામાં સમાવેશ કરીશ તેમ જ અપભ્રંશ પછીના સમય દરમ્યાન થયેલા વિકારોની પણ ચર્ચા કરીશ. વળી હું ઉત્સર્ગોની વર્ગવ્યવસ્થા અને ગણરચના કરવામાં આ વ્યાખ્યાનોની અનુકૂળતાને ખાસ લક્ષમાં રાખીશ. પરંતુ પ્રથમ તો અત્યારે હું

આ વ્યાખ્યાનોમાં સ્વીકારવામાં આવેલી સરણિ

આગળ ઉપર ચર્ચવાના વાગ્વ્યાપારગત વિકારોના સામાન્ય સ્વરૂપનો નિર્દેશ કરું છું. એ વિકારો બે પ્રકારના છેઃ–

આગળ ચર્ચવાના તે વાગ્વ્યાપારગત વિકારોનું સ્વરૂપ

(૧) છેવટના કે દૃઢ થયેલા વિકારો.
(૨) અવાન્તર કે સંક્રમણદશાના વિકારો, એટલે કે રૂપાન્તર દશાના વિકારો.

પ્રકાર (૧) નાં ઉદાહરણો પ્રાચીન સૈકાઓના લિખિત ગ્રન્થોમાં જોઇયે તેટલાં મળશે, અને અદ્યતન પુસ્તકોમાં તેમ જ અત્યારે સાક્ષાત્ બોલાતી ભાષામાં પણ મળી આવશે. પ્રકાર (૨) નાં ઉદાહરણો લિખિત પુસ્તકોમાં અવશ્ય મળે જ હેવું નથી. આ પ્રકારના વિકારોના ત્રણ વર્ગો કરી સકાયઃ—

આ વિકારોની વર્ગ વ્યવસ્થા

(क) કોઈક કાળે બોલાતી ભાષામાં વિદ્યમાન હોય, પણ લિખિત પુસ્તકોમાં પકડાઈ રહેલા ન હોય, ત્હેવા;

(ख) લિખિત પુસ્તકોમાં પ્રવેશ પામ્યા હોય, પરંતુ એ પુસ્તકો જ હાથ ન લાગતાં હોય કે અદ્યાપિ આપણને સુવિદિત ન હોય તેથી અપરિચિત રહ્યા હોય, ત્હેવા;

(ग) માત્ર સંક્રમણમાર્ગ દર્શાવતા હોય, એટલે કે જે અવસ્થામાં થઈને શબ્દો પસાર થયા હોવા જ જોઇયે હેવી અમુક, વાગ્વ્યાપારદૃષ્ટિયે શકય, અવસ્થા દર્શાવતા હોય, પરંતુ બોલાતી ભાષામાં કદાપિ પ્રચાર ન પામ્યા હોય–તો પછી લેખનિબદ્ધ તો ક્યહાંથી જ થયા હોય,–ત્હેવા.

આ વર્ગવ્યવસ્થાને વિશદ કરવા માટે થોડાંક ઉદાહરણો આપુંછું:–
(૧) ઘણાખરા उत्सर्गोનો આ વર્ગમાં સમાવેશ થશે; જેમ કેઃ–

(૧) संयोगलोप पूर्वस्वरदीर्घत्व;–कर्म–कम्म (પ્રાકૃતમાં પ્રચલિત રૂપ)–काम જે ગુજરાતીમાં વર્ષો થયાં બોલાયછે અને લખાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૨) ઈ કે ય ના સંસર્ગમાં આવતા स નો श થાયછે–

| સંસ્કૃત | પ્રાકૃત | ગુજરાતી |
|---|---|---|
| शृगाल; | सियालो | शियाळ ઇત્યાદિ. |

અહિંયાં છેવટ સિદ્ધ થયેલા ગુજરાતી શબ્દો સર્વે અન્તની સ્થાયી દશાને પામ્યાછે.

(૨) (क)–अधुना (સંસ્કૃત)–अहुणा (પ્રાકૃત)–પછી હનો પરાક્ષેપ થતાં हउणा, ગુજરાતી हवणां; કે हमणां અન્તરાલવર્તી हउणा રૂપ હેવું છે કે ભાષાના એકાદ દશાન્તરમાં એ વિદ્યમાન હોય એ શકય છે, પરંતુ લિખિત પુસ્તકોમાંથી નિર્ણય કરવાનું કાંઈ સાધન મળતું નથી.

(ख)

| સંસ્કૃત | પ્રાકૃત | ગુજરાતી |
|---|---|---|
| कुटुम्बी | कुडुम्बी | कणवी |
| जरठ; | जरढो–गरढो | घरडो (घयडो) |

અહિંયાં પ્હેલો શબ્દ ગ્રન્થોમાં પણ વિદ્યમાન હોય હેવો સંભવ છે, પરંતુ એ ગ્રન્થો જ ઉપલબ્ધ નથી. જ્યહારે બીજો શબ્દ જે ગ્રન્થમાં જળવાઈ રહ્યોછે એ ગ્રન્થ સુપરિચિત નથી; મ્હને એ શબ્દ ગણપતિ નામના એક કાયસ્થે વિ. સં. ૧૫૮૪ માં રચેલા माधवानालकामकन्दलाप्रबन्ध નામના એક કાવ્યમાં ઉપલબ્ધ થયો હતો.[૫૪] (એ કાવ્યની નકલ વિ. સં. ૧૬૯૪ માં થયેલી છે.)

(ग) સંસ્કૃત શબ્દ अभिनवना મનો ગુજરાતીમાં व થવા વિશેનો अवान्तरउत्सर्ग છે તે આ વર્ગનું એક ઉત્તમ પ્રકારદર્શક ઉદાહરણ છે; એ उत्सर्गना સામર્થ્યથી अभिनव શબ્દને, ગુજરાતીમાંનું હેતું દઠીભૂત अवनवुं રૂપ પામતા પ્હેલાં, अविहनव રૂપમાં થઈને પસાર થવું પડેછે; અને આ अविहनव રૂપ કોઈ પણ કાળે બોલવામાં એ વપરાતુ હોય હેવો સંભવ જણાતો નથી.[૫૫]

---

૫૪ आपण कूरसिउं अतिघणी गरढपणामांहि गोठी ॥ (અંગ ૮, શ્લોક ૩)

૫૫ પ્રાકૃતરૂપોના પણ હાવા સંક્રમણકાળના, સાક્ષાત્ ભાષામાં પ્રતિબિમ્બિત ન થયા હોય હેવા, વિકારો ખોળી સકાયછે; ઉદાહરણ તરીકે સંસ્કૃત भगिनी શબ્દનું પ્રાકૃતરૂપ वहिणीछे. અને હેમચન્દ્ર (सि. हे. ૮–૨–૧૨૬માં) એ રૂપને જ પરભાર્યું भगिनीના आदेश તરીકે આપેછે. પરંતુ એ વિકારની પૂર્વાવસ્થા સૂચવતો વાગ્વ્યાપારગત ક્રમ भइणी–वृहइणी–बहिणी હેવો હશે એ નિઃસંદેહ છે.

તે જ પ્રમાણે गृह શબ્દના (અલબત વસ્તુતઃ નહિં પણ વાગ્વ્યાપારશાસ્ત્રના નિયમક્ષેત્રમાં)-गरूह–गहूर,–હેવા રૂપાન્તર ક્રમો થયા પછી જ, હેમચન્દ્ર (सि. हे. ૮-૨-૧૪૪ માં) જેને गृहना તૈયાર आदेश તરીકે આપેછે તે, છેવટનું घर રૂપ થયું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે આવતા વ્યાખ્યાનમાં હું વિશિષ્ટ उत्सर्गोની વિસ્તીર્ણ ચર્ચા કરીશ.

---

## ટિપ્પણ क

The Critical, Comparative and Historical Method of Inquiry (=સદસદ્વિવેકશીલ, તુલનાત્મક અને ઇતિહાસાનુરૂપ અન્વીક્ષણ પદ્ધતિ) એ વિષયપર ડૉ. ભાણ્ડારકરે (ઈ. સ. ૧૮૮૭ માં, લખેલા લેખમાંથી લીધેલા કેટલાક ઉતારા.

(૧)

કોઈ પણ બનાવનો વૃત્તાન્ત પોતે જેવો સાંભળ્યો હોય કે વાંચ્યો હોય ત્હેવોને ત્હેવો જ જે પુરુષ સ્વીકારી નથી લેતો તે એક વિમર્શશીલ અન્વેષક ગણાય. એ પુરુષ હેવા વૃત્તાન્તની યથાર્થતા કે અયથાર્થતા સિદ્ધ કરવામાં સમર્થ ગણાતી કેટલીક કસોટીઓ વડે પરીક્ષા કરેછે. એટલે કે એ વૃત્તાન્ત કહેનાર મનુષ્યે એ પ્રસંગ પ્રત્યક્ષ નિહાળ્યોછે કે નહિ, અને જો નિહાળ્યો હોય તો એ નિહાળનાર પક્ષપાતરહિત અને બુદ્ધિમાન્ નિરીક્ષક છે કે નહિં, એ વિશે ખાતરી કર્યા વિના રહેશે નહિં. એ માહિતી જો તે મનુષ્યે અન્યસાધનોદ્વારા મેળવી હશે તો એ સાધનો વિશ્વસનીય છે કે નહિં એ તપાશી જોવાનો એ તત્ત્વપરાયણ પુરુષ પ્રયાસ કરશે. પોતાની ચર્ચાનો વિષય એકાદ વસ્તુ કે એકાદ પ્રમાણ-સિદ્ધ પ્રસંગ હશે તો હેના સ્વરૂપ અને સંબન્ધોના આપાતતઃ ખરા લાગતા અભિપ્રાયથી હેને સંતોષ થશે નહિં. પોતે હેને યથાર્થરૂપે જોઈ સકે એટલા માટે એ બાહ્ય સાહાય્ય મેળવવા પ્રયત્ન કરશે. તુલ્ય વસ્તુઓની કે પ્રસંગોની તુલના એ હેનાથી વપરાતાં સાધનોમાંનું એક સમર્થતમ સાધન છે. એ તુલનાની સહાયતાવડે એ વસ્તુ કે પ્રસંગના તાત્ત્વિક સ્વરૂપથી હેની પ્રાસંગિક બહિરુપાધિયોને એ અલગ પાડી સકેછે, અને કોઈકવાર એકાદ હેવો નિયમ ખોળી સકેછે કે જેમાં એ વસ્તુ કે પ્રસંગનો સમાવેશ એક પ્રકારરૂપે થઈ જાય અને હેનું કારણ પણ સમઝાય. આ પ્રમાણે તુલનાને સૂક્ષ્મ અન્વેષણનાં એક અંગભૂત સાધન તરીકે ગણી સકાય, પરંતુ હેની સહાયતાથી મળતાં ફળોની ઉપયોગિતા જોતાં હેને એક સ્વતન્ત્ર અન્વીક્ષણપદ્ધતિરૂપે સ્વીકારવી ઘટેછે. વસ્તુનો ઇતિહાસ, એટલે કે જુદાં જુદાં, સુવ્યક્ત સમયાવધિ દરમ્યાન જોવામાં આવતાં, હેનાં વિવિધ રૂપોની પરસ્પર સરખામણી, એ પણ હેનું સત્યસ્વરૂપ નિશ્ચિત કરવામાં બહુ જ ઉપયોગી છે. અનેકવાર, લિખિત ઇતિહાસના અભાવમાં, અન્વેષક પ્રસ્તુત વસ્તુનાં અનેક રૂપાંતરો વચ્ચે રહેલા ઐતિહાસિક કે સમયપૌર્વાપર્યરૂપ સંબંધનો એક અતિસ્ફુટ પ્રમાણની સહાયતાથી નિર્ણય કરેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદાહરણ તરીકે, ગ્રીક શબ્દ 'esmes' (=એસ્મિસ "હમે છિયે") સંસ્કૃત સ્મઃ (smas) કરતાં પ્રાચીનતર છે, કારણ કે સંસ્કૃત સ્મઃ માંથી લુપ્ત થયેલો મૂળ ધાતુ અસ્નો અ હેમાં e રૂપે અદ્યાપિ જળવાઈ રહ્યોછે; અને સંસ્કૃત સન્તિ (=santi) ગ્રીક anti (એન્ટિ) કરતાં પ્રાચીનતર છે, કારણ કે આ ગ્રીક રૂપમાંથી અસ્ ધાતુ આખો નષ્ટ થયોછે. હાવાં અનેક રૂપોનું નિરીક્ષણ કરવાથી નિર્ણય એ બાંધી સકાય કે, ગ્રીક ભાષા સંસ્કૃતમાંથી નથી નીકળી કે સંસ્કૃત ગ્રીકમાંથી નથી નીકળી, પરંતુ બંને એક વધારે પુરાણી ભાષામાંથી નીકળીછે. તુલનાત્મક અને ઐતિહાસિક પદ્ધતિયો ભૌતિક અને પ્રયોગપ્રધાન શાસ્ત્રોમાં વપરાતી વ્યાપ્તિઘટનાની (=inductive) પદ્ધતિને મળતી આવેછે. જે વિદ્યાઓમાં વિષયના સ્વરૂપને પરિણામે જ પ્રયોગક્રિયા અશક્ય હોય, ત્હાં તુલનાનો અને ઐતિહાસિક નિરીક્ષણનો આશ્રય લેવો પડે. એ વ્યાપ્તિઘટનારૂપ (=inductive) પદ્ધતિ યુરોપમાં સોળમા સૈકાના અન્તમાં પ્રથમ વપરાવા લાગી. અને ત્હારથી આજસૂધીમાં ભૌતિક સૃષ્ટિના નિયમોની અન્વેષણામાં ઘણી પ્રગતિ થઈછે. સત્યાસત્યને સૂક્ષ્મતાથી તપાસનારી તુલનાત્મક અને ઐતિહાસિક અન્વીક્ષણપદ્ધતિનો સારો પરિચય અને પ્રયોગ અઢારમા સૈકાના અન્તમાં થવા લાગ્યો, અને ત્હાર પછીનાં એકસો વર્ષમાં જ્ઞાનની અન્ય શાખાઓમાં પણ ભૌતિકવિદ્યા જેટલી જ આશ્ચર્યજનક પ્રગતિ થઈછે; અને ભૂસ્તરવિદ્યા, પૃથ્વીના પ્રાચીન જીવનક્રમનું શાસ્ત્ર, તુલનાત્મક વ્યુત્પત્તિશાસ્ત્ર અથવા ભાષાશાસ્ત્ર, તુલનાત્મક પુરાણકથાશાસ્ત્ર, પ્રાણિવર્ગોની ઉત્પત્તિ અને ઉત્ક્રાન્તિ, શાસ્ત્રીય પદ્ધતિનો ઇતિહાસ, તુલનાત્મક કાયદાશાસ્ત્ર, પુરાણવિદ્યા, પ્રૌઢ પાણ્ડિત્ય, અને તુલનાત્મક ધર્મવિચાર પણ–આ સર્વે હેનાં જ ભવ્ય પરિણામો છે. (પૃષ્ઠો ૧–૨૨).

(૨)

પુસ્તકો અને અન્ય લેખોની ચર્ચા સમાપ્ત કરીને હવે હું લોકકથાઓની કીમતનો અંદાજ કાઢવાનો પ્રયાસ કરીશ. લોકકથાઓ જેવી મળે તેવી જ માની બેશિયે તો છેતરાવાના અનેક પ્રસંગો આવે. ઉદાહરણ તરીકે, આપણામાં હેવી એક લોકકથા છે કે ભવભૂતિ અને કાલિદાસ સમકાલીન હતાઃ પરન્તુ આપણે હવે જાણિયેછિયે કે ભવભૂતિ ઇસવી સનના આઠમા સૈકાની પહેલી પચ્ચીશીમાં થયો અને કાલિદાસ ઇ. સ. પૂર્વે ૬૩૪ થી પણ બહુ વ્હેલો થઈ ગયો કારણ કે એ વર્ષમાં લખાયેલા એક શિલાલેખમાં હેનો એક પ્રખ્યાત કવિ તરીકે નિર્દેશ થયેલોછે અને સાતમા સૈકાના મધ્યમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થઈ ગયેલો બાણ પણ હેનો હેવો જ નિર્દેશ કરેછે; વળી હાલ તરતમાં શોધ થઈછે કે ભવભૂતિ કુમારિલભટ્ટનો શિષ્ય હતો, અને કુમારિલભટ્ટે કાલિદાસના શાકુન્તલમાંથી ઉતારો આપ્યોછે.

* * * *
* * * *
* * * *

લોકકથા પાણિનિને કાત્યાયનનો સમકાલીન બનાવેછે અને હેવું દર્શાવેછે કે એ મૃત્પિણ્ડબુદ્ધિ મૂર્ખ હતો પણ તપશ્ચર્યાવડે શિવને આરાધીને હેમની પાસેથી એક નવું વ્યાકરણ મેળવી સકયો હતો. હેની સાથે કાત્યાયને આઠ દિવસ પર્યંત વિવાદ ચલાવ્યો અને પાણિનિ એક મહાસમર્થ પ્રતિસ્પર્ધી નીવડ્યો, તો પણ, છેવટ એ હાર્યો. પરંતુ હવે આપણે જાણિયેછિયે તે પ્રમાણે ખરી વાત હેવી છે કે પાણિનિના વ્યાકરણ ઉપર કાત્યાયને વાર્ત્તિક લખેલાં છે, જેમાં હેણે પાણિનિયે આપેલા નિયમોનું વિવરણ, સંશોધન, અને પરિપૂરણ કરેલુંછે. આ પ્રમાણે હેણે પાણિનિનું સંશોધન અને પરિપૂરણ કર્યું એ ઉપરથી જ હેણે હેનો પરાજય કર્યો હેવી કથા ઉદ્‌ભવી હોવી જોઇયે,–અને ઘણું ખરું લોકકથાઓનું મૂળ હાવું જ હોય છે, આથી લેશ પણ વધારે નથી હોતું;–પરંતુ આ વાર્ત્તિક જેમાંનો ઘણો અંશ સ્પષ્ટીકરણ રૂપ છે તે હેણે એક સમકાલીન ગ્રન્થકર્તાની કૃતિ ઉપર રચ્યાં હોય એ અશકય છે. (પૃષ્ઠ ૧૦–૧૧).

* * * *
* * * *
* * * *

(૩)

આ પ્રમાણે, ત્યહારે, આપણે મ્હોટો બોધ એ લેવો ઘટેછે કે જો આપણે શાસ્ત્રમાંનો કે પછી સાક્ષાત્ જીવનનો કોઈ મુદ્દો વાસ્તવિકસ્વરૂપે જાણવા અને સમઝવા ઇચ્છતા હોઇયે તો આપણે સામ્યો ખોળવાં જોઇયે, બને તો ઇતિહાસ સોધવો જોઇયે, સત્યાસત્યનું સૂક્ષ્મ વિવેચન કરવું જોઇયે;–અને તે અનેકવાર કરિયેછિયે તેમ મૂર્ખતાથી અને અજ્ઞાનથી નહિ, પરંતુ સુવ્યક્તરૂપે પ્રતિષ્ઠા પામેલા અને બુદ્ધિસંસ્કૃત નિયમો વડે. (પૃ. ૨૨)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ટિપ્પણ ख

મિ. બીમ્સકૃત Comparative Grammar (તુલનાત્મક વ્યાકરણ) ના પુસ્તક ૧. પૃષ્ઠ ૨૮૧ માંથી નીચે ઉતારો આપ્યોછે તે, આ વ્યાખ્યાનમાં અને અન્ય વ્યાખ્યાનોમાં વાપરેલા, 'સંયોગ' 'મિશ્રસંયોગ' ઇત્યાદિ શબ્દોનો અર્થ સમઝવામાં સહાયરૂપ થશેઃ-

§ ૭૩. क्त, प्ल, स्न, ઇત્યાદિમાં થયોછે હેવો બે વ્યંજનોનો સ્વરના અન્તરાય વિના થયેલો યોગ દર્શાવવા માટે nexus-'સંયોગ' શબ્દ વાપર્યોછે. સંયોગની અન્યોન્યવિશિષ્ટ ત્રણ પ્રકારમાં વ્યવસ્થા કરવી અનુકૂળ પડશે.

(૧) 'પ્રબલસંયોગ' માત્ર પ્રબલ વર્ણોનો જ બનેછે, જેમકે क्त, प्त, ब्ज, द्ग, त्प, ब्ध.

(૨) 'મિશ્રસંયોગ,' જેમાં પ્રબલ અને મૃદુ બન્ને પ્રકારના વર્ણો આવે તે, જેમ કે त्र, न्द, ध्य, ह्य.

(૩) 'મૃદુસંયોગ', માત્ર મૃદુ વર્ણોનો બનેલો હોયછે, જેમકે स्य, श्र, ह्न, र्म, ष्ण, ल्व.

'પ્રબલ વર્ણો' એટલે પાંચ વર્ગોના પ્હેલા ચાર વર્ણોઃ

| | | | |
|---|---|---|---|
| क, | ख, | ग, | घ; |
| च, | छ, | ज, | झ; |
| ट, | ठ, | ड, | ढ; |
| त, | थ, | द, | ध; |
| प, | फ, | ब, | भ. |

'મૃદુવર્ણો' એટલે અનુનાસિક ङ, ञ, ण, न, म; ઊષ્માક્ષરો श, ष, स; અન્તઃસ્થ કે અર્ધસ્વરો य, र, ल, व; અને ह. સંયોગરૂપ क्ष અને ज्ञ ને અનેકવાર મૂળાક્ષર તરીકે સ્વીકારવામાં આવેછે, પણ હું એ બંનેને 'મિશ્ર સંયોગ' ગણુંછું.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ખંડ ૧)

## ગુજરાતી ભાષાનો ઇતિહાસ-હેની ઉત્ક્રાન્તિ.

ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિનું ક્રમશઃ નિરીક્ષણ કરવામાં, હેનું નિયમન કરતા વિશિષ્ટ ઉત્સર્ગોની પરીક્ષા કરવી એ આપણું પ્રથમ કાર્ય થશે, અને એથી ગયા વ્યાખ્યાનના અંતમાં મ્હેં કહ્યું હતું તે પ્રમાણે, હું એ પ્રશ્ન હાથમાં લઉં-છું. લાઘવની ખાતર હું કેટલીક સંજ્ઞાઓ વાપરીશ; સંજ્ઞાઓની વ્યાખ્યા આપીશ તો અનુકૂળ પડશે.

ગુજરાતીની ઉત્ક્રાન્તિમાં નિયામકરૂપ પ્રવર્તતા વિશિષ્ટ ઉત્સર્ગો અને પ્રારંભમાં જ એ

(૧) वर्णश्रुति કે, ટુંકામાં કહિયે તો શ્રુતિ, એટલે એક જ સ્વર, કેવળ એકલો, અથવા તો હેને આધારે વ્યંજનો રહ્યા હોય તો એ વ્યંજનો સાથેનો; અક્ષર; જેમ કે अनुस्वार શબ્દમાં ચાર શ્રુતિયો છે, अ, नू+उ (=नु), सू+वू+आ (=स्वा) અને रू+अ (=र). ટુંકમાં, શ્રુતિ એટલે અલ્પમાં અલ્પ શ્રવણયોગ્ય ધ્વનિસમૂહ.[1]

સંજ્ઞાઓ

(સંસ્કૃતમાં વર્ણશ્રુતિ અર્થમાં अक्षर શબ્દ વપરાયછે. હેની વ્યાખ્યા प्रातिशाख्यमां આ પ્રમાણે આપી છે:-

सव्यंजनःसानुस्वारः शुद्धो वापि स्वरोऽक्षरम् ।

(ऋग्वेद प्रातिशाख्य, મૅક્સ મૂલરવાળા ગ્રન્થમાં ૧૦૩૩.)

ભ્રાંતિ ન થાય એ ઉદ્દેશથી મ્હેં શ્રુતિ શબ્દને જ વળગી રહેવાનું પસંદ કર્યુંછે.

(૨) स्वरित-अस्वरित-(કે प्रधान- गौण.)

---

૧. શ્રુતિનું આ લક્ષણ બે વિભાગોનો સંગ્રહ કરેછે. (क) नादश्रुति એટલે સંગીત શાસ્ત્રમાંની શ્રુતિ, સાંભળી સકાય હેવો અલ્પતમ સંગીતનાદ, અને (ख) वर्णश्रुति, ભાષાશાસ્ત્રમાંનો સાંભળી સકાય હેવો અલ્પતમ વર્ણોચ્ચાર; અક્ષર. સંગીતમાં નાદશ્રુતિને સ્થાને લઘુરૂપ શ્રુતિ વપરાયછે તેમ હું આ વિવેચનમાં વર્ણશ્રુતિને સ્થાને લાઘવ માટે શ્રુતિ શબ્દ વાપરીશ. વર્ણશ્રુતિને સ્થાને એક વખત લોકો સાધારણતઃ વયડી-વરડી શબ્દ વાપરતા (જે કદાચ द्विवर्णी, त्रिवर्णी-બે વર્ણનો સમૂહ, ત્રણ વર્ણોનો સમૂહ-ઇત્યાદિ શબ્દોમાંથી અલગ પડેલા वर्णीમાંથી નીકળ્યો હશે).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક જ શબ્દમાં અન્ય શ્રુતિયો કરતાં જે એક શ્રુતિનો ઉચ્ચાર વધારે ભાર મૂકીને કરવામાં આવે તે શ્રુતિ स्वरित[2] અથવા प्रधान કહેવાયછે; અંગ્રેજીમાં હેને accented syllable કહેછે. अस्वरित અથવા गौण શ્રુતિ તે જે શ્રુતિ ઉપર ત્હેવો ભાર ના હોય તે, unaccented syllable; ઉદાહરણ–ચોંપડી–ચોપડીયો, વેંળવું–વળાવું; ઇત્યાદિ.

(૩) द्रुत-मध्य-विलम्बित-द्रुततर-विलम्बिततर; આ સંજ્ઞાઓ સ્વરોના ઉચ્ચારણકાલનું પ્રમાણ, એટલે ઉચ્ચારની માત્રા, દર્શાવવા માટે વપરાયછે.

द्रुत ઉચ્ચારણમાં ½ માત્રા હોયછે.

मध्य ઉચ્ચારણમાં ૧ માત્રા હોયછે.

विलम्बित ,, ૨ માત્રાઓ હોયછે.

द्रुततर ઉચ્ચારણનું પ્રમાણ શૂન્ય અને ½ માત્રાની વચ્ચે ક્ય્હાંક રહેછે.

विलम्बिततर ઉચ્ચારણમાં ૩ માત્રાઓ હોયછે. (ત્રણથી અધિક માત્રાઓ હોય તો જૂદાં જૂદાં પ્રમાણોવાળા विलम्बिततम ઉચ્ચારો બનેછે. द्रुततम ઉચ્ચાર વાગ્વ્યાપારમાં શક્ય નથી.)

[ભારત છાન્દસશાસ્ત્રની માત્રા યુરોપના પ્રાચીન છાન્દસશાસ્ત્રની mora ને બહુ મળતી આવેછે. ]

(ટિપ્પણ:-(ગુજરાતીમાં) अस्वरित अकारनो ઉચ્ચાર द्रुत કે વખતે द्रुततर હોયછે.)

| | | | | |
|---|---|---|---|---|
| (अ શિવાયના) ह्रस्व स्वरनो | ઉચ્ચાર | मध्य | હોયછે. |
| दीर्घ स्वर | ,, | ,, | विलम्बित | ,, |
| प्लुत स्वर | ,, | ,, | विलम्बिततर | ,, |

ઉદાહરણ- બેસવું–હેમાં 'બે' विलम्बित છે, 'સ' द्रुत છે. सवाल–હેમાં 'स' मध्य, 'वा' विलम्बित, અને 'ल' द्रुत છે.

---

૨ પાણિનિમાં અને વૈદિક પ્રક્રિયામાં "accented" માટે उदात्त સંજ્ઞા કદાચ અન્વર્થ છે અને એ પરિભાષા (उदात्त–accented અને अनुदात्त–unaccented) વાપરવી અને એ રીતે स्वरित શબ્દના બે શક્ય અર્થોની વચ્ચે ભ્રાન્તિ થતી અટકાવવી એ આકર્ષણ મ્હોટું છે. પરંતુ વૈદિક accentના ખરા સ્વરૂપ વિશે, એટલે એ accent વજનરૂપ હતો કે આરોહરૂપ હતો એ વિશે, અદ્યાપિ કાંઇ નિર્ણય નથી થઈ સક્યો. પણ એ વિષયમાં પ્રવેશ કરવાની અત્યારે જરૂર નથી; અને એ અનિશ્ચિતતાને લીધે ઉપર સ્વીકારેલી પરિભાષાને જ વળગી રહેવાની મ્હને ફરજ પડેછે. તે ઉપરાંત स्वर શબ્દ સાધારણતઃ accent અર્થમાં વપરાયછે; સિદ્ધાન્તકૌમુદીમાં accent વિશેના પ્રકરણને स्वरप्रक्रिया નામ આપવામાં આવ્યુંછે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(આ શબ્દમાં 'ल' અસ્વરિત છે, 'वा,' પૂરો સ્વરિત છે, અને 'स' જો કે અસ્વરિત છે પરંતુ 'ल' ની સરખામણીમાં કંઈક સ્વરિત છે.)

(૪) लघुप्रयत्न કે लघूच्चारण यकार એટલે જિહ્વાના સર્વે ભાગોના શિથિલ પ્રયત્નવડે ઉચ્ચારાયેલો નિર્બળ य;[3] ઉદાહરણ:–

आव्यो; गयो; बायडी; दोयडुं; आंल्य; गांठ्य; आप्य; लाव्य; ઇત્યાદિ: (व्यापार, द्रव्य, सख्य, यजमान, योग ઇત્યાદિમાં य પરિપૂર્ણ અને બલયુક્ત છે, गुरुप्रयत्न કે અશિથિલ છે)

તે જ પ્રમાણે જિહ્વા અને ઓષ્ઠના શિથિલ પ્રયત્નથી થતો लघुप्रयत्न वकार પણ છે;

ઉદાહરણ: नावलो, बावळुं, खाव ( खाओने સ્થાને), जाव ( जाओने સ્થાને) ઇત્યાદિ. (आवेछे, विचार, वसवुं ઇત્યાદિમાં પ્રબલ અને પરિપૂર્ણ–गुरुप्रयत्न-व છે.)

(૫) लघुप्रयत्न કે लघूच्चारण हकार–આ ઉચ્ચારનો હાવા નામથી ક્યહીં એ નિર્દેશ થયેલો નથી, પરંતુ એ આપણે બોલિયેછિયે; એ આપણી પ્રાન્તિક ભાષાઓમાં બહુ જોવામાં આવેછે, અને કદાચ સંસ્કૃતમાં પણ હશે ખરો; પાછળ કહેવામાં આવ્યું છે તેમ, પાણિનીય શિક્ષામાંના औरस्य અને कण्ठ्य हकार એ અત્યારે આપણે જેને लघुप्रयत्न અને गुरुप्रयत्न हकार કહિયેછિયે તે જ હશે; કારણ કે लघुप्रयत्न हकारमां પ્રાણ (છાતીમાં) પસરી જાયછે અને गुरुप्रयत्नमां પ્રાણનું (કંઠમાં) સંઘટ્ટન થાયછે.

ઉદાહરણ: लघुप्रयत्न हकार–हमे, हमारुं, हुं, हवे, हमणां, हजी, होडवुं, होळवुं; व्हमें, व्हेलुं, त्हारुं, म्हारुं, प्हेलुं, व्हेरो, ઇત્યાદિ.

गुरुप्रयत्न हकार–वहन, दहन, हर्ष, ઇત્યાદિ.

(૬) यश्रुति अकार–લુપ્ત થયેલા વ્યંજનને સ્થાને अ આવે ત્હેનો, હેની પૂર્વે अ કે आ હોય તો, નિર્બળ य–રૂપ જે ઉચ્ચાર થાયછે ત્હેને यश्रुति अकार કહ્યોછે; ઉદાહરણ: वचनं, પ્રાકૃત वअणं; नअणं ઇત્યાદિ.

આ यश्रुति अकार सि. हे. ८–१–१८० માં આપ્યોછે,[4] અને, જો કે

---

૩ लघुप्रयत्नतर य અને वना સંબંધમાં સિદ્ધાંત કૌમુદીમાં लघूच्चारणनी નીચે પ્રમાણે વ્યાખ્યા આપીછે:–

यस्योच्चारणे जिह्वाग्रोपाग्रमध्यमूलानां शैथिल्यं जायते स लघूच्चारणः । (अष्टाध्यायी ८–३–१८ ઉપરની वृत्ति જુવો).

૪ ડૉ. હ્યુર્નલ (ચણ્ડના પ્રાકૃત-લક્ષણના ઉપોદ્ઘાતને xxvii પૃષ્ઠે) હેવો મત દર્શાવેછે કે यश्रुति હેમચન્દ્રે જ ઘડી કાઢેલું ખાસ નામ છે. પરંતુ સૂત્ર અને वृत्ति તરફ દૃષ્ટિક્ષેપ કરતાં જ માલુમ થશે કે વસ્તુત: એમ નથી.

ખરો અર્થ એ છે કે અમુક વ્યંજનોનો લોપ થતાં अ રહે તે य જેવો સંભળાય; અને ખાસ પરિભાષા રચવા જેવો આશય લેશ પણ નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાણિનિના સમયના પ્રાચીન લઘૂચ્ચારણથી એ અલબત્ત જૂદો નથી જ તોપણ, એ સંજ્ઞાનું ઉદ્ભવસ્થાન પણ એ જ (सि. हे.) છે. આ નિયમના अवर्णात्परः એ અંશમાં રહેલી મર્યાદાને હેમચન્દ્ર અનિત્ય ગણેછે અને ઉદાહરણ તરીકે पिअइ ( સં. पिबति ) આપેછે. વસ્તુતઃ इ પછી આવતા अ નો य ઉચ્ચાર અવશ્ય થાય જ. આ નિયમમાં હેમચન્દ્ર આનો સમાવેશ કરેછે, જેમ કે पातालं (સં.) पायालं (પ્રા); અને એટલા માટે अवर्ण શબ્દ વાપરેછે. પરંતુ ગુજરાતી ઉચ્ચારતન્ત્રનો ઉદ્દેશ અકલો अ લેવાથી જ સરેછે.

(૭) मूर्धन्यतर ड અને ढ-એટલે જિહ્વાનો વધારે ઉંડો અને પૂરેપૂરો મૂર્ધન્ય પ્રયત્ન કરવાથી ઉચ્ચારાતા ड અને ढ.

ઉદાહરણઃ कडवुं, पाडो, गाडी; लढे, पढे, कढी; ઇત્યાદિ.

(પરંતુ डगलुं, डाळी, डोसो; ढंग, ढगलो, ढाल, ઇત્યાદિમાં કેવળ મૂર્ધન્ય છે.) (સંસ્કૃતમાં પણ આ મૂર્ધન્યતર ઉચ્ચાર હશે એમ લાગેછે, જો કે એ નામે નહિં ઓળખાતો હોય; એથી જ વૈદિક સંસ્કૃતમાં ईडे ને સ્થાને ईळे અને गूढं ને સ્થાને गूळ्हं લખાયછે).

(૮) च, छ, ज, झ નો उपतालव्य, अर्धतालव्य, કે प्राकृत उच्चार.

આ ઉચ્ચાર સંસ્કૃતમાં અપરિચિત હતો અને પ્રાકૃતોમાં જ શરૂ થયો. અને એથી હું હેને प्राकृत उच्चार કહુંછું.

એ ઉચ્ચાર દન્તપંક્તિને અડકી રહેલા તાલુના પ્રાન્તભાગનો જિહ્વાવડે સ્પર્શ કરવાથી થાયછે, જ્યહારે (જેને शुद्ध तालव्य કહીશ તો ચાલશે તે) સંસ્કૃત તાલવ્ય ઉચ્ચાર કરવાને જિહ્વાવડે તાલુના એથી ઉંચેના ભાગનો સ્પર્શ કરવો પડેછે.

ઉદાહરણઃ वांचवुं; पूछवुं; तजवुं; वींझवुं.

(૯) विवृत, अविवृत, અને अर्धविवृत (ए અને ओना ઉચ્ચારો.) विवृत ए ओ એટલે ए અને ओना, કણ્ઠના અગ્રરન્ધ્રને પ્હોળું કરવાથી થતા, પ્હોળા ઉચ્ચારો, bat અને plot શબ્દોમાંના સ્વરોચ્ચારોને કાંઈક મળતા.

अविवृत ( ए-ओ )-એટલે विवृतथी વિરુદ્ધ પ્રકારના ઉચ્ચારો-જેમાં કણ્ઠરન્ધ્રને એટલું બધું ખુલ્લું રાખવામાં આવતું નથી; lake અને boatમાં છે ત્હેવા ઉચ્ચારો.

अर्धविवृत (ए-ओ)-એટલે विवृत અને अविवृतની વચ્ચેના પ્રકારના ઉચ્ચારો.

ઉદાહરણોઃ-**विवृत**-नॅण, वॅण, वॅर, कॉठ, मॉर, ઇત્યાદિ.

**अविवृत**-वेल, केळ, कोठी, मोर, ઇત્યાદિ.

**अर्धविवृत**-लखेछे, लखोछो, घोडो (ડોમાંનો ओ) ઇત્યાદિ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

( ટિપ્પણ:–विवृत સંજ્ઞા વર્ણોના પ્રયત્ન વિશેની સંસ્કૃત પરિભાષામાંથી લીધેલીછે, પરંતુ હેના અર્થમાં ગુજરાતીમાંના આ વિશિષ્ટ ઉચ્ચારનો સમાવેશ નથી થતો; પરંતુ એ સંજ્ઞાનો વિશાલતર અર્થ કરીને સામ્યને આધારે મ્હેં અહિંયા પ્રયોગ કર્યોછે. अर्धविवृत શબ્દ તદ્દન નવો રચેલોછે).

(૧૦) कोमल અને तीव्र अनुस्वारः–નાસિકાપ્રયત્ન શિથિલ કરવાથી જે નિર્બળ અનુનાસિક ઉચ્ચાર થાયછે તે कोमल अनुस्वार.

એથી ઉલટો, દૃઢ નાસિકાપ્રયત્નથી થતો, પ્રબળ અનુનાસિક ઉચ્ચાર तीव्र अनुस्वार કહેવાયછે.

ઉદાહરણો:–

**कोमल**–वांचवुं, कांतवुं, वींटवुं, लूंटवुं; ઇત્યાદિ.

**तीव्र**–कंकास, निंदा, कुंड, कुंडल; ઇત્યાદિ.

कोमल अनुस्वारના વળી ત્રણ પેટા ભાગ પડી સકેછે:–

(क) कोमल, (ख) कोमलतर, (ग) कोमलतम;

જેમ કે **कोमल**–आंक, वींटवुं, लूंटवुं; ઇત્યાદિ.

**कोमलतर**–दहिं, अहिं, नहिं, घउं; कुंपळ, कुंवारो, धुंवाळुं; ઇત્યાદિ.

**कोमलतम**-छुं, सारुं, काळुं, पाडुं, आपुंछुं, लखुंछुं; ઇત્યાદિ.

( पाडुं, गाडुं ઇત્યાદિનો અંત્ય અનુસ્વાર कोमलतम છે. પરંતુ એ શબ્દોનાં અનેકવચનરૂપો पाडां, गाडां ઇત્યાદિમાં कोमल છે.)

(૧૧) संयोग એટલે સ્વરરૂપ વ્યવધાન વિના બે કે વધારે વ્યંજનોનો સંઘાત.

(૧૨) संयोगलोप એટલે સંયોગના એક અંગનો લોપ.

(૧૧ મી સંજ્ઞા જૂની છે; ૧૨ મી મ્હેં ઘડીછે.)

(૧૪) विश्लेष એટલે સંયોગનાં અંગોનો પૃથગ્ભાવ અને તે સાથે હેમની વચ્ચે अ નો પ્રક્ષેપ.

ઉદાહરણો:—

| સંસ્કૃત | ગુજરાતી |
|---|---|
| धर्मः | धरम |
| आश्रयः | आशरो |
| श्लेष्मा | शळेखम |

( ટિપ્પણ:—હાને વરરુચિ (૩–૫૯ માં) विप्रकर्ष કહેછે; મ્હેં विश्लेष શબ્દને હેનો અર્થ સ્ફુટતર હોવાને કારણે સ્વીકાર્યોછે. હેમચન્દ્રે હેને માટે કોઈ

ખાસ સૂત્રમાં વિશિષ્ટ સંજ્ઞા વાપરી નથી; પરંતુ સૂત્ર ૮-૨-૭૫ પરની વૃત્તિમાં विप्रकर्ष શબ્દ વાપર્યોછે:-विप्रकर्षे तु कृष्णकृत्स्नशब्दयोः कसणो कसिणो. प्रातिशाख्यમાં આ ક્રમ स्वरभक्ति નામે સુપરિચિત છે.[૫])

(૧૫) सबल संयोग-निर्बल संयोग.

જે સંયોગમાં બંને (કે સર્વે) અંગોનો પરિપૂર્ણ એટલે સબળ ઉચ્ચાર થતો હોય તે सबल संयोग.

[હેને કારણે પૂર્વ હ્રસ્વ સ્વરનું ગુરૂ સ્વર માફક બે માત્રાનું પ્રમાણ થશે (એ વિશે પાણિનિનું સૂત્ર છે કે संयोगे गुरुः ૧-૪-૧૧).]

જે સંયોગનાં અંગોમાંથી એક કે વધારે અંગનો ઉચ્ચાર અપૂર્ણ એટલે निर्बल થતો હોય તે निर्बल संयोग. (હેની પૂર્વે રહેલો હ્રસ્વ સ્વર लघु રહેશે, અર્થાત્ એક માત્રાનો જ રહેશે:-પાણિનિ, ૧-૪-૧૦, ह्रस्वं लघु.)

ઉદાહરણો:-

| | સં. | પ્રા. |
|---|---|---|
| सबल संयोग- | कृष्णः | कण्हो |
| | श्लक्ष्णं | लण्हं |
| | कर्म | कम्म |

(ગુજરાતી તત્સમ શબ્દો), सख्य, सत्य, ઇત્યાદિ.

निर्बल संयोग (પ્રા) अम्हे, अम्हार,[૬] तुम्हे, तुम्हारं; ઇત્યાદિ

(ગુજ.) व्हेन, व्हालुं, प्हेलुं, प्हानी, लव्या, लख्युं, आंख्य, क्यहारे, ज्यहारे, त्यहारे; ઇત્યાદિ.

---

૫ વસ્તુતઃ-જે સંયોગોમાં પ્રથમ અંગ र् કે ल હોય તેમાં જ स्वरभक्तिને અવકાશ છે. ગુજરાતીમાં વિશ્લેષ અન્ય સંયોગોમાં પણ થાયછે, જેમ કે रत्न (સં.), रतन (ગુજ.), यत्न (સં), जतन (ગુજ.); जन्म (સં.), जनम (ગુજ.); ઇત્યાદિ. स्वरभक्ति संज्ञा વ્યંજનોની વિશ્લેષક્રિયા(भक्ति)નો તેમ જ વિશ્લેષના સાધન स्वरનો નિર્દેશ કરેછે. विप्रकर्ष અને विश्लेष શબ્દો માત્ર ક્રિયાનો નિર્દેશ કરેછે. એ જોતાં विप्रकर्ष અને विश्लेष કરતાં स्वरभक्ति યુક્તતર સંજ્ઞા ગણી સકાય. પરંતુ અન્યપક્ષે હેવો દાવો થઈ સકે કે સ્વરઅંશ પુનરુકત છે કારણ કે भक्ति, એટલે બે વ્યંજનોની પૃથક્સ્થિતિ, જાતે જ સ્વરનિક્ષેપની આવશ્યકતા સૂચવેછે, અને સ્વરવિના સંયોગનો વિશ્લેષ બને જ નહિં; સ્વરરૂપ અન્તરાય ન હોય તો છૂટા પડેલા વ્યંજનો, જરાસંધના દેહના બે અર્ધભાગોની માફક, પાછા સંધાઈ જાય. પુરાણકથામાં કહ્યુંછે કે જરાસંધના શરીરના બે ભાગ જેટલીવાર કાપીને છૂટા કરે તેટલીવાર પાછા આપોઆપ સંધાઈ જતા, અને છેવટ વચ્ચે શિવલિંગ મૂક્યું ત્યહારે જ અલગ રહ્યા. વિશ્લેષના વિષયમાં સ્વર શિવલિંગનું કાર્ય કરેછે.

વિશેષ વિવેચન માટે આ વ્યાખ્યાનના અંતમાં આપેલું ટિપ્પણ જુવો.

૬ દિઢિવ अह्मारा कन्तु ( સિ. હે. ૮-૪-૪૩૪, ઉદાહરણ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ અને મિ. બીમ્સે (પુસ્તક ૧ પૃષ્ઠ ૨૮૧ મે અને પછી) ચર્ચેલા પ્રબલ અને મૃદુ संयोगो એક જ નથી. હેમનો મિશ્રસંયોગ કે મૃદુસંયોગ પણ આપણો सबळसंयोग હોઈ સકે:—જેમ કે मिश्रसंयोग–कल्कण, शुष्क, ઇત્યાદિ; मृदुसंयोग–अरण्य, सुवर्ण, सर्व, ઇત્યાદિ. હેમણે વર્ણોના વાગ્વ્યાપારદૃષ્ટિયે જણાતા સંભવાસંભવને અનુસરીને વર્ગવ્યવસ્થા કરીછે, જ્યહારે મ્હેં આપેલી વ્યવસ્થામાં વર્ણોચ્ચારમાં થતા પ્રયત્નની ન્યૂનાધિકતાનું બીજ સ્વીકારવામાં આવ્યુંછે.

અંગભૂત વર્ણોમાંનો એક लघुप्रयत्न અથવા ह હોય તો निर्बळ संयोग બને એ લક્ષમાં આવ્યું હશે.

(૧૬) व्यत्यय એટલે metathesis–વર્ણોનો (વ્યંજનોનો કે સ્વરોનો) શબ્દના એક ભાગમાંથી બીજા ભાગમાં સ્થાનવિનિમય; જેમ કે સં. बिडालः પ્રા. बिडालो ગુજ. बिलाडो.

હેમચન્દ્રે सूत्र ૮–૨–૧૧૬ માં આ સંજ્ઞા વાપરીછે. વરરુચિ હેને स्थितिपरिवृत्तिः કહેછે (૪–૨૮); પરંતુ એ શબ્દ કાંઈક ભારે છે.

(૧૭) संप्रसारण–य्, व्, र, ल्‌ને સ્થાને इ, उ, ऋ, ऌ થાય એ દર્શાવતી આ સંજ્ઞા સુવિદિત છે. (इग्यणः संप्रसारणम् પાણિનિ ૧–૧–૪૫).

અહિંયાં આપણા અન્વેષણમાં य् અને व्‌ના संप्रसारणનું જ કામ પડશે.

(૧૮) प्रतिसंप्रसारण કે घनीभाव–संप्रसारणथी વિરુદ્ધ પ્રકારની ક્રિયાને હું આ નામ આપુંછું; હેમાં इ અને उ વર્ણોનો (અમુક પ્રસંગોમાં) ઘનીભાવ થતો હોય તેમ य અને व બનેછે;

ઉદાહરણ:—

| સં. | પ્રા. | ગુજ. |
|---|---|---|
| कोकिला | कोइला | कोयल |
| नाथकः | नाहुलो | नावलो |
| | नाउलो | |
| वैरं | वइरं–वयरं | |
| देवकुलं | देउलं | देवळ |

ઇત્યાદિ.

घनीभाव શબ્દ વાપરવાનું કારણ એ છે કે, જ્યહારે संप्रसारणમાં અર્ધસ્વરો કેમ જાણે કે વિસ્તાર અને દ્રવીભાવ પામીને સ્વરરૂપ બનેછે ત્યહારે, આ प्रतिसंप्रसारणમાં સ્વરો થીજી જઈને–ઘનીભાવ પામીને–અર્ધસ્વરરૂપ થતા જણાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧૮) प्रक्षेप કે प्रक्षिप्त संज्ञा શબ્દની અંદર કાંઈ પણ દેખીતા નિમિત્ત વિનાં આવી પડતા વર્ણને આપવામાં આવીછે;

ઉદાહરણઃ

| | | | |
|---|---|---|---|
| र्- | कोटि | (क्रोडी) | करोड |
| ह्- { | मंगलपुर | मंगलउर | मंगलहुर (कान्हडदे प्रबंध) |
| | प्राप्तं | पत्तं | प्होत्युं |
| य्- | वदनं | वअणं | वयण |
| व्- | ગુજ. | रीसायां | रीसाव्यां (रसिक संगाथे राधा) |
| | प्रोतं | प्रोयं | परोव्युं ઇત્યાદિ. |

(૧૯) स्वरयुग्म એટલે સ્વરોનો સમુચ્ચય, સંધિથી થતું રૂપાન્તર થયા વિના સાથે રહેલા સ્વરો. (આ પ્રાકૃતોમાં જ જોવામાં આવેછે.) स्वरयुग्म શબ્દના અન્તમાં હોય અથવા મધ્યમાં હોય.

ઉદાહરણોઃ—

| | | | |
|---|---|---|---|
| घृतं | घिअं | ... | અહિંયાં इअ अइ અને अउ स्वरयुग्मो છે. |
| कृत्वा | करिअ | ... | |
| वैरं | वइरं | ... | |
| प्रविशति | पइसइ | ... | |
| कः पुनः | कउण | ... | |
| मुकुल | मउल | ... | |

(૨૦) विच्छेद, अर्धविच्छेद, संकर, અને संसृष्टिः-

(क) विच्छेद (કે वर्णविच्छेद) એટલે સંકરરૂપ ધ્વનિના અંગભૂત ધ્વનિનું છૂટા પડી જવું; જેમકે--(સં.) भगिनी (પ્રા.)वहिणी. અહિંયાં સંકરરૂપ ધ્વનિ भ (મહાપ્રાણમિશ્ર ब्) નાં અંગો ब् અને ह्, જે સંકીર્ણ થતાં भ થયો હતો તે, છેવટની वहिणी અવસ્થામાં સંપૂર્ણ વિચ્છેદ પામ્યાછે.

(ख) अर्धविच्छेद એટલે પૂર્વોક્ત મૂળ ઉચ્ચારોનો અપૂર્ણ વિચ્છેદ, જેમાં બે અંગો संयोग અવસ્થામાં રહેછે, જેમ કેઃ-अभिनवं-अव्हिनवं (સંક્રાન્તિદશામાં)-(છેવટ અવનવું).

અહિંયાં भ्‌ના અંગભૂત ब् અને ह વિચ્છેદ પામેછે, પરંતુ તદ્દન છૂટા પડીને પૃથક્સ્થિતિ પામતા નથી પણ व्ह રૂપે સંયોગની દશામાં જ અટકેછે.

(ટિપ્પણઃ-વિચ્છેદના પ્રસંગમાં પણ પ્રથમદશા તરીકે અર્ધવિચ્છેદ સ્વાભાવિક રીતે થાયછે જ;-भगिनी શબ્દ માર્ગમાં व्हइणी દશા પામ્યા પછી જ बहिणी રૂપે અન્ત્યદશાને પામેછે;[૭] अर्धविच्छेदમાં, એ ઉચ્ચાર માત્ર સંક્રાંતિ-

૭ ह्‌નું આ ઉત્તર શ્રુતિ તરફ પ્રયાણ થાયછે, તે ગુજરાતીમાં સાધારણતઃ પ્રવર્તતા ક્રમથી વિરુદ્ધ વ્યાપાર છે; ગુજરાતીમાં સામાન્યતઃ ह्‌નું વલણ પૂર્વ શ્રુતિ તરફ, કે વખતે પ્રથમ શ્રુતિ તરફ પણ, પ્રયાણ કરવાનું છે; જેમ કે वहिलउं-व्हेलुं ઇત્યાદિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દશામાં જ નજરે પડેછે તથાપિ, એથી આગળ જઈ છેવટનો વિચ્છેદ થતો નથી.

આ પ્રમાણે વિચ્છેદ અને અર્ધવિચ્છેદ એ બે ક્રિયાઓ અનેકવાર અન્ત્ય અને ઉપાન્ત્ય હોવા બે ક્રમ બહુવાર દર્શાવેછે.)

(ग) संकर કે वर्णसंकर એટલે, જેથી બે ઉચ્ચારો સંયુક્ત થઈને એક-રૂપ બનતાં એક-નવો જ મિશ્ર ઉચ્ચાર નીપજેછે, તે ક્રિયા. આ પ્રમાણે નીપજતો મિશ્ર ઉચ્ચાર પણ સંકર કહેવાયછે. ઉદાહરણઃ- गभीरं (સં.) गहीरं (પ્રા.) घेरुं (ગુજ.)

(હાવી રીતે જ્યહારે, જેમ उष्णं–उण्हं–हूनुं (ह्+उ) માં છે તેમ, વ્યંજન અને સ્વર સાથે આવે ત્યહારે યથાર્થ કહિયે તો હમેશાં સંકર જ બને, સંસૃષ્ટિ કદાપિ ન બને; સ્વરનું સ્વાભાવિક સ્વરૂપ જ હેવું છે કે સંસૃષ્ટિનો સંભવ જ ન રહે).

(घ) संसृष्टि કે वर्णसंसृष्टि એટલે જે ક્રિયાથી બે મૂળ ઉચ્ચારો સાથે આવે પરંતુ, એકરૂપ થઈને સંકર ન બનતાં, સંયોગદશામાં જ અટકે તે ક્રિયા. ઉદાહરણઃ-

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
|---|---|---|
| श्लक्ष्णं | लण्हं | न्हानुं |
| पार्ष्णिः | पण्ही | प्हानी |
| भगिनी | बहिणी | व्हेन |
| कृष्णः | कण्हु | क्हान |

(ટિપ્પણઃ–અહિંયાં न्हानुंમાં न् અને ह् સંહત થઈને સંકર બનવાનો સંભવ જ નથી, કારણ કે આ બે વર્ણોનો બનેલો મિશ્ર ઉચ્ચાર કોઈ છે જ નહિ. માત્ર જ્યહારે ग् અને ह्, प् અને ह्, क् અને ह्, અને હેવા, વર્ગીય મહાપ્રાણ વ્યંજનના અંગભૂત, વર્ણો સાથે આવે ત્યહારે જ સંકર થશે કે સંસૃષ્ટિ થશે એ પ્રશ્ન ઊઠેછે.)

[વખતે વખતે અપવાદરૂપ લાગતા પ્રસંગો દષ્ટિયે પડેછે; જેમ કે अभिज्ञान–अहिण्णाण–अहिणाण–अइहूनाण–अंघाण અહિંયાં ह्+न्, हून રૂપ પામીને વિરમવાને બદલે, અનુનાસિક ઘનું રૂપ પામેછે. આ પ્રશ્નના વિશેષ વિવેચન માટે આગળ વ્યાખ્યાન ૪ થાના ખંડ ૨ જા માં ह ના સ્થાનચલન વિશેનો उत्सर्ग જુવો.]

બીજું એ લક્ષમાં આવશે કે વિચ્છેદ એ સંકરથી ઉલટી ક્રિયા છે, પરંતુ અર્ધવિચ્છેદ એ સંસૃષ્ટિથી ઉલટો ક્રમ નથી, પણ બંને ક્રમ સમાનવાહી છે અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બંનેનાં પરિણામો સમાનરૂપ હોયછે; જેમ કે व्हेलुं, व्हॅलं હેમાંની संसृष्टिमां, वहिल्लं (દેશ્ય) અને वहिनी (પ્રાકૃત) શબ્દોમાં અલગ રહેલા व् અને ह्, અને व् અને ह्, સંયુક્ત થઈ ને संसृष्टि દશામાં વિરમ્યા; જ્યહારે अभिनवमां अभिनवनो संकीर्ण म વિચ્છિન્ન થયો અને व्ह રૂપે વિરમ્યો. આ પ્રમાણે संकीर्ण ઉચ્ચારનો विच्छेद થઈને બનતો સંયોગ જ્યહાં વિરમે તે અધવચનો ક્રમ એ अर्धविच्छेद.)[૮]

(૨૧) अनुपूर्ति–જે उत्सर्गनुं મૂળ, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, પ્રાકૃત વ્યાકરણમાં જ હોય અને જેની વિશેષ પ્રવૃત્તિ ગુજરાતી શબ્દરચના સુધી પ્હોચતી હોય, એ उत्सर्गને મ્હેં अनुपूर्ति નામ આપ્યુંછે.

ઉદાહરણઃ—

(क) प्रत्यक्षमूळः–त्तनो ट થાયછે હેનું મૂળ સિ. હે. ૮–૨–૨૯, ૩૦ માં રહેલું છે. તફાવત આટલો છે કે પ્રાકૃતમાં त्त કે र्त સંયોગોનો (એટલે, र्तनो પ્રથમ त्त થશે તેથી વસ્તુતઃ त्तनो) ट થાયછે, જ્યહારે ગુજરાતીમાં હેની અધિકતર પ્રવૃત્તિ થતાં એ उत्सर्ग સાદા तને પણ લાગુ પડેછે.

જેમકે मृत्तिका–मट्टिआ, वर्तिः–वट्टी; પરંતુ ગુજરાતીમાં–तिलकं–टीलुं. સિં. હૈં. ૮–૨–૨૯, ૩૦ માં વર્ણવેલા શબ્દો ઉપરાંતના અન્ય સંયોગો સુધી પ્રવૃત્તિવિષય વિસ્તારવામાં આવે ત્યહારે પણ अनुपूर्ति થાય.

જેમ કે झटिति–झत्ति–झट.

(ख) પરોક્ષમૂળઃ– સિ. હે.૮–૧–૬૬ માં अलावु અને अरण्य એ બે શબ્દોના આદ્ય સ્વરનો વિકલ્પે લોપ દર્શાવ્યોછેઃ જેમ કે પ્રા. लाउं કે अलाउं (लाऊ કે अलाऊ) અને रण्ण કે अरण्ण.

પ્રાકૃતમાંથી ગુજરાતીમાં આવતા શબ્દોને લાગુ પડતા अस्वरितप्रथमश्रुतिलोप વિશેના उत्सर्गનું અન્તિમ મૂળ આ જ છે.

હેમચન્દ્રે ટીકામાં કહ્યુંછે કે હાવો લોપ હ્રસ્વ अ નો જ થાયછે એટલે आरण्यनुं आरण्ण જ થશે अरण्ण પણ નહિ; હેમાં, સ્વર અસ્વરિત હોય ત્યહારે જ હેનો લોપ થાય એ નિયમનું મૂળ રહેલું છે.

---

૮ વૈદિક સંસ્કૃતમાંથી મધ્યકાલીન સંસ્કૃતમાં અથવા સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં જતા શબ્દોમાં વર્ગીય મહાપ્રાણ વર્ણનો સાદો ह થતો જોવામાં આવેછે હેમાં પણ વસ્તુતઃ પ્રથમ विच्छेद થયા પછી જ અલ્પપ્રાણ અંગનો લોપ થાયછે; જેમ કે વૈદિક गृभ्, મધ્યકાલીન સં. गृह्; સં. वधू, પ્રા. वहू ઇત્યાદિ.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ અનુપૂર્તિ ને સૂક્ષ્માનુપૂર્તિ કહીશું, અને પ્હેલીને શુદ્ધાનુપૂર્તિ કહીશું, તો ચાલશે.

(૨૨) સંક્રમણોત્સર્ગ કે દેહલી એટલે જે છેવટનું પરિપૂર્ણ રૂપ ન દર્શાવતાં માત્ર વચમાંની સંક્રમણાત્મક દશા સૂચવે તે उत्सर्ग.

ઉદાહરણઃ-अभिनव-अव्हिनव-अवनवुं હેમાં મનો વ્હ થવા વિશેનો उत्सर्ग. પાછળના એક વ્યાખ્યાનમાં[૯] કહ્યુંછે તેમ, अव्हिनव (તેમજ अव्हनव) રૂપ કોઈ પણ સમયે ભાષામાં સાક્ષાત્ વપરાતું જણાયું નથી અને એથી એ રૂપની ઉપયોગિતા શબ્દને છેવટના રૂપ अवनवुं સુધી પ્હોંચાડવા પૂરતી જ છે.

(ટિપ્પણઃ-संक्रमणोत्सर्ग અને अवान्तरक्रम વચ્ચે તફાવત એ છે કે संक्रमणोत्सर्गમાં વચમાંના રૂપને અનુસરતું છેવટનું દૃઢ થયેલું રૂપ કોઈ પણ પ્રસંગે હોતું જ નથી; જ્યહારે अवान्तरक्रमનો છેવટનાં રૂપોવાળા કોઈ उत्सर्गમાં સમાવેશ થાય છે, પણ માત્ર અમુક પ્રસંગોએ અન્તિમ દૃઢીભૂત રૂપ સિદ્ધ થતું નથી. જેમ કે

अभिनवकं-अव्हिनवउं-अव्हनवउं-अवनवुं.

૧ ૨ ૩ ૪

અહિંયાં ૨ માં इ છે ત્હેનો ૩ માં अ થાયછે, એ રૂપ માત્ર अवान्तर क्रम દર્શાવેછે;—એ રૂપનો ભાષામાં સાક્ષાત્ પ્રયોગ ઉપલબ્ધ નથી, પરંતુ તેમ છતાં એ इનો अ થવા વિશેના સાધારણ નિયમનું સૂચન કરતો એક उत्सर्ग છે જેના વિષયમાં અનેક છેવટનાં, દૃઢ થયેલાં, રૂપોનો સમાવેશ થાયછે (तिल-तल, ઇત્યાદિ.)

હવે આપણે જેની ઘણો વખત થયાં રાહ જોઈયેછિયે તે વાગ્વ્યાપારગત વિશિષ્ટ નિયમો કે उत्सर्गो લઈશું. એ उत्सर्गोના

ઉત્સર્ગોનું ત્રિધા વર્ગીકરણ. હું ત્રણ વર્ગો પાડુંછું:—

क જેઓ માત્ર ગુજરાતીમાંજ પ્રવર્તેછે, અને ભરતખંડની અન્ય ભાષાઓમાં નથી જ પ્રવર્તતા, હેવા उत्सर्गो.

ख જેઓ બહુશઃ ગુજરાતીમાં જ પ્રવર્તતા હોય, અને બીજી ભાષાઓમાં હોય પણ કંઈક ભિન્ન પ્રકારે પ્રવર્તતા હોય, તે उत्सर्गो.

અને ग ગુજરાતીમાં તેમ જ અન્ય ભાષાઓમાં કાંઈ તાત્ત્વિક ભેદ વિના પ્રવર્તતા હોય ત્હેવા उत्सर्गो.

આ વર્ગો હું એક પછી એક અનુક્રમે લઈશ.

૯ વ્યાખ્યાન ૩, પૃ. ૧૦૭.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ ઉત્સર્ગોના વર્ણન અને વિવેચનના પ્રારંભમાં પ્રસ્તાવના રૂપે હું

અધિકારસૂત્રો — બે સામાન્ય નિયમો આપવા ઇચ્છુંછું, જે નિયમોને આ સમગ્ર ચર્ચા દરમ્યાન અધિકારસૂત્રો તરીકે સ્વીકારવા ઘટેછે;

૧ પ્રાકૃત અને દેશ્યમાંથી, કે કવચિત્ પરભાર્યા સંસ્કૃતમાંથી, ગુજરાતીમાં આવતા શબ્દોમાં એ સંક્રમણ દરમ્યાન થતા વાગ્વ્યાપાર-વિષયક વિકારો એ જ આ ઉત્સર્ગોનો વિષય છે.

૨ बहुलम्; એ ઉત્સર્ગોની પ્રવૃત્તિ અવશ્યમેવ અને અવિચલિતરૂપે સર્વદેશીય હોવી જ જોઇયે એમ નથી, હેમાં અપવાદો પણ હોય અને વિલક્ષણ અસાધારણ સ્વરૂપો પણ હોય; ટુંકામાં, बहुलम् શબ્દના તાત્પર્યનું યથાર્થ વર્ણન અપાયુંછે તે પ્રમાણેઃ-

क्वचित्प्रवृत्तिः क्वचिदप्रवृत्तिः
क्वचिद् विभाषा क्वचिदन्यदेव ।

અર્થાત્, એ નિયમો ક્યહાંક પ્રવર્તેછે, ક્યહાંક (પ્રવૃત્તિ સ્પષ્ટરીતે થવી જોઇયે ત્યહાં) નથી પ્રવર્તતા, ક્યહાંક વિકલ્પે પ્રવર્તેછે, અને ક્યહાંક તો હેતું નવું જ રૂપાન્તર નીવડેછે.

આ બે અધિકારસૂત્રને લક્ષમાં રાખીને આપણે ઉત્સર્ગોને વર્ગશઃ લઈશું:-

## वर्ग क

### खास गुजरातीमां ज प्रवर्तता उत्सर्गो

**१ विवृत ॲ અને आ-**

હાને માટે બે પૂર્વક્રમના ઉત્સર્ગો આપવા જોઇશે.

૧ અસ્વરિત મધ્યવર્તી इ નું અને અસ્વરિત મધ્યવર્તી उ નું प्रति-

પ્રતિસંપ્રસારણ — संप्रसारण થાયછે; અર્થાત્ હેમના અનુક્રમે य અને व બનેછે;-શરત એ કે इ કે उ ની પૂર્વે સ્વર હોવો જોઇયે અને પછી વ્યંજન હોવો જોઇયે.

ઉદાહરણો:-

| સં. | પ્રા. | ગુજ. (અર્વાચીન ને પ્રાચીન) કે અંતિમ અપભ્રંશ (જૂની પાશ્ચાત્ય રાજસ્થાની) |
|---|---|---|
| कोकिला | कोइला | कॉयल |
| | कोइलो (દેશ્ય) | कॉयलो (કોયલો) |
| | पइन्न (,,)+डउ પ્રત્યય | पयडु |

| | | |
|---|---|---|
| वैरं | वइरु | वयर[१०] |
| वैरागी | वइरागी | वयरागी[११] |
| उपविष्टकः | उवइट्ठउ-बइठउ | बयठउ |

(श्रवणी सुणइ बयठउ ए तीरथ जात्राफलु लेइ ।

संघपति समरसिंहरास वि. सं. १४७१-

રા. રા. ચમનલાલ ડાહ્યાભાઈ દલાલનો પાટણના હસ્તલેખો વિશેનો લેખ, પૃ. ૩૪ મું જુવો)

(તેમ જ वैताल पञ्चविंशी (ગદ્ય, વિ. સં. ૧૬૨૯) પૃ. ૮૮. बयठु, સદર પૃષ્ઠ ૧૦૦; बयेठउ, સદર પૃ. ૧૦૪; पयठा, સદર પૃ. ૧૩૬; पयठउ, गौतमरास છન્દ ૯ મો.)

[વિશેષ ઉદાહરણો માટે આગળ उत्सर्ग ३ ની ચર્ચામાં વિભાગ (क)-(૧) જુવો; જૂજ પ્રસંગો (ग) અને (घ) માં પણ છે.]

[અર્વાચીન ગુજરાતીમાં આ નિયમ સઘળાં વ્યાકરણસિદ્ધ રૂપોમાં પ્રવર્તેછે: જેમ કે:—

बाई+लो (પ્રત્યય અહિંયાં તિરસ્કારાર્થે) =बायलो
भाई+डो (स्वार्थे પ્રત્યય) =भायडो
बाई+डी (स्वार्थे પ્રત્યય) =बायडी ].

उ નો व

| સં. | પ્રા. કે અપ. | અવાન્તર | ગુજ. |
|---|---|---|---|
| अधुना | अहुणा | हउणा | हवणां |
| गौरी | गउरी | | गवरी |

(વિશેષ નામોમાં, જેમકે
अंबागवरी
तारागवरी
ઇત્યાદિ ).

---

૧૦ (૧) પંચાખ્યાન (ઇન્ડિયન ઍન્ટિકવરી, એપ્રિલ ૧૯૧૪ માં ડૉ. ટેસિટોરીનો લેખ, પૃ. ૫૭ જુવો);

(૨) कामिणि वयर तणी करणारि विमल પ્રબન્ધ (વિ. સં. ૧૫૬૮) ખંડ ૫-૨૫;

वयर શબ્દ गौतमरासમાં (વિ. સં. ૧૪૧૨) ૧૭ મી કડીમાં, અને कान्हडदे प्रबन्ध ૩-૨૨૩માં મળેછે; त्रियरी (=वयरी) શબ્દ ભુવનદીપના (વિ. સં. ૧૫૫૭ માં થયેલા) ભાષાન્તરમાં આવેછે. (ગુજરાત શાળાપત્ર, માર્ચ ૧૯૧૦, પૃ. ૧૧૫).

૧૧ (૧) ફ્લોરેન્ટાઇન હસ્તલેખો, ૬૧૬, ૧૨૬, ડૉ. ટેસિટોરીનો લેખ, ઇન્ડિયન ઍન્ટિકવરી, એપ્રિલ ૧૯૧૪, પૃ. ૫૮.

(૨) गौतमरास કડી ૩૫ મી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[ सि. हे. ८-१-१६२ માં पौरादिगणમાં औ નો अउ થતો દર્શાવ્યોછે; गौरीનો એ गणમાં સમાવેશ નથી, અને એ ગણને आकृतिगण પણ નથી કહ્યો. એથી આપણે गौरी-गउरीને ત્યહાર પછી થયેલા વિકાસનું ઉદાહરણ ગણવું પડશે. ]

| સં. | પ્રા. કે અપ. | અવાન્તર | ગુજ. |
|---|---|---|---|
| नाथकक: | नाहुल्लउ | नाहुलउ<br>नाउलउ | नावलो |
| | बाउल्ली (દેશ્ય) | बाउली | बावली<br>(પૂતળી) |
| देवकुलं | देउलं | | देवळ |
| नूपुरं | नेउर | | नेवर<br>(ઘોડાની ખરીની ઉપરના ખાંચા આગળનો ઢેકા જેવો ભાગ; घोडाना नेवर वागेछे.) |
| आयुष्यकं | आऊखउं<br>आउखउं | | आवखुं |
| मातरः | माउरउ<br>(ઘણે ભાગે અપભ્રંશ) (सि. हे. ८-३-४६માં माअराउ પ્રાકૃત તરીકે આપ્યોછે.) | | मावरो |
| व्याकुलकः | वाउलउ | | बावरो |
| मातृका | माउडी | | मावडी |
| पादुका | पाउडी | | पावडी[१२] |
| | देसाउर | | देशावर |

[ ટિપ્પણ-देसाउर શબ્દ कान्हडदे प्रबन्ध, ४, १२માં તેમ જ विमलप्रबन्ध १, ६९માં મળેછે, તેમ જ वेतालपच्चविशी (કાવ્ય) પૃ. ૩, કડી ૨૪, અને પૃ. ૬૨, કડી ૬૪૬ માં આવેછે. आऊखुं શબ્દ दशवैकालिक सूत्रनी अवचूरीमां ૮, ૩૪ માં આવેછે. गवरी શબ્દ सुदयवत्सवीरचरितमां મળેછે; તેમ જ જસવન્ત સોનિગરો વિશેના (વિ. સં. ૧૬૭૦ ના સમયના) કાવ્યમાં, J. A. S. Beng. N. S. XII, ૪. સ. ૧૯૧૬, એ અંકમાં Bardic Survey પરના પોતાના લેખમાં ડૉ. ટેસિટોરીએ લીધેલા ઉતારામાં, મળેછે; અને गिवरी શબ્દ (વિ. સં. ૧૬૦૫માં રચાયેલા) कर्पूरमंजरी चौपाई નામના

૧૨ પ્રતિસંપ્રસારણ વ્યાપારનું પ્રાસંગિક સમર્થન મરાઠીમાં चौथाને બદલે વિકલ્પે વપરાતા चवथा રૂપથી થાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાવ્યમાં, તેમજ જનાર્દને (વિ. સં. ૧૫૪૮માં) રચેલા उषाहरण કડવા ૧૭માની પંક્તિ ૧ માં આવેછે.]

[ પ્રાચીન ગુજરાતીમાં તો इનો, પૂર્વે વ્યંજન હોય તોપણ, य થાય છે, જેમ કે

कृष्णरूपे गोकुळि अवतरियो
गोवर्धन पर्वत करि धरियो
वरियु गोपी गोव्यंदो

(પદ્મનાભ, વિ. સ. ૧૭૧૫, હસ્તલેખ—ગુજરાત શાળાપત્રના ૧૨ મા પુસ્તકના મે માસના અંકમાં). મિલીનું મ્યલી રૂપાન્તર થાયછે (ભાલણકૃત कादम्बरी, पूर्वभाग, પૃષ્ઠ ૮૧ પંક્તિ ૧૬; પૃ. ૮૩ પં. ૧૩; પૃ. ૧૦૨, પં. ૨૦) એ વાત પણ પૂર્વે વ્યંજન હોય તે છતાં इનો य થાયછે તે વિકારનું ઉદાહરણ છે.]

(प्रतिसंप्रसारणનો ઉત્પત્તિક્રમ હાવો હશે; જ્હારે इ—उ ગૌણ સ્થિતિમાં હોયછે ત્હારે તેઓ આત્મસંરક્ષણ માટે કાંઈક અવલમ્બન ખોળેછે, અને अ બ્હારથી આવીને એ આધાર આપેછે, જેથી સામાન્ય સંધિનિયમ પ્રમાણે इ+अ=य બનેછે અને उ+अ=व બનેછે. અહિંયાં પાણિનિનો इको यणचि એ નિયમ પ્રવર્તેછે; આ નિયમ, વ્યવહાર દૃષ્ટિયે, इग्यणः संप्रसारणम् એ નિયમથી વિપરીત ક્રમ સૂચવેછે. यण्‌નો इक् થાય એ વિકાર संप्रसारण કહેવાયછે તેથી इक्‌નો यण् થાય એ ફેરફારને प्रतिसंप्रसारण કહેવો ઉચિત ગણાય.)

અસ્વરિત મધ્યવર્તી एનો य થાયછે અને અસ્વરિત મધ્યવર્તી ओનો व થાયછે, શરત એટલી કે ए અથવા ओની પૂર્વે સ્વર અને પછી વ્યંજન હોવો જોઇયે. ઉદાહરણોઃ—

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
|---|---|---|
| गृहीतकः | [13]घएलउ—घयलउ | घलो |

[ ટિપ્પણઃ-(क) અહિંયાં घयलउ રૂપ અવાન્તરક્રમ સૂચવેછે, અને અન્ય ઉદાહરણો ન મળે તો, આ संक्रमणोत्सर्ग થાય.

(ख) આ સ્થિતિ પ્રાકૃતમાંથી ગુજરાતીમાં જતા શબ્દોમાં જ ઊભી થશે; કારણ કે ગુજરાતીમાં પોતામાં તો વ્યારણસિદ્ધ રૂપાન્તરોમાં આ उत्सर्ग પ્રર્તવમાન છે; જેમ કે गएलो-गयलो (સુરતી ગુજરાતી). માટે, ઉદાહરણો જૂજ હોવાને કારણે આ उत्सर्ग દૂષિત નહિ થાય.]

| | | |
|---|---|---|
| पादः | पाओ (+ પ્રત્યય ल) | पावलु |
| „ | „ (+ પ્રત્યય ड) | पावडुं |

१३ नेहगहेली अ मानिनि; वसन्तविलास, कडी ८२. (વિ. સં. ૧૫૦૮).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[ટિપ્પણ:—અન્ત્ય ओ, અસ્વરિત હોય તો, કેટ્હાંક કેટ્હાંક व બનેછે; જેમ કે

| | | |
|---|---|---|
| पादः | पाओ | पाव |
| घातः | घाओ | घाव |

પરંતુ આ પરિણામનું કારણ, ओ નો उ થયો અને પછી व થયો એમ, અથવા તો उકારાન્ત અપભ્રંશ રૂપો (पाउ, घाउ) લઈને હેના उ નો प्रतिसंप्रसारण વિધિથી व થયેલો સ્વીકારીને, બતાવવું શકય છે.]

(૨) द्रुततर अ નો લોપ થાયછે.

ઉદાહરણો:–

| દ્રુતતર अ નો લોપ | સં. | પ્રા. કે અપ. | ગુજ. |
|---|---|---|---|
| | अहम् | अहं–हउं | હું |
| | कटकं | कडउं | કડું |
| | अद्यापि | अज्जवि–अज्जइ | હજી |
| | पश्चात् | पच्छइ–पछइ | પછી |
| | | कडइओ (देश्य) | કડિયો |

[ડૉ० ટેસિટોરીએ (પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાનીના વ્યાકરણપરના ટિપ્પણો § ૮૩ માં) हउं ની વ્યુત્પત્તિ (સં.) अहकम्માંથી આપીછે. હું માનુંછું કે हउं શબ્દ अहंમાંથી, વ્યત્યયથી, અને સામાન્ય રીતે અપભ્રંશમાં થાયછે તેમ अ નો उ થવાથી, નીકળ્યોછે. આ મત સ્વીકારવાથી નિરુપયોગી અને કઢંગા क પ્રત્યયને દાખલ કરવાની જરૂર નથી રહેતી. પરંતુ વરરુચિના प्राकृतप्रकाश ૧૧, ૯ માં अहम्નું માગધીરૂપ अहके આપ્યુંછે.]

હવે विवृत ॲ અને ऑ વિશેનો उत्सर्ग સ્થાપી સકાશે;–

**વ્યાખ્યા:—** उत्सर्ग १

ॲ અને ऑ ના विवृत (=પ્હોળો) उच्चार; विवृत અને अर्धविवृत

(क) ઉપર આપેલા उत्सर्ग (૧) અને (૨)ના વ્યાપારથી મધ્યવર્તી अइ અને अउને સ્થાને તેમજ મધ્યર્તી अय અને अवને સ્થાને સંક્રમણ દરમ્યાન अय् અને अव् આવેછે, અને ત્યહાર પછી, છેવટ, અનુક્રમે વિવૃત ॲ અને ऑ થાયછે.

(મધ્યવર્તી શબ્દનો પ્રયોગ કરવાનો ખાસ હેતુ અન્ત્ય अइ अउને બાતલ કરવાનો છે; તેથી હેમાં આદ્ય अइ–अउનો સમાવેશ થાયછે એમ માનવું; જેમ કે अभिज्ञान–अहिण्णाण–अहॅंधाण–ऍंधाण; अपगलितकं–अवगलिउं–अवगलिउं ऑगळ્યું. કદાચ અનન્ત્ય શબ્દ વધારે યોગ્ય ગણાશે.)

(ख) અન્ત્ય अइ અને अउના અનુક્રમે अर्धविवृत ए અને ओ થાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[આ उत्सर्गनो (क) અંશ સ્થૂલરૂપે નીચે પ્રમાણે આપી શકાય:-
પ્રાકૃત શબ્દોમાંના મધ્યવર્તી अइ અને अयनो विवृत अँ બનેછે અને તેજ પ્રમાણે મધ્યવર્તી अउ અને अवनो विवृत ऑ બનેછે.]

ઉદાહરણો:—

विवृत अँ

| સં. | પ્રાકૃત કે અપ૦ | | ગુજ૦ |
|---|---|---|---|
| वैरं | वइरु | | वॅर |
| प्रविष्टकः | पइट्ठउ | | पॅठो |
| उपविष्टकः | उवइट्ठउ बइठउ | | बॅठो |
| प्रविशति | पविसइ पइसइ | | पॅसे |
| उपविशति | उपविसइ उवइसइ बइसइ | | बॅसे |
| बधिरकः | बहिरउ | व्हइरउ | व्हॅरो |
| शिथिलकं | सिढिलउं | सहिलउं | स्हॅलुं |
| | मइलउं (देश्य) | | मॅलुं |
| | ( सं. मलिनकं के अप. मइलउं ) | | |
| | छइल्लु (देश्य) | | छॅल |
| | वहिल्लउं ( ,, ) | व्हइल्लउं | व्हॅलुं |
| | | व्हइलउं | |
| | वइंगणु ( ,, ) | | वॅंगण |
| नयनं | नयणुं | | नॅण |
| वचनं | वयणुं | | वॅण |
| रजनी | रयणी | | रॅण |
| ग्रहणं | गहणु घयणु | | घॅन (=કેફ, નિશો) |
| | ( देश्य ) | | |
| | अयाली अयली | | हॅली (=ચાલુ વૃષ્ટિ) |

अर्धविवृत एः—

| પ્રા. કે અપ. કે દેશ્ય | ગુજ. |
|---|---|
| करइ | करे |
| बोल्लइ | बोले |
| ઉત્તરકાલીન અપ. छइ (अच्छइ–अछइ નું ઉત્તર સ્વરૂપ) | छे |
| घरनइ (नइ ચતુર્થી પ્રત્યય) | घरने |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

विवृत ऑ–

| | | |
|---|---|---|
| मुकुलं | मउलु | मॉर (આંબાનો) |
| पृथुलकं | पहुलउं–प्हउलउं | प्हॉळुं |
| मुकुटं के मकुटं | मउडु | मॉड (લગ્નપ્રસંગે કન્યા, કે કન્યાની અથવા વરની મા, પ્હેરેછે તે.) |
| गौरी | गउरी | गॉर्य (આષાઢ માસમાં કુમારિકાઓ જેને પૂજેછે તે દેવી.) |
| चतुरस्रं | चउरस्सं | चॉरस |
| चतुष्कं | चउक्कु | चॉक |
| गवाक्षः | गवक्खु | गॉख |
| कपित्थं | कविट्ठु कवट्ठु | कॉठ |
| कपर्दिका | कवड्डिआ | कॉडी |
| समर्पयति | समप्पेइ समप्पइ | |
| | समपइ सँवपइ | सॉंपे |
| कः पुनः | कउण कवण | कॉण |
| कवलककः | कवलअउ | कॉळियो |
| नवमी | नवमी | नॉम्य (માસના પક્ષની નવમી તિથિ.) |
| अन्यपक्षकं | अन्नवक्खउं | अनॉखुं [१४] |
| | अनवखउं | नॉखुं |

૧૪ अनॉखुं કરતાં नॉखुं વધારે પ્રચલિત છે. ત્રિભુવન પ્રેમશંકર રચિત કલાપીનો વિરહ નામના કાવ્યની પ્રસ્તાવનામાં પૃ. ૧૩મે પંક્તિ ૭મીમાં રા. રા. ન્હાનાલાલ દલપતરામ કવિયે अनॉखुं શબ્દ વાપરેલો મ્હેં જોયોછે. રા. રા. મણિશંકર ર. ભટ્ટ અને અન્ય ગૃહસ્થ કૃત દુઃખી સંસાર નામક નાટકમાં ૧૫૫મે પૃષ્ઠે છેલ્લીની પ્હેલાની લીટીમાં એ જ શબ્દ છે. (મ્હેં પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં તા૦ ૧ લી જૂન ૧૯૧૭ ને દિવસે લખેલા પત્રમાં રા. રા. મણિશંકર ભટ્ટ એ શબ્દ વિશે પોતાને માહિતી ન હોવાનું અને પોતાની જવાબદારી ન હોવાનું જણાવેછે અને લખેછે કે પ્રસ્તુત અંશ હેમના સહાયક વડનગરના તરગાળા રા. ડાહ્યાલાલે લખ્યોછે. રા. રા. ન્હાનાલાલ કવિને મ્હેં આ શબ્દ વિશે ફરીફરીને પૂછ્યુંછે પરંતુ હેમણે ઉત્તર દેવાની કૃપા નથી કરી. પરંતુ ગુજરાતમાં ક્ય્હાંક ક્ય્હાંક अनॉखुं શબ્દ વપરાયછે એ નિઃસંદેહ છે.) એ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે આપણે આ ઉત્સર્ગનું અન્ય પ્રકારે પૃથક્કરણ કરી જોઇયે. મ્હેં કહ્યુંછે કે આ ઉત્સર્ગ ગુજરાતી અને મારવાડી ઉચ્ચારશાસ્ત્રનું ખાસ લક્ષણ છે. મરાઠીમાં, હિન્દીમાં, કે અન્ય સગોત્ર ભાષામાં હેની પ્રવૃત્તિ નથી. ત્હારે હવે આપણે ગુજરાતી મરાઠી અને હિન્દીમાં થતા ઉચ્ચારો સરખાવિયેઃ—

આ ઉત્સર્ગની તુલનામય પૃથક્ક્રિયા

| ગુજ. | મ. | હિં. |
|---|---|---|
| बॅसवुं | वैसणें | बैठना |
| बॅल | बैल | बैल |
| खॅर | खैर (સં. खदिरમાંથી) | खैर |
| मॅलुं | मैलें | मैला |
| चॉथुं | चौथें | चौथा |
| चॉक | चौक | चौक |
| कॉडी | कौडी | कौडी |
| चॉरस. | चौरस | चौरस |

[મરાઠી चौथा શબ્દનું વૈકલ્પિક રૂપ चवथा થાયછે એટલે હેમાં અપવાદ છે.]

---

શબ્દના આ રૂપમાં અન્યરૂપ नांखुं અને હેના મૂળ શબ્દ (अन्यपक्षकं) વચ્ચેની એક ઉપયોગી કડી પૂરી પડેછે.

હેમચન્દ્ર (સિ. હે. ૮-૪-૪૨૨ માં) नवखने नवना એક આદેશ તરીકે આપેછે. આ नवख (नवखउं) નો नांखुं ના મૂળ તરીકે પુરસ્કાર કરવામાં આવે એ શક્ય છે અને તે આપાતતઃ ઉપપન્ન લાગે. પરંતુ अन्यपक्षकं ને नांखुंના મૂળ તરીકે સ્વીકારવાના પક્ષમાં કેટલાંક પ્રબળ કારણો છે; તે નીચે પ્રમાણેઃ—

(क) સિ. હે. ની હસ્તલિખિત પ્રતોમાંની એકમાં नवख ને સ્થાને नवक्ख પાઠ આપ્યોછે. (कुमारपालचरित ના શં. પાં. પંડિત પ્રકાશિત ગ્રન્થમાં પરિશિષ્ટ પૃ. ૧૯૮ ટિપ્પણ ૧૮ જુવો.)

(ख) अनांखुं શબ્દનો ગુજરાતના કેટલાક ભાગમાં, ભલે જૂજ, પ્રયોગ થાયછે ખરો.

(ग) अनांखुं શબ્દનો હિન્દી સાહિત્યમાં છૂટથી પ્રયોગ થતો જોવામાં આવેછે.

(घ) હેમચન્દ્રે नव શબ્દને ख કે क्ख વળગાડી દીધોછે તે માટે ખુલાસો કાંઇ પણ જડતો નથી અને એ સ્વૈચ્છિક કૃતિને લીધે સત્યસ્થિતિ ગૂઢ રહેછે; જ્હારે अन्यपक्षकं માં क्ख અને ख માટે સારો ખુલાસો મળેછે.

આ પ્રમાણે આટલું સ્પષ્ટ છે કે नवक्ख શબ્દ વસ્તુતઃ હેમચન્દ્રના સમયની પૂર્વે જ સિદ્ધ થયેલું अन्यपक्षकं નું જ રૂપાન્તર હોઈ હેણે, અન્તિમ અર્થસામ્યને અને બાહ્ય રૂપસામ્યને આધારે, ખરાં વાગ્વ્યાપારસિદ્ધ રૂપાન્તરોની અને વિશેષતઃ अन्नवक्खउं न

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપરના શબ્દોના લૌકિક પ્રયોગમાં થતા ઉચ્ચારોને લક્ષપૂર્વક તપાસિયે અને સરખાવિયે તો ત્રણમાંની દરેક ભાષામાં સુલક્ષિત વિલક્ષણતા જણાશે. દરેક ઉચ્ચાર अइ અને अउ એ સ્વરયુગ્મમાંથી (કે अय અને अवમાંથી) ઉત્પન્ન થયોછે; પરંતુ ગુજરાતી ઉચ્ચાર સ્પષ્ટ રીતે પ્હોળો છે ("hat" "awl"માં છે હેવો), અને હેમાં अ અને इ નો તથા अ અને उનો સંપૂર્ણ સંવિલય થાયછે; મરાઠી ઉચ્ચાર इ અને उ તરફ વધારે ઢળેછે અને એથી નીપજતું સ્વરયુગ્મ સાંકડું થાયછે; જ્યહારે હિન્દી ઉચ્ચાર (अइ–अउ એ) સ્વરયુગ્મોમાંના अ તરફ વધારે ઢળેછે અને એથી તે ઉચ્ચાર કેટલેક અંશે ગુજરાતી વિવૃત ઉચ્ચારને મળતો આવેછે પરંતુ એટલેથી જ અટકી જાયછે, સર્વથા ગુજરાતી વિવૃત સંવિલીન ઉચ્ચારના જેવો નથી બની જતો. તેમ વળી હિન્દી ઉચ્ચાર તદ્દન જ સંસ્કૃત સંધિસ્વરના ઉચ્ચાર જેવો નથી, પણ ઘણે મ્હોટે અંશે अय्–अव् ને મળતો આવેછે, અને એથી, ખરું કહિયે તો, ૅ, ૌ એ સંજ્ઞાઓ વાસ્તવિક નથી. આ વાતનું આડકતરું સૂચન કરતી વસ્તુસ્થિતિ બીમ્સમાં (પુ. ૧લાને પૃ૦ ૫ મે) ઉપલબ્ધ થાયછે; એ કહેછે કે પ્રાચીન હિન્દીના અન્ત્ય ओનો (પણ) ãu જેવો પ્હોળો ઉચ્ચાર થયોછે. હું કહીશ કે મધ્યવર્તી औ માં એ ઉચ્ચાર અધિકતર વિવૃત સંભળાશે.

(બંગાળી ભાષામાં કાંઈક વિશિષ્ટ પ્રકારનો વિવૃત ऑ ઉચ્ચાર છે ખરો; પરંતુ એ ઉચ્ચાર ત્હેની જ વાઙ્વ્યાપારગત પૂર્વ દશા દર્શાવતા अउ કે अवનું પરિણામ નથી; એ તો रजनी (रॉजनी) कमल (कॉमल) ઇત્યાદિ શબ્દોમાં થતો अ નો વિશિષ્ટ પ્રકારનો ઉચ્ચાર છે. એથી એ ગુજરાતી વિવૃત ઉચ્ચારથી ભિન્ન હોઈ આપણી પરીક્ષામાંથી વર્જ્ય છે.)

---

આદ્ય અસ્વરિત અક્ષરના લોપની અવગણના કરીને, એ (नवक्खँ) શબ્દને नव નો आदेश માન્યો. ડૉ. સર રા. ગો. ભાંડારકરે (હેમના વ્યુત્પત્તિવિષયક વ્યાખ્યાનોમાં) (હિં.) अनोखा ની अनवेक्ष(कं)માંથી વ્યુત્પત્તિ દર્શાવીછે. પરંતુ નીચે દર્શાવેલાં સુગ્રાહ્ય કારણોને લીધે હું માનપુરઃસર વિમતિ દર્શાવુંછું.

(૧) अनपेक्षकं નું પ્રાકૃતરૂપ अणवेक्खउं બને. પછી ण ગુજરાતીમાં અવિકૃતરૂપે ઊતરે (ण નો न થવા વિશેનો આગળ ઉપર આપેલો उत्सर्ग જુવો); અને अनोखुंમાં તો न છે.

(૨) હિંદીમાં अनोखा નો અર્થ अनपेक्षित એટલે "અણધાર્યું" થાયછે કે નહિં, એ શંકાસ્પદ છે. હું તો માનુંછું કે હેનો ગુજરાતીમાં જે અર્થ છે તે જ હિન્દીમાં છે, એટલે કે "જૂદું", "અસાધારણ". અર્થ ફરી સકે એ ખરું પણ હેમાં કાંઇક બલાત્કાર થાયછે.

(૩) वे માં રહેલા व નો ओ કરવો પડશે, અને હેનો વાઙ્વ્યાપારસિદ્ધ કોઈ આધાર નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અરબી અને ફારસી મૂળમાંથી થયેલા શબ્દોમાં રહેલા વિવૃત ઉચ્ચારનાં ઉદાહરણો

હવે, અરબી અને ફારસી ભાષામાંથી ગુજરાતીમાં આવેલા કેટલાક શબ્દોનાં ઉદાહરણો અહિયાં આપણા કાર્યમાં સહાયરૂપ થશે. એ ઉદાહરણોમાં નીચે દર્શાવેલા પ્રકારના શબ્દો આવેછેઃ—

| અરબી કે ફારસી | ગુજ. |
|---|---|
| गय्रत | गॅरत |
| गय्ब | गॅब |
| अय्ब | अॅब |
| हय्रान | हॅरान |
| कव्ल | कॅाल |
| ઇત્યાદિ | ઇત્યાદિ |

વળી નીચેના શબ્દો તપાસોઃ—

| | |
|---|---|
| ज़हर | ज़ॅर |
| कहर | कॅर |
| शहर | श्हॅर |

આ શબ્દોમાં વાગ્વ્યાપારજન્ય વિકારનો ક્રમ હાવો છેઃ-

कहर–कहअ़र–कअ़र–कय़र–कॅर;

शहर–श्हअ़र–श्हय़र–श्हॅर–शॅ्हर;

ज़हर–ज़अ़र–ज़य़र–ज़ॅर

આ શ્રેણિરૂપ ક્રમો મ્હેં આપ્યાછે તે સર્વે સાક્ષાત્ લિખિત ભાષામાં પ્રત્યેક અવસ્થામાં હયાત હતા એમ માનવાનું નથી; એમ હોવું શક્ય જ નથી. વાગ્વ્યાપારના પ્રવાહની શક્યતમ દિશા દર્શાવવાનો જ ઉદ્દેશ છે. મ્હેં દર્શાવેલી દિશાની અત્યન્ત શક્યતા સમઝવા માટે આટલું યાદ રાખવું જરૂરતું છે કે હ ઉચ્ચારનું (આગળ ઉપર બતાવવામાં આવશે તેમ) મધ્યમાંથી શબ્દના આદિ તરફ સરી જવાનું વલણ છે; હ ના આ સરણથી અય ઉચ્ચાર અવશિષ્ટ રહેછે, જેનો અન્તે વિવૃત ઍ થાયછે. કારણ જો ત્હમે પૂર્વનિર્દિષ્ટ સર્વ શબ્દોમાંના તેમ જ વય્ર, વય્ણ, કવ્ઠ, ગવ્ખ, આદિ શબ્દોમાંના અય્ અને અવ્નો ઉચ્ચાર કરી જોશો તો ઉચ્ચારણક્રિયાના કાંઈક ખાસ વિવૃતભાવનું ત્હમને ભાન થશે, જેના વિના ગુજ. વિવૃત ઍ અને ઑ બને જ નહિં.

હવે આપણે નીચે આપેલા શબ્દોના ઉચ્ચારનું સ્વરિતત્વને અંગે નિરૂપણ કરિયેઃ—

વિવૃત સ્વરનું સ્વરિતત્વ-દૃષ્ટિયે નિરૂપણ.

| | | સં. | પ્રા.-અપ. | ગુજ. |
|---|---|---|---|---|
| | (क) | गभीरकं | गहीरउं[15] घईरउं | घेरुं |
| | (ख) | चंपकनगरी | चंपानअरी<br>चंपानयरी चंपानइरी | चांपानेर |
| | | (તે જ પ્રમાણે वांकानेर, अमळनेर, बीकानेर ઇત્યાદિ.) | | |
| १ | (ग) | अन्धकार | अंधआर[16] अंधयर<br>अंधयार अधइर | अंधेर |
| | (घ) | पर्णपल्ली | पण्णवल्ली पण्णउल्ली<br>पण्णउली | पानोली (સૂરત જિલ્લાનું એક ગામ.) |
| | (ङ) | चतुर्वर्त्मकं | चउव्वट्टउं. चऊवटउ | चौटुं |
| | (च) | चतुर्दश | चउद्दह चऊदह | चौद |

---

૧૫ ગભીરમાં દીર્ઘ ई છે તેથી હેનો જે નિયમની ચર્ચા ચાલેછે ત્હેમાં સમાવેશ નથી થતો એ ખરું; પરંતુ એ જ કારણે હેને લીધોછે, કારણ કે, દીર્ઘ ई હેના દીર્ઘત્વને લીધે અવશ્ય સ્વરિત બનેછે અને એથી પ્રતિસંપ્રસારણની આડે આવેછે એમ દર્શાવતો એ શબ્દ ખરેખરી કસોટી પૂરી પાડેછે.

(૦ नगरी માં नयरी ના य ઉપર પડતા સ્વરભારને લીધે આદ્યવર્ણ अ નું વિસ્તાર પામવાનું વલણ ગૌણ બનેછે એટલે य નું संप्रसारण થાયછે; અને સ્વરભાર य ને સ્થાને આવતા इ ઉપર પડેછે.)

સિ. હે. ૮–૧–૧૦૧ માં પ્રાકૃતરૂપ गहिरं આપ્યુંછે, પરંતુ ટીકામાં કહ્યુંછે કેઃ— बहुलाधिकारादेपु क्वचिन्नित्यं क्वचिद् विकल्पः । અને તદનુસાર पानिअं નું વૈકલ્પિકરૂપ पानीअं પણ વપરાતું જોવામાં આવેછે; સૂત્રનિર્દિષ્ટ गण માં सिरिस દૃષ્ટિયે પડેછે, અને शाकुन्तल માં सिरीसकुसुमाइं છે (એ નાટકની પ્રસ્તાવના જુવો), અને ત્યહાં છન્દોમેલમાં દીર્ઘ જ બંધ બેસેછે. આ પ્રમાણે गहीरं ને गहिरं નું વૈકલ્પિક રૂપ ગણાય.

૧૬ ડૉ. સર રા. ગો. ભાંડારકર કહેછે કે अंधेरमांનો ए પરભાર્યો अयાનો વિકાર છે, તેમ જ भोजाई અને (સં. पादोनમાંથી) पौणुं શબ્દોમાંનો ओ પરભાર્યો आउમાંથી થયોછે. (હેમનાં વિલ્સન વ્યુત્પત્તિવિષયક વ્યાખ્યાનો પૃષ્ઠ ૧૬૬ અને ૧૪૫ જુવો; જો કે ત્હેમણે ગુજરાતી શબ્દો નથી આપ્યા; अंधेरं હિં. અને म તરીકે આપ્યોછે, भोजाई હિં. અને भावजइ म. તરીકે, અને पौन હિં. તરીકે આપ્યોછે). પરંતુ મ્હારો મત હેવો છે કે એ ઉચ્ચારોને પૂર્વનિર્દિષ્ટ લઘૂસવનની અવસ્થામાં થઈને પસાર થવું જ પડે; प्रतिष्ठान–पइट्ठाण–पइठण–पैठण સરખાવો ( અહિંયાં બીજલાઘવનો નિયમ પ્રવર્તેછે). આ લઘુ થાયછે તે સ્વરભાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | (क) | वैरं | वइरु | वयर | वॅर |
| | (ख) | कपर्दिका | कवड्डिआ | कवडी | कॉडी |
| | (ग) | पृथुलकं | पहुलउं | प्हउलउं | प्हॉळुं |
| | (घ) | भ्रातृजाया | भाउजाआ | भावजाई | |
| | | | | भवजाई | भॉजाई |
| | (ङ) | अन्यपक्षकं | अन्नवक्खउं[17] | अनवखुं | अनॉखुं |
| | | | | (પછી नॉखुं=જૂદું) | |

વર્ગ ૧ માં આટલું દૃષ્ટિગોચર થશે કે अइ (अई)–अउ (अ=ऊ) એ સ્વર-યુગ્મોમાં સ્વરભાર દ્વિતીય અક્ષર ઉપર પડેછે, જ્યહારે વર્ગ ૨ માં સ્વરભાર પ્રથમ અક્ષર ઉપર, એટલે કે अ ઉપર પડેછે. હવે अનું સ્થાન कण्ठ છે અને વિવૃત ઉચ્ચાર કરવામાં कण्ठ ને કાંઇક વિલક્ષણ પ્રકારે[18] વિકસિત કરવો પડેછે. अનું આ વિવૃત સ્વરૂપ એ જ વિવૃત ॲ અને ऑનું મૂળ છે અને ઉપર (પૃ. ૧૩૨ મે) સૂચવ્યુંછે તેમ હેમાં य् અને व् સહાયરૂપ બનેછે–અલબત્ત હેની ઉપર પડતા સ્વરભારને પ્રભાવે જ.

---

પ્રથમ હેની પછીના જ અક્ષર ઉપર હોવાનું પરિણામ છે; પરંતુ એ પરિણામ નિષ્પન્ન થયું કે તરત જ સ્વરભાર ફરી જઈને હ્રસ્વ થયેલા आ (–अ) ઉપર પડેછે, અને આ રીતે अय्–अव् રૂપાન્તર દ્વારા વિવૃત ઉચ્ચાર ઉદ્ભવેછે. સ્વરભારની આ સ્થાનપરિવૃત્તિ એક વિચિત્ર ઘટના છે, અને શબ્દરચનાનું પૃથક્ક્રિયાત્મક અન્વેષણ કરવામાં એ ઘટનાનું અનુદર્શન બહુ રસદાયી બનેછે.

૧૭. અહિંયાં, જો કે પ્રથમ वक्खमાંથી અવશિષ્ટ રહેલો व સ્વરિત હોયછે તો પણ, નીચે દર્શાવેલાં દ્વિવિધ કારણને બળે એ સ્વરભાર ચલિત થાયછે:–

(૧) સંયોગ क्खनो (સંયોગ–) લોપ થાયછે, પણ હેના પ્રતીકારરૂપે પૂર્વસ્વરનું દીર્ઘત્વ થવું જોઇયે તે નથી થતું; અને

(૨) જ્યહાં પ્રથમ અક્ષર અસ્વરિત હોય ત્યહાં દ્વિતીય અક્ષર ઉપર સ્વરભાર નાખવાનું વલણ થતાં અન્તે પ્રથમ અક્ષર લુપ્ત થાયછે.

(पक्षમાંના पनो व થાયછે તે હેવું સૂચવેછે કે એ શબ્દ આખા સમાસનું અંગ બની ગયોછે અને એથી प ગૌણ બન્યોછે; અનાદ્ય पनो व થઈ સકે, તેથી पक्षને અહિંયાં અલગ શબ્દ નથી ગણવામાં આવતો.)

૧૮. આ જ કારણે હું, કાંઇક વિસ્તૃત અર્થમાં અને જરાક નવીન પ્રકારનો પ્રયોગ કરીને પણ, પ્રાચીન પરિભાષાગત વિવૃત શબ્દ વાપર્યોછે; કારણ કે જ્યહારે સંસ્કૃત વૈયાકરણોએ बाह्य અને आभ्यन्तर प्रयत्नो વર્ણવ્યા ત્યારે ॲ અને ऑનો વિવૃત ઉચ્ચાર અસ્તિત્વમાં પણ નહોતો–અને હું આગળ ઉપર દર્શાવીશ તેમ વિદેશીય સંસ્કારની જ ઓછી કે વધતી અસરનું એ પરિણામ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

गौरीनां (क) गोरी (સ્રી) અને (ख) गौर्य (દેવી) એ બે વૈકલ્પિક રૂપોનું, એટલે કે (क) માંના સંવૃત ઉચ્ચારનું અને (ख) ના વિવૃત ઉચ્ચારનું મૂળ આ પ્રમાણે સ્વરયુગ્મ અઉના એકથી બીજા અંગ ઉપર સંક્રાન્ત થતા સ્વરભારમાં રહેલુંછે.

અઇ અને અઉ એ સ્વરયુગ્મોમાંના અ ઉપર પડતા સ્વરભારને પરિણામે વિવૃત ઉચ્ચાર ઉદ્ભવેછે હેવો જે મત મ્હેં રજૂ કર્યોછે ત્હેનું વિશેષ સમર્થન કરનારાં કેટલાંએક, આપાતતઃ અપવાદરૂપ જણાતાં, ઉદાહરણો છે તે તપાસિયે—આ ઉદાહરણો માત્ર આપાતતઃ અપવાદરૂપ જણાયછે એ ભૂલવું નહિ:—

કેટલાંક આપાતતઃ અપવાદરૂપ ભાસતાં ઉદાહરણો; મ્હારા મતનું તેઓથી થતું દૃઢીકરણ.

| | સંસ્કૃત | પ્રાકૃત કે અપભ્રંશ અને ત્યહાર પછીના ક્રમો | ગુજરાતી | કારણ વગેરે વિશે ખુલાસા |
|---|---|---|---|---|
| ૧ | [19]गर्दभककः | गद्दहडउ<br>गद्धयडउ<br>गद्धइडउ | ગધેડો | (પાછળ આવતા સંયોગને લીધે ગુરુ બનેલા) ग નો સ્વરભાર अयમાંના अ ના સ્વરિતત્વનો, અને તજ્જન્ય પ્રાધાન્યનો, નિવારક બનેછે. એથી य સ્વરિત બનેછે, અને હેનો अ દ્રુતતર નથી એટલે લુપ્ત નથી થતો. આ રીતે अय् નથી બનતો, અને હેના વિના વિવૃત ऍ થવો અશક્ય છે. પરિણામે यનું संप्रसारण થાયછે, અને अ અને इ મળીને સંવૃત ए થાયછે.<br>ટિપ્પણ:–अ ને અને इ (કે उ)ને અહિંયાં સ્વરિત કહેવામાં આવેછે તે માત્ર અન્યોન્યની અપેક્ષાએ જ હેવા સમઝવાના છે, સમગ્ર શબ્દની દૃષ્ટિયે નહિં. |
| ૨ | वत्सतरकः | वच्छयरउ–<br>वच्छइरउ | વછેરો | (क) वच्छમાં व ગુરુ છે, અને એથી સ્વરિત છે.<br>(ख) तरથી એક નવા જ અર્થયુક્ત શબ્દભાગનો પ્રારંભ થાયછે; એથી अयનો अ અસ્વરિત રહેછે અને य સ્વરિત બનેછે. પરિણામ ઉપર પ્રમાણે, अ+इ=(સંવૃત) ए. |
| ૩ | घनतरकः | घणयरउं<br>घणइरउ | ઘણેરું | |
| ૪ | भद्रतरकं | भल्लयरउं<br>भलइरउं | ભલેરું | કારણ અને પરિણામ યથાસંભવ ઉપર મુજબ. |
| ૫ | अन्यतरकं | अन्नयरउं<br>अनरइउं | અનેરું | (તે જ પ્રમાણે वृद्धतरંમાંથી થતો વડેરું શબ્દ સરખાવો. ડૉ. ભાંડારકર (વ્યાખ્યાનો પૃ. ૧૪ મે) કહેછે કે વડેરો (સિંધી) र પ્રત્યય ઉમેરવાથી થાયછે. પણ વડેરોમાં રહેલા एरोનો યથાર્થ ખુલાસો तरથી જ થશે.) |

[19] ડૉ. ટેસિટોરી અહિંયાં ડઉનાં પૂર્વરૂપ તરીકે टक મૂકે.

| | સંસ્કૃત | પ્રાકૃત કે અપભ્રંશ અને લ્હાર પછીના ક્રમો | ગુજરાતી | કારણ વગેરે વિશે ખુલાસા |
|---|---|---|---|---|
| ૬ | मदकलः | मयगलु<br>मइगलु | મેગળ | અહિં कનો ग થયેછે, અને એ ફેરફાર તો क અનાદ્ય હોય તોજ થઈ સકેછે, તેથી સ્પષ્ટ થાયછે કે कल સમગ્ર શબ્દનું એક અંગમાત્ર છે. એથી સ્વરભાર ग પર ન પડતાં य ઉપર પડેછે; જેનું, એ કારણે, संप्रसारण થાયછે.<br>પરિણામ अ+इ=ए (સંવૃત) |
| ૭ | विकिरति | विइरइ<br>वइरइ | વેરે | અહિયાં इ છે તે वि+किर्માંના ધાતુઅંશના આદ્ય અક્ષરનો અવશેષ છે; એ પોતાનું પ્રાધાન્ય જાળવી રહેછે, અને એ રીતે સ્વરિત રહીને प्रतिसंप्रसारणથી બચી જાયછે. પરિણામ अ+इ=ए (સંવૃત).<br>ટિપ્પણ:-उपविशति-उवइसइ (बइसइ- બેસે)માં સ્થિતિ જો કે આપાતતઃ विकिरति જેવી છે, એટલે કે विश्માંથી રહેલો इ उप+विश्ના ધાતુઅંશનો આદ્ય અક્ષર છે, છતાં પરિણામ જૂદું આવેછે (એટલે કે अइમાં સ્વરભાર अ ઉપર હોવાથી इ ગૌણ થઈને य બનેછે અને એથી બેસેમાં વિવૃત સ્વર નીવડેછે.) હેનું કારણ એ છે કે उपમાં સ્વરભાર પ્રથમ प ઉપર છે, અને उवइसइનો આદ્ય અસ્વરિત उ લુપ્ત થતાં (અને પછીનો ક્રમ बइसइ થતાં) ब ઉપરનો સ્વરભાર પ્રબલ થાયછે—જે ब (पનું ઉત્તર રૂપ व) સંહતાકાર ધાતુતુલ્ય રૂપ बइसनो આદ્ય અક્ષર બનેછે. આ રીતે સ્વરભાર अइના अ ઉપર પડેછે, इ ઉપર નહિં. એક ન્હાનો મુદ્દો આ ખુલાસાની વિરુદ્ધમાં જતો કદાચ જણાશે તે એ કે, किर્ના कનો લોપ થાયછે તેથી હેવું જણાય કે એ ધાતુઅંશને નિરાળો શબ્દ નથી માન્યો (કારણ કે હેવો લોપ હમેશાં અનાદ્ય વ્યંજનોનો જ થાયછે)- પરંતુ, સ્વરભારની વ્યવસ્થા પૂરતું किर्નું ધાતુત્વ છેક સુધી જળવાઈ રહેછે, અને એથી अइ નો પરભાર્યો ए કરવામાં હેની પ્રવૃત્તિ શકય છે, એમ માનિયે તો યથાર્થ ગણાય. |



P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

| | સંસ્કૃત | પ્રાકૃત કે અપભ્રંશ અને ત્યારપછીના ક્રમો | ગુજરાતી | પ્રકરણ વગેરે વિશે ખુલાસા |
|---|---|---|---|---|
| ૮ | ० नगरी | ० नयरी<br>० नइरी | ० नेर, चांपानेर अमळनेर, वांकानेर ઇત્યાદિ શહેરનાં નામોમાં આવે છે તે. | અહિંયાં કારણ પ્રથમ દૃષ્ટિયે દુર્લભ જણાશે. સંવૃત ઉચ્ચારનો ખુલાસો આપવા માટે ડૉ૦ ટેસિટોરી, અન્ત્ય ત્ર 'શાન્ત' (quiescent) હોવાને કારણે, ઉપાન્ત્ય એને અન્ત્ય ગણેછે. (J. R. A. S. Beng. N. S. XII ઇ. સ. ૧૯૧૬ માંના "Bardic Survey" નામના હેમના લેખનું પૃષ્ઠ ૭૮મું જુવો). હું માનુંછું કે એક બીજો ખુલાસો શક્ય છે અને વધારે સારો છે. જો કે નગરીના આદ્ય અક્ષર તરીકે સ્વાભાવિક રીતે ન સ્વરિત બને, પરંતુ અહિંયાં સ્વરભાર વસ્તુતઃ ग ઉપર (અને હેના રૂપાન્તર य ઉપર) પડેછે; કારણ કે (चंपकनगरी ઇત્યાદિ) સમાસોના ઉત્તર અંગ તરીકે नगर શબ્દ ગૌણ બનેછે, અને એથી આદ્ય न પણ ગૌણ સ્થાને રહેછે અને પોતે સ્વરિતત્વ ખોઈને સ્વરભારને પાછળ રહેલા ग ઉપર, અને હેના રૂપાન્તર य ઉપર, નાખે છે. પરિણામે अयनो अ અસ્વરિત રહેછે. એટલે હેનું કંઠનળીને વિસ્તીર્ણ કરવાનું વલણ અપ્રવૃત્ત રહેછે, य નો इ થાયછે, અને अ+इ મળીને સંવૃત ए બનેછે. |
| ૯ | अन्धकार | अंधयार<br>अंधयर<br>अंधइर | अंधेर | यामांनो आ સ્પષ્ટરીતે સ્વરિત છેઃ એ ટૂંકો થયા પછી પણ यमांनो अ આ સ્વરિતત્વ જાળવી રાખેછે; એથી अयमां રહેલો પ્હેલો अ ગૌણ અને અસ્વરિત રહેછે; પરિણામે यनो इ થાયછે અને अ + इ=(સંવૃત) ए થાયછે. |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | સંસ્કૃત | પ્રાકૃત કે અપભ્રંશ અને ત્યહાર પછીના ક્રમો | ગુજરાતી | કારણ વગેરે વિશે ખુલાસા |
|---|---|---|---|---|
| | | | | (ભાંજાઈ અને પંદ્દલ શબ્દો આથી વિરુદ્ધ પ્રકારનાં ઉદાહરણો છે; હેમાં આ, સ્પષ્ટરીતે સ્વરિત છતાં, સ્વરભારને પોતાની પાછળ રહેલા अ ઉપર નાખેછે, અને આ પ્રમાણે अउ-अइतुं પ્રથમઅંગ સ્વરિત બનેછે, અને પરિણામે વિવૃત ऑ-ऍ થાયછે. તેમ आतुरत्वकं-आउरत्तउं (પુંલ્લિગરૂપે ०उ થતાં) आउरत्तउ માંથી આવેલો ऑरतो શબ્દ પણ વિરુદ્ધ પ્રકાર દર્શાવેછે. ડૉ. ટેસિટોરીએ એ શબ્દની હાવી વ્યુત્પત્તિ આપીછે; હેમની "Notes" (ટિપ્પણો) § ૧૪૮ જુવો. અહિંયાં પણ સ્થિતિ ઉપર મુજબ જ છે, જેથી आउ નો ऑ બનેછે. |
| ૧૦ | अवयव | अव्वयव<br>अवइव | અવેવ[૨૦] | (क) व અને वनी વચ્ચે આવતા यनो સ્પષ્ટ અને વ્યક્ત ઉચ્ચાર થઈ સકે એટલા માટે, વિશેષતઃ ત્રણે અક્ષરો अकारान्त હોવાથી, य ઉપર ભાર મૂકવો પડેછે;<br>(ख) અન્ત્ય, अकारान्त, व ગૌણ બનેછે.<br>એથી य પ્રધાન અને સ્વરિત થાયછે, અને अय અસ્વરિત રહેછે. પરિણામે य નો इ થાયછે અને अ + इ= (સંવૃત) ए બનેછે. |
| ૧૧ | चतुर्वेदी | चउव्वेइ<br>चऊवेई | ચોબો[૨૧]<br>चौबे (हिं.) | પાછળ આવતા સંયોગ (व्व)ને લીધે उ ગુરુ છે, અને એથી સ્વરિત હોઈને, अउ ના अ ને અસ્વરિત રાખેછે. પરિણામ સંવૃત ओ. |

૨૦ "वेल जाणे हेमनी ने अवेव फूले फूली" (પ્રેમાનંદ नळाख्यान, १३). ૨૧ આ શબ્દનો ओ સામ્યાભાસનું પરિણામ જણાયછે; કારણ કે હિન્દી चौबे શબ્દ चोबाना અનેકવચનના રૂપ જેવો લાગેછે, તેથી आकारान्त हिंदी પુંલ્લિગ શબ્દને મળતું ગુજ. રૂપ ओकारान्त બન્યુંછે.

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

| | સંસ્કૃત | પ્રાકૃત કે અપભ્રંશ અને લ્ઙાર પછીના ક્રમો | ગુજરાતી | કારણ વગેરે વિશે ખુલાસા |
|---|---|---|---|---|
| ૧૨ | कषपट्टिका | कसवट्टिआ<br>कसउट्टी<br>कसऊटी | कसोटी | (क) પાછળ રહેલા સંયોગને લીધે प નો अ ગુરુ બનેછે.<br>(ख) वथी નવા શબ્દનો પ્રારંભ થાયછે; (સમાસનું ઉત્તર પદ હોવા છતાં સ્વરભાર પરત્વે એ પોતાનું સ્વાતન્ત્ર્ય જાળવી રાખેછે;)<br>(ग) स સમાસના પ્રથમ અંગનો અન્ત્ય વર્ણ છે;<br>આ કારણોથી स (ष)નો अ અસ્વરિત થાયછે, કારણ કે प સ્વરિત છે. પરિણામઃ–अवનો अउ થાયછે (જેમાં उ સ્વરિત છે) અને अ+ऊ મળીને (સંવૃત) ओ થાયછે. |
| ૧૩ | पर्णपल्ली | पण्णवल्ली<br>पण्णउल्ली<br>पानऊली | पानोली<br>(સૂરત જિલ્લાના એક ગામનું નામ) | (क) वमાંનો अ ગુરુ અને સ્વરિત છે;<br>(ख) प નો अ પણ ગુરુ અને સ્વરિત છે;<br>(ग) व થી નવા શબ્દનો પ્રારંભ થાયછે (ઉપર નં. ૧૨ માં થાયછે તેમ);<br>(घ) ण्ण નો अ સમાસના પૂર્વપદનો અન્ત્ય વર્ણ છે.<br>પરિણામ–ઉપર પ્રમાણે, अव–अउ (अऊ)–ओ (સંવૃત). |
| ૧૪ | चित्रकूट | चित्तऊड | चितोड | (क) चि ગુરુ અને સ્વરિત છે;<br>(ख) कू (ऊ) દીર્ઘ અને સ્વરિત છે; આ રીતે બંને સ્વરિત છે;<br>(ग) कू થી નવા શબ્દનો પ્રારંભ થાયછે (ઉપર પ્રમાણે);<br>(घ) त्त માંનો अ સમાસના પૂર્વપદને અન્તે આવેછે; |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | સંસ્કૃત | પ્રાકૃત કે અપભ્રંશ અને ત્યાર પછીના ક્રમો | ગુજરાતી | કારણ વગેરે વિશે ખુલાસા |
|---|---|---|---|---|
| | | | | આથી ष्ट्र–त्त નો (એટલે अऊ માંનો) अ ગૌણ રહેછે, અને એથી અસ્વરિત રહેછે; પરિણામઃ–अ+ऊ=ओ (સંવૃત). |
| ૧૫ | राष्ट्रकूट | रट्ठऊड<br>राठऊड | राठोड | કારણો યથાસંભવ ઉપર પ્રમાણે. પરિણામઃ–अ+ऊ=ओ (સંવૃત).<br>ટિપ્પણઃ–કહેવાની જરૂર નથી કે જે કારણે ઉપર ગભીરનો સમાવેશ કર્યો તે જ કારણે અહિયાં છેલ્લાં બે ઉદાહરણો, चित्रकूट અને राष्ट्रकूट, આપ્યાંછે; એટલે કે ऊ દીર્ઘ અને એથી સ્વરિત હોવાથી प्रतिसंप्रसारण થતું અટકેછે એ દર્શાવવાને, અર્થાત્ विवृत સ્વરોચ્ચાર માટે જરૂરની સામગ્રીની અપૂર્ણતા બતાવવાને, એ ઉદાહરણો આપ્યાંછે. |
| ૧૬ | गुहिलपुत्र | गुहिलउत्त<br>गुहिलऊत | गुहिलोत | (क) પાછળ રહેલા સંયોગને લીધે उ ગુરુ છે;<br>(ख) સ્વરભારની દૃષ્ટિયે पुत्र નિરાળો શબ્દ છે;<br>(ग) गुहिलના અન્ત્ય अ નું સ્થાન ગૌણ છે;<br>પરિણામ ઉપર પ્રમાણેઃ–अ+उ (ऊ)=ओ (સંવૃત). |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપર દર્શાવેલી સર્વ હકીકત પરથી સ્પષ્ટ થશે કેઃ—

(क) જ્હારે अइ કે अउ એ સ્વરયુગ્મમાં अ સ્વરિત હોયછે ત્હારે इ–उ ગૌણ થતાં છેવટ વિવૃત ઉચ્ચાર अँ–आँ નીવડેછે;

(ख) જ્હારે આ યુગ્મોમાં इ–उ સ્વરિત હોયછે ત્હારે હેના પ્રાધાન્યને પરિણામે अ અને इ કે अ અને उ મળીને સંવૃત ए–ओ બનેછે.

(ग) વિવૃત ઉચ્ચારનો अइ–अउ સાથે નહિં પણ अय्–अव् સાથે નિસર્ગ-સંબન્ધ છે.

(घ) इ–उ ગૌણ હોય તો य–व (અને પછી य्–व्) બનેછે.

અને (ङ) આ પ્રકારે વિવૃત ઉચ્ચાર अय्–अव् નું પરિણામ છે અને સંવૃત ઉચ્ચાર अइ–अउ નું પરિણામ છે.

આ નિયમોની પ્રવૃત્તિને સચોટ રીતે વિશેષ ઉદ્ભાસિત કરવા માટે હવે આપણે ભિન્નભિન્ન રૂપાન્તરો પામતા, મૂળ એક અને અભિન્ન, શબ્દોનાં બે ત્રણ ઉદાહરણો તપાશિયે; સ્પષ્ટ ખ્યાલ આવે એ ઉદ્દેશથી હું એ શબ્દોનાં રૂપાન્તરોને વંશવૃક્ષરૂપે આપુંછું.

१ गौरी ( સંસ્કૃત )

- गउरी (=स्त्रीविशेषः)[२२] (પ્રાકૃત)
  - (પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાની) गवरी (=पावती)[२२]
    - (१) गौर्य (ગુજ) (= આષાઢ માસમાં કુમારિકાઓ પૂજેછે તે દેવી).
    - (२) गवरी (= चंदागवरी ઇત્યાદિ વિશેષનામોનું ઉત્તરાર્ધ; પ્રાચીન ગુજરાતી ગ્રંથોમાંના गिवरीમાંથી ग्यवरी પણ થાયછે)
- [२२]गोरी (પ્રાકૃત) = (१ पार्वती २ गौरवर्णी સ્ત્રી)
  - गोरी (પ્રા. પા. રા.)
    - (३) गोरी (ગુજ.) (= गौरवर्णी સ્ત્રી)

२२ कुमारपालचरित, ६–८०; ४–५६; અને ૧–૭૫ ઇત્યાદિ સ્થળોએ, જુવો. (ડૉ. પાં. પંડિત વાળા પુસ્તકમાં) હેની વિષયસૂચી પણ જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અહિંયાં ગુજરાતીમાં (૧) गॉख, (૨) °गवरी અને (૩) गोरी એ રૂપો છે તે પ્રત્યેક ભિન્ન અર્થે વપરાયછે; અને પ્રત્યેકનો વાગ્વ્યાપારગત વિકાસક્રમ પણ ભિન્ન છે; તે નીચે પ્રમાણેઃ–

(૧) अउ–अव–अव्–ऑ; (એટલું લક્ષમાં રાખવાનું છે કે આ રૂપવિકારમાં અન્ત્ય ઈ ગૌણ થતાં હેનો य થાયછે; પણ (૨) માં એ પ્રધાન રહીને वना અને દ્રુતતર થતો બચાવેછે, અને એથી अव ટકી રહેછે, અને गवरी થાયછે.)

(૨) अउ–अव; ઉપરની જ (૧) નીચેની નોંધ જુવો.

(૩) સિ. હે. ૮–૧–૧૫૯માં આપેલા उत्सर्गनी પ્રવૃત્તિ થતાં ओ પરભાર્યો પ્રાકૃતમાંથી આવ્યોછે. (આગળ તરતમાં જ હું આ પ્રવૃત્તિનું સ્વરૂપ અને ઉદ્ભવ ચર્ચીશ; અત્ર એટલું જ કહેવું બસ થશે કે, औनो સંકોચ થઈને ओ થવામાં औ તે अउ દશામાં થઈને પસાર થાયછે, અને એ अउમાં उ પ્રધાન હોવાથી ओ સંવૃત નીવડેછે.)

૨—गवाक्ष (સંસ્કૃત)
|
गवक्ख (પ્રાકૃત)

| પ્રા. પા. રા. | | | |
|---|---|---|---|
| | गवाख (૧) | गवख → गॉख (ગુજ.) (૨) | गऊख → गूख (પ્રા. પા. રા.) (૩) |

અહિંયાં આપણે જોઇયે છિયે કે (૨) गॉखમાં अवनो ऑ થયોછે, અને (૩) गूख માં अऊ નો ऊ થયોછે; (૩) गूख માં अऊ નો अ એટલો ગૌણ છે અને ऊ એટલો બધો પ્રધાન છે કે, બંને મળીને સંવૃત ओ થવાને બદલે, अ લુપ્ત થાયછે અને गृ+ऊ=गू અવશિષ્ટ રહેતાં गूख થાયછે.[૨૨ક] (વિ. સં. ૧૫૧૨ ના) कान्हडदे प्रबन्ध ની નીચે આપેલી પંક્તિયો પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાનીમાં गूख અને गवाख બંનેની સ્થિતિ દર્શાવેછેઃ–

૨૨[ક] આ રૂપમાં अ અસાધારણ રીતે ગૌણ હોવાનું કારણ એ છે કે, એ આદ્ય અક્ષર હોઈને હેને આધાર આપનારો પૂર્વાક્ષર નથી એટલે એ દ્રુતતર બનેછે गवख માં જેવો व લઘુ થાયછે ત્હેવો જ હેનો સ્વરભાર વિલુપ્ત થાયછે અને એથી अव ના अ ઉપર સ્વરભાર પડેછે.

સ્વાભાવિક વસ્તુસ્થિતિ જ હેવી છે કે જ્યહારે લોકોનું વલણ अ ને અત્યન્ત ગૌણ બનાવવાનું હોયછે ત્યહારે એ अ લુપ્ત થાયછે, અને એથી વિપરીત પ્રસંગમાં अ વજન પામેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कोठे छइ कोसीसां घणां ? ^3गूख गवाख मढ मतवारणां।

(खण्ड ३, કડી ૨૪૫.)

उ–कवण (અપભ્રંશ)

|

कउण (પ્રા. પા. રા.)

|

પ્રા. પા. રા. कुण — कवण પ્રા. પા. રા.

|

कोण (ગુજ.)

અહિં પણ कुण અને कोण એ પરિણામો गुख (गूख) અને गोख જેવાં જ છે. વિશેષ માત્ર એટલો છે કે गऊखमां ऊ દીર્ઘ છે અને कउणमां उ હ્રસ્વ છે. અને છતાં પણ ગમે તે કારણથી એ એટલું બધું પ્રાધાન્ય મેળવેછે કે अ ને ધક્કેલી કાઢેછે.

વળી पुत्रना पुत्त, उत्त[24] દ્વારા થયેલા અન્તિમ રૂપ वत વાળા चोलावत चंदावत ઇત્યાદિ શબ્દોની અને गुहिलपुत्र–गुहिलउत्तમાંથી થયેલા गुहिलोत શબ્દની વચ્ચેના ભેદનું નિરૂપણ કરિયે; તફાવત એ છે કે गुहिलोतमां अउ મળેછે ત્હારે उ પ્રબળ હોવાથી સંવૃત ओ બનેછે, પરંતુ चोलावत આદિમાં उ નું પ્રાબલ્ય હેની પૂર્વે રહેલા દીર્ઘ आ વડે પ્રતિહત થઈ નષ્ટ થાયછે અને એથી व નીવડેછે.

આ સ્વરિતત્વ–વાદ સ્વૈરમત છે? હેમાં અન્યોન્યાશ્રયનો દોષ છે?

આ સ્થળે કોઈ શંકા કરશે: સ્વરિતત્વનો આ નિર્ણય એક સ્વૈરતર્ક નથી? હેનો નિર્ણય કરવામાં માર્ગદર્શક તત્ત્વો શાં છે? પરિણામે નીવડતો ઉચ્ચાર વિવૃત કે સંવૃત હોય તે પ્રમાણે સ્વરિતત્વને अ ઉપર કે इ–उ (કે य–व) ઉપર ઠરાવવું હેમાં સાધ્યસાધનના અન્યોન્યાશ્રય રૂપ દોષ નથી આવતો?

---

૨૩ કર્મણ મન્ત્રિયે (વિ. સં. ૧૫૨૬ માં) રચેલા सीताहरणમાં પણ गूख અને गवाख સાથે સાથે આવેછેઃ गूख गवाख नइ मालिआं रूअडां उत्तम ठाम; (અયોધ્યા વર્ણન.) (આ જોડિયા શબ્દનો પ્રયોગ રૂઢ થઈ ગયો હોય હેવું જણાયછે.)

(વિ. સં. ૧૫૬૮ ના) विमलप्रबन्ध માં હ્રસ્વ उ વાળો गुख શબ્દ છે. (खंड १ કડી ૫૫ મી જુવો.)

૨૪ આ શબ્દોમાં उत्तनો वत प्रतिसंप्रसारणથી થાયછે. पुत्र–पुत्तनुं वुत्त રૂપ થઈને वत्त થાયછે એ મત હું નથી સ્વીકારતો; કારણ કે गुहिलोतमां पुत्त–उत्त હેવા ક્રમ છે. (पुत्त, वुत्त, उत्त નહિ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્હેલા અને છેલ્લા પ્રશ્નનો મ્હારો ઉત્તરઃ—નાઃ અને આ નકારાત્મક ઉત્તર આપવાનું જે કારણ હમણાં જ દર્શાવુંછું, ત્હેમાં બીજા પ્રશ્નનો ઉત્તર આવી જાયછે. જેમાં સ્વરિતત્વ સુવ્યક્ત અને નિર્વિવાદ છે હેવાં, घईर, चित्तऊड, अवयव, अंधयार, चउव्वेई, कसवट्टिआ, पण्णवल्ली, रहऊड, गुहिलउत्त, भाउजाई, पायदळ ઇત્યાદિ ઉદાહરણો માર્ગદર્શક અને કસોટીરૂપ બનેછે, અને તેઓની સહાયતાથી આપણે અન્ય શબ્દોના સ્વરિતત્વનું સ્થાન ખોળી કાઢિયેછિયે, અને ए स्थाननिर्णयने माटे सबळ कारण सर्वत्र दर्शावियेछिये. આ છેવટનો નિર્ણયવિધિ કદાચ કારણપરથી કાર્યનું અનુમાન કરવાની (=a priori) પદ્ધતિ જેવો ભાસે, પરંતુ એ ન્યાય્ય છે અને અન્યોન્યાશ્રયથી ભિન્ન છે; કારણ કે વ્યાપક નિયમ તો કસોટીરૂપ ઉદાહરણોમાંથી ઉપલબ્ધ થયેલો જ છે, અને આપણે હેનું, વિવાદનો અવકાશ હોય હેવા પ્રસંગોએ, પ્રત્યક્ષ પરિણામરૂપ શબ્દોથી શરૂ કરીને પૂર્વગામી વિકારોમાં અનુદર્શન કરિયેછિયે, અને એ નિયમ બંધ બેસેછે કે નહિં એ તપાશિયેછિયે. હું માનુંછું કે આ રીતિ ઉચિત અને ઉપયોગમાં આણી સકાય હેવી છે, અને હાવા પ્રકારની સર્વે ચર્ચામાં વારંવાર હેનો ઉપયોગ પણ કરવામાં આવેછે.

ઉત્તરઃ ના. આ ઉત્તર-નાં કારણો.

હું આશા રાખુંછું કે अइ અને अउ એ સ્વરયુગ્મોમાંના अ ઉપર સ્વર-ભાર પડવાથી વિવૃત ઉચ્ચાર થાયછે એ મ્હારા મતનું સમર્થન કરવા માટે આ સર્વ વિસ્તીર્ણ પૃથક્ક્રિયા પૂરતી થશે. એ સ્વરયુગ્મોનાં अय અને अव હેવાં સંક્રમણાત્મક રૂપાન્તરો વિશે મ્હેં અન્યત્ર જે કહ્યુંછે તે અહિંયાં ઉતારી લેવાની છૂટ લઉંછું:—

"આ રીતે અબાધિત અનુમાન રચી સકાય કે अउ તેમ જ अइ એ સ્વરયુગ્મોની બાબતમાં प्रतिसंप्रसारण વિધિ પ્રવર્તેછે, અને, प्रत्येक शब्दनो आ विकासक्रम साक्षात् भाषामां प्रत्यक्ष-रूप थयो होय के नहिं, पण विवृत अॅ अने ऑनो अहियां दर्शावेलो वाग्व्यापारगत उद्भव अन्तर्गत नियमनुं यथार्थ सूचन करेछे एम स्वीकारवुं दोषरहित छे. કેટલાક હેવો વાંધો ઉઠાવશે કે नयण, वयण, गवक्ख, कवड्डिआ, ઇત્યાદિ શબ્દોના अय અને अव, વિવૃત अॅ અને ऑની અન્તિમ દશાએ પ્હોંચ્યા પ્હેલાં, संप्रसारणथी अइ અને अउ દશામાં થઇને પસાર થાયછે એમ માનવું વધારે સારું છે; પરંતુ મ્હેં પ્રતિપાદિત કરેલા પ્રતિસંપ્રસારણવાદનો ત્યાગ કરવાને હું

વિવૃત अॅ અને ऑનો વાગ્વ્યાપારગત ઉદ્ભવ પરત્વે સંપ્રસારણવાદની વિરુદ્ધ પ્રતિસંપ્રસારણ-વાદનું સમર્થન કરતી દલીલો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તૈયાર નથી; કારણ કે प्रतिसंप्रसारण વિધિનું સૂચન કરતાં (वयर ઇત્યાદિ) કેટલાંક ઉદાહરણો पंचाख्यान આદિ ગ્રન્થોમાં સાક્ષાત્ ભાષામાં વિદ્યમાન છે, પરંતુ नयण ઇત્યાદિ શબ્દોના अयનો अइ થવાનાં પ્રત્યક્ષ ઉદાહરણો છે જ નહિં; અને જ્યહારે કેટલાં'ક પ્રસંગોએ अयનો अइ થયોછે (જેમકે शतर्क-सय(कं)-सइकुं) ત્યહારે એ ઉચ્ચાર કાં તો अइ દશામાં જ વિરમ્યોછે, અથવા તો હેનો ગુજરાતીમાં ऐ થયોછે, પરંતુ विवृत ऍ નથી બન્યો."

પ્રતિસંપ્રસારણ વિધિનું સૂચન કરતા શબ્દો સાક્ષાત્ પ્રયોગમાં મળેછે.

(The *Indian Antiquary* XLIV 18–19:—January 1915.)

[ આ ઉતારામાં છેલ્લા વાક્યમાં "अइ દશામાં જ વિરમ્યોછે" એ શબ્દો પછી હવે હું એટલું ઉમેરું કે:—"અથવા તો સંવૃત ए બન્યોછે, કે अव હોય તો સંવૃત ओ થયોછે, જેમકે °नेर ઇત્યાદિ, पानोली ઇત્યાદિ." ]

મ્હેં પાછળ સૂચવ્યુંછે તેમ, अइ અને अउ અને अय् અને अव्નો ત્હમે ઉચ્ચાર કરી જોશો કે તરત જ ત્હમારી ખાતરી થશે કે વિવૃત ઉચ્ચાર अय् અને अव् માંથી જ નીકળી સકે. એક વધારે પુરાવો આપવા અર્થે હું ગુજરાતી શબ્દ तॅंનું ઉદાહરણ આપીશ; એ શબ્દ (સંસ્કૃત ततः[૨૫] માંથી) વિક્રમ સંવતના પંદરમા સૈકામાં ભાષામાં વપરાતા तउ શબ્દમાંથી નીકળ્યોછે, પણ આ तउ શબ્દ ઉત્તરકાલીન ગુજરાતીમાં तव રૂપે વપરાતો હતો અને હેનું પ્રતિબિમ્બ હિન્દી तवમાં જોવામાં આવેછે. આ પુરાવો નિઃસંશય संप्रसारणवादની વિરુદ્ધમાં જાયછે અને મ્હારા प्रतिसंप्रसारणवादનું દઢીકરણ કરેછે. આ ઉદાહરણ આ उत्सर्गना अर्धविवृत ઉચ્ચાર વિશેના અંશમાં આવવું જોઇયે, પરંતુ માત્ર प्रतिसंप्रसारणवादના વિશદીકરણ અર્થે જ અહિંયાં આપ્યુંછે.

કેટલાક પુરુષો પ્રશ્ન પૂછેછે કે: ( સં. वैरंને સ્થાને वइर, गौरवને સ્થાને गउरव ઇત્યાદિમાં) સંસ્કૃત ऐ અને औને બદલે પ્રાકૃત રૂપાન્તરોમાં अइ અને अउ લખાયછે તે, સાક્ષાત્પ્રચલિત ભાષામાં પ્રત્યક્ષ પ્રતિનિધિ વિનાનાં તદ્દન કૃત્રિમ રૂપો તો નહિં હોય? ઉત્તર સ્પષ્ટ છે. એ રૂપો કૃત્રિમ હોઈ સકે નહિં, અને છે પણ નહિં. કારણો નીચે પ્રમાણે:—

---

૨૫ ડૉ. સર રા. ગો. ભાંડારકર तॅंને ( સંસ્કૃત ) तावत् ( પ્રા. ) तावમાંથી વ્યુત્પાદિત કરેછે.–વિલ્સન વ્યુ. વ્યા. પૃ. ૧૧૬ મું જુવો. આ વ્યુત્પત્તિ વધારે સંભવિત હશે; मुग्धावबोध औक्तिकમાં ततः આપ્યોછે ( હ. હ. ધ્રુવ પ્રકાશિત ગ્રન્થમાં પૃ. ૧૭ મું કોલમ ૧ જુવો; तउ किसिउं । ततः किम्).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અइ અને अउ એ અવાન્તર ક્રમો કૃત્રિમ હોવાના આરોપનું નિરાકરણ.

(૧) કૃત્રિમતાનો ખ્યાલ ભાષાવિકાસના તત્ત્વને જ અનનુરૂપ છે;

(૨) પ્રાકૃત વ્યાકરણો કોઈ પણ અપ્રચલિત ભાષા વિશે લખાયાં હોય એમ દર્શાવનારું કાંઈપણ સાધન નથી.

(૩) वयर, वयरागी ઈત્યાદિ શબ્દો સાક્ષાત્ ઉપલબ્ધ થાયછે એ જ સૂચવેછે કે એ શબ્દોમાં પ્રથમ अइ હોવો જોઇયે, કારણ કે ऐ–औने સ્થાને એકદમ अय–अव આવી પડે એ અશક્ય છે.

(૪) વિવૃત ઉચ્ચારનું ઉપર આપેલું પૃથક્કરણ દર્શાવેછે કે ऐ અને औનો વિચ્છેદ થઇને અનુક્રમે अइ અને अउ અને એ આવશ્યક છે, અને એથી अનું સ્વરિતત્વ નિર્ણાયક તત્ત્વ બનેછે.

(૫) ऐ અને औ એ વસ્તુતઃ अइ અને अउ કરતાં વધારે કૃત્રિમ છે; ऐ અને औ સંધિસ્વર હોઈને નૈસર્ગિક સમાન સ્વરો હોવાનો દાવો વસ્તુતઃ કરી સકે નહિં; એક પક્ષે ऐ અને औ અને અન્ય પક્ષે अइ અને अउ, એ બે વચ્ચે તફાવત માત્ર અંગભૂત અક્ષરો अ અને इ કે अ અને उ વચ્ચે રહેતા કાલમાનનો જ છે; ऐ અને औમાં એ કાલરૂપ અન્તરાય અત્યન્ત અલ્પ છે,[૨૬] તેથી પાલી અને પ્રાકૃત બોલનારાએ ઉચ્ચાર

---

૨૬ ડૉ. સર ભાંડારકરે આ તફાવત હાવી રીતે દર્શાવ્યોછે:–" ઉપર કહ્યું તેમ, अइ અને अउ એ શ્રુતિયોનો ऐ અને औથી તફાવત એટલો જ છે કે હેમાં (=अइ–अउમાં) એકને બદલે બે ઉચ્છ્વાસક્રિયા થાયછે; બીજી રીતે તેઓ સરખા છે કારણ કે સંધિ-સ્વરોમાં બંને સ્વરો આવેલાછે."

(વિ. વ્યુ. વ્યા. પૃ. ૧૪૬–૭)

" अइ અને अउને ત્વરાથી એટલે કે બે તત્ત્વો વચ્ચે જરાપણ કાલ વીતેલો જણાય નહિં તેવી રીતે ઉચ્ચારિયે તેથી થતા ઉચ્ચાર જેવો જ સંસ્કૃત સંધિસ્વરોનો ઉચ્ચાર છે."

(પૂર્વોક્ત ગ્રન્થ, પૃ. ૪૩).

મિ. બીમ્સની ऐ–अइ અને औ–अउ એ ઉચ્ચારો વિશેની સ્વરૂપપરીક્ષા ભૂલ ભરેલી છે; કારણ કે ऐ અને अइ કે औ અને अउ વચ્ચે કાંઇ ભેદ જ નથી હેવો હેમનો ખ્યાલ જણાયછે. એઓ માનેછે કે પ્રાચીન હિન્દીમાં कैलासને બદલે काइलास, અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સરળ કરવાના હેતુથી ઐ–ઔના કાં તો ए અને ओ કે इ અને उ કર્યાં, અથવા તો અંગભૂત સાદા સ્વરો વચ્ચેનું કાલનું અન્તર વધારીને अइ અને अउ કર્યાં. જે મુસીબત સયુક્ત વ્યંજનોના ઉચ્ચારણમાં ત્હેમને નડી હતી અને જે દૂર કરવાને ત્હેમણે અન્ય ઉપાયો ઉપરાંત વિશ્લેષનો આશ્રય લીધો હતો, તે જ મુસીબત, કાંઈક ઓછા પ્રમાણમાં, ત્હેમને સંયુક્ત સ્વરોના ઉચ્ચારણમાં નડી (સંયુક્ત શબ્દ અત્ર જાણી જોઈને વાપર્યોછે), અને એ ટાળવાના ઉપાયો પૈકી હેમણે સ્વરસંધિનો વિશ્લેષ કરીને अइ અને अउ બનાવવાનો ઉપાય યોજ્યો.

*अइ અને अउ લિખિત પ્રાકૃત ગ્રન્થોમાં હતા પરંતુ બોલાતી ભાષામાં નહિ, હેવો રા. રા. કે. હ. ધ્રુવનો અભિપ્રાય.*

**રા. રા.** કેશવલાલ **હ.** ધ્રુવ હેવું માનેછે કે अइ અને अउ લિખિત ઉચ્ચ-કોટિક પ્રાકૃત ગ્રન્થોમાં દૃષ્ટિગોચર થતા, પરંતુ બોલાતી પ્રાકૃત ભાષામાં હેના અસ્તિત્વ વિશે એઓ શંકા દર્શાવે-છે. આ મત માટે કારણ હેમણે એટલું જ આપ્યું-છે કે ગુજરાતીમાં કેટલાક શબ્દોમાં ઐ-ઔ અદ્યાપિ જળવાઈ રહ્યાછે (જેમ કે સૈજપર, વૌઠા–હેમણે આપેલાં ગામનાં નામો–જેમાં હું છૈયૌ (છોકરો) અને મૈયૌ ઉમેરીશ) અને ગામડિયાઓને રાઇનો રૈ અને ન્હાઉંનો ન્હૌ ઉચ્ચાર કરવાની ટેવ હોયછે. (હેમનો વાગ્વ્યાપાર પૃ. ૮ મું જુવો). હું માનુંછું કે આ કારણ બહુ મજબૂત નથી. વાગ્વ્યાપારગત નિયમોની સતત પ્રવૃત્તિમાં વિચ્છેદ થાય તો એ નિયમો ટકી સકે જ નહિ હેવો સિદ્ધાંત તેઓ બાંધી બેઠાછે અને એ સિદ્ધાંત ઉપર હેમણે પોતાની દલીલ રચીછે; હેમની દલીલ હેવી લાગેછે કે જો ઐ–ઔનો સંસ્કૃતમાં ઐ-ઔ ઉચ્ચાર થતો હતો અને ગુજરાતીમાં પણ હાલ કેટલાક શબ્દોમાં ઐ–ઔ જોવામાં આવેછે તો પછી પ્રાકૃતમાં પણ એ ઉચ્ચારો હેવે જ સ્વરૂપે હોવા જોઇયે; અને જો अइ–अउ લિખિત ભાષામાં

*હેમની દલીલનું પરીક્ષણ અને પ્રત્યાખ્યાન.*

---

कयलास પણ, લખાયછે છતાં પણ સર્વત્ર ઉચ્ચાર कैलास જ થાયછે; તે જ પ્રમાણે कौन, कउन અને कवननी બાબતમાં પણ પોતે એમ માનેછે કે ઉચ્ચાર ફક્ત कौन જ થાય-છે. એ ઉચ્ચારોની ઉપર મ્હેં આપીછે તે અને ડૉ. સર રા. ગો. ભાંડારકરે આપી-છે તે પૃથક્‌ક્રિયા મિ. બીમ્સના મતની ભૂલ દર્શાવી આપશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દૃષ્ટિયે પડતા હોય તો એ રૂપો માત્ર લખવામાં જ વપરાતાં કૃત્રિમ રૂપો હોવાં જોઇયે; નહિં તો अइ-अउ એ રૂપો ઉચ્ચારસંપ્રદાયના સતત પ્રવાહનો વિચ્છેદ કરશે.[૨૭] હું માત્ર એટલું જ બતાવી આપીશ કે હેમણે માની લીધેલો સિદ્ધાંત તદ્દન આધારરહિત છે, અને હેનું મિથ્યાત્વ સિદ્ધ કરતાં, સાતત્યનો ચોખ્ખો વિચ્છેદ દર્શાવતાં, અનેક ઉદાહરણો વિદ્યમાન છે; જેમ કે, ळ વૈદિક સંસ્કૃતમાં હતો, અને ઉત્તરકાલીન સંસ્કૃતમાંથી લુપ્ત થયો હતો, પણ પાછો પૈશાચીમાં, પાલીમાં, બીજની ભાષાઓમાં, ગુજરાતીમાં અને મરાઠીમાં દૃષ્ટિગોચર થયોછે; તે જ પ્રમાણે સંસ્કૃતના ननो પ્રાકૃતમાં ण થાયછે તો પણ ગુજરાતીમાં કેટલાક શબ્દોમાં પાછો न આવી જાયછે (જેમ કે वर्हन, घर्न, तन, थान, नर्न ઇત્યાદિ; આ નિયમ વિશેનો આગળ ઉપર આપેલો उत्सर्ग જુવો.)

વાગ્વ્યાપારના નિયમોનું પ્રવૃત્તિસાતત્ય અવિચ્છિન્ન રહેલું જોઇયે હેવો હેમણે, ખોટા જ, સિદ્ધાન્ત માની લીધોછે.

વસ્તુતઃ પ્રાકૃત ભાષાઓ દ્વારા ગુજરાતીના વિકાસનો સમગ્ર ઇતિહાસ એ જ દર્શાવેછે કે જ્યહારે કેટલાંક વાગ્વ્યાપારગત લક્ષણો અમુક વિકારે પામેછે ત્યહારે એનાં એ લક્ષણો ગુજરાતીમાં અવિ કૃતરૂપે પણ પ્રવેશ કરેછે અને છેવટ, જો હેવા ફેરફાર સાક્ષાત્ ભાષામાં થયા ન હોય તો વૈયાકરણો સંસ્કૃત ऐ-औના પ્રાકૃતમાં अइ-अउ થતા દર્શાવનારાં ખાસ સૂત્રો શા માટે રચે એ સમઝવું અશક્ય છે. अइ અને अउ એક વખત ભાષામાં હયાત હતા એ મતના સમર્થનમાં મ્હેં આપેલાં કારણો, વિશેષતઃ विश्लेष ક્રિયામાં રહેલી સગવડ એ કારણ, વિરુદ્ધ પક્ષની દલીલોના કરતાં મ્હને બલવત્તર લાગેછે.

મ્હારા મતનું સમર્થન કરતી એક અલ્પ સૂચના પ્રાકૃત વ્યાકરણમાં છેઃ સંબોધનાર્થે ઉદ્‌ગારદર્શક અવ્યય (સં.) अयिનું પ્રાકૃતરૂપ વિકલ્પે ऐ અને अइ

---

૨૭ "ऐ-औ ને प्राकृतमांथी वैयाकरणीए बातल करेला छे. शिष्ट प्राकृतमां संस्कृत ऐ-औने ठेकाणे अइ-अउ एवी जोडणी मळी आवेछे. परंतु लोकनी बोलीमां एवी पृथक्कृति थई नहिं होय, एटले के अै-औ ते अै-औ रूपे अपृथकृत बोलाता हशे. एम न होय तो सै औ सैजपर बौठा जेवा सादा चालु शब्दोमां अै-औ नो उच्चारसंप्रदाय विच्छिन्न मानतां शी रीते जळवाई रहे? वळी राइने ग्राम्य वर्ग रै, न्हाउं ने न्हौ बोले छे तेमां वृद्धियुग्म अस्थाने पण देखा दे छे; ते लोकमार्गीमां अै-औ ना शुद्ध उच्चार जळवाया-नी साक्षी पूरेछे."

(वाग्व्यापार पृष्ठ ८)

આ ઉતારા ઉપરથી જણાશે કે રા. રા. કે. હ. ધ્રુવે પોતાનો મત ઉચ્ચારસંપ્રદાયના સાતત્યની માન્યતાએ બાંધ્યોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થાયછે (સિ. હે. ૮-૧-૨૬૬). હેમચન્દ્રે (સં.) अयिना પ્રાકૃતરૂપમાં ऐ અને अइ હેવો વિકલ્પ દર્શાવ્યોછે અને तदर्थे-પ્રાકૃતમાં ऐ (કે औ) ન હોવાથી આ એકપૂરતા અપવાદની ખાતર-એક ખાસ સૂત્ર રચ્યુંછે; હવે જો વસ્તુસ્થિતિ મ્હેં વર્ણવીછે હેવી નહોત તો હેમચન્દ્રને હાવું કરવાની કાંઈપણ આવશ્યકતા રહેત જ નહિં. તે ઉપરાંત, મ્હેં બતાવી આપ્યુંછે તેમ, સંહિતાત્મક સ્વરો કરતાં વિશ્લિષ્ટ સ્વરોનું ઉચ્ચારણ વધારે સરળ છેઃ આ સરળતાથી આકર્ષાઈને પ્રાકૃત બોલનારાઓ સાક્ષાત્ બોલાતી ભાષામાં अइ અને अउ વાપરવા લાગ્યા. અત્યારે પણ આ વલણ પારસીઓની અસરવાળા છાપખાનાના કૉમ્પોઝિટરો અને છાપનારાઓમાં જોવામાં આવેછે; કારણ કે મૂળ પ્રતમાં મ્હેં गौरव ઇત્યાદિ લખીને આપ્યું હોય છતાં પણ તેઓ મ્હને गउरव ઇત્યાદિ છાપીને આપેછે.

એક અધિક પુરાવો ઉમેરીશઃ-

ધનદેવગણિયે વિ. સં. ૧૫૦૨ માં લખેલા નેમિનાથ-फाग નામના ગ્રન્થને અન્તે આ શ્લોક આવેછે;-

सामी केवल कामिनी करि धरी राजीमती नादरी
सा सारी निजकाज राजकुमरी मुगतिइ गइ सावरी ।
जे रेवइगिरिराय ऊपरि गमइ श्रीनेमिपाये नमइ
ते पामइ सुखसिद्धि रिद्धिहि रमइ श्री शाश्वती भोगवइ ॥

અહિંયાં છન્દના નિયમ પ્રમાણે गइने સ્થાને गै, रेवइ ને સ્થાને रेवै गमइ ને સ્થાને गमै, नमइ ને સ્થાને नमै, पामइ ને સ્થાને पामै, रमइते સ્થાને रमै અને भोगवइने સ્થાને भोगवै જોઈયે; અને છતાં પણ કર્તા अइને વળગી રહ્યોછે. આ આગ્રહ શિષ્ટપ્રયોગનું અનુરોધન નથી સૂચવતો પરંતુ ભાષાના સાક્ષાત્ પ્રચારનું અનુવર્તન દર્શાવેછેઃ હેનો વિશેષ પુરાવો એ છે કે પંક્તિ ૨ માં मुगतिइ શબ્દમાં છન્દના નિયમની અવગણના કરીને પણ ग. અને ति અલગ રાખ્યાછે, અને એ જોડણી બોલાતા શબ્દનું જ પ્રતિબિંબ છે એ સ્પષ્ટ છે. હું કબૂલ કરૂંછું કે આ શ્લોકમાં अइ છે તે अति ઇત્યાદિમાંથી નીકળેલોછે, અને (સં. वैरमांथी वइरमां છે ત્હેવો) સંધિસ્વર ऐમાંથી નીકળેલો નથી. છતાં પણ, મ્હારી દલીલ હાવી છેઃ કોઈ એક મૂળમાંથી ઉદ્ભવેલો अइ એ રૂપે હયાત હોવાનો જો એક દાખલો હોય, તો અન્ય પ્રસંગે એટલે કે ऐના વિકારરૂપે એ વિદ્યમાન ન હોય એમ માનવાનું કાંઈ પણ પ્રયોજન નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ વ્યાખ્યાનમાં પ્રતિપાદિત કરેલા મતમાં ઉચ્ચારશાસ્ત્રોચિત સત્ય અને લાઘવ (બીજલાઘવ) બંને જળવાઈ રહેછે.

છેવટ હું એટલું કહીશ કે अइ અને अय અને अउ અને अव એ સર્વને ए અને ओના વિવૃત ઉચ્ચારના મૂળ તરીકે સ્વીકારવાને બદલે માત્ર अय અને अवને જ હેના મૂળ તરીકે સ્વીકારવામાં આવે તો ૩ જા વ્યાખ્યાનમાં મ્હેં ચર્ચેલો બીજલાઘવનો નિયમ જળવાયછે. આ લાભ કાંઈ ન્હાનો નથી; અલબત્ત ઉચ્ચારશાસ્ત્રના સત્યનું અનુરોધન એ પ્રથમ સરત છે, અને એ હામાં જળવાઇછે.

अइ અને अउના વિવૃત ॲ અને ऑ ન થતા હોય હેવાં ઉદાહરણો.

હવે જેમાં अइ અને अउ ના વિવૃત ॲ અને ऑ થવાને બદલે ગુજરાતીમાં ऐ અને औ થાયછે, અથવા તો अइ અને अउ જ રહેછે, હેવાં કેટલાક ઉદાહરણો આપુંછું.

ઉદાહરણોઃ—

ऐ કે अइ

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
|---|---|---|
| हृदयकं | हिअअउं | हैयुं કે |
| | हइअउं हइउं | हइयुं |
| चैत्र | (પરભાર્યો; પ્રાકૃતદ્વારા નહિં) | चैतर કે चइतर |
| शतकं | सय(कं) | सइकुं કે सैकुं |

औ કે अउ

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
|---|---|---|
| चतुर्दश | चउद्दह | चौद કે चउद |
| सर्व | सव्वो | |
| | सव–सउ | सौ |

અહિંયાં પણ સ્વરભાર એ નિર્ણાયક તત્ત્વ છે.

આ શબ્દોમાં अइ અને अउ ના વિવૃત ॲ અને ऑ થતા અટકાવનાર કારણની કે કારણોની તપાસ કરવી રસદાયી થશે. આપણને અવકાશ પૂરતો નથી, પરંતુ હવે ત્હમે જોઈ સકશો કે લગભગ સર્વ શબ્દોમાં સ્વરિતત્વ એ જ નિર્ણાયક કારણ છે. જ્યહાં હેની પ્રવૃત્તિ જોવામાં ન આવે ત્યહાં બીજું કાંઇ પણ કારણ ચોક્કસ મળી આવશે; જેમ કે, सौ શબ્દમાં હેને सॉ (= शतं) શબ્દથી અસંદિગ્ધ રાખવાની સ્વાભાવિક અને અજાણ્યે જ પ્રવર્તતી ઇચ્છાને પરિણામે વિવૃત ऑ આવતો અટકેછે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિવૃત ઉચ્ચારના બીજા કેટલાક દેખીતા અસાધારણ પ્રકારો છે તે હું અહિંયાં દર્શાવુંછું;

વિવૃત ઉચ્ચારનાદેખીતા અસાધારણ પ્રકારનાં ઉદાહરણો.

अॅ

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
|---|---|---|
| बितस्तिः | विहत्थि | व्हॅत्य |
| सीमन्तकः | सीमंतउ-सीअन्तउ | सॅंथे |
| कटिः | कडी | कॅड्य |
| | | (અર્થ ફરી જાયછે) |
| तटी | तडी | तॅड्य |
| गंडक | गंडउ | गॅंडो (એ નામનું પ્રાણી) |
| सरी | सरी | सॅर्‌य |
| | | (=પ્રવાહની ધાર; હારની સૅર્‌ય) |
| पिण्डकः | पंडिउ | पॅंडॉ |
| कन्दुकः | गेंदुओ | गॅंद |
| चिन्हं | | चॅंन |
| ऑ– | | |
| प्रहर | पहरु प्हअरु | प्हॉर |
| नखर | नहरु न्हअरु | न्हॉर |
| महार्घकं | महग्घउं म्हअग्घउं | मॉंघुं |
| शतं | सअं | सॉ |
| | | (वसॅं, त्रणसॅं ઇત્યાદિમાં सॅं છે; सॉ પણ છે, वसॉ, त्रणसॉ ४. |
| मुखं | मुहं | म्हॉं |
| मुखककं | मुहडउं म्हुअडउं म्हउडउं | म्हॉडुं |
| गुरुः | गुरु | गॉर |
| गुडः | गुळु | गॉळ |
| उषा | (પરભાર્યો) | ऑखा |
| सूचिः | सूई | सॉय |
| | (देश्य) कोइलउ | कॉयलो |
| | ,, ओसरिआ | ऑशरी |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| कोकिल | कोइला | कॉयल |
| उद्धवः | उद्धवु | ऑधव |
| मृत्युः | मुत्तु | मॉत |
| प्राघूर्णकः | प्राहुण्णउ | प्हॅरॉणो |
| स्वर्घकं | सुग्घउं | सॉंघुं |
| कुद्दालकः | कुद्दालउ | कॉदाळो |
| | (देश्य) ओक्किअउं | ऑक्युं |
| | | (=વમન કરી કાઢયું) |

આ ઉદાહરણોને તપાસીશું તો વિવૃત ઉચ્ચારનો ખુલાસો પ્રાયઃ મળી જશે. જેમ કેઃ–विहत्थी, मुहुं અને मुहडउंનાં અન્ય उत्सर्गनी પ્રવૃત્તિ થતાં એટલે કે हનો આદ્ય અક્ષર તરફ પરાક્ષેપ થતાં व्हिअत्थी, म्हुअं અને म्हुअडउं હેવાં રૂપાન્તરો બનેછે; ત્હાર પછી એ રૂપાન્તરોમાંનાં તેમ જ सीमंतउनાં રૂપાન્તર सीअंतउमांનાં इअ કે ईअ અને उअ એ સ્વરયુગ્મોના અંગભૂત સ્વરોનો व्यत्यय થવાથી अइ અને अउ એ સ્વરયુગ્મો પ્રાપ્ત થાયછે; અને ત્હાર પછી अय् અને अव् થઇને વિવૃત ઉચ્ચાર નીવડેછે. (सीअंतउ–सइंतउમાં અનુસ્વાર કોમળ થઈ જાયછે, અને व्हिअत्थी-व्हइत्थीમાં રહેલા સબળ સંયોગનું એક અંગ લુપ્ત થતાં એકલો थ બાકી રહેછે (અને હેનો પણ, હેના મહાપ્રાણત્વનો નાશ થતાં, त બનેછે), પરંતુ (બીજાં અનેક ઉદાહરણોમાં બનેછે તેમ) પૂર્વસ્વર દીર્ઘ થતો નથી.

**અસાધારણ વિવૃત ઉચ્ચારનો ખુલાસો**

कटि–तटी[२८]–गंडो–सरी–गुह–गुड હેમાં આદ્ય શ્રુતિના अ પછી, યથાવકાશ इ કે उનો, કાંઇક અસાધારણ પ્રક્ષેપ થાયછે, અને उषाना उनी પૂર્વે હેવી જ રીતે अनो પ્રક્ષેપ થાયછે; અને એ પ્રમાણે વિવૃત ઉચ્ચાર માટે જોઈતી સામગ્રી પૂરી પડેછે. કાંઇક હાવું અનુમાન કર્યા શિવાય વિવૃત ઉચ્ચારનો ખુલાસો આપી સકાતો નથી.

હેવા જ અસાધારણ પરંતુ ભિન્ન પ્રકારનો વિકાર सूई, कोइलउ, कोइला અને ओसरिआ શબ્દોમાં બનેછે; ત્હાં પ્રથમ અક્ષરમાં રહેલા ऊ અને ओनો ગમે તે કારણે अउ થાયછે, અને એથી વિવૃત ઉચ્ચાર માટેની સામગ્રી પ્રાપ્ત થાયછે.

---

૨૮ तडिय શબ્દની બાબતમાં इनो પ્રક્ષેપ માન્યા વિના ખુલાસો આપવો શક્ય છે. अभूतोपि क्वचित् રકાર પ્રવિષ્ટ થાયછે, અને तटीनुं त्रटी થઈને तरडी–तरड्य–तयड्य–तड्य હેવા રૂપાન્તરો બનેછે. (અદ્યાપિ तडिय (=ફાટ) અર્થે तरड–तयड શબ્દો વપરાયછે; કોઈ વસ્તુમાં ફાટ પડે ત્હારે હેમાં બે तट ઉત્પન્ન થયા હોય એમ લાગેછે.) कटीनी બાબતમાં પણ આગન્તુક रनी સહાયતાથી હાવો જ ખુલાસો ન આપી સકાય?



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

प्रहर ( पहरु–म्हअरु ), नखर ( नहरु–न्हअरु ), महार्घकं (महग्घउं–म्हअग्घउं ) એ શબ્દોમાં મધ્યવર્તી સ્વરયુગ્મ अअનો હેવી જ રીતે अउ થતાં વિવૃત ऑને માટે દ્વાર ખુલ્લું થાયછે.

છેવટ पिण्ड, चिन्ह, उद्धव, मृत्यु, कुद्दालक, स्वर्णक ( सुग्घउं ), प्राघूर्णक (पाहुण्णउ) એ શબ્દોમાં, પ્રથમ હ્રસ્વ इ અને હ્રસ્વ उની પછી સંયોગ આવ્યો હોય તો इ અને उને સ્થાને યથાક્રમ ए અને ओ આવે (सि. हे. ૮–૧–૮૫ અને ૮–૧–૧૧૬ ) એ નિયમની પ્રવૃત્તિ થતાં, પ્રથમ તો ए અને ओ પ્રાપ્ત થાયછે; એટલું લક્ષમાં રાખવાનું છે કે આ ए અને ओ તે પાલી અને હેના જેવી પ્રાકૃત ભાષાઓમાંના હ્રસ્વ ए અને ओ છે અને એ હ્રસ્વ ए–ओ તત્ત્વતઃ અને ઉચ્ચાર-દૃષ્ટિએ વિવૃત ઉચ્ચારથી ભિન્ન હોવા છતાં પણ એક પ્રકારે હેના સરખા જ છે. અને એ સાદૃશ્યને પ્રસ્તુત શબ્દોના ગુજરાતી વિકારોમાં રહેલા વિવૃત ઉચ્ચારનું કારણ માની સકાય. ओक्किअउंમાં સંયોગને લીધે ओ ઉપર દર્શાવેલું હ્રસ્વ રૂપ પામતો લાગેછે અને ત્યહાર પછી હેને પણ ઉપરઆપેલો ખુલાસો લાગુ પડેછે; અથવા તો એ શબ્દમાં ओ છે ત્હેને પ્રથમથી જ પાલીભાષાનો હ્રસ્વ ओ માનવો એ વધારે સારૂં છે.

હવે વિવૃત ॲ અને ऑ વિશેના उत्सर्गની વ્યાખ્યાનો અપરાર્ધ (ख), એટલે કે અન્ત્ય अइ અને अउનો અર્ધવિવૃત ઉચ્ચાર બનવા વિશેનો અંશ, લઇયે. એ ઉચ્ચારને અર્ધવિવૃત કહેવામાં જે વિશેષાર્થ હું દર્શાવવા ઇચ્છુંછું તે સંક્ષેપમાં સમઝાવીશ. મધ્યવર્તી अइ–अउને સ્થાને જે વિવૃત (ॲ–ऑ) ઉચ્ચાર આવેછે તે, શબ્દમાંના અધિકતમ શ્રાવ્યતાવાળા મધ્યભાગરૂપ પ્રધાનતમ સ્થાનને લીધે, સુવ્યક્ત અને સંપૂર્ણ રીતે વિવૃત બનેછે; અને અન્ત્ય अइ–अउને સ્થાને આવતા ए–ओ, શબ્દના ઉચ્ચારણના અવરોહને અંતે હોવાથી, મધ્યવર્તી વિવૃત ઉચ્ચાર કરતાં સ્વાભાવિક રીતે ઓછા વિવૃત હોયછે.

અર્ધવિવૃત અને વિવૃત ઉચ્ચારનો તફાવત.

આ અર્ધવિવૃત ઉચ્ચારનાં ગુજરાતીમાં પુષ્કળ ઉદાહરણો છેઃ–

અર્ધવિવૃત ઉચ્ચારનાં ઉદાહરણો.

| પ્રા. કે અપ. (ઉત્તરકાલીન અપ૦ પણ ખરી.) | ગુજ. |
|---|---|
| छइ | छॅ |
| करइ | करॅ |
| अनइ | अनॅ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| तउ | तॅा |
| करउ | करॅा |
| घोडउ | घोर्डा |

સંક્ષેપમાં કહિયે તો, ક્રિયાપદોના વર્તમાનકાળમાં ત્રીજા પુરુષનાં એકવચનનાં રૂપોનો અન્ત્ય ए, અને ઓકારાંત નામો કે વિશેષણોનાં નરજાતિનાં પ્રથમા એકવચનનાં રૂપોનો અન્ત્ય ओ, અને ક્રિયાપદોનાં આજ્ઞાર્થ ત્રીજા પુરુષ એક વચનનાં રૂપોનો અન્ત્ય ओ, એ સર્વનો તેમ જ અન્ય શબ્દોના કે રૂપોના અન્ત્ય ए–ओनो અર્ધવિવૃત ઉચ્ચાર થાયછે;

ગુજરાતી ઉચ્ચાર–શાસ્ત્રીઓ અને આ વિવૃત ઉચ્ચાર.

હવે આપણે ગુજરાતી ઉચ્ચારશાસ્ત્રના ક્ષેત્રના અન્ય અન્વેષકોએ આ વિવૃત ऍ અને ऑનું નિરૂપણ કર્યુંછે કે નહિ, અને કર્યુંછે તો શું કર્યુંછે, એ વિશે વિચાર કરિયે. હું નિશ્ચિત કરી સકયોછું ત્યહાંસૂધી તો વ્રજલાલ શાસ્ત્રીએ આ ઉચ્ચારનો ઉલ્લેખ કર્યો નથી જણાતો, તો પછી હેની પૃથક્કૃતિ ક્યહાંથી જ કરી હોય. આ ઉક્તિ હેમના પ્રકાશિત થયેલા ગ્રન્થોને અનુલક્ષીને જ કરવામાં આવીછે. પરંતુ વિ. સં. ૧૯૪૨ના ભાદ્રપદ સુદિ ૧૫ ને દિને મ્હને લખેલા ખાનગી પત્રમાં, એ વિશે મ્હેં કરેલા પ્રશ્નના ઉત્તરમાં, તેઓ આ ઉચ્ચારનું અસ્તિત્વ સ્વીકારેછે, હેને (कंठतालव्य કે कंठौष्ठ्य ને બદલે) शुद्ध कंठय કહેછે, હેનાં ઉદાહરણો આપેછે, પ્રાકૃત કે પ્રાચીન ગુજરાતી વ્યાકરણોમાં આ ઉચ્ચારનો ઉદ્‌ભવ નથી ચર્ચ્યો એમ કહેછે, અને, હેમને એક મારવાડીએ એક વખત બતાવેલી पृथुराज रासानी જૂની પ્રતને અનુસરીને, ગુજરાતીમાં આ વિવૃત ઉચ્ચાર દર્શાવવાને અવળી માત્રા વાપરવાની ભલામણ કરેછે. હેમના પત્રમાંથી કેટલોક અંશ નીચે ઉતાર્યોછે:—

(૧) વ્રજલાલ શાસ્ત્રી

"ए, आ अक्षर कंठतालुस्थान छे. पण गूर्जर भाषामां केटलाएक शद्बोमां केवळ कंठ्य बोलाय छे. तेमज ओ अक्षरनुं कंठोष्ठ स्थान छे पण गूर्जर भाषामां केटलाएक शब्दोमां केवळ कंठ्य वोलाय छे. उदाह्रण ए खरो–ॲखरो (आ चोमासामां कांटावाळुं नानुं झाड थाय छे). गेरु–गॅरु. खेर; खॅर (एक झाड छे) खदिर=खइर= खॅर. वेर=वॅर, झॅर, तेमज कोठी, कॉठी. कोमल, कॉयल, शॉख, झॉड, गोळ, गॉळ, बॉळ (बलबीजनुं झाड), रॉळ, खॉळ, ऑखामंडळ, ऑझड (एक मागण छे). केवळ कंठयनुं चिह्न अवळी मात्रा लखाय तेनुं कारण प्राचीन गूर्जर व्याकरणमां नथी तेम प्राकृतमां पण नथी. एक वहीवंचो मारवाडी भाट मळयो हतो तेनी पासे मारवाडी भाषावाळो पृथ्वीराजनो रासो हतो तेमां आ प्रमाणे लखेलुं हतुं. मकरंवरा मकवाणरां हॅाय नित जुद्ध हमेश. पछी ते भाटने में पूछयुं त्यारे तेणे

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कहुं क अमारां जेटलां पुस्तक छे तेमां ए अने र्ऍ अने ओ अने ऑ एम उच्चार बदलाय छे त्यारे अवळी मात्रा लखाय छे. हवे आपणे पण एज रीति राखवी एवुं मारुं मत छे."

શાસ્ત્રીએ અહિંયાં સૂચવેલી એ ઉચ્ચારની સંક્ષિપ્ત અને પ્રાસંગિક પૃથક્ક્રિયા માત્ર એકાંશે ખરી છે; કંઠસ્થાન વસ્તુતઃ अय् અને अव् ના અંતે લીધે છે એટલાપૂરતું હેમાં સત્ય છે; પરંતુ વિવૃત ઉચ્ચારની ઉત્પત્તિના કારણભૂત य् અને व-રૂપી એટલાંજ ઉપયોગી તત્ત્વોનું હેમાં દર્શન થયું નથી. खैरने खइर દ્વારા વ્યુત્પાદિત કરવામાં શાસ્ત્રીએ પગેરું સાચું લીધુંછે, પરંતુ પદપંક્તિને મૂલપર્યન્ત બરાબર જોઈ સક્યા નથી.

(૨) કવિ નર્મદાશંકર; વિવૃત ઉચ્ચારના હેમણે આપેલા ખુલાસાની ગુણ દોષ પરીક્ષા

કવિ નર્મદાશંકરે આ વિવૃત ઉચ્ચારને હેમના નર્મ–કોશની પ્રસ્તાવનામાં વર્ણવ્યોછે, પરંતુ હેના ઉદ્ભવનો ખુલાસો આપવામાં એ તદ્દન ખોટે માર્ગે ચઢી ગયાછે. कर ઇત્યાદિ શબ્દોમાં રહેલા ह્ને, અથવા તો ઉચ્ચારદોષને, હેમણે વિવૃત ઉચ્ચારનું કારણ માનેલછે.[૨૯] પરંતુ હેમણે આપેલાં ઉદાહરણોની લાંબી યાદી તરફ દષ્ટિ નાખવાથી જ, અને પૂર્વગત ચર્ચામાં મ્હેં આપેલા પૃથક્કરણના અને વાગ્વ્યાપારના ઇતિવૃત્તના પ્રકાશમાં હેમનો મત તપાસી જોવાથી તરત જ જણાશે કે કવિ લક્ષ્ય ચૂકયાછે.

(૩) નવલરામ

નવલરામ લક્ષ્મીરામે વિવૃત ઉચ્ચારને સ્વીકાર્યોછે, પરંતુ એ કેમ અને ક્યહાંથી ઉત્પન્ન થયો એ વિશે અન્વેષણ કરવાનો યત્ન જ નથી કર્યો.[૩૦]

(૪) રા. રા. કે. હ. ધ્રુવ

રા. રા. કેશવલાલ હ. ધ્રુવે (प्हेली गुजराती साहित्य परिषद् समक्ष પોતે વાંચેલા) वाग्व्यापार નામના ઉપયોગી લેખમાં આ ઉચ્ચાર વિશે ચર્ચા કરીછે અને હેની ઉત્પત્તિ વિશે પોતાના મતનો પુરસ્કાર કર્યોછે. એ હું અહિંયાં સંક્ષેપમાં આપીશ અને હેની પરીક્ષા કરીશ.

વિવૃત ઉચ્ચારના ઉદ્ભવ વિશે હેમનો અભિપ્રાય

આ ઉચ્ચારનાં ઉદાહરણોના હેમણે બે વર્ગો પાડ્યાછે. (૧) स्वतःसिद्ध, એટલે મૂળથી જ વિદ્યમાન, અને (૨) साधित, એટલે વાગ્વ્યાપારગત વિકારો દ્વારા પ્રાપ્ત. વિદેશીય ભાષાઓમાંથી આવેલા गवि ઇત્યાદિ શબ્દોમાં स्वतःसिद्ध વિવૃત ઉચ્ચાર છે, અને वर, चौक ઇત્યાદિ શબ્દોનો વિવૃત ઉચ્ચાર સાધિત છે એમ

---

૨૯ નર્મ–કોશની પ્રસ્તાવના, પૃષ્ઠ. ઊ.

૩૦ નવલગ્રંથાવલી, ભાગ ૩ પૃ. ૧૪૪ જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેઓ માનેછે. વર્ગ (૨) માં રહેલા વિવૃત ઉચ્ચારનાં તેઓ નીચે પ્રમાણે કારણો દર્શાવેછેઃ—

(૧) કોઈવાર એ સંયોગલોપને પરિણામે આવેછે; માત્રાની સંખ્યામાં પડેલી ખોટ પૂરી આપવા માટે સ્વરને વિવૃત કરવામાં આવેછે; જેમ કે पइट्ठो;-पॅठो; वहिल्लं-व्हॅलुं; चतुष्क-चउक्क-चॅांक;

(૨) ક્વચિત્ કોમળ અનુસ્વારના આગમથી ઉચ્ચાર વિવૃત બનેછે; જેમ કે फॅंट खॅंच; वर्गण; पॅंक; चॅंक;

(૩) કોઈક વખતે પાછળ આવતો અનુનાસિક વ્યંજન વિવૃત ઉચ્ચારની ઉત્પત્તિમાં સહાયક બનેછે; જેમ કે नॅण; कॅम; दॅन; मॅम; दॅणी; रॅन; ઇત્યાદિ.

(૪) ક્વચિત્ પૂર્વોક્ત કારણ નથી હોતાં, પણ એક શબ્દને સમાનરૂપ પણ સંવૃત ઉચ્ચારવાળા અને ભિન્ન અર્થવાળા અન્ય શબ્દથી અસંદિગ્ધ રાખવા ઉચ્ચાર વિવૃત કરવામાં આવેછે; જેમ કે करे હાથવડે, कॅर; गोळ, गॅाळ (શેરડીનો); मोर, मॅार (આંબાનો); कोठी, कॅाठी (કોઠનું ઝાડ). આ ક્રિયાને હેમણે विवृतविधान નામ આપ્યુંછે (वाग्व्यापार પૃ. ૮ અને પૃ. ૧૦).

હવે આપણે હેમના અભિપ્રાયો તપાશિયે. પ્રારંભમાં હું હેની સમગ્રરૂપે ટીકા કરવાની હિમ્મત કરીશ; એ અને ઓ વિવૃત થવાની આ ક્રિયા કેમ જાણે કે એક અત્યન્ત અનિયત ઘટના હોય, અને હેના ઉદ્ભવનાં નાના પ્રકારનાં અને દેખીતી રીતે ઢંગધડા વિનાનાં કારણો સ્વચ્છન્દે દર્શાવવાનાં હોય, હેવી રીતે રા. રા. કેશવલાલ ધ્રુવે હેની પૃથક્ક્રિયા કરીછે. ટૂંકામાં કહિયે તો એ बीजलाघवથી રહિત છે અને એટલે દરજ્જે અશાસ્ત્રીય છે. મ્હેં આપેલી પૃથક્ક્રિયામાં સર્વે શક્ય પ્રકારોનો એક જ સર્વસાધારણ બીજભૂત, अय् અને अव्‌ની પ્રાપ્તિરૂપ, નિયમ દર્શાવ્યો છે, અને એ નિયમની અંદર પરભાષાના શબ્દોનો સંગ્રહ થઈ સકેછે. તે ઉપરાંત હેમની કલ્પના ઉચ્ચારના વિકાસને અનુસરતી નથી.

*રા. રા. ધ્રુવના મતની પરીક્ષા; એ બીજલાઘવ રહિત છે, અને ઉચ્ચાર દૃષ્ટિયે અયથાર્થ છે.*

હવે હું રા. રા. કેશવલાલના અભિપ્રાયોમાંથી પ્રત્યેકને છૂટો લઇને તપાસીશ.

गॅब ઇત્યાદિ વિદેશીય શબ્દોના વિવૃત ઉચ્ચારને હેમણે स्वतःसिद्ध કહ્યોછે, પરંતુ વસ્તુસ્થિતિ હેવી છે કે અરબી અને ફારસીમાં શબ્દ गॅब નથી પણ गयब છે; અને હેમાં રહેલા अय् ઉચ્ચારમાંથી આપણો ગુજરાતી વિવૃત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉચ્ચાર નીકળ્યોછે. આ પ્રમાણે स्वतःसिद्ध વિવૃત ઉચ્ચાર વિશેનું કથન વસ્તુસ્થિતિ જોતાં અયથાર્થ છે.

હવે, હેમણે આપેલા साधित विवृत ઉચ્ચારના ચાર પ્રકારો લઇયે:—

(૧) આ વર્ગમાંનાં ઉદાહરણો માટે જે કારણો દર્શાવવામાં આવ્યાંછે તે અયથાર્થ છે. સંયોગલોપથી થતી માત્રાહાનિનો પ્રતીકાર પૂર્વસ્વરના દીર્ઘત્વથી આપોઆપ થશે; ए કે ओના વિવૃતત્વથી વસ્તુતઃ કાંઇ પણ પ્રતીકાર થાય નહિં; કારણ કે पइठ्ठोમાં પાંચ માત્રાઓ છે અને पॅठोમાં ચાર જ છે. વળી, पइठ्ठो શબ્દ સંયોગલોપનું ઉદાહરણ ગણાય; પણ એ પદ્ધતિયે पॅसे (पइसइ)ના વિવૃત ॲનો ખુલાસો શો આપશો? પરંતુ સંયોગલોપ અને હેને પરિણામે થતા માત્રાપરિપૂરણનો નિયમ અહિંયાં અવકાશરહિત છે. રા. રા. કેશવલાલે આપેલા બીજા ત્રણ વર્ગોમાં પણ पॅसेનો સમાવેશ નથી થતો. તે જ પ્રમાણે वहॅलुं (વસ્તુતઃ व्हॅलुं) શબ્દમાં ચાર માત્રા છે અને चॉकमां ત્રણ છે, પણ वहिलंमां પાંચ અને चउक्कमां ચાર માત્રાઓ છેઃ આ પ્રમાણે, માત્રાસંખ્યાની પરિપૂર્તિ એ કેવળ ભ્રાંતિ છે.

(૨) અહિંયાં પણ કોમળ અનુસ્વારને પ્રમાદથી જ વિવૃત ઉચ્ચારનું કારણ માન્યોછે. પ્રથમ તો કોમળ અનુસ્વારને કારણે હાવું પરિણામ શા માટે આવે એ જ દુર્ગમ છે. વિવૃત ઉચ્ચાર અને કોમળ અનુસ્વારની સહવૃતિ છે એ નિઃશંક છે;–संवृत ए-ओ અને કોમળ અનુસ્વારનો યોગ દુર્લભ છે. પરંતુ રા. રા. કેશવલાલે આપેલાં પાંચ ઉદાહરણોમાંનાં વધારે નહિં તો ત્રણમાં તો વિવૃત ઉચ્ચારનો મ્હેં આપેલો ખુલાસો લાગૂ પડેછે. જેમકે, वॅंगण [૩૧](देश्य) वइंगणમાંથી આવ્યોછે; पॉंक એ (પ્રા.) पहुंक (સં.) पृथुकમાંથી (पहुंक દેશ્ય હોય કે પ્રાકૃત[૩૨] હોય); વધારાના શકય અને અપેક્ષિત ક્રમો पहुंक–व्हउंक–व्हवँक હેવા છે; અને चॉंक (સં.) चमत्क (પ્રા.) चमक्क, चवँक માંથી આવ્યોછે [समर्पयति–समप्पेइ–सवँपइ–सॉंपे હેનો મુકાબલો લાભકારક થશે]. હાવી રીતે, अय् અને अव् તત્ત્વો અહિંયાં પણ પ્રાપ્ત થાયછે.

---

૩૧ देशीनाममाला, ૬–૧૦૦ જુવો. ત્હેમાં મંડનનો અર્થ શ્લોકમાં वइंगण અને વૃત્તિમાં वृन्ताकम् આપ્યો છે, ૭–૨૯ સ્થાને वंगनो અર્થ શ્લોકમાં वाइंगण અને ટીકામાં वृन्ताकम् આપ્યોછે.

૩૨. देशीनाममाला, ૬–૪૪ જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૩) અહિંયાં દર્શાવેલું કારણ દેખીતી રીતે ખોટું અને તરંગી છે. र्नण અને दॅणी (दोहनी, दूहउणी)માં રહેલો અય્ કે અવ્ એ જ વિવૃત ઉચ્ચારનું કારણ છે એ સ્પષ્ટ છે; मॅाम (જો मीण અર્થમાં હોય તો,) ફારસી મૂમમાંથી નીકળ્યોછે (હિંદુસ્તાનમાં મૂમનો मॅाम ઉચ્ચાર થાયછે); અને (જો રૅનથી "round" (राउन्ड)નું ભ્રષ્ટરૂપ વિવક્ષિત હોય તો) रॅन શબ્દના મૂળ શબ્દ 'round'માં अउ ઉચ્ચાર આવેલોછે. જો दॅन શબ્દ શવના અગ્નિ-સંસ્કાર અર્થે (બહુશઃ કાઠિયાવાડમાં) વપરાતો શબ્દ હોય તો એ दहन શબ્દ-માંથી दूहयण-दूहयण–दयन એ ક્રમો દ્વારા નીકળ્યોછે. 'મકદૂર' એટલે હિંમત અર્થમાં એ શબ્દ વિવક્ષિત હોય તો એ ભાગ્યે જ શિષ્ટ પ્રયોગ ગણાય; તે ગમે તેમ હો, પણ હું હેની વ્યુત્પત્તિથી અજ્ઞાત છું; પછી, दहनનો દહનશક્તિ, પ્રતાપ (=સામર્થ્ય), અને એ ઉપરથી હિંમત, હેવો અર્થ હોવાનું મ્હારું અનુમાન સ્વીકાર્ય ગણાય તો ભલે. कॅम (તેમ જ जॅम, तॅम, ऍम) શબ્દનો વિવૃત ઉચ્ચાર દેખીતો અસાધારણ છે પણ અનુ-નાસિકને કારણે પ્રાપ્ત નથી થયો એ તો ચોક્કસ છે; ઉદાહરણ તરીકે, गुड ઇત્યાદિ શબ્દસમૂહમાં અનુનાસિક જેવા કારણની સહાયતા વિના જ उનો વિવૃત ऑ થાયછે, અને મ્હેં એ વિવૃત ઉચ્ચારની એક શકય ઉત્પત્તિ દર્શાવી છે પણ ખરી, જે સાધારણ નિયમ સાથે વધારે બંધ બેસે-છે. गाम, काम, नाम, कान ઇત્યાદિના गॅाम, कॅाम, नॅाम, कॅान હેવા ઉચ્ચાર કરવાની ગ્રામ્યજનોની ટેવ પ્રથમ દૃષ્ટિયે અનુનાસિકનું પરિણામ મનાય; અને કદાચ અનુનાસિકને એટલે અંશે કારણ તરીકે પ્રવર્તતો સ્વીકારી સકાય. પરંતુ એ શબ્દોમાં હેવો વિકાર आનો થાયછે, एનો કે ओનો નહિં; અને એથી આ તો કેન્દ્રભૂત મુખ્ય નિયમથી અસંબદ્ધ, મર્યાદિત વિષયવાળી, તદ્દન નિરાળી જ વાગ્વ્યાપારગત ક્રિયા છે.

(૪) આ તો ચોખ્ખી ભૂલ છે. मॅरि, कॅाठी, गॅाळि એ શબ્દોના વિવૃત ઉચ્ચારની ઉત્પત્તિ મ્હેં દર્શાવીછે. कॅर (ક્રિયાપદ) करइમાંથી નીકળેલછે એ સ્પષ્ટ છે અને अइમાંથી વિવૃત ઉચ્ચાર થયોછે. તે ઉપરાંત, करे અને कॅरને હાવી રીતે અસંદિગ્ધ રાખવાના ઉદ્દેશની કલ્પના તો અત્યન્ત ક્લિષ્ટ છે. વળી હેવો પ્રશ્ન કરી સકાય કે करे અને कॅर સરખા હોઇને વિશેષ લક્ષણની અપેક્ષા રહે; પરંતુ बोले, लखे, आपे ઇત્યાદિ ક્રિયાપદોનાં વર્તમાનકાળ ત્રીજા પુરુષ એકવચનનાં રૂપોના આખા સંઘ વિશે શી વ્યવસ્થા કરશો? વળી कोठीની कॅाठी સાથે ભ્રાન્તિ થાય, પણ મૂળ શબ્દ कॅाठुं શું? હેની સાથે સંદિગ્ધ થઈ જાય હેવો કોઈ પણ શબ્દ છે જ નહિં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ ઉપરથી જણાશે કે હાવી પૃથક્ક્રિયા ગૌરવદુષ્ટ તેમ જ હેના વિષયભૂત શબ્દોના ખરા વાગ્વ્યાપારગત ઇતિવૃત્તનું ઉલ્લંઘન કરનારી છે. એ પણ લક્ષમાં આવશે કે આ પૃથક્ક્રિયા રચવામાં રા. રા. કેશવલાલે અત્યન્ત અલ્પ ઉદાહરણો ઉપર આધાર રાખ્યોછે જેમાંનાં કેટલાંક તો અસાધારણ છે; અને વિવૃત ઉચ્ચારની મ્હેં આપેલી પૃથક્ક્રિયામાં સ્પષ્ટ રીતે પ્રતિપાદિત કરેલા સર્વસાધારણ નિયમના અંગમાં આવી જતાં અતિપુષ્કળ ઉદાહરણોની હેમણે ઉપેક્ષા કરીછે. વર્દ, વ્હૅરો, વૅસવું, મૅાંડ એ પ્રકારના શબ્દોનો હેમણે ખુલાસો આપ્યો જ નથી. અને હેમણે આપેલું विवृतविधान એ નામ છે તો સુંદર, પરંતુ હેમાં દોષ એ રહેલોછે કે એથી આ ઘટના એક જ અમિશ્રરૂપ ક્રિયા હોય હેવો ભાસ થાયછે, જ્યહારે વસ્તુતઃ અનેક ક્રિયાઓની શૃંખલાની એ છેલ્લી કડીછે, જેમકે अइ-अउ, अय-अव; अय्-अव्; અને પછી अॅ-ऑ. આ પ્રમાણે એ નામવિધાન આ મિશ્રરૂપ ઘટનાની અયથાર્થ પૃથક્ક્રિયાનું પરિણામ છે; बीजलाघव જળવાય તેવા એક સરળ કેન્દ્રભૂત નિયમનું દર્શન થતાં જ એ ઘટનાની મિશ્રરૂપતા પ્રકટ થાયછે.

જેમણે આ વિવૃતઉચ્ચારનો નિર્દેશ કર્યો હોય હેવા અન્ય પંડિતો, હેમના મતની ચર્ચા—સર જ્યોર્જ ગ્રીઅરસનનો મત

આટલું ગુજરાતી ઉચ્ચારશાસ્ત્રના ગુજરાતી લેખકો વિશે કહ્યું. તે શિવાયના લેખકોમાંથી જેમણે વિવૃતઉચ્ચારનો પ્રત્યક્ષ કે પરોક્ષ નિર્દેશ કર્યો હોય હેવા મ્હારા જાણવામાં ચાર લેખકો જ આવ્યાછે, **સર જ્યૉર્જ ગ્રીઅરસન, મિ૦ બીમ્સ, ડૉ૦ સર રા. ગો. ભાંડારકર** અને **ડૉ૦ ટેસિટોરી.** સર જ્યૉર્જ ગ્રીઅરસને આ વિષયના માત્ર પ્રથમસ્તરમાં જ પ્રવેશ કર્યોછે, અને વિવૃત अॅ અને ऑના ઉચ્ચારની ઉત્પત્તિવિશે ચર્ચા કરી જ નથી. એ ઉપરચોટિયા નિર્દેશમાં પણ હેમણે ભૂલથાપો ખાધીછે, જે મ્હેં અન્યત્ર[૩૩] દર્શાવીછે. પરંતુ આ સ્થળે ફરીથી નિર્દિષ્ટ કરવાથી અનુકૂળતા થશે. હેમણે વિવૃત अॅ ને short (હ્રસ્વ) અને વિવૃત ऑને broad (પ્હોળો) કહ્યોછે; અને કહ્યુંછે કે "ગુજરાતીમાં હ્રસ્વ ए તેમ જ દીર્ઘ ए છે." હેમાં "હ્રસ્વ ओ નથી, પરંતુ હેને બદલે કેટલા'ક શબ્દોમાં ओનો allમાંના a જેવો પ્હોળો ઉચ્ચાર કરવામાં આવેછે."[૩૪]

અહિંયાં કાંઇક ગોટાળો થયેલો જણાયછે; ए અને ओ બંને કાં તો પ્હોળા (विवृत) અને સાંકડા (संवृत) હોય, અથવા हस्व અને दीर्घ હોય. हस्व

૩૩ The Indian Antiquary, XLIV, 17n અને 19n (જાન્યુ. ૧૯૧૫)
૩૪ Linguistic Survey of India, પુ. ૯ મું, ભાગ ૨જો પૃ. ૩૨૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

एना અંગમાં આપેલા પ્હોળા ઉચ્ચારવાળા શબ્દોના ગણુમાં[૩૫] હેમણે ऍसलुं, धॅन અને હેવા શબ્દો આપ્યાછે, જેમાં विवृत ऍ રહ્યોછે; અને પ્હોળા ओ માં चॉथुं, कॉयल હેવા विवृत ऑ વાળા શબ્દો આપ્યાછે. છતાં તેઓ એકને short (=હ્રસ્વ) અને બીજાને broad (=પ્હોળો) શા કારણે કહેછે એ હું સમજી સકતો નથી. (સર જ્યૉર્જ કહેછે કે એ પોતે 'all' માં છે ત્હેવો પ્હોળો ઉચ્ચાર દર્શાવવા o ને માથે ~ હાવી નિશાની કરેછે).

આ ગણોમાં કેટલી'ક ન્હાની ભૂલો પણ થઇછે,—જેમ કે क्हे (=છિદ્ર)ને હ્રસ્વ ए વાળા શબ્દ તરીકે આપ્યોછે; પરંતુ હેનો કદાપિ વિવૃત ઉચ્ચાર થતો નથી; તેમ જ ढोलनो ओ પ્હોળો (=વિવૃત) માન્યોછે, પણ વસ્તુતઃ એ વિવૃત નથી.

(૬) મિ૦ બીમ્સના મતની પરીક્ષા

મિ૦ બીમ્સે આ વિષયનો હેમના ગ્રન્થના પુ. ૧ ને ૧૩૭મે અને ત્હારપછીનાં પૃષ્ઠોમાં વિમર્શ કર્યોછે. પરંતુ એટલું સ્પષ્ટછે કે આ પ્રશ્નનું ખરું તત્ત્વ હેમના લક્ષની બ્હાર રહ્યુંછે, અને પરિણામે अनो ए અને अयनो ए થવાની તેમ જ अनो ओ અને अवनो ओ થવાની અને अनो ऐ થવાની હેમણે વાત કરીછે અને એ ચર્ચા પણ ઉપરચોટિયા પ્રકારની છે; અને હેમાં વિચિત્ર ભૂલો કરીછે, જેમકે पैठण (એક શહેરનું નામ) હેમણે पट्टनમાંથી વ્યુત્પાદિત કર્યુંછે (પુ. ૧–૧૬૭), પણ વસ્તુતઃ હેનું મૂળ प्रतिष्ठान છે, જે નામ સંસ્કૃત સાહિત્યમાં અને અન્ય લેખોમાં સુવિદિત છે. આ ભૂલ થવાનું કારણ સ્પષ્ટ છે; पइट्ठाण–पइठण– पॅंठण (ગુ.) અને पैठण (મ.) એ ક્રમોદ્વારા થતો વિકાસ ન જોઈ સકવાથી હેમણે पना अनो ऐ થવાની કલ્પના કરીછે; એ જ પૃષ્ઠે મ. बैसणॅनी સંસ્કૃત वसन "બેસવું" માંથી વ્યુત્પત્તિ આપીછે હેમાં પણ એ જ ભૂલ કરીછે;—આપણે ઉપર કરેલી ચર્ચામાં જોયુંછે કે એ શબ્દ સં. उपविश्, उवइस्, वइस्, बैस्માંથી આવ્યોછે, અને "બેસવું" અર્થવાળો સંસ્કૃત ધાતુ वस् ભાગ્યે જ હશે.[૩૬] (बैंगन ને वङ्गनમાંથી વ્યુત્પાદિત કરવામાં પણ એ જ ભૂલ કરીછે).

---

૩૫ પૂર્વોક્ત ગ્રન્થ, પૃષ્ઠો ૮૪૪ અને ત્હાર પછીનાં.

૩૬. થોડાં'ક પૃષ્ઠો પછી (૧૭૯મે પૃષ્ઠે) મિ૦ બીમ્સે હિં. बैठानी સં. उपविष्टમાંથી યથાર્થ વ્યુત્પત્તિ આપીછે એ ખરેખર આશ્ચર્યકારક છે. અને છતાં વળી, એ જ વાક્યમાં થોડીએક પંક્તિયો પછી, ગુ. बेसवुं (હેમની જોડણી પ્રમાણે बेशवुं) એ શબ્દની वेशनમાંથી અને बेठोंની विष्टમાંથી વ્યુત્પત્તિ દર્શાવીછે. એઓ એમ માનેછે કે અહિયાં કાં તો उप તદ્દન બાતલ થયો હશે અથવા તો બે व વર્ણો સંવિલીન થતાં એક ब થયો હશે,



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૩૭–૧૩૯ પૃષ્ઠોએ મિ. બીમ્સે પોતે કલ્પેલા अ ના ए રૂપ વિકારની ચર્ચા કરીછે; અને ઉદાહરણો (रहणं) रह्–रहेवुं, (सहनं) सह्–सेहवुं, (कथनं) कथ्–केहवुं, ઇત્યાદિ આપ્યાંછે. વળી એઓ એમ માનેછે કે ગુજરાતીમાં "પૂર્વે રહેલા ह् ને સ્થાને ए આવેછે અને એ ह्‌ની પછી કવચિત્, વિશેષતઃ જે શબ્દોમાં સંસ્કૃતમાં એ સ્થળે इ હોય તે શબ્દોમાં, બીજા ए નો પ્રક્ષેપ પણ કરવામાં આવેછે" (પૃ. ૧૩૮); હેમણે આપેલાં ઉદાહરણોઃ–

| | | | |
|---|---|---|---|
| लहरीમાંથી | लेहेर; | वधिरમાંથી | बेहेरो; |
| भगिनी ,, | बेहेन; | प्रथम ,, | पेहलुं.[૩૭] |

[पेहलुं શબ્દ અન્ય શબ્દોથી જૂદે પ્રકારે શા માટે લખવો જોઇયે, અને હેના ह् માં પણ ए શા માટે ન ઉમેરવો જોઇયે? ખરેખર, હેના કારણનું અનુમાન દુષ્કર છેઃ]

તે ઉપરાંત અરબી અને ફારસીમાંથી આવેલા શબ્દોમાં પણ આ જ ક્રિયા* થતી તેઓ માનેછે, જેમ કે जेहेर, केहेर, तेहेसील, रेहम, देहशत.

આથી પણ એક ક્રમ આગળ વધીને મરાઠી घेणें (=લેવું) માં પોતે अ નો ए થતો જુવેછે, જ્હારે આપણે જાણિયેછિયે કે મરાઠીનો ए ગુજરાતીના જેવો વિકૃત નથી.

પૃ. ૧૪૦ મે મિ. બીમ્સ કહેછે કે अय નો કોઈક વખત સંકોચ થઈને ए થાયછે; ઉદાહરણો नयन–नेन, समय–समे ઇત્યાદિ આપેછે; અને પૃ. ૧૪૩–૧૪૪ મે अव‌નો, लवंग–लोंग (हिं.) માં થાયછે તેમ, ओ થતો કહેછે. પૃ. ૧૮૭ મે વળી, સજાતીય સ્વરો અનુરૂપ ગુણ કે વૃદ્ધિસ્વર સાથે સંધિ પામેછે હેવો તેઓ નિયમ રચેછે, અને भगिनी, भइनी (પ્રા.) भैन (હિં.) એ ઉદાહરણ આપેછે;

*પણ આ ક્રિયા વાગ્વ્યાપારના નિયમોમાં અદૃષ્ટપૂર્વ છે. પુ. ૩ જાને પૃ. ૩૮મે ફરીથી હેમણે ખરી વ્યુત્પત્તિ उपविष्टः સ્વીકારીને હિન્દી बैठ આપ્યુંછે, પરંતુ મરાઠી बैस् વિશે ખોટી જ અટકળ ઉમેરીછે કે અન્ત्य स् बैठ અને बस् વચ્ચેના ભ્રમથી આવ્યોછે। ગુજરાતી बेस् (હેમને મતે बेस्) અહિંયાં હેમણે યથાર્થ રીતે સંસ્કૃત उपविशतिમાંથી વ્યુત્પાદિત કર્યોછે, જો કે (अइ–अय–अय्–अँ એ ક્રમો સૂચવતા) उवइसइ–वइसइ–वँसे એ અન્તર્ગત વિકારો એઓ જોઈ સક્યા નથી. હેના જ રા. રા. કે. હ. ધ્રુવના મત માટે ઉપર પૃ. ૮૨મે ફુટનોટ ૨૯મી જુવો.

૩૭ મિ. બીમ્સની મુસીબતો હું બરાબર સમજુંછું; હેમના સમયની ગુજરાતી ભાષામાં અને જૂના ગુજરાતી હસ્તલિખિત ગ્રન્થોમાં જોડણીની જે ખોટી અને અનિશ્ચિત પદ્ધતિ પ્રચલિત હતી એ હેમને વિઘ્નકારક અને ભ્રાન્તિજનક નીવડી હશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ સર્વ ભ્રાંતિ અને સ્ખલનનું કારણ એ છે કે મિ. બીમ્સને, મ્હેં આ ચર્ચામાં આપીછે ત્હેવી, યથાર્થ પૃથક્ક્રિયા હાથ ન આવી. પરિણામ એ આવ્યું કે આ વિષયની ચર્ચામાં હેમણે વિવૃત ઉચ્ચારની ઉપેક્ષા કરી અને પોતે આપેલાં ઉદાહરણોના કેટલાક સંબંધરહિત, અને વસ્તુતઃ પ્રવર્તતા પરંતુ હેમના લક્ષની બ્હાર રહેલા એક સર્વસાધારણ કેન્દ્રભૂત નિયમનું ઉલ્લંઘન કરતા, વર્ગો પાડ્યા (પુ. ૧ પૃષ્ઠો ૧૮૭, ૧૬૭, ૧૪૩-૪, ૧૪૦, ૧૩૭-૧૩૯ જુવો).

મિ. બીમ્સને માત્ર એક જ પ્રસંગે થયેલું અર્ધવિવૃત ઉચ્ચારનું દર્શન; હિન્દી શબ્દોનો અન્ત્ય ઓ.

માત્ર એક જ પ્રસંગે મિ. બીમ્સની દૃષ્ટિ અચાનક અર્ધવિવૃત ઉચ્ચાર ઉપર પડીછે. શબ્દોને અન્તે રહેલા ઓનો પ્રાચીન હિન્દી ઉચ્ચાર au જેવો છે એમ એઓ સ્વીકારેછે. પરંતુ જૂની હિન્દીનો (પોતે જેને સ્પષ્ટ રીતે broad=વિવૃત કહેલોછે તે) ઓ સાધારણ હિન્દીના ઓ ઉચ્ચારથી ભિન્ન પ્રકારનો નથી હેવા હેમના કથનથી પૂર્વોક્ત સ્વીકારની ઉપયોગિતા અત્યન્ત અલ્પ રહેછે. તેઓ કહેછે કે હસ્તલેખોની લેખનપદ્ધતિ પૂરતો જ ભેદ છે; કોઈ પુરુષ એક પ્રકારે લખે અને બીજો અન્ય પ્રકારે લખે (હેમનું પુ. ૨ પૃ. ૫ મું જુવો). આ ભેદ લેખનના પ્રકાર પૂરતો જ કેવી રીતે રહે એ સમઝવું મુશ્કેલ છે. ખરી વાત એ છે કે પ્રાચીન ઔ ઉચ્ચાર કાંઈક અંશે વિવૃત હતો અને હેમાંથી ગુજરાતીનો પૂર્ણ વિવૃત ઉચ્ચાર નીકળ્યો, અને જે નામોના અંતમાં ઔને સ્થાને ઓ આવ્યો તે નામોમાં એ અન્ત્ય ઓ સંવૃત રહ્યો. વસ્તુસ્થિતિ આ છેઃ હિન્દીમાં મધ્યવર્તી ઔ અવિકૃત (ઔ જ) રહ્યો, અને એ ઔ અર્ધવિવૃત હતો; એટલે ગુજરાતી ઑથી ઓછો વિવૃત હતો; અને અંત્ય ઔ ક્ષીણ થઈને શુદ્ધ ઓ થયો, જે ગુજરાતી અર્ધવિવૃતથી ઓછો વિવૃત થયો, કે તદ્દન સંવૃત થયો. (પણ હિન્દીની શાખા વ્રજભાષામાંનો અંત્ય ઔ કદાચ આ વિષયે અપવાદરૂપ હશે).

(૭) ડૉ. સર રા. ગો. ભાંડારકરના અભિપ્રાયોની સમાલોચના.

ડૉ. ભાંડારકરે હેમનાં વિલ્સન ભાષાશાસ્ત્રવિષયક વ્યાખ્યાનોમાં એ ત્રણ સ્થાને, હેમની સર્વત્ર દૃષ્ટિગોચર થતી શક્તિ અને વિદ્વત્તા વડે, આ પ્રશ્નની ચર્ચા કરીછે. ૧૪૨-૧૪૩ પૃષ્ઠોમાં તેઓ પ્રાકૃત અને પાલીમાં લુપ્ત થયેલા સંસ્કૃત સંધિસ્વરો ઐ અને ઔના કેટલીક અર્વાચીન ભાષાઓમાં થતા પુનર્દર્શનની ચર્ચા કરેછે. આ પુનર્દર્શન હિન્દીમાં, પંજાબીમાં અને કેટલેક સ્થળે મરાઠીમાં, પ્રાકૃત અઇ અને અઉના પાછા ઐ અને ઔ કરવાથી થાયછે. હેમણે આપેલાં ઉદાહરણોમાનાં કેટલાંક આપુછું—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| સં. | પ્રા. | | |
|---|---|---|---|
| प्रविष्ट | पइठ | હિં. પ્રાચીન મ. | पैठा |
| उपविश् | उवइस | મ. હિં. | बैसणें-ना |
| उपविष्ट | उवइट्ठ | હિં. પં. | बैठा |
| खदिर | खइर | મ. હિં. પં. | खैर |
| बलीवर्द | वइल्ल | મ. હિં. પં. | बैल |
| चतुर्थ | चउत्थ | મ. હિં. પં. | चौथा |
| चतुष्क | चउक्क | મ. હિં. પં. | चौक |

૧૪૩–૧૪૪ પૃષ્ઠોએ હેમણે અય અને અવના ऐ અને औ થવા વિશે ચર્ચા કરીછે અને આ પ્રકારનાં ઉદાહરણો આપ્યાંછેઃ—

| સં. | પ્રા. | હિં. કે હિં. અને પં. |
|---|---|---|
| मदन | मअण–मयण | मैन |
| रजनी | रअणी–रयणी | रैन |
| नयन | | नैन–नैण (पं.) |
| वचन | वअण–वयण | बैन |

છેવટ ૧૪૬–૧૪૭ પૃષ્ઠોએ હેમણે ગુજરાતીમાંના ઉચ્ચારની ચર્ચા કરીછે અને એ ઉચ્ચારનો હિન્દી ઉચ્ચાર સાથે મુકાબલો કર્યોછેઃ–

| હિં. | ગુ. | હિં. | ગુ. | હિં. | ગુ. |
|---|---|---|---|---|---|
| पैठा | पेठो | बैठो | बेठा | वैल | बेल |
| बैसना | बेसवुं | खैर | खेर | | |
| चौथा | चोथो | चौक | चोक | घालौ | घोळो |
| कौडी | कोडी ઇત્યાદિ. | | | | |

વળી હેમણે અવલોકન કર્યુંછે કે વિદેશીય પ્રભવના શબ્દોમાં પણ, જ્યહાં અન્ય ભાષાઓમાં ऐ અને औ હોય ત્યહાં, ગુજરાતીમાં ए અને ओ હોયછે; ઉદાહરણોઃ—

| હિં. | ગુ. | હિં. | ગુ. |
|---|---|---|---|
| पैदा | पेदा | दौलत | दोलत |
| मैदान | मेदान | फौज | फोज |

છેવટ હેમનાં નીચે આપેલાં વચનો હું પૂરેપૂરાં ઉતારી લઉંછું:—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"એ જ પ્રમાણે, જો કે ગુજરાતી શબ્દકોષોમાં ऐ અને औ વાળા કેટલાક સંસ્કૃત શબ્દો જોવામાં આવેછે, તથાપિ ત્હાં એ સંધિસ્વરોનો પ્રાયઃ ए અને ओ જેવો ઉચ્ચાર કરવામાં આવેછે, જેમ કે जैनने બદલે जेन, वैरने બદલે वेर ઇત્યાદિ. એથી જણાયછે કે ગુજરાતીમાં પણ પ્રાચીન પ્રાકૃતની માફક अय અને अव અને अइ અને अउનો સંયોગ થતાં ए અને ओ બનેછે, અને ऐ અને औ એ સંધિસ્વરો હેને પ્રાચીન પ્રાકૃત ભાષાઓમાંથી નથી ઉપલબ્ધ થયા એથી સિદ્ધ થાયછે કે ગુજરાતી વર્ણમાલામાં વસ્તુતઃ તેઓનો અભાવ જ છે. આગળ કહી ગયેછું તેમ, अइ અને अउ શ્રુતિયોનો ऐ અને औથી તફાવત માત્ર એટલો જ છે કે હેમાં (अइ–अउમાં) એકને બદલે બે ઉચ્છ્વસન ક્રિયાઓ થાયછે, અન્ય પ્રકારે તેઓ સરખા છે, કેમ કે સંધિસ્વરોમાં બંને સ્વરો રહેલાછે. તેથી એ શ્રુતિયો, તેમ જ अय અને अव, આ સંધિસ્વરોને રૂપે પરિણત થાય એ સ્વાભાવિક છે અને એમ થવામાં હેનો અલ્પતમ વિકાર થાયછે. તે છતાં પણ જો ગુજરાતી લોકો હેનો ए કે ओ કરી કાઢે અને સંસ્કૃત અને વિદેશીય શબ્દોમાં રહેલા ऐ અને औના પણ હેવા ઉચ્ચાર કરે, તો હેનું કારણ એ જ હોવું જોઇયે કે હેમની વાચિક ઇન્દ્રિયો આ ઉચ્ચાર પરત્વે ત્હેમના પાલી અને પ્રાકૃત પૂર્વજોના જેવી જ દશામાં છે. બીજી બાજુ જોઇયે તો હિંદીમાં, અને વિશેષતઃ હેની વ્રજ શાખામાં, સંધિસ્વરોનો અત્યુચ્ચાર કરવાનું પ્રાચીન વલણ પ્રત્યક્ષ થાયછે; જ્હારે અન્ય ભાષાઓ આ વિષય પરત્વે આ બેની વચ્ચે મધ્યમ સ્થાન ગ્રહણ કરેછે." (પૃષ્ઠો ૧૪૬–૧૪૭)

હવે, આ પ્રશ્નની મ્હેં કરેલી વિસ્તીર્ણ પૃથક્કિયાને જો ત્હમે લક્ષપૂર્વક અનુસર્યા હશો તો મ્હારા માનનીય ગુરુથી મ્હારે ક્ય્હાં ક્ય્હાં વૈમત્ય દર્શાવવું પડે એ ત્હમે એકદમ જોઈ સકશો. વૈમત્યનાં તત્ત્વોને નીચે પ્રમાણે સુવ્યક્ત રૂપે દર્શાવીશઃ—

(૧) પૂર્વોક્ત પ્રસંગોમાં ગુજરાતી ऍ અને ऑ નું વિવૃત સ્વરૂપ ડૉ. ભાંડારકરના લક્ષમાં પૂરેપૂરું નથી આવ્યું; તેઓ હેને માત્ર ए અને ओ જ કહેછે;

(૨) હેમના કથન ઉપરથી હેમનો મત હેવો જણાયછે કે સંસ્કૃત ऐ અને औના, તેમ જ વિદેશીય ઉચ્ચારોના એટલે–હેમના કહેવા પ્રમાણે–ऐ અને औના, ગુજરાતીમાં પરભાર્યા જ ए અને ओ થઈ ગયા હોય; પરંતુ સત્ય સ્થિતિ હેવી છે કે ગુજરાતી ઉચ્ચાર સિદ્ધ થયા પ્હેલાં એ ઉચ્ચારોને अइ–अउ, अय–अव, અને अय्–अव्

એ ક્રમો દ્વારા આવવું પડેછે;[૩૮] વળી વિદેશીય શબ્દોમાં ઉચ્ચારો ऐ અને औ નથી, પણ अय् અને अव् છે;

(૩) હિન્દી (અને વિશેષતઃ વ્રજ) ઉચ્ચારપદ્ધતિમાં જેને તેઓ अत्युच्चार કહેછે ત્હેમાં જ વસ્તુતઃ વિવૃત ઉચ્ચારનું તત્ત્વ રહેલું છે, જે ગુજરાતીમાં સંપૂર્ણ આવિર્ભાવ પામેછે; મરાઠી[૩૯] ઉચ્ચાર (बैठा–चौक) એ હિન્દી अत्युच्चार અને ગુજરાતી ઉચ્ચારની વચ્ચેનું મધ્યમ સ્થાન ગ્રહણ કરેછે એ હેમનું અવલોકન એક રીતે સત્ય છે. ("એક રીતે" એમ કહેવાનું પ્રયોજન એ છે કે હેમણે ગુજરાતી ए અને ओने સંવૃત ઉચ્ચાર માન્યાછે હેવી મ્હને શંકા રહેછે; વસ્તુતઃ એ સંવૃત નથી). પરંતુ ગુજરાતીનો વિવૃત ઉચ્ચાર સંપૂર્ણ અને સ્પષ્ટ રીતે હેમના લક્ષમાં નથી આવ્યો તેથી તેઓ એટલેથી જ વિરમ્યા છે અને, મરાઠી ઉચ્ચારમાં સ્વરભાર દૃઢતાથી (अइ–अउ સ્વરયુગ્મોમાંના) इ અને उ ઉપર પડેછે, હિંદીમાં अ ઉપર પડેછે, અને ગુજરાતીમાં પ્રાપ્ત થયેલા ए અને ओ ઉચ્ચારોને[૪૦] વિવૃત બનાવવામાં આવેછે; હેવું જે મ્હેં આ ચર્ચામાં બતાવી આપ્યુંછે, તે હેમના લક્ષમાં નથી આવ્યું.

---

૩૮ મ્હેં આપેલી વિવૃત ઉચ્ચારની પૃથક્ક્રિયા ડૉ. ભાંડારકરના લક્ષમાં ન હોવાને પરિણામે જ હેમણે कथ्, सद् ઇત્યાદિના अनो ગુજરાતીમાં ए થતો માન્યોછે; જ્યહારે વસ્તુતઃ, વહેવું, સ્હેવું ઇત્યાદિના વિવૃત अની છેવટનું રૂપ પામ્યા પ્હેલાંની अय्, अव् ક્રમોદ્વારા થતી યાત્રા, મ્હેં દર્શાવીછે તેમ, દર્શાવવી શક્ય છે.

૩૯ અન્યભાષાઓ મધ્યમ સ્થાન ગ્રહણ કરેછે એ હેમની ઉક્તિમાં "અન્યભાષાઓ"માં મરાઠીનો સમાવેશ તેઓ કરેછે હેવું હું પૂર્વાપરસંગતિને આધારે માની લઉંછું.

૪૦ ऐ અને औમાં અંગભૂત સ્વરોની અવસ્થાનો, અને સંસ્કૃતમાંથી ગુજરાતીમાં જતાં ऐ અને औના થતાં અન્તિમ રૂપાન્તર ए અને ओમાં એ અંગભૂત સ્વરોની જે સ્થિતિ થાય છે હેનો, પરસ્પર મુકાબલો રસદાયક થશે. ए, ऐ, ओ અને औ એ સંધિસ્વરો છે (અને એથી अ થી ऌ સુધીના સમાન કે સાદા સ્વરોથી ભિન્ન પ્રકારના છે), તથાપિ એ ચાર સંધિસ્વરોનો પણ અંદરઅંદરમાં સ્વરૂપભેદ થઈ સકે તેમ છે. ए અને ओને હું संकीर्ण संधिस्वर નામ આપુંછું અને ऐ અને औને संसृष्ट संधिस्वर કહુંછું કારણ કે અનુક્રમે ए અને ओમાં રહેલા अ અને इ અને अ અને उ संकर (સંવિલય)ની અવસ્થામાં છે, અને ऐ અને औમાં એ સ્વરો સંસૃષ્ટિ (માત્ર સંમિશ્રણ)ની દશામાં રહ્યાછે. ગુજરાતીમાંનાં વિવૃત अॅ અને ऑ એ રૂપાન્તરો પ્રાપ્ત થયા પ્હેલાં સંસ્કૃત શબ્દોના ऐ અને औની જે વિક્રિયા થાયછે ત્હેનો ક્રમ નીચે પ્રમાણે છેઃ—

(૧) સંસૃષ્ટિની દશા; ऐ અને औ (वैर–गौरी);

(૨) વ્હાર પછી વિશ્લેષ, अइ અને अउ (वइर–गउरी);

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માટે, આ ઉચ્ચાર પરત્વે ગુજરાતી પ્રજાની વાચિક ઇન્દ્રિયો હેમના પાલી અને પ્રાકૃત પૂર્વજોના જેવી જ દશામાં છે એ કથનમાં વાસ્તવિક નિરૂપણ નથી થયું એ હું યોગ્યમાનપૂર્વક રજુ કરુંછું. કારણ કે પાલી અને પ્રાકૃત બોલનારા લોકો સંસ્કૃત ऐ અને औના જે ए અને ओ કરતા હેમનું સ્વરૂપ ગુજરાતીના વિવૃત अॅ અને ऑ[૪૧] ઉચ્ચારથી તત્ત્વતઃ ભિન્ન હતું.

---

(૩) પછી પ્રતિસંપ્રસારણ, अय અને अव ( वयर-गवरी );

(૪) છેવટ સંકર, अॅ અને ऑ ( वॅर- गॉरय ).

ત્રીજા ક્રમમાં इ અને उ નહિં પણ य અને व હોવા છતાં પણ ચોથા ક્રમ ઉપર પ્રમાણે ક્હાંથી પ્રાપ્ત થાયછે એ (આ વ્યાખ્યાન દરમ્યાન આગળ ઉપર એક ચર્ચામાં ) હું સમઘાવીશ.

૪૧ બંગાલી ભાષામાં, બોલવામાં, અનન્ત્ય अनो ( વિવૃત ऑ જેવો ) મ્હોળો ઉચ્ચાર થાયછે તે પાલી અને પ્રાકૃતના આ હ્રસ્વ ओથી ભિન્ન છે. પાલી અને પ્રાકૃતના હ્રસ્વ ओ કરતાં ગુજરાતીના વિવૃત ऑने આ બંગાળી ओ વધારે મળતો આવેછે; અને છતાં પણ વિવૃત ऑથી એ ભિન્ન છે, કારણ કે ગુજરાતી વિવૃત ऑ પૂરેપૂરો દીર્ઘ છે અને બંગાળી ઉચ્ચાર હ્રસ્વતર છે. ટુંકામાં, બંગાળી ઉચ્ચાર હ્રસ્વતામાં પાલી ઉચ્ચારના જેવો છે પરંતુ વિવૃતત્વને લીધે એથી અલગ પડેછે; અને એ ( બંગાળી ઉચ્ચાર ) વિવૃતત્વમાં ગુજરાતી ઉચ્ચારને મળતો આવેછે, પરંતુ હ્રસ્વતાને કારણે એથી વિશિષ્ટ છે. હેમાં પાલી ઉચ્ચારની હ્રસ્વતા અને ગુજરાતી ઉચ્ચારનું વિવૃતત્વ સંયોગ પામેછે, અને એથી બંને ઉચ્ચારોથી એ જૂદો છે.

વિલ્સન ભાષાશાસ્ત્રવિષયક વ્યાખ્યાનોનાં ૧૪૯–૧૫૦ મે પૃષ્ઠોએ ડૉ સર. રા. ગો. ભાંડારકરે પ્રસંગવશાત્ આ બંગાળી ઉચ્ચારનો નિર્દેશ કર્યોછે; અને મિ૦ બીમ્સે પણ પુ. ૧૧ પૃ. ૬૭ મે એ વિશે કેટલીક ચર્ચા કરેલીછે.

( બંગાળીમાં હેવો જ હ્રસ્વ પણ વિવૃત ए પણ છે, જેમકે ऍखन, ऍकवार. બંગાળીના હ્રસ્વ પણ વિવૃત ऑ વિશે જે કહ્યુંછે તે સર્વ યથાસંભવ આ ऍ ઉચ્ચારને લાગુ પડેછે. )

કાનડીમાં દીર્ઘ ए અને દીર્ઘ ओથી ભિન્ન હ્રસ્વ ए અને હ્રસ્વ ओ છે. આ હ્રસ્વ ए અને ओ બંગાળીના હ્રસ્વ ઉચ્ચારને ઘણે મ્હોટે અંશે મળતા આવેછે, એટલે કે હ્રસ્વતાની સાથે હ્રેમાં વિવૃતત્વનો અંશ પણ છે; વૈયાકરણોએ એ एનું '*met*'ના *e* સાથે માનેલું સામ્ય સ્થૂલદૃષ્ટિયે જ યથાર્થ ગણાય, પરંતુ હ્રસ્વ ओने '*not*'ના o જેવો માન્યોછે તે વાસ્તવિક છે. નીચેનાં ઉદાહરણો ઉપયોગી હોઈ લક્ષયોગ્ય છેઃ—

| હ્રસ્વ | દીર્ઘ |
|---|---|
| ಕೆಲಸ ( कॅलस ) = કાર્ય | ಮೇಲೆ ( मेले ) = ઉપર |
| ಕೆಲವು ( कॅलवु ) = કેટલું'ક | ಬೇರೆ ( बेरे ) = જુદું |
| ಹೆಸರು ( हॅसरु ) = નામ | ಹೋಗು ( होगु ) = જવું |
| ಕೊಡು ( कॉडु ) = આપવું | ನೋಡು ( नोडु ) = જોવું |
| ಮೊದಲು ( मॉदलु ) = પ્રારંભ | |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ડૉ. ભાંડારકરને ગુજરાતીના આ ઉચ્ચારનો ભાસ થયોછે ખરો, પરંતુ હેમણે હેનું પૃથક્કરણ કરીને પૂર્વગત ચર્ચામાં મ્હેં કર્યુંછે ત્હેવું તત્ત્વસંશોધન નથી કર્યું; એટલું જ નહિ, પણ હેમનું એ ઉચ્ચારનું સ્વરૂપભાન કેટલેક અંશે ખોટી દિશામાં ગયુંછે, અને કાંઈ નહિં તો, એ ઉચ્ચારનું સ્વરૂપદર્શન હેમણે સંપૂર્ણ સ્ફુટીકરણથી નથી કર્યું. જો તેઓ આ ચર્ચામાં વધારે ઉંડા ઊતર્યા હોત, અથવા તો જો ખરા ગુજરાતી ઉચ્ચારનો હેમને સતત અનુભવ થયો હોત અને ત્હાર પછી હેમણે એ ઉચ્ચાર વિશે પોતાને ઉપજેલા ખ્યાલનું સંપૂર્ણ સ્ફુટતાથી આવિષ્કરણ કર્યું હોત, તો જે સત્ય દર્શાવવાનો મ્હેં યત્ન કર્યોછે ત્હેનું હેમને એ આવિષ્કરણની ક્રિયા દરમ્યાન જ યથાર્થ દર્શન થાત, હેવી મ્હારી સંપૂર્ણ ખાતરી છે; અને જો મ્હારી આ વિષયની ચર્ચા હેમના વાંચવામાં આવશે તો હેમના અન્તઃકરણની સ્વાભાવિક વિશાલતા અને વિદ્વાનને છાજતી ઉદારતાથી તેઓ મ્હેં દર્શાવેલી પૃથક્ક્રિયાનો સત્કાર અને સ્વીકાર કરશે હેમાં મ્હને શંકા નથી.[૪૨] કારણ કે હું વૈમત્ય દર્શાવુંછું એમ ભાસ થાય તો પણ એ વૈમત્ય મ્હારા વિદ્વાન્ ગુરુવર્ય પાસેથી મળેલી તાલીમનું જ પરિણામ છે.

---

હોસ कन्नड (અર્વાચીન કાનડી)માં વ્યંજન પછી દીર્ઘ સ્વર દર્શાવવા માટે ૯ આ સંજ્ઞા અચૂક મૂકવામાં આવે છે; ઇ. સ. ના ૧૭ માં સૈકાની પૂર્વે આ સંજ્ઞા પ્રચરિત ન્હોતી. ઈ. સ. ૧૫૦૦ ની પૂર્વે તો ચોક્કસ ન્હોતી. (નાગવર્માપ્રણીત कर्णाटक भाषाभूषणना હ્યૂઈસ રાઇસ તંત્રિત ગ્રન્થની પ્રસ્તાવનામાં vii(=૭) પૃષ્ઠે આપેલું કોષ્ટક જુવો); આ ગ્રન્થના ૫ મા સૂત્રમાં કાનડીના હ્રસ્વ અને દીર્ઘ ए અને ओनो સ્પષ્ટ નિર્દેશ છે. અને ત્હાં આપેલાં ઉદાહરણોમાં ૯ આ સંજ્ઞા દીર્ઘ ઉચ્ચાર દર્શાવેછે. જો આ સંજ્ઞા રાઇસે ન મૂકી હોય અને નાગવર્માની મૂળ લિખિત પ્રતમાં જ વિદ્યમાન હોય તો હેવું સિદ્ધ થાય કે એ દીર્ઘ સંજ્ઞા ઇ. સ. ના બારમા સૈકાના અગ્રભાગમાં વિદ્યમાન હતી. કારણ કે રાઇસે નાગવર્માનો સમય એ માન્યોછે. (પ્રસ્તાવના પૃ. i પારા ૨).

૪૨. મ્હારો આ દૃઢ વિશ્વાસ સ્વાનુભવસિદ્ધ છે. મ્હારી શ્રદ્ધાની યથાર્થતા દર્શાવતું એક ઉદાહરણ આપીશ તો એથી એ વિદ્વાન્ આચાર્યવર્યના પાણ્ડિત્યગુણની લેશ પણ ક્ષતિ નહિં થાય, પણ ઉલટું હેમના પાણ્ડિત્યમાં રહેલી નીતિવૃત્તિનો અધિકતર પરિચય થશે. J. B. B. R. A. S. XVI, ૨૫૮ એ સ્થાને પ્રકાશિત થયેલાં પોતાનાં વિલ્સનસ્મારક ભાષાશાસ્ત્રવિષયક વ્યાખ્યાનોમાં હેમણે (જે વસ્તુતઃ न्हानुं+ल પ્રત્યયમાંથી આવેલું સૂરતી સ્થાનિક રૂપ છે તે ન્હાલું રૂપને ખરો શબ્દ ગણીને) ગુજ. न्हानुं શબ્દને સં. लघु (પ્રા. लहु) માંથી વ્યુત્પાદિત કર્યોછે. એક સમયે એ આચાર્યવરને "संगमाश्रम" નામને મકાને હેમના દર્શનાર્થે હું ગયો હતો ત્હારે મ્હેં માનપુરઃસર દર્શાવ્યું કે न्हानुंની યથાર્થ વ્યુત્પત્તિ સં. श्लक्ष्णं (પ્રા. लण्ह)માંથી જોઈ સકાયછે; અને એ વ્યુત્પત્તિના પક્ષની મ્હારી દલીલો હેમની સમક્ષ રજૂ કરી. (ઉપર વ્યાખ્યાન ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે આપણે, ઘડીભર, પૂર્વનિર્દિષ્ટ પાલી અને પ્રાકૃત હ્રસ્વ ए અને ओની ચર્ચા હાથમાં લઈશું; આપણા પ્રસ્તુત વિષય સાથેનો એ ઉચ્ચારનો સંબંધ પ્રાસંગિક અને પરોક્ષ હોઈને આપણને હેની લંબાણથી ચર્ચા કરવાની આવશ્યકતા નથી. ડૉ. ભાંડારકરે પોતાનાં વ્યાખ્યાનોમાં (૪૪–૪૭ પૃષ્ઠો એ) નીચે પ્રમાણે યથાર્થ સ્થિતિ, કારણોની સંપૂર્ણ પૃથક્કિયા સહિત, પ્રદર્શિત કરીછેઃ

પાલી અને પ્રાકૃતના હ્રસ્વ ए અને ओ ડૉ. ભાંડારકરે કરેલી હેની પૃથક્ક્રિયા.

(क) પાલીમાં તેમ જ પ્રાકૃત ભાષાઓમાં સંયોગની પૂર્વે રહેલો દીર્ઘસ્વર હ્રસ્વ થાયછેઃ–मार्गः–मग्गो ઇત્યાદિ;

(ख) જ્યહારે સંયુક્ત વ્યંજનોના સંઘાતથી થતા જોસ ઉપર સ્વરની દીર્ઘતા વિજયી નીવડતી ત્હારે પરિણામ સંયોગલોપરૂપ આવતું; शीर्ष–सीस; दीर्घ–दीघ; ઇત્યાદિ.

(ग) પૂર્વે રહેલા સ્વરોચ્ચારના જોસથી અને દ્રુતતાથી ઉત્પન્ન થતા આવેગની સહાયતા વિના પાલી બોલનારાઓ વ્યંજનોનો સબળ સંઘાત કરીને પ્રબળ પ્રયત્ન કરી સકતા નહિ; એટલે કે પૂર્વે હ્રસ્વસ્વર ન હોય તો તેઓ સંયોગનો ઉચ્ચાર કરી સકતા નહિ. પરિણામેઃ–

(૧) સંયોગ પૂર્વે રહેલા ए અને ओ હ્રસ્વ થતા.

(૨) સંયોગનો પૂર્વે इ અને उ હોય ત્હારે તાલુ કે અધરોષ્ઠની સાથે આ સ્વરોના ઉચ્ચારણ પૂરતો સંનિકર્ષ સાધવાને જિહ્વા અસમર્થ બનતી અને એથી इ અને उને સ્થાને ए અને ओ ઉચ્ચારો આવતા; उष्ठनो ओष्ठ, पुष्करनो पोक्खर, निष्कनो नेक्ख ઇત્યાદિ વિકારો આથી જ થયાછે;

(घ) ક્વચિત્ પાછળ સંયોગ ન આવતો ત્હારે પણ, વિશેષતઃ य ની પૂર્વે, ए હ્રસ્વ થઈ જતો, અને એથી થતો માત્રાક્ષતિનો પ્રતીકાર કરવાને સાદા વ્યંજનને બેવડો કરવામાં આવતો; જેમ કે गेयने સ્થાને गेय्य, स्थेयनुं थेय्य ઇત્યાદિ.

પૃ. ૮૧ મું જુવો). હેમણે તરત જ મ્હારા મતની યથાર્થતા સ્વીકારી અને, હું માનુંછું કે આ સ્વીકારને પરિણામે, છેવટે જ્યહારે એ વ્યાખ્યાનો પુસ્તક રૂપે પ્રકાશિત કર્યાં ત્હારે હેમાંથી પ્રથમની પોતાની વ્યુત્પત્તિનો ત્યાગ કર્યો. (હેમનાં વિલ્સનસ્મારક ભાષાશાસ્ત્રવિષયક વ્યાખ્યાનોનું પૃ. ૧૪ મું જુવો. ત્હાં, પેરાગ્રાફને અન્તે कुब्ज પછી હેતું મૂળ સ્થાન હતું ત્હાંથી, પૂર્વોક્ત લઘુમાંથી દર્શાવેલી વ્યુત્પત્તિ કાઢી નાંખીછે.)



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ડૉ. ભાંડારકરે દર્શાવેલી આ ઘટનાઓના અન્તર્ગત તત્ત્વોનું હેમચન્દ્રનાં નીચેનાં સૂત્રોમાં પ્રતિફલન થયેલુંછે. આ ए અને ओ નું

હેમચન્દ્રના વ્યાકરણમાં પ્રતિફલન

| | | |
|---|---|---|
| (क) | ह्रस्वः संयोगे दीर्घस्य। | ૮–૧–૮૪ |
| (ख) | न दीर्घानुस्वारात्। | ૮–૨–૯૨ |
| (ग) | इत एद्वा। | ૮–૧–૮૫ |
| | ओत्संयोगे। | ૮–૧–૧૧૬ |
| (घ) | तैलादौ। | ૮–૨–૯૮ |
| | सेवादौ वा। | ૮–૨–૯૯ |

"અન્તર્ગત તત્ત્વોનું" એમ કહેવાનું કારણ એ કે ૮–૧–૮૪ પ્રમાણે ए અને ओ હ્રસ્વરૂપે इ અને उ બનેછે, પાલીમાં सेट्ठी, गोक्ख ઇત્યાદિમાં થાયછે તેમ હ્રસ્વ નથી થતા. પરંતુ પાલીની માફક પ્રાકૃતમાં પણ पेम्म-तेल्ल, सेव्वा, जोव्वण, सोत्त, पेक्खइ, करेज्ज, होज्ज, ઇત્યાદિ શબ્દોમાંના ए અને ओનો ઉચ્ચાર હ્રસ્વ થતો એ લગભગ નિઃશંક છે; વિશેષતઃ જ્યહાં સાદા વ્યંજનો (पेम्म, जोव्वण ઇત્યાદિમાં છે તેમ) બેવડા હોય ત્યહાં એ દ્વિર્ભાવ પોતે જ માત્રાક્ષતિજન્ય રિક્તતા સૂચવેછે અને એ રિક્તતા જ ए અને ओના હ્રસ્વભાવની આવશ્યકતા દર્શાવેછે. તે જ પ્રમાણે ૮–૧–૮૫ અને ૧૧૬ સૂત્રોમાં દર્શાવેલો इ અને उનો ए અને ओ રૂપે થતો વિકાર પણ, ડૉ. ભાંડારકરે આપેલાં પૂર્વનિર્દિષ્ટ કારણો પ્રમાણે, એ જ સૂચવેછે.

મિ૰ બીમ્સે કરેલું હ્રસ્વ-સ્વરનું નિરૂપણ

મિ૰ બીમ્સે પણ આ હ્રસ્વ ઉચ્ચારનું નિરૂપણ કરેલુંછે (હેમના ગ્રન્થનું પુ. ૧, પૃ. ૧૪૧–૧૪૨ જુવો). હેને get, bedમાંના eના ઉચ્ચાર સાથે સરખાવવામાં હેમણે હેનું યથાર્થ સ્વરૂપ દર્શાવ્યુંછે. પરંતુ તેઓ જ્યહારે "દ્રાવિડ લોકોએ કલ્પીછે ત્હેવી આ ઉચ્ચાર દર્શાવનારી પૃથક્ વર્ણસંજ્ઞા પ્રાકૃતના લખનારાઓએ નથી કલ્પી એ વાત હેમની, પ્રતિભાનું વંધ્યત્વ દર્શાવેછે" હેવો કટાક્ષ કરેછે ત્યારે હેમને, પ્રાકૃત ભાષાઓના કરતાં દ્રાવિડ ભાષામાં આ ઉચ્ચારનો વિસ્તીર્ણતર પ્રચાર હતો એ સ્થિતિનું તેમ જ દ્રાવિડ ઉચ્ચાર વિવૃતકલ્પ છે અને પાલી અને પ્રાકૃત હ્રસ્વ ઉચ્ચાર હેવો નથી એ વિશેષનું વિસ્મરણ થયેલું સ્પષ્ટ થાયછે. આટલું પ્રસંગવશાત્ કહ્યું. મ્હારા જાણવામાં, મિ૰ બીમ્સે હ્રસ્વ एનો જ પરામર્શ કર્યોછે અને હ્રસ્વ ओ વિશે મૌન જ ધારણ કર્યુંછે; અને સ્થાને થતા બંગાળી ओ ઉચ્ચારનું હેમણે નિરીક્ષણ કર્યુંછે (પૃ. ૬૮–૬૯), પરંતુ એ વિષય તદ્દન ભિન્ન છે, અને વળી ત્હાં ઉચ્ચારણમાં રહેલો વિવૃતકલ્પ નાદ હેમના લક્ષમાં નથી આવ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ ૬૭ મે પૃષ્ઠે હેમણે अना આ વિવૃતકલ્પ બંગાળી ઉચ્ચારને "હ્રસ્વ" ओ તરીકે વર્ણવીને 'not'ના 'o' ઉચ્ચાર સાથે સરખાવ્યોછે, અને अनल (ऑनॉल) એ ઉદાહરણ આપ્યુંછે.

J. R. A. S. ના ઇ. સ. ૧૯૧૩ ના અંકમાં ૫૩૩ આદિ પૃષ્ઠોમાં પ્રસિદ્ધ થયેલા "Mr. Rabîndranâth Tagore's Notes on Bengâlî Grammar" ( वंगाळी व्याकरण विशे श्रीयुत रवीन्द्रनाथ टागोरनी नोंध ) એ શીર્ષકના લેખમાં મિ. જે. ડી. ઍન્ડરસન બંગાલીમાં થતા अना આ ઉચ્ચારની ચર્ચા કરેછે. अनल નો ઉચ્ચાર ऑनॉल થાયછે, कथननो कॉथॅान થાયછે, અને કેટલાક શબ્દોમાં એ ઉચ્ચાર *not* ના o કરતાં કોમળતર અને દીર્ઘતર હોયછે, જેમકે वनमां ऑ ઉચ્ચાર લગભગ *bore* ના o જેવો થાયછે, હેવા મિ. બીમ્સના મતનો ઉલ્લેખ કરીને, અને પછી શ્રીયુત રવીન્દ્રનાથ ટાગોરે દર્શાવેલા આ કોમળતર ઉચ્ચાર વિશેના નિયમો આપીને, મિ. ઍન્ડરસન પોતાનો અભિપ્રાય નીચે પ્રમાણે આપેછે;–

"Hŏt"ના *o* નો ઉચ્ચાર એ "rōve"માંના *o* નું માત્ર હ્રસ્વરૂપ જ હોય હેવું મ્હારા કાનને ભાસતું નથી." મ્હને લાગેછે કે "impŏsition"મ *o* નો હ્રસ્વ ઉચ્ચાર છે અને "impōse"માં દીર્ઘ ઉચ્ચારછે. "hot"નો *o* એ "brandy-pawnee" ના *aw*નું હ્રસ્વરૂપ છે એમ હું માનુંછું. बॉन, मॉन, खॉन, (वन, मन, खन,) હેમાં વસ્તુતઃ "imposition"નાં *o* જેવો હ્રસ્વ ઉચ્ચાર થવો જોઇયે, "impose"ના o જેવો દીર્ઘ નહિ. तॉनॉय (तनय) અને बॉन (वन) બંનેમાં સ્વરો હ્રસ્વ છે પરંતુ, મ્હને લાગેછે કે, ઉચ્ચારના પ્રકારો ભિન્ન છે.

એ ગૃહસ્થ નીચે પ્રમાણે ફુટનોટ ઉમેરેછેઃ–

"સ્થિતિ ગમે તે હોય પણ અત્યાર પછી હું જે લખીશ હેમાં "hot" ના સ્વર માટે ŏ, "imposition"ના o માટે o, અને "rove"ના o માટે ō હેવો સંજ્ઞાવિનિયોગ કરીશ."

આ સર્વ વિસ્તારમાં ઊતરવું એ આપણી ચર્ચાના ઉદ્દેશની બ્હાર છે એટલે હું જૂદા જૂદા મતોનો નિર્દેશમાત્ર કરીને જ વિરમીશ.

दिलाम्‌ને બદલે થતા दिलेम्‌માં અને હેવા અન્ય શબ્દોમાં एનો વિવૃત ઉચ્ચાર કરવાના બંગાળી સામાન્ય પ્રચારનો મિ. બીમ્સ (પૃ. ૧૪૨ મે) ઉલ્લેખ કરેછે અને એ ઉચ્ચારને mat, rat ઇત્યાદિ અંગ્રેજી શબ્દોમાંના a ના ઉચ્ચાર સાથે સરખાવેછે. પરંતુ ऍखन, ऍकवार ઇત્યાદિ બંગાળી શબ્દોમાંના एनो હ્રસ્વ પણ વિવૃતકલ્પ ઉચ્ચાર હેમના લક્ષમાં નથી આવ્યો એમ હું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધારુંછું,–હું કહુંછું કે એ ઉચ્ચાર દિલેમૂના ए કરતાં હ્રસ્વતર છે;—"ऍखन ऍकवार माल करिया देखिया लइ। धीरे, रजनी धीरे।" (બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયકૃત "રજની" ખંડ ૪ પ્રકરણ ૫).

[ પણ મિ. જે. એ. ઍન્ડરસનના પૂર્વનિર્દિષ્ટ લેખમાં કરેલા મિ. બીમ્સના મતના ઉલ્લેખ ઉપરથી મ્હને જણાયછે કે મિ. બીમ્સે અન્યત્ર હ્રસ્વ एનો નિર્દેશ કરેલોછે. પ્રસ્તુત લેખમાં કહ્યુંછે કેઃ—

"મિ. બીમ્સ લખેછે કે—આ ए વસ્તુતઃ અંગ્રેજી 'lane,' 'male'ના દીર્ઘ a જેવો અથવા 'they'ના ey જેવો છે. જેનો ઘણો પ્રચુર પ્રયોગ થાયછે હેવા કેટલાક શબ્દોમાં હેનો અંગ્રેજી 'back'ના a જેવો હ્રસ્વ તીવ્ર ઉચ્ચાર થાયછે. જેમ કે ऍक, ऍखनो ઉચ્ચાર કંઇક ack, dack જેવો ભાસેછે."

પેમ્મ ઇત્યાદિ શબ્દોના एના હ્રસ્વત્વના પરિણામનું, એટલે કે માત્રાપરિપૂર્તિનું, મિ૦ બીમ્સે યથાર્થ નિરૂપણ કર્યુંછે. તેઓ કહેછે કેઃ–

"પ્રાકૃતભાષામાં સંસ્કૃત શબ્દોની માત્રા અક્ષત રાખવાનો જે અત્યાદર સર્વત્ર દર્શાવવામાં આવેછે એથી એટલું સ્પષ્ટ જણાયછે કે, પ્રાકૃત બોલનાર સામાન્ય લોકવર્ગે एને હ્રસ્વ ઉચ્ચાર માન્યો એટલે પછી માત્રાપરિપૂરણાર્થે પાછળ રહેલા વ્યંજનને બેવડો કરવાની જરૂર જોઈ, અને એથી જે સ્વર મૂળ સંસ્કૃતમાં સ્વભાવતઃ દીર્ઘ હતો તે સ્થાનપ્રભાવે દીર્ઘ બન્યો." (પુસ્તક ૧. પૃ. ૧૪૧).

આ લોકોએ एનો ઉચ્ચાર હ્રસ્વ શા માટે માન્યો એ સમજવા માટે આપણે ઉપર દર્શાવેલી પાલીના પ્રથમ બોલનારાઓની પોતાના પ્રાચીન, પરિચિત હ્રસ્વ ઉચ્ચારને વળગી રહેવાની પ્રકૃતિનો ડૉ. ભાંડારકરે જે વૃત્તાન્ત આપ્યોછે હેનું સાહાય્ય લેવું પડશે. આ પ્રકૃતિનો પાસ અન્ય પ્રાકૃતના બોલનારાઓને પણ લાગ્યો–જો કે થોડે અંશે, તોપણ લાગ્યો ખરો.

(૮) ડૉ. ટેસિટોરીએ કરેલી વિવૃત ऍ અને ऑની ચર્ચા

છેવટ, એક અનન્યસાધારણ યોગ્યતાથી અને તીક્ષ્ણ બુદ્ધિથી સંપન્ન પંડિતે ગુજરાતીમાં વિવૃત ઉચ્ચાર (ऍ-ऑ) વિશે દર્શાવેલા અભિપ્રાયનું હું નિરૂપણ કરીશ. એ પંડિત, ઇટલી દેશના ઊદિને શહેરના ડૉ. એલ. પી. ટેસિટોરી, હાલ મારવાડી અને ગુજરાતી ભાષાઓનાં પોતાનાં અન્વેષણો આગળ ચલાવવાના હેતુથી તત્સંબદ્ધ મુદ્દાઓનો તત્સ્થાને જ અભ્યાસ કરવાને માટે બીકાનેર આવી રહ્યાછે અને ત્હાં ભાટ ચારણોના સાહિત્યનું અવલોકન ચલાવી રહ્યાછે. આ ઉચ્ચારની હેમની નિરૂપણક્રિયા બે ક્રમોદ્વારા પસાર થયેલી જણાયછે, (૧) ઝાંખા પરામર્શની અવસ્થા, અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૨) વિશદ સ્વરૂપોદ્દીપન. પ્રથમ અવસ્થા દરમ્યાન હેમણે પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાનીના વ્યાકરણ વિશેની પોતાની નોંધોમાં કહ્યુંછે કેઃ-

"અર્વાચીન ગુજરાતીમાં સંકોચવિધિથી अइ નો ए અને अउ નો ओ થાયછે અને અર્વાચીન મારવાડીમાં अइ નો ऐ અને अउ નો औ થાયછે." (Ind. Antiq. XLIII, 13, ફેબ્રુ. ૧૯૧૪).

[ડૉ. ટેસિટોરીએ યોજેલી સંજ્ઞાઃ-

अइ-अउ માટે aï-aü

(સંવૃત) ए-ओ માટે ê-ô

ऐ-औ માટે ai-au

(વિવૃત) ॲ-ऑ માટે è-ò

જ્યહારે આ મત બાંધ્યો ત્યહારે ડૉ. ટેસિટોરી ઇટલીમાં હતા, હિંદુસ્તાનમાં કોઈ વખત આવ્યા જ ન્હોતા, અને એથી આ ઉચ્ચારોનો હેમને શ્રવણજન્ય પરિચય ન્હોતો. ભરતખંડમાં આવ્યા પછી જ્યહારે હેમને વસ્તુસ્થિતિનો પ્રત્યક્ષ પરિચય થયો અને સત્યસ્વરૂપ શ્રુતિગોચર થયું ત્યહારે હેમણે, હેમનાં પાંડિત્યપૂર્ણ અન્વેષણોની લક્ષણભૂત સરલતા, આશયશુદ્ધિ અને પ્રામાણિક વૃત્તિથી, પોતાની ભૂલનો સ્પષ્ટ સ્વીકાર કર્યો; અને કહ્યું કેઃ-

"આગળ પ્રયાણ કરતાં પ્હેલાં, મ્હારી "પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાનીના વ્યાકરણ વિશેની, ખાસ કરીને અપભ્રંશ ગુજરાતી અને મારવાડીને અનુલક્ષીને કરેલી, નોંધો"માં થયેલી ભૂલ મ્હારે સુધારવી જોઇયે. એ ભૂલ માટે હું ભાગ્યે જ જવાબદાર છું, કારણ કે જ્યહારે મ્હેં એ "નોંધો" લખી ત્યહારે હું ભરતખંડમાં મુદ્દલ આવ્યો જ ન્હોતો અને ગુજરાતી અને મારવાડીમાંના ઉચ્ચારણ સંબન્ધી સર્વ માહિતી માટે મ્હારે બીજાઓએ આપેલા વૃત્તાન્તને આધારે રહેવું પડતું હતું, અને એ વૃત્તાન્તો ત્યહાર પછી અસત્ય સિદ્ધ થયાછે. પૂર્વોક્ત "નોંધ"ના પ્રથમ પ્રકરણમાં મ્હેં હેવું કહ્યું હતું કે પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાનીના अइ અને अउ ના અર્વાચીન ગુજરાતીમાં ए, ओ અને અર્વાચીન મારવાડીમાં ऐ, औ થાયછેઃ આ અયથાર્થ છે. અર્વાચીન ગુજરાતી અને મારવાડી એ બંને ભાષાઓમાં, પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાનીના अइ, अउના ॲ અને ऑ થાયછે."

(Bardic and Historical Survey of Rajputana, Appendix—J. A. S. Beng. N. S. XII પૃ. ૭૪.

આ સ્થિતિ ડૉ. ટેસિટોરીના આ પ્રશ્નનિરૂપણનો બીજો ક્રમ, એટલે સુવ્યક્ત તત્ત્વોન્મેષની અવસ્થા, સૂચવેછે. આ ઉચ્ચારના વિવૃતસ્વરૂપ વિશે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હેમની મ્હારી સાથે સંપૂર્ણ સંમતિ છે, કાંઈ નહિં તો હેનાં મુખ્ય લક્ષણો પરત્વે તો સંમતિ છે જ, કારણ કે એ ઉચ્ચારના સૂક્ષ્મ પ્રકારનિર્ણય અને સ્વરૂપનિરીક્ષણમાં મ્હારાથી તેઓ, અલબત્ત અત્યન્ત જૂજ અંશે, જુદા પડેછે. તેઓ કહેછે કેઃ—

"ઙ અને ઠ થી (ॲ અને ऑ થી) જે સ્વરો હું દર્શાવવા ઇચ્છુંછું તે e અને o (ए અને ओ) સ્વરોના વિવૃત ઉચ્ચારો છે અને અંગ્રેજી શબ્દ "hat"ના a અને "odd"ના o એ પ્હોળા ઉચ્ચારને, પૂરેપૂરા નહિં પણ લગભગ, મળતા આવેછે. તફાવત મુખ્યતઃ મૌત્રાનો છેઃ અહિં આપેલા અંગ્રેજી શબ્દો-માંના સ્વરો કરતાં મારવાડી ॲ અને ऑ સ્વરોનું ઉચ્ચારણ દીર્ઘતર છે."

(પૂર્વોક્ત ગ્રન્થ પૃ. ૭૪.)

હેમની અને મ્હારી વચ્ચે મતભેદ માત્ર એટલો છે કે મ્હારે મને ગુજરાતી અને મારવાડીના વિવૃત ઉચ્ચારો અન્ય પ્રકારે (સ્થાન-પ્રયત્નાદિ દૃષ્ટિયે) અંગ્રેજી 'hat' અને 'odd'થી અભિન્ન છે, અને માત્રા પરત્વે પણ લગભગ અભિન્ન જ છે. પરંતુ આ મતભેદ અતીવ ગૌણ છે. એ વિદ્વાન્ ડૉક્ટરને અને મ્હારે પ્રમાણમાં મહત્ત્વના મુદ્દાનું જે વૈમત્ય અદ્યાપિ કાયમ રહ્યુંછે, તે આ વિવૃત ઉચ્ચારના ઉદ્‌ભવ પરત્વે છે. હેમના મતો હું બને તેટલા સંક્ષેપથી, પરંતુ હેમના પક્ષનો યથાર્થ પુરસ્કાર થાય એટલાપૂરતી પ્રચુરતાથી, રજૂ કરુંછું. એ મતો (પૂર્વનિર્દિષ્ટ લેખના પરિશિષ્ટમાં પ્રદર્શિત કર્યાછે તે અનુસાર) નીચે પ્રમાણે છેઃ-

(૧) ए અને ओ નો સંવૃત ઉચ્ચાર અપભ્રંશ જેટલો પુરાણો છે પણ વિવૃત ઉચ્ચાર તો પ્રાચીન ભાષા અને અર્વાચીન યુગોના અન્તરાલ દરમ્યાન જ ઉત્પન્ન થયોછે. આ પ્રમાણે પ્રાચીન ભાષા પાશ્ચાત્ય રાજસ્થાનીમાં વિવૃત ઉચ્ચાર અપરિચિત હતો અને ए અને ओ સ્વરો સર્વત્ર સંવૃત ઉચ્ચારતા.

(૨) अइ-अउનું વિવૃત ॲ-ऑ રૂપે પરિવર્તન થયું તે માત્ર સંકોચન વિધિનું જ પરિણામ છે એટલે કે વિશ્લેષાવસ્થામાં રહેલા કાલવ્યવધાનનો નિરાસ થતાં નીપજ્યુંછે; અને અવાન્તરક્રમમાં ऐ-औ એ સંધિસ્વરો હતા.

(૧) પરત્વે ડૉ. ટેસિટોરી અને હું એકમત છિયે, કારણ કે પૃ. ૭૩માંના પ્હેલા પૅરાગ્રાફના મધ્યમાં હેમણે ક્રમો પૃથક્ દર્શાવ્યાછે એ ઉપરથી જણાય-છે કે "પ્રાચીન ભાષા" નો વિવક્ષિત અર્થ પ્રા. પા. રાજસ્થાની છે; પરંતુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૨) વિશે હમારી વચ્ચે મુખ્યમુદ્દામાં મતભેદ છે એ સમઝાય હેવું છે; મ્હારો અભિપ્રાય હેવો છે કે अइ-अउ ના પ્રથમ (प्रतिसंप्रसारणथी) अय-अव થાયછે, પછી अय्-अव् અને ત્યહાર પછી ॲ-ऑ થાયછે. ડૉ. ટેસિટોરી આ અભિપ્રાય સ્વીકારતા નથી અને કારણો નીચે પ્રમાણે આપેછેઃ-

(क) (૧) પ્રા. પા. રાજ.ના अइ-अउ નું ક્યહાંય પણ ભાષાના કોઈ પણ વિકાસક્રમે अय-अव હેવું પરિવર્તન થયું હોય હેવું નિઃશંક રીતે દર્શાવતાં ઉદાહરણો છે જ નહિ.

(૨) ડૉ. ટેસિટોરીનાં અન્વેષણોમાંથી લઈને મ્હેં આપેલાં वयर, वयरागी અને वयसार એ ઉદાહરણો પ્રાતિભાસિક રૂપાન્તરો દર્શાવેછે એમ હેમનું માનવું છે. એ વિશે તેઓ હેવું કહેછે કે એ શબ્દો પ્રમાણરૂપ નથી, કારણ કે પ્રા. પા. રાજ. ના હસ્તલેખોમાં અનેક વાર इ ને સ્થાને य લખાયછે; વળી (તેઓ કહેછે કે) वयर, वयरागी (પોતે પ્રા. પા. રાજ.ના तत्सम એટલે प्राकृतसम શબ્દો ગણેલા છે તે) શબ્દોમાંનો अय પ્રા. પા. રા. ના अइ નો વિકાર ન હોઈને સંસ્કૃતનું ભ્રષ્ટરૂપ હોવાનો સંભવ છે.

(ख) अवનો પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાનીમાં अउ થાય છે એ નિઃસંદેહ છે (જેમકે અપ. कवड्डी, પ્રા. પા. રા. कउडी; અપ. कवण. પ્રા. પા. રા. कउण; અપ गवक्ख, પ્રા. પા. રા. गउख; અપ, घवलउ, પ્રા. પા. રા. धउलउ ). સ્થિતિ હાવી હોઈને, પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાનીમાં અપભ્રંશના પ્રત્યેક अवનો પૂર્વાવસ્થામાં अउ થઈ ગયા પછી ચરમાવસ્થામાં अउનો પાછો अव કરવામાં આવ્યો હોય એ સ્વીકાર્ય નથી.

(ग) ऐ-औ એ (अइ-अउનાં) સંહિતાત્મક રૂપો ગુજરાતી અને મારવાડી બંને ભાષાના પ્રાચીનતમ હસ્તલેખોમાં ઉપલબ્ધ થાયછે; જ્યહારે अइ-अउने સ્થાને ऐ-औ પ્રથમ મૂકાવા લાગ્યા ત્યહારે મૂળ તેઓ (ऐ-औ) સંધિસ્વરરૂપે ઉચ્ચારાતા અને પછીથી જ દીર્ઘ વિવૃતસ્વરની દશામાં આવ્યા.

જો ગુજરાતી મારવાડી યુગના પ્રાચીનતમ સમયમાં अइ-अउની अय-अव રૂપે પરિવૃત્તિ થઈ હોય તો ડૉ. ટેસિટોરી કહેછે કે, અન્યત્ર इ-उने સ્થાને य-व મૂકવાનું વલણ દર્શાવતા હસ્તલેખોમાં આ એક જ પ્રસંગે અપવાદ કરીને अय-अवने સ્થાને ऐ-औ શા માટે લખેલ હોય એ સમઝાતું નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ઘ) अय તેમજ अહિનો अइ થાયછે; જેમકે मयकल (અપ.) मैंगल (માર) पहिलउ (પ્રા. પા. રા.),–पहैलौ (માર). તેમ જ વળી अहु ને अउ થાયછે; જેમકે प्रहर–पहर–पुहुर–पहुर–प्हौर (માર.)

ડૉ. ટેસિટોરી હેવી દલીલ કરેછે કે अय ને સ્થાને अइ લખવાનાં ઉદાહરણો હસ્તલેખોમાં નથી એ સ્થિતિથી પોતે આપેલી દલીલો કાંઈ નબળી પડતી નથી, કારણ કે એ સ્થિતિનો હેવો ખુલાસો થઈ સકે કે अय વાળા સર્વ શબ્દો તત્સમ છે એટલે હેમની પરંપરાગત જોડણી કાયમ રહી.

પૂર્વગત સંક્ષિપ્ત સારથી જણાશે કે જ્યહારે હું વિવૃત ઉચ્ચારના પ્રભવનું:–

હેમના આ વ્યાખ્યાનકર્તાથી મતભેદનું સ્થાન: अइ–अउ / अय–अव :–अय–अव;–अय्–अव्;–अॅ–अॉ;

હેવું અનુદર્શન કરુંછું, ત્યહારે ડૉ. ટેસિટોરી હેનું આ પ્રમાણે અનુદર્શન કરેછે:–

अइ–अउ / अय–अव :–अइ–अउ,–ऐ–औ;–अॅ–अॉ.

અન્ય પ્રકારે કહિયે તો,

(૧) મ્હને अइ–अउ નું प्रतिसंप्रसारण અભિમત છે અને ડૉ. ટેસિટોરી अय–अव ના संप्रसारणના પક્ષકાર છે.

(૨) સ્વરભારના અને अ ના कंठयत्व ના, य् અને व् તત્ત્વોની સહાયતાથી થતો, પરિણામ રૂપે હું વિવૃત ઉચ્ચાર મૂકુંછું; અને ડૉ. ટેસિટોરીએ સ્વીકારેલા (अइ–अउ માંથી થયેલા) ऐ–औ સહસા અને નિષ્કારણ રૂપપરિવર્તન પામીને વિવૃત બની જાયછે.

ડૉ. ટેસિટોરીના મતની પરીક્ષા

હવે હું ડૉ. ટેસિટોરીના મત અને દલીલો વિરુદ્ધ મ્હારે જે કહેવાનું છે તે કહીશ. હેમણે આપેલાં કારણોનો ઉપર મ્હેં યોજેલી સંજ્ઞાથી જ નિર્દેશ કરીશ.

(क)–(૧). પ્હેલી વાત એ કે અસ્વરિત મધ્યવર્તી इ અને उ ના ગુજરાતીમાં પ્રવેશ કરવા વખતે અનુક્રમે य અને व થાયછે એ સામાન્ય ઉત્સર્ગની વિશાળ ભૂમિકાનો આશ્રય હું લઉંછું. હામાં ઉક્ત પ્રકારના इ અને उનો, अ કે અન્ય કોઈ સ્વર પૂર્વે રહ્યોછે કે નહિં એ વાતની અપેક્ષા વિના, સમાવેશ થાયછે. તકરારી મુદ્દાની મર્યાદા अइ અને अउ પૂરતી જ રાખવી જોઇયે નહિં. એથી વિશાળતર ક્ષેત્રમાં प्रतिसंप्रसारण વ્યાપારની પ્રવૃત્તિ થતી સિદ્ધ કરનારાં ઉદાહરણો દર્શાવી સકાય એ વસ્તુસ્થિતિ પોતે જ अइ અને अउના अय અને अव થવાના પક્ષનું સમર્થન કરનારી ગણાવી જોઇયે. હેવાં ઉદાહરણો હું प्रतिसंप्रसारणના उत्सर्गની ચર્ચા દરમ્યાન આપી ચૂકયોછું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(क)-(૨) હું માનુંછું કે इ ને સ્થાને य લખ્યો હોય હેવાં ઉદાહરણો પ્રા. પા. રાજસ્થાનીના હસ્તલેખોમાંથી બહુ વિરલ નીકળશે. અમુક એક હસ્તલેખમાં (F. ૭૨૨માં) પોતે આ વિશિષ્ટ લેખનરીતિ જોઈછે હેવું ડૉ. ટેસિટોરી કહેછે, અને એ ઉપરથી તેઓ અનુમાન કરેછે કે એ માત્ર લેખનનો પ્રકારવિશેષ છે (હેમની "નોંધો" § ૪-૧૫ જુવો).

ત્હાં આપેલાં ઉદાહરણોમાં क्यम, त्यम અને હેવા શબ્દો આવેલાછે. (વિકલ્પે केम, तेम ઇત્યાદિ રૂપે વપરાતા) આ શબ્દો અહિં જે રૂપે લખ્યાછે તે જ રૂપે તેઓનો ઉચ્ચાર થતો હાલ પ્રત્યક્ષ સાંભળિયેછિયે એ વસ્તુસ્થિતિ ઉપરથી સ્વાભાવિક અનુમાન હેવું જ થાય કે તેઓમાં રહેલો य માત્ર અસાધારણ લેખનપ્રકાર નથી પરંતુ એક વસ્તુસત્ વાગ્વ્યાપારસિદ્ધ વિકાર છે. ઉલટું, इ અચૂક લખાતો હતો અને य જવલ્લે જ, અને તે પણ इनुं નહિં પણ यनुं ઉચ્ચારણ કરવાનો ઇરાદો હોય ત્હાં જ, લખાતો હતો હેવું દર્શાવતાં પુષ્કળ ઉદાહરણો પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાનીના અને આદ્ય ગુજરાતીના અનેક હસ્તલેખોમાં વિદ્યમાન છે; તે જ પ્રમાણે उ અને व ના વિષયમાં હતું. ઉદાહરણ તરીકે ભાલણની (વિ. સં. ૧૫૫૦ ના અરસામાં રચાયેલી) कादम्बरीમાં जाइ એમ લખેલું અનેક સ્થળે જોવામાં આવેછે, પણ जाय એ જોડણી માત્ર કેટલેક સ્થાને उपाय જેવા શબ્દો સાથે પ્રાસ મેળવવાના ઇરાદાથી લખેલી જોવામાં આવેછે અને એ પ્રસંગે य ઉચ્ચાર ઇપ્સિત હતો હેવું સ્પષ્ટ દર્શાવેછે.[૪૩]

આ ઉપરથી જણાયછે કે इ અને य, અને उ અને व એ ष અને ख કે ज અને य ની માફક અન્યોન્યને સ્થાને વાપરી સકાય હેવી લેખન-સંજ્ઞાઓ

૪૩. "The Wide Sound of E and O"—ए અને ओनो विवृत उच्चार-એ વિષયના મ્હારા લેખમાં મ્હેં હાનાં અનેક ઉદાહરણો આપ્યાંછે (The Indian Antiquary XLVI, ૩૦૦-૩૦૧; ડિસેમ્બર ૧૯૧૭). ઉપર કહ્યુંછે તેમ इ અને उ જેમાં લખાયેલ છે હેવા ગ્રન્થોનાં નામો જ આપુંછું.

(૧) ભાલણકૃત कादम्बरी (વિ. સં. ૧૫૫૦ કે એ અરસામાં રચાયેલી); (હસ્તલેખનું વર્ષ વિ. સં. ૧૬૭૨);

(૨) गौतमरास, (વિ. સં. ૧૪૧૨);

(૩) माधवानल कथा (વિ. સં. ૧૫૭૪, મતનો કાળ વિ. સં. ૧૬૬૩);

(૪) જનાર્દનકૃત उषाहरण (વિ. સં. ૧૫૪૮);

(૫) विमलप्रबन्ध (વિ. સં. ૧૫૬૮);

(૬) वैतालपचविंशी (વિ. સં. ૧૬૨૯);

(૭) પ્રા.પા. રાજ. લેખોમાંથી લીધેલા નમૂનાઓ (ડૉ. ટેસિટોરીની "નોંધો"ના પૃ ૧૦૦-૧૦૬).



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નહોતી, પરંતુ પ્રત્યેકનો વિવક્ષિત ઉચ્ચાર ભિન્ન હતો. અને જ્યહાં इ અને उનો સર્વત્ર હાવો નિયમિત પ્રયોગ થતો હોય ત્ય્હાં જો वयर, वयरागी હેવા શબ્દનો, કે बइठउनी સાથે સાથે જ बैयठउ, पयठउ એ રૂપોનો, પ્રયોગ થયેલો જોવામાં આવે તો એ જ અનુમાન કરવું ઉપપન્ન છે કે આ શબ્દોમાં प्रतिसं-प्रसारणनी ક્રિયા ચાલૂ થઈ જ ચૂકી હતી, અને એ ક્રિયા પ્રારંભદશામાં હોઇને સ્થિર પ્રતિષ્ઠાને ન્હોતી પામી એટલે કવચિત્ કવચિત્ અન્યથા પ્રયોગ થતા હતા; કારણ કે ભાષામાં થતા વાગ્વ્યાપારગત વિકારો કાંઈ શ્રેણીરૂપે વ્યવસ્થિત એક સરખી કૂચ કરતા ન આવે; કેટલાંક રૂપો પછાત રહે કેટલાંક શીઘ્ર પરિવર્તન પામે, અને કેટલાંક વારંવાર આગળ વધે અને પાછાં પડે; અને એમ થતાં છેવટ સ્થિર વ્યવસ્થા પ્રાપ્ત થાય.

વળી, वयर અને वयरागी શબ્દોને (પ્રાકૃત) तत्सम ગણવા શક્ય નથી, કારણ કે ऐ અને औનાં હાવાં રૂપાન્તરો (अय–अव) પ્રાકૃત સાહિત્યમાં કે વ્યાકરણમાં અપરિચિત છે, પ્રા. પા. રાજસ્થાનીમાં પણ હેનો પ્રચાર બહુ મોડો શરુ થાયછે. ઉલટું वइर–वइरागी એ રૂપો तत्सम છે અને वयर–वयरागी એ तद्भव છે એમ કહેવું વધારે યથાર્થ છે. હમણાં જ દર્શાવેલ કારણે, આ ઉદાહરણોમાં રહેલો अय (અને अव) સં. ऐ (અને औ) નો વિકાર હોય એમ કહેવું યથાર્થ નથી; ऐ નાં ए. इ અને अइ (તેમ જ औ નાં ओ, उ અને अउ) હેવાં પરિવર્તનોનો હેમચન્દ્રે નિર્દેશ કર્યોછે, પરંતુ अय (અને अव) એ ऐ (અને औ) નાં રૂપાન્તરો હોય હેવું હેમણે ક્ય્હાંય પણ કહ્યું નથી, તેમ એ રૂપાન્તરો પ્રાકૃત ગ્રન્થોમાં પણ ઉપલબ્ધ નથી. તેમ, હેમચન્દ્રનાં વચનોનું આન્તર રહસ્ય ઉકેલવાને નિમિત્તે હેમનાં સૂત્રોમાં વાગ્વ્યાપારના હાવા વલણની કલ્પના કરવી ન્યાય્ય નથી.

(ख) ડૉ. ટેસિટોરીની આ દલીલ ભાષાવિકાસમાં પ્રવર્તતા परावर्तन ના નિયમનો અસ્વીકાર કરવા જેવી છે. આ મુદ્દો હાથમાં લેતા પ્હેલાં મ્હારે આટલું કહેવાનું છે કે, संप्रसारण નાં અલ્પસંખ્ય ઉદાહરણો જોતાં, પ્રા. પા. રાજસ્થાનીમાં અપભ્રંશમાંના प्रत्येक अव નો अउ કરવામાં આવેછે એ ઉક્તિ ભાગ્યે જ નભી સકે. પરંતુ આપણે સ્વીકારી લઈશું કે એ ક્રિયાની પ્રવૃત્તિ વ્યાપક હતી. તથાપિ એ परावर्तनना વ્યાપારની બાધક નથી. એ દર્શાવતાં અનેક ઉદાહરણો વિદ્યમાન છે.

(१) સંસ્કૃતનો न પ્રાકૃતમાં અને અપભ્રંશમાં ण રૂપે રહીને કેટલેક પ્રસંગે ગુજરાતીમાં પાછો દર્શન દેછે:–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
| --- | --- | --- |
| नापि | णवि | नव |
| स्तनः | थणो–थणु | थान |
| स्थानं | थाणं–थाणु | थान (=અશ્વશાળામાં અશ્વનું |
| वनचरकं | वणयरउं | वनेरुं સ્થાન.) |
| तनयः | तणओ–तणउ | तन |
| मन | मणं–मणु | मन |
| भगिनी | बहिणी | बेन |
| यौवनं | जोव्वण–जोव्वणु | जोबन |
| ग्रहणं | ग्रहणु (આગળ જતાં घयणु) घेन | |

તે ઉપરાંત નીચે આપ્યાછે હેવા શબ્દોમાં પ્રતિસંપ્રસારણની ક્રિયા જ પરાવર્તનને નિયમે થાયછે:–

| | | |
| --- | --- | --- |
| (२) कःपुनः | कोउण–कउण | वउण (પ્રા. પા. રા.) |
| | कवण | ववण (પ્રા. પા. રા.) |
| देश+अन्तर | देसात्तर देसाउर (પ્રા. પા. રા.) | वेशावर (ગુજ.) |
| देवकुल | देवुल–देउल | देवळ |
| देवर | देउर | देवर (હિં.) |

અલબત્ત, પરાવર્તનનાં ઉદાહરણો અનેક હોય તો પણ એ ક્રિયા અપવાદરૂપ છે એ ખરું છે. પરંતુ એથી એક નિયમ સ્થાપિત થાયછે અને એ નિયમની પ્રવૃત્તિ ન્યાય્ય છે.

(ग) प्राचीनतम मारवाडी अने गुजराती हस्तलेखोमां ऐ–औनुं अस्तित्वः—

આ દલીલ પરત્વે મ્હારે પ્રારંભમાંજ કહેવું પડેછે કે, હું જાણુંછું ત્યહાં સુધીમાં, પ્રાચીનતમ કે અનતિપ્રાચીન ગુજરાતી હસ્તલેખોમાં તો ऐ–औનો પ્રયોગ ઉપલબ્ધ નથી. ડૉ. ટેસિટોરીનો ખ્યાલ ખોટો છે હેવો મ્હને સંદેહ છે. મારવાડી હસ્તલેખો વિશે મ્હારી ખાતરી છે કે પ્રા. પા. રાજસ્થાનીના अइ–अउની પછી જે ऐ–औ દૃષ્ટિગોચર થવા લાગ્યા તે સંસ્કૃતના સંવૃત સંધિસ્વરો નથી પરંતુ વિવૃત अॅ–ऑ ઉચ્ચાર છે અને હેને માટે ै ौ એ સંજ્ઞાઓ માત્ર કામચલાઉ યોજના તરીકે વાપરવામાં આવી હતી જે યોજના અપૂર્ણ અને ભ્રાંતિજનક હતી. ખરું કહિયે તો આ યોજનાથી ઉપજેલી ભ્રાંતિને પરિણામે જ ડૉ. ટેસિટોરીએ, પોતે ઇટલિ જેટલે દૂર હતા ત્યહારે, મારવાડીની આ સંજ્ઞાઓનો સંસ્કૃતમાં સામાન્યતઃ થતો અર્થ કર્યો અને अइ–अउना

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મારવાડીમાં ऐ-औ થાયછે હેવો સિદ્ધાંત બાંધ્યો. (પૂર્વગત પૃષ્ઠ ૧૭૩ મું જુવો). હિંદીમાં જે વિલક્ષણ પ્રકારનો ઉચ્ચાર છે તે સંસ્કૃત સંવૃત ઉચ્ચારથી તેમ જ ગુજરાતીના અતિવિવૃત ઉચ્ચારથી ભિન્ન છે એ નિઃસંદેહ છે; એ છતાં પણ હિંદીમાં અદ્યપર્યંત એ ઉચ્ચાર દર્શાવવા માટે ै ौ આ સંજ્ઞાઓ વપરાયછે; આ વાતથી, મારવાડી હસ્તલેખોમાં ऐ-औ એ વર્ણો વિવૃત अॅ-ऑ દર્શાવેછે, એ મ્હારા મતનું સમર્થન થાયછે.

વળી, જો પૂર્વકાલીન મારવાડીમાં ऐ-औનો ઉચ્ચાર વસ્તુતઃ શુદ્ધ સંધિ-સ્વર જેવો (એટલે કે સંવૃત) હતો તો તદનન્તર એ વર્ણોના ઉચ્ચારને એકાએક વિવૃત બનાવી દે હેવું શું હોઈ સકે એ અતર્ક્ય છે. ऐ-औ એ સંધિસ્વરોને વિવૃત ઉચ્ચાર સાથે કાંઈપણ નિસર્ગસંબંધ નથી. વિવૃતભાવ પામવો હોય તો તેઓને પાછું अइ-अउ રૂપ ધારણ કરવું પડે, કારણ કે સંવૃત ए-ओ રૂપે પરિવર્તિત થવા માટે પણ સંધિસ્વરોને પ્રથમ[44] વિશ્લેષ દ્વારા अइ-अउ દશા પ્રાપ્ત કરવી પડેછે. પરંતુ આ ક્રિયામાં બેવડું પરાવર્તન થાયછે, જે સંભવાસંભવ વિચારતાં આધારરહિત જણાયછે.[45]

---

૪૪ સ્થિતિ આ પ્રમાણે છેઃ—સિ. હે. ૮–૧–૧૪૮ અને ૧૫૯ માં ऐ નો ए અને औનો ओ એ વિકારો દર્શાવ્યાછે; સિ. હે. ૮–૧–૧૫૧–૧૫૨ માં दैत्यादिगण અને वैरादिगणना ऐनुं अइ રૂપે પરિવર્તન દર્શાવ્યુંછે. અને સિ. હે. ૮–૧–૧૬૨ અને ૧૬૩માં पौरादिगणना અને गौरव શબ્દના औનો अउ થવાનો નિર્દેશ કર્યો છે. આ સર્વ સૂત્રોનો અન્તર્ગત નિયમ અવલોકિયે તો સ્પષ્ટ થાયછે કે ऐ-औनुं ए ओ હેવું પરિવર્તન વસ્તુતઃ એકપદે જ નથી થઈ જતું પણ अइ-अउ એ શક્યતાગર્ભ અવાન્તર ક્રમદ્વારા થાયછે. આ પ્રમાણે સંસ્કૃતના પ્રત્યેક ऐ-ओના પ્રાકૃતમાં પ્રવેશ દરમ્યાન પ્રથમ अइ-अउ થતા; અને दैत्यादिगण, वैरादिगण पौरादिगण અને गौरव એટલા અપવાદોમાં એ સંધિસ્વરો अइ-अउ એમ વિશ્લિષ્ટરૂપે જ કાયમ રહેછે, પણ અન્ય સર્વ પ્રસંગોએ આ રીતે આવેલાં સ્વરયુગ્મો (अइ-अउ) એક ક્રમ આગળ વધીને ए અને ओ રૂપે સંયુક્ત થાયછે.

૪૫ પૂર્વકાલીન મારવાડી હસ્તલેખોમાં વપરાયેલી ऐ-औ સંજ્ઞાઓ વિશેનો મ્હારો અભિપ્રાય પૂર્વોક્ત પ્રકારનો હોઈને હું ડૉ. ટેસિટોરીએ (J. A. S. Beng. N. S. XII પૃ. ૭૯ મે) કરેલી વિવૃત (अॅ-ऑ) ઉચ્ચાર માટે ै અને ौ એ સંજ્ઞાઓ વાપરવાની સૂચનાને અસ્વીકાર્ય માનુંછું. પ્રથમ તો, સંવૃત સંધિસ્વર માટે અત્યાર સુધી વપરાતી આવેલી એ સંજ્ઞાઓનો વિવૃત ઉચ્ચાર પરત્વે વિનિયોગ કરવો અયથાર્થ છે; બીજો દોષ એ છે કે, હાલ સંવૃત ए-ओ તેમ જ વિવૃત अॅ ऑ એ બંને ઉચ્ચાર માટે े ो એ સંજ્ઞાઓનો નિર્વિશેષ પ્રયોગ થવાથી (वेरवुं અને वेर (વસ્તુતઃ वॅर); गोळ (વર્તુલ), અને गॉळ (શેલડીનો), ઈત્યાદિ શબ્દોમાં એક જ પ્રકારની માત્રા મૂકાવાથી) જે ભ્રમ થાયછે હેવો જ ભ્રમ વિવૃત अॅ-ऑ ને માટે તેમ જ (दैव-गौण ઇત્યાદિના) સંવૃત સંધિસ્વરો માટે અભિન્ન સંજ્ઞાઓ વાપરવાથી થશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હેમચન્દ્રનાં કેટલાંક સૂત્રોનું આન્તર રહસ્ય વિચારિયે તો संप्रसारण નો નિયમ અને એ દ્વારા પ્રાકૃતમાંના ए–ओ નો ઉદ્ભવ દૃષ્ટિગોચર થાયછે. જેમ કે:–

(૧) નીચેના શબ્દોમાં त्रय નો ते થાયછે: त्रयोदश-तेरह; त्रयोविंशतिः– तेवीसा; त्रयस्त्रिंशत्-तेतीसा ઇત્યાદિ. (સિ. હે. ૮–૧–૧૬૫). (અહિં अयोनुं अय, પછી अइ અને છેવટ ए કેવું પરિવર્તન થાયછે.)

(૨) अयस्कारनुं एक्कार થાયછે (સિ. હે. ૮–૧–૧૬૬). (ક્રમો આ પ્રમાણે છે:–अयक्कार-अइक्कार-एक्कार).

(૩) कदलमांથી केल કે कयल થાયછે (સિ. હે. ૮–૧–૧૬૭). (ક્રમો આ પ્રમાણે છે: कयल–कइल–केल).[४६]

(૪) कर्णिकारनुं कण्णेर થાયછે (कण्णिआर પણ થાયછે), સિ. હે. ૮–૧–૧૬૮ (ક્રમો:–कण्णियार–कण्णयार-कण्णयर–कण्णइर–कण्णेर).

(૫) नवमालिका, नवफलिका હેમના नव નો नो થાયછે (સિ. હે. ૮–૧–૧૭૦) (ક્રમો अव–अउ–ओ).

(૬) अय અને अप (ઉપસર્ગો) નો વિકલ્પે ओ થાયછે. (સિ. હે. ૮–૧–૧૭૨)

(૭) लवण નું लोण થાયછે (વિકલ્પે) (સિ. હે. ૮–૧–૧૭૧).

(૮) સિ. હે. ૮–૩–૧૪૯ એ સૂત્ર અનુસાર સંસ્કૃત પ્રેરકના अय નો પ્રાકૃતમાં ए થાયછે. कारयति–कारेइ, भावयति–भावेइ ઈત્યાદિ.

स्थविर માંથી थेर; पूतर માંથી (ऊअ નો વ્યત્યય થઈને अऊ થતાં) पोर; मयूख (मऊख), चतुर्गुण (चउग्गुण) ઇત્યાદિમાંથી मोह, चोग्गुण, ઈત્યાદિ; આ સર્વ રૂપપરિવર્તનોમાં अइ–अउ એ વસ્તુતઃ અવાન્તર ક્રમ તરીકે રહેલછે. એ વસ્તુસ્થિતિ, ए–ओ નો अय–अव માંથી ઉદ્ભવ દર્શાવતા પૂર્વગત જન્મવૃત્તાંતનું

૪૬ પિશેલ આ શબ્દની વ્યુત્પત્તિનો ક્રમ જુદો આપેછે:–कदल–कदिल–कइल–केल. મ્હેં આપ્યાછે એ ક્રમો હું વધારે પસંદ કરૂંછું. કારણ કે:–

(૧) कदल નો कदिल હેવો વિકાર તદ્દન પરિચિત નથી; स्वराणां स्वराः प्रायोऽपभ्रंशे એ સૂત્રનો અન્તર્ગત નિયમ, અથવા તો એથી વધારે સારો સિ. હે. ૮ ૧-૪૬ નો અન્તર્ગત નિયમ, कदिल ના પક્ષનું સમર્થન કરે; પરંતુ સ્પષ્ટ અને નિસર્ગસિદ્ધ ક્રમો મળી સકતા હોય તો એટલે સૂધી જવાની જરૂર નથી.

(૨) लवणनुं लोण, अव અને अपनो ओ અને પ્રેરકરૂપના अयનો ए (मारयति–मारेइ) એ વિકારોનાં આધારભૂત સિ. હે. ૮-૧-૧૭૧, ૧૭૨, અને ૮ ૩ ૧૪૯ ઇત્યાદિ સૂત્રોમાં संप्रसारण વિધિ ગર્ભરૂપે રહ્યોછે.

(૩) कयल હેવું વૈકલ્પિક રૂપ તો હેમચન્દ્રે પોતે આપ્યું જ છે. कयलमांथी कइल એ ક્રમ નૈસર્ગિક અને સરલતર છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમર્થન કરેછે. આ રૂર્વે હકીકત ઉ ારથી જણાયછે કે, સ્વતઃસિદ્ધ કે अय-अव ના વિકારરૂપ ગમે ત્હેવા, अइ-अउ સંયુક્ત થઇને સંવૃત ए-ओ બનેછે. વિવૃત ॲ ऑ તે માત્ર अय्-अव् માંથી જ આવી સકે. કારણ કે, अइ-अउ માંથી આવેલા સંવૃત ए-ओ એકાએક વિવૃત બની ગયા હોય, અથવા તો अइ-કે अ-उ હેમાંથી સંવૃત તેમજ વિવૃત બંને ઉચ્ચારો ઉત્પન્ન થઈ સકતા હોય, હેવો તર્ક જ સત્ય રીતે ન થઈ સકે.

(घ) अय અને अहિનો ॲ અને अव અને अहુનો ऑ હેવા વિકારો.

આ વિષયમાં બહુ ચર્ચા આવશ્યક નથી. કારણ કે अहि ના પરિ-વર્તનના પ્રથમ ક્રમ વિશે, એટલે કે ह નો પરાક્ષેપ થઇને अइ થવા વિશે, ડૉ. ટેસિટોરીની, પરિણામ જોતાં, મ્હારી સાથે સંમતિ છે. अहु વિશે પણ હેમનો હેવો જ મત છે એમ હું માની લઉં છું. अय અને अव વિશે પૂર્વગત ચર્ચામાં મ્હેં પૂરતું કહ્યુંછે; એટલે કે अय-अवના अइ-अउ થવા સ્હામેના વાંધાઓ દર્શાવ્યાછે અને अय-अव-अय्-अव्માંથી ॲ ऑ માંનો વિવૃત ઉચ્ચાર કેવી રીતે ઉદ્ભવેછે એ સમઝાવ્યુંછે.

अय-अव (अय्-अव्) માંથી વિવૃત ઉચ્ચાર ॲ-ऑ ઉત્પન્ન થાયછે એ અભિપ્રાય પરત્વે એક શંકા શકય છે; હેનું હું અહિં નિવારણ કરીશ. કોઈ પૂછશે કેઃ-"ॲ-ऑ એ अ-इ અને अ-उના બનેલાછે; अय्-अव्માં इ-उ નથી, કારણ કે હેનું (इ-उનું) प्रतिसंप्रसारण થયુંછે, એટલે હેમનો મૂળ ઉચ્ચાર પુનઃ પ્રાપ્ત થાય નહિ; તોપછી अय्-अव्માંથી ॲ-ऑ કેવી રીતે પ્રાપ્ત થયા ?" મ્હારો ઉત્તર આ છે—વિવૃત ॲ-ऑ એ ઉચ્ચારો વસ્તુતઃ વિવૃત છે અને પૂર્વકાલીન ગુજરાતીની અને મારવાડી રૂપોની ઉત્ક્રાન્તિ પૂર્વે અદષ્ટપૂર્વ હતા; એક પ્રકારે આ ઉચ્ચારો વિદેશીય છે, જે હું આગળ તરતમાં જ દર્શાવીશ. આ પ્રમાણે એ ઉચ્ચારોમાં (क) વિદેશીય તત્ત્વ અને (ख) ए-त्व અને ओ-त्व એ બે લક્ષણો રહેલાંછે. આ બેમાંથી (क) લક્ષણ પ્રધાન છે અને (ख) ગૌણ છે. અને આ ગૌણ (ख) લક્ષણનું મૂળ, य् અને व् માં અન્તર્ગૂઢ શક્તિરૂપે રહેલા, इ-उમાં જ છે. આથી કાંઈ अय् अव् અને ॲ ऑ એ ક્રમો વચ્ચે अइ-अउ ક્રમ વસ્તુતઃ પ્રાપ્ત થાયછે હેવો સ્વીકાર નથી થતો. આ ગૂઢ શક્તિનું પ્રયોજન ए-ओ ઉચ્ચાર અથવા સ્પષ્ટ કહિયે તો સંવૃત અને વિવૃત ઉચ્ચારો વચ્ચેના સમાન તત્ત્વરૂપ ઉચ્ચાર ઉપજાવવા પૂરતું જ છે; અને અન્તિમ રૂપાન્તર य्-व् પ્રધાનઅંશરૂપે કાયમ રહેછે. આ સ્થિતિની એક પ્રકારે પાણિનિના स्थानिवदादेशः (૧-૧-૫૬) એ સૂત્રના (अनल्विधौ અંશ બાદ કરતાં રહેલા સૂત્રશેષના) બીજભૂત નિયમ સાથે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સરખામણી થઈ શકે. આ નિર્દેશ ફક્ત વ્યાપારનું સામ્ય દર્શાવવા માટે જ કર્યોછે, કારણ કે એ બે નિયમો વચ્ચે કાંઈક તફાવત છે. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે ઉચ્ચારના રૂપપરિવર્તનમાં વસ્તુતઃ જે ક્રમો થયા હોય એ જ લક્ષમાં રાખવાના છે, અને હેમાં થતા અનુપપત્તિના આભાસનો ખુલાસો એ આપવાનો છે કે અન્તિમ સ્વરૂપ તરફનો પ્રયાણ દરમ્યાન य् અને व् માં इ અને उ નો પ્રકૃતિભાવ ઉપાધિરૂપે રહેછે અને એ ઉપાધિ માત્ર એક સ્વરૂપનિર્ણાયક ગૂઢ શક્તિરૂપે જ પ્રવર્તેછે.

પરંતુ એથી સ્પષ્ટતર, અને કદાચ યથાર્થતર, ઉત્તર આ છેઃ अॅ-अॉ ઉચ્ચાર વસ્તુતઃ એક નવીન ઉચ્ચાર છે અને હેને इ અને उ ઉચ્ચારો સાથે સંબન્ધ પણ ભાગ્યે જ હશે, કારણ કે अय-अव અને अय्-अव् એ આન્તરાલિક ક્રમો આવીને પોતાના વ્યાપારમાં પ્રવૃત્ત થાય ત્હાર પછી એ इ અને उ એ ઉચ્ચારો તો પાછળ બહુ દૂર રહી જાયછે.

આ દલીલ પૂર્વોક્ત શંકાનો એકદમ નિકાલ કરી નાખેછે, કારણ કે એ હેના મૂળમાં જ પ્રહાર કરેછે.

[આ ઉદાહરણોમાં य्-व् અને इ-उ ની પરસ્પર શી સ્થિતિ છે એ વિશે ડૉ. સર રા.ગો.ભાંડારકરનો મત અહિં તપાસવો તો લાભ થશે. પોતાનાં વ્યાખ્યાનોમાં ૪૪ મે પૃષ્ઠે હેમણે યથાર્થ દર્શાવ્યુંછે કે, अइ-अउ ને ऐ-औ ની તફાવત એટલો જ છે કે આ સંધિસ્વરો (ऐ-औ)માં अનું ઉચ્ચારણ દ્રુત છે પણ શ્રુતિયુગ્મો (अइ-अउ)માં એમ નથી. વળી તેઓ કહેછે કે જ્યહારે अની પછી જેમ (ऐ-औમાં) इ-उ આવેછે તેમ, (अय-अवमां) य्-व् આવેછે, અને अय-अवનું ત્વરાથી ઉચ્ચારણ કરવામાં આવેછે, ત્યહારે (इ-उ અને य्-व् વચ્ચેનો) તફાવત નષ્ટ થાયછે અને अय-अवના ऐ औ થાયછે, જેના છેવટ પાલીમાં ए-ओ થાયછે. य्-व्નાં इ-उનું તત્ત્વ ટકી રહેછે હેવો જે સિદ્ધાન્ત મ્હેં પ્રનિપાદિત કર્યોછે ત્હેનું બીજ ડૉ. ભાંડારકરના પૂર્વોક્ત મતમાં રહેલું છે. વિવૃત ઉચ્ચાર अॅ-अॉ પરત્વે મ્હેં એક ક્રમ આગળ વધીને ગુજરાતી અને મારવાડીમાં अय्-अव्ના अનું પ્રાધાન્ય, અને વિવૃત ઉચ્ચારણની ઉત્પત્તિમાં य् व्નું પરોક્ષ સાહાય્ય પ્રદર્શિત કર્યુંછે.]

આખી ચર્ચાને ફરીથી એકવાર સંક્ષિપ્તરૂપે દર્શાવુંછુંઃ ડૉ. ટેસિટોરીની અને મ્હારી પૃથક્ક્રિયાઓ વચ્ચે તફાવત નીચે પ્રમાણે છેઃ-

ડૉ. ટેસિટોરી વિવૃત ઉચ્ચારનો ઉત્પત્તિક્રમ હાવો દર્શાવેછેઃ-

अइ, अय } -अइ-ऐ-अॅ;   अउ, अव } -अउ-औ-अॉ;

મ્હારું ક્રમાનુદર્શન હાવું છેઃ—

| | | | |
|---|---|---|---|
| अय<br>अइ | —अय अय् अॅ; | अव–<br>अउ | —अव–अव्–ऑ; |

હેમણે પ્હેલો ક્રમ (अय-अवના) संप्रसारण દ્વારા સાધ્યોછે, અને મ્હારા મત પ્રમાણે પ્રથમક્રમ (अइ–अउમાં) प्रतिसंप्रसारण થતાં પ્રાપ્ત થાયછે (ઉપાન્ત્ય ક્રમ તરીકે ऐ-औ સ્વીકારવા વિશેનો જે મતભેદ હું દર્શાવી ચૂક્યોછું તે બાજુએ રાખુંછું). આ મતવિરોધ પરત્વે ફરીથી કહુંછું કે वइर નું રૂપાન્તર वयर એ અને હેવાં અન્ય ઉદાહરણો પ્રત્યક્ષ મળ્યાંછે પરંતુ नयण આદિનું नइण રૂપાન્તર થયું દીઠું નથી; અને જો કદાચિત્ (વિરલ પ્રસંગોએ) अयના यનું કે अवના वનું संप्रसारण થયું હોયછે તો પરિણામ—

કાંતો (૧) સંવૃત ए કે ओ (જેમકે चांपानेर, पानोली ઇત્યાદિમાં).

અથવા (૨) અસંહિત स्वरयुग्म (જેમકે सइकुं, सहु (सउ માં ह્નો પ્રક્ષેપ થતાં,)

અથવા (૩) ऐ કે औ (જેમકે सैकुं, सौ);

હેવું આવેછે, પણ કદાપિ વિવૃત अॅ કે ऑ નથી થતો. અને વધારે મુદ્દાની વાત તો એ છે કે अय–अवનું संप्रसारण સાક્ષાત્ પ્રચરિત શબ્દોમાં પ્રત્યક્ષ નથી થતું, પરંતુ માત્ર ઉપપત્તિબળે સંભાવ્ય લાગતા એક અવાન્તર ક્રમ તરીકે હેના હક્કમાં લડત ચલાવવામાં આવેછે. એ પ્રક્રિયાનું ખંડન કરનારી અન્ય દલીલો હોત નહિ તો હેનો હક્ક માન્ય રહેત પણ હેવી દલીલો છે એ તો દર્શાવી ચૂક્યોછું. માટે સંપ્રસારણવાદનો પરિત્યાગ કરવો આવશ્યક છે.

આ ચર્ચા સમાપ્ત કરતાં પ્હેલાં એક સૂચના કરવાને પ્રગલ્ભ થાઉંછું.

એક સૂચના — આ વિવૃત ઉચ્ચારનું પ્રાકૃતમાં અને વળી પ્રા. પા. રાજસ્થાનીમાં પણ અસ્તિત્વ ન્હોતું, તો પછી સંસ્કૃતમાં ક્યહાંથી હોય; આ સત્ય સહુને દૃષ્ટિગોચર થયું હશે.

પાલીમાં જોવામાં આવતા હ્રસ્વ ए અને ओ, તેમજ બંગાળીમાં અમુક પરિસ્થિતિમાં થતો વિવૃતકલ્પ ઉચ્ચાર, એ આ વિવૃત ઉચ્ચારથી તદ્દન ભિન્ન છે; વિવૃત ઉચ્ચાર તો ગુજરાતી અને મારવાડીનું જ અનન્ય સાધારણ લક્ષણ છે. આ વિવૃત ઉચ્ચારને પાલીના હ્રસ્વ ઉચ્ચારના કરતાં બંગાળીનો (વિવૃતકલ્પ) ઉચ્ચાર નિકટતર છે; પરંતુ જે વાગ્વ્યાપારનું આપણે અનુદર્શન કર્યુંછે તે બંગાળીના વિષયમાં લાગૂ નથી પડતો. ગુજરાતી અને મારવાડી ભાષાઓમાં હેમનાં વિકાસકાળના અગ્રતમ ભાગમાં, ઘણું કરીને ઈ. સ. ના સત્તરમા સૈકાના પ્રારંભકાળમાં, આ ઉચ્ચારનો પ્રવેશ થયો; એ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમયના મારવાડી હસ્તલેખોમાં ऐ અને औ વાપરીને આ ઉચ્ચારની સંજ્ઞા યોજવાનો, ગમે ત્હેવો અયુક્ત પણ સ્પષ્ટ રીતે બુદ્ધિપૂર્વક, પ્રયાસ કરવામાં આવેલો જણાયછે; આ વસ્તુસ્થિતિ બહુસૂચક છે અને વિવૃત ઉચ્ચારનો પ્રવેશકાળ દર્શાવેછે. એ જ સમયે અકબરે મુગલ સામ્રાજ્યની સ્થિરપ્રતિષ્ઠા જમાવી હતી અને એ સામ્રટ્‌ના મ્હોટા પ્રયાસને પરિણામે અરબી અને ફારસી સાહિત્ય અને ભાષા ભારતવર્ષીય સાહિત્ય અને ભાષાઓની સાથે નિકટ સંસર્ગમાં આવ્યાં. આથી, हयूरान અને क़व्ल જેવા અરબી અને ફારસી શબ્દોના વિવૃત-પુરોગામી ઉચ્ચારની સાથે વિલક્ષણ સાદૃશ્ય ધરાવતો, કાંઇ નહિં તો છેવટ હેનો અત્યંત નિકટવર્તી, આપણો વિવૃત ઉચ્ચાર આ વિદેશીય ભાષાઓની પરોક્ષ અસર તળે પરિપાક પામ્યો હોય, એ અતીવ શકય છે. ખરે-ખર આટલું તો અસંભવિત નથી જ કે, વિદેશીય हयूरान શબ્દમાં वयण - वयूण માંના ઉચ્ચારનું નિકટ સાદૃશ્ય શ્રુતિગોચર થયું હોય, અથવા क़व्ल શબ્દના ઉચ્ચારમાં कवडी-कवृडी ના ઉચ્ચારનું હેવું જ પ્રતિબિમ્બ જણાયું હોય, અને એ પ્રમાણે ઉચ્ચારતન્ત્રમાં અસર કરતો નીરવ પ્રવાહ ઉત્પન્ન થઇને સ્થાપિત થયો હોય. અરબી-ફારસી ઉચ્ચાર अॅ-अॉ નથી પણ अय्-अव् છે એ લક્ષમાં રાખતાં, આ (अय् अव्) ઉચ્ચાર તેમ જ अय्-अव् અવસ્થામાં રહેલો ગુજરાતી-મારવાડી ઉચ્ચાર બંને સાથે સાથે વિકાસ પામીને ગુજરાતી અને મારવા-ડીના વિવૃત ઉચ્ચાર રૂપ અન્તિમ અવસ્થાને પામ્યા, એમ કહેવું યથાર્થતર લાગેછે. જે પ્રાન્તમાં હિન્દી ભાષા વપરાતી હતી એ પ્રાન્તમાં મુગલની અસર વિશાલતર અને પ્રબલતર હતી, તે છતાં પણ હિન્દી ભાષામાંનો ઉચ્ચાર સર્વાંશે ગુજરાતી અને મારવાડીના જેવો વિવૃત નથી, એ મ્હારા જાણવામાં છે. આ સ્થિતિનો એક બહુ સારો ખુલાસો થઈ સકેછે; હિન્દી બોલનારા લોકો બીજાના પ્રમાણમાં જાને બહુ મજબૂત હતા એટલે ત્હેમણે આ વિદેશીય અસરથી બચી જવાનો પ્રયત્ન કર્યો, અને તેઓ હેમાં ફાવ્યા પરંતુ પૂરેપૂરા સફળ થયા નહિં, કારણ કે સ્વદેશીય નવીન ઉચ્ચારનું વિદેશીય ઉચ્ચાર સાથેનું સામ્ય વસ્તુતઃ અત્યન્ત નિકટ હોવાથી છેવટ હેની અસર થઈ. પૂર્વનિર્દિષ્ટ સમયે જો કે મરાઠીમાં પુષ્કળ ફારસી શબ્દોનો સ્વીકાર કરવામાં આવ્યો હતો તો પણ એ ભાષા આ વિદેશીય અસર નીચે ઘણે કમતી અંશે આવી હતી; અને પરિણામે એ ભાષા ઉપર પૂર્વોક્ત અસરનો એટલો મોટો વિજય ન થયો અને મૂળના ऐ અને औ ઉચ્ચારો સંવૃત રહી ગયા. આમ થવાનું મુખ્ય કારણ એ હતું કે મરાઠીનું વલણ अइ અને अउ એ સ્વરયુગ્મોમાંના अ ને સ્વરભાર પરત્વે ગૌણ બનાવવાનું હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

["a (=अ) અને â (=आ'નું અધઃ'તનજન્ય e (=ए)त्व." આ પ્રકારે પોતે વર્ણવેલા વ્યાપારમાં મી૦ બીમ્સને અનાર્ય તત્ત્વોની પ્રવૃત્તિનો ભાસ થાયછે. (પુ.૧ પૃ. ૧૪૦-૧૪૧). પરંતુ હેમણે કાંઇ ભેદ પારખ્યા વિના વિવૃત ઉચ્ચારને અને पेम्म, एक्क ઈત્યાદિ શબ્દોમાં દૃષ્ટિગોચર થતા પાલી અને પ્રાકૃતના હ્રસ્વ ઉચ્ચારને પણ પ્રસ્તુતઃ વ્યાપારની કક્ષામાં બેસાડી દીધાછે. આ ઉચ્ચારનો તેઓ આર્યજાતિયોના કોલ અને દ્રાવિડ લોકો સાથેના સંસર્ગ સાથે સંબંધ દર્શાવેછે. ગુજરાતી વિશે તેઓ કહેછે કેઃ-"ગુજરાતના આર્યલોકોએ અનાર્યજાતિઓ પાસેથી એ દેશ ખૂંચવી લીધો હતો એટલે તેઓ પણ હેમની પાસેથી આ ઉચ્ચારણ પ્રકાર શીખ્યા હશે." પરંતુ આ ઉક્તિ पेम्म ઇત્યાદિના હ્રસ્વ ए પરત્વે હોવાથી, અને ગુજરાતીમાં કોઈ પણ કાળે એ ઉચ્ચાર વિદ્યમાન ન હોવાથી, હેમાં દર્શાવેલો અભિપ્રાય ગુજરાતીના વિવૃત ઉચ્ચારના વિષયમાં અસ્વીકાર્ય છે; એ વિવૃત ઉચ્ચાર તો, મ્હેં ઉપર કહ્યુંછે તેમ, સત્તરમા સૈકાના પૂર્વભાગમાં ફારસી સંસર્ગ પછી જ અસ્તિત્વમાં આવ્યો.]

Indian Antiquary (ઇ. સ. ૧૯૧૭) ના પુસ્તક XLVI ના વિભાગ DLXXXIXમાં અને (ઇ. સ. ૧૯૧૮) પુસ્તક XLVIIના વિભાગો DXCI અને DXCIIમાં મ્હેં આ વિવૃત ઉચ્ચાર વિશેના મ્હારા અભિપ્રાયો પ્રગટ કર્યા હતા હેનો ગુણદોષવિમર્શ કરીને ડૉ. ટેસિટોરીએ મ્હને માન આપ્યુંછે. એ વિમર્શ ઇ. સ. ૧૯૧૮ના સપ્ટેમ્બરના Indian Antiquary પુસ્તક XLVII વિભાગ DXCIXના ૨૨૫ અને ત્યહાર પછીનાં પૃષ્ઠોમાં પ્રગટ થયોછે. હેમની દલીલો મ્હારા સિદ્ધાંતોને ડગાવી સકે હેવી નથી એટલે હું એનો વિસ્તીર્ણ પ્રત્યુત્તર અહિં નથી આપતો. પરંતુ હેમના એ નવીન લેખની મ્હેં કરેલી અવલોકનરૂપ ચર્ચા આ વ્યાખ્યાનને અન્તે ટિપ્પણ ख માં આપેલીછે.

ऍ-ऑના વિવૃત ઉચ્ચાર વિશેના આ उत्सर्गની હવે રજા લઈશું અને એક બીજા એટલા જ મહત્ત્વના उत्सर्ग તરફ જઈશું.

## उत्सर्ग २

નરજાતિનાં નામોના અન્ત્ય ओ અને अ અને નાન્યતર જાતિનાં નામોના અન્ત્ય उं અને अ : આ વિવિધતાના બીજભૂત નિયમો.

ઉત્સર્ગ ૨;-નામોના અને વિશેષણોના અન્ત્ય ઓ-ઉં અને અ.

સૂચનાઃ-અહિં વિશેષણોનો નામોમાં સમાવેશ માનવાનો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુજરાતી શબ્દોમાં પ્રસ્તુત લક્ષણ કઈ પરિસ્થિતિમાં પ્રાપ્ત થાયછે એ વિચારવા માટે થોડાંક ઉદાહરણો જોઈશું.

### नरजाति

ओ અન્ત્ય હોય હેવા શબ્દો:-

घोडो, आंबो, घडो, पीपळो, साळो, चोरो, धोळो, रातो, साचो, मांकडो, ल्हावो.

अ-અન્ત્યવાળા શબ્દો:-

वड, मोर, नोळ, वाघ, सांप, साद, मांकण.

### नान्यतर जाति

उं-અન્ત્ય-

मडुं, सुनुं, (सूनुं, सोनुं,) सासरुं, शमणुं, धोळुं, काळुं, रातुं, म्हाडुं, वच्चुं, रूपुं. तांबुं.

अ અન્ત્ય-

घर, वंण, नंण, दूध, पाटण, बोर, रींछ, तेल, पीतळ.[૪૭]

વળી કેટલાક શબ્દોના અંતમાં अ હોયછે તો પણ વિકલ્પે ओ અને उं આવેછે:-

ओ-કારાન્ત

| | |
|---|---|
| पथरो-पथ्थर; | डुंगरो-डुंगर |
| कानो-कान; | भारो-भार; |
| हाथो-हाथ; | दांतो-दांत; |
| वांसो-वांस; | गामो-गाम; |
| रसो-रस; | पायो-पाय; |

---

૪૭ મિ૦ બીમ્સે કરેલું આ અન્ત્ય अ નું નિરૂપણ કાંઈક અવ્યક્ત અને વિરોધગ્રસ્ત છે; ક્વચિત્ હેને હેમણે સંપૂર્ણ अ માન્યોછે અને ક્વચિત્ હેને પાતલ કરીને શબ્દને વ્યંજનાન્ત કલ્પ્યોછે. (હેમના ગ્રન્થનું પુ ૧. પૃ. ૧૯-૨૦ અને ૨૦૭-૮ જુવો). અન્ત્ય अ ની અધવચ સ્થિતિમાં રહેલોછે એ (૨૦૨ મે પૃષ્ઠે) સ્વીકાર્યા છતાં હેમણે अ ને લુપ્ત થયેલો ગણીને खेत् खीर् હેવો લિખિત પ્રયોગ પણ કર્યોછે. અને તે છતાં પુ. ૨ પૃ ૪-૫ એ • સ્થળે શબ્દશરીરને (=अंग ને) અકારાન્ત માનીને વ્યવહાર કર્યો છે. પણ વળી એ જ પુસ્તકનાં ૮ મા અને ૧૮૮ માં પૃષ્ઠોએ શબ્દોને વ્યંજનાન્ત માન્યા-છે અથવા તો अ ને "Silent, શાન્ત (અનુચ્ચારિત) अ" હેવી વિરોધગર્ભ સંજ્ઞા અર્પીછે,-જે સંજ્ઞા વદતોવ્યાઘાતમય છે એટલું જ નહિં પણ અર્થરહિત છે. ભરતખંડની ભાષાઓમાં શાન્ત અનુચ્ચરિત સ્વરનું અસ્તિત્વ સર્વથા અશક્ય છે; એ ખ્યાલ અને એ સંજ્ઞા અંગ્રેજી શબ્દ કોષમાંથી ઉછીનાં લીધેલાં છે અને અહિંયાં હેમને લેશ પણ અવકાશ નથી. તેમ, ગુજરાતી અને બીજી પ્રચલિત ભાષાઓમાં जल, तेल ઈત્યાદિનો जल्, तेल् હેવો ઉચ્ચાર થાયછે એમ કહેવું પણ યથાર્થ નથી. એ ઉચ્ચાર જૂદા પ્રકારનો છે અને અન્ત્ય अ અસ્વરિત હોવાનું એ પરિણામ છે.

આ મુદ્દો મ્હેં આગળ ઉપર વિસ્તારથી ચર્ચ્યોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ શબ્દગણમાં સામાન્યતઃ ઘણા થોડા અપવાદો બાદ કરતાં ઓ-કારાન્ત શબ્દના અને (એ જ મૂળમાંથી ઉત્પન્ન થયેલા) અકારાંત શબ્દના અર્થોમાં તફાવત છે, એ લક્ષમાં આવશે. (આગળ ૫૦ મી ફુટનોટ જુવો.)

ઉ-કારાન્ત.

पातुं-पात; भरणुं-भरण; नाकुं-नाक;

साचुं-साच; आंगणुं-आंगण;

ઉપર જ નરજાતિના શબ્દો વિશે બોલતાં ભિન્ન અન્ત્ય હોઈને અર્થ પણ ભિન્ન થવા વિશે જે અવલોકન કર્યુંછે તે આ શબ્દોને પણ લાગુ પડે-છે. (આગળ ૫૦ મી ફુટનોટ જુવો.)

હવે, પ્રશ્ન આ વિચારવાનો છેઃ-કયા નિયમને અવલમ્બીને એક પ્રસંગે અન્ત્યસસ્વર अ આવેછે અને અન્ય પ્રસંગે ओ કે उं પ્રાપ્ત થાયછે?

ઉત્સર્ગ-વ્યાખ્યા

આ પ્રશ્નનો ઉત્તર સંક્ષિપ્તરૂપે આપતો હાવો એક उत्सर्ग રચાયઃ—

જે સંસ્કૃત અને પ્રાકૃત કે દેશ્ય શબ્દોને અન્તે એક વા અન્ય સમયે क પ્રત્યય લગાડવામાં આવ્યો હોય એ શબ્દોનો અન્ત્યવર્ણ નરજાતિમાં ओ અને નાન્યતરજાતિમાં उं પ્રાપ્ત થાયછે; જે શબ્દોને આ क પ્રત્યય ન લાગ્યો હોય તેઓ अ કારાન્ત રહેછે; અને જેઓને क પ્રત્યય લાગ્યો હોય અને વિકલ્પે લુપ્ત થયો હોય ( અને એથી શબ્દાર્થ સામાન્યતઃ બદલ્યો હોય) તે શબ્દોને અન્ત્યસ્થાને (યથાવકાશ) ओ કે उंની અને अની વૈકલ્પિક પ્રાપ્તિ થાયછે;

આ નિયમની પૃથક્ક્રિયા નીચે પ્રમાણેઃ—

## નર જાતિ

પ્રસ્તુત ઉત્સર્ગથી પૃથક્ક્રિયા; अक નો अउ અને अकं નો अउं થાયછે; क રહિત શબ્દના અન્તમાં અપભ્રંશમાં उ આવેછે જેનો ગુજરાતીમાં अ થાય છે.

(क) સિ. હે. ૮-૪-૩૩૧ (स्यमोरस्योत्) સૂત્ર અનુસાર અપભ્રંશના અન્ત્ય अ નો, પ્રથમા (અને દ્વિતીયા) એકવચનના પ્રત્યયની પૂર્વે, उं થાયછે. આ પ્રમાણે સંસ્કૃતમાં જે શબ્દોના અવસાનમાં क (અથવા યથાર્થતઃ अक) હોય તેઓને અપભ્રંશમાં આવતાં અન્તમાં अउ પ્રાપ્ત થાયછે; જેમકે घोटकः નું घोडउ રૂપ બનેછે (કારણ કે વ્યાપક પ્રાકૃત સૂત્ર ૮-૧-૧૭૭ અનુસાર क નો લોપ થાયછે). પછી ઉપર ચર્ચેલા उत्सर्ग (१) ના વ્યાપારથી આ अउ નો (अर्धविवृत) ओ થાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ख) એજ સૂત્ર (૮–૪–૩૩૧) અનુસાર क પ્રત્યય રહિત अ-કારાન્ત સંસ્કૃત શબ્દોના અન્ત્ય अનો उ થાયછે; અને આથી शब्द (સં.) सद्दो (પ્રા.), सद्दु (અપ.), હેવું રૂપાન્તર થાયછે, અને આ અન્ત્ય उનો, હવે ચર્ચવાના એક બહુવ્યાપક પ્રવૃત્તિવાળા उत्सर्गના વ્યાપારથી ગુજરાતીમાં अ થાયછે. જેમકે मधु-मध; विना-विणु-विण; ઇત્યાદિ). એથી संयोगलोप અને पूर्वस्वरदीर्धत्व થયા પછી साद પ્રાપ્ત થાયછે.

## नान्यतर

(ग) [४८] સિ. હે. ૮–૪–૩૬૪ कान्तस्यातउंस्यमोः એ સૂત્ર અનુસાર શબ્દ જેને અન્તે क (એટલે अक) હોય હેવા શબ્દોને પ્રથમા (અને દ્વિતીયા) એકવચનનો પ્રત્યય લગતાં અન્ત્ય अ નો उं થાયછે, જેમકે पर्णक (સં.)–पण्णउं (અપ.)-पानुं[४९] (ગુજ). [संयोगलोप અને पूर्वस्वरदीर्घत्व; અને ण નું नत्व].

(घ) સિ. હે. ૮–૪–૩૩૧ અનુસાર क પ્રત્યય રહિત શબ્દોના અન્ત્ય अनो પ્રથમા (અને દ્વિતીયા) એકવચનના પ્રત્યયની પૂર્વે उ થાયછે. જેમકે गृहं (સં.) घरं (પ્રા.) घरु (અપ.) घर (ગુજ.) ઉપર (ख) માં દર્શાવ્યા પ્રમાણે અન્ત્ય उ નો अ થાયછે.

ઉપર આપેલા વૈકલ્પિક શબ્દ ગણુમાં क પ્રત્યયનું પર્યાયે વિધાન અને લોપ થાયછે અને હેમચન્દ્રના પૂર્વનિર્દિષ્ટ સૂત્રના પ્રભાવે ગુજરાતીમાં એકતઃ ओ કે उ-કારાન્ત, અને અન્યતઃ अ કારાન્ત હેવાં બે વિકલ્પગ્રાહ્ય રૂપો પ્રાપ્ત થાયછે.

કાનો–કાન ઈત્યાદિ વૈકલ્પિક રૂપોની બાબતમાં क પ્રત્યયનું વિધાન અને લોપ વિકલ્પે થાયછે; એટલે બે રૂપો થાયછે.

જેમ કેઃ—

| સં. | અપ. | ગુજ. |
|---|---|---|
| प्रस्तरकः | पत्थरउ | पथरो |
| प्रस्तरः | पत्थरु | पथ्थर; |

૪૮. શાસ્ત્રી વ્રજલાલે પોતાની उत्सर्गमालाમાં અન્ત્યાક્ષર ओ ની ચર્ચા કરીછે. (उत्सर्ग ૧૫૬); અને, અપભ્રંશમાં નરજાતિનાં અને નાન્યતરજાતિનાં નામોના અન્ત્ય उ વિશેના उत्सर्ग ૧૭૫ ને અંગે, उं અન્ત્યવાળાં રૂપોનો માત્ર નિર્દેશ કર્યોછે. અહિં બને પ્રસંગે હેમની ચર્ચા ખોટી છે. હેમણે અન્ત્ય ओ ને क પ્રત્યય અને હેના વિકારભૂત अउ દ્વારા સાધ્યો નથી; તેમ વળી અન્ત્ય उं ના अनुस्वारનો; આપણે સિ. હે. ૮-૪-૩૫૪માં જોયોછે. લ્હેવો કાંઇ ખુલાસો નથી આપ્યો; (અલબત્ત એ અનુસ્વાર સંસ્કૃતમાંના નાન્યતર પ્રત્યય मનો અવશેષ છે.)

(૪૯) अउं નો अ દ્રુતતર થઈને લુપ્ત થયોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| कर्णकः | कण्णउ | कानो |
| कर्णः | कण्णु | कान; |
| हस्तकः | हत्थउ | हाथो |
| हस्तः | हत्थु | हाथ; |
| वंशकः | वंसउ | वांसो |
| वंशः | वंसु | वांस; |
| रसकः | रसउ | रसो |
| रसः | रसु | रस; |
| | (દે૪૫) डुंगरउ | डुंगरो |
| | डुंगरु | डुंगर; |
| भारकः | भारउ | भारो |
| भारः | भारु | भार; |
| दन्तकः | दंतउ | दांतो |
| दंतः | दंतु | दांत; |
| गर्भकः | गब्भउ | गाभो |
| गर्भः | गब्भु | गाभ; |
| पादकः | पायउ | पायो; |
| पादः | पायु | पाय; |

---

| | | |
|---|---|---|
| पर्णकं | पण्णउं | पानुं |
| पर्णं | पण्णु | पान; |
| सत्यकं | सच्चउं | साचुं |
| सत्यं | सच्चु | साच; |
| भरणकं | भरणउं | भरणु |
| भरणं | भरणु | भरण; |
| अंगनकं | अंगणउं | आंगणुं |
| अंगनं | अंगणु | आंगण; |
| | (દે૪૫) णक्कउं | नाकुं |
| | णक्कु | नाक, |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(क પ્રત્યયને પ્રભાવે જે શબ્દોનાં ગુજરાતી પ્રતિરૂપોમાં પૂરેપૂરું કે થોડુંક અર્થપરિવર્તન થતું હોય હેવા શબ્દો ઉપરની યાદીમાં છે.)[૫૦]

શબ્દાર્થ બદલતો હોય ત્યારે વૈકલ્પિક રૂપો પ્રાપ્ત થાયછે.

દેશ્ય ભાષામાંથી વ્યુત્પન્ન થયેલા શબ્દોને પણ એ જ નિયમો લાગૂ પડેછે.

| | | |
|---|---|---|
| पारक्कक | पारक्कउं | पारकुं |
| णिरिअ(कं) | निरिअउं | नर्युं |
| कोड्डुं | कोड्ड | कोड |

---

૫૦ તે આ રીતે-पथ्थर-૧ મ્હોટી શિલા; ૨ બાંધકામનો પથ્થર; ન્હાનો પથરો;
पथरो-ન્હાનો પ્હાણકો.
कान-કર્ણ;
कानो-વાસણની વળેલી ધાર કે કોર.
हाथ-હસ્ત;
हाथो-a handle, હથિયાર ઓજારને જ્યહાંથી ઝાલિયે તે ભાગ.
वांस-બાંબુ.
वांसो-પીઠ (સં. वंश:-બરડાની કરોડ)
रस-૧. સ્વાદ ૨. પ્રવાહી દ્રવ્ય.
रसो-શાકાદિ ખાદ્ય પદાર્થનો પ્રવાહી અંશ.
दांत-દન્ત, પ્રાણીનો.
दांतो-કાંસકી, કરવત ઇત્યાદિનો.
गाभ-ગર્ભ.
गाभो-તકિયા વગેરેની અંદરના ડૂચા.
पाय-પગ.
पायो-ખુરશી, મેજ ઈત્યાદિનો; ઘરનો.
पान-પર્ણ; નાગરવેલનું પાન.
पानुं-પુસ્તકનું પૃષ્ઠ.
साच-સત્ય (નામ).
साचुं-ખરેખરું.
भरण-આંખમાં આંજવાની ભૂકી.
भरणुं-ચૂકવણી ઇત્યાદિ.
नाक-નાસિકા.
नाकुं-શેરીનું મુખ; સોયનું કાણું.

ઉપર આપેલા શબ્દોમાં માત્ર બે શબ્દોના અર્થ, क હોય કે ન હોય તો પણ અવિકૃત રહેછે; ડુંગર, डुंगरो એટલે ટેકરી કે પર્વત; અને आगण, आंगणुं એટલે ઘરનું ચોગાન; એમ ઉભય રૂપે અર્થ અભિન્ન છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| { छाणं / छाणकं } | { छाणु / छाणउं } | { छाण / छाणु } |
| फुल्लं | फुल्लु | फूल |
| बोक्कड (कः) | बोक्कडउ | बोकडो |
| छेओ (+क) (=ड) } +क | छेअडउ | छेडो |

[અપભ્રંશમાં ड પ્રત્યય કવચિત્ બેવાર લગાડી દેવામાં આવેછેઃ જેમકે फोडंति जे हिअडउं अप्पणउं ( सि. हे. ૮–૪–૪૨૧, ઉદાહરણ). हिअडउं=हृदयक+–हिअडकं–हिअडउं]

| | | |
|---|---|---|
| कीरो | कीरु | कीर (=પોપટ) |
| कडइ (क) (+क) | कडइयउ | कडियो |

(હમાં અ દ્રુતતર હોઈને લુપ્ત થયોછે.)

કવચિત્ क પ્રત્યય લાગેછે અને ક્વચિત્ નથી લાગતો હેનો ખુલાસો. મિ. બીમ્સનો અભિપ્રાય અને હેની પરીક્ષા.

હવે પ્રશ્ન આ છે—કેટલાક શબ્દોને क પ્રત્યય લાગેછે અને બીજાને નથી લાગતો હેનું શું કારણ? વળી, કેટલાંક શબ્દોને કવચિત્ લાગેછે અને કવચિત્ નથી લાગતો એ શાથી? આ મૂલાન્વેષી પ્રશ્ને મિ. બીમ્સના મનને બહુ તકલીફ આપીછે અને હેમણે હેની સમર્થ ચર્ચામાં કેટલાંક પૃષ્ઠો (પુ. ૨, પૃ. ૫ થી ૧૫, અને પૃ. ૩૦) રોકયાંછે, જો કે કવચિત્ કવચિત્ તેઓએ આડા દોરવાઈ જઈને ખોટા સિદ્ધાન્તો પ્રાપ્ત કર્યાછે. અન્ત્ય ઓનો ઉદ્‌ભવ क પ્રત્યયમાંથી દર્શાવતો ડૉ. હ્યૅર્નલ્‌નો અભિપ્રાય ખરો નથી એમ બતાવવાનો હેમણે પ્રયાસ કર્યોછે અને પોતે સ્વરભારવાદ રજુ કર્યોછે; જે આ પ્રમાણે છેઃ—Oxytones એટલે કે સ્વરભાર અન્ત્યાક્ષર ઉપર રહ્યો હોય હેવા (=अन्तोदात्त) શબ્દ અન્ત્યસ્થાને ઓ પ્રાપ્ત કરેછે, અને barytones, એટલે જેનો ઉપાન્ત્ય વર્ણસ્વરભાર યુક્ત હોય હેવા શબ્દોનો (અથવા आद्युदात्त શબ્દોનો પણ) અન્ત્યસ્વર અ રહેછે; અને નાન્યતરજાતિનાં નામોના અન્ત્ય ઉને અથવા અને એ જ નિયમ લાગૂ પડેછે. હેમની દલીલ હાવી છે એ સ્પષ્ટ છેઃ અન્ત્યશ્રુતિ ઉપર સ્વરભાર હોયછે ત્હારે એ પ્રધાન બનેછે અને પરિણામે અન્ત્ય ઓ પ્રાપ્ત થાયછે પણ હેના ઉપર સ્વરભાર ન પડતો હોય તો હેનું ( અન્ત્યશ્રુતિનું ) પ્રાધાન્ય ક્ષીણ થતાં અન્તે કમજોર અ આવેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે આ મતની પરીક્ષા કરિયે. સ્વરભારવાદની વિરુદ્ધમાં એક દલીલ આ છે:–જો અન્ત્યવર્ણ ઓ કે અની પ્રાપ્તિ સ્વરભાર પ્રમાણે નિયત થતી હોય તો એક જ સંસ્કૃત શબ્દમાંથી એક ઓ–કારાન્ત અને બીજું અ–કારાન્ત હેવાં બે ગુજરાતી રૂપો, कानो–कान; हाथो–हाथ ઈત્યાદિ ઉત્પન્ન થવાનું શું કારણ? અર્થ ફરવાની સાથે સ્વરભાર પણ ફરેછે હેવી જે દલીલ કરવામાં આવે તો હું આટલું જ પૂછુંછું;–આ વાતનો કાંઈ પૂરાવો છે ખરો? વળી વધારે નહિ તો એક બે ઉદાહરણોમાં (डुंगरो, आंगणुं, डुंगर, आंगण, હેમાં) અર્થ ફરતો જ નથી. તો એ પ્રસંગે આ બચાવ કેવી રીતે ચાલશે?

સ્વરભારવિરુદ્ધ દલીલ

અન્ય પક્ષે, क–વાદનું સમર્થન કરતાં નિર્વિવાદ કારણો છે;–

कવાદનાં આધારભૂત સંશયાતીત કારણો

(क) પ્રાકૃતમાં घोडो, અપભ્રંશમાં घोडु અને घोडउ, પ્રા. પા. રાજ. માં घोडउ છે. અન્તે अउ વાળું આ વચ્ચે રહેલું રૂપ હેવું સૂચવેછે કે ગુજરાતી અન્ત્ય ओ (ખાસ કરીને એ પોતે अर्धविवृत છે અને પ્રાકૃતમાંનો અન્ત્ય ओ હેવો નથી એ કારણે) પ્રાકૃતમાંના અન્ત્ય ओમાંથી આવી સકે નહિ. એમ હોઈને આ अउ ને માટે નીચેના બે વૈકલ્પિક ખુલાસામાંથી એક સ્વીકારવો રહેશે:—

(૧) પ્રાકૃત શબ્દનો અન્ત્ય ओ વિશ્લિષ્ટ થતાં अ અને उनुं (=अउ) સ્વર-યુગ્મ પ્રાપ્ત થયું અને એથી घोडो શબ્દ અપભ્રંશમાં અને પ્રા. પા. રાજસ્થાનીમાં घोडउ થયો;

અથવા (૨) સંસ્કૃત કે પ્રાકૃત મૂળશબ્દને क પ્રત્યય લગાડવામાં આવ્યો, અને એથી થતા અન્ત્ય अक નો અપભ્રંશમાં अउ થયો.

આ બે મતમાંથી, (૧) તો ઘણો અનુપપન્ન લાગેછે; औનો अउ રૂપે વિશ્લેષ થતો જાણ્યોછે (અને એ ક્રિયાનો લોકોના ઇન્દ્રિયગત વૈલક્ષણ્ય રૂપ ખુલાસો પણ આપી સકાયછે), પરંતુ ओ નો વિશ્લેષ ક્યહાંય જાણ્યો નથી. આ વાદનું સમર્થન કરતો કોઈ પ્રમાણભૂત આધાર નથી, કે નથી હેને સંભવાસંભવની ગણના રૂપ અવલમ્બન. (૨) ને ઉપર ચર્ચેલા સૂત્ર ૮–૪–૩૩૧ થી સારો આધાર મળેછે.

(ख) ત્હારે अउने क પ્રત્યયમાંથી નીકળેલો માનિયે, તો ગુજરાતી નરજાતિનાં નામોના અન્ત્ય अर्धविवृत ओ નો, उत्सर्ग (૧) ની ચર્ચામાં જોઈ ગયા છિયે હેવો, સંપૂર્ણ ખુલાસો મળેછે;[૫૧] પણ સ્વરભારવાદ સ્વીકારતાં

[૫૧] આ પ્રમાણે ગયા (उत्सर्ग ૧) અને પ્રસ્તુત उत्सर्ग (उत्सर्ग ૨) ની વચ્ચે અન્ત્ય ओ ના આ अर्धविवृत ઉચ્ચાર રૂપ શૃંખલા પ્રાપ્ત થાયછે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(क પ્રત્યય અને તજ્જન્ય अउने અભાવે) આ અર્ધવિવૃત ઉચ્ચારનો ખુલાસો નહિ મળે; કારણ કે (अउ-अव-अव् એ ક્રમો વિના આવેલો) એ ओ સર્વત્ર अविवृत-संवृत—રહેશે.

[મિ૦ બીમ્સે (પુ. ૨ પૃ. ૨૯ મે) કહ્યુંછે કે (क् લુપ્ત થતાં) अकः નો अओ બનેછે અને (એઓએ કહ્યુંછે કે) "અર્વાચીન શબ્દોમાં ગુજ. અને સિંધીમાં अ લુપ્ત થતાં ओ બાકી રહેછે. પણ અન્ય ભાષાઓમાં હેનો (ओ નો) आ થાયછે." આ કથનનો ફલિતાર્થ જોતાં વસ્તુતઃ તેઓ क (अक) પ્રત્યયનો અંગીકાર જ કરેછે, પરંતુ હેમાં ओ ની વાસ્તવિક સ્વરૂપરચના અને ઉત્પત્તિ એક જરાકને માટે એઓ ચૂકી જાયછે. આપણે જોયુંછે કે अकः નો अउ થાયછે અને એ अउમાંથી જ અર્ધવિવૃત ऑ પ્રાપ્ત થઈ સકે; અથવા પક્ષાન્તરે अकनो अअ થઈને, ખાસ કરીને મરાઠી અને હિન્દીમાં, आ બનેછે. ओ નો आ થાય એ તો ખરેખર અશ્રુતપૂર્વ છે.]

પ્રસ્તુત પ્રશ્નની વિશેષ પરીક્ષા કરીયે. મિ૦ બીમ્સના સ્વરભારના નિયમ પ્રમાણે જેઓના અન્તમાં માત્ર अ જ રહેવો જોઈયે હેવા કેટલાક आद्युदात्त શબ્દોને અન્તે વસ્તુતઃ, અર્થ ફરવાની સાથે, ओ પણ પ્રાપ્ત થાયછે; જેમ કેઃ—

મિ. બીમ્સના મત અનુસાર આદ્યુદાત્ત શબ્દો અકારાન્ત જ રહેવા જોઈયે, પણ વસ્તુતઃ કેટલાક આદ્યુદાત્ત શબ્દો હેમના નિયમનો અનાદર કરીને અન્ત્યસ્થાને अ ઉપરાંત ओ પણ પ્રાપ્ત કરેછે.

| | |
|---|---|
| कान–कानो (सं. कर्णः) | दांत–दांतो (सं. दन्तः) |
| गाभ–गाभो (सं गर्भः) | वांस–वांसो– (सं वंशः) |
| तान–ताणो (सं. तानः) | |

सुवर्ण શબ્દમાં ઉપાન્ત્ય ઉદાત્ત છે તે છતાં પણ ગુજ. सूनुं (सोनुं) શબ્દ વિકલ્પે પણ અકારાન્ત નથી થતો.

વળી મિ. બીમ્સના મત પ્રમાણે જેઓને અન્તે ओ કે उं જ આવવો જોઈયે હેવા કેટલાક अन्तोदात्त શબ્દો વસ્તુતઃ અકારાન્ત જ રહેછેઃ—

કેટલાક અન્તોદાત્ત શબ્દો એ નિયમનો ભંગ કરીને અન્ત્યસ્થાને ओ–उं ને બદલે માત્ર अ વર્ણને પ્રાપ્ત કરેછે.

| | |
|---|---|
| खांध (सं. स्कंधः) | घर (सं. गृह) |
| रींछ (सं. ऋक्षः) | दूध (सं. दुग्ध) |

જ્યહારે (सं) पर्ण નાં पान અને पानुं બંને રૂપો થાયછે.

[ઉપર આપેલા अन्तोदात्त શબ્દ गृहनेपर[૫૨] અન્તે એક વિરલ પ્રસંગે

---

૫૨. गेहार्थानामस्त्रियाम् ॥ फिट्सूत्र, पाद १, सूत्र ३.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એટલે કે ગ્રામ્યલોકની ગુજરાતી બોલીમાં ઉ જોવામાં આવેછે: જે કે એક વચનમાં ઘરું નથી વપરાતો પણ ઘર જ વાપરવામાં આવેછે, પરંતુ બહુવચનમાં, મૂળ એકવચન રૂપ ઘરું હોય તેમ, બહુવર્ગ ઘરાં શબ્દ વાપરેછે.

गृहकं-घरउं-घरुं; આ એકવચનનું રૂપ ઘણા પ્રાચીન સમયમાં મૃતપ્રાય થઈ ગયું હશે અને હેનો ગ્રામ્યવર્ગમાં ઘરાં એ બહુવચન રૂપે અવશેષ રહી ગયો હશે.

વળી ગ્રામ્યજનોની ગુજરાતી બોલીમાં ઢોરનું અનેકવચન ઢોરાં થાયછે; એ પણ લક્ષમાં રાખવા જેવું છે; તેમ જ માણસનું અનેકવચન માણસાં થાય છે, झाडनुं झाडां, मच्छरनुं मच्छरां [૫૭]ઇત્યાદિ; मच्छरના અનેકવચન રૂપ मछरांमां સંયોગલોપ[૫૭] થાયછે તે છતાં પૂર્વસ્વરદીર્ઘત્વ નથી થતું એ સ્થિતિ પ્રસ્તુત પ્રશ્નનો એક સ્પષ્ટ ખુલાસો સૂચવેછે. તે એ કે આ અનેકવચનના રૂપમાં સ્વરભાર આદ્યશ્રુત ઉપરથી ખસીને અન્ત્યશ્રુતિ ઉપર જઈ પડેછે. મિ. બીમ્સનો સ્વરભાર-વાદ એકાંશે ખરો છે, હેવું કદાચ આ ઘટના ઉપરથી જણાશે.]

અંગુષ્ઠ શબ્દ લૌકિક સંસ્કૃતમાં આદ્યુદાત્તછે, માત્ર વૈદિક સંસ્કૃતમાં અન્તોદાત્તછે (फिट्सूत्र, पाद १, सूत्र १४). એથી મિ. બીમ્સના મત અનુસાર હેનું ગુજરાતીરૂપ अंगूठ થાય, વસ્તુતઃ अंगूठो છે તે નહિં. હેનો ખુલાસો કરવા માટે હેવી દલીલ કરવામાં આવે કે આ અન્ત્ય ओ વૈદિક સંસ્કૃતની અસરથી આવ્યોછે, કારણ કે પ્રાકૃત ભાષાઓ બહુ પુરાણી છે એટલે તેઓમાં વૈદિક સંસ્કૃતનાં કેટલાંક લક્ષણો જોવામાં આવેછે, જેમ કે પૈશાચી પ્રાકૃતનો ळ ઉચ્ચાર (सि. हे. ८-४-३०८), અને સંપ્રદાન (=चतुर्थी) વિભક્તિના રૂપ તરીકે સંબન્ધ (=ષષ્ઠી) વિભક્તિનો પ્રયોગ (सि. हे. ८-३-१३१, અને पाणिनि २-३-६२).

પોતાના સ્વરભારવાદના માર્ગમાં રહેલાં આ વિઘ્નોથી મિ. બીમ્સ અજાણ્યા નથી. પોતે આપેલા ઉદાહરણસમૂહોમાં આ અપવાદોનો હેમણે પોતે જ નિર્દેશ કરેલોછે. પરંતુ વાંધો માત્ર એટલો છે કે હેમણે પુરાવાનો બોજો क વાદના અવલમ્બકો ઉપર નાંખ્યોછે.-જે તદ્દન ગેરવાજબીછે, (પુ. ૩, પૃ. ૧૪, ૮૫ નો છેલ્લો પૅરા. ગ્રાફ અને એ પૃષ્ઠનો છેલ્લો પૅરાગ્રાફ). વસ્તુતઃ

આ વિઘ્નો મિ. બીમ્સના જાણવામાંછે; क वादના પક્ષકારો ઉપર પુરાવાનો બોજો નાખીને તેઓ હેને વટાવી જાયછે.

---

૫૭. વ્યુત્પત્તિક્રમ હાવો હોઈ સકેઃ સં. मशकः (+क) मशककः, પ્રા. मसअओ, અપભ્રંશ मसअउ, मछरउ, (नरजातिને બદલે नान्यतरजाति) मछरउं. સંયોગ च्छની પ્રાપ્તિ એ સ્પષ્ટ રીતે એક વિપરીત ક્રમ છે; સરલને સ્થાને વિમિશ્ર રૂપ આવેછે; એથી એ સંયોગના લોપને પ્રતિ-વિપરીત વ્યાપાર ગણવો જોઇયે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ લોકો હેવું નથી કહેતા કે અમુક પ્રકારનો સ્વરભાર હોય તો ક લગાડવામાં આવેછે. સ્વરભારને નિયામક તત્ત્વની કોટિમાં મૂકવાનો દાવો તો મિ. બીમ્સ પોતે જ કરેછે.

પરંતુ, પૂર્વોક્ત અપવાદોનો મિ. બીમ્સે એક ખુલાસો આપ્યોછેઃ તે એ કે હેમણે પૂર્વકાલીન तद्भव નામે વર્ણવ્યા છે એ શબ્દો ઉપર જ સ્વરભારની અસર થાયછે; ઉત્તરકાલીન तद्भवોમાં અપવાદો નીકળી આવે અને આ ઉત્તરકાલીન तद्भवોમાં કેટલાક શબ્દો હેવા છે કે જે પૂર્વકાલીન तद्भवોમાંના સૌથી નવા શબ્દોના સમકાલીન હોય; અને પરિણામે એ સ્થાને બે વર્ગો વચ્ચેની મર્યાદારેખા દોરવી મુશ્કેલ છે.

હેમણે આપેલો બીજો ખુલાસોઃ પૂર્વકાલીન तद्भवો અને ઉત્તરકાલીન तद्भवો.

એક જ શબ્દોના વૈકલ્પિક જુદાજુદા અન્ત્યવર્ણવાળાં બે રૂપો થાયછે તે વિશે તેઓ એમ કહેછે કે એ શબ્દો પ્રાથમિક અર્થમાં જૂના तद्भवો છે અને લાક્ષણિક અર્થમાં નવા तद्भवो છે; જેમકેઃ—

पर्ण=ઝાડનું પાન (પ્રાથમિક અર્થ છે), માટે હિં. पन्ना;

कर्ण=(પ્રાથમિક અર્થમાં) કાન; પણ કોર (લાક્ષણિક અર્થ છેઃ માટે) કાનો. તે જ પ્રમાણે गाम-गामो ઇત્યાદિ માટે.

પરંતુ, ऋक्ष, गृह ઇત્યાદિ શબ્દો હંમેશના પરિચિત વપરાશના હોવાથી તેઓમાંથી જે પ્રાચીન तद्भवो નીકળ્યા હેમાં થતા સ્વરભારના અનાદરનો મિ. બીમ્સ શો ખુલાસો આપી સકશે? માત્ર જૂના અને નવા तद्भवो વિચ્ચેની મર્યાદા દોરવાની મુશ્કેલીનો જ આશ્રય લેશે? सुवर्ण-सृनुं વગેરે આથી ઉલટા પ્રકારનાં ઉદાહરણો વિશે–એટલે કે આદ્યુદાત્ત કે ઉપાન્ત્યોદાત્ત હોવા છતાં અ-કારાન્ત નથી થતા હેવા શબ્દો વિશે—મિ. બીમ્સ કહેછે કે એ વર્ગનાં અસંશયિત ઉદાહરણો બહુ જોવામાં આવ્યાં નથી, અને જે થોડાં મળી આવેછે તે સાતે અર્વાચીન ભાષાઓમાં વપરાતાં નથી. પરંતુ અપવાદભૂત રૂપનો ખુલાસો આપવો તો અંતે બાકી જ રહેછે.

આ સ્થિતિનો મ્હને શક્ય લાગતો એક ખુલાસો સૂચવુંછુંઃ– સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં આવતાં સ્વરભાર અપરખલિત થયો હોય, અથવા તો અપરખલિત થયો ગણાયો હોય, અને હેની વાગ્વ્યાપારજનિત વિકાર ઉપર અસર થઈ હોય. એક સમયે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓ સાથે સાથે બોલાતી. એ સમયે કેટલાક શબ્દોનું સ્વરૂપ કર્ણને અધીન હતું, દૃષ્ટિને અધીન નહિં, અને એ

એક શક્ય ખુલાસો સૂચવુંછું:-સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં આવતાં સ્વરભારે સ્થાન બદલ્યું હશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દો પૂર્વકાલીન તદ્‌ભવો થયા. બીજા શબ્દોને, ભાષા બોલાતી બંધ પડ્યા પછી સૈંકડો વર્ષો પછી, લિખિત ભાષામાંથી વિદ્વજ્જનોએ પુનરુજ્જીવિત કર્યાં; એ શબ્દો ઉત્તરકાલીન તદ્ભવો થયા. મિ. બીમ્સ આ નિર્ણય સ્વીકારેછે અને એ રીતે સર્વે અપવાદોને ઉત્તરકાલીન તદ્ભવોના વર્ગમાં મૂકેછે.

પૂર્વકાલીન અને ઉત્તરકાલીન તદ્ભવોનો નિર્ણય કરવામાં રહેલો અન્યોન્યાશ્રય

અને એ છતાં પણ કયા શબ્દો પૂર્વકાલીન તદ્ભવો અને કયા ઉત્તરકાલીન હેનો નિર્ણય અન્ત્ય ઓ અને अ ને આધારે કરવામાં આપણને અન્યોન્યાશ્રય જેવો વિધિ કરવો પડેછે. પણ क વાદમાં આપણને આ દોષ નથી લાગતો, કારણ કે જો क પ્રત્યય ન હોય તો अउ ન હોય એટલે ઓ પણ ન હોય, અને આ વાતનો નિર્ણય પરિણામથી આરંભીને પશ્ચાત્ક્રમણ કરીને નથી કરવાનો, પરંતુ અન્ત્ય ઓ અને उं ને આકારે રહેલા कના પ્રત્યક્ષ અસ્તિત્વને આધારે કરવાનો છે; આ પ્રત્યય પ્રત્યક્ષ છે, અને સ્વરભાર તો ક્યહાંય વિલીન થઈ જાય ને નથી રહ્યો શ્રુતિપ્રત્યક્ષ કે નથી લિખિતરૂપે દૃષ્ટિપ્રત્યક્ષ. પરંતુ મિ૰ બીમ્સે પોતે क-વાદનો સર્વથા પ્રત્યાદેશ નથી કર્યો. આ દર્શાવનારાં અનેક વચનો હેમના ગ્રન્થમાં છે. ડૉ. હ્યાર્નલનો क-વાદ રજુ કરતાં (પુ. ૨ પૃ. ૫ મે) હેમણે સ્પષ્ટ કહ્યુંછે કેઃ—

મિ. બીમ્સે વસ્તુતઃ ડૉ. હ્યાર્નલના क વાદનો પ્રત્યાદેશ નથી કર્યો.

"આ મતનો મુખ્યાંશે હું અંગીકાર કરુંછું."

માત્ર તેઓ એક કમ આગળ વધીને સ્વરભારવાદનું પ્રતિપાદન કરેછે; અને હેનાં કારણો આપેછે. ૨૬–૪૦ પૃષ્ઠોએ હેમણે क પ્રત્યયની વિસ્તીર્ણ ચર્ચા કરીછે, અને ત્ય્હાં क-વાદનું સમર્થન કરતા કેટલાક અભિપ્રાયો દર્શાવ્યાછે. ૨૯ મે પૃષ્ઠે સાક્ષાત્ घोडओ હિં. घोडा[૫૪] એ ઉદાહરણ પણ આપ્યુંછે (માત્ર અપભ્રંશ રૂપ घोडउ નથી આપ્યું). પણ સર્વથી સ્ફુટતમ તો હેમનું નીચે આપેલું કથન છેઃ—

"આ સ્થાને પણ એટલું સ્વીકારવું ઘટેછે કે, પ્રાકૃતમાં સર્વે નામોને (क) પ્રત્યય યથેચ્છ લગાડી સકાતો હોવાથી, મ્હેં જેઓને સંસ્કૃત અન્તોદાત્ત શબ્દોમાંથી નીકળેલાં માન્યાછે હેવાં દીર્ઘ आकारान्त કે ओकारान्त નામોમાંનાં

૫૪ હિન્દી અન્ત્ય आ એ ગુજરાતી અન્ત્ય ओનો પ્રતિરૂપ છે એ યાદ રાખવું ઘટેછે; જો કે आએ अअमांથી આવેછે. અને ओએ अउमांથી આવેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

घणां नामोए, हेमना मूल शब्दोने शिष्ट नहिं पण लौकिक वपराशमां लागता क प्रत्ययने परिणामे ज, अन्त्य दीर्घ स्वर प्राप्त कर्यो होय ए संभाव्य छे."

(પુ. ૨. પૃ. ૩૦)

(અહિં નાગરીમાં અક્ષરો મ્હેં મૂકયાછે.)

માત્ર હેમણે એક પ્રશ્ન ઉમેર્યોઈ:—

"પૂર્વે હું કહી ચૂકયોછું તેમ મુસીબત એટલી જ છે કે કોઈ પણ નામોને અન્તે અ-ઉ ક્યહાંથી આવે; જો સર્વે અકારાન્ત નામોને क લગાડવામાં આવતો હોય તો સર્વેના અન્તમાં આ-ઓ કેમ ન હોય?"

[ટિપ્પણ:–અન્ત્ય उ સિંધીમાં, અને ૧૪મા સૈકા પૂર્વેની ઉત્તરકાલીન અપભ્રંશમાં, દૃષ્ટિએ પડેછે. કચ્છીમાં અન્ત્ય उને સ્થાને अ છે.]

આ શંકામાં દોષસ્થાન એ છે કે મિ. બીમ્સે, सर्वे નામોને क પ્રત્યય લાગેછે હેવો ક-વાદના પક્ષકારોનો આશય હોવાનું, કોઈપણ આધાર વિના, માની લીધુંછે. कवादवाळा તો એટલું જ કહેછે કે જ્યહાં क લાગ્યો હોય ત્યહાં અન્ત્યસ્વર આ-ઓ આવેછે, અને જ્યહાં એ ન લાગ્યો હોય ત્યહાં અ-ઉ આવેછે.[૫૫]

આ સ્થળે ડૉ. હાર્નલનાં વચનો સર્વાંશે આપવાં અને હેમના મતની સંક્ષિપ્ત પરીક્ષા કરવી એ લાભકારકછે. તેઓ કહેછે કે

ડૉ. હાર્નલના મતનું સંપૂર્ણ નિવેદન, અને પરીક્ષા.

"પ્રાકૃતમાં કોઈપણ nominal case (sic? base?) એટલે પ્રાતિપદિક અન્ત્યાક્ષર દૃષ્ટિયે બે રૂપો પ્રાપ્ત કરી સકે. ૧. સામાન્ય રૂપ, જે સંસ્કૃતમાં પણ હેવુંજ હોય છે. અને ૨. વિશિષ્ટ રૂપ, क પ્રત્યયના વિધાનથી પ્રાપ્ત થતું ખાસ પ્રાકૃતરૂપ (પ્રા. પ્રકાશ ૪,૨૫ જુવો); જેમકે भ्रमर (सामान्य रूप) અથવા भ्रमरक (विशिष्ट रूप); कृत=किद (सामान्य) કે किदक (विशिष्ट); सत्य=सच्च (सामान्य) કે सच्चक (विशिष्ट) ઇત્યાદિ. क् વ્યંજન સામાન્યતઃ લુપ્ત

૫૫. (પુ. ૨જાના) ૫૦ મા પૃષ્ઠની ફુટનોટમાં મિ૦ બીમ્સ ડૉ. હાર્નલના J. A. S. Beng. XII, એ સ્થળે પ્રકાશિત કરેલા લેખનો નિર્દેશ કરેછે અને કહેછે કે તેઓ (ડૉ. હાર્નલ) कनुं સર્વત્ર વિધાન થવાનો આ મત ધરાવેછે. પરંતુ પૃ. ૫ મે ડૉ. હાર્નલના મતના મિ૦ બીમ્સે પોતે જ કરેલા નિવેદન ઉપરથી જણાયછે કે ડૉ. હાર્નલ એટલું જ કહેછે કે જેઓને અન્તે આ-ઓ હોય હેવા સર્વે શબ્દો कप्रत्ययયુક્ત શબ્દોમાંથી વ્યુત્પાદિત કરવાના છે. આમ કહેવું એ, सर्वे નામોને क પ્રત્યય લગાડવામાં આવેછે એમ કહેવાથી, તદ્દન ભિન્ન છે. ઉપર ગ્રન્થભાગમાં આપેલા અને ચર્ચેલા સંપૂર્ણ ઊતારા ઉપરથી ડૉ. હાર્નલનો મત સ્ફુટ થશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થાયછે; એથી भ्रमरअ, किद्‌अ, सच्चअ એમ થશે. આ પ્રાતિપદિકોનાં પ્રથમા એકવચનનાં રૂપો અનુક્રમેઃ-भ्रमरो કે भ्रमरओ (भ्रमरकोને સ્થાને); किदो કે किद्‌ओ (किदकोને સ્થાને), सच्चो કે सच्चओ (सच्चकोને સ્થાને), ઇત્યાદિ થશે. હવે સ્વાભાવિક રીતે પ્રાકૃત નામો ગૌડ ભાષાઓમાં આ ઉભયરૂપે કે એકતરરૂપે આવે. પરંતુ તેઓ પોતાને सामान्य રૂપે આવ્યાં હોય કે પ્રાકૃતના ખાસ લક્ષણભૂત વિશિષ્ટરૂપે આવ્યાં હોય તે અનુસાર તેઓ પ્રાકૃત જેવો બહિરાકાર જાળવી રહ્યાં; હિંદીના વર્ગની ગૌડ ભાષાઓનું પ્રાકૃતતુલ્ય તત્ત્વ એ નામોનું બનેલુંછે. અન્યતઃ જો તેઓ सामान्य રૂપે ગૌડભાષામાં આવ્યાં હોય તો તેઓ તરત જ શુદ્ધ ગૌડના વાગ્વ્યાપારગત અને વ્યાકરણગત નિયમોને (એટલે કે ओ નો उ થવાના નિયમને, અને વિકૃત રૂપનો પ્રતિબંધ કરતા નિયમને) વશ થાયછે, અને આ પ્રમાણે આ નામોથી હિંદીના વર્ગની ગૌડભાષાઓનું શુદ્ધ ગૌડ તત્ત્વ બનેછે. હાનું વર્તમાન કૃદન્તના ઉદાહરણ વડે ફરીથી સ્ફુટીકરણ કરીશ; 'being" "હોતો" માટે પ્રાકૃત શબ્દ हान्तो ( ? होन्तो ) કે होन्तओ છે, અને આ ઉભયરૂપે એ ગૌડમાં આવ્યો; પણ होन्तओ રૂપનો સંકોચ થઈને (होन्तो ने સ્થાને) हातो (? होतो) રૂપાન્તર થયું અને એ અવિકૃત રહ્યું અથવા તો (શિષ્ટ हिन्दीमां) होता રૂપે પરિણમ્યું; અને होन्तोनुं (होन्तु ને સ્થાને) होतु રૂપાન્તર થયું. ગૌડ પ્રત્યય ओ (કે आ) એ પ્રાકૃત પ્રત્યય अओનું સંકુચિતરૂપ હોઇને उ થવા જેટલો હ્રાસ પામી સકયો નહિ, જ્યારે સાદા ओ પ્રત્યયનો હેવો હ્રાસ થઈ સકયોઃ એ સમઝવું રહેલું છે. એ જ વસ્તુસ્થિતિથી, એટલે કે ગૌડ ओ પ્રાકૃત अओનું સંકુચિત રૂપ છે એ વાતથી, વ્રજભાષામાં થતા હેના વિચિત્ર રૂપાન્તર औनो ખુલાસો કદાચ થશે; અતિ સૂક્ષ્મદૃષ્ટિયે જોઇયે તો औ (=अ+अ+उ) એ સંધિસ્વરને સાદા ओने તુલ્ય માનવા કરતાં अओ (=अ ओ કે अ+अ+उ) હેને તુલ્ય ગણવો એ વધારે યથાર્થ છે."

("Essays on the Gourin Languages" "ગૌડ-ભાષાઓ વિશે નિબન્ધો" J. A. S. Beng. XLI. 154.)

[આ સ્થળે એક સૂચના કરવી ઘટેછેઃ પ્રજાના જાતિ પરત્વે गौड અને द्राविड હેવા વિભાગો લક્ષમાં રાખીને ડૉ. હાર્નલે ભરતખંડની ભાષાઓના પણ गौड અને द्राविड હેવા બે ભાગ કલ્પ્યાછે, અને गौड વર્ગમાં હેમણે "ઉત્તર હિંદુસ્તાનની સંસ્કૃતમય ભાષાઓને," એટલે કે ઉરિયા, બંગાળી, હિન્દી, નેપાળી, મરાઠી, ગુજરાતી, સિન્ધી, પંજાબી, અને કાશ્મીરી એટલી ભાષાઓને, મૂકીછે].

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે ઉપરના ફકરામાં દર્શાવેલા અભિપ્રાયોમાં, પ્રાકૃત ભાષાઓની અને અર્વાચીન પ્રચલિત ભાષાઓની ઉત્ક્રાન્તિમાં નિયામકરૂપે પ્રવર્તતા વાગ્વ્યાપારગત નિયમો વિશે થોડાક ગોટાળો થયેલો જણાયછે.

ડૉ. હ્યુર્નલના મતમાં રહેલો વાગ્વ્યાપારગત નિયમોનો ગોટાળો.

જેમ કેઃ—

(क) અકારાન્ત (નરજાતિનાં તેમ જ નાન્યતર જાતિનાં) નામોનો उ (અન્ત્યસ્વર) વાળો अपभ्रंश ક્રમ, અને क પ્રત્યયવાળાં અકારાન્ત નાન્યતર જાતિનાં નામોનો ઉં વાળો ક્રમ, લક્ષ બ્હાર રહેલાછે. હેનું કારણ કદાચ એ હશે કે ડૉ. હ્યુર્નલે प्राकृतप्रकाश ઉપર જ નજર રાખીછે અને હેમાં अपभ्रंशની ચર્ચા મુદ્દલ નથી. અને ઉત્ક્રાન્તિક્રમમાં પ્રા. પા. રાજસ્થાનીની પૂર્વે अपभ्रंश જ આવેછે એ આપણે જાણિયે છિયે.

[આ વિસ્મૃતિ વિશેષતઃ આશ્ચર્યજનક લાગવાનું કારણ આ છેઃ "પ્રાકૃત અન્ત્ય સંધિસ્વર (એટલે હેમનો વિવક્ષિતાર્થ જોતાં ए-ओ) કે દીર્ઘ સ્વર (आ-ई-ऊ) નો હ્રાસ કરીને અનુરૂપ સમાન સ્વર બનાવવાનો ગૌડ નિયમ" એ નામે પોતે વર્ણવેલા એક નિયમની ડૉ. હ્યુર્નલે, થોડુંક જ પૂર્વે પૃ. ૧૫૦-૧૫૧ માં, ચર્ચા કરીછે, ત્હેમાં હેમણે હિન્દી કવિતામાં सनेहु आयसु વગેરે શબ્દોને અન્તે આવના હ્રસ્વ उ નો ઉલ્લેખ કર્યોછે. વસ્તુતઃ હેમણે કહ્યું પણ છે કે અત્યારે હિન્દીમાં અકારાન્ત હોય હેવું પ્રત્યેક નામ હિન્દી કવિતામાં उકારાન્ત હતું; અને આ (उકારાન્ત) રૂપોને હેમણે આર્ષરૂપો કહ્યાંછે. પણ તે છતાં, અપભ્રંશ અને અર્વાચીન ભાષાઓ વચ્ચેની શૃંખલાની આ કડી ડૉ. હ્યુર્નલે ઉડાવી દીધીછે, હેમાં આશ્ચર્ય માનવાનું કારણ નથી; કારણ કે હેમણે પ્રાકૃત સમયમાં ઉનું અનુદર્શન કર્યુંછે તે प्राकृत प्रकाशનાં ૧૧-૧૧, ૫-૧૯,૨૦ એ સૂત્રોની પ્રવૃત્તિના મર્યાદિત વિષયમાં જ કર્યુંછે, અને આ સૂત્રોમાંનું પ્રથમનિર્દિષ્ટ સૂત્ર માત્ર માગધીમાં क्तान्त કૃદન્તોને જ લાગુ પડેછે અને બીજું મહારાષ્ટ્રીમાં એટલે સામાન્ય પ્રાકૃતમાં સ્ત્રીલિંગ નામોના ओ પ્રત્યયને જ લાગુ થાયછે (પૃ. ૧૫૦, નોટ †). ત્હાં अपभ्रंशमांनो બહુપ્રચરિત અન્ત્ય उ હેમના લક્ષમાં નથી.)

અન્ત્યસ્વરને હ્રસ્વ કરવાના નિયમની પ્રવૃત્તિ બહુ વિસ્તીર્ણ ક્ષેત્રમાં થતી ડૉ૦ હ્યુર્નલે માનીછે તે યથાર્થ છે. પરંતુ કોઈકવાર તેઓ હદબ્હાર દોરાઈ જાયછે; જેમકે (૧૫૨ પૃ૪) "मुध लोइ आविज्ञ सुमानयै" હેમાંના लोइનું મૂલા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ન્વેષણ કરતા તેઓ છેક लोकना માગધીમાં થતા પ્રથમા એકવચન लोगे પર્યન્ત ચાલ્યા ગયાછે; પણ વસ્તુતઃ આ ઉદાહરણમાં इ છે તે (लोकेन-लोकई-लोअइ; लोकि-लोइ) એ તૃતીયાના રૂપમાંનો इ છે, જે વાત તેઓ એકદમ સમઝી સકયા હોત કારણ કે હેમણે પોતે જ હેતું "मुग्ध लोगने आश्चर्य माना" હેવું ભાષાંતર કર્યુંછે. આપણે પણ આ પ્રસંગે मुग्धलोकनी કક્ષામાં પ્રવેશ કરીને આશ્ચર્ય માનવું પડેછે.]

(ख) પરિણામે તેઓ ओ નો उ થવાના વિકારને ગૌડ ભાષાનું ખાસ લક્ષણ માનેછે, જ્યહારે વસ્તુતઃ એ अपभ्रंशमां અને अपभ्रंशथी ઉત્તરકાલીન ક્રમમાં થતા વ્યાપારનો અવશેષમાત્ર છે.

(ग) વળી अपभ्रंशना उ અને उं ક્રમોની ઉપેક્ષાને પરિણામે ડૉ. હૅર્નલે ગૌડ ओने અને आने अओ નાં સંકુચિતરૂપ માનવાની ભૂલ કરીછે; જ્યહારે યથાર્થ સ્થિતિ હેવી છે કે ગૌડ ओ, (અનિવાર્ય અવાન્તરક્રમરૂપે રહેલાં) અન્તે अउ વાળાં અપભ્રંશમાંનાં અને પ્રા. પા. રાજસ્થાનીમાંનાં રૂપોમાંથી નીકળ્યોછે. અને ગૌડ आ એ, अक ા कूનો લોપ થતાં પરિણમતા अअनो વિકાર છે. જે વિક્રિયા અપભ્રંશ સમયમાં જ ચાલુ થઈ હતી (જેમકે ढोल्ला, दीहा, ઇત્યાદિ).

(घ) વ્રજભાષાનો અન્ત્ય औ अओमांथी આવ્યોછે હેવી, અથવા તો अ+अ+उ=अ+ओ હેનો औ થાયછે હેવી ઉક્તિ પણ અવાસ્તવિક છે. યથાર્થ મત એ છે કે વ્રજભાષાનો અન્ત્ય औ પ્રા. પા. રાજસ્થાનીના अउમાંથી વ્યુત્પન્ન થયોછે અને એ કાં તો विवृत ओ ની ભ્રાંતિજનક સંજ્ઞાછે અથવા તો अर्द्धविवृत ओने સ્થાને રહ્યોછે. સંધિનિયમ પ્રમાણે अ+उनो ओ અને अ+ओनो औ બને એ ખરું છે. પણ એ નિયમો તો અનેકવાર માત્ર વ્યાવહારિક માર્ગ દર્શાવેછે અને આન્તર વાગ્વ્યાપારગત તત્ત્વોની ખરી પ્રવૃત્તિ સાથે કાંઇ સંબંધ નથી રાખતા, કારણ કે औ વસ્તુતઃ अ અને उना કાલરૂપ અન્તરને અલ્પ કરવાથી પરિણમેછે એટલે એ (औ) ઉચ્ચારસ્વરૂપ જોતાં अउ છે; અને એથી अओने औરૂપ પ્રાપ્ત કરવું હોય તો (સંધિક્રિયામાં પણ) પ્રથમ ओनो હ્રસ્વરૂપે उ કરીને अ+उ અવસ્થામાં આવવું જ પડે. अ+उમાંથી સંધિ નિયમ પ્રમાણે ओ થાયછે ત્યહાં પણ ઉચ્ચારશાસ્ત્રનું તત્ત્વ બીજરૂપે રહેલુંછે; કારણ કે अ+उ (पर+उपकार)નો ત્રિલક્ષણ પ્રકારે સ્વરોદ્ધાર કરવાથી ओ (परोपकार) ઉત્પન્ન થાયછે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ અ×ઉમાંથી ઔ પ્રાપ્ત થાયછે તે સંધિકાર્ય તરીકે નહિ, પરંતુ જેની ઉચ્ચારદષ્ટિયે પૃથક્ક્રિયા કરતાં માત્ર અ ઉ જ નીવડે હેવા એક સંઘટિત ઉચ્ચાર તરીકે; અથવા, યથાર્થતર કહિયે તો એ, અ અને ઉ એ અવયવો વચ્ચેનું કાલરૂપ અન્તર ટૂંકું કરવાથી નીપજતું, એક વિલક્ષણ પ્રકારનું સંધિકાર્ય છે.

આ પ્રકારે હમે જોઈ સકશો કે આપણા સમગ્ર અન્વેષણમાં અત્યાર સૂધીમાં ચર્ચાયેલા નિયમોના પ્રકાશમાં તપાસી જોતાં ડૉ. હૉર્નલની અન્ત-સ્થાનીય ઓ અને ઉં ની ચિકિત્સામાં માત્ર क પ્રત્યયના લાભપૂરતી જ યથાર્થતા છે, પણ અન્ત્યરૂપના પ્રાપક આન્તર ક્રમોની બાબતમાં એ ચિકિત્સા ખોટી છે.

મિ. બીમ્સ અને ડૉ. હૉર્નલના અભિપ્રાયોનો સમન્વય.

આ પ્રશ્નની ચર્ચામાં જે કાંઈ કહેવામાં આવ્યુંછે તે સર્વને લક્ષમાં રાખીને આપણે ડૉ. હૉર્નલના અને મિ. બીમ્સના અભિપ્રાયોનો સમન્વયરૂપ એક સિદ્ધાન્ત ન ઘટાવી સકિયે ? હું માનુંછું ઘટાવી સકીશું. વસ્તુતઃ, હું જે રૂપે એ અભિપ્રાયોને જોઉંછું તે રૂપે જોતાં, એ બે અભિપ્રાયો વચ્ચે કાંઈ વાસ્તવિક વિરોધ ભાગ્યે જ હશે; એ બંને એક સિદ્ધાન્તના અન્યોન્યનાં પરિપૂરક અંગો જ છે. આપાતતઃ વિરોધી લાગતા એ બંને અભિપ્રાયોનો સંયોગ કરીને કાંઇક હાવી સંઘટના થઈ સકે:—

ગુજરાતીના શબ્દાન્ત્ય ओ અને उंના (અને મરાઠી અને હિન્દીના અન્ત્ય आना) ઉદ્‌ભવનું અનુદર્શન કરતાં મૂળરૂપે क પ્રત્યય પ્રાપ્ત થાયછે હેમાં શંકા નથી; અને એ રીતે ओ (તેમ જ आ) એ क પ્રત્યયનું વ્યક્ત પરિ-ણામ છે, પરંતુ એ પ્રત્યય અન્તોદાત્ત શબ્દોને લગાડવામાં આવતો, બીજાને નહિં, એ પણ ખરું છે.

આ પ્રમાણે એ અન્ત્યવર્ણનું તાત્ત્વિક કારણ સ્વરભાર નથી, પણ क પ્રત્યય છે, એક રીતે, क પ્રત્યય ओ અને उं અન્ત્યોનું ઉપાદાન એટલે સમવા-યિકારણ છે; જ્યારે સ્વરભાર, એક પરોક્ષરૂપે પ્રવર્તતી શક્તિ હોઈને નિમિત્તકારણ છે. અન્ય પ્રકારે કહિયે તો સ્વરભાર એ क પ્રત્યયની એક ખાસ પ્રયોજન સાધનારી પ્રવૃત્તિ ઉપજાવતો એક સહચારી હેતુ છે. અને એ પ્રયોજન અન્ત્યસ્વરને ક્ષીણ થઈને લુપ્ત થતો અટકાવવાનું છે. હાનું ઉદાહરણ આપીને સ્પષ્ટીકરણ કરીશઃ (સં.) घोटः-घोडो (ગુજ.) અહિં મૂળ શબ્દ અન્તોદાત્ત છે; જ્યહાં સૂધી સ્વરભાર રહે ત્યહાં સૂધી ओ એકલો છતાં ટકી રહે એવો સંભવ છે. પરંતુ અપભ્રંશમાં આવતા સ્વરભારનું તત્ત્વ ઓછેવત્તે અંશે અદૃષ્ટ થયું, અને અન્ત્ય ओ પ્રમાણમાં અનુપયોગી થયો, જેથી हत्थो જેવા आद्युदात्त શબ્દોના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અન્ત્ય ઓનો હ્રાસ થઈને उ થયો (हत्थु). આ ભવિતવ્યતાનું એક સમયે અન્તોદાત્ત હતા ત્હેવા ઘોટ જેવા શબ્દોના પ્રસંગમાં નિવારણ કરવા માટે, એટલે કે: ઘોડાના અન્ત્ય ओ નો उ થઈને ઘોડુ રૂપમાં અન્તે એક નજીવો उ રહે એ સ્થિતિનો પ્રતિકાર કરવા માટે, નદીતટને પ્રવાહવેગમાં ધોવાઈ જતો અટકાવવાને જેમ પત્થરની મજબૂત દિવાલથી બાંધી લેવામાં આવે તેમ, ઘોટ શબ્દને અંતે, અર્થ પરિવર્તનના સામર્થ્ય રહિત क પ્રત્યય (स्वार्थे कन्[५६]) રૂપે, સંરક્ષણક્ષમ અઘોષ વ્યંજન લાવી મૂકવામાં આવેછે;–અને એ પ્રકારે ઘોટકઃ પ્રાપ્ત થાયછે. પછી ઘોટકઃનું ઘોડઓ રૂપ બનેછે;–કારણકે, આટલું કર્યાં છતાં પણ છેવટ कने ઓની પછી ન મૂકી સકાતાં (ઘોડોક ઉપપત્તિહીન છે તેથી), અને પૂર્વોક્ત ભવિતવ્યતાનું સંપૂર્ણ નિવારણ ન થતાં માત્ર કાલવિલમ્બન જ થઈ સકવાથી સંરક્ષકવ્યંજન (क्) ઘસાઈ જતાં (અથવા–ખરી રીતે–ધક્કેલાઈ) જતાં, બાકી રહેલો ओ અન્તે દુર્દૈવને વશ થાયછે અને उ રૂપે પરિણમે છે;–જેથી ઘોડઉ થાયછે. નદીના પ્રવાહથી કાંઠાનું મ્હોટું ધોવાઈ જવાને બદલે પત્થરની દીવાલ ધસાઈ જાયછેઃ જ્મમાં રહેલો अ બચી જાય છે પણ क् ઘસાઈ જતાં હેની પછીનો ओ હ્રાસ પામીને उ બનેછે. पर्ण શબ્દ આ પૃથક્ક્રિયાનું બહુ સૂચક નિદર્શન અર્પેછે. શિષ્ટ ગુજરાતીમાં એ શબ્દનું પ્રાથમિક અર્થમાં પાનું રૂપ નથી પણ પાંદડું છે. અહિં શબ્દ અન્તોદાત્ત છે એટલે અન્ત્યસ્વરને જીર્ણ થતો અટકાવવાને માટે (कनो પ્રતિરૂપ) डुं પ્રત્યય લગાવી દીધોછે.

रासा-रासो એ શબ્દ આ क-વાદ ઉપર સારો પ્રકાશ નાંખશે. સંસ્કૃતમાં रासकનો અર્થ એક પ્રકારનું उपरूपक (નાટક), અથવા हल्लीश[५७] નામનો અમુક તાલવાળો નૃત્યવિશેષ, થાયછે. આ रासकः (પુંલ્લિંગ) શબ્દ સંસ્કૃતમાં એક વા અન્ય સમયે નવો ઘડવામાં આવ્યો હોવો જોઇયે; અને ગુજરાતીમાં रास શબ્દ છે તે (સં.) रासःમાંથી આવ્યોછે, જ્યહારે મહાકાવ્યના નવીન અર્થમાં रासकः શબ્દમાંથી હિંદી रासौ, અપભ્રંશ અને પ્રા. પા.

---

૫૬ गाम–गामो હેવા અર્થ પરિવર્તન દર્શાવતા શબ્દોનો હામાં અપવાદ છે. એ શબ્દો આગળ ઉપર તરતમાં જ ચર્ચવામાં આવશે.

૫૭ मंडलेन तु यत्स्त्रीणां नृत्यं हल्लीसकं तु तत् ।
तत्र नेता भवेदेको गोपस्त्रीणां यथा हरिः ॥
हल्लीशमेव तालबन्धविशेषयुक्तं रासकम् ॥

(દણ્ડિના काव्यादर्शनું Bibliotheca Indica વાળું પ્રકાશન, પૃ. ૩૬, પ્રેમચંદ્ર તર્કવાગીશકૃત ટીકા). (૩૪ મે પૃષ્ઠે ટીકામાં रासक અને हल्लीश એ બેને उपरूपकના પ્રકારો કહેલછે, જે તદ્દન ભિન્ન છે.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજસ્થાની रासउ દ્વારા, रासो શબ્દ પ્રાપ્ત થયોછે. અહિંયાં क પ્રત્યય અન્ત્ય औ–ओ જેટલો જ સંશયાતીત છે. આ ओ જ નિર્વિવાદ રીતે મૂળના क પ્રત્યયનો પુરાવો આપેછે.

આ સમન્વયથી અન્ત્ય ઓના અર્ધવિવૃત ઉચ્ચારનો ઉદ્ભવ સ્ફુટ થાયછે, અને વળી માત્ર અમુક જ શબ્દો ओ અન્ત્ય પામેછે એ સ્વૈરવર્તનના ભાસનું નિરાકરણ થાયછે.

મ્હેં રજુ કરેલો સમન્વયાત્મક સિદ્ધાન્ત અન્ત્ય ઓના અર્ધવિવૃત ઉચ્ચારનો સંપૂર્ણ ખુલાસો આપેછે, અને માત્ર અમુક શબ્દો અન્તે ओ પ્રાપ્ત કરેછે એ સ્થિતિમાં રહેલા સ્વૈરવૃત્તિના ભાસનું નિરાકરણ કરેછે. (ઓ–ઉં અથવા અ એ) વૈકલ્પિક અન્ત્યવર્ણોની પ્રાપ્તિ વિશે હજી પૂર્ણ સ્પષ્ટીકરણ નથી થઈ સકયું એ હું કબૂલ કરુંછું. એક અર્થે रसः શબ્દનું રૂપાન્તર रस થાય અને અર્થાન્તરે क પ્રત્યય લાગવાથી (रसक:-रसउ-रसो એ ક્રમે) रसो થાય હેનું શું કારણ? रसो થાય ત્ય્હારે એ શબ્દ अन्तोदात्त હોય અને रस રહે ત્ય્હારે आद्युदात्त હોય એ શા માટે? માત્ર અજમાયશ તરીકે હું સૂચના કરીશ કે અર્થના પરિવર્તન સાથે સ્વરભાર પણ સ્થાનપરિવર્તન પામેછે. 'અજમાયશ તરીકે' એમ કહેવાનું કારણ એ છે કે સ્વરભારનું પરિવર્તન થવા વિશે કંઈ પણ પ્રમાણ નથી એ મ્હેં આ ચર્ચાના પ્રારંભમાં આગ્રહપૂર્વક જણાવ્યુંછે. પરંતુ આ સંશયગ્રસ્ત સ્થિતિ क વાદનું પરિણામ નથી પણ હેની સાથે સ્વરભાર–વાદનો સંયોગ કરવાનું પરિણામ છે, એ અત્રે દર્શાવવું ઘટેછે.

[पत्थर–पथरो એ ઉદાહરણમાં સ્વરભારનું પરિવર્તન ઠીક પ્રદર્શિત થાયછેઃ

(क) पत्थरु, (ख) पथरउ.

(क)માં त्थ સંયોગને લીધે प નો अ ગુરુ બનેછે; સ્વરભાર अ ઉપર પડેછે એ સ્પષ્ટ છે. (ख)માં સંયોગલોપ થવા છતાં પૂર્વસ્વર દીર્ઘ નથી થતો. આથી જણાયછે કે પ્રથમ શ્રુતિ અસ્વરિત થયેલીછે અને સ્વરભાર અન્ત્યસ્વર ઉપર જઈ પડ્યોછે.

हत्थु–हत्थउ–(हाथ–हाथो) એ ઉદાહરણને આ વિવરણથી વિસંવાદ નથી રહેતો, કારણ કે એ શબ્દ બે શ્રુતિવાળો હોઈને જૂદી જ શક્તિયોને વશ વર્તેછે.]

કદાચ હેવું સૂચવવામાં આવશે કે क પ્રત્યય આખર તો વ્યુત્પત્તિ શાસ્ત્રની એક મિથ્યા કલ્પના જ છે. કારણ કે અપભ્રંશમાં અને હેના પછીની અવસ્થામાં પ્રત્યક્ષરૂપે માત્ર अउ જ આપણી દૃષ્ટિયે પડેછે. આ अउમાં अ સ્વરિત છે એટલે उ નિરાળો રહેછે. આ उ શાને સ્થાને આવ્યો? આ કારણે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ क પ્રત્યય કલ્પ્યોછે. આ તો માત્ર શક્ય લાગતી પ્રક્રિયાનું પ્રતિપાદન છે. એથી क-વાદને લાભાલાભ નથી.

આ રીતે, મ્હેં જેની સ્થૂલરૂપે:—

જે શબ્દોને क૫૮ પ્રત્યય લાગ્યો હોય તેઓને (નર- કે નાન્યતર-જાતિ અનુસાર) ओ કે उं એ અન્ત્યસ્વર પ્રાપ્ત થાયછે, અને જેઓને क પ્રત્યય ન લાગ્યો હોય તેઓને અન્તે अ વર્ણ રહેછે;

હેવી વ્યાખ્યા આપી છે તે उत्सर्ग મજબૂત પાયા ઉપર રચાયેલછે.

ડૉ. સર રામકૃષ્ણ ભાંડારકરે આ ओ-उं અને अ અન્ત્યસ્વરો વિશે બહુ વિચારમય અને સૂચક વ્યુત્પત્તિદર્શન કરેલુંછે. હેમનાં વિલ્સનસ્મારક વ્યુત્પત્તિ-વ્યાખ્યાનોનાં પૃષ્ઠો ૧૫૭-૧૬૧ વાંચવાની ખાસ ભલામણ છે. (માત્ર તેઓ જ્યહાં अउ સંયુક્તરૂપે ओ બનેછે એમ કહેછે ત્યહાં હું એમ કહું કે अउ, अय-अव, એ ક્રમે દ્વારા अर्धविवृत ऑ નીવડેછે.) ત્યહાં હેમણે બતાવ્યુંછે કે ओ-उं ( અને म. आ-एं ) એ અન્ત્યવર્ણો સ્વરભારનું તેમ જ क પ્રત્યયનું પરિણામ છે–જો કે તેઓએ આ બે તત્ત્વોનો મ્હેં કર્યોછે એજ પ્રકારનો સંયોગ નથી દર્શાવ્યો. પરંતુ વસ્તુતઃ હેમનો અભિપ્રાય મ્હેં સૂચવેલી સંઘટનાનું સમર્થન કરેછે. ઉપરાંત તેઓ હેવો એક ઉપયોગી અભિપ્રાય રજુ કરેછે કે મૂળ તો क પ્રત્યયનું વિધાન જ્યહાં કાંઈ વિશેષ અર્થ ઈપ્સિત હોય ત્યહાં જ કરવામાં આવતું: दांत=પ્રાણીનો (દાંત), પણ दांता (म.) 'પ્રાણીના દાંતની પ્રતિકૃતિ,' એટલે કે "કરવત જેવા ઓજારનો દાંતો," એ હેમણે આપેલાં ઉદાહરણોમાંનું એક છે. હેમનો મત

*ओ-उं, अ એ અન્ત્યસ્વરો વિશે ડૉ. ભાંડારકરનો અભિપ્રાય*

૫૮ કોઈ હેવો વાંધો રજુ કરશે કે कનો અપભ્રંશમાં ग થવો જોઈયે, (સિ. હે. ૮-૪-૩૯૬); જેમ કે काकः-काग (काकउक: कागडो); वकः-वग (बककक:-वगलुं ); कार्मणकार, कामणगारो; ઇત્યાદિ.

પરંતુ એ સૂત્ર ઉપરના વાર્તિકમાં કહ્યુંછે કે, प्रायोऽधिकाराक्कचिन्न भवति। આ અધિકાર અપભ્રંશ પ્રકરણના પ્રારંભના સૂત્રમાં દર્શાવ્યોછે (૮-૪-૩૨૩); અને એ ઉપરના વાર્તિકમાં પણ હેમચન્દ્ર કહેછે કે:-प्रायोग्रहणाद् यस्यापभ्रंशे विशेषो वक्ष्यते तस्यापि क्वचित् प्राकृतवत् शौरसेनीवच्च कार्यं भवति ॥

આ પ્રમાણે ઉપર આપેલા क्वचिन्न भवति એ વચનનો અર્થ હેવો નથી કે જ્યહાં कનો ग ન થાય ત્યહાં એ અવિકૃત રહે;-વ્યંજન લોપ વિશેનો સાધારણ પ્રાકૃત નિયમ આ પ્રસંગે પણ પ્રવર્તેછે; ૮-૪-૩૯૬ ના ઉદાહરણોમાં ( कर्णिकारને સ્થાને આવતો ) कणिआरु શબ્દ આપ્યોછે; આ વસ્તુસ્થિતિ कના લોપ પરત્વે મ્હેં કરેલા સૂત્રાર્થનું સમર્થન કરેછે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હેવો છે કે કેટલાક શબ્દોને क બિલકુલ લગાડવામાં આવતો નહિ, અને જે શબ્દોને લગાડવામાં આવતો ત્હેનાં ઉપર પ્રમાણે બે રૂપો વિદ્યમાન હતાં. પરંતુ તેઓ કહેછે કે, કાળાન્તરે क રહિત રૂપો અપ્રસિદ્ધ થવા લાગ્યાં, અને ક્રમે ક્રમે क-યુક્ત નામોનો વિશેષ અર્થ લુપ્ત થયો.

"Silent" (શાન્ત) अ વિશે હેમનો અભિપ્રાય; મ્હારાં વિરોધ કારણો.

આટલે સુધી ડૉ. સર રામકૃષ્ણ ભાંડાકરનું વ્યુત્પત્તિદર્શન મારા દર્શનનું પૂર્ણ પરિપોષણ કરેછે. માત્ર એક અલ્પ અને પ્રાસંગિક મુદ્દા પરત્વે મ્હારે વૈમત્ય દર્શાવવું પડેછે;– શાન્ત अ (silent अ) વિશે; હેમણે એ સંજ્ઞા વાપરી છે. એ સંજ્ઞામાં વદતોવ્યાઘાત રહેલોછે એમ મ્હેં પૂર્વે દર્શાવ્યુંછે.[૫૯] આ વિરોધ ફકત નામનો જ નથી. એ અભિપ્રાયના તાત્ત્વિક સ્વરૂપ વિશે વિરોધ રહેલો છે. ડૉ. સર રામકૃષ્ણ ભાંડારકર કહેછે કે: "આપણી ભાષાઓમાંનાં ઘણાં નામોને અન્તે अ હોયછે જે હવે शान्त (=અનુચ્ચારિત) થયોછે," (પૃ. ૧૫૮, પંક્તિ–૨૦–૨૧). વળી ૧૬૬મે પૃષ્ઠે ૧લી અને એ પછીની પંક્તિઓમાં હેમણે "शान्त अ"નો નિર્દેશ કર્યોછે અને કહ્યુંછે કે अडचण, पीतळ, जीवन्त ઇત્યાદિ શબ્દો अड्चण् पितळ् जिवन्त् એમ ઉચ્ચારાયછે. ઉચિતમાનપુરઃસર મ્હારે કહેવું પડેછે કે अ "शान्त" થઈ સકે નહિ અને છે પણ નહિ, કેવળ

અસ્વરિત અને શાન્ત વચ્ચે બોધભ્રમ.

એ અસ્વરિત અને દ્રુત છે–જે "शान्त" હોવાથી ભિન્ન છે; એ ધોરણે તો અસ્વરિત હોય હેવા સર્વે હ્રસ્વ સ્વરોને શાન્ત કહી સકાય; વળી ઉપર આપેલા શબ્દોના ઉચ્ચારનું વાસ્તવિક વર્ણન નથી કરવામાં આવ્યું; ड અને ण માં રહેલા अ ને અસ્વરિત રાખીને કરાતો अडचण ઉચ્ચાર એ (अનો સમૂળગો લોપ કરવાથી થતા) अड्चण्થી ભિન્ન છે, અસ્વરિતનો અર્થ "સર્વથા અનુચ્ચારિત" નહિ. ઉદાહરણાર્થે ચોપડી, બેસતો ઇત્યાદિ શબ્દો લઇયે. અહિ મધ્યવર્તી શ્રુતિયોમાં રહેલો अ અસ્વરિત છે હેમાં શંકા નથી; પરંતુ જો એ શાન્ત હોત તો ચોપ્ડી, બેસ્તો હેવું પરિણામ આવત; હાની ખરી કસોટી છન્દના માત્રાપ્રયોગથી થશે. ચોપડી, બેસતો એ

છાન્દસ માત્રા વડે થતી પરીક્ષા; એ જ ખરી કસોટી.

શબ્દને છન્દમાં મૂકો, અને अ અસ્વરિત રહે તેમ ગોઠવો, તો માત્રાઓ પાંચની પાંચ રહેશે; જ્યહારે બેસ્તો, ચોપ્ડી હેમાં ચાર માત્રાઓ થશે. अने શાન્ત ગણિયે તો હેની એક માત્રા ગણી સકાય જ નહિ, વસ્તુતઃ

૫૯ ઉપર આ વ્યાખ્યાનની ફુટનોટ ૪૭ જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હેની માત્રા શૂન્ય થાય. આ સ્થિતિનો સ્પષ્ટ ખ્યાલ આવે એટલા માટે એક પ્રત્યક્ષ નિદર્શન આપુંછું:

ओ ईश्वर तुं एक छे सरज्यो त्हें संसार

દોહરાની આ પંક્તિમાં ईश्वरના रમાં, एकના कમાં, અને संसारના અન્તિમ રમાં રહેલા અનો ઉચ્ચાર તપાસી જુવો. જો આ સર્વ સ્થળે અ શાન્ત હોય તો પરિણામ આવું નીપજેઃ

ओ ईश्वर् तुं एक् छं सरज्यो त्हें संसार्;

અને શ્વ શ્રુતિ, પાછળના રનું સંયોગને પ્રભાવે, ગુરુ બનેછે, પણ एक् અને संसार्માં એક માત્રાની હાનિ થતાં છન્દની માત્રાગણનામાં ખોટ આવેછે.

બીજી કસોટી: (ઉચ્ચારોના મિથ્યાજ્ઞાનને પરિણામે વેસ્તો ઇત્યાદિ જોડણી વાપરનારા) પારસીઓ उपयोगને સ્થાને उप्योग લખેછે અને ઉચ્ચાર પણ उप्योग કરેછે. પરિણામે પ્યો (સંયોગ) નો પૂર્વે રહેલો उ ગુરુ થાયછે, અને હેવો જ ઉચ્ચારાયછે, જ્યહારે વસ્તુતઃ એ હ્રસ્વ અને ભારરહિત (એટલે लघु) છે અને તે છતાં पમાંનો અ અસ્વરિત છે. જો અને "शान्त" માનો તો उ गुरु નીપજે, પણ ગુરુ છે નહિં. હાનું વધારે સારું નિદર્શન कपडुं શબ્દમાં મળશે. અહિંયાં पમાં અ અસ્વરિત અને द्रुत છે; પણ જો હેને 'शान्त' માનવામાં આવે તો પરિણામ कप्डुं આવે અને प्डुं સંયોગથી પૂર્વે રહેલો कમાંનો અ ગુરુત્વ પામે, જે ગુરુત્વ ઉપર વસ્તુતઃ હેનો અધિકાર નથી.

બીજી કસોટી; પૂર્વસ્વરમાં થતી માત્રાની ન્યૂનાધિકતા.

આથી પણ વધારે સારી એક કસોટી સૂચવુંછું. એક તરફ चोपडी, साप, ઉચ્ચારી જુવો અને બીજી તરફ चोप्डी, साप् હેનો ઉચ્ચાર જુવો; ત્હમને ચોક્કસ માલુમ થશે કે અ 'शान्त' હોય એટલે કે વસ્તુતઃ લુપ્ત હોય ત્હારે ઉચ્ચારની ઉત્પત્તિથી અવસાનપર્યન્ત હોઠ સજ્જડ રહેછે, પરંતુ અસ્વરિત અ ઉચ્ચારતાં, ઓષ્ઠ્ય प् (વ્યંજન) ઉચ્ચાર્યાં પછી, હોઠ મન્દ મન્દ રીતે માત્ર અતિ અલ્પ અર્ધમાત્રા જેટલા[૬૦] સમય સુધી, અલગ પડેછે અને

એથી પણ વધારે સારી એક કસોટી;શાન્ત અ અને અસ્વરિત અ ઉચ્ચારતાં વાચિક ઇન્દ્રિયો ભિન્ન ભિન્ન વિક્રિયા પામેછે.

૬૦ અસ્વરિત અની અહિં હું અર્ધમાત્રા ગણુંછું; પૂર્વનિર્દિષ્ટ છાંદસ નિદર્શનમાં એક માત્રા ગણી હતી; આ રીતે બે ગણતરી પરસ્પર વિરુદ્ધ લાગશે. પરંતુ આ વિરોધ માત્ર બાહ્ય છે; અને નીચે આપેલી હકીકત ધ્યાનમાં રાખવાથી એ વિરોધાભાસનો પરિ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અસ્વરિત દ્રુત અ ઉચ્ચાર પૂરતા શ્વાસને નીકળવાનો અવકાશ આપેછે. (મ્હેં આ ભયુક્ત ઓષ્ઠ્ય વ્યંજનને નિદર્શનરૂપે પસંદ કર્યોછે, કારણ કે હોઠની ક્રિયાનું અત્યન્ત રહેલાઈથી અને ખાતરીથી અવલોકન થઈ સકેછે; બાકી અન્ય સ્થાનોવાળા ઉચ્ચારોમાં પણ એ જ ક્રિયા થાયછે.)

કાન્, હાથ્ હેવા ઉચ્ચારો શ્રુતિભ્રમથી થાયછે; અંગ્રેજીમાંના 'મૂક' વર્ણોના સામ્યાભાસથી અપાયેલી અયથાર્થ 'મૂક' સંજ્ઞાથી ભ્રમ વધેછે.

આ પ્રમાણે આપણે જોઇયે છિયે કે 'શાન્ત' કહેવાતો અ શાન્ત નથી, પરંતુ માત્ર ત્વરિત ઉચ્ચારણ અને સ્વરભારના અભાવનું પરિણામ છે. આથી એક પ્રકારનો શ્રુતિભ્રમ ઉપજેછે અને કેટલા'ક લોક કાનને સ્થાને કાન્, હાથને સ્થાને હાથ્ હેવું હેવું સાંભળેછે. પછી તેઓ ભ્રમણના પ્રદેશમાં એક ક્રમ આગળ વધીને હેને 'શાન્ત' હેવું અયથાર્થ નામ આપેછે, જે નામકરણ સંસ્કારનું મૂળ ઘણે ભાગે અંગ્રેજી ભાષામાં પરિચિત "silent" (શાન્ત) ઉચ્ચારો કે વર્ણોથી ઉત્પન્ન થતા સામ્યાભાસમાં રહેલુંછે; સામ્યનો એ આભાસમાત્ર છે, કારણ કે અંગ્રેજીમાં l જેવા વર્ણો walk, talk, calm, palm, ઇત્યાદિ કેટલાક શબ્દોમાં શાન્ત એટલે અનુચ્ચારિત રહેલાછે, પરંતુ l તો વ્યંજન છે, અને આ પ્રકારનું અનુચ્ચારણ આપણી ભારત વર્ષીય ભાષાઓનાં અજ્ઞાતપૂર્વછે. સ્વરો પરત્વે પણ, "It's" (=It is)માં રહેલો શાન્ત i, અથવા "I've" (=I have)માં રહેલો શાન્ત *ha*, મ્હારી દલીલનું સમર્થન કરેછે અને દર્શાવી આપેછે કે શાન્ત સ્વર એ અનુચ્ચારિત સ્વરથી વિશેષ કાંઈ જ નથી, જ્યહારે અસ્વરિત અનો તો उच्चार थाय छे ज.

પ્રસ્તુત ભ્રમ યુરોપીય પંડિતોના સહવાસનું પરિણામ છે.

મ્હને હેવી શંકા રહેછે કે આ શાન્ત અનો પન્થ અંગ્રેજોના સહવાસની અસરથી ઉદ્ભવ્યોછે અને યુરોપીય પંડિતો હેના આદ્ય પ્રવર્તકછે. એ પંથની ભક્તપરંપરામાં આપણે મિ. બીમ્સ, ડૉ. હૉર્નલ, અને સર જ્યોર્જ ગ્રિયરસનને (અને કદાચ ડૉ. ટેસિટોરીને) જોઇયે છિયે. ડૉ. ટેસિટોરીએ

---

હાર થશે:–જો આ અની માત્રા અરધી હોય તો સંપૂર્ણ સ્વરિત અની એક માત્રા થાય, અને આ અર્ધમાત્રાનો પરામર્શ માત્ર ન્યૂનાધિકતાની અપેક્ષાએ કલ્પેલો એક પ્રકારનો મિથ્યા પરામર્શ છે અને હેનું કારણ છન્દસ શાસ્ત્રની દૃષ્ટિથી ત્હેમાં સ્વરભારનો અભાવ એ છે. આમ કહેવાને અડચણ નથી, કે અચ્છાંદસ ઉચ્ચારણમાં માત્રાપ્રમાણ ઘટાડીને અરધું કરવામાં આવેછે, અને એ રીતે શાન્ત અને અરધી માત્રા અર્પવામાં આવે તો, છન્દમાં બે માત્રાવાળો ગુરુ અચ્છાંદસ ઉચ્ચારણમાં એક માત્રાવાળા ઉચ્ચાર જેવો જણાશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માત્ર એક પ્રાસંગિક નિર્દેશમાં અને " *quiescent*" (=प्रशान्त) કહ્યોછે;[૬૧] આ પ્રશ્નની કોઈપણ પ્રકારની ચર્ચા હેમણે કરેલી મ્હારા જોવામાં નથી આવી.

ડૉ. ટેસિટારીનો અને સર જ્યોર્જ ગ્રિયરસનનો આ શાન્ત अ વિશે મત.

પરંતુ આ નિર્દેશ ઉપરથી જ હેવું જણાય ખરું કે તેઓ "शान्त" अ-વાદ સ્વીકારેછે,-જો કે હેમાં તેઓ અન્ય ગૃહસ્થોએ પ્રાપ્ત કરેલી આત્યન્તિક કોટિયે નહિં જઈ પ્હોંચ્યા હોય. પોતાની "Linguistic Survey of India"માં યોજેલી લિપ્યન્તરની પદ્ધતિ (વિષયસૂચી પછી) રજૂ કરતાં સર જ્યોર્જ ગ્રિયરસન આપણને જણાવેછે કે:-"શબ્દને અન્તે રહેલા સ્વરો ઉચ્ચારાતા ન હોય ત્હારે લિપ્યન્તરમાં દર્શાવ્યા નથી, જેમકે बन ban, bana નહિં. શબ્દના મધ્યમાં કે અન્તે રહેતા સ્વરો ઉચ્ચારાતા ન હોય ત્હારે પંક્તિની ઉપર સૂક્ષ્મ વર્ણ વડે દર્શાવ્યાછે; જેમકે (હિન્દી) देखता dekh<sup>a</sup>tā, ઉચ્ચાર જોતાં dekhtā" ઇત્યાદિ ઇત્યાદિ. આ મુદ્દાની કાંઇ વિસ્તીર્ણ ચર્ચા સર જ્યોર્જે કરેલી મ્હારા જોવામાં નથી આવી. પરંતુ હેમનો પંથ કયો છે તે જાણવા માટે આટલું બસ છે. મિ. બીમ્સના અભિપ્રાયોની ચર્ચા હું આ વ્યાખ્યાનના પૂર્વગામી અંશમાં કરી ગયોછું.[૬૨]

ડૉ. હ્યૉર્નલના મતનું નિવેદન અને પરીક્ષણ.

ડૉ. હ્યૉર્નલે પોતાનો અભિપ્રાય કાંઇક વિસ્તારથી આપ્યોછે. તેઓ કહેછે કે:-"અન્ત્ય હ્રસ્વ સ્વરો ગૌડ ભાષાઓમાં प्रशान्त એટલે અનુચ્ચારિત રહેછે, જેથી વસ્તુતઃ હ્રસ્વસ્વરાન્ત હોય એવો શબ્દ પરિણામે વ્યંજનાન્ત નીવડેછે અને એ સ્વરૂપે વપરાયછે.

જેમ કે कान-કર્ણ-નો ઉચ્ચાર kân (=कान्) થાયછે, kâna નહિં, અને વ્યવહારમાં હેને बुद्धिमान् એ (buddhimâna નહિં પણ buddhimân, એમ ઉચ્ચારાતા) શબ્દના જેવો ગણવામાં આવેછે. વસ્તુતઃ इ-કારાન્ત કે उ-કારાન્ત હોય એવા શબ્દો अ-કારાન્ત હોય તેમ શાથી લખાવા લાગ્યા હેનું પણ આથી કારણ સમજાયછે. સત્યસ્થિતિ એ છે કે વસ્તુતઃ તેઓને अકારાન્ત રૂપે લખવામાં આવતા નથી પરંતુ હેમનો અન્ત્ય इ કે उ ઉચ્ચારાતો નહિં એટલે લખાતો પણ નહિં. શબ્દની લિખિત મૂર્ત્તિ હેના ઉચ્ચારને સરૂપ બની ગઈ; જેમકે आग (=અગ્નિ) શબ્દ પ્રથમ દૃષ્ટિયે कान ઇત્યાદિ શબ્દોના સામ્યને લીધે

૬૧. જેને અન્તે प्रशान्त अ હોય હેવા શબ્દ વિશે વિચાર કરતાં હેમણે આ ઉદાહરણ આપ્યુંછે:-मोर (મારવાડી)=આરસી. (J. A. S. Beng; N. S. XII, 74 એ સ્થળે "Bardic and Historical Survey" વિશેનો હેમનો લેખ જુવો.)

૬૨. ઉપર ફુટનોટ ૪૭ મી જુવો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

âgă હોય એમ માનવામાં આવેછે; જો કે ઉચ્ચારાયછે તો ag̃ (=आग्) એમજ; પરંતુ આ એક આભાસ માત્ર છે, વસ્તુતઃ आग શબ્દ आगि (પ્રાકૃત अग्गी, સંસ્કૃત अग्नि:) ને સ્થાને છે. પરંતુ અન્ત્ય इ ઉચ્ચારાતો નહિ એટલે લેખનમાં પણ બાતલ કરવામાં આવતો. વળી તે જ પ્રકારે અર્વાચીન ઉચ્ચ હિન્દીનો कर (=करीने) શબ્દ પ્રાચીન હિન્દીના करि (પ્રાકૃત करिअ, સંસ્કૃત कृत्वा) ને સ્થાને આવ્યોછે; ઉચ્ચારને અનુરૂપ લખવામાં એ (करि) શબ્દનો અન્ત્ય इ લુપ્ત થયોછે."[૬૩]

"शान्त अ" ના વ્યાપક પ્રશ્નની મ્હારી ચર્ચાના પ્રકાશમાં ઉપર આપેલો અભિપ્રાય અયથાર્થ જણાશે. आग, कर (મૂળ अगि, करि) વિશે હું માત્ર નીચે પ્રમાણે વિચારો દર્શાવીશ.

(क) હિંદીમાં પણ, आग्, कर् એ રૂપ પ્રચલિત ઉચ્ચારણની યથાર્થ પ્રતિમૂર્ત્તિ નથી; अ ઉચ્ચારાયછે, પણ માત્ર અસ્વરિત રહેછે. इ સર્વથા પ્રનષ્ટ થાય અને હેને સ્થાને પ્રતિનિધિ પણ ન રહે એ અતર્ક્ય છે. યથાર્થતર ચિકિત્સા એ છે કે इને સ્થાને अ આવ્યો, કારણ કે आग, कर, એ, કાંઈપણ અધિષ્ઠાન વિના અવલમ્બનરહિત ટકી રહે એ શક્ય નથી લાગતું;

(ख) ગુજરાતી વિશે જ બોલિયે તો, इના વિકારરૂપે આ अ વસ્તુતઃ અવાન્તરક્રમભૂત (लघुप्रयत्न) य દ્વારા પ્રાપ્ત થાયછે; अक्षिः–अक्खी–आंख्य; તે જ રીતે आग्य અને પછી आग. અદ્યાપિ એ य સર્વથા જીર્ણ નથી થયો, અને જો કે સુરત ભરુચ જીલ્લાઓમાં હેનો અચૂક લોપ કરવામાં આવેછે તોપણ, શુદ્ધ ગુજરાતમાં आंख्य, गांठ्य, रीत्य, जात्य[૬૪] ઇત્યાદિ અમુક શબ્દોમાં એ દર્શન દેછે.

ડૉ. હ્યર્નલને પોતાના મતમાં રહેલા દોષનું ભાન છે; છાન્દસ પરીક્ષાની હેમણે કરેલી નિરાકૃતિ ખાતરી ઉપજાવનારી નથી.

છાન્દસ પરીક્ષાની કસોટીમાં પ્રકટ થતા, પોતાના મતમાં રહેલા, અંતર્ગત દોષનું ડૉ. હ્યર્નલને આન્તર ભાન થયેલુંછે, અને હેવી પરીક્ષાનું હેમને ભવિષ્ય દર્શન થવાથી હેમણે નીચે પ્રમાણે ચાલાકીભર્યું નિરાકરણ કરી બતાવ્યુંછેઃ–आग, कर અને એ સ્વરૂપનાં અન્ય નામોને કવિતામાં સામાન્યતઃ अकारान्त (એટલે *ăg*, *kar* નહિ પણ *âga kara*) ગણવામાં આવેછે એ ખરું, પરંતુ હેનું કારણ

૬૩ "Essays on the Gaurian Languages," J. A. S. Beng, XLI, Part (1872 A. D.), ૧૪૯–૧૫૦.

૬૪ હવે પછીના उत्सर्गમાં આ વિષય ચર્ચ્યોછે; (આગળ उत्सर्ग इ–क–२ જુવો).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માત્ર એટલું છે કે દેશીય વ્યાકરણતન્ત્ર અનુસાર પ્રત્યેક વ્યંજનમાં નિસર્ગતઃ અને અન્તર્ગત માનેલોછે.[૬૫]

ડૉ. હ્યૂર્નલના ખુલાસામાં સ્પષ્ટ જણાયછે કે હેમણે ખોટે સ્થળે દોષનો ભાર મૂકયોછે. દેશીય વ્યાકરણસમયને આ પ્રશ્ન સાથે કાંઇ સંબંધ નથી; એ સમય તો, અ ઉચ્ચાર વિના ઉચ્ચારી જ ન સકાય હેવા એકલા, અનન્યસહાય, વ્યંજનવર્ણોને જ લાગુ પડેછે; क्, ख्, ग् ઇત્યાદિને જેવા છે ત્હેવા જ ત્હમે નહિ ઉચ્ચારી સકો, હેની સાથે ત્હમારે એક અલ્પ અ કાર ઉચ્ચારવો જ પડશે. कान અને હેવા અનેકાક્ષર શબ્દોના ઉચ્ચારણમાં હેવી અન્તર્ગત વાચિક મુસીબત લેશમાત્ર નથી આવતી; कान् એ ઉચ્ચાર રહેલાઇથી થઈ સકેછે. કવિતામાં આ શબ્દોને અ કારાન્ત ગણવામાં આવેછે એ વસ્તુસ્થિતિ દૃષ્ટિગોચર થતાં વાંત ડૉ. હ્યૂર્નલે પોતે જ્યહાં હોય ત્યહાં જ થંભી જવું જોઈતું હતું અને એટલેથી પાછા ફરીને એ સત્યના પ્રકાશમાં પોતાનો પંથ ફરી તપાસવો જોઈતો હતો. હેવી તપાસ કરી હોત તો સત્યસ્થિતિ હેમને પ્રત્યક્ષ થાત.

અ૫ અ વિશે શ્રીયુત રવીન્દ્રનાથ ટાગોરનો અને મી. જે. ડી. ઍન્ડરસનનો અભિપ્રાય.

"શ્રીયુત રવીન્દ્રનાથ ટાગોરની બંગાળી વ્યાકરણ વિશેની નોંધો" એ વિશેના પોતાના લેખમાં (J. R. A. S. ઈ. સ. ૧૯૧૩, ૫૫ મે અને તદનન્તરનાં પૃષ્ઠોએ) મી. જે. ડી. ઍન્ડરસન આ શાન્ત અ વિશેની શ્રી. રવીન્દ્રનાથ ટાગોરની ચર્ચાનો નિર્દેશ કરેછે; એ ચર્ચાનું તાત્પર્ય એ છે કે, *Kalsi* (कलशी) *Ghatki* (घटकी) હેવા શબ્દો પરત્વે પણ, બંગાળી પુરુષ ઘાંટો પાડીને વાંચતો હોય ત્યહારે, આ નિયમ લાગુ નથી પડતો (મિ. ઍન્ડરસન કહેછે કે "વિશેષે કરીને એ પુરુષ છન્દની પ્રબન્ધપરીક્ષા કરતો હોય ત્યહારે—આટલું હું ઉમેરીશ"). સાહિત્યગત, અને સામાન્ય લૌકિક પ્રચારની, એ બંને પ્રકારની બંગાળીમાં जनरव (*janarava*), वनवास (*vana-vasa*) ઇત્યાદિ શબ્દોનો આન્તર અ શાન્ત ભાવ નથી પામતો,—જો કે આ સમાસોના પ્રથમ અંગ રૂપે રહેલા *jan*, *van* (जन, वन) ઇત્યાદિ શબ્દો એકલા વપરાય ત્યહારે એક-શ્રુતિક રહેછે. શ્રી. રવીન્દ્રનાથ આ સિદ્ધાન્ત પાસે કરેછેઃ—

(૧) સંસ્કૃતમાંથી લીધેલા નવીન શબ્દોમાં આન્તર અ શાન્ત નથી બનતો, અને

(૨) સામાન્ય લૌકિક પ્રચારના શબ્દોમાં એ પરિવર્તન થાયછે જ...

૬૫ "Essay on the Gaurian Languages," J. A. S. Beng. XLI, Part 1 (1872 A. D.), 150.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ વિશે એટલું દર્શાવવું બસ થશે કે ચર્ચાનો એકભાગ તો શાન્ત અના વિરોધક તરીકે અર્થભર્યો છે પરંતુ હેમાંનો મ્હોટો ભાગ ભૂલભરેલો છે; આ પ્રશ્નની સમગ્ર ચર્ચા દરમ્યાન સ્વરભારનું અને હેના સ્થલપરિવર્તનનું તત્ત્વ ધ્યાનમાં લેવાયું નથી અને સ્વરભારના અભાવને અ સ્વરનો લોપ માનવાની ભ્રમણા થઈછે. ખરું કહું તો, છાન્દસ રચનામાં બંગાળાનો મહાકવિ જન, વન ઇત્યાદિ શબ્દોની એકેકી જ માત્રા ગણે એ વિશે મ્હને શંકા રહેછે.

ગુજરાતી પંડિતોના આ "શાન્ત" અ વિશેના અભિપ્રાયો; તેઓમાંના ઘણાખરાને એ પંથનો પાસ બેઠોછે.

કેટલાક ગુજરાતી પંડિતોએ આ અસ્વરિત અની ચર્ચા કરેલીછે, અને એક બે અપવાદો બાદ કરતાં બાકીના કોઈ આ શાન્ત અ—વાદના ચેપથી બચી સક્યા નથી. સદ્‌ગત માધવલાલ હ. દેસાઇએ "ગુજરાત શાળા પત્ર" માં પોતે લખેલા લેખોમાં અ શાન્ત હોવાનો મત સ્વીકાર્યોછે; તેમ જ હેમની પછી હેમને સ્થાને આવેલા રા. રા. કમલાશંકર પ્રાણશંકર ત્રિવેદીએ પણ એ મત સ્વીકાર્યોછે.

રા. રા. કેશવલાલ ધ્રુવનો મૂળ મત અને પછી ફેરવેલો નવો મત.

રા. રા. કેશવલાલ હ. ધ્રુવ પ્રથમ તો એ મતમાં ભળ્યા હતા હેવું ઇ. સ. ૧૮૯૩ ના અરસામાં હેમણે, કોઈ ગુજરાતી શબ્દકોષના રચનારાઓના ઉપયોગાર્થે, ઘડેલા નિયમો જોતાં જણાયછે; એ શબ્દકોષ જન્મ પામ્યો જ નથી. રા. રા. કેશવલાલના નિયમોમાંનો ૪ થો નિયમ નીચે પ્રમાણેછેઃ—"શાંત અ યુક્ત અક્ષરોની જોડણીમાં અ દર્શાવવો; જેમકે नरमाश, कडवाश, ककळाण."[૬૬]

પરંતુ આગળ ઉપર હેમણે અભિપ્રાય બદલ્યો જણાયછે, કારણ કે (ઇ. સ. ૧૯૦૫ માં) હેમણે લખેલા वाग्व्यापार વિશેના લેખમાં[૬૭] (૯–૧૦ પૃષ્ઠે) હેમણે યોગ્ય મત સ્વીકારેલો જોવામાં આવેછે. ત્હાં તેઓ કહેછે કેઃ—

"आपणा स्वरोच्चारनी सरखामणी इंग्रेजी भाषाना स्वरोच्चार साथे करी विशेष एटले वैलक्षण्य ध्यानमां लेइये. आपणा अकार बहुधा मध्यलये अने पद पदांशने छेडे द्रुत लये बोलाय छे. रमत ए पदमां पहेला बे स्वरोच्चार मध्यलयना छे परंतु पदान्त तकारमांना स्वरनो उच्चार द्रुत छे; ते द्रुत लये बोलाय छे तेथी तेने केटलाक विद्वानो सामान्यतः मध्यलये बोलाता स्वरोनी अपेक्षाए शान्त कहे छे. स्वर जे प्रकृतिए उच्चार्य-उच्चारात्मक ज छे तेने शांत एटले अनुच्चार्य कहेवो ए वदतोव्याघात जेवुं छे. आ अशान्ति उपजावनार द्रुत लये बोलातो अकार इंग्रेजीमां छे नहि."

---

૬૬ જોડણી વિશેનો (મ્હારો) લેખ, પરિશિષ્ટ ख, "प्रथम गुजराती साहित्य परिषद्‌नो रिपार्ट."

૬૭ "प्रथम गुजराती साहित्य परिषदनो रिपोर्ट."

આ ટૂંકી ચર્ચામાં રા. રા. કેશવલાલ ધ્રુવે શાન્ત અ વિરુદ્ધની દલીલોના એક ભાગનું પિણ્ડીકરણ બહુ સફળતાથી કર્યુંછે. પરંતુ સ્વરભારના અથવા તો સ્વરભારના અભાવના તત્ત્વનો અને તજ્જન્ય ભ્રાંતિનો હેમણે પરામર્શ નથી કર્યો. પણ અના દ્રુત ઉચ્ચારણનું તત્ત્વ હેમણે પૂર્ણ ભારપૂર્વક દર્શાવી આપ્યુંછે. હેમણે બતાવ્યુંછે કે ગુજરાતીમાં અ મધ્યલયે ઉચ્ચારાયછે, એટલે વિલંવિત નહિં તેમ દ્રુત પણ નહિં; પરંતુ શબ્દોને અંતે કે શબ્દાંશોને અંતે અનો ઉચ્ચાર દ્રુત થાયછે; (અહિં પદાંશ દ્વારા સ્વરભારનું તત્ત્વ પરોક્ષ રીતે, અને અલબત્ત અપર્યાપ્ત અંશે, દૃષ્ટિગોચર થશે); વળી હેમણે દર્શાવ્યુંછે કે મધ્યલયે ઉચ્ચારાતા શબ્દોની અપેક્ષાએ આ દ્રુત ઉચ્ચારને કેટલાક પંડિતોએ શાન્ત કહ્યોછે; પરંતુ સ્વરનું નૈસર્ગિક સ્વરૂપ જ ઉચ્ચારાત્મક હોઈને સ્વરને શાન્ત કહેવામાં વદતોવ્યાઘાત દોષ રહેલોછે. અંગ્રેજી ભાષામાં આ દ્રુત અ અપરિચિત છે એટલું હેમણે ઉમેર્યુંછે.

*શાન્ત અ વિરુદ્ધ રા. રા. કે. હ. ધ્રુવની દલીલો. સ્વરભારનું તત્ત્વ હેમના લક્ષબ્હાર રહ્યુંછે.*

સદ્ગત નવલરામ લક્ષ્મીરામ[૬૮] માત્ર અન્ત્ય અને શાન્ત નહિં પરંતુ લુપ્તપ્રાય માનેછે અને એ અની પૂર્વે રહેલા (=ઉપાન્ત્ય) વ્યંજનનું ઉચ્ચારણ, વ્યવહારમાં, અ–રહિત થાયછે એમ કહેછે. આ મત "શાન્ત" સંજ્ઞામાં રહેલા વદતોવ્યાઘાતદોષના પ્રસંગથી બચી જાયછે, પરંતુ હેમાં એક દોષ રહી જાયછે તે એ છે કે અને લુપ્ત અને અનુચ્ચાર્ય માન્યોછે. કવિ નર્મદાશંકરે[૬૯] શબ્દના દ્વિતીયશ્રુતિમાં રહેલા અ ને કાલમાનમાં વ્યંજનથી અધિકતર માન્યોછે (પછી એ દ્વિતીયશ્રુતિ અન્ત્ય હોય કે ગમે તો અનન્ત્ય હોય); વ્યંજનની માત્રા $\frac{1}{2}$ ગણીછે અને ઉક્ત પ્રકારના સ્વરની માત્રા $\frac{3}{4}$ માનીછે. માત્રાનો આ ન્યૂનાધિકનિર્ણય સત્યસ્થિતિની સમીપમાં સારી રીતે પ્હોંચ્યોછે; અ મૂક નથી, પણ દ્રુતકલ્પ છે, એટલે હેની માત્રા $\frac{1}{2}$ થી અધિક અને ૧ થી ઓછી ગણવી યોગ્ય છે. આ પ્રશ્નની ઉકેલમાં સ્વરભારની કે સ્વરભારના અભાવની અસર નવલરામને કે નર્મદાશંકરને દૃષ્ટિગોચર થઈ નથી.

*નવલરામ અને નર્મદાશંકરના અભિપ્રાયો અને હેની પરીક્ષા.*

આ કાંઈક વિસ્તીર્ણ પણ ઉપયોગી વિષયાન્તરમાંથી પાછા ફરિયે અને

---

૬૮ નવલગ્રંથાવલી, ભાગ ૩. પૃ. ૧૩.

૬૯ નર્મકોશ, મુખ-મુદ્રા, પૃ. ઊ-(ઇ),

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મરાઠી શબ્દાન્ત आ અને एं, અને अ, અને હિન્દી શબ્દાન્ત आ અને अ; હેમાં ગુજરાતીમાં છે તે જ નિયમો પ્રવર્તેછે.

શબ્દાન્ત ओ-उं અને અનો મૂળ પ્રશ્ન પુનઃ વિચારિયે. આ શબ્દાન્તો વિશેનો उत्सर्ग મરાઠીમાં અને હિન્દીમાં પણ પ્રવર્તેછે. માત્ર આટલો એક અતિ અલ્પ વિશેષ છે કે (ગુજરાતીના ओ અને उं ને બદલે યથાક્રમ) મરાઠીમાં પુંલ્લિંગ શબ્દાન્ત आ છે અને નપુંસક શબ્દાન્ત एं છે, અને હિન્દીમાં પુંલ્લિંગ તેમ જ નપુંસકલિંગ શબ્દોને અન્તે आ હોયછે,—માત્ર વ્રજ હિન્દીમાં શબ્દાન્ત ओ છે અને કવચિત્ औ છે. ( અલબત બીજો શબ્દાન્ત अ પણ મરાઠીમાં તેમ જ હિન્દીમાં જોવામાં આવેછે. ) ઉદાહરણોઃ—મ. घोडा, आंबा, घडा ઇત્યાદિ ( પુંલ્લિંગ ); केलें, सोनें ઇત્યાદિ ( નપુંસક ). હિં. घोडा, घडा ( પુંલ્લિંગ ); सोना ( નપું. ); તેમ જ खट्टो ( = ગુ. खाटुं ); राधे तेरो मक्खन खट्टो है; बडो– "कृष्ण बडो यजमान, हमारो कृष्ण बडो यजमान" ( પુંલ્લિંગ ); વ્રજ विचार कियौ ( ડૉ. ભાંડારકરનાં વ્યુત્પત્તિવિષયક વ્યાખ્યાનોમાં ૧૨૩ મે પૃષ્ઠે આપેલો ઊતારો ).

[ ત્હારે અહિં સુધી આ उत्सर्ग, એક અત્યન્ત અલ્પ ફેરફાર કરતાં, वर्ग (ख)માં ( અન્ય ભાષાઓને સાધારણ પ્રવૃત્તિ દર્શાવતા उत्सर्गमાં ) પડેછે. પરંતુ ओ અને उं એ તત્ત્વ ગુજરાતીનું એક પ્રધાન લક્ષણ છે એ જોતાં મ્હેં આ उत्सर्गને वर्ग (क)માં ( એટલે ગુજરાતીમાં જ પ્રવર્તતા અનન્ય સાધારણ उत्सर्गोમાં ) મૂકવો યોગ્ય માનેલછે. ]

શબ્દાન્ત आ એ क (अक)નું अ अ રૂપાન્તર થવાનું પરિણામ છે. अपभ्रंशમાં પણ આ आ છે. ( सिं. हे. ૮-૪-૩૨૯ ):—

ઉદાહરણોઃ—

શબ્દાન્ત आની અપભ્રંશમાં પડતી પૂર્વછાયા.

(૧) ढोल्ला सामला धन चंपावण्णी ।

(૨) मां करु दीहा माणु ।

બીજા ઉદાહરણમાં दीहाનો શબ્દાન્ત आ આપ્યોછે અને माणुનો उ આપ્યોછે.

આ પ્રમાણે अअનો आ કરનારા વ્યાપારનું વસ્તુતઃ अपभ्रंश સમયમાં પૂર્વદર્શન થાયછે.

अकમાંથી શબ્દાન્ત आના ઉદ્ગમનું યથાર્થતમ સ્પષ્ટીકરણ કદાચ ડૉ. સર રામકૃષ્ણ ભાંડારકરે હેમનાં વ્યાખ્યાનોમાં ૧૫૨-૧૫૬ પૃષ્ઠોએ દર્શાવ્યુંછે એ જ હશે. હેનો સંક્ષિપ્ત સાર નીચે પ્રમાણે છેઃ—

શબ્દાન્ત आનો ડૉ. ભાંડારકરે કરેલો ખુલાસો એ જ ઉત્તમ ખુલાસો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યહારે અન્ત્યસ્વરની પૂર્વે સ્વર રહ્યો હોય ત્યહારે એ પૂર્વ (=ઉપાન્ત્ય) સ્વર ભારયુક્ત બનેછે અને પરિણામે દીર્ઘ થાયછે અને અન્ત્યસ્વર લુપ્ત થાયછે; જેમ કે मौक्तिकं-मोत्तिअं-मोती ઇત્યાદિ. (આ વિશેનો उत्सर्ग મ્હેં આગળ ઉપર ચર્ચ્યોછેઃ વ્યાખ્યાન ૪, ખંડ ૨ उत्सर्ग ૧૯મો જુવો ). જ્યહારે અન્ત્ય स्वरयुग्मનો આદ્ય સ્વર अ હોય ત્યહારે એ જ નિયમની પ્રવૃત્તિથી अओ-अउનો आ નીપજેછે, घोडओ-घोडउ-घोडा (મરાઠી.)

શબ્દાન્ત आ ઉપજાવનારી આ ઘટનાની ડૉ. ભાંડારકરે કરેલી પૃથક્-ક્રિયામાં જરાએક ફેરફાર કરવાની મ્હને ઇચ્છા થાયછે. હેમણે अનું દીર્ઘત્વ પ્રથમ મૂક્યુંછે અને ત્યહાર પછી उનો લોપ દર્શાવ્યોછે. હું એથી વિપરીત ક્રમ સ્વીકારુંછું; પ્રથમ उનો લોપ થાયછે, અને એ અન્ત્ય સ્વરના લોપને પરિણામે अ દીર્ઘ બનેછે, જે દીર્ઘભાવમાં માત્રાસંરક્ષણરૂપ ઉદ્દેશ રહ્યોછે; આ માત્રાસંરક્ષણનો નિયમ વાગ્વ્યાપારમાં અન્ય પ્રસંગોએ પણ હેવી જ સ્થિતિમાં પ્રવર્તેછે; જેમ કે સંયોગલોપમાં, અનુસ્વાર કોમળ બને ત્યહારે, ઇત્યાદિ પ્રસંગોએ માત્રાસંરક્ષણાર્થે પૂર્વસ્વરને દીર્ઘ કરવામાં આવેછે. (कम्म-काम; सिंचइ-सींचे ઇત્યાદિ ).

આ પૃથક્ક્રિયામાં જરા'ક ફેરફાર સૂચવુંછું.

| સં. | અપ. | ગુજ. |
| --- | --- | --- |
| मौक्तिकं | मोत्तिउ | मोती |
| पानीयं | पानिउ | पाणी |
| लोहितं | लोहिउ | लोही |

અને હેવાં અનેક ઉદાહરણો આ નિયમનું સમર્થન કરેછે.

આ પૃથક્ક્રિયામાં બીજલાઘવ જળવાયછે, જ્યહારે अक-अ अ-आ એ ક્રમો સ્વીકારવામાં એ તત્ત્વ નથી જળવાતું, કારણ કે હેમાં अउ, अअ હેવાં બે બીજો થશે. આ પ્રમાણેઃ—

મ્હેં સૂચવેલી પૃથક્ક્રિયામાં બીજલાઘવ જળવાયછે.

अउ (પુંલ્લિંગ શબ્દાન્ત)

ऑ (ગુ.)   आ (મ.)

आ (હિં.)   औ (હિં.)

(ઉપરથી જણાશે કે હિન્દી ભાષા શબ્દાન્ત आ પરત્વે મરાઠીને મળતી આવેછે અને શબ્દાન્ત औ પરત્વે ગુજરાતીને બહુ લગભગ મળતી આવેછે, કારણ કે औ નો ઉચ્ચાર બહુ લગભગ ऑ ના જેવો જ થાયછે).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપરની આકૃતિથી જણાશે કે અહિં આપણે (ओ-आ-औं) એ સર્વ રૂપાન્તરોનું એક સર્વ સાધારણ તત્ત્વ (अउ) પ્રાપ્ત કર્યુંછે, પરંતુ अअने आना પૂર્વક્રમ તરીકે સ્વીકાર્યો હોય તો સર્વસાધારણ તત્ત્વ ઉપલબ્ધ થાય જ નહિ, અને अअ અંશતઃ મરાઠી અને હિન્દી (માત્ર એક જ પ્રકારના) શબ્દાન્તનો વ્યાપક બને અને अउમાં ગુજરાતી શબ્દાન્તનો અને હિન્દી (અન્ય પ્રકારના) શબ્દાન્તનો અન્તર્ભાવ થાય. આ રીતે પ્રસ્તુત રૂપાન્તરોના વિષયમાં ગુજરાતી, મરાઠી, અને હિન્દી ભાષાઓ વ્યુત્પત્તિ પક્ષે પરસ્પર અસંમેય થશે.

[ત્હમે સ્પષ્ટ જોઈ સકયા હશો કે આ ઘટનાને બલાત્કારે बीजलाघवના શાસનમાં લાવી મૂકવાનો કૃત્રિમ પ્રયાસ અત્રે કરવામાં આવ્યો નથી; પરંતુ માત્ર સ્વતન્ત્ર રીતે પ્રવર્તતા જે નિયમો જોવામાં આવ્યા તેઓમાં રહેલું बीजलाघव પ્રગટ કરવાનું કાર્ય બજાવ્યુંછે.]

अअ તત્ત્વનો, શબ્દાન્ત आना પૂર્વક્રમ તરીકે, મ્હેં નિર્દેશ કર્યોછે, એથી મ્હેં હેનો અંગીકાર કર્યોછે એમ માનવાનું નથી; ફક્ત કેટલા'ક પંડિતોએ એ ખુલાસો અજમાયશ તરીકે આગળ ધર્યોછે એ કારણે જ મ્હેં હેને દર્શાવ્યોછે.

પણ अअ વાળી પૃથક્ક્રિયાની વિરુદ્ધ સૌથી મજબૂત મુદ્દો એ છે કે પ્રથમા એકવચનના વિભક્તિ પ્રત્યય વિના જ સ્વ-રૂપે (अक-जन्य) अअ ટકી સકે નહિ, કારણ કે અર્વાચીન ભાષાઓનાં પ્રાતિપદિકો (=अंगो) સંસ્કૃત અને પ્રાકૃતના શબ્દોનાં આ પ્રત્યયસમેત રૂપોમાંથી વ્યુત્પન્ન થયાંછે. પરિણામે अअनां अओ, अउ હેવાં રૂપાંતરો અનિવાર્ય છે.

ओकारान्त પ્રાતિપદિકની સૂક્ષ્મતર પૃથક્ક્રિયા કરતાં જણાશે કે ओ-કારાન્ત શબ્દ વસ્તુતઃ પ્રથમા એકવચનનું રૂપ છે અને, જાણે કે સતત અભ્યાસથી, હેને પ્રાતિપદિકનું સ્થાન અર્પવામાં આવ્યુંછે. કારણ જોઈએ; ઘોડોના અન્ત્ય ओनो વિભક્તિકાર્યમાં आ થાયછેઃ घोडाने, घोडाथी, घोडानुं, घोडामां. घोटकः (સં.) घोडउ (પ્રા.) घोडो (ગુજ):-અહિંયાં कः નો, क् નો લોપ અને બાકીના अः નો उ થતાં, उ થાયછે અને એ રૂપે પ્રથમાનો પ્રત્યય અન્તર્ગતરૂપે કાયમ રહેછે. ने, थी, ઇત્યાદિની પૂર્વે अउ કે ओनो आ થાયછે એમ નથી પણ વાસ્તવિક વાગ્વ્યાપારક્રમ હાવો છેઃ घोटक-घोडअने, थी ઇત્યાદિ; અને આ રીતે (પ્રથમા પ્રત્યય વિયુક્ત) अअनो आ થાયછે (घोडाने ઈત્યાદિ ઇત્યાદિ). घोडेथी એ રૂપની પ્રાપ્તિ દુર્જ્ઞેય માનવાનું કાંઈ કારણ નથી. કેમ કે એ તો સપ્તમી (अधिकरण)ના રૂપ घोडे અને પંચમી (अपादान) પ્રત્યય थी ના સંયોગનું પરિણામ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(એટલું લક્ષમાં રાખવું કે આ આ એ મરાઠી અને હિન્દી પ્રાતિપદિક (घोडा)નો અન્ત્ય आ નથી; કારણ કે એ आ તો, ઉપર દર્શાવ્યુંછે તેમ, પ્રથમા-રૂપના અન્ત્ય अक:-अउમાંથી આવ્યોછે.)

અપભ્રંશના શબ્દાન્ત उનો ગુજરાતીમાં अ થાયછે એ લક્ષમાં આવ્યું હશે (हत्थु, हाथ; कण्णु, कान; ઇત્યાદિ). પરંતુ માત્ર એક જ, મર્યાદિત પ્રકારનો, અપવાદ છે ખરોઃ (સં) प्रियः, (અપ.) पियु, હેમાંથી ગુજરાતીમાં એ જ રૂપે पियु શબ્દ આવેછે. પરંતુ તેનો પ્રયોગ સર્વથા કાવ્યનિયાન્ત્રત છે. આ શબ્દને (ડૉ. ટેસિટોરીની સુભગ નામવિધાનપદ્ધતિનું અનુકરણ કરીને કહું તો) હિન્દી तत्सम ગણવાનો મ્હારો ઇરાદો છે; એટલે કે पियु શબ્દને હિન્દી કાવ્ય-માંથી સાંગોપાંગ, કાંઈપણ વાગ્વ્યાપારોચિત વિશેષ વિક્રિયા વિના, ઉપાડીને મૂકયોછે. ગુજરાતી ગદ્યમાં આ पियु શબ્દનો સ્વીકાર થયેલો નથી તો પછી હરરોજ બોલાતી ગુજરાતી ભાષામાં ક્યહાંથી જ થયો હોય.

શબ્દાન્ત ओની આ વ્યુત્પત્તિ સ્મરણમાં રાખીશું તો, અંગ્રેજીમાંથી લીધેલા શબ્દોના અંત્ય ओનો વિભક્તિ પ્રત્યયોની પૂર્વે आ કેમ ન થઈ સકે એ સમઝાશે. ઉદા-હરણ તરીકે फोटो (photo), कोको (cocoa) ઇત્યાદિ શબ્દોનું ષષ્ઠીનું રૂપ फोटोनुं, कोकोनुं એમ થાય, કેટલાક લોકો અજ્ઞાનમાં બોલે છે તેમ फोटानुं, कोकानुं નહિ. હાવા શબ્દોનો અન્ત્ય ओ મૂળરૂપ अउમાંથી વ્યુત્પન્ન થયેલો अर्धविवृत ओ નથી. એ વસ્તુસ્થિતિ આ વિચારની સત્યતાનું કાંઈક સૂચન કરેછે. जळोनुं दुःख आ तळावमां बहु छे; गळोतुं सत्त्व तावनी उपर सारुं;-આ શબ્દોમાં પણ અન્ત્ય ओ નો (जळानुं गळानुं એમ) आ નથી થતો હેનું કારણ એ છે કે એ શબ્દોનો અન્ત્ય ओ अर्धविवृत ओ નથી અને એ શબ્દાન્ત अकમાંથી નથી ઉદ્‌ભવ્યો; जलौकाः-जलोआ-जळो; गुडूची-गलोई-गळो;-એ ક્રમમાં પરિણામોની ભિન્નતાનું કારણ દૃષ્ટિગોચર થશે.

(પ્રત્યયને શબ્દશરીરના અંગમાં સમાવિષ્ટ કરી દેવાની આ ઘટના અન્ય ભાષાઓમાં પણ દૃષ્ટિયે પડેછે; જેમ કે ફ્રિન્ ભાષામાં (નિર્ધારણાર્થક વિશેષણ તુલ્ય) s પ્રત્યયને પ્રાતિપદિકનો જ અંશ બનાવી દેવામાં આવેછે. Sweet's History of Language (स्वीट्कृत भाषानो इतिहास), Temple Primer, પૃ. ૧૧૮ મું જુવો.)

[માત્ર એકજ અપવાદ, माँ, व्हाँ (પ્રાતઃકાળ) ઇત્યાદિ એકાક્ષર શબ્દો રૂપે, જોવામાં આવેછે; આ શબ્દોનો आँ વિભક્તિ પ્રત્યયની પૂર્વે અવિકૃત રહેછે; माँनी वात नथी (માની નહિ); व्हाँनुं (વ્હાનું નહિ.)]

૨૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મરાઠી શબ્દાન્ત एं આ પ્રમાણે વ્યુત્પન્ન થયોછેઃ—

कदलकं–कयलयं–कइलयं–केलयं–केळें; એટલે કે अयंમાંથી एं નીકળેલછે. આ પ્રમાણે જ્યહારે अकમાંથી ગુજરાતીમાં अउ–अउं દ્વારા ओ–उं પ્રાપ્ત થાયછે, ત્યહારે હેમાંથી જ अउ–अयं દ્વારા મરાઠી आ–एं પ્રાપ્ત થાયછે; અને હિન્દીમાં अउદ્વારા आ આવેછે. आ સીધો અપભ્રંશમાંથી આવેછે, अउવાળી પૃથક્‌ક્રિયા એ અપભ્રંશના જ आની પૂર્વેની સ્થિતિ છે. મરાઠીમાં आ અપભ્રંશમાંથી આવ્યો અને एं છેક મુખ્ય પ્રાકૃત अयंમાંથી પ્રાપ્ત કરવો પડ્યો એ કુતૂહલજનક છે. (અપભ્રંશ રૂપ अउं થાય). પોતાનાં વ્યાખ્યાનોમાં ૧૫૭ મે પૃષ્ઠે ડૉ. સર રામકૃષ્ણ ભાંડારકરે શબ્દાન્ત एंની આ વ્યુત્પત્તિનું સુવ્યક્ત દર્શન કરાવ્યુંછે.

[મરાઠીના નપુંસકલિંગ શબ્દોના પ્રથમા એકવચનનો આ एं ઉચ્ચાર अर्धविवृतछे એ પ્રસંગવશાત્ કહેવું ઘટેછે. તે જ પ્રમાણે મરાઠી अकारान्त નપુંસકલિંગ શબ્દોના અનેકવચનના રૂપમાં પણ અન્ત્ય ए अर्धविवृत છે; જેમ કે वक्रटकं–वंकडयं–वांकडें (મ.); फळ (એક)–फळें (અનેક). મરાઠીમાં વિવૃત ॲ અને ऑ ઉચ્ચાર નથી એ વ્યાપક નિયમમાં માત્ર આ બે પ્રકારો અપવાદરૂપ રહેછે. પૂર્વે અપાઈ ગયેલી વિવૃત ॲ અને ऑ ઉચ્ચારની ચર્ચા વાંચતાં આ વાત લક્ષમાં રાખવાની છે.

હું ભૂલતો ન હોઉં તો મરાઠી સાહિત્યના અર્વાચીન લેખકો સ્ત્રિયો આદિ વિશિષ્ટ પાત્રોના મુખમાં આ ॲ મૂકવો હોય ત્યહારે હેનો તદ્વત્ ઉચ્ચાર દર્શાવવાને, ॲ ને સ્થાને अयं (=अयँ) સંજ્ઞા વાપરેછે, જેમ કે केलयं, गेलयं. કે અથવા ગેના एના ઉચ્ચારની હેમાંના एના ઉચ્ચાર સાથે સરખામણી કરવાથી આદ્ય ए (संवृत) નો અને અન્ત્ય ए (अर्धविवृत) નો ભેદ એકદમ પ્રત્યક્ષ થશે.]

[આટલું હું ઉમેરીશઃ નપું. અનેકવચનનો ॲ સંસ્કૃત आनि, પ્રા. आइँ માંથી આવેછે, અને પ્રથમા એક. (નપું.) નો ॲ સં. अकं, પ્રા. अयंમાંથી આવેછે; જેમ કેઃ फलानि–फलाइं–फलइं–फलयँ–फळें; कदलकं–केलयं केळयँ–केळें.]

ફારસી અને અરબીમાંથી વ્યુત્પન્ન થયેલા શબ્દોના અન્ત્ય ओ અને उं અને अ હેનો વ્યુત્પત્તિક્રમ સંસ્કૃત અને પ્રાકૃતમાંથી આવેલા શબ્દોના કરતાં જૂદો છે.

અત્યાર સુધી હું સંસ્કૃત અને પ્રાકૃતમાંથી વ્યુત્પન્ન થયેલા ગુજરાતી શબ્દોના અન્ત્ય ओं અને उं વિશે બોલ્યોછું. પરંતુ ફારસીમાંથી અન્ત્ય ओ અને उं વાળા અનેક શબ્દો ગુજરાતીમ આવ્યાછે, તેમ જ અન્ત્ય अ વાળા પણ કેટલાક આવ્યાછે. હેના વિષયમાં क પ્રત્યય નિર્ણાયક તત્ત્વ થઈ સકે નહિં, કારણ કે એ પ્રત્યય ફારસીમાં અપરિચિત છે. હેવા શબ્દોના અન્ત્ય સ્વરોની વ્યુત્પત્તિ હિન્દી શબ્દાન્ત आ દ્વારા સાધવાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે, કારણ કે એ આ નો ઉર્દુના લૌકિક પ્રચારમાં સ્વીકાર કરવામાં આવ્યોછે અને હેના સામ્યને આધારે ફારસી શબ્દાન્તનો આ કરવામાં આવ્યોછે. આ વ્યાપારમાં પ્રવર્તતો નિયમ નીચે પ્રમાણે છેઃ-

ફારસી શબ્દાન્ત अह्- માંથી અન્ત્યસ્વર ઓ કે ઉં પ્રાપ્ત થાયછે; વ્યંજનાન્ત શબ્દોમાંથી અ શબ્દાન્ત ઉદ્ભવેછે.

જે ફારસી શબ્દોને અન્તે अह् હોય તે ગુજ. રાતીમાં (પુલ્લિંગ કે નપુંસકલિંગ પ્રાપ્ત કરે તદનુસાર) ઓ કે ઉં એ અન્ત્યસ્વર લેછે, અને વ્યંજનાન્ત ફારસી શબ્દો ગુજરાતીમાં અકારાન્ત બનેછે.

ઉદાહરણોઃ—

ઓ અન્ત્ય, અને ઉં અન્ત્યઃ—

| ફારસી | ગુજ. | ફારસી | ગુજ. |
|---|---|---|---|
| पर्देह् | पडदो | मुर्देह् | मडदुं[70] |
| प्यादेह् | प्यादुं | खज़ानेह् | खजानो |
| महोरेह् | म्हींरुं | खानेह् | खानुं |
| तेज़ानेह्[71] | तेजानो | दीवानेह् | दीवानो |
| दगलेह् | डगलो | नामेह् | नामुं[72] |
| वाग़चेह् | वगीचो | ज़नानेह् | जनानो |
| गालीचेह् | गलीचो | ख़रीतेह् | खरीतो |
| | गालीचो | जामेह् | जामो |
| रीज़ेह् | रेजो | दानेह् | दाणो |
| (=કટકો-કકડો) | | અ. नकारेह् } | नगारुं |
| कहवह् | कावो | ફા. नग़ारेह् } | |
| तकियेह् | तक्रियो | आवख़ोरेह् | आवखोरो |
| शीशेह् | शीसो | प्यालेह् | प्यालो |
| हिस्सह् | हिस्सो | नज़लेह् | नजलो |
| मोहल्लह् | महेल्लो | | |
| | महोल्लो | ઇત્યાદિ. | |

---

૭૦ આ શબ્દની સાક્ષાત્ સંસ્કૃતમાંથી मृतकं-मडउं-मडुं એમ વ્યુત્પત્તિ થવી શકય નથી; કારણ કે અન્ત્ય દુંનો યોગ્ય ખુલાસો मुर्देह ના दમાં પ્રાપ્ત થાયછે, જે द સં. मृत ના त નો સગોત્ર હોય. મડદું ની मृतककं-मडदउं-मडदउं-मडदुं હેવી ઉત્પત્તિ સાધવાના મત કરતાં આ મત સારો છે.

૭૧. तेज़ानेह्=જીભ ઉપર મૂકતાં તમતમે હેવો તીખો પદાર્થ.

૭૨. નામું શબ્દની नामकं-नामउं હેવી વ્યુત્પત્તિ સ્વીકારવામાં આવે તો અહિંથી એ શબ્દને બાતલ કરવો જોઇશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[ટિપ્પણ:—આ શબ્દોના અન્ત્ય ઓનો અર્ધવિવૃત ઉચ્ચાર છે તે પ્રાકૃતમાંથી એટલે અપભ્રંશ અઉમાંથી વ્યુત્પન્ન થયેલા શબ્દાન્તના અનુકરણનું પરિણામ છે:]

कुशादेह् લગભગ[73] અવિકૃત રહિને कुशादे રૂપે ગુજરાતીમાં આવ્યોછે અને હેને ફારસી तत्सम ગણી સકાય. આ શબ્દના પ્રયોગની વિરલતામાં અન્ત્ય ઓના અભાવનું કારણ પ્રાપ્ત થાયછે.

વિરલ પ્રસંગે ફારસી અન્ત્ય આને સ્થાને ગુજરાતી શબ્દાન્ત ઓ આવેછે.

વિરલ ઉદાહરણોમાં ફારસી શબ્દાન્ત આ નો ગુજરાતીમાં ઓ થાયછે જે આકારાન્ત ઉર્દુ અને હિન્દી શબ્દોનું અને તેઓના મૂળશબ્દોનું અનુકરણ છે.

| સીધી. | ગુજ. |
|---|---|
| दाना | दानो (=ડાહ્યો) |
| दरिया | दरियो |

[ટિપ્પણ:—સ્પષ્ટ છે કે આ પરિણામ ફારસી अह् અન્ત્યવાળા શબ્દોનાં ઉર્દુ આકારાન્ત રૂપાન્તરોના સામ્યથી, અને એ સામ્યને લીધે થતી તાદાત્મ્યબુદ્ધિથી નીપજ્યુંછે. ફારસી अह्નો ગુજરાતીમાં ओ થાયછે એ વિક્રિયાનું મૂળ પણ હોવા જ મિથ્યાગ્રહમાં રહ્યુંછે; ઉર્દુમાં अह् નો आ થઈ જાયછે અને હિન્દીમાં સં. अ નો आ બનેછે, અને अह् અને अः સરખા જણાયછે અને એથી જ, પ્રત્યેક શબ્દાન્ત્ય आનું મૂલાન્વેષણ કરતાં (अउ ન થયો હોય તોપણ) अः સૂધી પ્હોચવું જોઇયે અને આખર ઓ પ્રાપ્ત થવો જોઇયે, હેવો મતિભ્રમ ઉપજેછે.]

અંતમાં अत् હોય હેવા કેટલાક અરબી શબ્દો ગુજરાતીમાં આવતાં ઓ શબ્દાન્ત પ્રાપ્ત કરેછે:—

अत् અન્ત્યવાળા થોડાક અરબી શબ્દોનાં ઓકારાન્ત ગુજરાતી રૂપાન્તરો થાયછે; ક્વચિત્ અન્ત્ય "अयून"માંથી ઓ શબ્દાન્ત પ્રાપ્ત થાયછે.

| અ. | ગુજ. |
|---|---|
| मोहवरत् | महावरो-म्हावरो |
| मुक़ाबलत् | मुकाबलो |
| मुबादेलत् | मोवदलो (भ. मुवादला). |

ક્વચિત્ અન્ત્ય "अयून्" (*aïn*) ને સ્થાને ગુજરાતીમાં શબ્દાન્ત ઓ આવેછે:—

| અ. | ગુજ. |
|---|---|
| अख़्तर'अ | अख्तरो |

---

[73] "લગભગ"—કારણ કે ह् લુપ્ત થયોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

अ અન્ય:—

| ફ્રા.[74] | ગુજ. | ફ્રા. | ગુજ. |
|---|---|---|---|
| मर्द् | मरद | फर्क़ | फरक |
| दर्द् | दरद | शूलवार् | सुरवाळ |
| रूमाल् | रूमाल | फिक्र् | फिकर |
| बाग् | बाग | विरंज् (ભાત) | विरंज (અમુક પ્રકારે રાંધેલો ભાત) |
| अंजीर् | अंजीर | बादाम् | बदाम |
| गुलाब् | गुलाब | गुलकंद् | गुलकंद |
| गाज़र् | गाजर | बर्फ़् | बरफ |
| मेख् | मेख | पेच् | पेच |
| मुनसफ् | मुनसफ | बुर्ज् | बुरज |
| | | ताकीद् | ताकीद |

(તે જ પ્રમાણે इनसाफ, दाद, दरखास्त, अदालत, वकील, वकालत, मारफत, खरच (खर्च), केफ, लाल, जान (=પ્રાણ), माल, हरकत, लगाम; ઇત્યાદિ ઇત્યાદિ.)

ફારસી શબ્દો વિશેનો નિયમ આપ્યોછે હેમાં થોડાક અપવાદો છેઃ—

| | ફા. કે અ. | ગુજ. |
|---|---|---|
| ફારસી શબ્દો વિશેના નિયમના કેટલાક અપવાદો. | १ मव्ज् | मोजो (=પાણીનો, તરંગ) |
| | २ बिस्तर् | बिस्तरो |
| | ३ ज़रेह् | जरा |

અહિં, ૧ અને ૨ ના અન્તમાં જો કે अह् નથી પણ વ્યંજન છે તોપણ હેમાંથી ગુજરાતીમાં ઓકારાન્ત શબ્દો પ્રાપ્ત થાયછે, જ્યહારે ૩ ના અન્તમાં अह् છે તે છતાં પણ શબ્દાન્ત ઓ નહિં પણ આ પ્રાપ્ત થાયછે; આ છેલ્લા પ્રકારમાં થતી વિક્રિયાનું કારણ એ છે કે એ શબ્દ મૂળ અવ્યય છે અને પછીથી વિશેષણ તરીકે વપરાયોછે, પરંતુ અવિકારી વિશેષણ તરીકે વપરાયોછે.

ફા. पहलु—ગુજ. પ્હેલ (=બહુપાર્શ્વ ઘનનો એક પાસો) એ શબ્દ (ગુજરાતીમાં) અકારાન્ત થતા ઉકારાન્ત (ફા.) શબ્દનું એક વિરલ ઉદાહરણ છે. પરંતુ હેને માટે અલગ નિયમ રચવાની આવશ્યકતા નથી, કારણ કે એ શબ્દનો,

---

૭૪ આ શીર્ષકમાં અન્તર્ગત થતા શબ્દગણમાં કેટલાક શબ્દો અરબી પ્રભવના છે, પરંતુ તેઓ ફારસીમાં પણ દૃષ્ટિયે પડેછે એટલે હેમનો પૃથક્ નિર્દેશ નથી કર્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નીચે જ ચર્ચાવાના उत्सर्गना રહસ્યભૂત નિયમમાં સમાવેશ થઈ સકશે; એ उत्सर्गमां સં. અને પ્રા. શબ્દોના અન્ત્ય કે અનન્ત્ય उ નો अ થવા વિશેનો વિમર્શ કર્યોછે, જેમ કે मधु (સં.)–मध (ગુજ.); विणु (પ્રા.=વિના)—विण (ગુજ.) ઈત્યાદિ.[૭૫]

[ટિપ્પણઃ–ગુજરાતીમાંનાં अकारान्त સ્ત્રીલિંગ નામો વિશે એક उत्सर्ग છે; પરંતુ એ उत्सर्ग ગુજરાતી ઉપરાંત અન્ય ભાષાઓને પણ લાગુ પડતો હોવાથી એ વર્ગમાં ચર્ચવામાં આવશે.]

## उत्सर्ग ३

## अनन्त्य इ–उ ने स्थाने थतो अ

ઉત્સર્ગ ૩. અનન્ત્ય इ-उ નો अ; એ વિકાર ગુજરાતીનું જ ખાસ લક્ષણ છે.

આ उत्सर्गनी માત્ર ગુજરાતીમાં જ અનન્યસાધારણ પ્રવૃત્તિ થાયછે; કારણ કે ગુજરાતીમાં શબ્દરૂપ कठण (સં. कठिन) છે પણ મરાઠીમાં कठीण[૭૬] અને હિન્દીમાં कठिन છે; ગુજ. माणस, (સં. मानुष) છે; પણ મ. माणूस છે.[૭૬] બીજી અર્વાચીન ભાષાઓ પણ આ વિષયમાં ગુજરાતીથી અલગ પડેછે, કારણ કે જો કે આ વિક્રિયાનાં છૂટાંછવાયાં ઉદાહરણો અન્ય ભાષાઓમાં દૃષ્ટિગોચર થાય તોપણ

---

૭૫. આ ચર્ચામાં આપેલી ફારસી અને અરબી વિશેની માહિતીમાંનો બહુ મ્હોટો અંશ માટે હું રા. રા. કૃષ્ણલાલ મો. ઝવેરીના આભારતળે છું–ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌માં રજુ કરેલા હેમના, (એ પરિષદ્‌ના અહેવાલમાં પ્રસિદ્ધ થયેલા,) केटलाक फारसी शब्दो એ નામના લેખદ્વારા, અને હેમણે જાતે આપેલી સૂચનાદ્વારા.

૭૬. હાવા પ્રસંગોમાં इ અને उ ને દીર્ઘ બનાવવાનો મરાઠી પંડિતોનો દૃઢ આગ્રહ છે; પરંતુ કેટલાક પ્રસંગોએ વિભક્તિ કાર્યમાં उ સ્વરનો अ થાયછે (इ નો પણ अ થાયછે તે સંદિગ્ધ ગણિયે તો પણ उ નો તો થાયછે જ) એ વસ્તુસ્થિતિ જ સિદ્ધ કરેછે કે इ અને उ વસ્તુતઃ હ્રસ્વ જોઇયે. જેમકે माणूस–माणसास (દ્વિતીયા-ચતુર્થી). પોતાનાં વ્યાખ્યાનોનાં ૧૩૭–૧૩૯ પૃષ્ઠોએ ડૉ. સર રામકૃષ્ણ ભાંડારકરે આ (હમણાં જ મ્હેં જેથી વિરોધ દર્શાવ્યો તે) મતનું બહુ વિસ્તીર્ણ સમર્થન કર્યુંછે. આખી દલીલના પ્રવૃત્તિકીલક તરીકે રહેલો અભિપ્રાય એ છે કે, કેટલાક સ્વરો લખાતા હોય એથી વિપરીત રૂપે હ્રસ્વ કે દીર્ઘ ઉચ્ચારાયછે; જેમ કે जोडा, मेळा, शेतास, हातास, कानास ઇત્યાદિમાં પ્રથમ સ્વરનું ઉચ્ચારણ (शेत, मेळ, पोर, गोत, हात, कान ઈત્યાદિના પ્રથમ સ્વરના દીર્ઘ ઉચ્ચારણને મુકાબલે) હ્રસ્વ થાયછે, અને गुण, गुळ, तिळ, रथ, ઇત્યાદિનો પ્રથમ સ્વર, અને मदन નો દ્વિતીય સ્વર દીર્ઘ ઉચ્ચારાયછે (અને એથી મરાઠી જોડણી गूळ, तीळ, હેવી થાય છે). બહુમાનપૂર્વક હું નિવેદિત કરુંછું કે આ ચાતુરીભર્યા વાદનો ઉત્તર સ્હેલાઈથી આપી સકાયછેઃ–હ્રસ્વત્વ દીર્ઘત્વનો આ અનુભવ સ્વરભારના ભાવ કે અભાવથી ઉપજતો એક આભાસ માત્ર છે, અને અહિં સ્વરભાર એ જ વસ્તુતઃ ઉપયોગી તત્ત્વ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ उत्सर्गની વિશાળ પ્રમાણમાં તો ગુજરાતીમાં જ પ્રવૃત્તિ થાયછે.[૭૭] એટલા માટે ખરી કસોટી થાય હેવું ઉદાહરણ લેવું જોઇયે; ઉદાહરણ તરીકે સાધારણતમ પ્રચારવાળા ધાતુ मिल् (સં.)નું રૂપાન્તર ગુજ. મળવું થાયછે, પણ હિંદી मिलना બનેછે, મ. मीळणें, અને તે જ પ્રમાણે અન્ય ભાષાઓમાં मिल् બનેછે. તેમ જ ગુજ. પડીકું (સં. पुटक-पुटी); પણ હિં. અને મ. पुडी થાયછે. रुद्‌માંથી મ. તેમ જ ગુજ. (હિં. પણ) रड्[૭૮] બનેછે પણ એ તો અપવાદભૂત ઉદાહરણોમાંનું એક છે. (પુલન કોંકણી, पुलिन સં. એ શબ્દ સરખાવો.) ગુજરાતીના વિશેષભૂત આ લક્ષણને ઉદ્દેશીને જ ગુજરાતીઓનો નીચેના શ્લોકરૂપે પરિહાસ ઉત્પન્ન થયોછેઃ–

तुलसी तलसी जातो मुकुन्दोपि मकन्दकः ।
गुर्जराणां मुखं प्राप्य शिवोऽपि शवतां गतः ॥

પ્રસ્તુત उत्सर्ग અનેક उत्सर्गોના સંદર્ભનું એક અંગ માત્ર છે; એ ઉત્સર્ગોની અહિં વર્ગવ્યવસ્થા કરવાથી અનુકૂળતા થશેઃ–

આ ઉત્સર્ગ અન્યોન્ય-સંબદ્ધ પાંચ ઉત્સર્ગોમાંનો એક છે. એ ઉત્સર્ગોનો નિર્દેશ અને હેનાં ઉદાહરણો.

(क) અન્ત્ય इ નો य થાયછે.

(૧) હેની પૂર્વે સ્વર હોય ત્હારે.

(૨) પૂર્વે વ્યંજન હોય ત્હારે.

---

૭૭ મારવાડીમાં આથી વિપરીત પ્રકારનું પણ વલણ જોવામાં આવેછે, જેથી अनो इ થાયછે ( किवाँड=कमाड, किन्या=कन्या, खिमा=खमा (क्षमा) ઇત્યાદિ); આ સ્થિતિ ગુજરાતીને, પ્રસ્તુત उत्सर्ग પરત્વે, વળી વિશેષ પંક્તિબ્હાર મૂકેછે. ડૉ. ટેસિટોરીની "નોંધો" પ્રકરણ ૧, પૃ. ૪, જુવો; ત્હાં આ વિક્રિયાનો મારવાડીના મુખ્ય લક્ષણ તરીકે નિર્દેશ કર્યોછે.

( Indian Antiquary, એપ્રિલ ૧૯૧૪, પૃ. ૫૫, છેલ્લી દશ પંક્તિયો.)

૭૮. અર્થ-ભેદના સ્પષ્ટ કારણને લીધે હું रड्‌ની વ્યુત્પત્તિ સં. रुद्‌માંથી કરતો નથી; અને उनो अ એ વિક્રિયા વિશાળ પ્રચારવાળી છે, અને द् નો ड् થાય એ પણ વિરલ ઘટના નથી. रड् અપભ્રંશમાં મળેછેઃ

अब्भा लग्गा डुंगरिहिं पहिउ रडन्तउ जाइ। अभ्राणि लग्नानि पर्वते पथिको रुदन् याति ।

(સિ. હે. ૮–૪–૪૪૫, ઉદાહરણ). (સિદ્ધ હેમચન્દ્રમાંનાં અપભ્રંશ ઉદાહરણોની સંસ્કૃત છાયા આપતી) दोधक वृत्तिમાં रडन्तउની છાયા रटन् આપેલીછે. જો रुदन् ને ખરું સંસ્કૃત રૂપ માનિયે તો उनो अ ( અને द નો ड ) થયો એ વિકાર આ ઉદાહરણથી પૂર્વેના સમયમાં શરુ થયો હશે એમ માનવું પડે. दोधक वृत्ति વિ. સં. ૧૬૭૨ ની પ્હેલાં રચાઈ હતી, કારણ કે એ વર્ષ નકલ કર્યાના વર્ષ તરીકે આપ્યુંછે–(કે પછી રચનાનું વર્ષ જ હશે ?).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ख) (क)-(२) એ પ્રકારમાં यનો લોપ અને अનું અવશેષરૂપે અવસ્થાનઃ-

(૧) સુરતી ગુજરાતીમાં, અચૂક.

(૨) શુદ્ધ ગુજરાતીમાં, બહુધા;

(ग) અનન્ત્ય इનો, પૂર્વે વ્યંજન હોય ત્યહારે, अ થાયછે; અને જૂજ પ્રસંગે य થાયછે;

(घ) અનન્ત્ય इ અસ્વરિત હોય અને પૂર્વે સ્વર હોય તો હેનો य થાયછે;

(ङ) અન્ત્ય તેમ જ અનન્ત્ય उ નો, પૂર્વે વ્યંજન હોય તો, अ થાયછે.

ઉદાહરણોઃ—

| | સં. | પ્રા. | ગુજ. |
|---|---|---|---|
| (क)-(१) પૂર્વે સ્વર હોય ત્યહારે यતો इ નો य. | गौ | गाई–गाइ[७८] | गाय |
| | माता | माई–माइ | माय |
| | करोति | करइ–करय् | करे |
| | भवति | होइ–हुवइ–हवइ | हयि |
| | कोऽपि | कोपि-कोइ | कोय (કે कोइ) |
| (क)-(२)-इ, नो य, પૂર્વે વ્યંજન હોય ત્યહારે. | अक्षि: | अक्खी-अक्खि | आंख्य |
| | ग्रन्थि: | गंठी-गंठि | गांठ्य |
| | रीतिः | સીધો જ | रीत्य |
| | वर्तिः | वट्टी-वट्टि | वाट्य |
| | जातिः | સીધો જ | जात्य |
| | | (દેશ્ય) छल्ली–छल्लि | छाल्य ઇત્યાદિ ઇત્યાદિ. |

(ख)-(१)- ઉપરના રૂપાન્તરમાંય નો લોપ સુરતી ગુજરાતીમાં અચૂક થાયછે.

સુરતી ગુજરાતીમાં પૂર્વનિદર્શિત શબ્દો आंख, गांठ, रीत, वाट, जात, छाल ઇત્યાદિ રૂપો પામેછે.

---

૭૯ य થવા પ્હેલાં દીર્ઘ ई ને હ્રસ્વ થવું પડે; નહિં તો હેની ઉપર પડતો સ્વર-ભાર यરૂપે થવાની વિક્રિયાનો બાધક બને.

જ્યહારે જ્યહારે इ–उ, ई–ऊનો નિર્દેશ કરવામાં આવે ત્યહારે ત્યહારે પ્રત્યેકનું હ્રસ્વત્વ કે દીર્ઘત્વ સ્વાભાવિક જેટલું હોય તેટલું જ માનવાનું છે; तपरस्तत्कालस्य એ પાણિનિની સંજ્ઞા સ્વીકાર્ય ગણી છે; માત્ર इत्संज्ञक અન્ત્ય त् બાદ કર્યોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ख)-(२)- અને શુદ્ધ ગુજરાતીમાં ઘણીવાર થાયછે.

| | | |
|---|---|---|
| वल्ली | वेल्ली-वेल्लि | वेल |
| गाली | गाली | गाळ |
| | पाली | पाळ |
| कटिः | कडी | कॅड |
| कर्तरी | कत्तरी | कातर |

(पाळ्य, केड्य એ પણ પ્રચરિત છે; હેને વૈકલ્પિક રૂપો ગણવાં.)

र्, ल्, ळ्, ड् ની સાથે જોડાયેલો य सामान्यतः લુપ્ત થાયછે. કારણ કે એ વ્યંજનો સાથે હેનો સ્હેલાઈથી ઉચ્ચાર થઈ સકતો નથી.

કેટલાક શબ્દોમાં સ્હેલાઈથી ઉચ્ચારાઈ સકે હેવા સંયોગોમાં પણ य् લુપ્ત થાયછે;--

| | | |
|---|---|---|
| कुक्षिः | कुक्खी | कूख |
| भगिनी | बहिणी | બ્હેન |
| गोणी | गोणी | गूण (વિકલ્પે गूण्य) |

[ટિપ્પણઃ—(आंव्य, गांठ्य, ઇત્યાદિનો) આ लघुप्रयत्न यकार ખાસ ગુજરાતીને જ નિયન્ત્રિત છે; ઉદાહરણ તરીકે મરાઠી શબ્દોમાં એ સ્થાને अ જ રહેછે. એ ઉપરાંત ગુજરાતીમાં વ્યંજનાન્ત ક્રિયાપદોના આજ્ઞાર્થ દ્વિતીય પુરુષ એકવચનનાં રૂપોમાં लघुप्रयत्न य દષ્ટિયે પડેછેઃ– જેમકે आव्य, लख्य, ઇત્યાદિ. અલબત્ત સુરતી ગુજરાતીમાં એ લુપ્ત છેઃ–आंख, आव,. लख ઇત્યાદિ. અને દલપતરામ કવિયે હેમની जोनी पेलुं सुं छ यार, तापीकेरे ओवारे, जोनी ઇત્યાદિ પંક્તિયોમાં સુરતી ગુજરાતીના આ લક્ષણ પ્રત્યે સચોટ રીતે કટાક્ષ ફેંકયોછેઃ આ પંક્તિયોમાં હેમણે ले-राख એમ राख्य તે સ્થાને राख (=રક્ષા) શબ્દ વાપરીને શ્લેષનો ધ્વનિ કર્યોછે.]

આ લઘુપ્રયત્ન યકાર ગુજરાતીને જ નિયન્ત્રિત છે; એ સ્થાને મરાઠીમાં अ હોયછે.

अनन्त्य इ नो अ થાયછે.

(ग) अनन्त्य इ नो अ

| | | |
|---|---|---|
| कठिणः | कठिणु | कठण |
| हरिणः | हरिणु | हरण |
| आश्चर्य | अच्छरिज्जु | अचरज |
| हस्तिनी | हत्थिणी | हाथणी |
| गर्भिणी | गब्भिणी | गाभणी |
| दाडिम | दाडिमु | दाडम |
| तिलः | तिलु | तल |



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | | |
|---|---|---|---|
| | सदृशकं | सरिसउं | सरसुं ८० |
| | विनयकः | विणअउ | वनो ८१ |
| | लिखति | लिखइ | लखे (छे) |
| | मिलति | मिलइ | मळे (छे) |
| | चिनोति | चिणइ | चणे (छे) |
| | वर्षति | वरिसइ | वरसे (छे) |
| | वर्षः | वरिसु | वरस |
| | आदर्शकः | आअरिसउ | आरसो |
| | आदर्शः | आअरिसु | आरस |
| | ऋणं | रिणं | रण ( रणछोडमां ) |
| | विषमकं | विसमउं | वसमुं |
| | विकटकः | विगडउ | वगडो ८२ |
| | विमर्शनं | विमासणु | वमासण |
| | वाणिज्यं | वाणिज्जु | वणज |
| | विना | विणु | वण ८३ |
| | स्थितकः | थियउ | थयो |
| | विरूपकः | विरूवउ–विरुवउ | वरवो |
| | तृषा | तरिसा | तरश |
| | तृणकं | तरिणउं | तरणुं |
| | विक्रयकः | विक्कअउ | वकरो |
| | त्वरितं | પરભાર્યો- तुरित | तरत |
| | निपानः | निवाणु | नवाण |
| (देश्य) | विट्टाल | | वटाळ |
| ,, | विहाणंउ | | वहाणुं–व्हाणुं |
| ,, | उड्डिदु | | अडद |
| ,, | णिरिअउं | (=अविशेषितं ) | नर्युं |

૮૦ सरसुं=લગોલગ; નિકટ. આ અર્થ આ પ્રમાણે વ્યુત્પન્ન થયોછે; सदृश=સરખું; પાસે પાસે મૂકેલા બે પદાર્થો સરખા જણાયછે એ ઉપરથી सरसुं=અડોઅડ.

૮૧ " वनो वेरीने वश करेछे मन्त्र ए मोंघो भारे रे " નવલરામ બાલગરબાવલી પૃ. ૪૭ ("शिक्षासूत्र").

૮૨ वगडो=જંગલ. જેમ ગહનનો અર્થ પ્રથમતઃ "દુર્ગમ" અને પછી "જંગલ" થાયછે તેમ જ विकट શબ્દનો અર્થ પરિવર્તન પામીને "જંગલ" હેવો થાયછે.

૮૩ કાઠિયાવાડીમાં थियो છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[ ટિપ્પણ:-ક્વચિત્ ફારસીમાંથી નીકળેલા શબ્દોમાં પણ આ ઉત્સર્ગ પ્રવર્તેછે; જેમ કે ફા. वेचार ( वे=નહિ, વિહીન+चार=સહાય; ગતિ)=અસહાય; ગુજ. विचारो-वचारो. ]

बहुलाधिकारના પ્રભાવે આ પરિવર્તનમાં વિકલ્પ પણ નજરે પડેછે:—

| | |
|---|---|
| विना ( સં. ) | विण અને वण ( ગુજ. ) |
| आदर्श:-( સં. ) | आरसो અથવા आरीसो, अरीसो |
| सदृशकं ( સં. ) | सरिक्खउं ( અપ. ), सरखुं, અને सरीखुं ( ગુજ. ) |

( सरीखुं નો પ્રયોગ કાવ્યમાં જ થાયછે. )

सरखुंનું પણ सरीखुं હેવું વૈકલ્પિક રૂપ ક્વચિત્ ( કાવ્યમાં જ ) જોવામાં આવેછે; व्योम फरता वीर ते मुज रथ सरीसा सांकळ्या; (कुसुममाळा, मेघ, કડી ૧૯, પં. ૧. પૃ. ૯૦ ).

[ ટિપ્પણ:—ફારસી ( અરબી ) શબ્દ वगेरेमांથી ગુજરાતીમાં वगेरे થાયછે. જેઓ विगेरे લખેછે તેઓ, विनो જાણે કે व થયો હોય એવી, ખોટી બુદ્ધિથી જ હેવો પ્રયોગ કરેછે. विना ( સં. )માંથી ગુજરાતીમાં वना થાયછે એ વ્યુત્પત્તિના સામ્યાભાસથી તેઓ છેતરાયછે. એ જ પ્રકારે ફારસી-માંથી આવતો યથાર્થ શબ્દ बदाय છે, અને विदाय એવું રૂપાન્તર કરવામાં આવેછે તે ખોટું છે.]

विरल प्रसंगोए अनन्त्य इ नो य बनेछे.

| વિરલ પ્રસંગોમાં य થાય છે. | અર્વાચીનતમ અપ. કે પ્રાચીન ગુજ. | ગુજ. |
|---|---|---|
| | किम | क्यम |
| | जिम | ज्यम |
| | तिम | त्यम |
| | जिहां | ज्यहां (કાવ્યમાં) |
| | तिहां | त्यहां ( ,, ) |
| | किहां | क्यहां ( ,, ) |

ગદ્ય લેખમાં ज्व्हां, त्व्हां, क्व्हां, થાયછે.

| | | |
|---|---|---|
| जिवारइ | जिहारइ | ज्व्हारे |
| किवारइ | किहारइ | क्व्हारे |
| तिवारइ | तिहारइ | त्व्हारे |
| पूर्णिमा | पुण्णिमा | पून्यम |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

नाभिः नाही (+કે પ્રત્યય) नाह्यडी
(=પૈડાની ધરી)

गोविन्दु (गोविन्दः સં.) હેનું गोव्यंद રૂપાન્તર પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં માત્ર જૂજ પ્રસંગોએ દૃષ્ટિયે પડેછે જેમકે

(१) कृष्णरूपे गोकुलि अवतरियो
गोवरधन पर्वत करि धरियो
वरियु गोपी गोव्यंदो

(પદ્મનાભ; વિ. સં. ૧૭૧૫માં લખાયેલો હસ્તલેખ; ૧૩ મી ઑગસ્ટ ૧૯૧૧ના "ગુજરાતી"માં આવેલો, અને गुजरात शालापत्र, ૧૨, ના મે માસના અંકમાં ફરીથી પ્રસિદ્ધ થયેલો, છગનલાલ વિદ્યારામ રાવળનો લેખ.)

(२) बालचरित गोव्यंद तणां

(ભીમ કવિકૃત हरिलीला, વિ. સં. ૧૫૩૧,—કલા ૧૨ મી શ્લોક ૧).

प्रतिज्ञा (સં.)–પરભાર્યો–प्रत्यज्ञा (પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં, જૂજ).

प्रत्यज्ञा पाली आपणी

(हरिलीला, કલા ૮, શ્લોક ૫૯.)

प्रत्यज्ञामांના આ યના સ્વરૂપવિચાર માટે આગળ ઉપર વ્યાખ્યાન ૪ થાના વિભાગ ૨ જામાં उत्सर्ग ૧૮ મો, ટિપ્પણ (ख) જુવો.

[ટિપ્પણ:—આ વર્ગમાં આવતાં ઉદાહરણોની, તેમ જ અનન્ત્ય उનો (આગળ ઉપર ચર્ચવામાં આવશે તે પ્રમાણે) अ થવાનાં ઉદાહરણોની, વિશાળ સંખ્યા જોતાં એમ સિદ્ધ થાયછે કે આ उत्सर्गની ખાસ ગુજરાતીમાં જ અનન્ય–સાધારણ પ્રવૃત્તિ છે. આ વિશિષ્ટતા ખાસ કરીને મરાઠીને મુકાબલે દૃષ્ટિગોચર થાયછે અને એ કારણે જ મરાઠી બ્રાહ્મણોએ પાછળ અપાઈ ચૂકેલા तुलसी तलसी जातः ઇત્યાદિ શ્લોકમાં ગુજરાતીઓની ટકોર કરીછે. હિન્દીમાં इનો अ થવાનાં અલ્પ છૂટાંછવાયાં ઉદાહરણો વિદ્યમાન છે તે છતાં પણ આ વિશિષ્ટતા હિન્દી ભાષાના આત્મીય સ્વરૂપથી તો બાહ્ય જ છે. જેમ કે, परखाना, परखैया એ શબ્દોમાં મૂળ શબ્દ (परीक्ष्, સં.) परिकख्‌ના इનો હિન્દીમાં अ બન્યોછે; અને વિભૂતિનું હિન્દી રૂપ भवूत છે; પરંતુ इને જાળવી રાખવાના વિશિષ્ટગુણના ઉદાહરણરૂપ मिलना, लिखना ઇત્યાદિ શબ્દો જોતાં, તેમ વળી (गणनું હિન્દી) गिनना જેવા શબ્દોમાં अનો इ થવાની વિપરીત ઘટના જોતાં, એમ સિદ્ધ થાયછે કે હિન્દી ભાષાના આત્મભૂત સ્વરૂપમાં પક્ષપાત इ તરફ છે. મારવાડીમાં સ્થિતિ હેવી જ છે,

(હાંસિયામાં: આ લક્ષણ વિષયે ગુજરાતી, મરાઠી અને હિન્દીનો પરસ્પર વિરોધ.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કારણ કે એ ભાષામાં પણ આ ઉત્સર્ગના પ્રારંભમાં (નોટ ૭૭ માં) દર્શાવ્યા-પ્રમાણે વિપરીત વ્યાપાર પ્રવર્તેછે. આ પ્રમાણે इ નો अ (અને उ નો अ) એ વિકાર ગુજરાતીનો એક ઉત્કટ લક્ષણવિશેષ છે અને અન્ય સગોત્રિય ભાષાઓથી ગુજરાતીમાં આ બાબતનું વૈષમ્ય છે.]

(घ) अस्वरित अने स्वरपूर्व अनन्त्य इ नो य् थायछे:

અસ્વરિત અને સ્વરપૂર્વ અનન્ત્ય इ નો य — પાછળ उत्सर्ग ૧ના પ્રપંચનમાં પ્રતિસંપ્રસારણ વિશે જે उत्सर्ग અપાઈ ચૂક્યો છે તેજ આ उत्सर्ग. कायल, पयडुं ઇત્યાદિ ઉદાહરણો ફરીથી આપવાની જરૂર નથી.

[ટિપ્પણ:-આ उत्सर्गोमां य વર્ણ य्+अनो ઘોતક છે. આગન્તુક અવલમ્બનરૂપ આ अ કેવી રીતે દાખલ થાયછે એ આ વ્યાખ્યાનના પૂર્વગામી અંશમાં સ્પષ્ટ કર્યુંછે. પાછળ પૃ. ૧૨૮ જુવો; ત્હાં प्रतिसंप्रसारणनो ઉત્પત્તિવિધિ સૂચવ્યોછે.]

(ङ) अन्त्य उ नो अ थायछे.

मधु-मध; मृत्यु-(मुत्तु)-मोत; तर्कुः-तक्कू-ताक; गुरुः-गुरू (गुरु)-गोर;

અન્ત્ય उ નો अ — देवदारुः-देवदारू-°रु-देवदार; विना-विणु-विण-वण; ઇત્યાદિ ઇત્યાદિ.

अनन्त्य उ नो अ थायछे.

અનન્ત્ય उ નો अ

| સં. | અપ. | ગુજ. |
|---|---|---|
| अगुरुः | अगुरु | अगर |
| मुद्गरकः | પરભાર્યો मगदळियो (व्यत्यय थया पछी) | |
| लघुकक़ं | लहुअउं (व्यत्यय-हलुवउं) हळवुं | |
| श्वाशुरकं (गृहं) | ૮૪ सासुरउं (घरु) | सासरुं |
| मानुषः | ૮૫ माणुसु | माणस |
| त्वरितं | પરભાર્યો-तुरितं | तरत |
| उपवासः | પરભાર્યો | अपवास |

૮૪ દાખલા તરીકે देशीनाममाला ६-३६:-पंथुच्छुहणी जा सासुराउ आणिज्जए वहू पढमं, અહિંયા सासुराउ=श्वाशुरात्=श्वाशुराद् गृहात्. આથી જણાયછે કે આ लाक्षणिक અર્થ હેમચન્દ્રના સમય જેટલો પુરાણો તો છે જ.

૮૫ मनुष्यः માંથી मणूसो થાય (सि. हे. ८-१-४३ જુવો). माणुसु શબ્દ मानुषः માંથી આવ્યોછે:-पिअमाणुसविच्छोहगरु (सि. हे. ८-४-३९६ નું ઉદાહરણ.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| स्मरति | सुमरइ | समरे (छे) |
| पुटं | पुड | पड |
| पुटी | पुडी (क-પ્રત્યયવિધાન અને લિંગપરિવૃત્તિ થતાં) पडीकुं | |
| विद्युल्लता | विज्जुल्लिआ | वीजळी |
| ( દેશ્ય–विज्जुला દેશીનામમાલા ૩–૨૪) | | |
| पुटकं (एकपुटकं, द्विपुटकं त्रिपुटकं ઇત્યાદિ) | पुडउं | वडुं (एकवडुं, बेवडुं, तेवडुं, ઇત્યાદિ) |
| आकुलकः | आकुलउ | आकळो |
| मत्कुणः | मकुणु ८६ मंकुणु | मांकण |
| मुकुटं | પરભાર્યો | मुगट |
| अङ्गुली | अंगुली | आंगळी |
| पङ्गुलकः | पंगुलउ | पांगळो |
| लुनाति | लणइ | लणे (छे) |
| गुरुकः | गरुओ | गरवो |
| अतुलित | अतुलिअ | अतळी–अतळीबळमां (પ્રાચીન ગુજરાતી કાવ્ય.) |
| यूयम् | तुझे | त्हमे |
| त्वदीयकं | तुहारउं | तहारुं, પછી त्हारुं |
| युष्मदीयकं | तुह्मारउं | त्हमारुं |
| विरूपकः | विरूवउ–विरुवउ | वरवो |
| क्षुरकः | छुरउ | छरो |
| खुरः, खुरिका | खुरिआ | खरी |
| (દેશ્ય) | उडिदु | अडद |
| ( ,, ) | जुअंजुअ | जुजवुं |

૮૬. (આ.) मक्कुण શબ્દ देशीनाममाला ૧, ९६, માં વપરાયેલાછે–उड्डसो अ मक्कुणए; અને ૪, ૧૪ સ્થાને मंकुणए ढेकुणढेंकुणा નજરે પડેછે. આ રીતે मक्कुण અને मंकुण એ બંને વૈકલ્પિક રૂપો પ્રાકૃતમાં હોવાં જોઇયે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ વિકારનું પ્રાકૃત, પાલી અને સંસ્કૃતમાં, છૂટાછવાયા પ્રસંગોએ, અનુદર્શન થાયછે.

[ટિપ્પણ:—પ્રાકૃતમાં આ વિકારને मुकुलादिगणમાં દર્શાવ્યોછે (સિ. હે. ૮-૧-૧૦૭) અને ત્હેનો વૈકલ્પિક વ્યાપાર गुरुकમાં બતાવ્યોછે (૮-૧-૧૦૯). પરંતુ આ ઉદાહરણોની સંખ્યા અલ્પ માત્ર છે, એટલે એ સ્થિતિ આ વિકૃતિને એ ભાષાના આત્યન્તિક લક્ષણ તરીકે સિદ્ધ કરવાને પર્યાપ્ત નથી. પરિણામે આ उत्सर्गને अनुपूर्तिના વર્ગમાં મૂકવાની જરૂર નથી. એટલું માત્ર કહેવું ઘટેછે કે આ उत्सर्गનું વીજ પ્રાકૃતનાં ઉક્ત ઉદાહરણોમાં રહેલુંછે ખરું. પાલીમાં गुरुનું રૂપ गरु બનેછે; તે જ પ્રમાણે ખુદ સંસ્કૃતમાં જ गुरुનાં તુલનાવાચક રૂપો गरीयस् અને गरिष्ठ છે; તેમ જ ભાવદ્યોતક નામ गरिमन्‌માં પણ उનો अ બનેછે. આ પ્રમાણે વાગ્વ્યાપારગત આ વિકારનું બીજરૂપે છેક એ કાળસૂધી અનુદર્શન થઈ સકેછે.[૮૭]]

કેટલાક અપવાદો:—

પ્રસ્તુત ઉત્સર્ગના કેટલા'ક અપવાદો

| | |
|---|---|
| रुवइ | रुवे (ગુજ.), रवे નહિં. |
| सुणइ | सुणे (ગુજ.), सणे નહિં. |
| घुणइ | घुणे (ગુજ.), घणे નહિં. |

[અનન્ત્ય उનું આ પરિવર્તન ખાસ ગુજરાતીનું વિશિષ્ટલક્ષણ છે, અને આ વિષયમાં अनन्त्य इ પરત્વે જે કહ્યુંછે તે उને પણ લાગુ પડેછે. હિન્દીમાં विजली, कुटम, सुरंग એવાં થોડાં'ક ઉદાહરણો મી૦ બીમ્સે આપ્યાંછે. પરંતુ હિન્દીનું તાત્ત્વિક સ્વરૂપ આ પરિવર્તનથી વિમુખ છે હેવું इ વિશે મ્હેં જે કહેલુંછે તે અત્ર પણ સર્વથા લાગુ પડેછે.]

[અન્ત્ય उની પૂર્વે સ્વર હોય તો એ व યથાવત્ પ્રતિસંપ્રસારણ પામેછે:—

| | | | |
|---|---|---|---|
| तडागं | तडाउ | तलाउ | तलाव |
| निर्वाहः | निव्वाहु | निव्हाउ | निभाव |
| वल्लभः | वल्लहु | व्हल्लउ | व्हालउ व्हालव<br>व्हालम वालम |

ઇત્યાદિ ઇત્યાદિ.]

૮૭ ડૉ. ભાણ્ડારકરે (હેમનાં વ્યાખ્યાનોને ૧૪૧ મે પૃષ્ઠે) इ-उનો अ થવાંનો વિકાર દર્શાવતાં ગુજરાતી શબ્દોની ઠીક લાંબી ટીપ આપીછે. હું ફક્ત આટલું દર્શાવીશ કે એ ટીપમાં चिंताનું चंता, गुणनुं गण, तुळसीનું तळसी હેવાં જે રૂપાન્તરો આપ્યાંછે તે માત્ર ગ્રામ્યભાષામાં જ વપરાયછે. એ નોંધમાં अजवाळो શબ્દ આપ્યોછે તે તો अजवाळुं ને સ્થાને ભૂલથી અપાયોછે એ સ્પષ્ટ છે, વળી આટલું કહેવું સાવકાશ છે કે, આ વલણનું ઉપર દર્શાવેલું પુરાણું મૂળ લક્ષમાં રાખતાં, ગુજરાતી લોકોને ઉચ્ચારણની બેદરકારીને લીધે આ ટેવ લાગુ પડીછે હેવું એ વિદ્વદ્વરે કરેલું કથન ભાગ્યે જ યથાર્થ કહેવાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્સર્ગ (ग) અને (ङ)ના વિપર્યયસ્વરૂપ ઉત્સર્ગો

(ग) અને (ङ) ઉત્સર્ગોના વિપર્યયરૂપ બે ઉત્સર્ગો છે ત્હેનો આ સ્થળે નિર્દેશ કરવો અનુકૂળ થશેઃ—

(च) અનન્ત્ય अ નો ક્વચિત્ इ થાયછે.

(छ) અનન્ત્ય अ નો ક્વચિત્ उ બનેછે.

ઉદાહરણોઃ—

અનન્ત્ય अ નો इ.

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
|---|---|---|
| (૧) लवङ्ग | लवंगु | लविंग |
| (૨) पञ्जर | पंजरु | पिंजर |
| | | ( हाडपिंजरમાં જ; અન્યત્ર पंजरउंદ્વારા पांजरुं ) |
| (૩) अण्डकं | अंडउं | ईंडुं |
| (૪) प्रगलति | पगलइ | पिगळे (છે) |

( ઉદાહરણ ૪ થું ડૉ. ભાણ્ડારકરનાં વ્યાખ્યાનો પૃ. ૧૪૮ માંથી લીધુંછે. હેમણે આ અને ઈણ્ડું બે શબ્દો આપ્યાછે અને કહ્યુંછે કે ગુજરાતીમાં હાવાં બીજાં ઉદાહરણો બહુ નથી. )

આ પરિવર્તનનું કારણ ગેરસમજ છે.

આ પ્રસંગોમાં, ખરો મૂળ સ્વર इ હશે હેવી અન્યથાબુદ્ધિના સંભવને લીધે अ નો इ થયોછે. ઉદાહરણ (૧) અને (૨) ની બાબતમાં હાવી સ્થિતિ નિઃસંદેહ હોવી જ જોઇયે અને એથી નીપજતું વલણ બાકીનાં બે ઉદાહરણોનાં કારણરૂપે રહેલું હોય એ શક્ય છે. અથવા તો, એમ પણ હોય કે સિંધી અને હિંદી–જેમાં ( વ્યાખ્યાનોનાં ૧૪૭–૧૪૮ પૃષ્ઠોએ ડૉ. ભાણ્ડારકરે દર્શાવ્યુંછે તે પ્રમાણે) अ નો इ કરવાનો આ સ્વભાવ રહેલોછે–તેમ જ મારવાડી, એ ત્રણ ભાષાઓની ગુજરાતી ઉપર હાવી અસર થઈ હશે, પરંતુ માત્ર આટલે મર્યાદિત અંશે જ થઈ હશે.

વાગ્વ્યાપારગત તત્ત્વની અસરથી થતો હેવો જ વિકાર

બીજા કેટલા'ક શબ્દો હેવા પણ છે કે જેમાં આ, अ નો इ થવાનો, વિકાર બુદ્ધિભ્રમનું પરિણામ નથી પરંતુ કોઈ વિશિષ્ટ વાગ્વ્યાપારગત તત્ત્વની અસર છે. ઉદાહરણોઃ—

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
|---|---|---|
| सहचरी | सहयरी | सहियर |
| वनचर | वणयरु | वणियर |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| शलाका | सलाया–सलया | शळी |
| | सलिया | |
| | सलिआ | |
| एकादश | एगारह–अग्यारह | अगियार |
| | अगयार | |
| तलक्कं | तलयउं | तळियुं |

અહિંયાં પ્રવર્તતું વાગ્વ્યાપારનું તત્ત્વ એ છે કે लघुप्रयत्न यना સંસર્ગબળે (પૂર્વનો) अ પણ હેને (यने) મળતું સ્થાન પ્રાપ્ત કરેછે; જેમ કાચા રંગની અસરથી આજૂબાજૂનો શ્વેત પ્રદેશ હેની જ છાયા પ્રાપ્ત કરે તેમ.

अगियारने हनियात् જેવું स्वरभक्तिનું ઉદાહરણ ગણી સકાય (આ વિભાગને અન્તે ટિપ્પણ क જુવો); અને એમ ગણિયે તો એ શબ્દને આ શબ્દગણમાંથી બાદ કરવો પડે. પરંતુ હું તો એમ કરતાં અચકાઉં, કારણ કે છેવટ જતાં જે નિયમ वणियर, सहियर ઈત્યાદિ શબ્દોમાં પ્રવર્તેછે તે જ अगियार, हनियात् એ પ્રસંગોમાં પ્રવર્તેછે.

(छ) अनन्त्य अ नो उ थायछे.

| | | | |
|---|---|---|---|
| અનન્ત્ય अनो उ | तरङ्गः | तरंगु | तुरंग[८८] |
| | गणिका | (પરભારો) | गुणका |

જેને પરિણામે लविंग ઇત્યાદિમાં अनो इ થયો એ જ પ્રકારનો બુદ્ધિભ્રમ અહિંયાં પ્રવર્તેછે.

[ આ અસર છેક વિ. સં. ૧૬૯૫ થી દષ્ટિગોચર થાયછે; એ સાલમાં (જૈન નહિં પણ અન્યધર્મી) મતિસારે कर्पूरमञ्जरी चौपाई નામનો ગ્રન્થ લખ્યો, જેની પ્રથમ પંક્તિ આ છેઃ—

[८९]प्रथम गुणपति वीनवुं गिवरिपुत्र उदार । અહિંયાં गणपतिनुं गुणपति અને गवरिनुं गिवरि બનેછે. ]

अलतो ( સં. अलक्तकः ) ને સ્થાને उलतुं શબ્દના પ્રયોગમાં ભાલણ પણ એ જ ભ્રમની અસર દર્શાવેછે; હેની कादम्बरी, कडवुं ८, १० મી પંક્તિ જુવો.

शा माटे रंग्या नथी उलति ते ताह्रा चरण.

ટિપ્પણ:—ફારસીમાંથી આવતા કેટલાક શબ્દોમાં પણ આ પ્રકારની વિકૃતિને અવકાશ મળેછેઃ—

૮૮ तुरंग=સ્વયંભૂ વિચાર; तर्क;–સમુદ્રના તરંગના સામ્યને લીધે; વિચારતરંગ.

૮૯ પાટણ ભંડારમાંના હસ્તલેખો વિશેનો રા. રા. ચિમનલાલ ડા. દલાલનો અહેવાલ, પૃષ્ઠ ૩૯.



P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| जवान | जुवान |
| जवानी | जुवानी |

(આ શબ્દો સં. युवन्‌માંથી ઉત્પન્ન થયા નથી. जोबन શબ્દ સં. यौवनમાંથી આવ્યોછે એ નિઃસંદેહ છે; પરંતુ પ્રસ્તુત શબ્દોનું સ્વરૂપ ફારસી મૂળમાંથી જ ઉપલબ્ધ થયુંછે.)

## उत्सर्ग ४

### गुजरातीमांनां क्रियापदोनी प्रकृतिनी स्वरूपरचना

उत्सर्ग ४; ગુજરાતીમાં ક્રિયાપદોના પ્રાકૃતિક સ્વરૂપની રચના.

ક્રિયાપદના પ્રાકૃતિકસ્વરૂપની રચનાના વિવિધ પ્રકારો નીચે પ્રમાણે છેઃ—

(૧) સંસ્કૃત કે પ્રાકૃતમાંના મૂળ ધાતુમાંથી પરભારું જ (યથાવકાશ વાગ્વ્યાપારકૃત વિકાર પામીને) નીકળતું સ્વરૂપ.

(૨) સંસ્કૃત કે પ્રાકૃતમાંના विकरण (એટલે ગણસંજ્ઞા)થી સમેત ધાતુશરીરમાંથી, (અલબત્ત યથાવકાશ વાગ્વ્યાપારકૃત વિકાર પામીને) ઉત્પન્ન થતું સ્વરૂપ.

અને (૩) સંસ્કૃત क्तान्त (ભૂતકૃદંત) રૂપમાંથી ક્રમવિપર્યયદ્વારા (વાગ્વ્યાપારજન્ય વિકારો પામીને) નિષ્પન્ન થયેલું સ્વરૂપ.

પ્રત્યેક પ્રકાર લઈને વિચારિયેઃ—

(૧) कर्, लख्, भर् ઇત્યાદિ ધાતુઓ આ પ્રકારના છે; આ વર્ગની ચર્ચામાં બહુ કાલવ્યય કરવાની જરૂર નથી. છતાં આટલું જણાવવું ઘટેછે કે सि. हे. ૮–૪–૨૩૯ અને ૨૪૦ સૂત્રોની પ્રવૃત્તિથી चर्, पढ्, भम्, हस्, कर्, भर्, એ પ્રકારના પ્રાકૃત ધાતુઓનો મ્હોટો સમૂહ આ વર્ગમાં સમાયછે; કારણ કે એ સૂત્રોમાં પ્રત્યેક વ્યંજનાન્ત ધાતુને, અને વિકલ્પે अ–કારાન્ત સિવાયના અન્ય સ્વરાન્ત ધાતુઓને, आगम अ લાગતો દર્શાવ્યોછે, અને પરિણામે પ્રથમ (भ्वादि) ગણ સિવાયના સર્વ વિકરણોના લોપ જેવી સ્થિતિ ઉદ્ભવેછે.[૯૦] માત્ર કેટલાંક સૂત્રોમાં ખાસ વર્ણવેલા વિશિષ્ટ ધાતુઓ જ અપવાદરૂપ રહેછે, જેવા કે कुणइ (વિકલ્પે करइ), चिणइ, लुणइ,, सुणइ, धुणइ, ઇત્યાદિ.

૯૦ આ નિયમને પરિણામે उत्सर्गमाळा (ઇ. સ. ૧૮૭૦) ને ૧૦૩ મે પૃષ્ઠે શાસ્ત્રી વ્રજલાલે સંસ્કૃત ક્રિયાપદોનો પણ (શંકનીય) સમાવેશ કરી દેવું શિથિલ કથન કર્યુંછેઃ–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૨) આ વર્ગમાં સામાન્યતઃ ૫ મા ગણના ( श्नुविकरणना ) અને કોઈ વાર ૯ મા ગણના ( श्नाविकरणना ) ધાતુઓ હોયછે; ઉદાહરણો;—

| સં. | પ્રા. | ગુજ. |
|---|---|---|
| चिनोति | चिणइ | चणे (चण्) |
| शृणोति | सुणइ | सुणे ( सुण् ) |
| जानाति | जाणइ | जाणे ( जाण् ) |
| धुनाति–धूनाति | धुणइ–धूणइ | धुणे–धूणे ( धुण्–धूण् ) |
| लुनाति | लुणइ | लणे ( लण्) |

[ धू સંસ્કૃતમાં સકર્મકછે પણ धूण् ( ગુજ. ) અકર્મક છે. ]

विकरण સમેત સંસ્કૃત ધાતુ લઈને હેમાંથી અર્વાચીન ભાષાઓમાં પ્રવર્તતો ધાતુ રચવાની આ વિલક્ષણતાનો પ્રારંભ પ્રાકૃતથી જ થયેલોછે એ

---

संस्कृतमां कृधातुने वर्तमानकाळना एकवचननो ति प्रत्यय लागेछे पछी वचमां आठमा गणनो उ विकरण प्रत्यय मूकतां करोति एवुं रूप थायछ. वैयाकरणनो ( ? वैयाकरणो ) उ विकरणने गणकार्य गणीने कोइवार तेने अनित्य मानेछे एटले उ विकरण मूकता नथी अने पेहला गणना धारा प्रमाणे जेम भृ धातुनुं भरति एवुं क्रियापद करेछे एम कृ धातुनुं करति पण करेछे अने करति=करइ=करेछे एवा तेना अपभ्रंश पण साधेछे.

વળી તે જ આધારે હેમણે रुणद्धि (હેમણે લખ્યુંછે रुणत्ति!), भिनत्ति, छिनत्तिનાં રૂપાન્તરો रोधति, भेदति, छेदति આપ્યાંછે. આ વાત ગળે ઉતરવી ખરેખર મુશ્કેલ છે. એ ગમે તેમ હોય, પણ મ્હેં આપેલાં હેમચન્દ્રનાં સૂત્રો ગુજરાતી ધાતુઓને સાધવા માટે સર્વ રીતે પર્યાપ્ત છે. ત્હેને સાધવાને અર્થે સંસ્કૃત વ્યાકરણના સંદિગ્ધ અને-જો જરા એ પામતા હોય તો-અત્યન્ત મર્યાદિત પ્રવૃત્તિ પામતા નિયમોનો આશ્રય લેવાની આવશ્યકતા નથી. કારણ કે विकरणने अनित्य માનવાનો જે આ પ્રશ્ન નાગોજી ભટ્ટે ચર્ચ્યોછે તે પાણિનિના तनादिकृञ्भ्य उः ( ૩–૧–૭૯ ) એ સૂત્રના અર્થનિર્ણયને અંગે જ ઉપસ્થિત થયોછે; અને કદાચ વ્રજલાલ શાસ્ત્રીને એ ચર્ચાનું સ્મરણ રહ્યું હોય. આ ચર્ચા વિસ્તારથી આપવી અહિંયાં નિરર્થક છે; સારભૂત તાત્પર્ય એ છે કે तनादि ગણમાં જ આવતા कृ ધાતુનો પ્રસ્તુત સૂત્રમાં કણ્ઠોક્તિથી નિર્દેશ કર્યો હેમાં પ્રયોજન विकरणनुं अनित्यत्व સૂચવવાનું રહેલુંછે; ( આ પ્રમાણે कराति રૂપ ખોટું નીવડે, કારણ કે कृનો નિર્દેશ તો સૂત્રમાં ખાસ જોઈને કર્યોછે ); જે સૂચનનો ઉદ્દેશ "न विश्वसेदविश्वस्तम्" હેમાંના विश्वसेत् જેવાં ક્વચિત્ ઉપલબ્ધ થતાં અનિયમિત રૂપોનું સમર્થન કરવાનો છે; અને મહાભાષ્યમાં પ્રસ્તુત સૂત્રમાં कृ ધાતુના આ નિર્દેશને અનિષ્ટ માન્યોછે; એટલે विश्वसेत् અશુદ્ધ ગણાય. જો વ્રજલાલ શાસ્ત્રીએ વૈદિક વ્યાકરણ પ્રક્રિયાનું અવલમ્બન કર્યું હોત તો તેઓ भेदति જેવાં રૂપોને માટે પાણિનિના व्यत्ययो बहुलम् ( ૩-૧-૮૫ ) એ સૂત્રનો આધાર દર્શાવી સક્યા હોત. કદાચ આ વિષયમાં જણાતી પ્રાકૃત ભાષાની સ્વચ્છન્દતાને એ વૈદિક વિલક્ષણતા જોડે સંબંધ હશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લક્ષમાં રાખવું ઘટેછે. કદાચિત્ હાના મૂળમાં સંપૂર્ણ સંસ્કૃત રૂપની વાગ્વ્યાપારને અંગે चिनोति–चिणइ (न નો ण) હેવી વિકૃતિ થવા ઉપરાંત અધિક ઘટના નહિં હોય. પરંતુ चि+णु=चिणू ને ધાતુ ગણ્યો હતો એમ સમર્થ રીતે સૂચવતાં બે તત્ત્વો છે:–

(क) चिनोतिમાંથી चिणोइ થવાને બદલે चिणइ થાયછે; એટલે કે ધાતુને પ્રથમ नु विकरण લાગેછે અને પછી अ आगम યુક્ત चिण् ધાતુની ઉત્પત્તિ માટે नु નો न થાયછે;

(ख) સંસ્કૃતમાં જે રૂપોમાં नु કે ना विकरणને અવકાશ જ ન હોય તે રૂપોમાં પ્રાકૃતમાં આ ण ઉપાધિ વળગી રહેછે; જેમ કે जिणिऊण (=जित्वा) સિ. હે. ૮–૪–૨૪૧ (ઉદાહરણો) જુવો.

(૩) આ વર્ગમાં નીચે દર્શાવેલા પ્રકારના ધાતુઓ આવેછે:–

| સં. ધાતુ. | क्रान्त રૂપ. | પ્રા. | ગુજ. | ગુજ. ધાતુ. |
|---|---|---|---|---|
| पच् | पक्कं | पक्कउं | पाक्युं | पाक् |
| लग् | लग्नकं | लग्गउं | लाग्युं | लाग् |
| जि | जितकं | [९१] जितउं | जीत्युं | जीत्[९१] |
| वि+इ | वीतकं | [९१]वीतउं | वीत्युं | वीत्[९१] |
| छिद् | छिन्नकं | छिण्णउं | छीन्युं | छीन् |
| भंज् | भग्नकं | भग्गउं | भाग्युं | भाग् |
| मुच् | मुक्तकं | मुक्कउं | मूक्युं | मूक् |
| प्राप्[९२] | प्राप्तकं | पत्तउं | [९३]प्होंत्युं<br>प्होच्युं | प्होंच्[९४] |

૯૧જો કે जीत्युं જીતાયેલ કર્મને લક્ષીને વપરાયછે તથાપિ जीतवुं હેનો પ્રયોગ જીતનાર કર્તાને ઉદ્દેશીને થાયછે.

जितउं અને वीतउं એ રૂપોમાં અનિયમિત રીતે त અવિકૃત રહેછે. वीतकंનો અર્થ "ગત, અતિક્રાન્ત" હેવો છે (જેમકે वीतराग); પણ वीत्युं (ગુજ.) એટલે "અનુભવ્યું", કારણ કે જે ગયુંછે, જે (મનુષ્યને) वीत्युंछे તે એ મનુષ્યે અનુભવેલુંછે: મ્હને શું શું वीत्युं તે कहुं. તેમ જ आपवीती (જાતનો અનુભવ), परवीती (અન્યનો અનુભવ). સાધારણતઃ वीतवुं અનિષ્ટ અનુભવમાં વપરાયછે.

૯૨. હાનું પ્રત્યુદાહરણ पामवुं (ગુજ.) પરભારૂં સંસ્કૃત ધાતુમાંથી આવેછે: प्राप्नोति, પ્રા. पावइ, હિં. पांवना, મ. पावणें, (ँव નો म થતાં) पामवुं=પ્રાપ્ત કરવું, મેળવવું. प्होंचवुं=જઈ પ્હોચવું, આવી પ્હોચવું, મળવું. ધાતુ–પ્રકૃતિ બદલાતાં અર્થ પણ બદલાયછે.

૯૩ प्होंत् ધાતુ પ્રચરિત નથી, प्होंत्युं (પ્રચરિત છતાં) पत्त અને प्होंच्युं વચ્ચેની શૃંખલા પૂરી પાડેછે.

૯૪. બી. બીમ્સ (પુ. ૧ ને ૨૭૬ મે અને ૩૪૩ મે પૃષ્ઠે) હિં. पहुंचना "પ્હોચવું",

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[ दाझ्नी વ્યુત્પત્તિ બે પ્રકારે સંભવેછેઃ—

(क) दग्धकं दड्ढउं दाधुं-दाध्युं

दाझ्युं √ दाझ्

(ख) दह्यते दज्झइ दाझे (छे). √ दाझ्

જો (क) સ્વીકારવામાં આવે તો આ ઉદાહરણ વર્ગ (૩)માં જશે પણ (ख) સ્વીકારતાં એ વર્ગ (૧) માં રહેશે. હું પ્હેલી વ્યુત્પત્તિ (क) પસંદ કરુંછું, કારણ કે આ રૂપોમાં સાધારણ વલણ क्तान्त રૂપમાંથી વિપરીત વ્યાપારે ધાતુશરીર ઘડવાનું હોયછે; બીજું કારણ એ છે કે दाधुं રૂપ दाधारंगु (અરધું બળ્યા જેવું, અર્ધદગ્ધ જેવું, એટલે અર્ધોન્મત્ત) હેવા શબ્દોમાં ઉપલબ્ધ છે; વળી लम्‌માંથી लब्धकं, लद्धउं, लाध्युं એ ક્રમે નીકળેલા लाधवुं ક્રિયાપદનું સાધર્મ્ય પણ (क) વ્યુત્પત્તિનું સમર્થન કરેછે.]

---

એ શબ્દની વ્યુત્પત્તિ સં. प्रावूर्णन "આગમન," "મુલાકાત" હેમાંથી સાધેછે. આ વ્યુત્પત્તિ સ્પષ્ટ રીતે ખોટી અને અક્ષમ્ય છે; च અને णनो પરસ્પર સંબંધ જ વાગ્વ્યાપરની દૃષ્ટિયે અસાહ્ય છે, આ વ્યુત્પત્તિમાં રહેલા અન્ય દોષો તો એક બાજૂ રહ્યા. મી. બીમ્સ જાતે જ (૩૪૩ મે પૃષ્ઠે) કહેછે–"જો કે च કયહાંથી આવેછે એ વિશે મ્હને ખાતરી નથી." આપણે તો જાણિયે જ છિયે કે એ (पत्तंमांथी થયેલા) प्होंत्युंमांना त्य માંથી આવેછે. પુ. ૩ જાને ૯૫ મે પૃષ્ઠે એઓ ખરા માર્ગની બહુ નિકટમાં આવી પ્હોંચેછે પરંતુ અધવચ આવીને સ્તબ્ધ થઈ ઉભા રહેછે, અન્તિમ લક્ષ્યની પ્રાપ્તિ કરવા આગળ ચાલતા નથી. તેઓ કહેછે કેઃ–આધુનિક ભાષાઓમાં રહેલી કેટલીક जकारान्त ધાતુ–પ્રકૃતિયો આ વિષયપર કાંઇક પ્રકાશ કદાચ પાડી સકે, કારણ કે જેમ दत्यमांथी ज નીકળેછે તેમ तत्यमांथी च નીકળેછે. પછી તેઓ मेदयति, मेद्यते, હેમાંથી मेजनी અને वाद्यते હેમાંથી वजनी વ્યુત્પત્તિ દર્શાવેછે, અને ત્ય્હાંથી આગળ વધતા જ નથી. કેટલીક ધાતુપ્રકૃતિયો क्तान्त (ભૂત) કૃદંતમાંથી વ્યુત્પન્ન થાયછે એ ઘટનાની જો હેમણે સહાયતા લીધી હોત તો તેઓ સાચા સગડ લેત અને શિકારને હાથ કરત–અને આ ઘટનાની હેમને સંપૂર્ણ માહિતી છે, આ વિષયના દરેક વિચારકે સ્વતઃ શોધી કાઢેલી હેવી આ ઘટના પોતાની જ સોધ હોવાનો તેઓ દાવો કરેછે અને ડૉ. હાર્નલ ઉપર આ વાતનું નિવેદન ન કરવાનો આક્ષેપ મૂકેછે (પુ. ૩, પૃ. ૩૭–૩૯). પરંતુ સગડ ચૂકયા એટલે पहुंच, पहुछ (હિં.) पोहंच, पोच (હેમની જોડણી પ્રમાણે, ગુજ.), पूग्, पुग् (મારવાડી), पहोतो (ગુજ. પ્રેમાનન્દકૃત नलाख्यान, જેમાંથી હેમણે "नर कहे नारदने ए वखाण भाव न पहोतो" એ ઉતારો કર્યોછે. काव्यदोहन ૨, ૭૪), સિં. पहुचणु, पहुतो, હેવી વ્યામોહજનક રૂપવિવિધતાની સમક્ષ પોતાની જ કલ્પનાએ ઉપજાવેલ સંભ્રાન્તિકાન્તારમાંથી તે નીકળી સકયા નથી. પોતે આપેલાં રૂપોમાંના છેલ્લા રૂપના વિચારમાં તેઓ અંધતર્કમાં તણાઈ જાયછે, એ રૂપ "જેમ જાણે प्र+स्पृश्‌માંથી હોય," એમ હેમને ભાસેછે ( ! ), "પરંતુ"–તેઓ અચકાઈને કહેછે– "હામાં ચ નું મૂળ મળતું નથી." આ હેતુથી તેઓ જે માર્ગદર્શકનો આશ્રય લેછે તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[ दग्धकंમાંથી व्यत्यय કે હકારની સંક્રાન્તિ થઈને બીજો ધાતુ ગુજરાતીમાં પ્રાપ્ત થયોછે; दग्धकं-धग्गउं-धग्युं ( ગુજ. ), धग्=બળવું, દાઝવું, જેમ કે धगधगतो अंगारो; धग्यो ( કાઠિયાવાડી )=दाझ्यो.

માતૃભૂત આર્ય ભાષામાં સંસ્કૃત दह्, बुध् ઇત્યાદિ ધાતુઓને બદલે મહાપ્રાણ ઘોષથી શરુ થતા धघ्, भुघ् જેવા ધાતુઓ હતા એ પક્ષને ઉપકારક તત્ત્વનું આ धगवुं રૂપમાં દર્શન થાયછે એમ કેટલાક પંડિતો માનશે. પરંતુ હવે પછી ( વ્યાખ્યાન ૪થાના ૨ જા ભાગમાં ૧૮ મી ફુટનોટમાં ) હું દર્શાવીશ તે પ્રમાણે, આદ્ય વ્યંજનનું મહાપ્રાણત્વ તદ્દન જૂદા કારણથી થયુંછે. ]

[ ટિપ્પણ—આ ઉદાહરણોમાં એક વિલક્ષણતા રહેલી છે. ગુજરાતી ભૂતકૃદન્તનો અન્ત્ય य् સં. क्तान्त રૂપના इतમાંથી, એટલે કે सेट् ધાતુઓમાં પ્રવર્તેલા इकारપૂર્વ क्तમાંથી, ઉત્પન્ન થયોછે; इतनो પ્રાકૃતમાં इअ થઈને ( इतकं-इयउं એ ક્રમે ) इयुं[૯૫] થતાં ગુજરાતીમાં युं થયોછે: જેમકે लिखितकं-लिखियुं-लख्युं ઈત્યાદિ. એટલે अनिट् ધાતુઓમાં क्तની પૂર્વે सेट् ભૂતકૃદન્તના સામ્યમાત્રથી ગુજરાતીમાં य् ઉમેરવામાં આવેછે. આ રીતે माग्युं, लाग्युं ઈત્યાદિ રૂપોની ઉત્પત્તિ मग्गियउं, लग्गियउं જેવાં સંભાવ્ય પરંતુ કલ્પિત રૂપોમાંથી થઈછે; (मागियुं लागियुं, જેવા પ્રયોગને ગુજરાતી કવિતામાં અનુમતિ છે. ) ગુજરાતીમાં माग्, लाग् ઇત્યાદિના ધાતુપ્રકૃતિ તરીકે સ્વીકારનું મૂળ આ છે, य તો છેવટ ભૂતકૃદન્તના પ્રત્યયનું સ્થાન પકડી રહ્યો. अनिट् ધાતુઓમાં य् ઉમેરવા-

પણ જેના જેટલા જ ભ્રાન્તિગ્રસ્ત છે, ( અને જેનો અવિશ્વાસ પોતે સ્પષ્ટ રીતે જાહેર કરેછે ); ડૉ. હાર્નલે (ઇન્ડિ. ઍન્ટિ. ૧-૩૫૮ મે પૃષ્ઠે) क ની च રૂપે પરિણતિ સિદ્ધવત્ માનીને આ શબ્દની હિં. ક્રિયાવિશેષણ पहुं "સમીપ" અને कर "કરવું" જેમાંથી દર્શાવેલી વ્યુત્પત્તિનો તેઓ નિર્દેશ કરેછે; તેમ વળી એજ વિદ્વાન ડૉક્ટરે આપેલી पुकार "બોલાવવું" જેની, જેમના કહેવા પ્રમાણે મૂળ पुक જેવા જોઇયે જેવા, पुग ધાતુના પ્રેરકરૂપ તરીકેની, વ્યુત્પત્તિનો ઉલ્લેખ કરેછે. છેવટ મી. બીમ્સ आपूर्ण (હવે પુ. ૧. ૨૭૬ પ્રમાણે "મુલાકાત" નહિ પણ ) " અતિથિ" એ શબ્દવાળા પોતાના તર્ક તરફ પાછા ફરેછે, પરંતુ વળી પાછી નિર્મૂલક જણાતા च વિશેની દુર્ઘટતા જેમની સંમુખ ખડી થાયછે. ( ગુજરાતીમાં પણ, વિશેષતઃ કાઠિયાવાડમાં વપરાતા ) पुगउं શબ્દની વ્યુત્પત્તિ प्होंच्युं, प्होंक्युं, અને પછી क માર્દવ પામીને ઘોષ બનતાં पूग्, એ પ્રકારે સુસાધ્ય છે; ( क्य, की, के ને સ્થાને च, ची, चे જેવા ઉચ્ચાર કરતી ગ્રામ્ય ભાષાનું વિવર્જન કરવાના અત્યાગ્રહથી કોઇવાર प्होंक्युं પણ વપરાયછે; वादितकं, वादियउं, वाद्युं, वाज्युं જેમાંથી वाग्युं થયુંછે એ પણ એ જ પ્રકારની મનોભ્રાન્તિનો વ્યાપાર છે.)

૯૫. હજી કવિતામાં इयुं રહેલ છે; જેમકે युद्धनो चढियो मीणो ભીમરાવ ભોળાનાથકૃત पृथुराज रासा ૮, ૪), घनतिमिरे नभ घेरियुं रे ( એજ ગ્રન્થ ૮, ૧૨). આથી इयुं અને क પ્રત્યયને સાંધતી શૃંખલા ઉપલબ્ધ થાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નો આ વિધિ બહુધા જેનો અન્ત્ય વર્ણ क्, ग्, त्, घ् હોય એ ધાતુમાં પ્રવર્તતો જણાયછે, (જેમ કે पाक्युं, लाग्युं, जीत्युं, लाध्युं).

કાઠિયાવાડમાં, કે છેવટ સોરઠ નામે ઓળખાતા હેના એક ભાગમાં, भाग्युं, लाग्युं ઇત્યાદિ (य વિનાનાં) રૂપો ભૂતકૃદન્ત તરીકે વપરાયછે. અને એ પ્રાંતના લોકો જ્યહારે वाग्युं ને સ્થાને वागुं વાપરેછે ત્યહારે તો તેઓ આતપ્રસંગ જ કરેછે; કારણ કે वाग्युं તો वादितकंમાંથી નીકળેછે. वादितकं, वादियउं, वाद्युं, वाज्युं (९६ध નો ज), એ ક્રમે वाज्युं બનેછે અને પછી, ज्यनो સાધારણ રીતે ગ્રામ્યજનોની ભાષામાં ज्य થાયછે એ ઘટનાની અસરથી અહિં પણ ગેરસમજમાં એ ઘટનાનો વિપર્યય કરીને ज्य નો ग्य કરવાથી वाग्युं-वाग् પ્રાપ્ત થાયછે; આ પ્રમાણે वाग्युंનો य इअ પ્રત્યયમાંથી ઉદ્ભવેલો છે, भाग्युं, लाग्युं, હેની માફક अनिट् સ્થિતિને પરિણામે મૂકાયલો નથી.

તે જ પ્રમાણે, साम्याभासના તત્ત્વનાં ઉદાહરણો આપતાં મ્હેં ગયા વ્યાખ્યાનમાં સૂચવ્યુંછે તેમ, અન્ય એક દિશામાં તેઓની પદ્ધતિનો અતિપ્રયોગ કરીને કાઠિયાવાડીઓ ऊभुं શબ્દ કોઈ ક્રિયાપદનું क्तान्त રૂપ છે હેવા ભ્રમમાં હેમાંથી ऊभ् ધાતુ નિપજાવવાની ભૂલ કરેછે, જ્યહારે વસ્તુતઃ એ શબ્દ ऊर्ध्व એ વિશેષણની વિકૃતિ છે (સિ. હે. ૮-૨-૬૧); મ્હેં માત્ર એક સ્થળે હેમચન્દ્રે उब्भिय રૂપ વાપરેલું જોયુંછે. [कुमारपाल-चरित, ૮-૧૪,] અને એ પ્રયોગથી આ શબ્દનો ક્રિયાપદ જેવો અર્થ હશે હેવા ખ્યાલને કંઇક આધાર મળે ખરો. પરંતુ સંસ્કૃત ટીકામાં હેને બદલે ऊर्ध्वीकृत કે હેવું કંઇક ન આપતાં ऊर्ध्व શબ્દ આપેલોછે એથી જણાયછે કે उब्भियमां કોઈપણ રીતની ક્રિયા વિવક્ષિત નથી, અને આ રૂપ સિ. હે. માં આપ્યું જ નથી એટલે હેને છન્દોબન્ધની અપેક્ષાએ કરવું પડેલું उब्भनुं જ એક રૂપાન્તર માનવું પડશે. ગમે તેમ હોય, શુદ્ધ ગુજરાતીમાં ऊभुं છે, ऊभ्युं નથી જ, એ હકીકતથી સર્વ શંકાનું સમાધાન થાયછે.]

[ટિપ્પણઃ—पाक्युं એ (સં.√पच् ના ભૂતકૃદન્ત) पक्कमांथी આવેલું ક્રિયાપદાર્થ ભૂતકૃદન્ત છે અને ગુજ.√पाक् ધાતુ હેમાંથી એકદમ નીકળી આવેલો છે. પરંતુ ગુજરાતીમાં पाकुं એમ अनिट् રૂપ પણ થાયછે જે માત્ર 'ripe'

---

૯૬ ડૉ. સર રા. ગો. ભાંડારકર (હેમનાં વ્યાખ્યાનોને ૧૯૪ મે પૃષ્ઠે) હેવો અભિપ્રાય દર્શાવેછે કે ज એકલા द માંથી જ આવ્યોછે. (સં. वादयति, મ. वाजविणें) કારણ કે (હેમને મતે) દન્ત્યવર્ણોની પછી य (કે व) આવતાં તાલવ્ય થતા હોય એ સંભવેછે. આ અભિપ્રાય, અન્યત્ર નહિં તો છેવટ वाज् ધાતુને સંબંધે, તદ્દન ખરો નથી એમ હું માનુંછું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમ વિશેષણાર્થે જ વપરાયછે, હેમાં 'ripened' કે 'cooked' હેવા ક્રિયાના અર્થનો ગન્ધ પણ ભાગ્યે જ હશે. ]

પ્હોંચવું–આ ક્રિયાપદમાંનો च પ્રાચીન ગ્રન્થોમાં પણ જોવામાં આવેછે; વિ. સં. ૧૬૦૭ ના सारसासમાં નીચેની પંક્તિ છેઃ—

बीजु खंड रचुं हूं वली। जे सुणता पुहुचइ मन रुली ॥

આથી જણાશે કે क्षान्त રૂપ अनिट् હોય તો પણ હેને य् લગાડવાનો નિયમ વિક્રમસંવત્‌ના ૧૭ મા સૈકાથી પૂર્વેનો હતો; કારણ કે વ્હોત્યું એમ એ રૂપમાં त्य હોય તો જ च પ્રાપ્ત થાય (પ્હોતુંમાંથી નહિ). આ નિયમ એથી અગાઉ પણ લઇ જઈ સકાય, કારણ કે कान्हडदे प्रवन्ध, ૨–૬૬માં साठि बरस वावरतां पुहचइ कणतणा कोठार એમ છે; અને આ પ્રબન્ધ વિ. સં. ૧૫૧૨માં રચાયો હતો.

मूल्यो, चूक्यो, चमक्यो ઇત્યાદિ કેટલાક શબ્દો છે તે देश्य શબ્દોમાંથી આવેલાછે; मुक्को પૂરું ક્રિયાપદ નથી, વિશેષણ વધારે જણાયછે, અને चुक्किओ પણ તેમ જ છે; चमक्किओ સં. चमत्कृतમાંથી આવેછે; આ સર્વમાંથી मूल्, चूक्, चमक् હેવા ધાતુનાં પ્રાકૃતિકસ્વરૂપો પ્રાપ્ત થાયછે. માટે આ શબ્દોનો આ उत्सर्गમાં સમાવેશ થઈ સકે.

સં. शुष्+क्त=शुष्क હેમાંથી આવેલો सूक् ધાતુ ગુજરાતીમાં કર્તરિપ્રયોગમાં પ્રચરિત નથી, પણ सुका (વું) હેવો કર્મણિપ્રયોગ વપરાયછે. આથી સ્પષ્ટ છે કે કર્તરિપ્રયોગને યોગ્ય મૂળ ધાતુ सूक् લુપ્ત થયોછે, જો કે પ્રાચીન સમયમાં ક્યહારેક એ વપરાશમાં હોવો જ જોઇયે, કારણ કે सूकव (વું) હેવું પ્રેરકરૂપ તો અદ્યાપિ પ્રચરિત છે.

## उत्सर्ग ५

### ગુજરાતી क्रियापदના धातुનું शरीरः–હેની रचना.

ગુજરાતી ક્રિયાપદનું ધાતુ–શરીર ત્રણ ભિન્ન પ્રકારે ઘડાયછેઃ–

(क) સંસ્કૃત ધાતુને જેવો હોય ત્હેવો જ, અથવા પ્રાકૃતદ્વારા કે અન્યપ્રકારે, મૂળ સંસ્કૃત ધાતુ સાથેનો સંબન્ધ લુપ્ત ન થઇ જાય હેવા આછા વાગ્વ્યાપારજન્ય ફેરફાર સાથે, સ્વીકારી લઈને;

(ख) (૧) તદ્દન નવું જ ધાતુશરીર ઉત્પન્ન થાય હેવી સંપૂર્ણતાથી સંસ્કૃત ધાતુનું કોઇ ઉપસર્ગ જોડે કે કોઈ આશ્રિત શબ્દ જોડે સંઘટ્ટન કરીને; (૨) સંસ્કૃત ધાતુને ક્ષીણ કરીને મૂળથી ન્હાનું અને તદ્દન ભિન્ન ધાતુ–શરીર ઉપજાવીને;

અને (ग) નામોમાંથી (અને કવચિત્ વિશેષણોમાંથી) લક્ષયોગ્ય ફેરફાર વિના ધાતુઓ બનાવીને.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ વર્ગોને એક પછી એક લઇયેઃ-(क) વર્ગમાં उत्सर्ग ४ ના વર્ગ (૧) માં આવતા સર્વે ધાતુઓનો સમાવેશ થશે. એ સર્વને ફરીથી ગણાવવાની જરૂર નથી. પણ આ વર્ગમાં આવતા કેટલાક ધાતુઓ ખાસ તપાસવા પડે હેવા છે. અને એ ધાતુઓ क्हे, स्हे, न्हे, रहे ઇત્યાદિ ધાતુઓની જાતના છે. આ જાતના ધાતુઓને વિષયે પ્રશ્ન આ ઉદ્ભવેછે કે-ગુજરાતી ક્રિયાપદનો ધાતુભૂત અંશ કયો માનવો? આપણે માટે ત્રણ માર્ગ ખુલ્લા છે-

(૧) આજ્ઞાર્થ દ્વિતીય પુરુષ એકવચનના રૂપને ધાતુ તરીકે સ્વીકારવું;

(૨) ભૂતકૃદન્તના રૂપને, य પ્રત્યય બાદ કરીને, ધાતુ તરીકે સ્વીકારવું; અને (૩) જે અંશને વિધ્યર્થકૃદન્તનો પ્રત્યય લવું લાગતો હોય તે અંશ ધાતુરૂપે સ્વીકારવો.

(૧) ની બાબતમાં આજ્ઞાર્થ દ્વિતીય પુરુષ એકવચનના રૂપમાં આવતો य વિઘ્નરૂપ બનેછેઃ लख्य, आव्य, ઇત્યાદિ રૂપોને સર્વાંગે ધાતુ ગણી સકાય નહિં. કેળવણી ખાતાએ પોતાના પ્રારંભના પ્રયાસો દરમ્યાન અપરિપક્વ પરિસ્થિતિ ઉત્પન્ન કરી હેની અસરમાં ખેંચાઈને ગુજરાતી વ્યાકરણના રચનારાઓએ આ य તરફ દુર્લક્ષ બતાવીને આ રૂપને, એટલે लख, आव ઇત્યાદિને, ધાતુ તરીકે સ્વીકાર્યુંછે. એટલું કર્યા પછી પણ लख, आव ઇત્યાદિને ધાતુ ન માની સકાયઃ કાળ પુરુષાદિ દર્શાવતાં રૂપાન્તરો પ્રાપ્ત થઈ સકે એટલા માટે लख्, आव् ઇત્યાદિને જ ધાતુ ગણવા જોઇયે, એ વાતનું તેઓને વિસ્મરણ થયુંછે; ઉદાહરણ લઇયે તો लखे, लख्युं, એ રૂપો लख्+ए, लख्+युं એ પ્રકારે लख् ધાતુમાંથી આવી સકે; लखने ધાતુ લઇયે તો હાવા પ્રત્યયોની પૂર્વે ધાતુનો અન્ત્ય अ લુપ્ત થાય હેવું ફરમાવતો એક નવો નિયમ ઘડવો પડે. હેમાં હાનિ કંઈપણ નથી; કારણકે જો लख्‌ને ધાતુ માનિયે તો (ભવિષ્ય તૃતીયપુરુષ) शे જેવા પ્રત્યયોની બાબતમાં હેવો નિયમ ઘડવો પડે કે હાવા પ્રત્યયો પ્હેલાં આગમરૂપ अ ઉમેરવોઃ વ્યાકરણમાંના પ્રત્યયકાર્યમાં હાવી પદ્ધતિયો યોજવાની જરૂર પડેછે, અને ઓછામાં ઓછી અગવડ પડે અને દુર્ઘટ પ્રસંગોમાં મુસીબત કમતીમાં કમતી રહે હેવો એક માર્ગ આપણે સ્વીકારવો જોઇયે.

માર્ગ (૨) સ્વીકારતાં लख्युं, आव्युं, बोल्युं ઇત્યાદિ રૂપોમાંથી ઉક્ત પ્રકારે लख्, आव्, बोल् હેવા યથાર્થ ધાતુઓ પ્રાપ્ત થશે; પરંતુ कह्युं, रह्युं ઇત્યાદિ રૂપાન્તરોમાંથી कह्, रह् હેવા ધાતુઓ પ્રાપ્ત થશે, જેમાંથી क्हेछे, क्हेशे, क्हेतो, क्हेवुं ઇત્યાદિ રૂપાન્તરો સિદ્ધ કરવા માટે ખાસ નિયમોની જરૂર પડશે.

(૩) ત્રીજો માર્ગ સ્વીકારિયે તો સરળતમ નિરાકરણ થાયછે. આજ્ઞાર્થ પ્રત્યયનો य ઉડાવી દઇયે તો આ ત્રીજો માર્ગ પરિણામ જોતાં પ્રથમ માર્ગને



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મળતો આવેછે. આ ત્રીજા માર્ગથી लख्, बोल् ઈત્યાદિના પ્રકારના તેમજ कहे रहे ઇત્યાદિની જાતના ધાતુઓ સિદ્ધ થઈ સકશે. કારણ કે લખવું રૂપમાંથી અવું બાદ કરતાં लख् ધાતુ આવે; અને कहेवुंમાંથી अवुं જતાં कहे રહે (અવું પ્રત્યયનો અ તો कहेना ए ની પછી, પ્રચરિત સંધિ-નિયમો પ્રમાણે, સ્વાભાવિક રીતે લુપ્ત થશે).

આ કારણે હું कहे, रहे, व्हे હેને ધાતુનાં યથાર્થ સ્વરૂપ માનુંછું. વાગ્વ્યાપારજન્ય ફેરફારો થાયછે તે છતાં પણ આ ધાતુઓને હું (क) વર્ગમાં મૂકુંછું, કારણ કે એ ફેરફારો કંઈ હેવા નથી કે પારખી ન સકાય હેવું રૂપાન્તર કરી દે અને મૂળ સંસ્કૃત ધાતુઓ સાથેનો ઉત્પત્તિ સંબંધ તોડી નાખે.

[ટિપ્પણ:—કેળવણી ખાતાએ ઉપજાવેલી આજકાલની પદ્ધતિને પરણી બેઠેલાઓ कहेछे सहेछे, ઇત્યાદિ રૂપોને વધારે પસંદ કરશે પણ વસ્તુસ્થિતિ હેવી છે કે અહિં क, स ઇત્યાદિમાંના अतुं, लखेछे, फरेछे ઇત્યાદિમાં ल, फ વગેરેમાંના अतुं થાયછે ત્હેવું, સંપૂર્ણ ઉચ્ચારણ થતું નથી. વસ્તુત: कहइ-कहअइ-कहअय-कहे એ વિકારક્રમમાં હેનો લોપ થાયછે. અલબત્ત कहेछे ને પસંદ કરનારાઓને આ પ્રકારના ક્રિયાપદોમાં कना अतुं પૂર્ણ ઉચ્ચારણ કરીને પરાણે કૃત્રિમ ઉચ્ચાર કરવો પડેછે, પણ એ સત્યસ્થિતિને અનુસરતું નથી.]

હવે, पी, खा, था,[૯૭] जा, जो, दे, અને હેવા એક અન્ય પ્રકારના ધાતુઓને પણ આ વર્ગમાં મૂકવા પડશે; કારણ કે पिव्, खाद्, स्था, या, जो[૯૮] (પ્રા. કે દેશ્ય), दा ઇત્યાદિ મૂળ ધાતુઓ આ ગુજરાતી રૂપાન્તરોથી દૂર નથી. અને વળી પીધું, ખાધું, દીધું એ રૂપોથી આ ધાતુઓને ગયા उत्सर्गना વર્ગ (ક)માં મૂકવાની પણ યોગ્યતા સિદ્ધ નથી થઈ સકતી, કારણ કે એ વર્ગનું નિયામક તત્ત્વ તો એ છે કે એ क्तान्त રૂપમાંના क्त પ્રત્યયનો કંઈક અંશ, जीत् (जीत्युं, जितउं) કે प्हांच् (प्हांच्युं, प्हांत्युं, पत्तउं) હેમાં થાયછે તેમ, ધાતુ-પ્રકૃતિમાં સંક્રાન્ત થવો જોઇયે, અથવા તો लाग् (लाग्युं-लग्गउं-लग्नकं) ઇત્યાદિમાં બનેછે તેમ क्त પ્રત્યયનો પરિણામભૂત કોઈક વિકાર ધાતુપ્રકૃતિમાં દૃષ્ટિગોચર થવો જોઇયે.

---

૯૭થાનું થવું બનેછે; પણ थने ધાતુ નથી માન્યો, કારણ કે અત્યારે પણ થાવું કાઠિયાવાડમાં પ્રચરિત છે અને એ રીતે ધાતુરૂપ था લેવાને આધાર પ્રાપ્ત થાયછે.

૯૮. ડૉ. ટેસિટોરી जो ધાતુ द्युत्માંથી નીકળ્યો હશે એમ તર્ક કરેછે (હેમની Notes § 137, (2) જુવો); द्युत्-द्योत्यते-जोइज्जइ-द्योतितकं-जोइअउं-जोइउं-जोयुं-जो (ગુજ.); આ ક્રમો આપાતત: યોગ્ય જણાયછે. द्युत्‌ને સ્થાને ज्युत् મૂકવાનો પણ આપણને એટલો જ અવકાશ છે. છતાં, આ વ્યુત્પત્તિને કેવળ તર્કની દશામાં જ મૂકવી પડશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છેવટ, ૯૯હો ધાતુને આ વર્ગમાં મૂકવો જોઇએ. એ ધાતુ સં. भू, પ્રા. हु-हो, એમ વ્યુત્પન્ન થયોછે. भू,નો हू રૂપે ફેરફાર એટલો સ્પષ્ટ જણાઈ આવેછે કે भू અને हो વચ્ચે શૃંખલાનો વિચ્છેદ નથી થતો.

હવે હું વર્ગ (ख)-(१) લઉંછું. આ વર્ગમાં વિશેષ લક્ષમાં રાખવા યોગ્ય ધાતુગણ આવેછે. જેમકેઃ-

बेस्, पेस्, वेर्, पाम्, पहोंच्, सोंप्, ऊठ्, बगड्, आप्, वेच्, सताव्, समझ्, सांभर्, पहेर्, सूंघ्, आणू, आथम्, ऊग्.

નીચે નોંધેલી વ્યુત્પત્તિયો જોતાં જણાશે કે આ સર્વે ધાતુઓ મૂળ (સંસ્કૃતમાં) ધાતુ અને ઉપસર્ગ એ બે તત્ત્વોના બનેલા હતા અને એ બે તત્ત્વોનો (સં. ધાતુ અને ઉપસર્ગનો) હેવો સંપૂર્ણ સંયોગ થયોછે કે હેનો સુશ્લિષ્ટ એકરૂપ ગુજરાતી ધાતુ બન્યોછે.

| સં. | પ્રા. | ગુજ. |
|---|---|---|
| उपविशति | उवइसइ, वइसइ, बइसइ | बेसे,√बेस्. |
| प्रविशति | पइसइ | पेसे,√पेस्. |
| विकिरति | विइरइ वइरइ | वेरे,√वेर्. |
| प्राप्नोति | पावइ, पाँवइ, पामइ, | पामे,√पाम्. |
| प्राप्तकं | पत्तउं, पहुत्तउं, | पहुतउं, पहोंत्युं-पहोंच्युं. √पहोंच्. |

[ટિપ્પણઃ--पहुचइ (पुहुचइ) હેવો સત્તરમા સૈકાના ગ્રન્થમાં થયેલો જે પ્રયોગ આ વ્યાખ્યાનના પૂર્વ ભાગમાં (૨૪૦મે પૃષ્ઠે) દર્શાવ્યોછે એ ઉપરથી કોઇને એમ લાગશે કે पहुच् ધાતુ क्तान्तवाळी વિપરીતક્રમની પદ્ધતિથી બીજી ભિન્ન પદ્ધતિ પ્રમાણે ઉત્પન્ન થયો હશે, પરંતુ હેમાં च છે એ મૂળમાં त्य હોય તો જ આવી સકે અને આ પ્રસંગમાં क्तान्त રૂપમાંથીજ त्य પ્રાપ્ત થાયછે. આ ઉપરથી જણાયછે કે क्तान्त રૂપમાંથી ધાતુ બનાવવાની આ રીત વિક્રમ સંવત્‌ના સત્તરમા અને સોળમા સૈકાથી ઘણાં વર્ષ પૂર્વે શરૂ થઈ હતી.

हकारनो प्रक्षेप કેમ થયો એ આગળ ઉપર हकार વિશેના उत्सर्गની ચર્ચા દરમ્યાન સમઝાવવામાં આવશે. અહિંયાં એટલું જ કહેવું બસ થશે કે

૯૯. અર્થનો ફેરફાર જોવા જેવોછે. भू (સં.) એટલે "થવું" પણ हो (ગુજ.) એટલે "હોવું." એથી ઉલટું स्था (સં.) એટલે "ઉભા રહેવું" એટલે "હોવું" જેવો અર્થ થયો, પણ था (ગુજ.) એટલે "થવું." हतुं એ होवुं ભૂતકૃદન્ત છે અને भूतकं (પ્રા. हूदउं થાય પણ પરભાર્યું આવતાં हूतउं) हतउं-हूतुं-हुतुं-हतुं એમ ઉત્પન્ન થયુંછે. हतुं વર્તમાન કૃદન્ત પણ છે, જે પ્રા. होन्तउंમાંથી આવ્યુંછે—જેમ કે काम (होतुं) हतुं નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

पत्तडंમાં આગન્તુક ઉ સમેત हृ પ્રવિષ્ટ થાયછે એટલે पहुत्तउं બનેછે; આમ થવાનું કારણ અવિદિત છે પણ ઉચ્ચારણની અનુકૂળતા જ કારણ હશે એમ જણાયછે.]

| | | |
|---|---|---|
| समर्पयति | समप्पइ | संवप्पइ,-सोंपे,√सौंप. |
| उत्तिष्ठति | उट्ठइ | ऊठे,√ऊठ्. |
| विघटति | विघडइ | विगडे (हिं.) બગડે;√બગડ્. |
| आयातकः | आयाअउ | आयउ, आयो (પછી व् आगम આવતાં) |
| | (અપ.) | आव्यो,√आव्. |

[ટિપ્પણ:—ગુજ. आव्ની आ+अव् (જવું) હેમાં ો કરાતી કાલ્પનિક વ્યુત્પત્તિનો હું અહિં, સાક્ષાત્ પ્રયોગરૂપ પ્રમાણ વિના કેવળ બાહ્ય સામ્યાભાસપરથી જ ઘટાવેલી એક વ્યુત્પત્તિ તરીકે, માત્ર નિર્દેશ જ કરીશ.]

व् આગમ પ્રથમ તો કલ્પનાજન્ય લાગશે, પરંતુ નીચે આપેલાં ઉદાહરણો હેની વાસ્તવિકતા સ્થાપિત કરશે:—

(૧) प्रोतकं (સં.) प्रोयडं (અપ.) प्रोयुं, परोयुं (ગુજ.) परोव्युं√परोव् (જેમકે સોઈમાં દોરો પરોવવો);—પારસીઓ पोयुं, पोवुं (पोवेछे) કહેછે, કારણ કે હેઓ र् લુપ્ત કરેછે અને व् આગમ ઉમેરતા નથી);

આ ઉદાહરણોથી પ્રકાશ પડશે:—

(૧) काळज म्हारुं कुटिल कटाक्षे प्रोयूं
(દયારામ, गरबी संग्रह, ગુજરાતી પ્રેસ તરફથી છપાયેલો; પૃ. ૧૯૭ ગરબી ૬૫, કડી ૨.)

(૨) रसिये वजाडी रंग वांसळी पांसळी म्हारी प्रोइ
(ઉક્ત ગ્રન્થ, પૃ. ૨૧૪, પદ ૧૦૨, કડી ૧).

(૩) अणियाळी आंखे वालम प्राण मारो प्रोयोछे
(ઉક્ત ગ્રન્થ, પૃ. ૧૭૨, ગરબી ૧૩, કડી ૧).

(૪) माहारो प्राण तुंमां प्रोवायो निशदिन रेहजो
(ઉક્ત ગ્રન્થ, પૃ. ૧૬૫, ગરબી ૩, કડી ૬).

(૫) प्राण प्रोवायोछे तम तानमां बिहारीलाल.
(ઉક્ત ગ્રન્થ, પૃ. ૧૮૭, ગરબી ૪૭, કડી ૭).

(૪) અને (૫)માં કર્મણિપ્રયોગનું રૂપછે; प्रो+आ+यो હેનું आगमरूपे व् આવતાં प्रोवायो બનેછે. परोववुं (परोव्युं-प्रोव्युं-प्रोयुं) હેમાં આવતા नो પ્રથમ પુરાવો અહિં મળેછે . . . .

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૨) निश्चयोतितकं (સં.), निच्चोइअउं (અપ.), निचोव्युं (ગુજ.)√निचोव.

(૩) રીસ, रुष्यतिમાંથી આવેછે અને નામ છે; અને રીસા એ ગુજ. ક્રિયાપદના કર્મણિપ્રયોગનું અંગ છે. ભૂતકૃદન્ત રીસાયો છે. પણ પ્રાચીન ગ્રન્થોમાં वू આગમયુક્ત रीसाव्यो, रीसाव्युं રૂપો મળી આવેછેઃ—

(૧) "म्हारूं माणकडुं रीसाव्युं रे सामळिया" (પ્રેમાનન્દની પ્રસાદી પૃ. ૩૦ जसोदानो विलाप).

(૨) " रखे स्वामी रीसावता " મુરારિકૃત ईश्वरविवाह, बृहत्काव्यदोहन, ગ્રન્થ ૬, પૃ. ૪૬૮).

(૩) हूं ए रीसावूं पण मन नथी रीसावतूं जो,
माटे तमो थकी वढतां नथी फावतूं जो.

(દયારામ; गरबीसंग्रह, ગુજરાતી પ્રેસનો, પૃ. ૧૬૯, ગરબી ૬, કડી ૧૧.)

(એ જ પ્રમાણે कमायोने બદલે સાધારણ લોક કદાચિત્ कमाव्यो વાપરેછે.)

ગામડિયાઓ आव्योने બદલે आयो કહેછે તે ધ્યાનમાં રાખવા જેવું છે; ઘણીએ વાર શહેરીઓ કરતાં ગામડિયાની ભાષા પ્રાકૃત કે સંસ્કૃત રૂપને નિકટતર હોયછે.

આ પ્રમાણે મ્હેં અહિં આપેલી आवની વ્યુત્પત્તિના પક્ષમાં સબળ કારણો રહ્યાંછે. પરંતુ સિ. હે.માં આપેલા એક ઉદાહરણથી વિઘ્ન ઉત્પન્ન થાયછે. (√૮-૪-૪૩૨ના ઉદાહરણમાં आइउ છે ત્હેની કે હેના પાઠાન્તર आइउओनी હું વાત નથી કરતો; એ બંનેનો તો आयातकः સાથે સંબન્ધ જેમ તેમ દર્શાવી સકાય; પણ) હું કહેવા ઇચ્છું છું તે શબ્દ ૮-૪-૪૦૦ના ઉદાહરણરૂપ નીચેની પંક્તિમાં આવેછેઃ-अनउ करन्तहो पुरिसहो आवइ आवइ ( अन्यायं कुर्वतः पुरुषस्य आपद् आगच्छति). અહિં आवइ એ સ્પષ્ટરૂપ આવેછે તેથી હેવું સૂચન થાયછે કે, ગમે તે પ્રકારે ધડાયેલો, आव् ધાતુ એથી પ્રાચીનતર હોવો જોઇયે, અને પરિણામે મ્હ આપેલી વ્યુત્પત્તિ ખંડિત થાય એ સંભવેછે. આ પ્રશ્નને હું આટલેથી જ છોડીશ અને હેનો નિર્ણય વધારે સમર્થ વિદ્વાનોના હાથમાં મૂકીશ)

[ ડૉ. સર. રામકૃષ્ણ ગો. ભાંડારકરે आवने સં. आगतः પ્રા. आअओ હેમાંથી વ્યુત્પન્ન કર્યોછે. (હેમનાં વ્યુત્પત્તિવિષયક વ્યાખ્યાનો પૃ. ૧૨૬ જુવો.) એ વ્યુત્પત્તિમાં પણ આગન્તુક वना પ્રક્ષેપની અપેક્ષા રહેશે—જો કે હેમણે હેનો નિર્દેશ કર્યો નથી. ]

(क) विक्रीणाति, विक्केइ, भ. वीक(तो), वेचे(छे),√वेचू.

અથવા (ख) विक्रीतकं, विक्किअउं, वेच्युं√वेचु.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[સિન્ધીમાં ધાતુ विकेणु छे. (विकेणेथो–તે વેચેછે.) એ ભાષાનો આ ધાતુ उत्सर्ग ૪ ના વર્ગ ૨ માં સમાવિષ્ટ થાય.]

આ બે વ્યુત્પત્તિપ્રકારમાંથી કિયો પસંદ કરવા યોગ્ય છે એ નક્કી કરવું તદ્દન સ્હેલું નથી. પ્રત્યેકના પક્ષમાં તેમ જ વિરુદ્ધમાં દલીલો છે. (क)માં क्रेની અંદર રહેલા एને લીધે चની પ્રાપ્તિનો સંભવ છે; પરંતુ °क्रियउं– °कियुं– °क्युं– એ પક્ષ પ્રબળતર છે, કેમ કે क्यनो च બહુ સ્હેલાઈથી બનેછે. (ख)માં, वेच्युंમાંથી તારવી કાઢેલા वेच् ધાતુમાં क्त પ્રત્યયમાંથી આવતું કંઈ-પણ લક્ષણ જોવામાં આવતું નથી. એકંદર (क)ની તરફ મ્હારું વલણ રહેછે.

| | | |
|---|---|---|
| संतापयति | संतावेइ | सतावे√सताव् |
| संबुध्यते | संबुज्झइ | समझे,√समझ् |

[બીમ્સ ૧–૩૨૭ માં હાની વ્યુત્પત્તિ ध्यान (સં), झान (પા. પ્રા.) હેમાંથી દર્શાવીછે; આ દેખીતી જ ભૂલ છે.]

હિન્દી समुझनામાં, ખરું મૂળ संबुध् હોવાના પક્ષનું એક સારું સૂચન (જુનાં उ રૂપે) રહેલું છે. हमको कहा उचित करिवो है से लिखियो समुझाई (मीरा).

| | | | |
|---|---|---|---|
| संस्मरति | संह्मरइ | सांभरे, | √सांभर् |
| परिहितकं | परिहियउं | पहिरियउं | (व्यंत्ययथी),–प्हेर्युं, √प्हेर. |
| समाघ्रा | (समाजिघ्रति) | समग्घइ | सवँग्घइ–सऊंघइ–सूंघे√, सूंघ् |

[જો सूंघ् (ગુજ.) ને સં. शिघ् (शिङ्घ्)માંથી (પ્રા. सिंघइ–ગુજ. सूंघे એમ) इ નો ऊ થઈને વ્યુત્પન્ન માનવો હોય તો समाघ्राમાંથી દર્શાવેલી આ વ્યુત્પત્તિ તજી દેવી પડે. પણ મ્હને એ વિશે શંકા છે.)

| | | | |
|---|---|---|---|
| आनयति | आणेई | आण | √आण् |
| आथम् | अस्तमितः | अत्थमियो | आथम्यो |

અહિં इ (=જવું) એ ધાતુના क्तान्त રૂપને अस्तम् શબ્દ સંલગ્ન રહેછે; આ શબ્દ વસ્તુતઃ એક સ્વતંત્ર શબ્દનું દ્વિતીયાનું રૂપ છે પણ સંક્રમણ દરમ્યાન એ સ્વરૂપનો ભ્રંશ થતાં એ શબ્દ એક ઉપસર્ગ તરીકે અથવા તો સમગ્ર ધાતુના એક અવયવ તરીકે ગણાયો, અને એ રીતે આ વિચિત્ર ઉત્પત્તિનો आथम् ધાતુ પ્રાપ્ત થયો.

ऊग्–उद्गतः–उग्गयो–ऊगियो–ऊग्यो. ધાતુ અને ઉપસર્ગનો સંવિલય થઈને એક નવી જ બનાવટનો ગુજરાતી ધાતુ થાયછે એ પ્રકાર આ ધાતુ બતાવી આપેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[विचिनोति, विइणइ, वीणे√वीण्–આ ઉદાહરણનો પ્રસ્તુત વર્ગમાં એટલે उत्सर्ग ५, ख (१)માં, તેમ જ उत्सर्ग ४ वर्ग (२)માં સમાવેશ થઈ સકેછે, કારણ કે હેમાં विकरण જળવાઈ રહેછે અને उपसर्ग ભળી જાયછે.]

ધાતુનું સ્વતંત્ર શબ્દ સાથે સંગ્રથન लाववुं (to bring) એ ક્રિયાપદમાં જોવામાં આવેછે. એ ક્રિયાપદ લે+આવવું હેના સંયોગનું બનેલુંછે—લેઈ, लई+आववुं=लाववुं. लाववुंने हिं. लेआना કે ल्याना જોડે સરખાવિયે તો આ વાત સ્પષ્ટ થાયછે. लाव् ધાતુના ભૂતકાળમાં થતા વિલક્ષણ પ્રયોગને (सं. आ–नी માંથી આવેલા) आण् ધાતુની જોડે સરખાવતાં જે વિરોધ જણાયછે એથી અહિં સૂચવેલા સંગ્રથનનો પુરાવો મળેછે:–हुं पाई लाव्यो; म्हें पाई आणी; પ્હેલા વાકયમાં ક્રિયાપદ સકર્મક અને ભૂતકાળમાં હોવા છતાં कर्तरि प्रयोगमां મૂકયુંછે (જે ધટના સકર્મક ક્રિયાપદોના ભૂતકાળમાં कर्मणिप्रयोग કરવાના સાધારણ નિયમથી વિરુદ્ધ છે), જ્યહારે બીજા વાકયમાં आणी ક્રિયાપદ (ભૂતકાળ સકર્મક હોઈ कर्मणिप्रयोगમાં વપરાયુંછે. હાનું કારણ સ્પષ્ટછે; लाव् સકર્મક છે, પણ હેનો અંગ-ભૂત आव् ધાતુ અકર્મક છે, અને સ્વાભાવિક રીતે જ સમગ્ર ક્રિયાપદનો પ્રયોગ આ મુખ્ય ધાતુને અનુસરીને જ થાયછે. મરાઠીમાં માત્ર आण् ધાતુ જ છે, लाव् નથી (કારણ કે ले જેવો ધાતુ જ એ ભાષામાં નથી; घे(णे)=લેવું એ ધાતુ છે). પરિણામ એ આવેછે કે મરાઠી લોકો लाव् અને आण् વચ્ચેનો આ ભેદ ધણીએવાર કળી સકતા નથી અને પુરુષ કહેશે કે હું गाडी लावीछुं! આ જાતનાં વાકયો મ્હેં સાક્ષાત્ સાંભળેલાંછે.

ઉપરનાં ઉદાહરણોમાં મૂળ સંસ્કૃત રૂપ અને અન્તમાં બનતા ગુજરાતી ધાતુ વચ્ચે રહેલો આકૃતિવિરોધ જોતાં એકદમ જણાશે કે આ (ख)–(१) વર્ગ પરત્વે આપેલા વર્ણનમાં એ ધાતુઓનો સમાવેશ કેટલી યોગ્યતાથી થાયછે. હવે, (ख)-(२)—આ વર્ગમાં જે ધાતુ એકદમ આપણું લક્ષ ખેંચેછે તે सं. अस् (=હોવું) નો પ્રતિયોગી છે; જેમાંથી छे રૂપ આવેછે એ ધાતુ. આપણે હેને સગવડતી ખાતર छ् કહિયે.

આ ક્રિયાપદની વ્યુત્પત્તિયે વિદ્વાનોને અત્યન્ત શ્રમ આપ્યોછે અને એ વિશે કોઈ બે વિદ્વાનો એકમત થયા નથી. એ મતમતાન્તરમાં પ્રતિનિધિભૂત મતો નીચે આપુંછું:—

ડૉ. સર રા. ગો. ભાંડારકર આ ક્રિયાપદને आस्=બેસવું હેમાંથી વ્યુત્પન્ન કરેછે (હેમનાં વ્યાખ્યાનો પૃ. ૧૨૬). आस्ते (सं), अच्छइ (પ્રા.),–छइ–छे (ગુજ.). તથાપિ, આગળ ઉપર ૨૭૩ મે પૃષ્ઠે તેઓ अस् અને आस् વચ્ચેના પ્રશ્નને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનિર્ણીત રાખેછે, પણ સંભવિતતાનો ગુરુભાગ આસ્ને અર્પેછે. જો કે આ મતમાં બે દોષસ્થાન છેઃ (૧) "બેસવું" માંથી "થવું" એ અર્થવિપર્યય અને (૨) પ્રતિસ્પર્ધિભૂત બે વ્યુત્પત્તિયો વચ્ચે એ વિદ્વાન ડૉક્ટરનો પોતાનો અનિર્ણય,—તો પણ એ મતમાં કેટલાંક એ પક્ષનાં ઉપકારક તત્ત્વો છે; જેમકેઃ—

(૧) હેમચન્દ્રે गमिष्यमासां छः ८-४-२१९ એ સૂત્રમાં સ્વીકારેલી स् ને સ્થાને च्छ्ની પ્રાપ્તિ.

(૨) कुमारपालचरितमां જે અનેક સ્થળોએ હેમચંદ્રે આ ક્રિયાપદને (अच्छइ, अच्छति, अच्छउं, अच्छउ, अच्छह, अच्छहु એ રૂપે) વાપર્યુંછે, તે પૈકી બે સ્થળોએ ટીકામાં અર્થ स्था કે वस् હેવો આપ્યોછે જે સ્હેલાઈથી "હોવું"ની બરોબર થઈ સકે, અને એક સ્થળે (૮, ૫૮માં) તો वर्तें અર્થ આપ્યો-છે પણ ખરો, જે અર્થ "હોવું"ને બહુ નિકટ છે. છતાં પણ આ તત્ત્વોની પ્રબળતા ઘટાડનારા કેટલાક મુદ્દાઓ છે; જેમ કે, ક્રમદીશ્વરે આપેલી अच्छइની अस्માંથી વ્યુત્પત્તિ (૧) ને વિરુદ્ધ છે. संक्षिप्तसार ૪-૧૦ જુવો (પિશલ § ૪૮૦માં હેનો ઉલ્લેખ છે). અને, હેમચંદ્રનું कुमारपालचरित ગમે તેમ તોપણ માત્ર પોતાનાં જ સૂત્રોનાં ઉદાહરણો આપવાના અભિપ્રાયથી લખાયલો ગ્રન્થ છે, એટલે હેમાંથી લીધેલા ઉતારાઓની સ્વતન્ત્ર સાહિત્ય-માંથી લીધેલા ઉતારાઓ જેટલી કિંમત રહે નહિ.

ડૉ. ટેસિટોરીએ (પિશલને અનુસરીને) આ ક્રિયાપદની વ્યુત્પત્તિ સં. ऋच्छ्માંથી કરીછે; ऋच्छति-अच्छइ (હેની નોટ્સ, § ૧૧૪ જુવો). હેણે પિશલ §§ ૫૭, ૪૮૦ નો નિર્દેશ કર્યોછે. તા. ૨૨ મી જૂલાઇ ૧૯૧૫ ના એક ખાનગી પત્રમાં હેણે આ વ્યુત્પત્તિનો જ આગ્રહ દર્શાવ્યોછે અને કહ્યુંછેઃ "अस्ति cannot give अच्छइ but only अत्थि" એટલે કે 'अस्तिनुं अच्छइ न બને પણ માત્ર अत्थि બને."—આ મતના જવાબમાં હું કહીશ કે अस्तिનું अत्थि થાય અને अच्छइ न થાય હેમાં શંકા નહિ, પણ, ઘણા પ્રાકૃત ધાતુઓમાં થાયછે તેમ, ભાષાના એક વા અન્ય વિકાસક્રમે આ એક ધાતુ (अस्)ને સર્વ વ્યંજનાન્ત ધાતુઓને પ્હેલા ગણની કક્ષામાં મૂકવાના સમી-કરણનો નિયમ લાગુ કરવામાં આવ્યો હોય, અને એ રીતે આપણે असइથી પ્રારંભ કરવો રહે; પછી स् અને छ्ના[૧૦૦] વાગ્વ્યાપારગત નિસર્ગસંબન્ધને લીધે, अछइ થાય (આ સંબન્ધ शकट-(ગુજ.) छकडो, षष्ठः (સં.) छट्ठो (પ્રા.)

૧૦૦. ડૉ. ભાંડારકરે પોતાનાં વ્યાખ્યાનોમાં ૧૮૮-૧૮૯ માં પૃષ્ઠોએ આ વાગ્વ્યાપારજન્ય ફેરફારનો નિર્દેશ કર્યોછે; વળી ૪૨ મે પૃષ્ઠે તેઓ પાલીમાં श् નો छ् થાયછે, તે બતાવેછે પણ એ ફેરફાર પરભાર્યો श्માંથી જ થયેલો માનેછે, स्દ્વારા નહિ (જે स् પાલીમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

मशकमांथी मच्छर, ઇત્યાદિમાં પ્રવર્તેછે–કારણ કે એ ઉદાહરણોમાં श અને ष् નો પ્રથમ ક્રમે स् થવો જ જોઇયે (शषोः सः–સિ. હે. ૮–૧–૨૬૦), જો કે વ્યાકરણકારોના ગ્રન્થોમાં એ દર્શાવ્યો નથી); અને પછી, નીચે બતાવવામાં આવશે તેમ, अच्छइ.

વળી, ऋच्छइના ऋ નો સામાન્યતઃ अ ન થાય પણ સિ. હે. ૮–૧–૧૪૦ એ વ્યાપક સૂત્રને અનુસાર रि થાય; એ સૂત્રને માત્ર પાંચ અપવાદ છે (૮–१–१४१) જેમાં ऋच्छ् આવતો નથી. ऋच्छ्ने આ વ્યાપક નિયમથી અલગ માનવા માટે ગ્રન્થોમાં પ્રત્યક્ષ પ્રયોગ કે કોઈ વિશિષ્ટ સંયોગો જેવાં કાંઈ પ્રબળ કારણો હોવાં જોઇયે.

તે ઉપરાંત ऋच्छ्ની બાબતમાં અર્થાન્તરની પ્રાપ્તિમાં મૂળ અર્થને એટલા જોરથી મરોડવો પડેછે, અથવા વધારે યોગ્ય રીતે કહિયે તો એટલો અતિશય વિશાળ કૂદકો મારવો પડેછે, કે તે અર્થગ્રહણના સામાન્ય નિયમોને માન્ય થાય નહિ. કારણ કે પાણિનિ કહેછે તેમ ऋच्छ् ધાતુ નીચેના અર્થોમાં વપરાય છેઃ-(૧) જવું, (૨) ઇન્દ્રિયોના સામર્થ્યનો નાશ (૩) કઠિનતા, સ્તબ્ધતા કે ઘનતા પ્રાપ્ત કરવી; ( गतीन्द्रियप्रलयमूर्त्तिभावेषु । धातुपाठ ). આ ત્રણ અર્થોમાંથી "જવું" એ એક જ અર્થ, કંઈ આવી સંભવિતતાથી, "હોવું" એ અર્થ તરફ લઈ જનારો ગણી સકાય હેવો છે; અને એ "જવું" અને "હોવું" અર્થોની વચ્ચે પણ મ્હોટો કૂદકો લેવો પડેછે.

વેબર ( हाल પૃ. ૪૧ ) अच्छइनी व्युत्पत्ति गच्छतिમાંથી આપેછે. વેબરે આ વ્યુત્પત્તિના સમર્થનમાં આપેલા કેટલાક ઉતારાઓ બીમ્સ ( પુ. ૩ પૃ. ૧૮૧–૮૨ માં ) આપેછેઃ—

अच्छेज्ज वा चिट्ठेज वा निसिएज्य वा उयट्टेज्ज (भागवती, १, ४११).

હેનો અર્થ આ પ્રમાણે આપ્યોછેઃ–"તે જાય, ઊભો રહે, બેશે કે ઊડે."

આ અર્થ ખોટો આપ્યોછે; निसिएज्य એટલે "તે સુવે" થાય ( नि+शी સૂઇ જવું ); અને अच्छेज्ज એટલે "તે જાય" નહિ પણ "તે બેશે," आस्= બેસવું હેમાંથી ( મ્હેં ઉપર ઉતારેલું હેમચન્દ્રનું સૂત્ર गमिष्यमासां छः એ અહિં આધાર છે). બીમ્સ ( ૩, ૧૮૧–૨ ) બીજાં પણ ઉદાહરણો આપેછે જેમાં अच्छ्नो અર્થ "ઊભા રહેવું"માંથી ધીમે ધીમે "હોવું" અર્થમાં અથવા "હોવું"ની

---

श् અને ष् નું સાધારણ રૂપાન્તર છે); જો કે મ્હારો મત श् નો પ્રથમ स् અને પછી छ् થવા તરફ ઢળેછે, જેનું સવિશેષ કારણ એ છે કે પાલીમાં ( કેટલીક પ્રાકૃતની માફક ) च्, छ्, ज्, झ् નો ઉચ્ચાર પૂર્ણ तालव्य ન્હોતો પણ अर्धतालव्य હતો. (નીચે च्, छ्, ज्, झ्, ના પ્રાકૃત ઉચ્ચાર વિશેનો ઉત્સર્ગ જુવો.)



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બહુ નિકટમાં સંક્રાન્ત થાયછે. આ સંબન્ધમાં મ્હેં ઉપર દર્શાવેલો હેમચન્દ્રના કુમારપાલચરિતમાંનો પ્રયોગ ઉપયોગી થશે. ત્હાં પણ આસ્ ધાતુ સરળ ક્રમોવાળી અર્થસંક્રાન્તિથી "હોવું" અર્થ પ્રાપ્ત કરેછે. પ્રો. વેબરની વ્યુત્પત્તિની સ્હામે હું એક બીજી દલીલ ઉમેરીશ, અને મિ. બીમ્સ પણ એ જ વિઘ્ન બતાવેછે એમ મ્હને જણાયછે; તે આઃ–આદ્ય વ્યંજનનો (गच्छतिના ग्नो) લોપ થતો, जाण्ने બદલે आण् જેવા વિરલ પ્રસંગો શિવાય, વિદિત નથી. મિ. બીમ્સ એ જ વાત કહેછેઃ–"આદ્ય વ્યંજનનો ક્ષય વિરલ છે. રંગભૂમિના પ્રાકૃતમાં આ ઘટના લગભગ અપવાદરૂપે માત્ર ज्ञा (जाण्) ધાતુમાં જ બનેછે, જેમકે आणासि–जानासि, आणवेदि–आज्ञापयति, ઇત્યાદિમાં તેમ જ उणो=पुनः અને બીજા થોડાક શબ્દોમાં."

[ પ્રસંગવશાત્–અહિં आणवेदि એ ઉદાહરણ ખોટું છે; કારણ કે ज्ञ કે હેનો ज અહિં લુપ્ત નથી થતો પરંતુ ण्ण અને પછી ण થાયછે; એ શબ્દ आजाणवेदिમાંથી નથી આવ્યો.

उण શબ્દ તો હેમચન્દ્રે स उण જેવા શબ્દસમૂહોમાં જ સ્વીકાર્યોછે એ સ્પષ્ટ છે, કારણ કે એકલો उण હેણે આપ્યો નથી (સિ. હે. ૮–૧–૧૭૭ ઉપરની ટીકા જુવો); જ્હારે जानासिનું आणासि એ ઉદાહરણની આધાર તરીકે ઉપયોગિતા સંશયગ્રસ્ત છે કારણ કે જો એક પક્ષે तुज्झ ण आणे हिअअं (शकुन्तला ३–१५) જેવાં ઉદાહરણો મળેછે તો અન્ય પક્ષે હાવાં ઉદાહરણો પ્રાપ્ત થાયછેઃ–

अहं एव्व एदस्स हिअअं जाणामि मह एसो (उत्तररामचरित)

વસ્તુત; એકલા पुनः નું અપભ્રંશમાં पुण થાયછે (સિ. હે. ૮–૪–૪૨૬, ઉદાહરણ જુવો).

ઉપરનાં ઉદાહરણોમાં कःपुनमांથી આવેલ क उण ઉમેરવા યોગ્ય છે; હેમાંથી[૧૦૧] છેવટે અપભ્રંશમાં कवण પ્રાપ્ત થાયછે જેને હેમચન્દ્રે कः માટેનો સ્વરૂપસિદ્ધ આદેશ માન્યોછે (सि. हे. ८–४–३६७).

[૧૦૧] હેમચન્દ્રે હેને किम्ના આદેશ તરીકે આપ્યોછે. પણ किम्નો લિંગરહિત પ્રકૃતિ, તરીકે વપરાયોછે એ સ્પષ્ટ છે; અને હેણે काइं અને कवण એમ બે આદેશો આપ્યાછે. જે અનુક્રમે નપુંસકલિંગ અને નપુંસક-ઈતરલિંગ (એટલે પુંલિંગ અને સ્ત્રીલિંગ) રૂપ છે એ ઉદાહરણ ઉપરથી જણાયછેઃ–

कवणु वि एहु न चिंतवइ काइं वि जं निव्वाणु (कुमारपाल चरित. ८, ३०): (कोऽपि एतद् न चिन्तयति न विचारयति । यत् किमिति किंस्वरूपं निर्वाणम्–હેમચન્દ્રની ટીકા.)

આથી જણાશે કે અહિં काइं નપુંસકલિંગ છે અને कवण પુંલિંગ છે અને સૂત્રના कवण घण–का घृणा એ ઉદાહરણમાં એ સ્ત્રીલિંગછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ જરાક વિચાર કરવાથી આદ્ય ભાસતા વ્યજંનના આ લોપનું ઉપ-
પત્તિયુક્ત કારણ મળી આવશે. ૮-૧-૧૭૭ ઉપરની પોતાની ટીકામાં હેમચન્દ્ર
क्वचिदादेरपि । सपुनः । सउण । सच । सोअ ॥ એમ કહેછે એ ખરું. પરંતુ
વસ્તુસ્થિતિ હેવી જણાયછે કે, सउण, सोअ, (कउण), ण आणे (न जाणे) એ હેવાં
દૃઢ-ગ્રથિત શબ્દયુગ્મો છે કે તેઓ એક અર્થ દર્શાવતાં જણાયછે અને
આ[102] મનોવ્યાપાર શબ્દોની શરીરરચનામાં પ્રતિફલિત થાય છે અને એ
શબ્દોને અખંડ શબ્દોનો ભાસ આપેછે, અને એ કારણે પ્રસ્તુત વ્યંજનનું
સ્થાન આદ્ય મટીને અનાદ્ય થાયછે અને પરિણામે લોપ પ્રાપ્ત થાયછે. પુનઃ
जाने ઇત્યાદિ શબ્દો અલગ વપરાય ત્ય્હારે લોપ નથી થતો અને પુણ, जाणे
ઇત્યાદિ રૂપો પ્રાપ્ત થાયછે એ ઘટના આ મત સ્વીકારતાં સકારણ લાગશે.
(उत्तररामचरितમાંથી ઉપર આપેલું जाणेનું ઉદાહરણ[103] જુવો).

પ્રો. વેબરને अच्छइની વ્યુત્પત્તિ गच्छतिને બદલે आगच्छतिમાંથી સિદ્ધ કરવી
વધારે સ્હેલી પડત. હેમાં गના લોપની મુશ્કેલી દૂર થાત, आगच्छतिમાં ग
અનાદ્ય ગણાતાં आअच्छइ થાય અને હેમાંથી आच्छइ, अच्छइ આવે. (હેમ-
ચન્દ્ર आगमिओ ને आयमिओ હેને વૈકલ્પિક રૂપો તરીકે આપેછે; ૮-૧-૧૭૭,
ટીકા) સિન્ધી अचू ( अचणो-अचण )=આવવું એ ધાતુ મૂળ आगच्छના આ
રૂપાન્તરમાં જોઈ સકાયછે. અર્થ પણ, गम् "જવું" હેના કરતાં "આવવું"
એ, अस् "હોવું" હેના અર્થને, નિકટતર થશે. હું તો આ માત્ર આનુમાનિક
વિકલ્પ તરીકે સૂચવુંછું; કારણ કે આ વ્યુત્પત્તિમાં વાગ્વ્યાપારની દૃષ્ટિયે
તેમ જ અર્થની દૃષ્ટિયે, દેખાતો જ કાંઇક ગૌરવદોષ રહેલોછે. પણ અહિં
મ્હારે કહેવું જોઇયે કે પ્રો. વેબરનો મત રજુ કરવામાં મ્હેં સંપૂર્ણ આધાર
મિ. બીમ્સના ગ્રન્થ (પુ. ૩, પૃ. ૧૮૧-૧૯૨) ઉપર રાખ્યોછે. પ્રો. વેબરકૃત
हाल પૃ. ૪૧ જોતાં મિ. બીમ્સે આપ્યાછે હેવા કોઈ પણ આધાર મળ્યા
નથી, જ્ય્હારે अच्छतिની गच्छतिમાંથી વ્યુત્પત્તિ ત્હેમણે સૂચવીછે હેવું એક જ
સ્થળ મને મળ્યુંછે, જે શબ્દોની અનુક્રમણીમાં છેઃ—

---

૧૦૨ ગુજરાતીમાં (બહુધાજ હેવી) સંધિનિયમની પ્રવૃત્તિ નાવ્યો (न आव्यो),
નાણી (न आणी) હેવા શબ્દોમાં, સામાન્યતઃ પદ્યમાં, થાયછે ત્હેનું કારણ હાવા જ મનોવ્યા-
પારમાં રહેલું છે. નકારનો અર્થ ક્રિયાના અર્થ સાથે વણાઈ જતાં એક અર્થ નિષ્પન્ન
થાયછે; અને એથી સંધિ બનેછે.

૧૦૩ जाणे શબ્દ સ્વતન્ત્ર અને એકલ હોય ત્હારે પણ (जाणे ને સ્થાને) आणे
વપરાયાના દાખલાઓ મળી આવે તોપણ એ પ્રયોગ સંહત શબ્દયુગ્મોથી ઉપજતા
સામ્યાભાસનું જ પરિણામ હોવો જોઇયે એ સ્પષ્ટ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"√*accha*, gam (?) 757" (√अच्छ, गम् (?) ૭૫૭). અને ૭૫૭મી ગાથામાં समम्मच्छन्ति હેવા સંદર્ભમાં છે કે હેને अस्=હોવું એ અર્થ સાથે કંઈ નિસબત જ ન હોય. મ્હેં જોઇ તે હાલની આવૃત્તિ ઇ. સ. ૧૮૮૧ની છે, જ્યહારે મિ. બીમ્સના પુસ્તક ૩જા ઉપર ઇ. સ. ૧૮૭૯ની સાલ છે. પોતે લીધેલું સઘળું જેમાં હોય હેવી કોઈ પ્રાચીનતર આવૃત્તિનો મિ૦ બીમ્સે ઉપયોગ કર્યો હોય એ સંભવેછે. દુર્ભાગ્યે મ્હને એ મળી સકી નથી. પરંતુ વેબરકૃત હાલને વધારે સૂક્ષ્મતાથી તપાસતાં જણાયછે કે મિ૦ બીમ્સે આ આવૃત્તિનો જ ઉપયોગ કર્યોછે. એટલે વેબરકૃત હાલમાં સોધ્યાં જડે નહિં હેવાં વાકયોનો નિર્દેશ મિ૦ બીમ્સ શા આધારે કરેછે એ એક અણઉકેલ્યો ગૂઢપ્રશ્ન રહેછે.

લૅસ્સન, ક્રમદીશ્વરકૃત સંક્ષિપ્તસારના પોતે કરેલા ઉલ્લેખ દરમ્યાન, अच्छ् ધાતુનો જૂદો જ વૃત્તાન્ત આપેછે. મિ૦ બીમ્સ પુ. ૩ ને પૃ. ૧૮૧ મે લૅસ્સનનો નિર્દેશ કરેછે. તે જણાવેછે કે લૅસ્સન (પૃ. ૩૪૬ મે) अच्छइ ઈત્યાદિનો વર્તમાનકાળના અવશેષો તરીકે ઉલ્લેખ કરેછે, અને त्सનો च्छ રહેલાઈથી થાય એટલે अच्छइ ક્રિયાપદ अस्तिમાંથી વ્યત્યયવડે अत्सि દ્વારા આવ્યું એ વ્યુત્પત્તિ તરફ પક્ષપાત બતાવતા જણાયછે (પૃ. ૨૬૬). મિ૦ બીમ્સ ઉમેરેછેઃ-"પણ આથી એ કાળના અન્ય પુરુષોનું ઉપપાદન નહિં થાય." મિ૦ બીમ્સે બતાવેલો આ બાધ ભાગ્યે જ યોગ્ય હશે. કારણ કે ઘણીએ વાર એકપૂરા મૂળરૂપમાંથી ધાતુઓ બનાવવામાં આવેછે અને પછી ત્હેઓ નવા વ્યુત્પન્ન થયેલા ધાતુને આધારે વચન, પુરુષ, વગેરે દર્શાવતાં રૂપાન્તરો પામતા ચાલ્યા જાયછે. ત્રીજા પુરુષ એકવચનના રૂપનો પ્રયોગ અત્યન્ત પરિચિત હોઈને अस्तिમાંથી अच्छ् નિષ્પન્ન થયો હોય, અને ત્યહારપછી, મ્હેં પૂર્વે દર્શાવ્યુંછે તે પ્રમાણે, લાઘવને નિયમે, अच्छ्માંથી જ અન્ય રૂપાન્તરો ઘટાવ્યાં હોય એથી વધારે સ્વાભાવિક અન્ય ઘટના સંભવતી નથી. (વ્યાખ્યાન ૩, પૃ. ૯૮–૯૯ જુવો.)

પરંતુ લૅસ્સને આપેલી આનુમાનિક વ્યુત્પત્તિના માર્ગમાં વાસ્તવિક અન્તરાય, મ્હારે મતે, તદ્દન જૂદો જ છે અને એ દુસ્તર છે. अस्ति શબ્દમાં व्यत्यय થતાં अत्सि થાય અને હેમાંથી अच्छि ઉદ્ભવે. પરંતુ अच्छिમાંથી અત્યન્ત પ્રચરિત અને પ્રથમ પ્રયુક્ત રૂપ अच्छइ નીવડે એ તો વાગ્વ્યાપારગત વિકાસક્રમનો વિપર્યય થાય. अच्छि, અથવા વસ્તુતઃ अछि ઉત્તરકાલીન અપભ્રંશસાહિત્યમાં વપરાયેલ જોવામાં આવેછે એ ખરું પરંતુ એ તો अच्छइમાંથી च्छમાંના દ્રુતતર अનો લોપ થઈને નીપજેલ છે. માટે આપણે પ્રથમ સ્વરૂપે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહેલા अच्छ्ની જ ઉત્પત્તિ તપાસવી જોઇયે. એ શી રીતે બને એ આપણે આગળ તરતમાં જ જોઈશું.

હાલ તરત તો મ્હારે આ વિષયમાં મિ૦ બીમ્સને મત વિચારવો પડશે. એ ગૃહસ્થ પોતાની કૃતિના ત્રીજા પુસ્તકનાં ૧૮૦ થી ૧૮૭ પૃષ્ઠોમાં આ વિષયની વિસ્તૃત ચર્ચામાં ઉતર્યાછે. પ્રથમ લૅસ્સનના અને વેબરના મતો જણાવીને હેમની ક્ષતિયો દર્શાવીને પછી પોતે अच्छની વ્યુત્પત્તિ √अक्ष्=(હેમની સમજ પ્રમાણે) "ભાસવું" હેમાંથી સૂચવેછે. अस्ના સ્વીકારમાં હેમને જણાતાં પ્રતિબન્ધો અને अक्ष् માટેની હેની દલીલો હું તપાસીશ. પ્રથમ ત્ય્હારે મિ૦ બીમ્સ વાંધો ઉઠાવેછે કે આ મુદ્દાપર—જાણ્યામાં આદિતમ-નિયમ આપનાર વરરુચિએ (પ્રા. પ્ર. ૧૨, ૧૯ એ સ્થળે) अस्ના આદેશ તરીકે अच्छ् આપ્યોછે તે अस्નું વાગ્વ્યાપારસિદ્ધ રૂપાન્તર જ છે હેમ માનવું આવશ્યક નથી; વરરુચિયે સંસ્કૃત પ્રાચીન શબ્દ अस्નો લૌકિક પર્યાય માત્ર આપ્યોછે; અન્યત્ર ( ૮, ૬૮ ? ૬૯ એ સ્થળે ) હેણે સંસ્કૃત मस्ज्ના આદેશો बुड्ड् અને खुप्प् આપ્યાછે પરંતુ એટલા માટે मस्ज्ને એ શબ્દોના વિકાસક્રમનું મૂળ ન ગણી સકાય. હવે આ દલીલમાં દર્શાવેલા સામાન્યનિયમમાં મ્હારી સંપૂર્ણ સંમતિ છે. મ્હારે વૈમત્ય દર્શાવવું પડેછે તે તો એ નિયમના વિશિષ્ટપ્રસંગે થતા વિનિયોગ પરત્વે જ કારણ કે વાગ્વ્યાપારદષ્ટિયે જેટલું મ્હોટું અન્તર बुड्ड् અને मस्ज् વચ્ચે કે खुप्प् અને मस्ज् વચ્ચે રહેલુંછે તેટલું अच्छ् અને अस् વચ્ચે નથી. વસ્તુતઃ હું આગળ દર્શાવીશ તે પ્રમાણે अच्छ्ને अस् સાથે સર્વસંમત વાગ્વ્યાપારગત નિયમોને અનુસરતો સંબંધ છે. જે પ્રકારે હેમચન્દ્ર आस्ને સ્થાને अच्छ् આપેછે તેની અને વરરુચિયે યોજેલા પ્રકારની વચ્ચે રહેલો ભેદ લક્ષ્યોગ્ય છે; હેમચન્દ્ર કહે છે કે आस्નો અન્ત્યવ્યંજન छ् બનેછે, જ્યહારે વરરુચિ કહેછે કે अस्નો अच्छ् બનેછે; આ રીતે હેમચન્દ્ર अच्छ्ને आस्નું વાગ્વ્યાપારસિદ્ધ પરિણામ માનેછે, અને વરરુચિ એમ માનેછે કે એ अस्નો અખંડ આદેશ છે (જેને, એ બે વચ્ચે રહેલા વાગ્વ્યાપાર-વિષયક સંમ્બન્ધને કારણે, વાગ્વ્યાપારસિદ્ધ આદેશ ગણી સકાય). હેમચન્દ્રે ૮-૪-૨૧૫ એ સ્થળે गम्ને માટે गच्छ् (ખરું જોતાં गम्માં म्ને બદલે छ्) આપ્યોછે તે ૮-૪-૧૬૨ માં આપેલા गम्ના સંખ્યાબંધ, વાગ્વ્યાપારદૃષ્ટિયે અસંબદ્ધ, આદેશોથી વ્યક્તરીતે ભિન્ન થઈ રહેછે, અને હેણે आस्ને (પૂર્વ સૂત્રમાં स्નો छ् થયા પછી) गम् અને બીજા બે ધાતુઓ સાથે ખડકયોછે. હેમચન્દ્ર अच्छ्ને आस्નું વાગ્વ્યાપારજનિત પરિણામ માનેછે એમ સ્વીકાર્યા વિના છૂટકો જ નથી. વરરુચિનીબાબત શંકા રહેછે એટલું તો કહેવું પડશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મિ. બીમ્સની બીજી તકરાર એ છે કે વરરુચિ કેટલાંક રૂપો માટે अच्छ् આપેછે, પરંતુ अस्तिને બદલે अत्थि આપેછે (૧૨-૨૦). હમણાં જ મ્હેં જે કહ્યું કે આ પ્રસંગમાં લાઘવ અથવા સમીકરણનો નિયમ પ્રવર્ત્યોછે, ત્હેમાં આ તકરારનો ઉત્તર આવી ગયો. ત્હાં મ્હેં હેવી દલીલ કરીછે કે अस्तिમાંથી अच्छइ થયું અને એ अच्छइ ઉપરથી अच्छामि, अच्छसि વગેરે રૂપો ઘટાવવામાં આવ્યાં. મ્હારા લક્ષમાં છે કે વરરુચિનાં સૂત્રો તો अच्छामि, अच्छसि વગેરે રૂપો આપેછે પણ अस्तिને બદલે अत्थि આપેછે (अच्छइ નહિં) અને એથી એ સૂત્રો મ્હારી દલીલને ઉલટાવી નાંખેછે; એટલે કે, પ્રથમ બધાં રૂપોમાં अच्छ् અને માત્ર તૃતીય પુરુષ એકવચનમાં જ अत्थि એ સ્થિતિ હેવું સૂચવેછે કે अच्छामि વગેરે રૂપો ઉપરથી साम्य અને लाघवने નિયમે अच्छइ (अच्छति) પાછળથી થયું (વ્યા. ૩ પૃ. ૯૮-૯૯ જુવો). ભલે તેમ હોય; (જો કે આ નિયમની પ્રવૃત્તિ આથી ઉલટે ક્રમે, એટલે કે अच्छइમાંથી अच्छामि એ રીતે થઈ હતી એ દર્શાવવાનો યત્ન હું આગળ ઉપર કરીશ). આટલું તો ચોક્કસ કે વરરુચિએ દર્શાવ્યુંછે તેમ બીજાં સર્વ રૂપોમાં अच्छ् હતું અને સ્હામે પક્ષે એક अत्थि એ રૂપ જ હતું. એટલે સંભવ હેવો રહે કે સર્વસાધારણ વ્યાપક ધાતુ તરીકે अच्छ् પ્રધાનભૂત હતો અને એ ધાતુ अस्नुं વાગ્વ્યાપારસિદ્ધ પરિણામ હતો કે નહિં એ આપણે વિચારવાનું છે. (અલબત્ત, વરરુચિ अच्छ्ને શૌરસેનીમાં વ્યાપક દર્શાવેછે.)

એમ પણ હોય કે ભામહની એટલા અંશપરની ટીકા લુપ્ત હોવાથી प्राकृतप्रकाश ના ૧૨ મા ખંડની વિશદતાને હાનિ પ્હોંચેછે. બીજું પણ દૂષક તત્ત્વ છે. કોવેલ (૧૮૪ મે પૃષ્ઠે) મત દર્શાવ્યો છે કે (પ્રસ્તુત રૂપો अच्छामि ઇત્યાદિ અને अत्थिની ચર્ચા કરતાં) ૧૯ મું અને ૨૦ મું એ સૂત્રો તર્કપ્રધાન છે. આ પ્રતિકૂલ તત્ત્વો કાંઇક વજનદાર ગણીને અહિં નોંધુંછું.

ત્રીજું, મિ૰ બીમ્સ કહેછે કે अच्छ् અને अस्ના સંબંધને શંકાપાત્ર ગણવાના પક્ષમાં એક પ્રમાણભૂત આપ્તજનનો મત અનુકૂલ છે (એ પ્રમાણ તે ઉપર આપેલો પ્રો. વેબરનો અભિપ્રાય જ હશે).

આ વિષયની ચર્ચામાં પ્રો. વેબરે અર્પેલા હિસ્સાનો નિકાલ હું પાછળ કરી ચૂકયોછું અને હવે પુનરાવર્તનની જરૂર નથી. પરંતુ જે ગ્રન્થમાંથી મિ. બીમ્સે અવતરણ આપ્યુંછે તે ગ્રન્થ જોવાનો લાભ મ્હને પ્રાપ્ત ન થાય ત્હાં સુધી તો મ્હારે એમ જ માનવું પડે કે अच्छ् અને अस् વચ્ચેના વાગ્વ્યાપારગત સંબંધને બાધક-સામાન્ય નિરીક્ષણે સ્ફુટ ભાસતા આ સંબંધને બાધક-સમર્થ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કારણો દર્શાવવામાં આવ્યાં નથી. અત્યહારે તો મ્હારી સમક્ષ માત્ર એક વાકયમાં સમાવિષ્ટ થતા મિ. બીમ્સના નીચેના કથન ઉપરાંત વિશેષ કાંઈ નથીઃ-

"વેબર, હાલને ૪૧મે પૃષ્ઠે, (अच्छ् અને अस्) એ બે શબ્દો વચ્ચે કાંઈ સંબંધ સ્વીકારવાના ખ્યાલને વર્જ્ય ગણેછે, અને એ ન્યાય્ય છે." હું કહી ચૂકયોછું કે મ્હને જોવા મળી સકેલી વેબરના હાલની આવૃત્તિમાં ૪૧મે પૃષ્ઠે આ વિષયપર કાંઈ નથી કહ્યું માટે ખરો આધારગ્રન્થ હું પ્રાપ્ત કરી સકું અને આ વર્જન ન્યાયપુરઃસર થયેલું છે કે કેમ એ જોઈ સકું ત્યહાં સૂધી મ્હારે રાહ જોવી રહી.

છેવટે, મિ. બીમ્સ એમ માનેછે કે अस् એક અલગ ધાતુશરીર છે, જે ધાતુએ પોતાના स્‌ને બદલે ह् અર્વાચીન ભાષાઓમાં સમર્પ્યોછે, અને આ મતને પરિણામે, કઈ રીતે अस्નો अच्छ् બની સકયો હોય એ હેને દુર્ગ્રાહ્ય લાગેછે. આ વિષયે હું માત્ર આટલું જ કહી સકુંછું કે स्નો छ् બને એ વાત સુવિદિત છે; વસ્તુતઃ (સં), षष्‌માંથી (षट्-सट्-દ્વારા) छ અને (સં) षष्ठःમાંથી सट्ठोદ્વારા छट्ठो એ પ્રમાણે મિ. બીમ્સ પોતે હેનો અંગીકાર કરેછે (પુ. ૧, પૃ. ૨૬૧). ક્રિયા વિશિષ્ટ સંયોગોનો બળે अस्‌ના स्નો छ् થયેલો મ્હને જણાયછે તે હું તરતમાં જ દર્શાવીશ. આ પરિસ્થિતિમાં, आहे (મ. અને સિં.), है (હિં.) હેને માટે એક ધાતુશરીર (अस्) સ્વીકારવું, અને छे (ગુ. બં.) ઇત્યાદિ માટે અન્ય ધાતુશરીર (अक्ष्) ઉપજાવવું હેતું મ્હને કાંઈ કારણ જણાતું નથી.[૧૦૪] તથાપિ આપણે જોઇયે કે મિ. બીમ્સે छे ના મૂળ તરીકે अक्ष् આપ્યોછે હેનો એ સ્થાન માટે, હેની સ્વાનિષ્ઠ યોગ્યતા જોતાં, અધિકાર કેટલો છે. अस्‌માંથી अच्छ् ન બને, હેનો તો अह् જ બને, માટે अस् સંતોષકારક નથી, હેવી પ્રતિપક્ષબાધક દલીલનું નિરાકરણ ઉપર જ કર્યુંછે. એ પ્રતિપક્ષબાધક ભૂમિકાને અવલમ્બીને એ ગૃહસ્થ, વિવિધ અર્વાચીન ભાષાઓમાં ધારણ કરેલાં ભિન્નભિન્ન રૂપોના

૧૦૪ નથ્-અર્થક સંયુક્ત ક્રિયાપદ ન+अस्तिમાંથી (ગુજ.) નથી ઉદ્ભવેછે અને સર્વ પુરુષોમાં અવિશેષે વપરાયછે હેનો મિ. બીમ્સ નિર્દેશ કરેછે, અને (પુ. ૩ને ૧૮૮-૯ પૃષ્ઠે) આ પ્રમાણે ટીકા કરેછેઃ-શબ્દના મૂળની વિસ્મૃતિનું અને પરિણામે જે પ્રસંગોમાં હેને નભવાનો અધિકાર નથી એ પ્રસંગોમાં પણ હેનો પ્રયોગ આણી મૂકવાના વ્યાપારનું આ એક ઉદાહરણ છે, કારણ કે નથી શબ્દ સ્પષ્ટ રીતે अस्तिના પ્રાકૃતરૂપ अत्थिમાંથી, આગળ ન લગાડીને, ઉપજાવેલો છે, અને એ પ્રમાણે તત્ત્વતઃ ત્રીજા પુરુષનું એકવચનનું જ રૂપ છે." એ વાત ખરી, પરંતુ એટલું ઉમેરીશ કે આ વિસ્મૃતિ હેમચન્દ્રની પણ પૂર્વે શરુ થઈ હતી કારણ કે હેણે (૮-૩-૧૪૮માં) વર્તમાનકાળમાં સર્વ પુરુષો અને વચનો માટે अत्थि આપ્યોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંતોષકારક મૂળશબ્દ તરીકે, अक्ष्‌ને સોધવા નીકળી પડેછે; એ રૂપો તે એકતઃ अछ અને अस्‌ (अछ्‌દ્વારા अस्‌) અને અન્યતઃ अख्‌; (કારણ કે પ્રાકૃતમાં ख तેમ જ छનો વાગ્વ્યાપારદૃષ્ટિયે મૂળવર્ણ क्ष છે, સિ. હે. ૮–૪–૨૧૫ અને વિશેષતઃ મરાઠીમાં स्‌ નો મૂળવર્ણ छ્‌ છે.) એટલે નીચે પ્રમાણે આકૃતિ યોજીયેઃ—




તો बीजलाघवને ન્યાયે સર્વે અર્વાચીન ભાષાઓનું સમાધાન થશે. મિ. બીમ્સને નં ૧ (ख्‌) ભોજપુરી ક્ષેમાં ઉપલબ્ધ થયોછે (પુ. ૩ પૃ. ૧૮૬), નં. ૨–૩ अछ्‌-छ्‌ ઓરિયામાં ( अछि, अछु, अछुं, अछ्‌ , अछन्त ), બંગાળીમાં ( आछि, आछिस, आछे, आछ, आछेन; छिनु, छिलि, छिल, छिलाम्‌, छिला, छिलेन्‌); મૈથિલ ઉપભાષાઓમાં (छूं, छु, छे, छें, छी, छीं); કુમાઓન ગારહવાલ અને પૂર્વ રજપૂતાનાની ઉપભાષાઓમાં (छूं, छौ ઇત્યાદિ); અને ગુજરાતીમાં (छूं, छे, छे; छइये, छो, छे, હેમણે આપ્યાંછે તે રૂપે);[૧૦૫] અને નં. ૪ (अस्‌) મરાઠીમાં (असे, असस, असूं, असो, असत, असतो, असतोस, असतो; ઇત્યાદિ ઇત્યાદિ એ ભાષાનાં પ્રચુર રૂપોમાં). અર્થની બાબતમાં તો મિ. બીમ્સ "જોવું" કે "ભાસવું" એ અર્થપ્રાપ્તિના સંભાવ્ય આધારરૂપે अक्षि (=આંખ) શબ્દનો આશ્રય લેછે.

હવે अक्ष्‌ની તરફનો સમગ્ર પક્ષવાદ આ પ્રમાણે હોઇને અર્થ વિશેના પશ્રિમ ભાગનું નિરાકરણ કરવા માટે એક જ ઉત્તર બસ થશે; તે એ કે "જોવું" કે "ભાસવું" એ અર્થ, વસ્તુતઃ માત્ર એક આધારહીન તર્ક જ છે, સંસ્કૃતમાં તો अक्ष्‌નો, મિ૦ બીમ્સ પોતે (પુ. ૩ ને ૧૮૩ મે પૃષ્ઠે) કબૂલ કરેછે તેમ "પ્રાપ્ત કરવું, વ્યાપવું" એ જ અર્થ થાયછે. મોનીઅર

૧૦૫ કાશ્મીરીમાં પણ આ छ्‌ દેખા દે છેઃ—

छुस्‌ (હું છું) પુંલ્લિંગ. છેસ્‌ (હું છું) સ્ત્રી લિંગ.
छुख्‌ (તું છો) „ છેસ્‌ (તું છો) „
छुह्‌ (તે છે) „ છેહ (તે છે) „

(ગ્રીઅર્સન કૃત કાશ્મીરી ભાષાની લઘુપોથી, પુસ્તક ૧, પૃ. ૪૪ મું જુવો.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિલ્યમ્સ अक्षते સ્વતન્ત્ર ધાતુ નથી માનતા પણ अस् (=હોવું) એ ધાતુનું એ જૂનું સન્નન્ત–એટલે ઇચ્છાદર્શક–રૂપ હશે એ સંભવિત માનેછે. એ ગૃહસ્થ अक्षिને अस् (=હોવું) એ ધાતુમાંથી આવેલો માનેછે અથવા વિકલ્પે, શંકાદર્શક પ્રશ્નચિહ્ન મૂકીને, अञ्ज् ધાતુ સૂચવેછે. આ સાથે निरुक्त, ૧, ૯ સરખાવો; હેમાં કહ્યુંછે કેઃ–अक्षि चष्टेरनक्तेरित्याग्रायणस्तस्मादेते व्यक्ततरे भवत इति ह विज्ञायते। આ રીતે યાસ્ક अक्षिની વ્યુત્પત્તિ चक्ष् (=જોવું, કહેવું) એ ધાતુમાંથી જણાવેછે, પણ એ સ્પષ્ટ રીતે ક્લિષ્ટ છે, કારણ કે સંસ્કૃતમાં चक्षના चના લોપનું કારણ સમઝી સકાતું નથી. યાસ્કની મનોદષ્ટિ સમક્ષ चक्षुस् શબ્દ હશે એમ તો નહિં હોય? નિરુક્તકારે આગ્રાયણના મત તરીકે રજૂ કરેલી વ્યુત્પત્તિ, એટલે કે अञ्ज्માંથી એ શબ્દની વ્યુત્પત્તિ, વધારે યોગ્ય લાગેછે; જો કે व्यक्ततरे भवत; (વિશદતર બનેછે) હેને સ્થાને जगद् व्यक्तं कुरुतः (જગત્‌ને વિશદ, દૃષ્ટિગોચર, કરેછે) હેવા પ્રકારનું કંઇક અર્થદર્શન જોઇયે એમ હું માનુંછું. અને આ બધી ભાંજગડને અન્તે પ્રશ્ન પૂછવો રહે કે આ બધો શ્રમ શા કારણે ઉઠાવવો? કારણ કે अच्छ અને अस् તો अस्માંથી પણ સારી રીતે ઉદ્દ્ભવી સકે; શું માત્ર ભોજપુરીમાંના खની ખાતર આ માથાકૂટ માંડી? ત્હારે હવે ભોજપુરીરૂપ નિમિત્ત આ પ્રસંગમાં કેટલું સહાયક બનેછે તે જોઇયે. સર જ્યોર્જ ગ્રીઅર્સનકૃત **"ભારતવર્ષની ભાષાવિષયક સમીક્ષા"** એ ગ્રન્થના પુસ્તક ૫માંના ૨જા ભાગમાં ભોજપુરીની કેટલીક ઉપભાષાઓમાં "હોવું"ના પર્યાયભૂત ક્રિયાપદનાં વિવિધ રૂપો, પ્રમાણભૂત શબ્દો અને વાકયોના નોંધના પેટામાં, આપ્યાંછે જેમાં

> हाइ; बाना =(હું) છું; बाटी =(હું) છું;
> हावा, हात्रस, हउआउ =(તું) છે;
> बा, हावस, हउ =છે;

ઇત્યાદિ પ્રાપ્ત૰ થાયછે, પણ ત્હાં ख તો બિલકૂલ મળતો નથી. (૫૦–૫૩ પૃષ્ઠો) ભોજપુરી માટે આપેલી વ્યાકરણની રૂપરેખામાં પણ ख પરત્વે એટલું જ મૌન જળવાયુંછે. માત્ર નમૂના માટે આપેલા ફકરાઓમાં નીચે પ્રમાણે ઉપલબ્ધ થાયછેઃ––

(૧) होखे ="હશે (પૃ. ૨૦૬–૨૦૭).
અથવા "હોવું" (પૃ. ૧૮૭).
(૨) आ एलायक **नइखी**ँ (પૃ. ૨૩૨)
(૩) राउर बेटा कहावे लायक **नइखी**ँ (પૃ. ૨૨૦).



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૪) राउर लरिका कहावे जुकुर **नइखीँ** (પૃ. ૧૯૫).
(૫) राउर लरिका कहावे जोग **नइखीँ** (પૃ. ૨૦૬).

(પૃ. ૧૮૭).

હવે, (૧) માં હોખે છે તે સ્પષ્ટ બતાવી આપશે કે એ મૂમાંથી આવેલા હોધાતુનું રૂપ છે અને ખે કોઇ પ્રત્યયને સ્થાને જ હોવો જોઇયે; જ્યહારે नइखीँ એ ગુજરાતીના નથી (સં. नास्ति, પ્રા. नत्थि) જેવું કાંઈક નકારમિશ્ર રૂપ છે. थ અને ख વચ્ચેનો સંબંધ અદ્યાપિ અજ્ઞાત હશે, પરંતુ હું માનુંછું કે એ પ્રકાશમાં આવે હેવો સંભવ છે, કારણ કે નથી જોઇતુંને બદલે વખી જોઇતું બોલતો ઉચ્ચારદોષવાળો એક માણસ મ્હારી જાણમાં છે. એ જ પરિસ્થિતિમાં ઉચ્ચારદોષ કઈ દિશા સ્વીકારે એ આથી સૂચવાયછે, અને ભોજપુરી ભાષા, આ એક જ રૂપ नइखोँની બાબતમાં, એ જ ચીલે ચાલી હોય એ સ્હેલાઈથી સમઝાય એવું છે. ख વિશે મિ. બીમ્સનું કથન પણ કાંઈક નિર્બળ છેઃ "ભોજપુરીમાં વર્ત માનકાળ માટે ઘણીવાર खे સંભળાયછે, જે બંને પુરુષોમાં અવિકૃત ર્‌હેછે." હેને એ "બહુ પ્રચરિત" ("widely used") રૂપ કહેછે, પણ એક પણ ઉદાહરણ આપતા નથી, એટલે આપણને કાંઈપણ માર્ગદર્શક સાધન પ્રાપ્ય ર્‌હેતું નથી. અને ભારતવર્ષની ભાષાવિષયક સમીક્ષામાં જે સાધન પ્રાપ્ત થાયછે તે તદ્દન ભિન્ન વાત પુરવાર કરેછે. હાવી સ્થિતિ હોઈને, (જેમાં ख् નથી આવ્યો હેવાં) ઉપર બતાવેલાં ત્રિવિધરૂપોના બોજથી તેમ જ જ્યહાં ख દેખા દેછે ત્યહાં હેનું મૂળ કાં તો हो (भू) એ ધાતુને લગાડેલા અલગ પ્રત્યયમાં અથવા તો नत्थि એ સુસંહત રૂપમાં ર્‌હેલું જણાયછે એ વસ્તુસ્થિતિના બોજથી, એમ બેવડા દબાણથી ख્નો પક્ષ પડી ભાગેછે.[૧૦૬]

અક્ષ્‌ના પક્ષનું આધારભૂત જે એક જ તત્ત્વ (ख्) હતું હેનું આ પ્રમાણે નિરાકરણ થતાં બાકી રહેલા (મ. स् અને ગુજ. छ् ઇત્યાદિના મૂળભૂત

૧૦૬ આ અભિપ્રાયો હું કેટલી'ક પ્રતિકૂળતાઓ વચ્ચે અને પરિણામે સ્પષ્ટ મર્યાદાઓ સાથે અને મ્હારી તકરાર ખોટી ઠરે તો સત્યનિર્ણય સ્વીકારવાની તત્પરતા સાથે રજૂ કરુંછું. કારણ કે મ્હને ભોજપુરીનો જાતે પરિચય નથી, મિ૦ બીમ્સે પ્રત્યક્ષ ઉદાહરણો આપ્યાં નથી, અને મ્હારે ભારતવર્ષની ભાષાસમીક્ષાનો આધાર લેવો પડયોછે, પણ એ ગ્રન્થમાં, મ્હારી માતૃભાષા ગુજરાતીની બાબતમાં મ્હેં નિઃસંશય જોયુંછે તેમ, ક્વચિત્ ભૂલનો સંભવ છે. તથાપિ આ વસ્તુસ્થિતિ અબાધિત રહેછે કે ભોજપુરીમાં પ્રસંગશઃ દેખા દેતા ख્ના એકપૂરા પ્રયોગની સ્હામે, ભોજપુરીમાં અને અન્ય ભાષાઓમાં, छ् સમેત રૂપોનું મ્હોટું દળ ખડુંછે, અને આપણે, કેવળ એ એકલા ख્ની ખાતર, अस्‌ને પડતો મૂકીને કાલ્પનિક અર્થયુક્ત अक्ष्‌નો સંશયગ્રસ્ત આશ્રય ખોળવાની આવશ્યકતા નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છ્‌ને કારણે અક્ષ્ ધાતુનો આશ્રય લેવા આવશ્યક નથી, કારણ કે હેનો તો अस् "હોવું" હેને આધારે કે आस् "બેશવું" (ક્રમશઃ અર્થ પરિણમતાં "હોવું") એ ધાતુને આધારે એટલો જ અને એથી દૃઢતર નિર્વાહ થઈ સકેછે.

આ રીતે છે (छ्) ના મૂળધાતુ તરીકે આપણે आस् ("બેશવું") અને अस् ("હોવું") એ બેમાંથી પસંદગી કરવી રહેછે. હવે હું, બને તેટલી સંક્ષિપ્તતાએ કારણો દર્શાવીને, આ વિષયમાં મ્હારો નિર્ણય જણાવીશ. હવે સ્થિતિ આ પ્રમાણે છે; વર્તમાનકાળના સર્વ પુરુષો અને વચનોમાં અવિશેષે વપરાતા રૂપ તરીકે હેમચન્દ્રે (૮-૩-૧૪૮માં) नत्थि રૂપ આપ્યુંછે ત્હેને એક વિરલ ઘટના ગણીને બાજૂએ મૂકી છાંડિયે તો, પ્રાકૃત, પાલી, અને અપભ્રંશમાંનાં अच्छनां (अच्छामि, अच्छसि, અને अच्छति, अच्छइ પણ એ) સંદેહરહિત અને વિશાળ પ્રચારવાળાં રૂપો આપણી સંમુખ રહેછે. આ अच्छ्‌ની વ્યુત્પત્તિ બે પ્રકારે આપવામાં આવીછે; એક પક્ષે હેમચન્દ્ર હેને आस् (=બેશવું) એ ધાતુનો आदेश (પરંતુ વાગ્વ્યાપારસિદ્ધ आदेश જ) જણાવેછે, (૮-૪-૨૧૫), અને, અન્યપક્ષે, ક્રમદીશ્વર હેને अस् (હોવું)નો વાગ્વ્યાપારસિદ્ધ આદેશ માનેછે, (संक्षिप्तसार,૪-૧૦, પિશલે § ૪૮૦ માં કરેલા નિર્દેશ પ્રમાણે). હેમચન્દ્ર વિ. સં. ૧૧૪૪-૧૨૨૮ એ સમયમાં સમૃદ્ધ હતા જ્યહારે ક્રમદીશ્વરનો સમય ઇ. સ. ૧૨૦૦-૧૨૫૦ (એટલે વિ. સં. ૧૨૫૬-૧૩૦૬) ગણાયછે; (ડૉ. બેલવલકર કૃત "સંસ્કૃત વ્યાકરણ શાસ્ત્રો"માં ઐતિહાસિક અનુક્રમણી જુવો). આ પ્રમાણે અન્યોન્યથી એક સૈકાને અન્તરે થયેલા હેમચન્દ્રે અને ક્રમદીશ્વરે अच्छ्‌નાં ભિન્ન મૂલો દર્શાવ્યાંછે, આદ્ય આચાર્ય आस् અને અપર પંડિત अस् દર્શાવેછે: આપણે કોને અનુસરિયે ? પ્રત્યેકનાં સાધકબાધક તત્ત્વો તપાશિયે. आस् (=બેશવું)ના પક્ષમાં નીચેના મુદ્દાએ છેઃ-

(૧) પ્રાચીનતમ લોકભાષા પાલીમાં अच्छतिનો પ્રયોગ છે તે પ્રકરણબળે आस्‌ના પક્ષનું સમર્થન કરેછે. જેમકે तुण्ही अच्छन्ति="તેઓ મૂગા બેશેછે" (जातकपञ्चक ૪૮), હેમાં आस्‌નો "બેશવું" એ અર્થ, अस्‌ના "હોવું" એ અર્થ કરતાં વધારે સારી રીતે, બંધ બેશેછે; तूष्णीमास्ते (મૂગો બેશેછે) એ પ્રયોગમાં રૂઢ અર્થનું યથાર્થ સમર્પણ થાયછે; तूष्णीमस्ति (મૂક છે) હેમાં અર્થસમર્પણ ઠીક નથી થતું, એ તો અસંશય દુર્ઘટ બનેછે. ચાઇલ્ડર્સે पाली शब्दकोषમાં अच्छतिની વ્યુત્પત્તિ आस् "બેશવું"માંથી આપીછે ત્હેનો પક્ષ આ પ્રમાણે પ્રબળ જણાયછે. समच्छति (सम्+आस्)એ શબ્દની નીચે પણ હેમણે तूण्ही समच्छिरे, "ત્હેઓ મૂગા બેશેછે" (જા. પં. ૪૮) એ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદાહરણ આપ્યું છે, અને હેનો અર્થ આ પ્રમાણે આપ્યો છે तूण्हीहुत्वा निषीदन्तीति वुत्तं होति, જે आसवाળી વ્યુત્પત્તિનું વિશેષ સમર્થન કરેછે. जातक ઇ. સ. પૂર્વે ૩૦૦થી પ્રાચીનતર છે (રિહુઝ ડેવિડ્‌ઝ કૃત बौद्ध धर्म, हेनो इतिहास अने साहित्य પૃ. ૭૮).

(૨) મ્હેલાં નિર્દેશ કરી ચૂકયોછું તે गमिष्यमाणं छः એ સૂત્રમાં હેમચન્દ્ર आस्‌નો સ્વીકાર કરેછે. હેના कुमारपालचरितમાં अच्छ्ના પ્રયોગે ઘણા છે, અને ત્હાં હેના, પૂર્વે મ્હેં જણાવ્યુંછે ત્હેમ, "બેશવું"થી "હોવું" પર્યન્ત ફરતા ફરતા અર્થો થાયછે.

अस् (હોવું)ના પક્ષમાં નીચે પ્રમાણે મુદ્દાઓ છેઃ—

(૧) વરરુચિ આપણે જોયુંછે તેમ अस् (હોવું)નો સ્પષ્ટ સ્વીકાર કરેછે. (વરરુચિનો સમય આશરે ઇ. સ. પૂર્વે ૩૫૦ ગણી સકાય, હેનું બીજું નામ કાત્યાયન હતું, ડો૦ બેલવલકર કૃત. "સંસ્કૃત વ્યાકરણ શાસ્ત્રો"માં ઐતિહાસિક અનુક્રમણી જુવો).[૧૦૭]

(૨) ક્રમદીશ્વર (संक्षिप्तसार ४–१०) अस् (હોવું) પસંદ કરેછે.

(૩) માર્કણ્ડેય (प्राकृतसर्वस्वं ७–११६) સ્પષ્ટ રીતે अस् સ્વીકારેછે અને હેણે आस्‌ને માટે આદેશ આપ્યો જ નથી. હેનું કથન આ પ્રમાણે છેઃ अस्तेरच्छः (કારિકા) स्यात्। अच्छइ। अत्थि इति संस्कृतात् (વૃત્તિ).

[ માર્કણ્ડેયે प्राकृतपिंगलમાંથી કેટલોક અંશ ઉતાર્યોછે (ઉદાહરણાર્થે ૧૭–૮ અને ૬ જુવો) અને प्राकृतपिंगल ચોદમા સૈકામાં કે ત્હાર પછી થયું મનાયછે. હેણે એ ઉતારાઓ प्राकृतपिंगलથી સ્વતન્ત્ર રીતે લોકગત પરંપરામાંથી લીધા હોય એમ ન માનિયે તો આ આધારે માર્કણ્ડેયનો સમય ઇ. સ. ના ૧૪મા સૈકા પછી કંઈક લેખાય, સર જ્યૉર્જ ગ્રીઅર્સન (જ. રૉ. ઍ. સો. ૧૯૩૩, પૃ. ૩૧૯ મે) જણાવેછે કે માર્કણ્ડેયનો જીવન સમય ઇ. સ.

---

૧૦૭. કાત્યાયન અને વરરુચિની એકતા માટે અને હેના સમય માટે વેબર કૃત भारतवर्षना साहित्यनो इतिहास (૩ જી આવૃત્તિ), પૃષ્ઠો ૨૨૨–૨૨૩ જુવો, અને મૅક્સમૂલર કૃત प्राचीन संस्कृत साहित्यनो इतिहास (અલ્હાબાદની પાણિનિ ઑફિસવાળી આવૃત્તિ), પૃ. ૧૨૩–૧૨૮ જુવો. વેબર ઇ. સ. પૂર્વે ૩૫૦ ના પક્ષમાં જણાયછે અને મૅક્સમૂલર કાત્યાયન વરરુચિનો સમય ઈ. સ. પૂર્વે ચોથા શતકના અપરાર્ધમાં મૂકેછે. (જે લગભગ એક જ થયું). કૉવેલ (प्राकृतप्रकाश પ્રસ્તાવના, પૃ. ૬–૭પૃષ્ઠે) વિક્રમાદિત્યની સભામાં "નવરત્નો" એકત્ર હતાં (જેમાં વરરુચિ પણ હતો. रत्नानि वै वररुचिर्नव विक्रमस्य) એ લોકપ્રથાનો ઉલ્લેખ માત્ર કરેછે અને હેનો સમય ઇ. સ. પૂર્વે ૫૬ ગણેછે, અને (દેખીતી રીતે) "ભૂતકાળમાં બહુ પ્રાચીન," "આપણા સનથી પૂર્વતર" સમય પસંદ કરેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ના સત્તરમા સૈકાના મધ્યમાં હોય એમ જણાયછે, અને ત્હેઓ પિશેલ, प्रा. व्या. § ૪૦ નો નિર્દેશ કરેછે. પરંતુ પિશેલને વિશ્વાસે રહેવામાં અહિં કાંઈ ભૂલ થાયછે હેવી મ્હને બીતિ છે. એ ફકરો, प्रा. व्या. § ૪૦, મ્હેં રેવ. ફાધર ઝિમરમનની સાથે વાંચ્યોછે અને એ વિદ્વાન્ હેવો અર્થ કરેછે કે પિશેલ ત્હાં ઑફ્રેક્ટે ફરી છપાવેલ એક હસ્તલેખની પ્રશસ્તિનો નિર્દેશ કરેછે જે પ્રશસ્તિ માર્કણ્ડેયે મુકુન્દદેવના રાજ્યસમયમાં એ ગ્રન્થ લખ્યો એમ જણાવેછે; આ મુકુન્દદેવ ઈ. સ. ૧૬૬૪ માં રાજ્ય કરતો હતો હેવું ઑફ્રેક્ટ સૂચવેછે; પરંતુ એ વાત નિશ્ચિત નથી એમ પિશેલ પોતે કહેછે. એ પંડિત વસન્તરાજ (प्राकृत संजीवनी) ને અનુસરીને ઠરાવેલી મર્યાદાને આધારે દલીલ રજૂ કરેછે અને માર્કણ્ડેયને ઈ. સ. ના પંદરમા સૈકાના પ્રથમપાદ (ચતુર્થ) પછી મૂકેછે.]

(૪) अस् ધાતુ "હોવું" એ અર્થમાં સાક્ષાત્ વિદ્યમાન હોઈને "હોવું" એ અર્થમાં વિશાલ પ્રયોગ પામેલા अच्छइનો મૂળ ધાતુ સરળતાથી માની સકાય એ સંભવ પ્રબળ છે. હવે આ સર્વ મુદ્દાઓની પરસ્પર તુલના કરિયે. હેમચન્દ્રે कुमारपालचरितમાં આપેલાં ઉદાહરણોનું પ્રમાણ તરીકે મૂલ્ય મ્હેં પૂર્વે કહ્યુંછે તેમ નષ્ટ થાયછે, કારણ કે એ કાવ્ય હેણે પોતાના જ ઘડેલા વ્યાકરણ નિયમોનાં ઉદાહરણો યોજવાના ખાસ હેતુથી જ રચ્યું હતું. હેનું गमिष्यमासां छः એ સૂત્ર જોઈશું તો જણાશે કે गच्छइ અને जच्छइ (गम् અને यम्) નો छ વસ્તુતઃ સંસ્કૃત गच्छति, यच्छतिમાંથી જ આવ્યો છે, અને વાગ્વ્યાપારદૃષ્ટિયે જોઇયે તો म् નો छ् થાય એ વાત એક અસત્ય કલ્પના જ છે. સંસ્કૃતમાં इषुનો छ् છે તે નિઃસંશય વાગ્વ્યાપારના નિયમોને અનુસરીને થયોછે. गच्छइ, इच्छइ, जच्छइ ને પ્રચરિત પ્રયોગમાં જોઇને હિમચન્દ્રે એ રૂપોને (વાગ્વ્યાપારને અનુસરતાં રૂપને તેમ જ વાગ્વ્યાપારથીવિરુદ્ધ રૂપોને) એકત્ર ગોઠવી દીધાં અને જૂદા જૂદા ("બેશવું"થી મન્દક્રમે "હોવું" સૂધી જતા) અર્થોમાં अच्छइને પણ પ્રચરિત જોઈને હેનો પણ (स् નો छ એ વિકાર વાગ્વ્યાપાર સંમત હોઈને) એ સૂત્રમાં સમાવેશ કરી દીધો અને વિશેષતઃ अत्थिને સર્વે પુરુષોમાં અને સર્વે વચનોમાં વપરાતો દીઠો એટલે હેણે अच्छइને अस्માંથી ઉદ્ભવેલો માન્યો. વરરુચિ વર્તમાનકાળના તૃતીય પુરુષ એકવચનમાં अत्थिને આગ્રહથી વળગી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહેછે પણ તે શિવાયનાં બધા રૂપોમાં अस्-अच्छ्ने સ્વીકારેછે, પરંતુ હેના સમયમાં अच्छति, अच्छइ એ રૂપ પણ વિદ્યમાન હતું એ સર્વથા સંભવિત છે એ વાત વિચારતાં જણાય છે કે પ્રચારમાં अत्थिने પણ જોઈને હેણે એ રૂપ પર દૃષ્ટિ ઠેરવી રાખી અને અન્યરૂપ अच्छति, अच्छइની ઉપેક્ષા કરી. બીજી બાજૂ જોઇયે તો ક્રમદીશ્વર દ્વિતીય પુરુષ એકવચન માટે सि, પ્રથમ પુરુષ એક વચન માટે म्हि (અનુક્રમે असि અને अस्मिने સ્થાને), પ્ર. પુ. બહુવચન માટે म्हो અને म्ह અને બાકીનાં બધાં માટે अच्छ् સ્વીકારેછે.[૧૦૮] આ પ્રમાણે જ્યહારે વરરુચિ अत्थि સિવાય બીજે સર્વત્ર अच्छ् આપેછે ત્યહારે ક્રમદીશ્વર अस्ति, सन्ति અને स्थने સ્થાને अच्छ સ્વીકારીને अच्छइ, अच्छन्ति, અને अच्छह કે अच्छत्थ આપેછે.

अच्छ् એ રૂપસિદ્ધિ વિચારિયે તો, હેના માર્ગમાં કંઈપણ અંતરાય નથી. મ્હેં પૂર્વે દર્શાવ્યુંછે (ઉપર પૃ. ૨૪૯) તે પ્રમાણે સ્નો छ् થાય એ વિકાર કેટલાક શબ્દમાં પ્રવર્તતો ઉપલબ્ધ છેઃ षष्–छ; षष्ठः-छठ्ठो; शकर्ट–छकडो; मशकः-मच्छर; ઇત્યાદિ; સ્વાભાવિક રીતે સ્નું મૂળ श् કે ष्નો જ પરિણામભૂત ગણવાનોછે). એથી વિપરીત વિકાર, छ् નો स्, મરાઠીના વિશેષ લક્ષણ તરીકે મિ. બીમ્સે (પુ. ૧, પૃ. ૨૧૮મે) નોંધ્યોછે; આ વર્ણવિકાર ગુજરાતીમાં પણ પ્રવર્તતો દૃષ્ટિગોચર થાયછે, જેમકે સં. अक्ष=ધરી પ્રા. अच्छ તેમ જ अक्ख; ગુજ. आंस; અને પૂરા આશ્ચર્યની વાત છે કે મરાઠીભાષા પોતાના નિયમનું અંશે ઉલ્લંઘન કરીને आंस તેમ જ आंख બંને સ્વીકારેછે. छ् અને स् વચ્ચેનો વાગ્વ્યાપારગત સંબંધ દર્શાવવાને આ વાત પૂરતી છે, જે સંબંધ જ મ્હેં આપેલાં ઉદાહરણોમાં સ્નો छ् થવારૂપ વિકારનું કારણ છે. હવે अस्ति શબ્દ કોઈએક વિકારક્રમે, હેના स्तिનો (વિશ્લેષના વ્યાપારથી) સંયોગભેદ થતાં હાવી સ્થિતિમાં હશેઃ असxति–असxइ (સિ. હે. ૮–૪–૨૩૯માં) અને વરરુચિયે प्राकृतप्रकाश ૮–૭૧ માં દર્શાવેલા સર્વસાધારણ નિયમ પ્રમાણે स् વર્ણ अ અન્ત્ય પ્રાપ્ત કરે). અહિંયાં, માત્રાનું પરિમાણ અન્યૂન રહેછે છતાં, अस्तिમાં પાછળ રહેલા સંયોગથી ભારયુક્ત ઉચ્ચાર પામતા अ ને લીધે જે જેમ રહ્યું હતું ત્હેનો લય થવાનું ભાન અન્તર્ગત રહેછે. જેમના આ આભાસ-

૧૦૮ सिम्ह्यस्तेः सिम्मिमम्भ्याम् ४–८; उत्तमवहुना म्होम्हौ ४–९; अच्छो-ऽन्यत्र ४-१० (संक्षिप्तसार) પરંતુ અન્યત્ર સંક્ષિપ્તસાર अत्थिने મહારાષ્ટ્રીમાં એકલ એક રૂપ તરીકે સ્વીકારેછે (अस्तेरत्थितिङा ॥ अत्थि पुरिसो ॥ લૅસ્સન, પરિશિષ્ટ પૃ. ૫૦, ૫૧, સં. સા. માંથી ઉદ્ધૃત અંશ)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૂપ નાશનો પ્રતીકાર કરવા માટે अस ति (इ)નો स् ઉમેરાતાં[૧૦૯] अस्सति (अस्सइ) રૂપ ઉદ્ભવ્યું. આ अस्सति-अस्सइનો अश्यति (ફેંકેછે)માંથી ઉદ્ભવેલા अस्सइ સાથે ભ્રમ થવો સંભવિત હતો. હેનાથી વિશિષ્ટતા પ્રાપ્ત કરવાને अस्ति-માંથી ઉદ્ભવેલા अस्सइમાંના स्स એ छ-च्छ સાથેના પોતાના વાગ્વ્યાપારગત સંબન્ધનો આશ્રય લીધો અને अच्छइ રૂપ નિષ્પન્ન થયું. જેમ पच्छइ ( સં. पश्चात्માંથી આવીને ) पछइ થયો તેમ જ આ अच्छइ આગળ ઉપર ઉત્તરકાલીન અપભ્રંશના સમયોમાં अछइ બન્યો; અને પછી अछि થયો (पछि-પછીની માફક). आस्ते (=બેશેછે ) એ ક્રિયાપદને પણ અન્તિમરૂપ अच्छति કે अच्छइ પ્રાપ્ત કરવા માટે હેવા જ વિકાસક્રમની સરણિમાંથી પસાર થવું પડે. ત્હારે અર્વાચીન ગુજરાતીને છે અર્પનારા अच्छइનો શક્ય વૃત્તાંત આ છે. आस् (બેશવું) કરતાં अस् (હોવું) એ વ્યુત્પત્તિ યુક્તતર ગણીને એ તરફ હું પ્રબળ પક્ષપાત ધરાવુંછું એ સ્પષ્ટ જણાશે. છતાં, પ્રાચીનતમ લોકભાષા પાલીમાં अस् (હોવું) કરતાં आस् ( બેશવું)ને વધારે અનુરૂપ થતા અર્થમાં अच्छति નજરે પડેછે એ વાત લક્ષમાં રાખતાં હું હેવી સૂચના કરવાની હિંમત કરુંછું કે आस् તેમ જ अस् બંન્નેમાંથી એક સમાનરૂપ अच्छइ ઉદ્ભવ્યું;[૧૧૦] અને आस्ના અર્થની કેટલીક છાયાઓની અને अस्ની વચ્ચે રહેલી અર્થગત નિકટ-તાને પરિણામે, એ अच्छइ રૂપવિશે ભ્રમ ઉપજતાં કેટલાક વૈયાકરણોએ હેને अस् (હોવું)માંથી વ્યુત્પન્ન માન્યું અને બીજાઓએ હેનો आस् (બેશવું) સાથે સંબંધ ગણ્યો. આ સૂચના કરીને અને એ સૂચનાથી મ્હને अस् (હોવું)માંથી

---

૧૦૯. આ વ્યાપાર (વિશ્લેષ અને સંયોગના પૂર્વ વર્ણનું દ્વિત્વ) નીચેનાં ઉદાહરણો સરખાવિયે ત્હારે સ્વાભાવિક જણાશે; छत्रकं (સં.) छत्तरउं (અપ.) છાપરું (ગુજ); [કેટલાક છાપરુંને छत्वरकंમાંથી વ્યુત્પન્ન માનેછે; હું એ વ્યુત્પત્તિ અણઘટતી માનુંછું હેનાં કારણો યોગ્ય સ્થળે, એટલે त्त નો प થવા વિશેના उत्सर्गમાં, આપીશ ત્હાં જોઇ લેવાં]; पत्रकं (સં) पत्तरउं (અપ.) पातरुं (ગુજ. સૂરતી ગુજ.). अनुं દીર્ઘત્વ (છેલ્લા ઉદાહરણ, पातरुंમાં) થયુંછે તે વિશિષ્ટ પ્રથમ વર્ણના દ્વિત્વનું નિર્વિવાદ સૂચન કરેછે.

૧૧૦ હાનું એક સૂચક ઉદાહરણ નીચેની પંક્તિમાં મળે છેઃ-जं अच्छइ तं माणिअइ होसइ करतु म अच्छि ॥ (સિ. હે. ૮-૪-૩૮૮નું ઉદાહરણ); હેનો અર્થ (વિ. સં. ૧૬૭૨ કે તે પ્હેલાંની) दोधकवृत्तिमां હાનો આપ્યો છેઃ-यदस्ति तन्मान्यते, कोऽर्थः-दीयते युज्यते । भविष्यतीति कुर्वन् मा 'अच्छि' मा आस्स्व मा तिष्ठेत्यर्थः ॥ અહિં પ્હેલા अच्छइનો અર્થ अस्ति લીધો છે અને અન્ય કોઇ અનુકૂળ અર્થ શક્ય નથી, જ્યહારે બીજા अच्छिનો आस्स्व (બેશ) હેવો અર્થ કર્યોછે, જો કે "હો મા" "રહે મા" એ અર્થ પણ એટલો જ બંધ બેશે; तुं येथें अस (તું અહિં હો, તું અહિં રહે) એ મરાઠી સરખાવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માનેલી વ્યુત્પત્તિને વળગી રહેવામાં અન્તરાય નથી થતો એ જણાવીને હું કાંઈક વિસ્તીર્ણ થયેલી આ ચર્ચા સમાપ્ત કરુંછું.[૧૧૧]

આ વર્ગમાં મૂકી સકાય હેવો અન્ય એક ધાતુ છેઃ વા ( વાવું=વગાડવું. વાંસળી સાથે વપરાતાં ); જેમ કે વાંસળી વાયછે ( વાંસળી વગાડેછે ) ઉદાહરણ તરીકે

(૧) વ્હાલો મ્હારો કુંજમાં **વાયછે** વાંસળીરે લોલ,
નાદે વેધી છે મ્હારી પાંસળી રે લોલ.

(દયારામ; ગરબી સંગ્રહ; ગુજરાતી પ્રેસની આવૃત્તિ; પૃ. ૧૮૦, ગરબી ૩૧, કડી ૧)

(૨) વાંસલડી **વાજો** સાંઝે આજ વાંસલડી **વાજો**;
વાત માહારી ભૂલી માં જાજો; સાંઝે આજ૦

---

૧૧૧ રા. રા. કેશવલાલ ધ્રુવ अस् "હોવું" વાળી વ્યુત્પત્તિના પક્ષમાં છે (ભાલણ કૃત कादम्वरीની હેમની પ્રસિદ્ધિ, ટિપ્પણ પૃ. ૨૫૭ પંક્તિ ૧૦–૧૮ જુવો). હેમણે સંક્ષેપમાં હાવા તાત્પર્યનું કથન કર્યુંછેઃ–જેઓ છેની વ્યુત્પતિ आस् (स्थित्यर्थ) અને ऋच्छ् (गत्यर्थ)માંથી દર્શાવેછે તેઓ પ્રાકૃત રૂપ अच्छ् ને લીધે ભ્રમમાં પડ્યાછે એ સ્પષ્ટછે. આ ધાતુમાં च् ઉમેરાયોછે તે પાણિની ૬-૧-૭૩, છે च હેમાં નોંધેલ વલણનું પરિણામ છે. જેવી રીતે એ વલણથી इष्ने બદલે इच्छ् બને છે તે જ રીતે એથી अस्નું પ્રાકૃત રૂપ अच्छ् બનેછે. અપભ્રંશના સમયમાં એ વલણ લુપ્ત થયું તે સાથે એ આગન્તુક च् લુપ્ત થયોછે.

મ્હારે કહેવું જોઈશે કે આ च ઉત્તરકાલીન અપભ્રંશના સમયમાં લુપ્ત થયોછે. કારણ કે અપભ્રંશ સાહિત્યમાં अछइ ઉપલબ્ધ નથી; જોકે વરરુચિકૃત प्राकृतप्रकाशनी કોવેલ્વાળી પ્રસિદ્ધિમાં (પૃ. ૯૪ ફુટનોટમાં) બે હસ્તલેખોમાં આપેલા પાઠ તરીકે अस्तेरछः નો નિર્દેશ કર્યોછે. પરંતુ चના આગમરૂપ વ્યાપારનો અવકાશ સ્વીકારીને એક મૂલ આકૃતિરૂપ તરીકે अछ् આપ્યું હોય એ શક્ય છે. अछइ ( च વર્જિત अच्छइ) તો અપભ્રંશ પછી અને અર્વાચીન ગુજરાતીની પૂર્વે દૃષ્ટિગોચર થાયછે. चના આ ઉત્પત્તિ-દર્શન અને મ્હેં સૂચવેલી असइ-अस्सइ-अछ्छइ-अच्छइ એ વ્યુત્પત્તિ વચ્ચે રહેલા તફાવત તરફ પણ હું લક્ષ ખેંચુંછું.

સદ્‌ગત **શાસ્ત્રી** વ્રજલાલે મુદ્દાની વાત ઉડાવી છે અને માત્ર આ પ્રમાણે કહ્યુંછેઃ– સં. अस्નું વર્તમાનકાળમાં તૃતીયપુરુષ એકવચન अस्तिं છે. હેનું પ્રાકૃતમાં अत्थि અથવા छइ બનેછે( उत्सर्गमाला પૃ. ૭૪ )—(વસ્તુતઃ छइ પ્રાકૃત છે જ નહિં પરંતુ **ઘણું અર્વાચીન ઉત્તરકાલીન અપભ્રંશનુંરૂપ** છે). વળી જ્યહારે ( उत्सर्गमाला ૧૦૨–૩ પૃષ્ઠે) ત્હેઓ એમ કહે છે કે अस्तिનું स्ति થયું અને स्तनો थ થતાં ગુજ. थायछे થયું ત્યહારે તો હેમની ભ્રમપરંપરા માટે હસ્યા વિના રહેવાતું નથી. थायछे સં. स्था 'ઊભા રહેવું' હેમાંથી આવેલછે એ તો સ્પષ્ટ છે. છતાં આપણે શાસ્ત્રીને ન્યાય આપવો જોઇયે. વરરુચિકૃત प्राकृतप्रकाशनी કોવેલવાળી આવૃત્તિમાં ૯૪મે પૃષ્ઠે, ફુટનોટમાં, એક હસ્તલેખ અનુસારે थम्मि ને अस्मिનું રૂપ દર્શાવેલ છે. વસ્તુઃ थम्मिરૂપ स्थाમાંથી ઉદ્‌ભવ્યું છે અને આ પાઠાન્તર કરનાર પુરુષનો એ વિશે ભ્રમ થયોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(એ જ ગ્રન્થ, પૃ. ૧૮૧ ગરબી ૩૪, આદ્ય પંક્તિયો).

આ વા ધાતુનું આ અલ્પતમરૂપ સં. वादयति ક્ષીણ થઈને ઉદ્‌ભવ્યુંછે; સં. वादयति; પ્રા. वायेइ–वाएइ; ગુજ. वाए-वाय (છે).

આ ख–(૨) વર્ગની અંદર માત્ર બીજો એક ધાતુ આપીશ, લેવું. હું આ ધાતુની વ્યુત્પત્તિ સં. नी=દોરી જવું ઉપરથી સાધતો નથી. (જો એ વ્યુત્પત્તિ સ્વીકારાય તો એ ધાતુ આ વર્ગમાં આવે નહિ કારણ કે હેમાં नનો ल થયો છે એ એક જ ફેરફાર છે જે એટલો અલ્પ છે કે એ કારણે આ ધાતુનો આ વર્ગમાં સમાવેશ ન્યાય્ય નથી.) આ વ્યુત્પત્તિનો ત્યાગ કરવાનાં કારણો આ પ્રમાણે છેઃ–

(૧) "લેવું"નો અર્થ "ગ્રહણ કરવું" "સ્વીકારવું"છે અને नी નો અર્થ "દોરી જવું" થાયછે, અને જોકે આ અર્થ "ખેંચી જવું, ઉપાડી જવું" એ અર્થદ્વારા "લેવું" અર્થ પ્રાપ્ત કરે એ અશક્ય નથી તોપણ એ ઘટનામાં ક્લિષ્ટતા તો રહેલી જ છે;

(૨) પ્રાકૃત કે અપભ્રંશ સાહિત્યમાં नी ધાતુનું णी શિવાય બીજું કોઈ રૂપ મળતું નથી;

(૩) नेणें (नीમાંથી) 'દોરી જવું' અને घेणें (ग्रह्‌માંથી) "લેવું" એ મરાઠી શબ્દો સાથે તુલના કરતાં જણાશે કે नी નો "દોરી જવું" અને હેવા અર્થ ઉપરાંત અન્ય અર્થ ન થઈ સકે એ સંભવિત છે.

હું ले (લેવું)ની વ્યુત્પત્તિ સં. लभ् પ્રા. लह्‌માંથી થયેલી માનુંછું, लभते–लहइ–लअइ–लेइ. लअइ એ ક્રમ આનુમાનિક છે, પરંતુ એ વડે વાગ્વ્યાપારનો વિકારક્રમ દર્શાવવાનો ઉદ્દેશ છે. એ પણ ખરું છે કે આ રૂપમાં (लह् નો ले બનીને) ले નો પ્રયોગ मुग्धाववोध औक्तिक (વિ. સં. ૧૪૫૦) જેટલા પ્રાચીન કાળમાં, અને એ પૂર્વે, એટલે કે હેમચન્દ્રથી પણ પૂર્વે, દૃષ્ટિગોચર થાયછે; જે નીચે આપેલાં અવતરણોથી જણાશેઃ—

(१) करी लेई देई इत्यादि बोलिवइ × × × × तिहां तवा प्रत्यय.
(મુગ્ધા० पृ. ४ આસન ૨).

(२) करी लेई इत्यादि आगलि जाणइ सकइ ए विहुनइ योंग तुम् हुइ।
(એ જ ગ્રન્થ, પૃ. ૫ આસન ૨).

(३) जं कावालिय बप्पुडा लेहिं अभग्गु कवालु॥ (सि. हे. ८–४–३८७ ઉદાહરણ ).
અત્ર लेहिंનો અર્થ दोधकवृत्तिमां गृह्णन्ति કર્યોછે.

(४) जं चाहसि तं लेहि।
प्राकृतपिंगल, १–९ )



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(માર્કણ્ડેયકૃત प्राकृतसर्वस्व ૧૭, ૮, વિઝાગાપટ્ટમની આવૃત્તિમાં આ ઉલ્લેખનું મૂળ સ્થળ प्रा. पिंगल ૧–૪૦ દર્શાવેલછે, પરંતુ प्रा. पिंगलની કલકત્તાવાળી આવૃત્તિમાં આ અવતરણ મ્હને ૧–૯ એ સ્થળે મળ્યુંછે).

આ પરિસ્થિતિમાં આપણે એટલું જ કહી સકિયે કે, લેની સાથે સાથે लह્નો પ્રયોગ ક્વચિત્ ઉપલબ્ધ હોય તોપણ, लह् ધાતુએ લે સ્વરૂપ ઘણે પ્રાચીન સમયે પ્રાપ્ત કર્યું હતું.

ઉપર પ્રમાણે લેની વ્યુત્પત્તિ लभ્માંથી દર્શાવનાર હું એકલો નથી. મિ. બીમ્સનું મ્હને હેમાં સમર્થન મળેછે; હેમનું તુલનાત્મક વ્યાકરણ, પુસ્તક ૩, પૃ. ૪૯, અને પુસ્તક ૧, પૃ. ૨૬૮ જુવો. એ ગૃહસ્થ (પુ. ૧, પૃ. ૨૪૮ મે) વિશેષ હેવું જણાવેછે કે, બંગાલીમાં લખાયછે लइते, પરંતુ ઉચ્ચાર नइते થાયછે, અને ઓરિયામાં લેખનમાં તેમ જ ઉચ્ચારમાં નેઇબા છે; મરાઠી નેણેંનો સં. ની "દોરી જવું" હેને બદલે સં. लभ्-लह् (પ્રા.)-લેવું (ગુજ.) ની સાથે સંબંધ સાધવાના પ્રયાસ ઉપર આ બીમ્સે આપેલી હકીકતથી પ્રસંગતઃ પ્રકાશ પડેછે (મિ. બીમ્સ મ. નેણેંની હેવી જ વ્યુત્પત્તિ આપેછે પુ. ૩ પૃ. ૪૯). કારણ કે (મ્હેં ઉપર દર્શાવ્યુંછે તેમ) મ. નેણેં અને ઘેણેં અર્થમાં ભિન્ન છે, જેમ સિંધીમાં खण् અને वह् ભિન્ન અર્થચ્છાયા દર્શાવેછે તેમ; खणि अच (" લાવ્ય ") શબ્દશઃ 'લઇને' આવ્ય (अच) હેનો પ્રયોગ હાથમાં ઉપાડીને લઈ જવાય હેવા પદાર્થો વિશે બોલવામાં થઈ સકે જ્યહારે વઠી अच (એટલે પણ 'લાવ્ય') હેનો પ્રયોગ એમ ન ઉચકી સકાય પણ દોરીને કે હેવી રીતે લઈ જવાય હેવા પદાર્થો સંબંધે થાયછે. તે જ રીતે મરાઠી ઘેણેં હાથમાં ઉચકી જવાય હેવા પદાર્થોની અપેક્ષાએ વપરાયછે અને નેણેં એક સ્થળથી બીજે સ્થળ દોરી સકાય હેવા પદાર્થો માટે વપરાયછે. નેણેંનો બીજો અર્થ પણ છે, 'ઉચકી જવું' હેવો, એ મ્હારા લક્ષમાં છે પરંતુ હેનો ઘેણેંથી વિશેષ સ્પષ્ટ છે, કારણ કે ઘેણેંનો અર્થ "લેવું" એટલો જ થાયછે; આ પ્રમાણે તેને પદાર્થની એકથી બીજે સ્થળે ગતિ દર્શાવેછે, જ્યહારે ઘેણેં હાથમાં કે પાત્રમાં પદાર્થનું કેવળ ગ્રહણ દર્શાવેછે.

સર રવીન્દ્રનાથ ટાગોર પણ બંગાળી लइते (=લેવું)ની लभવાળી આ વ્યુત્પત્તિમાં સંમત છે. તે આ પ્રમાણે ક્રમ દર્શાવેછેઃ–लभिते, लहिते–लइते–नइते–नीते–(જ. રૉ. એ. સો. ૧૯૧૩ પૃ. ૫૩૮મે મિ. જે. એ. ઍન્ડર્સનનો "મિ. રવીન્દ્રનાથ ટાગોરની બંગાળી વ્યાકરણ ઉપરની નોંધ વિશેનો લેખ જુવો.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે હું આ उत्सर्ग ५ માંનો (ग) વર્ગ લઈશ:—એટલે, નામને (અને, કવચિત્, વિશેષણને) કાંઈપણ લક્ષ્ય વિકાર વિના ક્રિયાદર્શક ધાતુરૂપે ફેરવીને સધાતી ગુજરાતી ક્રિયાપદોની શરીરરચના, એ વિષય વિચારીશ.

આ વર્ગના પ્રકારદર્શક ઉદાહરણ તરીકે સં. शल्यમાંથી થયેલું (ગુજ.) ક્રિયાપદ सालवुं લઇયે. અનુકૂળતા માટે આ વર્ગને शल्यादि કહિયે. शल्य= 'ભાલું, બાણ, આર,' હેનું પ્રાકૃતમાં सल्ल થાય અને ગુજરાતીમાં साल હેવું નામ બનેછે. હેમાંથી આપણને सालवुं 'ઇજા કરવી, આન્તર વ્યથા કરવી' એ ક્રિયાપદ પ્રાપ્ત થયુંછે. અલબત્ત સં. शल्य શબ્દ शल्[૧૧૨] ધાતુમાંથી ઉદ્ભવ્યો છે. પરંતુ ગુજરાતી ક્રિયાપદ सालवुंની ખરી વ્યુત્પત્તિ ઉપર પ્રમાણે ગુજરાતી નામ सालમાંથી સિદ્ધ થાયછે. शल्यादि ગણ મ્હેં ધડ્યોછે તે પ્રમાણે આપુંછું:—

| સં. નામ કે વિશેષણ. | પ્રાકૃત કે અપભ્રંશ | ગુજ. | ગુજ. ક્રિયાપદ |
|---|---|---|---|
| ૧ शल्यं | सल्लं | साल | सालवुं |
| ૨ पर्याणं | पल्लाणं | पलाण | पलाणवुं |
| ૩ धैर्यं | धीरं | धीर (જૂજ જેમ કે धारी न सक्यो धीर; દલપતરામ.) | धीरवुं |
| ૪ तस्करः | (સીધું) | | तस्करवुं |
| ૫ निर्वाहः | निव्वाहु | निभाव | नमाववुं પછી नमवुं |
| ૬ चित्रं | (સીધું) | | चीतरवुं |
| ૭ धूर्तः | धुंत्तु | (धूत કોઈક કાળે) | धूतवुं |
| ૮ कष्टं | कट्ठं | | कठवुं |
| ૯ भटः | भडु | भड | भडवुं |
| ૧૦ स्थिरं | थिरु | थिर | ठरवुं |

૧૧૨. शलति સં.માંથી પ્રા. सलइ બને; सल्लइ ન હોય તો ગુજ. માં साले આવે. સિ. હે. ૮-૪-૩૧૯ માં शकादिगणનો ઉલ્લેખ કર્યોછે હેમાં शल् મળતો નથી, કે જેથી ल् બેવડાઈ સકે. તેમ એ ગણને आकृतिगण પણ નથી કહ્યો. ઉદાહરણોને અન્તે इत्यादि શબ્દ છે તેથી તે વાત સંદિગ્ધ રહેછે. જો शल्નો એ ગણમાં સમાવેશ કરિયે તો सालवुंનું આ ગણમાંથી વર્જન કરવું જોઇયે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | दरः | डरु | डर | डरवुं |
| ૧૨ | तलस्पर्शः | तलप्फंसु | | तळांसवुं |
| ૧૩ | युगककं | जुअडउं | जोडुं | जोडवुं |
| ૧૪ | | | ठग | ठगवुं |
| ૧૫ | | | आचको | अचकावुं |
| ૧૬ | | | वचको | वचकावुं |
| ૧૭ | | | खटको | खटकावु |
| ૧૮ | संकटकं | संकडउं | सांकडुं | संकडावुं |
| ૧૯ | वककं | वंकउं | वांकुं | वंकावुं |
| ૨૦ | धवलकं | धवलउं | धोळुं | धोळवुं |
| ૨૧ | पीतकं | पीअलं | पीळुं | पीळवु |
| ૨૨ | | | भोळुं | भोळववुं |
| ૨૩ | | | गाभरो | गभरावुं |
| ૨૪ | आकुलकः | आकुलउ | आकळो | अकळावु |
| ૨૫ | पश्चात्तापकः | पच्छात्तावउ | पस्तावो | पस्तावुं |

[ संपीने કોઈ લુપ્તપ્રયોગ ક્રિયાપદનું કૃદન્તરૂપ છે જેનો ધાતુ संप् અનુમાને સ્વીકારી સકાય; આ ધાતુનું બીજું કોઈપણ રૂપ રૂઢિસંમત નથી. આ ક્રિયાપદ संप નામમાંથી ઘટાવેલુંછે, જે નામની વ્યુત્પત્તિ અનુમાને સં. संपातः (= ઘટનાનો સહયોગ ), અપ. संपाउ, પછી संपउ–संपु–संप એમ સાધી સકાય.]

ટિપ્પણઃ—

(૨) पल्लाणिअ મ્હેં कुमारपालचरित, ૨, ૬૩માં જોયેલછે. સંસ્કૃત ટીકા હેનો અર્થ ग्राहितपल्ययनाः કરેછે. વળી હેમાં अपडायाणिअ માટે अपर्याणिताः આપેલછે. આથી એમ જણાય કે મૂળ સંસ્કૃત નામધાતુમાંથી पलाणवुं પ્રાપ્ત થયું. પરંતુ ગુજરાતી નામધાતુઓના પ્રયોગક્ષેત્રની અતિસંકુચિતતા લક્ષમાં લઈને હું આ ક્રિયાપદની વ્યુત્પત્તિ ગુજરાતી નામ पलाणમાંથી દર્શાવવાનું પસંદ કરુંછું.

(૩) धीरवुं એટલે "વિશ્વાસ કરવો, ક્ષમાવૃત્તિથી સાંખવું." સંસ્કૃતમાં धीर् ધાતુ નથી; अवधीर् (= તરછોડવું) છે ખરો, પણ એ અખંડ ધાતુરૂપ છે.

(૪) तस्करवुं; જેમકે "तरवुं तंतरवुं तस्करवुं ए आठे आपकळा य"

(લોક કહેવત).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૫) નમવું–આ રચના વિલક્ષણ છે. નમાવ શબ્દ આવ્-યુક્ત પ્રેરકરૂપનો ભાસ આપેછે, અને એથી નમ્‌ને મૂળ ધાતુ માની લીધોછે. દેખાવ, ચઢાવ, બનાવ વગેરે આવ–અન્ત કૃદન્તરૂપોને આવ–અન્ત પ્રેરકરૂપમાંથી થયેલાં નામ માનવાનો ભ્રમ પણ આ પ્રસંગમાં હેતુરૂપે પ્રવર્તેછે.

નમવુંની વ્યુત્પત્તિ निर्वहति–निव्वहइ–निव्हअइ–निभवुं એમ निर्वहतिમાંથી થયેલી માનવી એ સર્વથા સંતોષજનક નથી, કારણ કે निर्वाहમાંથી વ્યુત્પન્ન કરતાં પ્રાપ્ત થતો निभावનો અર્થ निर्वह્માંથી પ્રાપ્ત થતો નથી. निर्वहમાં અર્થ કર્તૃનિષ્ઠ છે (निर्वाह करवो), જ્યહારે निभवुं–नमवुं કર્મનિષ્ઠ અર્થ દર્શાવેછે (निर्वाह थवो).

(૬) चीतरवुं;— चित्रयति તો સંસ્કૃતમાં જ પ્રચરિત છે; सिद्धान्तकौमुदीમાં હેને ધાતુ તરીકે આપેલછે. પરંતુ વસ્તુતઃ સંસ્કૃતમાં જ એ ધાતુ चित्र નામ-માંથી આવ્યોછે. મ્હને હેવો ખ્યાલ છે કે चित्र વસ્તુતઃ चित् એટલે ચેતના, જીવન, હેમાંથી આવેલછે; જે ચેતનમય, સજીવ, ભાવનું મૂર્તરૂપ એજ ખરૂં चित्र.

(૮) कठवुं–જેમ કે वरसाद कठेछे; જેમાં વરસાદ પ્હેલાની કષ્ટકારક ગરમી વિવક્ષિત છે. कठारो એ कठवुंમાંથી નામ છે.

(૯) भडवुं—જેમ કે,

" चालो चतुरा पछी जई भडिये

( नरसिंह; सुरतसंग्राम, २७–३.)

(૧૦) ઠરવું–કાઠિયાવાડમાં ઊભવું ઉદ્‌ભવ્યું ત્હેવા જ બુદ્ધિભ્રમથી ઠરવું ક્રિયાપદ ઉદ્‌ભવ્યું હશે. स्थिरकः-थिरउ-ठरो, જેને ભ્રમથી ઠર્યો માનીને પછી હેમાંથી ઠરવું થયું. હું આ મત વિકલ્પરૂપે આપુંછું.

(૧૨) तळांसवुं–આ ધાતુ तल અને स्पृश् ધાતુમાંથી પરબારો આવ્યો હોઈ સકે નહિ, કારણ કે એ રીતે તો तलं स्पृशति થાય, જ્યહારે तळांसवुं એક અખંડ શબ્દ છે. પરિણામે तलस्पर्श એ નામમાંથી तलप्फंस દ્વારા तळांसवुं યોગ્ય રીતે પ્રાપ્ત થાયછે.

(૧૩) जोडवुं;–युज् (સં.)માંથી પરબારું जोडवुं ક્રિયાપદ પ્રાપ્ત થઇ સકે નહિં; કારણ કે युज्‌નાં પ્રાકૃતરૂપો जुंजइ, जुज्जइ, जुप्पइ બનેછે.

(૧૪) થી (૧૭) અને (૨૨) અને (૨૩). આ ક્રિયાપદો ગુજરાતી નામ અને વિશેષણોમાંથી આવ્યાંછે અને હેને અનુરૂપ મૂળભૂત શબ્દ સંસ્કૃતમાં કોઈપણ નથી.

(૧૮) થી (૨૪) સુધીનાં ક્રિયાપદો વિશેષણોમાંથી ઘટાવેલાંછે. જ્મ્હારે બાકીનાં ક્રિયાપદો નામમાંથી બનેલાંછે. વિશેષણ વર્ગમાં (૧૮), (૧૯), (૨૨),

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૨૩) અને (૨૪)નો અર્થ કર્મનિષ્ઠ છે; અને એથી मलिनयति જેવા સંસ્કૃત નામધાતુઓથી વિશિષ્ટ છે; એક બાજૂ (૨૦) અને (૨૧) અને સ્હામી બાજૂ (૨૨) હેવો પ્રકારભેદ કરી સકાય એમ છેઃ ધોળવું, પીળવું એ मलिनयतिની માફક પ્રેરક અર્થ દર્શાવેછે, પરંતુ નામધાતુદર્શક પ્રત્યય વિના જ; જ્યહારે ભોળવવુંનો અર્થ હેવો છે ( મોળું બનાવવું, એટલે કે મોળું બનાવીને છેતરવું ); તે સાથે ( સં. अय જેવો ) अव પ્રત્યય પણ લાગ્યોછે.

(૨૫) પસ્તાવું એ ક્રિયાપદ સામ્યાભાસના નિયમની પ્રવૃત્તિનું ઉદાહરણ છે. पस्तावो શુદ્ધ નામ છે છતાં પણ, भर्‌માંથી भरावो અને चढ्‌માંથી चढावो ઇત્યાદિ શબ્દોની માફક, હેમાં પણ आवो છે તે कृत् પ્રત્યય છે હેવી દૃષ્ટિ સ્વીકારાઇછે; અને તેથી पस्ता હેવું કર્મનિષ્ઠ શબ્દશરીર ગણવામાં આવેલછે.

અહિંયાં હું એક ચેતવણી આપીશ. ઉપર પ્રમાણે નામ અને વિશેષણમાંથી ક્રિયાપદો બનેછે હેમાં સંદેહ નથી, પરંતુ એ વિષયમાં રૂઢિ અને પ્રયોગની બાંધેલી મર્યાદા છે ખરી; અને રૂઢિ અને પ્રયોગનાં શાસનો અલિખિત કાયદા જેવાં છે. એ નિયમનો લાભ લેવામાં અયોગ્ય સ્વાતન્ત્ર્ય લેવાથી વિહસનીય અનુપપત્તિ ઉદ્‌ભવેછે. હાવા પ્રસંગો क्त કે अन (ल्युट्) પ્રત્યયવાળાં કૃદન્તરૂપોમાંથી બનાવેલા ભ્રમમૂલક અને અવિશ્વસનીય શબ્દોમાં નજરે પડેછે; જેમ કેઃ—

१ "लग्नमां सकल भूतकाल **संक्रान्तेछे.**"
( इन्दुकुमार नाटक, રા. ન્હાનાલાલ દ. કવિકૃત, ૧, પૃ. ૭૪ )

२ " पडघो **परिसमाप्तती** नथी.
( केटलांक काव्यो, એ જ કર્તાનાં, અર્પણ, પૃ. ૩, પંક્તિ ૭.)

३ "संताननां स्नेह उछेरजो, वाळजो, **परिशुद्धजो.**"
( जया अने जयन्त, કર્તા એ જ, પૃ. ૧૪૮, પંક્તિ ૨૦.)

४ "**निमंत्रणती.** " (એ જ કર્તાનું ઉષા, પૃ. ૧૬.)

આ પ્રકારની અણસમજુ સ્વૈરવૃત્તિને કેટલાક અન્ય લેખકો આથી પણ ઉચ્ચતર કોટિ સૂધી લઈ ગયાછે, જેમ કે કોઈ લેખકે એક ગુજરાતી માસિકપત્રમાં ( જૂલાઇ-સપ્ટેમ્બર ૧૯૧૨ના समालोचकમાં, પૃ. ૧૭૬, પંક્તિ ૧ લીમાં ) प्रदक्षिणाમાંથી प्रदक्षवुं ક્રિયાપદ ઘડી કાઢ્યુંછે! પ્રદક્ષિણા શબ્દના બંધારણ તરફ જ હેણે દુર્લક્ષ બતાવ્યુંછે. નવીન વર્ષ નિમિત્તે મ્હને અભિનન્દનપત્ર લખતાં એક મિત્રે 'तुज आत्मने **उदात्तशे**' હેવો પ્રયોગ કર્યોહતો; અહિં રા. ન્હાનાલાલે બેશાડેલ દાખલાનું અનુકરણ કરવામાં આવ્યુંછે. ભાષાનાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યાકરણનાં અને વ્યાવહારિક બુદ્ધિનાં હાવાં વિમર્દનોમાં રહેલી ભૂલનું પૃથક્કરણ કરવામાં કાલક્ષેપ નહિ કરું.[૧૧૩]

[ ટિપ્પણઃ—क्तान्तરૂપોમાંથી ઉદ્ભવેલી ક્રિયાપદોની પ્રકૃતિની ચર્ચા उत्सर्ग ૪–૩માં કરવામાં આવીછે તો પછી આ उत्सर्गના આ ग અંશને એ उत्सर्गના અંગ તરીકે શા માટે નથી ચર્ચ્યો હેવો પ્રશ્ન કોઈ પૂછશે. પરંતુ જરાં'ક તુલનાત્મક પરીક્ષા કરતાં જણાશે કે એ બે પ્રકારોના સ્વરૂપમાં શો તફાવત રહેલોછે. उत्सर्ग ૪–૩ની અંદર આવતા પ્રકારોમાં ધાતુની પ્રકૃતિ–રચના જાતે જ ચર્ચાવિષય છે, અને એ રચના क्त પ્રત્યય લગાડવાની સાથે જ અથવા લગાડ્યા પછી પ્રવર્તતી એક વા અન્ય વાગ્વ્યાપારગત ઘટનાને વશ રહેછે; જ્યહારે પ્રસ્તુતપ્રકારમાં સંસ્કૃત क्तान्त રૂપને આખું ને આખું લઈને ક્રિયાપદના શબ્દશરીર તરીકે યોજ્યુંછે.

ચોથા વ્યાખ્યાનનો આ ભાગ હું આ સ્થળે પૂરો કરીશ.

## ટિપ્પણ अ.

(વ્યાખ્યાન ૪, ખણ્ડ ૧.)

स्वरभक्ति–પૃ. ૧૧૭ નોટ ૫ નો અન્ત જુવો.

આપણી અદ્યતન સ્વભાષાઓમાંના વિશ્લેષ સાથેના स्वरभक्तिના સંબંધનું સ્પષ્ટ ઉદ્ભાસન થાય એટલા માટે स्वरभक्तिના સંપૂર્ણ અર્થ અને વિષયની પરીક્ષા કરીશું તો રસ પડશે. स्वरभक्तिની ચર્ચા ऋग्वेद प्रातिशाख्यના નીચેના દર્શાવેલા અંશોમાં કરવામાં આવીછેઃ–

पटल १, १७; ६, १०, १३, १४; १३, १३; १४, २५.

---

૧૧૩ વ્યવહાર અને રૂઢિની અનુજ્ઞા પામેલા આ પ્રકારના અપવાદરૂપ પ્રયોગ બે જ મ્હને મળ્યાછેઃ दत्त અને दग्ध (સં. ભૂતકૃદન્તો) એ ઉપરથી ગુજરાતીમાં વપરાતાં दत्तवुं (= આપવું) અને दग्धवुं એ ક્રિયાપદો. આ અપવાદભૂત રૂપો યોજવામાં સ્પષ્ટ ઉદ્દેશ રહેલોછે; પ્રથમ, दत्तवुं ક્રિયાપદ 'આપવા'ના ગમે તે પ્રકારમાં વપરાતું નથી, પરંતુ માત્ર લાંચ કે હેવા અયોગ્ય, અન્યાય્ય કે અધર્મ્ય દાનનો અર્થ દર્શાવવાને કાંઇક કટાક્ષથી અને ગર્હણાથી વપરાયછે. બીજું, આ અર્થવિશેષ પર ભાર મૂકવા માટે, હેનું સ્ફુટ પ્રકટન કરવાના હેતુથી, ઉદ્દેશપૂર્વક, મૂળ સંસ્કૃત રૂપ दत्तं જાળવી રાખવામાં આવ્યુંછે. એ જ પ્રમાણે दग्धवुं ક્રિયાપદ પણ ઉગ્ર મનોવ્યથા આપવાના અર્થને ઉત્કટ બનાવવાના ખાસ ઉદ્દેશથી સંસ્કૃત क्तान्त રૂપમાંથી આખું ને આખું લેવામાં આવ્યુંછે.

નીચેની પંક્તિમાં દયારામે मुक्तપરથી યોજેલા (मुक्तवुं) ક્રિયાપદમાં વિશિષ્ટ ઉદ્દેશ પ્રત્યક્ષ થવો દુષ્કર છેઃ–

अच्युत अशन अवशेष मुक्ते प्रतिदिने जन जेह (रसिकवल्लभ, ९४, ४.)

હેને પ્રગલ્ભ સ્વૈરાચાર ગણવો પડશે,–પછી વૈષ્ણવોમાં પારિભાષિક શબ્દ તરીકે એ રૂપ પ્રચલિત હોય તો જુદી વાત.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૅક્ડોનેલે स्वरभक्तिનાં સર્વ મુખ્ય લક્ષણો प्रातिशाख्योમાંથી લઈને પોતાના वैदिक व्याकरण (Encyclopœdia of Indo-Aryan Research Series) § ૨૧ માં આમ એકત્ર કર્યાંછેઃ—

"स्वरभक्ति—જ્યારે કોઈ વ્યંજન र् કે અનુનાસિકથી સંયુક્ત હોય ત્હારે એ બે વચ્ચે એક અતિલઘુ સ્વરોચ્ચારનો પ્રાદુર્ભાવ પ્રાપ્ત થાયછે, અને છન્દોરચનાના પ્રમાણથી જણાયછે કે એ બે વ્યંજનો વચ્ચે બહુશઃ સ્વર ઉચ્ચારવો પડેછે. प्रातिशाख्योનો સર્વમાન્ય મત છે કે જ્યારે અન્ય વ્યંજનની પૂર્વે र् આવે ત્હારે હેની પછી સ્વરોચ્ચાર કરાયછે; કેટલાકને મતે ल् પછી પણ, અથવા કોઈપણ ઘોષ વ્યંજન પછી પણ, આ વ્યવસ્થા બનેછે. હેને ત્હેઓ स्वरभक्ति એટલે "સ્વરભાગ" કહેછે, અને હેને ½, ¼, કે ¾ માત્રાની વર્ણવેછે. અને ઉચ્ચારમાં a (अ) કે e (ए) (ઘણેભાગે=ĕ अँ) ને તુલ્ય જણાવેછે.

"अ. ऋग्वेदની છન્દોરચનાપરથી જણાયછે કે જે શબ્દોમાં र् स्वर्ण અન્ત્યવ્યંજનની પૂર્વ કે પર રહ્યો હોય તે શબ્દોમાં એક વધારાની શ્રુતિની બહુશઃ અપેક્ષા રહેછે જેમ કે दर्शत "જોવા લાયક" (ચતુઃશ્રુતિ); इन्द्र (બહુશઃ ત્રિશ્રુતિ); प्र (દ્વિશ્રુતિ).

"आ. જ્યારે કોઈ વ્યંજનની પછી ञ्, न् કે म् આવે ત્હારે એ જ આગન્તુક સ્વર કચિત્ પ્રાદુર્ભૂત થાયછે, જેમકે यज्ञ (=यज् अज), ग्ना (=ग् अना) "સ્ત્રી". જો કે આ પ્રકારની સ્વરભક્તિનો પ્રાદુર્ભાવ બહુશઃ, ત્રિષ્ટુભ્ અને જગતી વૃત્તોમાં, યતિ પછીની બીજી શ્રુતિ તરીકે જ થાયછે, આ વૃત્તોના આદિમાં વિરલ હોયછે, અને અન્તમાં કદાપિ નહિ."

આ ભાગમાં એક ઉપયોગી ફુટનોટ—૧૧મી—આપીછેઃ—

'स्वरभक्तिથી આવેલો स्वर સાક્ષાત્ લખાતો હોય હેવા થોડાક દૃષ્ટાન્તો જણાયછેઃ त्रसन्ति ઉપરાંત तरसन्ति; श्वित्र (અથર્વવેદ) "શ્વેત" ઉપરાંત તદ્ધિતવૃત્તિ श्वैतरीम्; ઘણે ભાગે पूर्षने સ્થાને पुरुष અને पूरुष (વૅકરનેજલ્, ૧, ૫૧.cp. ૫૨)"

ऋक्-प्रातिशाख्य (पटल ૧-૧૭) પરના ભાષ્યમાં ઉવ્વટ કહેછેઃ— अन्वर्थसंज्ञा चेयम् । स्वरभाक्तः स्वरप्रकार इत्यर्थः ॥ આ ટીકાવાક્યનો પ્રથમ અંશ મ્હારા स्वरेण भक्तिः એ અર્થદર્શનને અનુકૂળ જણાયછે, પરંતુ ઉત્તર અંશથી હેનો અર્થ स्वरस्य भक्तिः થતો જણાયછે.

મૅકડોનેલે કરેલા "vowel-part" (સ્વરભાગ) એ અર્થને સેન્ટ પિટર્સબર્ગ શબ્દકોષનો પણ આધાર મળેછે કારણ કે હેમાં स्वरभक्तिનો *Teilvocal* (એટલે સ્વરનો અંશ) હેવો અર્થ આપ્યોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્હિટ્ની પણ ( तैत्तिरीय प्रातिशाख्य २१-१५ માં) હેને *fragment, piece, part of a vowel* (સ્વરનો ખંડ કે ભાગ) કહેછે.

અન્યપક્ષે મો. વિલિયમ્સ, પોતાના સંસ્કૃત-અંગ્રેજી શબ્દકોષમાં स्वरभक्तिને "*Vowel-fracture*" (સ્વરભંજન) કહેછે; અને એથી स्वरेण भक्तिः એ અર્થને અનુમોદન મળેછે; પછી "Vowel-fracture"નો "fracture (fraction, ખંડ) of a vowel" હેવો અર્થ ઉદ્દિષ્ટ હોય તો જૂદી વાત; પરંતુ એ અર્થ સંભવિત નથી.

વળી हन्यात्‌ને સ્થાને हनियात्‌, पूर्षने સ્થાને पुरुष એ શબ્દો હેવું સૂચવેછે કે, કાંઈ નહિ તો એ પ્રકારના પ્રસંગોએ, પ્રક્ષિપ્ત તત્ત્વ સ્વર છે, **સ્વર-ભાગ** નથી. અને એથી स्वरेण भक्तिः એમ જોઈયે, स्वरस्य भक्तिः નહિ; પછી આ શબ્દોમાંના इ અને उ ને એક માત્રાના સ્વરના ભાગ તરીકે ઉચ્ચારવાના હોય તો स्वरस्य भक्तिः એમ લઈ સકાય.

તે ઉપરાંત વળી, स्वरभक्तिના ગ્રીક પર્યાય *Anaptyxis* નો અર્થ, અક્ષરશઃ, "*Unfolding* (*ana*-back, *ptyxis* fold )" એટલે "અપાવરણ" થાયછે; એ શબ્દથી સંયુક્ત વ્યંજનો વચ્ચે સ્વરના પ્રક્ષેપથી થતા સંયોગવિઘટ્ટનના વ્યાપારનો નિર્દેશ થાયછે; એટલે જ એ સંયોગમાંના વ્યંજનોની स्वरेण भक्तिः (વિશ્લેષ) કહેવાયછે.

આ બધી હકીકતો એકત્ર વિચારતાં યોગ્ય રીતે અનુમાન થઈ સકે કે स्वरभक्तिથી પ્રથમ, સંયુક્ત વ્યંજનોની **સ્વરથી** (स्वरेण) **વિભેદન ક્રિયા** (भक्ति) એ અર્થ વિવક્ષિત હતો;–અને એ સ્વર લઘુ સ્વરથી પણ લઘુતર હતો; અને અજ્ઞાત અર્થસંક્રાન્તિથી હેને "સ્વરનો ભાગ" હેવો અર્થ પ્રાપ્ત થયો,–વિભાજક સ્વરનું માન સામાન્યતઃ લગભગ સર્વત્ર, માત્રાનો એક અંશ, $\frac{1}{2}$ કે $\frac{1}{4}$ અથવા કવચિત્ $\frac{1}{2}$ માત્રા હતું, એ વાતથી આ નવીન અર્થ ઉપપન્ન જણાયો. આ પ્રકારનું અજ્ઞાત અર્થપરિવર્તન એ કાંઈ અસાધારણ મનોવ્યાપાર નથી.

स्वरभक्तिના સ્વરૂપની પરીક્ષા કરીશું તો હેની અને હિંદની ભાષાઓમાં દેખાતા અને વળી પ્રાચીનતર પ્રાકૃતોમાં પણ જણાતા વિશ્લેષની વચ્ચેનો ભેદ નીચે પ્રમાણે સ્પષ્ટ થશેઃ—

(અ) વિશ્લેષમાં પૂર્ણ એક માત્રાનો સ્વર પ્રાપ્ત થાયછે, પરંતુ स्वरभक्तिમાં સામાન્ય નિયમે માત્રાનો એક અંશ, $\frac{1}{2}$, $\frac{1}{4}$ કે $\frac{1}{2}$ પ્રાપ્ત થાયછે; માત્ર અતિવિરલ પ્રસંગોએ પૂર્ણ માત્રાનો સ્વર પ્રક્ષિપ્ત થાયછે, જેમકે पूर्षને બદલે पुरुष, અને हन्यात्‌ને સ્થાને हनियात्‌. વસ્તુતઃ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

स्वरभक्ति એટલી સૂક્ષ્મ ઉચ્ચાર–ઘટના છે કે કેટલાક આચાર્યોએ તો હેના અસ્તિત્વનો પણ અસ્વીકાર કરવા સુધીની હિંમત કરીછે. (ऋ. प्रा. पटल ६, १४ જુવો);

(आ) स्वरभक्तिનું સ્વરૂપ એટલું બધું સૂક્ષ્મ છે કે प्रातिशाख्य જણાવેછે તેમ હેનાથી સંયોગકાર્યને પણ બાધ નથી આવતો: न संयोगं स्वरभक्तिर्विहन्ति (ऋ. प्रा. पटल ६–१०). હાનો મુખ્ય અર્થ स्वरभक्तिः संयोगकार्यं न बाधते હેવો છે એ ખરું, છતાં પણ હેનો વિશેષ ઉદ્દિષ્ટાર્થ હેવો પણ ખરો કે વ્યવહારદૃષ્ટિયે સંયોગ સંહત રહેછે. विश्लेष તો સંયોગનું સાક્ષાત્ ખંડન કરેછે;

(इ) स्वरभक्ति થાય ત્યહાં પ્રક્ષિપ્ત સ્વર अ કે હ્રસ્વ ए હોયછે. विश्लेषમાં હંમેશ આપણી સ્વભાષાઓમાં अ પ્રક્ષિપ્ત થાયછે, અને પ્રાકૃતોમાં મૂળ સ્વરની પુનરુક્તિ થાયછે ( तत्स्वरता भवति ); किलिट्ठ ( क्लिष्ट ), रअणं ( रत्नं ), किरिआ ( क्रिया ). प्राकृतप्रकाश ३–६९ આદિ જુવો; અથવા, હેમચન્દ્ર કહેછે તેમ, પ્રક્ષિપ્તસ્વર યથાસંભવ अ, इ કે उ હોયછે; सि. हे. ८–२–१०० થી ११९ જુવો;

(ई) સંયોગનો અંગભૂત र् કે કવચિત् ल्, કે અનુનાસિક (કે છેવટ ઘોષસ્વર) હોય તો જ स्वरभक्ति પ્રાપ્ત થાયછે. विश्लेषમાં આ મર્યાદાઓ નથી. જેમકે:—

| | |
|---|---|
| भक्तः (સં.) | भगत (ગુજ.) |
| युक्तकं (સં.) | जुगतुं (ગુજ.) |

ઇત્યાદિ;

(उ) स्वरभक्तिનો પ્રાદુર્ભાવ છન્દોરચનાની અપેક્ષા એ જ થાયછે; ( હેવું મેક્ડોનેલે ખોળી કાઢયુંછે; જો કે प्रातिशाख्यમાં આ કથન સુલભ નથી, છતાં એકદમ નજરે ન પડે હેવો આ પ્રકારનો કંઈક ઉલ્લેખ હશે.) પણ विश्लेष તો છન્દોનિરપેક્ષ વાગ્વ્યાપારગત ઘટના છે, અને મનોવ્યાપારની અપેક્ષાએ ઉદ્‌ભવેછે, (અને, હું માનુંછું કે, હેવી જ ઘટના स्वरभक्तिની કારણભૂત છે).

સંયોગના દ્વિતીય અંગ તરીકે રહેલા य અને व्‌ને જે સંધિકાર્યો સંસ્પર્શ કરતાં હોય તે આન્તર સંધિકાર્યોમાં પણ અન્તિમ પરિણામના કારણરૂપે स्वरभक्तिનો નિયમ પ્રવર્તેછે; જેમકે व्याकरणમાંથી वैयाकरण; व्यधिकरणમાંથી वैयधिकरण्य; व्यग्रમાંથી वैयग्र्य; व्याघ्रમાંથી वैयाघ्र;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

द्युःમાંથી द्वैय; द्वारમાંથી दौवारिक; श्वन्-श्वान માંથી शौन, शौवन; श्वापदમાંથી शौवापद; श्वः માંથી शौवस्तिक.

આ ઉદાહરણોમાંનાં કેટલાંકમાં મૂળ સંયોગ પ્રાપ્ત થવાનું કારણ इ અને अनो સંધિ છે, જેમકે व्याकरण, व्यधिकरण અને व्याघ्र (व्याजिघ्रतीति व्याघ्रः) પરંતુ द्युः, द्वार, श्वा, श्वापद, श्वः જેવા પ્રકારોમાં સંયોગ મૂળમાંના इ કે उ અને आમાંથી ઉદ્ભવતો નથી. આ સર્વ ઉદાહરણો સ્વરભક્તિની નૈસર્ગિકતા ઉપર બહુ સૂચક પ્રકાશ પાડેછે.

આ *Anaptyxis*નો નિયમ તુલનાત્મક ભાષાશાસ્ત્રના પંડિતોએ લક્ષમાં લીધો છે: Karl Brugmaun, *Kurze*, *Vergleichende Grammatic Der Indo-germanichen Sprachin*,§§ 312–313.

ડૉ. પાંડુરંગ દામોદર ગુણેએ પણ (Introduction to Comparative Philologyમાં ૫૧મે પૃષ્ઠે) *Anaptyxis*ની ચર્ચા કરીછે, પરંતુ સ્વરભક્તિ (માત્રાના અંશવાળી), અને જે'ને હું વિશ્લેષ કહુંછું હેવું સંયોગનું પૂર્ણ ઉત્પાટન, એ વચ્ચે હેમણે કાંઈ તફાવત ગણ્યો નથી. વૈદિક इन्द्र (इन्दर), दर्शत (दरशत), અને અર્વાચીન ભાષાઓના વિશ્લેષનાં ઉદાહરણો મ. परकार (સં. प्रकार), મ. भरम (સં. भ्रम) ઇત્યાદિ, એ બધાને હેમણે એકઠા ખડકયાછે.

આ ટૂંકા વિવેચનપરથી જણાશે કે વિશ્લેષનો અન્તર્ગત નિયમ સ્વરભક્તિમાં બીજરૂપે રજૂ થાયછે; જૂના વખતમાં हनियात् અને पुरुष જેવા કેટલાક છૂટા છવાયા શબ્દોમાં વિશ્લેષ જેવી વિક્રિયા ડોકિયું કરતી હતી; અને *Anaptyxis* નો અર્થ ફક્ત "folding back, unfolding," હેવો થતો હોવાથી એ નામ પોતે જ સંયોગમુકુલનાં સંવૃત દલોનો અંશતઃ ઉદ્ભેદ સૂચવે છે. છેવટમાં, भनक्ति (भञ्ज्), रुणद्धि (रुन्घ्), हिनस्ति (हिंस्), भुनक्ति (भुंज्) ઇત્યાદિ શબ્દોમાં વિશ્લિષ્ટ અનુનાસિક અર્પનાર વ્યાકરણનિયમ, પ્રાકૃતસમયમાં શરુ થતો અને અર્વાચીન ભાષાઓના વિશ્લેષ પર્યંત જઈ પ્હોંચતો અવાન્તરક્રમ દર્શાવેછે, એ સૂચક છે.

વિશ્લેષ સંજ્ઞા માર્કંડેયે પોતાના प्राकृतसर्वस्वમાં १–४७ એ સ્થળે વાપરેલી જડેછે, પરંતુ હેણે (સ્વર-?) સંધિનો વિગ્રહ, અથવા ખરું જોતાં સ્વરોના સંધિથી થવા જોઈતા સંયોગનો અભાવ, એ અર્થમાં આ શબ્દનો પ્રયોગ કર્યોછે.

પરંતુ ૩–૭૭માં અને ત્હાર પછી હેણે સંયોગના વિભેદની ચર્ચા કરીછે અને ત્હાં હેણે એ ઘટનાને विकर्षण સંજ્ઞા આપીછે (૩–૭૭) જેની સમજૂતિ વૃત્તિમાં વિશ્લેષ શબ્દથી આપીછે. હેણે तत्त्वरतानो તેમ જ કેટલેક પ્રસંગે થતા इ, उ, अना પ્રક્ષેપનો પણ ઉલ્લેખ કર્યોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ટિપ્પણ આ

(વ્યાખ્યાન ૪—ખંડ ૧)

(એ વ્યાખ્યાનનું પૃ. ૧૮૬ જુવો.)

### વિવૃત अॅ અને ऑ વિશે વિશેષ અવલોકનો

(Indian Antiquary, September 1918, Vol. XLVII, Part DXCIX હેમાં ડૉ. ટેસટોરીએ કરેલી મ્હારા મતની ટીકાનો ઉત્તર.)

ડૉ. ટેસિટોરી અને મ્હારી વચ્ચે મતભેદનો મુખ્ય મુદ્દો આ છેઃ-

ડૉ. ટેસિટોરી વિવૃત अॅ-ऑ ને अइ-अउ માંથી અને સંવૃતને अय्-अव् માંથી ઉત્પન્ન થયેલા માનેછે, જ્હારે હું એથી વિરુદ્ધ મત સ્વીકારૂંછું. (એટલે अॅ-ऑ (વિવૃત) अय्-अव्માંથી; અને એ-ओ (સંવૃત) अइ-अउમાંથી; એમ માનુંછું.)

(अ) य એ इनो લેખન પ્રકાર જ હોઈને वयर, वयठउ ઇત્યાદિ જોડણી ભ્રાન્તિજનક છે એમ ડા. ટેસિટોરી માનેછે. આ સ્થાપિત કરવા માટે હેમણે છેક પ્રાકૃત ગ્રન્થો સુધી પણ જઈને જૅકૉબી કૃત *Maharashtri Erzählungen* પૃષ્ઠ ૭૨, ૬૩, ૬૧, ૬૦ માંથી ઉદાહરણો આપ્યાંછેઃ-

गईं, पइसारिओ, कइवय, અને वइर

હેને સ્થાને गयं, पयसारिओ, कयवय, वयर.

મ્હારો ઉત્તર;—જૅકૉબીની આવૃત્તિની આધારભૂત હસ્તલિખિત પ્રતો વ. સં. ૧૬૧૧ અને ૧૬૬૦ માં લખવામાં આવી હતી. એથી સ્પષ્ટ સિદ્ધ થાયછે કે લહિયાઓએ એ સમયની સાક્ષાત્ પ્રચલિત જોડણી સ્વીકારીછે, જે પ્રાકૃતમાં તદ્દન અપરિચિત હતી. (બીજાં ઉદાહરણોમાં य છે તે इનો વિકાર છે માટે गयं શબ્દ (गतिं ને બદલે) गतं નું પ્રાકૃતરૂપ હોઈ સકે હેવો બચાવ સંભવિત છતાં પડતો મૂકુંછું.)

(આ) પ્રા. પા. રાજસ્થાનીમાં વસ્તુતઃ इના વિકારરૂપે દષ્ટિયે પડતા આ यના સ્વરૂપવિશે પોતાના મતો બાંધવામાં ડૉ. ટેસિટોરી ચકડોળે ચડ્યાછેઃ-

(૧) પોતાની "Notes" ના § ૪-(૫) માં હેમણે यને इના વાસ્તવિક વિકારરૂપે આપ્યોછે અને પ્રા. પા. રા. ના ગ્રન્થોમાંથી वयर, वयरागी, पयसार એ ઉદાહરણો ટાંક્યાંછે.

(૨) કેટલાક સમય પછી હેમણે वयर ઇત્યાદિને માત્ર "writing peculiarity"-લેખનનો પ્રકારવિશેષ-માન્યાછે; પછી વળી वयर,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

वयरागीने પ્રાકૃત तत्सम કહ્યાછે; અને ત્હાર પછી વળી એમ કહેછે કે अय એ સંસ્કૃત ऐनो વિકાર હશે ( પ્રાકૃતમાં આ ઘટના તદ્દન અપરિચિત છે).

(હેમનું *Bardic Survey*, પરિશિષ્ટ ૧, પૃ. ૭૬ જુવો).

(૩) અને છેવટ ૧૯૧૮ ના સપ્ટેંબરના Indian Antiquary-માં यને તેઓ इનો લેખનનો પ્રકારવિશેષ કહેછે અને वयरागीने वयरને અનુસરીને ઘડાયલો અંશતઃ तत्सम કહેછે.

અહિંયાં અન્યોન્ય વિરુદ્ધ મતોથી ગુંચવાડો ઉત્પન્ન થયોછે.

(इ) उ નો व થવા વિશે.

પ્રા. પા. રાજ.માં उ ને સ્થાને वની પુનઃ પ્રાપ્તિ વિશે પોતાના વાંધાઓ ફરીથી જણાવતાં તેઓ હવે, देशावर, देवल, देवर વગેરે શબ્દોમાં उने સ્થાને व આવેછે એ વિકારને, પોતે જેને वश्रुति કહે છે ત્હેના, પ્રક્ષેપનું પરિણામ ઠરાવવાને મથેછે, અને એ મતના આધારમાં राउल, राउत અને હેવા મારવાડી શબ્દો રજૂ કરેછે.

હેનો ઉત્તર હું આ પ્રમાણે આપુંછું:—

वुवाળા આ શબ્દો वश्रुतिના પ્રક્ષેપથી નથી ઉદ્‌ભવ્યા, પરંતુ, જેમ किमाड જેવા શબ્દોમાં મારવાડીભાષામાં अनो इ થાય છે તેમ, (व માંના) अनो उ થવાથી ઉત્પન્ન થયાછે. એ ગમે તેમ હોય, પરંતુ वश्रुतिવાળી દલીલથી कउणમાંથી પાછું कवण થાયછે એ પ્રસંગની સારી વ્યવસ્થા નથી થઈ સકતી; કારણ કે ડૉ. ટેસિટોરી પોતે જ માનેછે કે આ वश्रुति દીર્ઘસ્વર પછી આવેછે (कवणમાં कनोअ હ્રસ્વ છે). [ પ્રસંગવશાત્ હું જણાવુંછું કે वश्रुति એ અને यश्रुति એ પણ ખોટી સંજ્ઞાઓ છે; હેના પ્રવર્તક ઘણું કરીને ડૉ. હૅાર્નલ છે જેમણે હેમચન્દ્રે બતાવેલા यश्रुति अकारને यश्रुति હેવું અયોગ્ય નામ આપ્યુંછે,–કેમ જાણે કે य જેવો સંભળાતો અને એથી यश्रुति अकार કહેવાતો अ यश्रुति જેવી કાંઈક વિચિત્ર વસ્તુ પ્રાપ્ત કરતો હોય! ડૉ. હૅાર્નલની प्राकृतलक्षणा ની પ્રસ્તાવના, પૃ. ૨૭ જુવો. ]

(ई) ભાષાઓ નિયતદિશામાં એક સરખી પ્રગતિ નથી કરતી પરંતુ ઘડીકમાં પાછળ હઠે તો ઘડીકમાં આગળ વધે એ પ્રમાણે ગતાગત કરેછે, એ મ્હારા મતને ડૉ. ટેસિટોરી નવીન અને પ્રમાણની અપેક્ષા રાખતો માનેછે. હેના ઉત્તરમાં હું પ્રત્યાવર્તનનાં ઉદાહરણોનો ફક્ત નિર્દેશ કરીશઃ ल નો ळ, પાછો ल અને વળી ळ; न नो ण અને પાછો न; ભાષાના પ્રવાહ ઉપર આમથી તેમ ઝુલ્લા ખાતાં करइ–करि–केर એ રૂપો; તેમ જ अच्छइ–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અછે–છઇ–છે ઇત્યાદિ. એટલું જ નહિં પણ, ડૉ. ટેસિટોરીનો પોતાનો મત મ્હારા મતને સમર્થન આપેછે. તેઓ કહેછેઃ—

"એક ભાષાનું અન્યભાષામાં સંક્રમણ હમેશાં ક્રમે ક્રમે થતું હોવાથી, જ્હારે જ્હારે જૂની ભાષાનું અવસાન થતું હોય અને નવીનો પ્રારંભ થતો હોય ત્હારે ત્હારે જૂની ભાષાનાં કેટલાંક લાક્ષણિક તત્ત્વો નવી ભાષાના આરંભના સ્વરૂપમાં જડી આવે અને એ જ રીતે નવી ભાષાનાં તત્ત્વો જૂની ભાષાના અન્તિમ સ્વરૂપમાં મળી આવે, એ સ્વાભાવિક છે."

( હેમની "Notes," Reprint, P. 5, ll. 16-20-Ind. Ant. Feb. 1914 vol. XLIII, Part DXL, P. 25.)

મ્હારાથી ઘણાં વર્ષો પૂર્વે મિ. બીમ્સે પણ મ્હેં અત્યારે કહ્યા તે જ શબ્દો વાપરેલા માલુમ પડેછે, અને મ્હારો ચર્ચાસ્પદ અભિપ્રાય મ્હેં લખ્યો ત્હેર પછી જ એ શબ્દો મ્હારા જોવામાં આવેછે. તેઓ કહેછેઃ–

"હિંદુસ્તાનની ઘણીએ વાગ્વ્યાપારઘટનાની માફક આ ઘટના પણ ગતાગત કરતી, અને ळ, र અને હેવા નવા નવા સપ્રસવ શાખારૂપ ઉદ્ભેદો દર્શાવતી, જણાયછે." ("Comparative Grammar", Vol. 1, P. 238 § 60. વચમાં લિપિફેર મ્હેં કર્યોછે.)

(उ) ऐ-औने ડૉ. ટેસિટોરી अइ–अउमांथी વિવૃત ઉચ્ચાર તરફ લઇ જનારા ક્રમો માનેછે; અને હાવા ऐ–औ ઇ. સ. ના ૧૬મા સૈકાના કે ત્હેની નજીકના ગુજરાતી હસ્તલેખોમાં જડેછે હેવો તેઓ દાવો કરેછે.

હું બતાવી ચૂકયોછું તે પ્રમાણે, મારવાડી હસ્તલેખોમાંના ऐ–औ નો માત્ર વિવૃત્ત ઉચ્ચારની સંકેતયોજનાના એક મન્દ પ્રયાસરૂપે વપરાયલાછે, તે કાંઇ પૂર્વક્રમ દર્શાવતા નથી. ગુજરાતી હસ્તલેખોમાં આ ऐ–औ સંકેતો સંબંધે વિ. સ, ૧૫૫૭ અને ૧૬૫૬ વચ્ચેના સમયના અનેક પ્રાચીન ગુજરાતી હસ્તલેખોનું મ્હેં ધીરજથી સૂક્ષ્મનિરીક્ષણ કર્યુંછે, અને પરિણામ એ આવ્યુંછે કે अइ–अउना ઉત્તરક્રમો માટે એ હસ્તપ્રતિયોમાં કયાંય પણ ै ौ એ ચિહ્નો વપરાયાં નથી, અને જે અતિવિરલ પ્રસંગોએ એ સંકેતો ( ै ौ ) જોવામાં આવેછે ત્હાં હેતું કારણ એ જણાયછે કે લહિયો કાં તો મારવાડી અથવા મારવાડી સંસ્કારવાળો હતો.

(ઉ) આ ऐ–औના ઉચ્ચાર શા થતા એ તો ડૉ. ટેસિટોરી પોતે ખાતરીથી નથી કહી સકતા. એ વિશે ત્હેમણે ક્રમમાં કમ ત્રણ ભિન્ન, અને ઓછે વધતે અંશે પરસ્પરવિરુદ્ધ, તર્કો રજૂ કર્યાછે. જેમકે સપ્ટેંબર ૧૯૧૮ ના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

Indian Antiquaryમાં ૨૨૭ મે પૃષ્ઠે હેમણે કહ્યુંછે કે ऐ औનો સંધિસ્વર જેવો ઉચ્ચાર થતો. એ જ અંકને ૨૨૮ મે પૃષ્ઠે અને ત્હેમાંની ફુટનોટમાં હેમણે કહ્યુંછે કે तद्भव ऐ औનો ઉચ્ચાર બરાબર तत्सम ऐ औના જેવો ન્હોતો થતો; પરંતુ ઘણું કરીને હેનો ઉચ્ચાર હિન્દી ઐ–ઔને મળતા પ્રકારનો હતો. અને આમ કહ્યા છતાં પણ એ જ અંકને ૨૩૧–૨૩૨ મે પૃષ્ઠે કહેછે કે હિન્દી ऐ औ ઉચ્ચારો મારવાડીના અને ગુજરાતીના વિવૃત્ત अॅ આથી ભિન્ન નથી, માત્ર એટલો જ વિશેષ કે એ ઉચ્ચારો જરાક પૂર્વતર ક્રમ દર્શાવેછે, વિવૃત્ત अॅ ऑ ઉચ્ચારમાં સંક્રમણ પામ્યા પ્હેલાં મારવાડી અને ગુજરાતી સંધિસ્વરોનો જે ઉચ્ચાર થતો હશે તે જ ઉચ્ચારક્રમ દર્શાવેછે.

હવે આ બધા તર્કો સ્હામે સ્પષ્ટ વાંધા છે. ઉદાહરણ તરીકે, શુદ્ધ સંધિસ્વરો કાંઈ એક કૂદકે વિવૃત ઉચ્ચાર પ્રાપ્ત કરી સકયા ન હોય. ડૉ. ટેસિટોરીના મનમાં છૂપો કાંઈક વ્હેમ રહેલો જણાય છે કે ऐ औનો ઉચ્ચાર શુદ્ધ સંધિસ્વરરૂપ નહિં થતો હોય, પણ વિવૃતભાવથી ભડકીને પૂર્ણ પ્રકટ વિવૃત ઉચ્ચાર પહેલાં ક્ય્હાંક થોભી રહ્યો હશે; અને છતાં પણ વળી પોતે ऐ औને પૂર્ણ પ્રકટ વિવૃત ઉચ્ચાર દર્શાવતા માનેછે. આ ગોટાળાથી તેઓ સ્પષ્ટ અસંગતિદોષમાં આવી પડેછે.

હું વિવૃત ઉચ્ચારના ચિહ્ન તરીકે ઉલટી માત્રા પસંદ કરૂંછું, શાથી જે अ औ એ સંસૃષ્ટ સંધિસ્વરો હોઈને अ इ અને अ उ એ અવયવોને અન્યોન્યથી જરાક અળગા રહેવા દે છે, જ્યહારે अॅ ऑ સંકીર્ણ સંધિસ્વરો હોઈને અવયવભૂત अ इ, अ उને સંહતરૂપે પકડી રાખેછે.

(ए) શ્રવણપરીક્ષામાં મ્હને દૃઢ વિશ્વાસછે ત્હેને ડૉ. ટેસિટોરી ભ્રાન્તજનક ગણીને તજેછે. શી રીતે એ મ્હને સમઝાતું નથી. બીજું બધું ઠીક, પણ છેવટ આ તો ખરૂં જ છે કે ઉચ્ચારણના પ્રશ્નનો આધાર, સર્વાંશે નહિં તો મુખ્યતઃ, વર્ણોચ્ચારના શ્રવણ ઉપર જ રહેછે. આ વિષયમાં ગુરુસંપ્રદાય રૂપ વાચિક પરંપરાની ઉપયોગિતા સર્વોત્તમ છે. આ પ્રકારના ઉપદેશ વિના નિર્જીવ સૂત્રો અને મૂર્તસંકેતો નકામા છે, જીવન્ત ઉચ્ચાર કર્ણપ્રત્યક્ષ થવો આવશ્યક છે. બીજાએ આપેલાં વર્ણનોને અને લિખિત સંકેતોને આધારે રહ્યા ત્યહારે ડૉ. ટેસિટોરી પોતે પણ વિવૃત ઉચ્ચારના સ્વરૂપ વિશે ખોટા ભ્રમમાં પડ્યા હતા. હેમના "Bardic Survey," J. A. S. Beng. N. S. XII, ઇ. સ. ૧૯૧૬, એ લેખને ૭૪ મે પૃષ્ઠે ૧ લા પૅરામાં હેમણે જાતે આ વાતનો સ્પષ્ટ સ્વીકાર કર્યોછે. હવે એ ગૃહસ્થ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(Ind. Ant. સપ્ટે. ૧૯૧૮, પૃ. ૨૩૨ની નોટ ૧૬ માં) એમ કહેછે કે પોતે સર જ્યૉર્જ ગ્રીઅર્સને (L. S.I. IX, ii માં) વાપરેલી ઍ-ઑ સંજ્ઞાઓથી ભ્રમમાં પડ્યા હતા; અને એ ભ્રમ પોતાની ભૂલનું મૂળ હતું એમ સૂચવેછે; એ વાત ખરી. પણ સર જ્યૉર્જે તો સ્પષ્ટ કહ્યુંછે ( L. S.I. IX–ii, પૃ. ૨૦ મે) કે ઍ અને ઑ એ સંજ્ઞાઓથી "hat" અને "hot" એ સ્વરો વિવક્ષિતછે. અને ડૉ. ટેસિટોરીનાં પોતાનાં જ વચન ("Bardic Survey, ૭૪ મે પૃષ્ઠે) આ પ્રમાણે છેઃ-"હું કદાપિ હિંદુસ્તાન દેશમાં ગયો ન્હોતો અને ગુજરાતી અને મારવાડી ભાષાઓમાંના ઉચ્ચાર વિશેની સર્વ માહિતી માટે મ્હારે સર્વાંશે **બીજાએ આપેલા વર્ણનને આશ્રયે રહેવું પડતું, જે અસત્ય હોવાનું મ્હને પાછળથી જણાયું.**" અહિંયાં કાળા છાપેલા શબ્દો જે સ્થિતિ પ્રગટ કરેછે તે સર જ્યૉર્જના L. I. S. IX, ii ના લિખિત આધારવાળી વાતથી જૂદી જ છે. હું તો આગ્રહપૂર્વક માનુંછું કે अय्-अव् નો ઉચ્ચાર જ કરી જોશો કે તરત વિવૃત ઉચ્ચાર ( अॅ–ऑ ) સાથેનો સંબંધ અને કાર્યકારણભાવ જોઈ સકશો.

( ऐ ) संप्रसारणः—

कषपट्टिका–कसवटी–कसउटी–कसोटी,

અને घनतरकं–घणयरउं–घणइरउं–घणेरुं;

હાવા પ્રકારોમાં व–यना उ–इ (એટલે संप्रसारण) થવાની સ્હામે ડૉ. ટેસિટોરી વાંધો ઉઠાવેછે કે ( પ્રા. પા. રાજ. માં ) व કે य આદ્ય હોય ત્યહાં संप्रसारण શકય નથી, તેમ જ व–य સ્વરભાર પામેલા હોય તો ત્યહાં પણ संप्रसारण શકય નથી, સ્વરભારરહિત હોય તો संप्रसारण લે. આ મત મ્હારી દલીલથી તદ્દન ઉલટો છે. જ્યહારે व–य ( ખરું જોતાં હેમાંનો अ ) સ્વરભારયુક્ત હોય ત્યહારે संप्रसारण થાયછે અને સ્વરભારથી રહિત હોય ત્યહારે य–वની પૂર્વેના (अय–अव માંના) अ ઉપર સ્વરભાર જઈ પડતાં संप्रसारण થતું અટકેછે, કારણ કે એથી य–वનો अ द्रुततर अ બનેછે અને પરિણામે લુપ્ત થાયછે, પૅછી વિવૃત ઉચ્ચારના નિકટતમ કારણભૂત अय्–अव् અવશિષ્ટ રહેછે.[1]

1. नकुल–नउल–नोल; वकुलसरी–बउलसरी–( વર્ણવ્યત્યયથી ) बउरसली–बोरसली; આ પ્રકારના શબ્દોની બાબતમાં ડૉ. ટેસિટોરીની દશા इतो व्याघ्रस्ततस्तटी જેવી થઈ પડશે. કારણ કે આ શબ્દોમાં अ उ છે તે નિર્વિવાદ છે તેમ જ અન્તિમ શબ્દરૂપમાં સંવૃત ઓ પણ નિર્વિવાદ છે. કાં તો હેમણે અહિં સંવૃત ઉચ્ચાર अउમાંથી આવ્યોછે એ કબૂલ કરવું પડશે અને अव ( અને अय )માંથી સંવૃત ઉચ્ચાર આવે એ મત તજી દેવો પડશે, અથવા તો સંવૃત ઉચ્ચારની સિદ્ધિને અર્થે अउनો અહિં अव કરવો પડશે અને એમ કરવાથી, અત્યાર સૂધી હેમણે નકાર્યુંછે તે, (उ નો व થવા રૂપ) प्रातिसंप्रसारण સ્વીકારવું પડશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આધુનિક ભાષાઓમાં આવતા શબ્દોમાં થતા संप्रसारणનો ઉત્પત્તિપ્રકાર હાવો છેઃ—અર્ધસ્વરોને ઉચ્ચારવામાં પ્રયત્નના શિથિલીકરણથી संप्रसारण નીપજે- છે; એ ઉચ્ચારોનો દ્વીભાવ અથવા વિલય એ જ संप्रसारण. જ્હારે य्-व् સ્વરોની વચ્ચે હોય ત્હારે જ એ શક્ય બનેછે; કારણ કે નિકટવર્તી બે સ્વરો સ્વરમય પરિસ્થિતિ અને સંસ્કાર ઉપજાવેછે. આથી પ્રથમ ગુરુપ્રયત્ન य्-व् ને સ્થાને લઘુપ્રયત્ન य्-व् ઉચ્ચારાયછે અને છેવટ इ-उ બોલાયછે; ગુરુ- પ્રયત્ન य्-व् (प्राकृत-लक्षणની પ્રસ્તાવનામાં, પૃ. ૨૭ મે § ૪ માં ડૉ. હ્યર્નલે અર્ધ-વ્યંજન એ સુભગ સંજ્ઞાથી દર્શાવેલા य्-व्) લઘુપ્રયત્ન य्-व् બનેછે (જેને ડૉ. હ્યૉર્નલ અર્ધસ્વર કહેછે); પછી આ વર્ણો, સ્વરસંપુટરૂપ સાધનને બળે, દ્વીભાવ પામીને સ્વરરૂપ બનતાં इ-उ થાયછે. આ રીતે संप्रसारण માટે જોઇતી સાધનસામગ્રી આ છેઃ—

(अ) य्-व्‌ની બે સ્વર વચ્ચે સ્થિતિ અને (आ) य-वમાંના अ ઉપર સ્વરભાર.

નીચે આપેલા શબ્દોમાં થતું સંપ્રસારણ ઉપર દર્શાવેલ નિયમ (अ)નું ઉલ્લંઘન કરનારું આપાતતઃ જણાશેઃ—

| | |
|---|---|
| (૧) ध्वनि (સં.) | धून (ગુજ.) |
| (૨) स्वर (સં.) | सूर (ગુજ.) |
| (૩) द्वि (સં.) | दुइ (હિં.) |
| (૪) व्यक्ति (સં.) | वीगत (ગુજ.) |

પણ એ ઉલ્લંઘન કેવળ આભાસિક છે. કારણ કે આ પ્રકારોમાં પ્રથમ સૂક્ષ્મ स्वरभक्ति પ્રવિષ્ટ થાયછે અને धुउवनि, सुउवर, दुउवि, वुइयक्ति જેવા અવાન્તરક્રમો અર્પેછે, અને એ રીતે य् અને व्‌ની સ્વરો વચ્ચે સ્થિતિની અપેક્ષા પૂરી પાડેછે.

(ओ) स्वरभार અને હેની અસરઃ—મ્હેં કરેલા accent (સ્વરતત્ત્વ)ના ઉપયોગથી ડૉ. ટેસિટોરી મુંઝવણમાં પડ્યાછે. તેઓ મ્હને પૂછેછેઃ આ સ્વર તે પ્રાચીન સંસ્કૃતનો स्वर છે? પ્રાકૃત અને આધુનિક ભાષાઓના વિષયમાં એ બને નહિ. પ્રાચીન સંસ્કૃતમાંનો स्वर પણ અંશતઃ આરોહરૂપ અને અંશત ભારરૂપ હતો, હેના વાસ્તવિક સ્વરૂપ વિશે કોઈએ નિર્ણય બાંધ્યો નથી, અને બીમ્સ અને ડૉ. સર રા. ગો. ભાંડારકર જેવા પંડિતોએ અર્વાચીન ભાષાઓના ઉચ્ચારશાસ્ત્રની ચર્ચામાં "accent" શબ્દને 'ભાર'ના અર્થમાં પ્રયોજ્યોછે. માટે "accent"થી મ્હારે શું વિવક્ષિત છે એ પૂછવાને, અથવા સંસ્કૃત स्वर જે શ્રુતિપર પડેછે તે શ્રુતિપર મ્હેં દર્શાવેલ સ્વરભાર નથી પડતો ત્હેવો વાંધો ઉઠાવવાને, પ્રસંગ જ ઉદ્ભવ્યો ન્હોતો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પૂર્તિ.

### વ્યાખ્યાન ૩ જું.

(૧) પૃ. ૭૪ (૫) પછી ઉમેરવાનું:—

ભાલણકૃત कादम्बरी (કે. હ. ધ્રુવની આવૃત્તિ), પૃ. ૩૩, પંક્તિ ૧ લીમાં व्यापारीइ विपणि मांड्यां शंखशुक्तिप्रवाल। એ પ્રમાણે છે; અને शीलवतीनो रास (વિ. સં. ૧૭૦૦) (प्रा. काव्यमालाવાળી આવૃત્તિમાં) પૃ. ૬૦, પં. ૭ મીમાં व्यापारी શબ્દ છે (જો કે તરત જ પં. ૮ મીમાં व्यवहारी છે.)

હું એટલું જ કહી સકું કે વ્યાપારનો આ ખોટો પ્રયોગ ભાલણની પૂર્વના સમયથી ઉદ્ભવ્યો હશે.

(૨) પૃ. ૮૮; પૅરા ૧ પછી:—

આ વર્ણોના, त (કે ट) અને कના, અન્યોન્ય સંબંધ વિશે બોધક ચર્ચા, અને કેટલીક પ્રજાઓની શારીરિક અશક્તિ, એ મુદ્દાઓ માટે મૅક્સ મૂલરકૃત *Science of Language* (ભાષાશાસ્ત્ર) પુ. ૨, પૃષ્ઠો ૧૮૩–૧૮૫ જુવો. હેમાંનું નીચેનું કથન લક્ષયોગ્ય છે:—"શારીરવિદ્યાની દૃષ્ટિયે આ ઘોંટાળાનું એક જ કારણ દર્શાવી સકાય, ઉચ્ચારણનું અપાટવ; क અને त નાં સ્થાનો વચ્ચે, અધવચ, તાળવા સાથે, જીહ્વા સ્થૂલ બનીને અથડાયછે અને એથી દન્ત્યપ્રાય, કદાચિત્ તાલવ્યપ્રાય, ઉચ્ચાર ઉપજાવેછે."

પ્રાકૃતમાં तवर्गના વર્ણોનો य સાથે સંયોગ થતાં चवर्गના વર્ણો ઉદ્ભવે છે અને ગ્રામ્ય ગુજરાતીમાં कवर्गના વર્ણો સાથે य નો હેવો જ સંયોગ થતાં એ જ પરિણામ આવેછે. सत्य સં. सच्च પ્રા. कयम ગુજ; चम ગ્રામ્ય ગુજ; આ વસ્તુસ્થિતિથી પરોક્ષ રીતે त અને क ના વાગ્વ્યાપારગત સંબંધનું સૂચન થાયછે એટલું અહિં ઉમેરીશ.

(૨) પૃ. ૯૩, નોટ ૪૨.

पुरः (સં.); (મ.) पुढें.

ડૉ. ભાંડારકર (व्याख्यानो, પૃ. ૧૯૦ મે, पुढें (મ.) ને प्रभृति (સં.) માંથી (પ્રા.) पहुडि દ્વારા વ્યુત્પન્ન કરેછે. અર્થ તેમ જ વર્ણવિકારો पुरःમાંથી વ્યુત્પત્તિ માનવાના પક્ષનું સમર્થન કરેછે.

### વ્યાખ્યાન ૪ થું. ખંડ ૧ લો.

(૧) પૃ. ૧૧૨. अक्षरની વ્યાખ્યા પછી ઉમેરવાનું:—

પણ अक्षरનો અર્થ स्वर પણ થાયછે; જેમકે ऋक्प्रातिशाख्य, ૨૦ અને ૨૩ (મૅ. મૂલરવાળી આવૃત્તિ):

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ओजा ह्रस्वाः सप्तमान्ताः स्वराणामन्ये दीर्घा उभये त्वक्षराणि । २० ।
अनुस्वारो व्यंजनं चाक्षराङ्गम् । २३ ।

(૨) પૃ. ૧૨૫, નોટ ૧૨. ફુટનોટમાં વધારોઃ—

મરાઠીમાં વિભક્તિકાર્યને પરિણામે उ પરથી સ્વરભાર ખશી જાય ત્યહારે उનો व બનેછે એ ઉદાહરણ એથી પણ બલવત્તર સમર્થન કરેછે; જેમકે पाउंस (પ્રથમા); पांवसांत (સપ્તમી).

ગુજરાતીમાં જ વિક્રમ સંવત્‌ના ઓગણીસમા અને સત્તરમા સૈકામાં पावस શબ્દ (व વાળો) છે.

(૧) पावस ऋतुमां ग्रहण क्यां भासे;

(દયારામઃ दयारामकृत काव्यमणिमाळा, ભાગ ૨ જો, પૃ. ૨૯૬, પદ ૪૪; છોટાલાલ ગિરિજાશંકર જોશી અને વસન્તરામ હરિકૃષ્ણ શાસ્ત્રી વાળી આવૃત્તિ).

(૨) पावस रते घणुं मेघथी धरणी धरे जेम त्रेह;

(शीलवतीनो रास; વિ. સં. ૧૭૦૦, પૃ. ૬૦. પં. ૧૦; प्रा. काव्यमाळा વાળી આવૃત્તિ).

(૩) ठाठ मांड्यो ठगनो रे बगला पावस बेशी;

(स्वरूप, ધીરાભગતકૃત; ૨૨, ૧).

અહિંયાં पावसનો અર્થ (સંસ્કૃત પ્રમાણે) प्रावृष्, 'વર્ષાઋતુ,' થાયછે.[૧] (મરાઠીમાં છે તેમ) 'વૃષ્ટિ' નહી; માટે એ શબ્દ દયારામે, નેમવિજયે, અથવા ધીરાએ મરાઠીમાંથી આણી મૂક્યો હોય એ શક્ય નથી. વ્યુત્પત્તિક્રમ પણ प्रावृष् पाउस–पावस હેવો ન જ હોઈ સકે, કારણ કે ખુદ પ્રાકૃતમાં જ उ સ્વર યુક્ત पाउस શબ્દ છે; (कुमारपालचरित, ૧–૯, ૨૧; ૨–૩૨; ઇત્યાદિ). માટે पावस એ प्रतिसंप्रसारण નું નિર્વિવાદ ઉદાહરણ છે. पाउस–पाउस–पावस, આગમ રૂપે व् પ્રક્ષિપ્ત થયો અને उ નો अ થયો એ રીતે પણ એ શબ્દનું વ્યુત્પત્તિદર્શન શક્ય નથી; એ રીતમાં ગૌરવદોષ રહેલો છે.

(૩) પૃ. ૧૨૭. अहकम्–અહીં क ને આણી મૂકવો એ મ્હને વિચિત્ર જણાયછે, કારણ કે, अउ સાધારણતઃ નાન્યતર જાતિના શબ્દોમાં આવેછે,

૧ ધીરાવાળા ઉદાહરણમાં लक्षणाथी અર્થાન્તર થયુંછે અને पावसનો અર્થ "વર્ષા ઋતુમાં પળાતું વ્રત" હેવો થાયછે; पावस बेसवुं એ પ્રયોગ नवरात्र बेसवां ને બરાબર મળતો આવેછે. बगलो पावस बेठो એ વાક્ય કહેવતરૂપે પ્રચાર પામ્યુંછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(सि. हे. ८-४-३५४), જ્યારે अहं ને કોઇપણ પ્રકારે તાણીતૂશીને પણ નાન્યતર જાતિનો ગણી સકાય નહિં. अहं નું हूं થાયછે તે વર્ણવ્યત્યયનો પ્રકાર ગણી સકાય, અથવા તો (આગળ વ્યાખ્યાન ૪ થું, ખંડ ૨ જાનાં પ્રારંભનાં પૃષ્ઠોમાં દર્શાવેલ ख વર્ગની અંદરના उत्सर्ग ૧-(क्ष) પ્રમાણે) हकार શબ્દના આદિ તરફ ખશી જાયછે ત્હેનું ઉદાહરણ ગણી સકાય.

ડૉ. સર રા. ગો. ભાંડારકર (વ્યાખ્યાનો પૃ. ૨૦૭ અને નોટ ૪ માં) અપ. हउं ને अहकम् (સં.) માંથી આવેલ માનેછે. વધારામાં તેઓ કહેછે કે हउं માં उ છે તે, અત્યારે ગુજ. માં ઓ વપરાયછે તેમ, અપભ્રંશમાં છૂટથી વપરાતો, પ્રથમા એક વચનનો उ છે. એ ગમે તેમ હોય, उं ના અનુસ્વાર વિશેની મ્હારી અડચણ એમની એમ રહેશે; પણ મ્હેં સ્વીકારેલી વ્યુત્પત્તિથી સમઝાયછે કે એ અનુસ્વાર अहम् ના મૂળ म् નું પરિણામ છે.

પાણિનિ ૫-૩-૭૧ (अव्ययसर्वनाम्नामकच् प्राक टेः) અને તે ઉપરનું वार्तिक (अनोकारसकारभकारादाविति वक्तव्यम्) જોતાં अहकम् રૂપ શક્ય છે એ હું સ્વીકારુંછું (જો કે सिद्धान्तकौमुदीમાં અને महाभाष्य માં આપેલાં ઉદાહરણોમાં अहकम् આપેલ નથી); પરંતુ, તે છતાં પણ, વધારે પ્રચરિત રૂપ अहं ને આધારે (अहं-हअं-हउं-हुं હેવી) સરળતર વ્યુત્પત્તિ સુલભ છે તો પછી अहकम् જેવા અપ્રચરિત રૂપની સહાયતા લેવા જવાનું મ્હને કંઇ પણ પ્રયોજન જણાતું નથી.

(૪) પૃ. ૧૫૧ सर्वे-સૌ પછી ઉમેરવાનું:—

चतुर्वर्त्मकं चउव्वट्टउं चउटुं-चौटुं

(૫) પૃ. ૨૪૭, છેલ્લો પૅરા. ल्याना (હિંદી) વગેરે; ઉમેરો:—

લે+આવનું હેવું જ સંયોજન विमलप्रबन्ध, खंड ३, १४४ માં મળેછે;

गरथ वडइ गजघट ल्याविउ ॥

વળી, ૧૬૧;

ल्यावइं रे लक्ष वधामणां ।

તેમ જ વળી ભાલણકૃત कादम्बरीમાં:—

ऊठी इन्द्रायुधनि ल्याव्यु; ऊतार्यू पल्हाण ।

(કેશવલાલ ધ્રુવની આવૃત્તિ, પૃ. ૮૮, પં. ૫).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## વ્યાખ્યાન ૪ થું

( ખંડ ૨ જો. )

## ગુજરાતી ભાષાનો ઇતિહાસ અને વિકાસ.

ગુજરાતી અને અન્ય ભાષાઓમાં કેટલેક અંશે સમાન ઉત્સર્ગો

ગુજરાતી શબ્દોની વાગ્વ્યાપારજનિત ઉત્ક્રાન્તિનું નિયમન કરતા उत्सर्गो પૈકી વર્ગ ख ની, એટલે અંશતઃ ગુજરાતીના જ વિશિષ્ટ उत्सर्गो છતાં કાંઇક સ્વરૂપભેદથી અન્ય ભારતીય ભાષાઓમાં પણ પ્રવર્તતા હોય હેવા उत्सर्गोની, ચર્ચા હવે આરંભું છું. આ વર્ગમાં એક જ મહત્ત્વના उत्सर्गની ચર્ચા કરીશ. ગુજરાતી શબ્દોમાં લઘુપ્રયત્ન हનું સ્થાન એ હેનો વિષય છે. ગુજરાતીની સાથે હિન્દીમાં પણ આ उत्सर्गની પ્રવૃત્તિ છે, પરંતુ માત્ર અમુક અંશે જ; કારણ કે ગુજરાતી हमारुं નો ह લઘુપ્રયત્ન છે પરંતુ હિન્દી हमारा માં ગુરુપ્રયત્ન ह છે. ગુરુપ્રયત્ન અને લઘુપ્રયત્ન ह ઉચ્ચારોની पाणिनीय शिक्षा માં દર્શાવેલા कण्ठ्य અને औरस्य ह ઉચ્ચારો સાથે તુલના હું પાછળ કરી ગયો છું (પૃષ્ઠ ૬૫ અને પૃષ્ઠ ૧૧૪ જુવો.) ह ઉચ્ચારના આ બે પ્રકાર એથી પણ પ્રાચીન સમયથી ચાલ્યા આવ્યાછે એ સ્પષ્ટ છે, જે વાતનું સાક્ષ્ય ऋक्प्रातिशाख्य पटल १, १८ માં નીચે પ્રમાણે મળેછેઃ–कण्ठ्योऽकारः प्रथमपञ्चमौ च द्वावूष्माणौ (બીજો પાઠ ऊष्मणाम्) केचिदेता उरस्यौ । આ વિષે ઉવ્વટ કહે છેઃ–प्रथमोहकारः पञ्चमो विसर्जनीयः एतौ चोष्मणां मध्ये कण्ठस्थानौ वेदितव्यौ । केचिदाचार्या एतौ हकारविसर्जनीयौ उरःस्थानाविच्छन्ति ॥ ] પરંતુ, ह દર્શાવવાનો નિયમ સ્વીકારાયલો છે–પછી એ ह ગુરુપ્રયત્ન છે કે લઘુપ્રયત્ન છે એ જૂદી વાત છે–માટે હું આ उत्सर्गને क વર્ગમાં ન મૂકતાં ख વર્ગમાં મૂકું છું. આ બાબતમાં મરાઠી ભાષા ગુજરાતી અને હિન્દીથી અલગ પડેછે; હેમાં आमचें જેવા શબ્દોમાંથી ह કાઢી નાખવામાં આવેછે અને કવચિત્ आह्मी, आह्मास, तुह्मी, तुह्मास હેમાં છે તેમ મૂળનો જ સંયોગ જાળવી રખાયછે; કવચિત્ વિશ્લિષ્ટ રહેછે જેમકે वहीण, वहीम, तहान (तृष्णाમાંથી), लहान (श्लक्ष्णમાંથી) पहिला ઇત્યાદિ (પણ ગુજરાતીમાં व्हेन, व्हेम, पहेलुं ઇત્યાદિ છે); અથવા વળી ક્વ્હાંક हकारને છેક શબ્દને છેડે હઠાવવામાં આવેછે, જેમકે मोठा (મ.) महान् (સં.). આ વાતમાં હિન્દી પણ ગુજરાતીથી અલગ પડેછે અને हने વિશ્લિષ્ટ રાખેછે જેમકે पहेलुंને સ્થાને पहिला ઇત્યાદિ; અને આ ઘટના હિન્દી બોલનાર પ્રજાના મજબૂત શરીરનું સ્વાભાવિક પરિણામ છે, કારણ કે हने શબ્દના આદિ ભાગ તરફ ખશેડવાથી અને વ્યંજન સાથે જોડવાથી હેનો ઉચ્ચાર લઘુપ્રયત્ન અવશ્ય બને.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે આપણે ખાસ ગુજરાતીને જ માટેનો उत्सर्ग આપિયેઃ—

ગુજરાતી શબ્દોમાં हના સ્થાન વિશેના ઉત્સર્ગનું કથન — ह ત્રણ ભિન્ન ભિન્ન વાગ્વ્યાપારજન્ય અવસ્થાઓ પ્રાપ્ત કરેછેઃ—

उत्सर्ग १.

(क) स्थानफेर.—શબ્દના કોઈ પણ ભાગમાં, સંયોગના અંગરૂપે કે અસંયુક્ત દશામાં સ્વતન્ત્રરૂપે કે મહાપ્રાણુ સ્પર્શ વ્યંજનમાં પ્રાણદાયક તત્ત્વ રૂપે, રહેલો ह,

(अ) બહુશઃ ખશીને શબ્દના આદિ તરફ જાયછે,

અથવા (आ) (ક્વચિત્) શબ્દના અંત તરફ જાયછે.

ટિપ્પણઃ–અસંયુક્ત ह સંસ્કૃતમાંથી ह રૂપે આવ્યો હોય અથવા સ્પર્શ મહાપ્રાણુ વ્યંજનનું વાગ્વ્યાપારજનિત રૂપાન્તર હોયઃ જેમકેઃ–

| સં. | પ્રા. | ગુજ. |
|---|---|---|
| वहनं | वहणं | व्हेण |
| कफोणि | कहोणी | कोणी, क्हूणी |

આ ह, સ્થાનાન્તર પામીને, નજીકમાં નજીકના અક્ષર સાથે કાં તો संकीर्ण અથવા તો संसृष्ट રહેછે.

(ख) મૂળ શબ્દમાં, કે અવાન્તરરૂપમાં, ह હોય જ નહિં ત્યહાં આગન્તુક ह પ્રક્ષિપ્ત થાયછે.

અહિં પણ ह કાં તો संकीर्ण અથવા તો संसृष्ट રહેછે.

(ग) મૂળ શબ્દમાં રહેલો ह લુપ્ત થાયછે.

આ ह સંયોગનો અંશ હોય, કે સ્વર સાથે संकीर्ण હોય, કે પછી સ્પર્શ મહાપ્રાણુ વ્યંજનના અનુપ્રાણુનતત્ત્વ રૂપે હોય. આ છેલ્લા પ્રકારમાં એ મહાપ્રાણુને સ્થાને હેના વર્ગનો અલ્પપ્રાણુ શુદ્ધરૂપે તરી રહેછે.

ઉદાહરણોઃ–

(ક)–हનું સ્થાનાન્તર. (क)–(अ)–(संसृष्ट हकार) (મૂળ સંયુક્ત हકારમાંથી)

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
|---|---|---|
| श्लक्ष्णकं | [1]लण्हउं | न्हानुं |
| पार्ष्णिः | पण्ही | प्हानी |

૧. क्ष्णનો ण्ह થવાની ચર્ચા કરતા સિ. હે. ૮–૨–૭૫ એ સૂત્રમાં ઉદાહરણોમાં सण्ह એક જ આપેલ છે; અને ૮–૨–૭૯ ઉપરથી કોઈ એમ માની લે કે પૂર્વ કે પર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| प्रस्नवकः | पण्हवउ | प्हानो |
| कृष्णः | कण्हु | क्हान |
| यूयम् | तुम्हे | त्हमे |
| युष्मदीयकं | [2]तुम्हारउं | त्हमारुं |

(મૂળ સાદા (અસંયુક્ત) हकारमांथी)

| | | |
|---|---|---|
| प्राघुणकः | प्राहुणउ | प्हूणो |
| भगिनी | बहिणी | ब्हेन |
| कथयति | कहइ | कहे |
| वहति | वहइ | व्हे |
| वेधः | वेहु | व्हे (=छिद्र) |
| ( त्वदीयकं ) | [2]तुहारउं | त्हारुं |
| ( मदीयकं ) | [2]महारउं | म्हारुं |
| वितस्तिः | विहत्थी | व्हेंत्य |
| महत् ( +क ) ( महत्कं ) | महन्तउं | म्होटुं[3] |
| | वहिल्लउं ( देश्य ) | व्हेलुं |
| शिथिलकं | सिढिलउं[4] | स्हेलुं |
| वल्लभकः | वल्लहउ (व्हल्लअउ, व्हल्लउ) | व्हालो |
| वल्लभः | वल्लहु | व्हालम्भ, वालम |

ગમે ત્હેવો ल સંયોગમાંથી લુપ્ત થાય હેવા વ્યંજનોમાંનો એક હોઇને, लण्हं એ રૂપનું અસ્તિત્વ જ ન હોય. પરંતુ ૮-૨-૭૭ માં સંયોગના પૂર્વ અંગ તરીકે રહેલા शनो લોપ દર્શાવ્યોછે, અને સાક્ષાત્ लण्हने જ शलोपના ઉદાહરણરૂપે આપેલછે. આથી હેવું જણાયછે કે सण्ह અને लण्ह બંને શબ્દો સ્વીકારાયલા છે; उभयप्राप्तौ यथादर्शनं लोपः અને એ પણ ક્વચિત્ વારા ફરતી ( पर्यायेण )—જેમકે द्वारं-दारं-वारं--જે નિયમ ૮-૨-૭૯ ઉપરની વૃત્તિમાં આપ્યોછે તે અહિં પણ લાગુ પડી સકે છે. लण्हंનો પ્રયોગ कर्पूरमञ्जरीમાં પ્રત્યક્ષ ઉપલબ્ધ છે, लण्हअं प्हाणपोत्तं । पिसुणादि तणुलट्ठीचंगिमं लग्गिमं च ॥ ( અંક ૨, શ્લો. ૨૪ ). એ જ નાટિકામાં અન્યત્ર બે સ્થળે लण्हं વપરાયેલું છે; ૩-૨૮ અને ૪-૮.

૨. सि. ह. ૮-૪-૪૩૪-જુવો.

૩. આ શબ્દની વિસ્તૃત ચર્ચા માટે પરિશિષ્ટ ચ જુવો; ત્હ્યાં મ્હેં मोटुंની પક્ષની રા. કે. હ. ધ્રુવની દલીલોની પરીક્ષા કરીને હેના ઉત્તર આપ્યાછે.

૪. सि. हे. ૮-૧-૨૧૫ અનુસાર सिढिलउं થાય. પરંતુ थ નો ह થવા વિશેનો સામાન્ય નિયમ એક નહિં તો બીજે સમયે પ્રવર્ત્યો હોવો જોઇયે, અને स्हेलुंનું મૂળ એ રીતે ઉત્પન્ન થયેલ રૂપમાં ખોળવું પડે એમ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| कफोणि; | कह्रोणि | कह्रॉणी, कहूणी વિકલ્પે |
| विमानकं | विहाणउं | व्हाणुं |
| संमुखकं | संमुहउं | स्हामुं |

संकीर्ण हकार

( મૂળ हकार–સંયોગના અંશભૂત )

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
|---|---|---|
| उष्णकं | उण्हउं | हूनुं |
| वयं | [5]अम्हे, अम्हो | हमे–हमो |
| अस्मदीयकं | अह्मारउं | हमारुं |
| ग्रीष्मः | गिह्मु | घीम[6] |
| | (મૂળ हकार–અસંયુક્ત.) | |
| अधुना | अहुणा (हउणा, हवणा) | हमणां |
| गर्दभककः | गद्दहडउ | गधेडो |
| गर्दभकः | गद्दहउ | गद्धो |
| मातृगृहं | [7]माइहरु (मइहरु, महिअरु) | माहियर |
| महिषी | महिसी (म्हइसी, म्हइशी) | भेंश[8] |
| हृदकः | द्रहउ | धरो |
| संग्रहकः | संग्रहउ | संघरो (=संचय) |
| ग्रहणं | ग्रहणु | घरण |
| ग्रहणं | गहणु–घयण | घनि (= निशा) |
| गोधूमः | गोहूमु ( गोहूंवु, गोहूंव ) | घउं |

શિથિલ એટલે "ઢીલું", "નરમ"; જે ઢીલું કે નરમ હોય તે સ્હેલું હોય; આથી स्हेलुं એટલે "સરળ" એ શબ્દ અર્થદૃષ્ટિએ પણ શિથિલમાંથી પ્રાપ્ય છે.

ડૉ. સર રા. ગો. ભાંડારકર स्हेलुंની વ્યુત્પત્તિ सुलभમાંથી व्यत्यय વિધિથી થયેલી દર્શાવેછે–હેમનાં વ્યાખ્યાનો, પૃ. ૧૯૦ જુવો. એ વ્યુત્પત્તિમાં विवृत ॲ નું કારણ પ્રાપ્ત થતું નથી; પછી કૃત્રિમ રીતે ह ઘુસાડિયે તો જૂદી વાત, પણ શિથિલમાંથી મળતી સ્વાભાવિક વ્યુત્પત્તિ જોતાં એમ કરવાની અપેક્ષા રહેતી નથી.

૫. सि. हे. ૮–૧–૧૦૬.

૬. "घीम रमवी", "घीमनो साळू" એ વચનો હોળીના ઉત્સવ સંબંધે જાણીતાં છે. અહિં વસન્તને સ્થાને ગ્રીષ્મનો પ્રયોગ છે.

૭. सि. हे. ૮–૯ ૧૩૫.

૮. म्हॅ–बॅं+हॅ–भॅं.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| गभीरकं | गहीरउं | घेरुं |
| गोधा | गोहा | घो |
| अग्रहकं | अग्रहउं | अघरुं (= દુષ્કર) |
| गृहीतककः | गहियलउ (घयलउ)[९] | घेलो |
| कटाहिका | कडाहिआ | कढाई[१०] |
| (देश्य) पुप्फा | (पूफा–पूहा; फूआ–फूई) | फोई |

(સ્પર્શ મહાપ્રાણમાં અનુપ્રાણન તત્ત્વ રૂપે રહેલો हकार.)

| | | |
|---|---|---|
| अष्टादश | अट्ठारह (अढारह, हडार) | हराड (व्यत्ययथी) |
| बान्धवः | बान्धवु | भाण्डु |
| जरठः | जरठउ, (गरढउ, गरढो)[११] | घरडो–घयडो |
| सौरभं | (પરભારું सोरभ) | सोढम[१२] |
| (देश्य) | ओज्झरी (= अन्त्रावरणं) | होजरी |
| (देश्य) | ओड्डण(कं) | होडणुं, होयणुं |

[देशीनाममाला १, १५५ માં ओड्डणं=उत्तरीयम् એમ આપ્યુંછે. वर्ग ८–७२ માં होरणं શબ્દ वस्त्र અર્થમાં આપ્યોછે. જો આ બીજા શબ્દને होयणुंના

---

९. वसन्त विलास (વિ. સં. ૧૫૦૮) સરખાવો.

इम देखी रिद्धि कामनी कामिनी किंनरकंठि । नेहगहेली अ मानिनी माननी मूकइ गंठि ॥

नेहगहेली–स्नेहथी ग्रहेली–એટલે ઘેલી; સં. ग्रस्त=आविष्ट એ સરખાવો.

कान्हडदे–प्रबन्ध (વિ. સં. ૧૫૧૨) હેમાં પણ સરખાવો,

राउ कर्णदे गहिलु थयु (ખંડ ૧, કડી ૨૩).

વ્યાખ્યાન ૪ થાના ખંડ ૧ ના આદિ ભાગમાં મ્હેં घेलोની गृहीतःમાંથી घएलो, घयलो એ ક્રમો દ્વારા વ્યુત્પત્તિ બતાવીછે. (પૃ. ૧૨૬ જુવો). હેનો આ નવા પૃથક્કરણ સાથે વિરોધ થતો માનવીનો નથી. બંને વિકલ્પો સંભવેછે. ગુજરાતીમાં ल પ્રત્યય છે તે સંસ્કૃત क પ્રત્યયને સ્થાને આવતા અપભ્રંશ डुल्ल પ્રત્યયમાંથી ઉદ્ભવેલો ગણી સકાય. (सि. हे. ८–४–४२९).

१०. (સં) क्वथ् (પ્રા.) कढ्માંથી નહિં; કારણ કે कढाई તળવામાં વપરાયછે, કઢવામાં નહિં; (क्वथ्=ઉકાળવું, કઢવું).

११. પૃ. १०७, નોટ ૫૪ માં અવતરણમાંનું ઉદાહરણ જુવો; ત્હાં આ ઉમેરી સકાય;—गरढा माईबाप वरि होइ (માંડણકૃત रुक्मांगदकथा; નકલની તારીખ વિ. સં. ૧૫૭૪)

१२. र નો ड થયો; પછી ड्+ह=ढ; भમાંથી અવશિષ્ટ રહેલા वનો व થઇને પછી म થયો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૂળ શબ્દ તરીકે સ્વીકારવામાં આવે તો આ ઉદાહરણ બાદ કરવું પડશે. પરંતુ અર્થ લક્ષમાં રાખતાં (उत्तरीय, એટલે કે શરીરપર હોડવાનું વસ્ત્ર, વિશિષ્ટ અર્થમાં, वस्त्रના જેવા સામાન્ય અર્થમાં નહિ), અને ગુજરાતીમાં હોડવું એ ક્રિયાપદ છે અને ह्रोरणंમાં ड નથી પણ र છે જ્યહારે હોડવું ક્રિયાપદમાં ड છે એ હકીકતો જોતાં, હું ओड्डणं વાળી વ્યુત્પત્તિ વધારે પસંદ કરૂંછું.

હોડવું ક્રિયાપદ નામ ઉપરથી જ થયેલું હશે; અથવા ओड्डू કે હેવો ધાતુ કોઈ દેશ્ય ભાષામાં હશે.]

(क)–(आ)–शब्दना अन्तभाग तरफ जतो हकार.

(મૂળ શબ્દમાં અસંયુક્ત हकार).

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
|---|---|---|
| कथितकं | कहिदउं (कीधउं) | कीधुं |
| पृथुकः | पहुंकु (पउंखु) | पूंख, पौंख (વિકલ્પે) |
| प्रत्यभिज्ञानं | पच्चहिआण[१३] | पीछाण, पिछाण |
| अभिज्ञानं | अहिण्णाण (अहिनाण–अइह्नाण)[१४] | अंधाण |

અપવાદ:—

| | | |
|---|---|---|
| पृथुकाः | पहुआ | (पहुंवा) |

(અહિં ह અચલિત રહેછે.)

૧૩ पहिचआण (વ્યસ્યય); पहिचाण (द्रुततर अकारलोप); पइच्छाण (ह નું અન્તમતિ અપસરણ); पीछाण.

હિન્દીમાં पैछान છે; ડૉ. ભાંડારકરનાં ભાષાશાસ્ત્રીય વ્યાખ્યાનો, પૃ. ૧૯૦ મું જુવો. એઓ पहिचान (ना) હિન્દી માનેછે.

૧૪ ह्+न મળીને ँध બનેછે; ક્રમઘટના આ છેઃ–અનુનાસિકત્વયુક્ત द તુલ્ય न નો અનુનાસિક द (ँद) બનેછે અને द–ह् નો ध् થાયછેઃ અને એ રીતે ँध થાયછે. (નીચે અનુનાસિક વિશેનો उत्सर्ग જુવો).

નીચે લખેલા ગ્રન્થોમાં આ શબ્દ अहिनाण રૂપે મળેછેઃ—

(અ) કર્મણમન્ત્રી કૃત सीताहरण (વિ. સં. ૧૫૨૬)

राम भणइ अहिनाण ऊलखीइ सीततणां ए साचां;

(आ) विमलप्रबन्ध (वि, सं, १५६८);

एणि परि बोलयां अहिनाण (९–२९);

(इ) शीलवतीनो रास (वि, सं, १७००);

(१) अहिनाणी विदुनामनी (ખંડ ૫–૯–દુહો ૧);

(અહિં अहिनाणी સ્ત્રીલિંગ છે).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ટિપ્પણીઃ—

(૧) ઉપર આપેલાં ઉદાહરણોમાં જણાશે કે સામાન્યતઃ મૂળ શબ્દોમાં ह બીજી શ્રુતિમાં હોયછે; પરિણામે, આદિ ભાગ તરફ જવાથી, અવશતઃ આદ્ય શ્રુતિ સાથે સંયોગ-રૂપે અથવા संकीर्ण ઉચ્ચારરૂપે મળી જાયછે. અપવાદો માત્ર આટલા છેઃ—

સામાન્યતઃ દ્વિતીય શ્રુતિમાં રહેલો ह, પ્રથમ શ્રુતિ સાથે મળી જાયછે; કેટલાક અપવાદો.

गह्हहउ, गह्हु, माइहरु, कडाही, सोरम.

(संग्रहउ અને अग्रहउं એ માત્ર આભાસતઃ અપવાદો છે, કારણ કે स અને अ, ઉપસર્ગ અને નઅર્થક તરીકે આદિમાં મૂકેલા હોઈ છૂટાં પાડી સકાય હેવાં તત્ત્વો છે, અને ઉભય શબ્દમાં ग्र આદ્ય અક્ષર છે. એમ છતાં પણ જો સમગ્ર શબ્દને એકઠો લઇયે તો ह આદ્યશ્રુતિ પર્યન્ત ન જઇ સકવાનું કારણ સ્પષ્ટ છે. ग् વર્ણમાંજ ह् પકડાઇ રહેછે કારણ કે એ બંને (ग् અને ह्) વચ્ચે વાગ્વ્યાપારગત સારૂપ્ય રહેલુંછે, અને એથી હેની આગળ જવાની ગતિનો નિરોધ થાયછે.)

આ શબ્દોમાં ह પ્રથમ શ્રુતિ પર્યન્ત જતો નથી, પરંતુ દ્વિતીય શ્રુતિમાં જ સપડાઈ રહેછે અને ત્હાં સ્થિર રહીને એ શ્રતિના મૂળ અક્ષરમાં संकीर्ण બનેછે; અને એ રીતે द्+ह्नो ध्, ड्+हनो, ढ्, र्+ह्नो પણ र्ह्, અને +ह નો અવશે ह्+इ એટલે हि બનેછે.

(૨) वल्लहउ અને गरहउ એથી જૂદી અવસ્થાને પામેછે; ह् પ્રથમશ્રુતિ સૂધી પ્રયાણ કરીને व्‌ની સાથે મળીને भ्, અને ग्‌ની સાથે મળીને घ्, બનેછે. કારણ એ છે કે ઉભય પ્રસંગે हની સાથે વાગ્વ્યાપાર દષ્ટિયે એટલે સ્થાનમાં કે प्रयत्नमां કે બંને બાબતમાં નિકટતમ સારૂપ્ય ધરાવનારા વર્ણથી ह् નું આકર્ષણ અને ગ્રસન થાયછે. આ રીતે એ ઘટનાની આભાસિક અસમાનતાનું કારણ સમઝાયછે.

---

(૨) ओळखियो अहिनाण, हो पंथी मारा (ખંડ ૬–૪–૧);

(૩) साद अहिनाणे ओळखियो पति (ખંડ ૬–૮–૧૧);

(આ છેલ્લા ઉદાહરણમાં प्रा. काव्यमालामां साद सहीनाणे એમ લખ્યુંછે તે ચોખ્ખી ભૂલ છે.)

આ ઉપરાંત ભાલણકૃત कादम्बरी, पूर्वभाग, २४–१, ६६ માંનું कादंबरीए जे कह्यां ते कहिछि अहिनाण એ ઉમેરી સકાય; પરંતુ એ વિશે મ્હને શંકા છે, કારણ કે એ શબ્દ, મૂળપાઠ अिधाण (? ।अघाण=ॲधाण) છે એનું રા. કે. હ. ધ્રુવે સ્વેચ્છાએ કરેલું સંશોધન છે, જે ઉપપન્ન હોય અને ન પણ હોય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૩) બીજું લક્ષયોગ્ય તત્ત્વ એ છે કે જ્યહાં જ્યહાં ह्थी થયેલો सबलसंयोग હોયછે ત્યહાં ત્યહાં ह्ना સ્થાનફેરની સાથે જ સંયોગનો પૂર્વસ્વર દીર્ઘ બનેછેઃ लहूणं–नह्नं–न्हातुं; પરંતુ ह् निर्बलसंयोगમાં રહેલો હોય તો હાવું પરિણામ થતું નથી. अह्मे–हमे; हामे નહિ.

सबलसंयोगમાં રહેલા ह्नो સ્થાનફેર થતાં પૂર્વસ્વર દીર્ઘ બનેછે.

મ્હારા ગયા વ્યાખ્યાનમાં (વ્યાખ્યાન ૩જામાં), વાઝ્યાપારગત રૂપો અને ફેરફારોનાં નિયામક સામાન્ય તત્ત્વોના નિર્ણય સમયે, तुल्यमात्रापरिमाण એ નામથી આ ઘટનાનો પરામર્શ કર્યોછે. (પૃષ્ઠ ૯૯ જુવો)

પ્રાકૃતોમાં અને વિશેષતઃ અપભ્રંશમાં આ પ્રકારના હ્યુક્ત સંયોગો-માંના ઘણાખરા निर्बलसंयोग હતા. નીચે આપુંછું હેવી પંક્તિયોમાં સંયોગથી પૂર્વે રહેલી શ્રુતિની માત્રાસંખ્યાથી આ વાતનો પુરાવો મળેછેઃ—

दिक्खि अम्हारा कंतु

( सि. हे. ८–४–४३४. )

પ્રાચીન ગુજરાતીમાં પણ આ निर्बलसंयोग तत्समશબ્દોમાં પણ દૃષ્ટિગોચર થાયછે, જેથી એ શબ્દોને, એટલા પૂરતા, तद्भव ગણી સકાયઃ—

જુની ગુજરાતીમાં तत्सम શબ્દોમાં પણ निर्बलसंयोगનું અસ્તિત્વ.

सरवरूपि हरि रंगि राचि
वृंदावनि गोपी मध्य नाचि
साचो सोहि ब्रह्मचारी

(पद्मनाभની એક કૃતિમાંથી; નકલ વિ. સં. ૧૭૧૫ માં લખાઇછે; गुजरात शाळापत्र, પુ. ૧૨, મે.)

અહિં मध्यમાંનો य् લઘુપ્રયત્ન છે એટલે ध्य નિર્બલસંયોગ છે. પરંતુ આપણી પ્રસ્તુત ચર્ચાને ઉપયોગી ઉદાહરણ ब्रह्मचारीમાંનો નિર્બળસંયોગ ह्म છે, કારણ કે ह्मને સબળસંયોગ માનિયે તો આ પંક્તિની માત્રાઓની ગણના યથાર્થ નહિં નીવડે. આજે પણ ब्रह्मचारीમાં ह्मનો લૌકિક ઉચ્ચાર નિર્બળ થાયછે, અને યજ્ઞોપવીતના સમારંભમાં નાગરસ્ત્રીઓ ગાયછે તેમાંના એક ગીતમાં હેવો જ નિર્બળસંયોગ માલુમ પડેછે.

"ब्रह्मचार टोपी क्यहां भरी";
"लीली टोपी ब्रह्मचार व्रत भरी."

ભીમકવિકૃત हरिलीला (હસ્તલિખિત પ્રત વિ. સં. ૧૫૭૪ માં ઉતારેલી) કલા ૮મીમાં નિર્બળ સંયોગનાં કેટલાંક ઉદાહરણો પૂરાં પાડેછેઃ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(१) भणइ प्रल्हाद अछइ एक सूत्र ।
तह्मो भणुछु ते कसूत्र (કડી ૩૨)
(२) सुणु उपदेश कहु तह्म तेह । (કડી ૩૩)
(३) शीख अह्मारी मानइ नही (કડી ૪૮)
(४) भणइ प्रल्हाद कहूं एक वात (કડી ૫૧)
(५) बिरद तह्मारूं साचूं सही (કડી ૫૮)

આ ઉદાહરણોમાં કાળા અક્ષરછે તે સંયોગો निर्वलसंयोग છે એ ચોપાઇ છંદના સ્વરૂપથી સમઝાશે.

વિરુદ્ધ પક્ષે એ જ ગ્રન્થમાં (એજ कलामां) प्रल्हाद શબ્દનો ल्हा ને સબળ સંયોગ ગણીને કરેલો પ્રયોગ પણ ઉપલબ્ધ છેઃ-

तेहनी नीति भणइ प्रल्हाद (કડી ૨૯)
भणि प्रल्हाद पिता अवधारि (કડી ૫૨)
[१५] किहां ताहारु स्वामी प्रल्हाद (કડી ૫૪)
मनसा हरि ध्याईं प्रल्हाद (કડી ૫૮)

આથી હેવું જણાયછે કે આ પ્રકારના સંયોગોનો કવિની માત્રાવ્યવસ્થાની અનુકૂળતાને અનુસાર, સબળ કે નિર્બળ સંયોગ તરીકે ફાવે તેમ પ્રયોગ કરવામાં આવતો છતાં પણ મ્હેં ટાંકેલાં ઉદાહરણોથી જણાયછે કે એ પરિસ્થિતિ નિર્બળ સંયોગના પ્રચારનો પુરાવો આપેછે.

[હેમચન્દ્રે પ્રાકૃતમાં અને સંસ્કૃતમાં પણ र् અને ह् વાળા સંયોગોના વિષયમાં આ છૂટને સંમતિ આપીછે. छन्दोनुशासन १–६ અને એ ઉપરની વૃત્તિ જુવો. સંપૂર્ણ ચર્ચા માટે આ વ્યાખ્યાનમાં उत्सर्ग १७ ઉદાહરણ ૧૩ નીચેનું ટિપ્પણ જુવો.]

**પ્રાકૃતમાં સાધારણ નિયમે ह् અન્ત તરફ ખસેછે; પરંતુ ગુજરાતી ઘટનાના પુરઃસર ૩૫ કેટલાક અપવાદો છે.**

(૪) ह ના શબ્દઆદિ તરફ ખશી જવાના આ વ્યાપારનાં ચિહ્નો પ્રાકૃતમાંછે. સાધારણ નિયમ હેવો છે કે પ્રાકૃતમાં ह અન્ત તરફ જાયછેઃ–स्नानं–ण्हाणं; कृष्णः–कण्हो; श्लक्ष्णं–लण्हं–सण्हं; अस्मद्–अम्हे; युष्मद्–

૧૫ આ પંક્તિમાં किहां અને ताहारु શબ્દોને क्य्हां અને त्हारु વાંચવાનાછે; એ છન્દના બંધારણથી જણાયછે. હકારયુક્ત પદોની શિથિલ જોડણીથી જ જોઇયે એથી વધારે પદો હોવાનો આભાસ થાયછે. આ તત્ત્વની વિશેષ ચર્ચા માટે થોડાં પૃષ્ઠો પછી આવતી लघुप्रयत्नहकार અને प्राणध्वनि વિશેની ચર્ચા જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

तुम्हे; ઇત્યાદિ; અહિંયાં स् અને ष् (સ્વતન્ત્ર અથવા क्ष માં રહેલો ष्) એ સ્થાની (એટલે हकारનો મૂળભૂત વર્ણ) મૂળ સંસ્કૃત શબ્દોમાં અન્ત્યાક્ષરની પૂર્વે રહેલાછે, પણ પ્રાકૃતમાં ह એ हकारવાળા પદમાં અન્તે (એટલે અલબત્ત અન્ત્યસ્વરની પૂર્વે) આવી રહેછે. જો ह અસંયુક્ત અક્ષરમાંથી ઉદ્ભવ્યો હોય તો મૂળ અક્ષરના જ સ્થાનમાં રહેછેઃ જેમ કે लाभः–लाहो; सुखं–सुहं; आभीरः–आहीरो; वल्लभः–वल्लहो; ઇત્યાદિ.

પરંતુ બે અપવાદ છે, જે બંને અન્યોન્ય વિરુદ્ધ પ્રકારના છે; એકમાં ह् આદિ તરફ જાયછે, અને બીજામાં છેક અન્ત તરફ જાયછેઃ—

(अ) गृहं–घरं; અહિં (હું આગળ[16] દર્શાવી ગયોછું તે પ્રમાણે) જો કે હેમચન્દ્રે घरને गृहના સિદ્ધરૂપ આદેશ તરીકે આપ્યોછે (સિ. હે. ૨–૧૪૪) છતાં પણ વાસ્તવિક વાગ્વ્યાપારગત ઘટના તો એ છે કે ह આદિ તરફ જાયછે.[17]

(आ) घटति–घडइ, અને વિકલ્પે गढइ પણ (સિ. હે. ૮–૪–૧૧૨). અહિયાં પણ, બીજા રૂપમાં, જો કે હેમચન્દ્ર હેને સિદ્ધરૂપ આદેશ તરીકે આપેછે છતાં પણ, ખરો વાગ્વ્યાપારગત ક્રમ એ છે કે घમાંના हનો વિચ્છેદ થાયછે, એ ह ખશીને અન્ત તરફ પ્રયાણ કરેછે, અને છેવટ અલ્પપ્રાણ ड સાથે મળી જાયછે, જેથી મહાપ્રાણ સ્પર્શ ढ ઉત્પન્ન થાયછે.

**સંસૃષ્ટિ અને સંકર હેનું સ્વરૂપવર્ણન.**

(૫) संसृष्टि અને संकरનું સ્વરૂપ આ સ્થલે તપાશિયેઃ संसृष्टि એટલે ह्ना અન્ત્ય અલ્પપ્રાણ વ્યંજન સાથેની સંયોગાવસ્થા, જેમાં સંયોગના અંગભૂત બન્ને વર્ણો મળી જઈને એક સ્પર્શ મહાપ્રાણ વર્ણરૂપ નથી બની જતા. આ વ્યાખ્યાનના પ્રથમ વિભાગના આરંભમાં संज्ञाप्रकरणમાં મ્હેં આપેલી વ્યાખ્યાપરથી આ વાત સ્પષ્ટ સમઝાશે. અન્યોન્યમાં મળી જઈને એક સ્પર્શ મહાપ્રાણ ન બનવાનું કારણ એ કે ह्ना અને હેની સાથે જોડાતા વ્યંજનનાં स्थान અને प्रयत्न પરસ્પર પ્રતિકૂળ-સ્વરૂપ હોઈને, સંવિલયરૂપ પરિણામને બાધક બનેછે. જ્યહારે નિકટ વાગ્વ્યાપારગત સાત્મ્ય હોયછે ત્યહારે, જેમ કે ग् અને ह्ની બાબતમાં, संसृष्टिની અવસ્થાનું અતિક્રમણ થાયછે, અને संकर બનેછે. संकर એટલે ह्નો હેની સાથે જોડાતા વ્યંજન સાથેનો સંપૂર્ણ સંવિલય. હેમાં બે પ્રકારનો સમાવેશ થાયછેઃ–

---

૧૬. આગળ વ્યાખ્યાન ૩ જાના છેલ્લા પૃષ્ઠપર છેલ્લી ફુટનોટ જુવો.

૧૭. અહિં થતા हના અપસરણ માટે શબ્દનો આદિ એ સ્થાન કેમ નિયત થયું એ વિશેના કારણોના નિવેદન માટે આ વ્યાખ્યાનનું પરિશિષ્ટ (ख) જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧) વ્યંજન જોડે संकर,

અને (૨) સ્વર જોડે संकर,

(૧) વ્યંજન જોડે—સાધારણ રીતે ग्+ह्ना વિષયમાં જ આ संकर શક્ય છે, કારણ કે, આગળ કહેવાઇ ગયુંછે તેમ એ બે વર્ણોનું વાગ્વ્યાપારગત સાત્મ્ય અત્યન્ત નિકટ છે. ઉદાહરણોઃ—

गभीरकं–गहीरउं–घेरुं

ग्रहणं–ग्रहणु–घेन; ઇત્યાદિ, ઇત્યાદિ.

વિરલ પ્રસંગોએ ब् ને ह् વચ્ચે, કે द् અને ह् વચ્ચે કે च् અને ह् વચ્ચે संकर બનેછે; જેમકે

बन्धु–भाण्डु; अवुद्ध–अभूज; महिषी–भेंश; गर्दभक–गद्धो; गर्दभकक–गधेडो; द्रहक–धरो; अभिज्ञान–अँधाण; भगिनीपति–वहिणीवई–बन्हेवी ( ગુજ૦ ); वंघेवी ( સુરતી ગુજ૦ ); प्रत्यभिज्ञान–पिछाण.

[ હાવો संकर કોઈ વાર અપભ્રંશ અને પ્રાકૃત રૂપોમાં પણ જોવામાં આવેછેઃ (सं.) संस्मरति, પ્રા. सम्हरइ, (અપ.) संभरइ; सि. हे. ૮–૪–૪૧૨ જુવો. जिव्हा (सं.), जिब्भा (પ્રા.) सि. हे. ૮–૨–૫૭, આગળ પૃ. ૮૯ મે દર્શાવ્યા પ્રમાણે.

*હૂના સંકરનું ક્વચિત્ અપભ્રંશ ક્રમમાં દર્શન; અને વખતે વખતે સંસ્કૃતમાં કેટલાક રૂપોમાં જેમ કે अघोक्, बुभुत्सा ઇત્યાદિમાં દર્શન.*

ગુજ. गमरावुं શબ્દમાં એ જ નિયમની, ઉત્તરકાલીન અપભ્રંશમાંથી ગુજરાતી પ્રતિ સંક્રમણ દરમ્યાન થતી પ્રવૃત્તિનું ઉદાહરણ પ્રાપ્ત થાયછે. (વિ. સં. ૧૭૦૦માં રચાયલા) शीलवतीनो रास એ ગ્રન્થમાં (प्रा. काव्यमाला આવૃત્તિને) ૨૨૭મે પૃષ્ઠે, ૧૨ માની ૪ થી કડીમાં √गम्हर्‌રૂપે આ શબ્દ દેખા દે છેઃ "चन्द्रगुप्त अति गम्हर्यो"

આ વાગ્વ્યાપારગત નિયમની બીજદશાનું સૂક્ષ્મ સૂચન પ્રાચીનતર રૂપક્રમોમાં પણ, એટલે સંસ્કૃતમાં પણ अघोक्, धोक्षि (दुह् માંથી), बुभुत्सा (बुध्‌માંથી) ઇત્યાદિ રૂપોમાં, દૃષ્ટિગોચર થાયછે; એ રૂપોમાં दुघ् (दोघ्)ના घ् માં અને बुध्‌ના ध्‌માં અન્તર્ગત ह् આદિ તરફ જાયછે અને સંપૂર્ણ સંવિલય પામીને द्‌ની સાથે મળીને ध् અને ब्‌ની સાથે મળીને भ् નિષ્પન્ન કરેછે. ग्रह् માંથી આવેલ जिघृक्षा માં પણ હેવો જ પ્રકાર છે.[૧૮] ]

---

૧૮ ડૉ. ગુણે (હેમના Introduction to Comparative Philology એ પુસ્તકને ૩૫ મે પૃષ્ઠે) જણાવેછે જે આ પ્રકારના વાગ્વ્યાપારગત વિકારોથી હેવું સૂચન થાયછે કે અલ્પપ્રાણ ઘોષ વર્ણ (ग्, ब्, द्)થી શરુ થતા ધાતુઓનાં મૂળ સ્વરૂપોમાં આદિસ્થાને મહાપ્રાણ ઘોષ વ્યંજનો હોવા જોઇયે અને એ શબ્દોમાં રહેલા મહાપ્રાણ ઘોષ ह्‌ની પૂર્વે આવેલા હોઈને એ વ્યંજનો પદચ્યુત થયેલાછે. बुध्, बध्, दम्, दह् એ ધાતુઓ મૂળ

*बुध्, बध्, दह् એ મૂળ भुध्, भध्, धह હતા એ પ્રચરિત મતની પરીક્ષા, અને મ્હારો મતભેદ.*

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમ ન હોય તો संसृष्टि થાય, જેમકે वधिरकः—व्हॅरो; भगिनी—व्हॅन; ઈત્યાદિ.

संसृष्टिને યાન્ત્રિક (mechanical) મિશ્રીકરણ જેવી અને संकरने રાસાયનિક સંયોગ જેવો ગણી સકાય, જેમાં સંયોજક વિદ્યુત્પ્રવાહ કે હેવી કોઇક સામગ્રી સમૂહ ઉપસ્થિત થતાં એ દ્રવ્ય-સંવિલય પ્રાપ્ત થાયછે.

---

भुघ्, मघ्, घम, અને घह् એ રૂપે હોવા જોઇયે એમ તેઓ સૂચવેછે. મહાપ્રાણ ઘોષ વ્યંજનનો સાક્ષાત્કાર કરાવતાં (अभौत्सीत् (बुध्), अभान्त्सीत् (बन्ध्) અને હેવાં) વ્યાકરણ-સિદ્ધ રૂપોથી થતા સૂચન ઉપરાંત, પોતાના મતનાં સમર્થક, વિશેષ કારણો આ પ્રમાણે જણાવેછે:—

(अ) મૂળગત ઘોષ મહાપ્રાણને સ્થાને ગ્રીક ભાષામાં હમેશાં અઘોષ મહાપ્રાણ આવેછે: (સં.) नभस्, (ગ્રી.) *Nefos* (નેફોસ્); (સં.) भ्रातर्, (ગ્રી.) *Frator* (ફ્રેટર); (સં.) घर्षति, (ગ્રી.) *Tharsos* (થર્સોસ્); (સં.) मधु, (ગ્રી.) *Methu* (મેથુ).

(आ) એ જ પ્રમાણે લૅટિનમાં સંસ્કૃત भरतिનું *Fero* (ફેરો) બનેછે; भवतिનું *Fuam* (ફુઅમ્); ઇત્યાદિ.

(इ) વળી, લૅટિનમાં, મૂળ ઘોષ મહાપ્રાણનો આદેશભૂત અઘોષ મહાપ્રાણ, બે પદોની વચ્ચે, અલ્પપ્રાણ ઘોષ બનેછે; (સં.) तुभ्यम्, (લૅ.) *ti-bi* (ટિબિ); (સં.) रुधिर, (લૅ.) *rubros* (રુબ્રોસ્); (સં.) इघ् (इह्‌નું મૂળરૂપ) (લૅ.) *ibi* (ઇબિ); (સં.) नभस्, (લૅ.) *nebul* (નેબ્યુલ્).

(ई) વિપરીત ક્રમે મૂળ મહાપ્રાણ (ઘોષ)નો આદેશભૂત લૅટિનમાંનો અઘોષ મહા-પ્રાણ સંસ્કૃતમાં પોતાના આદેશ તરીકે અલ્પપ્રાણ ઘોષ વ્યંજન પ્રાપ્ત કરે છે: લૅ: *for-es* (ફોરેસ), સં. द्वार; લૅ. *fortis* (ફૉર્ટિસ્), સં. दृढ; લૅ. *of-fendi-mentum*, (ઑફ્-ફેન્ડિ-મેન્ટમ્), સં. बन्धः

આ ઉપરથી તેઓ નિર્ણય કરેછે કે दृढ, द्वार, बन्ध એ શબ્દો મૂળ घृढ, ध्वार, भन्घ् હોવા જોઇયે; અને गृध्, बुध्, बध्, दम्, दह्, ઇત્યાદિ શબ્દો મૂળ घृघ्, भुघ् भघ्, घम्, घह्, હોવા જાઇયેઃ આ શબ્દોને તેઓ નીચેના યુરોપીય શબ્દો સાથે સરખાવેછે; ગૉથિક *gredus*, (ગ્રેડસ) અંગ્રેજી greed (ગ્રીડ); ગો. bindan, (જર) bieten (બીટન); જર્મન *binden* (બિન્ડન); આર્મે. davel (ડેવેલ), ગો. *dags* (ડૅગ્ઝ), અં. *day* (ડે); અને આ શબ્દોના આદિવર્ણો મૂળભૂત ઘોષ મહાપ્રાણના પ્રતિનિધિભૂત આદેશરૂપ છે.

भुघ्, भन्घ् ઇત્યાદિ અને *ghreeden*, *bhinden*, ઇત્યાદિ હેવા સાક્ષાત્ પ્રયોગો ડૉ. ગુણે બતાવી આપે નહિં ત્હાં સુધી તો હેમના આ મતને, પ્રબળ આધારને અભાવે, કેવળ એક તર્ક ગણવો પડે એ સ્પષ્ટ છે. એ ગમે તેમ હોય, પણ अभौत्सीत्, अभान्त्सीत् જેવાં દેખીતાં અપવાદભૂત રૂપોની ઉત્પત્તિનું વધારે સારું કારણદર્શન મ્હેં દર્શાવેલ નિયમથી થઈ સકેછે—એટલે કે ध् વગેરેના અન્તર્ગત ह्નું આદિ તરફ વિચલન અને આદ્ય व् વગેરે વર્ણો સાથે સંકર (વધિથી હેને સંવિલય થતાં भ् વગેરે વર્ણોની નિષ્પત્તિ, એ નિયમથી થઈ સકેછે.

વધારે સારો ખુલાસો: સંધિકાર્યથી થતો ह् આદિ તરફ જઈને આદ્યવર્ણમાં ભળેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ન્હેરો અને માણ્ડુ જેવા ભિન્ન પ્રકારોનો ખુલાસો આ વાતથી થશે. એ સંયોજક નિમિત્તો કિયાં છે તે સોધી કાઢવું કોઈ વખત દુષ્કર બનેછે. પરંતુ ન્હાણ્ડુના ઉચ્ચારણ માટે પ્રયત્ન કરતાં જ હેમાં રહેલી વાગ્વ્યાપારગત

---

અત્યન્ત સૂચક તત્ત્વ એ છે કે બુધ્ બન્ધ્ ઇત્યાદિમા અલ્પપ્રાણ ઘોષ વર્ણોના મહાપ્રાણ ઘોષ વર્ણો, અન્ત્ય મહાપ્રાણ વ્યંજન અલ્પપ્રાણ બને ત્હારે જ, થઈ સકેછે. अभान्त्सीत् ઇત્યાદિમાં અન્ત્ય ધ્નો त् બને ત્હારે જ આદ્ય ब्નો भ થઈ સકેછે. આ પ્રમાણે આદ્ય વર્ણનું મહાપ્રાણત્વ સ્વતન્ત્ર રીતે નથી થતું, વસ્તુતઃ એ ઘટના અન્ત્ય-વર્ણના પ્રાણધ્વનિના લોપને જ વશવર્તી છે, અને सीत् વગેરે પ્રત્યયોના सूના સાંનિધ્યથી ધ્ વગેરેને त् વગેરે રૂપો પ્રાપ્ત કરવાની વાગ્વ્યાપાર દૃષ્ટિયે ફરજ પડે ત્હારે એ લોપ અનિવાર્ય છે. અન્ત્ય વર્ણમાંથી નીકળીને પ્રાણધ્વનિ આદ્ય વર્ણમાં જાયછે અને એથી જ આદ્ય વર્ણ મહાપ્રાણ બનેછે એ વસ્તુસ્થિતિનું પૂર્વોક્ત ઘટનાથી સ્પષ્ટ સૂચન થાયછે.

બુધ્, મન્ધ્ ઇત્યાદિ પુરાણા Indo-European (આર્ય ભાષાના) ધાતુઓ વિશેનો આ સિદ્ધાન્ત ડૉ. ગુણેએ નવો યોજેલો નથી, પરંતુ પ્રાચીન પંડિતોને અનુરોધે સ્વીકારેલોછે, એમ માનવાને અવકાશ છે. મૅકડોનેલ (शिष्योपयोगी वैदिकव्याकरण § ૫૫ પૃ. ૩૯ મે) ધાતુઓના આદિ વ્યંજનોના આ મહાપ્રાણત્વને અન્ત્ય-વ્યંજનમાંથી લુપ્ત થયેલા પ્રાણધ્વનિના સંરક્ષણોપાય તરીકે સ્વીકારેછે, એ વાત પ્રથમ દૃષ્ટિયે મ્હારા મતનું સમર્થન કરતી જણાશે; પરંતુ એ કથન ઉપરની હેમની ટિપ્પણ ૧ વિરુદ્ધ મતનું સૂચન કરેછે; હેમાં તેઓ જણાવેછે કે એ ઘટના વસ્તુતઃ લુપ્તાંશના પૂરણ રૂપ નથી પરંતુ, એક જ પદના આદિમાં અને અન્તમાં ઉભયત્ર પ્રાણધ્વાન હોય તે સ્થિતિ ટાળવાની વૃત્તિને લીધે લુપ્ત થયેલા મૂળ આદ્ય પ્રાણધ્વનિનું પુનરુજ્જીવન છે; અને એથી, તેઓને મતે, અન્ત્ય પ્રાણધ્વનિ લુપ્ત થતાં આદ્ય પ્રાણ-ધ્વનિ પાછો આવી રહેછે. એથી, રૂઢ મતનો અસ્વીકાર કરીને બીજાઓએ માની લીધેલા આદ્ય પ્રાણધ્વનિનું ઉપર પ્રમાણે કારણ દર્શાવવામાં કદાચ મ્હારા પર પાખંડ પ્રવર્તાવવાનો દોષ મૂકાશે. પરંતુ મ્હારા મતની તુલના હેની યોગ્યતા તપાશીને કરવામાં આવશે, પૂર્વગ્રહને અને રૂઢ મતના આસંગ માત્રને આધારે નહિં, હેવી આશા રાખુંછું.

હું આ પ્રમાણે મત રજૂ કરીશ: માતૃભૂત આર્ય ભાષામાં નીચે આપુંછું હેવા અન્યોન્ય વિશિષ્ટ ધાતુગણ હતા.

(ઘ) घन् (हन्) જેવા ધાતુઓ; જેનું जघान જેવાં રૂપોથી સ્પષ્ટ સૂચન થાયછે, કારણ કે ધાતુદશામાં આ ઘોષ મહાપ્રાણનું અસ્તિત્વ ન સ્વીકારિયે તો અન્ય પ્રકારે એ રૂપોનું ઉપપાદન થઈ સકતું નથી. તે ઉપરાંત આર્ય ભાષાના શબ્દો વચ્ચેના વાગ્વ્યાપારસિદ્ધ સંબન્ધની કસોટીથી સંતોષકારક જણાતા ધાતુઓ, અને

(આ) बुध्, बन्ध् ઇત્યાદિ ધાતુઓ જેમાં હું કહું છું તે પ્રમાણે, અમુક પ્રસંગોએ પ્રાણધ્વનિને શબ્દના અન્તમાંથી આદિ પ્રતિ લઇ જવાના નિયમને અનુરોધે જ માત્ર, આદ્ય વ્યંજન સ્વવર્ગ્ય ઘોષ વ્યંજન બને છે, અને મૂળ ધાતુ દશામાં હાવો આદ્ય ઘોષ વ્યંજન નથી હોતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અશક્યતાનું અને તાત્કાલિક સંવિલય થઇને ગ્રાહ્ય થવાની આવશ્યકતાનું ભાન થશે. अभूज અને बूझे (સં. बुध्यते, પ્રા. बुज्झइ)–बूचट कांइ नव बूझे (ધીરો ભગત) એ બે વચ્ચે જણાતો ભેદ લક્ષ્યોગ્યછે: એક પ્રકારમાં ह् નો સ્થાનફેર અને સંકર થાયછે, અન્ય પ્રકારમાં ह કારને છાંડયા વિના ज्ञ એમનો એમ ટકી રહેછે; પરંતુ એક વાર જેવું ह् નું નિર્વાસન અને આશ્રયાન્તર થાયછે કે તરત જ ब् અને ह् નો સંકર થાયછે, કારણ કે ब्ह् મધ્ય સ્થાનમાં રહેલો હોઇને अब्हूज નું ઉચ્ચારણ મુશ્કેલ બનેછે.

મારવાડીમાં ત્હારો ને બદલે થારો છે તે ખરું; પણ એ વાતથી ગુજરાતીમાં त्+ह् સંસૃષ્ટિ દશામાં રહેછે એ પ્રત્યક્ષ વસ્તુસ્થિતિને બાધ નથી આવતો.

(૨) સ્વર જોડે (ह् નો સંકર).

વ્યંજનને સ્વર જોડે સંયુક્ત થવાનો એક જ માર્ગ શક્ય છે તે એ કે વ્યંજન સ્વરની પૂર્વે આવે અને એ રીતે બંને વર્ણો પરસ્પર સંવિલીન રહે; જેમ કે (સં.) अधुना–(પ્રા.) अहुणा–हू+अउणा, हउणा–(ગુજ.) हवणां, हमणां. हमे, हमारुं એ પ્રકારના શબ્દોમાં ह મૂકવાની પદ્ધતિને ઉતારી પાડવાની ઉત્કણ્ઠામાં કેટલાક લોક हनो लघुप्रयत्न ઉચ્ચાર વીસરી જઇને हेनो गुरुप्रयत्न ઉચ્ચાર કરેછે એ અલબત્ત ખોટું છે.

[એક વખત કવિ નર્મદાશંકર[१९] अ અને हને જોડીને ह्ह હેવું અશક્ય રૂપ બનાવતા (ह्मे ઇત્યાદિ), જેમાં સ્વરને हની પૂર્વે મૂકીને સંયોગમાં અર્ધવર્ણ રૂપે લખતા. આ પ્રયોગમાં રહેલી અર્થહીનતા સ્પષ્ટ છે, કારણ કે અરધો (ખોડો) સ્વર એ વસ્તુસ્વરૂપે અને વાગ્વ્યાપાર દૃષ્ટિયે એક અશક્ય વાત છે.]

ઉપરના વિવેચનથી સમઝાશે જે સંકર અવસ્થામાં हकार એટલો બધો સંવિલીન થઈ જાયછે કે કેટલાક લોક હેને મહાપ્રાણ વ્યંજન રૂપે ન સ્વીકારતાં સંનિકૃષ્ટ સ્વરમાં વ્યાપતા–પૂરાતા માત્ર અનુપ્રાણન રૂપે માની બેસેછે. રા. રા. કેશવલાલ ધ્રુવ હાવો મત ધરેછે અને તેઓ

સંકરમાંના હકારને કેટલાક માત્ર प्राणध्वनि માને છે; એ મતનું પ્રત્યાખ્યાન.

हकारने प्राणध्वनि કહેછે; (હેમનો वाग्व्यापार, પરિશિષ્ટ ૨, પૃ. ૨૩–૨૪ જુવો.); અને તેઓ પ્રાણયુક્ત અક્ષરની નીચે માત્ર એક બિન્દુ મૂકવાની સંજ્ઞા સૂચવેછે; જેમ કે, ब्हेन, हमे ઇત્યાદિમાંના પ્રત્યક્ષ हने બદલે बेन, अमे ઇત્યાદિ. પરંતુ આપણે घेरुं, घंलुं, घो ઇત્યાદિ પ્રકારો જોઇશું તો એટલેથી જ प्राणध्वनि

૧૯ વિચારશીલ કવિના વિવેકબુદ્ધિ જણાવતાં કહેવું જોઇયે કે આગળ ઉપર હેમણે આ અર્થહીન સંજ્ઞા તજી દીધી અને પ્રાણોચ્ચાર દર્શાવવા સ્વરની નીચે સાંકેતિક બિન્દુ મૂકવાની રીત સ્વીકારી; अमे.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાળા પક્ષમાંના દોષ વિશે આપણી ખાતરી થશે, કેમકે એ શબ્દોમાં ग् ની સાથે संकीर्ण દશામાં ह् નિઃસંશય હાજર છે, માત્ર प्राणध्वनि રૂપે નથી. એ મતમાં સંગતિ જાળવવી હોય તો તો घेहुं, घलुं, घो હેને બદલે गेहुं, गलुं, गो લખવું પડે,—પણ એટલે સુધી જવાને કોઇ તૈયાર નહિં થાય[20] રા. કેશવલાલ ધ્રુવ પોતે પણ નહિ.

આ મુદ્દામાં રહેલાં વાગ્વ્યાપારતત્ત્વો મ્હને જે રીતે જણાયછે, તે રીતે આ પ્રાણોચ્ચારના ત્રણ સ્પષ્ટ પ્રકારો છેઃ—

(૧) गुरुप्रयत्न; हर्ष, वहन, दहन ઇત્યાદિમાં.

(૨) लघुप्रयत्न; हमे, हमारुं, म्होटुं, न्हेन ઇત્યાદિમાં.

અને (૩) અતિમન્દ, प्राणध्वनि–રૂપ; શબ્દના દૂરના, સ્વરભારરહિત ભાગમાં રહેલો लघुप्रयत्नहकार, प्राणध्वनि દશામાંથી પસાર થઈને, ક્ષીણ થવાની સ્થિતિમાં હોય ત્હારે જણાતો; જેમ કે सरजनहार–सरजनार–सरजनार.

અર્વાચીન ત્હેનું, ત્હેને, ન્હાનું ઇત્યાદિ રૂપોને સ્થાને પ્રાચીન ગુજરાતી ગ્રન્થોમાં तेहनुं, तेहनइ, नाहानुं વગેરે રૂપો વપરાયેલાંછે. જે દેખાવમાં વધારે અક્ષરસંખ્યાવાળાં લાગેછે છતાં વસ્તુતઃ અર્વાચીન રૂપોના જેટલી જ માત્રાનાંછે; આ વસ્તુસ્થિતિની સાબિતી છન્દરૂપી કસોટીથી થાયછે. છેવટ નિષ્પન્ન થયેલાં રૂપોની યથાર્થતા આ ઉપરથી જણાયછે. એક પ્રાચીન ગ્રન્થમાંથી થોડાંક ઉદાહરણો આપવાથી મ્હારી આ ઉક્તિ સ્પષ્ટ થશે; એ

*સંકીર્ણ हकारને પ્રાચીન ગ્રન્થોમાં અલગ અક્ષર તરીકે લખવાનો શિથિલ પ્રચાર હતો, પણ વસ્તુતઃ હેનો ઉચ્ચાર સંકીર્ણ રૂપે થતો.*

---

૨૦ જેઓ लघुप्रयत्नहकार લખવાની વિરુદ્ધ છે તેઓ હાવી આપાતરમણીય દલીલ વાપરેછે કે प्हेलो, व्हेन જેવા શબ્દોમાં प्ह्, व्ह् એ વર્ણો એમના એમ ન રહી સકે, હેનું फ्, म् હેવું રૂપાન્તર થવું જોઇયે. પ્રાણધ્વનિવાળા મતના પક્ષમાં દાવો કરી સકાય કે એ મતમાં આ દલીલનો સંતોષકારક નિકાલ થઇ જાયછે, કારણ કે (प़ॅलो, व़ॅन ઇત્યાદિમાં) પ્રાણતત્ત્વ સંનિકૃષ્ટ સ્વરમાં માત્ર આછા સંવિલયરૂપે રહેલું હોઈને હેની વ્યંજનો પર ઉપર દર્શાવી ત્હેવી प्, व् ને फ्, म् બનાવી દેનારી અસર થઈ સકે નહિ. પરંતુ घेरं, घलु, घो, હેવા પ્રકારના શબ્દો प्राणध्वनि પક્ષની સંભવિતતાના બાધક બને છે અને પરિણામે प्+ह्, व्+ह्ના फ, म् ન થઈ જવાનું કારણ અન્યત્ર ખોળવું પડશે. આ રીતે संकीण થઇને સ્પર્શ મહાપ્રાણ બનવામાં સ્થાન અને પ્રયત્નની ભિન્નતા પ્રતિબન્ધકર્તા બનેછે એ વાતથી ખુલાસો પ્રાપ્ત થાયછે; ग्+ह् એ બે વર્ણનાં સ્થાન અને પ્રયત્ન ઘણે મ્હોટે અંશે એક હોવાથી હેનો घ् રૂપે સંકર અનિવાર્ય બનેછે, પણ प्+ह् व्+ह એમ સંકીર્ણ થતા નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદાહરણો હું ભીમ કવિ કૃત हरिलीला षोडशकला (વિ. સં. ૧૫૭૪ માં નકલ કરાયેલી, વિ. સં. ૧૫૪૧ માં રચાયેલી[૨૧]) માંથી લઉંછું:-

कला ८:—

(१) पहनइ टांकी लागी नही। (કડી ૨૭)

(२) एकवार सूनी नेसाल
तेम्यां सघळां नांहानां बाळ। (કડી ૩૦)

(३) किहां ताहारु स्वामी प्रल्हाद।
गाढि करिनइ तेहनइ साद। (કડી ૫૪)

(४) माहारु स्वामी जे मइ कह्यु। (કડી ૫૪)

(५) ताहारु स्वामी सबळ आधारि। (કડી ૫૮)

અહિંયાં છન્દ ચોપાઇ છે, અને આ પંક્તિયોને એ છન્દમાં વાંચી જોવાથી એકદમ જણાઇ આવશે કે કાળા છાપેલા શબ્દોને, જાણે કે हेनइ, न्हानां, कय्हां, त्हारु, त्हेनइ, म्हारु, त्हारु લખ્યા હોય તેમ ઉચ્ચારવા પડેછે. આથી हનું સ્થાન શબ્દોના આદિમાં હોવાનું સ્પષ્ટ સૂચન થાયછે; એટલે કે, લખવામાં જો કે ह અલગ દર્શાવાતો છતાં હેનો ઉચ્ચાર આદ્યશ્રુતિની સાથે જ થઈ જતો. આ રીતની જોડણી हरिलीलाની પૂર્વે અને પછી લાંબા સમય દરમ્યાન પ્રચરિત દૃષ્ટિયે પડેછે.

એક વિરલ ઉદાહરણમાં हને હેના સંબંધી વ્યંજનની સાથે, જે રીતે લખવાનો મ્હારો આગ્રહ છે તે જ રીતે, જોડેલો મ્હારી દૃષ્ટિયે પડ્યો છેઃ—

लई हेमनी कांकशी मात म्होटी (કેશવ હૃદેરામકૃત दशमस्कन्ध; રચાયો વિ. સં. ૧૫૨૯ માં, નકલનું વર્ષ વિ. સં. ૧૭૮૭.)

અહિંયાં ભુજંગી છન્દ છે અને છન્દસ્વરૂપમાં મ્હોટી બરાબર બંધ બેસેછે. એ જ ગ્રન્થમાં અન્ય સ્થળોએ આ શબ્દને મોહોટું લખ્યોછે, ह અસંયુક્ત રાખ્યોછે.

---

૨૧. અમદાવાદના ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના આસિસ્ટન્ટ સેક્રેટરી રા. હીરાલાલ ત્રિ. પારેખ બી. એ. હેમણે મ્હને જોવા આપેલી હસ્તલિખિત નકલમાં નકલ કર્યાનું વર્ષ વિ. સં. ૧૫૭૪ આપ્યુંછે. અન્ત ભાગમાં રચ્યાસાલ નીચે પ્રમાણે આપીછેઃ-

संवत १५ रुद्रनी वीस। x x x उत्तम उत्तर अयन विशेष। ऋतु वसंत संक्रान्ति मेष॥

અહિં રહેલી ત્રુટિનો પૂરક અંશ बृहत्काव्यदोहन, ग्रन्थ ४ था માંના પાઠમાં મળેછેઃ वर्ष एक ऊपर चालीस॥ (च्यालीस હેવો એ કવિકૃત प्रबोधप्रकाशની વિ. સં. ૧૫૭૫ માં લખાયેલી હસ્તપ્રતિમાં પાઠ છે). વ્રજલાલ શાસ્ત્રી हरिलीला રચાયાનું વર્ષ વિ. સં. ૧૫૪૦ આપેછે (હેમનો गुजराती भाषानो इतिहास પૃ. ૬૫ જુવો).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુહામાંથી ગુફા થાયછે ત્હેમાં હ્નું પરાવર્તન

ક્વચિત્ હ નું વિલક્ષણ પરાવર્તન થાયછે, જે ઉત્ક્રમણ કરતાં અપક્રમણ જેવું વધારે છે, હ ને સ્પર્શમહાપ્રાણ બનાવનારી એ વિપરીત ઘટના છે. મ્હેં આ ઘટનાનું એક જ ઉદાહરણ દીધુંછેઃ ગુફા (ગુજ.)–ગુહા (સં.) આ શબ્દ આપણા અર્વાચીન ગુજરાતી ઉપરાંત પ્રાચીન ગ્રન્થોમાં પણ ઉપલબ્ધ થાયછે :—

(૧) गव्हर गुफा शरीखुं वयण ।

(ભીમ કવિકૃત[૨૨] हरिलीला, ૮–૬૧).

(૨) गोमट गुष गुफा मांहि

(ગણુપતિકૃત माधवानल दोधक प्रबन्ध, વિ. સં. ૧૫૮૪,

अंग ૮, કડી ૧૦૮).

આ શબ્દ, गुफा, કદાચ ફારસી શબ્દ લાગશે; પરંતુ હેના સંસ્કૃત गुहाમાંથી ઉદ્ભવ વિશે શંકા કરવાનું કાંઈપણુ કારણુ ભાગ્યે જ હશે. અહિં ખાસ વિશેષ એ છે કે हનો फ થાયછે, જ્ય્હારે સાધારણુ રીતે સંસ્કૃતમાંના फનો ह થાયછે. ( सि. हे. ૮–૧–૨૩૬ ) સંસ્કૃતમાં गुफा જેવો કોઈ શબ્દ નથી, તેમ गुफ् ( गुम्फ् ) ધાતુને પણ સંસ્કૃત गुहा સાથે અર્થસંબન્ધ નથી કારણુ કે આ શબ્દ તો गुह्=છુપાવું એમાંથી આવ્યોછે, गुहा એટલે "છુપાવાનું સ્થાન" એટલે કે "ગુફા." કદાચ એમ હશે કે गुफ्[૨૩] એ રૂપે કોઈ

૨૨ ભીમે આ શબ્દ ( गुफा ) પોતાના ( વિ. સં. ૧૫૪૬ માં રચેલા ) प्रबोध काशમાં પણ વાપર્યોછે, काश ૩, શ્લોક ૬.

૨૩. गुप्–"રક્ષવું" એ ધાતુ હાવા गुफ् ધાતુનો સંબંધી હોઇ શકે.

માત્ર એક વિઘ્ન, અને તે પણ દુસ્તર વિઘ્ન, એ છે કે गु‍प् પોતે गोपाय्માંથી ઉદ્ધરેલો નિષ્પાદિત ધાતુ મનાયછે, અને गोपाय् દેખીતી રીતે गोप (ગોવાળ)–गो (ગાય)—पा ( રક્ષણુ કરવું ) એ શબ્દમાંથી આવેલો નામધાતુ ગણાયછે. પરંતુ, વિરુદ્ધ પક્ષે, गोप ( ગોવાળ ) જાતે વસ્તુતઃ गुप् ( રક્ષણુ કરવું ) હેમાંની ઉદ્ભવેલ હોઇને સમય જતાં કૃત્રિમ રીતે गो-पा માંથી વ્યુત્પન્ન થયો મનાયો, અને गोपाय् તો વસ્તુતઃ અનિયમિત રૂપ હશે, હેવું સૂચન ન કરી સકાય? કારણુ કે પાણિનિયે ૩–૧–૨૮ માં आय् લેનારા गुप्, धूप्, विच्छ्, पण् અને पन् એ પાંચ ધાતુઓ ગણાવ્યાછે તે પૈકી માત્ર गोपाय् એકલાનો જ गो-पा એ પ્રકારે આપાતરમ્ય વિગ્રહ થઈ સકેછે; અને धूप અને पण હેમાં દર્શાવી સકાય તેવું विच्छ्માં તો મૂળભૂત નામ પણ દર્શાવવું અશક્ય છે; જોકે धूप અને पण એ બેના પણ गो+पा એ પ્રકારના ભાગ તો નથી જ થઈ સકતા. મ્હારા જાણવામાં છે કે गु‍प् છેક વૈદિક સમય પછીનો તો નહિ પણ નવીન વૈદિક ધાતુ છે ખરો. ઋગ્વેદ સંહિતાના ૭ મા મંડળના એક નવા સૂક્તમાં માત્ર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુરાણો સંસ્કૃત ધાતુ હશે અને વૈદિક સમયમાં જ લુપ્ત થયો હશે ? આ અસંભવિત નથી અને પ્રત્યાવૃત્ત ઘટનાના હોવા પ્રસંગો અજ્ઞાત નથી. કારણ કે આ પ્રમાણે, એક નભી સકે હેવા પક્ષ રૂપે, સલામતીથી કહી સકાય કે ह् સ્વતંત્ર અક્ષર રૂપે, વૈદિક સમયમાં વ્યાપક રીતે પ્રવર્તતા સ્પર્શ મહાપ્રાણોમાંથી, અલબત્ત ઘણા પ્રાચીન સમયમાં, નીકળ્યો હતો, અને તે વખતે પણ હકારાન્ત ધાતુઓની વ્યુત્પત્તિ મહાપ્રાણ સ્પર્શ જેના અન્તમાં હોય હેવા

એક જ વાર, અને ૧૦ મા મંડળમાં માત્ર બે વાર, એ ધાતુ વપરાયેલોછે (એ. એ. મૅક્ડોનલ કૃત वदिक व्याकरण, પૃ. ૩૫૮, નોટ ૧૩ મી જુવો). પરંતુ આ હકીકતથી गुप् ધાતુ અતિ પ્રાચીન, સંભાવત લાગતા, ધાતુ गुफ्‌માંથી કોઈ કાળક્રમે ઉદ્ભવ્યો હશે એ શકય જણાતી ઘટનાને બાધ આવે જ એમ નથી. હું ઘણી અશ્રદ્ધા અને મર્યાદા રાખીને બોલુંછું, પણ હું પૂછુંછું-(गो+पा માંથી નીકળેલા) गोप શબ્દમાંથી નામધાતુ થઇને गोपाय् ઉદ્ભવ્યોછે એ મતને વિચારદોષ ગણવાને અવકાશ નથી ?

કારણો નીચે પ્રમાણે છે:-

(૧) ઉપર જણાવ્યું તે પ્રમાણે, એ જ ગણમાંના બીજા धू, विच्छ्, पण्, पन् એ ધાતુઓની હેવી વ્યુત્પત્તિ દર્શાવવામાં આવતી દુર્ગમતા; હું જાણુંછું કે पणि શબ્દના આ બે અર્થ થતા મનાયછે: (૧) પર્નિયન લોક અને તદનન્તર (૨) વ્હેપારી (पणिમાંથી વ્યુત્પન્ન થયો હોય એ દૃષ્ટિયે वणिक् શબ્દ સરખાવો). (વૈદિક અનુક્રમણી, પુસ્તક ૧, ૪૭૧-૪૭૨ જુવો); અને विच्छाय‌ને પણ वि+छाया માંથી સાધવાનો તર્ક કરી સકાય-કારણ કે મુસાફરીમાં આગળ વધતો મનુષ્ય પ્રથમ છાયાને તજેછે. પરંતુ આ વિચાર-તત્ત્વોથી, गो+पा જેવા ભાગ આ ધાતુઓના નથી થઈ સકતા હેવા મ્હેં દર્શાવેલ વિરોધને કાંઇ અન્તરાય થતો નથી.

(૨) વસ્તુતઃ गुप् માંથી (गुप्+घञ् પ્રત્યયમાંથી) સાધી સકાતા गोप શબ્દનો જે કૃત્રિમ વિગ્રહ गो+पा) થતો હું જોઉંછું, એ વિગ્રહનું આડકતરૂં સાદૃશ્ય અને ઉદાહરણ गोपीथ શબ્દમાં મળી આવેછે. गोपीथ (ऋ. वे. ૧, ૧૯-૧) શબ્દનો અર્થ યાસ્કે અને સાયણે **સોમપાન** કર્યોછે, અને મૅક્સમૂલરે **દૂધનો ઘુંટડો** (गो+पीथ) હેવો અર્થ લીધોછે; જ્યારે રૉથ (નિરુક્ત, નોટ્સ, પૃ. ૧૪૪ માં) "રક્ષણ" એ અર્થને સ્વીકારેછે (જે गुप्=રક્ષણ કરવું હેમાંથી, गो+पीथ હેવા ભાગકરણ વિના જ પ્રાપ્ત થાય). મૅક્સમૂલર આ (રક્ષણ) અર્થનો પણ પરામર્શ કરેછે, પરંતુ, सोमपीथ (ऋ. वे. ૧, ૫૧, ૭) હેમાં पीथ‌નો અર્થ "પાન" સ્પષ્ટ છે એટલા જ કારણથી, **દૂધનો ઘુંટડો** એ અર્થ તરફ પક્ષપાત દર્શાવેછે. પરંતુ હેનો ઉત્તર આ પ્રમાણે આપી સકાય:—

(અ) सोमपीथ માં पीथ છે તે पा પીવું માંથી નીકળ્યો હોય, છતાં એટલા જ સામર્થ્યથી गोपीथ શબ્દને गुप् ધાતુમાંથી એ જ પ્રત્યય લાગી સિદ્ધ થયો ગણી સકાય; બાહ્ય સામ્યને કારણે જ ભૂલ થયેલીછે; અને

(આ) મૅક્સમૂલર પોતે જ ऋ. वे. ૧૦-૭૭, ૭ માં गोपीथ નો રક્ષણ એ અર્થ સ્વીકારેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ એ સમયે પણ ભાષામાંથી લુપ્ત થયેલા ધાતુઓમાંથી સાધવી શક્ય હતી. વૈદિક गृभ्, गृभ्णाति જે લૌકિક સંસ્કૃતમાં ग्रह्, गृह्णाति[૨૪] બનેછે, તે ધાતુ પ્રસ્તુત ઘટનાનું ઉદાહરણ છે. આ વાતનો પુરાવો લૌકિક સંસ્કૃતનાં કેટલાક

---

૨૪. સંસ્કૃત-અંગ્રેજી શબ્દ કોષમાં આપ્ટે એ गृभ् વૈદિક ધાતુ આપ્યો નથી; પણ આ શબ્દો આપ્યાછેઃ-गृभ=(Vedic) a house (ઘર); गृभिः Ved. grasping (ગ્રહણ કરવું); गृभीतः adjective 1. seized (ગૃહીત) 2. impregnated (સગર્ભ.) મો. વિલિયમ્સે गृभ् શબ્દ આપ્યો છે. "गृभ् ( from ग्रह् ) p. f. Ved. holding grasping, grasp, hold;" ( गृभ् વ. કૃદન્ત, પકડવું; સ્ત્રીલિંગ નામ, પકડ, ગ્રહણ.) તેમ વળી "गृभीतः m. f. n.=seized (ગૃહીત)" એ પણ આપેલ છે. गृभीत (લૌકિક गृहीत) એ વસ્તુતઃ गृभ्નું ભૂતકૃદન્ત હોવું જોઇયે, શુદ્ધ વિશેષણ નહિં, એમ જણાયછે. गृभनो "લેવું" તેમ જ 'ગર્ભ ધારણ કરવો' હેવો અર્થ થતો હોવો જોઇયે, જેમાંથી गर्भः આવ્યો-જો કે આપ્ટે गृ + मन् (उणादि ૩-૧૫૨) એમ આપેછે. પણ અહિં પણ गृभीत રૂપથી સ્પષ્ટ જણાયછે કે ધાતુ શરીરમાં મૂળ भ હતો જ; અને આ गृ + मन् એ તો, વૈદિક સમયમાં જ કે ત્હાર પછી તરતમાં જ गृभ् ધાતુ લુપ્ત થયો ત્હાર કેડે લાંબા સમય પછી, गर्भमांना मर्नु આગમન સમઝાવવાનો પાછોતરો પ્રયાસ હોવો જોઇયે; જ્યારે गृह અને गृभ्नां પરિણામ गृह અને गर्भ એ નામોમાં જળવાઈ રહ્યાં; જેમ मिह् અને मिघ्ના અવશેષ રૂપ मेहन અને मघ રહ્યા તેમ; જો કે અહિં પણ વળી આપ્ટે मघની વ્યુત્પતિ मिह् + घञ् અને कुत्वम् એમ સમઝાવેછે. मिह्નું ભૂત કૃદન્ત मीढ છે તેથી મૂળ ધાતુ मिढ् હશે, मिघ् નહિં, એમ જણાય; પણ કદાચ એમ હોય કે मेघ શબ્દ સૂચવેછે તેમ પ્રાચીનતમ ધાતુ मिघ હશે અને मीढ રૂપને लीढना સાદૃશ્યથી ઉપજાવ્યું હશે. મો. વિલિયમ્સ્ मेघ શબ્દને मिघ્ માંથી વ્યુત્પન્ન થયેલો આપેછે, અને मिघ् ધાતુ વિશે પણ આમ કહેછે. "मिघ्=rt. मिह-only in निमेघमानः-ना-नं (cf. Megha) Ved. emiting moisture" (मिघ्=मिह् ધાતુ-માત્ર निमेघमानः-ना-न એ રૂપમાં (मघ સરખાવો) વૈદિક, ભેજ મૂકવું, ભીનાશ કાઢવું); અને સાયણમાંથી અવતરણ ટાંકેછે "न्यस्त्रि अवाङ्मुखानि वृष्ट्युदकानि सिञ्चत वृष्टिजळ છાંટવું."

निरुक्त, ૧૦-૨૩ માં આમ છેઃ-गर्भो गृभेर्गृणात्यर्थे गिरत्यनर्थानिति वा। (गृणाति એ गृह्णाति ને બદલે અપપાઠ થયો લાગેછે.*) निरुक्त ૭-૨૬ માં યાસ્કે अगृभ्णत નો અર્થ अगृह्णत કર્યોછે.

St. Petersburgh Lexicon (Bohtlingk and Roht, Sanskrit-Worten-buch, બોથલિંક અને રોથ કૃત સંસ્કૃત શબ્દ કોષ)માં गृभ् ( = ग्रभ्=ग्रह અને गृभीत ભૂતકૃદન્ત-વિશેષણ નહિં, એ બે શબ્દો આપ્યાછે.

* [ મ્હારા આ તર્કને રોથ તરફથી અણધાર્યું સમર્થન મળેછેઃ—

"गृणात्यर्थे ને સ્થાને गृह्णात्यर्थान् વાંચવું જોઇયે એમ લાગેછે."

(निरुक्त ૧૦-૨૩ ઉપર ટીકા, રોથની આવૃત્તિમાં ટીકાનું પૃ. ૧૪૦-૪૧).

(મૂળ જર્મનનું અંગ્રેજી ભાષાંતર મુંબાઇની સેન્ટ ઝેવિયર્સ કૉલેજના ફાધર ઝિમરમને કરી આપ્યું હતું.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્રિયાપદરૂપોમાં મળી આવેછે; એ રૂપોમાં ધાતુઓના અન્ત્ય હ્ નો સ્પર્શ મહાપ્રાણ વ્યંજન બનેછે; આ રીતે એ રૂપો પ્રાચીન અને લાંબા સમયથી અપ્રચરિત હેવા, પ્રાચીનતમ સાહિત્યને પણ અપરિચિત હેવા મહાપ્રાણ-સ્પર્શાન્ત ધાતુઓનું સાક્ષ્ય પૂરેછે. જેમ કેઃ—

(૧) दुह् + क्त = दुग्धं; અહિં दुघ् + त[२५]
(૨) लिह् + क्त = लीढं; ,, लिढ्+ त
(૩) मिह् + क्त = मीढं; ,, मिढ् + त
(૪) नह् + क्त = नद्धं; ,, नध् + त
(૫) दिह् + क्त = दिग्धं; ,, दिघ् + त
(૬) दह् + क्त = दग्धं; ,, दघ् + त
(૭) रुह् + क्त = रूढं; ,, रुढ् + त
(૮) वह् + क्त = रूढं; ,, वढ् + त[२६]

એ જ પ્રમાણે, કેટલાક ધાતુઓમાંનો અન્ત્યેતર ह् પૂર્વ દશામાંના મૂળ-ભૂત મહાપ્રાણ સ્પર્શને સ્થાને આવી રહેલો છે; જેમ કે हन् ધાતુનું પરોક્ષ ભૂતકાળમાં અભ્યાસયુક્ત રૂપ जघान થાયછે અને પ્રેરકરૂપ घातयति થાયછે; એ घन् જેવા કોઇ પૂર્વતર ધાતુનું અસ્તિત્વ સૂચવેછે.

---

હોય મ્હારાથી એક ક્રમ આગળ વધીને અથને બદલે અર્થાત્ પાઠ સ્વીકારેછે, અને એ ખરું લાગેછે, કારણ કે ચારકનું વચન આગળ જતાં હાલું છેઃ यदाहि स्त्री गुणान् गृह्णाति गुणाश्चास्या गृह्यान्तेऽथ गर्भो भवति ].

૨૫. અં. daughter, મિ. અં. doghter, dohter; ઍ. સૅ. dohtor: ઝન્દ દુઘ્દર; ફારસી दुख्तर; એ સરખાવો; એ બધામાં घ्, ख છે તેનો અન્તે શુદ્ધ નિષ્કર્ષ ह् થયો હોવો જોઇયે. दुहितृ, daughter, એટલે ઘર આંગણે ગાય દોહનારી (दुह्–दोग्धि)–એ કહેવું પડે તેમ નથી. પ્રાચીન કુટુંબજીવનમાં દીકરી દૂધ દોહતી.

૨૬. પાણિનિયે हो ढः (૮–૨–૩૧) એ ઉત્સર્ગ આપ્યોછે અને અપવાદો दादेर्घातोघ, (૮–૨–૩૨), वा द्रुहमुहष्णुहष्णिहाम् (૮–૨–૩૩) એ અને नहो धः (૮–૨–૩૪) એ આપ્યાછે

હવે સૂત્રપદ્ધતિને અર્થે આ વ્યવસ્થા ઠીક હશે, અને એ લક્ષ્યદૃષ્ટિથી, એટલે વસ્તુ-સિદ્ધ ભાષાપ્રયોગને અનુસરીને, યોજાઇ હતી. પરંતુ આ રૂપવૈવિધ્યનું મૂળ તો અન્ત્ય સ્થાને સ્પર્શ મહાપ્રાણ વર્ણવાળા પ્રચારલુપ્ત ધાતુઓમાં જ ખોળવું ઉચિત છે.

मुग्ध–मूढ ઇત્યાદિ વૈકલ્પિક રૂપો मुघ्, मूढ् ઇત્યાદિ પ્રાચીન ધાતુઓનું પરિણામ હશે ? નિર્ણય કરવો રહેલો નથી; એમ પણ હોય કે કેટલાક વિકલ્પો બાહ્ય સામ્યથી જ પ્રચાર પામ્યા હોય. મ્હારા આ તર્કનું મૅકડૉનલ, ૧૩, છેલ્લાં બે વાક્યો (પૃ. ૧૩)થી સમર્થન થાયછે. તે કહેછેઃ—"ह् ના મૂળ વૈવિધ્યને પરિણામે એ વર્ણવાળા ધાતુઓનાં રૂપબાહુલ્યમાં કાંઇક ભ્રમ ઉદ્ભવ્યોછે. જેમકે मुह् 'મુંઝાવું'. હેના વાગ્વ્યાપારસિદ્ધ ભૂતકૃદન્ત मुग्ध ઉપરાંત मूढ (અથર્વવેદ) bewitched એ રૂપ પણ ઉપલબ્ધ છે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[ડૉ. સર રા. ગો. ભાંડારકરે હેમનાં વ્યાખ્યાનોને ૨૮૯મે પૃષ્ઠે પ્રસંગવશાત્ આ ઘટનાનું સૂચનમાત્ર કર્યુંછે—ત્હાં હેમણે સંક્ષેપમાં કહ્યુંછે કે (લૅટિન) traho-tractumમાંનો h સંસ્કૃત ह् ની માફક મૂળ gh (=घ्) ને સ્થાને છે.

બીમ્સ (પુ. ૧, પૃ. ૨૬૨મે) કહેછે:—

"સંસ્કૃત ધાતુઓમાંનો આ વર્ણ (એટલે ह्) બહુશઃ મહાપ્રાણનું માત્ર મૃદુરૂપ જ છે (મહાપ્રાણ સ્પર્શનું મૃદુરૂપ છે હેવું વક્તવ્ય હેમનું હશે એમ જણાયછે). ग्रह्नुं મૂળ રૂપ ग्रभ् છે, हृनुं भृ, हृष्=भृष्, हृदय શબ્દ खर्दमांथी આવ્યો હોય એ સંભવિત છે, नह्=नध्, वह्=वख्, કદાચ वघ् પણ હોય, रुह्=रुध्, रह्=रध्.[૨૭] એ પ્રાચીન રૂપોમાંના કેટલાંક, ग्रह् અને भृ જેવાં, વેદોમાં જળવાઈ રહ્યાંછે, અને બીજાં રૂપો વિશે સગોત્ર ભાષાઓમાંનાં રૂપના સાદૃશ્યથી જણાયછે કે મહાપ્રાણવર્ણ લુપ્ત થયોછે, જ્યહારે ઘણા ધાતુઓમાં ક્રિયાપદનાં વિવિધ કાલદર્શક રૂપાન્તરોમાં એ દેખા દેછે." ]

આ ઉપરથી જણાશે કે ઉત્તરકાલીન શુદ્ધ ह् ને સ્થાને ઘણા પ્રાચીન સમયમાં મહાપ્રાણ સ્પર્શવર્ણ હતો, અને આ ह् તે પૂર્વકાલીન મહાપ્રાણ સ્પર્શનું કાળક્રમે થયેલું રૂપાન્તર છે.[૨૮] અને ઇતિહાસ આવર્તનશીલ છે એ નિયમ ઉત્તરકાલીન ભાષાવિકાસમાં પ્રવર્તતો દેખાયછે. કારણ, આ નિયમ એક સર્વસાધારણ સત્યનું જ સૂચન કરેછે; તે સત્ય એ કે અમુક સંયોગસમૂહમાં એક જ અથવા એકસરખાં કારણો એક જ અથવા એકસરખાં પરિણામો ઉપજાવેછે. આ સત્ય માનવઉત્ક્રાન્તિની, અને વિશ્વઉત્ક્રાન્તિની

---

૨૭. આ સમીકરણોમાંનાં કેટલાંક वह्=वख्, रुह्=रुध् જેવાં, ભૂત કૃદન્તનાં રૂપો ऊढ અને रूढना પ્રકારામાં તપાસતાં શંકાસ્પદ જણાયછે.

૨૮. આ સિદ્ધાન્તને તર્કમય ગણવાનો નથી. મૅક્સ મૂલરનો મત તો એટલે સુધી જઇ પ્હોચેછે કે "દૂર દૂર પુરાણા સમય એક હેવો હતો કે આર્ય પ્રજાઓ (આ નામે એ પ્રજાનો નિર્દેશ કરિયે તો આર્ય પ્રજાઓ) મહાપ્રાણ हकार ઉચ્ચાર બિલકુલ બોલતી જ ન્હોતી."

("The Science of Language" (भाषाशास्त्र), પુસ્તક ૨, પૃ. ૨૨૨.)

સંસ્કૃત दह् (दघ्)ના સમાનમૂલક (જર્મન) tagના gમાં એક વિશેષ પુરાવો પ્રાપ્ત થાયછે.

માતૃભૂત આર્યભાષામાં મહાપ્રાણ સ્પર્શવર્ણો હતા પણ ઘોષ ह् ભિન્નરૂપે ન્હોતો એ મત ભાષાશાસ્ત્રીઓના મંડળમાં બહુ સ્વીકાર પામેલોછે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ, સર્વ શાખાઓમાં પ્રવર્તેછે. પરિણામે વાગ્વ્યાપારની શાખામાં, એટલે કે ભાષાની ઉત્ક્રાન્તિમાં, વેદપૂર્વના અને વૈદિક સમયમાંથી વૈદિક અને વેદ પછીના તેમ જ લૌકિક સંસ્કૃતના સમયમાં સંક્રમણ કરતા મહાપ્રાણ સ્પર્શ વર્ણોની જે અવસ્થા થઇ, તે જ અવસ્થા તેની સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં આવતાં થઇ–એટલે કે તેમાંનો हकार જ નિષ્કર્ષરૂપે બાકી રહ્યો; એથી નીચે પ્રમાણે રૂપાન્તરો થયાં:—

| સં. | પ્રા. | અપ. | ગુજ. |
|---|---|---|---|
| वधूः | वहू | | |
| लाभः | | लाहो–लाहु | |
| बधिरकः | | बहिरउ | |
| माघः | माहो | | |
| नाथः | नाहो | | |
| कथयति | कहइ | | |
| पिठरक, | | पिहडउ | ન્હેડું (सि. हे. ८–१–१८७ અને २०१) |

फ નો પણ ह सि. हे. ८–१–२३६), જેમ કે:-

| | | | |
|---|---|---|---|
| कफोणिः | कहोणि | | कहोनी–क्हूणी |
| तलस्पर्शः | | तलफंसु | |
| | | तलहंसु–तलअंसु | તળાંસ |

---

અહિં વિશેષ હેવું સૂચન કરીશ કે જે સમયે હજી મહાપ્રાણ સ્પર્શનો શુદ્ધ हकार ન્હોતો થયો તે સમયે, પ્રાચીન આર્ય કુટુંબકના પાશ્ચાત્ય વિભાગની કેટલીક ભાષાઓમાં गुफामાંના गुफ્ना फનો व થયો હતો; કારણ કે લૅટિન (cavus–"કોટર, પોલાણ" હેના રૂપાન્તર) caveaમાંથી આવેલો ઇટાલિયન cava (–cave गुफा) આપણે જોઇયે છિયે. (સ્કીટકૃત Etymological Dictionary of the English Language-અંગ્રેજીનો વ્યુત્પત્તિદર્શક શબ્દકોષ–એ ગ્રન્થમાં cave શબ્દ જુવો, અને સ્મિથકૃત લૅટિન–અંગ્રેજી શબ્દકોષમાં cavea અને cavum, cavus, cava જુવો.. આ અર્થફેરમાં બહુ ક્લિષ્ટતા આવતી નથી; અંગ્રેજી શબ્દ cave જાતે જ આ વાગ્વ્યાપારસંબંધ ધરાવેછે. b અને f વચ્ચેનો સંબંધ તો સુવિદિત છે:

| | | | | | |
|---|---|---|---|---|---|
| અં. | give, | ઍં. સૅ. | gifan; | | |
| ,, | live, | ,, | lifian; | | |
| ,, | sieve, | ,, | sife; | અં. | sift; |
| ,, | drive | ,, | drifan; | ,, | drift, |
| ,, | thrive | મિ. અં. | thriven | | |
| | | | thrifen | ,, | thrift |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તળાંસ નામ તરીકે પ્રચારલુપ્ત કે અપરિચિત છે પણ એ નામ ઉપરથી તળાંસવું (થાપડવું-ખાસ કરીને પગનાં તળાંને-) એ ક્રિયાપદ પ્રચારમાં છે.

[એથી આગળ જતાં અપભ્રંશ અને ગુજરાતી વચ્ચેની અવસ્થામાં ज्‌ ને સ્થાને ह्‌ નીતરીને રહેલો દૃષ્ટિગોચર થાયછે. સં. मध्ये, પ્રા. मज्झे-મ. माझि )-ગુજ. माँहिं.]

गुफा પ્રાચીન શબ્દ હતો અને હેમાંથી गुहा (સં.) વ્યુત્પન્ન થયો એ મત ન્યાય્ય છે હેવું ઉપર કહેલી, વ્યાપક નિયમની અને ભાષા-ઉત્ક્રાન્તિના અનેક યુગો દરમ્યાન હેની પ્રવૃત્તિની, પરીક્ષાથી જણાયછે. માર્ગમાં મુશ્કેલી માત્ર એક જ છે તે એ કે गुह् નું ભૂ. કૃ. गूढ જોતાં મૂળધાતુ गुढ હોય એમ જણાયછે, જ્યહારે આપણે અહિંયાં गुफ् ને गुह् ના જૂના રૂપ તરીકે સ્વીકારિયે છિયે. પરંતુ હેનું નિરાકરણ થાય એમ છે. गुफ् તેમ જ गुढ् એમ બે પ્રાચીન રૂપો હોય એ શક્ય છે, આ સ્થિતિ સ્વતઃ અસંભવિત નથી; અથવા તો એમ

---

તે જ પ્રમાણે લૅટિનમાંથી ફ્રેન્ચ અને સગોત્ર ભાષાઓમાં અને પછી અંગ્રેજીમાં સંક્રાન્ત થતાં v નો f (briefમાં) થાયછેઃ લૅ Brevis, ઈટા. સ્પે. પો. breve, પ્રા. ફ્રૈં. bref, brief, ફ્રૈં-bref, મિ. અં. bref, breef. જ્યહારે k (क) અને g (ग) વચ્ચેનો સંબંધ તો એથી પણ સ્પષ્ટ છે; જેમકે સં. चन्द्रगुप्त, ગ્રી. Sandra-kuptos (kottos) સં. युगं, અં. yoke, ગો.-juk, જ. joch ઇત્યાદિ; જો કે, ग્‌નો क् થાયછે તે સ્વરોની વચ્ચે હોય ત્યહારે જ, આદ્ય ग्‌નો क થાય એ વિરલ છે, એ વાત લક્ષમાં લેવાની છે. પરંતુ એક રીતે જોતાં गुप्तના गुને અનાદ્ય લેખી સકાય.

काओफ् (અવસ્તા)= कोप् (પેહ્‌લવી)= कूह् (ફા.) એ શબ્દોથી મ્હારા આ મતને વિશેષ સમર્થન મળેછે. એ બધાનો અર્થ 'પર્વત' થાયછે, અને लक्षणाथी 'પર્વત' પરથી 'ગુફા' પ્રાપ્ત કરવામાં દુષ્કર કે કૃત્રિમ ક્રમ નથી થતો. અવસ્તાનો काओफ शब्द પ્રચારલુપ્ત गुफ् શબ્દ સાથેની સાંકળ સાંધેછે.

(અવસ્તા અને પેહ્‌લવી શબ્દો વિશેની આ માહિતી માટે સાંટાક્રુઝ (મુંબઇ)ના મ્હારા મિત્ર મી॰ બહેરામગુર તેમુરસ અંકલેસરિયાના દાક્ષિણ્યનો ઋણી છું.)

વાગ્વ્યાપારના નિયમો દેશ અને કાળ એ ઉપાધિઓને વશ છે એ હું વીસરતો નથી. પરંતુ દેશ અને કાળની મર્યાદાઓ અવિશદ થાય તેટલા દૂર દૂરના પુરાણા સમયમાં જ્યહારે આપણો ચર્ચાવિષય જઈ પ્હોચે ત્યહારે આપણે માત્ર નાદશ્રવણના નિયમોને આધારે જ વાગ્વ્યાપારના નિયમો પ્રાપ્ત કરિયે તો હેમાં કાંઇ અનુચિતતા નથી.

ઉપર સૂચવેલા ग् અને क्‌ના સંબન્ધ પરત્વે દર્શાવવું જોઇયે કે गौः (સં.) શબ્દના પાશ્ચાત્ય વિભાગની કેટલીક ભાષાઓમાંના પ્રતિનિધિ શબ્દોમાં क् આવેછે; જેમકે Cow (અં.), ko, ku (મિ. લો. જ.), ko (લો. જ.) આથી જણાયછે કે આદ્ય ग्‌નો પણ क् પ્રતિનિધિ છે ખરો, એટલે चन्द्रगुप्तના गને સમાસદૃષ્ટિયે અનાદ્ય લેખવાના વક્રપંથનો આશ્રય લેવાની જરૂરત નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય કે ગૂઢ રૂપને રૂઢ અને હેવાં રૂપોના બાહ્ય સાદૃશ્યથી દોરાઇને ઉપજાવ્યું હોય. પરંતુ તર્કના ક્ષેત્રમાં બહુ દૂર આથડવાની આવશ્યકતા નથી એટલે હું જ્યહાં પક્ષસ્થાપન સમાપ્ત થાયછે અને તર્ક શરૂ થાયછે ત્યહાંજ વિરમુંછું.

ઉપર સ્થાપેલા પક્ષનો ટૂંકો સંક્ષેપ આપતાં પ્રસ્તુત શબ્દના ઇતિહાસને હું વંશવૃક્ષરૂપે આ પ્રમાણે રજૂ કરીશઃ—

√गुफ् વિષયક પક્ષનો સંક્ષેપ; √गुफ् એજ ગુહાનું, ગુફાનું, caveનું અને કદાચ ગોપનું અન્તિમ મૂળ; ગુફા (ગુજ.) શબ્દની, વાગ્વ્યાપારગત મણ્ડૂકપ્લુતિની ઘટનાથી, પ્રત્યપસરણ કરીને ગુહામાંથી વ્યુત્પત્તિ.

(૧) √गुफ् (જેમાંથી गुफा)
- √गुह् (૨) (જેમાંથી गुहा) — गुफा (૫)
- √गुप् (૩) (गोपाय्) — गोप (૬)
- (kuva) (૪) (cavea) (cava)
- काओफ (५) — कोप् (૮), कूह् (૯)

(૧) વેદ પૂર્વના અતિ પ્રાચીન સમયમાં આ ધાતુ અસ્તિત્વમાં હશે એમ મ્હેં સૂચવ્યુંછે, અને गुफा શબ્દ પણ એ સમયે હશે.

(૨) એક પક્ષે, મહાપ્રાણ સ્પર્શ ફ્ની તરીકે ह् રૂપે રહેતાં આ શબ્દ ઉદ્ભવ્યો;

જ્યહારે (૩) અન્યપક્ષે, हकार લુપ્ત થઇને અલ્પપ્રાણ અઘોષ प् અવશિષ્ટ રહેતાં આ શબ્દ ઉદ્ભવ્યો. (સં. √दघ्નું જર્મન tag થયુંછે એ વિકારમાં આ પ્રકારનો हकारलोपનો આધાર મળેછે.)

(૪) પ્રાચીન આર્ય કુટુંબમાંની પશ્ચિમશાખામાં ઉત્પન્ન થયેલું આ રૂપ છેઃ (cavea (લૅ.), cava (ઇટા.); (Kuvaનું સૂચન કત્રર્ણના પ્રતિનિધિત્વ ખાતરજ કર્યુંછે); આ પશ્ચિમશાખામાં, વિવટ હેમાંની કેટલીક ભાષાઓમાં, ग् અને क् વચ્ચેનું અને फ् અને व् વચ્ચેનું સંબન્ધિત્વ સુલક્ષિત છે; જેમ કે (સં) चन्द्रगुप्त, (ગ્રી.) Sandra-kuptos; (સં.) युग, (ગો.) juk; (સં.) गौः, (અં.) cow, (મિ. લો. જ.) Ko, ku, (લો. જ.) Ko; (અં.) give, (અઁ. સૅ.) gifan–ઇત્યાદિ;

(૬) गोप એ √गुप्માંથી कृत् પ્રત્યય घञ्ના વિધાનથી થયેલું નામ છે એમ મ્હારું સૂચન છે; गोप='રક્ષક', પછી લક્ષણાથી 'ગાયોનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રક્ષક'; (ગો+પા એ વ્યુત્પત્તિ બાહ્ય આકારને જ અવલંબીને કરાયેલી કૃત્રિમ વ્યુત્પત્તિ છે);

(૫) (ગુજ૦) ગુફા શબ્દ પ્રત્યપસરણવિધિયે ગુહામાંથી ઉદ્‌ભવ્યોછે અને, હું જેને માટે phonetic atavism વાગ્વ્યાપારગત મંડૂકપ્લુતિ-હેવું નામ સૂચવુંછું તે ઘટનાથી, પ્રાચીન મૂળ શબ્દનાં લક્ષણોને પ્રાપ્ત કરેછે.

ગુફા શબ્દ આ પ્રમાણે જૂના ગુજરાતી સાહિત્યમાં અને અર્વાચીન ગુજરાતીમાં પુનરુજ્જીવન પામેછે.

(૭), (૮), (૯)–આ શબ્દો સમાનઘટનારૂપે ઘણું કીમતી સમર્થન અર્પેછે; (પ્રચારલુપ્ત ગુફ્ સાથે સંકળાયેલો) અવસ્તાનો કાઓફ્ શબ્દ ગુફની માફક એક રૂપ પવાળું, પેહ્‌લવી કોપ્, અર્પેછે અને બીજું રૂપ હવાળું, ફારસી કૂહ્, અર્પેછે.

કોઇ વાંધો ઉઠાવે કે પેહ્‌લવીમાં કોપ્ નથી પણ કોફ્ છે કારણ કે પ્ અને ફનું સાંકેતિક ચિહ્ન એક જ છે. પરંતુ મી૦ બ્હે. તે. અંકલેસરિયા મ્હને ખાતરી આપેછે કે મહાપ્રાણ સ્પર્શ વિશેનો આ મુદ્દો બહુ વિવાદગ્રસ્ત અને વિવાદક્ષમ છે, અને એ પોતે તો એમ માનેછે કે ખરો ઉચ્ચાર પ્ છે, ફ્ નહિં. વળી પ્ સ્હામે વાંધો ઉઠાવાય કે એ વર્ણમાંથી ફારસી કૂહ્ માંનો હ્ પ્રાપ્ત ન થઈ સકે. જ્યહારે કોફ્‌ના ફ્‌માંથી ઉદ્‌ભવે પરંતુ મી૦ અંકલેસરિયા એ વિશે પણ કહેછે કે અવસ્તા અને ફારસીની વચ્ચે આવતી અવાન્તર ભાષા કાંઈ પેહ્‌લવી એક જ ન્હોતી, પેહ્‌લવીની સાથે અવાન્તર સ્થિતિમાં રહેલી બીજી કેટલીક ઉપ–ભાષાઓ પણ હતી, અને એથી તદ્દન શકય છે કે જ્યહારે પેહ્‌લવીમાં કોપ્‌માં પ્ આવ્યો ત્યહારે બીજી કોઇ મધ્યવર્તી ઉપ–ભાષામાં કોફ્‌માં ફ્ નકી રહ્યો અને હેમાંથી ફારસી કૂહ્‌નો હ્ ઉદ્‌ભવ્યો. આ જોતાં ઉપર આવેલા વંશવૃક્ષને (સંપૂર્ણ સત્યતાની ખાતર) નીચે પ્રમાણે સુધારવું જોઇયેઃ–

કાઓફ (અવસ્તા)

- કોપ્ (પેહ્‌લવી)
- કોફ્ (અન્ય ઉપભાષા)
  - કૂહ્ (ફારસી), હીંદી ઉચ્ચાર-કોહ્.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(અવસ્તા) गुझ्-(સં.) गुह्य, હેમાં દેખાયછે તેમ (અવસ્તા) गुझ् શબ્દ (સં.) गुह्नो સગોત્ર છે એ વસ્તુસ્થિતિથી કાઓફને અવલંબીને મ્હેં સ્વીકારેલા પક્ષનો પ્રતિબન્ધ થવા કારણ નથી; કારણ કે હાવા સપ્રસવ ઉદ્ગમો અસ્વાભાવિક નથી કે અશક્ય પણ નથી.

ઉપર કહેલા મુદ્દાઓમાં (૩) અને (૬) હેઠળ સૂચવેલો મત હું માત્ર તત્ત્વ પરીક્ષણના પ્રયાસરૂપે અને ઘણી મર્યાદા સમેત રજૂ કરુંછું. એ અંશનું વર્જન કરિયે તોપણ અવશિષ્ટ મુદ્દાઓમાં મ્હારી મુખ્ય દલીલના સમર્થન માટે પૂરતી સામગ્રી રહેલીછે.

(ख) हकारनो प्रक्षेप

केटलाक शब्दोमां आगन्तुक हकार उमेरायछे.

પ્રક્ષિપ્ત થયેલો આ हकार કેટલાક શબ્દોમાં संसृष्टि દશામાં રહેછે અને અન્ય શબ્દોમાં संकर દશામાં રહેછે.

(ख) હકારનો પ્રક્ષેપ

ઉદાહરણો. संसृष्टिः-

| સં. | પ્રા. કે અપ. | ગુજ. | |
|---|---|---|---|
| प्राप्तकं | पत्तउं | प्होत्युं | |
| मया | मइं | म्हें | २९ |
| त्वया | तइं | त्हें | |
| (यद्वारे) | जिवारइ | ज्यहारे | ३० |
| (तद्वारे) | तिवारइ | त्यहारे | |
| (किंवारे) | किवारइ | क्यहारे | |
| नश्यति | [31] नस्सइ | न्हासे | |

૨૯. सि. हे ૮-૪-૩૭૭ અને ૩૭૦ જુવો.

૩૦. अत्रवारइ-अत्यारे (ગુજ.) અપવાદ છે. હેનું કારણ સ્વરભારમાં મળેછે. अत्तआरइ માં સ્વરભાર પ્રથમ અક્ષર (अ) ઉપર છે અને એથી આ માં પ્રક્ષેપની અપેક્ષા રહેતી નથી.

આ ત્રણ શબ્દોમાં વિકારક્રમ નીચે પ્રમાણે છેઃ—

जिआरइ, जिहारइ, ज्यहारइ, (ज्य માંનો द्रुततर अकार લુપ્ત થતાં) ज्य्हारइ, ज्य्हारे. એ જ પ્રમાણે त्य्हारे અને क्य्हारेમાં

૩૧ शकादीनां द्विावम् ( सि. हे. ૮-૪-૨૩૦ ); એ અનુસાર श ને સ્થાને स्स, એમ હેમચન્દ્ર કહેછે; ખરું કારણ એ જણાયછે કે नश्यति માંથી नस्सइ નીપજ્યોછે. नश्यति માંથી य् લુપ્ત થયો ( सि. हे. ૮-૨-૭૮ ) અને અવશિષ્ટ सનો દ્વિર્ભાવ થયો ( सि. हे. ૮-૨-૮૯ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
| --- | --- | --- |
| लयः | ल्यु | लई |
| चिता | चिआ | चई |

[ ટિપ્પણઃ—આ પ્રક્ષેપ અન્યના પ્રમાણમાં બહુ પ્રાચીન છે એ વાતનો પુરાવો એ છે કે વિ. સં. ૧૬૦૩ ના એક ગ્રન્થમાં-( नवलग्रन्थावली, ભાગ ૨ જો, પૃ. ૪૬મે નિર્દિષ્ટ ) साररासमां–पुहुचइ ( પ્હોંચે ) શબ્દ મળી આવેછેઃ—જે सुणतां पुहुचइ मन रली અને એથી પણ અગાઉ कान्हडदेप्रबन्धमां (વિ. સં. ૧૫૧૨):- साठि वरस वावरतां पुहुचइ कणतणा कोठार ( ૨–૯૬ ) पहुच्-पहुत् હેવું શબ્દરૂપ અર્પતા પ્રક્ષિપ્ત ઉની ચર્ચા માટે પાછળ વ્યાખ્યાન ૪ થું, ખંડ ૧, પૃ. ૨૪૩ મું જુવો. ][32]

संकरः—

(स्वर साथे)

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
| --- | --- | --- |
| अर्शः | अरिसु | हरस (રોગનું નામ) |
| सर्जनकारः | सरजन आरु | सरजनहार |

આ રૂપ °हार વિક્રમ સંવત્‌ના સોળમા અને સત્તરમા સૈકામાં બહુ પ્રચરિત હતું, અને અદ્યતન સાહિત્યમાં પણ કવિતામાં રૂઢ હતુંઃ—

सूरज तारा सरजनहार (દલપતરામ).

| | | |
| --- | --- | --- |
| मंगलपुर | मंगलउर | मांगलहूर |

( किस्यु दीवगढ मांगलहूर । कान्हडदे प्रबन्ध, ९.२२).

હાલ માંગરોળ છે ( मांगलूरमांथी व्यत्यय વડે ).

| | | |
| --- | --- | --- |
| ओष्ठः | ओठ्ठ | होठ |
| ( દેશ્ય ) अयाल्हि (=दुर्दिन, એ ઉપરથી, ચાલુ વૃષ્ટિ) | | हेली |
| अद्यापि | अजवि–अजइ | हजी |
| सर्वः | सव्वो–सव्वुं–सव–सउ | सहु ( વિકલ્પે सौ ) |

[ सि. हे. ८–४–३६६માં सर्वना આદેશ તરીકે વિકલ્પે साहु આપેલુંછે. જો એ સ્વીકારિયે તો सहु મ્હારોમ્હાર આવે અને सौ, ह् લુપ્ત થતાં सउ નું सौ થઇને આવે. ]

---

[32] આ અવતરણો પૂર્વે મ્હે જુદા જ પ્રસંગમાં આપ્યાંછે. ઉપર વ્યાખ્યાન ૪ થું, ખંડ ૧, પૃ, ૨૪૦ મું જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(व्यंजनो साथे)

(क)

| | | |
|---|---|---|
| कपोतः | कवोतो | खबूतर[33] (વિકલ્પે कबूतर) |
| तृणककं | [34]तरिण (कलुं) तरण (कलुं) | तणखलं કે तरखलुं (વિકલ્પે र કે ण નો લોપ થતાં) |
| कोटरं | कोटरं (પૈશાચી कोतर) | कोतर; હેમાંથી ક્રિયાપદ कोतरवुं અને खोतरवुं પણ |
| कोनकः | कोणउ | खूणो |
| क्रोडकः | कोडउ | खोळो[35] |

(ग)

| | | |
|---|---|---|
| सकलकं | सगलउं | सघळुं[36] |

(च)

| | | |
|---|---|---|
| | (देश्य) पडंचा | पणछ |
| आचमनी | | आछमनी |

---

૩૩ कबूतर ફારસી શબ્દ પણ છે, कबूतरदुम=दुम-इ-कबुतर કબૂતરની પૂંછડીના આકારની લેખણ (घियास्-उल्-लुधात् નામે ફારસી શબ્દકોષ). ઉપરાંત ફારસી कबूत= આસમાની, નીલો; आसमाने कबूत=नील આકાશ.

ફારસીમાં कबूतर શબ્દ कबूत (નીલો) ઉપરથી ઘડાયો હશે? કે એમ હશે કે कबूत શબ્દ જ સં. कपोतમાંથી ફારસીમાં આવ્યો હશે; અને પછી कबूतर. સંસ્કૃતમાં कपोत એટલે "કબૂતર" "પારેવું", તેમ જ "કબૂતરનો રાખોડી રંગ" (આપ્ટેકૃત શબ્દકોષ). માટે "નીલો" એ અર્થનું ફારસી વિશેષણ સંસ્કૃતમાંથી લેવામાં આવ્યું હોય એ શક્ય છે.

त અવિકૃત રહેછે, અને એટલા પૂરતો આ શબ્દ સાક્ષાત् तद्भव છે. र છે તે ढમાંથી ઉદ્ભવ્યો હોય: कपोतक-कपोतडु-कपूतडु-कबूतडु-कबूतरु-कबूतर.

૩૪ સિ. હે. ૮-૧-૧૪૪ માં दृश (સ.)-दरिअ (પ્રા.)નેં પ્રસંગે જ ऋનો अरि થવાની નોંધ લેછે. અહિં એ જ નિયમ अनुपूर्ति રૂપે ગુજ. માં લાગુ કર્યોછે.

૩૫ ડૅા. ભાંડારકર ઉપર મુજબ વ્યુત્પત્તિ આપેછે. (હેમનાં વ્યાખ્યાનો, પૃ. ૧૭૩). खोના વિવૃત ઉચ્ચારનો ઉદ્ભવ સમઝાતો નથી. અપવાદ હશે.

૩૬ આ વિ. સં. ૧૫૪૧ જેટલો જુનો શબ્દ છે; કારણ કે ભીમ કવિની हरिलीलांમાં પ્રયોગ છેઃ—

તેમ્યાં सघलां माहनां बाल (कला ૮, કડી ૩૦)

વળી विणसाडी सघली नेसाल („ „, કડી ૪૭)

છેવટ નકલની સાલ વિ સં. ૧૫૭૪માં તો सघलां, सघलीमांनो આ घ હતો જ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ज)

| | | |
|---|---|---|
| ज्वाला | जाळा | झाळ (અગ્નિની) |
| युध्यते | जुज्झइ | झूझे |
| सूचितकं | सूचिअउं ( सूजियुं) | सूझ्युं[३७] |
| वीजयति | वीजेइ | वींझे |
| | ( देश्य ) जवरया ( यवाङ्कुराः) | झवेरा[३८] |
| | ( देश्य ) जाडी | झाडी[३९] |

(ड)

| | | |
|---|---|---|
| (आरोहति=) | चडइ[४०] | चढे |

(त)

| | | |
|---|---|---|
| कान्तः | कन्तु | कंथ |
| सीमन्तकः | सीमन्तउ (सीअन्तउ) | संथो, सेंथी |
| भक्तकं | भत्तउं | माथुं[४१] |

---

३७ भेदकरणના નિયમની પ્રવૃત્તિનું આ પરિણામ હશે; सूजवुं ( સોઝો ચડવો એ શબ્દથી ભિન્ન રાખવાની ઇચ્છાથી सूझवुं (મનને ઉપસ્થિત થવું ) એ શબ્દને हकार મિશ્ર ज (झ) વાળો બનાવ્યો હશે.

३८. ન્હાની ટોપલીમાં ઉગાડેલા, નવરાત્ર ઉત્સવના દિવસોમાં દેવીની સમક્ષ મૂકવામાં આવતા, યવના અંકુરોને જ ખાસ झवेरा કહેછે.

३९. देशीनाममाळाમાં जाडी નો અર્થ गुल्म આપ્યોછે (३–४५). પણ ३–५७ માં लतागहन માટે વળી झाड આપેલછે. આથી આ વાતમાં શંકા રહેછે. दे. ना. मा. १–६१ માં आअल्ली झाटमेअम्मि એમ છે, અને એ ઉપર ટીકામાં आअल्ली झाटभेदः એમ છે. झाट સંસ્કૃત શબ્દ હશે? એ શબ્દ घोटक, लकुट ઇત્યાદિની પેઠે देश्य હશે હેવી શંકા થાયછે. પણ झाडનો અર્થ "वृक्ष" જ થવો જોઇયે.

४०. उत्सर्गमाला પૃ. ७७ મે વ્રજલાલ શાસ્ત્રી चटतिने "ચઢવું" અર્થનો સંસ્કૃત ધાતુ જણાવેછે, અને ઉદાહરણવાક્ય આપેછેઃ अश्ववारो घोटं चटति (असवार घोडे चडेछे). આ નિષ્પ્રમાણ છે. પાણિનિયે चट् (१० મો ગણ) भेदन (ભાગવું) એ અર્થનો આપ્યોછો અને चटे હેવું कटेनु વિકલ્પરૂપ આપ્યુંછે–कटे–'चटे इत्येके'–वपावरणयोः (–વરસવું, ઢાંકવું). મો. વિલિયમ્સ અને આપ્ટે હેને અનુસરેછે. धातुसंग्रहમાં વ્રજલાલ શાસ્ત્રી આ જ અર્થો સ્વીકારેછે, પણ चडवुं એ વધારાનો અર્થ પોતાના ઘરનો ધીમેકથી ઘુસાડી દેછે. અલબત્ત એ ખોટું છે. હેમચન્દ્રે चड् સ્પષ્ટ રીતે आरुह्ના આદેશરૂપે આપ્યોછે (सि. हे. ८–४–२०५). જો એ અર્થમાં चट् સંસ્કૃતમાં જ હોત તો હેમચન્દ્રે चड्ने હાવા આદેશ તરીકે ન આપ્યો હોત.

४१. કેટલાક આ શબ્દની વ્યુત્પત્તિ पाथेयकમાંથી આપેછે; પણ હેમાં पनो म થવો જોઇયે, જે જરાક દૂરાકૃષ્ટ લાગેછે; (છતાં पनो व થઇને हकार ભળે એ તદ્દન અશક્ય

४०

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| कृतकं | किद्उं[४२] | कीधुं |
| पीतकं | पीद्उं[४३] | पीधुं |
| दत्तकं | | दीधुं |
| (प) पाशकः | पासउ | फांसो |
| (व) | (देश्य) डावं, डावउं | डाभुं |
| | (वनो व) डावउं | |
| | (देश्य) खवओ–खवउ | खभो |
| | वुक्कइ | भूंके |

[સંસ્કૃત ધાતુપાઠમાં वुक् भषणे છે. સિ. હે. ૮–૪–૧૮ માં गजेर्वुक्कः અને ૮–૪–૧૮૫ માં भषेर्भुक्कः છેઃ આ અન્તિમ કથન સ્વીકારિયે તો આ ઉદાહરણ (वुक्कइ–भूंके) પડતું મૂકવું પડે, કે પછી हकारનો પ્રક્ષેપ પ્રાકૃત ભાષામાં જ શરુ થવાના ઉદાહરણ તરીકે ગણવું પડે.

અર્થ બદલાયછે, કારણ भष्=ભસવું, કૂતરાનું, જ્યહારે ગુજ. ભૂંકવું તે તો ગધેડાનું. धातवोऽर्थान्तरेऽपि, સિ. હે. ૮–૪–૨૫૮ હેમાં સ્થાપેલો નિયમ ગુજરાતીમાં લાગૂ પાડ્યોછે.]

[हकारના આ દેખીતા નિષ્કારણ પ્રક્ષેપનો નિયમ પ્રાકૃતમાં પણ જૂજ પ્રસંગોમાં મળી આવેછેઃ नापितः (સં.), ण्हाविओ (પ્રા.) (સિ. હે. ૮–૧–૨૩૦), पनसः (સં.); फणसो (પ્રા.) ઇત્યાદિ ઇત્યાદિ. સિ. હે. ૮–૧–૨૩૨)][૪૪]

---

નથી); જો કે અર્થસામીપ્ય पाथेयकंમાં વિશેષ છે પરંતુ મળ્યું હેવું પણ ગુજરાતીમાં શબ્દરૂપ છે, અને હેમાંનો સંયોગ भक्तकंમાંથી જ આવે, पाथेयकंમાંથી નહિં. ઉપરાંત વળી પ્રાકૃત (અપભ્રંશ)માં पाथेयकंનું पाहेयउं થાય.

૪૨. શૌરસેનીમાં तનો द થાયછે. (સિ. હે. ૮–૪–૨૫૯.) कर्युं એ (પ્રા.)करइમાંથી આવે, ગુજ. ધાતુ कर् અને ગુજ. ભૂ. કૃ. कर्युं. પ્રાકૃતમાં પણ करिअं હોય.

૪૩. डाव–वामकरः (ડાબો હાથ); (देशी.नाममाला, ૪–૬); પછી, लक्षणाથી, કોઇ પણ ડાબું અંગ, ડાબી બાજૂ.

૪૪. ડૉ. ભાંડારકર અલ્પપ્રાણવર્ણ મહાપ્રાણ થાયછે હેનું પાલી પરત્વે બહુ સુંદર રીતે કારણ દર્શાવેછે; એ બીજી બધી ભાષાઓ પરત્વે સત્ય હોઇ સકે, અને એથી ઉપર આપેલા ઉદાહરણોમાંનાં કેટલાંકના हकारનું કારણ સ્પષ્ટ થશે. તેઓ કહેછેઃ–

"અલ્પપ્રાણવર્ણની પછી તે જ શબ્દમાં ઊષ્માક્ષર આવે તો એ અલ્પપ્રાણનો મહાપ્રાણ બનેછે. × × × × ઊષ્માક્ષરના ઉચ્ચારણનો અંગભૂત ભારે શ્વાસ સાંભળનારના કાન ઉપર એટલી પ્રબળ અસર કરેછે કે એ હેના આવિર્ભાવ માટે એકદમ તૈયાર થાયછે, અને તેથી ઊષ્માક્ષરની પૂર્વના અને એ શ્વાસની અપેક્ષા નહિં રાખતા વર્ણોના ઉચ્ચારણમાં પણ શ્વાસ પૂરેછે." (હેમનાં વ્યાખ્યાનો, ૪૦–૪૧)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## (ग) हकारनो लो

### આ ઉત્સગ નીચે પ્રમાણે અપાયઃ–

(ग) हकारनो लोप

प्राकृतमां, देश्यमां, अने केटलाक शब्दोनां अवान्तर रूपोमां, रहेलो ह लुप्त थायछे; भले ए हकार संयोगअंग होय, के स्वरसंकीर्ण होय, के महाप्राण स्पर्शमां प्राणतत्त्वरूपे होय; अन्तिम प्रकारमां हकारलोपथी यथासंभव अल्पप्राण स्पर्श अवशिष्ट रहेछे.

ઉદાહરણોઃ–

( संयुक्त ह )

| સં. | પ્રા. કે અપ. કે દેશ્ય | ગુજ. |
|---|---|---|
| चिह्नं | चेण्हं[४५] | चँन |
| तीक्ष्णकं | तिण्हउं | तीनुं |
| विह्वलकं | विह्वलउं ( व्हिअलउं ) | वीलुं (સુરત જીલ્લામાં (व्हीलुं)[४६] |
| वल्लभः | वल्लहु ( व्हल्लउ, व्हल्लव ) | वालम[४७] |

( स्वरसंकीर्ण हकार )

| | | |
|---|---|---|
| यूथिका | जूहिआ | जूई |
| नाथकक: | नाहुल्लउ (नाहुलउ) | नावलो |

આ ટેવનું વિશેષ કારણ તેઓ દર્શાવેછે કે એક ઉચ્ચારનાં તત્ત્વો પૈકી અમુકને અન્ય ઉચ્ચારમાં સંક્રાન્ત કરવાથી, એટલે કે બંને ઉચ્ચારને બને તેટલા અન્યોઅન્ય સદૃશ કરવાથી, ઉચ્ચારણ સફળ બનેછે. આ ઉપરાંત હું બીજો પણ વધારાનો ખુલાસો આપીશ, તે એ કે છેલ્લો સાંભળેલો ઉચ્ચાર મનમાં દૃઢતર સંસ્કાર પાડેછે તેથી ઉચ્ચારણમાં હેનો પ્રથમ ઉપયોગ થાયછે–આ हकारમાં બનેછે તેમ અંશતઃ, અથવા વ્યત્યયમાં બનેછે તેમ સર્વાંશે જેમ કે ( સં. ) विडालकः ને સ્થાને ( ગુજ. ) विलाडो ઇત્યાદિ. આ સ્વભાવલક્ષણ કોઈ વાર એટલું પ્રબળ હોયછે કે કેટલાંક બાળક ઉંટનો ઉચ્ચાર ટૂંઅ કરેછેઃ

૪૫. સિ. હે. ૮–૧૦૮૫ અનુસાર, પરસ્થાને સંયોગ હોય હેવા આદ્ય અક્ષરનો હ્રસ્વ इ ( વિકલ્પે ) ए બનેછે.

૪૬. સુરતમાં પ્રચરિત આ व्ह થી ( સં. ) विकल, ( પ્રા. ) विअल એ વૈકલ્પિક વ્યુત્પત્તિનું નિરસન થાયછે.

૪૭. સામળ ભટ્ટકૃત पद्मावतीમાં व्हेला वळजो वाहलमा હેવો પ્રયોગ છે. છેક સામળના સમય સુધી ह ટકી સકયોછે, પણ એ લુપ્ત થતા તારકની દશામાં છે એ સ્પષ્ટ છે. અહિં व नो म થયોછે તે વિશેનો उत्सर्ग આગળ ઉપર ચર્ચવાનો છે. બીજો પણ વૈકલ્પિક વાગ્વ્યાપારોચિત વ્યુત્પત્તિક્રમ છેઃ–वल्लभः–वालंभ–वालम. वालंभ શબ્દ वसन्त विलासમાં શ્લોક ૫૦ મામાં ઉપલબ્ધ છે. અન્ત્ય म કેટલાક અંશે ભના અનુસ્વારનું પરિણામ ગણાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| लोहखण्डं | लोहखंडु | लोखंड |
| पटहः | पडहु | पडो[४८] |
| सूत्रधारः | सुत्तहारु | सुतार[४९] |
| सर्जनकारः | सरजनहारु[५०] | सरजनार |
| एकादश | एगारह | अगियार |
| द्वादश | बारह | बार |
| त्रयोदश | तेरह | तेर |
| चतुर्दश | चउद्दह | चौद |
| पञ्चदश | पन्नरह | पंदर |
| षोडश | सोलह | सोळ |
| सप्तदश | सत्तरह | सत्तर |
| अष्टादश | अट्ठारह | अढार, इराड |
| सह | सहुं[५१] | [५२]शुं (=સાથે) |
| माहाराष्ट्रकः | मरहट्ठउ–मरअट्ठउ | मराठो / मरेठो } વિકલ્પે. |
| फलाहारः | फलाहारु–फलार | फराळ |
| ( महाप्राण स्पर्शमांनो हकार ) | | |
| शृङ्खला | संखला | सांकळ |
| सिध्यति | सिज्झइ | शीजे (રંધાઈ જાય) |
| (દેશ્ય) | वोज्झओ | बोजो[५३] |
| मम | मज्झ | मुज |

૪૮. नगरमां पडो वगडाव्यो=(ઘોષણા અર્થે) ઢોલ વગડાવ્યો.

૪૯. કેટલાક લોક હજી પણ सुथार શબ્દ વાપરેછે.

૫૦. दशीनाममाला ૧,૧૦૮ માં અને એ ઉપરની વૃત્તિમાં હેમચન્દ્ર दोहणहारी= दोग्ध्री આપેછે. આથી જણાયછે કે कार નું આ રૂપ हार છેક હેમચન્દ્ર જેટલું, અને એથી પણ વધારે, પુરાણું છે.

૫૧. सि. हे. ૮–૪–૪૧૯ सहના આદેશ તરીકે અપભ્રંશમાં सहुं આપેછે. પિશેલ § ૨૦૬ ને આધારે ડૉ૦ ટેસિટોરી ( Notes, § ૭૦ (૫) માં ) આ सहुं ની વ્યુત્પત્તિ साकम् ( સં. ) માંથી દર્શાવેછે. પિશેલ § ૨૦૬ માં साकं ને મૂળશબ્દ તરીકે આપેછે ખરા, પણ હેમચન્દ્ર ૪–૪૧૯ નો આધાર આપેછે, જ્યહાં વસ્તુતઃ મૂળશબ્દ सह આપ્યોછે.

૫૨. ડૉ૦ ભાંડારકર शुं (=સાથે)ની વ્યુત્પત્તિ समंમાંથી સાધેછે (હેમનાં વ્યાખ્યાનો, પૃ. ૨૫૧ સું).

૫૩. મરાઠીમાં झ જળવાઈ રહ્યોછે–ओझा.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| (अग्रमध्ये) | अग्गमज्झि-अग्गमज | आगमच |
| वाञ्छति | वांछइ | वांचे[54] |
| आश्चर्यम् | अच्छरिज्जं[55] | अचरज |
| (देश्य) | कच्छरो (कच्छरउ) | कचरो |
| गुच्छः | गुंछं[56] | गूंच |
| सांवत्सरिकं (श्राद्धम्) | संवच्छरिअं | समचरी (=વાર્ષિક શ્રાદ્ધ) |
| (देश्य) | घुत्तिअं | गोत्युं[57] |
| | (=गवेषितं) | |
| कटाक्षः | कडक्खो | करडागी[58] |
| | (कडक्को) | कयडागी |
| ढक्का | ढक्का | डाकलुं[59] |
| पाठकः | पाढउ | पाडो[60] |
| औषधं | ओसढ्ढ | ओसड |
| वितस्तिः | विहत्थी | वेंहॅत्य |
| (देश्य) | णेसत्थि | नेस्ती |
| | (=वणिकसचिवः) | |
| दृष्ट | दिट्ठ | ०दीट[61] |

૫૪. સારું વાંચવું=શુભ ઇચ્છવું; આ સુવિદિત પ્રયોગ છે.

૫૫. आश्चर्यम्નાં અનેક વૈકલ્પિક રૂપોમાંનું આ એક છે.

૫૬. सि. हे. ८-१-२६ માં वक्रादिगणમાં गुंछ આપ્યોછે. गूंच એ નામ પરથી ગૂંચાવું એ (કર્મણિપ્રયોગના અર્થનો ધાતુ) કરાયેલોછે; હેમાંથી પછી પ્રેરકરૂપ ગૂંચવવું બન્યુંછે. (હેનો સમાવેશ ગયા વ્યાખ્યાન ૪થાના ખંડ ૧લામાં उत्सर्ग ५-ग માં થાય).

૫૭. गुप्त-गुत्तं='છૂપાવેલું'; અને પછી લાક્ષણિક અર્થ "ખોળેલું" (કારણ કે જે છૂપાવેલું હોય તે ખોળવું પડે). આ વ્યુત્પત્તિ શકય છે પણ પ્રતીતિજનક નથી; ખાસ કારણ એ કે દેશ્ય શબ્દ લભ્ય છે: देशीनाममाला, २-१०९.

૫૮. सि. हे. ८-४-३९९, अभूतोऽपि क्वचित्, હેના તત્ત્વભૂત નિયમને અનુસારે र પ્રક્ષિપ્ત થયોછે.

૫૯. કેટલાક આ શબ્દનો ઉચ્ચાર ડાખલું કરેછે. એ સ્થિતિમાં ઉદાહરણ પ્રસ્તુત उत्सर्ग-ના પૂર્વભાગમાં, એટલે हकारના શબ્દના અન્ત તરફ પ્રયાણના નિયમમાં, સમાવેશ પામે.

૬૦. પાડો એટલે ગણનાનું-ગુણાકારનું-કોષ્ટક; આંકનો પાડો.

૬૧. माथादीट, घरदीट અને હેવા સમાસોમાં दीट વપરાયછે, જ્યહાં दीटनो અર્થ प्रति०, પ્રત્યેક—નું, per હેવો થાયછે; per head, per house, प्रतिमस्तकं, प्रतिगृहम्, પ્રત્યેક માથાનું; પ્રત્યેક ઘરનું એ પ્રમાણે-કાઠિયાવાડમાં અને ગુજરાતના બીજા કેટલાક વિભાગોમાં दीठ વપરાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ ઉદાહરણોની સંખ્યા એટલી મ્હોટી છે કે ह જવલ્લે જ લુપ્ત થાયછે હેવું મી૦ બીમ્સનું (પુસ્તક ૧, ૨૬૨ એ સ્થળે આપેલું) કથન અપર્યાપ્ત નિરીક્ષણ કે માહિતીને આધારે રચાયેલું ગણીને રદ કરવું પડશે.

ह નો લોપ અતન્ત્ર લાગે, પણ નિપુણ પરીક્ષણ કરતાં લોપનું કારણ કાં તો ઉચ્ચારવૈષમ્યમાં, કે લુપ્ત થતા ह ની અનુપયોગિતામાં, કે હેવી કોઈ વિશિષ્ટતામાં રહેલું પ્રાપ્ત થશે.

[ह ના લોપની આ ઘટનાનો આછો પ્રારંભ પ્રાકૃતમાં થાયછે. સિ. હે. ૮–૨–૩૪ માં ष्ट નો ट्ठ થાય એ સામાન્ય નિયમ ઘડતાં उष्ट्र, इष्टा અને संदष्ट ની બાબતમાં અપવાદ કર્યોછે, હેમાં રૂપાન્તર ट्ट થાયછે. ખરા વાગ્વ્યાપારગત વિકારને, એટલે કે ष्ट નો ट्ठ થયા પછી થતા ह ના લોપને, દર્શાવવાની આ માત્ર એક વ્યવહારસુગમ રીત છે; કારણ કે પ્રથમ ष् ને યોગે ट् માં हकार આવવો જ જોઇયે. ]

---

તાત્ત્વિક સ્વરૂપમાં ફેરફાર પામ્યા વિના જ ગુજરાતી ઉપરાંત કેટલીક બીજી સમાનકક્ષ ભાષાઓમાં પ્રવર્તતા સહિયારા उत्सर्गो હવે લઇશુંઃ

## वर्ग (ग)

| | |
|---|---|
| वर्ग (ग)–उत्सर्ग १. | कोमल अनुस्वार |
| कोमल अनुस्वार. | उत्सर्ग १ |

આ અનુસ્વાર સંસ્કૃતમાં અજ્ઞાત હતો; અનુનાસિક ऌ પણ, ताँल्लोकान् માં છે ત્હેવો, પ્રબળ અનુનાસિક વર્ણને યોગે પ્રવર્તતો. પ્રાકૃતમાં પણ કોમળ અનુસ્વાર ન્હોતો. છેક અપભ્રંશના ઉદય સાથે જ આ કોમળ અનુસ્વાર શરુ થયો, શબ્દની મધ્યમાં તેમ જ અન્તે; જેમ કે जिवँ, तिवँ, कवँल, भवँरु ઇત્યાદિમાં, જેમાંનો अनुनासिक वकार[૬૨] વસ્તુતઃ અનુનાસિક સ્વરની પાછળ રહેલો, કે હેવા સ્વર જોડે દૃઢમિશ્ર થયેલો, व છે; શબ્દને અન્તે उं, हुं, हिं, हं[૬૩] એ અક્ષરોમાં પણ કોમળ અનુસ્વાર છે, જેમ કે तुच्छउं, किज्जउं, तरुहुं, तहिं, जहिं, तेणहं; (कहंतिव (=कुतः); હેમાં મધ્યમાં છે); नाहिं(=न हि સં.); मइं, तइं, वयणाइं (અનેક વચન), [૬૪]दहिँ, ઇત્યાદિ ઇત્યાદિમાં.

---

૬૨. સિ. હે. ૮–૪–૩૯૭.

૬૩. સિ. હે. ૮–૪–૪૧૧.

૬૪. સિ. હે. ૮–૩–૨૫, વૃત્તિ; હેનો પ્રચાર પ્રાકૃતમાં પણ છે, પરંતુ સામાન્યતઃ કોમલ અનુસ્વારનો છૂટથી પ્રયોગ કરનાર તો અપભ્રંશ જ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અપભ્રંશના (अ) શબ્દ-અન્તર્ગત,

કોમલ અનુસ્વાર, અન્તર્ગત કે અન્ત્ય.

અને (आ) અન્ત્ય, કોમળ અનુસ્વારમાંથી ગુજરાતીમાં કોમળ અનુસ્વાર આવ્યોછે. બીજો પ્રકાર (आ) વિશેષતઃ અપભ્રંશમાંથી આવ્યોછે.

(अ) અન્તર્ગત

મૂળના તીવ્ર અનુસ્વાર-નું કોમળ થવું અને પૂર્વસ્વરનું દીર્ઘત્વ.

(क)—અનુસ્વારની પૂર્વે હ્રસ્વસ્વર-પ્રાકૃત અને અન્ય મૂળભૂત ભાષાઓમાંનો તીવ્ર અનુસ્વાર ગુજરાતીમાં કોમળ બનેછે અને પૂર્વસ્વર દીર્ઘ થાયછેઃ–

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
|---|---|---|
| वक्रकं[65] | वंकउं | वांकुं |
| रंककक: | रंकडउ | रांकडो |
| रंक: | रंकु | रांक |
| शृङ्खला | संखला | सांकळ |
| दन्तः | दंतु | दांत |
| दन्तकः | दन्तउ | दांतो |
| सन्ध्या | संज्झा–संझा | सांझ |
| वन्ध्या | वंज्झा–वंझा | वांझ(णी) |
| रण्डा | रंडा | रांड |
| जङ्घा | जंघा | जांघ[66] |
| आम्रकः | अंबउ | आंबो |
| ताम्रकं | तंबउं | तांबुं |
| संचरति | संचरइ | सांचरे |
| संस्मराति | संभरइ (પ્રા.) [67]संभरइ(અપ.) | सांभरे |

૬૫. वक्र ની ઉત્પત્તિ वञ्=वङ्क થતું હેમાંથી થયેલીછે; वंकं માં અનુનાસિક છે તે वक्र માં પ્રસુપ્ત રહેલા वञ् માંના અનુનાસિકનું પુનર્દર્શન, અજાણ્યું પુનરુત્થાપન, હોવું જોઇયે.

૬૬. જાંઘ=સાથળ. સંસ્કૃતમાં जंघा એટલે ઘૂંટણથી ઘૂંટી સુધીનો પગનો ભાગ, નળો. ગુજરાતીમાં અર્થક્રાન્તિ થાયછે તે સ્પષ્ટ છે. મો. વિલિયમ્સ કહેછે કે जंघा નો અર્થ પ્રાચીનતર ભાષામાં પગનો ઊર્ધ્વ ભાગ પણ થાયછે. આ વાતના સમર્થનમાં એકાદ અવતરણ કે આધાર મળે એ ઇચ્છવાજોગ છે.

૬૭. સિ. હે. ૮–૪–૪૧૨માં અપભ્રંશ માટે म्हो म्भो वा હેવો નિયમ આપ્યોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| विन्दुः | विंदु | मींडुं[૬૮] (विन्दुकं એ શક્ય-રૂપ દ્વારા) |
| निम्बू | निंबू | लींबु |
| (દેશ્ય) | भंडइ | भांडे |
| ,, | णिंदिणी[૬૯] (=कुतृणोद्धरणं) | नींदणी (અને હેમાંથી नींदवुं) |
| पृथुकः | पहुंको[૭૦] | पूंख |

અપવાદઃ—

| | | |
|---|---|---|
| कान्तः | कंतु | कंथ |
| कुड्मलं | कुंपलं | कुँपळ |
| कुम्भकारः | कुंभारु | कुँभार |
| कुण्डलकं | कुंडलउं | कुँडाळुं |

નં. ૧ અપવાદ એટલા માટે કે હેમાં તીવ્ર અનુસાર અવિકૃત રહેછે; નં. ૨, ૩ અને ૪ માં અનુસ્વાર કોમળ બનેછે છતાં પૂર્વસ્વર દીર્ઘ નથી થતો એટલા પૂરતા એ પણ અપવાદો છે.

( ख ) અનુસ્વારની પૂર્વે દીર્ઘ સ્વરઃ—

| | | | |
|---|---|---|---|
| કોમળ થયેલા | एकान्तेरण | | एकांतरे |
| અનુસ્વારની પૂર્વે મૂળમાં | वाञ्छति | वांछइ | वांचे |

દીર્ઘસ્વર ( અહિં અનુસ્વાર ગુજરાતીમાં કોમળ બનેછે. સં. लाङ्गल માંથી આવેલો મરાઠી नांगर શબ્દ સરખાવો; હેમાં આદ્ય અક્ષર નાં માં અનુસ્વાર કોમળ છે. )

અપવાદ:—

वान्धवः माण्डु

( હેમાં અનુસ્વાર તીવ્ર રહેછે. )

[ ટિપ્પણ:—ઉપરાન્ત એ તીવ્ર અનુસ્વારવાળો એક વિલક્ષણ શબ્દ છે ( હાવો કોઈ સંસ્કૃત શબ્દ છે જ નહિ ); વિલક્ષણ એટલા માટે કે तद्भव શબ્દોમાં સાધારણતઃ દીર્ઘસ્વરની પછી આવતો અનુનાસિક કોમળ બનેછે.

---

એ નિયમે संभरइ પ્રાપ્ત થાયછે. म् માં અન્તર્ગત व ઉચ્ચાર દ્વારા म् અને ह् ના સંયોગથી અહિં મ્મ નિષ્પન્ન થાયછે. (આગળ ઉપર, અનુનાસિક વિશેનો ઉત્સર્ગ જુવો).

૬૮. આ વ્યુત્પત્તિ વિશે મ્હારી ખાતરી નથી. હું માત્ર તર્કરૂપે રજૂ કરુંછું.

૬૯. देशीनाममाला ૪, ૩૫ જુવો.

૭૦. આ શબ્દ હેમચન્દ્રે પોતાના वक्रादिगण માં નથી આપ્યો. ( सि. हे. ८–१–२६ ) પણ देशीनाममाला, ૬,૪૪ માં હેણે પ્રસંગવશાત્ पहुंक શબ્દ પ્રાકૃત તરીકે વાપર્યોછેઃ फारुभल्लो पहुंकम्मि.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તીવ્ર અનુસ્વારને કારણે જણાતા આ શબ્દના સંસ્કૃતાભાસી રૂપને પરિણામે કેટલાક લોક હેનો तत् સાથે ખોટો સમાસ કરીને, તે उपरान्त ને બદલે तदुपरान्त કહેછે.]

(ग) ઉપર આપેલાં ઉદાહરણો હેવા વર્ગનાં છે કે જે પ્રાકૃતમાં તીવ્ર અનુસ્વાર જાળવે પણ ગુજરાતીમાં કોમળ બનાવી દે. બીજો એક શબ્દસમૂહ હેવો છે કે જે, મૂળમાં પ્રાકૃત-સ્વરૂપ પર્યન્ત અનુસ્વાર હોય જ નહિ છતાં પણ, ગુજરાતીમાં કોમળ અનુસ્વાર વધારાનો પ્રાપ્ત કરેછે;[૭૧] સંયોગનો લોપ થતાં પૂર્વસ્વર દીર્ઘ બનેછે અને સંયોગસ્થળની પૂર્વે એ અનુસ્વાર પ્રવિષ્ટ થાયછે. હેવા શબ્દો આ પ્રમાણેઃ—

*પ્રાકૃતમાં ન હોય છતાં ગુજરાતીમાં કોમળ અનુસ્વાર પ્રાપ્તકરતા શબ્દો; અનુસ્વારની પછીનો સંયોગ લુપ્ત થાયછે અને પૂર્વસ્વર દીર્ઘ બનેછે.*

| સં. | પ્રા. કે અપ. કે દેશ્ય | ગુજ. |
|---|---|---|
| छिद्रकं | छिड्ड्उं | છીંડું |
| महार्घकं | महग्घउं | મોંઘું |
| स्वर्घकं | सुग्घउं | સોંઘું |
| मत्कुणः | मक्कुणु | માંકણ[૭૨] |
| मर्कटकः | मक्कडउ | માંકડો[૭૩] |
| खड्गकः | खड्ड्उं | ખાંડું (જાતિ બદલેલે) |
| अक्षि | अक्खी | આંખ |
| उच्चकं | उच्चउं | ઊંચું |
| मक्षिका | मक्खिआ | માંખી |
| | (દેશ્ય) ढक्केइ | ઢાંકે |
| | „ खड्डइ | ખાંડે[૭૪] |

૭૧. આટલાપૂરતો આ उत्सर्ग હેમચન્દ્રના (૮–૧–૨૬ માંના) वक्रादावंतः ની अनुपूर्ति ગણાય.

૭૨. દેશીનામમાલા ૪–૧૪ માં मंकुण શબ્દ આપ્યોછે (પ્રાકૃત શબ્દ તરીકે, જેના દેશ્ય પ્રતિનિધિઓ ढंकुण અને ढेंकुण છે). પરંતુ ૧–૯૬ માં मक्कुण એ જ રીતે (એટલે પ્રાકૃત શબ્દ તરીકે) આપ્યોછે. આ શબ્દ એટલા માટે શંકાસ્પદ ગણવો જોઇયે.

૭૩. फक्कड અને फांकडो એ શબ્દ બંને ગુજરાતી છે પણ અનુસ્વાર વિષયે ઉપર મુજબનો જ પરસ્પર સંબંધ ધરાવેછે. વ્યુત્પત્તિથી હું અજાણ છું.

૭૪. હાની ઉત્પત્તિ खण्डयति (સં.) માંથી સાધવી સ્હેલી છે. પરંતુ હેમચન્દ્ર (૮–૪–૨૬) खड्ड् ને मृद् ના વિશિષ્ટ આદેશ તરીકે આપેછે. એથી મ્હેં હેને અહિં મૂકયોછ.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| उष्ट्रः | उट्टु | ऊंट |
| पिच्छकं | पिच्छउं | पींछुं |
| ऋक्षः | रिच्छु | रींछ |
| निद्रा | निद्दा | नींदर |
| पृष्ठकं | पुट्ठउं | पूंठुं |
| पृष्टिका | पुट्ठिआ | पूंठ्य[૭૫] |
| इष्टिका | इट्टिआ | ईंट्य |
| अक्षः | अच्छु | आंस (=પૈડાની ધરી) |
| गुह्यकं | गुज्झउं | गूंझुं |
| अश्रु | अस्सु[૭૬] | आंसु |
| मध्ये | मज्झि (म. माझि) | मांहिं |
| अरघट्टः | अरहट्टु–(रहंट)[૭૭] | रेंहंट |
| भित्तिः | भित्ती | भींत्य |
| वितस्तिः | विहत्थी | व्हेंत्य |
| छिक्का | छिक्का | छींक |
| थूत्करोति | थुक्कइ | थूंके |
| | छड्डइ | छांडे |
| | भुक्कइ | भूंके |

[ટિપ્પણ:-(સં.) पृथुकाः (પ્રા.) पहुआ હેમાંથી આવેલો શબ્દ पहुंवा આ વર્ગનું ઉદાહરણ અંશતઃ બને, કારણ કે કોમળ અનુસ્વારનો આગમ છે તે પૂર્વસ્વર દીર્ઘત્વ વિનાજ થાયછે.

દેશ્ય मक्कोडो (–डउ), ગુજ. मंकोडो, એ પણ અપૂર્ણ ઉદાહરણ છે, કારણ અનુસ્વાર પૂર્વેનો સ્વર દીર્ઘ થતો નથી અને અનુસ્વાર તીવ્ર છે.

---

૭૫. જેમ કે हनी पूंठय लीधी=હેની પાછળ પાછળ, જાસૂસ માફક, ગયો.

૭૬. હેમચન્દ્ર वक्रादिगणમાં अंसू આપેછે. પણ શાકુન્તલમાં सुअन्ति अस्सू विअ ल्दाओ એમ છે. એ પ્રમાણે સ્હેં પ્રાચીનતર શબ્દરૂપ દર્શાવવા अस्सु સ્વીકારેલછે.

૭૭. जाणे रहंट तणी घटमाल ।

(ભીમકવિકૃત हरिलीला ૮,૪૨).

અહિં हंमાં અનુસ્વાર કોમળ છે એ છંદની માત્રાગણનાથી જણાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૂળથી જ દીર્ઘસ્વર-વાળા, કોમળ અનુસ્વાર પામતા શબ્દો.

(ઘ) નીચેના શબ્દોમાં કોમળ અનુનાસિક પ્રવિષ્ટ થાયછે પરંતુ મૂળથી જ દીર્ઘસ્વર હોયછેઃ–

(अ)

| સં. | પ્રા. કે અપ | ગુજ. |
|---|---|---|
| पाशक | पासउ | फांसो[७८] |
| निक्षिपति | निक्खिवइ | नांखे |
| वेष्टते | (वेढइ-वेढइ)[७९] | वींटे |
| छाया | छाआ | छांय (छांयडो)[८०] |
| प्रतिछाया | पडिच्छाआ | पडछांयो (पडछायो પણ)[८०] |
| हासः | हासु | हांसी |
| बाधकः | वाधउ | वांधो |

(आ) અન્તમાં કોમળ અનુસ્વાર લેતા બીજા શબ્દગણ છેઃ–

| સં. | પ્રા. કે અપ | ગુજ. |
|---|---|---|
| मुखकं | मुहडं | म्हीं (म्हो પણ) |
| मा | मा | मां (निषेधार्थ) |
| शतं | सयं | सें |
| पारणा | पारणा | पारणां |
| यमुना | બારોબાર | जमनां |
| मथुरा | બારોબાર | मथुरां |
| अधुना | अहुणा | हमणां |

---

૭૮. પ્રાકૃતમાં સ્પર્શનું फास તેમ જ पास બનેછે (સિ. હે. ૮–૪–૧૮૨), પણ ફાંસોમાં અર્થ જૂદો છે. સ્પશ=touch; ફાંસો=a snare, જે અર્થ પાશમાં રહેલો છે. માટે ઉપર પ્રમાણે વ્યુત્પત્તિ આપીછે.

૭૯. સિ. હે. ૮–૪–૨૨૧ પ્રમાણે વેષ્ટનું પ્રાકૃત વેઢ થવું જોઇએ. પરંતુ વાગ્વ્યાપાર-રૂપ શૃંખલાને આ છેડે ગુજરાતીમાં વીંટવું, અને પેલે છેડે, સંસ્કૃતમાં, વેષ્ટનું સાક્ષાત્ અસ્તિત્વ જોતાં એ સૂત્રની ગુજરાતીપરત્વે અવગણના કરિયે, અને ષ્ટ નો ટ થાય એમ કહેતો સિ. હે. ૮–૨–૩૪ માંનો વ્યાપક નિયમ લાગૂ પાડિયે, તો ખોટું નથી.

૮૦. જાતિ બદલવાથી અને ડ પ્રત્યય ઉમેરવાથી છાંયડો પ્રાપ્ત થાયછે; અને પડછાંયો માત્ર જાતિ બદલવાથી જ પ્રાપ્ત થાયછે. સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં અને ગુજરાતીમાં સંક્રમણ થાય તે દરમ્યાન જાતિપરિવર્તન થવાના પ્રસંગો સુવિદિત અને સંખ્યાબંધ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ટિપ્પણ:—

(૧) આ ઘટના કોઇ વાર ફારસીમૂલક શબ્દોને પણ લાગૂ પાડવામાં આવેછે:—

दुनिया (ફા.) दुनियां (ગુજ.)

(૨) म्हाँ અને सँ માંના કોમળ અનુસ્વાર સં. પ્રત્યય -म्‌નો અવશેષ છે એ સ્પષ્ટ છે. મથુરાંના અનુસ્વારનું કારણ એકદમ સમજી સકાતું નથી; બાકીના શબ્દોમાં અન્ત્ય અનુનાસિક વર્ણની અસરને પરિણામે કોમળ અનુસ્વાર આવ્યોછે.

પ્રારંભમાં જ અન્ત્ય અનુસ્વારવાળા શબ્દો અપાઈ ચૂક્યાછે તે ઉપરાંત વધારામાં ઉપરનો શબ્દગણ આપ્યોછે.

## उत्सर्ग २.

વર્ગ ગ. ઉત્સર્ગ ૨. અનુસ્વારનો લોપ; પૂર્વ સ્વરનું કવચિત્ દીર્ઘત્વ, અથવા એ હ્રસ્વ રહેતાં તે પછીના વ્યંજનનું કવચિત્ દ્વિત્વ.

કેટલાક શબ્દોમાં મૂળનો અનુસ્વાર, સંભવ છે કે કોમલ થવાની ઘટનામાંથી પસાર થઇને, કાલક્રમે તદ્દન લુપ્ત થાયછે, અને પૂર્વસ્વર કવચિત્ દીર્ઘ બનેછે, કવચિત્ હ્રસ્વ રહેછે; અને હ્રસ્વ રહે તો તે પછીનો વ્યંજન સંક્રાન્તિ દરમ્યાન, કેટલાક પ્રકારોમાં, બેવડાયછે.

ઉદાહરણો:—

| સં. | પ્રા. કે અપ. કે દેશ્ય | ગુજ. |
|---|---|---|
| (૧) रिंखति | रिंखइ | रीखे (ઘુંટણીએ ચાલે) |
| (૨) मंजूषा | मंजूसा | मजूस |
| (૩) विम्बकं | विंबउ | वीबुं |
| (૪) महत् (कं) | महन्तउं (महन्तुउं, महट्टउं)[८१] | म्होटुं |
| (૫) वल्लभ | (બારોબાર—પ્રા. ગુજ. वालंभ)[८२] | वालम |
| (૬) | (દેશ્ય) पडंचा[८३] | पणछ |

૮૧. सि. हे. ८–२–१७४ માં महन्त શબ્દ गोणादि ગણમાંછે.

૮૨. आविया तिहां वालंभ (वसन्तविलास, ૫૦. વિ. સં. ૧૫૦૮)—આ શબ્દના વ્યુત્પત્તિક્રમના બીજા વિકલ્પ માટે પાછળ પૃષ્ઠ ૩૧૫, નોટ ૪૭ જુવો.

૮૩. देशीनाममाला ६,१४ જુવો. કેટલાક લેક पडंचाના સંસ્કૃત મૂળ શબ્દ તરીકે प्रत्यंचा ઘડવાનો પ્રયાસ કરેછે; પરંતુ આ પ્રકારનો શબ્દ પ્રમાણરહિત છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | | |
|---|---|---|---|
| (૭) | " | दंतवण[८४] | दातण |
| (૮) शङ्के | | शंके | शके (=જાણે[८५] as if) |
| (૯) संतापयति | | संतावेइ | सतावे |
| (૧૦) विसंवादयति | | फंसावेइ[८६] | फसावे |

[ ટિપ્પણો:—

(अ) જેમાં संतापयतिનો અનુસ્વાર કોમલ બનેછે અને प અવિકૃત રહેછે હેવો એક પ્રયોગ છે. હેને સીધો વ્યુત્પન્ન થયેલો ગણાયઃ—

सकल कला तु निशाकर शा करंसइ रि संताप।

(वसन्तविलास, ४२)

(आ) બીજી બધી રીતે દેખીતા तत्सम શબ્દની અંદર આ અનુસ્વાર કોમલ થવાની ઘટના અન્ય સ્થળોએ પણ દૃષ્ટિગોચર થાયછે; જેમ કે

शकुन विचारि संभाविआ आविआ तिहां वालंभ।

(એ જ ગ્રન્થ, શ્લોક ૫૦)

અહિંયાં છન્દની માત્રાસંખ્યા જાળવવાને संभाविआनો અનુસ્વાર અવશ્ય કોમળ ઉચ્ચારવો પડે. ]

(૧), (૩), અને (૭) એ ઉદાહરણોમાં પૂર્વસ્વર દીર્ઘ થાયછે. બાકીનામાં હ્રસ્વ રહેછે, જે પૈકી માત્ર એકમાં, નં. (૪) માં, પછીનો વ્યંજન બેવડાયછે (महत्त).

---

૮૪. देशीनाममालाના दंतवण દેશ્ય શબ્દ તરીકે નથી આપ્યો. પરંતુ ૨-૧૨ અને ૧-૩૨ માં બીજા દેશ્ય શબ્દો સમઝાવતાં આ શબ્દનો (એમ જણાયછે કે પ્રાકૃત શબ્દ તરીકે) પ્રયોગ કર્યોછે. પરંતુ સંસ્કૃત પર્યાય दंतधावन હોય તોપણ दंतवणનો તો દેખાવ જ ચોખ્ખો દેશ્ય શબ્દ જેવો છે; પછી હેને, બ્લૂમફીલ્ડ જેને haplology (एकशेषत्व) કહેછે તે ઘટનાનું ઉદાહરણ ગણવામાં આવે તો જૂદી વાત.

૮૫. शङ्के (હું ઉત્પ્રેક્ષા કરૂંછું) ક્રિયાપદનો પ્રયોગ સંસ્કૃતમાં उत्प्रेक्षाના વ્યંજક શબ્દ તરીકે થાયછે. એ ઉપરથી ગુજરાતીમાં शके એ અવ્યય, "કેમ જાણે કે" એ અર્થનું, ઘટાવવામાં આવ્યુંછે:—

शके गिरि करीने भंग। स्तन बे मध्य व्हेछे गंग॥

પ્રેમાનંદ, નળાખ્યાન. ૫, ૮.

૮૬ कुमारपालचरित, ६,८८ જુવો. મ્હારો પોતાનો મત તો હેવો છે કે આ फंसावेइ ક્રિયાપદ फांसु, पाशः ઉપરથી ઘડાયેલુંછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનુસ્વારલોપની ઘટના બીજરૂપે મૂળ પ્રાકૃતમાં જોવામાં આવેછે: સિ. હે. ૮–૧–૨૮, ૨૯ એ પ્રસંગોચિત ઉદાહરણો છે. એ સૂત્રોથી विंशतिः-નું પ્રાકૃત वीसा થાયછે, त्रिंशत् નું तीसा, ઇત્યાદિ. આ રીતે પ્રસ્તુત ઉત્સર્ગને અનુપૂર્તિ ગણી સકાય.

### उत्सर्ग ३.

વર્ગ ग ઉત્સર્ગ ૩. કેટલાક શબ્દોમાં હમેશાંતો તીવ્ર અનુસ્વાર.

નીચે આપેલા શબ્દો અનુસ્વાર પ્રાપ્ત કરેછે પરંતુ હેને તીવ્ર જાળવી રાખેછે, જેથી મૂળમાંના સંયોગની માત્રાસંખ્યા એમની એમ રહેછે:—

| સં. | પ્રા. કે અપ. કે દેશ્ય | ગુજ. |
|---|---|---|
| | ( देश्य ) धत्तूरो | धंतूरो |
| वादित्रं | પરભારો | वाजिंत्र |
| पक्षी | पक्खी | पंखी |
| पक्षकः | पक्खउ | पंखो |
| विज्ञप्तिः | विण्णत्ति | विनंति (विनंती) |

[ સં. मित्रમાંથી આવેલ હિન્દી मिंत સરખાવો. તેમ જ वसन्तविलास પૃ. ૫૦ માંથી ઉપર ટાંકેલો, સં. वल्लभમાંથી આવેલો, ગુજરાતી वालंभ સરખાવો.]

ગુજરાતીમાં અનુસ્વારના ઉચ્ચારણના નિયમો; તીવ્ર, કોમલ, કોમલતર અને કોમલતમ અનુસ્વાર.

ગુજરાતીમાં અનુસ્વારના ઉચ્ચારણ માટે નિયમો, નીચે પ્રમાણે આપી સકાય:—

(क) तत्सम અને तद्भव શબ્દોમાં હ્રસ્વસ્વર પછી આવતો અન્તર્ગત અનુસ્વાર હમેશાં તીવ્ર છે, જેમ કે अंक, कुंड, निंदा, नंग, कुंडन ઇત્યાદિ.

( ख ) तत्सम શબ્દોમાં દીર્ઘસ્વર પછી આવતો અનુસ્વાર તીવ્ર છે; જેમ કે कांत, पदांत, एकांत, नरेंद्र ઇત્યાદિ.

( સાધારણ રીતે આ શબ્દો कान्त, नरेन्द्र એ રીતે પાછળના વ્યંજનને માથે એ જ વર્ગનો અનુનાસિક વ્યંજન જોડીને લખાયછે, એટલે આ પ્રકાર અનુસ્વારનો ન ગણાય ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ग) तद्भव શબ્દોમાં દીર્ઘસ્વર પછી આવતો અનુસ્વાર કોમલ છે; જેમ કે रांक, रांकडो, कांठो, आंधळो; पींछुं, रींछ, वींछी; पूंछडुं, रूंधवुं; खेंचवुं; सोंपवुं; ઇત્યાદિ.[૮૭]

અપવાદઃ–ઉપરાંતમાં અનુસ્વાર तीव्र છે જે एकान्त કે હેવા કોઈ શબ્દના સામ્યાભાસનું પરિણામ છે.

(घ) तद्भव શબ્દના અન્ત્યસ્વરની ઉપર રહેલો અનુસ્વાર कोमलतर છે; જેમ કે दहिं, अहिं, नहिं, घउं; ઇત્યાદિ.

(ङ) નીચેના પ્રકારના શબ્દોમાં હ્રસ્વસ્વરની પછી આવતો અન્તર્ગત અનુસ્વાર कोमलतर છે; જેમ કે कुँवारो, कुँपळ, सुँवाळो, ઇત્યાદિ.

[ આ, એક રીતે, (क) નિયમનો અપવાદ છે. ]

(च) तद्भव શબ્દોના ( નાન્યતર જાતિ કે ક્રિયાપદોનું વર્તમાનકાળ પ્ર. પુ. એકવચનનું રૂપ દર્શાવતા, કે हुं જેવા શબ્દોના ) અન્ત્ય उ પછીનો અનુસ્વાર कोमलतम છે; જેમ કે शुं, सारुं, कालुं, पाडुं; आपुं, आपुंछुं; हुं; ઇત્યાદિ.

કોમલ અનુસ્વારનો ગુજરાતના જૂદા જૂદા વિભાગમાં ન્યૂનાધિક શૈથિલ્યવાળો ઉચ્ચાર.

હમણાં જ (च) માં દર્શાવેલા कोमलतम અનુસ્વાર વિશે એક વાત ધ્યાન ખેંચનારી છે; તે એ કે ગુજરાતના જૂદા જૂદા વિભાગોમાં હેનો ઉચ્ચાર ઓછા વધતા જોરથી કરવામાં આવેછે, અને એ વૈવિધ્યની દેશવ્યવસ્થા અંદાજે નીચે પ્રમાણે છેઃ—

સુરત અને ભરુચ જીલ્લામાં અને કાઠિયાવાડમાં કાંઈક તીવ્ર, લગભગ પ્રબલતમ कोमल અનુસ્વાર જેવો, ઉચ્ચાર થાયછે;

અમદાવાદ જીલ્લામાં અને હેની આજૂબાજૂમાં હેનું બળાબળ મધ્યમ છે, અને એ ખરો कोमलतम ઉચ્ચાર છે; અને

ચરોતરમાં (વ્રાત્રક અને મહી નદીઓના મધ્યદેશમાં) એ શિથિલતમ છે, લુપ્તપ્રાય છે.

[ ટિપ્પણોઃ—

(૧) કવિતામાં અન્ત્ય उं (તેમ જ नहिं, दहिं ઇત્યાદિમાં છે ત્હેવો इं) યથેચ્છ गुरु કે लघु (માત્રાસંખ્યામાં) ગણાયછે. આ માત્ર કવિસમય છે.

૮૭. तद्भव શબ્દોને અન્તે आ પછી (જેમ કે ઉકારાન્ત નાન્યતરજાતિનાં નામોનાં અનેકવચનમાં), અથવા ए અને ओ પછી, આવતો અનુસ્વાર પણ कोमल છેઃ જેમ કે गाडां, पाडां; हें (उद्‌गार)=શું ?, मों–ભૂંગળના નાદનું અનુકરણ કરતો અવાજ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને માત્રાગણનાની સરળતા ખાતર અનુસરાયછે; સંસ્કૃતમાં અક્ષરની માત્રા અવિકૃત જળવાયછે તેથી ઉલટું અર્વાચીન ભાષાઓના છન્દઃ શાસ્ત્રમાં અક્ષરની માત્રાગણનાના વિષયમાં છૂટ લેવાયછે ત્હેનું પરિણામ છે.

(૨) આ અનુસ્વાર માત્ર નાન્યતરજાતિના પ્રથમા એકવચનના રૂપમાં જ ટકી રહેછે, બીજી વિભક્તિયોમાં (એકવચનમાં) એ લુપ્ત થાયછે, જેમકે गाडाने, गाडानुं ઇત્યાદિ (गाडांने અનેકવચન થાય); પારસી ગુજરાતીમાં આ નિયમનો અનાદર કરીને गाडांने ઇત્યાદિ, એકવચનમાં પણ, લખાયછે. પરંતુ શિષ્ટ ગુજરાતીઓ એ સ્વીકારતા નથી; અને જે લોકો, એક વખત પોપટનાં પેટ જેવાં હેવું (सार शाकुंतलમાં) લખતા સદ્ગત કવિ નર્મદાશંકરની માફક, આ ખોટી પદ્ધતિને અનુસરેછે તેઓ પોતાની માતૃભાષાના પ્રાકૃતિક સ્વરૂપનું શોચનીય અજ્ઞાન પ્રગટ કરેછે. નાન્યતરજાતિનો નરજાતિથી ભેદ દર્શાવવાની, એટલે કે નરજાતિ घोडाने એથી ભિન્નરૂપે गाडांने ત્હેની નાન્યતર જાતિ ભારપૂર્વક દર્શાવવાની, અજાણ્યે જ થતી નિરર્થક ચિન્તા એ જ આ પ્રમાદનું કારણ છે—પ્રમાદ પણ કેવો કે લેખકને નાન્યતર જાતિનાં જ રૂપોમાં એકવચન અનેકવચન વિશે ભ્રમમાં નાંખેછે! કારણ કે गाडांने અનેકવચન પણ થાય. ]

આ અનુસ્વારની બાબતમાં, પ્રદેશવિભાગ પ્રમાણે ઉચ્ચારબળની ભિન્નતામાં પણ, મરાઠી ભાષા ગુજરાતી સાથે આશ્ચર્યકારક સામ્ય દર્શાવેછે. ગુજરાતીમાંના ઉં ને મળતો મરાઠીમાં एं છે (નાન્યતર જાતિનાં નામ અને વિશેષણ પરત્વે જ; બીજાં રૂપોમાં, જેમ કે ક્રિયાપદનાં રૂપોમાં, સામ્યનો લેશ પણ નથી). અન્ત્ય एंમાં (केलें, गेलें, पीवळें, केळें ઇત્યાદિમાં) રહેલો અનુસ્વાર મહારાષ્ટ્રના કોંકણતરફના પ્રદેશમાં તીવ્રકલ્પ છે, અને દેશમાં એટલે તળ દખણમાં શિથિલ છે.

*આ બાબતમાં મરાઠીમાં સારૂપ્ય, પ્રદેશવિભાગ પરત્વે પણ.*

રૉયલ એશિયાટિક સોસાયટીના (જાન્યુ. ૧૯૧૫ ના) જર્નલમાં મિ. આર. એલ. ટર્નરે "The Indo-Aryan Nasal in Gujarati" એ વિશે એક સૂચક અને બોધક લેખ લખ્યોછે, જેમાં ચર્ચેલા કેટલાક મુદ્દાઓ આ સ્થળે તપાસવા યોગ્યછે. એ મુદ્દાઓઃ—

*મિ. આર. એલ. ટર્નરે કરેલી ઇન્ડો-આર્યન (ભારતીયઆર્ય ભાષાના) અનુનાસિકોની ચર્ચા; હેનું કંઇક પરીક્ષણ અને કંઇક ગુણદર્શન.*

(अ) સ્વરભારના લોપની મનો અનુનાસિક व (वँ) થવા ઉપર અસર;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને (આ) સ્વરભારમાં ફેરફાર થતાં અનુનાસિકત્વનો લોપ.

(અ) માં મિ. ટર્નર બતાવી આપેછે કે૮૮ "ગુજરાતીમાં ગામ શબ્દ મ જાળવી રહેછે અને (હિં. અને મ. ની માફક) ગાંવ થતો નથી, પણ કુમાર શબ્દ કુઁવારો થાયછે, કારણ કે પ્હેલા શબ્દમાં સ્વરભાર અનુનાસિકની પૂર્વે પડેછે પણ આ બીજામાં હેની પછી પડેછે.૮૯ વિશેષ હેણે એ બતાવ્યુંછે કે पृच्छन्तकः (પ્રા. पुच्छन्तो )માંથી पूछतो (ગુજ.) અને (સં.) पञ्चाशत्‌માંથી (ગુજ.) पचास થાયછે ત્હેમાં અને ત્હેવાં રૂપાન્તરોમાં અનુનાસિક લુપ્ત થાય- છે હેનું કારણ એ છે કે पुच्छन्तो–पूछतो હેમાં સ્વરભાર અન્તમાંથી જઇને ધાતુ–અક્ષર ઉપર પડેછે;૯૦ (ગુજ.) पचास વિશે હેણે સ્વરભારનો ફેરફાર વ્યક્ત દર્શાવ્યો નથી, પણ સ્વરભાર पंમાંથી चा ઉપર જઈ પડતો માન્યોછે અને पंના અનુનાસિકના લોપનું કારણ એ ગણ્યુંછે તેમ સમઝાયછે.

ખરેખર આ ચર્ચા બહુ બોધક અને સૂચક છે અને આખો લેખ સૂક્ષ્મ અભ્યાસને યોગ્ય છે; જો કે કેટલેક સ્થળે મૂલગામી ભૂલ થઈછે એ કબૂલ કરવું પડેછે; જેમકે પૃષ્ઠ ૩૩ મે हूनो (હેને મતે ऊनो), प्हानो (હેને મતે पानो; प्रस्नवમાંથી), त्हमे (હેણે લખ્યોછે तमे), हमे (अमे) એ પ્રકારના શબ્દોમાં ह् લુપ્ત થતો માનવામાં મિ૦ ટર્નરે ગુજરાતી શબ્દોમાં હકારની વ્યવસ્થાના નિર્ણાયક નિયમોનો ચોખ્ખો અનાદર કર્યોછે. એ નિયમો મ્હારાં વ્યાખ્યાનોના પૂર્વગામી અંશમાં હું દર્શાવી ગયોછું અને ચર્ચા ચૂકયોછું; આ સ્થળે અપ્રસ્તુત ગણાય.

---

૮૮. જર્નલનું પૃ. ૨૯ મું, મૂળ અને ફુટનોટ જુવો.

૮૯. ડૉ. સર રા. ગો. ભાંડારકર ગામ માંના મને વઁ ને સ્થાને પુનરાવૃત્તિથી થયેલો મ ગણેછે (વ્યાખ્યાનો, પૃ. ૧૭૭ મું જુવો); હેનું કારણ એ દર્શાવેછે કે મૂળમાં व (સ્વતઃ કે प નો રૂપાન્તરભૂત) હોય ત્હેવા બીજા શબ્દોમાં व નો म થાયછે, જેમ કે સં. कपाट, પ્રા. कवाड, ગુજ. कमाड; प्राप् (સં), पाव् (પ્રા.), पाम् (ગુજ.) શંકા એટલી જ રહેછે કે गांव, नांव ઇત્યાદિ પ્રકારોમાં વઁ છે તે તો માત્ર હિંદી અને મરાઠી જેવી સમાનપ્રભવ ભાષાઓમાં છે, અને આ ભાષાઓ કાંઇ પ્રાકૃત અને ગુજરાતીની વચ્ચેની ભાષાઓ નથી; પછી गांवु, नांवु હેને અપભ્રંશરૂપો, અને માટે જ અવાન્તર ક્રમો, ગણિયે તો જૂદી વાત છે–અને કદાચ ડૉ. ભાંડારકરનું ખરૂં વક્તવ્ય એ છે. એમ હોય તો પણ મિ. ટર્નરનો મત ડૉ. ભાંડારકરના મતના પૂરક અંશ તરીકે સ્વીકાર્ય છે.

૯૦ પ્રસ્તુત જર્નલમાં પૃ. ૩૨ મું, ૬–૪૨ જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### उत्सर्ग ૪.

વર્ગ ग ઉત્સર્ગ ૪.
અનુનાસિક ઘોષવર્ણો;
ँद, ँब, ँड.

ઉપરની ચર્ચામાંથી આપણે સહજતઃ અનુનાસિક ઘોષ વ્યંજનોને ચર્ચતા उत्सर्ग તરફ આવી પ્હોંચિયેછિયે. હેમાં ખાસ ગુજરાતીનાં જ વિશિષ્ટ લક્ષણો બીજી બ્હેન જેવી સમાનપ્રભવ ભાષાઓ કરતાં વિશેષ પ્રમાણમાં છે; અને એ કારણે હેનો સમાવેશ ग વર્ગમાં ન થાય, પરંતુ હેની ચર્ચા અહિં જ કરવી મ્હને ઠીક લાગેછે કારણ કે હમણાં જ પૂર્ણ થયેલી ચર્ચા સાથે હેને નિકટ સંબંધ છે, એ ચર્ચાથી જ હેના વિષયનું સૂચન થાયછે, અને વિશેષ કારણ એ કે હેમાંનાં કેટલાંક તત્ત્વો ગુજરાતી, મરાઠી અને હિન્દીને સમાન છે. આ વાત નીચે આપેલી ચર્ચા દરમ્યાન સ્પષ્ટ થશે,

આ उत्सर्ग સ્થૂલ દૃષ્ટિયે આ રીતે અપાયઃ—

કોઈ પણ વર્ગનો અનુનાસિક (પાંચમો અક્ષર), એ અનુનાસિકવાળી શ્રુતિ ઉપર સ્વરભાર હોય તો, એ જ વર્ગનો અનુનાસિક અલ્પપ્રાણ ઘોષ વર્ણ (ત્રીજો અક્ષર) બનેછે, એટલે કે न નો ँद, म નો ँब અને ण નો ँड થાયછે.[૯૧]

(ङ અને ञનું હાવું રૂપાન્તર મળવું અશક્ય છે, કારણ કે એ વર્ણો શબ્દોમાં સ્વતન્ત્ર વ્યંજનરૂપે આવતા નથી.)

આ અનુનાસિકભાવ દર્શાવવાની સ્હેલી અને સરળ રીત એ છે કે શુદ્ધ ઘોષવ્યંજન મૂકીને હેની પૂર્વના સ્વરને અનુસ્વાર ચિહ્નવડે અનુનાસિક કરવો. હું આ સરળતર રીત સ્વીકારીશ.

ઉદાહરણોઃ—

**न.**

| | |
|---|---|
| पान + डुं ( ગુજ. ) | पांदड़ु |
| वानरकः ( સં. ) | वांदरो |

૯૧. ँद, ँव અને ँड ને અપભ્રંશમાં ( मोऽनुनासिको वोवा ॥ हे. ८–४–३९७ અનુસાર ) આવતા કોમળ અનુનાસિક व જેવા ગણવાના છે, સંસ્કૃતના ताँल्लोकान्‌માંના તીવ્ર અનુનાસિક ल જેવા નહિં. પણ સૂક્ષ્મતાથી તપાસતાં જણાયછે કે આ ઉદાહરણમાંની તીવ્રતા ल्ल એ સંયોગનું પરિણામ છે, અનુનાસિકના જ અન્તર્ગત ધર્મનું નહિં, કારણ કે ખરૂં જોતાં આ પ્રકારમાં પણ ન્‌નો અનુનાસિકત્વ અને द હેવા ખંડ થાયછે જેમાંથી द્‌નો પાછળ રહેલા લ્‌ને યોગે લ્‌ બનેછે અને અનુનાસિક તત્ત્વ–આપણે શું જાણિયે ?—કોમળ હોઈ સકે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| मीनी (ગુજ.)=બિલાડી + डी | मींदडी |
| जानी (ગુજ.) + સ્ત્રીપ્રત્યય अण | जांदण |
| जानैयो + સ્ત્રીપ્રત્યય अरणी | जांदरणी |

(१) जोडे जांदरणी घणी कोडे जोवा ज सरखी."

नवलराम, बालगरबावली, पृ. १५.

(२) बोलइ मंगल ये जांदणी, चंद्र जमलि येहवी चांदणी.

विमलप्रबंध, ५, ८२.

| | | |
|---|---|---|
| पंचदश (સં.) | पन्नरह (પ્રા.) | पंदर |
| भगिनीपतिः (સં.) | बहिणीवई (પ્રા.) (वहनीवई बनहीवई) | बन्हेवो बंधेवी (સુરતી ગુજ.) |
| अभिज्ञान (સં.) | अहिण्णाण (પ્રા.) (अहिन्नाण–अहिनाण–अइहनाण–अंद्हाण) | अंधाण |

म.

| | | |
|---|---|---|
| गाम+डुं | | गांवडुं |
| चाम+डुं | | चांवडुं |
| आमलकं (સં.) | आमलउं (અપ.) | आंवळुं |
| वर्धमान (સં.) | वड्ढमाणु (અપ.) | वढवाण (શહેરનું નામ.) |
| शाल्मलिः (સં.) | सिम्वली | शींवळो |

(देशीनाममाला, પૃ. १६३, કડી. १७ જુવો.)

| | | |
|---|---|---|
| महामात्रः (સં.) | महामत्तु (અપ.) | महावत-म्हावत-मावत |
| °मात्र (જેમ કે दृष्टमात्रेण સં.) | | °वांत (જેમ કે दीठावांत) |
| संमार्जनी (સં.) | संमारजणी (પરભારો) | सावरणी |
| पक्ष्मणी द्वि. व. (સં.) | पह्मणी (પ્રા.) (पाह्मण-पामण-पांवण) | पांपण |
| निर्माण (સં.) | निर्वाण (ગુજ.) (કવિતામાં "ખરેખર" એ અર્થમાં) | |
| निमंत्रणकं (સં.) | निमंत्रणउं (અપ.) (निवंतरउं–नवंतरउं) | नोंतरुं |
| सीमन्तकः (સં) | सीमंतउ (અપ.) (सीवंतउ–सिअंतउ–सइंतउ) | संघो (सघी) |

| | | |
|---|---|---|
| कर्दमः (સં.) | कद्दमु (कद्दवुं અપ.) | कादव |
| गोधूमः (સં.) | गोहूमु (गोहूंवु અપ.) | घडं |
| महिषी (સં) | महिसी (પ્રા.) | |
| | (म्हइशी–वँहइशी) | भँश |
| | (મ. म्हईस, म्हैस સરખાવો). | |

અમારી (અરબી)=૧. ડોળી કે પાલખીના મૂળનિર્માતાનું નામ અને પછી ૨. ડોળી, પોતે જ.

(ગુજ.) अम्वाड़ी (=હાથી ઉપર મૂકાતી છત્રીવાળી બેઠક, હોદ્દો; ડોળીના સામ્યને લીધે);
मा– ँवा – ँबा – म्बा (કંઇક ભૂલથી તીવ્ર)

ण.

| | | |
|---|---|---|
| अधुना (સં.) | अहुणा (પ્રા.) | हवडां (ગુજ.) |
| | (हउणा–हवणां) | |

(मुग्धाववोध औक्तिक, પૃ. ૧૬, ઓળ ૧ માં हवडां છે. એટલે આ ड થયો એ વિકાર વિક્રમ સંવત્ના પંદરમા સૈકા જેટલો જૂનો છે.).

| | | |
|---|---|---|
| अनुपानह् (સં.) | अणुवाणहु (પ્રા.) | अडवाणो (ગુજ.) |

(ગુજ. માં વાચ્યાર્થ 'જોડા વિનાનો,' 'ઉઘાડપગો' છે; પછી એ વિશાળ અર્થ પ્રાપ્ત કરેછે, 'પ્હેરવું જોઇયે તે વસ્ત્ર, આભૂષણ, કે હેવું કંઇક પ્હેર્યા વિનાનો')

"राणी आपोपुं निंदती रे अडवाणी पंथे जाय."

(शीलवतीनो रास, ५, ६, २).

| | |
|---|---|
| आपणे | आपडे |
| आपणुं | आपडुं |

[સિંધી माड्रू–माडु (સં. मानुषः) સરખાવો; माडु શબ્દ કાઠિયાવાડી પ્રાન્તિક ઉપભાષાઓના જૂના લોકસાહિત્યમાંના દુહાઓમાં પણ મળી આવેછે.]

*આ ઉત્સર્ગમાં પ્રવર્તતા તત્ત્વની પૃથક્ક્રિયા; સ્વરભાર પ્રધાન શક્તિ; અનુનાસિક સ્પર્શનો અંગવિશ્લેષ, ઘોષત્વ અને અનુનાસિકત્વ.*

આ પ્રકારોમાંની વાગ્વ્યાપારઘટનાના સૂક્ષ્મ નિરીક્ષણથી જણાશે કે, સ્વરભાર જેનો પ્રધાન પ્રકાર છે હેવા કોઈ વિલક્ષણ બળની પ્રવૃત્તિથી અનુનાસિક સ્પર્શવ્યંજનનાં અંગભુત તત્ત્વો, શુદ્ધ ઘોષત્વ અને અનુનાસિકત્વ, છૂટાં પડી જાયછે; અન્ય રીતે કહિયે તો, વાગ્વ્યાપાર દૃષ્ટિયે પૃથક્ક્રિયા કરતાં न, म, ण એ નાસિકાદ્વારા ઉદ્ગારેલા એટલે કે અનુનાસિકત્વ પામેલા द, ब, ड જ અનુક્રમે છે. (માણસને નાકમાં સળેખમ થયેલું હોય અને અનુનાસિક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યંજનો ઉચ્ચારવાનો યત્ન કરે તે રીતે, નાસિકામાર્ગની સક્રિય સહાયતા વિના, અનુનાસિક વ્યંજનોને ઉચ્ચારવાનો પ્રયાસ કરતાં અન્–અનુનાસિક ઘોષવ્યંજનો ઉદ્‌ભવેછે; આ બહુસૂચક પ્રમાણ છે.) અંગભૂત તત્ત્વોની આ પૃથક્‌ક્રિયા થયા પછી એ તત્ત્વોની નવી વ્યવસ્થા થાયછે, જેમાં અન્-અનુનાસિક ઘોષવ્યંજન ઉત્કટ બનેછે અને અનુનાસિકત્વ કોમળ બનેછે, જેથી ँद, ँब, ँड પ્રાપ્ત થાયછે.

ડૉ. ગુણેનો મતઃ આ સ્વરભક્તિનો એક પ્રકાર છે. એ મતનો અસ્વીકાર.

[ડૉ. ગુણે, હેમના Introduction to Comparative Philology નામના ગ્રન્થમાં પૃ. ૫૧ મે, આ ઉચ્ચારઘટનામાં स्वरभक्ति(anaptyxis)ના નિયમની નવીન પ્રકારે પ્રવૃત્તિ થતી જણાવેછે; એટલે કે તેઓ હેમાં "જૂદાં જૂદાં ઉચ્ચારસ્થાનોવાળા બે વ્યંજનોની વચમાં એક વ્યંજનનો "પ્રક્ષેપ" થતો જ જુવેછે. પરંતુ આ ઘટનાની ઉપર આપેલી પૃથક્‌ક્રિયા લક્ષમાં રાખતાં હું હેમની સાથે સંમત થઈ સકતો નથી. હેમણે આપેલાં ઉદાહરણોમાંથી એક લઇયે; (સં.) वानर માંથી (મ.) वांदर; અહિં द् વસ્તુતઃ न् અને अ ની વચ્ચે એટલે કે એક વ્યંજન અને એક સ્વરની વચ્ચે રહેલોછે, બે વ્યંજનો વચ્ચે નહિં, અને હમણાં જ કહ્યુંછે તેમ, ઘોષવર્ણોનું અનુનાસિકત્વ (મ. तांबडामां છે ત્હેવું કોમળ કે પછી મ. तुम्बळमां છે ત્હેવું તીવ્ર, ગમે ત્હેવું) અનુનાસિક વ્યંજનનાં અંગભૂત તત્ત્વોના પૃથગ્ભવનમાંથી ઉદ્‌ભવેછે, કોઈપણ વ્યંજનના પ્રક્ષેપથી નહિ.]

મ્હેં કહ્યુંછે કે અનુનાસિકના આ પૃથગ્ભાવને ઉપજાવવામાં સ્વરભાર અમુક ભાગ ભજવેછે, અને કોઈ વિલક્ષણ શક્તિનો એ એક પ્રકારમાત્ર છે. કારણ કે जानैया અને जांदरणी જેવા શબ્દોમાં સ્વરભાર નિયામક તત્ત્વ છે હેવો દાવો નહિં કરી સકાય, કારણ नै તો મૂળથી જ સ્વરિત છે એ સ્પષ્ટ છે. બીજાં પણ બળો આ ઘટનામાં પ્રવૃત્તિસહચાર સાધેછે. દાખલા તરીકે, वांदरो, पांदडुं એ પ્રકારના શબ્દોમાં ड् અને र् જેવા મૂર્ધન્યોના સંનિકર્ષને કારણે અનુનાસિક (न વગેરે)નું ઉચ્ચારણ જરા મુશ્કેલ બનેછે, અને એથી ँद વગેરે રૂપાન્તર નીપજેછે; આ ઉપરાંત, અનુનાસિક પછી આવેલો अ જેવો હ્રસ્વ સ્વર હોવા શબ્દોમાં અનુનાસિકને પૂરતા આધાર વિનાનો કરી મૂકેછે અને એ સ્થિતિ પણ પૃથક્કરણની સહાયક બનેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોમલ બન્યા પછી અનુનાસિકનો લોપ; કવચિત્ એ આગળ ખસેછે.

કેટલાંક ઉદાહરણોમાં અનુનાસિક કોમલ થયા પછી લુપ્ત થાયછે એ લક્ષમાં રાખવા જેવું છે; જેમકે सावरणी, कादव, महावत, आपडे, आपडुं, हवडां એ શબ્દોમાં; જ્હારે કેટલાક પ્રકારોમાં અનુનાસિક પાછળ જવાને બદલે આગળ ખસેછે, જેમકે °वांत (दीठावांत)માં; વસ્તુતઃ આ શબ્દમાં પાછળ ખસવાનો અવકાશ જ નથી, કારણ म (मात्रमां) શબ્દનો આદ્ય અક્ષર છે; महावतમાં પણ એ જ સ્થિતિ છે, કારણ કે महा અને मात्र ખરું જોતાં અલગ પડે ત્હેવા અંશો છે; मेंशમાં પણ એ જ કારણે, એટલે પાછળ હઠવાના અવકાશને અભાવે, અનુનાસિક આગળ જાયછે.

વળી એ પણ જોવામાં આવશે કે કેટલાંક ઉદાહરણોમાં અનુનાસિકનો આ અનુનાસિક શુદ્ધઘોષ વ્યંજન થવા રૂપ વિકાર માત્ર સંક્રાન્તિદશાનું જ લક્ષણ હોયછે, જેમકે पांवण, अँदृहाण, नवँतर શબ્દોમાં; એ શબ્દો पांवण[९२] अँघाण, नीतरुं એ અન્તિમરૂપો પ્રાપ્ત કરેછે.

જૂજ પ્રકારોમાં પૃથક્કરણ પછી અનુનાસિક તીવ્ર હોયછે.

ક્હેવાની જરૂરિયત નથી કે કેટલાક પ્રકારોમાં मમાંથી ઉદ્ભવેલો व વિશેષ રૂપાન્તર પામીને व થાયછે, જેમકે कादव, महावत, °वांत, सावरणी, वढवाण ઇત્યાદિમાં. બીજું લક્ષયોગ્ય સ્વરૂપ ખાસ ભાર મૂકીને દર્શાવવું પડશે; કેટલાક વિરલ પ્રકારોમાં પૃથક્કરણથી અનુનાસિક કોમલ થવાને બદલે તીવ્ર થઈ જાયછે, જેમકે बंधेवी, पंदर હેમાં. આમ થવાનું કારણ पन्नरने વિશે પ્રવર્તતી આ ઘટનાથી સમઝાવી સકાયઃ—[९३]पन्+नर, હેમાંના બીજા ननो ँद થાયછે, એટલે पंदरમાં તીવ્ર અનુનાસિક જળવાઈ રહેછે. बंधेवीમાં કારણ ખોળવું મુશ્કેલ છે; કદાચ એમ હોય કે बन्हेवीनो न्हे કાંઇક કારણે निर्वळसंयोग મટીને सबळसंयोग બનેછે.

મ્હારે જણાવવું જોઇયે કે આ उत्सर्गनी પ્રવૃત્તિ સાધારણ નિયમે વૈકલ્પિક છે; गामडुं અને गांवडुं; पानडुं અને पांदडुं; शीमळो અને शींवळो એ પ્રમાણે રૂપો બોલાયછે. માત્ર वांदरो શબ્દનું वानरो હેવું વૈકલ્પિક રૂપ નથી થતું.

---

૯૨ पांवणમાંનો व; ઘોષવર્ણ वनो અઘોષ प થાયછે; અઘોષ વર્ણને ઘોષ બનાવવાનું પ્રાકૃતોનું વલણ જોતાં આ ઘટના વિપરીત લાગેછે. આ વિકારની મ્હેં પૂર્વે નોંધ લીધી-છે; પાછળ, વ્યાખ્યાન ૨, પૃ. ૭૪, (પ) ग માં જુવો.

૯૩ શબ્દની આ ભાગક્રિયા કાંઇ વ્યાકરણસિદ્ધ વિગ્રહની કે અર્થ પ્રમાણે કરેલા વિગ્રહની સૂચક નથી; માત્ર તીવ્ર ઉચ્ચારનો વર્ણોચ્ચાર દૃષ્ટિયે ઉત્પત્તિપ્રકાર દર્શાવવાને યોજ્યોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ ઉત્સર્ગનું મૂળ અપભ્રંશમાં મળેછે.

પ્રસ્તુત उत्सर्गनुं મૂળ અપભ્રંશમાંના વિરલ પ્રકારોમાં રહેલુંછે; કારણ કે અપભ્રંશમાં સિ. હે. ૮-૪-૪૧૨ (म्हो म्भो वा)ની પ્રવૃત્તિથી संभरइ રૂપ શક્ય થતું જોઇયેછિયે. અહિં मना ब અને અનુનાસિક હેવા ભાગ થઈને ब અને हूનો म રૂપે સંકર થાયછે એ વિકારક્રમ સ્પષ્ટ છે. પણ આ म्भ सबलसंयोग છે, અને એટલાપૂરતો આપણા પ્રસ્તુત ઉત્સર્ગથી ભિન્ન છે, એ સ્વીકારવું પડશે. પ્રાકૃતમાં પણ म નો म्ब થયેલો ઉપલબ્ધ છેઃ तम्बं, अम्बं (ताम्र-आम्र) (સિ. હે. ૮-૨-૫૬ જુવો), आम्बिलं (आम्ल) (સિ. હે. ૮-૨-૧૦૬ જુવો), અને सिम्बली. અલબત્ત संयोग અહિં સબળ છે કારણ કે વિકારક્રમ વસ્તુતઃ આ છેઃ-म्र-म्म-म्ब; म्ल-म्मिल-म्बिल; ल्म-म्म-म्ब. કોમળ અનુનાસિક બીજરૂપે અપભ્રંશમાં જોવામાં આવેછે; એ ભાષામાં સાદા मને સ્થાને અનુનાસિક व (वँ) થવાનાં ઉદાહરણો છે, જેમ કે कवँलु, भवँरु ઇત્યાદિ (સિ. હે. ૮-૪-૩૯૭). આ સ્થિતિમાં પ્રસ્તુત उत्सर्गને अनुपूर्तिના વર્ગમાં મૂકી ન સકાય, પ્રાકૃતોમાં અવ્યક્તરૂપે હેનું મૂળ હતું એમ જ માનવું જોઇયે.

## उत्सर्ग ५.

વર્ગ ग. ઉત્સર્ગ ૫; અમુક વર્ગનો શુદ્ધ (અલ્પપ્રાણ) ઘોષ એ જ વર્ગનો અનુનાસિક બનેછે.

ગયા उत्सर्गथी વિપરીત વાગ્વ્યાપારઘટના ગુજરાતીમાં દૃષ્ટિગોચર થાયછે. હેને સરળ રીતે આ પ્રમાણે જણાવી સકાયઃ—

અમુક વર્ગનો શુદ્ધ (અલ્પપ્રાણ અને અનનુનાસિક) ઘોષ વ્યંજન એ જ વર્ગનો અનુનાસિક (પ મો) વ્યંજન બનેછે. આ રૂપાન્તર થવામાં શુદ્ધ ઘોષવર્ણને અનુનાસિક બનાવવા માટે આગન્તુક અનુનાસિકવર્ણનો પ્રક્ષેપ કેટલાક પ્રસંગોમાં પ્રાપ્ત થાયછે, અને એ રીતે આ વિકારક્રમ ગયા ઉત્સર્ગથી સર્વાંશે વિપરીત છે.

ઉદાહરણોઃ—

डनो ण.

खंड (સં.) खाण (ગુજ.) જેમ કે चाकूने खाण पडीछे=ચાકૂના પાનામાં ખાંચ પડી છે.)

कुटुम्बी (સં.) कुडुंबी (પ્રા.) कणबी (ગુજ.)[९४]

૯૪. મ. માં कुणबी ઉપરાંત कुळंबी પણ છે. ण ळद्वारा નથી આવ્યો, પણ ड्मांथी એકતઃ ळ અને અન્યતઃ ण થાયછે; આ રીતેઃ—

कुडुम्बी
|
डुंबी
|
कुळंबी कुणबी

| | | |
|---|---|---|
| कोमलकं (સં.) | कुँवलउं (અપ.) | कूंव्ळुं (ગુજ.) અને (ळमांथी ड् દ્વારા) कूणुं (ગુજ.) |
| संदंशिका (સં.) | सांडसिआ (અંતિમ અપ.) | सांडसी (ગુજ.) અને વિકલ્પે साणशी |
| परं (સં.)[૯૫] | (રનો ड થઈને એ દ્વારા) | पण (ગુજ.) |
| पडंचा (દેશ્ય)=ધનુષની દોરી. | | पणछ (ગુજ.) |
| द्वारककं (સં.) | बारडउं (અપ.) | बारणुं (ગુજ.) |
| कटि+दोरो | कडदोरो कडदोरा (भ.) | कणदोरो–कंदोरो (ગુજ.) |
| तंतुककः | तंतुडउ (અપ.) | (तांतडो)–तांतणो (ગુજ.) |

**वनो म; (वनो व थईने म).**

| | | |
|---|---|---|
| प्राप्नोति (સં.) | पावइ (પ્રા.) | पामे (ગુજ.) |
| स्थानं (સં.) –ठाम[૯૬] | ठांव (हिं. અને भ.) | ठाम (ગુજ.) |
| कपाटः (સં) | कवाडु (અપ.) | कमाड (ગુજ.) |
| गवादनी (સં.) | गवाअणी (પ્રા.) | गमाण्य, गमाण (ગુજ.) |
| वाञ्छा (સં.) | वंछा (પ્રા.) | मंछा (ગુજ.) |
| धाव (સં.) | | धाम (ગુજ.) માત્ર दोडधाममां.) |
| धीवर (સં.) | धीवरू (અપ.) | ढीमर (ગુજ.) |

"धोडा जलमां पेठो नळराजा ढीमरनुं आचरण"

(પ્રેમાનન્દકૃત નળાખ્યાન, ३२, बृ. का. दो. પૃ. ૧૬૩

| | | |
|---|---|---|
| नीवार (સં.) | नीवाह (અપ.) | नमार (ગુજ.) |
| अधुना (સં) | अहुणा (પ્રા.) | |
| | (हउणा–हवणा) | हमणां (ગુજ.) |

---

૯૫. पर=પણ; જેમ કે किमस्या न प्रेयो यदि–परमसह्यस्तु विरहः (उत्तररामचरित)

૯૬. રા. કેશવલાલ હ. ધ્રુવ वाग्व्यापार વિશેના હેમના નિબન્ધમાં (પૃ. ૨૦ મે પં. ૮ થી ૧૦ માં) વિવિધ વર્ગના અનુનાસિકોના વિનિમયની નોંધ લેતા उत्सर्ग ઘડેછે, અને કહેછે કે ठाम એ રીતે स्थानમાંથી પ્રાપ્ત થયેછે. હું એ નિયમ, માત્ર આ ઉદાહરણમાં અવાન્તરક્રમ અર્થે એ પૂરતો જ, સ્વીકારૂંછું; પછી ठामમાંથી ठांव (भ. અને हिं.) થાયછે અને પછી એ શબ્દ મૂળરૂપ ठाम (ગુજ.) પાછું પ્રાપ્ત કરેછે,–જેમ ડૉ. સર રા. ગો. ભાંડારકરે गाम–गांव–गामनी બાબતમાં દર્શાવ્યુંછે તેમ (આ વ્યાખ્યાનમાં પૃ. ૩૨૯ નોટ ૮૯ મી જુવો).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| सुपर्वकः (સં.) | सुपर्वउ (અપ.) | सपरमो (ગુજ.) (सपरमो दिवस) |
| सांवत्सरिकं (સં.) | सांवच्छरिअं (પ્રા.) | समचरी (ગુજ.) (શ્રાદ્ધ શબ્દ અહિ અનુક્ત રહેછે.) |
| संबुध्यते (સં.) | संवुज्झइ (પ્રા.) | समझे (ગુજ.) |
| दयावणो (દેશ્ય) | | दयामणो (ગુજ.) |
| शपथः (સં) | सवहु (અપ.)-सव – | सम (ગુજ.) |

सौरभं (સં.)–પરભારો–ર નો ड, ह् (भ માંથી છૂટો પડેલો) + ड = ढ;
सोढव– सोढम (ગુજ.)

| | | |
|---|---|---|
| चुम्बति (સં.) | चुंबइ (પ્રા.) –चूंवइ – चूमे (ગુજ.) | |
| बिन्दुः (સં.) | विंदू (પ્રા.) | मींडुं (ગુજ.) |
| वल्लभः (સં.) | वल्लहु (અપ.) वल्लउ – वल्लवु | वालम[97] |

महार्णवः (સં.) महारणवु (અપ.)–महरावणु–महरामण मिहिरामण (પ્રાચીન કાવ્યમાં

मिहिरामण मथिउ अति कोडी

ભાલણ કૃત कादम्बरी, पूर्वभाग, १३, પં.૫૦.

હાલ પણ રજપૂતોમાં વિશેષ નામ તરીકે महेरामणसिंह પરિચિત છે.

उत्सर्पणी उच्छप्पणी
(=ઊંચે ઊંચે જવું; એ ઉપરથી, उछापणी उछामणी
હરરાજીમાં–લીલામમાં–ભાવનો उछावणी (=હરરાજી, લીલામ)
માગણીનો ચડાવો)

परिधापनिका परिहावणिआ
पहिरावणी पहेरामणी

એ જ મુજબ लेखामणी, मंडामणी, सचवामणी, दळामण જેવા °मणी કે °मण પ્રત્યયવાળા બધા શબ્દોમાં म् છે તે व् નો म् થઈને આવ્યો છે, જે व् અન્તિમ અપભ્રંશના ઉત્તરકાલીન વિકાસમાં પ્રેરકભેદનાં રૂપોમાં જોવામાં આવતા पृનું રૂપાન્તર છે; आपय्‌માંનો आप् પ્રત્યય, અથવા ખરું કહેતાં

૯૭. (વિ. સં. ૧૫૦૮ માં રચાયેલ) वसन्तविलासમાં શ્લોક ૫૦ માં અને ૭૨ માં વાલંભ છે: એક સ્થળે અનુસ્વાર તીવ્ર છે, અન્ય સ્થળે કોમળ છે. ત્યારે એમ હશે કે આ શબ્દ કોઈ કાળક્રમે वक्रादिगणમાં પ્રવેશ પામ્યો અને પરભારું वल्लंभ–वालंभ એમ રૂપાન્તર થયું?



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આગમ, એ ભાષામાં લગભગ બધા ધાતુને લાગતો; સંસ્કૃતની માફક दापयति, धापयति, मापयति ઇત્યાદિને જ લાગે હેવો નિયન્ત્રિત ન્હોતો.

[ कमाड, गमाण ઇત્યાદિપ્રકારના શબ્દોમાં વની (વિકારપ્રાપ્ત કે મૂળગત વની) પૂર્વે આગન્તુક અનુનાસિક પ્રક્ષિપ્ત થાયછે એથી અનુનાસિક વઁ ઉદ્ભવેછે, જે વઁનો વળી મ થાયછે. ]

[ महार्णव એ, મ્હારા એક મિત્રે સૂચવેલી, આનુમાનિક વ્યુત્પત્તિ છે. પણ વાગ્વિકારના બધા ક્રમોમાં એ બહુ ઉપપન્ન જણાયછેઃ વિશ્લેષથી महारणवु; (हा અને रमांना) आ અને अना, તેમ જ ण् અને वना, વ્યત્યયથી महरावणु; અને પછી वनो म ( णना સાન્નિધ્યથી પ્રાપ્ત થતા અનુનાસિકત્વને યોગે)].

कल्यवर्तः-कल्लवउ-कलवउ-कलवो-करमो; (પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં करमलो છે, જેનાં ઉદાહરણો માટે આગળ ઉપર उत्सर्ग ૧૨ મો જુવો).

ટિપ્પણોઃ—

(अ) ગુજરાતીમાં ए, ते, जे, એ સર્વનામોનાં વિભક્તિરૂપોમાં, હેમને, ત્હેમને, જે'મનેમાં, રહેલા મનું મૂળ ओना રૂપાન્તર वमां પ્રાપ્ય છે, કારણ કે અનેકવચનનાં વૈકલ્પિક રૂપો एओने, तेओने, जेओने હેવાં પણ છે. हूनुं મૂળ અપભ્રંશનાં અને તે પછીનાં પ્રાચીનરૂપો एहु, तेहु, जेहुमां મળેછે.

(आ) सि. हे. ૮-૧-૨૬૬, स्वप्ननीव्योर्वा અનુસાર ( પ્રા. सिमिणो- सिविणो દ્વારા ) ગુજરાતી शमणुं ઉદ્ભવેછે. આ અને હેની પૂર્વના शबरेवोमः એ સૂત્રમાં આપણા પ્રસ્તુત ઉત્સર્ગનું બીજ રહેલુંછે, પણ તે એટલું વ્યક્ત કે સુવિકસિત નથી કે આ ઉત્સર્ગને अनुपूर्ति વર્ગમાં મૂકવો યોગ્ય ગણાય.

[ सं. त्वंમાંથી આવતાં तुवं, तुमं એ વૈકલ્પિક પ્રાકૃત રૂપો પણ હેવો જ વિકારક્રમ સૂચવેછેઃ त्वं એક પ્રકારનો विश्लेष પામીને तुवं થાયછે; હાનો व ( व અને वँ દ્વારા ) म થાયછે, અને એ રીતે तुमं પણ પ્રાપ્ત થાયછે. ]

સિન્ધી मिनथनी વ્યુત્પત્તિ सं. विज्ञप्तिः, ગુજ. विनंतीમાંથી, वनो આ રીતે म થવાથી, સાધ્ય છે.

આ उत्सर्गने નિયમે ફારસી खुशनवानुं ગુજ. રૂપાન્તર खुशनुमा બન્યુંછે, [ नवानो "સંગીતનો સૂર", "ગીત" હેવો અર્થ છે, તે સંકુચિત અર્થ ગુજરાતીમાં લુપ્ત થાયછે. અને खुशनुमा કોઇપણ રમણીય વસ્તુ માટે, નેત્રને રમણીય વસ્તુને માટે પણ, વપરાયછે; જેમ કે

अहिं खुशनुमा कुदरती खूबी चीतरी, कलमे मस्त शी ।
( હ. હ. ધ્રુવ કૃત चित्रदर्शन ).

### उत्सर्ग ६

વર્ગ ग; ઉત્સર્ગ ६; क्त त्म, त्व, त्र, કે र्त નો રૂપાન્તરભૂત त्त, જ્યહારે ट्ट ન થાય લ્હારે, કેટલાક પ્રકારોમાં प्प બનેછે.

હવે જે उत्सर्ग આપવાનોછે તે કંઈક વિવાદગ્રસ્ત છે, કારણ કે એ પ્રચારરૂઢ મતોની સ્હામે બંડ ઉઠાવેછે. હું એકદમ એ उत्सर्ग રજૂ કરું:—

क्तमांथी, કે त्वमांથી, કે त्ममांથી, કે त्रमांથી, કે र्तमांથી પ્રાકૃતમાં ઉદ્‌ભવેલા त्तનો, ट्ट ન થાય તો કે त्त જ ન રહે તો, પ્રાકૃતમાં प्प થાયછે.

ઉદાહરણો:—

| સં. | પ્રા. | ગુજ. |
|---|---|---|
| शुक्तिः | सिप्पी | छीप |
| आत्मा | अप्पा ( કે अत्ता) | आप |
| त्वन | त्तण (ભાવવાચક પ્રત્યય) | पण[98] |
| त्व | त्त | प (घयडापो, बुड्ढापो હેમાં) |
| त्वा (जित्वा) | एप्पि (जेप्पि) | |
| कर्तयति | कप्पेइ | कापे |

(હિં. काटना, कटेइમાંથી; ગુજ. कांतवुं, कृन्तति (સં.)-कंतइ (પ્રા.)માંથી).

| | | |
|---|---|---|
| छत्रकं | छत्तरउं[99] | छापरुं |

[આ વાત ખાસ લક્ષમાં રાખવાનીછે કે આ उत्सर्गમાં प्प રૂપાન્તર પ્રાકૃત દશામાં જ, ગુજરાતી શબ્દરૂપમાં આવવા પ્હેલાં જ, થતું દર્શાવ્યુંછે-અપવાદરૂપ પ્રકારો छत्तरउं, त्वन, અને त्व શિવાય.]

આ ઉત્સર્ગ વિરુદ્ધની દલીલોનું કથન અને પ્રત્યાખ્યાન.

હવે પ્રચારરૂઢ મતના અનુયાયીઓ વાંધો ઉઠાવશે કે त्त પોતાથી જ प्प બની સકે નહિ, કારણ કે દન્ત્ય અને ઓષ્ઠ્ય વર્ણો વચ્ચે વાગ્વ્યાપારોચિત સંબન્ધ લેશ પણ નથી; વળી, ઝીણવટથી તપાસતાં पની ઉત્પત્તિનું મૂળ व અને म રૂપે રહેલા ઓષ્ઠ્ય તત્ત્વમાં છે. હાના આધારમાં સિ. હે. ૮-૨-૫૧ આદિ સૂત્રો રજૂ કરવામાં આવશે, જે મુજબ भस्मनुं भप्पा,

---

૯૮ शूरत्वन અને पुरुषत्वनના शूरातन, पुरुषातन થાયછે એ અપવાદ છે.

૯૯. विश्लेषથી, અને विश्लेषથી આવેલા त ના દ્વિત્વથી, જે રીતે पत्रकंनुं पत्तरउं (પ્રા.) અને पातरुं (ગુજ.) બને તે જ રીતે. छप्परपलंगमांનો छप्पर શબ્દ સરખાવવો લાભકારક છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

आत्मानुं अप्पा, कुड्मलनुं कुंपळ, रुक्मिणीनुं रुप्पिणी, भीष्मनुं भिप्फ અને श्लेष्मनुं सेफ બનેછે. આ વિરોધકો છાપરુંની વ્યુત્પત્તિ छत्वरकं (સં.)માંથી સાધેછે, छत्रकंमांथी નહિ.

પછી આવશે મિ. બીમ્સ (પુ. ૧, પૃ. ૩૨૯–૩૩૦); તેઓ હેવી દલીલ રજૂ કરેછે કે व ની પૂર્વે દન્ત્યવર્ણ આવતાં સબળ સંયોગ નીવડેછે, જેનું સ્વાભાવિક પારણામ એ આવેછે કે દન્ત્ય લુપ્ત થાયછે, પણ व ને પોતાની માફક અઘોષ બનાવવા પૂરતો સંસ્કાર મૂકતો જાયછે; આ રીતે. आत्मन्–अप्पामां म નો પ્રથમ व થાયછે પછી व નો ब બનેછે અને એ ब પૂર્વસ્થ त ની અસરથી અઘોષ થઈને प થાયછે.

છેલ્લે, ડૉ. સર રા. ગો. ભાંડારકર (વ્યાખ્યાનો; પૃ. ૧૯૩–૧૯૪ મે) હેવો મત દર્શાવેછે કે જ્હારે સંયોગના ઉત્તર અંગરૂપ व् નું ઉચ્ચારણ ભારયુક્ત હોયછે ત્હારે જો પૂર્વઅંગ અઘોષ હોય તો સંયોગને સ્થાને બેવડો વ્યંજન प्प આવેછે. ઉદારણ તરીકે તેઓ त्व, त्वन અને आत्मन् આપેછે (જેમાંના છેલ્લામાં त्म જઈને પ્રથમ त्व આવેછે).

આ સર્વે વિરુદ્ધદલીલોનો જવાબ વાળિયે. હું પ્રારંભમાં એક પ્રશ્ન પૂછીશ; જો प्प ની પ્રાપ્તિનું નિમિત્ત व કે म હોય, તો સંયોગનો પ્રથમ વર્ણ त હોય ત્હારે જ प કેમ આવેછે ? બીજો કોઈ અઘોષ વ્યંજન પૂર્વવર્તી હોય ત્હારે व કે म ને સ્થાને प કેમ નથી આવતો ? એટલે કે खट्वा નું खप्पा નહિ થતાં खट्टा શામાટે થાયછે ? पक्व નું पक्क થાયછે, શામાટે पप्प નથી થતું ? रुक्मिणी–रुप्पिणी હેમાં क्म નો प्प થાયછે એ કબૂલ કરુંછું. પણ એ ઉદાહરણ એકલું જ થઈ રહેછે.[૧૦૦] બીજું, સંયોગના અંગભૂત म અને व (म બીજા વર્ણ તરીકે અને व પ્હેલા કે બીજા વર્ણ તરીકે હોય ત્હારે) સર્વત્ર લુપ્ત થાયછે (अधोमनयाम्, सि. हे. ८–२–७८; सर्वत्र लवरामवन्द्रे, ८–२–७९); અર્થાત્ પ્રસ્તુત ઉદાહરણોમાં સર્વમાં त्म અને त्व જઈને પ્રથમ त्त જ રહેશે. તો પછી લુપ્ત થયેલા म અને व માં प–પ્રાપક શક્તિ ક્યહાં રહી ? મિ૦ બીમ્સ म અને व ના અવશ્ય થતા આ લોપના નિયમને લગભગ નકામો ગણેછે અને દન્ત્યને રવાના કરી દેછે; એ તો સ્વીકાર્ય ભાગ્યે જ ગણાય. દન્ત્યનો હાવો લોપ જાણ્યો

---

૧૦૦ હું આ શબ્દને એકલવાયું ઉદાહરણ કહું છું હેનું કારણ કે भस्म, भीष्म, અને श्लेष्मना પ્રસંગમાં म् સંયોગનું પ્રધાન અંગ થઈ રહેછે, ઉષ્માક્ષર (स કે ष् પ્રથમ ક્ષીણ થઈને ह બનેછે અને પછી ક્રમે ક્રમે નિર્બળ બનીને પ્રમાણમાં બહુ ગૌણ સ્થાને રહેછે; અને कुड्मलમાં પણ ઘોષવર્ણ ड् आत्मा વગેરેના અઘોષ त् કરતાં પ્રમાણમાં નિકૃષ્ટ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી. ત્રીજું, જો કદાચ હેવી દલીલ કરવામાં આવે કે લુપ્ત થયેલા મ અને વ જતાં જતાં કોઇક પ્રકારની ઓષ્ઠયત્વ–ઉત્પાદક અસર, એક પ્રકારનો સંસ્કાર, મૂકતા જાયછે, તો પછી જેમાં મ કે વ હોય જ નહિં ત્હેવા શબ્દોમાં–એટલે કે शुक्ति, कर्तयति, छत्रकं[१०१] એ શબ્દોમાં–प પ્રાપ્ત થવાનું કારણ શું દર્શાવવું ? ત્હારે જો આ શબ્દોમાં પ્રથમપ્રાપ્ત રૂપાન્તર त्त માંથી જ સ્પષ્ટ રીતે प्प ઉદ્ભવેછે, તો त्म અને त्व વાળા શબ્દોની બાબતમાં પણ એ જ વિકારહેતુ શામાટે વાસ્તવિક ન ઠરે ? અને, છેવટમાં, વસ્તુસ્થિતિ જ જોતાં એ જણાશે કે त्व વાળા શબ્દોમાં પણ प्प ની પ્રાપ્તિ બેશક त्त દ્વારા જ થાયછે, જેમ કે પ્રાકૃતમાં જ ध्वन પ્રથમ त्तण થાયછે, त्व પ્રથમ त्त થાયછે અને पण અને प રૂપાન્તરો ત્યહાર પછી આવેછે. અર્થાત્ त्त અને प्प વચ્ચે ઉત્ક્રાન્તિ-વિષયક સંબંધ છે હેનું આ સ્પષ્ટ પ્રમાણ છે; વર્ણોચ્ચાર દૃષ્ટિયે સગોત્રતા છે કે નથી એ હાલ તરત તો ગૂઢ પ્રશ્ન રહેશે.[૧૦૨]

ડૉ. ભાંડારકરના મત વિશે તો એટલું જ કહેવું બસ થશે કે હેમની

---

૧૦૧ छत्वरकं વિશે મ્હને શંકા છે કે એ તો ગમે તે પ્રકારે व આણવાનો જ પ્રયાસ છે. પણ, તેમ છતાં, छत्वरનું પ્રાકૃતમાં छत्तर થશે. અને એમ થતાં प्प તો છેવટ त्तનું જ રૂપાન્તર થશે. ઉપરાંત, छत्वर નો અર્થ છ (૧) ઘર, અને (૨) મંડપ; પણ છાપરું કે એ અર્થનું પ્રાપક કાંઈ પણ નહિં, જ્યહારે छत्रનો હાવો બંધબેસતો અર્થ થાયછે; વળી छत्वर શબ્દ પ્રમાણમાં અપ્રસિદ્ધ છે.

૧૦૨ તો પણ આ ગૂઢ પ્રશ્ન ઉકેલવાની ચાવીરૂપ એક તર્ક રજૂ થઈ સકે. अप्पा, सिप्पी એ પ્રકારના શબ્દોનું સ્વરૂપ દેશ્યરૂપો જેવું છે, જ્યહારે अत्ता, सुत्ती વગેરે કાં તો દેશ્ય શબ્દોનાં સંસ્કૃતાનુકારી રૂપો હોય, અથવા તો બંને પ્રકારો સંસ્કૃતમાં અને દેશ્યમાં બાજુ બાજુ ચાલ્યા આવતા હોય, અને એ ઘટનામાં त्त અને प्पનો સંબંધ આર્ય ભાષાઓના વિકાસમાં પ્રવર્તતા નિયમોથી જૂદા જ વર્ણોચ્ચાર નિયમોને અનુસરતો હોય.

त અને प, કોઈ કાળક્રમે, અન્યોન્ય વિનિમયક્ષમ હતા એ વાતનું ડૉ. ટેસિટોરીએ "Notes" ૨૫ (પૃ. ૧૬) માં કરેલ કથનથી સમર્થન થાયછે. હેમણે આપેલાં ઉદાહરણો આ રહ્યાં:—

૧. जगपेश्वर, જેનો સંબંધ એ जगतेश्वर (સં.) સાથે દર્શાવેછે; ખરું જોતાં जगदीश्वर
૨. जिपवउं, जितवउंમાંથી; સં. जित (जेतव्यं ?);
૩. तणउ, पणउ દ્વારા, અપ. अप्पणउમાંથી સં. आत्मनकः માંથી.
૪. पोतउ, आपोपउમાંથી, જે अप्पहुअप्पमांથી છે.

નં. ૩ ડૉ. ટેસિટોરીની પોતાની શોધ છે, પણ ઉપપન્ન જણાયછે; જો કે મૂળ સં. तननो ખુલાસો બાકી રહેછે,–એટલું વિઘ્ન નડેછે. નં. ૪ વિશે–હું पोतने आत्मत्व–अप्पत्तु–पत्तु–पोत्तु હેમાંથી વ્યુત્પન્ન કરું છું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમક્ષ ઉદાહરણપ્રકારો અલ્પમાત્ર હતા; त्वन, त्व અને आत्मन्, छत्र, कर्तयति, शुक्ति,[૧૦૩] જેવા શબ્દો હેમના મનમાં ઉપસ્થિત ન્હોતા થયા એ સ્પષ્ટ છે. એથી જ હેમણે એકદેશીય સિદ્ધાન્ત રચ્યોછે. મ્હને એમ ભાસેછે.

### उत्सर्ग ७

### च, छ, ज, झનો પ્રાકૃત ઉચ્ચાર

ચ, છ, જ, ઝનો પ્રાકૃત ઉચ્ચાર. કેટલીક ભાષાઓમાં હેનો પ્રચાર.

આ તત્ત્વ ગુજરાતી અને મરાઠીમાં સમાનછે, હિંદીમાં નહિં. બંગાળીમાં પણ શિષ્ટ વર્ગોથી બોલાતી ભાષામાં તો આ વર્ણોના પ્રાકૃત ઉચ્ચાર નથી, પરંતુ હેમાં પ્રાકૃત ઉચ્ચાર છે ખરો. (બીમ્સ, ૧, ૭૧–૭૨ જુવો). મારવાડી છેક રહામે છેડે જઈ બેસેછે અને चનો ઉચ્ચાર લગભગ स જેવો કરેછે. એ વિશે વિશેષ આગળ ઉપર. હાલ તરત, પ્રથમ આ વિશિષ્ટ ઉચ્ચારનું સ્વરૂપ તપાસીને, ગુજરાતી પરત્વે એ ઉચ્ચારનો પ્રચારવિષય નિશ્ચિત કરિયે.

સંસ્કૃત અને પ્રાકૃત ઉચ્ચારની સ્વરૂપતુલના; આદ્યનું શુદ્ધતાલવ્ય અને બીજાનું દન્તતાલવ્ય કે અર્ધતાલવ્ય હેવાં નામો. બીમ્સે કરેલું પૃથક્કરણ; શુદ્ધતાલવ્યમાં દન્ત્ય અને ઉષ્મા તત્ત્વોનો સંવિલય; અર્ધતાલવ્યમાં એ તત્ત્વોની વ્યક્તતા.

સંસ્કૃતમાં च વર્ગનું સ્થાન તાલુ છે; અર્થાત્ જીભ તાલુને, અથવા ખરું જોતાં દાંતની તરફના તાલુભાગને, અડકેછે. એથી ભિન્ન પ્રાકૃત ઉચ્ચાર કરવામાં જીભ ત્હાંથી જરા નીચે અડકેછે, અને એ સ્પર્શ ઓછેરો છે, એટલે ઉચ્ચારણમાં એક પ્રકારનો सकारનો અંશ આવેછે. મિ૰ બીમ્સ હેને અસમીકૃત (અસંહત) તાલવ્યો કહેછે, કારણ કે "જ્યહારે આર્યભાષામાં તાલવ્યોના અંગભૂત દન્ત્ય અને ઉષ્મા તત્ત્વો એક ઉચ્ચારરૂપે હેવાં સંહત બનેછે કે એ તત્ત્વો ભિન્નરૂપે અલક્ષિત રહેછે, ત્હારે તુરાનિયન વર્ગમાં એ તત્ત્વો છેવટ સુધી વ્યક્ત રહેછે." (પુ. ૧, પૃ. ૭૨) આ પૃથક્ક્રિયામાં ઠીક સત્ય રહેલુંછે. પૂર્વે હું આ પ્રાકૃત ઉચ્ચારને दन्ततालव्य કહેતો.[૧૦૪]

---

૧૦૩. હેમચન્દ્રે शुक्ति શબ્દને ગોણકક્ષાના એક સૂત્રમાં મૂકયોછે; એ સૂત્રમાં હેણે શબ્દોના અને આદેશોના એક પ્રકીર્ણ જાથમાં शुक्ति શબ્દને સિદ્ધરૂપ આદેશ તરીકે આપ્યોછે. પરંતુ સમગ્ર પ્રશ્ન વિચારતાં જણાયછે કે त्तમાંથી प्प ઉદ્‌ભવેછે એટલે शुक्ति શબ્દને त्तનો प्प થતો દર્શાવતી એકરૂપ નિયમવ્યવસ્થામાં સ્થાન આપવું ન્યાય્ય છે.

૧૦૪. સર ગ્રિયર્સન આ ઉચ્ચારને *dento-palatal* કહેછે એ મ્હેં હમણાં જાણ્યું. (હેમનો Prakrit Palatals—प्राकृततालव्यो–વિશેનો લેખ જુવો, જ. રૉ. એ. સો. ૧૯૧૩ ઇ. સ. પૃ. ૩૯૧ મું અને તે પછીનાં.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ ઉપર કહેલો અધુરો સ્પર્શ જણાવવાને હેને અર્ધતાલવ્ય કહેવો વધારે યોગ્ય છે. મ્હેં હેને પ્રાકૃત ઉચ્ચાર પણ કહ્યોછે, કારણ કે પાછળનાં એક વ્યાખ્યાનમાં કહ્યુંછે તેમ આ વિશિષ્ટ ઉચ્ચાર સંસ્કૃતને અપરિચિત છે અને માત્ર પાલીને અને પ્રાકૃતોને જ પરિચિતછે.[૧૦૫] પ્રાકૃતોમાં એ ઉચ્ચાર શી રીતે પ્રાપ્ત થયો એ અલગ ચર્ચાનો વિષયછે. એક શક્ય લાગતું ઉત્પત્તિદર્શન હું સૂચવી ગયોછું અને તરતમાં જ મ્હારે આ પ્રશ્નની વિશેષ ચર્ચા કરવી પડશે. પણ

ગુજરાતીમાં આ ઉચ્ચારની આધુનિક પ્રદેશ વ્યવસ્થા

ગુજરાતીની જ વાત કરિયે તો, આધુનિક સમયમાં આ ઉચ્ચારની પ્રદેશવ્યવસ્થાનો નિર્ણય સુલક્ષિતછે. સુરત અને ભરુચ જીલ્લામાં પ્રાકૃત ઉચ્ચાર તદ્દન અપરિચિત છે એમ કહિયે તો ચાલે. ગામડિયાઓ પણ આ અક્ષરોનો સંસ્કૃત ઉચ્ચાર–શુદ્ધતાલવ્ય ઉચ્ચાર–કરેછે. ગુજરાતના બીજા બધા ભાગમાં અર્થાત્ અમદાવાદ, ખેડા અને પંચમહાલ જીલ્લાઓમાં, મહી નદીની દક્ષિણે વડોદરાના મુલકમાં, ઉત્તર ગુજરાતમાં અને કાઠિયાવાડના કેટલાક ભાગોમાં,

પ્રાકૃત અને સંસ્કૃત ઉચ્ચારના નિર્ણાયક નિયમો

ટુંકામાં કહિયે તો ગુજરાતના મ્હોટા ભાગમાં ઉચ્ચાર કોઇવારસંસ્કૃત અને કોઇવાર પ્રાકૃત કરાયછે; ઉચ્ચારમાં થતો આ ફેરફાર કેટલાક સુલક્ષિત નિયમોને અનુસરેછે. એ નિયમો નીચે પ્રમાણેઃ—

(અ) સઘળા તત્સમ શબ્દોમાં, જ્યહાં જ્યહાં च, छ, ज, झ અક્ષરો આવે ત્યહાં ત્યહાં, ઉચ્ચાર શુદ્ધતાલવ્ય એટલે સંસ્કૃત છે.

(આ) સઘળા तद्भव અને देश्य શબ્દોમાં અર્ધતાલવ્ય એટલે પ્રાકૃત ઉચ્ચાર થાયછે;–પરંતુ જો

(૧) એ વર્ણો इ, ए ऐ, યથી યુક્ત હોય;

કે (૨) મૂળ સંસ્કૃત યના રૂપાન્તરભૂત ज અને झ હોય;

તો ઉચ્ચાર શુદ્ધતાલવ્ય થાયછે.

---

૧૦૫. પાછળ વ્યાખ્યાન ૧, પૃ. ૮ જુવો.

ગ્રીકલોકના બોલવામાં चन्द्रगुप्तनुं संड्रोकोट्टोस् બની ગયું હતું, च નો स થયો હતો, એ વાતથી જણાયછે કે છેક ઇ. સ. પૂર્વે ૩૨૨ જેટલા પ્રાચીનકાળમાં એ વિશેષનામના च નો હિંદુસ્તાનમાં પ્રાકૃત ઉચ્ચાર થતો હતો. એ સમયે પાલી ભાષા બોલાતી હતી (એ સમયે પાલી પ્રચલિતભાષા હતી એ વિષયે ડૉ. ભાંડારકરનાં વ્યાખ્યાનો પૃ. ૩૦૨ જુવો). લગભગ નવ સૈકાઓ પછી ગુજરાતી અને મારવાડીમાં ગુર્જરોદ્વારા જે મોંગલ સંસ્કાર આવ્યો હતો એથી સ્વતન્ત્ર રીતે બંગાળા અને બિહારમાં મોંગલ સંસ્કાર આવેલો આ હકીકતથી જણાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(સૂચના— (૨) માં કહેલો य કાં તો સાદો य હોય અથવા તો द्य, र्य, ष्य કે ध्य જેવા સંયોગમાં રહ્યો હોય. [૧૦૬] )

(इ) અંગ્રેજી, ફારસી અને હેવી અન્ય વિદેશીય ભાષાઓમાંથી આવેલા શબ્દોમાંના તાલવ્યો શુદ્ધતાલવ્ય બોલાયછે; (એ તાલવ્યો પોતેજ અંગ્રેજી z જેવા વિદેશીય ઉચ્ચારોમાંથી આવ્યા હોય તો જૂદી વાત છે.)

ઉદાહરણો:—

(अ) उच्चार, विचार; वाञ्छना, छत्र; जन; झंझावात; ઇત્યાદિ.

(आ) વ્યાપક નિયમ:—

चरवुं, चारो, चादर, चूकाववुं, चूनो, चूकवुं, चोर, चोटलो, चौंक, चौटुं ઇત્યાદિ; छकडो, छ, छत्य, छानुं, छाश, छाछर, छुट्टुं, छूटुं, छोकरो, छोड, छोडियुं ઇત્યાદિ; जख, जण, जाणवुं, जाडुं, जुदुं, जुठुं, जूठुं, जोर, जोवुं, जोखवुं, जौंम ઇત્યાદિ; झट, झगडो, झाड, झाडी, झाझुं, झांझर, झुरवुं, झूझवुं, झोळी, झौंड ઇત્યાદિ.

અપવાદો-(आ)-(१)

चीलो, चीकणुं, चेवट, चेलो, चॅळ (=ખુજલી), चॅन, चैतर; ઇત્યાદિ.

छींक, छीडुं, छी, छेडो, छॅल; ઇત્યાદિ.

जीतवुं, जीवडुं, जेटलुं, जॅम; ઇત્યાદિ.

झीणुं, झॅर; ઇત્યાદિ.

वांच्य, पूछय, तज्य, वींझ्य; ઇત્યાદિ.

(आ)-(२)

---

૧૦૬ આ સંયોગોના તૈયાર આદેશો અનુક્રમે ज्ज, ज्ज, ज्ज અને ज्झ છે. પણ યથાર્થ પૃથક્કરણ કરતાં જણાશે કે-द्य, र्य અને ष्य પ્રકારોમાં, સંયોગના અમુક વર્ણો લુપ્ત થવાના વ્યાપક નિયમ ( सि. हे. ८-२-७७, ७८, અને ७९ ) અનુસાર, પ્રથમ द्, र् અને य् લુપ્ત થાયછે. ध्यनी બાબતમાં વાગ્વ્યાપારગત વિકારક્રમ એ છે કે ध् માંનો ह् વિચ્છેદ પામીને य्नी સાથે જોડાયછે; એટલે ध्यने સ્થાને द्+य्+ह थायછે. પછી द् લુપ્ત થાયછે, અવશેષ यह રહેછે, य् નો ज् બનેછે અને ह्, ज्नी સાથે સર્વાંશે संकीर्ण થઇને, ज् ને મહાપ્રાણ બનાવેછે એટલે झ् પ્રાપ્ત થાયછે. આ ઘટનામાં અપવાદરૂપ અંશ એટલોજ છે કે પ્રાકૃતમાં આદ્ય य् નો ज् થાયછે, પણ અહિં य् અનાદ્ય છે.

આ એક વ્યુત્પત્તિદર્શન થયું. પણ द्य અને ध्यના વિષયમાં તો એથી સારું વ્યુત્પત્તિદર્શન શક્ય છે, તે એ કે य (પોતે તાલવ્ય હોઇને) દન્ત્યવર્ણોને તાલવ્ય બનાવે છે; જેથી त्यनो च्च थायછે. (सत्य-सच्चं), थ्यनो च्छ (पथ्य-पच्छ), द्यनो ज्ज (अद्य-अज्ज), અને ध्यनो ज्झ थायછે ( वध्य-वज्झ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

य–जस (સં. यशः માંથી), जात्रा (સં. यात्रा), जाग (સં. याग), जुग (સં. युग), जगन (સં. यज्ञ), जोग (સં. योग), जोजन (સં. योजन), जोवन (સં. यौवन), जोद्धो (સં. योध અથવા योद्धा); ઇત્યાદિ.

द्य–जुगटुं, जुगार, जुगारी, (સં. द्यूतकक्कं, द्यूतकार्यं, द्यूतकारः);

र्य–काज (સં. कार्य, પ્રા. कज्ज);

य्य–सेज (સં. शय्या, પ્રા. सेज्जा);

ध्य–सांझ (સં. संध्या, પ્રા. संझा), माझम[१०७] (સં. मध्यम, પ્રા. मज्झिम); [સંસ્કૃત ઉચ્ચારનું કારણ કદાચ ज्झ માંનો इ હોય.]

[१०८] वंझा, वांझणी (સં. वन्ध्या, પ્રા. वंझा)

[અહિં, य નો ज થાયછે તોપણ, य નું शुद्धतालव्य તત્ત્વ સંસ્કાર રૂપે પાછળ રહેછે,–જેમ કેટલીક મિશ્ર ઉત્પત્તિવાળી જ્ઞાતિયોની નસોમાં આર્ય રુધિર વહેછે તેમ.

(इ) चोव, चोवदार, जज्ज, जादू, जंगल ઇત્યાદિ.

પણ नज़र, सज़ा, अज़माश હેમાં, મૂળગત ૪–જેવા ઉચ્ચારને પરિણામે, પ્રાકૃત ઉચ્ચાર છે.

*કેટલાક અપવાદો; કેટલાક પ્રકારોનું શક્ય લાગતું કારણ*

હાવા વિશાળ અને અટપટા उत्सर्गને અપવાદો અવશ્ય હોય, જેમાંના કેટલાકનું કારણ વિદિત હોય અને કેટલાકનું કારણ, આપણા જ્ઞાનની અત્યારની દશામાં, અવિદિત હોય. એ અપવાદો જોઇયેઃ–

(૧) छैयो–छ् સાથે ए છે છતાં અહિં ઉચ્ચાર પ્રાકૃત છે.

(૨) जू, जव, जम; સં. यના રૂપાન્તરથી ज આવ્યોછે તોપણ આ શબ્દોમાં હેનો પ્રાકૃત ઉચ્ચાર થાયછે.

(૩) आज (अद्य), आजो (आर्यમાંથી), छाद्य, छाजली (छाद्यમાંથી), खीजे (પ્રા. खिज्जइ, સં. खिद्यतेમાંથી), એ શબ્દોમાં द्य–र्यનું રૂપાન્તર છતાં, ज પ્રાકૃત ઉચ્ચાર પામેછે.

(૪) चकलुं, चकली, चगडोळ (સં. चक्रदोला), चार (સંખ્યા), चकवो (સં. चक्रवाकः), चोवीस; जमवुं, जणवुं, जमणुं, जग, जगत; बच्चुं, कच्चुं, काचलुं,

१०७ रूप अनुपम कोमळ जांत्य, काळी अंधारी माझम रात्य.

(શામળભટ્ટકૃત नन्दबत्रीशी પં. ૮૪).

१०८ दमयन्तीनी जंघा देखी केळ रही काकवंझा.

(પ્રેમાનન્દકૃત नळाख्यान, ४, वलण.)



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

काचली, कचकडुं, काचवो; छोतरुं, छुंछूं ( =ઘસાયેલી પીછી ), छूं छां ( =મન્ત્રોચ્ચાર ); वजन; ઇત્યાદિ.

આ બધા तद्भव છે, હેમાં इ, ए, કે ऐ હેવું ઉચ્ચારવિકારક તત્ત્વ નથી; वजनના મૂળ ફારસીમાં z–જેવો ઉચ્ચાર છે; છતાં આ બધા શબ્દોમાં શુદ્ધતાલવ્ય ઉચ્ચાર થાયછે.

[ जमवुंના શુદ્ધતાલવ્યનું કારણ એ દર્શાવાય કે મૂળ सं. जिम् છે એટલે इની અસર जम् રૂપાન્તરમાં ગૂઢ સંસ્કારરૂપે રહી હશે; તે જ મુજબ जेमणयं દેશ્ય છે હેમાંથી जमणुं નીકળેલછે માટે, જો મૂળ શબ્દમાં શુદ્ધતાલવ્ય હતો એ માની લઇયે તો, જેના एने લીધે એ ઉચ્ચાર જળવાયો હશે. चारમાં શુદ્ધતાલવ્ય ઉચ્ચારનું મૂળ જૂના વખતમાં इवाળા એકાદ રૂપમાં ખોળવું પડશેઃ च्यारि√चियारि√चयारि√चत्वारि ( सं. ].

(૧), (૨) અને (૩) પ્રકારોમાં પ્રાકૃત ઉચ્ચાર અર્પનારી જે વિદેશીય અસર ઉત્કટપણે પ્રવર્તી હશે તે અત્યારે કાંઇક કારણે અલક્ષ્ય છે; કદાચ મરાઠી શબ્દોની બાબતમાં મિ૦ બીમ્સ સૂચવેછે તે પ્રમાણે આ શબ્દો પ્રાચીન तद्भवो હશે.[૧૦૯]

**પ્રાકૃત ઉચ્ચારનું કારણ વિદેશીય અસર; એ સિદ્ધાન્તનું વિશેષ વિકાસન.**

પ્રાચીનતર પ્રાકૃતોમાં પણ च, छ, ज, झને આ સકાર જેવો ઉચ્ચાર અર્પનારી વિદેશીય અસર વિશે એક સૂચના મ્હારા પ્રથમ વ્યાખ્યાનમાં રજૂ કરીછે ( પાછળ પૃ. ૮ ). હવે આપણે આ અસરનું મૂળ શું હોઇ સકે એ વિષયની વિશેષ પરીક્ષા નિપુણતાથી કરિયે. પરિસ્થિતિનું નિરૂપણ કરિયે. च्, छ्, ज्, झ्नो સકારયુક્ત ઉચ્ચાર ગુજરાતીમાં છે એ નિઃશંક છે. મરાઠીમાં પણ એ ઉચ્ચાર છે, પણ સકારતત્ત્વ વિશેષ છે. સકારયુક્ત ઉચ્ચારને સકારરહિત બનાવનારા સંયોગો ગુજરાતીમાં છે તે જ મરાઠીમાં છે એમ કહિયે તો ચાલે. મિ૦ બીમ્સે સંક્ષેપમાં નિયમ આપ્યોછે તે પ્રમાણે, "तत्सम અને અર્વાચીન तद्भव શબ્દોમાં, અને તાલવ્યસ્વરો इ, ई, ए અને ऐ પૂર્વે, च તે ch ( શુદ્ધ च ) અને ज j (शुद्ध ज) છે; પણ

૧૦૯. અવધારણાર્થક નિપાત जनो પ્રાકૃત ઉચ્ચાર થાયછે અને એ વાતના ખરાપણાની એક અસંદિગ્ધ કસોટી છે. हा ज तो (=હા, ચોક્કસ) એ વાતચિતના ઉતાવળિયા ઉચ્ચારમાં हास्तो બનેછે. અહિં जनो स् થાયછે એ સકારપ્રધાન પ્રાકૃત ઉચ્ચારનું સાક્ષ્ય પૂરેછે. આ जनो સંસ્કૃત ઉચ્ચાર કરનારા જે ઘણા થોડા પુરુષો છે તેઓ हा ज तोનો સંક્ષિપ્ત ઉચ્ચાર हायतो કરેછે, અને વાગ્વ્યાપારદૃષ્ટિયે વિચારતાં એ તદ્દન સ્વાભાવિક છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બહુ પ્રાચીન तद्भवोમાં, દેશજ શબ્દોમાં, અને બીજા સ્વરો પૂર્વે, च નો ts (त्स) અને ज નો dz (द्ज़) ઉચ્ચાર થાયછે." (પુ. ૧, પૃ. ૭૨). પ્રાચીન અને અર્વાચીન तद्भवोવાળી વર્ગવ્યવસ્થામાં મ્હેં આપેલા च, ब, चैं, च्य વગેરેનાં રૂપાન્તરો વિશેના વર્ગીકરણનો સમાવેશ થઇ જશે એમ જણાયછે. આ વિશિષ્ટલક્ષણ (એટલે અમુક સંયોગોમાં સકારયુક્ત ઉચ્ચારોને સકારરહિત બનાવવાની ખાસિયત) મરાઠી ઉપરાંત બીજી કોઇ સમાનપ્રભવ ભાષામાં નથી હેવો મિ૦ બીમ્સનો મત છે. મ્હને લાગેછે કે ગુજરાતીનું હેમને તદ્દન વિસ્મરણ થયુંછે, કારણ કે ઉપર દર્શાવ્યુંછે તેમ એ પણ એ જ નિયમોને અનુસરેછે. પ્રોફેસર સ્ટેન કૉનોવ્ આથી જ ભ્રમમાં પડ્યા હશે? કારણ કે

ડૉ. સ્ટેન કૉનોવ્ના મતની પરીક્ષા;-હેમની ભૂલ

હેમણે હેવો નિર્ણય બાંધ્યોછે કે વલભી સંવત્‌ના ત્રીજા સૈકામાં સૌરાષ્ટ્રની (=કાઠિયાવાડની) ભાષા ગુજરાતની ભાષાથી ભિન્ન હતી—એક મહારાષ્ટ્રી, અર્વાચીન મરાઠીની જનેતા, અને બીજી શૌરસેની, અર્વાચીન ગુજરાતીની જનેતા; અને હેમના આ મતનો આધાર એ છે કે વલભી સંવત્ ૨૧૦ ના (-ઈ. સ. ૫૩૦ ના) પાલીતાણામાં મળેલા વલભી તામ્રપત્રમાં ज्यावाल જેવા શબ્દોમાં ज ને સ્થાને ज्य લખ્યોછે,[૧૧૦] અને dz (द्ज़) ઉચ્ચારથી ભિન્ન શુદ્ધ તાલવ્ય ઉચ્ચાર દર્શાવવા માટે ज्य લખવાનો આ રિવાજ અર્વાચીન મરાઠીમાં જોવામાં આવેછે. હાલના મરાઠી લોક, સાધારણતઃ અશિષ્ટ વર્ગના લોક, એ ભાષામાં પ્રધાનપણે વપરાતા પ્રાકૃત ઉચ્ચારથી ભિન્નરૂપે સંસ્કૃત ઉચ્ચારને દર્શાવવાને च જેવા તાલવ્યમાં य ઉમેરેછે, विचार ને બદલે विच्यार એમ લખેછે, એ વાત મ્હારી જાણમાં છે. પરંતુ મરાઠીની માફક અર્વાચીન ગુજરાતીમાં પણ પ્રાકૃત ઉચ્ચાર છે એ વાતનું પ્રો. સ્ટેન કૉનોવ્‌ને સ્મરણ રહ્યું હોત તો આટલા બલહીન પ્રમાણને આધારે પૂર્વોક્ત નિર્ણય બાંધવાની ઉતાવળ તેઓ ન કરત. એ પછીના સમયના લિખિત પ્રમાણની અપેક્ષા રહી હોય તો પ્રો. સ્ટેન્ કૉનોવે માત્ર वसन्तविलास ( વિ. સં. ૧૫૦૮ ) કડી ૨૪ મી જોવી

---

૧૧૦. હેમનો લેખ જુવો, Epigraphia Indica, પુ. ૧૧ મું. પૃ. ૧૦૫.

શાસનપત્ર તો સંસ્કૃતમાં લખાયેલછે. પરંતુ સંસ્કૃત ભાષા ઈ. સ. ના છઠ્ઠા સૈકા પ્હેલાં નિત્યપ્રચારમાંથી લુપ્ત થઇ હતી એટલે સ્પષ્ટ છે કે આ શાસનમાં સંસ્કૃતનો પ્રયોગ પરંપરાગત રૂઢિને અનુસરવાના રિવાજનું જ પરિણામ હતો. પરંતુ, સંસ્કૃત પ્રબન્ધમાં પણ ज ને ज्य લખ્યોછે એ હકીકત (સંસ્કૃતમાં માત્ર શુદ્ધ તાલવ્ય ઉચ્ચાર જ હતો તેથી) હેવું સૂચવે છે કે પ્રાકૃતના દન્તતાલવ્યથી શુદ્ધ તાલવ્યને ભિન્નરૂપે દર્શાવવાની આ પદ્ધતિ છેક ઈ. સ. ના છઠ્ઠા સૈકા જેટલી પુરાણી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતી, એટલે હેમને માલુમ પડત કે વિચારીમાંના ચનો સંસ્કૃત ઉચ્ચાર સ્પષ્ટ કરવાને विचारि ને विच्यारि (च्+य) એ રૂપે લખેલ છે, જે વસ્તુસ્થિતિ અવશ્ય સૂચવેછે કે એ દિવસોમાં પણ ચનો પ્રાકૃત ઉચ્ચાર વ્યાપક હતો.[૧૧૧]

આટલું પ્રસંગવશાત્ કહ્યું. બીજી આધુનિક ભાષાઓ પૈકી પંજાબીમાં કેટલાક શબ્દોમાં પ્રાકૃત ઉચ્ચાર જેવું કાંઈક છે, અને બંગાળીમાં પણ એ ઉચ્ચાર છે. (બીમ્સ, પુ. ૧, પૃ. ૭૧, ૭૨). મારવાડીમાં સકારતત્ત્વ એટલું ઉત્કટ બનેછે કે દન્તતાલવ્ય च લગભગ स જેવો સંભળાયછે; चत्रभुजर्रा मंदरને સ્થાને सत्रभुजर्रा मंदर સંભળાય, चमना राज़ाजीને બદલે समना राज़ाजी સંભળાય–ઇત્યાદિ. હિન્દી[૧૧૨] અને સિન્ધી અલિપ્ત રહેછે અને શુદ્ધ સંસ્કૃત ઉચ્ચાર જાળવી રાખેછે. હવે માતૃભાષા સંસ્કૃતમાં હતો જ નહિ હેવા આ વિલક્ષણ ઉચ્ચારનું મૂળ ક્યહાં હશે? આપણે હિંદુસ્તાનની સરહદપર બે સ્હામસ્હામે છેડે નજર નાંખવી પડશે. કાશ્મીરીમાં त्सुर=ચોર જેવા શબ્દોમાં આ વિચિત્ર ઉચ્ચાર त्स છે; આ त्सुर શબ્દ દેખીતો चौर-

---

૧૧૧. વિશેષ ઉદાહરણો માટે નીચે જણાવેલા ગ્રન્થો જુવોઃ—

विमलप्रवन्ध, ૧, ૩૯, ૪૦, ૪૧, (च्यारि, च्यार; બંનેનો અર્થ 'ચાર'),
૪૬, (च्यालीस,) ૮૫ (च्यारि=ચાર; विचारि=વિચારે; એ બે સ્હામસ્હામા પ્રયોગ વિચારવા);
२, ३, (च्यारि);
६, ८७, (च्यारि);

ભાલણકૃત कादम्बरी, પૃ. ૭૮, પં. ૧૫ (च्यारि=ચાર); પૃ. ૧૩૨, પં. ૭ (विच्यारि=બે ચાર, થોડા; મૂળ સંસ્કૃત ગ્રન્થમાં कतिपय છે);

वेतालपंचवीशी (ગદ્ય) પૃ. ૧૭૫ (રા. જગજીવન દયાળદાસ મોદીવાળી આવૃત્તિ) च्यार, च्यारि;

माधवानल–कामकलादोधक–प्रवन्ध, (વિ. સં. ૧૫૭૪), પં. ૧૮૪ (चियार=ચાર); ન્યાય સુંદર કૃત विद्याविलासचरित्र, વિ. સં. ૧૫૧૬, (ડૉ. ટેસિટોરીની "Notes;" Selected Specimens, પૃ. ૧૦૦ મું જુવો), च्यारत्व શ્લો. ૧૮, ૧૯.
હીરાનન્દ સૂરિકૃત विद्याविलासचरित्र (વિ. સં. ૧૪૮૫) શ્લો. ૫, च्यारि, ડૉ. ટેસિટોરીની "Notes' માં પૃ. ૧૦૦ મે આપેલ ટાંચણ; એથી વિરુદ્ધ ઉચ્ચાર માટે આગલા ગ્રન્થમાં चउथउ (તેમજ આ બીજા ગ્રન્થમાં શ્લો. ૭ મા માં चउथउ) જુવો; આ ઉચ્ચારવિરોધનું પ્રતિબિંબ હાલની ગુજરાતીમાં પણ પડ્યુંછે કારણ કે હેમાં ચારમાં સંસ્કૃત ઉચ્ચારછે, પણ ચોથુંમાં પ્રાકૃત ઉચ્ચારછે.

૧૧૨. હિંદી અને સિન્ધી આ વિદેશીય અસરથી બચવા પામી એ ઘટના આશ્ચર્યજનક છે. હેનું કારણ એમ હશે કે એ બંને ભાષાઓ ઉપર, જો કે ઘણે મોડે સમયે, ફારસીની અસર પડી હશે? ફારસીમાં આ સકારમિશ્ર ઉચ્ચાર નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માંથી આવ્યોછે અને ચનું રૂપાન્તર થઈને આ વિચિત્ર ઉચ્ચાર ઉદ્દ્ભવ્યોછે એ સ્પષ્ટ છે.[૧૧૩] સ્વરચિત કાશ્મીરી ભાષાના લઘુગ્રન્થ (Manual)ની પ્રસ્તાવનામાં સર જ્યૉર્જ ગ્રીઅર્સન જણાવેછે કે તરતમાં જ મધ્ય એશિયામાં હાથ લાગેલા કેટલાક પ્રાચીન લેખો જે ભાષાઓમાં લખાયલાછે તે હજી ઉકેલી સકાઈ નથી અને એ ભાષાઓ ઉકેલવાનું સાધન કદાચ પિશાચ ભાષાઓમાં પ્રાપ્ત થશે-જે પિશાચભાષાઓ પૈકી એકલી કાસ્મીરી ભાષામાં જ સાહિત્ય ઉત્પન્ન થયેલુંછે. બે. એક વર્ષ પૂર્વે (ઇ. સ. ૧૯૧૩માં) મ્હેં કેટલાક ભૂતિયાઓને બોલતા દાર્જીલિંગમાં સાંભળ્યા હતા, તેઓ ચનો ઉચ્ચાર ત્સ બહુ ઉત્કટરૂપે કરતા હતા. હિંદુસ્તાનની પૂર્વ, અથવા વસ્તુતઃ દક્ષિણપૂર્વ, સીમાએ બ્રહ્મદેશીઓ चन्द्र, चन्दाने संदा કહેછે. એડ્વિન આર્નોલ્ડે "Light of Asia" માં (પુ. ૬, પૃ. ૧૭૨ મે) વાપરેલો सक्वाल શબ્દ चक्रवाल માંથી છે-પાલી चक्कवाल એટલે "a world, a sphere, of a peculiar description"-"લોક, મંડળ, હેનો અમુક વિશિષ્ટ પ્રકાર;" અને આ શબ્દનું સિંહલીરૂપ सक्वाल છે એમ જણાયછે (પ્રોફેસર ચાઈલ્ડરકૃત પાલી શબ્દકોશ-चक्कवाल જુવો).[૧૧૪]

૧૧૩. સર જ્યૉર્જ ગ્રીઅર્સન કૃત Manual of Kâshmîrî Language, પુ. ૧, પૃ. ૭૪, પૅરા ૨ જુવો. ત્ય્હાં તેઓ કહેછેઃ-"આ વર્ણ, હેનું સ્વરૂપ દર્શાવેછે તેમ, 'Catsup'માંના અંગ્રેજી ts માફક ઉચ્ચારાયછે."

૧૧૪. વિશેષનામ चन्द्रगुप्तनुं ગ્રીકોએ કરેલું રૂપાન્તર संद्रकोट्टोस એ સમયે પાલી કે પ્રાકૃતમાં च ના स-મિશ્ર ઉચ્ચારનું સૂચક છે. આ વાત એક વિશેષ બહુ ઉપયોગી પુરાવો પૂરો પાડેછે. चन्दन (સં.) ના च નો (ફા.) सन्दलમાં स થયો એ પણ એટલું જ સૂચક છે. હેનો અર્થ એ કે એ ફારસી શબ્દ પ્રાકૃત (चंदण) દ્વારા ઉદ્દ્ભવ્યો અને હેમાંનો स પ્રાકૃતમાં થતા च ના स-મિશ્ર ઉચ્ચારમાંથી પ્રાપ્ત થયો.

આ દન્તતાલવ્ય ઉચ્ચારને ચન્દ્રગુપ્તના સમયથી પણ આગળ લઇ જનારું એક તર્કપ્રધાન ઉત્પત્તિદર્શન સૂચવવાનું મન થાયછે. હેનો આધાર झन्द અને छन्दस् (વેદ) શબ્દો વચ્ચે શકય ભાસતા સંબન્ધ ઉપરછે. હેવો સંબન્ધ વસ્તુસિદ્ધ હોય, તો छ નો झ થવાનું કારણ એ જ કે छ નો દન્તતાલવ્યઉચ્ચારદ્વારા स થયો અને હેમાંથી झ થયો; (પછી શુદ્ધતાલવ્ય छ નો તાલવ્ય श અને એ श નો દન્ત્ય स થયો હોય તો જુદી વાત છે.) પરંતુ એક અવસ્તાના પંડિતને પૂછતાં જણાયછે કે (૧) झन्द ની વ્યુત્પત્તિ झन्= જાણવું હેમાંથી આવેલા आझैन्ति-झैन्ति (=ટીકા) શબ્દમાંથી દર્શાવવાનો રૂઢપ્રચાર છે. (पाझन्द એટલે ટીકાની ટીકા, મૂળરૂપ उपाझैन्ति હતું); (૨) સં. छ નો અવસ્તામાં स्व થાય (જેમકે छिद् સં.- स्विद् અવ.); (૩) આ મતને પ્રોફેસર હૉગનો આધારછે. પછી મ્હેં મૅક્સ મૂલરકૃત Science of Language (ભાષાશાસ્ત્ર) લઈને જોયું તો પુ. ૧, પૃ. ૨૩૭, નોટ ૩૬ માં હેમણે એ જ મત સ્વીકારેલો જોયો (એટલે કે झन्द એ झैन्ति (=જ્ઞાન)નું વિકૃતરૂપ છે, સં. ज्ञाति=आझैन्ति અવ.) પણ મ્હને જણાયું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રાકૃત ઉચ્ચાર મોંગલ અસરનું પરિણામ હોવાનો સંભવ.

આ બધા અસ્તવ્યસ્ત અવશેષોને એકત્ર કરિયે તો હેવો તર્ક ન થઈ સકે કે તાલવ્યોના અર્ધતાલવ્ય ઉચ્ચારનું મૂળ મધ્ય એશિયા અને હેની સમીપના દેશો દ્વારા આવેલી મોંગલ અસરમાં હશે? મિ૦ બીમ્સ જણાવેછે કે એક દિશામાં ટિબેટી અને અન્ય દિશામાં દ્રાવિડોમાં તેલુગુ તાલવ્યના આ स-મિશ્ર ઉચ્ચારને જાળવી રાખેછે; અને અનુમાન કરેછે કે "તેલુગુ અને બીજી અનાર્ય ભાષાઓના સાન્નિધ્યને લીધે મરાઠીએ કંઈક અંશે તેઓની અસર પ્રાપ્ત કરી હોય એમ માનવું સ્વાભાવિક છે, અને તાલવ્યોનો આ ઉચ્ચાર એ અસરનું જ ઉદાહરણ હોય એ સંભવેછે." (પુ. ૧, પૃ. ૭૨). મ્હારે અહિં કહેવું પડશે કે માત્ર ભૌગોલિક સાન્નિધ્યની ભાષા ઉપર હાવી અસર થાય હેવો નિયમ નથી. હાવી અસરને ઉચિત અવકાશ મળવા માટે સમીપવાસી પ્રજાઓ વચ્ચે, કે પછી દૂર દેશના આગન્તુક લોક અને દેશગત લોક વચ્ચે, સાક્ષાત્ વ્યવહારની અપેક્ષા છે. મહારાષ્ટ્ર અને દ્રાવિડ દેશો હાવા પરસ્પર વ્યવહારમાં આવ્યા હતા એ સુવિદિત છે, અને એ વાતને મરાઠીમાં તાલવ્યના स-મિશ્ર ઉચ્ચારનું કારણ ચોક્કસ માની સકાય. મિ. બીમ્સના કથનને આ અર્થમાં સ્વીકારિયે તો, દક્ષિણની ભાષાનો હેના દ્રાવિડ પડોશીઓ સાથે સંબન્ધ દર્શાવવામાં મિ. બીમ્સે જે કર્યું તે જ, એટલી જ યથાર્થતાથી, ઉત્તરની ભાષાઓ પરત્વે, તેઓમાંના આ ઉચ્ચારને ઉત્તરની મોંગલ અસરનું પરિણામ ગણીને, થઇ સકે. ગુર્જરોનું ખઝરો સાથે તાદાત્મ્ય અને તેઓનો શ્વેતહૂણ સાથે સંબન્ધ દર્શાવતા મતનો ઉલ્લેખ મ્હારા વ્યાખ્યાન

---

કે તેઓ (મૅ. મૂલર) પણ પ્રથમ झन्द એ સં. छन्दस् જ છે એમ માનતા હતા; અને પોતાનો આ મત હવે નભે એમ નથી હેવું પૂર્વોક્ત 'નોટ'માં જણાવતાં સાથે નીચે પ્રમાણે પ્રબળ અને સ્પષ્ટ મર્યાદા ઉમેરેછે: "झन्द=ज्ञैतिं, જ્ઞાન, એ વ્યુત્પત્તિને પાછળથી કરેલી વ્યવસ્થા માનિયે, અને જેનો મૂળ અર્થ અપરિચિત થયો હતો હેવા શબ્દનું પાંડિત્યપ્રધાન અર્થદર્શન માનિયે, તો જુદી વાત છે."

હું આ છેલ્લા મતને સ્વીકારવા બહુ ઉત્સુક છું, ખાસ કારણ એ કે મૅક્સ મૂલરે પોતાના મૂળ મતને વળગી રહેવાનું જ આ કારણ દર્શાવ્યું છે એ સ્પષ્ટ છે, જો કે એ કાર્ય હેમણે ભિન્ન પ્રકારે કર્યુંછે.

ઉપરની દલીલોને બાજૂ મૂકિયે, તો દન્તતાલવ્ય ઉચ્ચારને વેદ પૂર્વના અથવા અવસ્તા-વૈદિક સમયમાં લઈ જનારી બીજી પણ વસ્તુ છે; સં. ના च् ને સ્થાને વખતોવખત અવસ્તામાં આવતો स्, याच् (સં.) માટેના यास् (અવ.) માં છે હેવો. વિરુદ્ધ-પ્રકારનાં ઉદાહરણો પણ છે, તો શક્ય છે કે વેદપૂર્વના સં. માં च નો ઉચ્ચાર કેટલાક શબ્દોમાં શુદ્ધતાલવ્ય થતો અને બીજામાં દન્તતાલવ્ય. (स वर्ण च् ના દન્તતાલવ્ય ઉચ્ચારનો જ પ્રતિનિધિ થઈ સકે, શુદ્ધતાલવ્ય च् નો નહિં, એ કહેવાની જરૂરિયત નથી માનતો.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૨ જામાં મ્હેં કર્યોછે. ( પાછળ પૃષ્ઠ ૩૭ જુવો ) ખઝરોની જ ઉત્પત્તિ હજી વિવાદગ્રસ્ત છે. પરંતુ તેઓ કૉકેસસના દેશજ લોક હતા એ નિઃશંક છે; ત્હેમની આધકારદર્શક સંજ્ઞાઓ હતી તે એ સમયની તાર્તાર પ્રજાઓમાં હૂણો, બલ્ગેરિયનો, તુર્કો અને મોંગલોમાં વપરાતી સંજ્ઞાઓ જ હતી. ખઝર અને બલ્ગેરિયન ભાષાઓ વચ્ચે ભાષાશાસ્ત્રની દૃષ્ટિયે સંબન્ધ છે અને અર્વાચીન માગ્યારની ઉત્પત્તિ નવમા સૈકામાં ખઝર રાજ્ય નીચે આવેલા પ્રદેશમાં વપરાતી ભાષામાંથી સાધવામાં આવેછે. એક સમયે ખઝરો હૂણોને તાબે હતા. ખઝરોની બે વંશપરંપરા હતી, ખઝરો અને કાળા ખઝરો; હામાંના પ્રથમ ગૌરવર્ણું, શ્યામકેશ, અને આકર્ષક સૌંદર્ય અને બાંધાવાળા હતા, અને તેઓની સ્ત્રીઓ સૌન્દર્યમાં ખાસ પ્રખ્યાત હતી. બીજા ઠીંગણા, કાળા અને વિરૂપ હતા; તેઓ ઉગ્રિક પ્રભવના Steppe(રશિયા સૈબીરિયાના ઉજ્જડ મેદાન)-માંથી આવેલા ભટકતા લોક હતા, હૂણોના સજાતીય હતા.[૧૧૫] ગિબને વર્ણન આપ્યું છે તે મુજબ હૂણ લોક ત્હેમના વિશાળ સ્કન્ધ, ચીપટાં નાક, અને માથામાં ઉંડી ડૂબેલી ન્હાની કાળી આંખ વડે અલગ તરી આવતા, અને તેઓ લગભગ દાઢી વિનાના જ હતા.[૧૧૬] આ વર્ણન જો કે વૉલ્ગા નદીના પ્રદેશ તરફ ગયેલી શાખાનું છે, ઑક્સસ નદીના પ્રદેશમાં વસેલી શાખાનું નથી, અને કદાચ એ શાખાઓ ભિન્નજાતીય હતી, તોપણ બંને શાખાઓને એ વર્ણન સમાન ગણી સકાય. એ સ્વરૂપલક્ષણ ચોકખું મોંગલ પ્રકારનું છે એ તરત જ જણાઈ આવશે."

આ સઘળા ઉપરથી યોગ્ય રીતે નિર્ણય રચી સકાય કે ગુજરાતીમાંના તાલવ્યોનો સ-મિશ્ર ઉચ્ચાર, ઘણે સંભવે, ગુર્જરો હિંદુસ્તાનમાં આવ્યા તે પૂર્વે ઘણા સમય અગાઉ ત્હેમની ઉપર પડેલી મોંગલ સંસ્કારમાંથી ઉદ્‌ભવ્યો-છે, અને પોતાના અધિકાર તળે આવેલા દેશમાં વપરાતી ભાષામાં તેઓએ એ સંસ્કાર રોપ્યો હોવો જોઇયે. (ભૂતિયા જેવી મોંગલ પ્રભવની જાતિયોના મ્હોંમાંથી સંભળાતો આ ઉચ્ચાર ક્રમથી ક્રમ પાછા જતાં છેક પ્રાચીન મોંગલ ઉચ્ચારતંત્રમાં જોઈ સકાય એ માન્યતાને આધારે મ્હેં આ ઉત્પત્તિદર્શન કર્યુંછે.)

---

૧૧૫ Encyclopoodia Britannica, XIV, 59 b અને c ( નવમી આવૃત્તિ ).

૧૧૬. ગિબન, પ્રકરણ ૨૬ મું, હેમાંથી વિન્સૅંટ સ્મિથ કૃત "Early History of India" માં પૃ. ૨૯૯ મે ( બીજી આવૃત્તિમાં ) આપેલું અવતરણ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક જ પ્રશ્ન કાંઇક વિચિત્ર ગુંચવાડા ભરેલો હજી બાકી રહેછે. તે એ કે ગુજરાતી બોલતા અમુક એક દેશવિભાગમાં-એટલે કે સુરત અને ભરુચ જીલ્લામાં–તાલવ્યવર્ણોનો શુદ્ધતાલવ્ય ઉચ્ચાર દીપબદ્ધ હોય તેમ એકલદશામાં રહ્યોછે, ત્હાં અર્ધતાલવ્ય ઉચ્ચારનો અત્યન્ત અભાવ છે. આ બે જ જીલ્લાઓમાં અત્યહાર સૂધી શુદ્ધ સંસ્કૃત ઉચ્ચાર જળવાઈ રહ્યોછે એ શાથી? વિદેશીય સંસ્કારને ત્હાં પ્હોચતાં અટકાવનારું શું હશે? આ પ્રશ્નનો ઉત્તર આપવાને હું અશક્ત છું અને હેની ચર્ચા બીજાઓ માટે પડતી મૂકુંછું.

સુરત અને ભરુચ જિલ્લામાં પ્રાકૃત ઉચ્ચારનો તદ્દન અભાવ; કારણ અજાણ્યું છે.

તેમ છતાં મૅક્સ મૂલરે Science of Language, પુ. ૨, પૃ. ૧૫૫–૧૫૭ માં આપેલી તાલવ્ય ઉચ્ચારની પૃથક્ક્રિયા પ્રસંગવશાત્ આ પ્રશ્ન ઉપર પ્રબળ પ્રકાશ પાડનારી બનેછે. અંગ્રેજી અને ઇટાલિયન ch (च) એ t (ट) અને sh (श) એ બે વર્ણોનો બનેલોછે, એટલે એ સાદો એક વ્યંજન ન ગણાય હેવા, કેટલાક શરીરશાસ્ત્રીઓના અને તેઓ પૈકી બ્રુક્કના, અભિપ્રાયનો એ પંડિત ઉલ્લેખ કરેછે. પોતે એ મતનો અંશતઃ સ્વીકાર કરેછે પણ ch ઉચ્ચારને અર્ધાં t અને અર્ધા sh ઉચ્ચારનો બનેલો માનેછે; અને અર્ધાં t અને sh ઉચ્ચાર મળીને એક જ આખો વ્યંજન બનેછે. પછી મૅક્સ મૂલર વિશેષ ચર્ચા કરતાં કહેછેઃ "વર્ણોની રચના વર્ણવતાં प्रातिशाख्य ગ્રન્થોનો જેને પરિચય હશે ત્હેવા સંસ્કૃત પંડિતોમાંથી ભાગ્યે જ કોઇક, પ્રાચીન સંસ્કૃતના ઇતિહાસના કોઈ પણ વિશિષ્ટ યુગમાં આ કહેવાતા તાલવ્ય વર્ણોનો ઉચ્ચાર બરાબર કેવો થતો એ વિશે, આગ્રહ–યુક્ત મત આપવાની હિંમત કરશે." પછી તેઓ લગભગ kyind, cyard, cyube, cyou, એ પ્રમાણે ઉચ્ચારાતા kind, card, cube, cow એ શબ્દોમાં (અંગ્રેજીમાં) થતા k ના વિલક્ષણ, અને k માંથી ky માં અને છેવટ (અંગ્રેજી) ch માં સંક્રાન્તિ કરતા, ઉચ્ચાર તરફ લક્ષ ખેંચેછે;–એ રૂપાન્તર t નો natura, nature હેમાં ch થાયછે ત્હેને, અને d નો soldier ઉચ્ચાર (soljer), diurnal, journal હેમાં j થાયછે ત્હેને, મળતું આવેછે.

[ આ ચર્ચા, कवर्ग પછી इ કે ए કે य આવ્યો હોય ત્હારે ગામડિયાઓની ભાષામાં कवर्गને બદલે चवर्ग બોલાયછે હેમાં પ્રવર્તતી વાગ્વ્યાપારઘટનાનો નિર્દેશ કરેછે. ]

મૅક્સ મૂલર છેલ્લે કહેછેઃ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"આપણે સ્વીકારવું પડે કે સંસ્કૃતમાં અને બીજી ભાષાઓમાં જે તાલવ્યવર્ગ છે તે કવચિત્ કણ્ઠ્યવર્ણોના અને કવચિત્ દન્ત્યવર્ણોના રૂપાન્તરથી ઉદ્ભવેલો હોયછે, એક જ ભાષાના ઇતિહાસમાં જુદેજુદે સમયે જ નહિં પણ જુદાંજુદાં સ્થાનોમાં પણ હેનો ઉચ્ચાર નિઃશંક ભિન્નભિન્ન થાયછે, છતાં કણ્ઠ્ય અને દન્ત્ય વર્ગો વચ્ચે, ભલે ગૌણ પણ સ્વતંત્ર, સ્થાન પ્રાપ્ત કરવા પૂરતી એ વર્ણો સ્વરૂપ-વ્યક્તતા જાળવેછે, અને આપણે જોઇશું તે મુજબ, કણ્ઠ્ય, દન્ત્ય અને ઓષ્ઠ્ય વર્ણોના જેટલા જ આન્તર વિભાગોનો સમાવેશ કરેછે."

च, छ, ज, झના અર્ધતાલવ્ય ઉચ્ચારને મ્હેં પ્રાકૃત ઉચ્ચાર કહ્યોછે. સર જ્યૉર્જ ગ્રીઅર્સને પોતાના એક લેખમાં આ ઉચ્ચારનો ઇતિહાસ સમર્થ રીતે આપ્યોછે; એ લેખ મ્હારા જોવામાં આ ચર્ચા લખ્યા પછી ઘણે સમયે આવ્યો. એ લેખનો સારાંશ અહિંયાં આપવો લાભકારક છે કારણ કે એ લેખ મ્હારા મતનું અણધાર્યું સમર્થન કરેછે-અલબત્ત સ્વતન્ત્ર રીતે, અને મ્હેં મત દર્શાવ્યો તે પૂર્વે જ, એ જ મત રજૂ કરીને સમર્થન કરેછે; અને પ્રસ્તુત પ્રશ્ન ઉપર પ્રસંગવશાત્ બહુ સૂચક પ્રકાશ નાંખેછે. એ લેખ આખો વાંચવો હોય તો J. R. A. ઇ. સ., ૧૯૧૩ પૃ. ૩૯૧ અને તે પછીનામાં, "The Pronunciation of Prâkrit Palatals" હેમાં વાંચી લેવો. અહિંયાં હું હેનો સારાંશ અને કેટલાક મુદ્દાઓ વિશે મ્હારી ટીકાઓ આપુંછું:—

> પ્રાકૃત તાલવ્યોના ઉચ્ચાર વિશે સર જ્યૉર્જ ગ્રીઅર્સનની ઉપયોગી ચર્ચા; હેનો સારાંશ અને ગુણદોષ પરીક્ષા.

સર જ્યૉર્જ ગ્રીઅર્સને સ્થાપેલા વિશાળ નિર્ણયો આ પ્રમાણે છેઃ—

(अ) શિષ્ટ મહારાષ્ટ્રી પ્રાકૃતમાં અને શૌરસેનીમાં તાલવ્યોનો દન્તતાલવ્ય ઉચ્ચાર થતો હેવો સંભવ છે (આધુનિક મરાઠીની માફક).

(आ) માગધીમાં શુદ્ધ તાલવ્ય ઉચ્ચાર થતો એ સ્પષ્ટ છે.

(इ) આ ભેદ આજપર્યંત નભી રહ્યોછે, માત્ર એક અપવાદ છે; શૌરસેનીના પ્રદેશની ઉત્તરમાં નિકટસંબદ્ધ માગધી અને શૌરસેની-પૈશાચિકી ભાષાના ઉચ્ચારે દક્ષિણ શૌરસેનીના અને મહારાષ્ટ્રીના ઉચ્ચારનું સ્થાન ખૂંચવી લીધુંછે.

(उ) ડૉ. હાર્નલે (ગૌડ વ્યાકરણ, પૃ. ૭ ઇત્યાદિમાં) દર્શાવ્યુંછે કે પશ્ચિમ અને દક્ષિણના કરતાં પૂર્વની ભારતીય-આર્ય ભાષાઓના તાલવ્યો વધારે વ્યક્ત અને સાચા તાલવ્યો છે; આ વસ્તુસ્થિતિ "પ્રાકૃત વૈયાકરણો દર્શાવી ચૂકયા હોય એમ જણાયછે."



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે વસ્તુસ્થિતિ પ્રમાણો અને દલીલોને આધારે હેમણે આ નિર્ણયો બાંધ્યાછે તે નીચે પ્રમાણે છેઃ—

(અ) વરરુચિ (૧૧-૫ માં)-(માગધીવિશે) કહેછેઃ—

चवर्गस्य स्पष्टता तथोच्चारण:।

હેના ઉપર ભામહની ટીકાઃ—

चवर्गस्य यथा स्पष्टता तथोच्चारणो भवति।

લૅસ્સન (પૃ. ૧૭૯ મે) સૂચવેછેઃ-स्पष्टताને સ્થાને अस्पष्टता વાંચવું.

કૉવેલ (પૃ. ૧૭૯ મે) સૂચવેછેઃ-अस्पृष्टता ("તાલુમાં જીહ્વાના ઘણા અલ્પ સ્પર્શ વડે.)"

[શિષ્ટ પ્રાકૃતમાં अस्पृष्ट કે ईषत्स्पृष्ट ઉચ્ચાર છે એ જોતાં હું स्पृष्टता સૂચવુંછું. પરંતુ અર્થપરત્વે આ સૂત્ર હજી અણઉકેલ્યો કૂટપ્રશ્ન રહેછે.]

(આ) ક્રમદીશ્વર (લૅસ્સન, ૩૯૩) કહેછેઃ—यपचवर्गयुक्ता मनागुच्चार्याः। જેનું ભાષાંતર સર જ્યૉર્જ આમ કરેછેઃ-य्, प् અને चवर्ग સંયોગના અંગભૂત હોય ત્હારે હળવેથી ઉચ્ચારાયછે."

હવે આ અર્થ સ્વીકારવો મુશ્કેલ છે. यपचवर्गयुक्ताः સમાસ છે અને કોઈ નામનું વિશેષણ છે, એ નામ અહિં નથી આપ્યું પણ પૂર્વવર્તી સૂત્ર કે સૂત્રોમાં આપ્યુંછે અને અહિં अनुवृत्त થાયછે. ક્રમદીશ્વરકૃત संक्षिप्तसारમાંથી લીધેલા ગ્રન્થભાગોના અંશરૂપે લૅસ્સને (પૃ. ૩૦૩ મે) આપેલાં હાની પૂર્વનાં બે સૂત્રો નીચે પ્રમાણે છેઃ-

मागध्यां षसोः श : ॥ १ ॥

रो लः ॥ २ ॥

પછી यपचवर्गयुक्ता मनागुच्चार्या: ॥ ३ ॥

(બંગાલી લિપિમાં છાપેલી એક બંગાલી આવૃત્તિમાં षटवर्गयुक्ता मनागुच्चार्याः એમ છે (અપભ્રંશ અને અન્ય ઉપભાષાઓ; સૂત્ર ૮. જો આ ખરું હોય તો संक्षिप्तसारમાંનું અવતરણ આપણી ચર્ચામાંથી તદ્દન બાતલ થાય, કારણ કે હેને चवर्ग સાથે કાંઈ સંબંધ ન રહે.)

આ પ્રમાણે, यपचवर्गयुक्ताः ના (કે षटवर्गयुक्ताः ના, જે ખરો પાઠ હોય ત્હેના) વિશેષ્ય તરીકે ष, स, र અનુવૃત્ત થાય હેવો ઉદ્દેશ છે, જો કે षसोः અને रो (रः) ષષ્ઠી વિભક્તિમાં છે, અને અહિં અનુવૃત્ત થનારા શબ્દો તરીકે પ્રથમામાં જોઇયે. એ ગમે તેમ હોય પણ यपचवर्गने युक्ताः નો વિશેષ્ય લેવા કરતાં આ અર્થમાં દોષ આછો આવેછે. મ્હેં આપેલા અર્થમાં વિભક્તિના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ષષ્ઠીમાંથી પ્રથમા હેવા) ફેરફારથી આવતા દોષનું નિવારણ કરવાનો ઉપાય એ કે चपवर्गयुक्ताः ના વિશેષ્ય તરીકે श અને ल ને અનુવૃત્ત થતા માનવા-એ કે કદાચ એમ લેવામાં °युक्तौ જોઇએ, પણ છેવટ આખો પ્રશ્ન શંકારૂપી મેઘપટલમાં આવૃત રહેછે.

વિશેષ જો સર જ્યૉર્જે આપેલો અર્થ ખરો હોય તો પણ અસંયુક્ત ચવર્ગના ઉચ્ચારનો મુદ્દો એથી અલિપ્ત રહેશે; °वर्गा હેવો પાઠ હોય તો જુદી વાત, પણ, એમ લઇએ તો પણ, युक्ताः કયહાં જશે ? જો હેમનો અર્થ ખોટો હોય તો यपचवर्गथी युक्त વર્ણોનું मनागुच्चारण થશે, यपचवर्गनुं નહિં. [ પરંતુ અદૂષિત ગ્રન્થને અભાવે આપણે અંધારામાં ફાંફાં મારિયે છિયે. ]

સર જ્યૉર્જ અનુમાન બાંધેછે કેઃ—

(अ) આ ( વરરુચિના અને ક્રમદીશ્વરના ) સૂત્રોનો અર્થ ગમે તે હોય, આટલું સ્પષ્ટ છે કે ચવર્ગના વર્ણોનો શિષ્ટ પ્રાકૃત (એટલે મહારાષ્ટ્રી)માં થતો ત્હેવો ઉચ્ચાર માગધીમાં ન થતો. ( હું ક્રમદીશ્વરવાળા સૂત્રપાઠને હાલ તરત નિરુપયોગી ગણીને બાતલ કરું.)

તાલવ્યોનો ઉચ્ચાર માગધીમાં અને શિષ્ટ પ્રાકૃત-મહારાષ્ટ્રીમાં ભિન્નભિન્ન થતો

(आ) હેમચન્દ્ર, ત્રિવિક્રમ અને સિંહરાજ કાંઈ સાહાય્ય નથી કરતા.

(इ) માર્કણ્ડેય નીચે પ્રમાણે કહેછે (વિઝાગાપટ્ટમવાળી આવૃત્તિ જુવો):–

(૧) चजयोरुपरि यः स्यात्। (૧૨,•૨૧) જેમ કે य्चिरं। य्चिअ। ( અને સર જ્યૉર્જ પોતાના જ તર્કવડે य्जाआ-(जाया) ઉમેરેછે; માર્કણ્ડેયે એ નથી આપ્યું.

(૨) વળી ૧૨–૩૨:–चिट्ठस्य तु श्चिण्टः। (અર્થાત્ तिष्ठनुं श्चिण्ट થાયછે) અને શાકારીમાં એ य्चिश થાયછે;—( श्चिण्टो य्चिश इत्येके ॥ ૧૩–૩, य्चिशदि ).

(૩) ઉત્તરપૂર્વા દિશામાં આપણને લઈ જઈને માર્કણ્ડેય કહેછે (૧૮–૨) કે ( સિંધમાં બોલાતા ) વ્રાચડ અપભ્રંશમાં—

चजोरुपरि यो भवेत्। य्चलइ। य्जलइ।

(૪) છેવટ ( ૨૦–૪ ) શૌરસેની-પૈશાચિકીમાં ( ઉત્તરપૂર્વાના છેક છેડા પરની કેકય-પૈશાચિકીનો એ એક પ્રકાર હતો ):—

च्चवर्गस्योपरिष्टाद्यः। य्छुले।

(આ ભાષામાં માત્ર च, छ ને ज છે, ज અને झ નથી ) ( च्छले-छलम्; માગધીમાં છે તેમ પ્રથમા एकारान्त છે.) (સર જ્યૉર્જ માની જ લેછે કે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શૌરસેની–પૈશાચી એટલે શૂરસેનના, અર્થાત્ હાલના ઉ. પૂ. રજપુતાનાના, પિશાચોથી બોલાતી પૈશાચી.)

આ સઘળામાંથી સર જ્યૉર્જ અનુમાન બાંધેછે કેઃ—

માર્કણ્ડેયને મતે શુદ્ધ તાલવ્ય ઉચ્ચાર માગધી ઉપરાંત અન્ય કેટલીક ઉપભાષાઓમાં પ્રચરિત હતો.

(क) માર્કણ્ડેયને મતે તાલવ્યોના શિષ્ટ પ્રાકૃત ઉચ્ચાર ઉપરાંત એ વર્ણોનો બીજો પણ ઉચ્ચાર થતો, તે માત્ર માગધીમાં જ નહિ પણ ઉત્તરપૂર્વા દિશાની એક ઉપભાષામાં પણ અને હેની સાથે નિકટ સંબન્ધ ધરાવતી બીજી પણ એક, દેશના મધ્ય ભાગની, ઉપભાષામાં એ ઉચ્ચાર થતો. આ ઉચ્ચાર દર્શાવવાને હેમણે च, छ, ज, झ, ની પૂર્વે य् મૂક્યોછે.

(ख) આ રીતે, પ્રાકૃતમાં તાલવ્યોના બે ઉચ્ચારવર્ગ હતા જેમાંથી કેટલીક ઉપભાષાઓ એક અને અન્ય બીજો ઉચ્ચાર કરતી એ મુખ્ય મુદ્દામાં, માર્કણ્ડેયનું વરરુચિ અને ક્રમદીશ્વર સાથે ઐકમત્ય હતું.

[ મ્હારે કહેવું પડશે કે વરરુચિના સૂત્રનું અને વિશેષતઃ ક્રમદીશ્વરના સૂત્રનું ચોક્કસપણે સંદેહમુક્ત અર્થપ્રતિપાદન થઈ સકે તો ત્હાર પછી જ આપણે નિશ્ચિતાર્થ નિર્ણય પ્રાપ્ત કરિ સકિયે. ]

આ બે ઉચ્ચારોનું સ્વરૂપ નિરૂપણ.

(ग) આ બે ઉચ્ચારોનું સ્વરૂપ શું હતું ? (સર જ્યૉર્જ આ વિષયની ચર્ચા કરેછે.) હિંદુસ્તાનમાં તાલવ્યોના પ્રાચીનકાળ ઉચ્ચાર વિષયે પંડિતો બધા એકમત નથી. (પિશલ § ૨૧૭ માં પ્રાકૃત અઘોષ તાલવ્યોના ખરા ઉચ્ચાર વિશેની મુશ્કેલીઓનો ઉલ્લેખ કરેછે.) હવે, માર્કણ્ડેયની સંજ્ઞાપદ્ધતિ સ્વીકારીને કહિયે તો च, छ, ज, झ એ શિષ્ટ–अस्पष्ट–તાલવ્યો હતા, જ્હારે य्च, य्छ, य्ज, य्झ, य्ञ એ માગધી–स्पष्ट–તાલવ્યો હતા.

વરરુચિના સૂત્રપરથી અનુમાન થઇ સંકેછે કે શિષ્ટ પ્રાકૃતમાં ઉચ્ચાર स्पष्ट નહિ પણ अस्पष्ट હતો; કારણ કે માગધી ઉચ્ચારને એ ઉચ્ચારથી ભિન્ન જણાવવા હેણે स्पष्ट કહ્યોછે. स्पष्ट નો ચોક્કસ અર્થ શો ? આ પ્રશ્નનો ઉત્તર આપવા માટે સર જ્યૉર્જ અર્વાચીન ભારતીય–આર્ય ભાષાઓની સહાયતા લે છે અને નીચે પ્રમાણે શીઘ્રનિરૂપણ કરેછેઃ—

(૧) બંગાલી અને આસામીઃ—આ છેક પૂર્વની ભાષાઓને અલગ રાખવી પડશે, કારણ કે તેઓ વિશિષ્ટ સ્થાનિક સંયોગોમાં વિકાસ પામીછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૨) બિહારમાં, પછી હેની પશ્ચિમમાં, ગંગાના પ્રદેશમાં, અને પંજાબમાં, અર્થાત્ માગધી અને અર્ધમાગધીના પ્રચારક્ષેત્રોમાં, અને શૌરસેનીના પ્રચાર-ક્ષેત્રના ઉત્તરભાગમાં:–ઉચ્ચાર સામાન્ય પ્રકારનો છે, church ના ch અને judge ના j કરતાં જરાક વિશેષ દન્ત્ય છે.

['Church' અને 'judge' માં છે તેથી વિશેષ દન્ત્ય શા માટે? –એમ હું પૂછુંછું. સંસ્કૃત ઉચ્ચાર બરાબર 'church' અને judge માંના ઉચ્ચાર જેવા જ છે. કદાચ અંગ્રેજીમાં આ ઉચ્ચારો અંગ્રેજો ભાર મૂકીને કરતા હશે.]

(૩) રજપૂતાનામાં–એટલે શૌરસેનીના પ્રચારક્ષેત્રના દક્ષિણ ભાગમાં–અને ગુજરાતમાં (જ્યહાંની ભાષા રાજસ્થાની સાથે નિકટસંબદ્ધ છે.)–च અને छ નો ઉચ્ચાર સાધારણરીતે स થાયછે, જેમકે મારવાડી–सक्की (=चक्की) =ઘંટી; सास (=छाछ)=છાસ; ગુજરાતી:–ऊंसो (=ऊंचो), पूस्यो (पूछ्यो).

ઉત્તર ગુજરાતમાં ज અને झ નો ઉચ્ચાર z જેવો થાયછે, જેમ કે झाड (jhâd)ને બદલે झाड (zâd).

આ स અને झ નો ઉચ્ચાર ઘણીવાર અનુક્રમે त्स અને दृझ જેવો કરવામાં આવેછે, જેમ કે चरोतर ને બદલે બોલાતું त्सोतर, જે પ્રદેશમાં આ ઉચ્ચાર પ્રચરિત છે ત્હેનું જ નામ.

[મ્હારે અહિં કહી દેવું જોઇયે કે ऊंसो એમ ગુજરાતીમાં કદી કહેવાતું જ નથી, હંમેશાં ऊंचो જ બોલાયછે; सरोतर એ પણ ખોટી વાત છે, હંમેશાં चरोतर જ કહેવાય છે; पूछ्यामां यने યોગે સંસ્કૃત छ ઉચ્ચારાયછે. ગામડીઆઓ પણ ऊंसो નથી કહેતા પણ ऊंचो કહેછે (चनो ઉચ્ચાર દન્ત-તાલવ્ય કરેછે). મારવાડીમાં પણ स–જેવો ઉચ્ચાર છે તે સર્વથા स નથી, જો કે ગુજરાતી ઉચ્ચાર કરતાં એ ઉચ્ચાર सને વિશેષ મળતો છે અને सની ભ્રાન્તિ ઉપજાવે ત્હેવોછે. ટૂંકામાં ગુજરાત પરત્વે ભ્રમજનક માહિતીને આધારે સર જ્યૉર્જ રહ્યાછે હેમાં શંકા નથી.]

(૪) મરાઠીમાં (અન્ય ભાષામાંથી મૂળરૂપે ઉપાડેલા શબ્દો સિવાય–જેમાં तत्समનો સમાવેશ સમજવો–અને બીજા થોડાક વિશિષ્ટ પ્રકારો સિવાય), चनो ઉચ્ચાર त्स, छनो स्, ज અને झनो दृझ થાયછે; પણ જો તાલવ્યસ્વરથી યુક્ત હોય તો નહિં, એ સ્થિતિમાં હેનો ઉચ્ચાર ગંગાના પ્રદેશમાં થાયછે ત્હેવો જ થાયછે. छनो स ઉચ્ચાર થાયછે તે त्स ઉચ્ચાર મુશ્કેલ હોઈને હેને બદલે મૂકા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યલો પ્રતિનિધિ જ છે એમ જોશી ( મરાઠી વ્યાકરણ પૃ. ૧૧૫ મે ), કહેછે.

[ મ્હેં પાછળ કહ્યું જ છે કે च, छ, ज, झના પ્રાકૃત અને સંસ્કૃત ઉચ્ચારોનાં નિયામક તત્ત્વો ગુજરાતીમાં અને મરાઠીમાં એક જ છે. ગુજરાતીને આ વાતમાં અલગ શા માટે પાડી તે સમઝાતું નથી. जનો ઉચ્ચાર મરાઠીમાં ज़ થાયછે અને झનો झ़ ( dz) થાયછે; dz એ जના પ્રાકૃત ઉચ્ચારની ખરી દ્યોતક–સંજ્ઞા નથી. પ્રાકૃત ઉચ્ચારયુક્ત छ મરાઠીમાં છે જ નહિં, વાગ્વ્યાપાર દૃષ્ટિયે હેનો વિકાર હંમેશાં स થાયછે, જેમ કે सोडणें ( ગુજ. છોડવું, હિં. छोडना ). સર જ્યૉર્જે ટાંકેલું રા. જોશીનું કથન મ્હને સમઝાતું નથી. ]

(૫) સિન્ધીમાં સામાન્યતઃ ગંગાના પ્રદેશમાં થાયછે ત્હેવો ઉચ્ચાર થાયછે.

(૬) કાશ્મીરીમાં च, छ, ज, ञ છે (झ નથી, કારણ એ ભાષામાં ઘોષ મહાપ્રાણ છે જ નહિં). આ વર્ણોના ઉચ્ચાર બે પ્રકારના છેઃ— च, छ, ज, ञ, અને *ts*, *tsh*, z, n ( त्स, त्स़, ज़, ञ. )

આ નિરૂપણનું શુદ્ધ પરિણામ, સર જ્યૉર્જે આપ્યુંછે તે મુજબ, એ આવ્યું કે મરાઠીમાં ( સમીપના તાલવ્ય સ્વરથી વિકૃત ન થયા હોય તો ) च, छ, ज, झ તાલવ્ય રૂપે નહિં પણ દન્તતાલવ્ય રૂપે ઉચ્ચારાયછે. આ દન્તતાલવ્ય ઉચ્ચાર જરા જરા રૂપાન્તર પામતો ગુજરાત અને રજપુતાનામાં થઇને ઉત્તરમાં જઇ પ્હોંચે છે અને છેવટ ગંગાનદીના પ્રદેશમાં અન્ય પ્રકારના તાલવ્યો પ્રાપ્ત થાયછે જે અંગ્રેજી ch અને j ની સાથે ઉચ્ચાર–સાન્નિધ્ય ધરાવતા છતાં વિશેષ દન્ત્ય છે. હવે મરાઠી સાક્ષાત્ મહારાષ્ટ્રી પ્રાકૃતમાંથી ઉત્પન્ન થયેલીછે એટલે મહારાષ્ટ્રી–અથવા શિષ્ટ–પ્રાકૃતમાં તાલવ્યોનો દન્તતાલવ્ય ઉચ્ચાર થતો એ સિદ્ધ નહિ તો સંભવિત તો છે જ.

સર જ્યૉર્જે કરેલી આ ઉચ્ચારની પરીક્ષાનું ચોખ્ખું પરિણામ.

[અહિં મ્હારે કહેવું પ્રાપ્ત થાયછે કે આ ઉચ્ચારનું ભૂગોળદૃષ્ટિયે કરેલું ઉત્ક્રમનિરૂપણ જરાક અયથાર્થ છે. વસ્તુતઃ, દન્તતાલવ્ય ઉચ્ચાર મરાઠીમાં પ્રબળ છે, ગુજરાતીમાં કાંઇક કમ બનેછે, પાછો મારવાડીમાં ચોખ્ખો વિવૃદ્ધ બનેછે, પછી ગંગાપ્રદેશમાં લુપ્ત થાયછે, અને ફરી પાછો કાશ્મીરીમાં ઉત્કટ બનેછે. આ ઉચ્ચારના પ્રચારક્ષેત્રનું નિરૂપણ મ્હેં આપેલુંછે તે, તેમ જ હેતું મોંગલ સંસ્કારમાં મૂલદર્શન, વધારે સારું લક્ષ્યસંધાન કરેછે.]

(૯) ભારતીય શબ્દોનાં ગ્રીક રૂપાન્તરો આ દન્તતાલવ્ય ઉચ્ચારનું સમર્થન કરેછેઃ–અને એ દર્શાવવા સર જ્યૉર્જ નીચે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભારતીય શબ્દોનાં ગ્રીક રૂપાન્તરોથી થતું દન્તતાલવ્ય ઉચ્ચારનું સમર્થન.

મુજબ ઉદાહરણો આપેછેઃ—

चन्द्रगुप्त–Sandrokuptos सन्द्रोकुप्टोस्[११७]

पञ्चाल–Pâssal*oi* કે Pazal*ai*.

चन्दन–zàndanon.

चष्टन–Tiastànes.

उज्जयिनी–òzêne.

यमुना / जमना } Diamoûna.

અહિંયાં બે પ્રકારો છેઃ—

(૧) શુદ્ધ તાલવ્ય પ્રકાર–જેમાં च ને સ્થાને Ti અને ज ને સ્થાને di મૂકાયેલ છે.

(૨) દન્તતાલવ્ય પ્રકાર–જેમાં च ના s, s, z, કે *tz*, અને ज ના z પ્રતિનિધિયો મૂકયાછે.

[ પૂર્વગત ભાગમાં હું Sandracottos અને sandal થી થતાં ઉપયોગી સૂચનો દર્શાવી ચૂકયોછું; પરંતુ ત્હારે હજી મ્હેં સર જ્યૉર્જનો ઉપયોગી લેખ જોયો ન્હોતો તેથી એ પરિગણના અવશ્ય અપૂર્ણ રહીછે.

અહિંયાં એક મ્હોટી શંકા ઉપજેછેઃ ચન્દ્રગુપ્ત તો મગધ દેશનો હતો. જો માગધીમાં શુદ્ધ તાલવ્યો હતા તો પછી હેના નામમાં Sandra એ રૂપાન્તર ક્યહાંથી આવ્યું? ગ્રીક લોકોએ શુદ્ધ તાલવ્ય અને દન્ત તાલવ્ય બંને પ્રકારના ઉચ્ચારો પોતાની ભાષામાં ઉતાર્યાછે એ હકીકતથી શંકા વધારે ગંભીર બનેછે. ]

---

૧૧૭ સામાન્યતઃ પરિચિત નામ संद्रोकोट्टोस् છે. પણ कुप्टोस् કે किप्टोस् (kyptos) પણ જોવામાં આવેછે. વેબરમાં એ છે. મૅકસ મૂલર પણ Sandracottus અને Sandrocyptus વિકલ્પો આપેછે (History of Ancient Sanskrit Literature, પૃ. ૧૪૧, છેલ્લો પૅરા, પાણિનિ ઑફિસની આવૃત્તિ). જસ્ટિનમાંથી હેમણે હેમાં આપેલાં અવતરણમાં Sandracottus નામ આપ્યુંછે. સેન્ચરી ડીક્ષ્નરીમાંના Encyclopœdia of Names (અભિધાનકલ્પદ્રુમ) માં ચન્દ્રગુપ્ત નામ નીચે બે રૂપો Sandrokottos અને Sandrokyptos, અલેકઝાન્ડરના ગ્રીક ઇતિહાસકારોએ આપેલાં, અને સર વિલિયમ જોન્સે चन्द्रगुप्त નામનાં જ રૂપાન્તર તરીકે સિદ્ધ કરેલાં, દર્શાવ્યાંછે. એક મિત્ર સૂચવેછે કે ગ્રીકોએ Kuptos (Kyptòs) રૂપ સં. गुप्तमांथी ઘટાવ્યું અને Kottos હેનાજ પ્રાકૃત રૂપાન્તર गुत्तमांથી. આ સૂચના ખરેખર આકર્ષકછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ऐ) કાશ્મીરીમાં ગયા સૈકાની લગભગ આખરમાં ઈશ્વર કૌલે ઘડેલી અર્વાચીન લેખન પદ્ધતિ પ્રમાણે દન્ત તાલવ્યો દર્શાવવાને શુદ્ધ તાલવ્યો વર્ણોની નીચે ભેદદર્શક સંજ્ઞા તરીકે બિન્દુ મૂકવામાં આવેછે, જેમ કેઃ—

કાશ્મીરી લેખન-પદ્ધતિ, જૂની અને નવી.

च, छ, ज, શુદ્ધ તાલવ્યો.

च़, छ़, ज़, દન્ત તાલવ્યો.

પણ ઈશ્વિર કૌલના સમય પ્હેલાં લેખકો કાં તો કાંઈ પણ ભેદદર્શક ચિહ્ન મૂકતા નહિં અથવા તો શુદ્ધ તાલવ્યો દર્શાવવાને તાલવ્ય વર્ણોની પાછળ य् જોડતા, જેમ કેઃ—

च्य, छ्य, ज्य, ञ्य.

સર જ્યૉર્જ કહેછે કે આ પદ્ધતિનું માર્કણ્ડેયની સંજ્ઞાઓની સાથેનું સામ્ય ધ્યાન ખેંચે હેવું છે, વિશેષ એટલો જ છે કે માર્કણ્ડેય य् ને વર્ણોની પૂર્વે મૂકેછે જ્યહારે કાશ્મીરીમાં એ પાછળ મૂકાયછે. પરંતુ–સર જ્યૉર્જ કહેછે કે–આ પૂર્વે મૂકેલો य् શુદ્ધતાલવ્ય–દર્શક ભેદકસંજ્ઞાથી અધિક ઉપયોગનો નહિ હોય, કારણ કે ઘણીવાર જ્યહારે ज्च શબ્દના આદિમાં આવતો ત્યહારે એ સંયોગનો અક્ષરેઅક્ષર લઇને ઉચ્ચાર કેમ થઈ સકતો એ કલ્પવું પણ અશક્ય છે.

[ અહિં મ્હારે સૂચનાઓ કરવાની છેઃ—

(अ) શુદ્ધતાલવ્ય ઉચ્ચારો દર્શાવવાને તાલવ્યવર્ણની પાછળ य् મૂકવાની પદ્ધતિ એકલી કાશ્મીરમાં જ નિયન્ત્રિત ન્હોતી, પૂર્વગત ચર્ચામાં મ્હેં દર્શાવ્યુંછે તેમ પ્રાચીન ગુજરાતી લેખોમાં એ બહુ પ્રચરિત હતી.

(आ) य्ज्ञ એ સંયોગ ખરેખર અગમ્ય છે; કદાચ માત્ર સમાનરૂપતા જાળવવાની બુદ્ધિથી જ, માર્કણ્ડેયના ગ્રન્થ પરત્વે તેમ જ કાશ્મીરી ઉચ્ચાર-લેખન પરત્વે, સર જ્યૉર્જે જ એ સંજ્ઞા ઘડી કાઢી હશે; પરંતુ સંભવાસંભવના સર્વોપરિ શાસનને વશ રહીને જ નિયમોનો વિનિયોગ કરવો જોઇયે એ વાતનો હેમણે અનાદર કર્યોછે.

(इ) માર્કણ્ડેયે તાલવ્યોની પૂર્વે મૂકેલો य् ઉચ્ચારભેદનો દર્શક છે એ વાતના મૂળ અન્વેષક સર જ્યૉર્જ છે, અને એ પ્રકટીકરણ ખરેખર બહુ ઉપયોગી છે. य्च, य्ज વગેરે સંયોગાત્મક સંજ્ઞાઓની આભાસિક અર્થહીનતાનું એથી એકદમ નિરાકરણ થાયછે. એ સાથે જ આ અન્વેષણથી પ્રાકૃતતાલવ્યોના ખરા ઉચ્ચાર પર પ્રકાશનો અંબાર પડેછે, જેનું સઘળું માન સર જ્યૉર્જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગ્રીઅર્સનને ઘટેછે. હેમણે કહ્યુંછે કે આદ્ય ચ્ચનો અક્ષરેઅક્ષર ઉચ્ચાર કરવો અશક્ય છે; એ સંયોગ અનાદ્ય હોય હેવા પ્રકારોને પણ એ કથન લાગૂ પાડવું જોઇયે, કારણ કે હેવે સ્થાને પણ ચ્ચ વગેરે સંયોગોનું અક્ષરેઅક્ષર ઉચ્ચારણ ઉચ્ચારશાસ્ત્રની દૃષ્ટિયે જ અશક્ય છે. પરંતુ એક શંકાસ્થાન સૂચવુંછું: "श्चिण्टोच्चिश इत्येके । ૧૨, ૨ હેમાં માર્કણ્ડેય (ण्टः ને સ્થાને ण्टो એમ) સંધિ કરેછે. અને એથી તેઓ च्चिમાંના य્ને સ્વરસ્વરૂપ વર્ણ તરીકે સ્વીકારતા જણાયછે. તો પછી હેમણે य્ને માત્ર ભેદદર્શક સંજ્ઞા જ માન્યો હશે ખરો ? પ્રયાસરૂપે એક ઉત્તર સૂચવુંછું: એ य બેશક કેવળ ભેદદર્શક સંજ્ઞારૂપે જ ઉદ્દિષ્ટ છે, અને છતાં દેખાવના આ य् ને યોગે વિસર્ગનો उ ( અર્થાત્ अः નો ओ) સંધિનિયમે કરવો પડયોછે. )

સર જ્યૉર્જનો લેખ સંક્ષિપ્તરૂપે મ્હેં આખો, પ્રસંગોચિત ટીકા ઉમેરીને, ઉતારી લીધોછે એમ કહું તો ચાલે; કારણ કે તાલવ્યોનું મ્હારું વિવેચન મ્હેં હેમનો લેખ જોયા પ્હેલાં લખ્યું હતું છતાં પણ, એ જ પ્રશ્નના અન્ય અંશનું, જુદી જ દૃષ્ટિયે કરેલું, તથાપિ મ્હેં કર્યોછે તે જ નિર્ણય પ્રાપ્ત કરતું, ઉદ્ઘાટન કરવા માટે હેમને જે માન ઘટેછે ત્હેનો અહિં સંપૂર્ણ અંગીકાર થવો જોઇયે.

## उत्सर्ग ८

ण (આદ્ય) અને ण्ण (અનાદ્ય)નો ગુજરાતીમાં न.

પ્રાકૃત, અવાન્તરરૂપો, અને દેશ્ય શબ્દોમાંનો આદ્ય ण (મૂર્ધન્ય)– ક્વ્હાંય હોય તો–, અને અનાદ્ય ण्ण, ગુજરાતીમાં न (દન્ત્ય) બનેછેઃ—

ઉદાહરણોઃ—

| સં. | પ્રા. કે અપ. કે દેશ્ય. | ગુજ. |
|---|---|---|
| पर्णक | पण्णउं | पानुं |
| पर्णम् | पण्णु | पान |
| कर्णः | कण्णु | कान |
| सुवर्णक | सुवण्णउं–सुण्णउं | सूनुं |
| कृष्णः | कण्हू–क्हण्णु | क्हान |
| श्लक्ष्णकं | लण्हउं / लह्ण्णउं } न्हन्नउं | न्हानुं |
| वर्णः | वण्णु | वान (शरीर–वर्ण) |
| संज्ञा | सण्णा | सान |
| अरण्यं | रण्णु | रान |

૪૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| जीर्णकं | जुण्णउं | जूनुं |
| ऊर्णा | उण्णा | ऊन |
| विज्ञप्तिः | विण्णत्ती | विनंति–(ती) |
| (देश्य) | णक्क | नाक |
| ( ,, ) | णिंदणी | नींदणी |
| ( ,, ) | णत्था | नाथ्य |
| ( ,, ) | णिरिअं | नर्यु |

અપવાદો:—

| | | |
|---|---|---|
| सलावण्यकं | सलावण्णउं | सलुणुं |

અહિંયાં ण અવિકૃત રહેછે એ વાતનો ખુલાસો આ પ્રમાણે આપી સકાયઃ હેવું એક અવાન્તરક્રમભૂત રૂપ હોઈ સકે કે જેમાં, કદાચ ला ના ગુરુત્વને પરિણામે અને શબ્દગત અક્ષરબાહુલ્યને લીધે, ण्ण સરળરૂપ બનીને સાદો ण રહ્યો હોય.

| | | |
|---|---|---|
| आज्ञा | अण्णा | आण |
| अरण्यं | रण्णु | रण |

આ વાગ્વિકાર (ण નો न) મરાઠીમાં અને ગુજરાતીમાં સમાનરૂપે પ્રવર્તેછે. હિંદી પ્રત્યેક ण નો न કરવાના પૈશાચી[૧૧૮] ભાષાના નિયમને અનુસરેછે એટલે ण વર્ણ એ ભાષાને તદ્દન અપરિચિત છે એમ કહિયે તો ચાલે. ગુજરાતી હિન્દીની શાખા છે એ ભ્રમમાં રા. બહાદુર ચિં. વિ. વૈદ્યે આધારરહિત કથન કર્યુંછે[૧૧૯] કે ગુજરાતીમાં પણ સાદા ण નો न થાયછે, અર્થાત્, ઉદાહરણ તરીકે, पाणी ने સ્થાને पानी થાયછે. કોઇ પણ ગુજરાતી પુસ્તક તરફ એક જ દૃષ્ટિપાત કર્યો હોત તો હેમની ખાતરી થાત કે આ માન્યતા ખોટી છે.

(હિંદીમાં થતો પ્રત્યેક ण નો न)

૧૧૮ णो नः। सि. हे. ૮–૪–૩૦૬. पैशाच्यां णकारस्य नो भवति ॥ गुनगनयुत्तो । गुनेन ॥

૧૧૯ "उत्तर हिन्दुस्थानांत ण चें प्रावल्य कमी झालें आहे असे दिसतें. साधारण हिन्दींत हल्लीं पाणी असें रूप नसून पानी असें आहे, ब तें च रूप गुजरातींत ही आपल्यास दिसत आहे. गुजराती ही हिंदीची पोटशाखा आहे, त्यांत ही न च बहुधा जास्त आहे."

(मराठी भाषाचा इतिहास, એ નામનો રા. બ. ચિં. વિ. વૈદ્ય, વડોદરામાં ઈ. સ. ૧૯૦૯ માં મહારાષ્ટ્ર સાહિત્યસંમેલનની સમક્ષ, વાંચેલો નિબન્ધ; કાર્યના અહેવાલમાં નિબંધ નં. ૭ માનું પૃ. ૮ મું. અહેવાલમાં પરિશિષ્ટ જુવો.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[ ડૉ. સર રા. ગો. ભાંડારકરે હેમનાં વ્યાખ્યાનોનાં પૃ. ૧૮૫-૧૮૬ માં णनो न થવા વિશેનો उत्सर्गनो ઉપન્યાસ સ્પષ્ટ રીતે કર્યોછે. એ અહિં આપવાનું પ્રયોજન નથી કારણ કે હેમના અને મ્હારા ઉત્સર્ગ—ઉપન્યાસમાં, મ્હેં પ્રાકૃતના આદ્ય णनो સમાવેશ કર્યોછે તે શિવાય, તાત્ત્વિક ભેદ કાંઈ પણ નથી. મ્હેં કેટલાંક ઉદાહરણો હેમનામાંથી લીધાંછે. ]

## उत्सर्ग ९

કેટલાક પ્રકારોમાં णને સ્થાને नનું પ્રતિનિવર્તન

સંસ્કૃત न (અનાદ્ય)માંથી ઉદ્ભવેલો પ્રાકૃત ण ગુજરાતીમાં બહુશઃ ण જ રહેછે, પરંતુ કેટલાક શબ્દોમાં તે મૂલ સંસ્કૃત રૂપ પ્રાપ્ત કરીને પાછો न બનેછેઃ

ઉદાહરણોઃ—

| સં. | અપ. કે પ્રા. | ગુજ. |
|---|---|---|
| स्तनः | थणु | थान[120] |
| भगिनी | वहिणी | व्हॅन |
| तनयः | तणउ | तन |
| नापि | णवि | नव |
| नयनं | नयणु | नॅन[121] |
| स्थानं | थाणु | थान (=અશ્વ-શાળામાં અશ્વનું સ્થાન) |
| वनचरकं | वणयरउं | वनेरुं[122] |

૧૨૦. જો સિ. હે. ૮–૨–૯૮, ૯૯ ના બીજભૂત નિયમ અનુસાર પ્રાકૃતમાં કોઈપણ કાલક્રમે स्तनःનું थण्णु રૂપ હોય તો આ શબ્દ પ્રસ્તુત उत्सर्गनुं ઉદાહરણ न રહે પણ ગયા उत्सर्ग ૮માના પેટામાં જાય. તે સાથે જ હેમાં ન્નનો न થઈ જતાં પૂર્વનો अ દીર્ઘ થાયછે એ વાતનું પણ નિરાકરણ થઈ જાય, અને શબ્દના અન્યભાગમાં વિકાર થયા વિના અન્તર્ગત સ્વરો દીર્ઘ થાયછે એ માટેના, બીજા उत्सर्गमां આ શબ્દનો સમાવેશ કરવો પડે નહિં.

૧૨૧. नॅन શબ્દ હિન્દીમાંથી ઘટાવ્યો હોય તો બને. કારણ કે नॅण હેવો પણ બીજો ગુજરાતી શબ્દ છે,

૧૨૨. वनेरुं એટલે વન્યપ્રાણી. वनचरमांथी वणियर પણ થયેલછે, જે એક વિશિષ્ટ જાતના પ્રાણીનું નામ છે; હેમાં ण રહેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| यौवनं | जोव्वणु | जोवन |
| मनः | मणु[123] | मन |
| विनयकः | विणअउ | वनो |

( પ્રયોગદૃષ્ટાન્ત માટે ઉપર પૃ. ૨૨૬ નોટ ૮૧ મી જુવો )

( ટિપ્પણ:—भलो + माणस + आई ( ભાવવાચક પ્રત્યય ) હેમાંથી બનેલો ગુજરાતી સમાસ भलमनसाई આ ઘટનાની પ્રવૃત્તિ ગુજરાતીની પોતાની આન્તર શબ્દવિકારોમાં પણ થતી સૂચવેછે.)

મૂળ સંસ્કૃતમાં ण હોય ત્હાં પણ ण નો હાવો ન બનેછે, જેમકે

ग्रहणं–गहणु–घयणु–घर्न (=નિશો).

उत्सर्ग १०

ल નો ळ

સ્વરમધ્યગત લનો ळ સ્વરમધ્યગત[124] ल નો ळ થાયછે.

ઉદાહરણો:–

| સં. | પ્રા. અપ. કે દેશ્ય | ગુજ. |
|---|---|---|
| फलं | फलु | फळ |

१२३. मिलिअं मणेण मणं (कुमारपालचरित. ४–४०)

१२४. डढौ ळ्ळहावेकेषाम् એ સૂત્ર વિષે પ્રાતિશાખ્યો એ દર્શાવેલી પ્રવૃત્તિમર્યાદાનો દ્યોતક યુરોપીય પંડિતોએ યોજેલો "intervocalic" એ શબ્દ ઘણો સુભગ છે; પ્રવૃત્તિ-મર્યાદા काटीय प्रातिशाख्य માં આ આપીછે;–स्वरमध्ये समानपदे એટલે કે એક જ શબ્દમાં અને બે સ્વર વચ્ચે; શૌનકકૃત ऋक्प्रातिशाख्य માં પણ આમ છે:—

द्वयोश्चास्य स्वरयोर्मध्यमेत्य संपद्यते स डकारो ळकारः ॥

ळ्हकारतामेति स एव चास्य ढकारः सन्नूष्मणा संप्रयुक्तः ।

(पटल १–२१,२२).

એજ પ્રમાણે शुक्लयजुःप्रातिशाख्य (१४४) માં અને હેની વૃત્તિમાં. પ્રાકૃતમાં ઘોષ વ્યંજનોના સઘળા વિકારોને એ જ મર્યાદા લાગૂ પડેછે, અને હેમચન્દ્ર હેનું ગૌરવદૂષિત રૂપાન્તર કરીને મર્યાદાઓ નીચે પ્રમાણે આપેછે: (१) स्वरात् અર્થાત્ स्वरात् परस्य (એટલે કે વ્યંજનની પૂર્વે સ્વર હોવો જોઇયે ) અને (२) अनादेरसंयुक्तस्य (અર્થાત્ વ્યંજન અનાદ્ય અને અસંયુક્ત હોવો જોઇયે). ( ૮–૧–૧૭૬ ). વરરુચિ પુનરુક્ત અંશ स्वरात् બાતલ કરીને કહેછે: अयुक्तस्यानादौ (२–१). માર્કણ્ડેય (२–१) પણ એ જ જરાક ફેરવીને આપેછે: अयुजोऽनादौ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| जलं | जलु | जळ |
| कला | कला | कळ |
| पीतक–कं | पीअलउं | पीळुं |
| श्यालकः | सालउ | साळो |
| कदली | केली | केळ |
| हरिद्रा | हलद्दी | हळद |
| ,, | ૫રભારો | हळदर |
| अन्धक–कः | अंधलउ | आंधळो |
| गुडूची | गलोई | गळो |
| षोडश | सोलह | सोळ |
| शीतलकं | सीअलउं | शीळुं |
| नालिकेरी | नालिएरी | नाळियेरी |
| अतसी | अलसी | अळशी |
| (देश्य) | छिन्नाली | छिनाळ |
| ( ,, ) | कंटाली | कंटाळी ( જંગલી વૃક્ષ )– ( " कंटाळी ने थोर ". પ્રેમાનન્દકૃત નળાખ્યાન ) |
| ( ,, ) | डोलो (–लउ) | डोळो |
| ( ,, ) | डाली | डाळी |
| ( ,, ) | आलोट्टइ | आळोटे (छे) |
| ( ,, ) | कंटोलं (–लउं ) | कंटोळुं ( =कंकोडुं; એક જાતનું શાક) (કંટોળું એ શબ્દ સુરત જીલ્લામાં વપરાયછે.) |
| ( ,, ) | विट्टाल | वटाळ |
| ( ,, ) | झोलिआ | झोळी |

ઈત્યાદિ ઈત્યાદિ.

**અપવાદો:—**

| | | |
|---|---|---|
| नीलकं | नीलउं | लीलुं |
| तिलः | तिलु | तल |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| तिलकः ( कं ) | तिलउं | टीलुं |
| पीडयति | पीलेइ | पीले ( छे ) |
| कीलकः | कीलउ | खीलो |
| कोकिला | कोइला | कॅायल |
| कलकं | कलउं | काळुं[125] |
| मलिनकं | मइलउं | मॅलुं |
| (देश्य) | कोइलो (–लउ) | कॅायलो (=કોલસો) |

આ બધાં ઉદાહરણોમાં ल અવિકૃત રહેછે, ळ થતો નથી.

| | | |
|---|---|---|
| आर्द्रकं | अल्लउं | आळुं (=કાચું, તાજું,) |
| (देश्य) | ढंढुल्लइ[126] | ढंढोळे (छे) |

આ શબ્દોમાં ल्ल સંયોગ છે છતાં ळ થાયછે.

[ ગુજરાતીમાંનો ळ વિરલ પ્રકારોમાં પાછો ल બનેછે, જેમ કે ण જેવા મૂર્ધન્ય (तर)[127] વર્ણના સામીપ્યથી ळ નું ઉચ્ચારણ વિષમ બનેછે ત્યારે, ઉદાહરણ તરીકે वळवुं, પણ वलण. ]

આ ઉત્સર્ગ સ્વ-રૂપતઃ પ્રાકૃત નિયમ नोणः નો સજાતીય છે, અને હેતું કારણ ખોળવા દૂર જવું પડે એમ નથી. न અને ल ના, અને ण અને ळ નાં સ્થાન અને પ્રયત્ન તત્ત્વતઃ એક જ અથવા સમાન છે. (વસ્તુતઃ આ ઉત્સર્ગ દન્ત્યોના મૂર્ધન્યો થતા દર્શાવતા વ્યાપક ઉત્સર્ગની એક પેટા-શાખા છે; મ્હેં આ ઉત્સર્ગને ખાસ કારણોને લીધે અલગ લીધોછે, જેમાંનું એક કારણ ल ના ळ નો વિશાળ પ્રચાર અને ઐતિહાસિક વિશિષ્ટતા.) હેમચન્દ્ર ( ૮–૪–૩૦૭ )માં लोळः

नोणः અને लोळः વચ્ચે સંબન્ધ.

१२५ સિ. હે. ૮–૨–૯૮,૯૯ ના બીજભૂત તત્ત્વને અનુસરીને પ્રાકૃતમાં કોઇ કાળ-ક્રમે कलनुं कल्ल થયું હોય તો ઉદાહરણ કાઢી નાંખવું પડે. એમ હોય તો संयोगलोप અને पूर्वस्वरदीर्घत्व ના વ્યાપક નિયમ અનુસાર क માં अ ના દીર્ઘત્વનો ખુલાસો થઇ જાય.

१२६ સિ. હે. ૮–૪–૮૮ માં ढंढोलइ તેમજ ढुंढुल्लइ છે, પણ અર્થ गवेष એટલે 'સોધવું' આપ્યોછે ( ગુજ. ढूंढवुं, હિં. ढूंडना); પણ ढंढोळवुं એટલે 'શરીર હલાવવું' ( જેમ સૂતાને જગાડવા માટે હેનું શરીર હલાવિયે ).

१२७ ण ને સાધારણ રીતે, ट, ठ, ड, ढ ( અને ऋ, र, ष ) ની સાથે, मूर्धन्य વર્ગમાં મૂકવામાં આવેછે. પરંતુ જેમ ड, ढ ના બે ઉચ્ચારો છે, मूर्धन्य અને मूर्धन्यतर તેમ જ ण નો પણ પૂર્ણતર, मूर्धन्यतर, ઉચ્ચાર છે. र ને ऋक्प्रातिशाख्य (પટલ ૧–૨૦માં) ( त वर्गની સાથે ) दन्तमूलीय ગણ્યોછે, અને એ જ સ્થાને મતાન્તર આપ્યુંછે કે કેટલાક આચાર્યોને મતે र वर्त्स्य છે; रेफं वर्त्स्यमित्येके; वर्त्स એ સ્થાન આમ વર્ણવ્યુંછેઃ दन्तमूलादुपरिष्टादुच्छूनः प्रदेशः. એ જ પ્રમાણે ण ને સ્પષ્ટ मूर्धन्यो કરતાં ભર્યો, मूर्धन्यतर, ગણી સકાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમ છે; તે જ મુજબ ત્રિવિક્રમ, ૩-૨-૪૮ માં આપેછે; પણ એ બંને આ વિકાર પૈશાચી ઉપભાષામાં જ થતો જણાવેછે. આ મૂર્ધન્ય ळ વૈદિક સમયમાં હતો, પણ બહુ થોડા પ્રમાણમાં; કારણ કે સ્વરમધ્યગત ड અને ढના ઉચ્ચાર ळ અને ळ्ह થતા, અને તે પણ માત્ર અમુક આચાર્યોને જ મતે. (ड्ढौ ळळ्हावेकेषाम् એ कातीयप्रातिशाख्यનું સૂત્ર, અને એ ઉપરની વૃત્તિ स्वरमध्ये समानपदे, આમ દર્શાવેછે.)[128]

પાલીમાં સ્વરમધ્યગત डના સ્પષ્ટ વિકારરૂપ ळ હતો; (જેમકે ताळन=ताडन, पीळन=पीडन, तळाक=तडाक, ડૉ. ભાંડારકરનાં વ્યાખ્યાનો પૃ. ૪૧ મું જુવો.)

મૂર્ધન્ય ळનો વૈદિક-સમયથી માંડીને ઇતિહાસ; આ ઉચ્ચારવિષયે ભારતીય આધુનિક ભાષાઓનું નિરૂપણ; પૈશાચી સંસ્કારનું દર્શન.

ઉત્તરકાલીન સંસ્કૃતમાં વૈદિક ळ ઉચ્ચાર કેમ લુપ્ત થયો એ પ્રશ્નની પરીક્ષા રસદાયક નીવડે. છતાં, આ ઉચ્ચારનો વૈદિક પ્રચાર બહુ મર્યાદિત હતો અને એક રીતે એકદેશીય હતો, એ વિચારતાં ઉત્તરકાલીન સંસ્કૃતમાં હેનો અભાવ આશ્ચર્યજનક ન ગણાય, અને આ ઉચ્ચાર હેમાંથી પ્રચારલુપ્ત થયો એ કથન સર્વથા યથાર્થ ન ગણાય. પરંતુ અહિં બીજો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. વૈદિક પ્રચારમાં આ મૂર્ધન્યતર ઉચ્ચાર ळ, એકદેશીય હતો તો પણ, પૈશાચી પ્રાકૃત બોલનારા લોકના સંસર્ગથી ઉદ્ભવ્યો હતો ? એમ હોય એ તદ્દન શક્ય છે, અને એથી વૈદિક ઉચ્ચારતન્ત્રમાં-મ્લેચ્છ ઉચ્ચારનો પ્રવેશ લેશ પણ ન થાય તે માટે યત્નથી રક્ષાયેલા ઉચ્ચારતન્ત્રમાં-હેનો વિસ્તૃત પ્રચાર કેમ ન થયો એ વાતનું પણ નિરાકરણ થાયછે. વળી લક્ષ્યયોગ્ય સ્થિતિ એ છે કે જ્યહારે, એક તરફ, હિંદુસ્તાનના ઉત્તરાર્ધમાં, આ મૂર્ધન્યતર ઉચ્ચાર (ळ) ગુજરાતીમાં

---

૧૨૮ કાશીની Chokhamba Series (चोखंबा ग्रन्थमाला)વાળી શૌનકકૃત ऋक्प्रातिशाख्यની આવૃત્તિમાં (पटल १-१०,११ માં), ड-ढ ના વિકાર ल-ल्ह આપ્યાછે; પરંતુ એ જ ગ્રન્થની મૅકસ મૂલરવાળી, આવૃત્તિમાં એ જ સ્થળે ळ-ळ्ह છે (पटल १-२१.२२),-ल-ल्ह અપપાઠ છે એ સ્પષ્ટ છે.

जिह्वामूलं तालु चाचार्य आह स्थानं डकारस्य तु वदेमित्र; ।
द्वयोश्चास्य स्वरयोर्मध्यमेत्य सम्पद्यते स डकारो ळकारः ॥
ळ्हकारतामेति स एव चास्य ढकारः सन्नूष्मणा संप्रयुक्तः ।

આ ઉચ્ચાર જીભને વાળીને જીહ્વામૂલ સુધી લઈ જઈને ઉચ્ચારેલો પૂર્ણતર ड છે એ સ્પષ્ટ છે; ઉચ્ચારણ કરતાં તાલુસ્પર્શ પણ થાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને મારવાડીમાં પ્રા. પા. રાજસ્થાની[129] દ્વારા આવેલો પ્રચરિત છે, અને સિંધીમાં, હેને સ્થાને બોલાતો ર, એ લોકના ઉચ્ચારણવૈચિત્ર્યને પરિણામે સ્વીકારાયેલો ઉચ્ચાર શાસ્ત્રદૃષ્ટિયે ळના સજાતીય વર્ણરૂપે ळનું જ અસ્તિત્વ સૂચવેછે, ત્હારે બીજી તરફ મરાઠીમાં એ જ ઉચ્ચારનું (ळનું) એટલું જ પ્રાબલ્ય છે અને દ્રાવિડ ભાષામાં એથી પણ વિશેષ પ્રાબલ્ય છે; પરંતુ હિંદીમાં મૂર્ધન્યતર ळ ન થતાં ल અવિકૃત રૂપે રહેછે.[130] આ ઘટના ઉપર उत्सर्ग ૭માંમાં મ્હેં દર્શાવેલી

१२९ माँडण असपति माँडियौ जोधकुलो धर जंग ॥ १३ ॥
दल़ वादल़ तावीन दे हिंदू मुस्सलिमाँण ॥ १७ ॥
हॉड़ा गौड़ जादम्भल्लाला हठाल़ा ।
वल़े वंस छत्तीस साथै वडाल़ा ।
गॉडी नाल़ि गोल़ा चलै फोज गज्जं ॥ १९९ ॥

(એક ડિંગળ ગ્રન્થમાંથી ડૉ. ટેસિટોરીએ, J. A. S. Beng; નવે. ૧૯૧૪ પૃ. ૩૯૬ મે, આપેલાં અવતરણો.)

સૂચનાઃ—આ અવતરણોમાં નીચે બિન્દુવાળો ल (=ल़) મૂર્ધન્યતર ઉચ્ચાર (ळ) દર્શાવેછે.

नर्मकोश પૃ. ૫૯૬ મે કોશમાંના છેલ્લા વર્ણ ळ વિશે નર્મદાશંકર આમ કહેછેઃ—

"ए अक्षर जूनां गुजराती पुस्तकोमां लथी जूदो लखायलो ज नथी. पण उचारमां लथी जूदो बोलातो हशे ज."

હું એ મત સ્વીકારેછું, કારણ

(૧) ઉપર આપેલાં અવતરણોમાં આપણે દીઠું તેમ મારવાડીમાં ल લખાયછે અને નિચે બિન્દુ મૂકીને જ મૂર્ધન્ય ઉચ્ચાર દર્શાવાય છે; અને (૨) ळ એ સંજ્ઞા અને ભર્યો ઉચ્ચાર ભૂતકાળમાં લાંબા પ્રચાર શિવાય જ એકાએક કુદી નિકળ્યાં હોય એ વિચિત્ર છે. ळ એકલી પૈશાચીમાં હતો અને ગુજરાતીની પ્રધાન મૂલભાષા અપભ્રંશમાં પ્રવેશ પામ્યો જ ન્હોતો. એ વસ્તુસ્થિતિના છતાં હું ઉપર મુજબ કહુંછું; કારણ, ગમે તેમ માનિયે પણ ઉચ્ચાર આવ્યો તો ખરો જ અને પ્રાચીન કાળમાં મોગલ કે દ્રાવિડ સંસ્કારબળે એ આવ્યો હોય એમ માનિયે તો કાંઈ પ્રતિબન્ધ નથી.

૧૩૦ ઉરિયામાં હેવો જ મૂર્ધન્ય ळ છે (બીમ્સ, ૧-૨૪૪ જુવો). બંગાળીમાં ळ છે જ નહિં, તે છતાં બીમ્સ (૧-પૃ. ૨૪૪, પૅરા ૧ માં) કહેછેઃ ळ "is very common in O., B., and G., less in P." (ळ ઉરિયા, બંગાળી અને ગુજ. માં બહુ પ્રચરિત છે, પંજાબીમાં ઓછો). અહિં B છે તે M ને બદલે ભૂલથી મૂકાયોછે એ સ્પષ્ટ છે; કારણ કે (પુ. ૧) પૃ. ૧૨૩મે આપેલા વર્ણમાલાના કોષ્ટકમાં ळ વર્ણ સ્હામે બંગાળી નીચે ચોખ્ખી ખાલી જગ્યા મૂકીછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

च, छ, ज, झना પ્રાકૃત ઉચ્ચારની ઘટનાની સરૂપ છે (ઉપર પૃ. ૩૪૨-૩૫૨ જુવો ). એથી, વિલક્ષણ રીતે અનાર્ય છતાં ભરતખંડની દેશજ હેવી પૈશાચી ભાષાની અસરને ઉત્તર અને દક્ષિણમાં વ્યાપી રહેલી આ ઘટનાનું કારણ માનિયે તો ન્યાય્ય ગણાય. આ અનુમાનને ભીલ ભાષાઓમાં આ મૂર્ધન્યતર ळના અસ્તિત્વથી વિશેષ સમર્થન મળેછે. ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ્ સમક્ષ (ઇ. સ. ૧૯૦૯ માં) રા. રા. છગનલાલ વિદ્યારામ રાવળે 'મરૂઠ પ્રદેશની [ એટલે રાજપીપળા સંસ્થાનમાં વાલિયા અને આજુબાજુના પ્રદેશની ] ભીલ ભાષા વિશે નિબંધ રજૂ કર્યો હતો. એ નિબંધ જોતાં જણાયછે કે ભીલ ભાષામાં સ્વરમધ્યગત ड़ની વ્યવસ્થા પાલી અને એક-દેશીય વૈદિક પ્રચાર જેવી જ થાયછે, અર્થાત્ ડ઼નો ळ થાયછે અને ढનો પણ ळ થાયછે ( વૈદિક પ્રચારની માફક ळह નહિ ); પરંતુ સ્વરમધ્યગત ल તો ભીલ ભાષામાં અવિકૃત રહેછે એ આશ્ચર્યકારક છે.[१३१] લક્ષ્યોગ્ય ભેદ માત્ર એટલો જ છે કે જ્યહારે પાલી, વૈદિક અને ભીલ ભાષાઓમાં ડનો ळ બનેછે ત્યહારે પૈશાચી, ગુજરાતી, મારવાડી, મરાઠી અને દ્રાવિડ ભાષાઓમાં ल નો ळ થાયછે; પ્રથમ વર્ગ ल અવિકૃત રાખેછે, બીજો વર્ગ ड બહુશઃ અવિકૃત જાળવેછે; આ બધી ભાષામાં પ્રાપ્ત થતો મૂર્ધન્યતર ઉચ્ચાર ळ સમાન જ છે.

---

૧૩૧. થોડાંક ઉદાહરણો આ પ્રમાણે:-आकळ (आकडो); कागळ (कागडो); कळो (कड़ुं); कळा (घडो); कोळया (कॉडी); कुळे (कूंडां); कोळया (घोडो); खाळा (खाडो); गाळो (गाडुं) चीमुचीमळीए (चामाचीडियां); छेळा (छेडो); जांबुळे (जांबुडां); टेळा (ढेड); ताळ (ताड); थूळ (थड); दळी (दडी); दातेळो (दातरडुं); नोळो (ल्होडुं-लोढुं); नाळो (नाडुं); नुगळो (लुगडुं); पळको (भयडकुं); वेळा (वरडो=पीठ, वांसो); विनाळी (विलाडी); राखोळा (राखोडी); वाळा (वाडो); चोपळी (चॉपडी); पळ (पड्-पडवुं); देळक (देडकुं); कळी (कढी); चळ (चढ्-चढवुं).

ल અવિકૃત રહે એ હકીકત જોતાં ઉપરની નોંધમાં ताळ છે તે ताडમાંથી આવ્યો ગણવો પડશે, तालમાંથી નહિ.

કેટલાક અપવાદો છેઃ-इंडो (ईंडुं); कापडो (कापडुं); कांडो (कांडुं); कुकड (कूकडो); कडवो (कडवुं); गोदडो (गोदडुं); गीगोडा (ઢોરને લાગતો જંતુ); चाडी (झाडी); चुडा (चूडी); चाड (झाड); टांड (ढाल) અહિં ल નો ड થયોછે; तावडी (=कलेडुं, तावडी.) ताळवो (ताळवुं) અહીં ल નો ळ થયોછે; नाडी (नायडी); नाकडी (लाकडी); पींडा (भींडा); पापडया (पापडीओ); फोकडी (=હરણ); वामणहयडी (=सापबामणी); मोकडे (महुडां); वळा (व्हलो) હેમાં ल નો ळ; हाहुडी (सासू).



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## उत्सर्ग ११.

अस्वरितप्रथमश्रुतिलोप–સ્વરભારરહિત આદ્યશ્રુતિનો લોપ થાયછે.

અસ્વરિત પ્રથમશ્રુતિ લોપ

આ લક્ષણ ગુજરાતી ઉપરાંત હિંદી, મરાઠી, અને બીજી સમાનપ્રભવ ભાષાઓમાં પ્રવર્તેછે. ઉદાહરણો વડે उत्सर्ग સમજાશેઃ—

| સં. | પ્રા. કે અપ. કે દેશ્ય. | ગુજ. |
|---|---|---|
| अरण्यं | १३२ { अरण्णु / रण्णु } | रान (रण પણ) |
| अपत्यकं | अवच्चउं | बच्चुं |
| उपविष्टकः | उवइट्ठउ | वँठो |
| उपविशति | उवइसइ | वँसे |
| अरघट्टः | १३३अरहट्ट | रहँट |
| अस्ति | अछइ–छइ | छे |
| आत्मत्वं१३४ | अप्पत्तु | पोतु पोत (पोते) |

૧૩૨. સિ. હે. ૮–૧–૬૬ માં આ શબ્દના (તેમ જ અલાબુના) અનો વિકલ્પે લોપ દર્શાવ્યોછે. પરંતુ હું અહિં अरण्य આપુંછું તે અના લોપમાં થતી સ્વરભારની (અથવા સ્વરભારના અભાવની) અસર દર્શાવવા માટે જ; એ વાત હેમચન્દ્રના લક્ષમાં ન હોય એ સ્વાભાવિક છે; જો કે, હ્રસ્વ अ જ લુપ્ત થાય, માટે आरण्यनुं आरण्ण જ થાય, એ કથનમાં વૃત્તિમાં આ નિયમનું અજાણ્યું અને અપૃથક્કૃત સ્વીકરણ થતું ઝાંખું ઝાંખું જણાયછે; પણ એ કથનમાં નિયમનું તાત્પર્ય અસ્ફુટ રહેછે.

૧૩૩. રજપૂતાનામાં આમનેરા ગામે મળેલા વિ. સં. ૧૩૪૮ ના એક લેખમાં अरहट "યન્ત્રકૂપ" (ફરતાં ચકવાળો કુવો) એ અર્થમાં પ્રયુક્ત છે. (Progress Report of the Archaeological Survey of Western India, for the year 1908–9, Assistant Superintendent's Report, Para 45, Page 52).

વિ. સં. ૧૫૩૧ માં ભીમકૃત हरिलीला, कला ८, શ્લોક ४२ મામાં रहंट શબ્દ મળેછેઃ–

जाणे रहंटतणी घटमाळ

અહિં हंમાં અનુસ્વાર કોમળ છે એમ ચોપાઇના બંધારણ પ્રમાણે જણાયછે.

૧૩૪ ડૉ. ટેસિટોરી પોતને आत्मवात्माथी अप्प हु अप्प–आपोपउ દ્વારા વ્યુત્પન્ન કરેછે. (હેમની "Notes on O. W. Raj." §§ ૯૨, ૨૫ અને ૨, (૪) જુવો.) § ૯૨ વીગતવાર પૃથક્કરણ આપેછે; § ૨૫ પનો त થયેલો ચર્ચેછે, અને § ૨, (૪) આદ્ય સ્વરનો (apheresis) ક્ષય ચર્ચેછે. (લક્ષમાં રાખવા જેવું છે કે ડૉ. ટેસિટોરી, § ૨, (૪) માં, લોપના કારણનો, એટલે કે આદ્યસ્વરના અસ્વરિતત્વનો, નિર્દેશ નથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| સં. | પ્રા. કે અપ. | ગુજ |
|---|---|---|
| अन्यत् | अण्णं–अनइ (સપ્તમી अन्यस्मिन्–अण्णई––अनइ) | अने ने } બંને હાલ પ્રચલિત છે |
| अवलम्ब्यमानदीपकः | अवलंबमाणदीवउ | ઓળામણ दीवो<br>लामण दीवो<br>रामण दीवो<br>(=વિવાહ પ્રસંગે વરની મા હાથમાં લટકતો દીવો રાખે છે તે, દીવડો) |

કરતા; અને अ (§ ૨, (૪)), અને उ (§ ૫, (૩)) શિવાય અન્ય સ્વરને એ વિધિ લાગૂ પાડતા પણ નથી; તોપછી વ્યંજનયુક્ત આદ્ય શ્રુતિની વાત જ કયહાં રહી! જો કે apheresis સંજ્ઞા જ અસ્વરિત શ્રુતિ સૂચવેછે, છતાં ડૉ. ટેસિટોરી હેનો પ્રયોગ § ૯૨ માં માત્ર પ્રસંગવશાત્ કરેછે, જ્યહારે આ વિકારવિષયે જ લખેલા ખંડોમાં (§ ૨, (૪) અને ૫, (૩)માં) apheresis સંજ્ઞા વાપરતા જ નથી; Aphesis સંજ્ઞા વધારે યથાર્થ થાય (જો કે સર્વાંશે યથાર્થ નહિં), કારણ કે એ આદ્ય સ્વરને અનુલક્ષેછે; અસ્વરિત–શ્રુતિ–વિષયક apheresis અને આદ્ય અસ્વરિત હ્રસ્વ स्वर વિષયક aphesis–બંનેનો આપણા પ્રસ્તુત उत्सर्गमां સામટો સમાવેશ થઈ જાયછે.

રા. રા. કેશવલાલ હ. ધ્રુવ પોતિ (પોતે) ને સં स्वतःમાંથી સાધેછે, (શી રીતે એ જણાવતા નથી). હેમની બાલણકૃત कादम्बरी પરની ટીકા, પૃ. ૨૪૭, મૂળના પૃ. ૬૭ મા પં. ૧–૧૩ ઉપરની ટીકા. આ વ્યુત્પત્તિ ભાગ્યે જ સંતોષકર, કે વાગ્વ્યાપારના નિયમોથી સમર્થિત, ગણાય એ કહેવાની જરૂરિયત નથી.

ડૉ. સર રા. ગો. ભાંડારકર (વ્યાખ્યાનો પૃ. ૧૪૫ મે) પોત (સ્વભાવ) ને સં. प्रकृतिમાંથી પ્રા. पउत्ति દ્વારા વ્યુત્પન્ન કરેછે. तैलादि (સિ. હે. ૮–૨–૯૮) કે सेवादि (૮–૨–૯૯) ગણને, એ ગણોને અન્તેના इत्यादिને આધારે, તેઓ आकृतिगणो માનતા જણાયછે. પરંતુ पउत्तिના સાક્ષાત્ સાહિત્યગત પ્રયોગો મળે તો જ મ્હને સંતોષ થાય.

ડૉ. ટેસિટોરીએ પોતની તેમ જ આપોપુની (आत्मैवात्मामांथी) સાધેલી વ્યુત્પત્તિ પણ સંતોષકર ભાગ્યે જ થાય. કલ્પિત અને અસંભવિત શબ્દોથી હેનો પ્રારંભ થાયછે અને કેટલાક તર્કમૂલક ક્રમોમાં થઇને હેને આવવું પડેછે. હું ઉપર ગ્રન્થભાગમાં આપેલી વ્યુત્પત્તિ રજૂ કરુંછું; અત્યાર સુધી સૂચવેલી કોઈપણ કરતાં એ વધારે સારી ગણાશે હેવો મ્હને વિશ્વાસ છે. ગુજરાતીમાં પોત એટલે "કાપડની વણાટનો પ્રકાર"; એ અર્થ आत्मत्वના વાચ્યાર્થ "આપોપું, સ્વ–ભાવ" ઉપરથી સ્હેલાઇથી નિષ્પન્ન થાય. હેણે પોતાનું પોત પ્રકાશ્યું એ ઉક્તિમાં પોતનો અર્થ आत्मत्व, "સ્વ–ભાવ," સ્પષ્ટછે. પોતે મૂળ પોતનું તૃતીયાનું રૂપ છે ("સ્વભાવે"), પણ અન્તે "સ્વહસ્તે, જાતે, स्वतः" એ અર્થનું અવ્યય બનેછે, જેમ કે મેં પોતે લખ્યુંછ, હું પોતે આવ્યો; (પોતે=જાતે; जात, जात्यनुं તૃતીયારૂપ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| [135]उपाध्यायकः | उवज्झाअउं | ओझो (=કુંભાર) |
| अन्यपक्षकं | अण्णवक्खउं / अन्नवखउं / अनवखउं } अनोखुं | नोखुं |
| अभ्यञ्जनं | પરભારો | भींजवुं<br>भीजवुं |
| उपरि | ......... | पर (उपर પણ) |
| | (પ્રા. उवरिं, દ્વારા અ. वरि; वर સરખાવો). | |
| उदधि | (? હિંદી दधि દ્વારા) | दधि (પચ્ચાસ વર્ષ પૂર્વેન સમયપર્યન્ત ગુજ. કવિતામાં, જેમ કે दधिसुता=लक्ष्मी) |
| | "दधिसुता वींजणे वायु भरतां" | (નરસિંહ મ્હેતાનું ગણાતું सुदामाचरित्र, પ-૮) |
| इरावती | इरावइ-रावई | रावी, रावी |
| (પંજાબની એક નદી) | | (હાલનું નામ) |

अप्प-આપનું મૂળ आत्मा-अत्ता છે; (त્ત ના प्प વિશે ઉપર ઉત્સર્ગ ૫ જુવો). आत्मत्वनो त्व એકપક્ષે નિયમાનુસાર त्त થાયછે, अप्पत्तमां; અને અન્યપક્ષે प्प (त्त દ્વારા) થાયછે, अप्पुं (अप्पप्पउं-आत्मत्वकं) હેમાં, અને પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વપરાતો आपोपु (आपोपुं) અર્પેછે.

૧૩૫. મ. वझे (અવટંક) સરખાવો. કાઠિયાવાડમાં ओझा અવટંક છે.

કુંભારને उपाध्याय જેવી માનસૂચક પદવી મળે હેમાં નવાઈ નથી. રત્નાગિરિ જીલ્લામાં સુતારનાં નામોને છેડે वझा મ્હેં સાંભળ્યુંછે, જેમકે भिकावझा विन भिसावझा. ઉત્તર કાનડા જીલ્લામાં સુતાર પોતાના ધંધા સાથે સાધારણતઃ લુહારકામ પણ કરેછે અને તેઓની કોઢ शाळा કહેવાયછે અને સુતાર-લુહાર आचार्य કહેવાયછે. આ કારીગરો-સુતાર, લુહાર, કુંભાર-પોતપોતાના ધંધામાં आचार्य ગણાતા જ હશે. એટલે સુતાર (भिकावझा)ની માફક કુંભાર પણ उपाध्याय પદ સ્હેલાઇથી પામે. એમ બને કે પ્રાચીન સમયમાં કારીગરીનું શિક્ષણ ઉંચું ગણાતું, અને કુંભારકામ લલિતકળા ગણાતું જે હાલના વખતમાં જ અવનતિ પામીને સાધારણ રીતે હાંલ્લાં ટીપવાની દશાએ પ્હોંચ્યુંછે.

સંયુક્ત પ્રાન્તોમાં પશ્ચિમ તરફના જીલ્લાઓમાં સુતારની એક જાત પોતાને "ओझा ब्राह्मण" કહેવડાવેછે (ઇ. સ. ૧૯૦૫-૦૬ ના ઔદ્યોગિક સમ્મેલનના કાર્યના અહેવાલના પૃ. ૨૭૭-૩૦૨માં રાય બહાદુર લાલા બૈજનાથનો નિબન્ધ જુવો). આથી જણાયછે કે આ उपाध्याय પદ કેટલાક કારીગરવર્ગને લાગૂ થઈ રહ્યું હશે, અને અવટંકરૂપ બન્યું હશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(પ્રાચીન ગુજ.) उहोलवुं[१३६] होळवुं
अवश्य परभारो (પ્રાચીન ગુજ.) वश्य[१३७]
अणहिलवाड नहेरवाला[१३८]

[ उपाध्यायनुं ओझा રૂપાન્તર પ્હેલી નજરે (उवज्झाअउना) उवनो ओ થવાનું પરિણામ જણાય, અને એમ હોય તો આ ગણનામાંથી હેને બાતલ કરવો પડે. પરંતુ वझे સાથે સરખાવતાં જણાશે કે उवनो માત્ર उ લુપ્ત થાયછે, અને મ. માં व રહેછે પણ ગુજ. માં व્ નો ओ થાયછે. માટે આ શબ્દ ગણનામાં રહેવો જોઇયે. ]

અન્ય ભારતીયભાષાઓમાં આ ઉત્સર્ગની પ્રવૃત્તિ

આ उत्सर्गनी પ્રવૃત્તિ અન્ય ભાષાઓમાં પણ થઇછે. મરાઠીમાં ઉપર આપેલાં કેટલાંક ઉદાહરણો છે (જેવાં કે रान, रहाट, वइसणें (वैसणें), वझे, मीजणें, वर), અને વિશેષ ઉદાહરણો નીચે પ્રમાણે છેઃ—

સં. उपानह्, પ્રા. उवाणह्, वाणह्, પછી व्यत्ययथी वाहणें=ચંપલ. મરાઠીમાં वाहणेंનો અર્થ ફક્ત "ચંપલ" થાયછે, બીજા કોઇપણ પ્રકારનાં પગરખાં નહિં; અને उपानह्નો પણ એ જ નિયન્ત્રિત અર્થ સ્પષ્ટ છે એમ હેના અંગભૂત અંશો જોતાં જણાયછે, उप+आ+नह् (=બાંધવું), કારણ કે ચંપલના પટ્ટા પગની ચોપાસ બંધાયછે (आ=ચોપાસ).

હિંદીમાં સં. एकस्थकः, પ્રા. एकढउમાંથી આવેલ कढा છે; कढा=एकस्थकः=એક સ્થળે સાથે રહેલ; સં. आभ्यन्तर કે अभ्यन्तरમાંથી પરભારો भीतर; उच्छिष्टकं (સં.)માંથી जूठा; તેમ જ સં. उदूढक;, પ્રા. उदूढओ હેમાંથી दूल्हा (=વરરાજા); (ડૉ. ભાંડારકરનાં વ્યાખ્યાનો, પૃ. ૧૬૫ મું જુવો); ઉપરાંત ઉપરના શબ્દગણુમાંના કેટલાક (જેમ કે, रहाट, बचा, बैठा बैठना, अनोंखा, भीगना ( अभ्यञ्जननो જ, अभ्यक्त ભૂતકૃદન્તના क દ્વારા કે પછી પરભારો ज અને गना સંબન્ધને લીધે, ग થયો ); पर. उपरिમાંથી ).

---

१३६. पछी पूर्वाभिमुख दिशी माथुं उहोलीनि हाथ पखालीए ॥
(वैष्णव आह्निक, वि. सं. १६४० ( નકલ કર્યાની સાલ); નવલગ્રંથાવલી, ભાગ ૨ જો, પૃ. ૪૫ મું જુવો).

१३७. ઉપર કહ્યોછે તે જ ગ્રન્થમાં એ જ પૃષ્ઠેઃ
ते माटि प्रातःस्नान वश्य करवुं ॥

१३८. ફેરિશ્તાહ્માં આ નામ આપ્યુંછે.
(Report of the Archaeol. Survey of W. India for A. D. 1908–09, પૃ. ૪૪, પૅરા ૨૩ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પંજાબીમાં असाँ (હમે) + दा (ષષ્ઠીપ્રત્યય) નો બનેલો असांदा (= હમારૂં) સંક્ષિપ્તરૂપે सांदा બનેછે.

ગુજરાતીના જ અન્તર્ગત વિકારથી अने નો ने થાયછે તેજ મુજબ ओवारी जाउं (= કુર્બાની કરું) હેમાનો પ્રથમ શબ્દ वारी બનેછે, એ પણ આ જ उत्सर्गના વ્યાપારથી થાયછે; ओ અસ્વરિત હોઇને લુપ્ત થાયછે.

---

(Apheresis [અસ્વરિતશ્રુતિલોપ] અને aphesis [અસ્વરિત આદ્ય હ્રસ્વસ્વરલોપ] ના સંઘાત રૂપ) આ ઘટના મર્યાદિત રીતે (સિ. હે. ૮-૧-૬૬ અનુસાર વિકલ્પે अरण्यनुं रण्ण અને अलाबुनुं लाबु એ રૂપાન્તરો પુરવાર કરેછે તેમ) પ્રાકૃત સમયમાં જ શરુ થઇ હતી એ સુવિદિત છે. મ્હારું માનવુંછે કે આ નિયમની પ્રવૃત્તિ છેક સંસ્કૃતમાં પણ મળી સકે;–હેમાં એક વિરલ ઉદાહરણ ઉપલબ્ધ છે, अपूप:, पूप:, જે બંનેનો અર્થ "એક પ્રકારની પોળી" થાયછે. ગુજ. पूडो શબ્દ अपूपक: કે पूपक: ગમે ત્હેમાંથી અપ. पूअंडउ દ્વારા વ્યુત્પન્ન થઇ સકે. આપ્ટે (સં.-અં. શબ્દકોષમાં) अपूपની વ્યુત્પત્તિ આમ આપેછે:–न पूयते त्रिशीर्यते इत्यपूप:, पूपनी વ્યુત્પત્તિ કાંઇ આપી નથી, અને पूपनो અર્થ આપતાં વાચકને अपूप જોઈ લેવાનું સૂચવેછે. આ જોતાં એમ જણાયછે કે अपूप જૂનો શબ્દ હશે અને पूप ત્યહાર પછીનો. એટલે पूप-ને अपूप ના અસ્વરિત अ ના લોપનું પરિણામ ગણી સકાય.

---

પ્રથમશ્રુતિલોપ એ પદમાં स्वर ને બદલે શ્રુતિ શબ્દ મ્હેં સ્પષ્ટ ઉદ્દેશથી મૂકયોછે; કારણ કે, જેમાં વ્યંજન અને સ્વરની બનેલી પ્રથમ શ્રુતિ, સ્વરભારના વિનાશને લીધે કે અભાવને લીધે, લુપ્ત થાયછે હેવા, નીચે આપેલા પ્રકારોનો સમાવેશ કરવાની મ્હારી ઇચ્છા છે.–

| | |
|---|---|
| (૧) भूख, | बुभुक्षा માંથી; |
| (૨) शुं, | कीदृशकं માંથી; |
| (૩) रोखुं, | सदृक्षकं માંથી; |
| ૧૩૯(૪) माटे, | निमित्ते (० त्तेन) માંથી |

---

૧૩૯ (અ) આ સમાવેશ તરંગમય નથી હેનો પુરાવો, ઉપર આપેલા ઉદાહરણગણુ અને હેની વ્યુત્પત્તિની નિર્ણયિકતા અને અનિવાર્યતા ઉપરાંત, સં. कपोल માંથી જ અસ્વરિત અ શ્રુતિ क ના લોપથી વ્યુત્પન્ન કરવા પડતા કોંકણી पोलो (=ગાલ) એ શબ્દમાં મળેછે. (આ पोलो માટે, ફાધર ટોમસ સ્ટીવન્સકૃત કોંકણી ગ્રંથ क्रिश्चयन पुराणनी જે. એ. સલ્ડાન્હાવાળી આવૃત્તિમાં એ આવૃત્તિકારની પ્રસ્તાવનાનું પૃ. LXXI (૭૧ મું) જુઓ.) એ જ રીતે સં. प्रतोलि માંથી આત્ર प्र (પ્રા. માં ૧)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧) भूख–આ શબ્દની વ્યુત્પત્તિ બે પ્રકારે શકય છેઃ—

(અ) बुभुक्षा–बुहुक्खा–પછી ह પાછો હઠીને ब્માં મળી જતાં भ् થઇને, भुउक्खा, भुक्खा, भूख (ગુજ.); આ પ્રકાર સ્વીકારતાં હેને આ उत्सर्गમાંથી બાદ કરવો પડે.

અથવા (આ) बुभुक्षा–बुभुक्खा-અસ્વરિત આદ્ય શ્રુતિનો લોપ–भुक्खा–भूख.

સિ. હે. ૮–૪–૫ પ્રથમ વ્યુત્પત્તિને અનુકૂળ છે; કારણ કે એ પ્રસંગ-વશાત્ (णीरवइ આદેશના વિકલ્પ તરીકે) बुहुक्खइ આપેછે. અન્ય પક્ષે, देशी-नाममाला (वर्ग ६, શ્લો. ૧૦૬) भुक्खा દેશ્ય શબ્દ ક્ષુધાના અર્થનો આપેછે. (वर्ग ३, શ્લો. ૩૩ મામાં પણ छाओના અર્થ તરીકે भुक्खिअ આપ્યોછે.). જેમ डोलो, णिरिअं અને હેવા બીજા ઘણા શબ્દો ગણાયછે તેમ भुक्खा શબ્દ સંસ્કૃતથી સર્વાંશે અસંબદ્ધ કેવળ દેશ્ય શબ્દ ન ગણી સકાય એ સ્પષ્ટ છે; પણ હેને, बुहुक्ख પ્રાકૃતમાં ઉપલબ્ધ હોઇને, સગવડ ખાતર હેમચંદ્રે દેશ્ય-વર્ગમાં મૂકેલા શબ્દોમાંનો એક ગણવો જોઇયે. પરંતુ આ–દેશ્ય કે પ્રાકૃત बुभुक्षा શબ્દ बुभुक्षा–बुभुक्खाના આદ્ય बुना લોપથી ઉદ્ભવ્યો કે बुहुक्खनो ह बમાં મળી જતાં भ થતાં ઉદ્ભવ્યો એ નિર્ણય કરવો મુશ્કેલ છે. એ ગમે તેમ હોય, હેમચંદ્રના સમયમાં भुक्खा રૂપ જ તૈયાર મળતું હોય તો આપણે बुहुक्खाમાં, ગુજરાતીમાં આવતાં આવતાં, ब्+ह्માંથી भ् નીપજેલો માનવાનું પ્રયોજન નથી, પણ बुभुक्खाનો बु લુપ્ત થયેલો જ નિઃશંકપણે માનિયે; અને અહિં बु ચોખ્ખો અસ્વરિત હોઇ ને એમ઼ થવું સંભવિત લાગેછે. ધ્યાનમાં રાખવાની વાત એક જ રહેશે, કે આ લોપની ઘટના પ્રાકૃતદશામાં થઈ, પ્રાકૃતોત્તર અવસ્થામાં નહિં.[૧૪૦]

---

લુપ્ત થઇને અંગાળી ટોला થાયછે (ટોલા=શેરી, પોળ, અમુક વર્ગના લોકથી વસેલો નગર વિભાગ).

(આ) ડૉ. ટેસિટોરી, "Notes on O. W. Raj" § ૭૧ (૨) માં नइ શબ્દ कन्हइમાંથી क લુપ્ત થતાં આવેલો જણાવેછે, અને § ૭૪ (૧) માં હેના સમર્થનમાં નીચેનું ઉદાહરણ આપેછેઃ वाटइं नइं एक निरमल नीर (पंचाख्यान, २८६). પરંતુ અહિં नइ છે તે તો વસ્તુતઃ नइ–नदी છે એ વસ્તુસ્થિતિથી એ ઉદાહરણ નકામું થાયછે; આ (नइ=नदी) વસ્તુસ્થિતિનો ડૉ. ટેસિટોરીએ, મ્હને લખેલા તા. ૨૧ મી માર્ચ ૧૯૧૯ ના એક ખાનગી પત્રમાં, સ્વીકાર કર્યોછે, અને પોતે આપેલા ઉદાહરણને મ્હોટી ભૂલ માનવાની પ્રામાણિકતા દર્શાવીછે. આગળ આવનારા એક વ્યાખ્યાનમાં વિભક્તિ પ્રત્યયોની ચર્ચાને પ્રસંગે મ્હારે આ વિશે વિશેષ કહેવાનું થશે.

૧૪૦ આ શબ્દ પ્રાકૃતમાં बुभुक्खाરૂપે ન જ રહી શકે, તરત જ बुहुक्खा થઈ જાય. પરંતુ સમાનકાલીન ઘટના દર્શાવવા માટે જ આ રૂપ હું આપુંછું; અર્થાત્ बुનો લોપ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૨) શું-જે ક્રમોદ્વારા આ શબ્દ અન્તિમરૂપે પ્રાપ્ત થાયછે તે આ પ્રમાણે:- સં. कीदशकं, પ્રા. केरिसउं;-कइसउं-किसिउं मुग्धाववोध औक्तिक (વિ. સં. ૧૪૫૦), પૃ. ૧૬, ઓળ ૨; તેમ જ પૃ. ૧૭, ઓળ ૧, જ્યહાં હેનો અર્થ પણ किम् આપ્યોછે:-तउ किसिउं । ततः किम् । ततः कीदशं वा ।'; किसुं (मुग्धाववोध औक्तिक, પૃ. ૩, ઓળ ૧, किसुं तरइ="તે શું તરેછે ?"); ઉપરાંત किसिइं='શા વડે' (એ જ ગ્રન્થ, પૃ. એ જ, ઓળ એ જ). किशुं-किशाकारण (=શા કારણે ?), वसन्तविलास (વિ. સં. ૧૫૦૮) કડી ૨૪.

પછી—

कशुं-"શું" અર્થમાં

कदरूपने वियोग ते कशो

(પ્રેમાનન્દકૃત नळाख्यान, ૩૫, છેડે)

सिउं-तेह प्रति सिउं करीइ

(कान्हडदेप्रवन्ध, १-१०५)

અહિંયાં છન્દોરચનાને અનુરૂપ થવા માટે सिउंનો ઉચ્ચાર સ્યું કરવો પડેછે.

પછી—शुं

वसन्तविलासમાં તેમ જ ભાલણકૃત कादम्वरीમાં (અનુક્રમે વિ. સં. ૧૫૦૮ અને ૧૪૯૦-૧૫૭૦ એ સમયે રચાયેલાંમાં) किशुंની સાથે, સમકાલે જ, शुं નજરે પડેછે. જેમકે:—

(૧) शा करं (= शा माटे ?) (वसन्तविलास, કડી ૪૨.)

किशुंનું ઉદાહરણ ઉપર આપ્યુંછે, એ જ ગ્રન્થની કડી ૨૪મી માંથી.

(૨) मेहेलु आदर ए श्रम किशु (कादम्वरी, પૃ. ૮૭, પં. ૬.)

(૩) दोष किशु छि ल्यु नि भ्रात ( ,, પૃ. ૯૮, પં. ૯.)

(૪) काम किशूं ए मांड्यूं काम ( ,, પૃ. ૯૫, પં. ૧૨.)

(૫) राजपुत्र तह्मो शूं सांभलशु ( ,, પૃ. ૬૦, પં. ૧૧.)

(૬) रुदन करि हवि शूं होय ( ,, પૃ. ૧૨૦, પં. ૨૪.)

અને બીજે કેટલેક સ્થળે.

---

અને क्षનો क्ख એ બંને વિકારો એક કાલે થયા; પ્રાકૃત શ્રવણપર બુભુક્ષા શબ્દ પડ્યો, હેમાંથી ભુક્ષા એ અંશનું અવધારણ થયું, અને હેનું भुक्खा કરી દીધું; આ સ્થિતિમાં म् મધ્ય (અથવા ખરું કહેતાં અનાદ્ય) વર્ણ ન રહ્યો એટલે હેનો ह् ન બન્યો.

આ રીતે અહિંયાં હું वसन्त ફાલ્ગુન, સં. ૧૯૬૩, પૃ. ૭૧ મે દર્શાવેલો મ્હારો મત ફેરવુંછું; ત્યહાં મ્હેં भुक्खा કરતાં बुहुक्खाવાળી વ્યુત્પત્તિ યુક્તતર ગણી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપર નોંધેલી હકીકત ઉપરથી બહુ સંભવિત લાગેછે કે શુંનો ઉદ્દ્ભવ કિશુંમાંથી જ, કશું થવા પૂર્વે થયો.

વિશેષ ઉદાહરણો જોઇયે તો કેટલાંક વધારે આ રહ્યાં:—

(૧) किशु करइ छइ वछ विवेक (प्रबोध-प्रकाश, ५-६; वि. सं. १५४६)

(૨) किशां किशां नवि कीधां धर्म (प्रबोधप्रकाश, ?-५८)

(૩) वली किशा कारणि करि कीधु तह्मो उपाइ („ १-१६)

(૪) किशु एहतु विश्वास („ १-८३)

(૫) कशि कारणी (હરિદાસ કૃત आदिपर्व; ७५-११; वि. सं. १६४७)

(૬) किसि सिंधु उपसिंधु ( „ „ ७५-१२)

ડૉ. ટેસિટોરી પણ શું ને कीदशं માંથી, પ્રા. પા. રાજ.ના किसउ, किसिउ, किस्यु, किस्यउ દ્વારા વ્રજના कहसउ અને ઉચ્ચ હિંદના कइसा દ્વારા, વ્યુત્પન્ન કરેછે. પ્રા. પા. રાજ.માં તેઓને सउ, सिउ, स्यु, स्यउ એ રૂપો પણ ઉપલબ્ધ થયાંછે.

१ किसिउ करसि एकिं मासिं (ફ્લોરેન્ટાઇન હસ્તલેખ, ૭૫૮,૧૧)
(= शुं करीश एक मासमां ?)

२ ए सिउं काम कीधउं (पंचाख्यान, ३५०)
(= ए शुं काम कीधुं ?)

३ स्युं जाणइ (ફ્લોરેન્ટાઇન હસ્તલેખ, ૫૭૯,-૪૮)
(= शुं जाणे ?)

(હેમનો "Dative and Genitive Post-positions in Gujarāti and Mārwāri,"–"ગુજરાતી અને મારવાડીમાંના ચતુર્થીના અને ષષ્ઠીના પ્રત્યયો"–એ વિશેનો લેખ જુવો; J. R. A. S. ઇ. સ. ૧૯૧૩, પૃ. ૫૫૪–૫૫૫.)

(૩) રોખું;–આ દૃષ્ટાન્ત સૌથી વધારે ઉચિત અને નિર્ણાયક છે, અને બીજાં દૃષ્ટાન્તોના સમાવેશની, અને અસ્વરિત આદ્ય હોઇને એકલો સ્વર જ નહિં પણ સમગ્ર શ્રુતિ લુપ્ત થાય એ મતની યથાર્થતા સિદ્ધ કરેછે.

વ્યુત્પત્તિક્રમ હાવો છે:—

सं. सदृक्षकं, प्रा. सक्खउं; रुक्खउं-रोखुं

रोखुं શબ્દ ગામડિયાઓ, અને ડુંગરપુર, વાંસવાડા અને એ તરફના લોક, વાપરેછે; જેમકે घला रोखो शुं दांत काढेछे ?

આ શબ્દમાં આદ્ય स ના લોપ શિવાય બીજો કોઇ વિકારક્રમ શક્ય જ નથી.

(૪) माटे;–વ્યુત્પત્તિક્રમ આ પ્રમાણે છે:—

૪૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સં. निमित्तके (જેમકે राज्ञोनिमित्ते; राजाने निमित्ते=राजाने माटे ); અથવા निमित्तकेन; પ્રા. निमित्तइं

પછી:—

(अ) मिना इनो अ;

(आ) त्तनो ट्ट

(इ) ट्ट સંયોગનો લોપ અને પૂર્વસ્વરદીર્ઘત્વ;

(उ) नि, અસ્વરિત આદ્ય શ્રુતિ, લુપ્ત થાય એટલે माटइ પ્રાપ્ત થાય; ગુજ. માટે.

આ વ્યુત્પત્તિ ડૉ. ટેસિટોરી પાસેથી મળીછે. હેમની "Notes on O. W. Raj." § ૭૧, (૫)માં હેમણે એ સૂચવીછે અને બધા ક્રમો દર્શાવ્યાછે. હેમણે તૃતીયામાંથી વ્યુત્પત્તિ આપીછે, હું વિકલ્પ તરીકે સપ્તમી વધારે પસંદ કરૂંછું. આ વ્યુત્પત્તિના સ્વીકાર માટેના હેમના અભિપ્રાય લક્ષ્યોગ્ય છે; તેઓ કહેછેઃ—"આ વ્યુત્પત્તિનું પ્રબલ સમર્થન કરનારી વાત એ છે કે निमित्तइं, બહુધા निमत्तइंરૂપે, પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાની ગ્રન્થોમાં બહુ સાધારણ પ્રચાર પામેલુંછે. Mss. Dd. F. 585 અને F. 760માં (दृशदृष्टान्त, ફ્લોરેન્સગત હસ્તલિખિત પ્રતિયોમાંની પ્રતિ નં. ૫૮૫ અને ૭૬૦ માં) હેનાં ઉદાહરણો ખાસ બ્હોળાં છે; એ જયપુરીના કાંઈક અંશે પ્રાચીન રૂપમાં લખાયેલછે. પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાનીમાં माटइ અને निमित्तइ બરાબર એક જ અર્થમાં વપરાયેલાછે,—પ્રયોજન અને પરિણામ બંને દર્શાવવામાં."

રા. રા. કેશવલાલ હ. ધ્રુવ માટે ને मात्रा (=મિલ્કત, ધન)માંથી વ્યુત્પન્ન કરેછે. ભાલણકૃત कादम्बरी પરની હેમની ટીકા, પૃ. ૨૭૦ ( પૃ. ૮૫, પંક્તિ ૯–૨૪ ઉપરની ટીકા ) જુવો. આ વ્યુત્પત્તિ સ્વીકારવી મુશ્કેલ છે, વિશેષતઃ એ કારણે કે હેમણે નથી વ્યુત્પત્તિક્રમ દર્શાવ્યો કે નથી એ શબ્દના પ્રયોગનાં ઉદાહરણો આપ્યાં. એથી હેને રદ કરવી પડશે, અને ડૉ. ટેસિટોરીનું યોગ્ય ક્રમસરણિયુક્ત અને પ્રચારસિદ્ધ निमित्तकेन સ્વીકારવું પડશે. પ્રાકૃત તૃતીયાના (કે સપ્તમીના) રૂપ मत्ताइ (°इं) દ્વારા માત્રાનું माटइ બને એ સંભાવ્ય છે. પરંતુ મૂળ સંસ્કૃતમાં કે પ્રા. પા. રાજ. જેવી વચ્ચેની ભાષામાં એ શબ્દનો પ્રસ્તુત અર્થમાં પ્રચાર હોવાનાં પ્રત્યક્ષ ઉદાહરણોને અભાવે માત્રાને માટેના મૂળશબ્દ તરીકે સ્વીકારતાં અચકાવું પડે.

ભારતીય ભાષાઓમાં વિકૃતરૂપે આવતા અંગ્રેજી શબ્દો પણ અસ્વરિત આદ્ય શ્રુતિના લોપનો સંસ્કાર પામેછે એ વાતનો ઉલ્લેખ મ્હેં પૂર્વે કર્યો-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે,[૧૪૧] જેમ કે "agreement"નું ગિરમિટ. અંગ્રેજીમાં જ આન્તર વિકાર રૂપે આ સંસ્કાર નીચેના પ્રકારના શબ્દોમાં દેખા દેછેઃ because, 'cause (હેમાં, અને નીચે આપેલાં પૈકી ઘણાંખરાં ઉદાહરણોમાં, વ્યંજન અને સ્વરની બનેલી આખી એક શ્રુતિ લુપ્ત થાયછે); thank you, 'kyou (અશિષ્ટ પ્રયોગ); between, 'tween; betwixt, 'twixt; around, 'round; amid, 'mid; advantage, 'vantage; esquire, squire; upon, 'pon (લોકવ્યવહારમાં); ઇત્યાદિ.

## उत्सर्ग १२

### व्यंजननाश

*વ્યંજનનાશ, અન્ત્ય શ્રુતિના, કવચિત્ બીજી કોઈ અનાદ્ય શ્રુતિના, વ્યંજનનો લોપ.*

છેલ્લા ચર્ચેલા उत्सर्गમાં દર્શાવેલા વાગ્વિકારનો વિષય જેમ આદ્યશ્રુતિ છે તેમ જ બીજો એક उत्सर्ग બહુધા અસ્વરિત અન્ત્ય શ્રુતિનો કે હેના વ્યંજનનો, અને કવચિત્ બીજી કોઈ પણ અનાદ્ય શ્રુતિનો, લોપ દર્શાવેછે. હેને ટૂંકમાં व्यंजननाश કહીશું, કારણ કે વાસ્તવિક વિકારવિષય શ્રુતિગત વ્યંજન છે, સ્વર તો જાણે અવશે પાછળ ઘસડાયછે.

આ उत्सर्गની પ્રવૃત્તિ બહુતમાંશે[૧૪૨] ગુજરાતીમાં જ નિયન્ત્રિત રહેછે. છતાં અહિં મૂકવાનું કારણ એ કે પૂર્વ उत्सर्गનો આ પ્રતિયોગી કે પરિપૂરક બનેછે અને apheresis નાં અનાદ્યશ્રુતિવિષયક ઉદાહરણો પૂરાં પાડેછે. નીચેનાં ઉદાહરણો આ उत्सर्गનું ઉદ્ભાસન કરશેઃ—

| સં. | પ્રા. કે અપ. કે દેશ્ય. | ગુજ. |
|---|---|---|
| (૧) दक्षिणकः | दाहिणउ | डाह्यो |
| (૨) आश्विनकः | अस्सिणउ | आसो (વર્ષનો ૧૨મો માસ) |
| (૩) उदासीनः | उदासीणु | उदास |
| (૪) सावधानः | બ્હારોબ્હાર | सावध |
| (૪ अ) अनुपानह् | अणुवाणहु | अडवाणो, अडवो |
| (૫) निमंत्रणकं | निमंत्रणउं | नींतरुं |
| (૬) कुंकुमं | कुंकुमु | कंकु |

૧૪૧. વ્યાખ્યાન ૨ જું, ઉપર પૃ. ૫૦ પૅરા ૧.

૧૪૨. "બહુતમાંશે" કહેવાનું કારણ એ છે કે सवतनीમાંથી મરાઠીમાં सवत આવેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| (૭) अनुपमः | બ્હારોબ્હાર | अनुप |
| (૮) नीलमणिः | नीलमणी | लीलम |
| (૯) तृणककं | બ્હારોબ્હાર | तरणकलउं, तरणकलुं, तरणखलुं |
| | | ( વિકલ્પે र કે ण નો લોપ ) तणखलुं, तरखलुं |
| (૧૦) वर्षशासन બ્હારોબ્હાર | वरसशासन | वरशासन |
| (૧૧) हस्तगत ,, ,, | हस्तकत | हस्तक |
| (૧૨) वासरकः | वासरउ | वासो |
| (૧૩) ललाटपट्टः | णिडलवट्ठु–णिडलवट | निलवट–लिलवट |
| (૧૪) | सिलावट | सलाट |
| (૧૫) वीसलनगरं | બ્હારોબ્હાર | वीसनगर |
| (૧૬) परिविष् | परिइस्–परीस्– | पीरस ( वुं ), પછી र લુપ્ત થતાં–पीसवुं |
| (૧૭) सुलक्षणकः | सुलक्खणउ | सलखणो–सखणो |

( જેમ કે सखणो वेशी रुहे=શાન્ત રહે, સ્થિર બેશી રહે, અડપલાં નહિં કર).

| | | |
|---|---|---|
| (૧૮) दिवसः | दिअहु–दिअ | दी ( કાઠિયાવાડી પ્રયોગ ). |
| (૧૯) | चरणियउ–चरणियो | चणियो (ધાઘરો). |
| (૨૦) करंडककः | करंडयउ–करंडियो | कंडियो |
| (૨૧) सपत्नी | सवतनी ( हिं. सवतन, म. सवत ) | शौक्य |
| (૨૨) | अंबोरडो | अंबोडो |

[રા. રા. કે. હ. ધ્રુવે अंवोडोની વ્યુત્પત્તિ मउडी, मोडोमांथी (दे. ना. मा. ६–११७ ટાંકીને) અને आमोडोमांथी (दे. ना. मा. १–६२ने આધારે) આપીછે (ભાલણકૃત કાદમ્બરી પરની હેમની ટીકા, પૃ. ૧૮૭ મું જુવો.) મિ. આર. એલ. ટર્નર (જાન્યુ. ૧૯૧૫ ના J. R. A. S. માં "Indo-Aryan Nasals" એ લેખને પૃ. ૨૨ મે) अंवोडोને आम्रमाकुटकः માંથી વ્યુત્પન્ન કરેછે. अंबोरडो પ્રાચીન ગુજ. સાહિત્યમાં પ્રત્યક્ષ ઉપલબ્ધ છે; નીચે સ્પષ્ટીકરણ (૨૨) જુવો.]

| | | |
|---|---|---|
| (૨૩) अंतराशन | अंतरासण | अंतराश (ખોરાકનું અકસ્માત્ શ્વાસનળીમાં ઊતરવું). |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| (૨૪) कल्यवर्तः | कलवत्तु | कलवो |
| ફારસી | ઉર્દુ | ગુજ |
| (૨૫) बजावुर्दन् | वजा लाना–वजा लाववुं | बजाववुं |
| (૨૬) बंदगी | वंदगी | वंगी |
| (૨૭) दस्तखत | दस्तखत | दस्कत |
| (૨૮) | ફારસી ગુજ. મિશ્ર | |
| | दस्तकडां | दसकडां (=હાથકડી). |

થોડાક સ્પષ્ટીકરણની અપેક્ષા રહેશેઃ—

(૧) કેટલાક डाह्योને दक्षમાંથી સાધેછે, અને એથી આ ઉત્સર્ગમાંથી પડતો મૂકેછે. પણ दक्षः નું પ્રાકૃત दक्खो થાય. दाहिण[૧૪૩]માં ह પ્રાપ્ય છે (सि. हे. ८–२–७२); અને આ हનો પ્રાપ્તિક્રમ તત્ત્વ જોતાં આ છેઃ—

(अ) दक्खिणમાંના સંયોગ क्खમાં સંયોગલોપ, અને પૂર્વ अનું દીર્ઘત્વ, એટલે થયું दाखिण;

અને (आ) दाखिणના ख्‌ નો ह् (धि. हे. ८–१–१८७); એટલે થયું दाहिण.

સંયોગલોપ અને પૂર્વસ્વરદીર્ઘત્વ એ હેમચન્દ્રથી ઘણો અર્વાચીન વાગ્વ્યાપારક્રમ છે, પણ જેનું તત્ત્વ પ્રાચીન સમયમાં बीजरूप રહ્યું હોય હેવા ઘણા उत्सर्गोની બાબતમાં બનેછે તેમ, આ વિકારક્રમનું તત્ત્વ અહિં આ दाहिणરૂપમાં बीजरूप રહેલુંછે. એટલું જ નહિ, વિશેષમાં, હું આ વાગ્વ્યાપાર-ઘટનાની (संयोगलोप અને पूर्वस्वरदीर्घत्वनी) ચર્ચા તરતમાં જ આ પછીના उत्सर्गમાં કરીશ ત્હારે દર્શાવીશ કે આ ઘટના બીજરૂપે સંસ્કૃતમાં જ ઉપલબ્ધ છે.

(૩) उदाश–કેટલાક આ શબ્દને સં. उदासમાંથી વ્યુત્પન્ન કરેછે. પણ, પ્રથમ, उदास શબ્દ उदासीनની સરખામણીમાં બહુ અપ્રસિદ્ધ છે, અને બીજું, उदाशમાંના તાલવ્ય शનું મૂળ उदासમાં મળે નહિ, જ્યહારે उदासीनના ईમાં सનો श થવાનું કારણ ઉપલબ્ધ છે.

(૪–अ) અર્થની ક્રમપ્રાપ્તિ માટે અને ઉદાહરણ માટે ઉપર ઉત્સર્ગ ૪ થો જુવો. अडवुंનો અર્થ 'ઉચિત વસ્ત્રાલંકારથી રહિત, દેખાવમાં ઊણપ આણતું કે શૂન્ય લાગતું' એટલો જ છે; જેમકે त्हारा हाथ वंगडी विना अडवा लागेछे.

(૬) कंकु-कुंकुमं જોતાં આપણે ગુજરાતીરૂપને અન્તે उं આવવાની અપેક્ષા રાખિયે, છતાં આ શબ્દનો અન્ત्य उ ગુજરાતીમાં અનુસ્વારહીન છે

૧૪૩ હિન્દી दहेना (=જમણો) આ दाहिणમાંથી જ આવેછે, બીજા કશામાંથી નહિં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ લક્ષયોગ્ય છે. એથી વિભક્તિપ્રત્યયોની પૂર્વે અન્ત્ય ઉનો આ નહિં થાય; કંકુની ડાબલી, કંકાની નહિં. પણ એક વિશિષ્ટ સમાસમાં કંકાવટી છે, જે અપવાદભૂત રૂપાન્તર છે.

કંકુમાં અનુનાસિક ઉં ન હોવાનું કારણ એ સંભવિત જણાયછે કે અન્ત્ય શ્રુતિનો લોપ થયા પછી કુનો ર આવતાં નિયમ પ્રમાણે થવું જોઇતું અરું રૂપાન્તર થતું નથી.

(૮) नीलमणि–लीलम;–આ વ્યુત્પત્તિ અહિંયાં મ્હેં એક પ્રયાસરૂપે જ સૂચવીછે.

(૧૨) वासोनो પ્રયોગ, પ્રસૂતાને અનુલક્ષીને પ્રસવ પછી ગણવામાં આવતા દિવસો, એ મર્યાદિત અર્થમાં થાયછે.

(૧૩) निलवट–;लिलवट–આ શબ્દો પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં ઉપલબ્ધ છેઃ—

निलवट तिलक ते सुभग केसरतणूं

(નરસિંહ મ્હેતા.)

लिलवट सोहे चांदलो

(નરસિંહ મ્હેતાકૃત चातुरी,

बृ. का. दो. ग्रंथ २, पृ. ५.)

में पण जोया अक्षर रे मारी नीलवट केरडा

(મુરારિકૃત ईश्वरविवाह; નકલની સાલ વિ. સં. ૧૬૭૫.

बृ. का. दो. ग्रंथ ६, पृ. ४६५ मुं.)

કોંકણી મ. માં निडल=કપાળ છે.

[રા. રા. કે. હ. ધ્રુવ (ભાલણકૃત कादम्बरी પરની ટીકા, પૃ. ૨૧૦–૨૧૧ મે) निलवटની અકારણે કૃત્રિમ અને નિષ્પ્રમાણ વ્યુત્પત્તિ આપેછે. હેમને મતે પ્રા. णलाडમાં व "मात्रामर्यादा नियमने अनुसरी माप जाळववा सारुं" આગમરૂપે પ્રક્ષિપ્ત થયોછે અને ट સ્વાર્થે प्रत्यय લાગ્યોછે. (તેઓ પ્રાચીન ગુજ. हनवट (= ગુજ. हडपची) પણ हनुમાંથી એ જ પ્રકારે આણેછે. આ વ્યુત્પત્તિમાં વ્યક્ત દૂષણો છેઃ—

(अ) આગમ व અમુક વિશિષ્ટ વાગ્વ્યાપારદશામાં જ આવેછે, જેમ કે प्रोयं (प्रोतं)માંથી परोव्युं ઇત્યાદિમાં, હેવા સંયોગો અહિં નથી.

(आ) માત્રાસંખ્યા જાળવવી પડે હેવો પ્રસંગ જ અહિં નથી; કારણ કે સ્વરભાર लाમાંથી नि ઉપર ગયોછે અને आ હ્રસ્વ બન્યોછે એટલે માત્રાના ઉપચયનું પ્રયોજન જ નથી, હેના પર સ્વરભાર આવ્યો જ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૬) હાવા પ્રકારોમાં ट પ્રત્યય જાણ્યો નથી. એ તો માત્ર અપ. ના इ પ્રત્યયના સમર્થન અર્થે (સંસ્કૃત મૂળ શબ્દોમાં) કલ્પેલો આકારપ્રત્યય જ છે–આ इ ના મૂળ તરીકે સાધારણ રીતે સ્વીકારાતો क પ્રત્યય વાગ્વ્યાપારદૃષ્ટિયે इ થી વિજાતીય છે એ આ કલ્પનાનું કારણ છે.

(૭) જો પ્રત્યય ट હોય તો ગુજરાતીમાં આવતાં ड થઈ જાય; (पट માંનો બેવડો ट્ (મ્હેં દર્શાવેલો) ટનો ड થતો અટકાવેછે);

(૯) ट વળગાડી દઇયે તો णलाड ના પોતાના डની શી ગતિ ? णलाडट (णलवडट) હેમાં પુનરુક્તતા આવેછે.

(૧૬) કાઠિયાવાડી ગુજ.માં परीषवुं છે.

(૧૭) સુરતીલોક सलखणो શબ્દ વાપરેછે.

(૧૮) दी શબ્દ કાઠિયાવાડી છે. તળ ગુજરાતમાં વપરાતા कदी (=કોઈ દહાડો) શબ્દમાં જ આ दी દેખાયછે. ડૉ. ટેસિટોરીએ कदी શબ્દ માત્ર (ઇ. સ. ૧૫૫૦–૧૬૦૦ માં રચાયેલા) आदिनाथ चरित्रમાં જ દીઠોછે, અને ("Notes, §૯૮, (૩), છેલ્લા પૅરામાં) હેને "isolated form" (એકલું અટુલું રૂપ) કહ્યુંછે. આપણે તો જાણિયે છિયે કે कदी ગુજરાતીમાં બહુ પ્રચરિત છે. ડૉ. ટેસિટોરી कदीને સં. कदाचित् કે कदापि માંથી અપ.*कद्दा–इ દ્વારા (હેમાં પિશેલ પ્રા. વ્યા. §૧૯૪ અનુસાર द્ બેવડાવીને) વ્યુત્પન્ન કરેછે–આ * ચિહ્ન (તારક) એ રૂપની તર્કમયતા દર્શાવતું જણાયછે–ડૉ. ટેસિટોરી આ વ્યુત્પત્તિ કાંઈક આશંકાથી સૂચવેછે, કારણ કે તેઓ કહેછેઃ "If I am right in my derivation" (મ્હારી આપેલી વ્યુત્પત્તિ ખરી હોય તો). એ વ્યુત્પત્તિ આપાતતઃ ઠીક લાગેછે. પરંતુ दના લોપાભાવનું સમર્થન કરવા માટે कद्दा+इ જેવા તર્કમય રૂપનો આશ્રય લેવો પડેછે, એ એક હેમાં દોષ રહ્યોછે. મ્હારાવાળી વ્યુત્પત્તિમાં હેની કશી અપેક્ષા રહેતી નથી, અને कोइ+दी (=दिवस) હેનું સ્પષ્ટ સૂચન કરતાં (કવિતામાં) कोदी જેવાં રૂપો હેનું સમર્થન કરેછે.

(૧૯) चणियो (= ઘાઘરો) चरण ઉપરથી હશે, કારણ કે સ્ત્રીઓના ચરણનું એ આવરણ છે.

(આ વ્યુત્પત્તિ તર્કરૂપ છે.)

(૧૯-૨૦) પ્રથમ સ્વરભાર र અને रं ઉપર છે (चरणियो–करंडियो); પણ ઉચ્ચારણવેગમાં એ પ્રથમ શ્રુતિ ઉપર જઈ પડેછે, એટલે रं નો અનુસ્વાર કોમળ બનેછે. એ રીતે र અને रँના લોપનો માર્ગ ખુલ્લો થાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૨૧) ડૉ. ભાંડારકરે सवत्ती (પ્રા.)માંથી આપેલી વ્યુત્પત્તિ માટે અને મ્હારી વ્યુત્પત્તિને વળગી રહેવાનાં મ્હારાં કારણો માટે વ્યાખ્યાન ૩જું. પૃ. ૮૮ નોટ ૩૫ મી જુવો.

(૨૨) अंबोरडो સામળ ભટ્ટકૃત पद्मावतीनी वार्तामां ઉપલબ્ધ છે. (बृ. का. दो. ગ્રન્થ ૨ જો, પૃ. ૩૯૪, પં. ૧). પણ જેને ड પ્રત્યય લાગ્યો એ अंबोरो પોતે જ શું હશે તે હું જાણતો નથી; છતાં એક અનુમાન કરવાની છૂટ લઉંછું, અને નીચેનો વ્યુત્પત્તિ ક્રમ સૂચવુંછું:—आमोडो (दे. ना. मा. ૧–૬૨ માંથી રા. કે. હ. ધ્રુવે સૂચવ્યા મુજબ), आमोडकक: (आमोडटक:) आमोडडउ, अम्बोरडउ, अंबोरडो; (મ નો તીવ્ર મ્બ થયો, અરબી અમારીમાંથી अंबाडीमां થયું તેમ (ઉપર પૃ. ૩૩૨ જુવો) અને ड નો र થયો).

(૨૩) अंतराश જવી ગુજરાતી રૂઢ પ્રયોગ છે. એક સુરતી ગૃહસ્થે, રા. છોટાલાલ ડાહ્યાભાઈ જાગીરદારે, કોઈ માસિકમાં આપેલા એક લેખમાં મ્હેં अंतरासण गयुं વાંચ્યુંછે. આથી अंतराशनं (अंतरा=વચ્ચે+अशन=આહાર) હેમાંથી વ્યુત્પત્તિ દર્શાવીછે હેનું સમર્થન થાયછે.

(૨૪) कल्यवर्त='શીરામણ'; પ્રાતઃકાળનું ભોજન. कलवोनो મૂળ અર્થ આ (શીરામણ, પ્રાતરશન) હશે; પણ હાલ, વરઘોડા સાથે આવેલાં વરપક્ષનાં માણસોમાંનાં મુખ્ય મુખ્યને કન્યાપક્ષ તરફથી, વડનગરા નાગરોમાં, દૂધસાકરની અંજલિરૂપે અપાતું સાંકેતિક પ્રાતર્ભોજન, એટલો જ મર્યાદિત અર્થ એ શબ્દનો થાયછે. એક કાઠિયાવાડી સારસ્વત બ્રાહ્મણને શીરામણના અર્થમાં कलेवो શબ્દ વાપરતો મ્હેં સાંભળ્યોછે.

આ શબ્દનાં અવનવાં રૂપો થાયછે, જેમકે कलमलडो; ("तुं तो जम्य जमाईडा कलमलडो;" નાગરોમાં ગવાતું વિવાહગીત). બ્રહ્મદેવકૃત ભ્રમરગીતા (વિ. સં. ૧૬૦૯) માં મળી આવતા कर्मलो શબ્દને આ રૂપાન્તરોમાં મૂકવો પડે.

कर्मलो ते माटे (? पाटे) वेर्शा जमतो

(ફૉર્બ્સ ગુજરાતી સભાના સંગ્રહમાંની હસ્તલિખિત પ્રતિનું પૃ. ૩૭/૨.)

ઉપરાંતઃ–(૧) आ आंही हरि बेसता रे जमता करमल्डो खीर (નરસિંહ મ્હેતા કૃત राससहस्रपदी: ૫૬ ૫૪, કડી ૫.)

(૨) कृष्ण आरोगे रुडो करमलो आहीरडांनी साथ; (નરસિંહ મ્હેતા કૃત दाणलीला; નરસિંહ મ્હેતાનાં કાવ્યો, ગુજરાતી પ્રેસની આવૃત્તિ, પૃ. ૧૫૫, પં. ૨.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુજરાતી પ્રેસની આવૃત્તિમાં करमदो ભૂલથી છપાયુંછે એ નિઃશંક છે; કારણ કે ખરો શબ્દ પણ હેમાં છેઃ–

इन्द्रादिक ब्रह्मादिक जेनां चर्ण वंदवा समीप नहि
ते गोपाळ गोवाळामांहे जमे करमलो कुर दहि.

(એ જ ગ્રન્થ, પરિશિષ્ટ ૨; ૫દ ૨, કડી ૩, પૃ. ૫૭૬).

कलवो, પછી व નો म અને ल પ્રત્યયનો ઉમેરો, એથી कलमलो થશે અને પ્રથમ ल નો र થતાં करमलो થશે.

હાલ દહીંમાં રાંધેલા અને રાઈમીઠું નાંખીને વઘારેલા ભાતની વાની બનાવવામાં આવેછે, હેને વડનગરા નાગરોમાં करमो કહેછે. दाणलीलामां કહેલો करमलो હાવી કોઇ વાની હોય, પ્રાતરશનમાં લેવાતો કોઇ પ્રકારનો સૂપ–રાબ–હોય એ શક્ય છે; करमलडो खीर હેમાં દહીંને બદલે દૂધ એટલો ફેર થાય.

विमलप्रवन्ध, ૫, ૭૮ માં करंवो શબ્દ करमो અર્થમાં છે; ठार्या कूर करंबा करी;

એ શબ્દ कल्यवर्तमांथी करमो, कलवो વગેરે દ્વારા સાધી સકાય એ સ્પષ્ટ છે.

कल्यवत्तु ને ઉત્તરોત્તર कल्लवतु, कलवउ હેવા શક્ય જણાતા ક્રમો દ્વારા પસાર કરીને આ શબ્દને પ્રસ્તુત उत्सर्गनी બ્હાર રાખવો શક્ય છે; પરંતુ હેમાં શંકાનો અલ્પમાત્ર અંશ રહેછે; માટે હું આ ઉદાહરણનો સમાવેશ કરૂંછું.

(૨૫) बंगीनी મ્હેં આપેલી વ્યુત્પત્તિ એક પ્રયાસમાત્ર છે. बंदी=ગુલામ; बंदगी=ગુલામગીરી; એ ઉપરથી ગુલામગીરી દાખવતી સલામ, અને સલામ કરતાં કપાળે અડકવું પડે માટે, કપાળ ઉપરનું, અથવા ખરું જોતાં ભમ્મરો વચ્ચેનું ચિહ્ન. આ વ્યુત્પત્તિ ક્લિષ્ટ અને નબળી છે એ હું કબૂલ કરૂંછું.

## उत्सर्ग १३

### संयोगलोप अने पूर्वस्वरदीर्घत्व

સંયોગલોપ અને પૂર્વસ્વર દીર્ઘત્વ. અનાદ્ય સજાતીય સંયોગના પૂર્વવર્ણનો લોપ થાયછે અને પૂર્વનો સ્વર દીર્ઘ બનેછે.

સૂચનાઃ–(अ) વ્યંજનનો દ્વિર્ભાવ થાય, જેમાં પૂર્વવર્ણ અમુક વર્ગનો બીજો કે ચોથો વર્ણ હોય તો અનુક્રમે પ્હેલો કે ત્રીજો વર્ણ બને, એ સંયોગને હું સજાતીય સંયોગ કહુંછું, જેમ કે

अर्कः–अक्कु: व्याघ्रः–वग्घु; दृष्टकं–दिट्ठउं



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(આ) (૧) આ વિષયનાં હેમચન્દ્રે આપેલાં વિજાતીય સંયોગના એક વર્ણનો લોપ, કે હેવા સંયોગને સ્થાને આદેશ સૂચવતાં સૂત્રો અનુસાર, અને अनादौ शेषादेशयोर्द्वित्वम् (૮–૨–૮૯) અને द्वितीयतुर्ययोरुपरि पूर्वः(૮–૨–૯૦) હેમાં દર્શાવેલા અનન્તરક્રમો અનુસાર, પ્રાકૃતમાં પ્રાપ્ત થતા સંયોગો તે સજાતીય સંયોગનો એક પ્રકાર;

અથવા, (૨) પ્રાકૃતમાંથી ગુજરાતીમાં આવતાં, સંયોગના અંગરૂપે ह ની સ્થાનપરિવૃત્તિ (બહુધા આદિ તરફ) થઇને, અથવા ह નો લોપ થવાથી शेषादेशयोर्द्वित्वम् વિશેના નિયમમાં રહેલા તત્ત્વની પ્રવૃત્તિથી અવશિષ્ટવર્ણનો દ્વિર્ભાવ થઈને, પ્રાપ્ત થતો સંયોગ, એ બીજો પ્રકાર.

(इ) સંયોગના એકવર્ણનો લોપ એ, સરલીભવનની વ્યાપક ઘટનાને અંગે થતા વિવિધ વિકારોમાંનો એક પ્રકાર છે. વિશ્લેષ, સંયોગની સંયોગરૂપે અવસ્થિતિ, સબલસંયોગનું નિર્બલીભવન, એ બીજા વિકારો હવે પછી આવનારા ઉત્સર્ગોમાં ચર્ચવામાં આવશે.

ઉદાહરણો:—

(अ) અને (आ)–(૧)

| સં. | પ્રા. કે અપ. કે દેશ્ય. | ગુજ. |
|---|---|---|
| कर्म | कम्मु | काम |
| चर्म | चम्मु | चाम (ડું) |
| सत्यकं | सच्चउं | साचुं |
| व्याघ्रः | वग्घु | वाघ |
| स्पर्शः | (पस्सु) | पास (કોઈ ચીજના સ્પર્શથી લાગતો સંસ્કાર) |
| सर्वः | सव्वु | साव (કાઠિયાવાડી શબ્દ) |
| दुःखं | दुक्खु | दूख |
| दुग्धं | दुद्धु | दूध |
| भक्तं | भत्तु | भात |
| भक्तकं | भत्तउं | भाथुं |
| चुम्बति | चुंबइ–चुम्मइ | चूमे |
| शब्दः | सद्दु | साद |
| तीक्ष्णकं | तिक्खउं | तीखुं[૧૪૪] |

૧૪૪ तिक्त(कं)નો અર્થ "કડવું" થાય છે અને એ શબ્દનું પ્રાકૃતરૂપ तिक्कउं થાય, અને આ પ્રકરણના પ્રારંભમાં આપેલા उत्सर्ग १–(ख) અનુસાર क નો ख થવો શકય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| दृष्टकं | दिट्ठउं | दीठुं |
| शिक्षते | सिक्खइ | शीखे (છે) |
| ऊर्ध्वकं | उब्भउं | ऊभुं |
| चत्वरं | चच्चरु | चाचर |
| वल्लभकः | वल्लहउ–व्हल्लअउ | व्हालो |
| गृध्रः | गिद्धु | गीध |
| नग्नकः | नग्गउ | नागो |
| बुभुक्षा | भुक्खा | भूख |
| स्रस्तरकः | सत्थरउ | साथरो |
| थूत्कृतकं | थुक्किअउं | थूंकयुं |
| (દેશ્ય) झुट्ठं (°ट्ठउं) | | झूठुं |
| ,, ठल्लो (°ल्लउ) | | ठालो |
| (=निर्धनः–પછી લક્ષણાથી હેનો અર્થ "ખાલી" થયો, જે ગુજ. ઠાલોનો અર્થ છે.) | | |
| ,, पद्धरं (°रउं) | | पाधरुं |
| (=ऋजु) | | |
| (દેશ્ય) बप्पो (बप्पु) | | बाप[145] |

છે. મ. માં तिखट છે તે (વિશેષતઃ ट ને લીધે.) મૂળ શબ્દ तिक्त હોય એમ સૂચવે-છે. અર્થ જોઇયે તો, જેમ कटु (=તીખું) શબ્દનો અર્થ ગુજ. અને મ. માં (ગુજ. कडवुं. મ. कडु માં) બદલીને "કડવું" બનેછે તેમ तिक्तनो અર્થ પણ બદલીને "કડવું"-માંથી "તીખું" થયો હોય. જો આ મત સ્વીકારિયે–અને ન સ્વીકારવાનું કારણ પણ કંઇ જણાતું નથી–તો तीक्ष्णने આ વર્ગમાંથી બાદ કરવો પડે.

૧૪૫ શાસ્ત્રી વ્રજલાલ (उत्सर्गमाला, પૃ. ૧૧૪ મે તેમ જ પૃ. ૭ મે, ૩૭ મે, ૫૬ મે) અને, ઘણે ભાગે હેને અનુસરીને, નવલરામ (व्युत्पत्तिपाठ, उत्सर्ग ૯, પૃ. ૬૫ મે) बापनी વ્યુત્પત્તિ वापः માંથી આપેછે. આ ચોખ્ખી ભૂલ છે. "બાપ" અર્થનો वापः (કે બીજાએ આપેલો वापकः) કે હેવો કોઇ શબ્દ છે જ નહિં; અને वापकः–"વાવનાર"નો લાક્ષણિક અર્થ "પિતા" થાય એ દલીલ અસ્વીકાર્ય છે. પ અવિકૃત ન રહી શકે, પણ પ્પ ને સ્થાને એક પ આવે. ઉપરાંત આદ્ય व નો (હિંદીમાં થાયછે તેમ) ગુજરાતીમાં ब ન થાય, ફક્ત અનાદ્ય व નો કે (द्वि–बे; ज्वल्–बळ; उपविशति–उवइसइ–वइसइ–बइसइ એ મુજબ) સંયોગલોપ અથવા શ્રુતિલોપ જેવા વાગ્વિકારને પરિણામે બાકી રહેલા व નો, ગુજરાતીમાં ब થાય છે હેવો નિયમ છે. અને જ્યહારે દેશ્યમાં વસ્તુસિદ્ધ बप्प શબ્દ હસ્તગત છે ત્યહારે પાધરો માર્ગ છોડીને તરંગજનિત અને અશાસ્ત્રીય વ્યુત્પત્તિ ખોળવા જવાનું પ્રયોજન નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| (દેશ્ય) तेड्डो (तेड्डु) | | तीड |
| ,, णक्कं (णक्कु) | | नाक |

(नक्क શબ્દ णक्क ઉપરથી ઘટાવેલું સંસ્કૃતાનુકારી અવાસ્તવિક રૂપ છે અને વર્જ્ય છે.)

(આ)-(૨)

| | | |
|---|---|---|
| तीक्ष्णकं | तिण्हउं–तिण्णउं | तीनुं |
| श्लक्ष्णकं | लण्हउं–नन्हउं | |
| | न्हन्नउं | न्हानुं |
| कृष्णः | कण्हु–क्हण्णु | |
| | क्हन्नु | क्हान |
| उष्णकं | उण्हउं–हुण्णउं | |
| | हुन्नउं | हूनुं |
| ग्रीष्मकः | गिम्हु–घिम्मु | धीम |
| प्रस्नवः | पण्हवु–प्हण्णउ | प्हानो |

કોઇવાર, કોઈ કોઈ શબ્દોમાં, સંયોગનો વિકલ્પે વિશ્લેષ થાયછે (જે નીચે उत्सर्ग ૧૫ મામાં દર્શાવવાનો છે) અથવા પ્રાકૃત સંયોગનો પૂર્વવર્ણ લુપ્ત થઇને પૂર્વસ્વર દીર્ઘ બનેછે:—

કેટલાક પ્રસંગોમાં આ વિધિનો વૈકલ્પિક પ્રચાર

ઉદાહરણો:—

| | | | |
|---|---|---|---|
| वार्ता | | वत्ता | वात |
| | અથવા, બ્હારોબ્હાર | | वारता |
| मार्गः | | मग्गु | माग |
| | ,, ,, | | मारग |
| कर्म | | कम्मु | काम |

હેમચન્દ્રે (अभिधानचिन्तामणि, ३-२२० માં) "पिता"ના પર્યાયો પૈકી એક वप्ता આપ્યોછે (वपति बीजं वप्ता). પણ હું કબૂલ કરુંછું કે वप्प અને वप्ता વચ્ચે હાવો તરંગજનિત સંબંધ મ્હારે ગળે ઉતરી સકતો નથી, ખાસ એટલા માટે કે वप्तानुं પ્રાકૃત वत्ता બને; પછી देश्य वप्पोमांथी સંસ્કૃતાનુકારી રૂપ वप्ता ઘટાવ્યું હોય તો જૂદી વાત છે, પણ એ સંભવતું નથી કારણ કે प्त નો प्प થવામાં નડતી મુશ્કેલી અહિં પણ આપણાં મ્હોં આગળ ઉભી જ છે; પૂર્વગત એક उत्सर्गमां (પૃ. ૩૩૯ મે) મ્હેં त्त નો प्प થતો દર્શાવ્યોછે એ પ્રમાણે રૂપાન્તર અહિં કોઇ સૂચવે; પરંતુ એ તો લૂલે આધારે બહુ દૂર જવા જેવું બને.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | | | |
|---|---|---|---|---|
| | ,, | ,, | | करम |
| गर्भः | | | गब्भु | गाम |
| | ,, | ,, | | गरम |
| सर्वः | | | सव्वु | साव |
| | ,, | ,, | | सरव |
| सर्पः | | | सप्पु | साप |
| | ,, | ,, | | सरप |

[ટિપ્પણ:-(अ) साप-सरप શિવાય ઉપરના બધા શબ્દો રૂપવિકલ્પમાં અર્થપરિવૃત્તિ પામેછે; જેમ કે:—

| | |
|---|---|
| वात=વાર્તાલાપ; | वारता=કથા. |
| माग=જગ્યા, અવકાશ; | मारग=રસ્તો. |
| काम=કાર્ય; | करम=ફલોત્પાદક, ભાગ્યવિધાયક, આચરણ; ભાગ્ય. |
| गाम=ગર્ભ; | गरम=આંતર તત્ત્વ કે સત્ત્વ. |
| साव=પૂરેપુરું, સર્વથા; | सरव=સઘળું, બધું. |

(आ) હેમચન્દ્રકૃત પ્રાકૃત વ્યાકરણમાં, સંયોગને ચર્ચનારા વિભાગમાં, લોપ કેટલાક પ્રકારોમાં પૂર્વ વર્ણનો અને અન્યપ્રકારોમાં ઉત્તરવર્ણનો કહ્યોછે (ऊर्ध्वलोप અથવા अधोलोप) પરંતુ સંયોગલોપની દૃષ્ટિયે એ લોપ બહુતમાંશે કૃત્રિમ છે; તેમજ બેવડા ત્રેવડા સંયોગોના आदेश તરીકે આપેલા એકલ વ્યંજનો પણ કૃત્રિમ છે, આ બધા (शेष અને आदेश) માત્ર અવાન્તરક્રમો છે. કારણ કે अनादौ शेषादेशयोर्द्वित्वम् (सि. हे. ૮-૨-૮૯) એ સૂત્ર અનન્તર અને અન્તિમ ક્રમ દર્શાવેછે-શેષ અને આદેશનું દ્વિત્વ. આ રીતે એ ઘટનાને એક જ વ્યંજનની પ્રાપ્તિરૂપ સરલીભવન ન ગણાય વિજાતીય સંયોગોના સજાતીય સંયોગો બને એ સંકુચિત અર્થમાં એ સરલીભવન છે ખરું, પણ એટલું જ, વિશેષ નહિં. (માત્ર, अनादौથી આદ્ય સંયોગનું વ્યાવર્તન થાયછે એથી એ પ્રકારમાં શેષભૂત વ્યંજન કે આદેશ એકલ રહેછે, બેવડાતો નથી, એટલે એ સાચા સરલીભવનનો પ્રકાર ખરો; પરંતુ આપણા પ્રસ્તુત उत्सर्गના વિષયમાં તો આ અવાન્તરક્રમોમાં કૃત્રિમતા રહેલી જ છે.) સાદો વ્યંજન (शेष અથવા आदेश) બેવડાતો નથી હેવાં અપવાદરૂપ

પ્રાકૃત અને ગુજરાતી-માંની ઘટનાઓ વચ્ચે ભેદ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માત્ર થોડાં ઉદાહરણો છે-સિ. હે. ૮-૨-૯૨ થી ૯૭ એ છ સૂત્રોમાં ચર્ચ્યાંછે તે.[૧૪૬]

[ એથી ઉલટું ગુજરાતીમાં આ उत्सर्ग અનુસાર संयोगलोप થયા પછી નવો કોઇ સંયોગ ઉદ્‌ભવતો નથી; સંયોગનું યથાર્થ અને વાસ્તવિક સરલીભવન એ જ કહેવાય-આ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે; બીજી વાત લક્ષમાં રાખવા જેવી એ છે કે संयोगलोप સંસ્કૃતમાંથી ઉદ્‌ભવેલા પ્રાકૃત સંયોગોમાં થાયછે; પરન્તુ, અહિંયાં સૂચવેલા મુદ્દાંમાંના પ્રથમને એક અપવાદ છે તે સવિશેષ લક્ષયોગ્ય છે. તે એ કે જ્યહારે કાં તો લોપથી અથવા સ્થાનપરિવર્તનથી ह् સંયોગમાંથી નીકળી જાયછે ત્યહારે બાકી રહેલો વ્યંજન પ્રથમ બેવડાયછે અને પછી એ સાદો બની જતાં પૂર્વસ્વર દીર્ઘ બનેછે. ]

આ ઉત્સર્ગમાં કહેલો સંયોગલોપ લગભગ સર્વત્ર ऊर्ध्वलोप છે; માત્ર સંયોગમાંથી ह् છૂટો પડે એ પ્રકારમાં अधोलोप થાયછે. (અથવા ह् નો સ્થાનફેર થતો હોયછે); જેમ કે तिण्हं-तिन्नि-તીનું; कण्हु-क्हण्णु-क्हान. બીજા બધા પ્રકારોમાં પૂર્વવ્યંજનનો લોપ થાયછેઃ कविट्ठ-कवट्ट-कोँठ, तिक्खउं-तीखुं, ओट्ठ હોઠ.-ओट्ठ જેવા શબ્દોમાં સંયોગનો પૂર્વસ્વર દીર્ઘ છે એટલે દીર્ઘ કરવાનો રહેતો નથી.

---

૧૪૬ એક વાત લક્ષયોગ્ય છેઃ સાક્ષાત્ સુનિષ્પન્ન સ્વરૂપવાળી ભાષામાંનાં રૂપે, જેનો વિષય છે, હેવાં સંસ્કૃત વ્યાકરણો વ્યાકરણસિદ્ધરૂપોનાં પૃથક્‌તત્ત્વોના કૃત્રિમ અવાન્તરક્રમો દર્શાવેછે, પણ એથી ઉલટું, સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં આવતાં થયેલા પ્રત્યક્ષ વાગ્વ્યાપારસિદ્ધ રૂપવિકારો જેનો વિષય છે હેવાં પ્રાકૃત વ્યાકરણો પ્રાકૃતિક કારણોથી ઉદ્‌ભવેલાં રૂપાન્તરો ચર્ચેછે. વસ્તુસ્થિતિ હેવી હોઇને હેમચન્દ્રની ચર્ચામાં જે કૃત્રિમતા ઉપર દર્શાવીછે તે સંયોગલોપના સ્વરૂપને લગતા મર્યાદિત અર્થમાં જ સમઝવાની છે એ ધ્યાનમાં રાખવું. એ જ કારણે, અર્થાત્ સંસ્કૃત અને પ્રાકૃત વ્યાકરણો વચ્ચેની પૂર્વોક્ત ભિન્નતાને કારણે, ચણ્ડે કરેલો કૃત્રિમતાનો હાસ્યપાત્ર વિસ્તાર ખરેખર આપણી વાગ્વ્યાપારવિષયક ઔચિત્યવૃત્તિને ખૂંચનારી બનેછે. એક બે ઉદાહરણોથી મ્હારું વક્તવ્ય સ્પષ્ટ થશેઃ-

ત્રીજા પ્રકરણમાં સરલ તેમ જ સંયુક્ત વ્યંજનો વિશેના નિયમો એકત્ર કરીને ચંડ પોતાના વ્યાકરણને સરળ કરવા મથેછે. સંયોગનાં અંગોમાંથી ગમે તે એકનો લોપ સૂચવેછે. અને બાકી રહેલા વ્યંજન માટે आदेश આપીને હેનું द्वित्व દર્શાવેછે. પરિણામે

( अ ) એ ખરા વાગ્વ્યાપારોચિત વિકારોનો અને નિયમોનો અનાદર કરેછે. અને ( आ ) ગૌરવદોષમાં સપડાયછે.

દાખલા તરીકે, ૩-૧માં કહેછે કે य् અને व् ( સંયોગમાં ) ह्‌ની પછી રહેલા લુપ્ત થાયછે, અને ઉદાહરણો मुह्यते। मुज्झते। जिह्वा। जिब्भा। એ આપેછે; અને પછી ह्‌નો झ् ૩-૨૦ માં અને ह्‌નો भ् ૩-૨૧ માં દર્શાવેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ ઉત્સર્ગના, संयोगलोप અને पूर्वस्वरदीर्घत्वના, બીજભૂત નિયમની ઐતિહાસિક પ્રાચીનતા તરફ નજર નાંખિયે. ડૉ. ટેસિટોરી કહેછે કે "અપભ્રંશની સરખામણીમાં અર્વાચીન ભાષાઓનું મુખ્ય વાગ્વ્યાપારવૈશિષ્ટ્ય થઇ રહેલું આ संयोगलोप पूर्वस्वरदीर्घत्व [ઇ. સ. ના] ચૌદમા સૈકાથી લાંબા સમય પૂર્વે શરુ થઇ ચૂક્યું હતું."–હેમની "Notes on O. W. Rāj." Ind Ant. February 1914, પૃષ્ઠ ૨૨ મું જુવો. અલબત્ત હેમણે આ અનુમાન प्राकृतपिंगलમાં માત્ર એક જ રૂપમાં, इज्जइ (પ્રત્યય)નું ઈજે થવામાં, આ નિયમની પ્રવૃત્તિ જોઈને રચ્યુંછે. આ ઘટના અર્વાચીન ભાષાઓનું વિશિષ્ટ લક્ષણ છે એ જોતાં એમ કહેવું કદાચ વધારે ખરું ગણાય કે ચૌદમા સૈકામાં इज्जइનું ઈજે થવામાં આ ઘટનાનું બીજરૂપે સૂચન થયુંછે. કારણ કે, આપણે પાછળ दक्षिणનું दाहिण એ રૂપાન્તરમાં જોયું તેમ[147], આ જ નિયમની બીજરૂપે પ્રવૃત્તિ આથી પણ આગળ છેક હેમચન્દ્રના સમય સુધી અને એથી પણ પૂર્વે જોઇ સકિયે–क्ष નો क्ख થયો, પછી ख (જેનો ह થાયછે), અને क्ख નો ख થતાં द લંબાઈને दा થાયછે. હેમચન્દ્રથી પણ પૂર્વે એમ કહેવાનું કારણ એ કે એ રૂપ ભાષામાં લાંબા સમયથી પ્રચરિત હોય તો જ એ હેને પોતાના વ્યાકરણમાં સિદ્ધ લક્ષણ રૂપે નોંધે, અને બીજું કારણ એ કે હેના સમયમાં પ્રાકૃત ભાષાઓ બોલાતી

---

અહિંયાં ખરેખરા વાગ્વ્યાપાર-ઇતિહાસનો, એટલે કે य् નો ज् (પહેલા શબ્દમાં) અને व् નો ब् (બીજામાં), પછી એ બેનું ह् ને યોગે મહા પ્રાણત્વ થઇને झ અને भ એ સઘળા વિકારક્રમનો, હેણે તિરસ્કાર કર્યોછે એટલું જ નહિ પણ વિપર્યાસ કરી નાખ્યોછે.

પછી, ( गृहं–घरं; बाह्यः–वज्झो અને जिह्वा–जिब्भा એ પ્રમાણે ) ह् નો र्, ह् નો झ, અને ह् નો म् થવા માટે ચ્હડે ત્રણ સૂત્રો આપ્યાંછે,–૩–૧૯,૨૦ અને ૨૨. આ गौरव છે અને દેખીતો જ ખોટો વાગ્વ્યાપાર-ઇતિહાસ છે.

વળી घरને માટે બે સૂત્રો હેણે આપ્યાંછે,–એક ह् નો र् થવા માટે અને બીજું ग् નો घ् થવા માટે; ૩–૧૯, ૨૦. વાગ્વ્યાપારનો આ ખોટો ઇતિહાસ છે, અને હેની ઉપપત્તિહીનતા હાસ્યપાત્ર છે. આ ઉપરથી કોઇ એક ( જેનું નામ આપવાની જરૂરિયત નથી હેવા ) પુરુષે આપેલી वंहेनની વ્યુત્પત્તિ મ્હને યાદ આવેછે; હેણે કહેલું કે भ નો થયો ब, गि નો हे, અને नी નો न એટલે (સં.) भगिनीનું થયું (ગુજ.) वंहेन! મ્હેં પૂર્વે (ઉપર પૃ. ૧૦૭ નોટ ૫૫માં) કહ્યુંછે તેમ ખરા ક્રમો આ છેઃ गृनुं गर् (गर्ह), ह्‌ની આદિ તરફ ગતિ (गृहर), અને ग् અને ह् નો સંકર થઇને घ,–घर. હેમચન્દ્રે આખા સંયોગોના આદેશો આપવામાં અને હેવી બીજી વ્યવસ્થામાં ચંડ કરતાં વિશેષ સમજ દર્શાવીછે.

૧૪૭. ઉપર પૃ. ૩૮૧ જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બંધ પડી હતી–માત્ર એક જ અપવાદભૂત સૂત્રમાં હેમચન્દ્રે સંયોગલોપથી થતા પૂર્વસ્વરદીર્ઘત્વની, સ્પષ્ટ શબ્દોમાં, નોંધ લીધીછેઃ लुप्तयरवशषसां दीर्घः (૮-૧-૪૩). અલબત્ત આ સૂત્રનો વિષય સંસ્કૃતમાં રહેલા સંયોગનો પ્રથમ લોપ છે, જ્યહારે આપણા ઉત્સર્ગનો વિષય આ લોપ પછી अनादौ शेषादेशयोर्द्वित्वम् અનુસાર પ્રાકૃતમાં ફરીથી ઉત્પન્ન થતા સંયોગનો લોપ છે; આ દ્વિત્વને પૂર્વોક્ત (૮–૧–૪૩) સૂત્રમાં અવકાશ નથી.

પરંતુ આપણે એથી પણ આગળ વધીને સંસ્કૃત યુગમાં જઇને એ ભાષામાં આ નિયમની પ્રવૃત્તિ જોઇ સકિયે. ફક્ત પાણિનિ ૮–૩–૧૩ (ढोढे लोपः) અને ૮–૩–૧૪ (रोरि) જુવો જેમાં ढ्‌ની તરત જ પૂર્વે રહેલા ढ्‌નો અને र्‌ની પૂર્વે રહેલા र्‌નો લોપ ફરમાવ્યોછે; પછી ૮–૩–૧૧૧ (ढ्रलोपे पूर्वस्य दीर्घोऽणः) જુવો, જે મુજબ આ ढ् અને र्‌નો લોપ થતાં પૂર્વનો अ, इ કે उ દીર્ઘ બનેછે. આ પ્રમાણે બનેઃ लिह्+क्त=लिढ्+ढ=लीढ; તેમ જ गुह्+क्त= गुढ्+ढ=गूढ; मिह्+क्त=मिढ्+ढ=मीढ; रुह्+क्त=रुढ्+ढ=रूढ; वह्+क्त=उढ्+ढ=ऊढ; निर्+रव=नीरव. આ રીતે આપણે આ નિયમને, અલબત્ત બીજરૂપે, પણ પાણિનિના સમયની પૂર્વે, એટલે ઇ. સ. પૂર્વેના આઠમા સૈકાની પૂર્વે, પ્રવર્તતો જોઇયે છિયે. (હેમચન્દ્રની બાબતમાં હમણાં જ જે કારણ મ્હેં આપ્યું એ જ કારણે હું અહિં પાણિનિની પૂર્વે કહુંછું, અર્થાત્ એ કારણે કે આ રૂપો લાંબા સમયથી રૂઢ હોવાં જોઇયે કે જેથી પાણિનિ હેનો સ્વીકાર કરી સકે.) (પાણિનિના સમય માટે ડૉ. ભાંડારકરનાં વ્યાખ્યાનો પૃ. ૩૦૧ જુવો.) સરલતા સાધવાના અને સાથે સાથે ઉચ્ચારમાત્રાને જાળવીને બંધબેસતી વ્યવસ્થા કરવાના માનુષવાણીના સ્વભાવનું સૂચન કરતી આ નિયમની માત્ર બીજરૂપ પ્રવૃત્તિનો જ પુરાવો આ સર્વ હકીકતથી મળેછે એ ફરીથી કહેવાની આવશ્યકતા નથી. આ નિયમની પૂર બહારમાં પ્રવૃત્તિ તો આપણી અર્વાચીન ભાષાઓ જે સમયે વિશિષ્ટ સ્વરૂપ અને અસ્તિત્વ પ્રાપ્ત કરવા લાગી તે સમયમાં મૂકવી પડે.

સિંધી, કચ્છી અને પંજાબીમાં બેવડો વ્યંજન ટકી રહેછે; સિંધી વિશેના પ્રચારરૂઢ મતનું પરીક્ષણ અને નિરસન.

છતાં જણાયછે કે, આજ સુધી એક બે અલગ થઇ રહેતી ભાષાએ જૂના સંયોગને અલુપ્ત જાળવી રાખ્યોછે અને પરિણામે પૂર્વ હ્રસ્વ સ્વરને દીર્ઘ થવા દીધો નથી (જો કે સ્થાનયોગે એ દીર્ઘ છે ખરો). આ ભાષાઓ સિંધી, પંજાબી અને કચ્છી, જે આ વિશિષ્ટ લક્ષણમાં બીજી સગોત્રિય ભાષાઓથી, મરાઠી, ગુજરાતી, બંગાળી અને ઉરિયાથી, અને અમુક અંશે હિન્દીથી,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચોખ્ખી અલગ પડી રહેછે; અમુક અંશે હિન્દીથી–કારણ હિન્દીમાં काम-हाथ વગેરે શબ્દો છે; અને કવચિત् मक्खन જેવા શબ્દો પણ છે, પણ એ તો જૂજ અપવાદો છે એટલે આ બાબતમાં હિન્દીને સામાન્ય વર્ગમાં મૂકીશું. અન્ય ભાષાઓમાં काम, हाथ, आज ઇત્યાદિ છે ત્યહાં સિન્ધી, પંજાબી અને કચ્છીમાં कम्म, हत्थ, अज्ज ઇત્યાદિ છે. આ વિષયે મ્હારે કહેવું ઘટે કે ડૉ૦ સર રા. ગો. ભાંડારકરે પંજાબીમાં બેવડા વ્યંજનો સ્વીકાર્યાછે પણ સિંધી વ્યાકરણ વિશે અને ભાષા વિશે લખી ગયેલા પ્રાચીન લેખકોને અને સિંધી શબ્દકોષોના રચનારાઓને અનુસરીને હેમણે આ શબ્દોના સિંધી ઉચ્ચારો कमु, हथु હેવા, એટલે કે म्म, त्थ ઇત્યાદિ બેવડા વ્યંજનો વગરના દર્શાવ્યાછે. સર જ્યૉર્જ ગ્રીઅર્સન પણ એ જ મત સ્વીકારેછે. હેમણે ઇ. સ. ૧૯૧૩ ના J. R. A. S. માં આપેલા એક લેખમાં પૃ. ૧૪૩ મે चम्मु, कन्नु (=કાન)–અથવા હેમના પ્રમાણે ખરી રીતે चमु, कनु–એ શબ્દોને K'am<sup>u</sup>, Kan<sup>u</sup>, એમ દર્શાવ્યાછે. (આ ભેદકસંજ્ઞા u ને પંક્તિની ઉપર મૂકવાનો હેતુ चम्मु વગેરે-માંના उनो વિલક્ષણ ટૂંકો અને આંચકો ખાતો ઉચ્ચાર દર્શાવવાનો સ્પષ્ટ જણાયછે.) બીમ્સ (૧, પૃ. ૧૫૩) પણ એ જ ભૂલમાં પડ્યાછે અને કહેછે, કે "સિંધી અને પંજાબી હ્રસ્વ સ્વરો પસંદ કરેછે, પણ પંજાબી હેની પછી બેવડો વ્યંજન મૂકેછે અને સિંધી નથી મૂકતી." (પ્રસંગવશાત્ કહી દઉં કે પંજાબી "હ્રસ્વ સ્વર પછી બેવડો વ્યંજન મૂકેછે" એમ કહેવું એ તો વાગ્વ્યાપારગત વિકાસક્રમનો વિપર્યય કર્યો કહેવાય.)

હવે આ સર્વે લેખકો પ્રત્યે અને શબ્દકોષકારો પ્રત્યે મ્હારી માનવૃત્તિ કાયમ રાખીને કહેવું પડેછે કે તેઓનું આપેલું સિન્ધી ઉચ્ચારનું સ્વરૂપદર્શન સાચું નથી. હું છન્દરૂપ કસોટી સૂચવીશ–એ કસોટી ઉચ્ચારની માત્રાના વિષયમાં નકામી કે ભ્રમ ઉપજાવનારી નહિં જ નીવડે. દાખલા તરીકે, કાવ્યમાં તો બેવડા વ્યંજનવાળો અને પરિણામે પૂર્વસ્વરના ગુરુત્વવાળો अज्ज (કે अज्जु) શબ્દ જ માત્રાગણનાને અનુરૂપ થશે; હાવી પંક્તિમાં अजु બંધ નહિં બેસેઃ–

૧૪૮ "छा मजाहूसां अज्जु आ क्हेडी खिली हे चांदणी."

---

૧૪૮ મીરઝા કલીચ બેગે કરેલી 'The Merchant of Venice'ની પ્રતિકૃતિ કરાચીની દ. જે. આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીઓએ સિંધ–હૈદરાબાદમાં ઈ. સ. ૧૮૯૬ કે ૧૮૯૭ માં ભજવી હતી હેમાં ગવાયેલી આ પંક્તિ મ્હેં સાંભળી હતી તે સ્મૃતિમાંથી ટાંકીછે. અહિં તહિં એકાદ શબ્દ મૂળથી ભિન્ન હશે, પણ હેમાં अज्जुની માત્રા ગણના વિશે મ્હારી સંપૂર્ણ ખાતરી છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અાંહયાં સંયોગયુક્ત अज्जुને સ્થાને अजु મૂકવામાં આવે તો (આ વિષયમાં ગુજરાતી હરિગીત છન્દ રચનાને મળતી) આ પંક્તિના લયમાં હાનિ પ્હોચશે.

એક સુવિખ્યાત સિન્ધી પંડિત–હૈદરાબાદ (સિંધ)ના મીરઝા કલીચ બેગ–મ્હને[૧૪૯] જણાવેછે કે कमु અને कम्मु બંને સિન્ધી ઉચ્ચારના પ્રકારો છે, પણ, હેણે જ બતાવ્યુંછે તેમ, कम्मु ઉચ્ચાર દર્શાવવાને એકવડા म ઉપર शद् સંજ્ઞા મૂકાયછે. એ તો કદાચ કેટલાક લેખકોના બેવડા વ્યંજનવિશેના દુર્લક્ષનું પરિણામ હોવું જોઇયે. સિંધમાં બોલાતી સિંધી મ્હેં સાંભળીછે. હેમાં તો ઉચ્ચાર સંયુક્તવ્યંજનનો જ હતો અને પૂર્વસ્વર ઉપર ભાર દેવાતો

---

૧૪૯ સિંધી ભાષાનાં કેટલાંક લક્ષણો વિશે મ્હેં પૂછેલા પ્રશ્નોના ઉત્તરમાં મળેલા મીરઝા કલીચ બેગના તા. ૧૫ ડીસેંબર ૧૯૧૫ ના પત્રમાંથી ટાંચણ નીચે આપુંછું:–

"સિંધી શબ્દો कम्मु, अज्जु ઇત્યાદિમાં છે ત્હેવા બેવડા વ્યંજન વિશે [કહેવાનું કે] સિંધીમાં હમે હેને शद् નામની નિશાની વડે દર્શાવિયે છિયે. હેનું સ્વરૂપ અક્ષર ઉપર મૂકેલ w એ છે. બીજી બધી સંજ્ઞાઓ અને વર્ણોની માફક એ પણ અરબીમાંથી લીધેલીછે. હમારી સિન્ધી અરબી–સિંધી કહેવાયછે, એટલે આ ખાસ સંજ્ઞા વપરાયછે અને હેનાથી અર્થ બહુ સારો સરેછે એમ હું માનુંછું. જ્યહારે कम् કે अज् કહિયે ત્હારે આ સંજ્ઞા મૂકાતી નથી; પણ એ રૂપ તો ફારસીમાં જ વપરાયછે, હેમાં અન્ત્ય વ્યંજન ઘણીવાર ગતિહીન રહેછે, એટલે કે સ્વરચિહ્ન વિનાનો હોયછે. પણ સિંધીમાં વ્યજનના છેલ્લા વર્ણો હંમેશાં ગતિમાન્ હોયછે, અને એ વ્યંજન એકવડો હોય કે બેવડો હોય. कम्मु હોય તો ભાર દઇને વાંચિયે ત્હારે म ઉપર માત્ર शद् સંજ્ઞા મૂકિયે. कम् એક શ્રુતિ છે અને कम्मुમાં બે શ્રુતિ છે એટલે માત્રાસંખ્યા પણ ભિન્ન છે. એ રીતે સિંધી કવિતામાં છન્દરચનામાં હેની અનુક્રમે એક કે બે શ્રુતિ ગણાયછે. ફારસી કવિતામાં પણ એમ જ છે. કોઈ કોઈવાર જ્યહાં એક જ વ્યંજન હોય ત્યહાં કવિની નિરંકુશતા અનુસાર હમે બેવડો વ્યંજન મૂકિયે અથવા એક શ્રુતિને ભાંગીને બે શ્રુતિ બનાવિયે. પણ એ માત્ર કવિતામાં, જેમ કે પેલા રાજાના નામ जम्शेद्માં બે શ્રુતિઓ છે, પણ ફારસી કવિતામાં કોઈવાર હેને जम्मिशेद् (૩ શ્રુતિયો) બનાવી દેછે. સિંધીમાં હમે વ્યાકરણ-છન્દ ઈત્યાદિમાં ફારસી અને અરબીને અનુસરિયે છિયે"

મ્હને લાગેછે મીરઝા કલીચ બેગ શ્રુતિસંખ્યાને જ આધારે રહ્યાછે, પ્રત્યેક શ્રુતિની માત્રા ઉપયોગી તત્ત્વ છે હેને આધારે નહિ. कम्मुમાં બે શ્રુતિયો છે ઉપરાંત માત્રા ત્રણ છે પણ कमुમાં બે જ માત્રા છે. પણ તત્ત્વ જોઇયે તો ઉપર ટાંકેલા મતો બેવડા વ્યંજનના મ્હારા પક્ષનું સમર્થન કરેછે; વિકલ્પે આવતો એકવડો વ્યંજન ઘણે અંશે કે થોડે અંશે ઉચ્ચારની અપૂર્ણ સમજનું પરિણામ છે. બેવડો વ્યંજન એ ખરું રૂપ છે હેનાં અને ખોટી રીત ઉપજાવનારાં ગૂઢ કારણોનાં સ્પષ્ટ સૂચનો ઉપરના ટાંચણમાં દેખાયછે. जम्शेद्નું जम्मिशेद थवानो મીરઝા કલીચ બેગે આપેલો દાખલો स्वरभक्तिનો વિષય જણાયછે એટલે પ્રસ્તુત ચર્ચામાં ઉપયોગી નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતો. માટે હું એમ માનુંછું કે સિંધી ભાષાને પૂર્વસ્વરને લંબાવ્યા વિના સંયોગનો એક વર્ણ ઉડાડી મૂકનારી ગણવામાં ડૉ. ભાંડારકર પૂર્વે લેખકોએ સ્વીકારેલી અને ચાલુ રાખેલી ખોટી મતપરંપરાથી દોરાઈ ગયાછે. તેઓ કહેછે:—

"સિંધીમાં બેમાંનો એક વ્યંજન લુપ્ત થાયછે, પણ પૂર્વસ્વર દીર્ઘ થતો નથી, જ્યહારે પંજાબીમાં પ્રાચીન પ્રાકૃતોમાંથી ઉતરી આવેલા બેવડા વ્યંજનો બહુધા જળવાઈ રહેછે." (હેમનાં ભાષાશાસ્ત્રવિષયક વ્યાખ્યાનો, પૃ. ૧૯૮).

હવે, અનેક બાબતોમાં પોતાની સાથે નિકટ સંબન્ધ દર્શાવતી પોતાના પડોશમાંની બંને ભાષાઓથી, ઉત્તરની પંજાબીથી અને દક્ષિણની કચ્છીથી, સિન્ધી ભિન્નરૂપે વર્તે એ ખરેખર વિચિત્ર છે. અને, વિશેષમાં, સંયોગલોપ થવા છતાં પૂર્વસ્વર-દીર્ઘત્વરૂપે માત્રાસંખ્યાનું પરિપૂરણ ન કરવામાં આવે એ વાગ્વ્યાપારના ઇતિહાસથી અસંગત છે. તરતમાં જ ચર્ચવાના ગુજરાતી પ્રકારોની માફક, અપવાદ-ભૂત ઉદાહરણોને સ્વરભારના વિશિષ્ટ સંચાર વડે કે હેવાં કારણો વડે સમઝી સકાય અને સમઝાવી સકાય; પણ કોઇએક ભાષામાં માત્રાવ્યવસ્થાનો નિયમરૂપે અને સામટો ઇનકાર કરવામાં આવે તો ખરી ઘટના સમઝવામાં જ ભૂલ થઈ હશે હેવી શંકા ઉપજે; અને મ્હેં ઉપર દર્શાવ્યુંછે તેમ આપણે પ્રત્યક્ષ જોઇયેછિયે કે વસ્તુતઃ સંયોગ લુપ્ત નથી થતો પણ ટકી રહેછે.

મ્હેં આ ઉત્સર્ગની વિસ્તીર્ણ ચર્ચા કરીછે હેનું ખાસ કારણ એ કે, મ્હારા જાણવા પ્રમાણે, મિ૦ બીમ્સે કે ડૉ. ભાંડારકરે કોઇએ આ નિયમનો સ્વતંત્રરૂપે અને વીગતસર વિચાર નથી કર્યો, માત્ર પ્રસંગપ્રાપ્ત ઉલ્લેખ કર્યોછે. ડૉ. ભાંડારકરે (વ્યાખ્યાનોને પૃ. ૧૯૮ મે) કરેલો આ નિયમનો ઉલ્લેખ ટૂંકો અને પ્રસંગપૂરતો છતાં પૂરેપૂરો સૂચક છે હેમાં શંકા નથી; પણ મિ૦ બીમ્સ તો આ પ્રશ્નનો માત્ર ઉપરચોટિયો પરામર્શ કરેછે. (હેમના ગ્રંથનું પુ. ૧, § ૪૧ (પૃ. ૧૫૨-૧૫૬); § ૭૨-૯૩ જુવો; હેમાં લગભગ આખામાં સંયોગનાં અંગોના અન્યોન્ય સંબંધની અને હેનાં રૂપાન્તરોની જ ચર્ચા છે.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## उत्सर्ग १४

### संयोगलोप, पूर्वस्वर अविकृत.

સંયોગના પ્રથમ વ્યંજનનો લોપ થાય છતાં પૂર્વસ્વર દીર્ઘ થાય નહિં.

સંયોગલોપ–પૂર્વસ્વર અવિકૃત

આ ઉત્સર્ગમાં ગયા ઉત્સર્ગના અપવાદો ચર્ચાવિષય છે એમ કહિયે તો ચાલે, પણ એ અપવાદો ઘણા છે; અને માત્રાપારપૂરણના તાત્ત્વિક નિયમના દેખીતા ઉલ્લંઘનનું કારણ, કે હેનાં કારણો, લક્ષયોગ્ય છે. માટે હેને ભિન્ન उत्सर्ग રૂપે મૂકુંછું.

કેટલાક શબ્દોમાં માત્રાસંખ્યાનું સમાધાન થયા વિના સંયોગલોપ થાયછે, અર્થાત્ સંયોગનો પ્રથમ વર્ણ લુપ્ત થાયછે પણ પૂર્વે રહેલો હ્રસ્વસ્વર હ્રસ્વ રહેછે; એ કેટલાંક પ્રતિબન્ધક બળોનું પરિણામ છે.

ઉદાહરણોઃ—

| સં. | પ્રા. અપ. કે દેશ્ય. | ગુજ. |
|---|---|---|
| पश्चात | पच्छइ ( सि. हे. ८–४–४२०) | पछी[१५०] |
| चित्तं | चित्तु | चित |
| उत्संगः | उच्छंगु | उछंग |
| उल्लासः | उल्लास | उलास |
| विज्ञप्ति | विण्णत्ती | विनंती |
| पापर्द्धिः | [१५१]पारद्धी (सि. हे. ८–१–२३५) | पारधी |
| व्याख्यानं | वक्खाणु | वखाण |

(=સ્તુતિ; હામાં જરાક અર્થાન્તર થાયછે તે ક્ષમ્ય છે.)

---

૧૫૦. पाछुं, पाछो, पाछी એ વિશેષણની ગણના કરિયે તો આ શબ્દ વિકલ્પમાં આવે. પણ पाछुंનું વાસ્તવિક વિશેષણભૂત મૂળ पश्चात्कं હોય; અને પછી पच्छउं ઈત્યાદિ ક્રમો આવે: એટલે એ શબ્દનો મુખ્ય નિયમમાં સમાવેશ થાય અને પછી, અવ્યય, અપવાદ બને.

૧૫૧. पारद्धं=आखेटक, શિકાર, એ દેશ્ય શબ્દ છે (देशीनाममाला, ६–७७). કેટલે અંશે पापर्द्धिः ખરો સંસ્કૃત હશે, કે पारद्धंનું દેશ્યપણું ખરું હશે, એ વિશે નિર્ણય કરવો મુશ્કેલ છે. पापर्द्धिः=શિકાર; पारधी=શિકારી. આ અર્થફેર અસાધારણ નથી. અથવા ‘શિકારી’ અર્થે पापर्द्धिकः શબ્દ લઇયે, જો કે એ ક્લિષ્ટ બને.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| परिष्वेदकः | परिस्सेअउ | |
| | परिसेवउ | परशेवो |
| कर्पूरं | कप्पूरु | कपूर |
| आश्चर्यं | अच्छरिज्जु | अचरज |
| गुर्जरः | गुज्जरु | गुजर |
| चक्रवाकः | चक्काओ (सि. हे. ८-१-८) | चकवो |
| एकस्थकं | एकट्ठउं | एकठुं |
| प्रतिच्छाया | पडिच्छाआ (पडिच्छायउ) | पडछो / पडछायो |
| सूत्रधारः | सुत्तहारु | सुतार |
| सुवर्णकारः | सुवण्णआरु | |
| | सुण्णारु | सुनार |
| चमत्कृतं | चमक्किअं | चमक्युं |
| नखः | नक्खु (सि. हे. ८-२-९९) | नख[१५२] |
| भट्टः | भट्टु | भट |
| वृद्धकः | वड्डउ | वडो |
| नास्ति | णत्थि | नथी |
| चतुरस्रं | चउरस्सु | चौरस |
| मल्लः | मल्लु | मळ |
| भद्रकं | भल्लउं[१५३] | भलुं |

૧૫૨. नख ને तत्सम માનિયે તો ઉપરની ગણનામાંથી એ બાતલ થાય. પણ नख, હાવો પરિચિત શબ્દ અને प्रा. नक्खु એ હેવી સગવડ કરી આપેછે કે હેનો અહિં સમાવેશ કરવાની મ્હારી વૃત્તિ થાયછે.

૧૫૩. द्रનો ल्ल થવાનો સાક્ષાત્ આધાર મ્હને सि. हे. માં કે प्रा. प्र. માં કે प्रा. ल. માં ક્યહાંએ મળતો નથી. सि. हे. ८-१-८२માં आर्द्रं શબ્દમાં आનો ओ થતો ચર્ચ્યોછે અને ओल्लं, अल्लं અને अद्दं એ ઉદાહરણ આપ્યાંછે હેમાં પરોક્ષ સૂચન થાયછે. વળી कुमारपालचरित ८-७६માં વૃત્તિમાં भल्लत्तण અને भल्लप्पणમાંના भल्लની ચર્ચા કરતાં હેમચન્દ્ર કહેછેઃ भल्लेति शीघ्रादित्वात् भद्रं तस्य भावो भद्रत्वं भद्रता; હામાં શીઘ્રાદીનાં वहिल्लादयः। सि. हे. ८-४-४२२નો ઉલ્લેખ છે; પણ હેમાં भद्र-भल्ल ઉદાહરણ આપ્યું નથી માટે હેણે શીઘ્રાદિને आकृतिगण ગણીને भद्रનો સમાવેશ સાધ્યોછે એમ સમજવું પડેછે. આ વ્યવસ્થા ઉદ્દિષ્ટ લાગેછે કારણ કે द्रનો ल्ल બહુ થોડા શબ્દોમાં થાયછે (आर्द्रं, भद्र, पद्र). જો भल्ल અને पल्लीને દેશ્ય શબ્દો ગણિયે તો બધી મુસીબત ટળે; भद्र, पद्र એ भल्ल-पल्लीને આધારે રચેલા સંસ્કૃતીકૃત શબ્દો ગણાય. પણ આ સઘળાની અંદર द्रનો ल्ल થવાનો નિયમ પ્રવર્તતો સ્વીકારવો પડે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | | |
|---|---|---|---|
| | परकीयकं | पारक्कउं ( सि. हे. ८–१–४४ ) | पारकुं |
| | पत्रकं | पत्तरउं | पतरुं |
| | शक्नोति | सक्कइ | सके (छे) |
| १५४ | अंगरक्षकं | अंगरक्खउं | अंगरखुं |
| | पादरक्षकं | પરભારો पगरक्खउं | पगरखुं |
| | परीक्ष | परिक्ख | परखवुं पारख(वुं) |
| | | णत्था | नथ्य ( વિકલ્પે–नाथ्य )[155] |
| | દેશ્ય छिन्नाली | | छिनाळ |
| | ,, कट्टारी | | कटारी<br>कटार |
| | ,, कडच्छू | | कडछी |
| | ,, कच्छरो | | कचरो |
| | ,, बप्पीओ | | वपैयो |
| | ,, उत्थल्ल पत्थल्ला[156] | | उथलपाथल |
| | ,, पत्थारी ( देशीनाममाला, ६–६९ ) | | पथारी |

---

૧૫૪. આ બે શબ્દો મૂળ સંસ્કૃતમાં હોય એ સંભવિત નથી; પણ વ્યુત્પત્તિ સમઝાવવા માટે હેને અહિં સમાસરૂપે મૂક્યાછે.

૧૫૫. "નાકની દોરી" (=બળદની નાકની રજ્જુ) એ એક જ અર્થ હેમચન્દ્રે देशीनाममाला ૪–૧૭માં આપ્યોછે. णत्था णासारज्जु । णत्था नासारज्जु ॥ ઉદાહરણમાં णत्थारहिओसहेण (=नासारज्जुरहितवृषभेण) એમ આપેછે. મ્હારા અન્વેષણ પ્રમાણે, સ્ત્રીનો નથ્ય જેવો અલંકાર સંસ્કૃત સાહિત્યને કે પ્રાચીન ભારતીય સંસ્કૃતિને અપરિચિત છે. મુસલમાનના આગમનની પૂર્વે કોઇ પણ કોશમાં કે સાહિત્યમાં મ્હને આ શબ્દ પ્રાપ્ત થતો નથી. આ અલંકારને મુસલમાનોએ પોતાના ભરતખંડના આધિપત્યના છેવટના સૈકાઓમાં દાખલ કર્યો એ સ્પષ્ટ છે. અભાવરૂપ અને કાંઇક અંશે દૃષ્ટાર્થરૂપ પ્રમાણોને આધારે રચાયેલો આ મ્હારો મત છે. આ વિષયપર કાંઇ પણ પ્રકાશ પડી સકે તો હું ખુશી થઇશ.

"The Dress of Ardvi Sūra, and the toilette of the Hebrew Lady (અર્દ્વી સૂરનો પ્હેરવેશ, અને યાહુદી સ્ત્રીનો પ્રસાધનવિધિ)" એ વિશે મિ૦ આર. પી. ઉમરીગરે લખેલા લેખમાં, "દસ્તુર હોશંગ સ્મારક ગ્રન્થ"નાં પૃષ્ઠો ૯૫ ઇત્યાદિમાં આપ્યુંછે તે મુજબ, ડિ ફિલ્વન્સીના 'Toilette of the Hebrew Lady' વિશેના નિબન્ધમાં યાહુદી સ્ત્રીના અલંકારોમાં, તેમ જ મીડિયાના પુરુષોના અલંકાર તરીકે, નથ્ય વર્ણવેલી મ્હેં જોઈછે.

૧૫૬. ડૉ. ભાંડારકર उथलपाथलની વ્યુત્પત્તિ વ્યત્યયદ્વારા उलटापालटा પ્ર., પ્રા. उवलत्थ–ट्ठ पल्लत्थ–ट्ठ સં. उपर्यस्त पर्यस्त હેમાંથી સાધેછે. (હેમનાં વ્યાખ્યાનો, પૃ. ૧૯૦, છેલ્લી બે પંક્તિ) મ્હારો આધારભુત શબ્દ देशीनाममाला ૧–૧૨૨ માંથી લીધોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ ઉત્સર્ગના વિકલ્પનાં કેટલાંક ઉદાહરણોછે, જેમાં કાં તો પૂર્વસ્વરનું દીર્ઘત્વ વિકલ્પે થાયછે અથવા તો સંયોગ વિકલ્પે અવિકૃત રહેછે. જેમકેઃ–

વિકલ્પ પ્રકારો

| | | |
|---|---|---|
| अरण्यं | { अरण्णु / रण्णु } | रण; रान |
| कर्पटकं | कप्पडउं | कपडुं (=પરિધાન–વસ્ત્ર) / कापड (વસ્ત્રપટ) / [157]कापडुं (=કાંચલી) |
| [158] { प्रस्तरकः / प्रस्तरः } | पत्थरउ / पत्थरु | पथरो / पथ्थर |
| [158] { पक्षकः / पक्षः } | पक्खउ જાતિ વિપર્યય; / पक्खु पक्खउं | पखुं[159] / पांख |
| [158] { गर्दभककः / गर्दभकः } | गद्दहडउ / गद्दहउ | गधेडो / गद्धो |
| कर्परं | खप्परं | { खप्पर / खोपरी } [160] |
| દેશ્ય उज्जडं | | { उज्झड / उझ्झड } |

આ ઉત્સર્ગના અન્તર્ગત નિયમનો આધાર સ્વરભારની અસર ઉપર અને ઉત્તરશ્રુતિની ગુરુતા કે લઘુતા ઉપર રહેલોછે. પાછળ રહેલો સ્વર દીર્ઘ અથવા સ્વરિત હોય તો હ્રસ્વસ્વર અવિકૃત રહેછે; જેમકે उछंग, गधेडो, विनंती, छिनाळ, सुतार, सुनार, कटारी ઇત્યાદિ. અહિયાં આ શબ્દોની બીજી શ્રુતિ દીર્ઘ અને સ્વરિત છે; એથી સંયોગલોપ થવા છતાં પૂર્વસ્વર હ્રસ્વ રહેછે.

આ વિષયમાં સ્વરભારની અસર

એ જ મુજબ, परशेवो, पडछायो, હેમાં, મૂળમાં દ્વિતીય શ્રુતિ ( रि, डि) ઉપર રહેલો સ્વરભાર ખશીને તૃતીય શ્રુતિ ( शे, छा ) ઉપર પડેછે; અને

---

૧૫૭. " अतलसनुं कापडुं ते रह्युं ठीकाठीक "
(નાગરસ્ત્રીઓમાં પ્રચરિત ઉત્સવગીત ).

૧૫૮. આ શબ્દયુગ્મોનો જૂદો જ વર્ગ બનેછે, કારણ કે વિકારનો સંબન્ધ क પ્રત્યયના વિધાન કે અવિધાન સાથે રહેલોછે.

૧૫૯. पोतानां पखां नव जुवे हाड चामडां मूरख धुवे ( અખો ).

૧૬૦. અહિં પૂર્વસ્વર अનો, સજાતીય દીર્ઘસ્વર आ થવાને બદલે, ओ થયોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

एक्कंड्रमां (एकड्डउं मां) क ઉપરથી (एकडुं मां) ए ઉપર જાયછે. એટલે સંયોગનો પૂર્વસ્વર હ્રસ્વ રહેછે.

उथलपाथल–उ અસ્વરિત રહેછે, અને पत्थल्ला નો प સ્વરિત બનેછે; એથી उ હ્રસ્વ છે અને प લંબાઇને पा થાયછે, અને સ્વરભાર પૂરેપૂરો पा ઉપર પડવાથી (उत्थल्ल ના અને पत्थल्ल ના) બેઉ ल्ल માં સંયોગલોપ થવા છતાં, બંને थ મનો अ અસ્વરિત અને પરિણામે અદીર્ઘીકૃત રહેછે.

---

## उत्सर्ग १५

### विश्लेष

વિશ્લેષ અનાદ્ય કે આદ્ય સંયોગ વિશ્લેષ (પૃથગ્ભાવ) પામેછે.

સૂચના:—

(अ) આ વિશ્લેષ સાધારણતઃ સંસ્કૃતમાંથી બારોબાર આવતા શબ્દોમાં થાયછે, પરંતુ પ્રાકૃતદ્વારા આવતા શબ્દોમાં પણ થાયછે.

(आ) વિશ્લેષના નિયમનું મૂળ પ્રાકૃતોમાંના विप्रकर्षના વિરલ પ્રકારોમાં છે: જેમ કે શૌરસેનીમાં पूर्वनुं पुरव થાયછે (सि. हे. ८–४–२७०); મહારાષ્ટ્રીમાં र्श–र्षनुं रिस બનેછે (सि. हे. ८–२–१०५); लुप्तक्त સંયોગો તૂટીને इ ल થાયછે, किलेसो ઇત્યાદિ (सि. हे. ८-२-१०६). વરરુચિકૃત प्राकृतप्रकाशમાં विप्रकर्ष વિશેનાં સૂત્રો પણ જુવો.

ગુજરાતીમાં એટલી વિશિષ્ટતા છે કે વિશ્લેષથી અળગા પડેલા વ્યંજનો વચ્ચે સદા अ આવેછે.

[ विश्लेष વિશે, विप्रकर्ष વિશે અને આ નિયમના અન્તિમ મૂળ स्वरभक्ति વિશે વિશેષ ચર્ચા માટે ઉપર પૃ. ११६–११७ પૃ, ११७ મે ફુટનોટ ૫, અને વ્યાખ્યાન ૪ થાના ખંડ ૧ ને છેડે स्वरभक्तिની ચર્ચા જુવો ].

ઉદાહરણો:—

| | |
|---|---|
| सूर्य | सूरज |
| भार्या | भारजा |
| मार्गः | मारग |
| वार्ता | वारता |
| सर्पः | सरप |
| सर्वः | सरव |
| गर्भः | गरभ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| कर्म | करम |
| गर्वः | गरव |
| हर्षः | हरख |
| धर्मः | धरम |
| वर्णः | वरण (=ज्ञाति) |
| चैत्रः | चैतर |
| प्रतापः | परताप |
| प्रभुः | परभु |
| श्लेष्मा | शळेखम |
| लग्नं | लगन } "काणीनां लगन |
| विघ्नः | वघन } ने क्रोडसें वघन" |
| | (કહેવત.) |

(लग्न (સં.) નો અર્થ "વિવાહ" (लगन ગુજ.) નથી થતો. આ અર્થ लक्षणा થી આવ્યો જણાયછે, કારણ કે વિવાહ સાધારણ રીતે શુભ લગ્નમાં અર્થાત્ ગ્રહયોગમાં કરવામાં આવેછે.)

(ટિપ્પણોઃ—(૧) मार्ग થી कर्म સુધીનાં ઉદાહરણોમાં વિકલ્પ પણ છે, माग ઇત્યાદિ, જે उत्सर्ग ૧૩ માં કહ્યુંછે, ત્યહાં જોઈ લેવું.

(૨) ग्राहक, प्रताप, અને प्रभु એ આદ્ય સંયોગના વિશ્લેષનાં ઉદાહરણો છે; જ્યહારે श्लेष्मा માં આદ્ય અને અનાદ્ય બંને સંયોગો વિશ્લેષ પામેછે.)

## પ્રાકૃતદ્વારા આવતા શબ્દો

| સં. | પ્રા. કે અપ. કે દેશ્ય | ગુજ. |
|---|---|---|
| विक्रयः | [161] विक्कउ | वकरो |
| संग्रहकः | संग्रहउ | संघरो |
| आश्रयः | आश्रउ | आशरो |
| निश्रेणिः | [162] निस्रेणी | नीसरणी |
| ग्रहणं | ग्रहणु | घरण |

૧૬૧. સંયોગના બીજા (अधोवर्ती) વર્ણ તરીકે રહેલો र् અપભ્રંશમાં જળવાઈ રહેછે. એથી विक्कउ અને ઉપરના નોંધમાંનાં અન્યરૂપો પ્રાપ્ત થાયછે.

૧૬૨. પ્રા. માં. निस्सेणी છે અને દેશ્યમાં णीसणिआ છે. પણ ગુજરાતીમાં र् રહેછે; માટે હું અપ. રૂપ निस्रेणी લઉંછું.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ग्राहकः | ( ग्राअकु ) | घराक |
| अग्राह्यकं है अग्रहकं | अग्गहउं | अघरुं |
| प्राघुणकः | प्राहुणउ | प्हूणो |
| भाद्रपदः | भाद्रवउ | भादरवो |
| कोद्रवाः ( બહુવાન ) | कोद्रवा ( વ્-લોપ, પછી) | कोदरा |
| पत्रकं | पत्रउं | पतरुं[१६३] |
| चित्रयति | चित्रेइ–चित्तरइ | चीतरे (छे) |
| सूत्रयति | सूत्रेइ–सुत्तरइ | सूतरे (छे) |
| रात्रौ | रात्रिहिं–रात्रइ | रातरे[१६४] |
| प्रमाणेन | प्रमाणे[१६५] | परमाणे (=મુજબ ) |
| प्रमाणकं | प्रमाणउं | परमाणुं(=માપ ) |
| सुपर्वकः | सुपर्वउ | सपरमो |
| | | सपरमो दहाडो(=તહેવાર) |
| प्रपा | प्रवा | परब |
| कोटिः | कोडी–क्रोडी[१६६] | करोड |
| हृदकः | द्रहउ[१६७] | धरो |
| एकादश | एगारह | |
| | अग्यारह | |
| | ( ए અને आનો વિલક્ષણ પણ અપૂર્ણ વ્યત્યય, જેમાં आનો પ્રતિષ્ટનિરૂપ अ આદિ તરફ જાયછે, છતાં आ મૂળ સ્થાને જ રહેછે). | |
| | अगयार | अगियार[१६८] |

१६३. पतरुं=ધાતુનું પતરું; पातरुं=ઝાડનુ પાન. ( पातरुं સુરતી શબ્દ છે. )

१६४. रातरे અવ્યય તરીકે પ્રચાર પામેલછે ('રાતે' એ અર્થમાં ); सांझरे (=સાંઝે)ની માફક; सांझरे માંનો र् रातरे ના ખોટા સામ્યથી આવ્યો હોય.

१६५. અકારાન્ત શબ્દોની તૃતીયામાં અપભ્રંશમાં ए આવેછે (सि. हे. ८–४–३३३).

१६६. અપભ્રંશના રિવાજ પ્રમાણે र् પ્રક્ષિપ્ત થાયછે (सि. हे. ८–४–३९९). આ વિશેનો उत्सर्ग આગળ ઉપર આવશે.

१६७. सि. ह. ८–२–८० જુવો. એથી પ્રાકૃતમાં र् રહેવાનું, અને ह्रदમાંથી વ્યત્યય-દ્વારા રૂપાન્તર થવાનું, કારણ સમઝાશે. द्रह પોતે જ સંસ્કૃતછે એમ હેમચન્દ્ર, દેખીતી શંકા સાથે, કહેછેઃ—द्रहशब्दमपि कश्चित् संस्कृतं मन्यते ॥

१६८. गिમાં अनો इ થયોછે તે વ્યાખ્યાન ४ ખંડ १ માંના उत्सर्ग इ-(ऊ) પ્રમાણે છે; ઉપર પૃ. २३२–३ જુવો; અથવા ત્યહાં સૂચવ્યુંછે તેમ આ हनियात જેવો स्वरभक्तिनो પ્રકાર હોય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કેટલાક પ્રકારોમાં વિશ્લેષ પછી પ્રથમ વ્યંજન બેવડાયછે

કેટલાક પ્રકારોમાં વિશ્લેષ થયા પછી સંયોગનો પ્રથમ વ્યંજન બેવડાયછે (અવાન્તરક્રમમાં, અથવા અન્તિમરૂપમાં પણ ક્વચિત બેવડો રહેછે), જે પૂર્વક્રમમાંના સબળ સંયોગના પ્રત્યાઘાતનું પરિણામ છે, (જો કે એથી કેટલાક પ્રકારોમાં શ્રુતિયોની એકંદર માત્રાસંખ્યા વધી જાયછે); જેમ કેઃ-

| | | |
|---|---|---|
| छत्रकं | छत्तरउं | छापरुं |
| छत्रं | छत्तरु | छत्तर |
| | छत्तुमांथी छत(=ceiling) આવે. | |
| पत्रकं | पत्तरउं | { पतरुं<br>पातरुं |
| | (पत्तउंमांथी पत्तुं થાય) | |
| जस्ति | *अस्सति–*अस्सइ | |
| | अच्छइ–अछइ–छइ | छे |
| चित्रयति | चित्रेइ–चित्तरइ | चीतरे (छे) |
| मूत्रयति | मूत्रेइ–मुत्तरइ | मूतरे (छे) |
| निद्रा | निद्दरा | नींदर |

આ ઉદાહરણો પૈકી अस्ति ત્રણ માત્રાવાળો છે તે अस्सइ ચાર માત્રાવાળો બનેછે; તેમજ ચારમાત્રાનો શબ્દ निद्रा પાંચ માત્રાવાળો निद्दरा બનેછે. छत्तर અને पत्तुं અન્તિમરૂપ પર્યન્ત રહેતા બેવડા વ્યંજનનાં ઉદાહરણો છે.

---

## उत्सर्ग १६

### અનાદ્ય સંયોગ અલુપ્ત અને અવિશ્લિષ્ટ રહેછે.

કેટલાક પ્રકારોમાં અનાદ્યસંયોગનો લોપ કે વિશ્લેષ થતો નથી

• કેટલાક શબ્દોમાં, સ્વરભારની અસરથી, સંયોગ ગુજરાતીરૂપ પર્યન્ત અલુપ્ત અને અવિશ્લિષ્ટ રહેછે.

ઉદાહરણો

| સં. | પ્રા. અપ. કે. દેશ્ય | ગુજ. |
|---|---|---|
| सप्तदश | सत्तरह | सत्तर |
| षष्ठकः | सट्ठउ | छट्ठो |
| अपत्यकं | अवच्चउं | बच्चुं |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| वृद्धकः | वुड्ढउ | [૧૬૯]वुड्ढो |
| प्रस्तरः | पत्थरु | पथ्थर |
| छत्रं | छत्तरु | छत्तर |
| पत्रकं | पत्तउं | [૧૭૦]पत्तुं |
| सप्तकः | सत्तउं | [૧૭૧]सत्तो |
| अष्टकः | अट्ठउ | [૧૭૧]अट्ठो |
| चतुष्कः | चउक्कउ | [૧૭૧]चॉक्को |

કેટલાક શબ્દોમાં બેવડા વ્યંજનનું આ અવિકૃત અવસ્થાન વૈકલ્પિક છે;

વિકલ્પવાળા પ્રકારો

સંયોગલોપવાળા વિકલ્પમાં સાધારણતઃ પૂર્વસ્વર દીર્ઘ થાયછે; જેમકેઃ—

| | | |
|---|---|---|
| कक्षा | कच्छा | [૧૭૨]कच्छो के काछडी |
| प्रस्तरः | पत्थरु | [૧૭૨]पत्थर के पथरो |
| पक्वकः | पक्कउ | { पक्को के पाको(=ચતુર; ખંધો) |
| कर्परः | खप्परं | [૧૭૩]खप्पर અને खोपरी |
| रूक्षकं | [૧૭૪]लुक्खउं | { लूखुं અને लुख्खुं[૧૭૫] |
| (દેશ્ય) | झुट्ठं | [૧૭૫] झूठुं, जूठुं |
| ,, | वहिल्लो | व्हेलो, व्हेल्लो[૧૭૫] |
| ,, | उज्झडं | उझड, उज्झड |

૧૬૯. वुड्ढो હિન્દીમાંથી ગુજરાતીમાં આવેલછે.

૧૭૦. पत्तुं=પાંદડું; પછી, ગંજીપાનું પાનું.

૧૭૧. सत्तो, अट्ठो, चोक्को એટલે પાનાંની રમતનાં સાત, આઠ અને ચાર દાણાનાં પત્તાં; મૂળ સંસ્કૃત શબ્દોને આકારમૂળ તરીકે જ મૂકયાછે. સંસ્કૃતમાં હેનો અર્થ એ નથી.

૧૭૨. काछडी અને पथरो कપ્રત્યય લગાડવાથી થયાંછે.

૧૭૩. खोपरीમાં अનો ओ થયોછે એ અસાધારણ છે; पथरोમાં વિકલ્પરૂપે અવિકૃત હ્રસ્વ સ્વર રહ્યોછે.

खप्पर=શિવ કે કાલીનું ભિક્ષાપાત્ર બનેલી ખોપરી.

खोपरी=પ્રાણિનું શિરઃકપાલ.

૧૭૪. रूक्षનો हरिद्रादिगण ( सि. हे. ૮–૧–૨૫૪ )માં રના લને માટે નિર્દેશ નથી; પણ એ ગણને અન્તે इत्यादि છે એટલે સમાન પ્રકારોનો હેમાં સમાવેશ થાય એમ માનીને મ્હેં એ ગણને સાદૃશ્યે लुक्ख લીધુંછે.

૧૭૫. लुख्खुं, जुठ्ठुं, व्हेल्लो;—અહિં બેવડો વ્યંજન પ્રાન્તદર્શકછે. छेल्लो, ल्हेल्लो, खोट्टुं હેમાંના સંયોગો પણ હેવા જ ગણાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂચનાઃ—ઉપરના શબ્દગણુમાં ગુજરાતી શબ્દોમાંના બેવડા મહાપ્રાણુ વ્યંજનોનો ખુલાસો આપવો પડશે. વાગ્વ્યાપાર-દૃષ્ટિયે આ સંયોગોનો પ્રથમ-વ્યંજન (પ્રાકૃત શબ્દોની માફક) સમાનવર્ગીય અલ્પપ્રાણુ જોઇયે; પણુ થોડાં વર્ષો પૂર્વે કેળવણી ખાતાએ ખરો વાગ્વ્યાપારસિદ્ધ સંયોગ (દ્ધ, क्ख ઇત્યાદિ) પસંદ કરવાનું ઠરાવ્યું ત્યહાં સુધી એ ખાતાની અંદર તેમ જ બ્હાર બંને વ્યંજનો મહાપ્રાણુ મૂકવાનો પ્રચાર હતો. હું જૂની પદ્ધતિને વળગી રહ્યોછું હેનાં ત્રણુ કારણો છેઃ (૧) ખરું વાગ્વ્યાપારસિદ્ધ રૂપ સ્વીકારવું એ નિષ્કારણુ પાંડિત્ય ગણાય; (૨) દ્વિત્વ પામેલા મહાપ્રાણુનો ઉચ્ચાર આપોઆપ જ અલ્પપ્રાણુ અને મહાપ્રાણુના સંયોગ જેવો થશે—બેવડા મહાપ્રાણુથી દર્શાવીએ તોપણ; અને (૩) આ પરિસ્થિતિમાં ચાલુ પદ્ધતિમાં ખલેલ ન કરવી જોઇએ.

---

### उत्सर्ग १७

અનાદ્ય સબલસંયોગ નિર્બળ બનેછે.

**કેટલાક શબ્દોમાં અનાદ્ય સબલસંયોગ નિર્બલ બનેછે, અને એથી કેટલાક પ્રકારોમાં પૂર્વસ્વર દીર્ઘ થાયછે.**

| | સં. | ગુજ. |
|---|---|---|
| (૧) | कल्य | काल्य् |
| (૨) | नित्य | नित्य् |
| (૩) | वैद्य | वैद्य्, પછી वैद |
| (૪) | समस्या | समस्या |
| (૫) | धन्य | धन्य् भाग्य |
| (૬) | भाग्य | भाग्य् |
| (૭) | राज्य | राज्य्-राज |
| (૮) | मध्य | मध्य् |
| (૯) | असह्य | (असह्य પછી) असह |
| (૧૦) | साह्य | साह्य |
| (૧૧) | कल्याण | कल्याणदास |
| (૧૨) | फलद्रूप | फलद्रूप |
| (૧૩) | ब्रह्मचारी | ब्रह्मचारी |

સ્પષ્ટીકરણુ અને વિશેષ વિચારઃ—

(૧) कल्य (સં.) માં य અશિથિલ છે તે काल्य (ગુજ.) માં શિથિલ (लघुप्रयत्न) થાયછે. मुग्धावबोध औक्तिक (વિ. સં. ૧૪૫૦) પૃ. ૧૬, ઓલ્ય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૨ માં આ શબ્દ कालिरूपे દર્શન દે છે:–आजु अद्य कालि कल्ये गियकालिं. काल्य માંનો य कालिના इમાંથી ઉદ્ભવ્યો હોય એ શક્ય છે.

(૭) લઘૂચ્ચારણ य વાળો नित्य् ગુજરાતીમાં બહુપ્રચરિત છે; જેમ કે नित्य भक्तिरसे हइडुं भरजो (નરસિંહરાવ ભોળાનાથકૃત कुसुममाळा, પૃ. ૫૩, કડી ૩).

(૮) सरवरूपि हरि रंगि राचि
वृंदावनि गोपीमध्य् नाचि

(પદ્મનાભ; નકલ વિ. સં. ૧૭૧૫; गुज. शालापत्र પુ. ૧૨, મે માસનો અંક જુવો; તા. ૧૩ મી ઑગસ્ટ ૧૯૧૪ ના ગુજરાતીમાં આવેલો રા. છગનલાલ વિ. રાવળનો લેખ હેમાં ફરી આપેલોછે.)

मध्य् રૂપ પ્રા. પા. રા. मध्रिनो ઉત્તર રૂપાન્તર ક્રમ હોય; જો કે સાધારણ રીતે मध्यनुं मज्झ પ્રા.માં થાય.

(૯) असह (સં.) નો અર્થ કર્તૃનિષ્ઠ છે (સહી ન સકતો), असह्य જેવો કર્મનિષ્ઠ નથી; असह (ગુજ.) નો અર્થ કર્મનિષ્ઠ છે અને હેની વ્યુત્પત્તિ ઉપર મુજબ છે. अलभ (ગુજ.), अकथ (ગુજ.) એ अलभ्य (સં.), अकथ्य (સં.) માંથી આવે; (પ્રા. अलब्भ, अकत्थ.)

(૧૦) જો रामायणને પ્રમાણ માનિયે તો साह्य ખાસ્સો સં. શબ્દ ગણાય, सहनुं ભાવવાચક નામ. (वाङ्मात्रेणापि रामस्य करिष्ये साह्यमुत्तमम् ॥ किष्किन्धाकाण्ड ૫૮, ૧૨; सुंदरकांड ૧–૧૩૩, ૧૪૭ પણ જુવો). આપ્ટેએ साह्य શબ્દ નથી આપ્યો.

જો साह्य ના મૂળ શબ્દ તરીકે साहाय्य (સં.) લઇયે તો, સં. શબ્દનો य અલબત્ત ગુરુપ્રયત્ન છે, જે ગુજરાતીમાં લઘુપ્રયત્ન બનેછે.

(૧૧) कल्याणदास. સંયોગ નિર્બળ બનેછે તે આ પ્રકારનાં (कल्याणराय વગેરે) વિશેષ નામોમાં જ. कल्याण પોતે સબળસંયોગ જાળવી રાખેછે.

(૧૨) फलद्रूप–સં. માં द्र સબળસંયોગ છે. ગુજરાતી પ્રચારમાં, ઉચ્ચારણવેગની મદદ વડે, એ નિર્બળ બનેછે અને ल એક માત્રાનો ઉચ્ચારાયછે.

(૧૩) હરરોજના तद्भव પ્રચારમાં ह्म નિર્બળ બનેછે, જેમકે वृंदावनि गोपीमध्य् नाचि । साचो सोहि ब्रह्मचारी ॥ (પદ્મનાભ, ઉપર જ (૮) નીચેનું ટાંચણ); ઉપર, उत्सर्ग ૧ (क), વ્યાખ્યાન ૪ થાના પ્રસ્તુત ખંડમાં, પૃ. ૨૯૩ જુવો, જ્યહાં ભીમકૃત हरिलीलामां प्रल्हादनो ल्ह નિર્બળ બતાવ્યોછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂચનાઃ—બધા શબ્દોમાં દ્વિતીયવર્ણ યુવાળો સંયોગ છે એ ધ્યાનમાં આવ્યું હશે,—અપવાદમાં માત્ર फ़लदूप અને ब्रह्मचारी છે, જેમાં र् અને ह् દ્વિતીય અને પ્રથમ વર્ણ છે. ગુરુપ્રયત્ન य (ડૉ. હોર્નલ જેને અર્ધ-વ્યંજન કહે તે) શિથિલ થઇને લઘુપ્રયત્ન य (ડૉ. હોર્નલ જેને અર્ધસ્વર કહે ત્હેવો) થવાથી સંયોગ નિર્બળ બનેછે.[૧૭૯]

र् અને ह् વિશે પણ; હેમચન્દ્ર પોતાના छन्दोनुशासन અધ્યાય ૧ સૂત્ર ૬માં र् અને ह्વાળા સંયોગને પૂર્વસ્વરને દીર્ઘત્વ અર્પવાના ધર્મમાંથી બાદ કરેછે; જેનો અર્થ એ કે એ સંયોગો હેણે નિર્બળ માન્યાછે; હેના જ શબ્દોમાં કહું તો एष्वतीव्रप्रयत्नत्वं संयोगस्य गुरुत्वाभावे हेतुः ॥ આ છૂટ હેણે માત્ર પ્રાકૃત છન્દને નહિં પરંતુ સંસ્કૃત છન્દને પણ આપીછે. હેણે આપેલાં ઉદાહરણો જ સ્થિતિ પ્રગટ કરશેઃ—

*ह् અને र्વાળા સંયોગોના નિર્બળત્વ વિશે હેમચન્દ્રે મૂકેલી છૂટ; છન્દોનુશાસન, ૧-૬.*

(अ) स्पृष्टं त्वयेत्यपह्रियः खलु कीर्तयन्ति ॥

(आ) धनं प्रदानेन श्रुतेन कर्णौ ॥

(इ) एतद्दिवो निह्नुतदीप्ति मुदे न कस्य ॥

(उ) तव ह्रियापह्रियो मम ह्रीरभूत्
छशिग्रहेऽपि द्रुतं न धृता ततः ।
बहलभ्रामरमेचकतामसं
मम प्रिये क्व समेष्यति तत्पुनः ॥

(अ)માં લીધેલી છૂટ અક્ષમ્ય ન ગણિયે તો નભે; તેમ જ (आ)માં, હેમાં સંયોગનું સ્વતન્ત્ર શબ્દના આદિમાં સ્થાન છે તે હેને વિશેષ ક્ષમ્ય બનાવેછે. પણ (इ)માંનો નિર્બળ સંયોગવાળો ગણાતો निह्नुत ભાગ્યે જ બંધ બેશે, અને એથી પણ બૂરું એ કે (उ)માં ઓછાં નહિં પણ સાત હાવી છૂટનાં ઉદાહરણો, ચઢતા ઊતરતા દોષગાંભીર્યવાળાં, ખડકયાં છે. ખરેખર, જો આ ઉદાહરણો વ્યાપક પ્રચારનાં સૂચક હોય, વ્યક્તિકૃત સ્વાતન્ત્ર્યનાં જ સૂચક ન હોય, તો હેની પ્રવૃત્તિ સંસ્કૃત સાહિત્યના કોઈ હેવા અવનતિયુગમાં થઈ હશે કે જેમાં શિષ્ટ નિયમબન્ધન અત્યન્ત શિથિલ પડયું હશે. સંયોગના નિર્બલત્વના ક્રમદર્શક ઇતિહાસ ઉપર બહુસૂચક પ્રકાશ પાડેછે એટલા માટે આ પરિસ્થિતિ મ્હેં અહિં નોંધીછે.

---

૧૭૯. प्राकृतलक्षणની હેમની આવૃત્તિમાં હેમની પ્રસ્તાવના, પૃ. ૨૭ § ૪ જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## उत्सर्ग १८

### निर्बलसंयोगनुं सबल बनवुं

આ ઉત્સર્ગ આગળના ઉત્સર્ગનો વિપર્યય છે; હેનું સરળ નિવેદન આ પ્રમાણે થાયઃ—

કેટલાક પ્રકારોમાં નિર્બલસંયોગ સબલ થાયછે

**કેટલાક શબ્દોમાં (સંયોગનો ઉત્તર અંગભૂત) य લઘુપ્રયત્ન હોવા છતાં પ્રમાદથી ગુરુપ્રયત્ન મનાતાં નિર્બલસંયોગ સબલ બનેછે.**

ઉદાહરણોઃ—

| સં. | ગુજ. |
|---|---|
| अगतिः | अगत्य |
| प्रति | प्रत्ये |
| डाकिनी | डाक्यण |
| अत्रवारे—પ્રા. अत्तवारइ<br>अत्तआरइ | अत्यारे |

ટિપ્પણઃ—(अ) निर्माल्य અને आमन्या એ બીજા બે શબ્દોમાં यનો સંયોગ સબલ છે. પ્રથમ શબ્દ સં. निस्‌ને ફા. माल સાથે જોડીને અને સંસ્કૃતનો ખોટો ધ્વનિ અર્પવા માટે છેડે य લગાડીને બનાવેલો વર્ણસંકર છે. ખરું, निर्माल्य સં. શબ્દ છે, પણ હેનો અર્થ ગુજરાતીમાં થાયછે તે 'નમાલો' નથી થતો.

સંસ્કૃત શબ્દ निर्माल्यના અર્થોઃ

( ૧ ) ( વિશેષણ ) કલંકરહિત, શુદ્ધ.

( ૨ ) ( નામ ) નિર્મળતા.

( ૩ ) પુષ્પ જેવા દેવને અર્પેલા ઉપહારનો અવશેષ.

( ૪ ) વાપરીને નાંખી દીધેલાં પુષ્પ; કરમાએલાં ફુલ.

( ૫ ) અવશેષ—કોઇપણ.

અર્થ (૪) લક્ષણાથી નમાલું અર્થ ઉપજાવે પણ હું હેમાં ક્લિષ્ટતા આવતી માનુંછું.

બીજા શબ્દ आमन्याનો ગુજ. માં 'માન', 'આજ્ઞાપાલન' હેવો અર્થ થાયછે, પણ હેનું મૂળ કોઇ સંસ્કૃત પરિચિત શબ્દમાં મળતું નથી; आज्ञा સાથે मानને લગતા કોઈ શબ્દનો તરંગી અને ખોટો સમાસ કરીને એ ઉપજાવેલો હશે. આ તર્કમાત્ર છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(આ) प्रत्यज्ञा पाली आपणी (हरिलीला, કલા ૮, શ્લો. ૫૯) હેમાં प्रत्यज्ञाનો य तिना इमांथी ઉદ્‌ભવ્યો હોઇને મૂળ લઘુપ્રયત્ન છે છતાં ગુરુપ્રયત્ન ગણ્યોછે; હેતું કારણ કાંઇક અંશે મિથ્યા સંસ્કૃતત્વબુદ્ધિ અને કાંઇક અંશે એ શબ્દમાં त्यનું વિલક્ષણ સ્થાન, એક બાજુ प्र અને અન્યબાજુ ज्ञा એ બેની વચ્ચે; જેથી त्य નો अ પ્રયત્નયુક્ત ઉચ્ચારાયછે, અને એ પ્રયત્ન અછૂટકે य ના ઉચ્ચારમાં પ્રતિફલન પામેછે.

(इ) નીચેનાં ઉદાહરણો જોવા જેવાં છેઃ—

(१) नवधा खरी पण प्रेमभक्तितणुं बळ छे अत्य
ते विना रसिक चूडामणि हरि वश न थाये सत्य.

(દયારામ; रसिकवल्लभ ૫૮, ૫).

सत्य સાથે યમક સાધતા अत्य માં સબળસંયોગ છે, જો કે સાધારણતઃ નિર્બળસંયોગ જોઇયે.

(२) जे अजा मध्य उपाध्य बोहली ते जाणे अहंकृत्य,
ज्यम मुकुरमां(हिं) अनंत दीसे रूपनी संसृत्य.

(अखेगीता, કડવું ૨૨, કડી છેલ્લીની પ્હેલાંની).

અહિંયાં संसृति માંથી આવેલ संसृत्यનો त्य સાધારણતઃ નિર્બળસંયોગ થાય; પણ कृत्य સાથે યમક અને છન્દરચના ઉપરથી જણાયછે કે એ સબલ માનીને મૂકયોછે.

(मति માંથી આવેલ) मत्य અને હેવા શબ્દોનો આપણા જૂના કવિયોએ હાવો જ ઉપયોગ કર્યોછે, છન્દની અપેક્ષા અનુસાર સબળ કે નિર્બળ માન્યાછે.

---

## उत्सर्ग १९

### સંયોગલોપ જેવી કાંઇંપણ અસર વિના જ હૃસ્વસ્વરનું દીર્ઘત્વ.

અન્ત્ય કે અનન્ત્ય હ્રસ્વ-સ્વરનું સંયોગલોપ વિના દીર્ઘત્વ

(अ) કેટલાક શબ્દોમાં અનન્ત્ય, સ્વરિત, હૃસ્વસ્વર, હેની પાછળ લુપ્ત થતો સંયોગ ન હોય તો પણ, દીર્ઘ બનેછે.

(આ) तद्भव શબ્દોનો અન્ત્ય હૃસ્વસ્વર બહુધા દીર્ઘ બનેછે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદાહરણો:

(अ) અનન્ત્ય સ્વર.

| સં. | પ્રા. કે અપ. કે દેશ્ય | ગુજ. |
|---|---|---|
| स्तनः | थणु | थान |
| ध्वनिः | (धुनि) | धून[१७७] |
| स्वरः | (सुरु) | सूर[१७७] |
| कुंडलकं | कुंडलउं | कुंडाळुं |
| जडकं | जडउं | जाडुं |
| कलकं | कलउं | कालुं[१७८] |
| तिलकं | तिलउं | टीलुं |
| खनिः | खणी | खाण्य[१७९] |
| वरं | वरं | वारुं[१८०] |
| अशोकपल्लव | असोअपल्लवु | आसोपालव |

(आ) અન્ત્ય સ્વર.

| | | |
|---|---|---|
| रामस्य पार्श्वे (°र्श्वके) | रामनि पासइ | रामनी पासे |
| अमृतं | अमिअं ( अमि ) | अमी |
| न | न | ना |

[ ટિપ્પણ:—( ૧ ) रामनी पासेમાંનો °नी વિશાળ રૂપાન્તરવર્ગની એક પ્રકારદર્શક વ્યક્તિ તરીકે આપ્યોછે. ( આ પ્રકારનાં રૂપોમાં પ્રસ્તુત નિયમના અનુદર્શન માટે હું રા. કે. હ. ધ્રુવ કૃત वाग्व्यापार પૃ. ૫ માનો ઋણી છું.) એ જ મુજબ, આ પછીના જ उत्सर्ग અનુસાર અન્ત્ય स्वरयुग्मના

૧૭૭. ध्वनि અને स्वरના વતું પ્રથમ સંપ્રસારણ થાયછે. હવે પછીના એક उत्सर्गमां બતાવીશ તેમ સંપ્રસારણ य् કે व् સ્વરમધ્યગત હોય ત્યહારે શકય બનેછે, અને એ અપેક્ષા ध्वनि અને स्वरમાં અર્ધસ્વરની પૂર્વે ઝીણી स्वरभक्तिના પ્રક્ષેપથી પૂરી પડેછે; જેમ કે धुँवनि–सुँवर પછી–धून–सूरનો દીર્ઘ ऊ–उव–उउने પરિણામે આવશે. वाग्व्यापार-ઘટનાની આ નિપુણતર પૃથક્ક્રિયા હોઈને આ બે શબ્દો, પૂરી યથાર્થતા જાળવવી હોય તો, આ उत्सर्गમાંથી બાદ થાય.

૧૭૮. કેટલાક कल्य( कं )માંથી कालुं સાધેછે. પણ कल्यમાં कल અને कालुंનો યથાર્થ અર્થ (अव्यक्तमधुर) નથી આવતો. અનુકૂળ, શુભ (વાર્તાલાપ) હેવો અર્થ આપ્ટેએ પોતાના શબ્દકોષમાં આપ્યોછે, અને એ પણ દૂરનો અર્થ છે.

૧૭૯. આપ્ટે खानि પણ આપેછે; એમ હોય તો આ શબ્દ અહિંયાંથી બાદ થાય.

૧૮૦. કેટલાક वारुंને वाढम्માંથી આણ્યો ગણેછે. પણ મ. बरें સાથે સરખાવતાં बरम्वाળી વ્યુત્પત્તિ ખરી લાગેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજા સ્વરનો જેમાં લોપ થાયછે હેવા શબ્દવર્ગના પ્રકાર તરીકે અભિઅં આપેલછે.

(૨) કેટલાક આધીનનો આ ઉત્સર્ગમાં સમાવેશ કરે, પણ હું બ્હાર મૂકુંછું કારણ—

(પ્રથમ) એ સ્વતન્ત્ર શબ્દ નથી; સમાસના ઉત્તરપદ તરીકે અધિનો આદેશ અધીન થાય હેમાંથી જ ઉદ્ભવેલછે; અને (બીજું) વચનાધીન જેવા શબ્દોમાં સંધિકાર્યથી આવેલા આને કારણે ઉપજેલા બુદ્ધિભ્રમનું એ પરિણામ છે.

(૩) શ્વશુરમાંથી મ. सासरा આ ઉત્સર્ગના અંતર્ગત નિયમ પ્રમાણે થયેલો ગણાય. ]

---

આ વિકારનું મૂળ હેમચન્દ્રના વ્યાકરણમાં.

આ ઉત્સર્ગના તત્ત્વનું મૂળ સિ. હે. ૮-૧-૪૪ (अतः समृद्ध्यादौ)માં મળેછે, જે અનુસાર समृद्ध्यादि ગણના શબ્દોમાંની પ્રથમ વર્ણશ્રુતિનો અ વિકલ્પે દીર્ઘ બનેછે. આ ગણને आकृतिगण કહ્યોછે, એથી स्तन, जड અને હેવા શબ્દો હેને અનુસરતા ગણી સકાય, પરંતુ પ્રાકૃત ગ્રન્થોમાં थाण, जाड ઇત્યાદિ પ્રકારનાં પ્રત્યક્ષ રૂપો પ્રાપ્ત ન હોય તો આ રન્ધ્રાવકાશનો લાભ લેવો યોગ્ય ન ગણાય. આ કારણે, અને આપણા શબ્દસમૂહમાં ઢવાળા પ્રકારો પણ છે તેથી, અને, વિશેષતઃ,—હમણાં જ જણાવવાનું એક વિશિષ્ટ સમર્થ તત્ત્વ આ સઘળા પ્રકારનું નિયમન કરેછે એ કારણે, આ ઘટનાને હું નવીન उत्सर्ग તરીકે આપુંછું—સિ. હે. ૮-૧-૪૪ની અનુપૂર્ત્તિરૂપ હેને ગણવાને અવકાશ છે તો પણ.

આ વિકારનું અન્તર્ગત કારણ.

સ્વરનું ઉચ્ચારણ મધ્ય મટીને વિલમ્બિત બનેછે એ વિકાર એ સ્વરના દીર્ઘત્વનું સ્પષ્ટ અને નિકટ કારણ છે. પરંતુ હાવા અપૂર્ણ કારણદર્શનથી આપણે સંતુષ્ટ નહિં રહિયે; એ તો લગભગ સાધ્યને જ સાધન કરવા જેવું થાય—રા. કેશવલાલ હ. ધ્રુવે આ ઘટનાને विलम्बनविधान નામ આપ્યુંછે ત્હેવું; (હેમનો વાગ્વ્યાપાર, પૃ. ૫ મું પરા ૨ જો જુવો); એ તો આછા આવરણમાં છુપાવેલી પુનરુક્તિનો જ એક પ્રકાર છે. એ આપણને આ વાગ્વ્યાપારઘટનાની પોતાની પાછળ શું રહ્યુંછે તે નહિં દર્શાવે,—હેના કારણ તરીકે પ્રવર્તતું તત્ત્વ નહિં દર્શાવે એ તો નિઃસંદેહછે. આ કારણભૂત તત્ત્વ દર્શાવનાર બે વૈકલ્પિક ઉત્પત્તિદર્શન હું સૂચવુંછું:

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧. સિ. હે. ૮-૨-૯૮, ૯૯ (तैलादि અને सेवादि ગણોનું નિયમન કરતાં સૂત્રો) અનુસાર સ્વરની પાછળ રહેલા વ્યંજનનું દ્વિત્વ -એ ગણને અન્તે इत्यादि છે એટલે વિશેષે કરીને. છતાં પ્રાકૃતમાં પ્રત્યક્ષ પ્રચારના અભાવમાં આ સૂત્રોની પ્રવૃત્તિ આપણા શબ્દો સુધી ખેંચતાં અચકાવું પડે. પણ જો આ દ્વિત્વ સ્વીકારાય તો, સંયોગ પ્રાપ્ત થતાં જ એ સંયોગનો લોપ એ બીજો ક્રમ થાય અને પછી માત્રાપરિપૂરણને નિયમે સ્વરદીર્ઘત્વનું સમર્થન થાય. આ ઉત્પત્તિદર્શનથી લાઘવ જળવાશે, કારણ કે પ્રસ્તુત શબ્દ-પ્રકારોનો સમાવેશ संयोगलोप-पूर्वस्वरदीर्घत्वના ઉત્સર્ગમાં થઇ જતાં આ જૂદા ઉત્સર્ગનું કાંઇ પ્રયોજન નહિં રહે. તેમ વળી પુનરુક્તિદૂષિત विलम्बनविधान કલ્પવાની પણ અગત્ય નહિં રહે.

(૧) પાછળના વ્યંજનનું દ્વિત્વ અને એ સંયોગનો લોપ

૨. પરંતુ कुँडाळुंની વ્યુત્પત્તિ કાલ્પનિક कुंडल्लउं દ્વારા સાધવી ઉચિત નહિં ગણાય, કારણ કે આ રૂપ દેખીતું અસંભવિત છે. આ વિલમ્બિત ઉચ્ચારણમાં સ્વરભારના તત્ત્વની પ્રવૃત્તિ થતી માનવી એ મ્હને વધારે યોગ્ય જણાયછે. અને (अ) વર્ગના બધા પ્રકાર તપાશિયે તો જણાશે કે સ્વરભાર આપણા વિષયભૂત સ્વર ઉપર જ પડેછે; એમ હોઇને એ સ્વરનું દીર્ઘત્વ સ્વાભાવિક પરિણામ છે. આ उत्सर्गના વિભાગ (अ) ના ઉપન્યાસમાં 'સ્વરિત' શબ્દ મ્હેં સ્પષ્ટ હેતુથી મૂકયોછે.

(૨) પ્રસ્તુત પ્રકારના સ્વરને સ્વરભારની અસર; આ કલ્પના વધારે ઠીક.

(आ) વર્ગમાંના, જેનો અન્ત્ય સ્વર લંબાયછે ત્હેવા, શબ્દોમાં પ્રવર્તતું કારણ સ્પષ્ટ છે; બોલનારનો શ્વાસ શબ્દને અન્તે એકદમ અટકી પડે, એ સહેલું નથી; સંસ્કૃતમાં લોકની બહુ વિકસેલી વાગ્વ્યાપારવિષયક બુદ્ધિ અને કેળવણી આ નિસર્ગસિદ્ધ વલણ ઉપર વિજય મેળવી સકી હતી, અને એથી मधु, वारि જેવા હ્રસ્વસ્વરાન્ત શબ્દો ઉપલબ્ધ છે. પરંતુ પ્રાકૃતોનું, અને એથી આગળ વધીને અન્તિમ-અપભ્રંશ વિકારોનું, આગમન થતાં જ આ સંયમજન્ય શક્તિનું નિયન્ત્રણસામર્થ્ય લુપ્ત થયું અને નૈસર્ગિક સ્વૈરવૃત્તિનો આવિર્ભાવ થયો, એટલે અન્ત્ય હ્રસ્વ સ્વરો દીર્ઘ બનેલા આપણે જોઇયે છિયે; આથી વાચેન્દ્રિયોને એક પ્રકારનો છુટકારો મળ્યો.

અન્ત્યસ્વર દીર્ઘ થવાનું કારણ; શ્વાસનો છુટકારો.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

उत्सर्ग २०

**અન્ત્ય સ્વરયુગ્મ ના દ્વિતીયવર્ણનો લોપ અને પરિણામે થતું પ્રથમ સ્વરનું દીર્ઘત્વ.**

સ્વરયુગ્મ; દ્વિતીય સ્વરનો લોપ અને પૂર્વ સ્વરનું દીર્ઘત્વ.

**પ્રાકૃતમાં, અપભ્રંશમાં કે અવાન્તર ક્રમમાં જ્યહારે શબ્દને અન્તે સ્વરયુગ્મ આવે ત્યહારે હેનો દ્વિતીય સ્વર (હ્રસ્વ કે દીર્ઘ) લુપ્ત થાયછે અને પ્રથમ સ્વર, હ્રસ્વ હોય તો દીર્ઘ બનેછે.**

ઉદાહરણો

| | સં. | પ્રા. કે. અપ. કે અવાન્તરક્રમ | ગુજ. |
|---|---|---|---|
| | घृतं | घिअं–घिउ | घी |
| | अमृतं | अमिअं–अमिउ | अमी |
| | मौक्तिकं | मोत्तिअं–मोत्तिउ | मोती |
| | लोहितं | लोहिअं–लोहिउ | लोही |
| | मथितं[१८१] | महिअं–महिउ | मही(= દહિં) |
| | पानीयं | पाणिअं–पाणिउ | पाणी |
| | यज्ञोपवीतं | जण्णोवईअं | |
| | | जण्णोअईअं–जण्णोईउ | जनोई |
| १८२ | सांवत्सरिकं (श्राद्धं) | संवच्छरिअं–संवच्छरिउ | समचरी |
| १८२ | वार्षिकं (श्राद्धं) | वारसिउं–वारसिउ | वरशी |
| १८३ | भारितं के भारिकं | भारिअं–भारिउ | १८३ भारी (=भारे). |

१८१ ગુજરાતીમાં मही એટલે दहि જ એમ સાધારણ રીતે સમઝાતું જણાયછે પણ मथ्–મથવું એથી જણાયછે કે વલોવેલું દહિં હેવો અર્થ હોવો જોઇયે, અને અમર એમ કહેછે પણઃ–तक्रं ह्युदश्विन् मथितं पादाम्ब्वर्धाम्बु निर्जलम्॥ २-९-५३ દહિ વલોવેલું $\frac{1}{4}$ અંશ પાણી નાંખેલું तक्र; $\frac{1}{2}$ અંશ પાણીવાળું उदश्वित; અને પાણી વિનાનું मथित જેને ગુજરાતીમાં મઠો કહેછે.

१८२ श्राद्ध શબ્દ લુપ્ત થાયછે–श्वाशुरकं गृहंમાંથી सासरुं થવામાં गृह લુપ્ત થાયછે તેમ, (હેમચન્દ્રના સમયમાં सासुरुंના આ અર્થ માટે ઉપર પૃ. ૨૨૯ નોટ ૮૪ જુવો.)

१८३. भार+इतच् (પ્રત્યય). હેમચન્દ્ર मारिक વાપરેછે; देशीनाममाला ४, ४२ ઉપરની હેની વૃત્તિ જુવો. ફારસીમાં बार=भार, અને बारी–भारे એમ છે. ગુજરાતીમાં भारी કરતાં भारे વધારે પ્રચરિત છે. वधारेની માફક भारे પણ भारની તૃતીયા દ્વારા વિશેષણનો અર્થ પ્રાપ્ત કરેછે (वधारो માંથી वधारे થાયછે) અને એ પ્રયોગરૂઢિ હેને વિચારના પલટઃ વડે અવિકારી વિશેષણ બનાવી દેછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | | |
|---|---|---|---|
| | इन्द्रियं | इन्द्रिअं–इन्द्रिउ | इंद्री |
| | आरात्रिकं | आरत्तिउ | आरती (स्त्रीलिंग મૂળનું લિંગ બદલાયછે; કેટલાક અમી સ્ત્રીલિંગમાં વાપરેછે તે મુજબ.) |
| | अलौकिक | अलौकिउ | अलोकी ("ए तो रीत हमो आज अलोकी लही जो" દયારામ; दाणचातुरी, કડી ૧૩ મી.) |
| | अतुलितं | अतुलिउंअतुलिउ | अतळी (પ્રાચીન ગુજ. સાહિત્યમાં अतळीबळमां "सत्यवंत शिरोमणि हे अतळीवळ ने अमेइ" शीलवतीनो रास, २–१०–१) |
| | मरिचं | मरिअं–मरिउ | मरी (કાળા મરીદાણા) |
| | गान्धिकः | गंधिओ–गंधिउ | गांधी |
| ૧૮૪ | तैलिकः | तेल्लिओ–तेल्लिउ | तेली |
| | धनिकः | धणिओ–धणिउ | धणी |
| | वृश्चिकः | विंछिओ-विछिउ | वींछी |
| | कृत्वा | करिउ–(અપ.), करिअ (પ્રા. પા. ૨૧.) | करी |

(આ શબ્દ क्त्वान्त રૂપોના વર્ગનો પ્રકારદર્શક પ્રતિનિધિ છે.)

| | | | |
|---|---|---|---|
| | वृकः | *वरुओ–वरुउ | वरु |

(*–કારણ કે હેમચન્દ્રે હાને માટે નિયમ નથી આપ્યો.)

| | | | |
|---|---|---|---|
| દેશ્ય) | रूअं | रुउ | रू |
| ,, | बरुअं | बरुउ | बरू |
| ,, | कोल्हुओ | कोल्हुउ | कोल्हू (શેલડી પીલવાનું યંત્ર.) |
| | कामरूपः } कामरुउ } कामरूओ } | | कामरू (देश) कामरूवो |

૧૮૪ मोची શબ્દ તર્કસૂચિત मोच्चिओ જેવા કોઈ દેશ્ય શબ્દમાંથી ઉદ્ભવ્યો હશે; કારણ કે કાનડીમાં मोचे=પગરખું છે; સિંધીમાં मोचडा=પગરખાં છે; ગુજ मोजडी સરખાવવા યોગ્ય છે; તેમ જ मोजुं=a stocking.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| कपर्दिका | कवड्डिआ | कॅडी |
| बालिका | बालिआ | बाली |
| पुस्तिका | पोत्थिआ | पोथी |
| विद्युल्लता | विज्जुल्लिआ–विज्जुलिआ | वीजळी |
| कलिका | कलिआ | कळी |
| मक्षिका | मक्खिआ | मांखी |
| मृत्तिका | मट्टिआ | माटी |
| शलाका | सलाआ } सलिआ<br>सलआ } | शळी |
| | (દેશ્ય) अलिआ | अली (સખીનો સંબોધન–<br>–શબ્દ) |
| | ( ,, ) ओसरिआ | ऑशरी |
| पादः | पाओं—पाउ | पा |
| सपादः | सवाओं–सवाउ | सवा |
| घातः | घाओ–घाउ | घा |
| प्रतिघातः | पडिघाओ–पडिघाउ | पडघा |
| वातः | वाओ–वाउ | वा |
| धान्याकं | धन्नाअं–धन्नाउ | धाणा[१८५] |
| कलापः | कलावो–कलावु–कलाउ | कळा[१८६] |
| यूका | जूआ | जू |
| गोधा | गोहा घोआ | घो |
| जलौकाः | जलोआ | जळो |
| गुडूची | गलोई | गळो |
| माता | माई | अणूजो |
| अनुयोगः | • अणुज्जोओ<br>अणुज्जोउ | ( કડિયા સુતાર વગેરેનો<br>કામે ન જવાનો દિવસ) |

૧૮૫. આ અન્તિમરૂપ ધાણા આકારમાં ઓકારાન્ત પુંલ્લિંગ નામના બહુવચનને મળતું હોઇને એ શબ્દને બહુવચનનો માનવાની ભૂલ થઇછે અને ઉલટેક્રમે એક વચનમાં મૂળ શબ્દ તરીકે ધાણો ઘડી કાઢયુંછે.

૧૮૬. અહિયાં લક્ષણાના એક પ્રકારથી મોરનો पिच्छकलाप ઉદ્દિષ્ટાર્થ છે, અને હેનો પણ મોરે વિસ્તારેલાં પીંછાં એ અર્થ છે. कळाने આકારાન્ત સ્ત્રીલિંગ નામ માનવાનો ભ્રમ થતાં कळा ગુજ. સ્ત્રીલિંગમાં વપરાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂચનાઃ—

(अ) અન્તમાં अं હોય હેવા શબ્દોના અન્તિમરૂપનું મૂળ उकारान्त અપભ્રંશરૂપમાં દર્શાવતાં હંમેશાં શુદ્ધ સ્વરયુગ્મ (इअंને બદલે इउ) પ્રાપ્ત થાયછે.

(आ) સ્વરયુગ્મનો પ્રથમ સ્વર अ શિવાયનો કોઇપણ સ્વર હોવો જોઇયે; ઉદાહરણો તપાસતાં આ વાત જણાશે. પ્રથમસ્વર अ હોય હેવા સ્વરયુગ્મનાં પરિણામો ભિન્ન આવશે; જેમકે

| | | |
|---|---|---|
| समयः | समउ | समो |
| घोटकः | घोडउ | घोडो |
| भयः | भउ | भौ |
| मृतकं | मडउं | मडुं |
| हरीतकीं | हरडई | हरडे |
| करोति | करइ | करे |
| करोतु | करोउ | करो |

માત્ર હિન્દીમાં અને મરાઠીમાં अउ સ્વરયુગ્મમાંથી उ લુપ્ત થાયછે અને अ દીર્ઘ બનેછે, જેમ કે घोडउ (અપ.), घोडा (મ. ને હિં.). આ વિશિષ્ટતાની ચર્ચા પૂર્વે કરી ગયોછું (ઉપર પૃ. ૨૧૫, ૨૧૬ જુવો). अ ઉપરનો સ્વરભાર હિં. અને મ. માં उનો લોપ અને ગુજ. માં उનું પ્રતિસંપ્રસારણ ઉપજાવેછે, અને પ્રતિસંપ્રસારણ अर्धविवृत ओ અર્પેછે.

(इ) અન્તમાં इआ અને आओ હોય હેવા ઉપરના જથ્થામાંના શબ્દો નીચે દર્શાવેલા ક્રમોમાંથી પસાર થાયછેઃ—

इआ—इअ-ई

आओ—आउ—आ

आउ વાળા પ્રકારમાં હિન્દીમાં અને મરાઠીમાં उ નું પ્રતિસંપ્રસારણ થાયછે, જેમ કે पाउ-पाव; घाउ-घाव.

(उ) સ્વરયુગ્મ ના અવશિષ્ટ પ્રથમ સ્વરનું દીર્ઘત્વ થાયછે તે પૂર્વગત ઉત્સર્ગ ૧૯–(आ) ના નિયામક કારણભૂત તત્ત્વની પ્રવૃત્તિનું પરિણામ છે અને, એ તત્ત્વના સહાયકરૂપે, દ્વિતીય સ્વરના લોપની ખોટ પૂરી પાડનાર માત્રાપૂરણના નિયમનું અધિક તત્ત્વ પ્રવર્તેછે.

બીજો પણ ખુલાસો શક્ય છે, પણ હેનો અસ્વીકાર કરવા માટે જ હું હેનો નિર્દેશ કરુંછું, કારણ કે એ જરા ક્લિષ્ટ છે અને માત્રાપૂરણ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વરભારની અસર અને હેવા હેવા આજ સુધીમાં સ્થપાઇ ચૂકેલા વાગ્વ્યાપાર નિયમોથી એ અસંગત છે. તે ખુલાસો આ સન્ધિથી કે य्, व् એ આગમોના પ્રક્ષેપથી, इअ, उअ ના इय, उव થાય, અને य्, व् નું સંપ્રસારણ થતાં इ+इ, उ+उ થઈ ને ई, ऊ ઉદ્ભવે.

(ए) वी અને वीयुं, पा અને पायो (આ બીજા ઉદાહરણમાં અર્થ બદલાય-છે, पा ચતુર્થાંશ અને पायो=૧ લાક્ષણિક અર્થમાં 'પગ'; ૨ ઘરનું મૂળમંડાણ)—આ શબ્દો પ્રથમદૃષ્ટિયે પ્રસ્તુત ઉત્સર્ગની વિકલ્પે પ્રવૃત્તિ દર્શાવતા જણાય; પણ વસ્તુતઃ એમ નથી. वी આવેછે वीजं–वीउ માંથી; જ્યારે वीयुं આવે वीजकं-वीजउं–वीअउं માંથી. તે જ મુજબ, पादः पाउमांथी पा, પણ पादकः, पायउ માંથી पायो.

પણ અપૂર્ણ પ્રકારના કેટલાક ખરા અપવાદો છે, જેમકે जूइ અને घउं; यूथिका, जूहिआ, जूइआ હેમાંથી આવતા जूइमां, દ્વિતીયસ્વર आ લુપ્ત થવા છતાં, इ દીર્ઘ થતો નથી; અને गोधूम, गोहूमु, गोहूंवु, गोहूंउ, गहूंउ, घऊंउ હેમાંથી આવતા घउंमां સ્વર (ऊ) હ્રસ્વ બનેછે. હેનું કારણ जू અને घ ઉપરનો સ્વરભાર હોય એમ જણાયછે, જે સ્વરભાર इ ને દીર્ઘ થતો રોકેછે અને ऊं ને હ્રસ્વ બનાવીને उं અર્પેછે.

મરાઠી लोणी પ્રસ્તુત ઉત્સર્ગની પ્રવૃત્તિનું ઉદાહરણ છેઃ नवनीतं,[૧૮૭] लोणीअं, लोणी.

---

## उत्सर्ग २१

પૂર્વગત ઉત્સર્ગ સાથે વિપર્યયસંબન્ધ ધરાવતો એક उत्सर्ग છે, તે આઃ—

અમુક પરિસ્થિતિમાં य् અને व्नो આગમ

**(अ) અન્ત્ય સ્વરયુગ્મનો દ્વિતીયસ્વર લુપ્ત ન થાય ત્હારે इ પછી य् અને उ પછી व् आगम પ્રક્ષિપ્ત થાયછે.**

**હાવા आगम વિશેનો એક સ્વતન્ત્ર उत्सर्ग છે તે પણ અહિં આપીશું તો સગવડ થશેઃ**

(आ) કેટલાક શબ્દોમાં સ્વર કે અર્ધસ્વરના દઢીકરણ અર્થે અજ્ઞાતમૂલ व् आगम પ્રક્ષિપ્ત થાયછે.

---

૧૮૭. नवनीतं;–હેને सि. हे. ८–१–१७१ માં રહેલો નિયમ લાગૂ કરતાં नोणीअं પ્રાપ્ત થાય; न નો ल એ વિકાર અપભ્રંશના ઉત્તરકાલમાં પ્રચરિત છે; એટલે लोणीअं.

૫૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદાહરણો:—

(अ)

| સં. | પ્રા. કે અપ. | | ગુજ. |
|---|---|---|---|
| | (દેશ્ય) णिरिअं | णिरियुं | नर्युं |
| लड्डुकक: | लड्डुअउ | लड्डुवउ | लाडुवो |
| बटुकक: | वडुअउ | वडुवउ | वडुवो |
| वणिक् (+क) | वांणिअउ | वाणियउ | वाणियो |
| लघुककं | हलुअउं | हलुवउं | हळवुं |
| गुरुककं | गरुअउं | गरुवउं | गरवुं |
| कटुककं | कडुअउं | कडुवउं | कडवुं |

(आ)

| | | | |
|---|---|---|---|
| प्रस्वेदक: | परसेअउ | परसेवउ | परशेवो |
| लाभक: | लाहउ | ल्हाअउ ल्हावउ | ल्हावो |
| प्रोतकं | प्रोयउं | | परोव्युं |
| निश्च्योतितकं | निचोइअउं | | निचोव्युं |

[रस नीचोयु तिहां तत कालि ભાલણકૃત कादम्बरी,
પૂર્વભાગ; કડવું ૧૫, પં. ૨૦૯.
અહિં नीचोयुंछे તે व् આગમના પ્રક્ષેપ પ્હેલાનો ક્રમ છે.]

| | | | |
|---|---|---|---|
| आयातक: | आयाअउ | आयो | आव्यो |
| विगूहितकं | विगूहिअउं | विगूइअउं | वगोव्युं |

[આપ્ટે માત્ર विगूढ=નિન્દિત, ઠપકો પામેલું, એ આપેછે; જેમાંથી .અનુમાનપ્રાપ્ત विगूह्=નિન્દવું, ઠપકો આપવો, એ ધાતુ સ્વીકારાય.

(૧) "सृष्टि सर्व वगोई (પ્રેમાનન્દકૃત नळाख्यान, बृ. का. दो. पृ. १९६

(२) बळी विगोइ विविध परे रति सुंदरी थइ तेह

(शीलवतीनो रास, ६–१६–દુહો ૩૧)

वगोई અહિ व् આગમ વિનાનો ક્રમ દર્શાવેછે.

| | | | |
|---|---|---|---|
| विलोडितकं | विलोडिअउं | विलोइअउं | वलोव्युं (=મથ્યું). |

[डनो લોપ સાધારણ ઘટના નથી એટલાપૂરતી આ વ્યુત્પત્તિ તર્કરૂપ છે. પરંતુ આ શબ્દને અપવાદ ગણવાનાં સારાં ગણાય હેવાં કારણો છે; विलोडण (સિન્ધી) એટલે 'વલોવવું'; આપ્ટેના સં. અં. શબ્દકોષમાં विलोडनંના 'ક્ષોભ, સંચાલન, મથન' એ અર્થો આપ્યાછે; અને विलोडितंનો અર્થ butter-milk (માખણ ઉતાર્યાં પછી રહેતો અવશેષ) હેવો આપ્યોછે.]

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ ઉદાહરણોમાં, એટલે इय, उववाळा પ્રકારોમાં પ્રવર્તતી ઘટનાને ઇનો इय् અને उનો उव् હેવું સાધારણ સંધિકાર્ય ગણિયે તોપણ ખોટું નથી. પરંતુ સિ. હે. ૮-૧-૮, स्वरस्योद्वृत्त અને ૮-૧-૬, नयुवर्णस्यास्वे એ સૂત્રો હાવા સંધિકાર્યનાં પ્રતિબન્ધક હોઈને આ આગમનો પ્રક્ષેપ કલ્પવો પડ્યોછે. એમ ન ગણિયે તો આપણે ખુશીથી કહી સકિયે કે હેમચન્દ્રનાં આ પ્રતિષેધસૂત્રોની આ પ્રકારના અપભ્રંશ-ઉત્તરકાલીન વિકારોમાં પ્રવૃત્તિ નથી થતી. છતાં આગમ-વાદ મ્હને વધારે સ્વાભાવિક લાગેછે.

સાધારણ સંધિકાર્યથી આ ઘટનાની ભિન્નતા

## उत्सर्ग २२

### संप्रसारण

આ વાગ્વ્યાપારઘટના સંસ્કૃત જેટલી પુરાણી છે, પરંતુ અહિંયાં આપણું કામ અપભ્રંશ-ઉત્તરકાલીન રૂપોમાં હેની પ્રવૃત્તિ અને હેનાં નિયામક તત્ત્વો તપાસવાનું છે. આ उत्सर्गના નીચે આપેલા વર્ણનથી સ્થિતિ સ્પષ્ટ થશેઃ—

સંપ્રસારણ; હેની પ્રચારમર્યાદા

**य् અને व् જેનાં અંગભૂત હોય હેવી વર્ણશ્રુતિના સ્વર ઉપર સ્વરભાર પડતો હોય ત્યહારે સ્વરમધ્યવર્તી य् અને व्ને સ્થાને હેનું સંપ્રસારણ આવેછે.**

ઉદાહરણોઃ—

| સં. | પ્રા. કે અપ. | | ગુજ. |
|---|---|---|---|
| य् નો इ- हृदयकं | हियअउं[१८८]<br>हयअउं | | हइयुं |
| शतककं | બ્હારોબ્હાર | सयकउं | सइकुं (सैकुं) |
| विह्वलकं | विहलउं<br>व्हिअलउं<br>व्हियलउं | व्हिइलउं | व्हीलुं<br>वीलुं |
| वायुः | वायू | वाइउ | वाई[१८९] |

૧૮૮. જો हिअअउं, અને પછી, इ અને अ ના વ્યત્યયથી, हइअउं એ ક્રમો સ્વીકારવામાં આવે તો આ શબ્દને પ્રસ્તુત उत्सर्ग ની બ્હાર મૂકવો પડે. બે વિકલ્પોમાંથી કિયો પસંદ કરવો એ ઠરાવવું અઘરૂં છે.

अइ પ્રગૃહ્ય રહેછે એ વિશે ઉપર પૃ. ૧૫૧ નો પ્હેલો પેરા જુવો.

૧૮૯ वाइउ નો उ પૂર્વે જ ચર્ચેલા ઉત્સર્ગ ૨૦ અનુસાર લુપ્ત થાયછે. वाइ=અપસ્માર, ફેફરૂં (હાલની ગુજરાતીમાં). માંડણકૃત रामायणમાં वायुपुराणને સ્થાને वाइपुराण પ્રયોગ છે. (એ ગ્રન્થની નકલ સાલ વિ. સં. ૧૫૭૪. હેનો ખંડ ૭૦ મો, કડી ૧૦૭૪મી, ચાલુ સંખ્યા.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | | |
|---|---|---|---|
| पादकक: | पायअउ | पाउअउ | पाइयो (ખાટલા ખુરશી ઇત્યાદિનો 'પગ'.) |
| व्यक्ति: | બ્હારોબ્હાર | वियगति[190] | वीगत[191] |
| धुर्य: | બ્હારોબ્હાર | | धोरी[191] |
| व्यवहार: | विवहारु | | व्हेपार |
| दीपवर्ति: | दीवयट्टी | दीवट्ट | दीवेट (=વાટ) |
| व नो उ– | | | |
| ध्वनि: | બ્હારોબ્હાર | | धून[191] |
| स्वर: | ,, | | सूर[191] |
| द्वि | ,, | दुइ | दु[191] (दुभाषियो, दुपट्टो ઇત્યાદિમાં.) |
| १९१ सुवर्णक / स्वर्णकं | सुवण्णउं | सुण्णउं | सूनुं |

१९०. વિ. સં. १६६२ ના એક લેખમાં वत्ति ઉપલબ્ધ છે: "संवत् १६६२ वर्खे जेष्ट वदि ११ निघाटे छेली खडकीना लाकडा ८ उ ॥ सूरजीए मूक्याछि तेहनी वत्ति, कोपरी २ सौभाग्यवती १ ढाकणु १" (विमलप्रबन्ध ની પ્રસ્તાવના, પૃ. ३९) व्यक्ति=પ્રકટીકરણ; વિગતવાર નિવેદન. એ ઉપરથી वीगत detail.

१९१. धून=મનનો અભિનિવેશ, મનોગ્રહ; મૂળ શબ્દ ध्वनि=નાદ, સતત રણકાર, ઘંટ વગાડ્યા પછી રહે ત્હેવો; अलंकारशास्त्रમાં ध्वनिનો અર્થ થાયછે તે સરખાવો, એ અર્થ, 'व्यङ्ग्य', હાને જ ઔપમ્યે ઉદ્ભવ્યોછે. માટે ધૂન એટલે કોઇ પદાર્થ કે વિચારનો કેમ જાણે કે રણકાર મગજમાં રમ્યા કરે તે.

ध्वनि, स्वर, द्वि, व्यक्ति, धुर्य હેમાનાં व् અને य् સ્વરમધ્યગત નથી એ સ્પષ્ટ છે.

**સ્વરભક્તિ; કેટલાક શબ્દોમાં સંપ્રસારણમાં હેનો વ્યાપાર**

પણ અલ્પ स्वरभक्ति જેવા કશાકના પ્રવેશથી પ્રથમ સ્વરાન્ત-રિત સ્થિતિ પ્રાપ્ત થાયછે, જેમકે ध्उवनि, स्उवर, द्उवि, व्इयक्ति, धुर्इय. આ स्वरभक्ति १/८ માત્રાની ગણાય. હેનું સ્વરૂપ અંશત: विप्रकर्ष જેવું અને અંશત: स्वरभक्ति જેવું છે; કારણ કે स्वरभक्तिમાં પ્રક્ષિપ્તસ્વર अ કે ए હોયછે, જ્યહારે विप्रकर्षમાં વિશ્લિષ્ટ થતી સંયોગ શ્રુતિનો જ સ્વર આવેછે (तत्स्वरता, प्रा. प्र. ३–५९), અથવા હેમચન્દ્ર (८–२–१०० થી ११५) અનુસાર अ, इ કે उ આવેછે. આપણાં ઉદાહરણોમાં પ્રક્ષિપ્ત સ્વર उ કે इ છે એટલું विप्रकर्ष જોડે સામ્ય છે, પણ એ આગમનું ઉચ્ચારમાન १/८ માત્રા છે એ વાતમાં स्वरभक्ति જોડે સાદૃશ્ય છે. આગન્તુક સ્વરના આ સૂક્ષ્મ પ્રમાણને કારણે હું હેને स्वरभक्तिનો પ્રકાર કહેવાનું પસંદ કરૂંછું–જો કે પ્રા. तुवरइ (સં. त्वरते)માં નમુનો મળેછે. ખરું જોતાં विप्रकर्षना બધા પ્રસંગો વૈદિક स्वरभक्तिનો જ ઉત્તર વિકાસક્રમ છે. આધુનિક ભાષાઓમાં શબ્દોના સંક્રમણ પ્રસંગે વૈદિક સ્વર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | | |
|---|---|---|---|
| सर्वः | सव्वु सव | सउ | सौ, सहु. |
| सलावण्यकं | सलावण्णंउं सलवण्णउं | सलउण्णउं / सलऊणउं | सलूणुं |
| प्रतिवेशी / प्रतिवार्सी | प–पाडिवेसी[१९२] / प–पाडवसी | पडउसी / पाडउसी | पडोशी / पाडोशी |
| कषपट्टिका | कसवट्टिआ | कसउट्टी / कसऊटी | कसोटी |
| कुंकुमपत्रिका | कंकवत्तरी | कंकउत्तरी / कंकऊतरी | कंकोतरी |
| कालपात्रिका | | कालवत्तरी / कालउत्तरी / कालऊतरी | काळोतरी |

ટિપ્પણ:—

(અ) ડૉ. ટેસિટોરી ("Notes," § ૫૨માં) સંપ્રસારણનાં ઉદાહરણો પૈકી નીચેનાં આપેછેઃ—

अभिंतर < अभ्यन्तर

भवि < भव्य

विवहारी < व्यवहारी

सुपन < स्वप्न

---

ભક્તિનો પ્રવેશ માત્ર એક નૈસર્ગિક તત્ત્વરૂપે થાયછે, અને એજ કારણે વૈદિક સમયથી આધુનિક ભાષાના યુગમાં વ્યવસ્થા બદલાયછે. दुइ હિંદીમાં ઉપલબ્ધ છે. સામાન્ય હિંદીનું दो કાં તો इ લુપ્ત થતાં રહેતા दु માંથી આવે અથવા તો ફારસી दू-दो સાથે સંબદ્ધ હોય. ગુજરાતીમાં दुपट्टो ઇત્યાદિ સમાસોના પૂર્વપદ તરીકેજ दु વપરાયછે, જે હિંદીમાંથી આણી મૂકેલ હોય તો સંભવે.

स्वर्णમાં स्वरभक्तिના વ્યાપારથી सुवण्ण થયું માની સકાય. धोरी ૧. મ્હોટો બળદ; ૨. મુખ્ય, જેમ કે धोरी मार्ग, રાજમાર્ગ. સંપ્રસારણના વીગતવાર ઉત્પત્તિદર્શન માટે વ્યાખ્યાન ૪ થું, ખંડ ૧ ઉપરની ટિપ્પણ આ જુવો, ઉપર પૃ. ૧૮૦–૮૧ મે.

જો द्वि, द्उवि, दुवि, दुइ (व લોપથી) એ ક્રમો (द्उवि, द्उउइ–दुइ ને બદલે) સ્વીકારાય તો આ ઉદાહરણને संप्रसारणમાંથી બાદ કરવું પડશે. માર્કણ્ડેયે (प्राकृत सर्वस्व, ૩–૯૬ માં) આપેલું द्वारं–दुआरं (दुवारं द्वारा) એ ઉદાહરણ આ મતનું સમર્થન કરતું જણાયછે. કારણ કે दुआरंમાં સંપ્રસારણને અવકાશ છે જ નહિં.

૧૯૨. અહિંયાં प्रति વિકલ્પે पडि કે पाडि બનેછે તે सि. हे. ८–१–४४ अतः समृद्ध्यादौ वा ॥ એ સૂત્રના નિયામકતત્ત્વને અનુસરીને બનેછે; હેમાં समृद्ध्यादि ને આકૃતિગણ કહ્યોછે, અને प्रति વાળાં ત્રણ ઉદાહરણો આપ્યાંછે (प्रतिपद्, प्रतिसिद्धि અને प्रतिस्पर्धिन्). पाडोशीનો प्रातिवेश्मिक પણ મૂળશબ્દ શકય છે; પણ બહુ સંભવિત નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ આ બધાં ઉદાહરણો પ્રથમ સ્વરભક્તિનાં અને પછી સંપ્રસારણનાં છે. य् અને व् સ્વરાન્તરિત હોવા જોઇયે એ પ્રવૃત્તિમર્યાદાનો હેમણે નિર્દેશ નથી કર્યો, અને સ્વરભક્તિનો ખ્યાલ હેમના લક્ષબ્હાર રહ્યો હોવો જોઇયે.

(આ) પ્રારંભમાં જ કહ્યુંછે તેમ સંપ્રસારણનો વિધિ સંસ્કૃત જેટલો પુરાણો છે. इग्यणः संप्रसारणम्, પાણિનિ ૧–૧–૪૫, હેમાં લક્ષણ આપ્યુંછે, અને જેમાં આ વિકાર થાયછે હેવા શબ્દો ભાષામાં વિવિધ સ્થળે સર્વત્ર પથરાયલાછે. સંસ્કૃતમાં સંપ્રસારણની પ્રવૃત્તિના નિયમો કાંઇક જુદા છે, જેમ કે वच्નું અભ્યાસયુક્ત પરોક્ષ ભૂતકાળ તૃતીય પુરુષ એકવચન उवाच છે, જેમાં ववाचનો व સંપ્રસારણ પામે

*સંસ્કૃત રૂપાન્તરોમાંના અને અપભ્રંશોત્તર રૂપાન્તરોમાંના સંપ્રસારણ વિધિની તુલના*

છે; એ સાવ આદ્ય છે, સ્વરાન્તરિત નથી. (કારણ કદાચ બે वकारનું નિકટ સાન્નિધ્ય હશે). ऊचतुः (દ્વિ. વ.), ऊचुः (બ. વ.) હેમાં જૂદો જ સ્થિતિયોગ છેઃ उवचतुः, उवचुः–અહિં वमां आने બદલે अ છે, એટલે ગુરુસ્વર आની પ્રબળ રક્ષણશક્તિ નષ્ટ થઈછે, અને વળી व् સ્વરાન્તરિત છે.

व्यधूનાં विध्यति–विद्ध એ રૂપોનો व्यथते–व्यथितथी ભેદ આ રીતે દર્શાવી સકાયઃ–પ્હેલા પ્રકારમાં ध्य અને द्ध સંયોગો છે એટલે व्यનું ઉચ્ચારણ કાંઇક વિષમ બનાવેછે અને પરિણામે સ્વરભક્તિ પ્રવેશ પામીને व्यને ફાડીને वइय બનાવેછે અને સ્વરાન્તરિત य् સંપ્રસારણ પામેછે. બીજા ઉદાહરણમાં–व्यथते માં–સાદો थ કાંઈ પણ કારણભૂત વિઘ્ન ઉપજાવતો નથી.

विद्वस्–विदुषः–विदुषा ઈત્યાદિમાં, अनड्वाह–अनडुहः–अनडुहा જેવા પ્રકારોમાં સ્વરભક્તિ (विद्उवस्, अनड्उवाह् ઇત્યાદિ બીજભૂત પૂર્વક્રમ છે એ સ્પષ્ટ છે.

પરંતુ સંસ્કૃતમાંના સંપ્રસારણના સઘળા પ્રકારોની પૃથક્ક્રિયામાં ઊતરવું શક્ય નથી. એ પ્રકારો સ્વતન્ત્રરૂપે અલગ પડેછે. હું માત્ર જ્યહાં ખુલાસો શક્ય હોય ત્યહાં અન્વેષણ માર્ગ જ સૂચવુંછું. પણ મ્હારો તર્ક હેવો છે કે સંસ્કૃત, પ્રાકૃત, તેમ જ અપભ્રંશોત્તર અવાન્તરક્રમો, એ સર્વે પ્રકારોમાં વ્યાપી રહેલો એક તત્ત્વભૂત સર્વસાધારણ નિયમ અવશ્ય મળી આવશે.

---

અહિંયાં હું વ્યાખ્યાન ૪ થાનો બીજો વિભાગ સમાપ્ત કરુંછું, અને ત્રીજા એટલે છેલ્લા વિભાગમાં બાકી રહેલા, પ્રમાણમાં ગૌણ ગૌરવવાળા, ઉત્સર્ગો ચર્ચીશ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પરિશિષ્ટ अ.

## ( વ્યાખ્યાન ૪ થું, ખંડ ૨, પૃષ્ઠ ૨૮૭; નોટ ૩ )

### મ્હોટું-હેની વ્યુત્પત્તિ

હું મ્હોટુંને નીચે મુજબ વ્યુત્પન્ન કરૂંછું:—

महत् ( कं ) સં.-महन्तउं ( પ્રા. ); આ રૂપ સિ. હે. ૮-૨-૧૭૪ માં गोणादि निपाताःમાં દર્શાવેલુંછે. પછી નીચેના અવાન્તર ક્રમોઃ—

• महत्तउं—અનુનાસિકના લોપથી, વર્ગ ( ग ) उत्सर्ग ૨ જો, વ્યાખ્યાન ૪ થું, ખંડ ૨, એ અનુસાર.

महट्टउं—सि. हे. ૮-૨-૨૯, ૩૦ માં રહેલા નિયમ અનુસાર દન્ત્યને સમાન તાલવ્યવર્ણ થયો.

महुट्टउं-स्वराणां स्वराः प्रायोऽपभ्रंशे, સિ. હે. ૮-૨-૩૨૯, મુજબ.

म्हउट्टउं-હવે પછીના પરિશિષ્ટ આ માં મ્હેં દર્શાવ્યુંછે તેમ ह આદ્યશ્રુતિ તરફ ખશી બેઠો. વર્ગ ( ख ) उत्सर्ग ૧, ( क )-( अ ) જુવો ( વ્યાખ્યાન ૪, ખંડ ૨ ).

अउનો ओ થાયછે ( સંવૃત; કારણ કે પાછળ રહેલા સંયોગને લીધે उ પ્રબળ બનેછે; વ્યાખ્યાન ૪, ખંડ ૧ માં विवृत ऑ-ऑ વિશેની મ્હારી ચર્ચા જુવો ); એટલે મ્હોટ્ટઉં થયું; અને પછી સંયોગલોપ થતાં મ્હોટું પ્રાપ્ત થયું.

આ વ્યુત્પત્તિમાં પ્રત્યેક ક્રમ એક વા અન્ય સિદ્ધનિયમથી સમર્થિત છે એ જોવામાં આવ્યું હશે.

રા. રા. કેશવલાલ હ. ધ્રુવ પોતાના નિબન્ધમાં (वाग्व्यापार, अनुपूर्ति ૨ માં) मोटुं ( પોતે હકારરહિત રૂપ[1]ના પક્ષમાં છે માટે मोटुं) નીચે પ્રમાણે સાધેછે:—

महट्टउं ( महन्तउं રૂપની હેમણે સ્પષ્ટ ઉપેક્ષા કરીછે ); પછી તેઓ આ પ્રમાણે કલ્પના કરેછે:

---

૧. રા. રા. કેશવલાલ ધ્રુવ પ્રચરિત વસ્તુસિદ્ધ ઉચ્ચારની ( એટલે કે હકાર-યુક્ત ઉચ્ચારની ) અવગણના કરતા જણાયછે; હેમની ચર્ચામાં સર્વત્ર હેમણે નીચે આપ્યુંછે હેવાં વચનો મૂક્યાંછેઃ—

हवे आपणे मोटुं के म्होटुं बोलवुं ते विचारिये;

તેઓ ભૂલી જાયછે કે ખરો મુદ્દો "પ્રત્યક્ષ ઉચ્ચાર શો છે ( અને એથી આપણે શું લખવું )" એ છે, "આપણે શો ઉચ્ચાર કરવો" એ નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ શબ્દમાંના हकारનો પ્રાણોચ્ચાર વિસર્ગને મળતો છે એટલે વિસર્ગના જેવું જ સંધિકાર્ય પામીને हकार સ્વરૂપે લીન થાયછે, અર્થાત્ હનો उ થાયછે જે પૂર્વ अ સાથે જોડાઈને ओ બનેછે; એટલે मोअट्टं થાયછે, પછી मोट्टं–મોટું. મ્હારે મતે આ કલ્પનામાં કેટલાક દોષો રહેલાછેઃ જેમ કેઃ–

(अ) શબ્દશરીરમાં હાવા આન્તર વિસર્ગોચિત વિકારો થવાના બીજા કોઇ દાખલાઓ જાણ્યા નથી; આ તર્ક ખરેખર અદ્‌ભુત અને આધારહીન છે.[२]

(आ) मउअट्टंमां उ અસ્વરિત છે એટલે સ્વાભાવિક રીતે વિવૃત ऑ ઉદ્‌ભવે, સંવૃત ओ નહિં; કારણ કે, સંસ્કૃતમાં ગમે ત્હેવું વલણ ભલે હોય, પ્રાકૃતોત્તર વિકાસક્રમમાં તો, अउमां उ અસ્વરિત હોય અને अउ એમને એમ પ્રગૃહ્યદશામાં ન રહે તો, એ अउનો (अव् દ્વારા) અવશ્ય વિવૃત ऑ થતો હતો.[३]

---

૨. પાણિનિ ૮–૨–૬૬ અનુસાર અન્ત્ય स્ નો (અને सजुष्‌ના અન્ત્યવર્ણનો) र् થાયછે. આ र् નું બેમાંથી એક રૂપાન્તર બનેઃ-

(अ) વિસર્ગ, खर् પ્રત્યાહારથી નિર્દિષ્ટ કોઇ પણ વર્ણ હેની પાછળ હોય તો, અથવા र् પદાન્તે હોય તો, જેમ કે रामस्=रामर्=रामः, रामः कथयति, पठति ઇત્યાદિ; (खरवसानयोर्विसर्जनीयः ૮–૨–૧૫). અથવા (आ) उ, બે અપ્લુત अની વચ્ચે હોય ત્યારે (अतोरोरप्लुतादप्लुते ૬–૧–૧૧૩), અને પાછળ हश् હોય ત્હારે (हशि च ૬–૧–૧૧૪); रामोऽस्ति; रामो गच्छति; तपोधनः ઇત્યાદિ.

મહત્વની બાબતમાં હામાંની એકપણ સ્થિતિ હાજર નથી. રા. કે. હ. ધ્રુવ કહેછે કે हनो વિસર્ગ થાયછે; પણ વિસર્ગ કોઈ શબ્દની અંદર ન રહી સકે, रुत्व અને ત્હાર પછી થતો उ (हના નહિં, પણ सના અને सजुष्‌ના અન્ત્યના) કોઇપણ શબ્દને અન્તે, અથવા તો શબ્દાદિમાં રહેલા हश् સંજ્ઞિત વર્ણોની પૂર્વે, થાયછે. આથી જણાયછે કે, રા. રા. કે. હ. ધ્રુવ માત્ર સાદૃશ્યને આધારે પોતાની કલ્પના રચતા હોય તો પણ, પ્રસ્તુત વિકાર એક જ પદની અંદર ન થઈ સકે. આ ઘટનામાં રહેલો વાગ્વ્યાપાર–નિયમ વિચારતાં હાવા સામ્યદર્શન માટે કોઈ પણ આધાર મ્હને દેખાતો નથી. દલીલ ખાતર સ્વીકારિયે કે પાણિનિયે વિસર્ગ-વિકાર અને પછીનું उत्व सનાં દર્શાવ્યાંછે, અને हનાં નહિં, તે તો માત્ર હેમની વિલક્ષણ સૂત્રવ્યવસ્થાની ખાતર જ છે, અને વાસ્તવિક વાગ્વ્યાપાર ઘટનામાં વિસર્ગમાં રહેલા હકારનો જ વિકાર થઈને उ થાયછે; છતાં પણ–દલીલ ખાતર આમ સ્વીકારિયે તોપણ—આન્તરવિકાર વિશેની મુશ્કેલી ઉભી જ રહેછે. महट्टना मह×अट्ट હેવા કકડા પાડવા કોઈ રીતે શક્ય નથી.

૩. હાના ઉત્તરમાં એમ કહેવામાં આવે કે मउअट्टंનું मउट्टं થયું હોય અને પછી उ સ્વરિત હોઈને ओ સંવૃત થાય. પરંતુ हनो વિસર્ગ જેવો વિકારક્રમ અશક્ય છે એ મૂળ દોષ આખી કલ્પનાને ગબડાવી નાંખેછે. અને मउअट्टंनुं मउट्टं હેવી રૂપવિક્રિયાઓ કલ્પવામાં કાંઈ સાર નથી,—એ વિક્રિયાઓ સ્વતઃ અસંભવિત છે એમ નહિ, પણ પ્રસ્તુત પરિસ્થિતિમાં હેને અવકાશ નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ઙ) મરાઠી મોઠેંની તુલનાથી જણાશે કે હેમાંના ઠમાં દ્‌ની સાથે સંકર પામેલો હ્‌ પ્રગટ છે, અને હેનો કાલ્પનિક વિસર્ગ–વિક્રિયામાં અને વિસર્ગનો ઉ થવામાં સ્વરૂપનાશ નથી થયો. મોઠેંમાંનો ઓ હાવી વિક્રિયા વિના જ, હ્‌ને છેવટ સુધી જીવન્ત રાખીને, महुटअं–मउठ्ठयं–मोठें એ રીતે પ્રાપ્ત થયોછે એ વાત રા. રા. કે. હ. ધ્રુવની કલ્પનાની વિરુદ્ધ સમર્થ પુરાવો રજૂ કરેછે એ લક્ષમાં રાખવું.

• અહિંયાં પ્રસંગવશાત્ કહીશ કે ગુજરાતી પ્રાચીન ગ્રન્થોની કેટલીક હસ્તલિખિત પ્રતોમાં મોટું (હકારહીન) જોવામાં આવેછે પરંતુ હકારયુક્ત રૂપ (મોહોટું ઈત્યાદિ) પણ, એક વા અન્ય પ્રકારે, એટલું જ ઉપલબ્ધ છે; જેમ કેઃ–

(૧) एक मोहटुं सरोवर छे
(गद्य भागवत; સાલ અજાણી છે, પણ સહજાનન્દ સ્વામીના वचनामृतથી ઘણું જૂનું મનાયછે.)

(૨) मोहटा राव बोलाणा ( એ જ ગ્રન્થ )[૪]

(૩) राज जनमेजि किहिछि जैमुन्यने तुं माहा मोहोटो मुन्य
( વિષ્ણુદાસકૃત चन्द्रहास आख्यान, નકલ સાલ વિ. સં. ૧૭૩૨).

(૪) आपणने दुष मोहोटुं एह
( કેશવ હૃદેરામ કૃત दशमस्कन्ध; રચ્યાના સાલ વિ. સં. ૧૫૨૯, નકલ લખાઇ કચ્છમાં વિ. સં. ૧૭૮૭ માં; સર્ગ ૧૫, કડી ૩૦.)

( ૫ ) लई हेमनी कांकशी मात म्होटी (એ જ ગ્રન્થ, સર્ગ ૧૪ કડી ૧૫.) અને એજ ગ્રન્થમાં કેટલેક અન્યસ્થળે[૫]. નં. (૫) ધ્યાનમાં રાખવા જેવો છે, કારણ કે હેમાં મ્હ સંયોગ છે તે એક અપવાદ છે.

( આ ગ્રન્થ, કેશવ હૃદેરામકૃત दशमस्कन्ध, મ્હને રા. રા. અંબાલાલ બુ. જાનીએ બતાવ્યો હતો; મુંબઇની ફૉર્બ્સ ગુજરાતી સભાની માલિકીના હસ્તલેખસંગ્રહમાં એ પ્રત છે ).

---

૪. ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ્ સમક્ષ રા. રા. છગનલાલ વિ. રાવળ નામના એક સેવાનિવૃત્ત શિક્ષકે "गुजराती भाषाना केटलाक शब्दोनी जोडणी" એ વિષયનો નિબંધ વાંચ્યો હતો હેમાંથી આ બે ઉદાહરણો (૧ અને ૨) લીધાંછે. (અહેવાલ, પૃ. ૯૮, ૧૦૧ જાુઓ.)

૫. બીજાં બે ઉદાહરણો આપુંછુંઃ—
कीहां मोहोटा कवि मेरु समान। (સમાપ્તિ, કડી ૧૨૨); हरि शेवक मोहोटो महि माय। (સમાપ્તિ, કડી ૧૧૬).



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૬) તેમ જ શામળકૃત सिंहासनबत्रीशीनी (વિ. સં. ૧૭૦૬માં ઉતારેલી) પ્રતમાં પણ मोहोटुं જોડણી ઘણી જગ્યાએ છે.

(૭) પ્રેમાનંદકૃત व्रजवेलीनी, વિ. સં. ૧૮૪૨માં લખેલી હસ્તલિખિત પ્રત હાલ મ્હારી પાસે છે ત્હેમાં નીચે મુજબ છેઃ—

(૧) मोहोटां मोकलां मंदिर उंचा अवास जी (કડી ૨૭૪).
(૨) मोहोटां मन्ये करीने आप्यां बहु दान जी (કડી ૧૫૭).
(૩) रूप छे सामलूं गुण छे मोहोटडा (કડી ૨૩૬).
આ ઉદાહરણો નજરે ચઢ્યાં લીધાંછે.

(૮) माहा मोहोटो तापस जांणे
(ध्रुवचरित्र, વિ. સં. ૧૬૩૭; ૧–૨૦).
(હેમાં અન્યત્ર મોટું પણ છે).

(૯) ते दुष मांहे एवुं दुष मोहोटुं
(નાકરકૃત विराटपर्व, વિ. સં. ૧૬૦૧; નકલ સાલ વિ. સં. ૧૭૮૫; ૪–૨૦).
(હેમાં અન્યત્ર મોટા-મોટું પણ છે; मोहोटा પણ).

(૧૦) साजसहित पधारजो हूने मोहोटेरो करवा रे
(નાકરકૃત ओखाहरण વિ. સં. ૧૮૧૦ ની નકલ).

આ સર્વ ઉપરાંત ખાનગી પત્રવ્યવહારમાં અને અન્ય લેખોમાં અને પાઠ્યપુસ્તકોમાં આ શબ્દ હકારયુક્ત પ્રચલિતછે—લગભગ ચાળીશ વર્ષો પૂર્વે હોપકૃત વાચનમાળા નામે ઓળખાતી પુસ્તકમાળા એક કમિટીએ ઘડી હેમા કેળવણી ખાતાએ આ જોડણીનો કૃત્રિમ રીતે અનાદર કર્યો ત્હાં સુધી એ જોડણી પ્રચરિત હતી. પરંતુ એ અનાદર છતાં પણ, કેળવણી ખાતાના સંસ્કારથી અલિપ્ત રહેલાઓમાં મ્હોટુંનો પ્રયોગ રૂઢ છે.

આ પ્રમાણે, કેટલાક જૂના હસ્તલેખોમાં हकारના ક્વચિત્ ક્વચિત્ થએલા અનાદરની (અને છેલ્લા ચાર સૈકા દરમ્યાન કેળવણી ખાતાના આપખુદી વર્તનથી શરુ થયેલા પ્રચારની) વિરુદ્ધ મ્હોટુંમાં हकारના અવિચ્છિન્ન સ્વીકારનો ભરપૂર પ્રવાહ છે; હેનો મૂળ સંસ્કૃતમાં પ્રારંભ થયો. પ્રાકૃતમાં, અપભ્રંશમાં અને અપભ્રંશોત્તર ભાષાઓમાં હેનો પ્રયોગ જારી રહ્યો, જૂના જમાનામાં હેનો પ્રચાર જળવાઈ રહ્યો, અને અત્યારે પણ હેનું પ્રત્યક્ષ ઉચ્ચારણમાં સમર્થન થાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પરિશિષ્ટ ख

### વ્યાખ્યાન ૪ થાના ખંડ ૨ જાનું

(પૃ. ૨૯૪ મે નોટ ૧૭ મી જુવો.)

**हकार પ્રાયઃ શબ્દના આદિ તરફ જાય છે એ મારા મતનાં કારણો**

મુંબઈ ઇલાકાના કેળવણી ખાતાએ સ્વીકારેલી લેખનપદ્ધતિની પરીક્ષા કરતાં સદ્‌ગત રા. રા. નવલરામ લક્ષ્મીરામે આ પ્રશ્નની વિસ્તીર્ણ અને સમર્થ ચર્ચા કરીછે; (गुजरात शाळापत्र ઇ. સ. ૧૮૭૨ માર્ચ, અને તે પછીના અંકો જુવો, અથવા नवलग्रन्थावलि, ૩, પૃ. ૨૬-૩૨ જુવો). હેમણે वहेनने બદલે वेन હેવી હકાર વિનાની જોડણીનો ઉચિત તિરસ્કાર કર્યોછે, અને પછી ત્રણ જૂદા જૂદા લેખનપ્રકારની ગુણપરીક્ષા કરીછે, જેમકે

(अ) बहेन, वेहेन;

(आ) ब्हेन;

અને (इ) वेहॅन.

બીજાના પરિત્યાગનાં કારણો દર્શાવીને હેમણે (इ)-वेहॅन પસંદ કર્યુંછે. અને, નવાઈ જેવું છે કે, બે'ન એવી માત્ર વર્ણલોપની સંજ્ઞા વડે જ હકાર સૂચવતી જોડણીનો વિકલ્પ સૂચવ્યોછે. ઇ. સ. ૧૮૮૮ માં बुद्धिप्रकाशના વધારા રૂપે છપાયેલા ગુજરાતી જોડણી વિશેના મ્હારા લઘુપુસ્તકમાં મ્હેં આ પ્રશ્નની સંપૂર્ણ ચર્ચા કરીછે. અહિં તો, हकार પ્રાયઃ શબ્દની આદ્યશ્રુતિ તરફ અપસરણ કરેછે હેવા મ્હારા મતનાં કારણો સંક્ષેપમાં જણાવવાં એ એક જ મ્હારો ઉદ્દેશછે. અહિંયાં પ્રારંભમાં કહીશ કે આ હકારનો ઉચ્ચાર लघुप्रयत्न છે તેથી એનું ચોક્કસ સ્થાન શંકાગ્રસ્ત રહેછે, જો કે નિપુણ નિરીક્ષક જરા પણ અચકાયા વિના હકારનું સ્થાન પકડી પાડશે. હવે કારણો આપુંઃ—

(૧) પ્રથમ, નિપુણ નિરીક્ષણ કરનારને હકાર આદ્યશ્રુતિમાં સંભળાયછે.

(૨) બીજું, व्हॅन, प्हॅलुं જેવા શબ્દોમાંના विवृत ॲ-ऑ ઉચ્ચારથી પરોક્ષ રીતે સૂચવાયછે કે ह् આદિ તરફ ગયોછે, જેમ કે भगिनी–बहिणी; पृथुलकं–पहुलउं. અહિંયા अइ–अउ અને ત્યાર પછીના ક્રમ अय्–अव् બાકી રહે એટલા માટે ह् આદિ તરફ ખશેછે (व्हइणी-प्हउलउं) અને વિવૃત્ત ઉચ્ચારની કારણસામગ્રી માટે માર્ગ મોકળો મૂકેછે; ह् અન્ત તરફ જવાથી કે બીજે કોઈ પ્રકારે હેવો માર્ગ થઈ શકે નહિઃ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૩) હાલ પણ हमणां (< अधुना-अहुणा) જેવા શબ્દોમાં ह् આદ્ય-શ્રુતિમાં લખાયછે. આ વસ્તુસ્થિતિ અત્યન્ત સૂચક છે;

(૪) ग्નો घ् જેમાં થાયછે ત્હેવા घेरुं (સં. गभीरकं અપ. गहीरउं), घउं (સં. गोधूमः. અપ. गोहूंहुं), घलो (સં. गृहीतकः અપ. गहिलउ), घो (સં. गोधा પ્રા. गोहा), भेंश (સં. महिषी, પ્રા. महिसी), घयडो-घरडो (સં जरठकः, અપ. जरढउ, (પછી) गरढउ), ઇત્યાદિ પ્રકારના શબ્દોમાં હકાર આદ્યશ્રુતિમાં છે એ નિર્વિવાદ છે.

(૫) છેવટમાં; श्लक्ष्णकंમાંથી વિવિધ ક્રમોદ્વારા આવતો ન્હાનું શબ્દ હકારની ઊર્ધ્વગતિનું સ્પષ્ટ સાક્ષ્ય પૂરેછે; જેમ કે श्लक्ष्णकं, लण्हउं, नन्हउं; અહિં જો ह् આદિ તરફ જાય અને न्हनउं થાય તો જ માત્રાપરિપૂરણ અર્થે આદ્યશ્રુતિના અનું દીર્ઘત્વ આવશ્યક બને અને ન્હાનું શબ્દ સાંપડે; જો ह् શબ્દના ઉત્તર ભાગમાં જ રહે તો અના દીર્ઘત્વનું અને એ વડે માત્રપરિપૂરણનું નિમિત્ત જ ન ઉદ્ભવે; પછી જો એમ માનિયે કે ह् લઘૂચ્ચારણ બનતાં હાવું નિમિત્ત ઉપજેછે, તો જૂદી વાત; नन्हउं (ગુરૂચ્ચારણ ह) नन्हउं (ह લઘૂચ્ચારણ થતાં પ્રથમ શ્રુતિ લઘુ બનેછે, માટે) नान्हुं. પરંતુ घेरुं, घो, घलुं ઇત્યાદિના અને हमणां ઇત્યાદિના નિર્વિવાદ પ્રમાણની હયાતીમાં ન્હાનું જેવા શબ્દોમાં, नान्हुं સાંપડે હેવી, વિકાસક્રમની વિપરીતતા સ્વીકારવી રહેલી નથી.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## વ્યાખ્યાન ૪

### ખંડ ૩

### ગુજરાતી ભાષાનો ઇતિહાસ–હેનો વિકાસ.

(સમાપન)

હવે હું ઊતરતા દરજ્જાની ઉત્સર્ગાવલી લઈશ અને એ ઉત્સર્ગોની આ ખંડમાં ત્વરિત ચર્ચા કરીશ; આ ખંડને મિશ્રખંડ કહું તો ચાલે, કારણ કે પૂર્વગામી ખંડોમાં કર્યા હતા ત્હેવા क, ख, ग, હેવા ઉત્સર્ગવર્ગો કરવા રહીશ નહિં અને ઉત્સર્ગવિશે વિસ્તીર્ણ ચર્ચામાં પણ ઊતરીશ નહિં.

---

### उत्सर्ग १

प्रक्षेप

કેટલાક શબ્દોમાં આગન્તુક વર્ણ પ્રક્ષિપ્ત થાયછે; એ વર્ણો ह्, व्, य् કે र्. આ પૈકી ह्નો પ્રક્ષેપ ખંડ ૨, उत्सर्ग ૧ (ख)માં અને य् અને व्નો પ્રક્ષેપ ખંડ ૨, उत्सर्ग ૨૧માં ચર્ચ્યોછે (ઉપર પૃ. ૨૮૬ અને ૩૧૦–૧૪ જુવો). र्ના પ્રક્ષેપનું આછું પૂર્વદર્શન અપભ્રંશમાં થાયછે, સિ. હે. ૮–૪–૩૯૯ (अभूतोऽपि क्वचित्)[1] જુવો. પરંતુ અપભ્રંશમાં ઉદાહરણો થોડાં છે પણ ગુજરાતીમાં વિવિધ પ્રકારનાં છે.

ઉદાહરણો

(૧) करडागी (कयडागी) } (= ટકોર) ગુજ. < कटाक्ष (સં.), कडक्ख (પ્રા.), करडाकी–गी. (कटाक्ष=અપાંગવીક્ષણ; તીરછી નજર; એ ઉપરથી ગુજરાતીમાં લક્ષણાવડે, વક્રોક્તિ, સાકૂતવચન.)

(૨) सांझरे (ગુજ.);=सांझे (સપ્તમી)+ र् પ્રક્ષિપ્ત. (रातरे (रात्रिये)ના સામ્યાનુવર્તનને અહિં આ પ્રક્ષેપ જોડે કાંઈક સંબંધ હોઈ સકે).

---

૧. હાનો ઝાંખો પણ સૂચક પૂર્વ–આભાસ છેક ऋ તિશાખ્યના સમય સૂધી જોઈ સકાયછે; એ प्रातिशाख्य ૪–૬૮, ૬૯ જુવો; હેમાં કેટલાક પ્રકારોમાં न् પછી થતો र्નો પ્રક્ષેપ ચર્ચ્યોછે; જેમ કે पणीन्+वचोभिः=पणींर्वचोभिः ઇત્યાદિ. આ र्ને પ્રક્ષેપ નહિં ગણતાં न्નો પોતાનો જ અનુનાસિક આવિર્ભાવ ગણવાનો સામાન્યપ્રચાર છે; પણ હું હેને ઉત્તર સમયના अभूतोऽपि क्वचिद् रकारના ઝાંખા પુરઃસર તરીકે અહિં નોંધુંછું— એ મતને અવકાશ હોય તો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૩) पङखुं (ગુજ.)=પાસું; < पक्षकं (સં.); पक्खउं (અપ.); प्रक्खउं; प्रखउं; परखुं; पडखुं.

(૪) करोड (ગુજ.)=શતલક્ષ; < कोटि (સં); कोडी (પ્રા.); क्रोडी; करोड.

(૫) सराण (ગુજ.)=સજવાનો પથ્થર; < शाण (સં.); साण (પ્રા.); स्राण; सराण.

(૬) त्रूठ्वुं (ગુજ.)=રીઝવું; < तुष्ट (સં.); तुट्ठ (પ્રા.); तूठ, त्रूठ(वुं).

" आज मोतीडे मेहुला वूठ्या,
त्रण लोक तणा नाथ त्रूठ्या "
(દલપતરામ)

" मांहिथी नीकळी पड्यो हार,
सतीने त्रूठ्या विश्वाधार. "
(પ્રેમાનંદકૃત नलाख्यान.)

" जाणे भादरवो भडकी ऊठ्योरे,
वाकी साकीनुं ल्यो हूं त्रूठ्योरे. "
(નવલરામ કૃત बाल-गरबावली.)

(૭) भरखवुं (ગ્રામ્ય ગુજ.)=ખાવું; (જેમકે त्हने भवानी भरखे); < भक्ष् (સં.); भक्ख् (પ્રા.); भ्रख्; भरख (वुं).

(૮) नागरवेल (ગુજ.)=તાંબૂલલતા; < नागवल्ली (સં.); नागवेल्ली (પ્રા.);–नागरवेल.[२]

(૯) श्राप (અશિષ્ટ વર્ગની ગુજ.)=शाप (સં.)—ઉચ્ચારોચ્ચાર–श्राप.

(૧૦) गणतरी (ગુજ.); < गणिति=(સં.);–ઉચ્ચારોચ્ચાર– गणित्री; गणतरी. (भणतर, कळतर, चणतर ઇત્યાદિમાંના तरी, तर, એ ગુજરાતી પ્રત્યયનું મૂળ આ હોઇ સકે.)

(૧૧) कराखी (ગુજ,)=સ્ત્રીની કાંચળીની બાંહ્યને નીચલે છેડે મૂકવામાં આવતો કડકો; < कक्षा (સં), कक्षिका; कक्खिआ (પ્રા.); क्रक्खी, करक्खी, कराखी, (कक्ष=બગલ. પણ कक्षा એટલે પણ બગલ. अभिधान चिन्तामणि, ३–२५३, दोर्मूलं खण्डिका कक्षा पार्श्वं स्यादेतयोरधः ॥).

---

૨. કાનડાના જીલ્લાઓમાં नागपंचमीने नागरपंचमी કહેછે; પણ એ તો કાનડીમાં नागना (ષષ્ઠી બહુવચન) રૂપ नागर માંથી હશે—દેવરૂપ नाग ના માનાર્થે બહુવચન.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧૨) कबूतर (ગુજ.)=પારેવું; < कपोत (સં); कवोत (પ્રા.-પણ त જાળવી રાખેછે); कबूतर. (બીજા વ્યુત્પત્તિવિકલ્પ માટે અને ફારસી कबूतर સાથેના ગોત્રસંબન્ધ માટે ઉપર પૃ. ૩૧૨-નોટ ૩૩ જુવો.)

સૂચના:-આ રૂપાન્તરોમાં ક્રમો આ છે-

(૧) ર્ નો પ્રક્ષેપ, પછી

(૨) એથી થયેલા સંયોગનો વિશ્લેષ.

° અપવાદો માત્ર એટલા જ છેઃ—

ऋठवुं, હેમાં વિશ્લેષ નથી; नागरवेल, હેમાં ર્ જોડેનો સંયોગ નથી, પણ र (र्+अ) અલગ પ્રક્ષિપ્ત થાયછે.

આ ર્ ના પ્રક્ષેપનાં ઉદાહરણો થયાં. વિરલ પ્રકારોમાં અન્ય વર્ણ પ્રક્ષિપ્ત થાય છે; જેમ કે

(૧૩) आसना वासना (ગુજ.); < आश्वासना (સં);

(૧૪) विधविध (ગુજ.); < विविध (સં).

[ટિપ્પણ:-(अ) ર્ ના પ્રક્ષેપની બાબતમાં, ક્લિષ્ટ સંયોગ ઉપજાવીને શબ્દને સંસ્કૃતાનુકારી બનાવવાની ઉત્કંઠામાં પ્રક્ષેપનું કારણ જોઇ સકાય. મ્હેં એક માણસને दक्षणी ને સ્થાને द्रक्षणी કહેતાં સાંભળ્યોછે અને गणपतिने સ્થાને ग्रणप्रति કહેનારા અન્ય પુરુષો વિશે કોઈએ મ્હને કહ્યુંછે. એક પ્રતિષ્ઠિત ગુજરાતી વર્તમાનપત્રના લેખમાં पेरवी (ફારસી)ને બદલે प्रेरवी અને पश्चात्ताप ને બદલે प्रश्चात्ताप વાંચ્યુંછે. આ સઘળું જોતાં, શુદ્ધ, સરળ ગુજરાતીમાં 'पेली खींटियेथी अवोटियुं लावो' કહેવાને બદલે 'प्रेली ख्रींटियेथी अव्रोटियुं ल्रावो' એમ કહીને પોતાનો પાંડિત્યદંભ પ્રગટ કરનારા પેલા અભણ ગામડિયા બ્રાહ્મણની કથાને અત્યુક્તિ ન ગણવી જોઇયે.

(आ) ટેસિટોરી, "Notes," § ૩૧ માં, ર્ નો પ્રક્ષેપ ચર્ચેછે; પણ હેમણે (ग्रहइ, प्राहुणउ જેવાં) ઉદાહરણો આપવામાં અપભ્રંશની અંદર જ (સિ. હે. ૮-૪-૩૯૯ માં જણાવ્યા મુજબ) આ ર્ નો પ્રક્ષેપ થાયછે હેની અવગણના કરીછે. આ ર્ બહુધા ग्, भ्, प्, त् અને स् માં ઉમેરવામાં આવે છે એ ડૉ. ટેસિટોરીનું કથન સૂચક છે.]

(૧૩) અને (૧૪) પ્રકારોમાં અનુનાદનની ઇચ્છાથી જ आसना वासना અને विधविध ઉપજ્યા જણાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### उत्सर्ग २

### સ્ત્રીલિંગ શબ્દના અન્ત્ય अ અને आ

ઉપરે પૃષ્ઠ ૨૨૨ મે, उत्सर्ग २ જાને અન્તે આપેલ ટિપ્પણમાં મ્હેં કહ્યું હતું કે આ उत्सर्गને वर्ग (ग)ની અંદર મૂકીને ચર્ચીશ. આ ઉત્સર્ગને પૂર્વગત ખંડમાં મૂકવાને બદલે અહિં ચર્ચવો વધારે યોગ્ય માનુંછું, કારણ કે હેની ઉપયોગિતા અલ્પ છે.

ઉત્સર્ગનો ઉપન્યાસઃ–ગુજરાતીમાંના અકારાન્ત સ્ત્રીલિંગ શબ્દોની વ્યુત્પત્તિ કાં તો આકારાન્ત કે ઇકારાન્ત કે પછી ઈકારાન્ત સંસ્કૃત શબ્દોમાંથી સધાયછે. આકારાન્ત સ્ત્રીલિંગ શબ્દો કાં તો तत्सम, અથવા સાદી રીતે વ્યુત્પન્ન થયેલા, કે ખોટા સામ્યવિધાનથી ઉપજેલા, કે પછી ફારસીમાંથી આવેલા હોયછે;

ઉદાહરણોઃ

ज्वाला (સં.), जाला (પ્રા.), झाळ (ગુજ.); कला (સં.), कला (પ્રા.), कळ (ગુજ.);

माता–મ્હારોમ્હાર–मात; वार्ता–वत्ता–वात; माला–माला–माळ; त्वचा–तजा–तज; जिव्हा–जिब्भा–जीभ; लज्जा–लज्जा–लाज; बाला–बाला–बाळ. तृषा–(तरिसा, तर्षति–तरिसइદ્વારા)–तरश; बुभुक्षा–भुक्खा–भूख; लाक्षा–लाक्खा–लाख; कक्षा–कक्खा–काख; भिक्षा–भिक्खा–भीख; शिक्षा–सिक्खा–शीख–आज्ञा–आणा–आण.

---

कदली–केली–केळ; नारी–नारी–नार; वल्ली–वेली–वेल; कुक्षि–कुक्खी–कूख; भगिनी–बहिणी–બ્હેન; अक्षि–अक्खी–आंख्य.

---

आकारान्त શબ્દોઃ—

माळा (સાદી વ્યુત્પત્તિથી); बाळा (સાદી વ્યુત્પત્તિથી);

दया, क्षमा, कृपा ઇત્યાદિ (तत्सम);

धजा–ध्वजમાંથી; (ખોટી સામ્યકાંક્ષાથી સ્ત્રીલિંગ ध्वजा

ફારસી

मझा; सजा; कज़ा; ઇત્યાદિ.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## उत्सर्ग ३

### उंकारान्त અને उकारान्त નામો.

ગુજરાતીમાં નપુંસકલિંગના શબ્દોને અન્તે બહુધા અનુનાસિક उं આવેછે; પણ એ લિંગના જ કેટલાક શબ્દોમાં અનુસ્વાર નથી, એટલે કે તેઓને અન્તે શુદ્ધ उ હોયછે.

ઉદાહરણો:—

• आदुं, गाडुं, घोडुं ઇત્યાદિ, ઇત્યાદિ;—આ उंकारान्त છે. लींवु, जांबु, वरु, पेढु, रतालु, आलु, वियालु (=રાત્રિભોજન),—અને હેવા શબ્દો અનુનાસિક રહિત उकारान्त છે.

આ ભેદનું કારણ સ્પષ્ટ છે; તે એ કે અનુસ્વારયુક્ત उं નું મૂળ अकं (સં.), अउं (અપ.) એ પદાન્તોમાં રહેલું છે, પણ શુદ્ધ उकारान्त શબ્દોનો ઉત્પત્તિવૃત્તાન્ત હાવો નથી. પરિણામે लींबांुं (लींबुंने સ્થાને) જેટલું ખોટું ગણાય તેટલું જ (आदानुं ને સ્થાને) आदुंुं ખોટું ગણાય.

---

## उत्सर्ग ४

### व नो व

### અનાદ્ય व (દન્તોષ્ઠ્ય) નો व़ (ઓષ્ઠ્ય) બનેછે.

ઉદાહરણો:—

(१) द्वि–(वि, वइ)–वे; (२) द्वितीयकः–विइज्जो–बीजो; (३) द्वारं–वारु–वार; (४) द्वारटकं–वारड(उं)–वारणुं; (५) ज्वलति (वलइ)–बळे (छे); (६) उपविंशति–उवइसइ, वइसइ–बेसे; (७) अपत्यकं–अवचउं–वचुं; (८) यौवनं–जोव्वण, जोवन–जोवन; (९) कच्छपकः–कच्छवउ–काचबो; (१०) कपोतः–कवो(तो)–कबूतर; (११) छविः–छवी–छवी; (१२) भयव्याकुलकः–भअव्वाउलउ–व्हेवाकळो; (१३) દેશ્ય डावो–डावो, डाभो; (१४) દેશ્ય खवओ–खवो–खभो.

સૂચના:—

(अ) આદ્ય व નો ब ગુજરાતીમાં થતો નથી; એ સર્વાંશે હિન્દીની વિશિષ્ટતા છે. बुढ्ढो (સં. वृद्धकं પ્રા. वुड्डउ); बडो (સં. वृद्धकः પ્રા. वडउ), જેમકે ए बडो लुच्चो छे; विराजवुं (સં. विराज्); बोजो (દેશ્ય वोज्झो=ભાર); એ પ્રકારના શબ્દો ગુજરાતીમાં હિન્દી રૂપાન્તરો દ્વારા ઘુસ્યાછે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧) થી (૭) એ સાત ઉદાહરણોમાં વ અવાન્તર ક્રમોમાં જ આદ્ય છે, પણ પ્રથમની, સંસ્કૃત, દશામાં અનાદ્ય છે.

(આ) પ્રાકૃત વ્યાકરણમાં व નો ब થવાનું દર્શાવ્યું નથી એ ખરું, પણ ન દર્શાવવાનું કારણ હેવું નથી કે પ્રાકૃતમાં व અને ब વચ્ચે ભેદ મનાતો નથી; પ્રથમ દૃષ્ટિયે સિ. હે. ૮–૨–૭૯ ( सर्वत्र लवरामवन्द्रे ) ઉપરથી એમ જણાશે કારણ હેમાં द्वि, द्वार, उद्विग्न તેમજ शब्द એ ઉદાહરણો આપ્યાંછે; વળી સિ. હે. ૮–૧–૨૫૮ અને ૨૫૯ માં शबर નો ब અને स्वप्न ને नीवी નો व વિષયભૂત છે એ વસ્તુ-સ્થિતિ પણ व ब નો અભેદ સૂચવે; છતાં ખરું કારણ એ નથી. કારણ કે સિ. હે. ૮–૧–૨૩૭ માં ब નો व થતો આપ્યોછે. रलयोर्ड-लयोश्चैव शसयोर्बवयोस्तथा । वदन्त्येषां हि सारूप्यमलङ्कारविदो जनाः ॥ હેમાં શ્લેષ જેવા અલંકારની અપેક્ષાએ જે શૈથિલ્યની અનુજ્ઞા આપીછે હેનો આશ્રય વ્યાકરણ જેવા શાસ્ત્રીય તન્ત્રપ્રબન્ધથી ન લઇ સકાય. એથી, व અને ब ને અવિશિષ્ટ ગણવામાં હેમ-ચન્દ્રે બતાવેલી શિથિલ પદ્ધતિનો નિર્દેશમાત્ર કરીને સંતોષ માનીશ.

( इ ) ઉદાહરણ નં. ( ૫ ), ज्वल्, હેમાંનો ज् નો લોપ હેમચન્દ્રના વ્યાક-રણના વિષયની બ્હાર છે એ સ્પષ્ટ છે, કારણ કે હેણે ક્યાંય પણ ज નો ऊर्ध्वलोप દર્શાવ્યો નથી (૮–૨–૭૭ માંની ગણનામાં ज् નથી ), પરંતુ ज्वल्‌માંથી વિકલ્પે ज् અને व લુપ્ત થતાં ગુજ-રાતીમાં बळ् અને મરાઠીમાં जळ् અને હિંદીમાં जल् સાંપડેછે, એ વસ્તુસ્થિતિને આધારે અહિં મ્હેં સ્વીકારેલો ज् નો લોપ ન્યાય્ય લાગેછે.

( उ ) પોતાના व्युत्पत्तिपाठ નિયમ ૯ માં નવલરામ લક્ષ્મીરામે આદ્ય व નો ब થતો દર્શાવ્યો છે એ હેમની સ્પષ્ટ ભૂલ છે; કારણ કે હેમણે આપેલાં ઉદાહરણો કાં તો હિંદીમાંથી છે ( જેમ કે बत्ती, बाल, बसी, ब्रिजवासी, बिराज्युं ); અથવા મૂળશબ્દ ખોટો લઇને સાધેલાંછે ( જેમ કે बकरुं < बर्कर જે શબ્દ તદ્દન અસંસ્કૃત છે; बाप < वाप હેવો જ કલ્પિત શબ્દ; बठो < विष्टः ભૂલ છે, उपविष्टः જોઇયે ); કે પછી કારણ વિના व માંથી સાધેલાં છે, જેમ કે बाफ < वाष्प–પણ સંસ્કૃતમાં જ ( સાદા ઓષ્ઠ्य ब વાળો ) बाष्प પણ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ए) ટેસિટોરી, "Notes" § ૩૩ માં, પદાન્તર્ગત व ના ब થતો દર્શાવે છે, પણ એ વિકારને સંકુચિત બનાવવાની મર્યાદા મૂકેછે— "જ્યારે અસ્વરિત પૂર્વસ્વરના લોપથી એ આદ્ય બને ત્યારે." મ્હેં આપેલાં ઉદાહરણોથી જણાશે કે આ મર્યાદા લાગુ પડે જ હેવો નિયમ ગુજરાતીમાં તો નથી.

અપવાદો:

શુદ્ધ ગુજરાતી શબ્દમાં મૂળ સંસ્કૃતના व નો ब થતો હોય હેવા થોડા જ અપવાદો મ્હને મળ્યાછે; જેમ કે बचवुं સં. वञ्च्; મરાઠી વાંચણે સરખાવો— ला वांचून=તે શિવાય, પ્રાથમિક અર્થ 'ત્હેને છેતરીને, તજીને, બચાવીને (save it)' અથવા तो वांचला गेला=' તે બચાવાયો '; ઇત્યાદિ પ્રયોગો છે.

ગુજ. वलैयुं શબ્દ સં. वलयकंमાંથી સાધિયે એ ખરું હોય તો એ અપવાદ ઉમેરવો.

ગુજ. वीडी < સં. वीटिका એ બીજો એક અપવાદ.

તેમ વળી वगडवुं (ગુજ.) < विघट् (સં.); અને કદાચ वगासु (ગુજ.) < विकास (સં.).

---

## उत्सर्ग ५

### व નો व

**કેટલાક શબ્દોમાં શુદ્ધ ઓષ્ઠય बને સ્થાને દન્તોષ્ઠય व આવેછે.**

ઉદાહરણો:

| સં. | પ્રા. | ગુજ. |
|---|---|---|
| बाधः | —બ્હારોબ્હાર— | वांधों |

સિ. હે. ૮–૧–૨૩૭ (वो वः) અનાદ્ય व વિશે છે, પણ આપણા આ ઉદાહરણમાં व આદ્ય છે.

---

## उत्सर्ग ६

### स નો श

इ નો કે લઘુપ્રયત્ન य્ નો અથવા, કેટલાક પ્રકારોમાં, ए નો સંસર્ગ પામે ત્હારે स् (દન્ત્ય) श् (તાલવ્ય) બનેછે.

સૂચના:—કેટલાક પ્રકારમાં इ કે એ પૂર્વે રહીને स् ને श् બનાવેછે; માટે મ્હેં "સંસર્ગ પામે" હેવું વચન મૂકયુંછે; ઘણાંખરાં ઉદાહરણોમાં इ કે એ स્ની પાછળ રહેલો હોયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદાહરણો

(૧) शृगालः-(સં.), सियालु (પ્રા.), शियाळ (ગુજ.); (૨) शृंगक (ट)कं-सिंगडउं-शींगडुं; (૩) विषये-विसए, विसइ, विषि-विशे ('માં, ની બાબતમાં' એ અર્થમાં વપરાતું અવ્યય;) (૪) शीतलकं-सीअलउं-शीळुं; (૫) शीतकालकः-सीअआलउ-शियाळो; (૬) स्वप्रकः-सिविणउं (લિંગવિપરિણામ)-सिविणउं शमणुं; (૭) शिक्षते-सिक्खइ-शीखे (છે); (૮)अतसी-अलसी-अळशी; (૯) मातृष्वसा-माउस्सिआ-माशी; (૧૦) करिष्यामि-करिस्सं-करीश; (૧૧) महिषी-महिसी-भेंश; (૧૨) દેશ્ય छासी-छाश; (૧૩) सिध्यति-सिज्झइ-शीजे (છે); ૧૪) करिष्यति-करिस्सइ-करशे; (૧૫) मार्गशीर्षः-બ્હારોબ્હાર-मागशर; (૧૬) तृषा-બ્હારોબ્હાર-तरिस-तरश; (૧૭) परिष्वेदकः-परिस्सेअउ-परसेवो; (૧૮) कीदृशकं-किसिउं-किस्युं-शुं; (૧૯) रश्मिः-रस्सी-राश (=લગામ) અને रशी (=રજ્જુ); (૨૦) प्रतिवेशी-पडिवेसी (पडवसी)-पडोशी, पाडोशी; (૨૧) लेखशाला-लेहसाला-नेसाल, नीशाळ, निशाळ.

(अ) शृगाल-ઉદાહરણ (૧)-વરરુચિ (प्रा. प्रकाश ११, સૂત્ર ૧૬ પછી) शृगालनो આદેશ शिआल આપેછે; પણ એ તો આ એક જ શબ્દ પૂરતો અને માગધીમાંનો જ વિકાર થયો. પરંતુ માગધીમાં તો સર્વત્र ष અને सनो श થાયછે, એટલે એ પ્રસંગે शनो ઉદ્ભવ इना સંસર્ગથી સ્વતન્ત્ર છે.

(आ) ઉદાહરણો (૧૧) અને (૧૨)-અન્ત્ય सीनो પ્રથમ स्य થાયછે, વ્યાખ્યાન ૪ થાના ખંડ ૧ લામાં વર્ગ (क) ના उत्सर्ग ३, क-(૨) અનુસાર, (ઉપર પૃ. ૨૨૩-૪ જુવો); અને હેમાંનો य् દન્ત્ય स्ने તાલવ્ય श् બનાવેછે.

(इ) ઉદાહરણો (૧૦), (૧૪), (૧૬), (૧૭) અને (૨૧)-અહિંયાં વિકારહેતુ इ स्नी પૂર્વે રહેલોછે, માત્ર (૧૭) परिस्सेअउमां स्नी પાછળ રહેલો ए તાલવ્યપ્રાપ્તિનું કારણ ગણી સકાય.

(ई) ઉદાહરણ (૯), माशी;-પૂર્ણ ચર્ચા માટે ઉપર પૃ. ૭૭ મે (૧૧) ઉપરની ચર્ચા અને ફુટનોટ ૨૦, ૨૧ જુવો.

(उ) ઉદાહરણ (૧૮);-कशुं શબ્દ પણ ઉપલબ્ધ છે; અને અસ્વરિત कि કે क લુપ્ત થઇને પછી शुं પ્રાપ્ત થાયછે માટે श् થવાનું કારણ कि માંના इ ને ન ગણતાં स्युं ના य ને ગણિયે તો ખોટું નથી.

(ऊ) प्रतिवासीનો પણ "પડોશી" અર્થ થાયછે; અને મ્હારી પાસે એક સાલવિનાનું પ્રાચીન औक्तिक છે ત્હેમાં प्रतिवेश्मक પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મળેછે; प्रातिवेश्मिक ને પડોશીનો મૂળશબ્દ બહુ સારી રીતે ગણી સકાય. પસંદગીનો નિર્ણય હું નથી કરતો.

(ए) આ उत्सर्गમાં સમાયેલું તત્ત્વ ગુજરાતીમાં વ્યાકરણસિદ્ધ રૂપોમાં પણ પ્રવર્તતું દેખાયછે; જેમ કે—

बेसवुं-बेशी, वेशीने; पेसवुं-पेशी, पेशीने; डोसो-डोशी (સ્ત્રી૰); फांसो-फांशी (સ્ત્રી૰) रसो-रशी (સ્ત્રી૰); वीस-वीशी (=વીસ વર્ષનો ગાળો); दस-दशी (=દસ વર્ષનો ગાળો); જેમકે दशीवीशी. बेसवुं-बेस्+य (આજ્ઞાર્થ, દ્વિ. પુ. એકવચન)—वेश; એજ મુજબ पेसवुं માંથી पेश.

(ऐ) ફારસીમાંથી આવેલા શબ્દોમાં પણ, કેટલાક પ્રકારોમાં, આ ઉત્સર્ગ પ્રવૃત્તિ પામેછે; જેમકે (ફા.) सिवाए-शिवाय (ગુજ).

(ओ) इ કે य् લુપ્ત થાય ત્ય્હાર પછી પણ તાલવ્ય વિકાર હેવો ને હેવો જ રહેછે; જેમ કે शमणुं, मागशर, कशुं, तरश ઇત્યાદિ.

કેટલાક અપવાદો નોંધવાના છેઃ—

(૧) (सं) सह, समं-(પ્રા. કે અપ) सहुं, सउं-(ગુજ.) शुं; (२) सपत्नी-सवत्नी-शॉक्य; (૩) स्वप्रकः-सिविणउ (सिवणउं-सवणउं)-शाणुं (જેમકે साचुं के शाणुं); (૪) દેશ્ય ओसरिआ-ओशरी (ઘરના બારણા આંગળની પરસાળ; देशी नाममाला, १, १६१); (५) शौर्य-सोरिउ-सूर કે शूर.

(૧), (૨), (૩) અને (૪) માં વિકારજનક તાલવ્યસંસર્ગ વિના નો श् થાયછે; (૫)માં વિકારજન તાલવ્યસંસર્ગ વિના सूનો श् વિકલ્પે થાયછે.

शय्या-सेज्जा-सेज; હેમાં स् દન્ત્ય રહેછે હેનું કારણ એ કે હેમાં ॲ વિવૃત છે, સંવૃત એ નથી; સંવૃત એ જ શુદ્ધ તાલવ્ય છે, અને આ ઉત્સર્ગમાં શુદ્ધ તાલવ્યથી જ હેતુ સરે.

हौंस-हौंसीलो; रस-रसीलो, रसियो;

હેમાં ईનો સંસર્ગ પામ્યા છતાં स् દન્ત્ય રહેછે.

---

## સ્વરવિકારો

### उत्सर्ग ७

**કેટલાક શબ્દોમાં અનન્ત્ય ए નો ई અને અનન્ત્ય ओનો ऊ થાયછે.**

ઉદાહરણોઃ—

ए-वेष्ट् (સં.)-પરભારું-वींटवुं (ગુજ.); फेनः फेणु-फीण; लेखशाला-नीशाळ, निशाळ; દેશ્ય छेंडी (=लघुरथ्या)-छींडी; દેશ્ય तेड्डो (तेड्डु)-तीड.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ટિપ્પણો:—

(अ) सि. हे. ८-४-२२० માં वेढने वेष्ट्नો આદેશ આપ્યોછે; એ મૂળમાંથી મ. वेढा=ઘેરો, ક siege, અને ગુજ. वेढो (=ઉપરા-ઉપરી આંટાવાળી વીંટી) એ શબ્દો આવ્યાછે. પણ (वेष्ट्नો જ અર્થ દર્શાવતો) वींटवुं શબ્દ પરિસ્થિતિયોગે બ્હારોબ્હાર સાધવો પડેછે.

(आ) छेडी અને तेइोमांथी, અન્ય પ્રકારે, सि. हे. ८-१-८४ની પ્રવૃત્તિદ્વારા, छिंडी અને तिइो પ્રાપ્ત થાય; પરંતુ એ સૂત્ર પ્રાકૃત-વિષયક છે, દેશ્યવિષયક નથી, અને દેશ્યવિષયક ગણિયે તો પણ આ દેશ્યશબ્દોમાં ए છે इ નથી, એ સ્થિતિ વિચારતાં, તેમ વળી અન્ય નહિં તો फेन શબ્દ તો (સંયોગરહિત હોઈને) પ્રસ્તુત સૂત્રની પ્રવૃત્તિવિષયની બ્હાર જ રહેશે એ જોતાં, આ સ્વતન્ત્ર ઉત્સર્ગનો સ્વીકાર ન્યાય્ય બને છે.

(इ) परीक्षकः (સં.) क લુપ્ત થતાં परिक्खु (અપ.)-पारेख (ગુજ.) હેમાં इ નો ए અર્પનારો વિપરીત વિકારક્રમ જોવામાં આવેછે; પરંતુ सि. हे. ८-१-८५ (इत एद् वा) એ સૂત્રમાં આ પ્રકારનો અન્તર્ભાવ થાયછે માટે હું અલગ ઉત્સર્ગ હેની ખાતર આપતો નથી; જો કે એ સૂત્રથી પ્રાપ્ત થતો ए પ્રાકૃતનો હ્રસ્વ ए છે અને पारेखમાં ए દીર્ઘ છે.

(ओ) पूतरकः (સં.)– पोरउ–(પ્રા.); पूरो (ગુજ.); कोनकः-कोणउ-खूणो; लवणं–लोणु–लूण; सलावण्यकं–सलावण्णउं (सलवण्णउं–सलउण्णउं), सलोणउं–सलणुं; कपोतः–અંશતઃ પરભારો–कबूतर;, पृथुकः–पहुंकु, पउखु–पंखि- पूंख; लोहकारः–लुहारु–लुहार; सुकुमारकः–सोमालउ–सुँवाळो; एकोन (एकोन–विंशति ઇત્યાદિમાં)–एगुण, ओगण; कफोणिः–कहोणी- वहूणी; गोणी–गूण्य; शौर्य–सोरिन्–शूर, सूर; रोमकं–रूंवुं.

ટિપ્પણુઃ–

(अ) पूरोनું વૈકલ્પિક રૂપ पोरो પણ છે;

(आ) लुहारનું ઉત્તરક્રમભૂત રૂપ ल्हवार પણ છે; ક્રમો આ પ્રમાણેઃ– ल्हुआरं- ल्हुवार–ल्हवार.

(इ) ओगण; कोમાં રહેલા ओના પ્રતિધ્વનિરૂપે एનો ओ થયોછે. મરાઠી-માં ए જળવાઇ રહેતાં एकुण છે, જેમ કે एकुणीस.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

उत्सर्ग ८

**મૂળગત કે औના વિકારરૂપ ओનો કેટલાક પ્રકારોમાં अ થાયછે.**

ઉદાહરણોઃ–

गोधूमः–गोहूमु ( गोहूंवु )–घउं;
औज्ज्वल्यकं–પરભારે–अजवाळुं.

---

उत्सर्ग ९

**જ્હારે પ્રાકૃતના યશ્રુતિ अकारની પૂર્વે હ્રસ્વ इ કે उ શિવાયનો કોઈ સ્વર આવ્યો હોય ત્હારે ગુજરાતીમાં य् ઉચ્ચાર નષ્ટ થાયછે અને અવશેષભૂત अ પૂર્વસ્વરમાં વિલીન થાયછે.**

ઉદાહરણઃ—

पीतककं–पीअलउं–पीळुं; शीतलकं- सीअलउं–शीळुं; द्यूतकारः–जूअगारु–जूगार–जुगार; आदर्शकः–आअरिसउ–आरसो; ग्राहकः ઋહારોઋહાર–ग्राअक–ग्राकु પછી વિશ્લેષથી घराक; यज्ञोपवीतं–जण्णोवईउं, जण्णोअई–जनोइ; स्तोकक(ट)कं थोअडउं–थोडुं; लोहखण्डं–लोहखंडु–लोअखंडु–लोखंड; देवराणी–देअराणी–देराणी; लेखशाला–लेहसाला–लेअसाला–नेसाळ–नीशाळ–निशाळ; દેશ્ય छेओ (छेअडउ) छेडो.

અપવાદોઃ–

દેશ્ય –जुअंजुअ / जुअजुअ } (=पृथक् पृथक्)–જુજ. जुजवुं;

દેશ્ય–दंतवणं–दंतअणु–दातण; સં. घूकक:(ट:) घूअड-घुवड અને વિકલ્પે घूड.

ટિપ્પણ:—

(अ) पीळुं અને શીળું નીચે પ્રમાણે પણ સાધી સકાયઃ—

पीतलकं–पीअलकं–पीयलवुं–पीइलउं–पीळुं, તેજ મુજબ शीळुं.

પણ આ ઉત્સર્ગને હેમાં પ્રવર્તક નિયમ ગણવો હું વધારે પસંદ કરૂંછું.

(आ) तेहने, तेहवुं ઈત્યાદિમાંથી त्हेने, त्हेवुं ઇત્યાદિ અર્પવામાં પણ આ જ નિયમ પ્રવર્તેછે; જેમ કે–तेहने–त्हेअने–त्हेने; તેજ રીતે त्हेवुं, जे'ने जेवुं વગેરે.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## उत्सर्ग १०

**કેટલાક પ્રકારમાં विवृत ऑનો आ થાયછે.**

ઉદાહરણોઃ—

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
|---|---|---|
| स्वप्नकः | सिविणउ | |
| | પછી, નપું. सवणउं | |
| | सणुं | शाणुं |

[ વલ્લભજી હરિદત્ત આચાર્ય પોતાના ભાષાવતાર વિશેના નિબંધમાં (ગુजरात शाळापत्र, એપ્રિલ ૧૯૦૮, પૃ. ૧૦૮, ફુટનોટમાં) નીચેની પંક્તિ જૂનાગઢની નાગર સ્ત્રીઓથી ગવાતા ઉત્સવગીતમાંથી ટાંકેછેઃ—

आज सॉणामां हेंदो आव्यो

( हेंदो=રર ).

એ પ્રાન્તભાષામાં આ શબ્દ વિવૃત ऑવાળો જળવાઈ રહ્યોછે એ સ્પષ્ટ છે.]

भूमि–भूवँ–भूंई–भॉई, भांई

[ सि. हे. ८-४-३९९ ના ઉદાહરણોમાં भूमिનું भुंहडी આપેછે. इ (ई)ને બદલે ह અપપાઠ હશે ? ]

ટિપ્પણઃ-(अ) सॉपवुं (ગુજ.) ચરોતરી ગુજ.માં सांपवुं બોલાયછે. આ અને હાવા બીજા પ્રકારોમાં આ ઉત્સર્ગના તત્ત્વની પ્રવૃત્તિ સ્પષ્ટ છે.

(आ) ऑને સ્થાને आ ( એ પણ વિવૃત ઉચ્ચાર ) આવેછે એથી ऑ ઉચ્ચારનું વિવૃત સ્વરૂપ પરોક્ષ સમર્થન પામેછે.

---

## उत्सर्ग ११

**કેટલાક શબ્દોને વિશે સંસ્કૃતમાંનો ऋ ગુજરાતીમાં આવતાં અવાન્તરક્રમમાં अरि બનેછે; અને કવચિત् अर् કે रि કે रु અથવા કોઈવાર अरु બનેછે.**

ઉદાહરણોઃ—

अरि—

तृषा (સં.)–तरिषा (અવાન્તરક્રમ) तरश (ગુજ.); तृणकं–तरिणउं–तरणुं; अमृत -अमरित–अमरत; कृमिः–करिमी–करम.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

अर्—

गृहं-गर् हु-घरु-घर.

रि—

भ्रातृजकः—भत्रीजो.

रु—

सदृक्षक:-सरुक्खउ-रोखो

(સિ. હે. ૮-૧-૧૭૭ અનુસાર પ્રથમ द् લુપ્ત થાયછે, એટલે सऋक्ख રહેછે, અને પછી ऋનો रु બનેછે. सरिसंમાં दृशમાંથી रिस થાયછે હેમાં પણ એજ ક્રમો આવેછે–સિ. હે. ૮–૧–૧૪૨ અનુસાર).

अरु—

वृकः-*वरुओ-वरू.

ટિપ્પણ:—

વધારે સારું અને બીજલાઘવને અનુરૂપ કદાચ એ ગણાય કે આ ઘટનાઓની વ્યવસ્થા જૂદી રીતની કરવી અને ऋના વિકારને પ્રથમ એ વિચિત્ર સ્વરના ત્રિવિધ ઉચ્ચારણમાંથી, અર્થાત र, रि, रु માંથી અને પછી સંયોગનો વિશ્લેષ થવાથી, ઉદ્‌ભવતો ગણવો; જેમ કે तृणकं-त्रणउं-तरणुं; गृहं-ग्रहु-ग्रउ-घरु-घर; ઈત્યાદિ. ऋનો ઉચ્ચાર ક્યહાંય પણ એક સરખો નથી; ઉદાહરણ તરીકે कृष्ण હિંદુસ્તાનના કોઈ ભાગમાં क्रष्ण, અન્ય ભાગમાં क्रिष्ण અને વળી બીજામાં क्रुष्ण બોલાયછે. (શુક્લ યજુર્વેદની માધ્યંદિની શાખાના સંપ્રદાયમાં ऋનો ઉચ્ચાર रे થાયછે.) સિ. હે. ૮-૧-૧૨૬ થી ૧૪૨ માં ऋના अ, इ, उ હેવા ભિન્નભિન્ન વિકારો દર્શાવ્યાછે હેનું પણ આ જ કારણ હશે. (ત્હાં સિ. હે. ૮-૨-૭૯ सर्वत्र लवरामवन्द्रे અનુસાર र् લુપ્ત થતાં अ, इ, उ રહે). આ રીતે र, रि, रु થી र् લોપ દ્વારા પ્રાકૃત રૂપાન્તરો अ, इ, उ નો ખુલાસો થઈ જાય અને વિશ્લેષદ્વારા ગુજ. अर् ની પ્રાપ્તિ સમઝાય. પરંતુ મ્હેં ઉપરને સ્વરૂપે આ ઉત્સર્ગ સ્વીકારવાનો નિશ્ચય કર્યોછે હેનાં કેટલાંક કારણો છે; પ્રથમ, અપભ્રંશ અને પ્રાકૃત શબ્દોમાં अरि પ્રત્યક્ષ ઉપલબ્ધ છે, જેમ કે वरिसइ ઈત્યાદિ (સિ. હે. ૮-૪-૨૩૪), दरिअ (૮-૧-૧૪૪), वरिसं, हरिसो ઈત્યાદિ વિશ્લેષ દ્વારા (૮-૨-૧૦૫);

બીજું:-ગુજ. तरश માંનો તાલવ્ય श तरिस માંના इ નો સૂચક છે; (वरस માંના દન્ત્ય स નું કારણ હેવું દર્શાવી સકાય કે वरिस માં इ નો સંસ્કાર स ઉપર પડે તે પૂર્વે જ इ નો अ થયો હતો);

૫૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્રીજું:-મરાઠીમાં અદ્યાપિ वरिस છે.

અને ચોથું:-सद्दुक्ख માંથી द्‌નો લોપ થતો માનિયે તો હરહમેશ થતા અને વધારે ઉચિત र्‌લોપનો અનાદર કરવો પડશે.

તે છતાં પણ ऋના र-रि-रु એ ઉચ્ચારોને બધા વિકારોનું મૂળ, પ્રાકૃતમાંના રૂપાન્તર માટે પણ, માનવા શક્ય છે એ હું કબૂલ કરુંછું; દાખલા તરીકે वरिसइ, वरिसं, हरिसो એ રૂપો મૂળ त्रि. हिमાંથી આવ્યાં હોય.

## उत्सर्ग १२

## સન્ધિ

**ગુજરાતીમાં આવતા શબ્દોમાં સાધારણ નિયમે, પ્રાકૃતમાં થતી નથી તેમ, આન્તર સ્વરસન્ધિ થતી નથી, પણ અમુક વિશિષ્ટ પરિસ્થિતિમાં સામાન્ય સન્ધિકાર્ય બનેછે.**

ઉદાહરણો:—

हृदयं-हिअउं-हइउं-हइयुं

हइयुं માં अ-इ છૂટા રહેછે.

**સન્ધિનાં ઉદાહરણો:-**

द्वितीयकं-विइज्जउं-बीजुं; तृतीयकं-तिइज्जउं-तीजुं; महत्कं-महन्तउं-म्हउटउं-म्होटुं; देशपतिः-देसवई-देसअई-देसाई; दयावणो (દેશ્ય)-दआवणो-दावणो-दामणो (ગુજ. પ્રાચીન કવિતા). [दयावणो=दीनः देशी नाममाला, ૬-૩૫].

कृतकर्क-करिअलुं=करइलुं, करेलुं અને હેવાં एलुंવાળાં સઘળાં રૂપો.

ટિપ્પણ:-ગુજરાતીમાં પદસન્ધિ નથી એ સામાન્ય કથનથી જ પદ-સન્ધિનો પ્રશ્ન પતાવી દેવાય. થોડાક અપવાદો છેઃ-

मगने आव्यो; અહિં मगन+ए (=પણ) સંધિથી જોડાઈને मगने થાયછે; हास्तो-हा ज तो માંથી.

## उत्सर्ग १३

**કેટલાક શબ્દોમાં आ હ્રસ્વ થઈને अ બનેછે.**

ઉદાહરણો:-

वाणिज्यं-वाणिज्जु-वणज; मातृगृहं-माइहरं-महियर; आषाढः-आसाढु-असाड, प्राघुणकः-प्राहुणउ-प्हरूणो; पादः-પરભારે:-पग; દેશ્ય अयाली-अयली-हली; प्रावरणकं-पाउरणउं-उपरणुं.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ટિપ્પણ:-સિ. હે. ૮-૧-૬૭, ૬૮, ૬૯, ૭૦, ૭૧ માં આ વિકાર ચર્ચ્યોછે; હેમાંના ૬૭ માં उत्खातादिगण આપ્યોછે ત્હેમાં इत्यादि શબ્દને બળે અન્ય શબ્દોનો સમાવેશ થાય. હાવે કોઇ પ્રકારે તાણીતૂશીને અહિંયાં આપેલાં ઉદાહરણોનો એ ગણમાં પ્રવેશ થઇ સકે તો પ્રસ્તુત ઉત્સર્ગનો અવકાશ ન રહે. નહિં તો, ૮-૧-૬૭ ની એ અનુપૂર્તિ થશે.

---

उत्सर्ग १४

અનેકશ્રુતિક શબ્દોમાં ગુરુ કે સ્વરિત શ્રુતિની પૂર્વે રહેલી શ્રુતિ, (अ) હ્રસ્વ રહેછે, અથવા (आ) દીર્ઘ હોય તો હ્રસ્વ થાયછે.

ઉદાહરણો:—

(अ) चित्रकारक:-चित्तारउ-चितारो; सूत्रधारः-सुत्तहारु-सुतार; सुवर्णकारः-सुवण्णारु, सुण्णारु-सुनार; चर्मकार;-चम्मारु-चमार; गूर्जरत्रा / गुर्जरत्रा } गुज्जरत्ता-गुजरात; उच्छृङ्खलकः-उच्छंखलउ-उछांछळो; देश्य छिन्नाली-छिनाळ; कट्टारी-कटारी, कटार.

(आ) निःश्वासकः-नीसासउ-निसासो; विश्रामकः-वीसामउ-विसामो; द्यूतकारः-जूअगारु-जुगार; लेखशाला-नेशाल-नीशाळ, निशाळ.

ટિપ્પણ:—(अ) ઉપર આપેલા ઉત્સર્ગમાં "પૂર્વે રહેલી શ્રુતિ" એ પદથી व्यवहितपूर्वश्रुतिવાળા પ્રકારોનો પણ સમાવેશ સમઝવો; આથી ઉપર આપેલાં ઉદાહરણોમાં गुजरातને સ્થાન મળે છે.

(आ) छिनाळ અને कटार ઉપર પૃ. ૩૯૮ મે संयोगलोप पूर्वस्वर अविकृत એ નિયમને અંગે આપ્યાછે; પરંતુ પ્રસ્તુત ઉત્સર્ગ એ અવિકૃતભાવનો કારણભૂત મૂળનિયમ રજુ કરેછે. આ ઉત્સર્ગના તત્ત્વનો ઉલ્લેખ ઉપર પૃ. ૩૯૯ મે સ્વરભારની અસર વિશેની ચર્ચામાં કરેલોછે. ટેસિટોરી "Notes" §૪૩ માં આ નિયમનો નોંધ લેછે, પરંતુ હેમનાં ઉદાહરણોમાંનાં કેટલાંક, ગુજરાતી પરત્વે, શંકાસ્પદ છે.

---

उत्सर्ग १५

કેટલાક શબ્દોમાં સાદા વ્યંજનનું દ્વિત્વ;

(अ) ક્વચિત્ સ્વાર્થે, અર્થાત્ મૂળ અર્થ જાળવીને અને (आ) ક્વચિત્ અર્થાતિશય સુચવવાને કે ભાર મૂકવાને, કે અર્થનું પ્રકારાન્તર દર્શાવવાને.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદાહરણો:–

(અ) बिल्ली; बिल्लाडो; मगर; मच्छर ( < मशककः, मसअड्ड-मछअर-मछर);

(આ) कठण; खाटुं; खोटुं; फिक्कुं; बध्धुं; सग्गो; आल्खुं; साच्चुं (જેમકે साच्चे साच्चुं ); आच्छुं; " हज्जार (જેમકે 'हज्जार शृंगे दर्पणो, प्रत्येकमां मुख मुज हसे" ^ નરસિંહરાવ ભોળાનાથકૃત कुसममाला, પૃ. ૯૫, કડી ૧૯, પં ૪);

पच्चास; तम्मर (=ચક્કર, નબળાઇનાં ) < तिमिर; दस्सो; नव्वो (પત્તાં-બાજીના નવ અને દશ દાણાનાં પત્તાં). ક્વચિત્ द्विरुक्त શબ્દોમાં આ ઘટના યોજાયછે; જેમકે अक्केक, बव्वे, चच्चार, छच्छ; ( એટલે एक एक, बेबे, चारचार, छछ,–કંઇક ભાર મૂકીને ).

---

उत्सर्ग १६

व्यत्यय

(આ સિ. હે. ૮-૨-૧૬૬ ઇત્યાદિ સૂત્રોની अनुपूर्ति છે.)

**નીચે આપેલા શબ્દોમાં શ્રુતિયોનો, કે વર્ણોનો યથાનિર્દિષ્ટ, વ્યત્યય થાયછે.**

**સ્વર-વ્યત્યયઃ—**

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
|---|---|---|
| मम | मज्झु | मुज |
| श्मश्रु | मंसु | मूंछ |
| एकादश | एगारह–अग्यारह | अगिआर |

(આ અપૂર્ણ વ્યત્યય માટે ઉપર પૃ. ૪૦૨ જુવો.)

| સં. | પ્રા. કે અપ. | ગુજ. |
|---|---|---|
| सकुन | —જહારોજહાર | शुकन |
| परिविष् | —परीस् | पीरस (वुं) |
| हृदयकं | —हिअअउं— | हइयुं |

( ઉપર પૃ. ૪૧૯ મે નોટ ૧૮૮ મી જુવો.)

**વ્યંજનવ્યત્યય.**

बिडालकः–विडालउ-विलाडो, बलाडो; कलशी–कलसी–कसली; मुद्गरः–જહા-રોજહાર–मगदल; कर्णिकारकः–कणेरउ–करेणो; फलाहारः–फलाहार–फराळ; परिहितकं–परिहियउं–र्‍हेरयुं; परिधापनिका–परिहावणिआ–र्‍हेरामणी;

દેશ્ય जवरया–जवयरा–जवइरा–झवेरा;

नम्र–પ્રથમ વિશ્લેષ, પછી વ્યત્યય नरम; अष्टादश–अट्ठारह–अढारह–हडार–हराड; बकुलसरी–बोलसरी–बोरसली; मंगलपुर–मंगलउर-मंगलहुर–मांगलहूर. ( कान्हडदेप्रबन्ध १–२२ જુવો.)—–मांगरोळ;

कंकतिका–कांकसी–कांसकी; वाक्य–પરભારું–वायक (પ્રાચીન ગુજ. અને પ્રાયઃ કવિતામાં).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**સ્વર અને વ્યંજન ઉભયનો વ્યત્યય.**

महार्णवः–महारणवु, महारवणु, मिहिरामण, महिरामण, महेरामण; प्रावरणकं–पावरणउं–पाउरणउं–उपरणुं.

ટિપ્પણ:—

(अ) ફારસીમાં પીરાહીન પ્હેરણ છે; ગુજરાતી શબ્દ પ્હેરણ, જેનો અર્થ મુસલમાન પ્હેરવેશના આકારનું પ્હેરણ છે, તે ફારસીમાંથી હશે. તે છતાં પણ પ્હેરવું ઇત્યાદિની વ્યુત્પત્તિ परिधामांथी સાધવી યોગ્ય છે, અને ફારસી શબ્દ पीराहीन સંસ્કૃત परिधान સાથે સંબંધ ધરાવતો હોય એ શક્ય છે.

(आ) દેશ્ય ओहरिसो (ओअरिसो દ્વારા) ગુજ. ओरशियो અર્પેછે એ र અને स् નું, પ્રત્યેકને આદિતરફ એક શ્રુતિસ્થાન જેટલે ખશેડનારું, વિલક્ષણ અપસરણ દર્શાવેછે; હેને સાક્ષાત્ વ્યત્યય નહિં પણ વ્યત્યયને મળતી ઘટના તરીકે અહિં નોંધ્યું.

(इ) चरखो (ગુજ.) ફારસી चर्खमांथी સાધી શકાયછે, પરંતુ આ चर्ख પોતે વ્યત્યયના તત્ત્વના વ્યાપારથી चक्र (સં.)સાથે સ્પષ્ટ સંબંધ ધરાવેછે.

---

## વ્યંજન વિકારો

### उत्सर्ग १७

**અઘોષ વ્યંજન ઘોષ બનેછે. क, च, અને ट અનુક્રમે ग, ज અને ड થાયછે.**

આ વિકાર પ્રાકૃતોનું વ્યાપક લક્ષણ છે. અને હેની પ્રવૃત્તિ અમુક સંજોગોમાં ગુજરાતીની ઉત્ક્રાન્તિમાં પણ પ્રગટ થાયછે.

**क નો ग.** આ વિકારનો પ્રવૃત્તિવિષય પ્રાકૃતમાં બહુ મર્યાદિત જોવામાં આવેછે, એટલે કે मरकत, मदकल અને कंदुक (આદ્ય क) હેમાં क નો ग થાયછે (સિ. હે. ૮–૧–૧૮૨). અપભ્રંશમાં આ ઘોષવિધાનનો (મૃદૂભવનનો) વ્યાપાર વધારે છૂટથી પ્રવર્તતો દેખાયછે; પણ, સિ. હે. ૮–૪–૩૯૬ નું ઉદાહરણ સૂચવેછે તેમ, એ મૃદૂભવન પ્રાયઃ सुखकर दुःखकर જેવા શબ્દોમાં રહેલા (कृ માંથી ઉપજેલા )करने વિશે પ્રચરિત છે. ગુજરાતીમાં करतो. गर એ વિકાર એથી પણ વિશાલતર ક્ષેત્રમાં જોવામાં આવેછે, અને ° कर નહોય એ શબ્દોમાં પણ क નો ग થતો દેખાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદાહરણો:—

कह्यागरो (=कह्याप्रमाणे करनारो આજ્ઞાપાલક); ढालगर (=ઢાલ કરનારો); चूडगर (=ચૂડી બનાવનારો); डफगर (=ડફ બનાવનારો); जादूगर (ફારસી जादू સાથેનો સમાસ લક્ષયોગ્ય છે); सिकलगर (=તરવાર વગેરેને ઉજ્જળનારો; सिकल, ફારસી); अकलगरो; मुंबाईगरो ઇત્યાદિ; रत्नागर (=સમુદ્ર; સં. रत्नाकरः) कामणगारो (સં. कार्मणकारकः); जुगार (द्यूतकारः સં.=જુગારીઃ ગુજરાતીમાં અર્થ બદલીને "द्यूत" થાયછે; जुगारनी द्यूतकार्यमांथी વ્યુત્પત્તિ સાધવી સંતોષકારક નથી, કારણ કે कार्यनुं कज्जं બને).

कालनुं गाळो (कालकः नुं गाळो) આ પ્રકારના શબ્દોમાં થાયછેઃ— लगनगाळो, केरीगाळो, आंबागाळो, ઇત્યાદિ; (જેમાં गाळो=ઋતુ, અવસર).

प्रगट (સં. प्रकटमांथी); पगरण (વિવાહાદિ મંગલ અવસર),-સં. प्रकरण; मूगो (સં. मूककः); समूळगुं (સં. समूलककं); सगुं (સં. स्वककं); पलंग (સં. पर्यंकः); मुगट (સં. मुकुटः); पोगळ (पोकळ);-पोकळ=પોલાપણું; पोगळ પોલાપણું, લાક્ષણિક અર્થમાં, અર્થાત્ ધતીંગ; છેતરામણ.

कागडो (સં. काककः); बगलो (સં. बककः); कयडागी (સં. कटाक्षः); वीगत (સં. व्यक्तिः)=वगडो, तगडो, चगिडो; ૨, ૩, ૪ એ અંક, હેમાં द्विकक; વગેરેના क નો ग થયોછે.

अगियार અને (ओगणीस, ओगणत्रीस, વગેરેમાંના) ओगण < एकोन હેનો ग ગુજરાતી પૂર્વના ક્રમોમાંથી આવેલો ગણવો પડશે.

ગુજરાતીમાં આ વિકાર °कर, °कार, °काल જેવાં ઉત્તરપદોમાં અને कागडो, बगलो, पोगळ, अगियार, વગેરે શબ્દવિશેષોમાં, ओगण (ओगणत्रीस વગેરેના પૂર્વપદ)માં, वगडो વગેરેમાં, જોવામાં આવેછે એ લક્ષમાં આવ્યું હશે; रत्नागरमां आकरना °करने कृ ધાતુનું રૂપ ગણવાના ભ્રમને પરિણામે વિકાર થયો હશે.

ટિપ્પણઃ-કાનડીમાં કેટલાક શબ્દોમાં આ મૃદૂભવન દેખાયછે, જેમકે कोगिळ (સં. कोकिल); मळगाळ (=વર્ષાકાળ; મળે=મેઘ, વૃષ્ટિ, काळ=સમય); पागार (=આંગણાની ભીંત, વંડી, < સં. प्राकारः).

## च નો ज

सूचितं (સં.); सूचिअं-सूज्युं; सूझ्युं.

प्रतीतिः (સં.); पतीती-पतीअ-पतीच-पतीज (=ખાતરી, પ્રમાણ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

त्वचा (સં.); तजा–तज.

तुच्छं (સં.); तुच्छु (અપ.)–जूज (ગુજ.); जूज તે ફારસી જુઝમાંથી સાધિયે તો જુદી વાત.

उच्छिष्टकं (સં.); उच्छिट्ठउं–उचिठ्ठउं–अजीठुं.

ज (અવધારણાર્થક નિપાત; જેમકે ए ज चोर); હેની વ્યુત્પત્તિ બે પ્રકારે શક્ય છે; (અ) પ્રાકૃત च કે चिअમાંથી (सि. हे. ૮–૨–૧૮૪); અથવા (આ) અપભ્રંશ जिમાંથી (सि. हे. ૮-૪-૪૨૦); વધારે સાચી (આ) છે; એ સ્વીકારિયે તો આ શબ્દ અહિંથી બાદ કરવો પડે.

मोचे (કાનડી); मोजडी (ગુજ.)=પગરખું.

मोजुं ,, =a sock; a stocking.

ટિપ્પણ:—

(અ) મ. त्याचें કડે વિશેષ વિકાર પામીને त्याज કડે બનેછે; હેમાં પણ च નો ज થતો દેખાયછે.

(આ) પ્રાકૃતમાં पिशाचीને સ્થાને पिसाजी હેમચન્દ્રે આપેલછે. (૮-૧-૧૭૭૫, વૃત્તિ), પણ વિરલ અને અપવાદરૂપ પ્રયોગ તરીકે.

ट નો ड—

આ વિકાર એક વિરલ ઉદાહરણમાં દેખાયછે. ગુજરાતીમાંથી જ ગુજરાતીમાં; જેમ કે हट्टतालुं=हडताळ (હાટેતાળાં દેવાં તે, અર્થાત્ બજારબંધ રાખવાનો દિવસ; a strike).

પ્રાકૃત કે અપભ્રંશ વિશે તો वटः માંથી वड ઇત્યાદિ નિયમિતક્રમે થાયછે.

---

## उत्सर्ग १८

## ज નો च

આ વિકારક્રમ ઉલટો છે, ઘોષ (મૃદુ) વ્યંજન અઘોષ (કઠોર) બનેછે. મ્હને એક જ ઉદાહરણ મળ્યુંછે:—

अग्रमध्य (સં.)–अग्गमज्झ (પ્રા.; સિન્ધી પણ) आगमझ–आगमज (અવાન્તરક્રમે)–आगमच (ગુજરાતી).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### उत्सर्ग १९

### કણ્ઠ્યવર્ણોને સ્થાને તાલવ્ય

**क, ख અને ग ના અનુક્રમે च, छ અને ज થાયછે; એ વિકાર તાલવ્યસ્વરના કે य ના સંસર્ગબળે, કે હેવા સંસર્ગવિના પણ થાયછે.**

ઉદાહરણો:—

**क નો च—**

विक्रीतं (સં.), विक्कीअं (પ્રા.), (वेक्युं), वेचवुं (ગુજ.); यालक्की (કાનડી)-एलची (ગુજ.).

**ख નો छ—**

उच्छृङ्खलकः (સં.), उच्छंखलउ (અપ.), उछांछळो (ગુજ.).

**ग નો ज—**

गर्भिणी (સં.), गब्भिणी (પ્રા.) जाभणी (ગુજ., गाभणी પણ).

ટિપ્પણ:—

(अ) આ ઉચ્ચાર વિકારની આન્તર પૃથક્રિયા માટે ઉપર પૃ. ૩૫૨ મે તેમજ ઉપર પૃ. ૨૮૨ મે પૂર્તિ (૨) માં મૅકસમૂલરના મતનો ઉલ્લેખ જુવો. ત્હાં ગ્રામ્ય ગુજરાતીના જે વલણનો નિર્દેશ કર્યોછે ત્હેનો નાગરિક ગુજરાતીમાં પણ कનો ज થવાના ઉપરના ઉદાહરણમાં મર્યાદિત આવિર્ભાવ દેખાયછે. તોતડું બોલે હેવાં કેટલાંક ન્હાના બાળકોનું कवर्गના વર્ણોને બદલે च વર્ગના વર્ણો ઉચ્ચારવાનું વલણ પણ સરખાવવા જેવુંછે; જેમ કે काकाને બદલે चाचा, खाधुंનું छाधुं, गायनुं जाय, घोडोनुं झोडो એ પ્રમાણે; અને काकाને બદલે चाचा તો કેટલાંક મંડળમાં (જેમ કે બ્રહ્મ ક્ષત્રિય જ્ઞાતિમાં) સિદ્ધ પ્રયોગ છે, જે હિં. चचा કે चिचा સાથે સંબદ્ધ છે;—આ સઘળી બીના કંઠ્ય અને તાલવ્ય વર્ણો વચ્ચે રહેલી ઉચ્ચારસગાઇના મજબૂત દાખલાઓ રજુ કરેછે.

(आ) આટલી ચર્ચા પછી, ष્ તે ख् વચ્ચે શકય ભાસતો બુદ્ધિભ્રમ ख्नो छ् થવાનું કારણ હશે એવું સૂચન હું કાંઇક અશ્રદ્ધાથી કરુંછું. નીચે उत्सर्ग ३८માં દર્શાવીશ તે પ્રમાણે ष् અને ख् એ ઉચ્ચારો અને સંજ્ઞાઓ અન્યોઅન્ય વિનિમયક્ષમ છે; અને એમ પણ હોય કે ख्=ष्=स् એ સંબંધમાં (स्नो छ् થવાના નિયમ પ્રમાણે—નીચેના उत्सर्ग ३३ અનુસાર-) ख्नो छ् થવાનું કારણ રહેલું હોય; વળી क्षના ख् અને छ् હેવા (ગુજ. लखमण

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને હિં. लछमणमां છે તે મુજબ) વૈકલ્પિક વિકારો થવાનું કારણ (क्षमां અન્તર્ગત) षना દ્વિવિધ ઉચ્ચારણમાં રહેલું માની સકાય.[3] પરંતુ, કંઠય અને તાલવ્ય વર્ણો વચ્ચેના સગપણના ઉત્કૃષ્ટતર નિયમની સમક્ષ હેને બીજું સ્થાન જ મળે.

## उत्सर्ग २०

### તાલવ્ય વર્ણોનું કણ્ઠય વિધાન

કેટલાક પ્રકારોમાં च નો क અને ज નો ग બનેછે.

ઉદાહરણો:–

**च નો क:—**

निश्चितकं (સં), निच्चिअउं (અપ.), निक्किउं–नक्की (ગુજ.)

[पर्हाच्युं (ગુજ.)નું વિશેષ રૂપાન્તર पर्हाक्युं કેટલાક ગુજરાતીઓ આ જ નિયમે કરેછે.]

**ज નો ग:—**

जरठकः (સં.,) जरढउ (અપ.) गरढउ, गरढो, घरडो, घयडो (ગુજ.). वादितकं (સં.), वादिअउं (અપ.)–वाजियुं–वाज्युं–वाग्युं (ગુજ.); તેમ જ वाज्युं (ગુજ.).

## उत्सर्ग २१

### દન્ત્યોનો મૂર્ધન્યભાવ

**त, थ, द અને ध ના અનુક્રમે ट, ठ, ड, ढ બનેછે.**

આ વિકાર પ્રાકૃતમાં મર્યાદિત અંશે, એટલે કે કેટલાક મુકરર શબ્દોને વિશે, સ્વીકારાયેલો છે; સિ. હે. ૮–૧–૨૦૫, ૨૦૬, ૨૦૭ (જેમાં ड વસ્તુતઃ

3. क्षनું રૂપાન્તર ख् થવા વિશે એક વિશેષ પ્રશ્ન ઉદ્ભવે છેઃ क्षमांના ष्ना ख् ઉચ્ચારની પૂર્વે क् લુપ્ત થાયછે? કે ष्नो ह् થઇને क्ने પ્રાણોચ્ચાર અર્પીને ख् બનાવેછે? આ પ્રશ્ન પેલા બીજા પ્રશ્નનો–त्य, थ्य, द्य, ध्यना च्च, च्छ, ज्ज, ज्झ થવામાં य् લુપ્ત થઇને त्, थ्, द्, ध्ने તાલવ્યોચ્ચાર અર્પીને च्, छ्, ज्, झ બનાવેછે, કે બીમ્સ (પુ. ૧ §૮૫ માં) કહેછે તેમ त, थ्, द्, ध लुप्त થઇને વ્યક્ત–ઉચ્ચાર યુક્ત य् (=ज्)ને, પોતે જતાં જતાં કરેલી અસર વડે, ज्, झ्, च्, छ्, બનાવેછે? એ પ્રશ્નનો–સજાતીયછે. (આ ચર્ચાની સાથે સાથે ઉપર પૃ. ૩૪૪ મે મ્હારી નોટ ૧૦૬ નો છેલ્લો પેરા વાંચવો.)



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

त માંથી ઉદ્ભવેલા ટ નું જ મૃદુરૂપ છે), ૨૦૮ (જેમાં ण, એ ढ પછીનો અનન્તર ક્રમ છે,) ૨૧૧, ૨૧૨, (જેમાં ल એ ढ નો અનન્તર વિકાર છે); ૨૧૫, ૨૧૬ (જેમાં ઠ આગળ ચાલીને મૃદુ થઇને ढ બનેછે;) ૨૧૭, ૨૧૮, ૨૨૧, ૨૨૨, (જેમાં ड વિશેષ વિક્રિયા પામીને ल થાય છે); ૨૨૬, ૨૨૭, ૨૨૮ અને ૨૨૯ સૂત્રોમાં न નો ण થતો ચર્ચ્યોછે, જે વિકાર પ્રાકૃતમાં વિસ્તૃત પ્રચાર પામેછે.

પ્રસ્તુત ઉત્સર્ગ પ્રાકૃતોત્તર અને અપભ્રંશોત્તર શબ્દોનો વ્યાપક છે માટે હેને હું अनुवृत्ति રૂપે આપુંછું.

આ વિકારના સંભવતા કારણ દર્શન માટે ઉપર પૃ. ૭ મે દ્રાવિડ અસરનો વિષય, અને પૃ. ૯૨–૯૫ મે વાચેંદ્રિયની વિકલતા કે જીહ્વાદોષનો વિષય જુવો.

ઉપરાંત બીમ્સ, ૧, § ૫૯ જુવો; ત્યહાં દન્ત્ય અને મૂર્ધન્ય વર્ણો વચ્ચેના સંબંધની બહુ સૂચક અને વિચારપૂર્ણ પરીક્ષા કરીછે. ત્યહાં હેવું સૂચવ્યુંછે કે દન્ત્યો અને મૂર્ધન્યો વસ્તુતઃ એકજ સ્કન્ધની, જીહ્વાસ્થાનીયની, નિર્બળ અને સબળ શાખાઓ છે (બંને વર્ગો જીહ્વાથી ઉચ્ચારાયછે માટે જીહ્વાસ્થાનીય); અને શુદ્ધ અને શિષ્ટ સંસ્કૃતનું મૃદુતર (અર્થાત્ દન્ત્ય) શાખા તરફ વલણ હતું પણ લોકભાષા (પ્રાકૃતો) કઠોરતર (એટલે મૂર્ધન્ય) રૂપોને વળગી રહી હતી.

પરંતુ આ મત કાંઇક મર્યાદિત અંશે જ સ્વીકારી સકાય.

ઉદાહરણો:–

**त નો ट**

झटिति (સં.)–झत्ति (પ્રા. सि. हे. ૮–૧–૩૨)–झट (ગુજ.); जेत्तिलं, केत्तिलं, तेत्तिलं (सि. हे. ८–२–१५७)–जेतलउं, केतलउं, तेतलउं (मुग्धावबोध औक्तिक, પૃ. ૧૭, ઓળ ૧);

जेटलुं, केटलुं, तेटलुं (ગુજ.);

महत्कं (સં.)–महन्तउं (અપ.)–महत्तउं (અવાન્તરક્રમ)–म्होटुं (ગુજ).
तिलकं (સં.)–तिलउं (અપ.)–टीलुं (ગુજ.);
आपत्ति (સં.)–आंपटी (ગુજ.); घातः (સં.) घांटी (ગુજ.)

ટિપ્પણ—सि. हे. ८–२–२९ અને ૩૦ માં બેવડા (મૌલિક કે र्त ના વિકારરૂપ) त्त નો ट्ट થતો સ્વીકાર્યોછે. પરંતુ ઉપરનાં ઉદાહરણોમાં બેવડો त्त

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અપભ્રંશ પછીના ક્રમોમાં સરળ બનેછે, અને મહત્તરની બાબતમાં બેવડો ત્ત વિકાસક્રમના ઉત્તર ભાગમાં જ થયેલો સ્પષ્ટ છે. એટલા જ માટે આ અલગ ઉત્સર્ગ આપ્યોછે જેમાં તિલકં-ટીલું માં છે તેવા એકવડા ત નો પણ સમાવેશ શક્ય છે.

થ નો ઠ

मथितं ( સં. )-मठो (ગુજ. ); एकस्थकं ( સં. )-एकत्थउं ( અપ. )-एकठुं (ગુજ. ); स्थिरकः ( સં. ) थिरउ ( અપ. )-ठर्यो ( ગુજ. )-ઊમોની માફક ठरों વિશે સમઝફેર થવાથી;-અને એ ઉપરથી ठरवुं ક્રિયાપદ.

द નો ड

छिद्रकं ( સં. )-छिद्दउं ( અપ )-छींडुं ( ગુજ. ): विन्दुः ( સં. )-मींडुं (ગુજ. ); बन्धुः કે वान्धवः (સં.)-भाण्डु (ગુજ.); दंष्ट्रा (સં.)- दाढा (પ્રા.)- डाढ्य; रुद् (સં.)-रडवुं (ગુજ.); दक्षिणकः (સં.)-दाहिणउ (અપ.)-डाह्यो (ગુજ.); संदंशिका (સં.);-संदंसिआ (પ્રા.)-સાંડશી (ગુજ.); [ડાંસ સં. दंश માંથી, અને ડાંસવું સં. दंश માંથી જૂદાં આપવાની અગત્ય નથી, કારણ કે दंश નુ डंस सि. हे. ૮-૧-૨૧૮ માં આપેલુંછે; અને વસ્તુતઃ संदंशिका પણ એ સૂત્રમાં જ સમાવિષ્ટ થઈ જાય].

## વિદેશીય ભાષાઓઃ—

दगलेह् (અરબી)-डगलो (ગુજ );

मुर्देह् (ફારસી)-मडदुं (ગુજ.);

ध નો ढ

अढी<अर्ध+द्वि; दोढ<द्वि+अर्ध;-બંનેમાં સં. अर्ध-પ્રા. अद्ध માંના ધમાંથી ढ ઉદ્‌ભવેછે.

न નો ण એ વિકાર પ્રાકૃત પોતામાં સંપૂર્ણ પ્રચારમાં છે. (सि. हे. ૮-૧-૨૨૮ અને ૨૨૯). ल નો ळ હું પાછળ ચર્ચી ગયોછું. (ઉપર પૃ. ૩૬૪ આદિ, ખાસ પૃ. ૩૬૬ મું, જુવો).

નવલરામે હેમના व्युत्पत्तिपाठ उत्सर्ग ૨૦ માં નીચેનાં વિશેષ ઉદાહરણો આપ્યાંછેઃ—

ऊठ (વું) < उत्था (સં.); डंड < दंड (સં.)-(डांडो-डांडियो વધારે ઠીક). હેમનાં બીજાં ઉદાહરણોનો પ્રાકૃતના નિયમોમાં સમાવેશ થઈ જાયછે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

माती, वात ઇત્યાદિ શબ્દોમાં મરાઠીભાષા દન્ત્યોને વળગી રહેતી જણાય (જો કે ચિ. હે. ૮-૨-૨૬, ૩૦ મૂર્ધન્યના પક્ષમાં છે); પરંતુ બીજા શબ્દોમાં એ ભાષા દન્ત્યોને મૂર્ધન્ય બનાવેછે જેમ કે સં. यत्-મ. झट(णें).

સં. प्रतोली માંથી આવેલ બં. टोला પણ દન્ત્યના આ મૂર્ધન્યભાવનું સાક્ષ્ય પૂરેછે.

---

## उत्सर्ग २२
## મૂર્ધન્યને સ્થાને દન્ત્ય

પૂર્વથી આ વિપરીત વિકારક્રમ છે. એક જ ઉદાહરણ મ્હને મળ્યુંછે; ट नो त;-कोटर (સં.)-कोतर (ગુજ.):

---

## उत्सर्ग २३
## द नो ज

ઉદાહરણો:—

श्वापद (સં.)-सावज (ગુજ.);
मर्यादा (સં.)-मलाजो (ગુજ.);
वादित्रं (સં.)-वाजिंत्र (ગુજ.).

## उत्सर्ग २४
## द्‌ નો ग

ઉદાહરણો

पादः (સં.)-પરબારો पाग (ગુજ.); पग (ગુજ.); (पाग હાલ નર્મદાતીરે ચાણોદ કરનાળીના નાગરોમાં વપરાયછે).

वादितकं (સં.)-वादियउं (અપ.)-वाजियुं-वाज्युं-वाग्युं-वागवुं (ગુજ.)

(પરંતુ આ છેલ્લા ઉદાહરણમાં, ग्य નો ગ્રામ્ય ભાષામાં ज्य થાયછે એ કારણે, ગેરસમજથી વિકારક્રમ ઉલટાવીને ज्य ને બદલે ग्य મૂકયો હોય.)

---

## उत्सर्ग २५
## ल નો न અને न નો ल

ઉદાહરણો:-

ल નો नः

श्लक्ष्णं (સં.)-लण्हउं (અપ.)-न्हानुं; (ઇ. સ. ૧૮૮૮ માં લખેલા મ્હારા जोडणी વિશેના નિબંધમાં આ વ્યુત્પત્તિ મ્હેં દર્શાવીછે.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

लेखशाला (સં.)-लेहसाला-(પ્રા.) लेसाल-नेसाल-नीशाळ, निशाळ.

આ વ્યુત્પતિને પ્રાચીન ગુજરાતી સાહિત્યમાંનાં કેટલાંક ઉદાહરણોથી સમર્થન મળેછેઃ-

(૧) पांच वरस वेटउ लालीइ
दस नेसालें संभालीइ

(विमलप्रबन्ध, ४, ३५.)

(૨) इति श्रीविमलप्रबन्धे नवषंडे लेषशालाकरण.
(विमलप्रबन्धના ખંડ ૪ થાનું સમાપ્તિવચન).

(૩) यम बेटउ नेसाले भणइ.

(૪) पंडित प्रथम भणावइ भले,
नेसालीउ जीव नीसले.

(પૂર્વોક્ત ગ્રન્થ, ૪-૩૬).

(૫) नेसालीया अपर परवर्या.

(એજ ગ્રન્થ ૪-૩૬).

(૬) एकवार सूनी नेसाल.

(ભીમકૃત हरिलीला; ૮-૩૦)

(૭) विणसाडी सघली नेसाळ.

(એજ ગ્રન્થ ૮-૮૭)

(૮) नेसाल लेखशाला
(નામસાલ વિનાનું એક औक्तिक, ઘણેભાગે વિ. સં. ના સોળમા સૈકાનું.)

નિશાળની વ્યુત્પત્તિ માટે लेखशाला કરતાં नयशाला વધારે યોગ્ય હેવું સૂચવવામાં આવ્યુંછે. પણ ઉપરનું ઉદાહરણ (૨) लेखनो જ પુરાવો આપેછે. ઉપરાંત नयथी કાંઇ વિશદ અર્થ પ્રાપ્ત થતો નથી. જો હેનો અર્થ "કેળવણી" કે "બહિર્ નયન, ખીલવણી" હેવો લેવાનો હોય ("education"-e+*duco* I lead હેમાં છે તેમ), તો એ ભાવના સાવ આધુનિક અને પાશ્ચાત્ય છે; नय-" વિનય" એમ કોઇ સૂચવશે. પણ लेखના પક્ષમાં કેટલીક દલીલો છેઃ-

(અ) આપણી પ્રાચીન નિશાળોમાં (મુખપાઠ અને) લાકડાના પાટિયા ઉપર લેખન શીખવાતું;

(આ) અદ્યાપિ મરાઠીમાં, ખાસ કરીને ગ્રામ્ય મુલકમાં, લોકો शाळेला लिहायला जातो એમ કહેછે, કારણ લખવાનું કામ નિશાળ સાથે જોડાયેલું ગણાતું;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(इ) मकतब (અરબી) એટલે लेख-शाला, લખવાનું સ્થળ; અર્થાત્ લખવાની નિશાળ; कृत्व्=લખવું, कतब હેણે લખ્યું, એ ઉપરથી.

ફારસી लकीर (લીટી; છરકો); ગુજ. नंकेरी; માત્ર वे मींडां वे नंकेरी હેમાં નીચેની પાઠમાં:–

कं आवे माथे मींडुं

कः आवे वे मींडां वे नंकेरी;

બારાખડીની સમાપ્તિ સૂચવતાં બે વિરામ ચિહ્નો, कं कः।। હેવાં, ભૂલથી વિસર્ગની જ સંજ્ઞાનાં અંશરૂપ મનાયાં.

ફારસીમાં ला અને ना બંને છે, જેમ કે लाचार, नाचार, लाइलाज्ञ, नाइलाज्ञ. न અને ल વચ્ચેની ઉચ્ચાર સગાઈ આ શબ્દોનું મૂળ છે.

ટિપ્પણ:–ण અને न વચ્ચે વાગ્નિકાસ દૃષ્ટિયે રહેલી સગાઇને યોગે આ ઉત્સર્ગ અનુપૂર્તિ બનેછે, કારણ કે સિ. હે. ૮–૧–૨૫૬ અને ૨૫૭ માં કેટલાક શબ્દોમાં ल નો ण થતો દર્શાવ્યોછે; णंगल અને णिडल (<ललाट) હેમાંથી અર્વાચીન ભાષાઓમાં नांगर (મ.)અને निलवट (ગુજ.) આવ્યાછે. સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં જણાશે કે પ્રાકૃતમાં ल નો ण થાયછે તે પ્રથમ ક્રમે न થઇને એ દ્વારા થાયછે, न નો ण એ नो णः (सि. हे. ૮–૧–૨૨૯) અનુસાર દ્વિતીય ક્રમ છે.

निटल હેવો સં. શબ્દ આપ્ટેએ પોતાના શબ્દકોષમાં આપ્યોછે, અને હેણે दशकुमारचरित માંથી ઉદાહરણ આપ્યુંછે. તે છતાં, એ णिडल નું સંસ્કૃતાનુકારી રૂપાન્તર હશે હેવી મ્હને શંકા રહેછે, ખાસ એટલા માટે કે હેમચન્દ્ર હેને ललाट નું રૂપાન્તર જ માનેછે.

न નો ल

नीलकः (સં.), लीलो (ગુજ.), नीली (સં.), लीलय, लील; कृष्णसार–कण्हहारु–कन्हआरु–कल्हआरु–कल्हियार; निम्बू (સં.), लींबु (ગુજ.); वल्कल–वलकल–वनकूळ (પ્રા. ગુજ.).

ટિપ્પણ:—

(अ) આટલો ઉત્સર્ગભાગ સિ. હે. ૮–૧–૨૩૦ ની અનુપૂર્તિ છે; હેમાં निम्ब ના न નો જ ल આપ્યોછે. હેમાં निम्ब માત્ર ઉદાહરણરૂપે આપ્યો ગણિયે તો निम्बू નો પણ એ સૂત્રમાં જ સમાવેશ થતો મનાય.

(आ) न અને ल વચ્ચેના નિકટસંબંધની પ્રાચીન ને અર્વાચીન ભાષાઓમાંના અનેક પ્રકારના શબ્દોદ્વારા પ્રતીતિ થાયછે; જેમ કે नोट (અંગ્રેજી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

note) નો ઉચ્ચાર ઉત્તર હિંદુસ્તાનનાં ગામડિયાઓ લોટ કરેછે; नुकसान કાનડીમાં लुकसान બોલાયછે; नवनीत (સં.), મરાઠીમાં लोणी બનેછે; नवटांक (શેરનો અષ્ટમાંશ) ગામડિયાનાં મ્હોમાં लवटांक થઈ જાયછે; સં. नम् માંથી મ. लवणें આવ્યુંછે; ફારસી संदल માંનો ल चन्दन (સં.) ના न માંથી થયોછે; સુરતી ગુજરાતીમાં નાંખવું ને સ્થાને लाखवुं બોલાયછે. અમુક એક ન્યાતની સ્ત્રીઓ કાઠિયાવાડમાં વિવાહગીતમાં मृगनयनी ને मरघालेणी બનાવી દેછે!

---

## उत्सर्ग २६

## ल નો र અને र નો ल

ઉદાહરણોઃ— **ल નો र**

मुकुलं (સં.)–मउलु (અપ.)–मोर (ગુજ).

जाज्वल्यमान (સં.)–जाजरमान (ગુજ.).

लाङ्गलं (સં.)–लंगलु (અપ.)–लंगर (ગુજ.).

पलालं (સં.)=તણખલું; पराळ (ગુજ.) ડાંગરની.

સિ. હે. ૮–૧–૨૫૫ માં માત્ર स्थूल માં જ આ વિકાર સ્વીકારેછે. માટે આ ઉત્સર્ગને અનુપૂર્તિ રૂપે–અથવા ખરું જોતાં વિશેષ–અવકાશ છે.

**र નો ल**

हरिद्रा (સં.)–પરભારો–हलदर (ગુજ.).

दारिद्र्यं (સં.) ,, दळदर (ગુજ.).

रूक्षकं (સં.) ,, लूखुं (ગુજ.).

સિ. હે. ૮–૧–૨૫૪ માં हलद्दी અને दालिद्दं નોંધ્યાછે; પણ ગુજ. શબ્દો પરભારા જ વિશ્લેષદ્વારા આવ્યાછે; એટલે અહિં અલગ વ્યવસ્થા કરીછે. તેમ જ સિ. હે. ૮–૧–૨૫૪ માં આપેલા हरिद्रादिगण માં रूक्ष નથી ગણાવ્યો, માટે અહિંયાં હેની પૃથગ્ વ્યવસ્થા કરીછે; પછી એ ગણને અન્તે મૂકેલા इत्यादिथी रूक्षनो સમાવેશ થતો માનિયે તો જૂદી વાત.

मुद्गर (સં.)–બ્હારોબ્હાર-मगदळ (ગુજ.);

तृष्यति (સં.)–तरिसइ (પ્રા.)–तलसे (ગુજ.);

मर्यादा (સં.)– मलाजो (ગુજ.);

(સિ. હે. ૮–૨–૬૮ માં र्य નો ल्ल દર્શાવ્યોછે તે માત્ર पर्यस्त, पर्याण અને सौकुमार्य માં જ.)

ટિપ્પણઃ—र નો ल થવો એ માગધીનું લક્ષણ છે (સિ. હે. ૮–૪–૨૮૮). પરંતુ હું આ સ્વતન્ત્ર उत्सर्ग આપુંછું હેનાં કારણો એ કે (अ) ગુજરાતીએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માગધીમાંથી બહુ લીધું નથી, અને (આ) માગધીમાં આ વિકાર સર્વવ્યાપક છે, પણ ગુજરાતીમાં અમુક શબ્દો પૂરતો જ મર્યાદિત છે.

---

### उत्सर्ग २७.

### ल नो ड.

लालयति (સં.) लडावे (છે) (ગુજ.);

तालः (સં.) तालु (અપ.), ताड (ગુજ.).

(આપ્ટે ताडिः ताडी એટલે એક પ્રકારનો તાડ એમ આપેછે; પણ એ શબ્દ અપ્રસિદ્ધ છે; અને માત્ર ताल સ્વીકારી સકાય.)

---

### उत्सर्ग २८.

### र નો ड, અને ड નો र.

र નો ड:—

अर्धकं (સં.), બ્હારેબ્હાર अरधुं, अडधुं (ગુજ.);

कुठारकः (સં.), कुहाडो (ગુજ.);

सौरभं (સં.), सोडम (ગુજ.);

ममांथी છૂટો પડેલો ह् र ના વિકારભૂત ड સાથે સંકીર્ણ થઈને द આપેછે; ममांथी રહેલો ब (व દ્વારા) म થાયછે; ઉપર પૃ. ૩૩૭ મું જુવો.

द्वादशाक्षरी (સં.), वारहाक्खरी (પ્રા.), वाराखडी (ગુજ);

हरितालं (સં.), हरताळ, हडताळ (ગુજ.); अष्टवारिकं (સં.), अठवाडियुं (ગુજ.); पक्षवारिकं (સં.) पखवाडियुं (ગુજ.); परं (સં.) (पडं દ્વારા,), पण (ગુજ.); ઉપર પૃ. ૩૩૬ મું જુવો.

भरत (ગુજ.)=ઓઠવેલાં રીંગણાં (વેંગણ) મસાલો નાંખીને તૈયાર કરેલાં, એ શબ્દ भडत રૂપે પણ બોલાયછે એટલે એ આ વિકારનું ઉદાહરણ છે.

पुरः (સં.)નું पुढें (મ.) થાયછે હેમાં र् નો ड થાયછે તે સરખાવો; ઉપર પૃ. ૯૩, નોટ ૪૨ મી જુવો; તેમ જ પૃ. ૨૮૨ મે, પૂર્તિ જુવો.

#### વિદેશીય ભાષાઓ

पर्देह् (ફા.)-पडदो (ગુજ.);

मुर्देह् (ફા.)-मडदुं (ગુજ.)

ड नो र:—

मशकः (સં.)-मसड्ड-मछड्ड-मच्छर

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### उत्सर्ग २९

### ड नो ल

આ ગુજરાતીની અંદરને અંદર થતો સંધિવિકાર છે.

कडुं+ल प्रत्यय—कडलुं-कल्लुं;

हांडो+ल प्रत्यय—हांडलुं-हांल्लुं,

---

### उत्सर्ग ३०

**પદમધ્યવર્તી र, ड, ळ નો, અને વિરલ પ્રકારોમાં ल નો य થાયછે.**

र, मूर्धन्यतर ड, અને ळ–( અને વિરલ પ્રકારોમાં ल ), જ્યહારે શબ્દની વચમાં હોય અને અ–યુક્ત હોય, અને હેની પછી ण કે ड હોય, ત્યહારે य થાયછે,

ઉદાહરણો:–

दोर + डी–(दोरडी)–दोयडी; ढेड + डी–(ढेडडी)–ढेयडी;

वोर + डी–( वोरडी)–वोयडी; दळ + णुं–(दल्णुं)–दयणुं;

बारणुं बायणुं; पाळ + णुं–(पाळणुं)–पायणुं;

अंविारणुं अंवािायणुं; शेलडी–(शेळडी)–शेयडी;

पारणा ( ઉપવાસાન્તે ભોજન ) पायणां.

ગુજરાતીમાંથી ગુજરાતીમાં જ થતા આન્તર વિકારો આ ઉત્સર્ગનો વિષય છે. સંપૂર્ણ ચર્ચા માટે ઇ. સ. ૧૮૮૮ નો મ્હારો જોડણી વિશેનો નિબન્ધ, પૃ. ૨૪–૨૬ જુવો; તેમ જ ઇ. સ. ૧૯૦૫ નો મ્હારો જોડણી વિશેનો નિબન્ધ, પૃ. ૬૯–૭૦ જુવો.

આ ઉદાહરણોમાં વિકલ્પને અવકાશ છે, અપવાદ માત્ર ढ છે જેનો य નિત્ય કરવો જ પડે.

---

### उत्सर्ग ३१

### स नो च અને च नो स.

**स नो च**

लालसा (સં.)—लालच (ગુજ.);

आशङ्का (સં.)–आसंका (પ્રા.)–आचको ( ગુજ.); ( પછી આ શબ્દ (आचको) ધ્વનિપ્રતિબિંબ હોય તો જૂદી વાત.)

**च नो स—**

कंकती ( °तिका)–સં. कांसकी (ગુજ.), तीने બદલે त्यी સંભળાતાં त्य नो च थई ने.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कांकसी પ્રથમ ક્રમ, પછી વ્યત્યયથી कांसकी બનેછે.

कांकसी વિ. સં. ૧૫૨૯ માં પ્રચરિત હતો. (ઉપર પૃ. ૪૨૫ મે પં. ૧, વ્યાખ્યાન ૪, ખંડ ૨ નું પરિશિષ્ટ અ જુવો ). એ શબ્દ કાઠિયાવાડમાં હમણાં પણ વપરાયછે.

ટિપ્પણ:—स ઉચ્ચાર च ના પ્રાકૃત ઉચ્ચારને મળતો હોવાથી આ ઉત્સર્ગ વિશેનો च અર્ધતાલવ્ય (દન્ત–તાલવ્ય ) ઉચ્ચાર હોવો જોઇયે એમ માની શકાય; જો કે પાછળથી એ શુદ્ધ તાલવ્ય ઉચ્ચાર પ્રાપ્ત કરે જેમ કે लालच. (आंचकोમાં દન્તતાલવ્ય ઉચ્ચાર છે.)

---

## उत्सर्ग ३२

## ज નો श.

એક જ ઉદાહરણ મ્હને મળ્યુંછે:—

काकवाजः (સં.)=काकवलिः, ( શ્રાદ્ધ કે ઔર્ધ્વદેહિક વિધિમાં અપાતો ભાતનો પિંડ )–कागवास ( ગુજ.).

ટિપ્પણ:–અહિંયાં ज નો ઉચ્ચાર શુદ્ધ તાલવ્ય હોઇને श પ્રાપ્ત થાયછે, स નહિ; (પણ हाजतोમાં ज દન્તતાલવ્ય છે એટલે હેમાંથી हास्तो થાયછે).

---

## उत्सर्ग ३३

## स નો छ.

ઉદાહરણો:—

स ( મૌલિક )—

अस्ति–असइ–अस्सइ–अच्छइ–अछइ–छइ–छे ( ગુજ.)

स ( વાગ્વ્યાપારજનિત )—

श्मश्रु: ( સં.)–मंसू (પ્રા.)–मूछ ( ગુજ. ); शावकः–छावो–छैयो; मशकः–मसड–मछर, मच्छर; षट्कः–सहउ–छहो; शकटकं–सकडउं–छकडो; षट्–स–छ.

शुक्तिः–सिप्पी–छीप;

ટિપ્પણ:–(अ) छीपમાંનો छ ઈની જ અસરથી શુદ્ધતાલવ્ય છે; मूछમાં छ શુદ્ધતાલવ્ય છે હેનું કારણ અજાણ્યું છે;

(आ) षट् (षष्ठः) અને शावकःમાં આવતો छ પ્રાકૃતમાં જ દેખાયછે (સિ. હે. ૮–૧–૨૬૫ ), પણ હેની પ્રાપ્તિ વસ્તુત; शषोः सः ( सि. हे. ८–१–२६० )

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ વ્યાપક નિયમ મુજબ શક્ય જણાતા વાઝ્યાપારજનિત स દ્વારા જ થાયછે.

(इ) स् નો छ થવાના આ વિકારનું પૂર્વસૂચન હું પ્હેલાંના ભાગમાં કરી ગયો છું (ઉપર પૃ. ૨૪૮ તેમ જ પૃ. ૨૬૨ જુવો).

उत्सर्ग ३४

छ નો स

આગળ ગયેલા ઉત્સર્ગમાં દર્શાવેલા વિકારથી ઉલટો જ આ વિકારક્રમ છે. ઉદાહરણો:—

अक्षः (સં.)—अच्छ (પ્રા.)—आंस (ગુજ.)=ગાડાની ધરી.

पश्चात्तापकः (સં.)—पच्छात्तावउ (અપ.)—पस्तावो (ગુજ.); तरक्षः, तरक्षुः (સં.)—तरच्छु (અપ.)—तरस (ગુજ.). (ઉપર પૃ. ૨૬૨ જુવો.).

ટિપ્પણ:—મરાઠીમાં આ વિકારક્રમ ઉત્કટરૂપે પ્રવર્તેછે. (ગુજ.) छूट(वुं) सुटणें (મ.); छोडवुं (ગુજ.); सोडणें (મ.); विचारपूस (મ.)=પૂછપરછ (विचार= प्रश्न; पूस < पृच्छ्, पुच्छ् (પ્રા.) એટલે પણ પ્રશ્ન); अक्ष નાં મ. માં आंख અને आंस બંને રૂપો છે એ વિચિત્ર છે; इक्षु (સં.)—ऊस (મ.). छ નો પ્રાકૃત ઉચ્ચાર મરાઠીમાં નથી એ વિશે ઉપર પૃ. ૩૫૭ મે, પૅરા ૬ ઠ્ઠામાં (૪) માં જુવો.

उत्सर्ग ३५

त નો क

(૧) सपत्नी (સં.)—सवतनी—सवती—शक्य (ગુજ.).

(૨) सापत्न्यकं (સં.)—सावत्तउं (અપ.)—सावकुं (ગુજ).

(૩) भीतिः (સં.) ભ્હારેભ્હાર व्हीक (ગુજ.).

ટિપ્પણ:—

(अ) ડૉ. ભાંડારકરના सवत्ती કરતાં હું सवतनी વિશેષ પસંદ કરુંછું, હેને માટે ઉપર પૃ. ૮૮ નો. ૩૫ જુવો. તેમ જ ઉપર પૃ. ૩૮૦ ઉદાહરણ (૨૧) જુવો.

(आ) सावकुं એ અર્થમાં મરાઠીમાં सावत्र છે; હેમાંનો र સિ. હે. ૮-૪-૩૯૯ અનુસાર આવેલો आगम છે; એ નિયમનો વિશેષ વિસ્તાર મ્હેં આ ખંડમાં उत्सर्ग ૧ (प्रक्षेप) માં કર્યોછે. (ઉપર પૃ. ૪૨૯ જુવો.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

उत्सर्ग ३६

ज नो त

ઉદાહરણો:--

(૧) आश्चर्य (સં.)-अच्छरिज्जु (અપ)–.अचरज, अचरत (ગુજ.);

(૨) हृद्यं (સં.)–हिज्जु (અપ.)-हेज (પ્રા. ગુજ.)-हेत (ગુજ.).

(૩) अकार्य (સં.)–પરભારું-अकारज–अकारत (ગુજ.).

વિદેશીય ભાષાઓ:—

(૪) तावीज़ (અરબી)–तावीज-तावीत (ગુજ.) (કેટલાક વર્ગોમાં); સિંધી ताईथ સરખાવો.

ફારસી बुझर्गમાંથી આવેલ મ. बुदरक સરખાવો.

ટિપ્પણ:—

ઉદાહરણ (૨) हेज નરસિંહ મ્હેતાએ અને બીજાઓએ વાપર્યોછેઃ

कांइक हृदियामां रोष आण्यो तज्युं अमशुं हेज.

हेज धरीने आव्या आधार जी.

(નરસિંહકૃત चातुरी–छत्रीशी; ચાતુરી ૧૨–૫ કડી (૮-૯).

अति दीसिछि तपनूं तेज,

प्राणीमात्र विषिइ अति हेज.

(ભાલણકૃત कादम्बरी, પૂર્વભાગ, કડવું ૬, પં. ૧૨૨).

हृद्य=પ્રિય, વ્હાલું. પછી એ વિશેષણને જ–પ્રિય કરનારો ભાવ, અર્થાત્ પ્રેમ, સ્નેહ, એ અર્થનું–ભાવવાચક નામ બનાવ્યું.

ઉદાહરણ (૩) अकारत गयुं એ વચનનો અર્થ "નિષ્ફળ નીવડયું" થાયછે.

---

उत्सर्ग ३७.

ळ नो ण.

આ વિકાર અને ल નો न એ વિકાર વચ્ચે विम्वप्रतिविम्वभाव રહેલો છે; ल–न દન્ત્ય છે અને ळ–ण, મૂર્ધન્ય છે; અને ल ને ळ, અને न ને ण, વાગ્વિકાર વિષયે અન્યોન્યસંબદ્ધ છે.

આ લક્ષ્યોગ્ય સંબન્ધની ખાતર હું આ વિકારને સ્વતન્ત્ર उत्सर्ग રૂપે આપુંછું, એ નિયમને સર્વાંશે અનુસરતું ઉદાહરણ માત્ર એક જ મ્હને મળ્યુંછે તે છતાં. એ ઉદાહરણ:—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कोमलकं (સં.)–कुँवलऊं (અપ.)–कुँअलउं–कूंळुं (ગુજ.), જેનું વિશેષ રૂપાન્તર, વૈકલ્પિક, कूणुं બનેછે.

[कुटुम्बी–कुडुंबी–कुळंबी (મ.), कुणबी–कणबी (ગુજ.), એ રૂપાન્તરની અહિંયાં સરખામણી બહુ સૂચક થશે, જો કે હેમાં ळ અને ण સપ્રસ્વ છે, એકનો વિકાર અન્ય હોય હેવો સંબંધ એ બે વચ્ચે નથી. ઉપર પૃ. ૩૩૫ નોટ ૯૪ જુવો].

---

उत्सर्ग ३८

## ष નો (અને કવચિત् श નો) ख

### સંસ્કૃતમાંનો ष અને (અને કવચિત् श) ગુજરાતીમાં ख બનેછે.

ઉદાહરણ:—

ष—

विषं (સં.)–विख (ગુજ.); उषा (સં.)–ऑखा (ગુજ.); श्लेष्मा (સં.)–श्लेखम (ગુજ.); हर्ष (સં.)–हरख (ગુજ.); घोषयति (સં.)–गोखेछे (ગુજ.); वर्ष (સં.)–वरख (ગુજ.) (મર્યાદિત પ્રચારક્ષેત્રમાં; અન્યત્ર वरस); वृषभ (સં.)–वरख (ગુજ.) (વૃષભ રાશિના નામ તરીકે); वेषः (સં.)–भेख (ગુજ.) (લેબાસ, ખાસ કરીને સંન્યાસીનો); संतोष् (પ્રેરક, સં.)–संतोख् (ગુજ.); संतोष (સં.)–सतोक (ગુજ.)–વિશેષનામ; (संतोख દ્વારા).

[(૧) भेख નો પ્રાથમિક અર્થ વેષ થાયછે; જેમ કે નરસિંહ મ્હેતામાં–

कृष्णचरित्र गोपी करे, विलसे राधा नार;
एक भई त्यां पूतना, एक भई जु गोपाळ लाल.
एक भेख मुकुन्दको कीनो, तेणे तृणावत (? तृणावर्त) हरी लीनो;
एक भेख दामोदर धारी, तेणे जमला अर्जुन तारी.
(राससहस्रपदी, १९, ५–७,)

(૨) वेष માં व પ્રક્ષિપ્ત ह પ્રાપ્ત કરેછે, व्हेष; અને એ व्ह નો भ થાયછે, જેમ जिव्हा માંથી जीभ માં થાયછે તેમ; અથવા व નો ब થાયછે (હિંદી વિકારક્રમે) અને પછી સંકરરૂપે ह પ્રક્ષિપ્ત થાયછે, એટલે भेख થાયછે.

श—

दंशः (સં.)–डंख (ગુજ.); डंखवुं ક્રિયાપદ પણ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ટિપ્પણ:—

(અ) ઠંશ ૨૫ તાલવ્ય श् ને મૂર્ધન્ય ष् માનવાની સંભાવ્ય ભ્રાન્તિનું પરિણામ જણાયછે, ખાસ તો એટલા માટે કે दंश् ના તાલવ્ય श् કેટલાંક રૂપોમાં—જેમ કે दष्ट (ભૂતકૃદન્ત) વગેરેમાં—મૂર્ધન્ય ष् બનેછે.

(આ) ष् ના ख् ઉચ્ચાર છેક વૈદિક સમય જેટલો પુરાણો જણાયછે, વિશેષ નહિ તો છેવટ શુક્લ યજુર્વેદની माध्यंदिनी शाखा એ આણેલા સંપ્રદાયથી માંડીને તો ખરો જ; એ સંપ્રદાય અનુસાર ष, સાદો કે સંયુક્ત (મૂર્ધન્ય સંયુક્ત ન હોય તો), ख ઉચ્ચારાતો (અને હાલ પણ એ શાખાના અનુયાયીઓમાં ઉચ્ચારાયછે). (શુક્લ યજુર્વેદનું કાત્યાયનકૃત प्रतिज्ञासूत्र, कंडिका ૨, ૧૨ જુવો.)

ष् ના આ ख् ઉચ્ચારને એથી પણ અગાઉ વૈદિક સમયની પૂર્વના સમયમાં મૂકી સકાય હેવો મ્હારો મત છે; મ્હારો એ મત સં. अष्ट=આઠનાં પ્રાચીન આર્ય ભાષાની પાશ્ચાત્ય શાખામાંનાં રૂપાન્તરોમાં સાંપડતી પ્રમાણ સામગ્રીને આધારે રચાયલોછે. જેમ કે, અંગ્રેજી eight શબ્દમાંનો gh, અત્યારે અનુચ્ચાર્ય છે તો પણ કઠોર વર્ણ ख्ના મૃદૂભવનથી થયેલા घ् ઉચ્ચારની પ્રતીતિ કરાવેછે. સ્કૅ. aucht. અને ડે. અને લો. જ. acht માંનો ch, તેમ જ ગૉ. ahtau નો h, એ ઉચ્ચારો ख्ને અનુસરતા છે; (બ્રુગમૅન કૃત Comparative Grammarનું કૉન્વે અને રાઉઝે કરેલું ભાષાંતર, પુ. ૧, પૃ. ૨૮ મું જુવો.) આ ख् વર્ણ પોતાનો પ્રાણધ્વનિ દૂર કરીને લૅ. Octo અને ગ્રી. 'OKTW' માં કઠોર क् વર્ણ રૂપે અવશિષ્ટ રહેછે. આ રીતે પ્રા. આર્ય ભાષામાં अख (अष्ट)માં ख ઉચ્ચાર હતો હેણે લૅ. અને ગ્રી. ને क् આપ્યો અને ગૉથિક—આદિ ભાષાઓને ख् આપ્યો; प्रतिज्ञासूत्रના ટુમ્તે (ष् વર્ણ ट વર્ગના વર્ણથી સંયુક્ત ન હોય તો), એ કથન અનુસાર अष्टમાંના षનો ઉચ્ચાર, टને યોગે, માધ્યંદિની સંપ્રદાયમાં પણ મૂર્ધન્ય થાય, ख् (કણ્ઠય)ન થાય, એ વાત મ્હારા લક્ષમાંછે. પરંતુ કેટલીક પાશ્ચાત્ય ભાષાઓમાંનો ch (ख्) જોતાં જણાયછે કે પ્રાચીનતર ઉચ્ચાર વેદના પૂર્વકાળની આર્ય ભાષામાં अख्ट જ હોવો જોઇયે, અને સાદા षનો અને ट વર્ગ શિવાયના વર્ણથી સંયુક્ત षनो જ ख ઉચ્ચાર જાળવી રાખીને એ જૂના अख्ट ઉચ્ચારનો યજુર્વેદની માધ્યંદિની શાખાએ પરિત્યાગ કર્યો હોવો જોઇયે. अष्टમાં ख् ઉચ્ચારનો (અલબત પ્રા. આર્ય ભાષામાં) અસ્વીકાર કરીશું તો ગ્રી. અને લૅનો क्, અં. નો घ् અને ગૉ., આધુનિક જર્મન, સ્કૅ.,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વગેરેનો ख् એ સર્વ ઉચ્ચારો નિષ્પ્રમાણ રહેશે, જ્યહારે મ્હેં સૂચવેલું વ્યુત્પત્તિદર્શન સઘળી ભાષાઓનું અન્યોન્યસંગત વાગ્વ્યાપારબંધારણ રજૂ કરેછે.

(इ) નવાઇ જેવું છે કે ष् નો ख ઉચ્ચાર (ष નો નિયમે स् કરનારી) પ્રાકૃતોના અને અપભ્રંશના સમયને કુદાવીને અર્વાચીન ભારતીય ભાષાઓમાં–પ્રધાનતઃ હિંદીમાં, અને ગુજરાતી, મારવાડી વગેરેમાં અમુક શબ્દોમાં–ફરીથી પ્રગટ થયો, તે એટલે સુધી કે લખવામાં પણ ख દર્શાવવાને ष સંજ્ઞા મૂકાતી (કેટલાક પ્રકારોમાં જ અને य ની અદલાબદલી થતી તેમ). પરંતુ ष્નો એ ख् ઉચ્ચાર માધ્યંદિની શાખામાં છેક આધુનિક સમય પર્યન્ત સતત પ્રચારમાં જળવાઈ રહ્યોછે એ વાત સ્મરણમાં રાખિયે તો ઉપર કહેલી વિચિત્ર ઘટનાનું કારણ કલ્પવું શક્ય છે, તે એ કે કેટલાક વર્ગોમાં લોકની વાગેન્દ્રિયની વિશિષ્ટતાને આ ख् ઉચ્ચાર અનુકૂળ હતો એટલે તેઓ હેને જ વળગી રહ્યા. એક શંકા: એકનો એક વર્ણ ष् આ ष् ને ख् જેવા અત્યન્ત ભિન્ન બે ઉચ્ચારોનો પ્રતિનિધિ કેમ થઈ સક્યો? ઉત્તર સ્પષ્ટ છે. માધ્યંદિની શાખામાં ष्ના એ બે ઉચ્ચાર થતા એ તો સિદ્ધ વાત છે. (पुरुष અને शीर्षમાં ख् અને कृष्ण વગેરેમાં ष् તેમ જ અન્ય શાખાઓમાં અને વેદોમાં ष्); હવે જો એ સમયમાં આ વાત શક્ય હતી તો પ્રાચીન આર્ય ભાષાના પુરાણા યુગમાં એ જ ઘટનાનો આવિર્ભાવ એટલો જ શક્ય છે. અને બધું વિચારતાં ष् અને ख् એટલા બધા ભિન્ન નથી. ष्માંથી ह् ઉદ્ભવ્યો હશે અને એ ह् કઠોર બનીને ख् થયો હશે (બ્રીમ્સે દર્શાવેલા ह् અને ख्ના સંબંધ અનુસાર; પુ. ૧, પૃ. ૨૬૨).

આ પ્રશ્નની વિશેષ વિસ્તારથી ચર્ચા અહિંયાં ન થઈ સકે, પણ બનશે તો અન્યત્ર સ્વતંત્ર લેખમાં એ ચર્ચા કરીશ હેવી મ્હારી ઉમેદ છે. છતાં એટલું તો અહિં જણાવી દઉં કે ભારત–જર્મન (Indo-Germanic) વર્ગની માતૃભૂત ભાષામાં અષ્ટૌના કાલ્પનિક મૂળ શબ્દ તરીકે બ્રુગમૅન OKTOU તેમ જ OKTO[૪] રૂપ મૂકેછે–જેનો ઉચ્ચાર ઓક્ટૌ થતો મનાયછે;[૪] પરંતુ હું કાલ્પનિક મૂળ અખ્ટૌ મૂકુંછું; અને, માધ્યંદિની શાખામાં સાધારણ રીતે ષ્નો ख् ઉચ્ચાર થાયછે એ જોતાં અખ્ટૌની સંભવિતતા અધિક છે એમ હું માનુંછું.

---

૪. બ્રુગમૅનકૃત "Comparative Grammar"નું આર. સીમૂર કૉન્વે અને ડબલ્યુ. એચ. ડી. રાઉઝ કૃત ભાષાંતર, પુ. ૧. §§૭૭,૮૫,૧૮૧, ૩૮૧ જુવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રથમ પુસ્તક સમાપ્ત.

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

## પરિશિષ્ટ

પૃ. ૮૪ નોટ ૩૧ ઉમેરોઃ—

„(घ) कुटुंबि श्यामणेर गोपक छेण्डवक × × × × ( ગૂહસેનનું વલભિ-દાનપત્ર, પં. ૫; વલભિ સંવત્ ૨૬૮ કે એ અરસામાં ).

ડૉ. બ્યૂલર હેતું ભાષાન્તર નીચે પ્રમાણે કરેછેઃ—

"the Kunbi Syâmaṇera, the herdsman Chhendavaka" (=કણબી શ્યામણેર, ગોવાળ છેણ્ડવક ).

( ઇં. ઍન્ટિકવેરી, પુ. ૫, પૃ. ૨૦૭, અને પૃ. ૨૦૬ કૉલમ ૨. )

પૃ. ૧૨૫ નોટ ૧૨ ઉમેરોઃ—

વિભક્તિ–રૂપાન્તરો થતાં उ ઉપરથી સ્વરભાર ખશી જાય ત્હારે उ નો व થાયછે એથી પણ પ્રતિસંપ્રસારણનું સમર્થન થાયછે; જેમકે पाउस–पावसांत.

પૃ. ૧૯૫ गृहकं–घरुं વિશેની કણ્ડિકા પછી ઉમેરોઃ—

કાઠિયાવાડમાં घरुं (એકવચન) હજી પ્રચરિત છે, પરંતુ મર્યાદિત અને ઉપચરિત અર્થમાં વપરાયછે, એ મ્હારા જાણવામાં આવ્યુંછે; જેમ કે चरमांनुं घरुं; અહિં इवे प्रतिकृतौ( પાણિનિ ૫–૩–૯૬ )ના વ્યાપારનો એક પ્રકાર જોવામાં આવેછે.

પૃ. ૨૩૬ ઉદાહરણ मुच्च् પછી ઉમેરોઃ—

उत्–स्था उत्थितकं उट्ठिअउं ऊठ्युं ऊठ्

[ટિપ્પણઃ–પ્રાકૃતમ્પ્ર્ પણ उट्ठइ છે ( सि. हे ८–४–१७ ); જો કે तिष्ठतिनुं ૮–૪–૧૬ અનુસાર ठाइ તેમ જ चिट्ठइ બનેછે, પરંતુ આ ૧૬મા સૂત્રની પ્રવૃત્તિ उत्+स्था પરત્વે થઈ સકતી નથી કારણ કે ૧૭મા સૂત્રમાં उत्+स्थानुं उट्ठइ ખાસ દર્શાવેલછે. આ હકીકતથી એવું જણાયછે કે क्तान्त રૂપોમાંથી ધાતુ ઉપજાવવાની આ રીતનું મૂળ છેક પ્રાકૃતમાં જ રહેલું હતું. ]

પૃ. ૨૬૩, નોટ ૧૧૦. ઉમેરોઃ—

મરાઠીમાં तेथें ते असतात, मीं केलें असतें, ઇત્યાદિમાં अस् છે તે સં. अस्માંથી પરભારો નહીં પણ પ્રા. अच्छ्માંથી अछ् દ્વારા પ્રાપ્ત થયોછે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**પૃ. ૨૭૩, પં. ૨ પછી ઉમેરોઃ—**

प्रतिज्ञासूत्र ૨–૩ ઉપરના ભાષ્યમાં અનન્તદેવ माध्यन्दिनशिक्षामांथी નીચેનો શ્લોક ટાંકેછે (જુવો शुक्लयजुःप्रातिशाख्यमांનું Benares Sanskrit Seriesમાંનું પ્રકાશન, અને પરિશિષ્ટો પૃ. ૪૨૧):-

शषसहा यत्र दृश्यन्ते रेफेणाङ्कितमस्तकाः ।
स्वरं भक्तं प्रयुञ्जीत संयोगे नैव कारयेत् ॥

शिक्षासंग्रह( Benares Sanskrit Series )માં પ્રગટ થયેલી ઉક્ત શિક્ષામાં મને આ શ્લોક મળ્યો નહીં પણ એ જ સંગ્રહમાં लघुमाध्यन्दिनी-शिक्षामां ૧૧૪–૧૧૫ પૃષ્ઠોએ હેતું પાઠાન્તર મળ્યુંછેઃ—

रेफो रेफत्वमाप्नोति शषहेषु परेषु च ।
ददर्श वर्षेऽर्हाच संयोगे नैव कारयेत् ॥

અનન્તદેવે ટાંકેલું અવતરણ સ્વીકારિયે તો स्वरं भक्तं એ વચન મ્હેં કરેલા स्वरभक्तिના અર્થદર્શનને પ્રતિકૂળ થશે.

**પૃ. ૨૭૪ (ह) ને અન્તે ઉમેરોઃ—**

ચણ્ડ (૩–૩૦) બધા અપેક્ષિત સ્વરોનો इष्टस्वरः એ શબ્દથી નિર્દેશ કરેછે. (संयोगस्येष्टस्वरागमो मध्ये ॥)

**પૃ. ૨૭૫ પંક્તિ ૧૦ મી પછી ઉમેરોઃ—**

પરંતુ ઉક્ત સ્થળે (૩૧૨–૩૧૩ ખંડોમાં) મુખ્યતઃ પાશ્ચાત્ય ભાષાઓ-માંના Anaptyxis વ્યાપારની ચર્ચા છે અને ખંડ ૩૧૩ માં માત્ર પ્રસંગતઃ प्राकृतના પૂર્ણ વિશ્લેષનો નિર્દેશ કર્યોછે, પરંતુ વૈદિક स्वरभक्तिનું નામ પણ નથી કે ઉદાહરણો પણ નથી. બ્રુગમૅનના અન્ય ગ્રન્થમાં હું ૬૨૪ માં anaptyxisની ચર્ચા છે, અને संस्कृत એ મથાળાની નીચે કહ્યું છે કેઃ–"મધ્યવર્તી (medial) anaptyxis નું પ્રથમ દર્શન પ્રાકૃત વિભાષાઓમાં થયું", हरिस (हर्ष), पदुम (पद्म), सुमरामि (स्मरामि), सिनेह (स्नेह), એ ઉદાહરણો આપ્યાંછે; અને માત્ર વૈદિક સંસ્કૃતમાં prothesis નો ઉલ્લેખ કરીને इरज्यति, इरधते, इलय (लय પણ), उलोक (लोक) એ ઉદાહરણો આપ્યાંછે, અને એ વિશે અભિપ્રાય દર્શાવ્યોછે કે "આ રૂપો કદાચ કોઈ ગ્રામ્ય ભાષામાંથી લીધાં હશે." પરંતુ–મ્હેં ખાતરી કરીછે હેમાં ભૂલ ન હોય તો–એ ગ્રન્થમાં કયાંય વૈદિક स्वरभक्तिનું નામ નથી.

(આ બીજા ગ્રન્થનું કૉન્વે અને રાઉઝ એમણે અંગ્રેજી ભાષાન્તર કર્યુંછે.)

**પૃ. ૨૭૫. स्वरभक्ति વિશેના ટિપ્પણ ને અન્તે ઉમેરોઃ—**

શિક્ષાઓમાં स्वरभक्ति વિશે प्रातिशाख्यो કરતાં પણ સૂક્ષ્મતર વીગત આપી છે. (જુવો ડૉ. કીલ્હૉર્નનો "Remarks on the Sikshās" એ લેખ, Ind. Ant. V. pp. 142 §§;-p. 143, col. 2 and n.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૃ. ૨૮૩, પંક્તિ ૬ ઠી પછી ઉમેરોઃ—

[ मातृष्वसा (સં.); माउस्सिआ (પ્રા.); માવશી (મ.), એ પણ પ્રતિ-સંપ્રસારણનું સચોટ ઉદાહરણ છે.]

પૃ. ૨૮૪, (૫); ઉમેરોઃ—

ડૉ. ટેસિટોરીએ ("Notes" §141, (2) એ સ્થળે) ल्यावइ ને लीइ (=લેઇ) નું આપવું આગમથી થયેલું પ્રેરકભેદનું રૂપ માનેલછે. હેમની ભૂલ થઈ છે એ દેખીતું છે.

પૃ. ૩૧૦, પેરા બીજા પછી ઉમેરોઃ—

Cava, cavea એ શબ્દનો "કોટર", "પોલાણ" એ અર્થમાંથી "ગુફા" એ અર્થ થયો એ અર્થફેરમાં બહુ ક્લિષ્ટતા આવતી નથી હેવું મેં પૃ. ૩૦૬ ની નોટમાં કહ્યુંછે. એ પ્રમાણે મેં લખ્યું ત્હાર પછી મૅક્સ મૂલરકૃત "Science of Language" ના પુસ્તક ૧ નાં ૪૨૯–૩૦ પૃષ્ઠોએ મ્હારા કથનનું પ્રસંગપ્રાપ્ત સમર્થન મ્હારી દૃષ્ટિયે પડ્યુંછે. એ સ્થળે એ પંડિત કહેછેઃ- Cavus, કે કોટર એ ખ્યાલ પ્રાથમિક [મૂલભૂત] નથી પરંતુ ઔપચારિક (Secondary) છે; ગુફાને cavea, પોલી ચીજ, એ નામ આપ્યું તે પહેલાં અનેક પોકળ પદાર્થો મનુષ્યોને દૃષ્ટિગોચર થયા હતા. તો પછી પોકળ ચીજનું, કોટરનું, નામ પાડવામાં cav એ ધાતુનો ઉપયોગ કરવાનું શું કારણ? કારણ એ છે કે જે વસ્તુને પોકળ બનાવવામાં આવી હતી તેનો પ્રથમ ઉપયોગ આશ્રયસ્થાન અને રક્ષણ કે આવરણ તરીકે કરવાની ઇચ્છા હતી અને એથી એ વસ્તુનું નામ कु કે स्कु ધાતુ ઉપરથી પાડવામાં આવ્યું કારણ કે એ ધાતુનો અર્થ 'આવરણ કરવું' થતો હતો." મ્હેં સૂચવેલી गुप् રક્ષણાર્થે અને गुह् નિલયનાર્થે એ વ્યુત્પત્તિ ઉપરના કથનની એટલી બધી સમીપવર્તી છે કે હું નીચેનો પ્રશ્ન પૂછવા લલચાઉં છુંઃ—

कु ને गुह्, गुप् અને મ્હેં કલ્પેલા गुफ् જોડે કાંઈ સંબંધ હશે ? અથવા આ स्कु (sku) કે कु (ku)ને બદલે गुप् અને गुह्નો જનક गुफ् ધાતુ સ્વીકારવો વધારે યોગ્ય નથી ? આ સૂચના પૂર્ણ માનવૃત્તિથી કરૂંછું.

પૃ. ૩૧૮, આ અનુસ્વાર સંસ્કૃતમાં અજ્ઞાત હતો.

આ કથન મ્હારે ફેરવવું ઘટેછે. આગળ પૃ. ૩૩૦ મે નોટ ૯૧ માં કહ્યુંછે તેમ ताँल्लोकानूमांના અનુનાસિક ल્ની તીવ્રતા ल्ल એ સંયોગનું પરિણામ ગણી સકાય અને અનુસ્વારને કોમળ માની સકાય; પરંતુ એથી પણ વિશેષ કોમળ અનુસ્વારની આગાહી रंग કે रक्त સ્વરો તરીકે ઓળખાતા વૈદિક ઉચ્ચારો-માં પ્રાપ્ત થાયછે. (ऋक्प्रातिशाख्य, ૧–૧૭) જ્યહાં ઉવ્વટે महाँ इन्द्रो नृवत् એ ઉદાહરણ આપ્યુંછે; અને ૧-૨૯, જ્યહાં रक्त उकारનો ઉલ્લેખ છે અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉવ્વટે હેતું ऊँइत्यूँ એ ઉદાહરણ આપ્યુંછે.) પાણિનીય શિક્ષાંમાં નીચેનો શ્લોક છે:—

यथा सौराष्ट्रिका नारी तक्रँ इत्यभिभाषते ।
एवं रङ्गाः प्रयोक्तव्याः खेअराँ इव खेदया ॥

વિવરણ:-सौराष्ट्रदेश उत्पन्ना स्त्री तक्रविक्रयार्थे यथा तक्रां इति कांस्यध्वनिसमं भाषत एवं वेदेपि रङ्गाः प्रयोक्तव्याः। वेदे उदाहृत्य दर्शयति। खे अराँ इव खेदयेति॥
(જુવો ऋग्वेद, ૮–૭૭, ૩).

ઉપરનું વિવરણ ડૉ. કીલ્હૉર્નને મહીસુરમાંથી મળેલી सर्वसंमतशिक्षानी ટીકામાંથી લીધુંછે.

(જુઓ ડૉ. કીલ્હૉર્નનો "Remarks on the Sikshās" એ લેખ, Ind. Ant. Vol. V, P. 142 n.†)

આ રીતે, અપભ્રંશમાં અને આધુનિક ભાષાઓમાં છૂટથી વપરાતા આ કોમળ અનુસ્વારનું પુરાણું મૂળ વૈદિક ઉચ્ચારપદ્ધતિમાં મળેછે. [કાંઇક અંશે ત્યારપછીની સંસ્કૃત ભાષામાં પણ એ ઉપલબ્ધ છે–જુવો પાણિનિ ૧–૧–૧૮ (ॐ); અને પાણિનિ ૮–૪–૫૭ (दधिँ) અને, सिद्धान्तकौमुदीમાં ભટ્ટોજી દીક્ષિતે આપ્યુંછે તેમ दधि પણ]*. अमोघानन्दिनी शिक्षा (૪૧–૪૬) આ અનુનાસિક સ્વરના વિવિધ પ્રકારો વર્ણવેછે–अनुरङ्ग, महारङ्ग, अतिरङ्ग અને રંગના પાંચ ભેદ, घात, निर्घात, वज्री, अहिण અને प्रहिण; આ પ્રકારો અહિં ચર્ચવાની જરૂર નથી.

**પૃ. ૩૨૯, पक्ष्मणी-पांपण એ ઉદાહરણ પછી ઉમેરો:—**

रोमकम् (સં.)-रूंवुं (ગુજ.)

**પૃ. ૩૩૨**

**(क) शीलवतीनो रास એ ગ્રન્થમાંથી અવતરણ આપ્યુંછે હેની પછી ઉમેરો:—**

एक अणुहाण ऊघाडया
(कान्हडदेप्रबन्ध, ૧–૧૫૪).

**(ख) आपणुं–आपडे પછી ઉમેરો:—**

मदनफलम् (સં.)—मयणहलु–मइणहल–मींढळ (=એક વૃક્ષનું ફળ, જેને વીંધીને કુંકુમસૂત્ર પરોવીને વરકન્યાને કાંડે બાંધવામાં આવેછે.)

અહિં ण નો हँ થાયછે અને એ हँમાંનું અનુનાસિક તત્ત્વ પૂર્વવર્તી ईમાં ભળેછે અને ह નો પાછળ રહેલા ह જોડે સંકર થઇને ढ નીપજેછે.

* કૌંસમાંનો ભાગ મૂળ ગ્રન્થમાં નથી પરંતુ ગ્રન્થકારે ભાષાન્તર અર્થે આપેલાં પાનાંઓમાં લખીને ઉમેર્યોછે.—ભાષાન્તરકાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૃ. ૩૩૮, ટિપ્પણ આ પછી ઉમેરોઃ—

बमणुं, तमणुंની વ્યુત્પત્તિ—द्विगुणकं, त्रिगुणकं; विउणउं, तिउणउं; विवणउं, तिवणउं; અને પછી वનો म-એ રીતે થઈ છે.

**પૃ. ૩૭૪, अपूप વિશેની કણ્ડિકા પછી ઉમેરોઃ—**

જો લૅટિન *argentum*નો रजत ( સં. ) જોડે ગોત્ર સંબંધ સ્વીકારિયે તો અસ્વરિત શ્રુતિલોપના નિયમની પ્રવૃત્તિ છેક સંસ્કૃતપૂર્વના પ્રાચીન સમયમાં થતી માની સકાય. એ બે સગોત્રિય શબ્દોના ઉભયસાધારણ પૂર્વજમાં રહેલો આદ્ય સ્વર અસ્વરિત હોઇને સંસ્કૃત શબ્દમાં લુપ્ત થયો.

પૃ. ૩૮૫, ઉત્સર્ગ ૧૨ ને અન્તે ઉમેરોઃ—

આ વ્યાપાર કવચિત્ द्विरुक्त ઘટનામાં પ્રવર્તેછે, ઉદાહરણ वारंवार–चचार.

પૃ. ૪૦૮, अत्यारे પછી ઉમેરોઃ—

अत्तआरइમાંનો બેવડો त्त ક્ષીણ થઇને એકવડો બનતાં પોતાનું બળ यને સમર્પે છે એમ કહી સકાય.

પૃ. ૪૨૦, ઉદાહરણ વર્ગ (ઝ) ની પછી ઉમેરોઃ—

परीक्ष् परिक्ख् पारखवुं;

अरकः अरउ आरो ( પૈડાંનો–)

[ સં. आरः અપ્રચરિત છે.]

પૃ. ૪૩૭, ઉત્સર્ગ ૭, ઉદાહરણોમાં ઉમેરોઃ—

देवर ( સં. ) दियर (ગુજ.)

પૃ. ૪૪૧, ઉત્સર્ગ ૧૧ ને અન્તે ઉમેરોઃ—

પાછળથી થયેલી આ ઘટનાનું ભાવિસૂચન કરતો એક વિરલ વિકાર પ્રાકૃતમાં થયેલો મળી આવેછે–સં. वृक्ष પ્રા. रुक्ख ( सि. हे. ૮–૨–૧૨૭ ), सदृक्षમાંના °ऋक्ष અંશમાં અને वृक्षમાં સ્વરૂપતત્ત્વો સમાન છે; અને જેમ सदृक्षનું રૂપાન્તર થવામાં પ્રથમ द्નો લોપ થતો માન્યા વિના છૂટકો નથી તેમ वृक्षની વિક્રિયામાં પણ એવી જ ઘટના હું જોઉંછું–અર્થાત્ પ્રથમ व् લુપ્ત થાય અને પછી ऋનો रु બને. મ્હારો મત આ પ્રકારનો હોઇને હું ડૉ. ગુણેએ સ્વીકારેલા ક્રમદર્શન જોડે સંમત થઈ સકતો નથી. હેમને મતે वृक्षમાં व् અને ऋનો વ્યત્યય થઇને वनुं સંપ્રસારણ થાયછે (હેમનો Introduction to Comparative Philology એ ગ્રન્થ, પૃ. ૨૬, કણ્ડિકા ૨ જુવો).

પૃ. ૪૪૨, ઉત્સર્ગ ૧૩, ઉદાહરણોમાં ઉમેરોઃ—

प्रावरणकं–पावरणउं–पाउरणउं–उपरणुं.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૃ. ૪૪૪, स्वरव्यत्ययनां ઉદાહરણોમાં ઉમેરો:—

जानवर (ફા.); जनावर (ગુજ.); કેટલાક લોકો એમ લખેછે અને બોલેછે; ઉદાહરણ:—

"जान जनावरनी मळी, मेघाडंबर गाजे".

(નવલરામકૃત बालगरबावलि).

---

# પરિશિષ્ટ

(વધારાનું)

પૃ. ૬૩, आरिया-आमेसः

પ્રોફેસર સોઆરીસે B. B. R. A. Society સમક્ષ તા. ૨૭ મી ઑક્ટોબર ૧૯૨૧ ને દિને "હિન્દની ભાષાઓ ઉપર પોર્ટુગીઝ ભાષાની અસર" એ વિષયનું પોતાનું લેખવાચન સમાપ્ત કર્યા પછી મ્હારા પ્રશ્નના ઉત્તરમાં, કહ્યું કે आरिया પોર્ટુગીઝમાંથી આવેલછે, પણ आमेस નહિ. મ્હેં પૂછ્યું: "અરબીમાંથી હોય?"; અને અન્ય સભાસદે કહ્યું "અરબીમાંથી હોઇ સકે." હું ધારૂંછું અરબી हबस (= એણે ખેંચી રાખ્યું; સ્ટાઇનગાસ કૃત અરબી-અંગ્રેજી કોષ) એ શબ્દ નિકટવર્તી છે.

પૃ. ૯૬, ૩. भेदनिष्पत्ति.

જાણવા જેવી બાબત છે કે करियइ અને करिज्जइ એ રૂપો ગુજરાતી ભાષાને બીજા બે ક્રિયાભેદ સમર્પેછે: करियइ માંથી करिये એ સૂચનાર્થક, ઉપદેશાર્થક, રૂપ પ્રાપ્ત થાયછે, જેમ કે आम करिये, समझ्या? આ રૂપની ઉત્પત્તિ અનિશ્ચિતાર્થ વર્તમાનકાળના પ્રથમ પુરુષ બહુવચન રૂપ(करिये)માંથી સંભવેછે, અને करिज्जइ માંથી करजे એ ભાવિઆજ્ઞાર્થ દ્વિતીયપુરુષ એકવચનનું રૂપ આવેછે; तुं आम करजे; જ્યહારે करिज्जउ( ત્રીજો પુરુષ એકવચન)માંથી એ જ કાળ-ભેદ-દર્શક બહુ વચનનું રૂપ નીપજેછે:—करजो (त्हमे आम करजो).

પૃ. ૧૨૯ નોટ ૧૪ પંક્તિ ૩ ઉમેરો:—

अनाखुंનો પ્રયોગ શ્રી. ન્હાનાલાલ દ. કવિયે પોતાના 'राजराजेन्द्रने' એ કાવ્યમાં ૩-૪ એ સ્થળે કર્યોછે:—

अनोखी वस्तुनुं एक राख्युं संग्रहस्थान आ,

પૃ. ૨૪૯, ઉત્તરાર્ધ

अच्छेज्ज वा चिट्टेज्ज वा ઇત્યાદિ સંપૂર્ણ અવતરણ વેબરપ્રકટિત *Fragments from Bhagavati*, i. 411 માં મ્હને મળ્યું નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૃ. ૨૫૨, પંક્તિ ૧

"$\sqrt{}$achha gam ( ? ) 757" ( $\sqrt{}$अच्छ, गम् ( ? ) ૭૫૭ )

ટિપ્પણ:—વેબરે પ્રકટ કરેલ *Fragments from Bhagavati*, પૃ. ૪૧૧ માં अच्छेज्ज ( गच्छेत् ) છે. હાલની અનુક્રમણીમાં પોતે સ્વીકારેલી અનુમાનદશા તજીને અહિં હેમણે નિશ્ચયાત્મક કથન કર્યુંછે; જો કે એ કથનની યથાર્થતા વિશે મ્હને શંકા છે.

પૃ. ૨૫૦, નોટ ૧૦૧; ઉમેરો:—

ખરૂં, સિ. હે. ૮–૪–૩૬૭ માં બીજું ઉદાહરણ પણ છે ( कज्जें कवणेन= केन कार्येण ) જેમાં कवणनुं સામાનાધિકરણ્ય નપુંસકલિંગ નામ (कज्ज) જોડે છે. પણ મ્હારો મત હેવો છે કે कवण વાસ્તવિક રીતે પુંલ્લિંગ હતો (પાછળથી સ્ત્રીલિંગ બન્યો, અને રૂઢિની શિથિલતાને પરિણામે ક્રમશઃ પ્રયોગક્ષેત્ર વિસ્તીર્ણ થતાં નપુંસકલિંગ બન્યો. પ્રથમ સ્ત્રીલિંગમાં પ્રયોગ થયો અને પછી નપુંસકલિંગમાં પ્રયોગ–વિસ્તાર થયો.

પૃ. ૩૩૩–અન્તે.

ટિપ્પણ:–આ ઉચ્ચારવિક્રિયાનો ડૉ. પીલે નિર્દેશ કર્યો છે પણ હેનો ઉત્પત્તિપ્રકાર લગાર જૂદો સૂચવેછે. ( જુઓ હેમનું પુસ્તક, *Philology*, Literature Primer, Macmillan & Co., પ્રકરણ ૧, પૃ. ૩૫,૩૬.)

ત્હાં આપેલાં ઉદાહરણોમાં નીચેનાં પણ છે:—

*Humble* (અં.), *humilis*( લૅટિ)માંથી;
*chamber* ( અં.), *camera*( લૅ.)માંથી;
*thunder* ( અં.), *thunor*માંથી.

હેમણે નીચે પ્રમાણે આ વિક્રિયા સમઝાવીછે:—

"નાસિકાદ્વારા પસાર થતો શ્વાસ બધો બ્હાર નીકળી ચૂકયા પછી શ્વાસનો કાંઈક અવશેષ મ્હોંમાં રહેવા દેવો; જીભ ખસેડી લેતાં, શ્વાસ બ્હાર નીકળે એટલે, અનિચ્છાએ ड ઉચ્ચાર થશે."

"म ઉચ્ચાર કર્યા પછી મ્હોં ઉઘડેછે ત્હારે, ल ઉચ્ચારની પૂર્વે, ब ઘુશી જાય છે; કારણ કે જેમ न અને ड ઉચ્ચારોનું સ્થાન એક છે એ આપણે જોયું તેમ જ ब અને मનું ઉચ્ચારસ્થાન એક જ છે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## સૂચિ क

### લેખકો, પ્રમાણભૂત ગ્રન્થકારો, વગેરેની વર્ણાનુક્રમે સૂચિ

(નામ સ્હામે પૃષ્ઠાંક મૂકેલછે.)


આપ્ટે ૩૨, ૩૦૩, ૪૧૮, ૪૫૪
આર્નોલ્ડ, વર્નોન, ૬ નોટ ૨
ઇલિયટ ૨૭, ૩૬ નોટ ૨૦
ઉમરીગર ૩૯૮ નોટ ૧૫૫
એકનાથ ૨૦
ઍન્ડર્સન ૧૭૧, ૨૧૧, ૨૬૬
અંકલેસરિયા એ. તે. ૧૫, ૩૦૭
અંબાલાલ જાની ૧૦૫, ૪૨૫
ઈશ્વર કૌલ ૩૬૦
કરકરિયા આર. વી. ૫૮ નોટ ૩૯
કવિ દલપતરામ ૨૨૫
કવિ ન્હાનાલાલ ૧૨૯ નોટ ૨૪, ૨૭૦
કાત્યાયન ૨૬૦, ૪૬૨
કેશવ હર્ષદરામ ૩૦૦, ૪૨૫
કે. હ. ધ્રુવ, જુવો ધ્રુવ
કૉનોવ્, પ્રો. સ્ટેન ૩૪૭ આદિ
કૉવેલ ૨૬૦, ૨૬૪, ૩૫૪
ક્રમદીશ્વર ૨૫૨, ૨૫૯, ૨૬૦, ૨૬૨
ગણપતિ ૩૦૧
ગિબ્બન ૩૫૧
ગુણે, ડૉ. ૨૭૫, ૨૯૫ નોટ ૧૮
ગ્રીઅર્સન ૩૨, ૪૬ નોટ ૩૫, ૧૬૦, ૨૦૮, ૨૦૯, ૨૮૦, ૩૪૯, ૩૫૩, ૩૯૩
ચાઇલ્ડર્સ ૨૫૯, ૩૪૯
ચણ્ડ ૩૯૦ નોટ ૧૪૬
ચરક ૬૭
જૅક ૯૮
જૅક્સન, એ. એમ. ટી., ૨૮, ૩૦, ૩૩
જૅકોબી ૨૭૬
જૉપ્પેન ૬૨
જૉહ્નસન ૧૩
ઝવેરી કૃ. મો. ૧૭, ૧૮, ૫૭ નોટ ૪૭, ૨૨ નોટ ૭૫
ઝિમ્મર ૨૪ નોટ ૨
ઝિમ્મરમન, ફાધર, ૨૬૧, ૩૦૩
ટર્નર, ૩૨૮, ૩૨૯, ૩૮૦
ટાગોર રવીન્દ્રનાથ ૧૭૧, ૨૧૧, ૨૬૬
ટેસિટોરી, ડૉ. ૩૮, ૩૯, ૧૦૪, ૧૨૪, ૧૨૫, ૧૬૦, ૧૭૨ થી ૧૭૯, ૧૮૦ નોટ ૪૫, ૧૮૨, ૧૮૩, ૧૮૬, ૨૦૮, ૨૦૯, ૨૧૭, ૨૪૮, ૨૭૬ થી ૨૮૧, ૩૧૬ નોટ ૫૧, ૩૬૮ નોટ ૧૨૯, ૩૭૦ નોટ ૧૩૪, ૩૭૧, ૩૭૫ નોટ ૧૩૯, ૩૭૭, ૩૭૮, ૩૮૩, ૩૯૧, ૪૨૧, ૪૩૧, ૪૩૫.
ડફ, મૅબેલ ૬૨, ૬૮ (નોટ ૪)
ડાલગાડો, એસ રોડાલ્ફો, ૫૮.
ડિક્વિન્સી ૩૯૮
ડૅવિડ્ઝ. રિહ્ઝ, ૬૮ નોટ ૪, ૨૬૦
તાકખાવ ની. સ. ૧૩
ત્રિપાઠી ત. મ. ૫૩ નોટ ૪૦
ત્રિવેદી ક. પ્રા. ૨૧૨
દયારામ ૧૭, ૧૮, ૧૯
દલાલ ચી. ડા. ૧૨૪
દેસાઈ, માધવલાલ હ. ૨૧૨

ધીરા ૨૮૩
ધ્રુવ કેશવ હ. ૬ નોટ ૩, ૮૨, ૮૩ નોટ ૨૯, ૧૪૮, ૧૪૯, ૧૫૬–૧૬૦, ૨૧૨, ૨૧૩, ૨૬૪, ૩૭૧, ૩૭૮, ૪૧૧, ૪૨૩, ૪૨૫.
નર્મદાશંકર ૧૭, ૧૦૪, ૧૫૬, ૨૬૩, ૨૯૮
નરસિંહ મ્હેતા, ૩૮૨, ૪૬૬
નરસિંહરાવ ભોળાનાથ ૪૦૬
નવલરામ લક્ષ્મીરામ ૮૨ નોટ ૨૮, ૧૦૧, ૧૦૩, ૧૫૬, ૩૧૩, ૩૩૧, ૪૩૦, ૪૩૪
નાગોજી ભટ્ટ ૨૩૫
નારાયણ હેમચન્દ્ર ૫૯
પંડિત પ્રભાકર રામચન્દ્ર ૧૦૫
પદ્મનાભ ૩૩, ૩૫ નોટ ૧૯
પાધ્યે દા. ગો. ૨૦ નોટ ૨૮
પાણિનિ ૨૪, ૨૫, ૬૫, ૮૫, ૯૮ નોટ ૪૬, ૧૧૦, ૧૧૩, ૧૮૨ ૨૩૫ નોટ ૯૦, ૨૪૯, ૨૬૪ નોટ ૧૧૧, ૩૦૧, ૩૯૨, ૪૨૨, ૪૨૪ નોટ ૨
પિશેલ ૨૪૮, ૨૫૯, ૨૬૧
પ્રેમાનન્દ ૩૨૫
ફ્લીટ ૬૮
ફર્ડ ૪૩
બાણ ૬૭
બીમ્સ ૬૯ નોટ ૫, ૭૪ નોટ ૧૭, ૮૧ નોટ ૨૫, ૮૩ નોટ ૩૦, ૮૭, ૮૮, ૮૯ નોટ ૩૮, ૯૩ નોટ ૪૨–૪૪, ૯૯, ૧૧૧, ૧૬૨, ૧૬૩, ૧૭૦, ૧૭૧, ૧૭૨, ૧૮૬, ૧૮૭ નોટ ૪૭, ૨૦૮, ૨૩૧
બેગ, મીરઝા કલીચ, ૩૯૩, ૩૯૪
બેલ્વલકર ડૉ. ૨૫૯, ૨૬૦
બોપદેવ ૮૫
બોથલિંક, ૩૨૩ નોટ ૨૪
બ્યૂલર ૩૧
બ્રહ્મગુપ્ત ૨૯
બ્રુક્ક ૩૫૨
બ્રુગમૅન ૨૭૫, ૪૬૩
બ્લૂમફીલ્ડ ૩૨૫ નોટ ૮૪
ભટ્ટોજી દીક્ષિત ૨૫ નોટ ૪
ભરૂચા એ. શાહે. ૧૫
ભાંડારકર દેવદત્ત રામકૃષ્ણ. ૨૭, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૪૧
ભાંડારકર ડૉ. સર રામકૃષ્ણ. ૧, ૧૨, ૮૬, ૮૭, ૧૦૪, ૧૬૩, ૧૬૫, ૧૬૬, ૧૬૭, ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૨૦૫, ૨૦૬, ૨૧૪, ૨૧૮, ૨૨૨ નોટ ૭૬, ૨૩૧ નોટ ૮૭, ૨૩૨, ૨૩૯ નોટ ૯૬, ૨૪૫, ૨૪૭, ૨૪૮, ૨૮૧, ૨૮૨, ૩૦૫, ૩૧૨ નોટ ૩૫, ૩૪૦, ૩૪૧, ૩૬૩, ૩૬૭, ૩૭૧ નોટ ૧૩૪, ૩૭૩, ૩૮૪, ૩૯૩, ૩૯૫, ૩૯૮, નોટ ૧૫૬
ભામહ ૨૫૪, ૩૫૪
ભાલણ ૨૩૩
ભીમકવિ ૩૦૦, ૩૦૧, ૩૧૨, ૩૨૨, ૪૦૯
ભીમરાવ ભોળાનાથ ૨૩૮
મટ્શૅમન ૯૮
મહાજની વ. મ. ૨૦ નોટ ૧૮
મરે ૩૪ નોટ ૧૮
માર્કંડેય ૬૩, ૨૬૦, ૨૬૧, ૨૬૬, ૨૭૫, ૩૫૫, ૩૫૬, ૩૬૦, ૩૬૪ નોટ ૧૨૪
મુકુન્દદેવ ૨૬૧



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુરારિ ૫૫
મૅક્ડૉનેલ ૨૭૨, ૩૦૨ નોટ ૨૩, ૩૦૪ નોટ ૨૬
મૅક્સમૂલર ૫, ૨૬૦ નોટ ૧૦૭, ૨૮૨, ૩૦૨ નોટ ૨૩, ૩૦૫ નોટ ૨૮, ૩૫૨
મેરુસુન્દર ૧૬
મોદી જગજીવન દયાળદાસ ૩૪૮
મોરોપંત ૨૦
યારક ૨૫૭, ૩૦૨ નોટ ૨૩
રણછોડ ૧૯
રાઇસ, લ્યૂઇસ, ૧૬૮ નોટ ૪૧
રાજશેખર ૭૭ નોટ ૨૧
રાધાકાન્તદેવ બહાદુર ૭૨ નોટ ૧૦
રાય, ગણપતિ, ૬૭, ૬૮, ૬૯
રાવળ છગનલાલ વિ. ૫૬, ૪૦૬, ૪૨૫ નોટ ૪
રેવાશંકર ૧૬ નોટ ૧૪
રૉથ ૩૦૩ નોટ ૨૪
લડ્વિગ ૨૪ નોટ ૨
લૅસન ૨૫૨, ૨૫૩, ૩૫૪
વરરુચિ ૯૭, ૧૧૬, ૨૫૩, ૨૬૦, ૨૬૨, ૩૫૪, ૩૫૬, ૪૦૦
વલ્લભભટ્ટ ૫૫
વલ્લભજી હરિદત્ત આચાર્ય ૪૪૦
વલ્લભદાસ ૧૯
વસન્તરાજ ૨૬૧
વાગ્ભટ ૬૭
વિલિયમ્સ મો., ૨૭૩, ૩૦૩
વિષ્ણુદાસ ૪૨૫
વીરવિજય ૮૪ નોટ ૩૧
વેબર ૨૪ નોટ ૨, ૨૫૧, ૨૫૪, ૨૫૫, ૨૬૦
વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રી ૩૨, ૮૩, ૮૫, ૯૧, ૧૦૨, ૧૫૫, ૧૮૯ નોટ ૪૮, ૨૩૫, ૨૩૫ નોટ ૯૦, ૨૬૪ નોટ ૧૧૧, ૩૮૭ નોટ ૧૪૫
વ્હિટ્ની ૨૭૨
શામળ ૫૪ નોટ ૪૩, ૪૨૬
શ્રીધર ૨૦
સલ્દાહ્ન જે. એન. ૩૭૪ નોટ ૧૩૯
સહજાનંદ સ્વામી ૧૮, ૪૨૫
સુશ્રુત ૬૭
સોમેશ્વર ૪૦
સ્ટીવન્સ, ફાધર, ટી., ૩૭૪ નોટ ૧૩૯
સ્મિથ, વિન્સેંટ એ., ૪૦, ૪૧, ૫૪ નોટ ૪૧, ૬૭–૬૮ નોટ ૪
હ. હ. ધ્રુવ ૨
હેમચન્દ્ર ૩૧, ૫૪, ૮૪ નોટ ૩૧, ૮૫, ૧૦૧ નોટ ૫૦ ૩૮૬, ૪૧૪
ગ્રન્થોલ્લેખ સૂચિમાં સિદ્ધ હેમચન્દ્ર જુવો
હૉગ ૩૪૯
હ્યૉર્નલ, ડૉ. ૧૯૨, ૧૯૮, ૨૦૮, ૨૧૦, ૨૩૫ નોટ ૯૦, ૨૩૮ નોટ ૯૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## સૂચિ ख

### ગ્રન્થઉલ્લેખ

( નામ સ્હામે પૃષ્ઠાંક છે )

અખેગીતા ૪૦૯
અપભ્રંશશબ્દચન્દ્રિકા ૮૦
અપભ્રષ્ટશબ્દપ્રકાશ ૧૦૧ નોટ ૫૦, ૧૦૫
અભિધાનચિન્તામણિ ૮૪ નોટ ૩૧, ૩૮૮ નોટ, ૪૩૦
અમરકોશ ૫૬, ૬૯, ૪૧૩
અર્દાગ્વિરા કે અર્દાવિરાફ ૧૪
અવચૂરી, દશવૈકાલિક સૂત્ર પરની, ૧૨૫
આદિનાથ ચરિત્ર ૩૮૩
આદિ પર્વ (હરિદાસ) ૩૭૭
ઇંડિયન ઍન્ટિકવરી ૩૧, ૩૩, ૩૭, ૩૮, ૩૯, ૬૭, ૧૦૪, ૧૨૪ નોટ ૧૦, ૧૪૬, ૧૬૦, ૧૭૩, ૧૭૭ નોટ ૪૩, ૧૮૬, ૨૨૩, ૨૩૮ નોટ ૯૪, ૨૭૬, ૨૭૭, ૨૭૯, ૨૮૦, ૩૯૧
ઇન્દુકુમાર (ન્હાનાલાલ) ૨૭૦
ઇશ્વરવિવાહ (મુરારિ) ૫૫, ૨૪૫, ૩૮૨
ઉત્તર રામચરિત ૨૫૦, ૨૫૧
ઉત્સર્ગમાલા (વ્રજલાલ શાસ્ત્રી) ૮૨ નોટ ૨૮, ૧૦૧, ૧૦૨ નોટ ૨૧, ૧૮૯ નોટ ૪૮, ૨૩૪ નોટ ૯૦, ૨૬૪ નોટ ૧૧૧, ૩૧૩ નોટ ૪૦ ૩૮૭ નોટ ૧૪૫
ઉષા (ન્હાનાલાલ) ૨૭૦
ઉષાહરણ (જનાર્દન) ૧૨૬, ૧૭૭ નોટ ૪૩
ઋક્પ્રાતિશાખ્ય ૧૧૭, ૨૭૧, ૨૭૨, ૨૭૪, ૨૮૨, ૨૮૫, ૩૬૪ નોટ ૧૨૪, ૩૬૫ નોટ ૧૨૭, ૩૬૭ નોટ ૧૨૮, ૪૨૯
ઓખાહરણ (નાકર) ૪૨૬
ઐાક્તિક, નામવિનાનું ૪૫૩
ઐાદ્યોગિક સંમેલનનો અહેવાલ—લાલા બ્રિજનાથનો નિબંધ ૩૭૨ નોટ ૧૩૫
કમ્પૅરેટિવગ્રામર, (બીમ્સ) "તુલનાત્મક વ્યાકરણ" જુવો.
કમ્પૅરેટિવ ગ્રામર (હ્રુગ્મન) ૪૬૨, ૪૬૩
કર્ણાટક ભાષાભૂષણ ૧૬૮ નોટ ૪૧
કર્પૂરમંજરી ચોપાઇ (મતિસાર) ૭૭ નોટ ૨૧, ૧૨૫, ૨૩૩,
કલાપીનો વિરહ ૧૨૯ નોટ ૧૪
કાઠીય પ્રાતિશાખ્ય ૩૬૪ નોટ ૧૨૪, ૩૬૭, ૩૬૯
કાદમ્બરી (બાણ) ૬૭
કાદમ્બરી (ભાલણ) ૮૩ નોટ ૨૯, ૧૩૬, ૧૭૭, ૧૭૭ નોટ ૪૩, ૨૩૩, ૨૬૪, ૨૮૪, ૨૯૧, ૩૩૭, ૩૪૮ નોટ ૧૧૧, ૩૭૧ નોટ, ૩૭૬, ૩૭૮, ૩૮૦, ૩૮૨, ૪૧૮, ૪૬૧
કાન્હડદે પ્રબન્ધ (પદ્મનાભ) ૩૨, ૩૬ નોટ ૧૯, ૭૪, ૧૨૪, ૧૨૫, ૨૪૦, ૩૧૧, ૩૭૬
કાવ્યદોહન ૨૩૭ નોટ. "બૃહત્કાવ્યદોહન જુવો.
કાવ્યાદર્શ (દંડી) ૨૦૩ નોટ ૫૭
કાશ્મીરી ભાષાની લઘુપોથી }
કાશ્મીરી ભાષાનો લઘુગ્રંથ } (ગ્રીઅર્સન) ૨૫૬, નોટ ૧૦૫, ૩૪૯, ૩૪૯ નોટ ૧૧૩
કીર્તિકૌમુદી ૪૦

કુમારપાલચરિત ૧૩૦ નોટ, ૧૪૨ નોટ ૨૨, ૨૩૯, ૨૪૬, ૨૬૦, ૨૬૧, ૨૮૩, ૩૨૫, ૩૬૪ નોટ ૨૨૩
કુલાર્ણવતન્ત્ર ૬૯
કુસુમમાલા ૨૨૭, ૪૦૬, ૪૪૪
કેટલાંક કાવ્યો (ન્હાનાલાલ) ૨૭૦
કેટલાક ફારસી શબ્દો (કૃ. મો. ઝવેરી) ૨૨૨ નોટ ૭૫
ક્રિશ્ચન પુરાણ ૩૭૪ નોટ ૧૩૯
ગરબીસંગ્રહ–દયારામકૃત-૨૪૪, ૨૪૫, ૨૬૪
ગીતગોવિંદ ૮૨ નોટ ૨૯
ગુજરાત શાળાપત્ર ૧૨૪ નોટ ૧૦, ૨૧૨, ૨૨૮, ૪૦૬, ૪૨૭
ગુજરાતી (સાપ્તાહિક પત્ર) ૨૨૮, ૪૦૬
ગુજરાતી ભાષાના કેટલાક શબ્દોની જોડણી, ૪૨૫ નોટ ૪
ગુજરાતી ભાષાની ઉત્પત્તિ, ૨૯
ગુજરાતી ભાષાનો ઇતિહાસ ૩૨, ૯૧, ૧૦૧, ૩૦૦ નોટ ૩૧
ગુજરાતી શબ્દમૂલદર્શક કોશ ૧૦૨
ગુજરાતી સાહિત્યપરિષદ્,
પ્હેલી, અહેવાલ, ૨૧૨ નોટ ૬૬
ત્રીજી, ,, ૩૬૯
ચોથી, ,, ૪૨૫
"ગુર્જરો" (દેવદત્ત ભાંડારકરનો નિબન્ધ) ૩૦, ૩૧
ગૅઝેટીઅર, મુંબઈ, ૨૫, ૨૯, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૩૬
ગૌડ ભાષાઓ વિશે નિબન્ધો (હ્યુર્નલ) ૧૯૯, ૨૧૦ નોટ ૬૩, ૨૧૧ નોટ ૬૫
ગૌડ વ્યાકરણ (હ્યુર્નલ) ૩૫૩
ગૌતમરાસ ૧૨૪ નોટ ૧૦, નોટ ૧૧; ૧૭૭ નોટ ૪૩
ગ્રીસ રોમનોના સમયનું (ફ્લિન્લે), ૮
ચન્દ્રહાસાખ્યાન (વિષ્ણુદાસ) ૪૨૫
ચાતુરી છત્રીશી (નરસિંહ) ૩૮૨, ૪૬૦
ચિત્રદર્શન (હ. હ. ધ્રુવ), ૩૩૮
છન્દોનુશાસન (હેમચન્દ્ર) ૨૯૩, ૪૦૭
જગતમિતર ૧૬
જયા અને જયન્ત ૨૭૦
જશવન્ત સોનીગરો વિશેનું કાવ્ય ૧૨૫
જાતકપંચક ૨૫૯
જૂની ગુજરાતી ભાષા ૧૦૫
જોડણી વિશેનો નિબંધ (નરસિંહરાવ) ૪૫૭
જ્ઞાનેશ્વરી ૨૦
તુલનાત્મક વ્યાકરણ (બીમ્સ) ૬૯, ૭૩ નોટ ૧૬, ૮૭, ૯૩, ૧૧૧, ૧૧૮, ૧૩૧, ૧૬૧, ૧૭૦, ૧૭૨, ૧૮૬, ૧૮૭ નોટ ૪૭ ૨૩૬, ૨૩૭, ૨૫૩, ૨૬૬, ૨૭૮, ૩૪૦, ૩૬૮ નોટ ૧૩૦, ૩૯૨, ૩૯૫, ૪૪૯, ૪૫૦, ૪૬૩
ત્યાગ (નગેન્દ્રનાથ સરકારરચિત કથા, બંગાળી માસિક "પ્રવાસી") ૨૦
દયારામકૃતકાવ્યમણિમાળા ૨૮૩
દયારામકૃતગરબીસંગ્રહ ૨૪૪, ૨૪૫, ૨૬૪
દશકુમારચરિત ૪૫૪
દશમસ્કંધ (કેશવ હરિરામ) ૩૦૦, ૪૨૫
દસ્તુર હોશંગ સ્મારક ગ્રન્થ ૩૯૮ નોટ ૧૫૫, ૩૯૯ નોટ ૧૫૫
દાણચાતુરી (દયારામ) ૪૧૪
દાણલીલા (નરસિંહ) ૩૮૪
દુઃખી સંસાર ૧૨૯ નોટ ૧૪

દેશી નામમાલા ૫૪, ૬૨, ૧૫૮ નોટ ૩૧ અને ૩૨, ૨૩૦, ૨૮૯, ૩૧૩, ૩૧૪, ૩૧૬ નોટ ૫૦, ૩૨૦ નોટ ૬૯ અને ૭૦, ૩૨૧ નોટ ૭૨, ૩૨૪ નોટ ૮૩, ૩૨૫ નોટ ૮૪, ૩૩૧, ૩૮૦, ૩૯૬ નોટ ૧૫૧, ૪૧૩ નોટ ૧૮૩
દોધકવૃત્તિ ૨૬૩ નોટ ૧૧૦
ધમ્મિલકુમારનો રાસ ૮૪ નોટ ૩૧
ધાતુપાઠ ૮૫, ૩૧૪
ધાતુસંગ્રહ ૮૫
ધ્રુવચરિત્ર ૪૨૬
નંદબત્રીશી (સામળ) ૫૪ નોટ ૪૩, ૩૪૫ નોટ ૧૦૭
નરસિંહ મ્હેતાનાં કાવ્યો (ગુજરાતી પ્રેસ) ૩૮૪, ૩૮૫
નર્મકોશ ૧૬, ૧૭, ૫૪, ૧૦૪, ૧૫૬ નોટ ૨૯, ૨૧૩ નોટ ૬૯, ૩૬૮ નોટ ૧૨૯
નર્મવ્યાકરણ ૧૦૪
નવલગ્રન્થાવલિ ૧૫૬ નોટ ૨૯, ૨૧૩ નોટ ૬૮, ૩૧૧, ૩૭૩ નોટ ૧૩૬, ૪૨૭
નળાખ્યાન ૧૩૯ નોટ ૨૦, ૨૩૭ નોટ ૩૨૫, ૩૩૬, ૩૪૩, ૩૭૬, ૪૧૮, ૪૩૦
નામ વિનાનું ઔક્તિક ૪૫૩
નિરુક્ત (યાસ્ક) ૬ નોટ, ૨૫૭, ૩૦૨ નોટ ૨૩, ૩૦૩ નોટ ૨૪
નેમિનાથ ફાગ (ધનદેવ ગણિ) ૧૫૦
પંચાખ્યાન, ૧૨૪ નોટ ૧૦, ૧૪૬, ૩૭૭
પદ્માવતીની વાર્તા (સામળ) ૩૧૫ નોટ ૪૭, ૩૮૪
પદ્યરચનાના પ્રકાર (કે. હ. ધ્રુવ) ૬ નોટ ૩
પાટણના હસ્તલેખો (ચિ. ડા. દલાલ) ૧૨૪, ૨૩૩ નોટ ૮૯
પાલી શબ્દકોષ (ચાઇલ્ડર્સ) ૨૫૯, ૩૪૯
પીપલ ઓફ ઇન્ડિયા (રિસલી) ૩૭ નોટ ૨૨, ૪૧, ૪૨, ("ભરતખંડના લોક" જુવો)
પુષ્પમાલપ્રકરણ (મેરુસુંદર) ૧૬
પૃથુરાજ રાસા (ભીમરાવ ભોળાનાથ) ૨૩૮ નોટ ૯૮
પ્રતિજ્ઞાસૂત્ર ૪૬૨
પ્રબોધપ્રકાશ (ભીમકવિ) ૩૦૦ નોટ ૨૧, ૩૭૭
પ્રવાસી માસિક-એમાંની કથા 'ત્યાગ'૨૦
પ્રાકૃત પિંગળ ૨૬૦, ૨૬૫, ૨૬૬
પ્રાકૃતપ્રકાશ (વરરુચિ) ૯૭, ૧૦૫, ૧૨૭, ૨૦૦, ૨૫૪, ૨૬૦, ૨૬૨, ૨૬૪ નોટ ૧૧૧, ૨૭૪, ૪૦૦, ૪૨૦, ૪૩૬
પ્રાકૃતલક્ષણ (ચણ્ડ) ૧૧૪, ૨૭૭, ૨૮૧, ૪૦૭ નોટ ૧૭૬
પ્રાકૃતવ્યાકરણ (હેમચન્દ્ર) ૨૬૧, ૩૮૩, ૩૮૯
પ્રાકૃતસર્વસ્વ (માર્કંડેય) ૨૨, ૬૩, ૨૬૦, ૨૬૬, ૨૭૫, ૩૫૫, ૪૨૧
પ્રાકૃતસંજીવની (વસન્તરાજ) ૨૬૧
પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાની વિશે નોંધ (ટેસીટોરી) અંગ્રેજી સૂચિમાં "Notes" જુવો
પ્રાચીન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ (મૅકસમૂલર) ૨૬૦ નોટ ૧૦૭

પ્રાતિશાખ્ય, ઋક્, ૬ નોટ, ૧૧૭, ૨૭૧, ૨૭૨, ૨૭૪, ૨૮૨, ૨૮૫, ૩૬૪ નોટ ૧૨૪, ૩૬૫ નોટ ૧૨૭, ૩૬૭ નોટ ૧૨૮, ૪૨૯
પ્રાતિશાખ્ય, કાટીય, ૩૬૪ નોટ ૧૨૪, ૩૬૭, ૩૬૯
પ્રાતિશાખ્ય, શુક્લયજુ:, ૩૬૪ નોટ ૧૨૪
પ્રેમાનન્દની પ્રસાદી ૨૪૫
ફારસી–અંગ્રેજી ડિક્નરી (જૉહ્ન્સન) ૧૩
ફ્લોરેન્ટાઇન હસ્તલેખો ૧૨૪ નોટ ૧૧, ૩૭૭, ૩૭૮
ફેરિસ્તાહ ૩૭૩ નોટ ૧૩૮
બંગાળી વ્યાકરણ વિશે નોંધ (રવીન્દ્રનાથ ટાગોર) ૧૭૧, ૨૧૧, ૨૬૬
બાલગરબાવલી (નવલરામ) ૨૨૬ નોટ ૮૧, ૩૩૧, ૪૩૦
બુદ્ધિપ્રકાશ ૭૬ નોટ ૧૯, ૪૨૭
બૃહત્ કાવ્યદોહન ૫૫ નોટ ૪૫, ૭૫, ૨૩૭ નોટ, ૩૦૦ નોટ ૨૧, ૩૮૨, ૪૧૮
ભરતખંડનો ઇતિહાસ (ઇલિયટ) ૨૭, ૩૬
ભરતખંડના લોક ૪૧, ૪૨
"પીપલ ઑફ ઇન્ડિયા" જુવો
ભરતખંડનો પ્રાચીન ઇતિહાસ ૪૧ નોટ ૩૦
Early History of India જુવો.
ભાગવત, ગદ્ય, ૪૨૫
ભાગવતી ૨૪૯
ભાષાશાસ્ત્ર (મૅક્સમૂલર) ૩૪૯ નોટ ૧૧૪
Science of Language જુવો.
ભારતવર્ષના સાહિત્યનો ઇતિહાસ (વેબર) ૨૬૦ નોટ ૧૦૭
ભારતવર્ષની ભાષાવિષયક સમીક્ષા, ૨૫૭, ૨૫૮
Linguistic Survey of India જુવો.
ભાવપ્રકાશ ૭૧ નોટ ૯, ૭૨ નોટ ૧૨
ભ્રમરગીતા (બ્રહ્મદેવ) ૩૮૪
મનુસ્મૃતિ ૮૬
મરાઠી ભાષાચા ઇતિહાસ, ૩૬૨ નોટ ૧૧૯
મરુઠ પ્રદેશની ભીલભાષા ૩૬૯
મહાભાષ્ય ૨૫ નોટ ૪, ૨૮૪
માઇલસ્ટોન્સ ઇન ગુજરાતી લિટરેચર (કૃ. મો. ઝવેરી) ૧૭
માધવાનલકથા ૧૭૭ નોટ ૪૩
માધવાનલ (કામકલા) દોધક-પ્રબન્ધ ૯૩ નોટ ૪૨, ૧૦૭, ૩૦૧, ૩૪૮ નોટ ૧૧૧
મિરાતે અહમદી ૪૩
મુગ્ધાવબોધ ઔક્તિક ૧૪૬ નોટ ૨૫, ૨૬૫, ૩૭૬, ૪૦૫
મુંબઇ ગૅઝેટીઅર–"ગૅઝેટીઅર" જુવો
મેદિની કોશ ૧૦૧ નોટ ૫૦
રસિકવલ્લભ (દયારામ) ૨૭૧ નોટ ૧૧૩, ૪૦૯
રાજનિર્ઘણ્ટ ૭૧ નોટ ૯
રામાયણ (માંડણ) ૪૧૯
રામાયણ (વાલ્મીકિ) ૪૦૬
રાસસહસ્રપદી (નરસિંહ) ૪૬૧
રુકમાંગદ કથા (માંડણ) ૨૮૯
રૉયલ એશિયાટિક સોસાયટીનું જર્નલ ૩૨૮, ૩૪૨ ઉપરાંત જુવો "Journal of the R. S. Society," અંગ્રેજી સૂચિ
રૉયલ એશિયાટિક સોસાયટી, બંગાલનું જર્નલ, જુવો અંગ્રેજી સૂચિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૉયલ એશિયાટિક સોસાયટી, મુંબઈ શાખાનું જર્નલ જુવો અંગ્રેજી સૂચિ
વચનામૃત ૧૮, ૪૨૫
વસંત ૩૯ નોટ ૨૬, ૩૭૬ નોટ.
વસંતવિલાસ–૧૨૬ નોટ ૧૩, ૨૮૯ નોટ ૯, ૩૨૫, ૩૨૬, ૩૩૭ નોટ ૯૭, ૩૭૬
વાગ્વ્યાપાર (કે. હ. ધ્રુવ) ૭૨ નોટ ૬૩, ૧૪૮ નોટ ૨૭, ૧૫૬, ૧૫૭, ૨૧૨ ૨૯૮, ૩૩૬ નોટ ૯૬, ૪૧૦, ૪૧૧, ૪૨૬
વાચનમાળા, હોપકૃત, ૪૨૬
વિદ્યાવિલાસચરિત્ર (ન્યાયસુન્દર) ૩૪૮ નોટ ૧૧૧
વિદ્યાવિલાસચરિત્ર (હીરાનન્દ સૂરિ) ૩૪૮ નોટ ૧૧૧
વિમલપ્રબન્ધ ૧૨૪ નોટ ૧૦, ૧૨૫, ૧૪૪ નોટ ૨૩, ૧૭૭ નોટ ૪૩, ૨૮૪, ૨૯૦ નોટ ૧૪, ૩૩૧, ૩૪૮ નોટ ૧૧૧, ૩૮૫, ૪૨૦, ૪૫૩
વિરાટપર્વ (નાકર) ૪૨૬
વિલ્સન (સ્મારક) વ્યુત્પત્તિવિષયક વ્યાખ્યાનો ઊર્ફે ભાષાશાસ્ત્રવિષયક વ્યાખ્યાનો (રા. ગો. ભાંડારકર) ૭, ૧૨, ૨૪, ૩૯, ૭૩, ૭૬, ૮૮ નોટ ૩૫, ૯૨, ૯૫, ૯૯, ૧૩૧, ૧૩૩ નોટ ૧૬, ૧૪૬ નોટ ૨૫, ૧૪૭ નોટ ૨૬, ૧૬૫, ૧૬૭ નોટ ૪૧, ૨૦૫, ૨૦૬, ૨૧૪, ૨૧૮, ૨૨૨ નોટ ૭૬, ૨૩૧ નોટ ૮૭, ૨૩૨, ૨૩૯ નોટ ૯૬, ૨૪૫, ૨૪૭, ૨૪૮ નોટ ૧૦૦, ૨૮૨, ૨૮૪, ૨૮૮, ૨૯૦, ૩૦૫, ૩૧૨, ૩૧૬ નોટ ૫૨, ૩૨૯ નોટ ૮૯, ૩૬૩, ૩૬૭, ૩૭૧ નોટ, ૩૭૩, ૩૯૨, ૩૯૫, ૩૯૮ નોટ ૧૫૬.
વિષ્ણુસિદ્ધાન્તસારાવલિ ૬૮
વૈતાલપંચવીશી ૭૫, ૧૨૫, ૧૭૭ નોટ ૪૩, ૩૪૮ નોટ ૧૧૧
વૈદિક અનુક્રમણી ૨૪, ૩૦૨
વૈદિક વ્યાકરણ (મૅક્ડોનેલ) ૨૯૭ નોટ, ૩૦૨ નોટ.
વૈશેષિક સાર ૫૩ નોટ ૪૦
વૈષ્ણવ આહ્નિક ૩૭૩ નોટ ૧૩૬
વ્યુત્પત્તિપાઠ (નવલરામ) ૮૨ નોટ ૨૮, ૮૬, ૧૦૧, ૧૦૩ નોટ ૫૨, ૩૮૭ નોટ ૧૪૫, ૪૩૪, ૪૫૧
વ્રજવેલી (પ્રેમાનન્દ) ૪૨૬
શકુન્તલા ૨૫૦
શણગારનો ગરબો ૫૫
શતપથ બ્રાહ્મણ ૯૩ નોટ ૪૩
શબ્દકલ્પદ્રુમ (રાધાકાન્ત દેવ બહાદુર) ૭૨ નોટ ૧૦ અને ૧૧
શાર્ઙ્ગધર ૭૧ નોટ ૯
શિષ્યોપયોગી વૈદિક વ્યાકરણ (મૅક્ડોનેલ) ૨૯૭ નોટ, ૩૦૨ નોટ.
શીલવતીનો રાસ ૨૮૨, ૨૯૦ નોટ ૧૪, ૨૯૫, ૩૩૨, ૪૧૪, ૪૧૮
શુક્લ યજુઃ પ્રાતિશાખ્ય ૩૬૪ નોટ ૧૨૪
સતસૈયા (દયારામ) ૧૭ નોટ ૧૫
સવાઇ માધવરાવપેશ્વાની રોજનિશી ૨૧
સંક્ષિપ્તસાર ૨૪૮, ૨૫૨, ૨૬૦, ૨૬૨ નોટ ૧૦૮
સંસ્કૃત–અંગ્રેજી શબ્દકોશ (આપ્ટે) ૩૦૩ નોટ ૨૪, ૩૧૩ નોટ ૪૦, ૩૭૪, ૪૦૬, ૪૦૮, ૪૧૦, ૪૧૮, ૪૫૪
સંસ્કૃત–અંગ્રેજી શબ્દકોશ (મોનિયર વિલિયમ) ૨૭૩, ૩૦૩ નોટ ૨૪, ૩૧૩ નોટ ૪૦, ૩૧૯ નોટ ૬૬,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રો (બેલ્વેલકર) ૨૫૯
સારરાસ ૨૪૦
સિદ્ધાન્ત (બ્રહ્મગુપ્ત) ૨૯
સિદ્ધ હેમચન્દ્ર ૪૯, ૫૪ નોટ ૪૨, ૭૪, ૭૭, ૮૯, ૧૦૭, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૨૧, ૧૨૫, ૧૩૦, ૧૩૨, ૧૫૦, ૧૮૧ ૧૯૨, ૧૯૫, ૨૦૫, ૨૨૩ નોટ ૭૯, ૨૩૧, ૨૩૪, ૨૩૫ નોટ ૯૦, ૨૩૬, ૨૪૫, ૨૪૬, ૨૪૮, ૨૪૯, ૨૫૦, ૨૫૧, ૨૫૩, ૨૬૨, ૨૬૩, ૨૬૫, ૨૬૭, ૨૭૪, ૨૮૬, ૨૮૭, ૨૮૮ નોટ, ૨૯૩, ૨૯૪, ૩૦૮, ૩૧૦, ૩૧૧, ૩૧૨, ૩૧૩, ૩૧૪, ૩૧૫, ૩૧૬, ૩૧૭, ૩૩૫, ૩૩૮, ૩૬૨, ૩૬૩, ૩૬૬ ૩૭૦, ૩૭૪, ૩૭૫, ૩૮૦, ૩૮૬, ૩૮૯, ૩૯૦, ૩૯૨ ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૪૦૦, ૪૦૧, ૪૦૪, ૪૧૧, ૪૧૨, ૪૧૪, ૪૧૭, ૪૧૯, ૪૨૦, ૪૨૧, ૪૨૩, ૪૨૯, ૪૩૪, ૪૩૮, ૪૪૦, ૪૪૧, ૪૪૩, ૪૪૫, ૪૪૭, ૪૪૯, ૪૫૦, ૪૫૧,
સિદ્ધાન્ત કૌમુદી ૨૮૪
સિંહાસન બત્રીશી (શામળ) ૪૨૬
સીતાહરણ (કર્મણમન્ત્રી) ૧૪૪ નોટ ૨૩
સુદયવત્સવીરચરિત ૧૨૫
સુદામાચરિત (નરસિંહ મહેતાનું કહેવાતું) ૩૭૨
સુરતસંગ્રામ (નરસિંહ) ૨૬૯
સૂતકનિર્ણય ૫૬
સેંટપીટર્સબર્ગ શબ્દકોષ ૨૭૨ ૩૦૩ નોટ
સ્કન્દ ગુમાની ગુજાર ૧૫
સ્કન્દપુરાણ ૬૯
સ્વરૂપ (ધીરો ભગત) ૨૮૩
હરિલીલા (ભીમકવિ) ૨૨૮, ૨૯૨, ૩૦૦, ૩૦૧, ૩૧૨, ૩૭૦ નોટ ૧૩૩, ૪૦૬, ૪૦૯, ૪૫૩
હાલ (વેબર) ૨૪૯, ૨૫૨, ૨૫૫
હિન્દુ પ્રજામાં વિદેશીય તત્ત્વો (દેવદત્ત ભાંડારકર) ૩૭, ૪૧
હોપકૃત વાચનમાળા ૪૨૬

---

## સૂચિ ग

### પાશ્ચાત્ય ભાષાના ગ્રન્થોના ઉલ્લેખ

Archæological Survey, South India, ૬૨
Archæological Survey of Western India, Superintendent's Report ૩૭૦ નોટ ૧૩૩, ૩૭૩ નોટ ૧૩૮
Bardic and Historical Survey of Rajputana ૧૭૭, ૨૦૯, ૨૭૭, ૨૭૯, ૨૮૦
Century Dictionary ૫૭, ૭૮ નોટ ૨૨
Chivalry in English Literature (Schofield) ૮
Chronology of India (Mabel Duff) ૬૮ નોટ
Comparative Grammar (Beames) ૬૯, ૭૩ નોટ ૧૬, ૮૭, ૯૩, ૧૧૧, ૧૧૮, ૧૩૧, ૧૬૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૭૦, ૧૭૨, ૧૮૬, ૧૮૭ નોટ ૪૭, ૨૩૬, ૨૩૭, ૨૫૩, ૨૬૬, ૨૭૮, ૩૪૦, ૩૬૮ નોટ ૧૩૦, ૩૯૨, ૩૯૫, ૪૪૯, ૪૫૦, ૪૬૩
Comparative Grammar (Brugmann) ૧૭૫, ૪૬૨, ૪૬૩
Critical, Comparative and Historical Method of Inquiry (Dr. Bhandarkàr) ૬૬, ૧૦૮
Early History of India (Smith) ૪૧ નોટ ૩૦, ૫૪ નોટ ૪૧, ૬૭ નોટ ૪, ૩૫૧ નોટ ૧૧૬
Encyclopœdia Britannica ૭, ૬૯, ૭૧, ૯૦, ૩૫૧ નોટ ૧૧૫
Encyclopœdia of Indian Research ૨૭૨
Epigraphia India ૬૨, ૩૪૭ નોટ ૧૧૦
Essays on the Gaurian Languages (Hœrnle) ૧૯૦, ૨૧૦ નોટ ૬૩, ૨૧૧ નોટ ૬૫
Etymological Dictionary of English Language (Skeat) ૩૦૬ નોટ
Foreign Elements in Hindu Population (Dr. Bhandarkar) ૩૭, ૪૧
Gaurian Grammar ૩૫૩
Greece under the Romans (Finlay) ૯
Historical Atlas of India (Joppen) ૬૨
History of Language (Sweet) ૨૧૭
Indian Antiquary, ૩૧, ૩૩, ૩૭, ૩૮, ૩૯, ૬૭, ૧૦૪, ૧૨૪, નોટ ૧૦, ૧૪૬, ૧૬૦ નોટ ૩૩, ૧૭૩, ૧૭૭ નોટ ૪૩, ૧૮૬, ૨૨૩ નોટ ૭૭, ૨૩૮ નોટ ૯૪, ૨૭૬, ૨૭૭, ૨૭૯, ૨૮૦, ૩૯૧
Influencia do Vocabularis Portugues em Linguas Asiaticas ૫૮
Introduction to Comparative Philology (Gune) ૨૭૫, ૨૯૫, ૨૯૬ નોટ ૧૮, ૨૯૭ નોટ, ૩૩૩
Jack's Self-Educator ૯૮
Journal of the Asiatic Society, Bengal ૧૨૫, ૧૩૮, ૧૮૦, ૧૯૮, ૧૯૯, ૨૦૯, ૨૧૦, ૨૧૧, ૩૬૮ નોટ ૧૨૯
Journal of the Bombay Branch of Royal Asiatic Society ૩૨, ૧૬૮ નોટ ૪૨
Joúrnal of the Royal Asiatic Society ૧૭૧, ૨૧૧, ૩૪૨, ૩૫૩, ૩૭૭, ૩૮૦, ૩૯૨
Light of Asia ૩૪૯
Linguistic Survey of India (Grierson) ૨, ૪૬, ૧૬૦ નોટ ૩૪
Manual of Kâshmiri Language (Grierson) ૩૪૯ નોટ ૧૧૩
Medicines of India (Hœrnle) ૬૮
Milestones in Gujarati Literature (K. M. Jhaveri) ૧૭



P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

Notes on Old Western Rajasthani (Tessitori) ૯૭, ૧૦૪, ૧૨૪ નોટ ૧૦, ૧૭૨, ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૮, ૧૭૯, ૧૮૦ નોટ ૪૫, ૧૮૨, ૧૮૩, ૨૦૮, ૨૧૭, ૨૪૮, ૨૭૬, ૨૭૮, ૨૮૧, ૩૧૬ નોટ ૫૧ ૩૬૮ નોટ ૧૨૯, ૩૭૦ નોટ ૧૩૪ ૩૭૧ નોટ ૧૩૪, ૩૭૫ નોટ ૧૩૯ આ, ૩૭૭, ૩૭૮, ૩૮૩, ૩૯૧, ૪૨૧, ૪૩૧

People of India (Risley), ૪૧, ૪૨

Science of Language (Max Muller) ૫, ૨૮૨, ૩૦૫ નોટ ૨૮, ૩૪૯ નોટ ૧૧૪, ૩૫૨

St. Petersburgh's Lexicon (Bohtlingk and Roht) ૬ નોટ ૩, ૩૦૩ નોટ ૨૪

Vedic Index ૨૪ નોટ ૨

Vedic Metre ૬ નોટ ૭

## સૂચિ (घ)

### ભાષાવિકાર

(કોઈ વિષયની વીગત માટે, આ વર્ણાનુક્રમણીમાંના પૃષ્ઠાંકની સહાયતાથી, ગ્રન્થાદિમાં આપેલી વિષયસૂચિ જોવી.)

अ 'પ્રશાન્ત' ૨૦૬–૨૧૩
अकનો अउ અને अकंનો अउं ૧૮૯
अकार–यश्रुति ૧૧૦
,, ,, નો નાશ ૪૩૯
अकारान्त અને आकारान्त स्त्रीलिंग शब्दो ૪૩૨
अक्षर, વ્યાખ્યા, ૧૧૨, ૨૮૨
अनन्त्य अ નો इ કે उ ૨૩૨–૨૩૪
अनन्त्य इ–उ નો अ ૨૨૨–૨૩૧
अनन्त्य एનો ई, ओનો ऊ ૪૩૭
अनुनासिक घोषवर्णो ૩૩૦–૩૩૫
अनुपूर्ति ૧૨૧, ૩૨૬, ૪૫૦, ૪૫૪
अनुस्वार ૧૧૬, ૧૫૮
अनुस्वार, कोमल, ૧૧૬, ૧૫૮, ૩૧૮–૩૨૪
अनुस्वार, तीव्र, ૨૧૬, ૩૨૬, ૩૩૪
अनुस्वारનો आगम ૩૨૬–૩૨૯
अनेकश्रुतिक शब्दोमां स्वरभारनी असर ૪૪૩
अन्तिम अपभ्रंश ૩૯
अन्त्य ओ–अ અને उं–अ, ૧૮૬–૨૨૨
अपभ्रंश ૩૯
अर्धतालव्य उच्चार, चवर्गનો ૧૧૫, ૩૪૨–૩૬૧
अर्धविच्छेद ૧૧૯
अर्धविवृत ए ओ ૧૧૫
अस्वरित प्रथमश्रुतिलोप ૩૭૦–૩૭૯
अस्वरित (श्रुति) ૧૧૨
आ નો अ, ગુજરાતીમાં, ૪૪૨
आभ्यन्तर प्रयत्न ૧૩૪ નોટ ૧૮
इ-उ, अनन्त्य,નો अ ૨૨૨–૨૩૧
उपतालव्य उच्चार, च वर्ग નો, ૧૧૫, ૩૪૨–૩૬૧
ए, अनन्त्य,નો ई ૪૩૭
ऍ ऑ, विवृत, ૨૨, ૬૫, ૧૧૫, ૧૨૩–૧૮૬, ૨૭૬–૨૮૨
ए-ओ, ह्रस्व, પાલી અને પ્રાકૃતના, ૧૬૯ આદિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

औरस्य हकार ६५
क, प्रत्यय, १८९-२०५
कण्ठ्य हकार ६५
क्रमलाघव ७९ આદિ
क्रियापदोनी प्रकृतिनी रचना–
२३४–२३९
१. મૂળ ધાતુમાંથી પરભારી ૨૩૪
૨. વિકરણુ સમેત સં. ધાતુમાંથી
० ૨૩૫
૩. સં. ભૂતકૃદન્તમાંથી ૨૩૬
क्रियापदना धातुशरीरनी रचना
२४०–२७१
क સં. ધાતુમાંથી જ ૨૪૧-૨૪૨
ख १ સોપસર્ગ ધાતુમાંથી નવું જ
ધાતુશરીર ૨૪૩-૨૪૭
૨ ક્ષીણુતાથી, નવું શરીર
૨૪૭-૨૬૭
ग નામોમાંથી બનતું ધાતુ-
શરીર, શલ્યાદિ ગણુ,
૨૬૭-૨૭૧
कोमल अनुस्वार 'अनुस्वार' જુવો
गौड, भाषावर्ग १९९
घोष व्यंजननुं अनुनासिक बनवुं ३३५
च वर्गनो प्राकृत उच्चार, ११५, ३४२-३६१
जिह्वादोष–९२, ९३
ड, ढ, मूर्धन्यतर ११५
तत्सम-२१७, ३४३, ३४६
तद्भव १९६, १९७, ३४६
तालव्य, असमीकृत के असंहृत ३४२
अर्ध०, उप०, ११५, ३४२-३६१
तीव्र अनुस्वार, अनुस्वार જુવો
तुल्यमात्रापरिमाण ९९
दीर्घत्व, ह्रस्वस्वरनुं–
संयोगलोप पछी ३८५–३९६
संयोगलोप विना ४०९–४१२
देहली के संक्रमणोत्सर्ग १२२
द्राविडसंपर्कथी आवेला शब्दो ५९–६३
द्राविड, भाषावर्ग १९९
द्रुत } उच्चारकाल, ११३
द्रुततर }
नाश, यश्रुति अकारनो, ४३९
नाश, व्यंजननो ३७९–३८५
निर्बलसंयोग ११७
निर्बलसंयोगनुं सबल बनवुं ४०७–४०९
पाली अने प्राकृतना ह्रस्व ए–ओ १६९
આદિ
પોર્ટુગીઝ શબ્દો ૫૭, ૫૮
°પ્યની વ્યુત્પત્તિ ૩૩૯–૩૪૨
प्रक्षेप ११९, ४२९
प्रतिसंप्रसारण ११८, १२४, १२६, १४५,
१४६, १६६ નોટ ४०, १७६,
२३१.
प्राकृत उच्चार, च वर्गनो ११५
प्रान्तसंपर्कथी आवेला शब्दो ५९–६३
ફારસીમાંથી ગુજરાતીમાં શબ્દ-
સંક્રાન્તિના વાગ્વ્યાપારનિયમો-
૪૫ આદિ
बाह्यप्रयत्न १३४ નોટ १८
बीजलाघव ७९ આદિ
ભાષાના પ્રભ્રંશનાં કારણો–૯૧–૯૨
ભાષાવિકાસના મહાનિયમો ૬૬–૯૦
ભાષાનું સ્વરૂપ ૩
भेदनिष्पत्ति ९६
मध्य, ઉચ્ચારકાલ, ११३
મરાઠી સંસર્ગથી આવેલા શબ્દો
૫૪–૫૭
मात्रा, उलटी ४६ નોટ ३६, २७८
मूर्धन्यतर ड, ढ, ११५

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

मुसलमान संसर्गनी असर १० आदि
यू व्.नो आगम ४१७, ४१९
यकार, लघुप्रयत्न के लघूच्चारण ११४
यश्रुति अकार ११४, २७७
यश्रुति अकारनो नाश ४३९
रंगाः, रक्तस्वरो छेल्लुं परिशिष्ट, पृ. ४
लघुप्रयत्न यकार ११४
,, हकार ११४
लघूच्चारण यकार ११४
,, हकार ११४
लाघव ७८–८५
क्रमलाघव ७९ आदि
बीजलाघव ७९ आदि
लोप, अनुस्वारनो, ३२४–३२६, ३३४
अस्वरित प्रथम श्रुतिनो ३७०-३७९
संयोगनो ३८५–३९६, ३९६ ४००
स्वरयुग्मना द्वितीय स्वरनो ४१३–४१७
लोप, हकारनो, ३१५–३१८
व्नो आगम ४१७–४१९
वाग्व्यापारगत मण्डूकप्लुति ३०९
वर्णश्रुति ११२
वर्णोनो स्थानफेर २८६
वश्रुति–२७७
वाणी अने विचारनुं अविभिन्न स्वरूप–३
विच्छेद अने अर्धविच्छेद ११९
विप्रकर्ष ११६, ११७ नोट ५ ४००, ४२०
विलम्बनविधान ४११
विलम्बित, विलम्बिततर } उच्चार ११३
विवृत अॅ–ऑ २२, १२३–१८६, २७६–२८२
विवृतविधान १५८, १६१
व्यत्यय ११८, ४४४
व्यंजननाश ३७९–३८५
व्यंजननुं द्वित्व ४४३
व्यंजनविकारो, गुजरातीमां, ३६४–३७०, ४३३–४३६, ४४५–४६१
क, च, टनो ग, ज, ड, ४४५
कण्ठयोना तालव्य ४४८
चनो ज ४४२
चनो स ४५७
छनो स ४५९
जनो च ४४७
जनो त ४६०
जनो श ४५८
टनो ड ४४५
डनो र ४५६
डनो ल ४५७
णनो न ३६१
तनो क ४५९
तालव्यनो कंठ्य ४४९
दनो ज ४५२
दनो ग ४५२
दन्त्यनो मूर्धन्य ४४९
ननो ण ३६४
ननो ल ४५३
बनो व ४३५
रनो ल ४५५
रनो ड ४५६
लनो ळ ३६४-३७०
लनो न ४५३
लनो र ४५५
लनो ड ४५६
वनो ब ४३३
षनो ख ४६१
सनो श ४३६
सनो च ४५७
सनो छ ४५८
ळनो ण ४६०

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

शान्त अ २०६–२१३
शल्यादि गण २६७-२७१
श्रमसंकोच ९८
श्रुति ११२
संकर ११९, १२०
हनो, २९४, २९५;
,, વ્યંજન જોડે २९५–२९८
,, સ્વર જોડે २९८–२९९
संकीर्ण सन्धिस्वर १६६ નોટ ४०
संक्रमणोत्सर्ग के देहली १२२
सन्धि ४४२
सन्धिनियमनी ગુજ. માં प्रवृत्ति २५१ નોટ १०२
सन्धिस्वर १६६ નોટ ४०
सबळसंयोग ११७
सबळसंयोगनुं निर्बळ बनवुं ४०५–४०७
समानस्वर १६६ નોટ ४०
संप्रसारण ११८, १४५, १४६, १७६, ४१९–४२२
सरलता ९७
संयोग ११६
सबळ અને निर्बळ ११७
संयोगलोप અને पूर्वस्वरदीर्घत्व ३८५–३९६
संयोगलोप અને पूर्वस्वर अविकृत ३९७–४००
संयोगलोप विना ह्रस्व स्वरनुं दीर्घत्व ४०९–४१२
संयोग, अनाद्य, अलुप्त, અને अविश्लिष्ट ४०३–४०५
संयोग, सजातीय–विजातीय ३८५–३८६
संसृष्टि ११९, १२०
संसृष्टसन्धिस्वर १६६ નોટ ४०
साम्याभास ९५
स्त्रीलिंग शब्दना अन्त्य अ અને आ ४३२
स्थानफेर, વર્ણોનો, २८६
स्थानान्तर हनुं, २८६–३१०, ४२७, ४२८
स्वरभक्ति ११७ નોટ ५, २३३, २७१–२७५, ३९४ નોટ १४९, ४००, ४०२ નોટ १६८, ४१० નોટ १७०, ४२० નોટ १९१, ४२१ નોટ १९१, ४२२
स्वरभार १९६, २१३, २७९, २८१
स्वरभारनी असर, अनेक–श्रुतिक शब्दोमां, ४४३
स्वरयुग्म ११९, ४१३
स्वरयुग्मना द्वितीय स्वरनो लोप ४१३–४१७
स्वरित ११२
हनो प्रक्षेप ३१०–३१४
हना બે ઉચ્ચાર, औरस्य અને कण्ठ्य ६५
हनो लोप ३१५–३१८
हनो संकर अने संसृष्टि २९४, २९५, २९६
हनो संकर–
व्यंजन जोडे २९५–२९८
स्वर जोडे २९८–२९९
हनुं स्थानान्तर २८६–३१०, ४२७, ४२८
ह्रस्व ए–ओ, पाली अने प्राकृतना १६९ આદિ
ह्रस्व स्वरनुं, संयोग लोपरूप कारण वगर, दीर्घत्व ४०९–४१२
ळ ઉચ્ચાર–વૈદિક १४९ ३६७
ળનો પુનરુદ્ભવ, પાલી–પૈશાચીની અસરથી, १४९, ३६८, ३६९

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

Anaptyxis ૨૭૩, ૨૭૫, ૩૩૩
Apherisis } ૩૭૦, ૩૭૧ નોટ,
Aphesis } ૩૭૪, ૩૭૯
Barytones ૧૯૨
Nexus ૧૧૧
Oxytones ૧૯૨
Quiescent or Silent અ ૨૦૬-૨૧૩

## સૂચિ ચ

### અન્ય ભાષાઓ

અપભ્રંશ ૩૯, ૧૯૩, ૨૦૦, ૨૦૧, ૩૨૯, ૩૩૫, ૩૬૮, ૪૧૯, ૪૨૬, ૪૨૯
અરબી ૧૦, ૪૬, ૪૭, ૪૮, ૨૨૭
અવસ્તા ૩૦૩, ૩૦૯, ૩૪૯ નોટ ૧૧૪
અંગ્રેજી ૫૦, ૫૭, ૩૦૬ નોટ, ૩૦૭, ૩૦૮, ૩૭૯, ૪૬૨
આર્ય (ઇન્ડો યુરોપિયન) ૨૯૭, ૩૦૫, ૩૦૮, ૪૬૨
આસામી ૩૫૬
ઇટાલિયન ૩૦૭, ૩૦૮
ઉરિયા ૧૯૯, ૩૬૮ નોટ ૧૨૯ ૩૯૨
ઉર્દુ ૪૫, ૨૨૦
ઑંદ્રી ૬૩
કચ્છી ૩૯૨
કાઠિયાવાડી ગુજરાતી ૯૫, ૨૩૮, ૨૩૯, ૩૨૭ નોટ ૩૪૩, ૩૭૨, ૩૮૪, ૪૫૫, ૪૫૮, ૪૬૫.
કાનડી ૬૧, ૬૨ ૮૧, ૮૨ ૧૬૭ નોટ ૪૧, ૪૧૪ નોટ, ૪૩૦ નોટ, ૪૪૬, ૪૪૭
કાશ્મીરી ૧૯૯, ૨૬, ૩૪૮, ૩૪૯, ૩૫૮, ૩૬૦
કોંકણી ૮૧, ૮૨, ૩૦૪ નોટ ૧૩૯, ૩૯૨
ખઝર લોકની ભાષા ૩૪૯
ગૉથિક ૨૯૬, ૩૦૭, ૩૦૮, ૪૬૨
ગૌડભાષાઓ ૧૯૯, ૨૦૧
ગ્રીક ૧૦૯, ૨૯૬, ૩૫૮, ૩૫૯, ૪૬૨
ચરોતરી ગુજરાતી ૪૪૦
જર્મન ૨૯૬, ૩૦૭, ૩૦૮, ૪૬૨
ટીબેટી ૩૫૦
ડિંગળ ૩૬૮
ડેનિશ ૪૬૨
તામિલ ૬૧
તેલુગુ ૩૫૦
દ્રાવિડ ભાષાઓ ૧૬૯, ૨૦૧, ૩૬૯
નેપાલી ૧૯૯
પંજાબી ૧૬૪, ૧૯૯, ૨૬૪, ૩૪૮, ૩૬૮ નોટ ૧૨૯, ૩૯૨, ૩૯૩, ૩૯૫
પારસી ૨૩, ૧૪૯, ૩૬૭, ૩૬૯
પિશાચ ભાષાઓ ૩૪૯
પેહ્લવી ૩૦૭, ૩૦૮, ૩૦૯
પૈશાચી ૧૪૯, ૧૬૬, ૩૫૩, ૩૬૨, ૩૬૭, ૩૬૮ નોટ, ૩૬૯
પૈશાચિકી, વ્રાચડ, ૩૫૫
,, શૌરસેની ૩૫૫
પોર્તુગીઝ ૫૭, ૩૦૭
પ્રાકૃત – સર્વત્ર
પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાની ૩૯, ૧૭૫, ૧૯૩, ૩૭૭, ૩૭૮, ૪૦૬

ફારસી ૧૦, ૧૧, ૧૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૧૩૨, ૨૧૯, ૨૨૭, ૩૦૭, ૩૦૮, ૩૦૯, ૩૧૨, ૩૩૮, ૩૪૪, ૪૧૩, ૪૩૧, ૪૩૨, ૪૩૭, ૪૪૫, ૪૪૬, ૪૪૮, ૪૫૬, ૪૬૦
ફિન ૨૧૧
ફિરંગી ૫૭, ૩૦૭
ફ્રેન્ચ ૧૨, ૩૦૭
બંગાળી ૧૬૭ નોટ ૪૧, ૧૭૧, ૧૮૪, ૨૧૧, ૨૬૬, ૨૮૫, ૩૬૮ નોટ ૧૨૯, ૪૫૨
બલ્ગેરિયન ૩૪૯
બૅકટ્રોપાલી ૨૩
બ્રહ્મદેશી ૩૪૯
ભીલભાષા ૧૪૯, ૩૬૯
ભૂતિયાની ભાષા ૩૪૯
ભોજપુરી ૨૫૬, ૨૫૭, ૨૫૮
મરાઠી ૫૦, ૫૩, ૫૬, ૧૩૦, ૧૩૧, ૧૬૪, ૨૧૫, ૨૨૨, ૨૨૫, ૨૬૪, ૩૨૯, ૩૩૨, ૩૪૭, ૩૫૦, ૩૫૮, ૩૬૨, ૩૬૮, ૩૬૯, ૩૭૩, ૩૭૯, ૪૧૬, ૪૨૫, ૪૩૪, ૪૩૫, ૪૩૮, ૪૪૨, ૪૫૨, ૪૫૫, ૪૫૯
મહારાષ્ટ્રી ૨૦૦, ૨૭૬, ૩૪૭, ૩૫૩, ૩૫૮, ૪૦૦
માગધી ૨૦૦, ૨૦૧, ૩૫૩, ૩૫૬, ૪૩૬, ૪૫૫, ૪૫૬
માગ્યાર ૩૫૧
મારવાડી ૪૦, ૨૭૭, ૩૪૧, ૪૬૩
મોગિાલ ૩૪૧
રાજસ્થાની, પ્રાચીન પાશ્ચાત્સ, ૩૯, ૧૭૫, ૧૯૩, ૩૭૭, ૩૭૮
લૅટિન ૯, ૧૨, ૨૯૬, ૩૦૭, ૪૬૨
વ્રજ ૩૯, ૨૦૧, ૩૭૭
વ્રજહિન્દી ૧૯૯, ૨૧૪
વ્રાચડ પૈશાચિકી ૩૫૫
શાકારી ૩૫૫
શૌરસેની ૯૭, ૩૧૭ નોટ ૪૨, ૩૪૭, ૩૫૩, ૩૫૭, ૪૦૦
શૌરસેની પૈશાચિકી ૩૫૫
સિંધી ૮૧, ૮૨, ૧૯૮, ૨૪૬, ૩૩૨, ૩૩૮, ૩૪૮, ૩૫૮, ૩૬૮, ૩૯૨, ૩૯૩, ૩૯૪, ૩૯૫, ૪૧૮, ૪૬૦
સ્પૅનિશ ૩૦૭
સ્કૅન્ડિનેવિયન ૪૬૨
સંસ્કૃત—સર્વત્ર—
સિંહલી ૩૪૯
સુરતી ગુજરાતી ૨૨૪, ૨૨૫, ૩૬૫
હિન્દી ૯૭, ૧૩૦, ૧૩૧, ૧૬૪, ૧૮૪, ૧૮૫, ૧૯૪, ૧૯૯, ૨૦૦, ૨૧૪, ૨૧૫, ૨૨૮, ૨૬૪, ૨૮૫, ૨૯૦, ૩૨૯, ૩૪૮, ૩૬૮, ૩૭૩, ૩૮૧ નોટ ૧૪૩, ૩૯૨, ૩૯૩, ૪૧૬, ૪૩૪, ૪૪૯, ૪૬૩.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# સૂચિ છ
## ગુજરાતી શબ્દો-ગ્રન્થમાં વ્યુત્પાદિત

(નામ સ્હામે પૃષ્ઠાંક છે)


अकलगरो ४४६
अकळावुं २६८
अकारज ४६०
अकारत ४६०
अक्तरो २२०
अगत्य ४०८
अगर २२९
अगियार ४९, २३३, ३१६, ४०२, ४४४, ४४६.
अघरुं २८९, ४०२
अंगरखु ३९८
अंगूठो १९५
अचकावुं २६८
अचरज २२५, ३१७, ३९७ ४६०
अचरत ४६०
अजवाळुं ४३९
अजीठुं ८५, ४४७
अंजीर २२१
अठवाडियुं ४५६
अठ्ठो ४०४
अडद २२६, २३०
अडधुं ४५६
अडवाणो ३७९
अडवो ३३२, ३७९
अढार ३१६
अढी ४०१
अणूजो ४१५
अतळी (०बळ) २३०, ४१४
अत्य ४०९
भत्यारे ४०८
अननास ५७
अनामत ४१
अनुप ३८०
अर्न १५४
अने ३७१, ३७४
अनेरुं १३६
अर्नाखुं १२९, १३४
अंतराश ३८०
अंतरासण ३८४
अंधेर १३३, १३८
अपवास २२९
अफीण ७१
अभूज २९५
अमरत ४४०
अमी ४१०, ४१३
अंबाडी ३८०
अंबोडो ३८०
अंबोरडो ३८४
अरधुं ४५६
अरीसो २२७
अल्तो २३३
अली ४१५
अलोकी ४१४
अवनवुं ८८, १०८, १२२
अवेव १३९
असवार २० નોટ १७
असह्य ४०५, ४०६,
असह्य ४०५, ४०६
असाड ४४२
अळशी ३६५ ४३६
आई ५४
आकळो २३०
आल्खुं ४४४
आगमच (–ज) ३१७, ४४७
आंख ३२१
आंख्य २२४, ४३२
आंगण–णुं १५०
आंगळी २३०
आछमनी ३११, ३१२
आछुंछुं ४४४
आज ३४५
आजो ७७
आंचको ४५७, ४५८
आठ ४६२
√आण् २४६
आण ३६२, ४३२
आथम्यो २४६
आदुं ४३३
आधीन ४११
आंधळो ३६५
आप ३३९
आपडुं–डे ३३२
आपणुं–डुं ८१
आपवीती २३६ નોટ ६१
आपो ५५
आपोपुं ३७० નોટ १३४
आफुस ५७
आबखोरो २१९
आभेस ६३

आंमन्या ૪૦૮
आंबलुं ૩૩૧
आंबागाळी ૪૪૬
आरती ૪૧૪
आरस ૨૨૬
आरसो ૨૨૬, ૪૩૯
आरिया ૬૩
आरीसी ૨૨૭
आलुं ૪૩૩
√आव् ૨૪૪
आवखुं ૧૨૫
आव्यो ૪૧૮
आशरो ૪૦૧
आसनावासना ૪૩૧
आसो ૩૭૯
आसोपालव ૪૧૦
आळुं ૩૬૬
आळोटे (छे) ૩૬૫
आंस ૩૨૨, ૪૫૯
आंसु ૩૨૨
इस्कोतरियो ૫૮
इंद्री ૪૧૪
ईव्य ૩૨૨
उछामणी ૩૩૭
उछंग ૩૯૬
उछांछळो ૪૪૩, ૪૪૮
उझड ૩૯૯, ૪૦૪
उझ्झड ૩૯૯, ૪૦૪
उथलपाथल ૩૯૮
उदात्तशे ૨૭૦
उदांश ૩૭૯
उपर ૩૭૨
उपरणुं ૪૪૨, ૪૪૫
उलास ૩૯૬
√ऊग् ૨૪૬
ऊग्यो ૨૪૬
ऊंचुं ૩૨૧
√ऊठ् ૨૪૪
ऊठ(वुं) ૪૫૧
ऊंट ૭૫, ૩૨૨
ऊन ૩૬૨
ऊमुं ૯૫ ૨૩૯, ૩૮૭
ऊस ૪૫૯
एकठुं ૩૯૭, ૪૫૧
एकवडुं ૨૩૦
एकांतरे ૩૨૦
अंधाण ૨૯૦, ૨૯૫, ૩૩૧
अंब ૪૬, ૧૩૨
एलची ૬૦, ૭૦ નોટ ૫, ૪૪૮
अंक्युं ૧૫૩
ओंखा ૧૫૨, ૪૬૧
ओगण० ૪૩૮, ૪૪૬
ओझा ૩૭૨ નોટ ૧૩૫
ओझो ૩૭૨
ओड ૬૧
ओंधव ૧૫૩
ओंपटी ૪૫૦
ओंरतो ૧૩૯
ओरशियो ૪૪૫
ओंशरी ૧૫૨, ૪૧૫, ૪૩૭
ओंसड ૩૧૭
ओंवायणुं ૪૫૭
ओवारी (जाउं) ૩૭૪
ओंळामणदीवो ૩૭૨
कंकु ૩૭૯
कंकोतरी ૪૨૧
कचरो ૩૧૭, ૩૯૮
कच्छो ૪૦૪
कजा ૪૩૨
कटार ૩૯૮, ૪૪૩
कटारी ૩૯૮
कठण ૨૨૫
कठ्ण ૪૪૪
कठ्वुं ૨૬૭
कडछी ૩૯૮
कडलुं ૪૫૭
कड्वुं ૪૧૮
कडियो ૧૨૭, ૧૯૨
कडुं ૧૨૭
कढाई ૨૮૯
कणबी ૮૧, ૮૪, ૧૨૭, ૩૩૫, ૪૬૧
कंटाळी ૩૬૫
कंटोलुं ૩૬૫
कंडियो ૩૮૦
कदी ૩૮૩
कंथ ૪૮, ૩૧૩, ૩૨૦
कंदोरो ૮૧
कपडुं ૩૯૯
कपूर ૩૯૭
कबूतर ૩૧૨, ૪૩૧, ૪૩૩ ૪૩૮
कमाड ૩૨૯ નોટ. ૮૯, ૩૩૬
कमावुं—कमाववुं ૨૪૫
कमाव्यो ૨૪૫
कंपारो ૭૩ નોટ ૧૪
कयडागी ૩૧૭, ૪૨૯, ૪૪૬
करडागी ૩૧૭, ૪૨૯, ૪૪૬
करम (=कर्म) ૩૮૯, ૪૦૧
करम (=कृमि) ૪૪૦


૬૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

करमलो ३८४, ३८५
करमो ३३८, ३८४, ३८५
करदो ४३६
कराखी ४३०
करिये ९७
करी (-ने) ४१४
करीश ४३६
करे १२८, २२४, ४१६
करेणो ४४४
करेलुं ४४२
कर्या १५५, ४१६
करोड ४०२, ४३०
कर्मेलो ३८४, ३८५
करंबो ३८५
कलमलडो ३८४
कलबो ३३८, ३८१, ३८४, ३८५
कलेवो ३८४
कल्लुं ४५६
कल्याणदास ४०५
कल्हियार (=काळियार) ४५४
कवण १४४, १७९
कशुं ३७६
कह्यागरो ४४६
कसली ४४४
कसोटी १४०, ४२१
कळ ३६५, ४३२
कळा (मोरनी) ४१५
कळी ४१५
कांई २५० नोट १०१
काख ४३२
कागडो २०५, ४४६
कागवाश ४५८
कांकशी } ४२५, ४४४,
कांकसी } ४५७, ४५८
काचबो ४३३
काछडी ४०४
काज ३४५
काजी ४८
काजू ५८
कातर २२५
कादव ३३२
कान १६०, ३६१
कानो १६०
कापड-डुं ३९९
कापे ३३९
काफी ५८
काम ३८६, ३८८, ३८९
कामकाज ८२ नोट २७
कामणगारो २०५, ४४६
कामरू ४१४
कामरूवो ४१४
कारभार ७६
कारोबार ७६
कार्यभार ७६
काळुं ३६६, ४१०
काल्य ४०५
कावो २१९
काळोतरी ४२१
कांसकी ४२५, ४४४, ४५७, ४५८
कीधुं (=कर्युं) ३१४
कीधुं (=कह्युं) २९०
कीर १९२
कुटुम्बी ८४
कुण १४४
कुणबी ३३५ नोट ९४, ४६१
कुंडाळुं ३२०, ४१०, ४१२
कुधारो ७३
कुंपळ ३२०, ३४०
कुंभार ३२०
कुशादे २२०
कुहाडो ४५६
कुंवारो ३२९
कूकडो ४६ नोट ३५
कूख २२५, ४३२
कूणुं ४६१
कूंलुं ३३६, ४६१
के १० आदि
केटलुं ४५०
केड २२५
केड्य १५२
केम १७७, २२७
कर्‍ै १२९
केरीगाळो ४४६
केळ १८१, ३६५, ४३२
कोई २२४
कोटर ४५२
कोंठ १२९, ३९०
कोंड १९१
कोंडी १२९, ४१५
कोंण १२९, १४४
कोतर ३१२
कोतरवुं ३१२
कोदरा ४०२
कोंदाळी १५३
कोय २२४
कोंयल १२३, १५३, ३६६
कोंयलो १२३, १५२, ३६६
कोंल ४६
कोल्हू ४१४


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

कींळियो १२९, १३४
क्यम १७७, २२७
क्यहां २२७
क्य्हारे २२७, ३१०
क्य्हां २२७
क्हान २८७, ३६१, ३८८
क्हूणी २८६, २८८, ३०६, ४३८
क्हे १८७
क्हीणी २८६, २८८, ३०६, ४३८
खजानो ४७ २१९
खटकावुं २६८
खंप्पर ३९९, ४०४
खवूतर ३१२
खभो ३१४, ४३३
खरी २३०
खरीतो २१९
खाटुं ४४४
खाण (=खांच) ३३५
खाण्य ४१०
खांडुं ३२०
खांडे ३२१
खानुं २१९
खांध १९४
खावुं २४२
खीलो ३६६
खुशनुमा ३३८
खूणो ३१२, ४३८
खैर १३०, १५६
खोटुं ४०४, ४४४
खोतरवुं ३१२
खोपरी ३९९, ४०४
खळो ३१२
गधेडो १३६, २८८, २९५, ३९९
गद्धो २८८, २९५, ३९९
गणतरी ४३०
गभरावुं २६८, २९५
गमाण–ण्य ३३६
गमाव ८३ નોટ ૨૯
गरभ ३८९, ४००
गरव ४०१
गरवुं ४१८
गरवो २३०
गलीचो २१९
गवरी १२४, १२५, १४२
गवाख १४३, २१७, ३६५
गळो २१७, ३६५, ४१५
गाजर २२१
गाडुं ४३३
गांठ्य २२४
गांधी ४१४
गाभ १९०, ३८९
गाभणी २२५, ४४९
गाभो १९०
गाम ३२९
गांवडुं ३३१
गाय २२४
गालीचो २१९
गाळ २२५
गिरमिट ५०, ३९९
गीध ३८७
गुजर ३९७
गुजरात ४४३
गुणका २३३
गुफा ३०१ આદિ
गुलकंद २२१
गुलाब २२१
गुहिलोत १४१, १४४
गूख १४३
गूंच ३१७
गूंछुं ३२२
गूण २२५
गूण्य ४३८
गूपचूप ८१
गेंडो १५३
गेंद १५२
गेब ४६
गेर ४६
गेरत ४६, १३२
गोंख १२९, १४३
गोंखे(छे) ४६१
गोत्युं ३१७
गोर १०२ નોટ ૫૧, १४२, १५२, २२९
गोरी १४२
गोर्य १२९, १४२
गोळ १५२
घउं २८८, ३३२, ४१७ ४३९
घणेरुं १३६
घर १०७ નોટ ૫૫, १९४, ४४१
घरडो–घयडो १०७, २८९, ४४९, ४५२
घरण २८८, ४०१
घराक ४०२, ४३९
घरां १९५
घा ४१५
घांटी ४५०
घाव १२७

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

घी ४१३
घीम २८८, ३८८
घुवड ४३९
घूड ४३९
र्घन १२८, १७९, २८८, ३६४
र्घरु १३३, २८९
र्घलो १२६, २८९
र्घा २८९, ४१५
घोडुं ४३३
घोडो १५५, २१६, ४१६
चइतर १५१
चउद १५१
चकवो ३९७
चच्चार ४४४
चढ(वुं) ३१३ नोट ४०
चढे ३१३
चणियो ३८०
चणे ४९, २२६, २३५
चंदावत १४४
चमक्युं ३९७
चमार ४४३
चरखो ४४५
चरण ६, ७, ७ नोट ३
चळवळ ५६
चाचर ३८७
चाडीचुगली ८२ नोट २७
चाणोद ८१
चाम(डुं) ३८६
चांपानेर १३३
चांवडुं ३३१
चितारो ४४३
चितोड १४०
चित्त ३९६
चीचोडा ५१
चीतर(वुं) २६७
चीतरे(छे) ४३२, ४०३
चूमे ३३७, ३८६
र्चन १५२, ३१५
चैतर १५१, ४०१
र्चाक १२९, १५७
र्चाक्को ४०४
र्चागडो ४४६
र्चावो १३९
र्चारख १२९, ३९७
र्चालावत १४४
चौटुं १३३, २८४
चौद १३३, १५१, ३१६
र्च्छे ३११
छ २५५, ४५८
छकडो २६२, ४५८
छछ्छ ४४४
छक्को २५५, २६२, ४०३, ४५८
छत्तर ४०४
छप्पर(-पलंग) ३३९ नोट ९९
छत्री ४३३
छरो २३०
छाजली ३४५
छाण १९२
छाणुं १९२
छांडे ३२२
छानुंमानुं ८१ नोट २६
छापरुं २६३, ३३९, ४०३
छाश ४३६
छांय ३२३
छांयडो ३२३
छिनाळ ३६५, ३९८, ४४३
छींक ३२२
छींडी ४३७
छीडुं ७५, ३२१, ४५१
√छीन् २३६
छीप ३३९, ४५८
र्छ १५४
छे १२८, ३७०, ४०३, ४५८
छेडो १९२, ४३९
र्छल १२८
छेक्षो ४०४
छैयो १४८, ४५८
ज ४४७
जगन ३४५
जत ११
जनानो २७९
जनोई ४१३, ४३९
जमना ३२३
जमवुं ३४६
जरा २१९
जश ३४५
जळ ३६५
जळो २१७, ४१५
जाग ३४५
जांघ ३१९
जाजरमान ४५५
जाडुं ४१०
जाणे २३५
जात्य २२४
जात्रा ३४५
जादूगर ४४६
जांदण ३३१
जांदरणी ३३१

जामो २१६
जांवु ४३३
जा(वुं) २४२
जिद ४८
जिल्लो ४८
√जीत् २३६
जीभ ४३२
जुग ३४५
जुगटुं ३४५
जुगतु २७४
जुगार ३४५, ४३९ ४४३, ४४६
जुगारी ३४५
जुजवुं २३०, ४३९
जुठुं ४०४
जुवान २३४
जुवानी २३४
जू ४१५
जूई ३१५, ४१७
जूज ४४७
जूठा(=अजीठुं) ८५
जूठुं ४०४
जूनुं ३६२
जे ११
जेटलुं ४५०
जेमने ३३८
जोइये(छिये) ९५, ९६
जोग ३४५
जोजन ३४५
जोडवुं २६८
जोद्धो ३४५
जोबन १७९, ३४४, ३६४, ४३३
जो(वुं) २४२
ज्यम २२७
ज्यहां २२७
ज्व्हारे २२७, ३१०
ज्व्हां २२७
झट १२१, ४५०
झवेरा ३१३, ४४४
झाडी ३१३
झाळ ४८, ३१३, ४३२
झूझे ३१३
झूंठुं ३८७
झर्र १३२
झाॅली ३६५
टीलुं १२१, ३६६, ४१०, ४५०
ठगवुं २६८
ठरवुं २६७
ठर्यो ४५१
ठालो ३८७
डगलो २१९, ४५१
डंख ४६१, ४६२
डंखवुं ४६१
डंड ४५१
डफगर ४४६
डरवुं २६८
डाकलुं ३१७
डाक्यण ४०८
डाढ्य ४५१
डावो ४३३
डाभुं ३१४
डाभो ४३३
डाह्यो ३७९, ४५१
डाळी ३६५
डांस ४५१
डांसवुं ४५१
डुंगर १९०
डुंगरो १९०
डोशी ४३७
डोसांडगरां ८१ नोट २६
डोळो ३६५
ढंढोळे(छे) ३६६
ढांके ३२१
ढालगर ४४६
ढीमर ३३६
ढेयडी ४५७
ढोरढांखर ८१ નોટ ३६
ढोरां १९५
तकियो ४७, २१९
तगडो ४४६
तज ४३२, ४४७
तणखलुं ३१२, ३८०
तणुं ३४१ નોટ १०२
तदुपरान्त ३२१
तन(=पुत्र) १७९, ३६३
तमाकु ५८, ६६ આદિ
तम्मर ४४४
तंबाकु ६९
तयड १५३ નોટ २८
तरखलुं ३१२, ३८०
तरड १५३ નોટ २८
तरणुं २२६, ४४०
तरत २२६
तरफेण ४८
तरश २२६, ४३२, ४३६, ४४०
तरस (=પાણી) २६२, ४५९
तल ४९, २२५, ३६५
तलसे ४५५

तलाव २३१
तवतवडी ५५
तस्करवुं २६७
तहारुं २३०
तळांसवुं २६८, ३०६
तळियुं २३३
ताक २२९
ताकीद २२१
ताड ४५६
तांतडो,-णो, ८१, ३३५
तांबुं ३१९
तावीज,-त, ४६०
तीखुं ३८६
तीजुं ४४२
तीड ३८८, ४३७
तीनुं ३१५, ३८८
तीश ३२६
तुरंग २३३
तेजानो २१९
तेटलुं ४५०
तेव्य १५२, १५३ नोट २८
तेम १७७
तेर ३१६
तेली ४१४
तेवडुं २३०
तेवतेवडुं ५५
र्ता १५५
त्यम १७७
त्यहां २२७
त्य्हारे २२७, ३१०
त्य्हां २२७
त्रुठवुं ४३०
त्हमे २३०, २८७
त्हमारुं २८७
त्हारुं २३०, २८७
त्हेनुं-ने २९९
त्हेने ४३९
त्हेमने ३३८
त्हेवुं ४३९
त्हें ३१०
थयो २२६
थान (=स्तन) १७९, ३६३, ४१०
थान(=स्थान) १७९, ३६३
था(वुं) २४२
थूंके ३२२
थूंक्युं ३८७
थोडुं ४३९
दग्धवुं २७१
दत्तवुं २७१
दधि(=उदधि) ३७२
दम्पती ७८
दयणुं ४५७
दयामणो ३३७
दरद २२१
दरियो २२१
दशी ४३७
दशीबीशी ४३७
दसकडां ३८१
दस्कत ३८१
दस्खो ४४४
दर्हि
दळदर ४५५
√दाझ् २३७
दाडम २२५
दाणो २१९
दांडो ६३
दातण ३२५, ४३९
दाधुं २३७
दाधारवुं २३७
दानो २२१
दांत ४७, १९०, ३१५
दांतो ४७, १९०, ३१९
दामणो ४४२
दाहोद ७६, ८०
दी ३८०
°दीट ३१७
दीठुं ३८७
दीधुं ३१५
दीवानो २१९
दीवेट ४२०
दु ४२०
दुनियां ३२४
दूख ३८६
दूध १९४, ३८६
दूल्हा ३७३
र्दन १५७, १५९
देराणी ४३९
देवदार २२९
देवर १७९
देवळ ७३, १२५, १७९
दे(वुं) २४२
देशावर १२५, १७९
देसाई ४४२
दोढ ४५१
र्दाणी १५९
दोयडी ४५७
दोलत १६४
दोहद ७६, ८०
दोहरो ६३ नोट ४२
धग्यो २३८.


P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

धजा ४३२
धणी ४१४
धन्यभाग्य ४०५
धंतूरो ३२६
धरम ४०१
धरो २८८, २९५, ४०२
धाणा ४१५
°धाम(दोडधाम) ३३६
धीरखुं २६७
धुणे २३१, २३५
धूजारो ७३ નોટ ૧૪
धूणे २३५
धूतवुं २६७
धून २८१, ४१०, ४२०
धोरी ४२०
धोळवुं २६८
धोळो १६४
नक्की ४४९
नख ३९७
नगारुं ४७, २१९
नंकेरी ४५४
नजर ४८
नजलो २१९
नडियाद ७७, ८०
नथी २५५, ३९७
नथ्य ३९८
नभवुं २६७
नभाववुं २६७
नमार ३३६
नमाळुं ४०८
नरम ४४४
नर्युं १९१, २२६, ३६२, ४१८
नव १७९, ३६३
नवाण २२६
नव्वो ४४४
नस ८६
नहेरवाला ३७३
ना ४१०
नाइवाडो ५४
नाक १९०
नाकुं १९०
नागरवेल ४३०
नागो ३८७
नांखे ३२३
नाचार ४५४
नाणी २५१ નોટ ૧૦૨
नाथ्य ३६२
नांदोद ७७, ८०
नामुं २१९
नार(=चार) ६०
नार(=नारी) ४३२
नावलो १२५, ३१५
नाव्यो (न आव्यो) २५१ નોટ ૧૦૨
नाह्यडी २२८
नाळियेरी ३६५
√निचोव् ४१८
निचोव्युं ४१८
निदान ५६
नित्य ४०५
निभाव २३०
निमन्त्रणती २७०
निर्माल्य ४०८
निलवट ३८०, ४५४
निशाळ ४३६, ४३७, ४३९, ४४३, ४५३
निसासो ४४३
°नी (रामनी) ४१०
नींदणी ३२०
नींदर ३२२, ४०३
नीशाळ ४३६, ४३७, ४३९, ४४३, ४५३
नीसरणी ४०१
ने ३७१, ३७४
नणि १२८, ३६३ નોટ ૧૨૧
ननि ३६३
°नेर(=नगर) १३३, १३८, १४६
नेवर १२५
नेस्ती ३१७
नखुं १२९, ३७२
नतिरुं ३३१, ३७९
नम्यि १२९
न्हानुं ८१, २८६, २९९, ३६१, ३८८, ४५२
न्हानुंसुनुं ८१
न्हासे ३१०
न्हरि १५२
°प, °पो (बुड्ढापो) ३३९
पक्को ४०४
पखवाडियुं ४५६
पखुं ३९९
पग ४४२, ४५२
पगरखुं ३९८
पगरण ४४६
पंखी ७५, ३२६
पंखो ७५, ३२६
पचास ४४४
पछी १२७, ३९६
पड २३०
पडखुं ४३०

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પડઘા ૪૧૫
પડછાયો ૩૨૩, ૩૯૭
પડછાંયો ૩૨૩
પડછો ૩૯૭
પડદો ૪૭, ૨૧૯, ૪૫૬
પડીકું ૨૩૦
પડો ૮૮, ૩૧૩, ૩૧૭
પડોશી ૪૨૧, ૪૩૬
પણ ૩૩૬, ૪૫૬
°પણ (ઘડપણ) ૩૬૯
પણછ ૮૧, ૩૧૨, ૩૨૪
પતરું ૩૯૮, ૪૦૨
પતીજ ૪૪૬
પત્તું ૪૦૨, ૪૦૩, ૪૦૪
પત્થર ૩૨૪
પથરો ૧૮૯, ૩૯૯
પથારી ૩૯૮
પથ્થર ૧૮૯, ૩૯૯
પદ ૬, ૭, ૭ નોટ ૩
પંદર ૩૧૬, ૩૩૧
પયડું ૧૨૩
પર ૩૭૨
પરખવું ૩૯૮
પરતાપ ૪૦૧
પરવ ૪૦૨
પરભુ ૪૦૧
પરમાણું ૪૦૨
પરમાણે (=મુજબ) ૪૦૨
પરવીતી ૩૩૬ નોટ ૬૧
પરશેવો ૩૯૭, ૪૧૮, ૪૩૬
પરાળ ૪૫૫
પરિયટ ૫૪
પરિશુદ્ધજો ૨૭૦
પરિસમાપ્તેછે ૨૭૦
પરીષવું ૩૮૩
પરોવ્ ૨૪૪
પરોવ્યું ૨૪૪, ૩૮૨, ૪૧૮
પલંગ ૪૯, ૪૪૬
પલાણવું ૨૬૭
પસંદ ૭૬
પસ્તાવું ૨૬૮
પસ્તાવો ૪૫૯
પહુંવા ૨૯૦, ૩૨૨
પા ૭, ૪૧૫, ૪૧૭
પાઇયો ૪૨૦
√પાક્ ૨૩૬
પાકું ૪૦૪
પાગ ૪૫૨
પાંખ ૩૯૯
પાંગળું ૨૩૦
પાછો ૩૯૬ નોટ ૧૫૦
પાડો (આંકનો) ૩૧૭
પાડોશી ૪૨૧, ૪૩૬
પાણી ૨૧૫, ૪૧૩
પાતરું ૪૦૩
પાદ ૬, ૭, ૭ નોટ ૩, ૨૨
પાદરી ૫૮
પાધરું ૩૮૭
પાન ૫૬, ૧૯૦, ૩૬૧
પાનું ૧૯૦, ૩૬૧
પાનોલી ૧૩૩, ૧૪૦, ૧૪૬
પાંદડું ૨૦૩, ૩૩૦
પાપડ ૭૭
√પામ્ ૨૪૩
પામવું ૨૩૬ નોટ ૯૨
પાંપણ ૭૪, ૩૩૧
પાય ૧૯૦
પાયણાં ૪૫૭
પાયણું ૪૫૭
પાયરી ૫૭
પાયો ૧૯૦, ૪૧૭
પારકું ૧૯૧, ૩૯૮
પારણા ૪૫૭
પારણાં ૩૨૩
પારધી ૩૯૬
પાલણું ૪૫૭
પાવ ૧૨૭
પાવડી ૧૨૫
પાવડું ૧૨૬
પાવલું ૧૨૬
પાવસ ૨૮૩
પાસ(=સ્પર્શ) ૩૮૬
પાસે ૪૧૦
પાળ ૨૨૫
પિગળે ૨૩૨
પિછાણ ૨૯૦, ૨૯૫
પિંજર ૨૩૨
પિયુ ૨૧૭
પીછાણ ૨૯૦, ૨૯૫
પીંછું ૩૨૨
પીધું ૩૧૪
પીરસવું ૩૮૦, ૪૪૪
પીલે(છે) ૩૬૬
પ્રી(વું) ૨૪૨
પીસવું ૩૮૦
પીળવું ૨૬૮
પીળું ૩૬૫, ૪૩૯
√પુગ્ ૨૩૭
પૂગ્ ૨૩૭
પૂંખ ૨૯૦, ૩૨૦, ૪૩૮
પૂડો ૩૭૪
પૂંઠું ૩૨૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

पूंक्य ३२२
पून्यम २२७
पूरो(=पुत्र) ४३८
पंच २२१
पंठण १६१
पंठो १५७
पेडु ४३३
पंडो १५२
पेदा°१६४
√पंस् २४३
पंसे २४३
°पो(वुड्डापो) ३३९
पोगळ ४४६
पंक्ति १५८
पंखि २९०, ३२०, ४३८
√पोड् ८३ नोट २९
पोत (पोते) ३७०
पोथी ४१५
पोरो(=पुत्र) ४३८
पोवुं(=प्रोवुं) २४४
प्यारुं ४६, २१९
प्यालो ४७, २१९
प्रगट ४४६
प्रत्यज्ञा ४०९
प्रत्ये ४०८
प्रोवुं २४४
प्हरूणो २८७, ४०२, ४४२
प्हराणो १५३
प्हानी १२०, २८६
प्हानो २८७, ३८८
प्हेडुं ३०६
√प्हर् २४६
प्हरण ४४५
प्हेरामणी ३३७, ४४४
प्हेरुं ४४४
प्हेल २२१
प्हेलो ४०४
प्हों २१७
प्होंक्षुं ४४९
√प्होंच् २३६, २४३
प्होंत्युं २४३, ३१०
प्होंर १५२
प्होंळुं १२९
फकर ४७
फकड ३२१ नोट ७३
फणस ३१४
फरक २२१
फराळ ३१६, ४४४
फलद्रुप ४०५
फसावे ३२५, ३२५–
नोट ८६
फळ ३६४
फांकडो ३२१ नोट ७३
फांशी ४३७
फांसो ३१४, ३२३
फिकर ४७, २२१
फिक्कुं ४४४
फीण ४३७
फूल १९२
फोईं २८९
फोज १६४
√बगड् २४४
बगडवुं ४३५
बगडो ४९, ४४६
बगलो २०५, ४४६
बगाडो ७३
बगासुं ४३५
बगींचो २१९
बंगी ३८१, ३८५
बचवुं ४३५
बचारो २२७
बच्चुं ३७०, ४०३, ४३३
बजाववुं ३८१
बटाटा ५८
बडुवो ४१८
बडो ४३३
बत्ती ४३४
बदाम २२१
बद्धुं ४४४
√बन् ८३ नोट २८
बन्हेवी } २९५, ३३१
बंधेवी }
बव्बे ४४४
बरफ २२१
बरू ४१४
बलाडो ४४४
बलैयुं ४३५
बळे( छे ) ४३३
बंसी ४३४
बाग ४७, २१९
बाजी ४८
बाप १०१ नोट ५०, ३८७,
३८७ नोट १४५
बाफ ४३४
बायडी १२४
बायणुं ८०, ४५७
बायलो १२४
बार ३१६, ४३३
बार (=बारणुं) ८०
बारणुं ८०, ४३३
बाराखडी ४५६



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

बाली ४१५
बावरो १२५
बावली १२५
बाळ (=बाळा) ४३२
बिचारो २२७
बिरंज २२१
बिराजवुं ४३३
बिल्लाडो ४४४
बिल्ली ४४४
बिस्तरो २२१
बी ४१७
बीजुं ४४२
बीजो ४३३
बीडी ४३५
बीवुं ३२४
बीयुं ४१७
बुड्ढो ४०४, ४३३
बुरज २२१
बे ४३३
बेंठो १२८, ३७०
बेल १६४
बेवडुं २३०
बेश ४३७
बेशी–ने ४३७
√बस् ८३, २४३
बंसे १२८, २४३, ३७०, ४३३
बोकडो १९२
बोजो ३१६, ४३३
बोयडी ४५७
बोरसली ४४४
ब्रह्मचारी ४०५
ब्हीक ८८, ४५९
ब्हेवाकळो ८९ નોટ ३६
ब्हेंन १२०, १७९, २२५, २८७, २९६, ३६३, ४३२
ब्हेंरो १२८, २९६
भगत २७४
भट ३९७
भडत ४५६
भडवुं २६९
भत्रीजो ४४१
भथ्थुं ३१३, ३१४ નોટ ४१
भभूती ८९
भरखवुं ४३०
भरत (=भडत) ४५६
भलमनसाई ३६४
भलुं ३९७
भलेरुं १३६
√भाग् २३६
भाग्य् ४०५
भांग (=सेंथी) ५५
भाण्डु २८९, २९५, ३२०, ४५१
भांडे ३२०
भात ३८६
भाथुं ३१३, ३८६
भादरवो ४०२
भायडो १२४
भार १९०
भारजा ४००
भारी ४१३
भारो १९०
भांई ४४०
भीख ४३२
भीजवुं, भींजवुं ३७२
भींत्य ३२२
भुक्के २७१
भूख ३७४, ३७५, ३८७, ४३२
भूंके ३१४, ३२२
भेख ४६१
भेंश ९०, २८८, २९५, ३३२, ४३६
भैयो १४८
भों २१७, ४१६
भोंजाई १३४
भोंई ४४०
मग ४९
मगदळ ४४४, ४५५
मगने (मगन ए) ४४२
मग्गर ४४४
मँकोडो ३२२
मच्छर ४४४, ४५६, ४५८
मछर ४४४, ४५८
मछरां १९५
मजूस ३२४
मझा ४३२
मंछा ३३६
मठो ४१३ નોટ १८२
मडदुं २१९, ४५१, ४५६
मडुं ४१६
मथुरां ३२३
मध १८९, २२९
मघ्य् ४०५
मन ३६४
मरघालेणी (मृगनयनी) ४५५
मरघी ४९
मरघो ४९


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

मरद ४७, २१९
मराठो ३१६
मरी ४१४
मरेठो ३१६
मलाजो ४५२, ४५५
महावत ३३१
महावरो २२१
महाशय ५९ નોટ ५०
महिम्रर २८८, ४४२
मही(=दहिं) ४१३
महेरामण ३३७, ४४५
महेलो } २१९
महोलो }
मळ ३९७
मळे २२६
मा ४१५
माग(=मार्ग) ३८८, ३८९
मागशर ४३६
मांकडो ७५, ३२१
मांकण २३०, ३२१
मांखी ३२१, ४१५
मांगरोळ ४४४
मांगलहूर ३११, ४४४
माझम ३४५
माटी ४१५
माटे ३७४, ३७७, ३७८
माणस २२९
माणसकूणस ८१ નોટ २६
माणसां १९५
मात ४३२
माय २२५
मारग ३८८, ३८९, ४००
मावडी १२५
मावत ३३१
मावरो १२५
माशी ७७, ४३६
मासो ७७
माळ (=माला) ४३२
मां ३२३
मांहि ३०७, ३२२
मिजाज } ४८
मिजास }
मिहिरामण ४४५
मींडुं ३२०, ३३७, ४५१
मींदडी ३३१
मुगट २३०, ४४६
मुज ३१६, ४४४
मुनसफ २२१
मुंबाईगरो ४४६
√मूक् २३६
मूगो ४४६
मूछ ४४४, ४५८
मूतेर(छे) ४०२, ४०३
मूर (=त्रण) ६०
मेख २२१
मेगळ १३७
मेज ५८
मेदान १६४
मेलुं १२८, ३६६
मोघुं १५२, ३२१
मोची ४१४ નોટ १८४
मोजडी ४१४ નોટ १८४, ४४७
मोजुं ४१४ નોટ १८४, ४४७
मोजो २१९
मॉड १२९
मॉत १५३, २२९
मोती २१५, ४१३
मोवदलो २२१
मोर १२९, ४५५
मोळववुं २६८
म्हारुं २८७
म्हावत ३३१
म्हावरो २२१
म्हें ३१०
म्हीं ३२३
म्होटुं २८७, ३२४, ४२३–આદિ, ४४२, ४५०
म्हींडुं १५२
म्हीरुं २१९
म्हीं १५२, ३२३
रडवुं ४५१
रण (=ऋण) २२६
रण (=रान) ३६२, ३७०, ३९९
रतालु ४३३
रत्नागर ४४६
रशी (=रज्जु) ४३६
रशी (=रस) ४३७
रस १९०
रसियो ४३७
रसीलो ४३७
रसो १९०
रांक, ०डो ३१९
राचरचीलुं ८१ નોટ २६
राज } ४०५
राज्य }
राटोड १४१
रांड ३१९
रातरे ४०२
रान ३६१, ३७०, ३९९


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

रामणदीवो ३७१
रावी, ०वो, ३७२
राश (=रज्जु) ४३६
रासा, ०सो २०३
रीखे ३२४
रींछ १९४, ३२२
रीत्य २२४
रींस २४५
रीसाय २४५
रीसायो } २४५
रीसाव्यो }
रीसाववुं २४५
रुवे २३१
रू ४१४
रूमाल २२१
रूंवुं ४३८
रेजो २१९
रंण १२८
रोखुं ३७४, ३७७
रोखो ४४१
रौंन १५९
रूईट ३२२, ३७०
लखमण ४४८
लखे(छे) २२६
लगन ४०१
लगनगाळो ४४, ४४६
लंगर ४५५
लडावे(छे) ४५६
लणे ४९, २३१, २३५
लवाड ५४
लविंग २३२
लाख ४३२
लाखवुं ४५५
√लागू २३६
लाचार ४५४
लाज ४३२
लाडुवो ४१८
लाधवुं २३७
लामणदीवो ३७१
लालच ४५७
लाववुं २४७
लिलवट ३८०
लींबु ३२०, ४३३, ४५४
लील ४५४
लीलम ३८०
लीलो ४५४
लुव्वुं ४०४
लुहार ४३८
लूखुं ४०४, ४५५
लूण ४३८
लेण (=वे) ६०
ले(छुं) २६५
लोखंड ३१६, ४३९
लोही २६५, ४१३
ल्हवार ४३८
ल्हावो ४१८
ल्हे ३११
वकट (=एक) ६०
वकरो २२७, ४०१
वखत ४८
वखाण ३९६
वगडो २२६
वगेरे (विगेरे नहिं) २२७
वगोव्युं ४१८
वघन ४०१
वंकावुं २६८
वचकावुं २६८
वछेरो १३६
वंझा ३४५
वटाळ २२६, ३६५
वड ४४७
वडीआई ५५
०वडुं २३०
वडेरुं १३६
वडो ३९७
वडोदरा ७७, ८०
वढवाण ३३१
वण (=विना) २२६, २२९
वणज २२६, ४४२
वणियर २३२, ३६३
वदाय (विदाय नहिं) २२७
वधारे ४१३, ४१३ નોટ १८३
वधारो ७३ નો. १४
वन ३६४
वनकुल ४५४
वना ४९
वनेरुं ३६३
वनो २२६
वमासण २२६
वयडी ११२ નોટ १
वयर १२४
वयरागी १२४
वरख (=वर्ष) ४६१
वरख (=वृषभराशि) ४६१
वरडी ११२ નોટ १
वरण ४०१
वरवो २२६, २३०
वरशासन ३८०
वरशी ४१३
वरस २२६
वरसे(छे) २२६


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

वरू ૪૧૪, ૪૩૩, ૪૪૧
वलण ૩૬૬
वलोव्युं ૪૧૮
वश्य ૩૭૩
वसमुं ૨૨૬
वहाणुं ૨૨૬
वहू ૧૨૧ નોટ ૮; ૩૦૬
वळवुं ૨૨૬
वा(=वायु) ૪૧૫
वाई ૪૧૯
वाए ૨૬૫
वागवुं ૪૫૨
वाग्युं ૪૪૯; ૪૫૨
वाघ ૩૮૬
वांकुं ૩૧૯
वाजित्र ૩૨૬, ૪૫૨
वाज्युं ૪૪૯, ૪૫૨
वांचवुं ૩૧૭ નોટ ૫૪
वांचे(=वांछे) ૩૧૭, ૩૨૦
वांझणी ૩૧૯; ૩૪૫
वाटाघाट ૫૬
वाट्य ૨૨૪
वाणियो ૪૧૮
वात ૩૮૮, ૩૮૯, ૪૩૨
वान ૩૬૧
वांत ૩૩૧
वांदरो ૩૩૦
वांधो ૩૨૩, ૪૩૫
वाय ૨૬૫
वारता ૩૮૮, ૩૮૯; ૪૦૦
वारी(जाउं) ૩૭૪
वारुं ૪૧૦
वालम ૨૩૧, ૨૮૭, ૩૧૫, ૩૨૪, ૩૩૭
वाव ૧૦૨ નોટ ૫૧
वासो ૩૮૦
वांस ૧૯૦
वांसो ૧૯૦
विख ૪૬૧
विगेरे ૨૨૭
विण ૧૮૯, ૨૨૭, ૨૨૯
विदाय ૨૨૭
विधवा ૭૮
विधविध ૪૩૧
विधुर ૭૮ નોટ ૨૨
विनंति ૩૨૬, ૩૬૨
विनंती ૩૬૨, ૩૯૬
वियालु ૪૩૩
विशे ૪૩૬
विसामो ૪૩૩
वीगत ૨૮૧; ૪૨૦, ૪૪૬
वीजळी ૨૩૦, ૪૧૫
वींछी ૪૧૪
वींझे ૩૧૩
√वीण् ૨૪૭
वींटवुं ૪૩૭
वींटे ૩૨૩
√वीत् ૨૩૬
वीलुं ૩૧૫; ૪૧૯
वीश ૩૨૬
वीशी ૪૩૭
वीसनगर ૩૮૦
वेंगण ૧૨૮, ૧૫૮
वेंच् ૨૪૫
वेंचवुं ૪૪૮
वेढो ૪૩૮
वेंण ૧૨૮
√वेर् ૨૪૩
वेंर ૧૨૮
वेरे(छे) ૧૩૭, ૨૪૩
वेल ૨૨૫, ૪૩૨
वैद ૪૦૫
वैद्य ૪૦૫
व्यापार ૭૪
व्हाणुं ૨૨૬, ૨૮૮
व्हालम ૨૩૧, ૨૮૭
व्हालो ૨૮૭, ૩૮૭
व्हीलुं ૩૧૫, ૪૧૯
व्हे ૨૮૭
व्हेण ૨૮૬
व्हेत्य ૧૫૨, ૨૮૭, ૩૧૭, ૩૨૨
व्हेपार ૭૪, ૪૨૦
व्हेलुं ૧૫૭, ૨૮૭
व्हेलो ૪૦૪
व्हेलो ૪૦૪
शके ૩૨૫
शमणुं ૩૩૮, ૪૩૬
शळी ૨૩૩; ૪૧૫
शळेखम ૪૦૧, ૪૬૧
शाणुं(=स्वप्न) ૪૩૭; ૪૪૦
शियाल ૧૦૭, ૪૩૬
शियालो ૪૩૬
शिवाय ૪૩૭
शीख ૪૩૨
शीखे(छे) ૩૮૭, ૪૩૬
शींगडुं ૪૩૬
शीजे ૩૧૬, ૪૩૬
शीसो ૨૧૯
शीलुं ૩૬૫ ૪૩૬ ૪૩૯
शींवळो ૩૩૧
शुकन ૪૪૪
शुं (प्रश्नार्थे) ૩૭૪; ૩૭૬; ૩૭૭, ૪૩૫


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

शुं (=साथे) ३१६, ४३७
शूर (=शौर्य) ४३७, ४३८
शेयडी } ४५१
शेलडी }
शैक्य ८७, ८८ નોટ ३५, ३८०, ४३७, ४५९
श्राप ४३१
सइकुं १४६, १५१, ४१९
सउ १५१
सकडावुं २६८
सखणो ३८०
सगुं ४४६
सग्गो ४४४
सघळं ३१२
संक्रान्ते(छे) २७०
संघरो २८८, ४०१
सजा ४३२
>सताव् २४६
सतावे ३२५
सत्तर ३१६, ४०३
सत्तो ४०४
संतोक ४६१
संतोख ४६१
सपरमो ३३७, ४०२
सम ३३७
समचरी ३१७, ३३७, ४१३
√समझ् २४६
समझे ३३७
समरे(छे) २३०
समश्या ४०५
समूळगुं ४४६
समो ४१६
संप २६८
संपीने २६८
सरखुं २२७
सरजनहार } २९९, ३११, ३१६
सरजनार }
सरप ३८९, ४००
सरव ३८९, ४००
सरसुं २२६
सराण ४३०
सरीखुं २२७
सरीसुं २२७
सलखणो ३८०
सलाट ३८०
सलूणुं ३६२, ४२१, ४३८
सवा ४१५
सवार (=असवार) २० નોટ १७
सहियर २३२
सहु १८४, ३११, ४२१
संसृत्य ४०९
सांकळ ३१६, ३१९
साच १९०
साचुं १९०, ३८६
साचुं ४४४
सांचरे ३१९
सांझ ३१९, ३४५
सांझरे ४०२ નોટ ११४
साणशी } ३३६, ४५१
सांडशी }
साथरो ३८६
साद ३८६
सान ३६१
साप ३८९
सोंपवुं ४४०
√सांभर् २४६
सांभरे ३१९
सालवुं २६७
साव ३८६, ३८९
सावकुं ४५९
सावज ४५२
सावध ३७९
सावरणी ३३१
सासरुं २२९, ४१३ નોટ १८२
साह्य- ४०५
साळो ३६५
सिकलगर ४४६
सीस १६९
सुणे २३१, २३५
सुतार ३१६, ३९७, ४४३
सुधारो ७३
सुनार ३९७
सुरवाल २२१
सुँवाळो ४३८
सूकावुं-सूकववुं २४०
√सुंघ् २४६
सूझ्युं ४४६
सूनुं १९६, ४२०
सूर (=शौर्य) ४३७, ४३८
सूर (=स्वर) २८१, ४१०
सूरज ४००, ४२०
सेज ३४५, ४३७
सेंर्य १५२
सें १५२, ३२३
सेंथी ३१३, ३३१
सेंथो १५२, ३१३, ३३१
सैंकुं १५१, ४१९
सों १५२
सोंघुं १५३, ३२१

સોઢમ ૨૮૯, ૩૩૭, ૪૫૬
√સંપ્ ૨૪૪
સંપે ૧૨૯, ૧૫૮, ૨૪૪
સંય ૧૫૨
સોળ ૩૧૬, ૩૬૫
સૌ ૧૫૧, ૩૧૧, ૪૨૧
સ્હામું ૨૮૮
સ્હેલું ૧૨૮, ૨૮૭
હઇયું ૧૫૧, ૪૧૯, ૪૪૨, ૪૪૪
હજી ૧૨૭, ૩૧૦
હજ્જાર ૪૪૪
હડતાળ ૪૪૭, ૪૫૬
હતું ૨૪૩ નોટ ૯૯
હનવટ ૩૨
હમણાં ૨૮૮, ૨૯૮, ૩૨૩, ૩૩૬
હમારું ૨૮૮, ૨૯૮
હમે, હમો ૨૮૮, ૨૯૮
હરખ ૪૦૧, ૪૬૧
હરડે ૪૧૬
હરણ ૨૨૫
હરસ ૩૧૧
હરાઢ ૨૮૯, ૪૪૪
હવડાં ૩૩૨
હવણાં ૧૨૪, ૨૯૮
હસ્તક ૩૮૦
હળદ ૩૬૫
હળદર ૩૬૫, ૪૫૫
હળવદ ૭૭
હળવું ૨૨૯
હાથ ૪૭, ૧૯૦
હાથણી ૨૨૫
હાથો ૪૭, ૧૯૦
હાસ્તો ૩૪૬, ૪૫૮
હાંલ્લું ૪૫૬
હાંસી ૩૨૩
હિસ્સો ૨૧૯
હું ૧૨૭
હૂતું ૨૮૮, ૩૮૮
હેજ ૪૬૦
હેત ૪૬૦
હેમને ૩૩૮
હેરાન ૪૬
હેલી ૩૧૧, ૪૪૨
હૈયું ૧૫૧
√હો ૨૪૩
હોજરી ૨૮૯
હોઠ ૩૧૧, ૩૯૦
હોડણું ૨૮૯
હોડવું ૨૮૯
હોય ૨૨૪
હોયણું ૨૮૯
હોંળિવુ ૩૭૩
હોંસીલો ૪૩૭


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# સૂચિ ज

## અન્ય ભાષાના શબ્દો

(अ)

अच, સિં. ૨૫૧
अछि, अछु ઉરિયા ૨૫૬
अज्जु, अजु, સિં. ૩૯૪
अनड्वाह्–अनडुह् સં. ૪૨૨
अर्नाखा હિં. ૧૩૩ નોટ ૩૭૩
अपूप સં. ૩૭૪
अफीम હિં. ૭૧
अफ्यून ફા. ૭૨
असे असतो મ. ૨૫૬
अहिफेन સં. ૭૧
आछि–आछेन બં. ૨૫૬
आजा મ ૭૭
आज्ञेन्ति (=ટીકા). અવ. ૩૪૯ નોટ ૧૧૪
आफू મ. ૭૨
आफूक સં. ૭૨ નોટ ૧૨
आंस મ. ૪૫૯
उलटापालटा મ. ૩૯૮
उष्टें મ. ૮૫
ऊस મ. ૪૫૯
एकुण०,–एकुणीस મ. ૪૩૮
एला સં. ૬૦
एलायची હિં. ૬૦
ओड्डुरु તામિલ ૬૧
कट्ठा હિં. ૩૭૩
कम्मु, कमु સિં. ૩૯૪
काओफ (=ગુફા) અવ. ૩૦૯
कालु ઠા. ૭
किन्या મા. ૨૨૩ નોટ ૭૭
किवाँड મા. ૨૨૩ નોટ ૭૭
कीं મ. ૧૧, ૧૨, ૧૩, ૨૦, ૨૧
कुळंवी મ. ૮૪, ૩૩૫ નોટ ૯૪, ૪૬૧
कुह् (=ગુફા) ફા. ૩૦૯
के ફા. ૧૩
केलयँ, केलें } મ. ૨૧૮
कोगिळ કા. ૪૪૬
कोप् (=ગુફા) પેહ્લવી ૩૦૯
कोह् (=ગુફા) હિં. ૩૦૯
खिमा મા. ૨૨૩ નોટ ૭૭
खे ભોજપુરી ૨૫૬
गीम કે जीम, અરબી વર્ણ, ૩૪
गुझ्र કે गुर्झ અ. ૩૪
गुहा સં. ૩૦૧ આદિ
गृभ् સં. ૩૦૩ નોટ
गोप, गोपाय्, गोपीथ } સં. ૩૦૧ નોટ, ૩૦૨ નોટ
घेणें મ. ૨૬૫, ૨૬૬
छूं–छौ કુમાઉન ગારહવાલની ઉપ૦ ૨૫૬
छुस्, छुख्, छेस्, छेह् કાશ્મીરી ૨૫૬
छी–छूं–छे મૈથિલ ઉપભાષા ૨૫૬
चवथा, चौथा મ. ૧૨૫
चर्ख फा. ૪૪૫, ૧૩૦ નોટ ૧૨
छन्दस् સં. ૩૪૯ નોટ ૧૧૪
जलना હિં. ૪૩૪
जळणें મ. ૪૩૪
जीम કે गीम, અરબી વર્ણ, ૩૪
जूठा હિં. ૮૫, ૩૭૩

झन्द અવ. ૩૪૯ નોટ ૧૧૪
झैन्ति (=ટીકા) અવ. ૩૪૯ નોટ ૧૧૪
टोला બં ૩૭૪-૩૭૫ નોટ ૧૩૯, ૪૫૨
तामाकू બં. ૬૯
तांवडा મ. ૩૩૩
तुम्बळ મ. ૩૩૩
त्याज कडे (=त्याच कडे) મ. ૪૪૦
त्सूर કાશ્મીરી ૩૪૮
थारो મા. ૨૯૮
दम्पती સં. ૭૮
दह् સં. ૨૯૫ થી ૨૯૭ નોટ
दुख्तर ફા. ૩૦૪ નોટ ૨૫
दूल्हा હિં. ૩૭૩
नक्र સં. ૩૮૮
नंढो સિં. ૮૧ નોટ ૨૫
नांगर મ. ૩૨૦
निडळ કોં. ૩૮૨
नेड्वा ઉરિયા. ૨૬૫-૨૬૬
नेणें મ. ૨૬૫-૨૬૬
न्हावी મ. ૫૪ નોટ ૪૨
पद्र સં. ૩૯૭
परखाना હિં. ૨૨૮
पर (=ઉપર) હિં. ૩૭૩
पागार ફા. ૪૪૬
पाझन्द् અવ. ૩૪૯ નોટ ૧૧૪
पाद સં. ૭, ૨૨
पापर्द्धि સં. ૩૯૬
पाय મ. ૭
पाव હિં. ૭
पावणें મ. ૨૩૬ નોટ ૯૨
पाहुना હિં. ૨૩૬ નોટ ૯૨
पुढें મ. ૫૬, ૯૩ નોટ ૩૫, ૪૫૬
पुलन કોં. ૨૨૩
पूप સં. ૩૭૪
पूस મ. ૪૫૯
पैछान હિં. ૨૯૦ નોટ ૧૩
पैठा હિં. ૧૬૧ નોટ ૩૬, ૩૭૩
पोलो કોં. ૩૭૪
वचा હિં. ૩૭૩
वडोदें મ. ૮૦
बन्ध् સં. ૨૯૫-૯૭ નોટ
बुध् સં. ૨૯૫ થી ૨૯૭ નોટ
बैंगन હિં. ૧૬૧
बैठा ૧૬૧ નોટ ૩૬, ૩૭૩
भद्र સં. ૩૯૭
भवूत હિં. ૨૨૮
भीगना હિં. ૩૭૩
भीजणें મ. ૩૭૩
भीतर હિં. ૩૭૩
मळगाळ ફા. ૪૪૬
माडु(ह्) સિં. ૩૩૨
माती મ. ૪૫૨
मावशी મ. ૭૭
मिनथ સિં. ૩૩૮
मिंत હિં. ૩૨૬
मिल्ना હિં. ૨૨૩
मेघ સં. } ૩૦૩ નોટ
मिघ्, मिह् સં. } ૩૦૩ નોટ
मीळणें મ. ૨૨૩
मोचे ફા. ૪૧૪ નોટ ૧૮૪
मोठें મ. ૪૨૫
म्हण મ. ૯૦
यालकि ફા. ૬૦
रहाट મ. હિં. ૩૭૩
रान મ. હિં. ૩૭૩
लइते બં. ૨૬૬
लछमण હિં. ૪૪૯
लहान મ. ૮૧




P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

लहान सहान म. ८१
लुम् सं. ६०
लेआना } हिं. २४७
ल्याना }
लइवा બં. ૪૬૬
लोणी म. ४१७
वझा } म. ३७२ નોટ ૧૩૫, ૩૭૩
वझे }
वडूर म. ६१
वणिक् સં. ૩૦૨ નોટ
वप्र } સં. ૧૦૧, ૩૮૭, ૩૮૮ નોટ ૧૪૫
वप्ता }
वापकः }
वर म. ३७३
वरिस म. ४४२
वस्ताद म. ६१
वस्त्रा म. ६१
वळख म. ६१
वाजविणें म. २३९
वांचणें म. ४३५
वात (=वाद्य) म. ४५२
वाहने म. ३७३
विचारपूस म. ४५९
विद्वस्, विदुस् सं. ४२२
विकेण् सि. २४६
विधवा } सं. ७८
विधुर }
विनंति म. ७५, ७६
विलोडण सि. ४१८
सकवाल સિંહલી ૩૪૯
सक्की મા. ૩૫૭
सण्ण કો. ૮૧
सण्हो મિ. ૮૧
सन्दल ફા. ૩૪૯, ૪૫૫
समुझना હિ. ૨૪૬
सवतन હિં. ૮૮ નોટ ૩૫
साण કોં. ૮૧
सांदा પં. ૩૭૪
सास મા. ૩૫૭
सावत्र म. ४५९
सुटणें म. ४५९
सोडणें म. ४५९


(સૂચિ જ ચાલુ)

आ.


Acht જ. ૪૬૨
Anti ગ્રીક ૧૦૯
Brief અં. ૩૦૭ નોટ
Cave અં. ૩૦૬ નોટ
Cavea } લૅ. ૩૦૬ નોટ ૩૦૮
Cavus }
Daughter અં. ૩૦૪ નોટ
Diamoûna ગ્રી. ૩૫૯
Esmes ગ્રી. ૧૦૯
Husbandman અં. ૮૪
Love અં. ૯૦
Lubet લૅ. ૯૦
Octo લૅ. ૪૬૨
Oktw } ગ્રી. ૪૬૨–૪૬૩
Oktò }
Opium અં. ૭૨
Opòs ગ્રી. ૭૧
Ozēne ગ્રી. ૩૫૯


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

Pâssal*oi* } Pazal*ai* } ગ્રી. ૩૫૯
Que ફ્રૅં. ૧૨, ૧૩
Quid લૅ. ૧૨, ૧૩
Quod લૅ. ૧૨,
Quum } Cum } લૅ. ૧૨,
Sandrocottus ગ્રી. ૩૦૭ નોટ ૩૪૩ નોટ ૧૦૫
Sandrokuptos ગ્રી. ૩૫૯
Sandracottus } Sandrokyptos } Sandrocyptus } Sandrokottos } ગ્રી. ૩૫૯ નોટ ૧૧૭
Tag જ. ૩૦૫ નોટ ૨૮, ૩૦૮
Tiastànes ગ્રી. ૩૫૯
Tobacco અં. ૬૯ નોટ ૬, ૭૦
Vidua } Viduus } લૅ. ૭૮
Widower અં. ૭૮
Zàndanon ગ્રી. ૩૫૯

## સૂચિ ज्ञ

### પ્રકીર્ણ

અફીણનો હિન્દુસ્તાનમાં પ્રવેશ ૭૧
અર્જુનદેવ ૪૦
આધુનિક ભાષાઓનું સન્માન ૧
આરબ, યમનના તથા મિસરના ૩૪
આરબો અને અફીણ ૭૧
આર્દશીરનો ફ્હેરવેશ ૩૯૮ નોટ ૧૫૫
આંધ્ર ૬૨
ઓરિસ્સા ૬૨
ઔરંગજેબના મૃત્યુ પછી ગુજરાત ૪૩
ઉચ્ચારના સ્વરૂપભાન માટે વાચિક પરંપરાની ઉપયોગિતા, ૨૭૯
ઉષવદાત, બ્રાહ્મણ ધર્મનો સ્વીકાર ૪૧
કનિષ્ઠનો સમય ૬૭
કર્ણદેવ ૪૦
કુમારગુપ્ત ૩૬
કુમારપાળ ૩૧, ૪૨
કેળવણીખાતાએ ઉપજાવેલી જોડણીની પદ્ધતિ ૨૪૧, ૨૪૨, ૪૦૫
ખઝર અને ગુર્જર ૩૭
ખઝર અને માગ્યાર ભાષા ૩૫૧
ગાયકવાડ ૫૧
ગુજર ૩૪
ગુજરાત નામ–ક્યારે પડ્યું? ૩૧ આદિ
ગુર્જરોનું ભરતખંડમાં આગમન ૩૩, ૩૫
,, વિદેશીય મૂળ ૩૭
ગ્રીક (બૅક્ટ્રીઅન) સત્તા ૨૩
ચરોતર–સીમા–૬૪ નોટ ૫૭
ચન્દ્રગુપ્ત ૨જો ૩૬
ચન્દ્રગુપ્ત મૌર્યની ગુજરાતપર સત્તા ૨૩
ચાપવંશ } ચાવડા } ૨૯, ૩૦
ચાવોટક ૩૦
ચીનમાં અફીણ ૭૧
ચૌલોક્યોનું મૂળ વતન ૩૧
જુઝર } જુઝ } ૩૩, ૩૪
જૈન ધર્મ અને જૈન પંડિતો ૩૦, ૩૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જૈન સંપ્રદાય, પ્રાચીન ગુજરાતી સાહિત્યને, હેની અસર ૧૬
ડાયેસ્કોરાઇડિસ, અફીણ વિશે, ૭૧
ડ્રેક, સર ફ્રાન્સિસ, અને તમાકુ ૬૭
તમાકુનો હિન્દમાં પ્રવેશ ૬૭ આદિ
તાજીક સૈન્યની ચઢાઇ (પુલકેશી જનાશ્રયનું દાનપત્ર) ૩૦
તાપ્રકૂટ, ૬૬, ૬૭
તુર્કો ૨૬
તેજપાલ ૪૦
તોરમાણ ૨૬, ૨૮
ત્રિકૂટનગર (હાલનું જુન્નર) ૨૬
થિયેફ્રેસ્ટસ, અફીણ વિશે, ૭૧
દદ્દા ૧, ભરુચનો રાજા ૨૭
દદ્દા ૩ ભરુચનો રાજા ૨૭
દક્ષિણાની પ્રથા ૫૨
દાભાડે ૫૧
દેશને પ્રજાનું નામ આપવાની પદ્ધતિની અર્થપૂર્ણતા–૫
ધૂમવર્તિ ૬૭
નથ, સ્ત્રીના નાકની; એની ઉત્પત્તિ ૩૯૮ નોટ ૧૫૫
નદીઓ–મહી, નર્મદા અને તાપી–૨૮
પારસીઓની ભાષા, ૧૬, ૩૯, ૨૦૭, ૨૪૪
પિ–લો–મો–લો (=ભિનમાલ) ૩૩
પુલકેશી બીજો ૨૯, ૩૦, ૩૬
પુલકેશી જનાશ્રય ૩૦
પૃથુ–પર્શવ; પાર્થવ, પર્શુ } =પાર્થિયન અને પાર્શિયન, ૨૪, ૨૫
પેશ્વા ૫૧
પોર્ટુગીઝ લોક ૬૬
બૅક્ટ્રોપાલીમાં શિક્કા ૨૩
બંતબાજી ૪૫
બ્રાહ્મણાબાદ એ જ મન્સુરા ? ૨૭
ભટ્ટાર્ક ૨૭
ભારત–આર્ય પ્રકાર, માનવ જાતિનો, ૩૭
ભીમસેનના રાજ્યસમયમાં ગુર્જરોએ ભિનમાલ તજ્યું–૩૫
મગ બ્રાહ્મણો ૩૫
માગધાર ભાષાની ઉત્પત્તિ–ખઝર જોડે સંબંધ ૩૫૧
મન્સુરા, સિન્ધની રાજધાની; બ્રાહ્મણાબાદ એ જ મન્સુરા ? ૨૭, ૨૭ નોટ ૬
મરાઠાઓનો અમલ ૫૦–૫૧
મહીપાળ ૩૩
માળવા અને ગુર્જરો ૩૬
માળવા, અને ગુજરાતનો વિસ્તાર, ૪૩
મિનૅન્ડર, મિનૅન્ડ્રોસ, મિલિન્દ } બૌદ્ધ બનેલો ગ્રીક ૨૩ ૪૧
મૂળરાજ ૩૧, ૩૬
મુગલ બાદશાહોનું આધિપત્ય ૪૨
મુસલમાન સમયની અસર ૧૦ આદિ
મૌર્યોનું શાસન ૨૩
'યશ્રુતિ', 'વશ્રુતિ' એ સંજ્ઞાની અયથાર્થતા–૨૭૭
યવનદૂત, વૈષ્ણવ થયેલો ગ્રીક, ૪૧
યુઆન ચુઆંગ–હેણે કહેલું પિ–લો–મો–લો એ જ ભિન્નમાલ ૩૩
યુએહ્‌ચી ૪૦
રાજેન્દ્ર ચોલ ૬૨
રાષ્ટ્રકૂટ ૨૭, ૨૮, ૩૫
રુદ્રદામન ૨૩, ૨૪, ૨૫, ૪૧
રુદ્રદામન, બ્રાહ્મણધર્મ અને હિન્દુ સ્ત્રી ૪૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાલે, સર વૉલટર, અને તમાકુ, ૬૭
લવણપ્રસાદ, કીર્તિકૌમુદીકાર સોમેશ્વરનો શિષ્ય, ૪૦
લાટ ૩૩
લેઇન રાલ્ફ અને તમાકુ ૬૭
લોકભાષા, ગ્રીસની
આલ્બેનિયન ૯
વૅલેકિયન ૯
લોકસંઘો:–
આભીર ૧૦, ૨૬, ૪૧
ઉગ્રિક ૩૫૧
કુશાન ૧૦, ૪૧
ખઝર ૩૭, ૩૫૦, ૩૫૧
ગુપ્ત ૨૬
ગુર્જર ૧૦, ૨૭, ૨૯, ૪૧, ૫૭, ૫૮, ૩૪૮
ગોહિલ ૨૪
ગ્રીક ૧૦
ચાલુક્ય ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૩, ૩૯
ચાવડા ૨૯, ૩૦
ચાવોટક ૩૦
ચોહાણ ૨૪
ત્રૈકૂટક ૨૬
પરમાર ૨૪
પર્શુ ૨૪-૨૫
પૃથુ કે પાર્થિવ ૨૪-૨૫
મરાઠા ૪૩
માલવ ૨૩, ૨૫
માલવ્ય ૨૫
મિહિર, મ્હેર, મેર, ૨૮
મૈત્રક ૪૧
મૉંગોલ ૩૫૦, ૩૫૧
મૌર્ય ૪૧
યુવાન્ યુવાન્ ૨૬
યૌધેય ૨૩, ૨૪, ૨૫
વાઘેલા ૨૯, ૩૬, ૩૯
શક ૧૦, ૪૦
સોલંકી ૨૯, ૩૦, ૩૬, ૪૨
હૂણ ૯, ૪૧, ૩૫૧
હૂણ, શ્વેત, ૨૬, ૨૮, ૩૭ ૩૫૧
હૈહય ૧૦, ૨૬, ૪૧
ક્ષત્રપ ૨૩, ૨૬, ૪૧
ક્ષૌદ્રકય ૨૫
વનરાજ ૨૯
વલભીવંશ ૨૬
વસ્તુપાલ ૪૦
વિશળદેવ ૪૦
વીરધવલ ૪૦
વ્યાઘ્રમુખ ચાપ ૨૯, ૩૦, ૩૦ નોટ ૧૦
શદ ચિહ્ન, અરબીમાં, ૩૯
શહેરો
અમદાવાદ ૨૯
અણહિલપુર ૨૯
અણહિલવાડ ૩૫ નોટ ૧૮
આનંદપુર (વડનગર) ૩૫
કનોજ, કાન્યકુબ્જ } ૨૭, ૩૧, ૩૩
કલ્યાણકટક ૩૧
કૂસ (=કુચ) બિહાર ૭૧
ખેડા ૨૭, ૩૫
જાલોર ૩૫, ૪૧
જુન્નર ૨૬
જોધપુર ૪૩
ડુંગરપુર ૪૩
ત્રિકૂટ (=જુન્નર) ૨૬
દાંડારાજપુર ૪૩
દમણ ૪૩

શહેરો (ચાલુ)
નાગોર ૪૩
નન્દુરબાર ૪૩
પિ-લો-મો-લો (=ભિનમાલ) ૩૩
બરુસ (=ભરુચ) ૨૩, ૩૫, ૩૬
બાંસવાડા ૪૩
બ્રાહ્મણાબાદ ૨૭ નોટ ૬
ભરુચ ૨૩, ૩૫, ૩૬
ભિનમાલ } ૨૭-૩૫
ભિન્નમાલ }
મન્સુરા (=બ્રાહ્મણાબાદ ?) ૨૭, ૨૭ નોટ ૬
મહોદય ૨૭
મુલ્હેર ૪૩
વડનગર ૨૯
વડોદરા ૨૧
વસઈ ૪૩
વિજય નગર ૨૯
શ્રીમાલ (ભિન્માલ) ૨૭
સંજાણ ૩૯
સાંભર ૩૬
સિરોહી ૪૩
શૌર્યદાક્ષિણ્ય (chivalry) જેવી સંસ્થા રાજસ્થાનમાં, ૮, ૯
શ્રીમાળી બ્રાહ્મણો અને ભિન્નમાળ ૩૫
શક-દ્રાવિડીય પ્રકાર, માનવ જાતિનો ૩૭
સારનાથ મઠો ૬૭
સારંગદેવ ૪૦
સિક્કા, બૅકટ્રો-પાલી ભાષામાં, ૨૩
સિદ્ધરાજ ૩૦, ૪૨, ૬૨
સુરાષ્ટ્ર ૪૦
સ્કન્દગુપ્ત ૨૬
હિસ્પાનિયોલામાં તમાકુનો ઉપયોગ ૭૦ નોટ ૬
હ્યુએન્ ત્સ્યાંગ ૩૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## અશુદ્ધિશોધન

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૪ | ૨ | મૃતિમાન્ | મૂર્તિમાન્ |
| ૭ | ૧૮ | બિન્ધુ | બિન્દુ |
| ૧૨ | ૩ | મળેછે[૧] | મળેછે[૯] |
| ,, | ૨૧ | લખાતો[૨] | લખાતો[૧૦] |
| ,, | ફુટ નોટ | ૧ | ૯ |
| ,, | ,, | ૨ | ૧૦ |
| ૧૪ | ફુટ નોટની પંક્તિ ૩ | આદિમ | આદિમાં |
| ૧૭ | ૧૬ | પ્રસ્તાવનાર્નાં | પ્રસ્તાવનાના |
| ૩૧ | ૭ | ગ્રન્થો લખ્યા રચ્યાછે | ગ્રન્થો રચ્યાછે |
| ૫૩ | ૨૦ | પરંતુ | પર્તુ |
| ૫૪ | ફુટ નોટ ૪૧ ની પંક્તિ ૫ | બહિઃતૈ | બહિઃ– |
| ૬૫ | છેલ્લેથી ૨ જી | વાગવ્યા) | વાગ્વ્યા– |
| ૬૭ | શીર્ષક | ગુજરાતના ઇતિહાસનું અવલોકન | વાગ્વ્યાપારમત શક્તિઓ |
| ૬૯ | ,, | ,, | ,, |
| ૭૧ | ,, | ,, | ,, |
| ૮૪ | ૪ | કાઢ્યાછે | કાઢ્યોછે |
| ૯૧ | ૧ | વર્ણવિશૃત્તિયો | વર્ણવિકૃતિયો |
| ૯૪ | ૧૭ | ઢોસાભાઇનો | દોસાભાઇનો |
| ૧૧૨ | ૮ | સંગ્નઓ | સંજ્ઞાઓ |
| ૧૧૬ | ૧૭ | કામલ્તમ | કોમલ્તમ |
| ૧૧૭ | ૭ | ગુરૂ | ગુરુ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૧૨૬ | છેલ્લેથી ૫ મી | વ્યારણુસિદ્ધ | વ્યાકરણુસિદ્ધ |
| ૧૨૭ | છેલ્લેથી ૮ મી | મધ્યર્તી | મધ્યવર્તી |
| ૧૪૯ | ૧૫ | અવિ કૃતરૂપે | અવિકૃતરૂપે |
| ૧૬૨ | ૪ | ક્વચિત્ | ક્વચિત્ |
| ૧૮૮ | છેલ્લો હાંસિયો | ઉત્સર્ગંની | ઉત્સર્ગની |
| ૧૯૯ | છેલ્લેથી ૮ મી | Gourin | Gaurian |
| ૨૧૮ | છેલ્લેથી ૫ મી | ગુજરાતીમ | ગુજરાતીમાં |
| ૨૧૯ | ૫ | પુલ્લિંગ | પુંલ્લિંગ |
| ૨૭૭ | છેલ્લેથી ૮ મી | प्राकृतलक्षणा | प्राकृतलक्षण |
| ૩૦૭ | ૯ | गुढ | गुढ् |
| ૩૧૫ | ૧ | हकारनो लो | हकारनो लोप |
| ૧૫૭ | ૧૬ | त्सोतर | त्सरोतर |
| ૪૧૫ | છેલ્લેથી બીજી | माता माई अणूजो | माता माई मा |
| „ | છેલ્લી | (કડિયા...... | अणूजो (કડિયા...... |
| ૪૩૪ | પૃષ્ઠાંક | ૨૩૪ | ૪૩૪ |
| ૧+ | ઉદાહરણ (૧૭) | परसेवो | परशेवो |
| ૪૩૮ | ૨૧ | सलणुं | सलूणुं |
| ૪૪૨ | ૬ | वि. हिमांथी | त्रि, हूिमांथी |
| ૪૪૩ | ૧૦ | पित्तारउ | चित्तारउ |
| ૪૪૪ | ૧૭ | सकुन | शकुन |
| ૪૪૪ | છેલ્લેથી ૬ ઠ્ઠી, ૭ મી | वल्कल-वलकल-वनकूळ | પૃ-૪૫૨મે ઉત્સર્ગ ૨૫મામાં લનો ન એનું ઉદાહરણ ગણવું. |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust